श्री सिद्ध परमात्माने नमः ।
श्री सद्गुरुदेवाय नमः ।
श्री निजशुद्धात्माने नमः ।

# કલશામૃત ભાગ – ૪

**શ્રી કલશટીકાના કર્તા-કર્મ અધિકાર તથા**
**પુણ્ય-પાપ અધિકાર ઉપરના**
**શ્લોક ૧૧૭ થી ૧૫૩ સુધીના**
**પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**સ્વાનુભવ મુદ્રિત ૪૬ અક્ષરસઃ પ્રવચનો.**

**પ્રકાશન**
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
૫. પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ ૩૬૦૦૦૧.
ટેલી નં. ૦૨૮૧ – ૨૨૩૧૦૭૩
મો. ૯૪૦૮૦૩૯૫૭૪

| કહાન સંવત ૩૬ | વીર સંવત ૨૫૪૨ | વિક્રમ સંવત ૨૦૭૨ | ઈ. સ. ૨૦૧૫ |
|---|---|---|---|


**પ્રકાશન**

**રાજકોટ દિગંબર જિન મંદિરના સ્થાપના દિન પ્રસંગે**

**વસંત પંચમી તા.૧૨-૨-૨૦૧૬**

**પ્રાપ્તિસ્થાન**

**(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ**
**જી. ભાવનગર**–364250, ફોન–(02846) 244334

**(૨) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ**
**૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ–૩૬૦૦૦૧**
ફોન–(0281) 2231073

**મુદ્રક**
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,
ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી
૬, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧

**જેકેટ અને મલ્ટીકલર ફોટા**
**ડોટ એડ**
રાજકોટ
ફોન નં. (૦૨૮૧) ૬૬૨૬૦૭૩

# પ્રકાશકીય નિવેદન

**'અહો! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિન કુંદ ધ્વનિ આપ્યા અહો! તે શ્રી ગુરુ કહાનનો.'**

વર્તમાન ચોવીસીના, મોક્ષમાર્ગના આદ્ય પ્રણેતા ભગવાન ઋષભદેવથી મહાવીર સ્વામી પર્યંત સમસ્ત તીર્થંકરોની અચલ તીર્થધરા પર જૈનદર્શનની અણમોલ સંપત્તિને પ્રદત્ત કરનાર, દ્વિતીય શ્રુતસ્કંધને લીપીબદ્ધ કરી અલભ્ય જૈન વાગ્ધારાને જયવંત કરનાર ચારણ ઋદ્ધિધારી આચાર્યવર શ્રી કુંદકુંદદેવ થયા. આ જૈન સંસ્કૃતિની અનાહત પ્રવાહની પરિપાટીમાં આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવ થયા. તેમના દ્વારા અવિચ્છિન્ન વહેતી જૈનધારાની શૃંખલામાં પંડિત શ્રી રાજમલ્લજી પાંડે સાહેબ થયા. ઉત્તરોત્તર ચાલી આવતી અસ્ખલિત ધારામાં આપણા મુક્તિદૂત પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી થયા. આ સર્વે સંતોની સ્વાનુભવરૂપ યાત્રાના અંતર્ગત ઉપલબ્ધ પરમાગમોનું પ્રબુદ્ધ દર્શન મળ્યું. આ બહુમુલ્ય આત્મદર્શનની ચરમ સૌખ્યધારા અક્ષુણ વહેતી ભવ્ય જીવોના અંતરાચલમાં સ્થિત થતાંની સાથે જ અનાદિથી ચાલી આવતી વિકૃતિઓનું વિસર્જન થયું.

શ્રી અમૃતચંદ્રદેવે સ્વયં રચેલા્ કાવ્યરૂપ કળશોમાં અધ્યાત્મ ગૂઢ રહસ્યોને સમાવિષ્ટ કર્યા છે. તે ગાંભીર્ય અર્થને ટીકાકારે પંડિત શ્રી રાજમલ્લજી પાંડેએ પોતાની નિજ સ્વાનુભવમયી સૂક્ષ્મ પ્રજ્ઞાના બળથી... સરળ ભાષામાં પ્રકાશિત કર્યા છે.

તેઓશ્રીએ શુદ્ધાત્માની અતિશયતાને તો મુખિરત કરી જ છે પરંતુ તેની સાથે શુદ્ધાત્માને અનુભવવાની સમ્યક્ કલા પણ બતાવી છે. ટીકામાં વાક્યે... વાક્યે... શુદ્ધાત્માને પ્રત્યક્ષ આસ્વાદો... પ્રત્યક્ષ આસ્વાદોનો નાદ પ્રમુખપણે ધ્વનિત થાય છે. અનેક રહસ્યોને વિશદ્તાથી ઉદ્ઘાટિત કરનારી તેમની ટીકામાં-શુદ્ધ જીવ વસ્તુને આત્મસાત્ કરાવનારી પ્રેરણાત્મક શૈલીના તો સહજ દર્શન થાય છે, તદ્ઉપરાંત પ્રયોગાત્મક વિધિને સર્વાંગે હૃદયંગમ કરાવનારી સચોટ, સરલ અને મધુર ટીકાના પણ સ્પષ્ટ દર્શન થાય છે.

બાલાવબોધ ટીકાના રચયિતા દ્રવ્યદૃષ્ટિવંત, સમ્યક્ પ્રજ્ઞાવંત શ્રી રાજમલ્લજી સાહેબનું ચિત્રપટ શ્રી રાજકોટ દિ. જિન મંદિરના સ્વાધ્યાય હોલમાં અંકિત થયેલ છે તે જ ફોટો આ કલશામૃતમાં લીધેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી એટલે નિજ ધ્યેયના ધ્યાની, આત્મજ્ઞાની, અધ્યાત્મના યોગી, અને અતીન્દ્રિય આનંદરસના ભોગી એવા આદર્શ વિશ્વ વિભૂતિ થયા. તેમના દ્વારા જે શુદ્ધાત્મ તત્ત્વનું જે વાસ્તવિક વિશ્લેષણ થયું છે તે પૂર્વેના સેંકડો સૈકાઓમાં નહોતું થયું તેવું સ્પષ્ટીકરણ મળ્યું છે.

## આસ્રવ અધિકાર

આ અધિકાર ઘણો જ સૂક્ષ્મ હોવાથી જ્ઞાનની સૂક્ષ્મતા વિના આ અધિકારનું રહસ્ય સમજી શકાતું નથી. આ અધિકાર સંસારના કારણોની ચર્ચા કરનારો હોવા છતાં સંતોએ એક એક શ્લોકમાં અને એક એક પંક્તિમાં સમ્યગ્દર્શનની જ પ્રાધાન્યતા દર્શાવી છે તે આ અધિકારની ખાસ વિશિષ્ટતા છે. સાધક આત્મા સદા નિરાસ્રવી છે તે વાતની સ્પષ્ટતા અનેક દૃષ્ટિકોણ દ્વારા કરેલ છે.

'આસ્રવ' શબ્દનો અર્થ 'આવવું' એવો થાય છે. આચાર્ય પૂજ્યપાદ સ્વામી સર્વાર્થ સિદ્ધિ ટીકામાં ફરમાવે છે કે- **'शुभाशुभ कर्मागमद्वाररूप आस्रवः'** જેનાથી શુભાશુભ કર્મોનું આગમન થાય તે આસ્રવ છે. શુભરાગના હેતુથી શુભકર્મોનું આવવું થાય છે માટે જડ કર્મોને પણ આસ્રવ કહેવાય છે. સમગ્ર પ્રકારના કષાયભાવ તે ભાવાસ્રવ છે અને તેના નિમિત્તે જે દ્રવ્યકર્મ બંધાય તેને દ્રવ્યાસ્રવ કહે છે.

(૧) પૂર્વબદ્ધ સત્તામાં પડેલા જૂના કર્મોનો ઉદય આવે તે - દ્રવ્યાસ્રવ છે.

(૨) જૂનાં કર્મોદયના લક્ષે થતાં મિથ્યાત્વાદિ કષાયભાવો તે - ભાવાસ્રવ છે.

(૩) ભાવાસ્રવોનું નિમિત્ત પામીને બંધાતા નૂતન જડ કર્મો તે - દ્રવ્યાસ્રવ છે.

આ રીતે નિમિત્ત નૈમિત્તિક ભાવથી રચાતું કર્મચક્ર પણ જ્ઞાનધારા પ્રગટ થતાં રોકાય જાય છે.

આસ્રવોના મુખ્યપણે ચાર ભેદો કહ્યાં છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આ આસ્રવોને દ્રવ્યાસ્રવના કારણો કહ્યાં હોવા છતાં મિથ્યાત્વ આસ્રવના અભાવમાં થતાં દ્રવ્ય પ્રત્યયોને મૂળ બંધક કહ્યાં નથી; કેમકે બંધનું મૂળ કારણ મિથ્યાત્વ અનંતાનુબંધી કષાયને જ ગણવામાં આવ્યું છે. તેથી સાધકના અસ્થિરતાજન્ય રાગાદિ બંધના મૂળ કારણને પામતાં નથી. ખરેખર તો એ રાગાદિભાવ પણ સંસારની અસમર્થતાનું સૂચક છે.

શ્રી જયસેન આચાર્યદેવે સમયસારની તાત્પર્યવૃત્તિ ટીકાની ૧૭૪ ગાથામાં મિથ્યાત્વને જ બંધનું મૂળ કારણ કહ્યું છે. દ્રવ્યપ્રત્યય ઉદયના સમયે... શુદ્ધાત્માની સ્વાનુભૂતિને છોડીને... જે જીવ રાગાદિરૂપ પરિણમન કરે છે તો તેને બંધ થાય છે. પરંતુ કર્મોદય માત્ર જ બંધનું કારણ હોય તો... કર્મોથી છૂટવાનો અવકાશ જ ન રહે!! કેમકે સંસારી અવસ્થામાં કર્મોદય તો રહે છે. તેથી મિથ્યાત્વની ગ્રંથિ તૂટી ત્યાં બાકીના કર્મોથી છૂટ્ટી મળી ગઈ. મિથ્યાદર્શનનો અભાવ થતાં અન્ય આસ્રવો ક્રમશઃ અવસાનને પ્રાપ્ત થતાં ચાલ્યાં. આ રીતે જડકર્મની દશાઓ પણ તેના સ્વકાળે અકર્મરૂપ થવા લાગી.

સમ્યગ્દર્શનની મહિમા કોઈ અદ્‌ભૂત અને અચિંત્ય છે. ધ્રુવ ચૈતન્ય અક્ષય સત્તામાં... પર્યાયનું એકત્વ સ્થાપિત થયું છે. તેવા ધર્મીને હવે અસ્થિરતા જન્ય દોષ ઊભો થાય છે; પરંતુ તેમાં તેનું સ્વામિત્વ નહીં હોવાથી તેને મિથ્યાત્વનો આસ્રવ પ્રગટ થતો નથી. તે દુઃખરૂપ રાગાદિ ભાવોથી છૂટવાનો સતત ઉદ્યમશીલ રહે છે.

દષ્ટિની અપેક્ષાએ તો જ્ઞાની સદા નિરાસ્રવી છે જ. પરંતુ તેને અવિરતિ, કષાય અને યોગાસ્રવમાં પણ એકદેશ અશુદ્ધતાનો નાશ થયો છે. એ રીતે જોતાં અન્ય આસ્રવોથી પણ અંશે નિવર્ત્યો છે. સમ્યગ્દર્શન થતાં નિષ્કંપ એવી નિષ્ક્રિયત્વ શક્તિનું અકંપનપણાનું પરિણમન અંશે વ્યક્ત થયું છે. ચોથા ગુણસ્થાનવાળાને પણ દ્રવ્ય યોગાસ્રવમાં અંશે આસ્રવનો ક્ષય થયો છે.. તેથી તેને પ્રતિજીવી ગુણની નિર્મળ દશા અંશે ખીલી ઊઠી છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ - 'સર્વ ગુણાંશ તે સમકિત' એ રીતે કહ્યું છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં-સર્વગુણોનું એકદેશ નિર્મળ પરિણમન શરૂ થાય છે-એમ કહેલ છે.

કરણાનુયોગ તરફથી જોતાં પણ આ વાત સિદ્ધ થાય છે. તો જ્ઞાની કેવી રીતે નિરાસ્રવી છે? જ્ઞાની, ચારિત્રમોહના ઉદયમાં જોડાય છે. તો તેને તેટલો બંધ પણ થાય છે. એ અલ્પબંધની સ્થિતિમાં પણ તેના કર્મબંધનો પ્રકાર ફરી ગયો છે. દ્રવ્ય પ્રત્યયો જે અવિરતિ, કષાય અને યોગમાં પણ અંશે કર્મ બંધ થતો રોકાય ગયો છે. તેમાં પણ સ્થિતિ અને અનુભાગ રસ પાતળો પડ્યો છે. આ વાત આગમ યુક્ત છે. કેમકે નવીન કર્મબંધના કારણભૂત એવા રાગાદિના અભાવથી દ્રવ્યબંધરૂપ કાર્યનો અભાવ સ્વતઃ સિદ્ધ થાય છે. સારાંશ એ છે કે- 'જ્ઞાની સદા નિરાસ્રવી છે.'

ઉપરોક્ત વાતનું સમર્થન આપતાં કળશ ટીકાકાર શ્રી શુભચંદ્ર આચાર્યદેવ-પરમ અધ્યાત્મ તરંગિણીમાં કહે છે કે-ભાવ પ્રજ્ઞાપન નયની અપેક્ષાએ સાધકને સર્વ ભાવાસ્રવોના અભાવનો નિર્દેશ કર્યો છે. કેમકે અનંત સંસારના સમુત્પાદક એવા મિથ્યાત્વનો નાશ થવાથી શેષ કર્મજનિત આસ્રવોનો અભાવ તો અતિ સન્નિકટ છે. આ રીતે જ્ઞાનીને સર્વ ભાવાસ્રવોનો અભાવ કહ્યો છે તે તેનો ફલિતાર્થ છે; જે યુક્તિયુક્ત અને આગમોક્ત છે.

## સંવર અધિકાર

ભેદ વિજ્ઞાન એટલે રાગથી ભિન્નતા અને સ્વભાવથી અભિન્નતા એવી ભાવનાનું નામ છે સંવર. જ્યારે સંવર તત્ત્વનો ઉદય થાય છે ત્યારે જ તેની પરિણતિમાં શુદ્ધાત્માની ઉપલબ્ધિનું મંગલાચરણ થાય છે.

પરમ અધ્યાત્મ તરંગિણીમાં સંવર અધિકારની ટીકા કરતાં પહેલાં ટીકાકાર શુભચંદ્ર આચાર્ય 'ઓમ નમઃ' ની મંગલ સ્થાપના કરે છે. કેમકે અપ્રતિબુદ્ધ જીવે! પૂર્વે કદી પણ સંવર પ્રગટ કર્યો નથી. જે જીવ શુદ્ધાત્માની મહિમામાં અનુરક્ત થાય છે તેને ચિદ્રૂપતા ધરતું જ્ઞાન અને જડરૂપતા ધરતો રાગ તે બંને પ્રગટપણે જુદા ભાસે છે.

સંવર અધિકારમાં ભેદવિજ્ઞાનની પ્રેરણા આપતાં સંતો કહે છે કે-ભેદજ્ઞાનનો સતત ઉદ્યમ કરતા રહેવું તે પ્રત્યેક મુમુક્ષુનું પરમ લક્ષ્ય હોવું જોઈએ. કેમકે આત્મોપલબ્ધિનું મૂળ કારણ ભેદવિજ્ઞાન જ છે. ભેદજ્ઞાનના પ્રગટ અભ્યાસથી પરમાત્મ તત્ત્વની ઉપલબ્ધિ થાય છે. શુદ્ધતત્ત્વની પ્રાપ્તિ થતાં રાગ સમૂહનો વિલય થયો. રાગ સમૂહનો વિલય થતાં કર્મોનો સંવર થયો. કર્મોનો અભાવ થતાં શરીરાદિ નોકર્મ ઉત્પન્ન ન થયું. નોકર્મના અભાવથી સંસારનો અભાવ થયો. આ બધો પ્રતાપ અને પ્રભાવ ભેદ વિજ્ઞાનનો જ છે.

'**आस्रव निरोधः संवरः**' આસ્રવનો નિરોધ કરીને જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે સંવર છે. આ નાસ્તિ પરખ વ્યાખ્યા થઈ. અસ્તિથી વ્યાખ્યા કરીએ તો... શુદ્ધાત્માભિમુખવાળા અપૂર્ણ શુદ્ધ નિર્મળ પરિણામ તે સંવર છે; જેને નિશ્ચય મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સંવર દશાની પ્રગટતા વિના કદી કોઈ જીવને ધર્મની શરૂઆત જ થતી નથી. સાધકદશાની પ્રારંભતા સંવરતત્ત્વનો જન્મ થવાથી થાય છે. જે એકદેશ નિર્મળ પર્યાયોનો નૂતન પ્રવાહ શરૂ થયો અને અશુદ્ધતાનો ધારાપ્રવાહ ત્યાં થંભી ગયો. શ્રી પંચાસ્તકાયની ૧૪૪ ગાથાની ટીકામાં અમૃતચંદ્ર આચાર્યદેવ સંવરની પરિભાષા બાંધે છે કે- '**शुभाशुभ परिणाम निरोधः संवरः शुद्धोपयोग**' આનંદમયી આત્મતત્ત્વનાં સ્વસંવેદનરૂપ શુદ્ધોપયોગમાં આસ્રવોની ઉત્પત્તિ જ થતી નથી તેનું નામ સંવર છે. હું તો પ્રગટ પરમાત્મા છું તેવી આનંદમય અનુભૂતિની ધારા આસ્રવોનો સંવર કરતી જ ઉદય થાય છે.

તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ આસ્રવ અધિકાર બાદ બંધ અધિકાર લખ્યો-કેમકે આસ્રવપૂર્વક બંધ થાય છે. જ્યારે સમયસારમાં કુંદકુંદ આચાર્યદેવે આસ્રવ અધિકાર પછી સંવર અધિકાર લખ્યો! તો બંને આચાર્યદેવના અધિકારના ક્રમમાં તફાવત શા માટે? તત્ત્વાર્થસૂત્ર તે આગમપ્રધાન ગ્રંથ હોવાથી ત્યાં વ્યવહારની મુખ્યતાથી ક્રમ ગોઠવ્યો છે. જ્યારે સમયસાર દૃષ્ટિપ્રધાન ગ્રંથ હોવાથી નિશ્ચયની મુખ્યતાથી ક્રમ ગોઠવ્યો છે. જે જીવ સમયસારનું ભાવથી અધ્યયન કરે એટલે કે-આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન કરે તેને આસ્રવના નિરોધપૂર્વક સંવર દશા જ પ્રગટે છે.

## નિર્જરા અધિકાર

જ્ઞાનીને જે જ્ઞાન વૈરાગ્યનું સામર્થ્ય પ્રગટ્યું છે; તેનું અદ્ભૂત મહાત્મ્ય બતાવનાર આ અધિકાર છે. જે સંવરરૂપ શુદ્ધતા પ્રગટ થઈ છે તેની વૃદ્ધિ થવી તેનું નામ નિર્જરા છે. ધર્મી જીવને... જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃધારા નિરંતર વર્તતી હોવાથી તેને પ્રતિસમય શુદ્ધિની વૃદ્ધિ થતી જ રહે છે અને અશુદ્ધતાની હાનિ પ્રતિક્ષણ થતી રહે છે. પુણ્ય-પાપથી વિરક્તિ એવું વૈરાગ્ય; અર્થાત્ રાગાદિ ભાવોથી રહિત દશાનું નામ વૈરાગ્ય છે અને સ્વસ્વભાવ સાથે એકત્વરૂપ વૃદ્ધિગત થતું જ્ઞાન તે જ્ઞાન છે.

શ્રી પ્રવચનસારમાં નિર્જરાની વ્યાખ્યા કરી- '**इति स्वरूप विश्रांतनिस्तरंग चैतन्य प्रतपनाच्यतपः**' અને '**तपसा निर्जराच**'

(૧) સાધકને જૂનાં કર્મો ઉદયમાં આવી અને ખરી જાય છે તેને નિર્જરા કહ્યું.

(૨) વર્તમાન પર્યાય શુદ્ધાત્માને લક્ષે પરિણમતી હોવાથી આસ્રવોની ઉત્પત્તિ ન થવી તેને નિર્જરા કહે છે.

(૩) ચૈતન્ય સ્વભાવના લક્ષે શુદ્ધિની વૃદ્ધિ થવી તે-ભાવ નિર્જરા છે. આ રીતે નિર્જરાના ત્રણ પ્રકાર કહ્યાં છે.

(એ) દ્રવ્યકર્મની નિર્જરા કહી તે અસદ્ભૂત વ્યવહારનયથી કહ્યું.

(બી) અશુદ્ધ ભાવકર્મની નિર્જરા કહી તે અશુદ્ધ નિશ્ચયનયથી કહ્યું.

(સી) શુદ્ધિની વૃદ્ધિને નિર્જરા કહી તે સદ્ભૂત વ્યવહારથી કહ્યું.

જ્ઞાની જીવ કર્મની સામગ્રીની મધ્યમાં રહેલો દેખાય; ચેતન, અચેતન પદાર્થોનો ભોગ-ઉપભોગ કરતો દેખાવા છતાં તે રાગાદિથી રંગાતો નથી. એ ભોગ અને તે ભોગના ભાવથી કેવો નિર્લેપ-ઉદાસીન રહે છે તેનું સ્પષ્ટ અવલોકન કરાવ્યું છે.

ઈષ્ટોપદેશમાં કહ્યું છે કે-જેમ જેમ સ્વ-પર પદાર્થોના ભેદવિજ્ઞાન દ્વારા આત્માનું ઉત્તમ સ્વરૂપ, સંવેદનમાં વિકસિત થતું જાય છે, તેમ તેમ સહજ પ્રાપ્ત રમણીય પંચેન્દ્રિયના વિષયો પણ રુચતા નથી, અર્થાત્ તેમના પ્રતિ ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થાય છે. જ્ઞાનીની ભાવના તો પૂર્ણ જ્ઞાન અને આનંદને પ્રગટ કરવાની જ છે; શુદ્ધાત્માની સન્મુખતાવાળો વેગ સાધ્યદશા તરફ કેવો પ્રગતિમાન થઈ રહ્યો છે. બહારના ઉદયો, પ્રસંગો, સામગ્રીઓ મધ્યે તે કેવો જળકમળવત્ અલિપ્ત રહે છે તેનું વિશ્લેષણ કરનારો અધિકાર એટલે નિર્જરા અધિકાર.

આધ્યાત્મિક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા આ ચોથા ભાગના કુલ ૪૬ પ્રવચનો આસ્રવ અધિકાર/સંવરઅધિકાર તથા નિર્જરા અધિકાર ઉપરના અક્ષરશઃ પ્રકાશિત કરતા સંસ્થા ધન્યતા અનુભવે છે.

આ સમગ્ર પ્રવચનોને સી.ડી. ઉપરથી કમ્પ્યૂટરાઈઝડ અક્ષરશઃ લખવાનું કાર્ય આત્માર્થી **ભાઈશ્રી નિલેષભાઈ જૈન-ભાવનગર** દ્વારા તથા સમગ્ર પ્રવચનોને સાંભળીને ચેક કરવાનું કાર્ય **આત્માર્થી શ્રી મણીભાઈ ગાલા-દેવલાલી** દ્વારા થયું હોય તથા સમગ્ર પ્રવચનો વાંચીને કૌંસભરવા તથા ચેક કરવાનું કાર્ય આત્માર્થી **ભાઈશ્રી ચેતનભાઈ મહેતા-રાજકોટ** દ્વારા થયું હોય સંસ્થા સર્વનો આભાર વ્યક્ત કરે છે.

આ 'કલશામૃત ભાગ-૪'ના પ્રકાશન પેટે મુખ્ય દાનરાશી **આત્માર્થી ભારતીબેન રજનીકાંત કોઠારી-મુંબઈ** દ્વારા રૂપિયા એક લાખ પ્રાપ્ત થયેલ હોય સંસ્થા તેમનો તથા અન્ય દાનરાશી આપનાર સર્વે મુમુક્ષુઓનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ તેમજ બાઈન્ડીંગ કરવા બદલ **શ્રી ધર્મેશભાઈ શાહ-શાર્પ ઓફસેટ-અમદાવાદ**નો સંસ્થા આભાર માને છે. મલ્ટીકલર પેઈજ સુંદર કરવા બદલ **ડોટએડના સંચાલકશ્રી**નો પણ આભાર માને છે.

અંતમાં પરિપૂર્ણ પરમાત્માનું સ્વરૂપ સમજી... સંવરરૂપ ધર્મ પ્રગટ કરી અને આત્મિક આનંદને આસ્વાદી તૃપ્ત થાઓ તેવી મંગલ ભાવનાપૂર્વક અસ્તુ.

આ પુસ્તક **http//www.atmadharma.com તથા vitragvani.com** પર મુકેલ છે.

**ટ્રસ્ટીશ્રી**

**– શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, રાજકોટ**

| કલશામૃત ભાગ-૪ના પ્રકાશનાર્થે પ્રાપ્ત થયેલ દાનરાશિ | | |
|---|---|---|
| (૧) | ભારતીબેન આર. કોઠારી, મુંબઈ | ૧,૦૦,૦૦૦/- |
| (૨) | નલીનભાઈ ઘીયા, કલાબેન, નીમિષભાઈ, પૂર્વી, અન્વી પ્રાચી, રાજકોટ | ૨૭,૦૦૦/- |
| (૩) | સ્વ.સરોજબેન ચંદુલાલ મહેતા, રાજકોટ | ૫,૦૦૦/- |
| (૪) | પૂજાબેન સિદ્ધેષભાઈ સંઘવી, રાજકોટ | ૨૫૦૦/- |
| (૫) | નીલાબેન નગીનદાસ શાહ, સુરેન્દ્રનગર | ૨૦૦૦/- |
| (૬) | સ્વ. કનુભાઈ મણિલાલ પુનાતર, હ. ચંદનબેન-રાજકોટ | ૧૦૦૦/- |
| (૭) | સ્વ. બિપિનભાઈ કનૈયાલાલ ભાયાણી | ૫૦૦/- |
| (૮) | કોમલ સૂર્યકાંત શાહ | ૫૦૦/- |

# અનુક્રમણિકા



| પ્રવચન નં. | કળશ નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧૧૫ | ૧૧૭-૧૧૮ | ૦૭-૧૦-૧૯૭૭ | ૦૦૨ |
| ૧૧૬ | ૧૧૮-૧૧૯ | ૦૮-૧૦-૧૯૭૭ | ૦૧૪ |
| ૧૧૭ | ૧૨૦ | ૦૯-૧૦-૧૯૭૭ | ૦૨૬ |
| ૧૧૮ | ૧૨૦-૧૨૧ | ૧૦-૧૦-૧૯૭૭ | ૦૩૬ |
| ૧૧૯ | ૧૨૧-૧૨૨ | ૧૧-૧૦-૧૯૭૭ | ૦૪૬ |
| ૧૨૦ | ૧૨૨-૧૨૩ | ૧૩-૧૦-૧૯૭૭ | ૦૫૭ |
| ૧૨૧ | ૧૨૩ | ૧૪-૧૦-૧૯૭૭ | ૦૬૮ |
| ૧૨૨ | ૧૨૪ | ૧૫-૧૦-૧૯૭૭ | ૦૭૯ |
| ૧૨૩ | ૧૨૪-૧૨૫ | ૧૬-૧૦-૧૯૭૭ | ૦૮૯ |
| ૧૨૪ | ૧૨૫ | ૧૭-૧૦-૧૯૭૭ | ૧૦૨ |
| ૧૨૫ | ૧૨૫ | ૧૮-૧૦-૧૯૭૭ | ૧૧૦ |
| ૧૨૬ | ૧૨૬ | ૨૦-૧૦-૧૯૭૭ | ૧૨૧ |
| ૧૨૭ | ૧૨૬-૧૨૭ | ૨૧-૧૦-૧૯૭૭ | ૧૩૧ |
| ૧૨૮ | ૧૨૮ | ૨૨-૧૦-૧૯૭૭ | ૧૪૨ |
| ૧૨૯ | ૧૨૯-૧૩૦ | ૨૩-૧૦-૧૯૭૭ | ૧૫૫ |
| ૧૩૦ | ૧૩૦-૧૩૧ | ૨૪-૧૦-૧૯૭૭ | ૧૬૭ |
| ૧૩૧ | ૧૩૨ | ૨૫-૧૦-૧૯૭૭ | ૧૭૯ |
| ૧૩૨ | ૧૩૩ | ૨૭-૧૦-૧૯૭૭ | ૧૯૧ |
| ૧૩૩ | ૧૩૪ | ૨૮-૧૦-૧૯૭૭ | ૨૦૩ |
| ૧૩૪ | ૧૩૪ | ૨૯-૧૦-૧૯૭૭ | ૨૧૪ |
| ૧૩૫ | ૧૩૫-૧૩૬ | ૩૦-૧૦-૧૯૭૭ | ૨૨૭ |
| ૧૩૬ | ૧૩૬ | ૩૧-૧૦-૧૯૭૭ | ૨૩૯ |
| ૧૩૭ | ૧૩૬-૧૩૭ | ૦૧-૧૧-૧૯૭૭ | ૨૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૧૩૮ | ૧૩૭ | ૦૨-૧૧-૧૯૭૭ | ૨૬૧ |
| ૧૩૯ | ૧૩૭ | ૦૩-૧૧-૧૯૭૭ | ૨૭૩ |
| ૧૪૦ | ૧૩૮ | ૦૫-૧૧-૧૯૭૭ | ૨૮૫ |
| ૧૪૧ | ૧૩૮ | ૦૬-૧૧-૧૯૭૭ | ૨૯૬ |
| ૧૪૨ | ૧૩૮ થી ૧૪૦ | ૦૭-૧૧-૧૯૭૭ | ૩૦૭ |
| ૧૪૩ | ૧૪૦-૧૪૧ | ૦૮-૧૧-૧૯૭૭ | ૩૧૯ |
| ૧૪૪ | ૧૪૦ | ૦૯-૧૧-૧૯૭૭ | ૩૩૧ |
| ૧૪૫ | ૧૪૧ | ૧૦-૧૧-૧૯૭૭ | ૩૪૩ |
| ૧૪૬ | ૧૪૧ | ૧૧-૧૧-૧૯૭૭ | ૩૫૫ |
| ૧૪૭ | ૧૪૧-૨૬૮ | ૧૨-૧૧-૧૯૭૭ | ૩૬૫ |
| ૧૪૮ | ૧૪૧-૧૪૨ | ૧૩-૧૧-૧૯૭૭ | ૩૭૬ |
| ૧૪૯ | ૧૪૨-૧૪૩ | ૧૪-૧૧-૧૯૭૭ | ૩૮૮ |
| ૧૫૦ | ૧૪૪ | ૧૫-૧૧-૧૯૭૭ | ૪૦૦ |
| ૧૫૧ | ૧૪૪ | ૧૬-૧૧-૧૯૭૭ | ૪૧૩ |
| ૧૫૨ | ૧૪૫ | ૧૭-૧૧-૧૯૭૭ | ૪૨૫ |
| ૧૫૩ | ૧૪૫-૧૪૬ | ૧૮-૧૧-૧૯૭૭ | ૪૩૬ |
| ૧૫૪ | ૧૪૭ | ૨૦-૧૧-૧૯૭૭ | ૪૪૮ |
| ૧૫૫ | ૧૪૮-૧૪૯ | ૨૧-૧૧-૧૯૭૭ | ૪૫૯ |
| ૧૫૬ | ૧૪૯-૧૫૦ | ૨૨-૧૧-૧૯૭૭ | ૪૭૦ |
| ૧૫૭ | ૧૫૦ | ૨૩-૧૧-૧૯૭૭ | ૪૮૧ |
| ૧૫૮ | ૧૫૧ | ૨૪-૧૧-૧૯૭૭ | ૪૯૨ |
| ૧૫૯ | ૧૫૧-૧૫૨ | ૨૫-૧૧-૧૯૭૭ | ૫૦૨ |
| ૧૬૦ | ૧૫૨-૧૫૩ | ૨૭-૧૧-૧૯૭૭ | ૫૧૪ |

ॐ
नमः सिद्धेभ्यः

# કલશામૃત

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી 'સમયસાર-કળશ' ઉપર પ્રવચન )

( ભાગ-૪ )

(અનુષ્ટુપ)

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।५-११७।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ આશંકા કરે છે-સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે, પરન્તુ જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ જેવો હતો તેવો જ વિદ્યમાન છે તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, તથા તે કર્મના ઉદયે નાના પ્રકારનાં સુખ-દુઃખને ભોગવે છે, ઈન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે, સમ્યગ્દષ્ટિ જીવ તે સામગ્રીને ભોગવે પણ છે; આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે? એવો કોઈ પ્રશ્ન કરે છે-'द्रव्यप्रत्ययसन्ततौ सर्वस्याम् एव जीवन्त्यां ज्ञानी नित्यम् निरास्रवः कुतः' ( द्रव्यप्रत्यय ) જીવના પ્રદેશોમાં પરિણમ્યું છે પુદ્‌ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની ( सन्ततौ ) સંતતિ સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યન્ત જીવના પ્રદેશોમાં રહેવું તે ( सर्वस्याम् ) જેટલી હોત, જેવી હોત, ( जीवन्त्यां ) તેટલી જ છે, વિદ્યમાન છે, તેવી જ છે ( एव ) નિશ્ચયથી; તોપણ ( ज्ञानी ) સમ્યગ્દષ્ટિ જીવ ( नित्यम् निरास्रवः ) સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે એમ જે કહ્યું તે ( कुतः ) શું વિચારીને કહ્યું? 'चेत् इति मतिः' ( चेत् ) હે શિષ્ય! જો ( इति मतिः ) તારા મનમાં આવી આશંકા છે તો ઉત્તર સાંભળ, કહીએ છીએ. ૫-૧૧૭.

## ભાદરવા વદ ૧૦, શુક્રવાર, તા.૭-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૭, ૧૧૮ પ્રવચન - ૧૧૫

'કળશટીકા'. ૧૧૭. (અનુષ્ટુપ)

सर्वस्यामेव जीवन्त्यां द्रव्यप्रत्ययसन्ततौ।
कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मतिः।।५-११७।।

અહીંયા પ્રશ્ન થાય છે કે સમ્યગ્દૃષ્ટિને નિરાસ્રવ કહ્યો. જેને આત્મા આનંદસ્વરૂપ અનંત ગુણનો ભંડાર, એની સમ્યગ્દર્શનમાં પ્રાપ્તિ થઈ તો આખા પૂર્ણ આત્માની પ્રતીતિ થઈ. એને જ્ઞેય બનાવીને આખો આત્મા જ્ઞાનમાં જાણવામાં આવ્યો. ત્યારે એની દૃષ્ટિમાં પુણ્ય-પાપના ભાવની રુચિ છૂટી ગઈ. અને પુણ્ય-પાપના ફળની પણ રુચિ છૂટી ગઈ. તો એનું પરિણમન સમ્યગ્દર્શનની અપેક્ષાએ શુદ્ધ પરિણમન એને છે. અશુદ્ધ પરિણામની મીઠાશ ચાલી ગઈ અને અશુદ્ધ પરિણામના ફળરૂપ સંયોગી ચીજમાં પણ મીઠાશ ઉડી ગઈ. આહાહા..!

ધર્મીજીવને આનંદમાં મીઠાશ આવે છે, સ્વરૂપમાં મીઠાશ આવે છે. આહાહા..! અજ્ઞાનીને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ સંયોગમાં મીઠાશ આવે છે. આહાહા..! એટલી દિશાફેર દશા થઈ ગઈ. મિથ્યાદૃષ્ટિની દશામાં પુણ્ય-પાપના ભાવ મીઠાશ-મારા છે એમ માનીને કર્તા-ભોક્તા થતો હતો. આહા..! અને એ પુણ્ય આદિનું ફળ મળે એને મિથ્યાદૃષ્ટિ, પોતાની સ્વસંપદાની તો ખબર નથી તો બહારની સંપદામાં મીઠાશ, પ્રેમ કરતો હતો. એ સમ્યગ્દૃષ્ટિ થયો તો એ પ્રેમ ઉડી ગયો. આહાહા..! તો સમ્યગ્દર્શનમાં રાગનો પ્રેમ અને પરની મીઠાશ ઊડી ગઈ તેથી તેને બંધ નથી એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ!

શિષ્યનો એ પ્રશ્ન છે કે એ બધું તો છે અને તમે કહો છો, આસ્રવરહિત. આસ્રવરહિત (થઈ ગયો).

**ખંડાન્વય સહિત અર્થ :-** **'અહીં કોઈ આંશકા કરે છે...'** આંશકાનો અર્થ? આપ કહો છો એ ખોટું છે એમ નહિ, પણ આપ શું કહો છો એ મને સમજાતું નથી. એનું નામ આશંકા. **'આશંકા કરે છે-સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વથા નિરાસ્રવ કહ્યો,...'** એને કોઈ પુણ્ય-પાપનો આસ્રવ છે જ નહિ? આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ! **'અને એમ જ છે,...'** શિષ્ય પણ કહે છે. આહાહા..! કારણ કે જે પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ મારા છે અને એનાથી મને લાભ છે એવું મિથ્યાદૃષ્ટિપણું હતું, એ મિથ્યાદૃષ્ટિપણું સમ્યગ્દૃષ્ટિમાં ઊડી ગયું. આહાહા..! તો એ પુણ્ય અને પાપ હોવા છતાં અને એ પુણ્ય-પાપના ફળરૂપ સંયોગ હોવા છતાં એને મીઠાશ ઊડી ગઈ, સ્વામીપણું ઊડી ગયું. આહાહા..! આવો માર્ગ ઝીણો પડે. છ ખંડનું રાજ મારી ચીજ નહિ, મારામાં નહિ આહાહા..! અને હું એમાં નથી. હું જ્યાં છું ત્યાં તો આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છે. આહાહા..! એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ હોવાથી એને

નિરાસ્રવ કઈ રીતે કહ્યો? એને રાગ છે, પુણ્ય છે, ભાવ તો આવે છે. કર્મ પણ વિદ્યમાન છે અને પુણ્યની સામગ્રી ભોગવતા પણ દેખાય છે. ઝીણી વાત છે બહુ.

'**સર્વથા નિરાસ્રવ કહ્યો, અને એમ જ છે.**' શિષ્ય કહે છે, એવું હોય તો છે, બરાબર લાગે છે. '**પરંતુ જ્ઞાનાવરણાદિ દ્રવ્યપિંડ જેવો હતો તેવો જ વિદ્યમાન છે...**' સમકિતીને હજી આઠ કર્મ છે એ તો છે. આત્માના પ્રદેશ ઉપર આઠ કર્મ જડ છે એ છે અને આપ કહો છો, નિરાસ્રવ છે. એક વાત. '**તથા તે કર્મના ઉદયે નાના પ્રકારની ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે.**' આહાહા..! ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપનો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો ત્યારથી એને કર્મ અને કર્મથી મળતી સામગ્રીમાં રુચિ, રસ ઊડી ગયા. સમજાય છે કાંઈ? તેથી જેવી સામગ્રી હતી તેવી હો. સમ્યગ્દર્શન થયું એટલે કાંઈ બહારની બધી સામગ્રી જતી રહે છે? હો. આહાહા..! '**તથા તે કર્મના ઉદયે નાના પ્રકારનાં સુખ-દુઃખને ભોગવે છે.**' આહાહા..! જરી સુખ-દુઃખ કલ્પનામાં આવે છે, વેદે છે. આહાહા..! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવે છે. સમ્યગ્દર્શન શું ચીજ છે? અને સમ્યગ્દર્શનનો વિષય ભગવાન પરમાનંદસ્વરૂપ અનંત ગુણભંડાર, આહાહા..! એ જેના વિષયમાં આવ્યો, એને બધા પર વિષય છૂટી ગયા. (પર વિષય) દૃષ્ટિનો વિષય રહ્યો નહિ. આહાહા..!

'**ઇન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી...**' સમકિતીને '**ઇન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે,...**' આહાહા..! દેવ જેની સેવા કરે અને રત્ન હીરાના થાળ, મણિરત્નના વાટકા. વાટકાને શું કહે છે? કટોરી. એમાં બદામનું શાક અને પિસ્તાના પાપડ (ખાય). સામગ્રી તો છે. ભોગવે પણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શું કહે છે?

મુમુક્ષુ :- આજકાલ તો પિસ્તાના પાપડ નથી બનતા.

ઉત્તર :- અત્યારે પણ ગૃહસ્થોને ત્યાં બને છે. તમારે ત્યાં નહિ બનતા હોય. 'મુંબઈ'માં જોયું છે? 'મુંબઈ'માં. 'મુંબઈ'માં જ્યાં મોટા મોટા અધિકારીઓ બેસે છે ને? એને સોનાના સિંહાસન છે. 'મુંબઈ'. અમે જોયું છે ને ગયા હતા ને. સવારે દૂધ અને દૂધમાં બદામ ને પિસ્તાનો માલ આવે. મસાલો. મૂઢ જીવ પ્રેમથી ભોગવે છે. આહાહા..! હું એનો ભોક્તા અને હું એનો કર્તા. આહાહા..! એમ મિથ્યાદૃષ્ટિ જીવ ભોગવે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ.. આહાહા..! એ વિષય '**ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે,...**' તેવી જ છે. એમ કહ્યું ને? '**ઇન્દ્રિય-શરીરસંબંધી ભોગસામગ્રી જેવી હતી તેવી જ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ તે સામગ્રીને ભોગવે પણ છે.**' આહાહા..! સમકિતી ચક્રવર્તી હોય છે ને? 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' તીર્થંકર હતા, ચક્રવર્તી હતા, કામદેવ હતા. એની દાસી, કરોડો રૂપિયાનો એક હીરો હોય એ હીરાને આમ.. દાસી પણ એટલી તાકાતવાળી કે હીરાનો આમ ભુક્કો કરે. સમજાય છે કાંઈ? ચક્રવર્તીને ચાંદલો કરે. અને ક્રોડો અબજો રૂપિયાની હીરાની ભસ્મ બનાવે. અને ભસ્મ બનાવીને રસોઈઓ એનો ખોરાક બનાવે. અને એ ખોરાક... ચક્રવર્તી તીર્થંકર હજી મુનિ ન થયા હોય, ભોજનમાં આવે છે. આહાહા..! હીરાના થાળ, મણિરત્નની કટોરી અને દેવ પવન નાખે વીંઝણાથી. આવું તો છે. તો સમકિતી નિરાસ્રવ છે કેમ કહો છો? આહાહા..! સાંભળ તો ખરો, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહાહા..!

**'આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે?'** આ શિષ્યનો પ્રશ્ન છે. આટલી આટલી સામગ્રી.. આહાહા..! અને દેવે બનાવેલા મોટા મકાન. શું કહેવાય? મહેલ. અબજોની કિંમત. અબજોની કિંમત તો એક એક હીરા ચોંટાડ્યા હોય એની હોય. ચક્રવર્તીને એવા તો પાંચ મોટા મહેલ છે. એમાં રહે છે. આહાહા..! 'ભરત' ચક્રવર્તી છે સમ્યગ્દષ્ટિ. આહાહા..! કહે છે કે સમ્યગ્દષ્ટિ તો આવી સામગ્રીમાં પડેલા દેખાય છે ને? ભોગવતા દેખાય છે ને. આહાહા..! સમજાય છે કાંઈ? **'આટલી સામગ્રી હોવા છતાં નિરાસ્રવપણું કઈ રીતે ઘટે છે? આવો કોઈ પ્રશ્ન કરે છે.'** આ ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે અને મિથ્યાદષ્ટિની નીચતા કેટલી છે, એ લોકોને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

જેને પુણ્ય ને દયા, દાન, વ્રતના પરિણામમાં ધર્મ છે, એવી માન્યતા છે એ મિથ્યાદષ્ટિ (છે). એ મુનિ થયો, હજારો રાણીનો ત્યાગ કર્યો પણ અંદરમાં રાગની રુચિ અને રાગનો પ્રેમ છે. ભગવાન આનંદનો પ્રેમ છૂટી ગયો છે. આહાહા..! એ મિથ્યાદષ્ટિ એક ટંક ખાય અથવા મહિના-મહિનાના અપવાસ પણ કરે તોપણ એને આસ્રવસહિત ગણવામાં આવ્યો છે. મિથ્યાશ્રદ્ધા છે તેથી આસ્રવસહિત ગણવામાં આવ્યો છે. આહાહા..! અને એવી ને એવી સામગ્રીમાં સમકિતી જીવ પરમાં ઉદાસ છે. આહાહા..! પરનો બધો પ્રેમ છૂટી ગયો છે. આખી દુનિયા. આહાહા..! જેની પર્યાયબુદ્ધિ છૂટી ગઈ. એક અંશનો જે આત્માનો વિકાસ છે એની પણ રુચિ છૂટી ગઈ. જ્યાં ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ નિત્યાનંદ પ્રભુનો જ્યાં અનુભવ થયો અને સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો.. આહાહા..! ત્યાં આગળ આવી સામગ્રી હોવા છતાં સ્વાદની બુદ્ધિ છૂટી ગઈ છે. રસ રહ્યો નહિ, રસ ન રહ્યો. આહાહા..!

'द्रव्यप्रत्ययसन्ततौ सर्वस्याम् एव जीवन्त्यां ज्ञानी नित्यम् निरास्रवः कुतः' **'જીવના પ્રદેશોમાં પરિણમ્યું છે પુદ્‌ગલપિંડરૂપ અનેક પ્રકારનું મોહનીયકર્મ, તેની સંતતિ-સ્થિતિબંધરૂપ ઘણા કાળ પર્યંત જીવના પ્રદેશોમાં રહેવું...'** થાય છે. આત્માના પ્રદેશમાં કર્મની સ્થિતિ પણ રહે છે. આહાહા..! અને તમે કહો છો કે એ તો નિરાસ્રવ છે. ઝીણી વાત, બાપુ! સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન બે ચીજની વાત ઝીણી છે. લોકો બહારથી માની બેસે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, સમકિત છે, હવે વ્રત ને તપ કરો. બિલકુલ મિથ્યાદષ્ટિ મૂઢ છે. આહાહા..! જેને એક શુભરાગ માત્ર આવે છે તો સમ્યગ્દષ્ટિને કાળો નાગ, ઝેર દેખાય છે. અને અજ્ઞાનીને અશુભરાગમાં પણ રસમાં મીઠાશ.. મીઠાશ (આવે છે). આહાહા..! એ દષ્ટિ ફેરે કઈ સૃષ્ટિ ઉત્પન્ન થાય છે એ અલૌકિક વાતું છે. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, પ્રભુ! આપ સમકિતીને નિરાસ્રવ કહો છો. એના આત્મ પ્રદેશ ઉપર આઠેય કર્મ પડ્યા છે અને એની સ્થિતિ ત્યાં રહેશે પણ ખરી. આહાહા..! તેની સંતતિ રહે છે. **'જેટલી હોત, જેવી હોત, તેટલી જ છે,...'** પડ્યા છે. **'વિદ્યમાન છે, તેવી જ છે નિશ્ચયથી તોપણ સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા સર્વ કાળ આસ્રવથી રહિત છે...'** એમ કેમ કહ્યું? આવું હોવા છતાં પણ સર્વ કાળ સર્વથા પુણ્ય-પાપના ભાવ એને છે જ નહિ, એનું ફળ પણ એને નથી એમ કેમ કહ્યું? આહાહા..! અરે..! મિથ્યાદષ્ટિની દિશા પર ઉપર છે તેથી એની

દશામાં મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમ્યગ્દર્શનની દશામાં એની દિશા ધ્રુવ ઉપર છે. આહાહા..! અખંડાનંદ પ્રભુ અનંત ગુણનો ભંડાર નિધાન (છે). ચક્રવર્તીના નિધાન તો અલ્પ મર્યાદિત છે. આ તો મહાનિધાન. અંતરમાં અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, ઈશ્વરતા, પ્રભુતા એવી અનંત શક્તિનો સાગર ભગવાન, એનો સમ્યગ્દર્શનમાં જે અનુભવ થયો તો સમ્યગ્દ્રષ્ટિને કર્મની સ્થિતિ વિદ્યમાન હોવા છતાં નિરાસ્રવ કેમ કહ્યો? એમ શિષ્ય પ્રશ્ન કરે છે. આહાહા..! સર્વથા સર્વ કાળ. જોયું? 'नित्यम्' એટલે સર્વ કાળ. સર્વ કાળ નિરાસ્રવ છે. **'આસ્રવથી રહિત છે એમ જે કહ્યું તે શું વિચારીને કહ્યું? હે શિષ્ય! તારા મનમાં આવી આશંકા છે તો ઉત્તર સાંભળ.'** આહાહા..!

(માલિની)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।६-११८।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तदपि ज्ञानिनः जातु कर्मबन्धः न अवतरति' ( तदपि ) તોપણ ( ज्ञानिनः ) સમ્યગ્દ્રષ્ટિ જીવને ( जातु ) કદાચિત્ કોઈ પણ નયથી ( कर्मबन्धः ) જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલપિંડનું નૂતન આગમન-કર્મરૂપ પરિણમન ( न अवतरति ) થતું નથી; અથવા જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષપરિણામથી બંધ થાય છે તો ઘણો જ અલ્પ બંધ થાય છે; તો પછી સમ્યગ્દ્રષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ. હવે, કેવો હોવાથી બંધ નથી? 'सकलरागद्वेषमोहव्युदासात्' જે કારણથી આવું છે તે કારણથી બંધ ઘટતો નથી ( सकल ) જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ ( राग ) પ્રીતિરૂપ પરિણામ, ( द्वेष ) દુષ્ટ પરિણામ, ( मोह ) પુદ્ગલદ્રવ્યની વિચિત્રતામાં આત્મબુદ્ધિ એવા વિપરીતરૂપ પરિણામ-એવા ( व्युदासात् ) ત્રણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં પણ સમ્યગ્દ્રષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી. વિદ્યમાન સામગ્રી કઈ રીતે છે તે કહે છે-' यद्यपि पूर्वबद्धाः प्रत्ययाः द्रव्यरूपाः सत्तां न हि विजहति' ( यद्यपि ) જોકે એમ પણ છે કે ( पूर्वबद्धाः ) સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં જીવ મિથ્યાદ્રષ્ટિ હતો, તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા જે ( द्रव्यरूपाः प्रत्ययाः ) મિથ્યાત્વરૂપ તથા ચારિત્રમોહરૂપ પુદ્ગલકર્મપિંડ, તે ( सत्तां ) સ્થિતિબંધરૂપે જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે એવા પોતાના અસ્તિત્વને ( न हि विजहति ) છોડતા નથી; [ઉદય પણ દે છે એમ કહે છે] -'समयम् अनुसरन्तः अपि' ( समयम् ) સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ ( अनुसरन्तः अपि ) ઉદય પણ દે છે; તોપણ સમ્યગ્દ્રષ્ટિ કર્મબંધનો કર્તા નથી. ભાવાર્થ આમ

છે-કોઈ અનાદિકાળનો મિથ્યાદષ્ટિ જીવ કાળલબ્ધિ પામ્યો થકો સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો, ચારિત્રમોહકર્મની સત્તા વિદ્યમાન છે, ઉદય પણ વિદ્યમાન છે, પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે, ભોગવે પણ છે, ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે; તોપણ જે રીતે મિથ્યાદષ્ટિ જીવ આત્મસ્વરૂપને જાણતો નથી, કર્મના ઉદયને પોતારૂપ જાણે છે, તેથી ઇષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો રાગ-દ્વેષ કરે છે, માટે કર્મનો બંધક થાય છે, તે રીતે સમ્યગ્દષ્ટિ જીવ નથી. સમ્યગ્દષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે, શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે, આવેલા ઉદયને ખપાવે છે, પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે, તેથી સમ્યગ્દષ્ટિ જીવને કર્મબંધ નથી. આવી અવસ્થા સમ્યગ્દષ્ટિ જીવને સર્વ કાળ નથી. જ્યાં સુધીમાં સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદવીને પામે ત્યાં સુધી આવી અવસ્થા છે. જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી-સાક્ષાત્ પરમાત્મા છે. ૬-૧૧૮.

## કળશ-૧૧૮ ઉપર પ્રવચન

(માલિની)

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।६-११८।।

આહાહા..! આમાંથી લે, પેલા લોકો ઉપાડે કે સમકિતીને બિલકુલ દુઃખ નથી ને રાગ નથી. અહીં તો અનંત સંસારનું કારણ રાગ-દ્વેષ અને એનું ફળ છૂટી ગયું. અલ્પ સંસાર છે એને અહીંયાં ગૌણ કરીને અને ત્રિકાળી ચીજને સત્ય કહીને, મુખ્ય કરીને છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને નથી એમ કહ્યું. આહાહા..! શું કહ્યું? ભૂતાર્થ જે ભગવાનઆત્મા એક સમયમાં ત્રિકાળી આત્મદળ એ સત્ય છે એમ કહ્યું અને પર્યાય છે છતાં એને ગૌણ કરીને નથી એમ કહ્યું. નથી એમ કહ્યું તો છે જ નહિ એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં અનંત ગુણરત્નાકર પ્રભુ, એને જ સત્ય કહ્યું અને એની પર્યાય છે, ચાહે તો નિર્મળ પર્યાય તોપણ ત્યાં અસત્ય કહ્યું, નથી એમ કહ્યું. એ તો ગૌણ કરીને નથી એમ કહ્યું. એમ અહીંયાં સમ્યગ્દષ્ટિને અંતરમાં મિથ્યાત્વ અને મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષનો નાશ થયો તેથી એ મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષનો નાશ થયો તો અસ્થિરતાનો ભાગ છે એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે ક્યાં સમજવાની દરકાર (છે)?

ભગવાનઆત્મા એક સમયમાં નિત્યાનંદ પ્રભુ 'भूदत्थं' ભૂતાર્થ 'ववहारोऽभूदत्थो'.

પર્યાયમાત્ર અસત્ય છે એમ કહ્યું. અને 'भूदत्थो देसिदो दु सुद्धणओ' અને ભૂતાર્થ ત્રિકાળી સત્યસાહેબ પ્રભુ પૂર્ણાનંદનો નાથ એ જ સત્ય છે. પર્યાયમાત્ર અસત્ય કહી. એ પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્ય કહી છે અને મુખ્ય વસ્તુ સત્યને મુખ્ય કરીને, નિશ્ચય કહીને એને સત્ય કહી. સમજાય છે કાંઈ? એમ અહીંયાં સમ્યગ્દષ્ટિને એને મુખ્ય સ્વભાવનો આશ્રય છે તેથી રાગ-દ્વેષ છે અને કર્મ પણ છે, એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? પણ ત્યાં પકડી બેસે કે, થઈ રહ્યું, સમ્યગ્દર્શન થયું એટલે હવે આસ્રવ, બંધ છે જ નહિ. સ્વચ્છંદી થઈ જશે. આસ્રવ, બંધ તો દસમા ગુણસ્થાન સુધી છે. પણ..

મુમુક્ષુ :- પોતામાં નથી.

ઉત્તર :- પોતામાં નથી, પરમાં છે પણ પોતાનું સ્વામીપણું નથી. સ્વામીપણું સ્વભાવનું છે. એ અપેક્ષાએ કર્મ છે. વિકાર થાય છે, સામગ્રી છે પણ એનું સ્વામીપણું નથી તેથી આસ્રવ નથી. એને સામગ્રી નથી. ભોગવે છે છતાં ભોક્તા નથી એમ કહેવામાં આવ્યું છે. આકરી વાતું, બાપુ! વીતરાગનો ધર્મ એવો ઝીણો છે. અત્યારે તો જૈનને નામે કંઈક કંઈક ચલાવે છે. આહાહા..!

અહીં તો કહે છે કે વીતરાગમૂર્તિ પ્રભુઆત્મા.. આહાહા..! જિન સો હી આત્મા. વીતરાગસ્વરૂપી પરમાત્મા જ્યાં પ્રતીતમાં-શ્રદ્ધામાં, જ્ઞાનમાં અનુભવમાં આવ્યો તો એ સમકિતીને પૂર્વના મિથ્યાત્વ સંબંધી કર્મ બાંધ્યા હતા એ મોજૂદ છે, એની સ્થિતિ પણ છે અને એનું ફળમાં સામગ્રી પણ છે, સામગ્રીનો ભોક્તા પણ દેખાય છે. છતાં એને ગૌણ કરીને, એ નથી, આસ્રવ નથી, બંધ નથી એમ કહેવામાં આવ્યું. સમ્યગ્દર્શનના માહાત્મ્યની મુખ્યતા જોઈને. આહાહા..! આવું ક્યાં સમજવા જાય? એક તો ધંધા (આડે) નવરાશ ન મળે. સંસારના પાપના ધંધા આખો દિ'. એમાં નવરાશ ન મળે અને નવરાશ થાય તો આવી સામગ્રી સાંભળવા મળે નહિ. આહાહા..! અરેરે..! ક્યાં જશે? ક્યાં થશે? શું થશે? ખબરું ન મળે એની. આહાહા..! અને પાછું આ અપેક્ષાએ એકાંત તાણી જાય કે લ્યો, સમ્યગ્દષ્ટિ થયો તો આસ્રવ ને બંધ નથી. તો દસમે આસ્રવ, બંધ છે ને? અહીં તો મુખ્ય સમકિતદષ્ટિ અને સમકિતના આશ્રયના (વિષયનો) સ્વામી ગણીને, તેનું સ્વામીપણું એની ચીજમાં નથી, એમ ગણીને એને આસ્રવ અને બંધ નથી (એમ કહ્યું). આસ્રવ અને બંધ છે એ કર્મધારામાં જાય છે. અને કર્મધારાનો તો જ્ઞાની જ્ઞેય તરીકે જાણનારો છે. આહાહા..! એ અપેક્ષાએ ગણવામાં આવ્યું છે. બહુ કામ..

રાજ છોડી, આખી જિંદગી બ્રહ્મચર્ય પાળતો હોય પણ રાગના પ્રેમમાં મિથ્યાદષ્ટિ પૂર્ણ આસ્રવ અને બંધમાં પડ્યો છે. અને સમકિતી ૯૬ હજાર સ્ત્રીના ભોગમાં દેખાય. એ એમાં નથી. આહાહા..! 'નોઆખલી'માં થયું હતું ને? 'નોઆખલી'. 'ગાંધીજી' ગયા હતા. મુસલમાનનું બહુ જોર. હિન્દુને બહુ મારતા. 'નોઆખલી'. હિન્દુને પચ્ચીસ-પચ્ચીસ વર્ષનો જુવાન છોકરો અને ૪૫ વર્ષની માં. એને નાગા કરી અને મુસલામાનો વિષય લેવા ભેગા

કરતા. અરરર..! છોકરાને થાય, અરેરે..! પ્રભુ! આ (ધરતી) માર્ગ દે તો સમાઈ જઉં. આ શું છે? છે રસ? નાગા કરીને દેહ આમ ભેગા કરે. અરર..! બેન ને ભાઈ જુવાનને નાગા કરીને ભેગા કરે.

એમ ધર્મીને.. આહાહા..! પુણ્ય ને પાપના ભાવ ને સામગ્રી, (પુત્રને) જેમ માતાના ભોગનો પ્રેમ ઊડી ગયો છે, એમ ઊડી ગયો છે. આહાહા..! સાંભળ્યું હતું ને? 'નોઆખલી'નું. 'ગાંધીજી' ગયા હતા. બહુ ક્રૂરતા, મુસલમાનોની હિન્દુ ઉપર બહુ ક્રૂરતા. માતાને અને દીકરાને, બેનને અને ભાઈને નાગા કરીને ભોગ લેવા આમ ભેગા કરતા. અરર..! એમ અહીંયાં સમ્યગ્દષ્ટિ.. આહાહા..! હું તો ભગવાનસ્વરૂપી પરમાત્મા રાગ અને રાગના ફળથી અને બંધથી ભિન્ન છું. અબંધસ્વરૂપી રાગના સંબંધ વિનાની મારી ચીજ છે. એમ દષ્ટિમાં અનુભવમાં આવ્યું, એને સંયોગના ભોગ, માતાના ભોગમાં જેમ ઝેર દેખાય, એમ એને ઝેર દેખાય. આહાહા..! આવી વાત છે, બાપુ!

અજ્ઞાની મુનિ થયો હોય, પંચમહાવ્રત પાળતો હોય પણ એ રાગના પ્રેમમાં, રાગની રુચિમાં મિથ્યાદષ્ટિ છે. આહાહા..! એને ભગવાન આનંદના નાથની, એને ખબર નથી.

મુમુક્ષુ :- બધું છોડ્યા પછી શેનો રાગ રહી જાય?

ઉત્તર :- કાંઈ છોડ્યું નથી. રાગને પોતાનો માન્યો છે એટલે જરીયે છોડ્યું નથી. શું છોડ્યું? ધૂળ છોડ્યું છે? શેઠ! અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે રાગ છે એ મારી ચીજ છે એમ માનનારને આખી દુનિયાનો ત્યાગ નથી. અને એક રાગનો કર્તા છે એ આખી દુનિયાનો કર્તા છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત, બાપુ! દયા, દાન, વ્રતનો વિકલ્પ ઉઠે છે એનો જે મિથ્યાદષ્ટિ કર્તા થાય છે એ આખા જગતનો કર્તા છે. એના અભિપ્રાયમાં આખા જગતનો હું કર્તા છું આહાહા..! એમ છે. સમ્યગ્દષ્ટિને આખો અભિપ્રાય છૂટી ગયો છે. આખા જગતનો અને રાગમાત્રનો હું કર્તા નથી. આહાહા..! ભાઈ! અગમ્યગમ્યની વાતું અલકમલક જેવી લાગે. બાપુ! મારગડા એવા, નાથ!

અહીંયાં કહે છે કે આવા છે તો એને નિરાસ્રવ કેમ કહ્યા? સાંભળ. આહાહા..!

विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः
समयमनुसरन्तो यद्यपि द्रव्यरूपाः।
तदपि सकलरागद्वेषमोहव्युदासा-
दवतरति न जातु ज्ञानिनः कर्मबन्धः।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तदपि ज्ञानिनः जातु कर्मबन्धः न अवतरति' 'તોપણ...' આટલું હોવા છતાં '**સમ્યગ્દષ્ટિ જીવને કદાચિત્ કોઈ પણ નયથી...**' અહીં તો એકદમ જોર દેવું છે. આહાહા..! એ તો જ્ઞેયનો જ્ઞાતા થઈ ગયો. આહા..! વ્યવહાર દયા, દાન ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ આવે પણ એનો પણ જ્ઞાતા થઈ ગયો. સમકિતીએ (એને) પરજ્ઞેયમાં નાખી દીધા. આહાહા..! સમજાય છે કાંઈ? '**કોઈ પણ નયથી..**' ભાષા જુઓ! વ્યવહારનયથી પણ નહિ. આહાહા..! વસ્તુ તો આ છે. આહા..! આત્માનું સમ્યગ્દર્શન,

બાપુ! એ શું ચીજ છે! એ અનંતકાળમાં અનંતવાર જૈન દિગંબર સાધુ થયો. મિથ્યાદૃષ્ટિ અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા પણ અંદરમાં રાગનો-વિકલ્પનો પ્રેમ છૂટ્યો નહિ, એની રુચિ છૂટી નહિ તો કાંઈ છૂટ્યું નહિ. અને જ્ઞાનીને રાગની રુચિ અને આખી દુનિયાની રુચિ છૂટી ગઈ તો સર્વ સંયોગ હોવા છતાં અંદર છૂટી ગયો છે. આહા..! આકરી વાતું છે. દિશા ફરતા દશા ફરી ગઈ. સમકિતીની દિશા પોતાની વસ્તુમાં છે. ધ્રુવ ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એની ઉપર દૃષ્ટિ પડી છે. આહાહા..! એ મારું સત્ છે અને રાગાદિ મારામાં ત્રિકાળમાં નથી. આહાહા..! એવી દૃષ્ટિની અપેક્ષાથી એને આસ્રવ તથા બંધ કોઈ નયથી કહેવામાં આવતો નથી. આહાહા..!

**'જ્ઞાનાવરણાદિરૂપ પુદ્ગલપિંડનું નૂતન આગમન-કર્મરૂપ પરિણમન...'** નવા નવા આવે ઈ **'થતું નથી.'** સમકિતીને જ્ઞાનાવરણીય કર્મનું આવરણ થતું નથી. આહાહા..! નિરાવરણ અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ, એવા આનંદનો પ્રેમી અને આનંદમાં જેની એકતા થઈ એને જ્ઞાનાવરણાદિ કર્મ આવતા જ નથી. કારણ કે એ ભાવ એવો નથી કે જ્ઞાનાવરણીય આવે. આહાહા.! અને ભાવ જે અલ્પ રાગાદિ છે એનો પ્રેમ, રુચિ નથી. પોતાથી ભિન્ન છે. આહાહા..! **'કર્મરૂપ પરિણમન થતું નથી.'**

**'અથવા જો કદી પણ સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ પરિણામથી બંધ થાય છે...'** શું કહે છે? જુઓ! સમકિતીને અંદર જરી ત્રણ કષાયનો ભાવ, રાગ છે. પંચમમાં બે કષાયનો, છઠ્ઠે એક કષાયનો એવો રાગ છે. આવી ગયો. જીવને એવો કોઈ અન્યબંધ, **'સૂક્ષ્મ અબુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ પરિણામથી બંધ થાય છે તો ઘણો જ અલ્પ બંધ થાય છે;...'** અનંત સંસારનો બંધ જે મિથ્યાત્વમાં હતો.. આહાહા..! ચાહે તો એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (હો), પણ એ પરિણામ મારા છે, એવી મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિમાં અનંત સંસારનું કારણ થતું હતું. આહાહા..! આવી વાતું. ક્યાં બિચારી દુનિયા પડી છે. રખડતા ભિખારી. આહા..! આ લાવ, આ લાવ, આ લાવ.. બાયડી લાવ, આબરૂ લાવ, પૈસા લાવ, મકાન કરો ને આ કરો. અરેરે..! ક્યાં ગયો તું? પ્રભુ! તારામાં અનંત સંપદા પડી છે ને, નાથ! તારી સંપદા તો અખૂટ ખજાનો છે. એનો તને પ્રેમ નહિ, રુચિ નહિ, આશ્રય નહિ, અવલંબન નહિ. આહાહા..! અને જે તારી ચીજમાં નથી એવા દયા, દાન, વ્રતાદિના પરિણામમાં તારી રુચિ, પ્રેમ અને અવલંબન છે, બસ, એ જ મિથ્યાત્વ, એ જ સંસાર કહ્યો તે આસ્રવ, બંધનું કારણ છે. સમકિતીને એ બંધ નથી. અલ્પ સ્થિતિ આદિ છે એ તો અહીં કહે છે.. આહાહા..!

**'ઘણો જ અલ્પ બંધ થાય છે.'** અબુદ્ધિપૂર્વક અતિ અલ્પ બંધ (થાય છે). **'તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ.'** એ રાગની ધારામાં બંધ હો, સ્વભાવધારામાં નથી. આહાહા..! આવો માર્ગ વીતરાગનો. અરે..! જૈનમાં જન્મ્યા એને સાંભળવા મળે નહિ બિચારાને અને મજૂરની મજૂરી કરીને.. એય..! 'હસમુખભાઈ'! શું નામ ભાઈનું? 'પ્રવીણભાઈ'. એ 'પ્રવીણભાઈ' સંસારના. 'પ્રવીણ' કહેતા ને? આહાહા..! અહીં તો પ્રભુ તીર્થંકરદેવ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, જેને આત્માના દર્શન થયા, પુણ્ય અને પાપના રાગથી ભિન્ન આ ભગવાનના ભેટા થયા, એ ભગવાનના ભેટાવાળાને આસ્રવ, બંધ

ક્યાં છે? એમ કહે છે. અલ્પ આસ્રવ, બંધ છે એને ગણવામાં નથી આવ્યો, ગણવામાં આવ્યો નહિ. જેમ પર્યાય છે, સમકિતીને, ભૂતાર્થ છે એને સત્ય કહ્યું, પર્યાય છે એને અસત્ય કહ્યું. આહાહા..! એમ ભગવાનઆત્માના સમ્યગ્દર્શનનું ભાન થયું એમાં રાગાદિ છે, બંધ છે. છે એને નથી એમ ગણવામાં આવ્યું છે. આ અપેક્ષાથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

આમ કહે છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોય, સંત મહા ભાવલિંગી મુનિરાજ બાહ્યમાં નગ્ન દશા હોય છે, અંદર પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે પણ એનાથી રહિત સ્વસંવેદન આનંદની પ્રચુર દશા મુનિને વર્તે છે. આહાહા..! એને રાગ આવ્યો તો એટલો પણ બંધ છે. આચાર્ય કહે છે, હું દ્રવ્યદૃષ્ટિવંત છું. મારી ચીજ શુદ્ધ ચૈતન્યઘન છે. મારી દૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિ થઈ છે. એ કારણે તો હું શુદ્ધ છું. પણ અનાદિથી મને હજી રાગની પરિણતિ (ચાલે છે). મુનિ, હોં! સાચા મુનિ ભાવલિંગી. એકલું નગ્નપણું અને પંચમહાવ્રતની ક્રિયા એ કંઈ સાધુ નથી. સાધુ તો અંતરમાં સ્વસંવેદન અતીન્દ્રિય આનંદના વેદનમાં પ્રચુર વેદન હોય. એવું ભાવલિંગ જેને પ્રગટ થયું એ સાધુ છે. એને પણ જરી રાગ છે તો કહે છે, અમને આ રાગ આવ્યો. 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. આ કળશ કરનાર ટીકામાં કહે છે. સમજાય છે કાંઈ? એ રાગના પરિણામ '**कल्माषितायाः**'. અરેરે..! અમને કલુષિતતા આવે છે. શાસ્ત્ર લખવાનો ભાવ, વિકલ્પ એ પણ '**कल्माषितायाः**' કલુષિત ભાવ છે. આહાહા..! મારામાં કલુષિતતા છે, ત્યાં એમ કહ્યું. અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિને (રાગ) નથી.

મુમુક્ષુ :- મુનિને છે, સમ્યગ્દૃષ્ટિને નથી.

ઉત્તર :- કઈ અપેક્ષાથી? મુનિ કહે છે કે મારામાં હજી રાગનો કલ્માષિત ભાવ છે. અહીં કહે છે કે, સમ્યગ્દૃષ્ટિને (આસ્રવ નથી). કઈ અપેક્ષાથી? એ રાગનું સ્વામીપણું નથી અને પ્રેમ ઊડી ગયો છે. આહાહા..! આનંદના પ્રેમમાં આખી દુનિયાનો પ્રેમ ઊડી ગયો છે. આખા જગતનો પ્રેમ (ઊડી ગયો છે). સમ્યગ્દૃષ્ટિને છન્નું હજાર સ્ત્રી હોય પણ અંદરમાં રુચિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો એ અપેક્ષાથી અલ્પ રાગાદિ થાય છે અને આસ્રવ, બંધ પણ થાય છે, અલ્પ સ્થિતિ પણ પડે છે. પણ એને અહીંયાં ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહા..!

'**સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થાય છે એવું કોઈ ત્રણે કાળમાં કહી શકે નહિ. હવે, કેવો હોવાથી બંધ નથી?**' '**सकलरागद्वेषणमोहव्युदासात्**' '**જે કારણથી આવું છે તે કારણથી બંધ ઘટતો નથી...**' ક્યા કારણે? '**જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ પ્રીતિરૂપ પરિણામ, દ્વેષરૂપ પરિણામ...**' આહાહા..! આત્મબુદ્ધિ છૂટી ગઈ છે. ધર્મીની પુણ્ય અને પાપમાં પ્રેમની આત્મબુદ્ધિ-મારા છે એવી બુદ્ધિ છૂટી ગઈ છે. આહાહા..! ધર્મી, પહેલા દરજ્જાનો ધર્મી-સમકિતી. કહે છે કે પુણ્ય અને પાપનો પ્રેમ જેને છૂટી ગયો છે. કેમકે પુણ્ય અને પાપના ભાવ ઝેર છે. કાળો નાગ છે. કાળો નાગ દેખીને જેમ ડર (લાગે), એમ પુણ્ય-પાપના ભાવને ધર્મી કાળો નાગ દેખે છે. આહાહા..! આવી વાતું સાંભળવા મળે નહિ. અરેરે..! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથનો આ પોકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યની પ્રકૃતિમાં અનુભાગ પડે છે?

ઉત્તર :- પડે છે, વિશેષ પડે છે. છતાં એને નહિ. છૂટી ગયા ને. એને રુચિ છૂટી ગઈ છે. એ મારી ચીજ નહિ, મારામાં નહિ, મારી ચીજમાં નહિ, મારી મીઠાશમાં નહિ. હો તો હો, મારામાં નથી. આહાહા..!

'**તે કારણથી બંધ ઘટતો નથી. જેટલા શુભરૂપ અથવા અશુભરૂપ પ્રીતિરૂપ પરિણામ, દુષ્ટ પરિણામ, પુદ્‌ગલદ્રવ્યની વિચિત્રતામાં આત્મબુદ્ધિ...**' આહાહા..! '**એવા વિપરીતરૂપ પરિણામ, - એવા ત્રણેય પરિણામોથી રહિતપણું એવું કારણ છે...**' આ કારણથી કહ્યું. આહાહા..! ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે, લોકોને ખબર ન મળે અને એના વિના વ્રત ને તપ ને અપવાસ કરીને ધર્મ થશે. ધૂળેય નહિ થાય. રખડી મરવાના છે. આહાહા..! અહીં કહે છે, ધર્મીને-સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપ ને પુદ્‌ગલમાં આત્મબુદ્ધિ ઊડી ગઈ છે. દયાના, વ્રતના પરિણામ આવે છે પણ એ મારા છે, એવી આત્મબુદ્ધિ છૂટી ગઈ. આહાહા..! પછી એના ફળ તરીકે આ ધૂળ આદિ ચક્રવર્તીનું રાજ મળે, આત્મબુદ્ધિ છૂટી ગઈ. આહાહા..! હું તો એકલો આનંદસ્વરૂપ છું. મારી ચીજ મારામાં છે. બહારની ચીજ બહાર છે, મારામાં નહિ. આહાહા..! આટલું અંતર અંદર પડી ગયું છે. છે?

'**ત્રણેય પરિણામોથી રહિતપણું...**' ત્રણેય એટલે? પુણ્યના ભાવનો પ્રેમ-રાગ, દ્વેષભાવ અને મોહભાવ. બધા ઉપરથી આત્મબુદ્ધિ હટી ગઈ. '**એવા વિપરીતરૂપ પરિણામ, - એવા ત્રણેય પરિણામોથી...**' ત્રણેય પરિણામોથી '**રહિતપણું એવું કારણ છે...**' આહાહા..! '**તેથી સામગ્રી વિદ્યમાન હોવા છતાં...**' છ ખંડનું રાજ હોય, છન્નું હજાર સ્ત્રી હોય પણ મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે. મારાપણાની બુદ્ધિ છૂટી ગઈ છે તો રાખે છે શા માટે? રાખતા જ નથી. પોતામાં છે જ નહિ. આવી વાતું. જિનની વીતરાગની વ્યાખ્યા, અરે..! ક્યાંય નથી. જેને પુણ્ય અને પાપનો પ્રેમ અને દ્વેષ છૂટી ગયા અને વિપરીત બુદ્ધિ-પરવસ્તુ મારી, રાગ મારો (એવી) વિપરીત બુદ્ધિ નાશ થઈ ગઈ છે. આહા..! તેથી '**સામગ્રી વિદ્યમાન હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી.**' કારણ કે રાગ આવે છે એનો કર્તા નથી. આહાહા..! એ તો જ્ઞાતાનો રાગ જ્ઞેય-પરજ્ઞેય થઈ ગયો. પરજ્ઞેય થઈ ગયો તો મારામાં એનાથી આસ્રવ આવે એ રહ્યું ક્યાં? આહાહા..! આ અપેક્ષાથી. સમજાય છે કાંઈ? બાકી જેટલી અસ્થિરતા છે, આસક્તિ છે, રુચિ છૂટી ગઈ, સ્વામીપણું છૂટી ગયું પણ આસક્તિ છે એટલો આસ્રવ છે અને એટલો બંધ છે પણ એને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું. આહાહા..! પણ એકાંત જ પકડી લ્યે, બસ, પર્યાય અસત્ય છે. (તો એમ નથી.)

એક જણ કહેતો હતો, 'મુંબઈ'માં કોઈ એક હતા ને? 'નાથુરામ', 'નાથુરામ પ્રેમી'. એણે એવું કહ્યું હતું, આ 'સમયસાર'માં લીધું છે કે વ્યવહાર અભૂતાર્થ છે. તો એ વેદાંતના ઢાળામાં ઢાળી દીધું છે. એમ કહેતા હતા. અરે..! એમ નથી, ભાઈ! કેમકે એમાં એમ કહ્યું કે, પર્યાયમાત્ર નથી. અગિયારમી ગાથામાં એમ કહ્યું છે. વ્યવહાર અભૂતાર્થ, પર્યાય અભૂતાર્થ જૂઠી છે. એટલે એણે એમ લીધું કે 'સમયસાર' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. એમ છે નહિ,

ભાઈ! પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અને દ્રવ્ય ત્રિકાળી વસ્તુને મુખ્ય કરીને, નિશ્ચય કરીને, નિશ્ચય કરીને મુખ્ય નહિ, મુખ્ય કરીને નિશ્ચય કરીને સત્ય કહ્યું છે. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને નથી એમ કહ્યું છે. આહાહા..!

એમ અહીંયાં સમ્યગ્દષ્ટિને આસક્તિનો રાગ થાય છે, પણ એનો સ્વામી નથી, રુચિ નથી, વિપરીત બુદ્ધિ નથી. તેથી એને રાગનો આસ્રવ નથી એમ કહેવામાં આવ્યું છે. આહા..! કેટલી શરતું. આહાહા..! આવી શરતું, લ્યો. હવે એકાંત ઓલા પકડે, 'જ્ઞાનચંદજી' અને 'જયકુમાર'ને હજી શંકા છે. એમ કે સમકિતીને આસ્રવ અને દુઃખ નથી અને આ વળી આસ્રવ, દુઃખ (ક્યાંથી આવ્યા)? અરે..! સાંભળ તો ખરો. તને હજી ખબર નથી. 'શેઠિયા'ને એ હતું ખરું ને? 'દીપચંદજી'. જ્ઞાનીને દુઃખ હોય નહિ. એ તો કઈ અપેક્ષાથી? દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાથી દુઃખ નથી. પણ પર્યાયના જ્ઞાનપણે જુએ તો જેટલો રાગ છે એટલું દુઃખ છે અને દુઃખનું વેદન પણ જ્ઞાનીને છે. આહા..!

મુમુક્ષુ :- સાહેબ! રુચિપૂર્વક નથી એટલે ગણતરીમાં નથી લીધો.

ઉત્તર :- એ ગણવામાં નથી આવ્યો. રુચિ નથી, સ્વામી નથી-મારા નહિ, એ અપેક્ષાથી ના પાડી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ કર્મબંધનો કર્તા નથી.'** કેમકે એ રાગનો પણ કર્તા નથી ત્યાં કર્મબંધનો કર્તા ક્યાંથી આવ્યો? આહાહા..! અશુભભાવનો કર્તા તો સમકિતી-ધર્મી નથી પણ શુભભાવનો કર્તા સમકિતી નથી. આવી વાત! ભાવ આવે છે, કર્તા નથી, જ્ઞાતા છે.

મુમુક્ષુ :- કેમ આવે છે?

ઉત્તર :- આવે છે, નબળાઈને લઈને આવે છે, નબળાઈથી આવે છે પણ એનો જ્ઞાતા છે. જ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આટલી બધી વાતું. હવે ક્યાં.. એક કોર દસમે ગુણસ્થાને અબુદ્ધિપૂર્વક રાગ અલ્પ છે, છનો જ્ઞાતા છે. છ કર્મનો બંધ (છે). હવે અહીં ચોથે ગુણસ્થાને કહે કે આસ્રવ પણ નથી અને બંધ પણ નથી. કઈ અપેક્ષાથી? સમજાય છે કાંઈ? વિપરીત બુદ્ધિ છૂટી ગઈ છે એ અપેક્ષાથી નથી. રાગ અને પુણ્ય ને પુણ્યના ફળમાં આ મારા છે એવી વિપરીત બુદ્ધિ છૂટી ગઈ છે. મારું નથી પછી દુનિયામાં ભલે ગમે તે ચીજ હો. મારી સાથે એનો સંબંધ નથી. આહા..! એ અપેક્ષાથી કર્મબંધનો કર્તા નથી. આહાહા..!

**'વિદ્યમાન સામગ્રી કઈ રીતે છે તે કહે છે -'** **'यद्यपि पूर्वबद्धाः प्रत्ययाः द्रव्यरूपाः सत्तां न हि विजहति'** **'જોકે એમ પણ છે કે સમ્યક્ત્વની ઉત્પત્તિ પહેલાં...'** પૂર્વે મિથ્યાત્વથી જે કર્મ બંધાયા હતા, પૂર્વે મિથ્યાદૃષ્ટિ હતો. સમકિત થયા પહેલા મિથ્યાદૃષ્ટિ હતો, ત્યારે કર્મબંધન હતું. આહા..! **'તેથી મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા જે...'** **'द्रव्यरूपाः प्रत्ययाः'** **'મિથ્યાત્વરૂપ તથા ચારિત્રમોહરૂપ પુદ્ગલકર્મપિંડ...'** સમકિત થયું છે પણ હજી અંદર થોડા પરિણામ બાકી છે ને? ક્ષાયિક ન થાય ત્યાં સુધી છે. સમકિતમોહના પરિણામ પણ (છે). આહાહા..!

**'મિથ્યાત્વરૂપ તથા ચારિત્રમોહરૂપ પુદ્‌ગલકર્મપિંડ, તે સ્થિતિબંધરૂપે જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે...'** મિથ્યાત્વ છે એનો અર્થ શું? અંદર હજી પ્રકૃતિ પડી છે. ક્ષયોપશમ સમકિત થયું. અહીં વર્તમાન સમકિતીની વાત છે ને? ક્ષયોપશમ સમકિત થયું પણ અંદર સત્તામાં પડ્યા છે. એ ઉદય આવે છે તો ક્ષય થઈ જાય છે. ઉદય આવે છે એ ક્ષય થઈ જાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! અને સમકિતીને પણ ચારિત્રમોહનો ઉદય-રાગ આવે છે, પણ રાગ ઉદય આવીને ખરી જાય છે. એમ ગણવામાં આવ્યું છે. આહાહા..! **'પુદ્‌ગલપિંડ, તે સ્થિતિબંધરૂપે જીવના પ્રદેશોમાં કર્મરૂપ વિદ્યમાન છે એવા પોતાના અસ્તિત્વને છોડતા નથી;...'** હો. સમ્યગ્દષ્ટિને કર્મના પરમાણુ હો. આહાહા..! અને એમાં સ્થિતિ પણ હો, એ પોતાનું સ્વરૂપ છોડતા નથી. આહા..! ઉદય પણ આવે છે. અનેક કર્મ પડ્યા છે એનો ઉદય-પાક પણ આવે છે. આહાહા..!

**'समयम् अनुसरन्तः अपि' 'સમયે સમયે અખંડિત ધારાપ્રવાહરૂપ ઉદય પણ દે છે;...'** સમયે સમયે અખંડિત ધારાપ્રવાહરૂપે ઉદય પણ થાય છે. હો, એ પરમાં છે, મારા સ્વરૂપમાં નથી. આહાહા..! **'સમ્યગ્દષ્ટિ કર્મબંધનો કર્તા નથી..'** આહાહા..! આમ હોવા છતાં **'સમ્યગ્દષ્ટિ કર્મબંધનો કર્તા નથી...'** આહાહા..! આમાં ગડબડ ગોટા વાળે. ન સમજે ઈ. હજી સમ્યગ્દષ્ટિ કોને કહેવા ઈ ખબર નહિ. આ દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા ને અમે સમકિતી છીએ. અને વ્રત ને તપ કરો એ ચારિત્ર છે. ધૂળેય નથી, સાંભળને.

મુમુક્ષુ :- પંચમકાળ છે.

ઉત્તર :- પંચમકાળ છે તો શું છે? લોટનો, સાકરનો અને ઘીનો શીરો થાય. તો પંચમઆરામાં માટીનો શીરો થાય છે? અને ઘીને ઠેકાણે પેશાબ નાખે છે? લોટને ઠેકાણે ધૂળ નાખે છે? સાકરને ઠેકાણે અફીણ નાખે છે? શીરો કહે છે ને? હલવો.. હલવો. પંચમઆરાનો હલવો હો કે ચોથા આરાનો હલવો હો, હલવો તો હલવો જ છે. શેઠ! એમ કેટલાક કહે છે. પંચમઆરો છે ને. પણ પંચમઆરો છે તો છે શું? પંચમઆરાના તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત, સમકિત એકસરખું છે. આહાહા..! (સમકિતમાં) ફેર છે? ચારિત્રમાં સ્વરૂપની રમણતામાં કમી છે એટલો ફેર હો.

**'ભાવાર્થ આમ છે-કોઈ અનાદિકાળનો મિથ્યાદષ્ટિ જીવ...'** અનાદિકાળથી પુણ્ય અને પાપના ભાવનો કર્તા થઈને, દૃષ્ટિ સ્વભાવ ઉપરથી ખસીને વિકારી પરિણામ ઉપર અનાદિથી પર્યાયબુદ્ધિ થઈને મિથ્યાદષ્ટિ હતો. આહાહા..! પર્યાયબુદ્ધિ અને મિથ્યાદષ્ટિ ક્યાંક આવ્યું હતું. પહેલા ક્યાંક આવ્યું હતું. પહેલામાં આવ્યું હશે. પાછળ.. પાછળ. પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ પાછળ શ્લોકમાં આવ્યું હતું.

મુમુક્ષુ :- ૨૭૭.

ઉત્તર :- પર્યાયાર્થિકનયથી મિથ્યાદષ્ટિ. ચોથી લીટી છે. છે ને? પર્યાયનય મિથ્યાદષ્ટિ. એ રાગ અને પર્યાય ઉપર દૃષ્ટિ છે એ મિથ્યાદષ્ટિ. આહા..! અને દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તે સમ્યગ્દષ્ટિ. એ અપેક્ષાએ વિશેષ વાત કહેશે.. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧૧, શનિવાર, તા.૮-૧૦-૧૯૭૭
## કળશ - ૧૧૮, ૧૧૯ પ્રવચન - ૧૧૬

'કળશટીકા', ૧૧૮ કળશ છે. ભાવાર્થ છે, ભાવાર્થ. **'ભાવાર્થ આમ છે...'** છે? **'समयम् अनुसरन्तः अपि' 'સમયે સમયે અખંડિતધારાપ્રવાહરૂપ ઉદય પણ દે છે; તોપણ સમ્યગ્દૃષ્ટિ કર્મબંધનો કર્તા નથી.'** એના પછી ભાવાર્થ છે. મળ્યું? શેઠ! હિન્દીમાં તો ૧૦૩ પાનું છે. **'ભાવાર્થ આમ છે-કોઈ અનાદિ કાળનો મિથ્યાદૃષ્ટિ જીવ...'** અનાદિ કાળનો. નિગોદથી માંડીને અનંત અનંત નરક, નિગોદના ભવ કર્યા. અનાદિ કાળથી મિથ્યાદૃષ્ટિ અર્થાત્ જેની પર્યાયબુદ્ધિ છે. વર્તમાન જ્ઞાનની વિકાસ અવસ્થા જે એક સમયની છે, એના ઉપર જેની રુચિ છે. અને દયા, દાનના વિકલ્પ આદિ શુભરાગ, એના ઉપર જેની રુચિ છે તે પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. આહાહા..! અનાદિ કાળનો **'મિથ્યાદૃષ્ટિ જીવ કાળલબ્ધિ પામ્યો થકો...'** નિજ સ્વભાવના પુરુષાર્થથી કાળલબ્ધિને પ્રાપ્ત કરતો થકો. નિજ આત્મા શુદ્ધ ચૈતન્યઘન અનંત ગુણરત્નાકર પ્રભુ, એવું પોતાનું નિધાન, એ નિધાન ઉપર નજર પડતાં સમ્યગ્દૃષ્ટિ થાય છે. પોતાના પુરુષાર્થથી થાય છે. એમ કહે છે. કાળલબ્ધિમાં પુરુષાર્થ આવ્યો. એકલી કાળલબ્ધિ નહિ. પુરુષાર્થની કાળલબ્ધિ, સ્વભાવની કાળલબ્ધિ, ભવિતવ્યતાની કાળલબ્ધિ, કાળની કાળલબ્ધિ, નિમિત્તના અભાવની કાળલબ્ધિ. પાંચ બોલ સાથે છે. એકસાથે પાંચ બોલ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એનો અર્થ-જેની વર્તમાનમાં અનાદિકાળથી વર્તમાન પ્રગટ પર્યાય અંશ અને રાગ, વિકલ્પ જે વિકાર ઉપર જેની દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. હવે એ પલટો મારે છે. આહાહા..! આકરી વાત છે.

એક સમયમાં પ્રભુ અનંત ગુણથી ભરેલો નિધાન, સામાન્ય ધ્રુવ ચૈતન્યવસ્તુ, એના ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. પર્યાયબુદ્ધિમાં પર્યાય અને રાગની પ્રાપ્તિ હતી. અનાદિકાળથી પર્યાયબુદ્ધિમાં વર્તમાન પર્યાયનો અંશ અને રાગની પ્રાપ્તિ હતી. એ મિથ્યાદૃષ્ટિ છે. અનંત સંસારમાં રખડવાવાળો જીવ. એણે ગુલાંટ ખાધી. એક સમયની પર્યાય જેવડો હું નહિ. હું પૂર્ણ પરમાત્મસ્વરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન (છું). પણ એ વાત એને અભ્યાસ વિના અંતર્મુખ થયા વિના બેસે નહિ. રાગથી ભિન્નપણાનો અભ્યાસ કરતાં અને અભેદ વસ્તુનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. જેની રુચિમાં આખો સંસાર રાગાદિ અને રાગનું ફળ, એમાંથી જેની રુચિ ખસી જાય છે. અને પોતાનો આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય આનંદનું દળ ઉપર દૃષ્ટિ હોવાથી સમ્યગ્દર્શન અથવા શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે. આહા..!

મુમુક્ષુ :- પહેલામાં એકલો આનંદ કહેતા પણ શાંતિ શબ્દ વધારે બરાબર લાગે છે.

ઉત્તર :- શાંતિ, શાંતિ. ચારિત્રની શાંતિ સાથે છે. આનંદ છે, એ તો આનંદ સુખની લહેજત (છે). પણ સાથે અકષાયસ્વભાવ વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા છે તો એના

અનુભવથી વીતરાગતા નામ શાંતિ પર્યાયમાં આવે છે. અનંતાનુબંધીનો અભાવ થઈને શાંતિ આવે છે. આવો માર્ગ સાંભળ્યો હોય નહિ હવે. આહાહા..!

અહીં કહે છે કે, પ્રાપ્ત કરી શું થયું? '**સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો,...**' ગુણ શબ્દે પર્યાય. સમ્યગ્દર્શનની પર્યાયરૂપે પરિણમ્યો. આહાહા..! અનંતકાળથી રાગ અને એક સમયની પર્યાયનું પરિણમન વિકૃત હતું. અને વિકૃત અવસ્થા મારી છે એમ માનીને અનુભવતો હતો એ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! પોતાનું સ્વરૂપ ચિદાનંદ નિત્ય, ઉત્પાદ-વ્યય પર્યાયથી ભિન્ન, ધ્રુવ (છે). દ્રવ્યસ્વભાવ પૂર્ણ પરમાત્મ સ્વભાવનો અંતરમાં આશ્રય કરવાથી શાંતિ, સુખ, પ્રભુતા આદિ પર્યાયનું વેદન પ્રગટ થાય છે. આહાહા..!

અજ્ઞાનમાં રાગ-દ્વેષનું વેદન હતું. મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષનું વેદન હતું. એ ભગવાનઆત્મા પોતાની પૂર્ણ શક્તિની સામર્થ્યવાળું તત્ત્વ, એનો આશ્રય કરવાથી એને સમ્યગ્દર્શન અને શાંતિ સાથે ઉત્પન્ન થાય છે. કારણ કે મિથ્યાત્વમાં મિથ્યાત્વનું અને રાગ-દ્વેષનું વેદન હતું, અહીંયાં સમકિતમાં શાંતિનું વેદન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**સમ્યક્ત્વગુણરૂપ પરિણમ્યો...**' પોતાની ચીજ પૂર્ણ છે એ પ્રતીતિરૂપે, જ્ઞાનના અનુભવમાં દશા પ્રતીતરૂપે થઈ. આહા..! '**ચારિત્રમોહકર્મની સત્તા વિદ્યમાન છે,...**' પણ હજી અંદર ચારિત્રમોહની હયાતી છે. આ તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. જેવી વસ્તુ હતી એવી જ્ઞાનમાં જ્ઞેય બનાવીને એમાં પ્રતીતિનું પરિણમન થયું. સમજાય છે કાંઈ? આ તો અભ્યાસ થોડો હોય તો સમજાય એવું છે. અનંત કાળ થયા.. એલ.એલ.બી. અને એમ.એ. ભણવા જાય... હેં?

મુમુક્ષુ :- દર્શનગુણ શું, ચારિત્રગુણ શું..

ઉત્તર :- તેથી તો 'હસમુખભાઈ'ની સામે જોઈને કહ્યું.

દર્શનગુણ છે એ પ્રતીતિરૂપ શક્તિ છે અને ચારિત્રગુણ છે એ સ્વરૂપમાં રમણતારૂપ છે. તો જ્યારે પ્રતીતિ અને સમ્યગ્દર્શન થયું, છતાં સ્વરૂપની રમણતા નથી અને આત્મપ્રદેશ ઉપર ચારિત્રમોહ નામનું એક કર્મ છે, એની સ્થિતિ પડી છે. આહાહા..! અને એના નિમિત્તે.. જુઓ! '**ચારિત્રમોહકર્મની સત્તા વિદ્યમાન છે...**' ચારિત્રમોહ એટલે કષાયના ભાવો અનંતાનુબંધી સિવાય ત્રણ કષાયના ભાવો કર્મરૂપે પ્રકૃતિરૂપે વિદ્યમાન છે. સમજાય છે કાંઈ? '**ઉદય પણ વિદ્યમાન છે,...**' સત્તામાં તો છે પણ વિપાકમાં પણ વિદ્યમાન છે. ઉદય પણ આવે છે. આહાહા..! '**પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે...**' આહાહા..! અને હજી જ્ઞાનીને સમ્યગ્દર્શન થયું છતાં પંચેન્દ્રિય વિષયમાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ, પણ પંચેન્દ્રિય વિષયના હજી સંસ્કાર છે હજી. આહાહા..! આસક્તિનો ભાવ છે. આહા..!

મુમુક્ષુ :- નથી સમજાતું.

ઉત્તર :- નથી સમજાતું?

આ આત્મા શુદ્ધ અનાકુળ અનીન્દ્રિય સ્વરૂપ (છે). એનો અનુભવ થયો, પ્રતીત થઈ, સમ્યક્‌રૂપે પરિણમન થયું છતાં વીતરાગતા અહીંયાં હજી નથી તેથી ચારિત્રમોહની સત્તામાં ચારિત્રમોહ પડ્યો છે. ત્રણ કષાયની પ્રકૃતિ પડી છે અને એ પ્રકૃતિનો ઉદય-વિપાક પણ છે. વિપાક છે અને અહીંયાં પંચેન્દ્રિયના વિષયના સંસ્કાર પણ છે. એને કારણે નહિ.

ફરીથી, આહાહા..! જુઓ! '**ઉદય પણ વિદ્યમાન છે, પંચેન્દ્રિયના વિષયસંસ્કાર વિદ્યમાન છે...**' એમ કહેવું છે. શું કહે છે? કર્મનો ઉદય તો સમકિતીને અંદર છે, પણ ઉદય તો જડમાં આવ્યો. અહીંયાં આત્માની પર્યાયમાં પણ પંચેન્દ્રિય વિષયના સંસ્કાર છે. ચારિત્રદોષના સંસ્કાર છે, એમ કહે છે. આવી વાત. આવી વાતું છે.

મુમુક્ષુ :- નિમિત્ત ઉપાદાન..

ઉત્તર :- એ જડમાં ચારિત્રમોહ કર્મનો ઉદય પણ છે-સત્તા. ઉદય પણ છે-પાક. અહીં સંસ્કાર છે પોતાથી. પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કાર ચારિત્રમોહના નિમિત્તના લક્ષે સંસ્કાર છે. કર્મને લઈને નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો હોવા છતાં વિષયની રુચિમાં સુખબુદ્ધિ હતી એ ચાલી ગઈ. પણ હજી વિષયની વાસનાના સંસ્કાર ગયા નહિ. કેમકે ચારિત્રનો દોષ ગયો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો અભ્યાસ જોઈએ, ભઈ! એક એલ.એલ.બી. અને બી.એ. ભણે તોપણ અભ્યાસમાં દસ-વીસ વર્ષ કાઢે છે ને? અભ્યાસ હોય તો સમજાય.

આ આત્મા મહાપ્રભુ.. એટલું તો નથી આવ્યું? કાલે નહોતું કહ્યું? '**अप्पा सो परमअप्पा**'. શેઠ! 'તારણસ્વામી'માં બહુ આવે છે. '**अप्पा सो परमअप्पा**' આ આત્મા એ જ પરમાત્મા છે. પરમાત્મા થઈ ગયા એ તો વ્યક્તરૂપ થઈ ગયા. આ ભગવાનઆત્મા પરમ આત્મા, પરમ સ્વરૂપ, પરમપારિણામિક જ્ઞાયકભાવસ્વરૂપ. બધા આત્માઓ એવા છે. એવા પરમાત્મસ્વરૂપની દૃષ્ટિ થવી અને દૃષ્ટિ થઈને સમ્યક્નું પરિણમન થવું, એનું નામ તો સમ્યગ્દર્શન, અનુભવ, ધર્મની પહેલી સીઢી કહેવાય છે. આમ હોવા છતાં હજી તેને ચારિત્રમોહકર્મ સત્તામાં જડ વિદ્યમાન છે. અને પાકમાં પણ ચારિત્રમોહનો ઉદય આવે છે. વિપાક-ઉદય. અને અહીં આત્મામાં પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કાર પોતાથી પણ છે. આહા..! શું કહે છે?

મુમુક્ષુ :- પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કારમાં ભૂલી જવાય છે.

ઉત્તર :- સંસ્કારમાં ભૂલતા નથી. અહીં સમકિતદર્શન છે અને પંચેન્દ્રિયના સંસ્કાર છે, બેય છે. અહીંયાં સંસ્કાર છે એ સિદ્ધ કરવું છે. સમ્યગ્દૃષ્ટિને અંતર ભાન થયું હોવા છતાં પંચેન્દ્રિયના વિષયના સંસ્કાર છે તો એનાથી આત્માને ભૂલી જાય છે એમ નથી. આત્મા ધ્રુવ તો દૃષ્ટિમાં તરવરે જ છે. ધ્રુવમાં દૃષ્ટિ પડી છે એ ધ્રુવમાંથી કદી ખસતી નથી. પણ છતાં પર્યાયમાં પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કાર ઊભા છે. એટલો દોષ ઊભો છે. એમાં દ્રવ્યને ભૂલી જાય છે એમ નહિ. આહાહા..! દ્રવ્યનું તો જ્ઞાન છે, ભાન છે, પણ સ્વરૂપની સ્થિરતા નથી. અમુક સ્થિરતા છે. અનંતાનુબંધીનો ભાવ ગયો એટલી (સ્થિરતા છે). પણ બીજા કષાયના અભાવથી જે સ્થિરતા જોઈએ તે નથી. સમ્યગ્દૃષ્ટિને-ધર્મીને-આત્મજ્ઞાનીને પણ ચારિત્રમોહના નિમિત્તમાં પોતાના પાંચ ઇન્દ્રિયના વિષયના સંસ્કાર ઊભા છે. આહાહા..! વિષયની આસક્તિ ઉભી છે. વિષયમાં સુખબુદ્ધિ ગઈ છે. સમજાય છે કાંઈ? આરે..! આવી વાત છે.

મુમુક્ષુ :- બંને ધારા..

ઉત્તર :- બંને ધારા એકસાથે ચાલે છે. જ્ઞાનધારા સ્વભાવસન્મુખ છે, રાગધારા પરસન્મુખથી વિકારની લાગણી ઉત્પન્ન થાય છે. સમકિતીને પણ. મિથ્યાદષ્ટિને તો એકલી મિથ્યાદષ્ટિ છે. એ તો આત્માને પણ ભૂલ્યો છે અને રાગ-દ્વેષમાં પણ ભૂલ્યો છે. બધામાં ભૂલ છે. સમ્યગ્દૃષ્ટિમાં આત્માની ભૂલ નથી થતી. આહાહા..! ચક્રવર્તીનું છ ખંડનું મોટું રાજ હોય. સમ્યગ્દર્શન ધારાવાહી આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એની પર્યાયમાં જ્ઞાન અને શાંતિની ધારા ચાલે છે પણ પૂર્ણ શાંતિ નથી. તેથી અશાંતિ નામ પંચેન્દ્રિય વિષયના સંસ્કાર ઉભા છે. આહાહા..! આવી વાત. સમજાય છે કાંઈ?

'**પંચેન્દ્રિય વિષયસંસ્કાર વિદ્યમાન છે. ભોગવે પણ છે,...**' આહાહા..! ભોગવવાનો અર્થ રાગનું પરિણમન થાય છે. વિષયસંસ્કારના રાગનું વેદન ભોગવે છે. આહાહા..! એક બાજુ આનંદને પણ ભોગવે છે અને એક બાજુ રાગ પણ ભોગવે છે. આ તો સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર નથી એ વાત સિદ્ધ કરવી છે ને. સમજાય છે કાંઈ? આહાહા..! રાગ પણ ભોગવે છે. છે? '**ભોગવતો થકો જ્ઞાનગુણ દ્વારા વેદક પણ છે;...**' આહાહા..! જ્ઞાન દ્વારા વેદનમાં પણ આવે છે. જોયું? શ્રદ્ધા દ્વારા એ વાત ન કરી. જ્ઞાન દ્વારા ખ્યાલમાં આવે છે કે રાગ વેદાય છે. જ્ઞાન જાણે છે. છે? આ તો શાંતિથી સમજવાની અલૌકિક ચીજ છે, બાપુ! આહાહા..!

અજ્ઞાનીને તો વિષયના સંસ્કારમાં પ્રેમ છે, સુખબુદ્ધિ છે. અજ્ઞાનીને અનાદિકાળમાં વિષયના સંસ્કારમાં રુચિ સુખબુદ્ધિ છે. જ્ઞાનીને વિષયના સંસ્કાર છે પણ એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એને ચારિત્રનો દોષ થાય છે.

ઉત્તર :- ચારિત્રદોષ છે. અને એ 'ગોમ્મટસાર'માં આવ્યું છે-અવિરતી પંચેન્દ્રિયના વિષયથી નિવર્ત્યો નથી. 'ગોમ્મટસાર'માં શ્લોક છે. સમજાય છે કાંઈ? આહાહા..! જાણે છે કે આનંદ તો મારામાં છે. આવું હોવા છતાં રાગની આસક્તિના પરિણામ ઉત્પન્ન થાય છે અને રાગને વેદે પણ છે. રાગસંસ્કાર છે અને રાગ વેદે નહિ, એમ ક્યાંથી આવ્યું? પહેલા તો ના પાડી કે સમ્યગ્દૃષ્ટિ વેદતો નથી. એ તો કઈ અપેક્ષાએ? આહા..! સમજાય છે કાંઈ? અહીં પાછા પકડે. સમ્યગ્દૃષ્ટિને રાગનું વેદન છે જ નહિ ને કાંઈ નથી. એ કઈ અપેક્ષાથી? એ તો મિથ્યાત્વ સાથેના રાગ-દ્વેષનું વેદન નથી, એનું દુઃખ નથી, એનો આસ્રવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ.

કહે છે કે, આત્મામાં આનંદ છે એવો અનુભવ થયો. નિધાન ભગવાનઆત્મા. નિધાનના તાળા ખોલી નાખ્યા. જે અનાદિથી રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિમાં રાગમાં સુખ છે એવી એકતાબુદ્ધિમાં, ચૈતન્યનિધાનના તાળા મારી દીધા હતા. આહાહા..! ખજાનામાં તાળા મારી દીધા હતા. એ ખજાનાની ચાવી મળી, ખોલી નાખ્યા. સમ્યગ્દર્શનરૂપી ચાવીથી ખજાના ખોલી નાખ્યા. પણ હજી ખજાનો પૂર્ણ બહાર નથી આવ્યો. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- એકવાર ચાવી મળે પછી છૂટતી નથી.

ઉત્તર :- સમ્યગ્દર્શન છૂટે નહિ, પણ ચારિત્રદોષ છે ને. એ વાત ચાલે છે.

મુમુક્ષુ :- જ્ઞાનધારા..

ઉત્તર :- જ્ઞાનધારા કાયમ રહે છે અને રાગધારા પણ રહે છે. બીજી વાત છે, બીજી વાત છે. આ વાત બીજી છે. આ તો નર્યુ સમજવાનું છે. આહાહા..!

જેટલો આત્માનો અનુભવ થયો એટલું તો શુદ્ધતાનું વેદન છે પણ પૂર્ણ શુદ્ધતા નથી તેથી વિષયના સંસ્કારનું પણ વેદન છે. જો એ વેદન ન હોય તો વીતરાગ થઈ જાય. અને એ વેદનમાં સુખબુદ્ધિ થઈ જાય તો મિથ્યાદષ્ટિ થઈ જાય. શું કહે છે?

મુમુક્ષુ :- એ તો પંચમકાળનો દોષ છે ને જીવનો ક્યાં દોષ છે?

ઉત્તર :- અરે..! મહાપાપી એ જીવ પોતે છે. પરની ક્યાં વાત છે? એ સમ્યગ્દષ્ટિ પણ પાપનું સેવન કરે છે એટલો પાપી છે. આહાહા..!

મુમુક્ષુ :- 'ગોમ્મટસાર'માં આવે છે. સમ્યગ્દષ્ટિ પાપ કરે તોપણ પુણ્ય બરાબર છે.

ઉત્તર :- એ કઈ અપેક્ષાથી? બીજી વાત છે. અહીંયાં એ વાત નથી લેવી. અહીં તો સંસ્કાર છે અને વેદન છે. કેમકે પૂર્ણ દશા પ્રગટ થઈ નથી તો સમ્યગ્દર્શનના કાળમાં પાંચ ઈન્દ્રિયના વિષયના સંસ્કારના રાગ કરે છે. વેદે છે. એમ લેવું છે. આહાહા..! રાગ ન વેદતો હોય તો વીતરાગ થઈ જાય. અને રાગમાં સુખબુદ્ધિ હોય તો તો મિથ્યાદષ્ટિ થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :- એક કોર એમ કહો છો, મહારાજ! જ્ઞાનીનો ભોગ નિર્જરાનું કારણ છે.

ઉત્તર :- એ કઈ અપેક્ષા છે? એ બીજી વાત કીધી. એ વાત થઈ ગઈ. એ તો દૃષ્ટિનું જોર બતાવવા. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડીને ચારિત્ર અંગીકાર કરવાનું રહ્યું નહિ. એમ નથી.

અહીંયાં તો ભોગની વાસના સમ્યગ્દષ્ટિને પણ હોય છે. વાસના એટલે ચારિત્રદોષ છે. છતાં એમાં સુખબુદ્ધિ નથી. મજા છે, એવી વાત નથી. ઝેર છે. આહાહા..! મારી નબળાઈથી મારામાં પાંચ ઈન્દ્રિયના વિષયનો રાગ થાય છે. સમજો, ભાઈ! અહીં તો વીતરાગમાર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દરેક અપેક્ષા..

ઉત્તર :- જે અપેક્ષા હોય એને સમજવી જોઈએ. એક બાજુ કહે કે જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. એક બાજુ કહે, જ્ઞાનીને ભોગ છે જ નહિ, એ તો આનંદનો જ ભોગી છે. એક બાજુ કહે કે એને જ્ઞાનનો ભોગ છે અને રાગનો પણ ભોગ છે. ચારિત્રદોષ બતાવવો છે. આહાહા..! એ કોઈ કર્મને કારણે નહિ. પોતાને કારણે. પંચેન્દ્રિયના સંસ્કાર વિદ્યમાન છે, એમ કહ્યું. એમ ન કહ્યું, કર્મને લઈને આ સંસ્કાર થયા છે. ત્રણ બોલ લીધા. એક તો કર્મ સત્તામાં પડેલી પ્રકૃતિ, પછી ઉદય-પાક આવ્યો-બીજી વાત. અને અહીંયાં પંચેન્દ્રિયના સંસ્કાર આત્મામાં પોતાથી થયા, એ ત્રીજી વાત. બહુ વાતું ઝીણી છે. 'હસમુખભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આ વખતે રુચિ સારી બતાવી એણે.

ઉત્તર :- એમ. ઠીક. આહાહા..! અરે..! એ ચોર્યાસીના અવતારમાં રખડી રખડી

રખડીને હેરાન દુઃખી છે. જેની દૃષ્ટિ રાગ અને પુણ્ય ને પર્યાય ઉપર છે એ મહાદુઃખી છે. એને અહીંયાં ગુલાંટ ખાય છે, પ્રભુઆત્મા આનંદસ્વરૂપ પલટો મારે છે. પર્યાયમાં દ્રવ્યના સ્વભાવનો અનુભવ થયો ત્યારે રાગથી એકતાબુદ્ધિ છૂટી ગઈ અને સ્વભાવ સાથે એકતાબુદ્ધિ થઈ. એમ હોવા છતાં પંચેન્દ્રિયના વિષયના સંસ્કારની રાગની વિદ્યમાનતા છે. ચારિત્રદોષ છે. સમજાય છે કાંઈ?

'**તોપણ જે રીતે મિથ્યાદૃષ્ટિ જીવ...**' જોયું? '**આત્મસ્વરૂપને જાણતો નથી.**' મિથ્યાદૃષ્ટિ તો આત્માનું સ્વરૂપ જ જાણતો નથી. '**કર્મના ઉદયને પોતારૂપ જાણે છે,...**' અજ્ઞાની તો કર્મના ઉદયને પોતાનો માનીને ઉભો છે. '**તેથી ઈષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રી ભોગવતો થકો...**' અજ્ઞાની ઈષ્ટ-અનિષ્ટ વિષયસામગ્રીને ભોગવતો થકો '**રાગ-દ્વેષ કરે છે,...**' આહાહા..! રાગ-દ્વેષ કરે છે. અહીંયા રાગ-દ્વેષ થાય છે એના સંસ્કાર છે, એટલું સિદ્ધ કરવું છે. કરવાલાયક છે માટે કરે છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? '**માટે કર્મનો બંધક થાય છે. તે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ નથી.**' સમ્યગ્દૃષ્ટિ જીવને એમ નથી.

'**સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે.**' જોયું? પહેલું કહ્યું ને એમાં? મિથ્યાદૃષ્ટિ આત્માસ્વરૂપને જાણતો નથી. ત્યારે અહીં કીધું કે '**સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને શુદ્ધસ્વરૂપ અનુભવે છે,...**' આહાહા..! શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું શાંતિનું વેદન આત્માનું છે. આહાહા..! '**શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે,...**' શરીર, કુટુંબ, કબીલો, લક્ષ્મી, આબરૂ એ બધો કર્મનો ઉદય-વેરીનો ઉદય છે. એ મારી ચીજ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ બધું દુશ્મનનું લશ્કર છે. કર્મ જડ વેરીનું લશ્કર આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા, કુટુંબ, હજીરા. આહા..! કર્મે વેરીનો એ ફેલાવ છે. તારી ચીજ નહિ. આહાહા..! એમ ધર્મી જાણે છે. એમ કહે છે.

'**શરીર આદિ સમસ્ત સામગ્રીને કર્મનો ઉદય જાણે છે, આવેલા ઉદયને ખપાવે છે,...**' ઉદય આવે એનો નાશ કરવાનો પ્રયત્ન પણ છે. '**પરંતુ અંતરંગમાં પરમ ઉદાસીન છે,...**' પરમ ઉદાસીન છે, રાગ આવે છે. આહાહા..! '**તેથી સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધ નથી.**' આ અપેક્ષાથી કહ્યું. પંચેન્દ્રિયના વિષયના સંસ્કાર છે, પણ એ દુઃખરૂપ છે એમ જાણે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉદયને ખપાવે છે?

ઉત્તર :- ઉદય આવે છે. જેટલો આત્મા તરફ વળે છે તો ઝટ ખપે છે, નાશ પામે છે. જેટલો આત્મા તરફ ઝુકાવ છે એટલો એટલો રાગ ખપે છે. નાશ પામે છે. અહીં તો ખપાવે જ છે એમ કહે છે. પણ સંસ્કાર છે ને? એમાંથી લે ને. ઈ કહેતા હતા ને? શેઠ ઈ કહેતા હતા. ઉદય આવે એને ખપાવે છે. ખપાવે પણ છે ને? છે એને ખપાવે છે કે નથી એને? છે એટલો એટલો સ્વરૂપનો આશ્રય લઈને નાશ કરે છે. આહાહા..! ખપાવે છે તો છે કે નહિ? છે તો ખપાવે છે કે નથી ને ખપાવે છે? આહા..! આકરી વાત, ભાઈ! અહીં તો દોરે દોરાવાર વાત હોય એ જાણવી જોઈએ. એક પણ ન્યાયમાં કંઈ ફેર આવે તો આખી વસ્તુ ફરી જાય. આહા..! સમજાય છે કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મબંધ નથી.**' આમ હોવા છતાં સ્વામીપણું નથી, પોતાપણું નથી

એ અપેક્ષાએ કર્મબંધ નથી એમ કહેવામાં આવે છે. **'આવી અવસ્થા સમ્યગ્દષ્ટિ જીવને સર્વ કાળ નથી.'** સમ્યગ્દષ્ટિની આવી અવસ્થા સર્વ કાળ નથી રહેતી. **'જ્યાં સુધી સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદવીને પામે...'** આહાહા..! આત્માના અનુભવધારા કરતા કરતા કરતા કરતા જ્યાં અનુભવ સર્વજ્ઞ પરમાત્મા થઈ જાય આહા..! **'ત્યાં સુધી આવી અવસ્થા છે.'** નિર્વાણ-મોક્ષ ન થાય ત્યાં સુધી આવી અવસ્થા છે. કઈ અવસ્થા છે? આત્માનો અનુભવ પણ છે અને કર્મ છે, ઉદય છે અને સંસ્કાર પણ છે અને એનો થોડો થોડો નાશ પણ કરે છે. પૂર્ણ પદવીને **'પામે ત્યાં સુધી આવી અવસ્થા છે.'** આહાહા..!

**'જ્યારે નિર્વાણપદ પામશે તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી-સાક્ષાત્ પરમાત્મા છે.'** પર્યાયમાં. દૃષ્ટિમાં પરમાત્મા આવ્યો અને પર્યાયમાં જરી સંસ્કાર રહ્યા એને પણ ખપાવતા જાય છે, પણ એ ખપાવતા જાય છે ક્યાં સુધી? કે પૂર્ણ પરમાત્મા થાય ત્યાં સુધી આવી વાત છે. પછી કાંઈ નથી. આહાહા..! સંસ્કાર પણ નથી અને સંસ્કારનો નાશ કરવાનું પણ નથી. આવી વાતું હવે. પેલા એકેન્દ્રિયા ને બેઈન્દ્રિયા શીખતા હોય. તસ્સઉતરી કરણેણ પ્રાયશ્ચિત કરણેણ. એમાં આ વાત ક્યાં? આહા..! અહીં તો અપવાસ કરે જાજા. એ તપસ્વીને સન્માન કરો. એ તપસ્વી છે મોટા. મિથ્યાદૃષ્ટિ છે. એ ક્રિયાકાંડ જે રાગની છે એમાં ધર્મ માને છે. અને મેં આહાર છોડ્યો એવું એમાં જડનું અભિમાન છે.

મુમુક્ષુ :- પચરંગીયા કરે.

ઉત્તર :- પચરંગીયા કરે. નવરંગીયા કરે નહિ. આહા..!

જ્યાં વિકલ્પથી રહિત, રાગથી રહિત શુદ્ધ ચિદાનંદ આત્મા દૃષ્ટિમાં ન આવ્યો અને શુદ્ધ પરિણમન ન થયું ત્યાં સુધી બધી વાત વ્યર્થ-ફોગટ છે. આહાહા..! એ અપવાસ કરે કે સામાયિક કરે કે પોષા કરે કે પડિકમણા કરે અને બે-બે મહિનાના સંથારા-સંલેખના કરે. બધા એકડા વિનાના મીંડા છે. આહાહા..!

**'તે કાળનું તો કાંઈ કહેવાનું જ નથી...'** આહા..! અહીં તો જરી સંસ્કાર છે, નાશ કરતા જાય છે, અનુભવ પણ વર્તમાન વર્તે છે. એવી પૂર્ણ દશા નિર્વાણ ન થાય ત્યાં સુધી હોય છે. નિર્વાણ થયા પછી કંઈ રહે નહિ. સંસ્કાર પણ નહિ ને નાશ કરવો પણ (રહ્યો) નહિ. એ તો પૂર્ણ કૃત્યકૃત્ય થઈ ગયા. આહાહા..! જેવી વસ્તુ પૂર્ણાનંદનો નાથ તો કૃત્યકૃત્ય જ છે. વસ્તુ તો કૃત્યકૃત્ય જ છે. એને કંઈ કરવું-ફરવું નથી. પણ પર્યાયમાં જ્યાં પૂર્ણતા થઈ તો કૃત્યકૃત્ય થઈ ગયો. સમજાય છે કાંઈ? જ્યાં સુધી અપૂર્ણ છે ત્યાં સુધી હજી રાગ છે. રાગનો નાશ કરવો એમ પણ છે. આહાહા..! એનો અર્થ કે સ્થિરતા કરવી. આત્મામાં સ્થિરતા કરવી કે આનાથી રાગનો નાશ થાય છે. એવી રીત સાધકજીવ હોય ત્યાં સુધી હોય છે. નિર્વાણ થયા પછી શું કહેવું? આહાહા..! પૂર્ણાનંદનો નાથ પર્યાયમાં કૃત્યકૃત્ય થઈ ગયો. જેમ દ્રવ્ય કૃત્યકૃત્ય છે, એવી પર્યાય કૃત્યકૃત્ય થઈ ગઈ. કંઈ કરવું બાકી રહ્યું નહિ. આહાહા..! અહીં તો હજી પુરુષાર્થ કરે છે. સાધકમાં રાગ છે, સ્વભાવ તરફ પુરુષાર્થ કરે છે (અને) રાગનો નાશ કરે છે. એવી ક્રિયા છે. નિર્વાણ પછી કંઈ કહેવાનું જ નથી. આહાહા..! એ ૧૧૮ (કળશ) પૂરો થયો.

(અનુષ્ટુપ)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।७-११९।।

ખંડાન્વય સહિત અર્થ :- એમ કહ્યું કે સમ્યગ્દષ્ટિ જીવને બંધ નથી, તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે-'यत् ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ततः अस्य बन्धः न' (यत् ) જેથી ( ज्ञानिनः ) સમ્યગ્દષ્ટિ જીવને ( राग ) રંજકપરિણામ, ( द्वेष ) ઉદ્વેગ, ( विमोहानां ) પ્રતીતિનું વિપરીતપણું-એવા અશુદ્ધ ભાવોનું ( असम्भवः ) વિદ્યમાનપણું નથી, ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી, માટે રાગાદિક નથી, ( ततः ) તેથી ( अस्य ) સમ્યગ્દષ્ટિ જીવને ( बन्धः न ) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ નથી; 'एव' નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે; 'हि ते बन्धस्य कारणम्' ( हि ) કારણ કે ( ते ) રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ ( बन्धस्य कारणम् ) બંધના કારણ છે. ભાવાર્થ આમ છે-કોઈ અજ્ઞાની જીવ એમ માનશે કે સમ્યગ્દષ્ટિ જીવને ચારિત્રમોહનો ઉદય તો છે, તે ઉદયમાત્ર હોતાં આગામી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો હશે. સમાધાન આમ છે-ચારિત્રમોહનો ઉદયમાત્ર હોતાં બંધ નથી; ઉદય હોતાં જો જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે, અન્યથા હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી. રાગ-દ્વેષ-મોહપરિણામ પણ મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે, મિથ્યાત્વ જતાં એકલા ચારિત્રમોહના ઉદયના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી. આ કારણથી સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ-મોહપરિણામ હોતા નથી, માટે કર્મબંધનો કર્તા સમ્યગ્દષ્ટિ જીવ હોતો નથી. ૭-૧૧૯.

## કળશ-૧૧૯ ઉપર પ્રવચન

૧૧૯. આ તો શાંતિથી સમજવાની ચીજ છે, બાપુ! આહાહા..! વીતરાગમાર્ગ સૂક્ષ્મ ઝીણો બહુ. અપૂર્વ માર્ગ. કદી એક સમય પણ પત્તો લીધો નથી. આહાહા..! એ માર્ગને સમજવા માટે બહુ પ્રયત્ન જોઈએ. આહાહા..! ૧૧૯.

(અનુષ્ટુપ)

रागद्वेषविमोहानां ज्ञानिनो यदसम्भवः।
तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम्।।७-११९।।

ખંડાન્વય સહિત અર્થ :- 'એમ કહ્યું કે સમ્યગ્દષ્ટિ જીવને બંધ નથી. તો એવી પ્રતીતિ જે રીતે થાય છે તે વિશેષ કહે છે.' પહેલા તો કહી ગયા, (હજી) વિશેષ કહે છે. 'यत् ज्ञानिनः रागद्वेषविमोहानां असम्भवः ततः अस्य बन्धः न' **'જેથી સમ્યગ્દષ્ટિ જીવને રંજકપરિણામ,...'** રાગમાં રંગાયેલા પરિણામ હોતા નથી. આહાહા..! રાગ આવે છે તો

એમાં એકતાબુદ્ધિ નથી. રંગ નથી ચડી જતો. રંજકપરિણામ નહિ. રાગમાં રંગાઈ જાય એમ નહિ, જ્ઞાની ભિન્ન રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને **'ઉદ્વેગ,..'** એટલે દ્વેષ. એ પણ નથી હોતા. **'विमोहानां' 'પ્રતીતિનું વિપરીતપણું-એવા અશુદ્ધ ભાવોનું વિદ્યમાનપણું નથી.'** એવા અશુદ્ધ ભાવની વિદ્યમાનતા ધર્મીને નથી. આ અપેક્ષાથી. રાગમાં એકતાબુદ્ધિ નથી, વિપરીત માન્યતા નથી. તેથી એને વિકાર વિદ્યમાન નથી. **'વિદ્યમાનપણું નથી.'** આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે સમ્યગ્દષ્ટિ જીવ કર્મના ઉદયમાં રંજિત થતો નથી,...'** જુઓ! કર્મના ઉદયમાં એને રંગ ચડતો નથી. આહાહા..! રસ નથી ચડતો. એકતાબુદ્ધિ નથી થતી. આહાહા..! શુભરાગ આવે છે તોપણ એકતાબુદ્ધિ નથી થતી તો અશુભમાં તો એકતાબુદ્ધિ ક્યાં? આહાહા..! પરદ્રવ્ય મારા છે એ બુદ્ધિ તો અંદરથી નાશ પામી ગઈ. આહાહા..! માર્ગ ભારે, ભાઈ! સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ, આત્માના આનંદનો અનુભવ થયો એવો ધર્મીજીવ જૈની જીવ, એ જૈન, **'કર્મના ઉદયમાં રંજિત થતો નથી, માટે રાગાદિક નથી.'** તેથી રાગાદિક નથી. રાગમાં એકતાબુદ્ધિ નથી માટે એમાં રાગ નથી. આહાહા..!

**'તેથી સમ્યગ્દષ્ટિ જીવને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ નથી;...'** એ અપેક્ષાથી જ્ઞાનાવરણીનો બંધ નથી. રાગમાં એકતાબુદ્ધિ નથી. પૃથક્‌બુદ્ધિ ભેદજ્ઞાન વર્તે છે. તેથી એને રાગ છે નહિ અને બંધન નથી. સમજાય છે કાંઈ? **'एव' 'નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે;...'** 'एव' નિશ્ચયથી દ્રવ્યસ્વરૂપ આવું જ છે. આહાહા..! એક સમયના વિકારમાંથી રંજિતપણું છૂટી ગયું. આહાહા..! એક સમયની ભૂલ. રાગ મારો એવી મિથ્યાત્વબુદ્ધિ એક સમયની. એક સમયની ભૂલ પર્યાયબુદ્ધિમાં (છે). એ દ્રવ્યબુદ્ધિથી છેદી નાખી. હું તો જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું. તેનાથી એ સંસ્કારનો નાશ થયો. તેથી એને કર્મબંધન નથી. આહાહા..! **'આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે;...'**

**'हि ते बन्धस्य कारणम्' 'કારણ કે રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ બંધના કારણ છે.'** રાગ-દ્વેષ અને મિથ્યાત્વ પરિણામ એ બંધનું કારણ છે. એ બંધનું કારણ રહ્યું નહિ. સમ્યગ્દર્શનના જોરની વાત કરે છે. આહાહા..! એક બાજુ એમ કહે. વળી બીજી બાજુ (એમ કહે), સમ્યગ્દષ્ટિને ચારિત્રદોષ છે તો એટલો બંધ છે. સમજાય છે કાંઈ? આહાહા..! જે અપેક્ષાએ કહ્યું હોય તે અપેક્ષાથી સમજવું. સ્યાદ્વાદ માર્ગ છે, અનેકાંત માર્ગ છે. દૃષ્ટિના જોરની અપેક્ષાએ રાગ નથી અને રાગથી બંધ નથી. પણ અસ્થિરતાની અપેક્ષાએ રાગ છે અને રાગનો બંધ પણ છે. આવી વાતું. આમાં કરવું શું?

મુમુક્ષુ :- શ્રદ્ધાની અપેક્ષાએ કે ચારિત્રની અપેક્ષાએ?

ઉત્તર :- ચારિત્રની અપેક્ષાથી. ચારિત્રની અપેક્ષાએ રાગ છે અને બંધ છે. દૃષ્ટિની અપેક્ષાએ એકતાબુદ્ધિ નથી તેથી બંધ નથી, એમ કહેવામાં આવ્યું. આહાહા..! આવો માર્ગ. અરે..! એણે કદી નિર્ણય કર્યો નથી. વાસ્તવિક સ્વરૂપની યથાર્થતા શું છે એની એણે દરકાર કરી નથી. આહાહા..! દુનિયાની હોંશુંમાં હરખાઈ ગયો. દુનિયાની હોંશું. આ બહારના પુણ્ય ને

પાપના ફળમાં હરખાઈ ગયો. સનેપાત થઈ ગયો.

મુમુક્ષુ :- દરકાર કરાવવાવાળા ન મળ્યા.

ઉત્તર :- દરકાર પોતે કરી નથી. આહાહા..! અનંતવાર ભગવાન મળ્યા. સમવસરણમાં અનંતવાર સાંભળ્યું. કેવળી આગળ રહી ગયો કોરો. ત્યાં પણ લુખ્ખો રહી ગયો. એણે પોતાની દરકાર કરી નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? સમવસરણમાં અનંતવાર ગયો. સાક્ષાત્ ત્રણલોકના નાથના દર્શન કર્યા, વાણી સાંભળી, પૂજા કરી. જય નાથ. હીરાના થાળ ને મણિરત્નના દીવડા ને કલ્પવૃક્ષના ફૂલ (લઈને પૂજા કરી), જય પ્રભુ! એમાં શું થયું? એ તો રાગ થયો. રાગમાં એકતાબુદ્ધિ છે તો મિથ્યાદષ્ટિ છે. આકરી વાત છે, બાપુ! ધર્મ અપૂર્વ વાત છે. લોકો સાધારણ માની બેસે કે આ અપવાસ કર્યા ને આ સામાયિક કરી ને આ પોષા કરી ને પડિકમણા કર્યા, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. મિથ્યાત્વનું પોષણ છે. રાગની મંદતાની ક્રિયાને ધર્મ માન્યો તો મિથ્યાદષ્ટિના મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..!

'આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે;...' '**हि ते बन्धस्य कारणम्**' '**કારણ કે રાગ-દ્વેષ-મોહ એવા અશુદ્ધ પરિણામ બંધના કારણ છે.**' દ્રવ્યનું સ્વરૂપ બંધનું કારણ નથી. આહાહા..! કહ્યું ને માથે? '**બંધ નથી; નિશ્ચયથી આવું જ દ્રવ્યનું સ્વરૂપ છે.**' અને દ્રવ્યનું સ્વરૂપ ભૂલીને રાગ, દ્વેષ, મોહના અશુદ્ધ પરિણામ કરે છે એ બંધનું કારણ છે. આહાહા..! '**ભાવાર્થ આમ છે-કોઈ અજ્ઞાની જીવ એમ માનશે કે સમ્યગ્દષ્ટિ જીવને ચારિત્રમોહનો ઉદય તો છે, તે ઉદયમાન હોતાં આગામી જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો હશે.**'

'**સમાધાન આમ છે-**' એમ નથી. જડ કર્મનો ઉદય ભલે હો. '**ચારિત્રમોહનો ઉદયમાન હોતાં બંધ નથી;...**' જડ કર્મ છે એનો ઉદયમાત્ર થતાં બંધ થાય તો ઉદય તો બધા સદાય રહે છે. આહાહા..! શું કહે છે? જડ કર્મ જે પડ્યા છે એનો પાક થાય. પાક થાય તો શું છે? એ તો જડમાં પાક આવ્યો. આત્મા એમાં જોડાય તો રાગ-દ્વેષ થાય. ઉપયોગ એમાં ન લગાવે તો બંધ કંઈ થતો નથી. આહાહા..! અટપટી વાતું. આહાહા..! અરે..! અનંતકાળમાં કંઈ કર્યું નહિ. જૈન સાધુ થયો. તે કોણ? નગ્ન મુનિ. વસ્ત્રવાળા તો દ્રવ્યલિંગી પણ નથી. એ તો કુલિંગ છે. સમજાય છે કાંઈ? દ્રવ્યલિંગ નગ્નપણું અનંતવાર ધારણ કર્યું. પંચમહાવ્રત પણ અનંતવાર લીધા. એમાં શું થયું? એ તો રાગ છે અને રાગની એકતાબુદ્ધિમાં મિથ્યાત્વભાવ છે. આહાહા..! આકરું કામ ભાઈ!

ચારિત્રમોહનો ઉદયમાત્ર. ઉદયમાત્ર હોતાં બંધ નથી. એમ. ઉદયમાં જો જોડાય, રાગ-દ્વેષ કરે તો બંધ થાય છે. એમ. '**ઉદય હોતાં જો જીવને રાગ-દ્વેષ-મોહપરિણામ થાય તો કર્મબંધ થાય છે, અન્યથા હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી.**' આહાહા..! અંદર ગમે તેટલા ઉદય હો. એ જડમાં છે. એમાં શું થયું. લાખ વાતની વાત અંદર કરે. '**હજાર કારણ હોય તોપણ કર્મબંધ થતો નથી. રાગ-દ્વેષ-મોહપરિણામ પણ મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે,...**' જુઓ! એ લેવું છે. આ મુદ્દાની રકમ. રાગ-દ્વેષ-મિથ્યાત્વપરિણામ પણ મિથ્યાત્વકર્મના સહારે છે. જેમાં મિથ્યાત્વભાવ છે એના સહારાના રાગ-દ્વેષને ગણવામાં

આવ્યા છે. મિથ્યાત્વ નથી પછી ત્યાં રાગ-દ્વેષ ગણવામાં આવ્યા નથી. આહાહા..! **'મિથ્યાત્વકર્મના ઉદયના સહારે છે,...'** મિથ્યાશ્રદ્ધા, એની સાથે રાગ-દ્વેષ છે એને રાગ-દ્વેષ ગણવામાં આવે છે.

**'મિથ્યાત્વ જતાં...'** મિથ્યાશ્રદ્ધાનનો નાશ થતાં. આહાહા..! પોતાનું જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ અંતરમાં દૃષ્ટિમાં અને અનુભવમાં આવતા આહાહા..! **'એકલા ચારિત્રમોહના ઉદયના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી.'** જે ચારિત્રમોહના અસ્થિરતાના રાગ-દ્વેષના પરિણામને અહીંયાં ગણવામાં આવ્યા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને અનુભવની પ્રધાનતા ગણવામાં આવી છે. એમાં રાગ-દ્વેષ થાય છે એ મિથ્યાત્વના સહારાના નથી. મિથ્યાશ્રદ્ધાની સહાયમાં જે રાગ-દ્વેષ થાય છે એ રાગ-દ્વેષ ગણવામાં આવે છે. આહાહા..! આવું વાંચીને એકાંત લઈ લ્યે કે જ્ઞાનીને રાગ-દ્વેષ બિલકુલ છે જ નહિ. કઈ અપેક્ષાથી? સમજાય છે કાંઈ? અહીંયા તો સમ્યગ્દર્શનના જોરમાં આત્માના આશ્રયના અનુભવમાં રાગ-દ્વેષ, મિથ્યાત્વ નથી તો રાગ-દ્વેષ છે જ નહિ એમ ગણવામાં આવ્યું. રાગ-દ્વેષ હોવા છતાં મિથ્યાત્વ સાથે નથી તો રાગ-દ્વેષ નથી એમ કહે છે. એકતાબુદ્ધિ નથી તો રાગ-દ્વેષ નથી. આહા..! આ બધું સમજવાનું આવું ઝીણું. આહાહા..!

**'ચારિત્રમોહના સહારાના રાગ-દ્વેષ-મોહ...'** મોહ શબ્દે ત્યાં સાવધાની લેવી. સમજ્યા? મોહ શબ્દે ત્યાં મિથ્યાત્વ ન લેવું. **'ચારિત્રમોહના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી.'** ત્યાં મોહ શબ્દે મિથ્યાત્વ નહિ. મોહ શબ્દે પરમાં સાવધાની. એટલું. સમજાય છે કાંઈ? છે? **'એકલા ચારિત્રમોહના સહારાના રાગ-દ્વેષ-મોહપરિણામ નથી.'** ત્યાં મોહ શબ્દે મિથ્યાત્વ ન લેવું. ચારિત્રમોહના સહારાના જેટલા રાગ-દ્વેષ છે, પર તરફની સાવધાનીને ત્યાં લેવામાં આવી. **'આ કારણથી સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહપરિણામ હોતા નથી,...'** આહાહા..! તેથી લીધું ને? 'જયસેનાચાર્યે' ટીકામાં લીધું કે અહીંયાં પંચમ ગુણસ્થાન ઉપરાંતની વાત છે. ટીકામાં બધે ઠેકાણે એમ લીધું છે. અહીંયાં સમ્યગ્દૃષ્ટિ લેવા પણ પંચમ ગુણસ્થાન મુખ્યપણે. મુખ્યપણે પંચમ ગુણસ્થાન ઉપરાંતના સમ્યગ્દૃષ્ટિની વાત લીધી છે. એમ લીધું. ગૌણપણે આવે છે. શું કહ્યું?

આ બધી વાત છે એની 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં એવી ટીકા છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ નથી, એ પંચમ ગુણસ્થાન ઉપરાંતની વાત કહેવામાં આવી છે. મુખ્યપણે, હોં! ગૌણપણે તો સમ્યગ્દૃષ્ટિમાં મિથ્યાત્વના રાગ-દ્વેષ નથી. એ પણ નિષેધ કરવામાં આવ્યો છે. આહાહા..! કેટલી અપેક્ષાઓ. આહાહા..! પાંચમા ઉપરાંત ગણવામાં આવ્યા છે, એવો પાઠ છે. મુખ્યપણે, હોં! પણ. મુખ્યપણે એમ છે. ગૌણપણે ચોથે આવે છે. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને જ્યાં વીતરાગી ચારિત્ર છે, ત્રણ કષાયનો અભાવ છે, મુનિ જંગલમાં રહે છે. આહાહા...! એને ચારિત્રમોહનો રાગ છે તેને રાગ ગણવામાં આવ્યો નથી. સમજાય છે કાંઈ? એવી વાત છે. મુખ્યપણે. ગૌણપણે પણ ગણવામાં આવે છે.

**'આ કારણથી સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ-મોહપરિણામ નથી.'** મોહ શબ્દે ત્યાં મિથ્યાત્વ ન લેવું. **'માટે કર્મબંધનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ હોતો નથી.'** આહાહા..! આ કારણથી ...

સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ સહજસ્વરૂપ પરમપારિણામિક સ્વભાવ જ્ઞાયકભાવ, એવો અનુભવ થયો એ સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ ગણવામાં આવતા નથી. એ દર્શનની પ્રધાનતાની અપેક્ષાએ. (વિશેષ લઈશું..) (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(વસંતતિલકા)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।८-१२०।।

ખંડાન્વય સહિત અર્થ :- 'ये शुद्धनयं एकाग्र्यम एव सदा कलयन्ति' ( ये ) જે કોઈ આસન્નભવ્ય જીવો ( शुद्धनयम् ) શુદ્ધનયનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુમાત્રનો, ( एकाग्र्यम ) સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી ( एव ) ચિત્તમાં નિશ્ચય લાવીને, ( कलयन्ति ) અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે ( सदा ) સર્વ કાળ;-કેવો છે (શુદ્ધનય)? 'उद्धतबोधचिह्नम्' ( उद्धत ) સર્વ કાળ પ્રગટ જે ( बोध ) જ્ઞાનગુણ તે જ છે ( चिह्नम् ) લક્ષણ જેનું, એવો છે; શું કરીને? 'अध्यास्य' કોઈ પણ રીતે મનમાં પ્રતીતિ લાવીને;-'ते एव समयस्य सारम् पश्यन्ति' ( ते एव ) તે જ જીવો નિશ્ચયથી ( समयस्य सारम् ) સકળ કર્મથી રહિત, અનંતચતુષ્ટયે બિરાજમાન પરમાત્મપદને ( पश्यन्ति ) પ્રગટપણે પામે છે. કેવું પામે છે? 'बन्धविधुरम्' ( बन्ध ) અનાદિ કાળથી એકબંધપર્યાયરૂપ ચાલ્યો આવ્યો હતો જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ, તેનાથી ( विधुरं ) સર્વથા રહિત છે. ભાવાર્થ આમ છે કે-સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા. કેવા છે તે જીવો? 'रागादिमुक्तमनसः' રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના, એવા છે. વળી કેવા છે? 'सततं भवन्तः' ( सततं ) નિરંતરપણે ( भवन्तः ) એવા જ છે. ભાવાર્થ આમ છે કે-કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે, ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે, પણ એમ તો નથી, સદા સર્વકાળ શુદ્ધપણારૂપ રહે છે. ૮-૧૨૦.

## ભાદરવા વદ ૧૨, રવિવાર, તા.૯-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૦, પ્રવચન - ૧૧૭

૧૨૦ કળશ છે ને? ૧૨૦ કળશ છે.

(વસંતતિલકા)

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम्।।८-१२०।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ये शुद्धनयं एकाग्र्यम एव सदा कलयन्ति' 'ये' નામ '**જે કોઈ આસન્નભવ્ય જીવો...**' આસન્નભવ્ય જીવ-જેનો સંસાર નિકટ, અંત છે. આહાહા..! પરિભ્રમણનો અંત જેને હવે નિકટ છે. એવા આત્માએ.. જીવ, એ કહ્યો ને? આસન્નભવ્ય જીવ. 'ये'નો અર્થ એટલો કર્યો. લાયક, ભવ્યપ્રાણી, યોગ્ય. શું કરવું? ધર્મ કરવો હોય તો શું કરવું? 'शुद्धनयम्' આહાહા..! શુદ્ધનયની વ્યાખ્યા જ આ કરી. '**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુમાત્ર...**' આહાહા..! ભગવાનઆત્મા અંદર શરીરથી ભિન્ન, કર્મથી જુદો, પુણ્ય-પાપના ભાવ દયા, દાન વિકલ્પ રાગાદિથી જુદો, એક સમયની પર્યાયથી પણ જુદો. એવો જે શુદ્ધનય એટલે કે વસ્તુ. અહીં શુદ્ધનયને જ વસ્તુ કીધી. નહિતર નય છે એ વિષય છે અને સામી ચીજ વિષયી છે. આરે..! આવી વાતું હવે.

સમ્યક્ શુદ્ધ ચૈતન્યનો પરિણામ-નય એ જ્ઞાનનો અંશ છે. અને એનો વિષય ચિદાનંદ ભગવાન પૂર્ણ આત્મા, એનો એ વિષય છે. પણ અહીંયાં તો શુદ્ધનય જ એને કીધો. જે ત્યાં અગિયારમી ગાથામાં કહ્યું. 'भूदत्थो देसिदो दु सुद्धणओ' બહુ ઝીણું, બાપુ! આ આત્મા એક સમયમાં ભૂતાર્થ સત્યાર્થ પ્રભુ અનંતગુણનો સમુદાય એક વસ્તુ. વિકારરહિત અને પર્યાયથી પણ રહિત, એવો એક સમયમાં ભગવાનઆત્મા નિર્વિકલ્પ ભેદ રહિત, પર્યાય ને આ દ્રવ્ય એવો ભેદ પણ જેમાં નથી. આહાહા..! નિર્વિકલ્પની વ્યાખ્યા ઈ. શુદ્ધ પવિત્ર ભગવાનઆત્મા અંદર. કોણ? શુદ્ધ ચૈતન્ય. એ ચૈતન્ય કેવો? વસ્તુમાત્ર. વસ્તુ, વસ્તુ. આહાહા..! જેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ વસ્યા છે, જેની વસ્તી અનંત જ્ઞાન, દર્શન આદિ છે. આહા..! એવો જે આ ભગવાનઆત્મા બિરાજમાન છે, પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન છે એને અહીંયાં શુદ્ધનય કહેવામાં આવ્યું છે. 'ચેતનજી!' રાત્રિનો પ્રશ્ન હતો ને? આહા..! શુદ્ધનય, આ વસ્તુને શુદ્ધનય કીધી. આહાહા..! ભાષા સમજવી કઠણ પડે. પરિભ્રમણ કરતાં અનંતકાળ થયો.

પોતાની ચીજ અંદર પરિપૂર્ણ પડી છે. અનંત આનંદ આદિ, જ્ઞાન આદિ ગુણનું નિધાન ભગવાનઆત્મા છે. પરમાત્મસ્વરૂપ જ છે. શક્તિએ-સ્વભાવે-સ્વરૂપે પરમાત્મસ્વરૂપ જ છે.

આહા..! એને અહીંયાં શુદ્ધનય કહે છે. આહાહા..! એ શુદ્ધનય અર્થાત્ અભેદ શુદ્ધ ચૈતન્યવસ્તુમાત્ર. આહા..! એ ચીજમાં એકાગ્ર થવું. આહાહા..! છે? '**एकाग्रयम**' '**સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી...**' કોઈપણ વિકલ્પ જે ગુણ-ગુણીનો ભેદ. ગુણી ભગવાનઆત્મા અને અનંત આનંદ ગુણ, એવો ભેદ કરવો એ પણ એક રાગ છે, વિકલ્પ છે. આહાહા..! તો એ વિકલ્પથી રહિત ચિત્ત થઈને.. આહાહા..! સમસ્ત રાગાદિ વિકલ્પ. કોઈપણ રાગનો વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે, આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એ તો સ્થૂળ વિકલ્પ છે, પણ અંદરમાં ગુણી આ આત્મા શુદ્ધ ચેતન અખંડ છે, અભેદ છે એવી વૃત્તિ ઉઠાવવી એ પણ એક રાગ છે. આહાહા..! એનાથી '**સમસ્ત રાગાદિ વિકલ્પથી ચિત્તનો નિરોધ કરી...**' આહા..!

'**एव**' '**ચિત્તમાં નિશ્ચય લાવીને...**' 'एव' છે ને? નિશ્ચય. 'एव' એટલે નિશ્ચય. અર્થાત્ ચિત્ત શબ્દે જ્ઞાનની પર્યાયમાં.. આહાહા..! ભગવાન આખો જ્ઞાયકસ્વરૂપ પ્રભુ, એનું લક્ષણ જ્ઞાન, એ જ્ઞાન લક્ષણથી લક્ષિત કરી.. આહાહા..! અપૂર્વ વાતું છે, પ્રભુ!

મુમુક્ષુ :- ચિત્તમાં નિશ્ચય લાવીને એટલે શ્રદ્ધા લાવીને?

ઉત્તર :- સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કરીને. ચિત્ત શબ્દે એમ લેવું. વર્તમાન જે જ્ઞાનપર્યાય છે એ ત્રિકાળીનું લક્ષણ છે. એનો જ્ઞાનપર્યાયમાં નિર્ણય કરી. આ તો મંત્ર છે. અરે..! અનંતકાળમાં કદી કર્યું નથી. વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા અનંતવાર કર્યા. એ તો રાગ છે. આહાહા..!

અહીંયા તો કહે છે કે એ રાગથી પણ રહિત પણ સૂક્ષ્મ વિકલ્પ ઉઠે, નિર્વિકલ્પ કહ્યું ને? સૂક્ષ્મ (વિકલ્પ) કે આ આત્મા ચૈતન્ય પૂર્ણ અખંડ અભેદ છે, એવી પણ રાગની વૃત્તિ ઉઠે, એ સમસ્ત રાગને છોડીને. આહાહા..! આવો માર્ગ છે. ભગવાન જિનેન્દ્રદેવ તારો અંતઃકરણ અંતરનો માર્ગ શું છે ઈ કહે છે. કદી સાંભળ્યું નથી, સમજ્યો નથી. એ ભગવાન અંદર એક સેકંડના અસંખ્યભાગમાં અનંતજ્ઞાન, બેહદ વસ્તુ છે ને? વસ્તુ. વસ્તુનો સ્વભાવ છે, સ્વભાવ, સ્વભાવમાં મર્યાદા ન હોય. અમર્યાદિત જ્ઞાન, અમર્યાદિત દર્શન, અમર્યાદિત આનંદ, અમર્યાદિત વીર્ય, એવી સંખ્યાએ અનંતી શક્તિઓ. અમર્યાદિત સંખ્યા અને અમર્યાદિત સામર્થ્ય. આહાહા..! શું કહે છે આ? એવો જે આ ભગવાનઆત્મા.. અમર્યાદિત શક્તિ એટલે અનંત શક્તિ-ગુણ. અને એક એક શક્તિ અમર્યાદિત તે અનંત સ્વભાવ. આહાહા..! એવા આત્મામાં સર્વ વિકલ્પથી રહિત થઈને, જ્ઞાનની પર્યાયમાં નિશ્ચય કરી. ચિત્તનો અર્થ એ. આહા..! બહુ ઝીણો માર્ગ, પ્રભુ! ધર્મ સમ્યગ્દર્શનની વાત ચાલે છે. હજી તો ધર્મની પહેલી સીઢી. પહેલું પગથિયું. આહાહા..! અરે..! દુઃખી ચાર ગતિમાં રખડતો, રઝળતો મહા મિથ્યાત્વના પાપથી પરિભ્રમણ કરતો મહાદરિદ્ર દુઃખી છે. એની દરિદ્રતા ટાળવામાં જેમાં અનંતી સંપદા પ્રભુ આત્મામાં પડી છે.

નિર્વિકલ્પ ચીજ કહી ને? આત્મામાં અનંત અનંત લક્ષ્મી પડી છે. અનંત લક્ષ્મી. જ્ઞાનલક્ષ્મી, દર્શનલક્ષ્મી, આનંદલક્ષ્મી, સ્વચ્છતા, વિભુતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, જીવત્વ, ચિત્તિ આદિ શક્તિઓ અનંત સંપદાથી ભરી પડી છે. સંપદાવાન પ્રભુ છે.

આહાહા..! સમજાય છે કાંઈ? એવી ચીજનો '**ચિત્તમાં નિશ્ચય લાવીને,...**' જ્ઞાનની પર્યાયમાં એવો નિર્ણય કરીને. '**અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે...**' આહાહા..! '**कलयन्ति**'. અનુભવથી અભ્યાસ કરે છે. આહાહા..! હું આનંદસ્વરૂપ પૂર્ણ અખંડ જ્ઞાયકસ્વરૂપનો ચિત્તમાં-જ્ઞાનની પર્યાયમાં નિર્ણય કરીને અખંડધારાપ્રવાહી, એ નિર્ણયમાં અખંડધારાપ્રવાહી આત્મા તરફનો ઝુકાવ કરી. આહાહા..! શ્લોક બહુ ઊંચો છે.

પરમાત્મા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે તારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તો શું કરવું? અને એની રીત અને વિધિ શું? આહાહા..! હજી તો પ્રથમ સમ્યગ્દર્શન. આસ્રવ અધિકાર છે ને? તો સમ્યગ્દષ્ટિને આસ્રવ નથી એમ સિદ્ધ કરવું છે. મિથ્યાદષ્ટિને આસ્રવ છે એમ સિદ્ધ કરવું છે. આહાહા..! આત્મામાં અનંત આનંદ અને શાંતિનો સાગર પ્રભુ (છે), એવી જ્ઞાનની વર્તમાન પર્યાય-દશામાં નિર્ણય કરીને, સ્વરૂપ તરફનો અખંડ ધારા અભ્યાસ કર. આહાહા..! અંતર્મુખમાં અખંડધારાપ્રવાહે અભ્યાસ કર. આવું છે. કેમકે ભગવાનઆત્મા નિરંતર અખંડસ્વરૂપ (છે). વસ્તુ અખંડસ્વરૂપ છે તો એના અભ્યાસમાં અખંડધારાપ્રવાહ અભ્યાસ જોઈએ, એમ કહે છે. આહાહા..! હજી તો સમ્યગ્દર્શન માટેની વાત છે. શ્રાવકપણું જે પાંચમું ગુણસ્થાન એ તો ચીજ કઈ છે, એ તો બીજી ચીજ છે. અને મુનિ એ તો કોઈ અલૌકિક વાતું, બાપુ! આહાહા..! અત્યારે તો એ મુનિપણું શું છે.. આહાહા..! સાંભળવામાં મુશ્કેલ પડી જાય એવી ચીજ છે.

પ્રભુ અંદર આત્મા અખંડ ધારાપ્રવાહી વસ્તુ છે, એવા અભ્યાસમાં અખંડ ધારાપ્રવાહ લગાવી દે. શું કહ્યું? આહાહા..! ભગવાન ધ્રુવસ્વરૂપ, નિર્વિકલ્પ ચૈતન્યસ્વરૂપ અખંડ ધારા નામ ધ્રુવધારા એમ ને એમ રહે છે, એવી ચીજમાં અખંડધારાપ્રવાહ અભ્યાસ લગાવી દે. આવી વાત છે. સમજાય છે કાંઈ? પ્રભુ! આ તો ભગવાનના મહામંત્ર છે. અહીં તો કહે, એકેન્દ્રિય, બેઈન્દ્રિયની દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો, ધર્મ (થઈ જશે). બાપુ! તને એ વસ્તુની ખબર નથી. ભાઈ! તને ભગવાન સમ્યગ્દર્શન કેમ થાય? સમ્યક્ સત્યસાહેબ પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એનું નામ સમ્યક્ નામ જેમ છે તેમ સત્યની પ્રતીતિ, એનું દર્શન થવું, પ્રતીતિ થવી એ અલૌકિક ચીજ છે. સમજાય છે કાંઈ?

ભગવાનના દર્શન થવા.. આહાહા..! ભગવાન પોતે, હોં! માટે કહ્યું ને? '**નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યવસ્તુ...**' એ ભગવાનસ્વરૂપ આત્મા. આહાહા..! આહાહા..! ભગ નામ લક્ષ્મી અને વાન નામ સ્વરૂપ. જેનું જ્ઞાન, આનંદ સ્વરૂપ છે, એવો ભગવાનસ્વરૂપ પ્રભુ અંદર છે. કેમ બેસે? એક બીડી, બે બીડી સરખી પીવે તો જંગલ ઊતરે, પાયખાનામાં જાય. આવા તો વ્યસન. હવે એને કહેવું કે આત્મા આવો (છે). સવારમાં ચા પીવે દોઢ, પા શેર ચા પીવે તો મગજ ઠેકાણે રહે. આજે ચા પીધા વિના સાંભળવા આવ્યો છું. મગજ બરાબર ઠેકાણે નથી. આહાહા..! પ્રભુ! તું શું કરે છે? આવાને એમ કહેવું કે પ્રભુ! તું પૂર્ણાનંદનો નાથ આત્મા છો ને. આહાહા..! કદી તું રાગમાં આવ્યો નથી અને કદી તું પર્યાયમાં આવ્યો નથી. એવો ભગવાન ચૈતન્યનું ચોસલું.

એક ફેરી દૃષ્ટાંત નહોતું આપ્યું? 'મુંબઈ'. બરફની પાટું હોય છે. ૨૫-૨૫ મણની,

30-30 મણની ૫૦ મણની બરફની પાટું. અમે તો આમ નીકળતા હોય તો દેખીએ. પેલા ખટારા નીકળે ને? મોટી પાટું. પાંચ-સાત હાથ લાંબી અને દોઢ હાથ જાડી અને દોઢ હાથ દળ. આહાહા..! એ બરફની પાટ છે. એમ આ ભગવાન આનંદ અને શાંતિની મોટી પાટ છે. એ તો પરિમિત છે અને આ તો અપરિમિત સ્વભાવી છે. એને પ્રાપ્ત કરવો હોય તો શું કરવું?

પહેલા તો દ્રવ્ય ચીજ શું છે? ગુણ શું છે? પર્યાય શું છે? રાગ શું છે? એને પહેલા બરાબર સમજવી. સમજીને દ્રવ્યસ્વભાવમાં એકાગ્ર થવું એ સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢી પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એ તો આપે બતાવી દીધું.

ઉત્તર :- કરવાનું તો એણે છે ને.

મુમુક્ષુ :- કરવું કેમ?

ઉત્તર :- કોણે કરવાનું છે? શેઠ! પૈસા માટે કેટલી મહેનત કરે છે. આખી જિંદગી એમાં કાઢી. તમાકુ ને ધૂળમાં. કેટલા વર્ષ થયા? ૭૯? ૭૯ની તારીખ કાલે છે. ૭૯ બેસશે કે ૮૦? ૭૯. ૧૩મી તારીખે.

મુમુક્ષુ :- શરીરની છે.

ઉત્તર :- શરીરની જ વાત કરીએ છીએ. ભગવાનની સ્થિતિ તો અનાદિઅનંત છે. આહાહા..! ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન અંદર બિરાજે છે, એની તો અનાદિઅનંત સ્થિતિ છે. પણ કહે છે કે એ અનાદિઅનંત છે એમ અનુભવમાં, પ્રતીતમાં કઈ રીતે આવે?

કહે છે, કે નિર્વિકલ્પ ચીજ પ્રત્યે.. આહાહા..! 'एकाग्र्यम एव' 'एकाग्र्यम एव सदा कलयन्ति' 'सदा' આ ચાર શબ્દ પડ્યા છે. આ તો મહા મંત્રો છે, ભાઈ! આહાહા..! પેલો સર્પ કરડે છે ને? પછી મંત્ર ગણે છે ને? ઝેર ઉતરે. એ ન ઉતરે, ઉતરે એ જુદી વાત છે. આ તો મંત્ર છે, જેમાં મિથ્યાત્વના ઝેર નીકળી જાય છે. આહાહા..! મિથ્યાત્વની શ્રદ્ધાએ તો લોકોને મારી નાખ્યા છે. સાધુ થયો, દિગંબર મુનિ થયો પણ પંચમહાવ્રત પાળ્યા એ રાગ એ ધર્મ છે એમ માન્યું. આહા..! એ મિથ્યાશ્રદ્ધા મહામિથ્યાત્વ છે. અરેરે..! ચાર શબ્દ છે.

શુદ્ધનયમાં એટલે કે નિર્વિકલ્પ ચૈતન્યવસ્તુ અભેદ અખંડાનંદમાં. એ વસ્તુ. હવે એકાગ્ર, એ વર્તમાન પર્યાય. સમજાય છે કાંઈ? ત્રિકાળી ધ્રુવ અનંત ગુણનો પિંડ દળ એ વસ્તુ. હવે એમાં એકાગ્રતા થવી એ પર્યાય. આહાહા..! 'एकाग्र्यम एव' એટલે નિશ્ચય. એકાગ્રતા નિશ્ચયથી કરવી. આહાહા..! અને 'कलयन्ति' એ નિશ્ચયથી એકાગ્રતા પણ '**અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ કરે છે...**' આહા..! અંતરમાં અખંડધારાએ જ્ઞાયકમૂર્તિમાં અંદરમાં 'कलयन्ति' અનુભવનો અભ્યાસ કરવો. રાગથી ભિન્ન ભગવાનનો અભ્યાસ કરવો. આ અભ્યાસ કરે છે ને? અંગ્રેજીની નિશાળના. પાપના. આ કહે છે, આ એક અભ્યાસ તો કર, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- ત્યાં અભ્યાસ કરીએ તો છડીનો માર પડે.

ઉત્તર :- ત્યાં માર પડે. અહીં અભ્યાસ નહિ કરે તો ચોર્યાસીના અવતારના માર પડશે. એમ કહે છે. બહારમાં બધા પૈસા કરોડો રૂપિયા થયા. (લોકો કહે), દાનવીર. વળી પેલા

'ખંડવા'વાળા કહે, જૈનરત્ન. બેય શેઠિયાઓના નામ આપે. આહા..! બાપુ! જૈન થવું એ મહાકઠણ છે.

જિનસ્વરૂપી ભગવાનને અનુભવમાં લેવો એ જૈન છે. આહાહા..! આકરી વાત, ભાઈ! ત્રિલોકનાથ પરમાત્મા જિનેન્દ્રદેવનું એ ફરમાન છે. ભાઈ! તેં સાંભળ્યું નથી. આહા..! તારી ચીજ તો અંતર અનંતજ્ઞાન, અનંતઆનંદનું દળ. શું કીધું એ? મોટી.. પાટ. બરફની પાટ (હોય) એમ આ શાંતરસની પાટ અંદર પડી છે. આહાહા..! શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એટલે? અકષાય સ્વભાવ. એવો અકષાયસ્વભાવથી ભરેલી પાટ એવો આત્મા છે. ભાઈ! તને ખબર નથી. આહાહા..! વીરડામાંથી જેમ પાણી ઉલેચે એમ અંદરથી નીકળ્યા જ કરે. વીરડો હોય ને? વીરડાને શું કહે છે? નદીને (કિનારે) રેતીમાં થોડા ખાડો કરે ને? પાણી ભરે. બહાર તો પાંચ શેર પાણી હોય. ભરતા ભરતા ભરતા અંદરથી નીકળ્યે જાય, પાણી આવ્યે જ જાય. આહાહા..!

એમ ભગવાનઆત્મા અનંત આનંદનો સાગર પ્રભુ, એમાં એકાગ્ર થતાં જે આનંદની ધારા આવે. આહાહા..! એ ધારા તૂટે નહિ. આહાહા..! એ અખંડ અભ્યાસ આનંદનો. ત્રિલોકનાથ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપમાં અખંડિતધારાપ્રવાહ અભ્યાસ કરીને. અંતરમાં એકાગ્રતાનો અખંડ અભ્યાસ કરીને. આહાહા..! 'સર્વ કાળ...' પાછું સદા. એક ક્ષણ કે એક સમય કર્યું એમ નહિ. આહાહા..! આ લીંડીપીપર હોય છે ને? લીંડીપીપર નહિ? છોટીપીપર. ચોસઠ પહોર ઘૂંટે છે ને? એમાં એક મિનિટ પણ વિસામો નહિ. 'વઢવાણ'માં કરતા હતા. અમારે 'ડાહ્યાભાઈ' હતા ને? 'ડાહ્યા જેઠા'. એ ઘરે પીપર ઘસતા હતા. ઘણા વર્ષની વાત, હોં! પોણોસો વર્ષ પહેલાની વાત. તો આઠ ભૈયા રાખે. ચાર સવારના અને ચાર રાતના. ઘસવામાં એક મિનિટનો ખંડ ન પડે. પીપર-લીંડીપીપર. ચોસઠ પહોર સુધી અખંડ ધારા. એક મિનિટ પણ ઘસ્યા વિના ન રહે ત્યારે ચોસઠ પહોરી પ્રગટ થાય. એ 'ડાહ્યા જેઠા' કરતા. પછી ગરીબને આપતા. કોઈપણ ગરીબ માણસ હોય (એને આપે). ગૃહસ્થ માણસ. કોઈ આવે તો રૂપિયાભાર, અડધો ભાર, પા ભાર જોઈતી હોય તો લઈ જાવ, લઈ જાવ. ગૃહસ્થ માણસ. આ શેઠ કરે છે ને? શેઠ હીરાની ભસ્મ બહુ કરે છે. એક તો પોતાનું છે અને કોઈક આવે એને આપે. હીરાની ભસ્મ ને ફલાણાની ને ઢીકણાની.. આપણને કાંઈ ખબર નહિ. ઘરે એટલી ભસ્મ રાખે છે.

અહીં કહે છે કે પરમાત્મા ત્રિલોકનાથ તું છો ને, નાથ! આહાહા..! અરે..! તારી ચીજની મહિમા અને માહાત્મ્ય તને આવ્યું નહિ, પ્રભુ! તેં માહાત્મ્ય રાગના ને પુણ્યના ને દયા ને દાનના, બહારની ચીજના માહાત્મ્ય આગળ પ્રભુ! તારા માહાત્મ્ય તું ભૂલી ગયો. આહાહા..! ભૂલી ગયો તારું માહાત્મ્ય. એકવાર તો પરના માહાત્મ્ય છોડીને સ્વનું માહાત્મ્ય કર. આહાહા..! નિરંતર અખંડધારા અભ્યાસ. જેમ ચોસઠ પહોરી પીપર ઘૂટે એમાં એક મિનિટ પણ (ખંડ ન પડે). વારાફરતી (ઘસે). એક થાકી જાય તો બીજા ભૈયા (ઘસે). ચોસઠ પહોર સુધી. આઠ, દસ, બાર ભૈયા રાખે. વારાફરતી કર્યા જ કરે. ચોસઠ પહોર. રાત્રે પણ (બંધ) નહિ. સુવાનું નહિ. આહાહા..! એમ પ્રભુઆત્મા.. આહાહા..! અંદર ચોસઠ પહોર નામ રૂપિયે

રૂપિયો જેમ તીખાશ-ચરપરાઈ પડી હતી તો પૂરી પ્રગટ થાય છે. એમ આત્મામાં પૂરેપૂરો આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા આદિ પૂર્ણ શક્તિનો પિંડ પડ્યો છે. આહાહા..!

એને '**અખંડિતધારાપ્રવાહરૂપ અભ્યાસ...**' અભ્યાસનો અર્થ '**कलयन्ति**'. આહા..! અંતર વસ્તુમાં એકાગ્ર થઈને અભ્યાસ કરતાં કરતાં.. આહાહા..! કેટલો કાળ? '**સદા કાળ;...**' પૂર્ણ પ્રગટ ન થાય ત્યાં સુધી લઢવું. એકાગ્રતા અંદર લઢવી. આહાહા..! આવો માર્ગ છે. અરેરે..! કંઈનો કંઈ માર્ગ કરી નાખ્યો લોકોએ. જિંદગીઓ એમ ને એમ ચાલી જાય છે. જૈન પરમેશ્વર જે માર્ગ કહે છે એ માર્ગની ખબરેય નહિ. અહીંયાં (કહે છે), '**સદા કાળ;..**' કેવી છે ચીજ? ભગવાનઆત્મા એ ચીજ-વસ્તુ કેવી છે? '**उद्धतबोधचिह्नम्**'. '**उद्धत**' જેનો જ્ઞાન પ્રગટ છે. આહાહા..! જ્ઞાનપર્યાયમાં લક્ષણ પ્રગટ છે. એ જ્ઞાનલક્ષણથી આખી ચીજ જ્ઞાનમાં આવે છે. આહાહા..! જ્ઞાન વર્તમાન જે પ્રગટ છે એ '**उद्धत**' છે. એ પ્રગટ જ્ઞાન કોઈને ગણતું નથી. આહાહા..! '**उद्धतबोध**', '**उद्धतबोध**' છે. જેમ માણસ નથી કહેતા કે આ માણસ ઉદ્ધત છે? એમ જ્ઞાનલક્ષણ કોઈને ગણકારતું નથી. આહા..! નિજ લક્ષણમાં રહેનારી જ્ઞાનપર્યાય '**उद्धतबोध**' એ બોધ જ્ઞાનગુણ ઉદ્ધત છે, સર્વ કાળ પ્રગટ છે. આહાહા..!

'**चिह्नम**' '**લક્ષણ જેનું,...**' શું કહે છે? આ પર્યાયમાં વર્તમાનમાં જ્ઞાન જણાય છે ને? રાગને જાણે, પરને જાણે એ જાણે તો જ્ઞાન જાણે છે ને? એ જ્ઞાનની પર્યાય પ્રગટ '**बोध चिह्न**' આત્માનું લક્ષણ ચિહ્ન પ્રગટ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત, ભાઈ! શ્લોક એવો આવ્યો છે. '**જ્ઞાનગુણ તે જ છે લક્ષણ જેનું...**' '**चिह्न**'. વર્તમાનમાં જ્ઞાનની પર્યાય પ્રગટ ઉદ્ધત કોઈને ગણતી નથી. હું જ્ઞાનલક્ષણ છું અને લક્ષણથી લક્ષ્ય જ્ઞાનમાં આવે છે. જ્ઞાનલક્ષણથી આત્માનું ભાન થાય છે. એવું લક્ષણ ઉદ્ધત છે. આહાહા..! આવો ઉપદેશ કેવો આ? પેલી વાતું એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા... તસ્સ મિચ્છામી દુક્કડમ્. જાવ. તાવ કાય ઠાણેણં માણેણં ઝાણેણં અપ્પાણં વોસરે. જાઓ, આત્મા વોસરાવ્યો. આત્મા શું ને વોસરાવવું શું, કાંઈ ખબરું ન મળે. આહાહા..! સિદ્ધાસિદ્ધિ મમ દિસ્સંત્તુ. સિદ્ધ ભગવાન સિદ્ધપદ દેજો. શું છે એની ખબરું ન મળે.

એક ફેરી 'લીંબડી'માં નહોતી વાત કરી? શેઠનો અપાસરો છે ને? શેઠનો અપાસરો. 'લીંબડી'માં બે અપાસરા-એક સંઘવીનો વીસાશ્રીમાળીનો અને એક દસાશ્રીમાળીનો. ઘણા વર્ષ પહેલા વીસાશ્રીમાળીને અને દસાશ્રીમાળીને બેયને તકરાર હતી. વિરોધ હતો. એમાં દસાશ્રીમાળીની એક ડોસી સામાયિક કરવા બેઠી. એમાં આવ્યું, વિહુયરયમલા. આવે છે ને? લોગસ્સમાં નથી આવતું? વિહુયરયમલા. અર્થની ખબર ન મળે. પછી ઓલી વીસાને અને દસાને તકરાર હતી ને? બાઈ બોલી કે વીસા રોઈ મળ્યા. વિહુયરયમલા શબ્દ છે. વીસા રોઈ મળ્યા. પેલી કહે, આપણી તકરાર અહીં ક્યાંથી આવી? લોગસ્સમાં ક્યાંથી આવી આ? 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા' ગડિયાની પણ ખબર ન મળે. સમજાણું કાંઈ? ત્યારે પેલા કહે, આપણે વીસા ને દસાને તકરાર, આમાં ક્યાં આવી? જુઓ તો ખરા.

આ પાઠમાં ક્યાંથી આવી? જોયું તો વિહુયરયમલા. હે નાથ! પરમાત્મા! આપ વિ-વિશેષે, હુય-ટાળ્યા છે રજ. કર્મરૂપી જડ રજ-મળ. અને પુણ્ય-પાપના ભાવ જે વિકારી અરૂપી એ મળ. રજ એ જડ. વિહુયરયમલા. ટાળ્યા વિ-વિશેષે, હુય નામ જેમ પંખણી, ધૂળ હોય એ આમ ખંખેરે, એમ આત્મા આનંદના સ્વરૂપમાં રમતા હે નાથ! આપે તો વિશેષે હુય નામ ટાળ્યા છે. જડ આઠ કર્મની રજું અને મળ એટલે પુણ્ય-પાપના મલિન ભાવ. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મળ છે. પ્રભુ! આપે તો ટાળ્યા છે. વિહુયરયમલા. એવો અર્થ છે. લોગસ્સના બોલનારને ખબર ન મળે. જય નારાયણ! કર્યો હતો કે નહિ? ત્યારે લોગસ્સ-બોગસ્સ કરતા હતા ને? સાથે કરતા હતા, પંડિતની સાથે. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! આહા..! જુઓ! ત્યાં રયમલામાં બે શબ્દ પડ્યા છે. રજ એટલે કર્મરજ-આઠ કર્મની ધૂળ. અને મળ એટલે પુણ્ય-પાપના ભાવ જે મેલ છે એ. ભાવકર્મ. રજ દ્રવ્યકર્મ. બેયને પ્રભુએ ટાળ્યા છે. સમજાય છે કાંઈ? આવે છે ને લોગસ્સમાં? અર્થની ખબર છે? જય ભગવાન. ગડિયો ગોખી જાય. આહાહા..!

**'જ્ઞાનગુણ તે જ છે લક્ષણ જેનું...'** આહાહા..! શું કહે છે? જેમ રૂનું ધોકડું હોય મોટું. ધોકડાને શું કહે છે? ગાંઠ. મોટી પચ્ચીસ મણ. એમાંથી રૂનો નમૂનો કાઢે ને? નમૂનો (છે) એવું આખું રૂ છે. એમ આત્માની વર્તમાન પ્રગટ પર્યાયમાં જ્ઞાન જેનું ચિહ્ન છે. એ દ્વારા આખો આત્મા જાણવામાં આવે છે. આહાહા..! **'જ્ઞાનગુણ તે જ છે લક્ષણ જેનું, એવો છે; શું કરીને? કોઈ પણ રીતે મનમાં પ્રતીત લાવીને;...'** આહાહા..! કોઈપણ રીતે પુરુષાર્થની જાગૃતિથી ભગવાનઆત્મા જાગૃતસ્વરૂપ, જાગૃતસ્વરૂપ. ત્રિકાળ જાગૃતસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ. કોઈપણ પ્રકારે જાગૃતિની પર્યાય દ્વારા. આહાહા..! જ્ઞાન ચિહ્ન કીધું ને? એને જાગૃતિ કીધી. આહાહા..!

**'કોઈ પણ રીતે મનમાં...'** જ્ઞાનલક્ષણ દ્વારા પ્રતીતિ લાવીને. આહાહા..! આ વિધિ. **'કોઈ પણ રીતે...'** કોઈ પણ પુરુષાર્થ દ્વારા. કાળલબ્ધિ દ્વારા, પુરુષાર્થ દ્વારા, સ્વભાવ દ્વારા. આહાહા..! કોઈપણ પ્રકારે અંતર્મુખમાં પ્રતીતિ લાવીને. હું તો ભગવાન પૂર્ણ છું, એમ જ્ઞાનની પર્યાયમાં જે એનું ચિહ્ન છે તેના દ્વારા પ્રતીતિ લાવીને. **'ते एव समयस्य सारम् पश्यन्ति'** આહાહા..! **'ते एव'** **'તે જ જીવો...'** **'ते एव'** એમ છે ને? તે જ. એમ. આવો જે જીવ છે, અંદર આનંદકંદમાં રમે છે. આહાહા..! સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અંતરમાં રમે છે આહાહા..! એને આત્મા પ્રાપ્ત થાય છે, એમ કહે છે. **'તે જ જીવો...'** એટલે કે તે જ નિશ્ચય જીવ.

**'समयस्य सारम्' 'સકળ કર્મથી રહિત, અનંતચતુષ્ટયે બિરાજમાન...'** ભગવાન પ્રગટ થાય છે. એકદમ કેવળજ્ઞાન લીધું. અંતરમાં અભ્યાસ કરતાં કરતાં સમ્યગ્દર્શન પ્રગટ થયું. અનંત ચતુષ્ટય અંદર બિરાજમાન છે એ પ્રગટ થયા. અને વિશેષ અંદરમાં અનુભવ કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા..! એટલે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરવાની રીત પણ અંતરના અનુભવનું સાધન. આહાહા..! એ બધા વ્રત ને તપ ને ભક્તિ ને એ તો બધો શુભરાગ છે. એ કોઈ સાધન-ફાધન છે નહિ. આહા..! બહુ આકરું કામ. આખી દુનિયાથી વિરૂદ્ધ. આહાહા..!

અમારા બાપ-દાદા કરતા આવ્યા એ બધું ખોટું? એમ કેટલાક કહે છે. પણ પૂર્વના તારા

કોઈ બાપ હતા એ મોક્ષે ગયા છે, એ તને ખબર નથી? અનંત બાપ થયા છે. અનંત ભવમાં અનંતા બાપમાં કેટલાક બાપ તો આત્માનું ભાન કરીને મોક્ષ ગયા છે. અને કેટલાક બાપ ને મા પડ્યા છે આ પીપળામાં, લીમડામાં. એક પાંદડામાં તારા પૂર્વના મા-બાપ પડ્યા છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. એની ઓથ લઈને એણે કર્યું માટે (અમે કરીએ છીએ). પણ સત્ય શું છે? આહાહા..! અમારો બાપ-દાદાનો માર્ગ મુકાય નહિ. એમ કેટલાક કહે છે. બાપ-દાદા તો ઓલી નહોતી પહેરતા? ટોપી પહેરતા. ઈ કેમ છોડી દીધી? પાઘડી પહેરતા. 'બાબુભાઈ' કહે છે. કેડિયા હતા. આમ કેડિયુ હતું. બે કસ બાંધેલું. આહાહા..! તારો બાપ કરતા એ કરે છે, તો એ છોડી દીધું. આ સત્ય હોય તો ખોટું છોડી દે. સમજાય છે કાંઈ?

**'સકળ કર્મથી રહિત, અનંત ચતુષ્ટયે બિરાજમાન...'** પરમાત્મા આત્મા **'પરમાત્મપદને...'** આવા આત્માના અંતરમાં રાગ ને વિકલ્પથી રહિત સ્વરૂપમાં એકાગ્રતાના અભ્યાસ દ્વારા એને પર્યાયમાં પરમાત્મપદ પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ :- પ્રગટ..

ઉત્તર :- હા, પ્રગટ, પ્રગટ થાય છે. શક્તિરૂપે તો આત્મા પરમાત્મા છે જ. પર્યાયમાં પ્રગટ થાય છે. એનલાર્જ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! વસ્તુમાં તો પરમાત્મસ્વરૂપ જ આત્મા અનાદિથી છે. શક્તિ અને સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ એની શક્તિ છે. આહાહા..! એણે પામર તરીકે માન્યું છે. હું માણસ છું ને હું રાગ છું ને હું પુણ્ય છું, હું લક્ષ્મીવાળો ને હું દરિદ્ર છું ને સ્ત્રી છું ને પુરુષ છું ને હિજડો છું. માન્યું છે, એવી ચીજ નથી એ. આહા..! સમજાય છે કાંઈ? પ્રગટ. **'पश्यन्ति'** નો અર્થ પ્રગટ કર્યો. દેખે છે એમ પછી ભાષા છે. જે કોઈ આત્મામાં પૂર્ણ આનંદના નાથમાં એકાગ્રતાનો અંતર અભ્યાસ કરે છે એ પૂર્ણ આત્માને દેખે છે. દેખે છે એનો અર્થ પ્રગટ કરે છે. એમ અર્થ કર્યો. સમજાય છે કાંઈ? આવો ઉપદેશ. શું કહે છે આમાં? નવી જાતનો ઉપદેશ. બાપુ! ભગવાનનો માર્ગ અનાદિનો આ છે. નવી જાતનો નથી, ભાઈ! તને ખબર નથી. અનાદિઅનંત તીર્થંકરો (આમ જ કહે છે). મહાવિદેહમાં તો પ્રભુ બિરાજે છે, એ જ ઉપદેશ ત્યાં ચાલે છે. અહીંયાં પણ 'મહાવીર' પરમાત્મા આદિ અનંત તીર્થંકરો આ જ માર્ગે ચાલ્યા છે અને આ માર્ગ કહ્યો છે. પણ એ વાત અત્યારે બહારમાં લોપ જેવી થઈ ગઈ. બીજે રસ્તે ચડી ગયા. જે માર્ગ નથી તે રસ્તે ચડીને (માર્ગ માને છે). આહાહા..!

અહીં કહે છે કે પ્રભુ! પૂર્ણાનંદનો નાથ પાતાળ કૂવે એકવાર ફોડ. આહાહા..! પાતાળ કૂવો. નહોતું કહ્યું? 'જનડા' 'બોટાદ' પાસે 'જનડા' ગામ છે. અમે ત્યાં નીકળ્યા હતા. અઢાર કોષ વહે છે, અઢાર કોષ પાણી. અઢાર કોષ સમજો છો? રેંટ. પાણી. ખૂટે નહિ. અંદર પાતાળમાંથી પાણી આવ્યું છે. એક માણસે કૂવો ખૂબ ખોદેલો. ખોદતા ખોદતા થાકી ગયો અને છોડી દીધો. પાતાળ પાણીમાં એકાદ પત્થર રહી ગયો. એક પત્થર. નીચે પાતાળ પાણી. થાકી ગયો તો છોડી દીધું. એમાં એક જાન આવી. બારાત. જમવા બેઠી. કૂવો છે તો પાણી હશે એમાં. આમ જોવે તો પાણી ન મળે. અરે..! દસ, સાડા દસ વાગેલા. એમાં એક જણો કહે, ઉપર પચ્ચીસ મણનો છે. નાખો એમાં. નાખ્યો ને પાતાળમાંથી પાણીની શેડ ફૂટી. શેડ

ફૂટી અંદરથી જોરદાર. કારણ કે નીચે પાતાળમાં પાણી ચાલ્યું જાય છે ને. એકદમ પાણી બધા ભરવા માંડ્યા. જાન હતી તે ખાય-પીને (જતી રહી). ત્યારથી અઢાર કોષ ભરાય છે.

એમ ભગવાનનો પાતાળ કૂવો... આહાહા..! જેમાં અનંત જ્ઞાન, આનંદ અંદરમાં પડ્યા છે. એ પાતાળમાં રાગની એકતાની જે તડ હતી એ તોડી નાખી. આહાહા..! અને સ્વભાવની એકાગ્રતાની જાગૃતિમાં-જાગૃતમાં જાગૃતિ પ્રગટ કરી. પ્રગટ કરતાં કરતાં એને પરમાત્મા પ્રગટ થાય છે, કહે છે. ત્યારે અરિહંતપદ પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ?

**'કેવું પામે છે?' 'बन्धविधुरम्'** વિધુર, વિધુર. આ માણસ નથી કહેતા? પત્ની મરી જાય તો પતિ વિધુર થઈ ગયો. પતિ મરી જાય તો પત્ની વિધવા થઈ ગઈ. એમ કહે છે. પત્ની મરી જાય તો પતિ વિધુર થયો, વિધુર. અને પતિ મરે ત્યારે પત્ની વિધવા થઈ ગઈ. એમ અહીં કહે છે કે જ્યારે આત્મા.. આહાહા..! પોતાના સ્વરૂપનો અનુભવ કરતાં પરમાત્મા થયો તો બંધથી વિધુર થઈ ગયો-બંધનો નાશ થઈ ગયો. આહાહા..! વિધુર શબ્દ છે ને? **'बन्धविधुरम्'**. આહાહા..! **'અનાદિ કાળથી એકબંધપર્યાયરૂપ ચાલ્યો આવ્યો હતો...'** અનાદિથી રાગની પર્યાયમાં એકત્વ ચાલ્યું આવ્યું હતું અને **'જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ, તેનાથી સર્વથા રહિત છે.'** આહાહા..! વિધુરમ્‌નો અર્થ કર્યો. આત્મા કર્મબંધનથી રાંડ્યો. વિધુર થઈ ગયો. આહાહા..! પ્રભુ! તું પૂર્ણ જાગ્યો અને બંધનો નાશ થઈ ગયો, એમ કહે છે. પૂર્ણ દશાની ઉત્પાદ દશા થઈ, બંધની પર્યાય નાશ પામી અને ધ્રુવનો આશ્રય તો છે. આવો ધર્મ ને આ શું કહે છે પણ? આ સામાયિક કરવી ને પોષા કરવા ને પડિકમણા કરવા. કાંઈ નહોતું એવી વાતમાં. ધૂળનીય સામાયિક નહોતી. સામાયિક ક્યાં હતી તારે? આત્માની ચીજ છે એની પ્રતીતિ અને અનુભવ નથી, એ વિના સમતા આવી ક્યાંથી? આહાહા..! સામાયિક તો સમતાનો લાભ. આય-લાભ સમતાનો. સમતાનો લાભ થાય એને સામાયિક કહે છે. સમતા વીતરાગમૂર્તિ પ્રભુ, એની પ્રતીતિમાં જ્ઞાનમાં આવ્યો નહિ તો પ્રતીતિમાં વીતરાગતા આવી નહિ, તો પર્યાયમાં વીતરાગતા આવી કયાંથી? અરે..! ગપેગપ ચલાવ્યું છે બધાએ. આહા..!

**'बन्धविधुरम्'** બંધથી રહિત થયો. **'ભાવાર્થ આમ છે કે-સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ.'** રાગાદિ અને કર્મનો નાશ થઈ ગયો. પરમાત્મા પર્યાયમાં શુદ્ધ થયા. વસ્તુ તો શુદ્ધ હતી. વસ્તુ તો પવિત્ર-શુદ્ધ હતી. એમાં અંતર એકાગ્રતા કરતા કરતાં પર્યાયમાં-અવસ્થામાં શુદ્ધ પરમાત્મા થઈ ગયો. આરે..! આવી વાતું. એક કલાકમાં શબ્દો બધા બીજી જાતના. અત્યાર સુધી સાંભળ્યું હોય એ માયલું કાંઈ આવે નહિ એમાં. શું થાય? ભાઈ! બાપુ! એ માર્ગ પડ્યો રહ્યો, ભાઈ! આહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર આત્માના પંથમાં-માર્ગમાં જવું, એ મારગડા કોઈ અલૌકિક છે. આહા..! અંતરમાં આનંદસ્વરૂપ ભગવાનમાં એકાગ્રતા થઈ અનુભવ કરતાં કરતાં નિરંતર ધારાએ, રાગથી ભિન્ન ભેદજ્ઞાન કરતાં કરતાં આગળ પૂર્ણ દશાની જ્યાં પ્રાપ્તિ થઈ, અરિહંતપદ થયું તો **'बन्धविधुरम्'** બંધનો નાશ થઈ ગયો. આહા..! અનાદિ કાળનો બંધ હતો એનો નાશ થયો.

**'તેની પ્રાપ્તિ થાય છે...' 'સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે...'** વાંચન ઝીણું છે, ભાઈ! આ શેઠ ઘરે વાંચે તોપણ સમજાય એવું નથી. પૈસાનું બધું સૂઝે એને.

એ.. શેઠ! આ શબ્દના અર્થ પણ સમજે નહિ. પુસ્તક તો હશે ઘરે. પુસ્તક તો છે ને. અમારા શેઠ તો વાંચે છે ને. શેઠને તો રસ વધારે છે. આહાહા..! બાપુ! એની એક કડી પણ કઠણ. **'સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ, તેની પ્રાપ્તિ થાય છે...'** આહાહા..! **'શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા.'** શું કહે છે? શુદ્ધની પ્રાપ્તિ કઈ રીતે થઈ? કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતા થકા. આહાહા..! આત્મા અરિહંતપદને પ્રાપ્ત થયો એ મોક્ષ-ભાવમોક્ષ છે. કર્મ છૂટી જશે તો દ્રવ્યમોક્ષ-સિદ્ધ થશે. એ મોક્ષ કઈ રીતે થયો? આહા..! **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતા થકા.'** આહાહા..! કહો, 'શાંતિભાઈ'! છે કે નહિ? કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ કરતા કરતા મોક્ષ થયો છે, એમ નહિ. એનાથી તો ભિન્ન પડ્યો. આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

ભગવાનઆત્મા પવિત્ર પિંડ પ્રભુ શુદ્ધ ત્રિકાળ, એનો વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં, એ શુદ્ધ સ્વરૂપનો વર્તમાનમાં રાગ અને વિકલ્પથી રહિત પવિત્રતાનો અભ્યાસ કરતાં કરતાં.. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે પવિત્ર છે, એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે. સમજાય છે કાંઈ? ઓહો..! એક શ્લોકે તો કમાલ કરી નાખી! અરે..! પ્રભુ! તને લાગે તો ને. દુનિયાની સાથે જોવા જશો તો મેળ નહિ ખાય. વીતરાગ પરમાત્માનો માર્ગ આ છે. શું? શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં શુદ્ધતા પ્રાપ્ત થઈ, એમ કહે છે. એ સિદ્ધપદ કેમ પ્રાપ્ત થયું? કે શુદ્ધ પરમાત્મા પોતાનો એનો પર્યાયમાં અનુભવ (કરતાં થઈ). શુદ્ધ તો ત્રિકાળી છે. એની પર્યાયમાં શુદ્ધતા. પુણ્ય-પાપના ભાવ તો અશુદ્ધ છે. એનાથી રહિત શુદ્ધતાનો અનુભવ કરતાં કરતાં મોક્ષ પ્રાપ્ત થાય છે. આહાહા..! પેલા એમ કહે, વ્રત કરો ને અપવાસ કરો. વ્રત કરો એ સંવર છે અને અપવાસ કરો એ નિર્જરા છે. અરે..! ભગવાન! ક્યાં મરી ગયો? એવા અપવાસ મહિના, બે-બે મહિનાના અનંતવાર કર્યા છે અને વ્રત, પંચમહાવ્રત તો અનંતવાર લીધા અને પાળ્યા છે. એ તો આસ્રવ છે. આસ્રવ અધિકાર છે ને? એ તો આસ્રવ છે. એનાથી મોક્ષપ્રાપ્તિ થાય છે? એનાથી તો બંધ થાય છે. આહાહા..! બહુ ફેર. એમાં જિંદગી ચાલી જાય. થઈ રહ્યું, જાઓ! ચોર્યાસીની ભવાબ્ધિ. ભવરૂપી અવધિ-દરિયો મોટો ચોર્યાસી લાખ યોનીનો. ત્યાં અવતરીને કેટલા અવતાર કરશે! આહાહા..! એને છૂટવાનો તો એક રસ્તો આ છે. સમજાય છે કાંઈ?

**'કેવા છે તે જીવો?'** હવે એ જીવ કેવા છે? **'रागादिमुक्तमनसः'** **'मनसः'** શબ્દ લીધો છે પણ પરિણામ લેવા. રાગાદિ વિમુક્ત જેના પરિણામ છે. એમ. શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં (એમાં) અસ્તિ લીધી. અને રાગ-દ્વેષ-મોહથી રહિત. આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ રાગ છે એનાથી રહિત અને શુદ્ધતાનો અનુભવ કરતાં કરતાં અને અશુદ્ધતાનો નાશ કરતાં કરતાં. અસ્તિ-નાસ્તિ. **'પરિણામ જેમના, એવા છે.'** આહાહા..! **'વળી કેવા છે?'** વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧૩, સોમવાર, તા.૧૦-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૦, ૧૨૧ પ્રવચન - ૧૧૮

'કળશટીકા', ૧૨૦ કળશ. છેલ્લી લીટી છે ને થોડી? ભાવાર્થથી ફરીવાર. છેલ્લો ભાવાર્થ છે ને? છ-સાત લીટી. ૧૨૦ કળશ. **'સકળ કર્મના ક્ષયથી થયો છે શુદ્ધ...'** શું કહે છે? કે આત્મા જે અંદર વસ્તુ છે એ તો શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ (છે). એ શુદ્ધ ધ્રુવનો પર્યાયમાં અનુભવ કરે છે, એ શુદ્ધનો અનુભવ કરે છે. વર્તમાન પર્યાયમાં જે રાગ-દ્વેષનો અનુભવ અનાદિથી છે એને છોડીને શુદ્ધ ધ્રુવ શુદ્ધ, અંદર સર્વજ્ઞ સ્વભાવ પડ્યો છે. આત્મામાં ધ્રુવમાં સર્વજ્ઞસ્વભાવ પડ્યો છે. સર્વજ્ઞસ્વરૂપી પ્રભુઆત્મા છે, એ સર્વજ્ઞસ્વરૂપી તે શુદ્ધ છે. એ શુદ્ધ એની, **'પ્રાપ્તિ થાય છે...'** કર્મનો નાશ કરીને આવા શુદ્ધની પર્યાયમાં પ્રાપ્તિ થાય છે. આહાહા..! કેવી રીતે? **'શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતા થકા.'** આહા..! જ્યાં અંતરમાં અવિનાશી શુદ્ધતા ધ્રુવમાં શુદ્ધતા (ભરી છે), એ ધ્રુવ શુદ્ધ છે, એ શુદ્ધની વર્તમાન દશામાં, એ શુદ્ધનો અનુભવ કરતાં, શુદ્ધ સન્મુખ થઈને અનુભવ કરતાં પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત થાય છે. આહાહા..!

**'કેવા છે તે જીવો?'** આહાહા..! શક્તિરૂપ અને પવિત્ર ધ્રુવરૂપ આનંદ ને સર્વજ્ઞ શુદ્ધસ્વરૂપી પ્રભુઆત્મા છે. એમાં વર્તમાન પર્યાયમાં એના ઉપર દૃષ્ટિ કરવાથી અને એનો અનુભવ કરવાથી. આહાહા..! સર્વ કર્મનો ક્ષય થઈને પર્યાયમાં, શક્તિમાં જેટલી પૂર્ણ શુદ્ધતા છે, એવી પર્યાયમાં શુદ્ધતા આનંદસહિત પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આકરી વાત, ભાઈ! એને જ્યાં સુધી પોતાનું દ્રવ્ય શુદ્ધ છે, એ સિવાય અનેરા અનેક પદાર્થમાં વિશેષતા ભાસે છે ત્યાં સુધી અંતરમાં જઈ શકે નહિ. આહાહા..! જ્યાં ખાસ ચીજ પડી છે, અનંત આનંદ અને અનંત સર્વજ્ઞપણું.. આહા..! જેના ધ્રુવ દળમાં શુદ્ધ આનંદકંદ પડ્યો છે, એની જ્યારે મહિમા આવે ત્યારે એને પરની મહિમા છૂટી જાય છે. ચાહે તો શરીર હો, લક્ષ્મી હો, આબરૂ હો, પુણ્ય-પાપના ભાવ હો, આહાહા..! એની અધિકતા, વિશેષતા છૂટી જાય છે. આહા..!

નિજ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જે ધ્રુવમાં શુદ્ધતાને તળિયે જે પર્યાય અંદર ગઈ.. આહાહા..! તો પર્યાયમાં શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે. આવી વાતું હવે. આમાં ધર્મ કરવો કોને સૂઝે? ભાઈ! જેને ધર્મ કરવો છે એને ધર્મ તો વીતરાગી પર્યાય ધર્મ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ત્રણે વીતરાગી પર્યાય છે. તો વીતરાગસ્વરૂપ શાંતસ્વરૂપ તળમાં, દળમાં, ધ્રુવમાં એકલી શાંતિ શાંતિ શાંતિ શાંતિ અકષાયસ્વભાવ, વીતરાગસ્વભાવનો આશ્રય કરીને, એની મહિમામાં જે રુચિ અને સ્થિરતા થાય છે એ બધી શુદ્ધ છે. સમજાય છે કાંઈ? જ્યાં પર્યાયમાં વિશેષ ક્ષયોપશમ હોય એની પણ જ્યાં વિશેષતા છૂટી જાય છે. એનાથી અધિક, **'णाणसहावाधियं मुणदि आदं'** ૩૧ ગાથા. જ્ઞાન અને આનંદ સ્વભાવથી પર્યાયથી અધિક-

ભિન્ન પ્રભુ પડ્યો છે. આહાહા..! એની શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ. શાંતિ.. એ શાંતિને સ્પર્શ કરવાથી પર્યાયમાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય એ શાંતિનો અનુભવ છે. એનાથી આઠ કર્મનો ક્ષય થઈને પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે. આટલી શરતું છે. આહાહા..!

'**रागादिमुक्तमनसः**' જેના પરિણામમાં શુદ્ધતા થઈ, શુદ્ધતા શક્તિરૂપે પરમાનંદરૂપે છે, એના સન્મુખ થઈ અનુભવ કરતાં વર્તમાન પર્યાયમાં શુદ્ધતા-પવિત્રતા થઈ, તે સ્થાનમાં રાગ-દ્વેષના પરિણામ થતાં નથી. આહાહા..! આવી વાતું હવે. '**रागादिमुक्तमनसः**' '**રાગ-દ્વેષ-મોહથી રહિત છે પરિણામ જેમના,...**' જેના પરિણામ-પર્યાય ત્રિકાળી પરમાત્મા શાંતરસનો કંદ નાથ, એની દૃષ્ટિ થઈ અને એમાં સ્થિર થયો તો પર્યાયમાં શાંતિ.. શાંતિ-વીતરાગતા (પ્રગટ થઈ). એ સમયમાં એને રાગ-દ્વેષ-મોહના પરિણામ રહિત છે. શુદ્ધ પરિણામ સહિત છે, વિકાર પરિણામ રહિત છે, ધ્રુવનો આશ્રય લીધો છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

'**વળી કેવા છે?**' '**सततं भवन्तः**' આહાહા..! જેમ અનાદિ અજ્ઞાની નિરંતર રાગ અને દ્વેષનો અનુભવ કરતો હતો. આહા..! '**सततं भवन्तः**' ભગવાનઆત્મા સ્વરૂપથી જ્યાં જાગી ઉઠ્યો તો જેમ એ સ્વરૂપ નિરંતર ધ્રુવ છે તો પરિણતિમાં નિરંતર શુદ્ધતા જ છે. આહાહા..! આવી વાત હવે. આહા..! '**सततं भवन्तः**' '**નિરંતરપણે એવા જ છે.**' આહાહા..! ધર્મીજીવને ધર્મ જે વીતરાગતા અંતરમાંથી પ્રગટ થઈ હોય, એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો રાગ છે, એ ધર્મ નહિ. આહાહા..! આવી વાત, પ્રભુ! એ રાગ ને મોહથી તો જેના પરિણામ રહિત છે. આવ્યું ને? આહાહા..! અને અંતર પ્રભુ સર્વજ્ઞ અને સર્વ આનંદ ધ્રુવમાં ભર્યો છે, એનો અનુભવ કરતાં. '**सततं भवन्तः**' નિરંતર શુદ્ધ પરિણતિનું થવું જ થાય છે. આહાહા..! આ શું આવું? આવો માર્ગ છે, ભાઈ! સમજાય છે કાંઈ? '**सततं भवन्तः**' નિરંતર આમ જ છે. જે આત્મા પવિત્ર ભગવાન પિંડ પડ્યો છે, એ તરફ ઝુકવાથી જે વીતરાગી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ થઈ એ નિરંતર '**भवन्तः**' એ કાયમ રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આ બહારનો મોહ મારી નાખે છે ને. અંદરની સાવધાની છોડી.. મોહ શબ્દે પરમાં સાવધાની. આહાહા..!

શુભ અને અશુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને કામ, ક્રોધ, માન, માયાના ભાવ બેય વિકાર છે. વિકારમાં સાવધાની એ જ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેણે એ પરમાં સાવધાની છોડી દીધી અને ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા-પવિત્ર આનંદકંદ પ્રભુઆત્મામાં જેણે સાવધાની કરી એ નિરંતર રહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ચાહે તો શુભ-અશુભરાગ આવે છે છતાં શુદ્ધતા તો નિરંતર રહે છે. એને ધર્મ અને ધર્મી કહીએ. આહાહા..! આવો ધર્મ.

'**ભાવાર્થ આમ છે...**' શું કહે છે? કે આત્મા જે દ્રવ્યસ્વભાવ પવિત્ર શુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું, શુદ્ધતા થઈ તો સ્વમાં પ્રમાદરહિત એનો પ્રયત્ન વર્તે છે. કોઈ સમયે આમ હશે અને કોઈ સમયે પ્રમાદ કરશે એવું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો

માર્ગ કેવો? અત્યારે તો કહે, વ્રત કરો ને અપવાસ કરો ને તપસ્યા કરો, આ ઉપધાન કરો. હોળી છે બધી. રાગની ક્રિયા એ તો સંસાર છે. ભાઈ! તને ખબર નથી. પ્રભુ! તું એ રાગરૂપ છો જ નહિ. આહાહા..! એ તો વીતરાગી શાંતરસનો કંદ છે, દળ છે. એનો અનુભવ કરવાથી નિરંતર શુદ્ધ પરિણતિ વહે છે. અને ક્યારેક પ્રમાદ થઈ જાય અને ક્યારેક નિરંતર રહે, એમ નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? હજી તો પહેલી ચીજ શું છે એ સમજવી કઠણ પડે. આહા..! અરે..! જિંદગી ચાલી જાય. નિર્ધનપણામાં નિર્ધનતામાં દુઃખ માની ચાલી જાય, સધનપણામાં અમે સધન છીએ, એવી માન્યતામાં ભ્રમણામાં જિંદગી ચાલી જાય છે. આહાહા..!

મારો નાથ આત્મા અતીન્દ્રિય આનંદ શાંતરસથી (ભરેલો છે). શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ એવો જે મારો સ્વભાવ એ ધ્રુવ પડ્યો છે. એની અંદર જતાં જેની શુદ્ધધારા નિરંતર હોય એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,..**' ઘણો કાળ તો રાગ અને પુણ્યમાં રહે છે, એમ કહે છે. '**ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે,...**' શું કહે છે? આહાહા..! ઘણો કાળ તો ધર્મીજીવ રાગમાં, પુણ્ય ને દયા, દાનમાં રહેતો હશે. એ તો પ્રમાદ છે. આહાહા..! '**પણ એમ તો નથી,...**' '**ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે,...**' કોઈ સમયે એવી શુદ્ધિ પરિણતિ રહે છે એમ નથી. આહાહા..! આવો માર્ગ છે.

જિનેશ્વરદેવ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવનો આ પોકાર છે, અરે..! દુનિયા સાંભળ તો ખરી એકવાર. તારા અંતર ખજાનામાં મહા ભંડાર પડ્યો છે ને, પ્રભુ! તને ખબર નથી. તારા અંતર ખજાનામાં તો અનંત આનંદ, અનંત શાંતિ, અનંત પ્રભુતા, અરે..! સર્વજ્ઞપણું જ પડ્યું છે આખું. એના ઉપર દૃષ્ટિ પડતાં તેના સ્વરૂપમાં સાવધાન થતાં એ સાવધાનપણું નિરંતર વર્તે છે. આહાહા..! કોઈ સમયે વર્તે અને ઘણો સમય બહાર આમ દેખાય ને કે આ રાગમાં વર્તે છે, દયામાં ને પૂજા, ભક્તિમાં વર્તે છે માટે એમાં જ વર્તે છે, એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જાણે ધર્મી તો પૂજામાં, ભક્તિમાં, ભગવાનની સ્તુતિમાં વર્તે તો એ તો રાગ છે. એટલે એ વખતે રાગમાં જ વર્તે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ સમયે પણ શુદ્ધતામાં જ વર્તે છે. આહાહા..! છે ને? કેટલી ટીકા કરી છે, જુઓને! આહાહા..! એમ કેમ કહ્યું?

'**સર્વ કાળ પ્રમાદી રહે છે,...**' એટલે ઘણો કાળ તો એમ લાગે કે કોઈ વેપારી હોય તો વેપારમાં બેઠા હોય, વાંચનમાં બેઠા હોય, ભગવાનની ભક્તિમાં બેઠા હોય તો એ તો શુભરાગ છે. એ તો પ્રમાદ છે. તો ઘણો કાળ તો ત્યાં રહેતા હશે અને કોઈ કાળ શુદ્ધ સ્વરૂપની પરિણતિમાં આવતા હશે. એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- હમેશાં પોતામાં જ રહે છે?

ઉત્તર :- દ્રવ્યની જે શુદ્ધિ પ્રગટી છે એ શુદ્ધિ કાયમ રહે છે. ભલે રાગ આવો, પણ રાગ વખતે પણ રાગથી પૃથક્ શુદ્ધતામાં જ વર્તે છે. રાગમાં નહિ.

મુમુક્ષુ :- ... કહે છે, પ્રમાદમાં વર્તે છે.

ઉત્તર :- હા, એ પ્રમાદ છે. આહાહા..!

મુમુક્ષુ :- ... એ પ્રમાદ છે.

ઉત્તર :- પ્રમાદ છે. ભગવાનની ભક્તિનો ભાવ-રાગ પણ પ્રમાદ છે. શાસ્ત્રશ્રવણનો ભાવ-રાગ એ પ્રમાદ છે. આહાહા..! ઉપદેશ કરવો, એનો વિકલ્પ રાગ એ પ્રમાદ છે. આહાહા..! તો ઘણો કાળ તો એવો દેખાય છે ને. એવું તને દેખાય છે. એવું છે નહિ. આહાહા..! એ રાગને કાળે પણ પોતાના સ્વભાવની શુદ્ધતામાં જ વર્તે છે. આહાહા..! આવો જિનેશ્વરનો માર્ગ છે. બાપુ! જિનેશ્વર.. આહાહા..! અત્યારે તો માર્ગને રાગ ને પુણ્ય ને દયા, દાન ને વ્રત, ભક્તિમાં સમાડી દીધો. અરે..! પ્રભુ! એમાં કલ્યાણ નથી. નાથ તારો ઉદ્ધાર એમાં નથી.

સચ્ચિદાનંદ પ્રભુ અંદર નિધાન પડ્યું છે ને, નાથ! ભગવત્સ્વરૂપ તું છો. આહાહા..! તારો શુદ્ધ સ્વભાવ તો ભગવાનસ્વરૂપ જ છે. આહાહા..! એ સ્વરૂપનો જ્યાં અનુભવ થયો તો જેમ રાગ અને દ્વેષનું વેદન અનાદિકાળથી નિરંતર હતું, એક સમય પણ વચ્ચે ખંડ નહોતો પડતો, આહાહા..! એમ ભગવાનઆત્મા શુદ્ધનું ભાન સમ્યગ્દર્શન, જ્ઞાનમાં થયું અને સમ્યગ્દર્શન, જ્ઞાનની શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થઈ, એ શુદ્ધમાં જ વર્તે છે. કહો, 'હિંમતભાઈ'! આ શબ્દ કેમ મૂક્યો છે? **'કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,...'** એટલે? આહાહા..! ધર્મી-સમકિતી જીવને કોઈ એમ જુએ કે આ તો ખાવામાં, પીવામાં, ભક્તિમાં, પૂજામાં, દાનમાં, વ્રતમાં વર્તે છે ને? રાગની ક્રિયા છે એમાં (વર્તે છે). ભાઈ! તને ખબર નથી. એ રાગમાં વર્તતા જ નથી. એ રાગરહિત ભગવાન આનંદસ્વરૂપની જે પ્રતીતિ, જ્ઞાન, શુદ્ધતા-પવિત્રતા પ્રગટ થઈ, એ પવિત્રતામાં નિરંતર વર્તે છે. આહાહા..! આવું શું કહે છે આ?

ધર્મીજીવને વિષયની વાસના પણ આવે છે અને ભોગની ક્રિયા દેખાય છે, કહે છે. આ તો પ્રમાદી દેખાય છે, એમ કહે છે. સાંભળ તો ખરો. આહાહા..! જેને ભગવાનઆત્મા ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો એવો આત્મા, હોં! અન્ય બીજાઓ આત્મા કહે છે એને આત્માની ખબર નથી. આહાહા..! જિનેશ્વરદેવે જે આત્મા અંદર પવિત્રનો પિંડ શુદ્ધતાનો સાગર (જોયો).. આહાહા..! એનો જેને અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું. તો સમ્યગ્દર્શનમાં આત્માની અનુભૂતિ થાય છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે એ અનુભૂતિની દશામાં જ એ વર્તે છે, શુદ્ધતામાં જ વર્તે છે. અશુદ્ધતા દેખાય ખરી કે આ અશુદ્ધતામાં છે. સમજાય છે કાંઈ? 'પોપટભાઈ'! બહુ ઝીણું, બાપુ! આહા..! ગજબ વાત કરે છે ને!

જ્યાં પ્રભુઆત્મા અંદર જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ.. સહજાનંદમાં એક ફેરી વળી કોઈ એમ કહેતું હતું કે આ સહજાનંદ સ્વામીનારાયણને હોય, આપણે હોય? વળી એમ કહેતું હતું. અરે..! સહજાનંદ આત્મા સહજ આનંદસ્વરૂપ જ છે. આહાહા..! એ સહજાનંદ જુદી ચીજ, આ જુદી ચીજ છે. આ તો સ્વભાવિક અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે. એ આનંદના નાથને જ્યાં જગાડ્યો.. આહાહા..! સમ્યગ્દર્શનમાં અને સમ્યગ્જ્ઞાનમાં જેને જાગૃત સ્વભાવની જાગૃતિ પર્યાયમાં થઈ.. આહાહા..! એ જાગૃતિ નિરંતર રહે છે. તને બાહ્યમાં એ વિકલ્પમાં દેખાય કે આ કામમાં દેખાય છે ને. એ તને દેખાય છે. અંદર એમ નથી.

આહાહા..! આવી વાત છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :- સંઘાડામાં નથી સાંભળી.

ઉત્તર :- છે નહિ ક્યાંય. અત્યારે વાડામાં ક્યાંય છે નહિ. અમે તો બધું જોયું છે ને. આહાહા..! બહારની ક્રિયાઓ કરો ને આ ઉપધાન કરો ને આ અપવાસ કરો ને વ્રત પાળો. દ્રવ્ય ઓછા ખાઓ. પચ્ચીસ દ્રવ્યમાં પાંચ લ્યો ને વીસ છોડી દો. આવી વાતું બધી. આહાહા..! એ તો બધી ક્રિયાકાંડના રાગની વાતું છે. ભગવાનઆત્માના સ્વભાવની એ વાત નહિ. વીતરાગ જિનેન્દ્રદેવ કહે છે એ વાત નહિ, ભાઈ! સમજાય છે કાંઈ? આહાહા..!

'કોઈ જાણશે...' આ કેમ લીધું છે એણે? કે સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધતાના પરિણામમાં આવ્યો અને આમ દેખાય કે વેપારમાં બેઠા છે, ધંધો કરે છે એમ લાગે. પરમાત્માની ભક્તિ કરે છે, શાસ્ત્ર વાંચે છે, શાસ્ત્ર પૂજે છે, એ તો બધા રાગમાં વર્તે છે એમ દેખાય. સમજાય છે કાંઈ? 'મીઠાલાલજી'! આવી વાત છે. આહાહા..! પ્રભુ! તને તારા સ્વરૂપના માહાત્મ્યની ખબર નથી. જેને અંતર સ્વરૂપના આનંદના માહાત્મ્યની દશા પ્રગટ થઈ, એને રાગાદિ છે છતાં રાગમાં વર્તતો નથી. આવે છતાં એમાં વર્તતો નથી. વર્તે શુદ્ધ સ્વભાવમાં. આહાહા..! આવું છે.

અજાણ્યા માણસને તો એવું લાગે કે આ કાંઈક નવો ધર્મ છે. આ તે કાંઈ જૈનધર્મ હશે? શું કરે? અરેરે..! એને જૈનધર્મ શું છે? ભાઈ! 'જિન સો હી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યેહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' ભગવાન અંદર જિનસ્વરૂપી પ્રભુ (છે). એ પોતાના જિનસ્વરૂપમાં જ્યાં એકાગ્ર થાય છે ત્યારે પર્યાયમાં જૈનતા પ્રગટ થઈ એ જૈન (છે). એનું નામ જૈન. આ વાડામાં જૈન પડ્યા છે અને આ ણમો અરિહંતાણં કરે ને ભક્તિ કરે માટે જૈન, એ જૈન છે જ નહિ. આહાહા..! જૈન તો પરમેશ્વર એને કહે છે કે જેની પર્યાયમાં રાગને જીતીને રાગથી ભિન્ન પોતાની પરિણતિ વર્તે છે. આહાહા..! આવું સાંભળવા પણ કો'ક દિ' મળે એવું છે. શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- અનંત કાળમાં કોઈ વખતે મળે.

ઉત્તર :- આવો વખત છે, બાપુ! આહાહા..! શું થાય?

ભગવાન એક સમયની પર્યાયની પાછળ આખું તત્ત્વ પિંડ આનંદનો નાથ પડ્યો છે એ તો. આહાહા..! વિકલ્પ ઉઠે છે એ રાગ અને એ રાગનું જ્ઞાન કરવાની જે એક સમયની પર્યાય છે, એ પર્યાયની સમીપ આખું તત્ત્વ ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા પડ્યો છે. આહાહા..! હાથી હોય ને? હાથી. હાથીને ખવરાવે. શું કહેવાય? કોઠા. ભૂલી જઈએ છીએ તમારા નામ. એ જોયેલું છે, નજરે જોયેલું છે. 'ઉમરાળા'માં હાથી આવેલો. આ તો ૭૫ વર્ષ પહેલાંની વાત. ત્યાં કોઠા બહુ થાય. નદીને કાંઠે કોઠા (થાય). કાળુભાર નદી છે. એને નદી કાંઠે છે. હાથીને ખવડાવે. ખવડાવે એટલે એ ખોખા આખા ને આખા નીકળે. આખે આખા. કસ લઈ લીધો હોય. આહાહા..! જોયા છે, નજરે જોયા છે, હોં! નાની ઉંમરમાં. આવા કોઠા. આખો આકાર આવો ને આવો હોય. અંદરથી રસ લઈ લીધો હોય.

એમ ધર્મીજીવે પુણ્ય અને પાપના વિકલ્પને કાળે પણ પોતાના આનંદનો રસ લઈ લીધો

છે. એ રાગના ખોખા ઊડાવી દીધા છે. આહાહા..! આ તો બધું નજરે જોઈને બધા નિર્ણય કરેલા, હોં! એમ ને એમ માનીએ નહિ. આહાહા..! અમારે 'ઉમરાળા' દરવાજા બહાર હાથી આવ્યા હતા તો અમે જોવા ગયેલા. ત્યાં કોઠા પડ્યા હતા. હોય આખા, ભૂક્કો ન થાય. આહાહા..! એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં એને સમ્યગ્દર્શન, જ્ઞાનમાં આત્માનો રસ આવ્યો તો રાગના ખોખા એવા ને એવા દેખાય. આમ ક્રિયામાં દેખાય કે આ રાગ કરે છે, આમ કરે છે. પણ એ રાગમાં નથી, એ તો આત્માના રસમાં છે. આહાહા..!

મુમુક્ષુ :- સવારમાં સર્વજ્ઞનો મહિમા કેટલો બતાવ્યો.

ઉત્તર :- હા, જંગલ જતાં રસ્તામાં કહ્યું હતું આજે. કીધું, બાપુ! આ તો સર્વજ્ઞ પ્રભુ છે, હોં! આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞસ્વભાવી કહો કે સર્વજ્ઞસ્વરૂપ જ છે. આહાહા..! એ જ્ઞ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ અર્થાત્ સર્વજ્ઞસ્વભાવ. સર્વજ્ઞસ્વભાવ એટલે જ્ઞ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ. એ સર્વજ્ઞ પ્રભુ જ આત્મા છે. આહાહા..! પર્યાયમાં સર્વજ્ઞ થાય છે એ ક્યાંથી થાય છે? પરમાત્મા અરહિંતદેવ જિનેશ્વરદેવ કેવળજ્ઞાન પામ્યા એ સર્વજ્ઞપણું ક્યાંથી આવ્યું? ક્યાંય બહારથી કેવળજ્ઞાન આવે છે? એ અંતરમાં સર્વજ્ઞપણું પડ્યું છે. આહાહા..! એ સર્વજ્ઞની જ્યાં અંતર અનુભવમાં દૃષ્ટિ થઈ.. આહાહા..! ત્યાં શુદ્ધતાના પરિણમનના કાળમાં ધર્મીને નિરંતર શુદ્ધતા જ વર્તે છે. આહાહા..! ચાહે તો બહારમાં દેખાય. એમ કહ્યું ને?

**'કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,...'** આખો દિ' ધંધામાં હોય, આમ દેખાય. પણ બાપુ! તને ખબર નથી. ધર્મીની દૃષ્ટિ તો શુદ્ધ ઉપર પડી છે અને પરિણમન છે, એમાંથી દૃષ્ટિ ફરતી નથી. આહાહા..! એ સર્વ કાળ એટલે જાણે ઘણો કાળ. એમ. જાણે આ રાગમાં વર્તે, કાં અશુભમાં, કાં શુભમાં. એમ જાણે. **'ક્યારેક એક, જેવો કહ્યો તેવો થાય છે,...'** કોઈ કાળે એને શુદ્ધ પરિણમન હશે એમ કોઈ જાણે. આહાહા..! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ પડી ગઈ. પણ જિનેન્દ્રદેવે કહ્યું! આહાહા..! સાધુ થઈને નામ ધરાવે અને દયા, દાન, પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગની અધિકતામાં એ તો પડ્યો છે. આહાહા..! એના રસમાં પડ્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે જ્યાં શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવ્યો અને શુદ્ધ દશા (પ્રગટ થઈ), શક્તિમાં શુદ્ધતા હતી એવી સમ્યગ્દર્શન, જ્ઞાનમાં વ્યક્તતા શુદ્ધતાની પ્રગટ થઈ તો કોઈ કાળે એ શુદ્ધતા રહેતી હશે અને ઘણા કાળમાં તો જાણે પુણ્ય-પાપના પરિણામમાં વર્તે છે એમ દેખાય. આહાહા..! એમ નથી. કહો, 'વીરચંદભાઈ'! 'વીરચંદભાઈ' કહે, આ બધા ધંધામાં.. 'શ્રીમદ્ રાજચંદ્ર' લાખોનો વેપાર કરતા. મોતીના. લોકો એમ માને કે આ તો આમાં વર્તતા લાગે છે. સાંભળ, પ્રભુ! આહાહા..! જ્યાં સમ્યગ્દર્શન, આત્મા પૂર્ણાનંદના નાથનો જ્યાં અનુભવ ને પ્રતીતિ ને રમણતા થઈ, એ રમણતાના કાળમાં સદા રમણતા જ રહે છે. એ બહારમાં દેખાય કે આ કાળમાં આમ દેખાય છે માટે રાગ કરે છે ને આ કરે છે. એમ નથી. બહારથી ધર્મીનું માપ નથી થતું. સમજાય છે કાંઈ? આહાહા..! ધર્મીના અંતઃકરણ-હૃદયનું (માપ) અંતરના માપથી મપાય છે. આહાહા..! આવી કઈ વાત હશે? આહા..! પેલા દોઢ-દોઢ મહિનાના ઉપધાન કરે છે ને? એમાં માને કે જાણે ધર્મ થયો.

ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! હજી આત્મા આનંદનો નાથ કોણ છે એની તો ખબર નથી, એની દૃષ્ટિ નથી, એની શુદ્ધતાની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ આકરું કામ, ભાઈ! જગતની સાથે મેળ ખાવો કઠણ બહુ. અને એમાં પૈસા ખર્ચે એ જાણે કે અમે મોટો ધર્મ કર્યો. પાંચ લાખ ખર્ચો, જાવ, કરો ઉપધાન. ધૂળમાંય ધર્મ નથી, સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- માન બડાઈ માટે કરે છે.

ઉત્તર :- કોઈ માન બડાઈ માટે કરે તો તો એકલું પાપ છે. પણ કોઈ માન, બડાઈને લઈને ન કરે, રાગની મંદતા હોય તોપણ એ તો શુભરાગ છે. એ કંઈ ધર્મ નથી. આહાહા..! અને રાગની રુચિમાં પડ્યા એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..! ગજબ વાતું, નાથ! તારી વાત આકરી બહુ. આહાહા..! સમજાય છે કાંઈ? આટલા શબ્દમાં એણે બહુ સમાડી દીધું છે.

'**કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,...**' દેખાય છે તો એમ જાણે. આહાહા..! કોઈ વાર એવો શુદ્ધતાનો અનુભવ થઈ જતો હશે. આહાહા..! પ્રભુ! જેમ નિરંતર અનાદિકાળનો અજ્ઞાની પુણ્ય અને પાપના વિકારીભાવમાં નિરંતર વેદનમાં છે. ચાહે તો એ ભક્તિમાં બેઠો હોય કે ભગવાનના સમવસરણમાં ગયો હોય તોપણ એ રાગના વેદનમાં છે. નિરંતર રાગનું વેદન છે. આહાહા..! એમ પરમાત્મા આત્મસ્વરૂપ જે પરમ આત્મા, પરમસ્વરૂપ સર્વજ્ઞસ્વરૂપ પૂર્ણ આનંદસ્વરૂપ, એનું અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાનમાં અનુભવ થયો તો એ શુદ્ધ પરિણતિમાં જ સદા રહે છે. વિકલ્પ દેખાય છે પણ એ તો ઉપર ઉપર (છે). એનો તો જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે છે. રાગમાં નથી રહેતો. રાગનું જ્ઞાન પોતાના જ્ઞાનમાં એ તો રહે છે. 'શાંતિભાઈ'! આવી વાતું બહુ, ભાઈ! અરે..! જગતથી ઊંધી બહુ. અને વાડાવાળા સાંભળે એને તો એવું લાગે કે અરરર..! આ તો બધું શું કરી નાખ્યું? બધું લોપ કરી નાખે છે. અરે..! સાંભળ રે ભાઈ, સાંભળ! આહાહા..! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એમ ફરમાવે છે, મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા બિરાજે છે એની આ બધી વાણી છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજા શાસ્ત્રોમાં તો આવી વાત પણ નથી. આહાહા..! ભલે વાંચ્યા કરે તો બધું નીકળ્યા કરે. રાગની ક્રિયા ને આ ને આ. આહાહા..!

અહીં કહે છે, '**કોઈ જાણશે કે સર્વ કાળ પ્રમાદી રહે છે,...**' સર્વ કાળ એટલે આખો દિ' આ રાગમાં ને પુણ્યમાં ને પાપના પરિણામમાં જાણે દેખાય છે. આહાહા..! '**ક્યારેક એક, જેવો કહ્યો તેવા થાય છે, પણ એમ તો નથી,...**' પણ એમ તો નથી. આહાહા..! '**સદા સર્વ કાળ શુદ્ધપણારૂપ રહે છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને વિષયવાસનાનો વિકલ્પ ઉત્પન્ન થાય છે અને ભોગની ક્રિયા દેખાય છે. 'ભરત' ચક્રવર્તી ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ. એમાં રાગ (આવે છે), પણ ત્યાં રાગથી પોતાનું ભિન્ન સ્વરૂપ છે એમાં જ રમે છે. ઈ રાગમાં આવતો જ નથી. આહાહા..! આવો માર્ગ. સમજાય છે કાંઈ? અજ્ઞાની દુકાન, ધંધો, વેપાર છોડીને દયા, દાન, વ્રત, ભક્તિમાં વર્તે છે તો એ તો નિરંતર રાગમાં જ વર્તે છે. આહાહા..! આવી વાતું છે.

'**સદા સર્વ કાળ...**' જોયું? બે ભાષા વાપરી. સદા અને સર્વ કાળ. આહાહા..! હું તો જ્ઞાયક આનંદકંદ છું. એવી દૃષ્ટિ સમકિતીને નિરંતર ચાલુ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આમાં કાંઈ ઘરે સમજાય એવું નથી. શેઠ! સદા સર્વ કાળનો અર્થ કરે તો. ન્યાં સમજે ક્યાં? ન્યાં બીડી ને તમાકુનું સૂઝે. એની શું આ બધાની વાત છે ને. 'પોપટભાઈ'ની. આ તો મોટા માણસને.. આહાહા..! અને અજ્ઞાની નિરંતર પુણ્યની ક્રિયામાં વર્તતો હોય.. સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તોપણ એ તો અજ્ઞાનમાં છે. અશુદ્ધતામાં નિરંતર વર્તે છે. આહાહા..! 'સદા સર્વ કાળ શુદ્ધપણારૂપ રહે છે.' આહાહા..! જ્યાં પ્રભુઆત્મા પવિત્ર શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવનું પરિણમન-પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થઈ, એ પુણ્ય-પાપના રાગના વિકલ્પથી ભિન્ન, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધી રાગની ક્રિયા છે. આહાહા..! એમાં એ ધર્મ માને. ન્યાં ને ન્યાં રહી ગયો. રાગમાં રોકાઈ ગયો. ભગવાનઆત્માનું સ્વરૂપ એક કોર પડ્યું રહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૧૨૦ કળશ થયો.

---

(વસંતતિલકા)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु<br>
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।<br>
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-<br>
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।९-१२१।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तु पुनः' આમ પણ છે-'ये शुद्धनयतः प्रच्युत्य रागादियोगं उपयान्ति ते इह कर्मबन्धम् बिभ्रति' ( ये ) જે કોઈ ઉપશમસમ્યગ્દષ્ટિ અથવા વેદકસમ્યગ્દષ્ટિ જીવ ( शुद्धनयत् ) શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ( प्रच्युत्य ) ભ્રષ્ટ થયા છે તથા ( रागादि ) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ ( योगम् ) રૂપે ( उपयान्ति ) થાય છે, ( ते ) એવા છે જે જીવ તે ( कर्मबन्धम् ) કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ ( बिभ्रति ) નવા ઉપાર્જિત કરે છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવ જ્યાં સુધી સમ્યક્‌ત્વના પરિણામોથી સાબૂત રહે છે ત્યાં સુધી (તેમને) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો નહિ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થતો નથી. (પરંતુ) જે સમ્યગ્દષ્ટિ જીવ હતા, પછી સમ્યક્‌ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા, તેમને રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થાય છે, કેમ કે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે. કેવા છે તે જીવ? 'विमुक्तबोधाः' ( विमुक्त ) છૂટ્યો છે ( बोधाः ) શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે. કેવો છે કર્મબંધ? 'पूर्वबद्धद्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्' ( पूर्व ) સમ્યક્‌ત્વ વિના ઉત્પન્ન થયેલાં, ( बद्ध ) મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યાં હતાં જે ( द्रव्यास्रवैः ) પુદ્‌ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ તથા ચારિત્રમોહકર્મ તેમના દ્વારા ( कृत ) કર્યો છે ( विचित्र ) નાના પ્રકારના ( विकल्प ) રાગ-દ્વેષ-મોહપરિણામનો ( जालम् ) સમૂહ જેણે, એવો છે. ભાવાર્થ આમ છે કે-જેટલો કાળ જીવ સમ્યક્‌ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો તેટલો કાળ

ચારિત્રમોહકર્મ કીલિત (-મંત્રથી સ્તંભિત થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું; જ્યારે તે જ જીવ સમ્યક્ત્વના ભાવથી ભ્રષ્ટ થયો થકો મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો ત્યારે ઉત્કીલિત (-છૂટા થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ થયું. ચારિત્ર મોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે. ભાવાર્થ આમ છે કે-જીવ મિથ્યાદષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ પણ થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે, પરંતુ બંધશક્તિ હીન હોય છે તેથી બંધ કહેવાતો નથી. આ કારણથી સમ્યક્ત્વ હોતાં ચારિત્રમોહને કીલિત સાપના જેવો ઉપર કહ્યો છે, જ્યારે સમ્યક્ત્વ છૂટી જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો ચારિત્રમોહને કહ્યો; તે ઉપરના ભાવાર્થનો અભિપ્રાય જાણવો. ૯-૧૨૧.

## કળશ-૧૨૧ ઉપર પ્રવચન

(વસંતતિલકા)

प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु
रागादियोगमुपयान्ति विमुक्तबोधाः।
ते कर्मबन्धमिह बिभ्रति पूर्वबद्ध-
द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालम्।।९-१२१।।

આહાહા..! હવે એનાથી વિરૂદ્ધ કહે છે.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तु पुनः' '**આમ પણ છે..**' 'ये शुद्धनयतः प्रच्युत्य रागादियोगं उपयान्ति ते इह कर्मबन्धम् बिभ्रति' '**જે કોઈ ઉપશમસમ્યગ્દષ્ટિ અથવા વેદકસમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા છે...**' આહાહા..! એ દયા, દાનના વિકલ્પના પ્રેમમાં આવી ગયો એ શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયો. અહીં તો સમકિતી પણ ભ્રષ્ટ થયો એની વાત કરી. જો એની રુચિ પાછી રાગમાં આવી ગઈ.. આહાહા..! ક્ષાયિક સમકિતી તો પડતો નથી. 'શ્રેણિક' રાજા. ભગવાનના ભગત 'શ્રેણિક' રાજા. અંતર આત્માના અનુભવની દૃષ્ટિ, ક્ષાયિક. એ સમકિતથી કેવળજ્ઞાન લેશે. ભલે અત્યારે નરકમાં છે. 'શ્રેણિક' રાજા પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર વર્ષ ગયા, સાડી એક્યાસી (હજાર વર્ષ) બાકી છે. ત્યાં તો શુદ્ધ સમકિતમાં શુદ્ધમાં વર્તે છે. આહાહા..! રાગ છે એને જાણે છે. જાણવામાં વર્તે છે. આહાહા..! આવી વાતું ભારે. સમજાય છે કાંઈ?

જો ઉપશમ અને ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ, વેદક એટલે ક્ષયોપશમ, '**શુદ્ધ ચૈતન્યસ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયા...**' આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન ભગવાનઆત્માના અનુભવથી ભ્રષ્ટ થયા અર્થાત્ પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામની રુચિમાં આવી ગયો તો સ્વરૂપથી ભ્રષ્ટ થઈ ગયો. 'શાંતિભાઈ'! ન્યાં 'દિલ્હી'માં કાંઈ મળે એવું નથી. આહાહા..! આવી વાતું, બાપુ! બહુ આકરી. આહા..! જે શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની રુચિમાં પોષાણ હતું

એ દૃષ્ટિ ખસી ગઈ અને કોઈ શુભ-અશુભરાગના પ્રેમમાં સ્વરૂપથી ભ્રષ્ટ થયો. સમજાય છે કાંઈ? એ તો 'આનંદઘનજી' કહે છે, શ્વેતાંબરમાં થયા છે ને? જેને રાગનો પ્રેમ છે એને આત્મા પ્રત્યે દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ' એવો પાઠ છે. 'સંભવદેવ તે ધુરે .. સેવો સદા રે.. લહી પ્રભુ સેવનભેદ, સેવનકારણ પ્રથમ ભૂમિકા અભય અદ્વેષ અખેદ' આહાહા..! જેને એ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભભાવ આવ્યો અને એની રુચિમાં ઘુસી ગયો, એ સમકિતથી ભ્રષ્ટ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! એમ બતાવીને નિરંતર દૃષ્ટિમાં રાખે, એમ બતાવવું છે, હોં! તાત્પર્ય ભાવાર્થ તો એ કાઢવો છે. આહાહા..! પણ નિજ સ્વરૂપનું ભાન થયું પણ વળી પાછો એ રાગની રુચિ અનાદિની હતી એ રુચિ પાછી થઈ ગઈ. સ્વરૂપની દૃષ્ટિથી ભ્રષ્ટ થયો. સમકિતથી ભ્રષ્ટ થયો, મિથ્યાત્વમાં ગયો. આહાહા..!

શુદ્ધનય એટલે સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ. જુઓ! શુદ્ધનયની વ્યાખ્યા ઈ. શુદ્ધ સ્વરૂપ. ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ '**અનુભવથી ભ્રષ્ટ થયા છે...**' આહાહા..! '**તથા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધપરિણામ રૂપે થાય છે...**' આહા..! અને એ પુણ્ય ને પાપના રાગરૂપે પરિણમન કરે છે. સમજાય છે કાંઈ? જે સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યનું શુદ્ધ પરિણમન હતું એની દૃષ્ટિ છૂટી ગઈ અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના શુભભાવમાં ઉત્સાહમાં આવી ગયો અને એના પ્રેમમાં ઘુસી ગયો. એ સમકિતથી ભ્રષ્ટ થયો. આહાહા..! આવું કામ છે, ભાઈ! શું થાય?

માર્ગ પ્રભુનો એવો છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. અહીંયાં તો 'મહાવીર' પરમાત્મા આદિ મોક્ષ પધાર્યા. ણમો સિદ્ધાણંમાં એ તો ગયા. મહાવિદેહમાં ભગવાન તો ણમો અરિહંતાણંમાં બિરાજે છે. આહાહા..! એની પાસે આ 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. અહીંયાં આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. એની ટીકા કરનાર 'અમૃતચંદ્રાચાર્ય', એના કળશ છે. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ!

એ શુભરાગની રુચિ, પ્રેમ થયો તો સ્વરૂપના પ્રેમની દૃષ્ટિથી ભ્રષ્ટ થયો. સમ્યગ્દર્શનમાં તો જ્ઞાનમાં રાગ આવતો હતો પણ રાગનો જાણનાર રહેતો હતો. મિથ્યાદૃષ્ટિ રાગની રુચિમાં ઘુસી ગયો. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. રાગની રુચિ એ વીતરાગમાર્ગ નહિ. એ રાગીનો અજ્ઞાનીનો માર્ગ છે. આહાહા..! આકરું કામ છે. છે ભઈ, શું થાય? દુનિયાને જાણીએ છીએ. આખી દુનિયા કેમ છે એ બધાને જાણીએ છીએ. પણ આ માર્ગ કોઈ બીજી જાતનો છે.

'**ભ્રષ્ટ થયા છે તથા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ રૂપે...**' 'उपयान्ति' એના રૂપને પામે છે. આહાહા..! સ્વરૂપને પામેલો ભ્રષ્ટ થઈને રાગને, દ્વેષને પામે છે. આહાહા..! '**એવા છે જે જીવ તે કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ નવા ઉપાર્જિત કરે છે.**' અજ્ઞાની આઠે કર્મ નવા બાંધે છે. આહાહા..! ઓલો આઠ કર્મનો ક્ષય કરતો હતો, એમ કહ્યું હતું. શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતા કરતા. તો આ ભ્રષ્ટ થયો. આહાહા..! અને એ પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગની રુચિમાં ઘુસી ગયો. એ ભગવાનઆત્માની રુચિથી ભ્રષ્ટ થયો. આહા..! એ આઠે કર્મને બાંધે છે. સમજાય છે કાંઈ? આવી વ્યાખ્યા હવે. શું હશે? આ તે નવું હશે? જૈનમાર્ગમાં આવો નવો માર્ગ હશે? અરે..! પ્રભુ! તને ખબર નથી,

ભાઈ! જૈનધર્મ શું છે એની ખબર નથી, બાપા! આહાહા..! જૈનધર્મ કોઈ અલૌકિક ચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! શું કહ્યું? **'એવા છે જે જીવ તે કર્મબંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ નવા ઉપાર્જિત કરે છે.'** ભાવાર્થ કહેશે, લ્યો..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ભાદરવા વદ ૧૪, મંગળવાર, તા.૧૧-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૧, ૧૨૨ પ્રવચન - ૧૧૯

'કળશટીકા' **'ભાવાર્થ આમ છે...'** ઝીણી વાત છે, પ્રભુ! બહુ શાંતિથી (સમજવાની ચીજ છે). **'સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં સુધી સમ્યક્ત્વના પરિણામોથી સાબૂત રહે છે...'** આહાહા..! શું કહે છે? સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં સુધી સમ્યગ્દર્શનથી સાબૂત-સહિત રહે છે. એનો અર્થ? સહજ સ્વરૂપ ભગવાન પૂર્ણ ધ્રુવ, એની જે સત્તા ધ્રુવ સામાન્ય પરમપારિણામિક પંચમભાવ, એવો જ્ઞાયકભાવ, એની સન્મુખ થઈને દૃષ્ટિ થઈ છે-સમ્યગ્દર્શન. પૂર્ણ પંચમ પારિણામિક સ્વભાવભાવ ધ્રુવભાવ નિત્યભાવ સામાન્ય ભાવ, એકરૂપ ભાવ, સહજાત્મસ્વરૂપ ભાવ. આહાહા..! એની દૃષ્ટિ અર્થાત્ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું છે. જેમાં રાગનો, વિકલ્પનો પણ આશ્રય નથી. એકલો પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ સહજ વસ્તુ અનાદિઅનંત અણકરેલી, અણનાશ, અવિનાશી એવી ચીજ, એના અનુભવમાં-એના ધ્રુવ સ્વભાવને અનુસરીને-અનુભવમાં જે પ્રતીત થાય છે એનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાય છે કાંઈ?

એ સમ્યગ્દર્શનના પરિણામથી સાબૂત રહે છે. જ્યાં સુધી સ્વભાવનો આશ્રય લે છે ત્યાં સુધી તો સમ્યગ્દર્શન સહિત છે. આહાહા..! પંચમ સ્વભાવભાવ પરમપારિણામિક પંથ, પરમપારિણામિક ભાવ, એની પરિણતિ જે પરમ મોક્ષનો પંથ, એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શનની સ્વભાવના આશ્રયે જ્યાં સુધી સાબિતી-હયાતી-અસ્તિ રહે છે, **'ત્યાં સુધી રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામો નહિ હોવાથી..'** ત્યાં તો મિથ્યાત્વ સંબંધી મોહ અને રાગ-દ્વેષ એ તો હોતા નથી. આહા..! સમજાય છે કાંઈ? ત્યાં સુધી રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત પરિણામ એ મારા છે, એવો ભાવ ત્યાં નથી. સમજાય છે કાંઈ? વ્રત, તપ, ભક્તિ આદિનો શુભભાવ અને હિંસા આદિનો અશુભભાવ, તેને પણ સમ્યગ્દૃષ્ટિ પોતાના નથી માનતો. સમજાય છે કાંઈ? પોતાની ચીજ તો પરમપારિણામિક સહજ સ્વભાવભાવ, એનું જ્ઞાન થઈને પ્રતીતિ-વિશ્વાસ-ભગવાનનો ભરોસો એને થઈ ગયો. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- ત્યાં સુધી સાબૂત રહે છે.

ઉત્તર :- રહે છે, કીધું ને. સાબૂત નામ રહે છે. ત્યાં સુધી સમકિત સહિત રહે છે. આહાહા..!

ભગવાન પરમાત્મા આત્મસ્વરૂપ ભગવાન છે અંદર. એની અંદર એકાગ્ર થઈને

નિર્વિકલ્પ આનંદના સ્વાદની સાથે જે સમ્યગ્દર્શન થયું,.. આહાહા..! એ સમ્યગ્દર્શનની જ્યાં સુધી હયાતી રહે છે ત્યાં સુધી રાગ-દ્વેષ, મોહ-મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ અને મોહ થતાં નથી. સમજાય છે કાંઈ? વાત તો ઘણી સત્ય અને સરળ છે પણ અનંતકાળમાં એણે પરિચય, આશ્રય લીધો નથી. આ ચૈતન્યદળ છે, વસ્તુ છે અને વસ્તુ છે એ આદિ અંત વિનાની છે અને વસ્તુ છે એ તો પરિણમનની પર્યાયથી રહિત છે. આહાહા..! એ પરિણમનની જે દશા (છે) એ ત્રિકાળનો આશ્રય કરે છે ત્યારે તેને આનંદના, શાંતિના અનુભવની સાથે ભરોંસો આવ્યો કે ભગવાન તો પૂર્ણ શાંતિ અને આનંદસ્વરૂપ છે. આહાહા..! ભગવાન આનંદ (સ્વરૂપ છે) એવી અંતરમાં ભગવાનસ્વરૂપી પરમાત્માની પ્રતીતિ, અનુભવ થઈને (થઈ છે). એકલી પ્રતીતિ નહિ, આ ચીજ આનંદસ્વરૂપ છે એમ ભાન થઈને પ્રતીતિ થઈ છે. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન. એ જ્યાં સુધી છે ત્યાં સુધી મિથ્યાત્વ સંબંધી નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના અશુદ્ધ પરિણામ થતાં નથી. કહો, સમજાય છે કાંઈ? છે?

'**નહિ હોવાથી જ્ઞાનાવરણાદિ કર્મબંધ થતો નથી.**' અને કર્મબંધન પણ થતું નથી. અશુદ્ધ પરિણામ પણ થતા નથી તો કર્મબંધન પણ થતું નથી. એ મિથ્યાત્વ સંબંધી અને અનંતાનુબંધી સંબંધી પરિણામ નથી તો એ સંબંધી બંધન પણ નથી. એને અહીંયાં મુખ્ય બંધન કહ્યું છે. આહાહા..! '**(પરંતુ) જે સમ્યગ્દષ્ટિ જીવ હતા,...**' આહાહા..! '**પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા,...**' આહાહા..! પાઠમાં પણ એમ છે ને? 'रागादियोगं उपयान्ति' પાઠ એવો છે. 'रागादियोगं उपयान्ति' આહાહા..! પણ સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થાય છે તો વિકારી પરિણામને પ્રાપ્ત થાય છે. 'रागादियोगं उपयान्ति' રાગ, વિકાર-શુભ-અશુભભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ, એ રાગને પ્રાપ્ત થાય છે. એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! 'रागादियोगं उपयान्ति' વિકારના સંબંધને પ્રાપ્ત થાય છે. સ્વભાવના સંબંધને તોડીને વિકારી ભાવ ચાહે તો શુભ હો કે અશુભ હો, એના રાગના સંબંધને પ્રાપ્ત થાય છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમ્યગ્દૃષ્ટિએ રાગનો સંબંધ તોડી નાખ્યો છે અને સ્વભાવનો સંબંધ જોડી દીધો છે. મિથ્યાદૃષ્ટિએ સ્વભાવનો સંબંધ છોડી દીધો અને રાગનો-વિકારનો સંબંધ જોડી દીધો છે. આહા..! આવી વાતું.

'**સમ્યગ્દષ્ટિ જીવ હતા, પછી સમ્યક્ત્વના પરિણામથી ભ્રષ્ટ થયા, તેમને રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામ હોવાથી..**' એ મલિન પરિણામના સંબંધમાં આવી ગયો. નિર્મળાનંદ પરમાત્મા... પરમાત્મા એટલે પોતાનો આત્મા, હોં! નિર્મળાનંદ પરમાત્મા પોતાનું શુદ્ધ ચૈતન્યઘન દ્રવ્ય, એનો સંબંધ છોડી દીધો. એનો સંગ, પરિચય, અસંગ ચીજનો સંગ છોડી દીધો અને રાગનો, પુણ્યનો, પાપનો સંગ જોડી દીધો. આહાહા..! સમજાય છે કાંઈ? મિથ્યાદૃષ્ટિ થઈ ગઈ. એ મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે. જોયું? નામ આપ્યું હતું, રાગ-દ્વેષ-મોહ અશુદ્ધ પરિણામથી બંધ થાય છે. '**કેમ કે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે.**' આમ લીધું છે, જુઓ! સમજાય છે કાંઈ? એ પાછો સાધારણ અસ્થિરતાનો રાગ નથી.

અહીંયાં તો મિથ્યાત્વના પરિણામ થયા. આહાહા..!

જે આત્મસ્વભાવ ચૈતન્ય આનંદઘન પ્રભુ, એના સંબંધમાં હતો ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ હતો. પણ એ સંબંધ છોડીને રાગનો વિકલ્પ હો, દયા, દાન, વ્રત આદિ, એ રાગનો સંબંધ જોડ્યો એ મિથ્યાત્વ છે. આહાહા..! એ મિથ્યાત્વના પરિણામ છે, એમ કહે છે. પહેલા ત્રણ લીધા હતા પણ એ ત્રણ મિથ્યાત્વ પરિણામ છે. આહાહા..! ભારે કામ. સાંભળવા મળે નહિ એવી વાતું છે આ. રાત્રે જુઓને કેટલા પ્રશ્ન થતા હતા. સમ્યગ્દર્શન હોય? અત્યારે હોઈ શકે કે નહિ? અરરર..! અને આ વ્રત ને તપ એ ચારિત્ર. સમ્યગ્દર્શન વિના. પ્રભુ.. પ્રભુ! શું કરે છે? સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો અર્થાત્ એ પંચમહાવ્રતના પરિણામ જે રાગ છે એની સાથે સંબધ જોડી દીધો. સંબંધ તોડ્યો હતો એ જોડી દીધો. આહાહા..! અહીં સંબંધ જોડ્યો હતો એ તોડી નાખ્યો. આહાહા..! દિશા પલટી ગઈ. દશા પલટતાં દિશા પલટી ગઈ. સમ્યગ્દર્શનની દશા એ ત્રિકાળી સ્વભાવની દિશા ઉપર દશા છે. મિથ્યાદૃષ્ટિની દશા પુણ્ય-પાપના વિકાર તરફ એની દશાની દિશા છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- ક્યા કારણથી?

ઉત્તર :- શું કરે છે? ઊંધી દૃષ્ટિ કરે છે માટે. શું કારણ શું? દૃષ્ટિ ઊલટી કરે છે માટે.

મુમુક્ષુ :- કર્મના ઉદયને કારણે..

ઉત્તર :- અહીંયાં કર્મ-ફર્મ કાંઈ નહિ. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ' કર્મ જડ છે. એની સાથે કોઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- 'ગોમ્મટસાર'માં પાને પાને લખ્યું છે કર્મથી આમ થાય, કર્મથી આમ થાય.

ઉત્તર :- ઈ વ્યવહારથી કહે. પરમાર્થે કર્મનો સંબંધ આત્માએ કર્યો. ભગવાનનો સંબંધ તોડીને કર્મનો સંબંધ સ્વતંત્ર કર્યો તો રાગના સંબંધમાં મિથ્યાત્વપરિણામ થયા. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં કંઈ એમ નથી કહ્યું. અહીં તો એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ હતો પછી સમકિત પરિણામથી ભ્રષ્ટ થયો. એમ કહ્યું. દર્શનમોહને કારણે ભ્રષ્ટ થયો, કર્મથી ભ્રષ્ટ થયો એમ નથી. આહા..!

મુમુક્ષુ :- અનુભવ હતો એ છોડી દીધો.

ઉત્તર :- એ તો ભ્રષ્ટ થયો. આહાહા..!

પરમાનંદનો નાથ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ, પંચમ પારિણામિકભાવના પંથમાં પડ્યો.. આહાહા..! પંચમગતિના પંથને ગ્રહણ કર્યો. એ પંચમસ્વભાવની પ્રતીતિ છોડી, ઉદયભાવ જે વિકારી દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવમાં દૃષ્ટિ જોડી દીધી. રાગના જોગમાં 'उपयान्ति'. વિકારના રૂપમાં-સ્વરૂપમાં જોડાઈ ગયો. આહાહા..! મિથ્યાત્વ ભાવ કહ્યો ને? બહારની દયા, વ્રત આદિ ક્રિયા એવી ને એવી હોય, પણ અંદરમાં રાગ સાથે જોડાઈ ગયો તો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. આહાહા..! આવી વાત, બાપુ! બહુ આકરું કામ. અરે..! દુનિયાને મૂળ ચીજ ઉપર દૃષ્ટિ નહિ.

આખી ચીજ મહા ચિદાનંદ પ્રભુ, એક સમયની પર્યાય તો એક સમયની છે. એ

પલટતી દશા છે. નહિ પલટતું તત્ત્વ નિત્યાનંદ પ્રભુ ભગવતસ્વરૂપનું જેને અંતર સમ્યગ્દર્શનમાં ભેટો-આશ્રય થયો ત્યારે તો મિથ્યાત્વના પરિણામનો નાશ થયો. સમજાય છે કાંઈ? આહાહા..! અને જ્યારે સ્વભાવનો સંબંધ છોડી દીધો અને ચાહે તો વ્રતનો, તપનો, ભક્તિનો શુભરાગ હો, એ રાગમાં સંબંધ જોડી દીધો એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, શેઠ! આવી વાત છે, ભગવાન! આહાહા! પ્રભુનો માર્ગ એ વીરાનો-વીરનો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યક્ત્વ થયા પછી એ છોડી કેવી રીતે દે છે?

ઉત્તર :- વિપરીત દૃષ્ટિ થઈ ગઈ. રાગની રુચિ થઈ ગઈ. અહીં જ્યાં રુચિ હતી એ રુચિ પલટી ગઈ. રાગની રુચિ થઈ ગઈ.

મુમુક્ષુ :- કોઈ કારણ..?

ઉત્તર :- કારણ એ મિથ્યાત્વ, પોતાના પરિણામ. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કર્મનો ઉદય બળવાન આવ્યો.

ઉત્તર :- ઉદય-ફુદય બળવાન ઘરમાં રહ્યો.

મુમુક્ષુ :- ઉપાદાનની યોગ્યતા વિપરીત થઈ ગઈ?

ઉત્તર :- હા, વાત ઈ. 'અપને કો આપ ભૂલકર હૈરાન હો ગયા.' અહીંયાં બીજી વાત નથી. નિજ સ્વરૂપ આનંદનો નાથ પ્રભુ, આનંદનું દળ, અતીન્દ્રિય આનંદની.. શું કીધી બરફની? પાટ. અતીન્દ્રિય આનંદની ધ્રુવ પાટ પ્રભુઆત્મા (છે). આહાહા..! એની રુચિમાં અને આશ્રયમાં જ્યાં સુધી હતો ત્યાં સુધી તો સમ્યગ્દૃષ્ટિ હતો. આહાહા..! પછી રુચિએ ગુલાંટ મારી. જે દ્રવ્યસ્વભાવની રુચિ હતી એ રાગસ્વભાવની રુચિ થઈ ગઈ. ગુલાંટ ખાઈ ગયો. માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! લોકોને બિચારાને સાંભળવા મળ્યું નથી. અરે..! શું કરે? બહારનું આ કર્યું ને આ કર્યા ને.. અપવાસ કર્યા ને વ્રત લીધા ને આટલા દ્રવ્ય છોડ્યા ને આટલા દ્રવ્યની છૂટ રાખી. અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી, ભાઈ! એક રાગના કણનો પણ જ્યાં સુધી કર્તા થાય ત્યાં સુધી આખા લોકનો તું કર્તા છો. સમજાય છે કાંઈ? અને જ્યારે આત્મા કર્તૃત્વ છોડીને નિજ આનંદનો કર્તા થયો ત્યારે આખા લોકનું કર્તૃત્વ છૂટી ગયું. 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ થોડા લોકોને સાંભળવા મળ્યું.

ઉત્તર :- માટે જ કહે છે, ભાગ્ય હોય એને તો આવું કાને પડે. આવી સત્ય વાત તો પૂર્વના ભાગ્યશાળી હોય એને તો કાને પડે. આહાહા..! રુચિ અને દૃષ્ટિ કરવી એ તો એના પુરુષાર્થનું કામ છે.

અહીંયાં કહે છે કે, '**મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે.**' ભાષા આટલી લીધી છે. એકલા રાગ-દ્વેષ છે અને એકલા અસ્થિરતાના (પરિણામ) છે એમ નહિ. અહીંયાં તો રાગની રુચિ થઈ અને વ્રત ને તપ ને ભક્તિના ભાવથી મને ધર્મ થશે, એવા મિથ્યાત્વ પરિણામ થયા એ અશુદ્ધતા થઈ ગઈ. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! શું કરે? ક્યાં કહે? આહા..! અત્યારે તો આખું દળ ફરી ગયું છે. આખું ચક્ર ફરી ગયું છે. રાત્રે જુઓને પ્રશ્ન કેટલા થતા હતા? ન બેસે બિચારાને. આહા..!

મુમુક્ષુ :- સાંભળવાનો ટાઈમ નથી.

ઉત્તર :- ટાઈમ નથી. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે બિચારા? એ પણ ભગવત્‌સ્વરૂપ છે અંદર. આહાહા..! એ પરમાત્મા છે, ભગવાન છે. પણ ખબરું વિના.. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્યમાં ભગવાન છે, પર્યાયમાં ક્યાં છે?

ઉત્તર :- દ્રવ્યમાં ભગવાન છે પણ એને ભગવાનની ખબર નથી ને. પર્યાયમાં ભગવાન છે એની ખબર નથી. પર્યાયમાં રાગ છે એવી ખબર છે.

મુમુક્ષુ :- ત્યાં જઈને પ્રશંસા કરે કે મેં આવો પ્રશ્ન કર્યો, મેં આવો પ્રશ્ન કર્યો..

ઉત્તર :- ત્યાં જઈને આવું કહ્યું હતું. વ્રત કરે છે, તપ કરે છે એ ચારિત્ર છે. ચારિત્ર વિના મુક્તિ થતી નથી. ક્યુ પણ ચારિત્ર? પ્રભુ! આ નગ્નપણું થઈ ગયું અને પંચમહાવ્રતના પરિણામ તો અત્યારે છે જ નહિ. કારણ કે એને માટે ચોકા બનાવીને આહાર લે છે. (એમાં તો) પંચમહાવ્રતનો વ્યવહાર પણ નથી. આહા..! સમ્યગ્દર્શન તો નથી, પણ વ્રતના પરિણામ જે જોઈએ એ પણ નથી. વ્યવહાર પણ નથી. હવે એને ચારિત્ર માનવું. એને સમ્યગ્દર્શન હોય નહિ ને આ ચારિત્ર છે, આ ચારિત્ર છે. ચારિત્ર તે (મુક્તિનું કારણ છે). તીર્થંકરોએ ચારિત્ર ગ્રહણ કર્યું હતું. બાપુ! એ ચારિત્ર કોણ, ભાઈ! તને ખબર નથી. આહાહા..!

અહીં એ કહે છે, '**કેમ કે મિથ્યાત્વના પરિણામ અશુદ્ધરૂપ છે.**' આહાહા..! ચાહે તો નાનામાં નાનો રાગનો કણ હો, પણ એની રુચિ અને એના ઉપર દૃષ્ટિ પડી એ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન રહ્યો નહિ. આહાહા..! 'મીઠાલાલજી'! 'કેવા છે તે જીવ?' એ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ રાગના સંબંધમાં પુણ્યના પરિણામના પ્રેમમાં આવ્યો, મિથ્યાદૃષ્ટિ થયો, એ જીવ કેવો છે? '**विमुक्तबोधाः**' 'છૂટ્યો છે શુદ્ધસ્વરૂપનો અનુભવ,...' '**बोधाः**' '**बोधाः**' એટલે જ્ઞાનસ્વરૂપ અંદરમાં છૂટી ગયું. દૃષ્ટિમાંથી જ્ઞાતા ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એવું શુદ્ધ સ્વરૂપ. '**बोधाः**'નો અર્થ ઈ. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ. શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાનઆત્મા, એનાથી છૂટ્યો. રહિત-ભ્રષ્ટ થઈ ગયો. આહાહા..!

રાગના સૂક્ષ્મ કણમાં પણ પ્રેમમાં અને રુચિમાં પડ્યો એ '**विमुक्तबोधाः**'. એ સ્વરૂપના બોધથી મુક્ત થઈ ગયો-રહિત થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આરે..! આવી વાત સાંભળવા મળે નહિ બિચારાને. અરેરે..! બહારથી માંડી. આ વ્રત કર્યા ને તપ કર્યા ને અપવાસ કર્યા ને ભક્તિ કરી. આવા શેઠિયા હોય તો દાન કાંઈક કર્યા. દાનવીરની એને ઉપમા દઈ દે. પૈસા-બૈસા દીધા હોય તો.. એ.. શેઠ! એને દાનવીરની ઉપમા છે. પૈસા આપે એટલે દાનવીર નામ આપે. પણ બાપા! દાન કોને કહેવું? આહાહા..!

આત્મા અંદર શુદ્ધ ચૈતન્યઘન પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત, એમાં સંપ્રદાન નામનો એક ગુણ ભગવાનમાં પડ્યો છે. સંપ્રદાન નામની એક શક્તિ-ગુણ પડ્યો છે. તો દ્રવ્યના આશ્રયે પોતાની પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની જે શુદ્ધ પર્યાય થઈ એ પોતે લીધી અને પોતે દીધી એ સંપ્રદાન છે. સંપ્રદાન. આવે છે ને છ કારક? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ.

ભગવાન સંપ્રદાનનો અર્થ એમ કરે છે. પ્રભુ! તારામાં એ સંપ્રદાન નામનો ગુણ છે-શક્તિ છે. એ સંપ્રદાનનું કાર્ય શું? કે દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી જે પવિત્રતા પ્રગટ થાય છે. એ પવિત્રતા લેનારો પાત્ર પણ તું અને પવિત્રતા દેનારો દાની પણ તું. એને દાન કહે છે. આહાહા..! અરે..! આવી વાતું. આ તમારે પૈસા દે, આહાર દે... રાત્રે નહોતી વાત કરતા? કે ભગવાનને કે મુનિઓને આહાર દે છે ને. પણ સાચા મુનિઓને આહાર દે તો એ ભાવ શુભ છે. એ ધર્મ નહિ. સમજાય છે કાંઈ? કારણ કે પરદ્રવ્ય ઉપર લક્ષ થઈને જે વૃત્તિ ઉઠે છે એ શુભ છે, ધર્મ નહિ. અને દાન દેવાનો જે ભાવ આવ્યો એને ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- અ રીતે તત્ત્વ સમજાવ્યું નહિ.

ઉત્તર :- ઈ પોતે સમજ્યો નહિ ને. સમજાવ્યું નહિ પણ એ સમજ્યો નહિ. શેઠ બચાવ કરે છે કે કોઈ સમજાવનારા મળ્યા નહિ, શું કરીએ? આહાહા..! પોતાને પોતામાં સમજવાની લાયકાત હોય તો સમજાવનારા મળ્યા વિના રહે નહિ. ત્રણલોકના નાથ બિરાજે છે. દિવ્યધ્વનિ ચોવીસ કલાકમાં ચાર વાર થાય છે. મહાવિહેદહમાં. સવાર, બપોરે, સાંજ અને રાત. બે-બે ઘડી, ચાર-ચાર ઘડી (ચાલે છે). આહાહા..! ત્યાં તારો જન્મ કેમ ન થયો? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે, '**विमुक्तबोधाः**' રાગનો પ્રેમ અને રુચિ જ્યાં થઈ ત્યાં મિથ્યાદૃષ્ટિ થયો તો '**विमुक्तबोधाः**'. સ્વરૂપની દૃષ્ટિ છૂટી ગઈ. શુદ્ધ સ્વરૂપમાં હતો એવી દૃષ્ટિ છૂટી ગઈ, નાશ થઈ ગઈ. આહાહા..! બહારની ક્રિયા તો એવી ને એવી કરતો હોય. અંતરમાં રાગની રુચિમાં '**विमुक्तबोधाः**' સમ્યગ્દર્શન છૂટી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું. '**विमुक्त**' '**છૂટ્યો છે શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને,...**' શુદ્ધસ્વરૂપનો અનુભવ હતો, જે આનંદનો સ્વાદ હતો એ રાગની રુચિમાં આનંદનો સ્વાદ છૂટી ગયો. ઝેરનો સ્વાદ આવ્યો-રાગનો સ્વાદ આવ્યો. આવો માર્ગ. '**છૂટ્યો છે શુદ્ધસ્વરૂપનો અનુભવ જેમને, એવા છે.**'

'**કેવો છે કર્મબંધ?**' હવે તેને કર્મબંધન થાય છે કેવી રીતે? '**पूर्वबद्धद्रव्यास्रवैः कृत-विचित्रविकल्पजालम्**' '**સમ્યક્ત્વ વિના ઉત્પન્ન થયેલાં, મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામ વડે બાંધ્યા હતા જે...**' પૂર્વે સમકિત વિના મિથ્યાત્વને કારણે અને રાગ-દ્વેષને કારણે જે કર્મબંધ બાંધ્યા હતા તે છે. '**જે પુદ્ગલપિંડરૂપ મિથ્યાત્વકર્મ...**' જડ, જડ '**તથા ચારિત્રમોહકર્મ તેમના દ્વારા કર્યો છે નાના પ્રકારના રાગ-દ્વેષ-મોહ...**' એ નિમિત્ત કર્મ છે અને પર્યાયમાં વિકલ્પની જાળ હવે ઉત્પન્ન થઈ. શુભ-અશુભરાગની જાળ ઉત્પન્ન થઈ. મિથ્યાદૃષ્ટિ થયો, ચૈતન્યસ્વભાવની દૃષ્ટિથી ભ્રષ્ટ થયો તો પૂર્વના બંધાયેલા કર્મના નિમિત્તના સંબંધમાં વિકલ્પની જાળ ઉત્પન્ન થઈ. આહાહા..! ચાહે તો શુભ હો કે અશુભ, એ બધી વિકલ્પની જાળ છે. આવી વાતું. આહા..! વિકલ્પની જાળ. છે? '**રાગ-દ્વેષ-મોહપરિણામ...**' એની જાળ એટલે સમૂહ. પુણ્ય અને પાપ ને મિથ્યાત્વભાવની જાળ ઉત્પન્ન થઈ. કરોળિયો જેમ જાળ કાઢીને ગુંચે છે. એમ પોતાના ચૈતન્ય શુદ્ધ સ્વરૂપને ભૂલીને પુણ્ય-પાપના અને મિથ્યાત્વના રાગની

જાળમાં ગૂંચાઈ ગયો. આહાહા..!

ભાવાર્થ. '**ભાવાર્થ આમ છે કે...**' શબ્દાર્થ કહીને પાછો એનો ટોટલ અર્થ કરે છે. આહા..! '**જેટલો કાળ જીવ સમ્યક્ત્વના ભાવરૂપ પરિણમ્યો હતો...**' આહાહા..! જેટલો કાળ રાગની રુચિ છોડી, અંતર આનંદસ્વરૂપ ભગવાનની અનુભવની દૃષ્ટિ હતી, આહાહા..! '**તેટલો કાળ ચારિત્રમોહકર્મ કીલિત (-મંત્રથી સ્તંભિત થયેલા) સાપની માફક...**' હતો. આહાહા..! જેમ સર્પને ખીલે બાંધે. અમને તો એક અનુભવ થયો છે. દુકાનની પાછળ વખાર હતી. એમાં શું કહેવાય? પેટી હતી. પેટી નીચે સર્પ હતો. 'પાલેજ'માં. અમારી દુકાન હતી ને ત્યાં. દુકાન મોટી હતી. 'કુંવરજીભાઈ'ની દુકાનની પાછળ. અમારી દુકાન બીજી હતી. સર્પ નીચે ગરી ગયો, હવે કાઢવો શી રીતે? સાણસો પેસે નહિ અને એમ ને એમ નીકળે નહિ. પછી કોઈએ કહ્યું કે, ઠંડુ પાણી નાખો. ઠંડુ પાણી નાખશો ત્યાં ઠરી જશે. પછી પકડાશે. ઠંડુ પાણી નાખ્યું. ત્યાં સુધી હવે હલી શકે નહિ. એમ જ્યાં સુધી આત્માનું સમ્યગ્દર્શન હતું, ત્યાં સુધી કર્મને જેમ સર્પને ઠંડા પાણીથી દબાવ્યો હોય એમ દબાઈ ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો ઘણા વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૬૪-૬૫ સાલની વાત છે. આહાહા..! મોટો સર્પ હતો. હવે એકદમ પકડાય નહિ. માથે પેટી છે એને આમ હડસેલવા જાવી હોય તો બીક લાગે. પાછળ એ રીતે હતી. કોઈ એક જાણો મળી ગયો એ કહે, ઠંડુ પાણી છાંટો. બહુ ઠંડુ પાણી ત્યાં છાંટો. હલી નહિ શકે. પછી તમે આમ પેટી ખસેડીને પકડો. સમજાય છે કાંઈ? આહાહા..!

એમ જ્યાં સુધી સમ્યગ્દર્શન હતું ત્યાં સુધી ચારિત્રમોહ કર્મ પણ, જેમ સર્પ બંધાયેલો પડ્યો છે, એમ કર્મ પડ્યા હતા. બસ. આહા..! છે? 'કીલિત...' બંધાયેલા, મૂર્છિત થયેલા '**સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું;...**' આહાહા..! અહીંયા જરી એવી વાત કરે છે, સમ્યગ્દર્શનનું માહાત્મ્ય વર્ણવે છે. સમ્યગ્દર્શન એ ચીજ તો અલૌકિક ચીજ! જ્યાં અનુભવ થયો, આત્મરત્નનો જ્યાં અનુભવ થયો, એ સમ્યગ્દર્શન અનંતકાળમાં થયું નથી. મુનિવ્રત અનંતવાર લીધા. શ્રાવકના બાર વ્રત અનંતવાર લીધા, પાળ્યા પણ એ બધું મિથ્યાદૃષ્ટિપણે. આહાહા..! સમ્યગ્દર્શન થયું તેટલો કાળ તો ચારિત્રમોહ કર્મ બંધાયેલા સાપની જેમ પડ્યા છે. ચારિત્રમોહ કર્મ પડ્યું છે. સમકિતીને બંધ થતો નથી. સમજાય છે કાંઈ? ઉદય થાય છે પણ અહીંયાં અસ્થિરતાનું જોડાણ ગણવામાં નથી આવ્યું. રાગની એકતાબુદ્ધિની દૃષ્ટિ હતી તે છૂટી ગઈ. અસ્થિરતાનો રાગ આવ્યો તેને અહીં ગણવામાં આવ્યો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**ચારિત્રમોહ કર્મ કીલિત (-મંત્રથી સ્તંભિત થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ ન હતું;...**' ચારિત્રમોહ કાર્ય કરવામાં સમર્થ નહોતું. જીવને મિથ્યાત્વના રાગ-દ્વેષ ઉત્પન્ન કરાવે એવી ચારિત્રમોહમાં તાકાત નથી. આહાહા..! '**જ્યારે તે જ જીવ સમ્યક્ત્વના ભાવથી ભ્રષ્ટ થયો...**' આહાહા..! અહીં તો મુખ્ય એ વાત લેવી છે. ભગવાન જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ પ્રભુ, જે દૃષ્ટિના વિષયમાં ધ્યેય તરીકે લીધો હતો, એ પ્રતીતિ છૂટી ગઈ. આહાહા..! સમજાય છે કાંઈ? અને મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો હતો. મિથ્યાત્વરૂપી રાગ

ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ, પંચ પરમેષ્ઠીનું સ્મરણ બધું રાગ છે. આકરી વાતું. એ રાગની રુચિ થઈ કે મને એનાથી લાભ થશે.

'**મિથ્યાત્વભાવરૂપ પરિણમ્યો ત્યારે ઉત્કીલિત (-છૂટા થયેલા) સાપની માફક...**' સર્પ જેમ જાગ્યો અને અંદર એ પ્રમાણે ચારિત્રમોહનો બંધ થાય છે. આહાહા..! ફુંફાડા મારે. ચારિત્રમોહનું ત્યારે જોર હોય, એમ કહે છે. મિથ્યાત્વ હોય તો. આહાહા..! '**ત્યારે ઉત્કીલિત (-છૂટા થયેલા) સાપની માફક પોતાનું કાર્ય કરવાને સમર્થ થયું, ચારિત્રમોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે.**' જુઓ! અશુદ્ધ પરિણામનું નિમિત્ત થવું. અશુદ્ધ પરિણામ કર્મ કરાવતું નથી. આહાહા..! એ કર્મ તો નિમિત્તમાત્ર છે. જીવ અશુદ્ધ પરિણામ કરે છે તો નિમિત્તમાત્ર છે. ધર્મી-સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વના અશુદ્ધ પરિણામ નથી, એમ બતાવવું છે. સમજાય છે કાંઈ? આવી વાતું હવે. '**જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે.**' એમ કહ્યું. કર્મને કારણે અશુદ્ધ (પરિણમન) થયું એમ નહિ. કર્મ તો નિમિત્તમાત્ર પર છે, જડ છે, ધૂળ છે. પોતાના પરિણામ જે મલિન કર્યા, રાગની રુચિ કરી ત્યારે કર્મ નિમિત્ત કહેવામાં આવ્યું છે. આહાહા..! આ વાત. આ તો કર્મના જોરને લઈને અમને આ છે. અરે..! મૂઢ, સાંભળને. કર્મ બિચારે કૌન? એ તો જડ છે, ધૂળ છે. જેવી આ જાડી ધૂળ છે, એવી ઝીણી ધૂળ છે. એ તો અજીવ છે. ખબરેય નથી કે અમે કર્મ છીએ કે નહિ. એને તો ખબરેય નથી કે અમે કર્મ છીએ કે નહિ, જડ છીએ કે નહિ. આહાહા..!

અહીંયાં તો પરમાત્મા એમ કહે છે, જ્યારે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયો ત્યારે અશુદ્ધ પરિણામ રાગની રુચિના-મિથ્યાત્વના થયા ત્યારે એ અશુદ્ધ પરિણામમાં કર્મ નિમિત્ત થયું. આહાહા..! સમજાય છે કાંઈ? યાદ કેટલું રાખવું? એક કલાક બધી જાત બીજી જાત આવે, એમાં કેટલી યાદ રાખવી? ઘરે પૂછે કે, તમે શું સાંભળ્યું? કોણ જાણે કાંઈક આમ ને તેમ કહેતા હતા. ભાઈ!

મુમુક્ષુ :- વિદેહક્ષેત્રમાં તો ચાર કલાક વાણી ખરતી હતી. અહીંયાં અઢી કલાક ખરે છે.

ઉત્તર :- ચાર વખત ખરતી હતી.

'**ચારિત્રમોહનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે. ચારિત્રમોહકર્મનું કાર્ય જીવના અશુદ્ધ પરિણમનનું નિમિત્ત થવું તે. ભાવાર્થ આમ છે-જીવ મિથ્યાદષ્ટિ થતાં...**' જુઓ! આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવથી ભ્રષ્ટ થયો, પોતાથી, હોં! કર્મથી નહિ. કર્મ બિચારે કૌન? ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાઈ. લોઢામાં અગ્નિ પેસે છે તો ઘણ પડે છે. અગ્નિ ન પેસે તો માથે ઘણ ન પડે. એમ ભગવાનઆત્મા પોતાને ભૂલીને પુણ્ય અને પાપના પ્રેમમાં ફસાઈ જાય તો પાપના ઘણ પડે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એકે એક વાતમાં ફેર. કર્મથી થાય છે, કર્મથી થાય છે. અમારે (સંવત) ૧૯૭૧ની સાલથી વાત ચાલે છે. સમજાય છે કાંઈ? ૬૨ વર્ષ થયા. ૬૦ અને ૨. સ્થાનકવાસીમાં એ બધા લોકો કહેતા હતા, શ્વેતાંબરમાં પણ એ, દિગંબરમાં આવ્યા તો એ વાત કરે છે. કર્મથી આ થાય છે, કર્મથી થાય છે, કર્મથી થાય છે. ૧૯૭૧ની સાલ. ૭૦ અને ૧. ત્યારથી કહીએ છીએ કે, કર્મથી આત્મામાં બિલકુલ થતું નથી. પોતે સ્વયં પોતાને ભૂલીને વિકાર કરે છે તો

કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. આવો વીતરાગનો માર્ગ છે. તમે એમ માનો કે કર્મને લઈને અમને વિકાર થાય છે, એ મિથ્યાદષ્ટિ સ્થૂળ અજ્ઞાન દશા છે. સમજાય છે કાંઈ?

કર્મ પરમાણુ તો જડ અજીવ ધૂળ છે. એમાં મિથ્યાત્વ થવાની તાકાત છે? અજ્ઞાની પોતાના સ્વરૂપને ભૂલીને (મિથ્યાત્વપણે પરિણમે છે). એ ભૂલમાં પણ પૂર્વના કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પણ ભૂલે છે એને. આહાહા..! સમજાય છે કાંઈ? અને ભૂલી ગયા પછી અશુદ્ધ પરિણામ મિથ્યાત્વના થયા તો એમાં ચારિત્રમોહનું કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ડિગ્રી ટુ ડિગ્રી.

ઉત્તર :- ડિગ્રી ટુ ડિગ્રી નથી. એક જણ ઈ કહે છે. કર્મનો ઉદય આવે એટલે ડિગ્રી ટુ ડિગ્રી વિકાર કરવો પડે. શેઠ ઠીક યાદ કર્યું. ઈ કહે છે, હોં! શેઠ! કહે છે. 'રતનચંદજી' કહેતા હતા, અહીંયાં અમારે 'મૂળશંકર' કહેતા હતા. કર્મ તો નિમિત્ત થઈને આવે છે, આટલો વિકાર કરવો જ પડે. મોટું લખાણ હતું. 'વર્ણીજી'ને આપ્યું હતું.

મુમુક્ષુ :- સ્વામીજીનું પુસ્તક વાંચશું તો..

ઉત્તર :- બધી વિપરીતતા છે, ઘણી વિપરીતતા છે. ત્રણે ફિરકા વિપરીત છે. સમજાય છે કાંઈ? સ્થાનકવાસીમાં સંવત ૧૯૭૧માં કહ્યું હતું. ત્યારે ગડબડ થઈ ગઈ. પછી શ્વેતાંબર પાસે ગયા તો એ ગડબડ થઈ ગઈ. કર્મથી નથી થતું? આ દિગંબરમાં આવ્યા તો દિગંબરમાં ગડબડ થઈ ગઈ. 'રતનલાલજી' એમ કહે છે. કર્મ જેટલા પ્રમાણમાં ઉદય આવે એ પ્રમાણે વિકાર થાય છે. અહીં પરમાત્મા ના પાડે છે, એમ ત્રિકાળ નથી.

મુમુક્ષુ :- અહીંયા જેટલો વિકાર કરે તેટલા કર્મ બંધાય.

ઉત્તર :- એ તો કર્મ બંધાય એને કારણે. એ પણ એને કારણે. આને કારણે નહિ. વિકાર કર્યો અને કર્મબંધન થયું એ વિકારને કારણે નહિ. કર્મ પણ પોતાની ઉપાદાનપર્યાયને કારણે કર્મ બંધાય છે. દરેક વાતમાં ફેર. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો એ કહેવું છે કે, '**જીવ મિથ્યાદષ્ટિ થતાં...**' આહાહા..! ચાહે તો સાધુની ક્રિયા પંચમહાવ્રત (પાળતો હોય), નિર્દોષ આહાર-પાણી લેતો હોય, એને માટે બનાવેલું ન લેતો હોય અને દયા પાળતો હોય એવી ક્રિયા કરે, પણ અંદરમાં આત્મજ્ઞાનની દૃષ્ટિથી ભ્રષ્ટ થઈ રાગની રુચિ છે તો એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે. જિંદગીમાં સાંભળી ન હોય એટલે માણસને લાગે, બાપા! માર્ગ તો પ્રભુનો એ છે. અનાદિથી દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને પરતંત્ર કરી શકે એવી કોઈની તાકાત નથી. પોતાથી પરતંત્ર થાય (ત્યારે) બીજી ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..! સમજાય છે કાંઈ? આહા..!

'**ભાવાર્થ આમ છે કે-જીવ મિથ્યાદષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ પણ થાય છે.**' જુઓ! બંધ નથી એમ પહેલા કહેતા હતા. સમકિતમાં ચારિત્રમોહનો રાગ હતો પણ એને બંધ ગણવામાં આવ્યો નથી. અહીંયાં તો જ્યાં મિથ્યાત્વ થયું તો ચારિત્રમોહનો રાગ પણ થયો, દ્વેષ પણ થયો. આહા..! બંધ પણ થાય છે. '**પરંતુ બંધશક્તિ હીન હોય છે...**' સમજાય છે

કાંઈ? સમકિતને પ્રાપ્ત કરે છે ત્યારે ચારિત્રમોહના ઉદયમાં થોડો બંધ થાય છે '**પરંતુ બંધશક્તિ હીન હોય છે...**' બહુ થોડો બંધ પડે છે. સમ્યગ્દર્શનનું અંદરમાં જોર છે. હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ (છું), એમ સમ્યગ્દર્શનમાં જોર છે. થોડો અસ્થિરતાનો રાગ આવે છે પણ એનો બંધ પણ અલ્પ સ્થિતિ, રસ પડે છે. એને અહીંયાં ગણવામાં આવ્યો નથી. આહા..! '**બંધશક્તિ હીન હોય છે તેથી બંધ કહેવાતો નથી.**' જોયું? આહાહા..!

'**મિથ્યાદષ્ટિ થતાં ચારિત્રમોહનો બંધ થાય છે. જ્યારે જીવ સમ્યક્ત્વ પામે છે ત્યારે ચારિત્રમોહના ઉદયે બંધ થાય છે, પરંતુ બંધશક્તિ હીન હોય છે તેથી બંધ કહેવાતો નથી.**' આહાહા..! અને એ બંધ આવે છે તે પણ નાશ થવા માટે આવે છે. જ્યાં અંદર આત્માનું દર્શન, ભાન થયું એ સમકિત એટલે શું! આહા..! મોક્ષસ્વરૂપ ભગવાનઆત્મા અંદર છે. મોક્ષસ્વરૂપ જ અંદર છે. પર્યાયમાં મોક્ષ થાય છે એ મોક્ષસ્વરૂપ છે તો મોક્ષ થાય છે. આહાહા..! એવો મોક્ષસ્વરૂપ ભગવાનઆત્મા, એનું જ્યાં સુધી સમ્યગ્દર્શન અને અનુભવ રહ્યો ત્યાં સુધી રાગાદિ અસ્થિરતાનો થોડો બંધ થાય છે પણ એને ગણવામાં આવ્યો નથી.

'**આ કારણથી સમ્યક્ત્વ હોતાં ચારિત્રમોહને કીલિત સાપના જેવો...**' બંધાયેલો સર્પ '**જેવો ઉપર કહ્યો છે,...**' આહાહા..! '**જ્યારે સમ્યક્ત્વ છૂટી જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો...**' આહાહા..! એમ રાગની પ્રેમ, રુચિ થઈ ત્યાં ચારિત્રમોહ જાગૃત થયો. ત્યારે એને રાગ-દ્વેષ પોતાથી થશે અને બંધ પણ થશે. આહાહા..! અટપટી વાતું કેટલી આમાં. વાતે વાતે ફેર, બહુ ફેર, ભાઈ! જૈનધર્મમાં તો એમ જ કહે છે, બસ, કર્મથી વિકાર, કર્મથી વિકાર. કર્મ હોય તો કર્મ મારી નાખે. ઓલા વ્યાખ્યાનમાં બોલ્યા હતા ને? કર્મે રાજા, કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક. પહેલી સ્તુતિ બોલે. સ્થાનકવાસીમાં પહેલી દસ મિનિટ સ્તુતિ બોલે. એમાં આ બોલે. કર્મે રાજા કર્મે રંક, કર્મે વાળ્યો આડો અંક. કર્મથી રાજા ને કર્મથી રંક, એ તો બીજી વાત છે. અઘાતિકર્મ કારણ (છે). પણ કર્મે વાળ્યો આડો અંક. કર્મે આત્માને વિરૂદ્ધ કરી નાખ્યો. એ વાત ખોટી છે. આહાહા..! કર્મ જડ પરદ્રવ્ય, ભગવાન ચૈતન્ય અરૂપી સ્વદ્રવ્ય. એ કર્મને આત્મા અડતો નથી અને કર્મ આત્માને અડતા નથી. કર્મ શું કરે? બહુ ફેર, બહુ ફેર, બાપુ! બહુ ફેર છે. આહાહા..! આખું ચક્ર ફરી ગયું છે. ધર્મનું ચક્ર તો ફરી ગયું છે પણ કર્મથી વિકાર થાય એવું આખું ચક્ર ફરી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ?

'**જ્યારે સમ્યક્ત્વ છૂટી જાય છે ત્યારે ઉત્કીલિત સાપના જેવો ચારિત્રમોહને કહ્યો; તે ઉપરના ભાવાર્થનો અભિપ્રાય જાણવો.**' ત્યારે બંધ થાય છે, એમ. સમ્યગ્દર્શન છૂટ્યા પછી ચારિત્રમોહનો બંધ થાય છે. અશુદ્ધતા ઉત્પન્ન થાય છે અને અશુદ્ધનો સ્વામી થાય છે એમાં કર્મ નિમિત્ત છે. જ્ઞાનીને અશુદ્ધતા છે નહિ, થોડી અસ્થિરતા પોતાની નબળાઈને કારણે છે. એને અલ્પ સ્થિતિ, બંધ છે એને ગણવામાં આવ્યું નથી. આહાહા..! આવી વાત લ્યો, આવો ઉપદેશ વીતરાગનો. આ પરમેશ્વર આમ કહે છે. ભઈ, આવું તો અમે કોઈ દિ' સાંભળ્યું નથી. આવો જૈનધર્મ હશે? જૈનધર્મમાં તો દયા પાળવી, વ્રત કરવા, ચોવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, પ્રત્યેક વનસ્પતિની મર્યાદા કરવી, છ પરબી પાળવી. બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ. સ્થાનકવાસીમાં પૂનમ છે. ચૌદસ નથી. એ છ પરબી બ્રહ્મચર્ય પાળવું,

છ પરબી કંદમૂળ ન ખાવા. અરે..! સાંભળને, બાપા! એ બધી વાતું રાગની ક્રિયાની છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મામાં તો એ રાગ પણ નથી. એ ચીજની જ્યારે દૃષ્ટિ થઈ તો કહે છે કે ચારિત્રમોહનો બંધ એને થતો નથી. અલ્પ બંધ પડે છે એને ગણવામાં આવતો નથી. અને જ્યારે મિથ્યાદૃષ્ટિ થયો, પોતાની ભૂલથી, કર્મથી નહિ, 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' પોતાની ભૂલને કારણે. જ્ઞાનનો ચંદ્ર, ચંદ્ર, ચંદ્ર આત્મચંદ્ર, જિનચંદ્ર પ્રભુઆત્મા છે. આહાહા..! જિન નામ 'જિન સો હી હૈ આત્મા' એ જિનચંદ્ર પ્રભુ. શીતળ.. શીતળ.. શીતળ.. શીતળ... શાંતસ્વભાવનો પિંડ આત્મા, અકષાયસ્વભાવી ભગવાનઆત્મા, એનું જ્યાં ભાન થયું પછી બંધ નથી, એમ કહે છે. અને ભાનથી છૂટી ગયો પછી અજ્ઞાનથી બંધન થાય છે. આહાહા..! આ તો અંતરની રમતુંની વાત છે. હવે એ આસ્રવનો સાર કહે છે.

(અનુષ્ટુપ)

ईदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि।।१०-१२२।।

ખંડાન્વય સહિત અર્થ : 'अत्र इदम् एव तात्पर्यं' ( अत्र ) આ સમસ્ત અધિકારમાં ( इदम् एव तात्पर्यं ) નિશ્ચયથી આટલું જ કાર્ય છે. તે કાર્ય શું? 'शुद्धनयः हेयः न हि' ( शुद्धनयः ) આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ ( हेयः न हि ) સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવા યોગ્ય નથી. શા કારણે? 'हि तत् अत्यागात् बन्धः नास्ति' ( हि ) કારણ કે ( तत् ) શુદ્ધસ્વરૂપનો અનુભવ તેના ( अत्यागात् ) નહિ છૂટવાથી ( बन्धः नास्ति ) જ્ઞાનાવરણાદિકર્મનો બંધ થતો નથી. વળી શા કારણે? 'तत् त्यागात् बन्धः एव' ( तत् ) શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના ( त्यागात् ) છૂટવાથી ( बन्धः एव ) જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે. ભાવાર્થ પ્રગટ છે. ૧૦-૧૨૨.

## કળશ-૧૨૨ ઉપર પ્રવચન

(અનુષ્ટુપ)

ईदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि।।१०-१२२।।

આહાહા..! 'અમૃચંદ્રાચાર્ય' દિગંબર સંત. ભગવાનની વાણી સાંભળીને 'કુંદકુંદાચાર્યે' શાસ્ત્ર બનાવ્યા. 'સમયસાર', 'પ્રવચનસાર'. એની ટીકા કરનારા 'અમૃતચંદ્રાચાર્ય'. એ કહે છે, 'अत्र इदम् एव तात्पर्यं' **'આ સમસ્ત અધિકારમાં...'** આ બધો આસ્રવનો અધિકાર થયો **'નિશ્ચયથી આટલું જ કાર્ય છે...'** 'इदम् एव तात्पर्यं'. 'इदम्' **'નિશ્ચયથી આટલું જ કાર્ય છે,**

તે કાર્ય શું?' 'शुद्धनयः हेयः न हि' આહાહા..! આ શુદ્ધનયની વ્યાખ્યા કરી. '**આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવા યોગ્ય નથી.**' વિસારવા યોગ્ય નથી. આહાહા..! આખા આસ્રવનો સાર એવો કહેવામાં આવ્યો, આખા શાસ્ત્રનો સાર એમ કહેવામાં આવ્યો, ભગવાનની વાણીમાં સાર એમ કહેવામાં આવ્યો કે ભગવાનઆત્મા.. '**આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ...**' દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી વિકલ્પથી ભિન્ન એવો આત્માનો અનુભવ. આહાહા..! એ કદી વિસારવા યોગ્ય નથી. કદી છોડવાયોગ્ય નથી. કદી ભૂલવાયોગ્ય નથી. આહાહા..! દૃષ્ટિમાં તો ત્રિકાળી શુદ્ધ આત્મા જ સદા રાખવો. આહાહા..!

ધ્રુવ ચિદાનંદ પ્રભુઆત્મા, એને તો શુદ્ધનય જ કહ્યો. આહા..! નહિતર નય તો વિષય છે, વસ્તુ સ્વરૂપ જે ધ્રુવ ચિદાનંદ પ્રભુ એનો વિષય છે. અહીં તો શુદ્ધનયને જ વસ્તુ કહી. આત્મા ભગવાન પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વરૂપનો અનુભવ, એ શુદ્ધ ચૈતન્યનું વેદન, એ અતીન્દ્રિય આનંદનો અનુભવ.. આહાહા..! કદી છોડવા લાયક નથી. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ છે, એ વસ્તુ. એનો વર્તમાનમાં અનુભવ-પર્યાય, એનું વેદન, શુદ્ધનું વેદન એ કદી છોડવું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આ તાત્પર્ય છે, એમ કહે છે. આહાહા..! આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ હેય નથી. કદી હેય નથી. કદી વિસારવા યોગ્ય નથી. આહાહા..! 'શા કારણે?' એ વાત આવશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૧, ગુરુવાર, તા.૧૩-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૨, ૧૨૩ પ્રવચન - ૧૨૦

'કળશટીકા'. ૧૨૨ કળશ.

(અનુષ્ટુપ)

ईदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि।
नास्ति बन्धस्तदत्यागात्तत्यागाद्बन्ध एव हि।।१०-१२२।।

**ખંડાન્વય સહિત અર્થ** :- 'अत्र इदम् एव तात्पर्यं' 'अत्र एव' તાત્પર્ય-રહસ્ય એ છે, સર્વ શાસ્ત્રના અધિકારનું રહસ્ય એ છે '**આ સમસ્ત અધિકારમાં..**' 'इदम् एव तात्पर्यं' '**નિશ્ચયથી આટલું જ કાર્ય...**' રહસ્ય એ છે. સર્વ શાસ્ત્રનો સાર.

यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख।
तजै शुद्धनय बंध है, गहै शुद्धनय मोख।।१३।।

એનું આ હિન્દી. '**यह निचोर या ग्रंथकौ,..**' આ ગ્રંથનો નિચોડ આ છે. '**परम रसपोख...**' આત્મા અતીન્દ્રિય દ્રવ્યાર્થિકનયનો વિષય, દ્રવ્ય જેનું પ્રયોજન છે એવો શુદ્ધનય, એનો વિષય જ્ઞાયક ચૈતન્યનો અનુભવ કરવો એ સર્વ શાસ્ત્રનું રહસ્ય છે. સમજાય છે કાંઈ? જે અનાદિકાળથી પુણ્ય અને પાપ ને રાગ-દ્વેષનો અનુભવ છે એ ઝેરનો અનુભવ-

દુઃખનો અનુભવ અને સંસારમાં રખડવાનો એ અનુભવ છે. અને ભગવાનઆત્મા...

**'આટલું જ કાર્ય છે.'** 'शुद्धनयः हेयः न हि' સિદ્ધાંત આ. આહા..! 'शुद्धनयः' અર્થાત્ **'આત્માના શુદ્ધ સ્વરૂપનો અનુભવ...'** શુદ્ધનયની વ્યાખ્યા જ આ કરી. ભગવાનઆત્મા શુદ્ધ દ્રવ્યાર્થિકનયે શુદ્ધ છે, પવિત્ર છે, ભગવત્‌સ્વરૂપ છે, પરમાત્મસ્વરૂપે બિરાજમાન આત્મા દ્રવ્યાર્થિકનયે છે. આહાહા..! એનો અનુભવ. એની દૃષ્ટિ કરીને એનો અનુભવ કરવો, એ આનંદનું વેદન કરવું. જે અનાદિથી પુણ્ય-પાપના વિકારનું વેદન છે એ સંસાર છે, સંસારવૃદ્ધિ છે, દુઃખરૂપ છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદનો અનુભવ સુખરૂપ છે, મોક્ષનું કારણ છે અને એનો અનુભવ શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

**'इदम् एव तात्पर्यं'** આવ્યું ને? આખા શાસ્ત્રના અધિકારનું તાત્પર્ય આ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ સ્વરૂપ ત્રિકાળી, જે દ્રવ્યાર્થિક-દ્રવ્યનું પ્રયોજન જે નયને છે, ત્રિકાળી જ્ઞાયકભાવ જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ, એને વિષય બનાવી-ધ્યેય બનાવી, તેનો અનુભવ કરવો. આહાહા..! આવી વાત છે. **'हेयः न हि'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરે એ હેય નથી. શુભાશુભ ભાવ થાય છે તે હેય છે. એનો અનુભવ દુઃખરૂપ છે. આહાહા..! એકદમ શાસ્ત્રનું રહસ્ય આવ્યું છે. તાત્પર્ય છે ને? રહસ્ય છે. આહાહા..! માર્ગ કહેવાનું રહસ્ય આ છે. બહારથી વૃત્તિને સમેટીને અંદર ચિદાનંદ ધ્રુવસ્વરૂપ જ્ઞાયક તરફ દૃષ્ટિને ઝુકાવી અનુભવ કરવો. આ કાર્ય છે. આહા..! એ કાર્ય કદી હેય નથી. એમ કહે છે. છે ને? 'शुद्धनयः हेयः न हि'. આહાહા..! શા માટે હેય નથી?

**'સૂક્ષ્મકાળમાત્ર પણ વિસારવાયોગ્ય નથી.'** આહાહા..! હું જ્ઞાયક ચૈતન્ય આનંદ છું, એ ક્ષણમાત્ર પણ વિસારવાયોગ્ય નથી. સમજાય છે કાંઈ? હું પવિત્ર પરમાત્મસ્વરૂપ છું. એક ક્ષણમાત્ર પણ વિસારવાયોગ્ય નથી, ભૂલવાયોગ્ય નથી. આહાહા..! સ્મૃતિના પટમાંથી કાઢવા યોગ્ય નથી. સમજાય છે કાંઈ? 'શા કારણે?' **'हि तत् अत्यागात् बन्धः नास्ति'** **'કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ...'** ત્રિકાળી ભગવાન પરમાનંદ પ્રભુઆત્મા, એનો અનુભવ અર્થાત્ એને અનુસરીને આનંદનો અનુભવ થવો, એ ત્યાજ્ય નથી. એ ત્યાગ કરવાલાયક નથી. કેમ? 'तत् अत्यागात् बन्धः नास्ति' એ **'શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના..'** 'अत्यागात्' **'નહિ છૂટવાથી...'** નહિ છોડવાથી, ગ્રહણ કરવાથી. આહાહા...! **'જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો નથી.'** આહા..! ભગવાન પવિત્ર પરમાત્મસ્વરૂપનો અનુભવ એક ક્ષણ પણ ત્યાગવાયોગ્ય નથી. કેમ? 'तत् अत्यागात्' **'તેના નહિ છૂટવાથી...'** કર્મનો બંધ થતો નથી. સમજાય છે કાંઈ? દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામનું કરવું પણ ક્યાંય છૂટી ગયું. આહાહા..!

એક સમયની પર્યાય ઉપર બુદ્ધિ હતી, એ બુદ્ધિ ત્રિકાળી જ્ઞાયક તરફ ઢળવાથી જે દૃષ્ટિમાં આત્માનો અનુભવ થયો એ 'अत्यागात्' નહિ છોડવાથી બંધ થતો નથી. આહાહા..! કેમકે આત્મા પરમાત્મસ્વરૂપ અબંધસ્વરૂપ (છે). અબંધસ્વરૂપનો અબંધ પરિણામમાં અનુભવ થવાથી અબંધસ્વરૂપ.. આહાહા..! એના અબંધપરિણામ એટલે શુદ્ધનયનો અનુભવ, અબંધ

પરિણામથી અનુભવ કરવાથી, અબંધનો અબંધપરિણામથી અનુભવ કરવાથી બંધ થતો નથી. આહાહા..! આવી વાત ઝીણી છે. સમજાય છે કાંઈ? ધર્મીને જો કાર્ય કરવાનું હોય તો આ કાર્ય છે.

મુમુક્ષુ :- એકમાત્ર આ જ કાર્ય છે.

ઉત્તર :- આ જ કાર્ય છે. આહાહા..!

ભગવાનઆત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ, એમાં અનંત શક્તિઓ છે અને એક એક શક્તિમાં અનંત શક્તિનું સામર્થ્ય અને રૂપ છે. આહાહા..! એવી અનંત શક્તિ અને શક્તિનું અનંત રૂપ, એનું એકરૂપ. આહા..! શુદ્ધનયનો વિષય કહેવો છે ને? એ ત્રિકાળી ભગવાનઆત્માનો સ્વીકાર કરવાથી અને નિમિત્ત ને રાગ ને પર્યાયનો સ્વીકાર છોડવાથી એને બંધ થતો નથી. આહાહા..! આવો માર્ગ હવે માણસને... ભગવંતસ્વરૂપ અબંધસ્વરૂપ પ્રભુ (છે). અબંધસ્વરૂપ કહો, જૈનશાસન કહો. ત્યાં એ બતાવ્યું. ચૈતન્ય ભગવાન મુક્તસ્વરૂપ બિરાજે છે. સદા મુક્તસ્વરૂપ જ ત્રિકાળી દ્રવ્ય વસ્તુ તો છે. આહા..! એ મુક્તસ્વરૂપનો અનુભવ પર્યાય થઈ. એ કદી છોડવાલાયક નથી. આહાહા..! 'अत्यागात् बन्धः नास्ति' જેના અનુભવને નહિ છોડવાથી કર્મનો બંધ થતો નથી. આહાહા..! બહુ ટૂંકું. એકલું માખણ છે. હજી તો લોકોને આ દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા કરીએ તો અંદર જવાય. કહે છે કે એ તો રાગ છે, હેય છે. એની તો દૃષ્ટિ છોડ. અને એક સમયની પર્યાય જે છે એમાં અબદ્ધસ્પૃષ્ટ આત્મા આવતો નથી.

ચૈતન્ય ધ્રુવ જ્ઞાયક સ્વભાવ એક સમયની પ્રગટ જ્ઞાનની અવસ્થામાં એ વસ્તુ આવતી નથી. વસ્તુ પર્યાયથી પાર-ભિન્ન છે. આહાહા..! એવી દૃષ્ટિનો વિષય અંતર દ્રવ્યને બનાવીને.. આહાહા..! વેદન કરવું, એમ કહે છે. મુક્તસ્વરૂપનું મુક્તપણે વેદન કરવું. રાગરહિત અરાગપણાનું વેદન કરવું. સમજાય છે કાંઈ? આરે..! આવી વાત છે, ભાઈ! લોકોને બહારથી જાણે આ કરીએ ને આ કરીએ, દાન દઈએ ને વ્રત પાળીએ ને તપ કરીએ ને અપવાસ કરીએ (તો) કલ્યાણ (થશે). ભાઈ! એ બધી ચીજો તો બહારની બહિર્મુખ લક્ષવાળી ચીજ છે. અંતર્મુખ લક્ષવાળી ચીજ તો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, અંતર લક્ષ કરીને એનો અનુભવ કરવો, કે જેમાં રાગનો લેશમાત્ર અનુભવ નથી. આહા..! અનુભવમાં તો અરાગી પરિણામનો અનુભવ છે. આહાહા..! એને 'अत्यागात्' તેને નહિ છોડવાથી બંધ થતો નથી. આવી વાત છે. 'પોપટભાઈ'! આમાં પૈસા-ફૈસા તો ક્યાંય રહી ગયા. અહીંયાં તો વ્રત ને તપનો વિકલ્પ છે એ કંઈ સાથે આવતો નથી, એનો સથવારો નથી. આહાહા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુ, એનો અનુભવ અર્થાત્ તે તરફની વલણ દશા છે, એ અનુભવ દશા 'अत्यागात्' તેને નહિ છોડવાથી બંધ થતો નથી. આહાહા..!

'વળી શા કારણે?' 'तत् त्यागात् बन्धः एव' આહાહા..! શુદ્ધ ભગવાન પરમાનંદ પ્રભુ, એનું સમીપપણું અનુભવ છોડવાથી. આહાહા..! 'तत् त्यागात्'. જેને આત્મા પવિત્ર પ્રભુ પરમાત્માનો અનુભવ, એ તરફના ઝુકાવની દશા છોડવાથી 'શુદ્ધ સ્વરૂપનો અનુભવ તેના

છૂટવાથી...' 'बन्धः एव' આઠ કર્મનો બંધ થશે. આહાહા..! બહુ તાત્પર્ય. તેથી 'સમયસાર નાટક'માં એનું હિન્દી બનાવ્યું. 'यह निचोर या ग्रंथकौ' 'સમયસાર' ગ્રંથનો આ નિચોડ છે. 'यह निचोर या ग्रंथकौ, यहै परम रसपोख' આત્માના આનંદરસનું પોષણ કરવું એ એનું રહસ્ય છે. આહાહા..! અરે..! એને સાંભળવા મળે નહિ, સમજવા મળે નહિ, એ ક્યાં જાય? એ દુઃખી ચોર્યાસીના અવતારમાં એ શેઠિયા કે રાજા હો કે દેવ હો, એ દુઃખમાં દાઝી રહ્યા છે, ભાઈ! એ દુઃખમાં બળી રહ્યા છે. આહાહા..!

આ આત્માને એનાથી છૂટવું હોય તો અંતર મુક્તસ્વરૂપ પ્રભુનો અનુભવ છોડવાથી બંધ થશે. અનુભવના અત્યાગથી બંધ નહિ થાય. આહાહા..! એનો ત્યાગ કરવાથી અને વ્યવહાર રત્નત્રયનો આશ્રય લેવાથી.. આહાહા..! બંધ થશે. સમજાય છે કાંઈ? પહેલી એ વાત એના ખ્યાલમાં, જ્ઞાનમાં નિર્ણય તો કરે. આ ચીજ શું છે? એમ ને એમ અમે ધર્મ કરીએ, ધર્મ કરીએ. મરી ગયા અનંતકાળથી. સમજાય છે કાંઈ?

'तत् त्यागात् बन्धः एव' '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ...**' સમ્યગ્દર્શન છૂટવાથી '**જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ છે.**' આહાહા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવનો આશ્રય કરવાથી અને નિજ અનુભવનો આશ્રય છોડવાથી બંધ થશે. એમ કહે છે. સંસારવૃદ્ધિ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આ આખા અધિકારનું તાત્પર્ય છે. 'આસ્રવ અધિકાર'નું તાત્પર્ય અથવા આખા 'સમયસાર'નું તાત્પર્ય-અંતર સ્વરૂપમાં ઝુકવું અને વ્યવહાર આદિનો આશ્રય છોડવો. એ આ બાજુ ઝુકી જાય છે એટલે એ છૂટી જાય છે, એટલે છોડવું એમ પણ ન કહ્યું. સમજાય છે કાંઈ? આહાહા..! બહુ થોડા શબ્દોમાં તો એટલી બધી વાત ભરી છે. આહાહા..! એક એક પદમાં એટલી ગંભીરતા.

ભગવાન તો અનંતગુણનો ગંભીર દરિયો છે ને તું, સમુદ્ર છો ને! આહાહા..! જેમાં અનંતગુણ રત્નરાશિ ઉછળે છે. આહાહા..! એના ઉપર નજર કરવાથી. છે તો છે. પણ એના ઉપર નજર કરવાથી અનંત રત્ન-ગુણરત્ન પર્યાયમાં ઉછળે છે. એ આવ્યું ને? જ્ઞાનની પર્યાય ઉછળે છે એમાં અનંત પર્યાય ઉછળે છે, મૂળ તો ઈ કહેવું છે. શક્તિની શરૂઆતમાં આવ્યું ને? આહાહા..! ભગવાનઆત્મા અનંતગુણનો રાશિ પ્રભુ, એનો આશ્રય ને અનુભવ કરવાથી જ્ઞાનની એક સમયની સમ્યક્ પર્યાય ઉછળે છે એમાં અનંતગુણની પર્યાય ઉછળે છે. આવ્યું ને ઈ? શક્તિના અધિકારમાં. આહાહા..! અને એનો ત્યાગ કરવાથી મિથ્યાત્વભાવનું ઉછળવું ઉત્પન્ન થાય છે. રાગ, વિકલ્પ, શુભરાગ હો પણ એની રુચિ કરવાથી અને આશ્રય કરવાથી, લાભ છે એમ માનવાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. એ મિથ્યાત્વને કારણે નવા આઠ કર્મ બંધાય છે. આહાહા..!

ભગવાન તારી સુંદરતા એટલી રમણીય છે કે જગતની સુંદરતા થોથા લાગે એવી છે. આહાહા..! સમજાય છે કાંઈ? થોરના દૂધ હોય ને? થોર.. થોર કહે છે? શું કહે છે? કાંટા હોય છે. હાથિયા થોર થાય છે. એનું દૂધ હોય છે. એ પણ દૂધ છે અને ગાયનું પણ દૂધ (હોય). આહાહા..! એ થોરનું દૂધ મૂકે તો આમ બળતરા ઉઠે અને ગાયનું દૂધ મીઠું.

આહાહા..! એમ ભગવાનઆત્મા.. અહીંયાં તો એમ નજરમાં આવ્યું કે ગાયને દોહે છે ને? એમ પરમાત્મસ્વરૂપની રુચિ-દૃષ્ટિથી અનુભવમાં દોહે છે તો પર્યાયમાં આનંદનો સ્વાદ આવે છે. આહા..! અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ.. પાપપરિણામ તો એક કોર રહો, પણ શુભ પરિણામની રુચિ કરવાથી એ થોર જેવું દૂધ છે, આકુળતા ઉત્પન્ન થશે. આહાહા..! માર્ગ પ્રભુનો બહુ ઝીણો, બાપુ! આહાહા..! ૧૨૨ (થયો).

(શાર્દૂલવિક્રીડિત)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबन्धन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्णं ज्ञानधनौधमेकमचलं पश्यन्ति शान्तं महः।।११-१२३।।

ખંડાન્વય સહિત અર્થ :- 'कृतिभिः जातु शुद्धनयः त्याज्यः न हि' ( कृतिभिः ) સમ્યગ્દૃષ્ટિ જીવો દ્વારા ( जातु ) સૂક્ષ્મકાળમાત્ર પણ ( शुद्धनयः ) શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ ( त्याज्यः न हि ) વિસ્મરણયોગ્ય નથી. કેવો છે શુદ્ધનય? 'बोधे धृतिं निबध्नन्' ( बोधे ) બોધમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં ( धृतिं ) અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને ( निबध्नन् ) પરિણમાવે છે. કેવો છે બોધ? 'धीरोदारमहिम्नि' ( धीर ) શાશ્વતી, ( उदार ) ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે ( महिमा ) મોટપ જેની, એવો છે. વળી કેવો છે? 'अनादिनिधने' ( अनादि ) નથી આદિ, ( अनिधने ) નથી અંત જેનો, એવો છે. વળી કેવો છે શુદ્ધનય? 'कर्मणाम् सर्वंकषः' ( कर्मणाम् ) જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપિંડનો અથવા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનો ( सर्वंकषः ) મૂળથી ક્ષયકરણશીલ છે. 'तत्रस्थाः शान्तं महः पश्यन्ति' ( तत्रस्थाः ) શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન છે જે જીવ, તેઓ ( शान्तं ) સર્વ ઉપાધિથી રહિત એવા ( महः ) ચૈતન્યદ્રવ્યને ( पश्यन्ति ) પ્રત્યક્ષપણે પામે છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મપદને પ્રાપ્ત થાય છે. કેવું છે ચૈતન્યદ્રવ્ય? 'पूर्णं' અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે. વળી કેવું છે? 'ज्ञानधनौधम्' ચેતનાગુણનો પુંજ છે. વળી કેવું છે? 'एकम्' સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. વળી કેવું છે? 'अचलं' કર્મનો સંયોગ મટવાથી નિશ્ચલ છે. શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે? 'स्वमरीचिचक्रम् अचिरात् संहृत्य' ( स्वमरीचिचक्रम् ) સ્વમરીચિચક્રનો અર્થાત્ જૂઠ છે, ભ્રમ છે જે કર્મની સામગ્રી ઇન્દ્રિય, શરીર, રાગાદિમાં આત્મબુદ્ધિ, તેનો ( अचिरात् ) તત્કાળમાત્ર ( संहृत्य ) વિનાશ કરીને. કેવું છે મરીચિચક્ર? 'बहिः निर्यत्' અનાત્મપદાર્થોમાં ભમે છે. ભાવાર્થ આમ છે કે-પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે. ૧૧-૧૨૩

## કળશ-૧૨૩ ઉપર પ્રવચન

૧૨૩. (શાર્દૂલવિક્રીડિત)

धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबन्धन्धृतिं
त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणाम्।
तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः
पूर्ण ज्ञानधनौधमेकमचलं पश्यन्ति शान्तं महः।।११-१२३।।

અમૃત વરસાવ્યા છે! 'कृतिभिः जातु शुद्धनयः त्याज्यः न हि' આહાહા..! 'कृतिभिः' જેણે સુકૃત કર્યું. સમ્યગ્દૃષ્ટિ, એને 'कृतिभिः' કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? સંસારચક્રનો નાશ કર્યો તેથી સમકિતીને 'कृतिभिः' કહે છે. શું કહે છે? 'कृतिभिः' '**સમ્યગ્દષ્ટિ જીવો દ્વારા...**' અર્થાત્ 'कृतिभिः' કેમ કહ્યું? જ્યાં આત્માની દૃષ્ટિ, અનુભવ થયો, સમ્યગ્દર્શન થયું ત્યાં સંસારનો અંત થઈ ગયો. સંસારના કાર્યનો અંત થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? એ નાસ્તિથી કહ્યું. અસ્તિથી કહો તો શુદ્ધ ચૈતન્યનું કાર્ય જે નિર્મળ થયું એ સુકૃત થયું-સુકાર્ય થયું. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એની દૃષ્ટિ કરવાથી, એનો અનુભવ કરવાથી.. આહાહા..! સમ્યગ્દૃષ્ટિને શું કહ્યું? ધર્મી પ્રથમ ધર્મની સીઢી કરનારો, એને આચાર્યે કેવું સંબોધન કર્યું? 'कृतिभिः' પ્રભુ! તેં તો કાર્ય કર્યું, હોં! સમ્યગ્દૃષ્ટિને 'कृतिभिः' કહ્યું. સમ્યગ્દૃષ્ટિએ શું કર્યું? આત્મા ચિદાનંદ પ્રભુની અનુભવ દૃષ્ટિ કરી તો 'कृतिभिः'-સંસારના કાર્યનો તો અંત કર્યો અને સુકાર્ય જે કરવાનું હતું એ ચાલુ કરી દીધું. આહાહા..! બહુ ઝીણી વાતું, બાપુ! સમ્યગ્દર્શન હજી શું છે એની ખબર નથી.

અહીંયાં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ એને કહીએ, ધર્મની પહેલી સીઢી, મોક્ષમહેલની પહેલી સીઢી. આવે છે ને? એ 'છ ઢાળા'માં આવે છે. મોક્ષમહેલની પહેલી સીઢી વિના જ્ઞાન, ચારિત્ર મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર મિથ્યા છે. એ સમ્યગ્દૃષ્ટિને અહીંયાં 'कृतिभिः' કહ્યો. શું? પોતાનો ચૈતન્યઘન આનંદકંદ પ્રભુને જેણે અનુભવમાં લીધો અને અનુભવ કરીને પ્રતીતિ કરી, એણે 'कृतिभिः' કાર્ય કર્યું. જે કાર્ય કરવાનું હતું એ કાર્ય કર્યું. 'શાંતિભાઈ'! આહાહા..! આ બધા બહારના કાર્ય કરી કરીને જાણે અમે શુંએ કર્યું? ધૂળેય કર્યું નથી. પરનું કાર્ય કે દિ' કરી શકે છે? શરીર, વાણી, મન આ તો બધા જડ માટી ધૂળ છે. લક્ષ્મી, કુટુંબ કબીલો એ તો પરદ્રવ્ય છે. આત્મા એનું કાર્ય કરી શકે છે? આહાહા..! એ રાગ અને દ્વેષનું કાર્ય કરે છે, સંસારની વૃદ્ધિ કરે છે. મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષની વૃદ્ધિ કરે છે તો સંસારની વૃદ્ધિ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

આ તો 'कृतिभिः' ઉપર વાત ચાલે છે. પ્રભુ! તેં કાર્ય કર્યું, એમ કહે છે. આહાહા..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી આનંદકંદ આત્માનું જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એનો

આશ્રય લઈને સમ્યગ્દર્શન કર્યું એ 'कृतिभिः'-તેં કાર્ય કર્યું, હોં! જે કાર્ય કરવાનું હતું તે કાર્ય તેં કર્યું. આહાહા..! અને જે સંસારનું કાર્ય હતું, પરિભ્રમણનું કાર્ય હતું, એ સમ્યગ્દર્શનમાં સંસારનો અંત આવી ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે. આમાં કરવું શું? બહારની આ જાત્રા કરવી કે ભક્તિ કરવી કે પૂજા કરવી કે દયા, દાન (કરવા)? એ બધી તો રાગક્રિયા છે. આહાહા..! અહીં કાર્ય કહ્યું ને? સમ્યગ્દર્શન એ કાર્ય છે. આહાહા..! વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો રાગનું કાર્ય, સંસારની વૃદ્ધિનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત).

પરમાત્મા જિનેન્દ્રદેવ કહે છે કે જેણે જિનસ્વરૂપી ભગવાનઆત્માનો સમ્યગ્દર્શન અનુભવ પ્રગટ કર્યો, તેં કાર્ય કર્યું. આહાહા..! અને સંસારના કાર્યનો પણ તેં અંત કર્યો. સંસાર હવે છે નહિ. સમજાય છે કાંઈ? જુઓ! આ 'कृतिभिः'. આહાહા..! અહીં તો બાહ્યથી જરી વેપાર-ધંધામાં બહુ હોશિયાર થઈ જાય, પાંચ-પચાસ લાખ પેદા કરે ત્યાં (માને કે) ઘણું કામ કર્યું. સંસાર વધાર્યો છે. સાંભળને હવે. ભવની વૃદ્ધિ કરી છે. આહાહા..!

મુમુક્ષુ :- છ આવશ્યક ધીમે ધીમે કરે તો?

ઉત્તર :- એ આવશ્યક રાગ છે અને રાગ કરે એ સંસારની વૃદ્ધિ છે. સમકિતીને છ આવશ્યકનો રાગ આવે છે પણ એ હેય છે. એ એનું કાર્ય નથી. આકરી વાત, બાપુ! વીતરાગ જિનેન્દ્રદેવનો પંથ બહુ સૂક્ષ્મ. બહુ ફળદાયક. સૂક્ષ્મ એટલો ફળદાયક. અનંત આનંદ ને અનંત શાંતિનો દાતા. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- .. જમાના પ્રમાણે ફેરફાર થઈ ગયો.

ઉત્તર :- આખો ફેરફાર. તમે બધા ફેરફાર કરી નાખ્યા. શેઠિયાઓએ ભેગા મળીને. એ.. શેઠ! ખોટાઓને મદદ કરીને. પણ ખબર નથી ને. માર્ગ આવો છે, પ્રભુ!

મુમુક્ષુ :- પ્રચારની જરૂર છે.

ઉત્તર :- જેને જોઈતું હોય તે અહીં તળાવે આવે. આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..!

અરે..! કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. જેમાં અતીન્દ્રિય આનંદ લબાલબ ભર્યો છે. ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ લબાલબ ભર્યો છે, છલોછલ ભર્યો છે. એવા અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં અનુભવ કરવો એનું નામ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ અતીન્દ્રિય આનંદ જે છલોછલ છે.. આહાહા..! એનો શ્રદ્ધામાં જ્યાં સ્વીકાર થયો તો આનંદની ઝલક, પર્યાયમાં આનંદની ઝલક આવી. આહાહા..! એ આનંદનું વેદન, એમાં પ્રતીતિ (થઈ) કે આ આત્મા આવો પૂર્ણાનંદ છે, એનું નામ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શનનું તેં અહીંયાં કાર્ય કર્યું. આહાહા..! એ સુકૃત એનું નામ કહે છે. આ દયા, દાન ને વ્રત કરે એ સુકૃત કર્યું, સુકૃત કર્યું એ દુષ્કૃત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! વાતું આકરી બહુ, ભાઈ! ભગવાનની ભક્તિ કરી, જાત્રા કરી એ શુભરાગ. એ સુકૃત નહિ. 'શાંતિભાઈ'! આવો અવ્વલદોમ માર્ગ છે, નાથ! અરે..! તું કોણ છો, બાપુ! તને ખબર નથી.

આહાહા..! મહાપુરુષ પ્રભુ બિરાજે છે. તારી પર્યાયની સમીપમાં બિરાજે છે. તેં નજરું ન કરી. નજરું પુણ્ય ને પાપની ક્રિયાકાંડમાં નજરને રોકી. આહાહા..! સમજાય છે કાંઈ? નજરમાં નિધાન જોવાની ચીજ હતી એ નજર ન કરી. આહાહા..!

અહીંયાં કહે છે, '**સમ્યગ્દષ્ટિ જીવો દ્વારા સૂક્ષ્મકાળમાત્ર પણ...**' 'जातु' કોઈ કાળ. એમ. 'जातु'નો અર્થ એવો આવે છે ને? ભાઈ! કોઈ કાળ પણ. 'जातु'નો અર્થ ઈ છે. સમ્યગ્દષ્ટિ જીવોએ.. આહાહા..! ગજબ વાત છે, ભાઈ! શ્લોક પણ એવો આવ્યો છે ને! એક એક શ્લોકે અમૃત ઝરે છે. આહા..! એ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત, એની વાણી શું છે! આહાહા..! એક શબ્દમાં કેટલું ભર્યું છે! એને 'जातु' ધર્મીજીવે આત્માના શુદ્ધ ચૈતન્યની દષ્ટિ અને અનુભવ કર્યો છે તો 'जातु' કોઈ ક્ષણમાત્ર પણ એ અનુભવને છોડવો નહિ અને રાગના પ્રેમમાં આવવું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એમ કહે છે. 'जातु' શબ્દ છે ને? કદાચિત્ પણ. કોઈ કાળ પણ. '**સૂક્ષ્મકાળમાત્ર પણ...**' 'शुद्धनयः' '**શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ...**' શુદ્ધનયની વ્યાખ્યા જ આ. 'ચેતનજી'! અગિયારમી ગાથામાં આવ્યું, 'भूदत्थो देसिदो दु सुद्धणओ' શુદ્ધનય અર્થાત્... આહાહા..! છે ને? '**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુનો અનુભવ...**' પર્યાય સહિત અનુભવ. કારણ કે શુદ્ધ વસ્તુ છે પણ અનુભવમાં આવ્યા વિના શુદ્ધ છે એની પ્રતીતિ એને ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? અંતરની ચીજ પવિત્ર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે પણ પર્યાયમાં એના નમૂનામાં વેદન ન આવે ત્યાં સુધી આ પૂર્ણ આનંદ છે એવી પ્રતીતિ ક્યાં આવી? આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. આહા..!

'शुद्धनयः' '**શુદ્ધનય અર્થાત્ શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ...**' 'त्याज्यः न हि' '**વિસ્મરણયોગ્ય નથી.**' આહાહા..! એક સમયમાત્ર પણ ભગવાનઆત્માનો અનુભવ એક સમયમાત્ર પણ છોડવા યોગ્ય નથી. એને પડખે ગયો, એ પડખું છોડવાલાયક નથી. રાગના પડખેથી.. પડખું સમજો છો? શું કહે છે? પક્ષ. રાગના પક્ષમાં હતો એ પડખું છૂટીને ભગવાનના પક્ષમાં આવ્યો તો રાગનો પક્ષ કિંચિત્માત્ર કરવો નહિ. એવો પક્ષ નહિ કરવો કે દયા, દાન, વ્રત, ભક્તિ બધાથી કલ્યાણ થશે. એવો પક્ષ મિથ્યાદષ્ટિ કરે છે, એ તારે ન કરવો. આહાહા..! સમજાય છે કાંઈ? વાત બાપુ બહુ! જગતથી નિરાળી છે. અરે..! દુનિયા તો ક્યાંય હજી સંસારના પાપના ધંધા આડે નવરી થતી નથી, ફૂરસદ નથી. એને હજી શ્રવણ કરવાનો યોગ પણ મળે નહિ અને શ્રવણ કરવાનો યોગ મળે તો એ શુભભાવ છે, પુણ્ય છે. આહાહા..!

અહીંયાં કહે છે કે, આ વસ્તુ પ્રભુ છે એને શુદ્ધનય કહ્યું છે. અગિયારમી ગાથામાં ઈ જ કહ્યું ને? 'भूदत्थो देसिदो दु सुद्धणओ' સત્યાર્થ ત્રિકાળી આનંદકંદ પ્રભુને જ શુદ્ધનય કહ્યો. શુદ્ધનયના વિષયનો ભેદ નહિ પાડીને એને જ શુદ્ધનય કહ્યું. આહાહા..! નહિતર નય છે એ વિષયી છે અને શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનો વિષય-ધ્યેય છે. પણ અહીંયાં તો ભેદ પણ છોડી દીધો. એ ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યવસ્તુને અહીંયાં શુદ્ધનય કહેવામાં

આવી છે. આહા..! સમજાય છે કાંઈ? આ કરવાલાયક છે. જાત્રા ને દયા ને દાન ને વ્રત ને અપવાસ એ બધી રાગની ક્રિયા છે. આહાહા..! અને રાગની ક્રિયા કરવાથી ધર્મ થશે, એ મિથ્યાત્વનો ભાવ પુષ્ટ કરે છે. સમજાય છે કાંઈ? ધર્મીને-સમકિતીને પણ રાગ આવે છે પણ રાગ હેય તરીકે જાણે છે. અજ્ઞાની એ રાગને ઉપાદેય તરીકે માને છે. હું બરાબર કરું છું, એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ કાર્ય છે એ કાર્ય કદી ન છોડવું અને રાગનું કાર્ય કદી ગ્રહણ ન કરવું. રાગ મારું કાર્ય છે એવી દૃષ્ટિ કદી ન કરવી. આહાહા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ.

અરે..! જેને રાગની હૂંફ ચડી ગઈ એને ભગવાનના પડખાની હૂંફ કેમ આવે? આહા..! જે રાગના રંગમાં રાગના રંગે ચડી ગયો એને ભગવાન ચિદાનંદ પ્રભુના રંગ કેમ ચડે? અને જેને આત્માના રંગ ચડ્યા.. આહાહા..! એને રાગનો રંગ રહેતો નથી. શેઠ! આહાહા..! દિશાફેર. આવો માર્ગ છે. હોય છે. ધર્મી-આત્મજ્ઞાનીને પણ ભક્તિ, પૂજાનો રાગ આવે છે પણ એ હેય તરીકે છે, દુઃખ તરીકે જાણે છે, આકુળતા તરીકે જાણે છે. અજ્ઞાની એને સુખરૂપ માને છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એક કાળ પણ '**વિસ્મરણયોગ્ય નથી. કેવો છે શુદ્ધનય?**' આહા..! શુદ્ધનયની વ્યાખ્યા ઈ કરી કે '**શુદ્ધ ચૈતન્યમાત્રવસ્તુનો અનુભવ..**' એનો અનુભવ, હોં! કારણ કે વસ્તુ છે પણ વસ્તુનો અનુભવ ન હોય ત્યાં સુધી વસ્તુ છે એમ ક્યાં પ્રતીતિમાં આવી? આહાહા..! '**કેવો છે શુદ્ધનય?**' '**बोधे धृतिं निबध्नन्**' '**बोधे**' બોધ નામ જ્ઞાનસ્વરૂપ આત્મા. '**बोधे**' જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા, સર્વજ્ઞસ્વભાવી પ્રભુઆત્મા, એમાં '**धृतिं**' '**અતીન્દ્રિય સુખસ્વરૂપ પરિણતિને...**' આહાહા..! જુઓ! પરિણમે છે. '**પરિણમાવે છે.**' આહાહા..! શુદ્ધનય કેવી છે? આહાહા..! કે પોતાનો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ આત્મસ્વરૂપ એની '**धृतिं**' એટલે વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય સુખ પરિણતિને પરિણમાવે છે. અતીન્દ્રિય સુખનું પરિણમન ન હો તો ચૈતન્યવસ્તુ સુખરૂપ છે એમ અનુભવમાં આવ્યા વિના જાણે ક્યાંથી? આહાહા..! એટલે અહીં તો નમૂના સહિત જાણ્યું એને જાણ્યું કહ્યું. આહાહા..! બહુ કામ ભાઈ આકરા. છે તો સરળ, સહજ વસ્તુ. આહાહા..! પણ તે પ્રત્યેના પ્રયત્ન નહિ અને તે પ્રકારનો સાવધાનીનો પ્રેમ નહિ. એટલે લોકોને કઠણ લાગે. આહાહા..!

નિજ સ્વરૂપ ભગવાન અંદરમાં બિરાજે છે. એની '**धृतिं**' એના અતીન્દ્રિય આનંદનું ધરવું. આહાહા..! જેણે અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુઆત્મા, એને પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું ધારણ કરવું. સમજાણું કાંઈ? એ '**પરિણમાવે છે.**' એ અતીન્દ્રિય આનંદરૂપ પરિણમે છે એને શુદ્ધનય કહેવામાં આવે છે. વસ્તુ શુદ્ધ છે એ શુદ્ધનયનો વિષય. પણ વિષય શબ્દ ન લેતાં એ તો પોતે આત્મા શુદ્ધનય, પણ એ શુદ્ધનયનું પરિણમન થાય, શુદ્ધ વસ્તુનું પરિણમન થાય તો શુદ્ધનય કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું હવે સાંભળવી કઠણ પડે. એમાં બહારમાં કાંઈક પાંચ-પચાસ લાખ રૂપિયા હોય ને શરીર સાંઢડા જેવું હોય, રૂપાળું શરીર હોય, જુવાન પચ્ચીસ વર્ષની ઉંમર (હોય). ફૂટડા ફાટ ફાટ

સાંઢડા જેવા શરીર (હોય). એમાં આવી આત્માની વાતું. તારા થોથાં બધા મસાણના હાડકા છે. આહાહા..! એ ચૈતન્યસૂર્ય શુદ્ધ આનંદકંદ અંદર બિરાજે છે. આ તો બધો અંધકાર છે. શુભાશુભભાવ અંદર થાય એ પણ અંધકાર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**बोधे धृतिं**'નો અર્થ કર્યો. સમજ્યાને? '**बोधे धृतिं निबध्नन्**' આત્મસ્વરૂપમાં પરિણતિ કરી છે. આહાહા..! '**निबध्नन्**' એ ત્રણ શબ્દનો અર્થ થયો. '**बोधे धृतिं निबध्नन्**' '**बोधे**' નામ આત્મસ્વરૂપ. બોધ એટલે આત્મસ્વરૂપ. નહિતર તો જ્ઞાન લેવું છે. બોધ એટલે જ્ઞાનસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ આત્મસ્વરૂપ. '**धृतिं**' નામ અંદર આનંદરૂપે પરિણમવું. અતીન્દ્રિય સુખરૂપે દશામાં થવું. '**કેવો છે બોધ?**' '**धीरोदारमहिम्नि**' આહાહા..! '**કેવો છે બોધ?**' શાશ્વત છે, ધીર છે. ભગવાનસ્વરૂપ તો અંદર શાશ્વત ધીર-ધીરું છે. આહાહા..! અને '**उदार**' છે. '**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે.**' આહાહા..! શું કહે છે? શુદ્ધ સ્વરૂપ ધ્રુવ ચૈતન્ય અનંત આનંદનો પિંડ પ્રભુ, એને પર્યાયમાં ધારણ કર્યો-અનુભવ કર્યો તો એ ચીજ કેવી છે? શાશ્વત છે અને વર્તમાનમાં '**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે.**' આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એની પ્રતીતિ અનુભવ દૃષ્ટિમાં ધારાપ્રવાહ '**उदार**' છે. દશા નીકળી એટલું જ નહિ, પણ '**उदार**' છે. ધારાપ્રવાહ '**उदार**' પરિણતિ ચાલે છે. આહાહા..! આનંદધારા, જ્ઞાનધારા, શાંતિધારા. સમ્યગ્દૃષ્ટિને આનંદધારા કાયમ ચાલે છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**उदार**' છે. '**उदार**' છે ને? '**धीर**' અને '**उदार**'. ટકતું અને પ્રવાહરૂપ. આહાહા..!

'**ધારાપ્રવાહરૂપ પરિણમનશીલ છે.**' આહાહા..! '**મોટપ જેની.**' એ એની મહિમા છે, એ એની મોટપ છે. શું કહે છે? કે શુદ્ધ ચૈતન્યવસ્તુ પૂર્ણાનંદનો સમ્યગ્દર્શનમાં અનુભવ થયો તો એ ધારા ઉદારપણે કાયમ ચાલે જ છે. એ એની મહત્તા અને બડાઈ છે. એમાં વિઘ્ન પડતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વરૂપનો આનંદનો અનુભવ થયો, તો કહે છે કે એ ચીજ હવે ધારાપ્રવાહ ચાલે છે. ઉદાર છે. માણસ ઉદાર હોય ને? ઉદાર. કેટલા જોઈએ છે? પેલો બોલ્યો, દસ હજાર. બસ? ઉદાર માણસ એમ કહે, બસ? અરે..! ભૂલી ગયો. ઉદાર માણસ કહે, મેં જાણ્યું કે તમે મોટી કંપનીના માણસ છો અને મોટી (માંગણી) લઈને આવ્યા હશો. મારી પાસે તો લાખ, બે લાખ માંગશે. અરે..! પેલો કહે, ભૂલ્યો. એ.. શેઠ! ન સમજ્યા? ભાષા સાદી છે. એમાં શું છે? આહાહા..! ઉદાર માણસ પાસે કોઈ પૈસા લેવા આવ્યો. તો ઉદાર માણસને એટલો ખ્યાલ હતો કે કોઈ મોટી કંપની ને મોટી ધર્મશાળા ચલાવે છે, એના મુનિમ છે તો લાખ, બે લાખ માંગશે. તો એણે માગ્યા દસ હજાર. ત્યારે ઉદાર (માણસ) બોલ્યો, બસ? આહાહા..!

એમ પ્રભુ અંદર આત્મા આનંદનો નાથ જ્યાં અનુભવમાં સમ્યગ્દર્શનમાં આવ્યો તો એ પ્રવાહ એટલો ચાલે છે કે કાયમ ધારાપ્રવાહ ચાલે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એમ કહ્યું ને? આહા..! '**धृतिं**', '**बोधे धृतिं निबध्नन्**' એમ કહ્યું હતું ને? બોધ નામ આત્મસ્વરૂપમાં '**धृतिं**' ધારણ કર્યું છે. પર્યાયમાં આનંદની ધારણ દશા વહે છે. આહાહા..! બહુ ગંભીર વાત. એ ધારાપ્રવાહ પરિણમનશીલ છે. એવી '**महिम्नि**' એની મોટપ છે. આહાહા..!

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ જેની દૃષ્ટિમાં આવ્યો અને સમ્યગ્દર્શનમાં વેદનમાં આવ્યો તો એની મોટપ એ છે કે પ્રવાહ કાયમ ચાલે, એ એની મોટપ છે. આવું કોઈ દિ' સાંભળ્યું નહિ હોય. નહિ? આહાહા..! શું કહે છે?

પ્રભુ! તારા અનુભવની મહત્તા, મોટપ અને વિશેષતા એ છે કે.. આહાહા..! કે જે આત્માના આનંદનું વેદન થયું એ ધારાપ્રવાહ ચાલશે. એ એની મહિમા અને મોટપ છે. આહાહા..! એક સમય ચાલે ને બે સમય ચાલે કે કલાક-બે કલાક રહ્યું અને અટકી ગયું એવી એની મોટપ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! ભગવાનનો સત્ય માર્ગ સાંભળવા મળે નહિ પ્રભુને. છે તો ભગવાન, પોતે પ્રભુ છે. આહાહા..! એ ભગવાન આત્મસ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શનમાં થયો તો અહીં તો કહે છે કે એ ધારાપ્રવાહ જ વહેશે. અપ્રતિહત ધારા ચાલશે. એ ધારા કદી તૂટશે નહિ. આહાહા..! એમ કરીને કહે છે કે, અમે જ્યારે સ્વર્ગમાં જશું તો અમારી ધારા તો આ રહેશે. સમ્યક્ ધારા કાયમ (રહેશે). આહાહા..! કારણ કે અમે પંચમઆરાના મુનિ છીએ, કેવળજ્ઞાન છે નહિ. આહાહા..! દેહ છૂટશે. આ દેહ તો છૂટશે. આ હાડકા તો જડ છે. ભગવાનઆત્મા ધારાપ્રવાહ લઈને જશું, એમ કહે છે. 'મીઠાલાલજી'! આવી વાત છે. દિગંબર સંતોની (વાતો) જુઓ તો ખરા!

**'મોટપ છે જેની, એવો છે. વળી કેવો છે?'** 'अनादिनिधने' **'નથી આદિ, નથી અંત જેનો, એવો છે.'** વસ્તુ તો આદિ અંત વિનાની ચીજ ભગવાનઆત્મા છે. અતીન્દ્રિય આનંદનો કંદ નાથ, એ તો આદિ અને અંત વિનાની ચીજ છે. એનો અનુભવ કર્યો, એમ કહે છે. આહાહા..! અનાદિઅનંત ચીજ જે છે એ 'धृतिं' નામ પર્યાયમાં ધારણ કરી. આહાહા..! ત્રિકાળી ચીજ છે એ વર્તમાન પર્યાયમાં ધારણ કરી. એવી ધારાવાહી પ્રવાહી વસ્તુ અનાદિઅનંત આત્મા છે. આહાહા..! **'નથી અંત જેનો, એવો છે.**

**વળી કેવો છે શુદ્ધનય?'** 'कर्मणाम् सर्वंकषः' **'જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મપિંડનો અથવા રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનો મૂળ ક્ષયકરણશીલ છે.'** આહાહા..! આ ધર્મ. આત્મા અતીન્દ્રિય આનંદનું વેદન કરતાં કરતાં કરતાં પ્રવાહમાં ચાલશે તો કહે છે કે આઠ કર્મનો નાશ અને પુણ્ય-પાપ દયા, દાન, રાગાદિનો નાશ થશે. આહાહા..! ઉત્પત્તિ આ થશે અને પેલાનો નાશ થશે. આહાહા..! છે? 'कर्मणाम् सर्वंकषः'. છે ને? 'सर्वंकषः' અને સર્વ એટલે મૂળથી ક્ષયકરણશીલ. નાશ કરવાનો. 'सर्वं' એટલે મૂળમાંથી 'कषः' એટલે નાશકરણ. આહાહા..! 'सर्वंकषः' શબ્દ પડ્યો છે ને? 'सर्वं' એટલે મૂળમાંથી 'कषः' એટલે ક્ષયકરણશીલ આહાહા..! ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન થયું અને સાથે આનંદની ધારા આવી એ કર્મ અને રાગનો મૂળમાંથી નાશ કરનારી ચીજ છે. સમજાય છે કાંઈ? એ અપેક્ષાથી કથન કર્યું છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૨, શુક્રવાર, તા.૧૪-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૩, પ્રવચન - ૧૨૧

'કળશટીકા' ચાલે છે. 'આસ્રવ અધિકાર'. આસ્રવનો અર્થ-ભગવાનઆત્મા આનંદસ્વરૂપમાં પુણ્ય-પાપના જે વિકલ્પ ઉઠે છે, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપરૂપી રાગ છે. એ આસ્રવ છે, નવા કર્મ આવવાનું કારણ છે. અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, તપ એ વિકલ્પ છે, એ શુભરાગ વિકલ્પ છે. એ શુભ અને અશુભરાગ બેય નવા આવરણનું કારણ-આસ્રવ છે. જેમ વહાણમાં છિદ્ર હોય છે તો પાણી આવે છે. એમ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ આનંદકંદ સ્વરૂપ પ્રભુ, એ પોતાનું સ્વરૂપ ભૂલી આવા શુભ-અશુભભાવ કરે છે એનાથી નવો આસ્રવ-નવું આવરણ આવે છે. આહાહા..! સૂક્ષ્મ વાત બહુ, ભાઈ! એ આવરણ ટળે કઈ રીતે? અથવા એ આસ્રવ ટળે કઈ રીતે? અહીંયાં એ કહ્યું ને?

શુદ્ધ ભગવાનઆત્મા અંદર શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્માનો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જેનું અંતર સ્વરૂપ છે. આહાહા..! એ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનસ્વરૂપનો બોધને 'धृतिं' -અનુભવમાં લેવો. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ધર્મ કોઈ અલૌકિક ચીજ છે. એ કોઈ બાહ્યની ક્રિયાકાંડથી ધર્મ થઈ જાય છે (એમ નથી). વ્રત કરવા ને અપવાસ કરવા ને પૂજા ને ભક્તિ કરવી, જાત્રા કરવી એ ધર્મ છે, એમ નથી. આહાહા..! એ તો રાગ વિકલ્પ, આસ્રવ બંધનું કારણ છે. આહાહા..!

અહીં કહે છે, આપણે અહીં સુધી આવ્યું છે. **'મૂળથી ક્ષયકરણશીલ છે.'** ત્યાં સુધી આવ્યું છે. શુદ્ધ સ્વરૂપ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ કાયમ રહેનારી ચીજ. અવિનાશી અને ચિદ્ આનંદ-સચ્ચિદાનંદ. ચિદ્ નામ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ, જેનું કાયમી સ્વરૂપ અને સ્વભાવ છે ભગવાનઆત્માનો. આહાહા..! એનો આશ્રય લેવાથી એનો અનુભવ (થવાથી), અતીન્દ્રિય આનંદ પ્રભુઆત્મા, એનો અતીન્દ્રિય આનંદનું વેદન-અનુભવ કરવો.. આહાહા..! જેમ અનાદિથી એ પુણ્ય અને પાપ શુભ ને અશુભરાગના વિકલ્પનું વેદન કરે છે એ દુઃખવેદન છે. એ ભગવાનઆત્માનું સ્વરૂપ નહિ. આહાહા..! અહીંયાં તો પરમાત્મા.. આત્મા એ જ પરમાત્મસ્વરૂપે અંદર બિરાજમાન છે. આહાહા..!

જેમ સાકરમાં મીઠાશ ભરી છે, એમ આત્મામાં તો અતીન્દ્રિય અનાકુળ આનંદ ભર્યો છે. આહાહા..! આકરી વાતું છે, નાથ! એ અતીન્દ્રિય આનંદનો શક્તિ-સ્વભાવ છે એનો અનુભવ કરવો. વર્તમાન દશામાં એ અતીન્દ્રિય આનંદનું અતીન્દ્રિય આનંદનું વેદન કરવું, એ રાગ-દ્વેષ અને કર્મના નાશનો એ ઉપાય છે. સમજાય છે કાંઈ? જગતથી નિરાળી ચીજ છે, ભાઈ! આહાહા..! આપણે અહીં સુધી આવ્યું છે.

'तत्रस्थाः शान्तं महः पश्यन्ति' ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ, 'तत्रस्थाः' તેમાં

ટકવાથી. આહાહા..! 'स्थ' 'तत्रस्थ' ભગવાન અતીન્દ્રિય આનંદકંદ દળ છે. સમજાય છે કાંઈ? કહ્યું હતું ને? જેમ બરફની પાટ હોય ને? બરફ.. બરફ. ૧૫-૨૦-૨૫ મણની ઠંડી પાટ. એમ આ ભગવાન શરીર પ્રમાણે ભિન્ન અતીન્દ્રિય આનંદની પાટ છે. કેમ બેસે? આહાહા..! કદી અભ્યાસ નહિ, એ વાત સાંભળવા મળતી નથી અને ક્રિયાકાંડ કરો. વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ ને જાત્રા કરો, થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એ તો રાગ છે. 'સુજાનમલજી'! પ્રભુ! તારી ચીજમાં તો એ રાગના વિકલ્પનો અભાવ છે. આહાહા..!

ભગવત્ તારી ચીજમાં તો અતીન્દ્રિય આનંદ અનાકુળ શાંતરસ ઠસોઠસ ભર્યો છે. અરે..! એ અરૂપી ચીજ છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. એમાં પુણ્ય-પાપનો રાગ પણ નથી. 'तत्रस्थाः' છે? શું છે? 'तत्रस्थाः'. 'तत्र' નિજ આનંદ પ્રભુમાં સ્થ, એમાં અંતર ટકવાથી, સ્વરૂપમાં લીન થવાથી. આહાહા..! અરે..! આવી વાતું હવે. કહો, 'પોપટભાઈ'! ક્યાંય સાંભળવા મળે નહિ. મુશ્કેલી પડી ગઈ છે. આહા..! અરે..! આવી ચીજ, બાપુ! 'तत्रस्थाः शान्तं महः पश्यन्ति' આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદ અસ્તિ છે, છે, મોજૂદગી ચીજ છે કે નહિ? કે અભાવ છે? આહાહા..! મોજૂદગી. 'तत्रस्थाः' સ્થિર, ધ્રુવ, ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એવી ચીજમાં સ્થ-અંતર રમણતા કરવી, એ આનંદપ્રભુમાં રમવું-સ્થ-મગ્ન થવું. આહાહા..!

એ 'शान्तं महः पश्यन्ति' એ '**શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન...**' એ 'तत्रस्थाः'નો અર્થ કર્યો. 'तत्रस्थाः' એનો અર્થ '**શુદ્ધસ્વરૂપ-અનુભવમાં મગ્ન...**' આહાહા..! પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન ભગવાનઆત્મા, એમાં શુદ્ધ સ્વરૂપમાં મગ્ન. આહાહા..! ભાઈ! અપૂર્વ વાતું છે, નાથ! આહાહા..! અનંતકાળમાં કદી કર્યું નથી. અને આ વ્રત ને તપ ને ભક્તિ ને જાત્રા ને પૂજા કરી, ધર્મ થઈ ગયો. એમ માનીને જિંદગી ચાલી ગઈ. સમજાય છે કાંઈ? અહીંયાં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારી ચીજ અંદર કોણ છે? વસ્તુ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? વસ્તુ છે, મોજૂદ કોઈ ચીજ છે કે નહિ? તો એ ચીજ કેવી છે? આહાહા..! 'शान्तं' '**સર્વ ઉપાધિથી રહિત...**' છે. આહાહા..! એ દયા, દાન ને ભક્તિના વિકલ્પ છે એ ઉપાધિ છે. આહાહા..! આકરી વાતું, નાથ! એ ઉપાધિથી રહિત પ્રભુ અંદર છે. આહાહા..!

અંદરમાં મગ્ન થવાથી શાંત.. શાંત.. શાંત.. ઉપશમરસનો કંદ પ્રભુ, અવિકારી સ્વભાવનું દળ.. આહાહા..! એવી શાંત નિર્વિકલ્પ ચીજ તારી અંદર પડી છે, પ્રભુ! એવો ? 'शान्तं' 'महः' તેજ. 'महः' નામ તેજ. શાંત ચૈતન્યનું તેજ અંદર પડ્યું છે. આહાહા..! અરે..! આ ક્યાં... જ્યાં નજર નાખવાની છે ત્યાં નજર નાખતો નથી અને રાગ ને દયા ને પુણ્ય ને પાપ ને ધૂળ ને ધાણી, આ પરની સેવા કરી ને પરનું આ કર્યું.. બધો રાગ છે. સાંભળને! સમજાય છે કાંઈ? આહાહા..! આ દેશસેવા કરી, ગરીબોની સેવા કરી. એ તો બધો રાગભાવ છે. પ્રભુ! તને ખબર નથી. એ તો વિકલ્પ, પુણ્યનો રાગ છે. આહાહા..! એ કંઈ આત્મા નથી. આહાહા..!

અહીંયાં તો 'शान्तं महः पश्यन्ति'. એવા શબ્દ છે ને? 'तत्रस्थाः शान्तं महः पश्यन्ति'

આ શબ્દ તો બહુ ગંભીર છે, પ્રભુ! આ તો અધ્યાત્મની વાત છે. આ કોઈ વાર્તા-કથા નથી. '**तत्रस्थाः**' આનંદનો નાથ પ્રભુ અવિનાશી અનાદિઅનંત આનંદ, સહજ આનંદ, સહજાત્મ સ્વરૂપથી ભરેલો પ્રભુ, એમાં '**स्थ**' એમાં લીન રહેવાથી. આહાહા..! પુણ્ય અને પાપના વિકલ્પને છોડી,.. અરે..! આવી વાતું. અહીં ધંધા (આડે) આખો દિ' નવરો ન મળે. એને અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! તારી ચીજ ચિંતામણિ રત્ન અંદર પડી છે. આહાહા..!

'રાવણ' આદિ બધા હતા ને? એના ઘરે સ્ફટિકમણિના મહેલ હતા. સ્ફટિકમણિ. આ શિલા, પથરાઓની શિલાઓ નહિ ત્યાં. એક એક સ્ફટિકમણિની અબજોની કિંમત. એવા સ્ફટિકમણિ. મોટો રાજા. પણ મૂઢ જીવ. નિજ સ્વરૂપની ખબર નહિ. સમજાય છે કાંઈ? સ્ફટિકના તો મહેલ. સ્ફટિકની નિસરણી. સ્ફટિકની લાદી. આહાહા..! અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે..' પ્રભુ! જેવો નિર્મળ સ્ફટિક છે, એવો નાથ તારો નિર્મળ આનંદ, શાંતિનો સ્વભાવ છે. પ્રભુ! તેં તારી નજર કદી કરી નહિ. જ્યાં નિધાન પડ્યા છે ત્યાં નજરું ન કરી. અને પુણ્ય ને પાપ ને એના ફળ આ બહારની ધૂળ મળી. આ કરોડો રૂપિયા ને અબજો રૂપિયા, બધા ભિખારા છે. આહાહા..! નિજ નિધાનની લક્ષ્મીની કિંમત નહિ. અને ધૂળની બહારની કિંમત. આ પૈસા મળ્યા ને અબજો રૂપિયા ને.. કરોડોના દાન દીધા અને ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં તો કહે છે, પ્રભુ! એ પુણ્ય અને પાપના વિકલ્પ.. આગળ કહેશે, '**मरीचिचक्रम्**'. ભાઈ! પુણ્ય અને પાપના ભાવ અને ફળ '**मरीचिचक्रम्**' (છે). મૃગતૃષ્ણા. મૃગ હોય ને? ખારેલી જમીનમાં સૂર્યના કિરણ હોય તો જળ જેવું દેખાય. જળ છે નહિ. ખારેલી જમીન હોય ને? ખારેલી. ખારેલી સમજો છો? ખાર.. ખાર. એમાં જરી સૂર્યના કિરણ પડે તો જળ જેવું દેખાય. મૃગતૃષ્ણા કહે છે. એ મૃગજળ તૃષ્ણા. આહાહા..! એમ આ પુણ્ય ને પાપના વિકલ્પો મૃગજળ તૃષ્ણા છે. ગજબ વાતું, નાથ! અને આ ધૂળ એનાથી મળે, આ પાંચ-પચાસ કરોડ, બે કરોડ ને પાંચ કરોડ ને બાયડી રૂપાળી ને શરીર રૂપાળું. આ તો માટી ધૂળ છે. સમજાય છે કાંઈ? એ '**मरीचिचक्रम्**'. આહાહા..! એ મૃગતૃષ્ણાનું જળ, એમાં આત્મા નહિ. આહાહા..!

'**तत्रस्थाः**' બહુ શબ્દ ગંભીર. આ સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત અવિનાશી અણકરેલ, અણબનેલ, અણનાશી અનાદિઅનંત, એવો જે ભગવાન આનંદકંદ પ્રભુ, એમાં સ્થ. આહાહા..! એમાં રહેવાથી અતીન્દ્રિય આનંદનું ધ્રુવ સ્વરૂપ પ્રભુ, એમાં સ્થ-ટકવાથી, એમાં મગ્ન થવાથી, એમાં લીન થવાથી.. આહાહા..! આરે..! આવી વાતું. બાપુ! મારગડા એવા ધર્મના ઝીણા છે, નાથ! લોકોએ તો કંઈને કંઈ સમજાવીને મારી નાખ્યા છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**तत्रस्थाः शान्तं महः**'. અવિકારી નિર્દોષ શાંતરૂપી તેજ, ચૈતન્યનું તેજ.

ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર અંદર પડ્યું છે. આહાહા..! છે? **'तत्रस्थाः शान्तं महः पश्यन्ति'** આહાહા..! જે કોઈ આત્મા... સમજાય છે કાંઈ? આહાહા..! પરમાનંદનો નાથ પ્રભુ, અનાકુળ શાંતરસનો કંદ, એમાં જે અંદર લીન સ્વસન્મુખ થઈને, પરથી વિમુખ થઈને, પર પદાર્થ ચાહે તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર હો, પણ ત્યાંથી પણ લક્ષ છોડી દે. એ કંઈ તારી ચીજમાં લાભદાયક નથી. આહાહા..! એ પરચીજ છે, પ્રભુ! પર ઉપરથી તું લક્ષ છોડી દે. અને એમાં તને જે શુભરાગ આવે છે, ભગવંત! એકવાર ત્યાંથી લક્ષ છોડી દે. અને વર્તમાન દશા જે રાગને જાણનારી છે, એ દશાનું પણ લક્ષ છોડી દે. આહાહા..! **'तत्रस्थाः'** આહાહા..! બાપુ! આ તો અધ્યાત્મની વાત છે, નાથ! આ કોઈ વાર્તા કથા નથી. પ્રભુની કથા છે, આ તો આત્મકથા છે. આહાહા..!

**'तत्रस्थाः'** એ શુદ્ધ ચૈતન્યઘન ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એમાં સ્થ-લીન થવાથી. **'शान्तं महः पश्यन्ति'** શાંત અવિકારી શુદ્ધ ચૈતન્યઘન, **'महः'** નામ ચૈતન્યનું તેજ **'पश्यन्ति'** નામ અનુભવ કરે છે. આહાહા..! **'पश्यन्ति'**નો અર્થ દેખે છે. પણ દેખતાનો અર્થ અહીંયાં અનુભવ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? અથવા **'तत्रस्थाः शान्तं महः पश्यन्ति'** અંતરમાં આનંદકંદની શક્તિરૂપ આખું તત્ત્વ છે એમાં સ્થિર થવાથી શાંત તેજ પ્રગટ થાય છે. વર્તમાન દશામાં પૂર્ણ આનંદની શાંતિ પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પાતાળમાંથી જેમ ફૂટે.. પાતાળ કૂવો હોય ને? તળિયા તૂટે તો શેડ છૂટે. એમ ભગવાનના પાતાળમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એમાં સ્થિર થવાથી પર્યાયમાં પ્રત્યક્ષ આનંદ પ્રગટ થાય છે. પર્યાય નામ વર્તમાન દશા. વસ્તુ નામ ત્રિકાળી શક્તિ. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, ભાઈ! દુનિયાએ ક્યાંયનો ક્યાં મનાવીને બિચારાને રોક્યા. મનુષ્યના ભવ ચાલ્યા જાય છે, બાપા! આહાહા..! 'પોપટભાઈ'! આવું છે, બાપુ!

**'पश्यन्ति'** પ્રગટ થાય છે. છે? **'પ્રત્યક્ષપણે પામે છે.'** આહાહા..! એ આનંદસ્વરૂપને પ્રત્યક્ષ વેદનમાં પ્રત્યક્ષ કરે છે. જે વર્તમાન અવસ્થામાં રાગમાં એ વસ્તુ પરોક્ષ રહી ગઈ (હતી). રાગના પ્રેમમાં દયા, દાન, વ્રત, ભક્તિ,પૂજાનો ભાવ એ રાગ છે, એ રાગના પ્રેમમાં એ ચીજ પરોક્ષ રહી ગઈ. આહાહા..! એ પ્રેમ છોડીને વસ્તુમાં લીન થવાથી એ વસ્તુની શક્તિ જે આનંદ છે એ પર્યાયમાં-અવસ્થામાં તને પ્રત્યક્ષ થશે. આહાહા..! તું તારા જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણીશ કે આ આનંદસ્વરૂપ આત્મા છે. આહા..! આવી વાતું હવે. 'શાંતિભાઈ'!

**'પ્રત્યક્ષપણે પામે છે.'** આહાહા..! પ્રત્યક્ષનો અર્થ-અંતર સ્વરૂપ જે આનંદનો ઘન પ્રભુ, એમાં લીન થવાથી પ્રત્યક્ષ પ્રાપ્તિ થાય છે. પરોક્ષ રહી શકતો નથી. જેમાં રાગ અને નિમિત્તની અપેક્ષા નથી એવો ભગવાનઆત્મા અંદર સ્થિર થવાથી પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે. આહાહા..! આવું સાંભળવું કઠણ પડે. ઘરે પૂછે કોઈ કે શું સાંભળી આવ્યા? કોણ જાણે, આમ કહેતા હતા ને આમ કહેતા હતા. આત્મા આવો છે. અરે..! ભગવાન! આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારામાં અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ પડી છે, પ્રભુ! તું આનંદ અને શાંતિની ખાણ છો, ખાણ છો. એ પુણ્ય-પાપમાં

ગોતવા જઈશ તો ત્યાં આત્મા નથી. આહા..! અહીંયાં કહે છે, **'पश्यन्ति' 'પ્રત્યક્ષપણે પામે છે. ભાવાર્થ આમ છે...'** જુઓ! એ એક લીટીનો અર્થ થયો. **'तत्रस्थाः शान्तं महः पश्यन्ति'** ગજબ કર્યો છે ને આચાર્યોએ! સંતો જંગલમાં રહીને દિગંબર મુનિઓ, જેને વસ્ત્રનો ટુકડો પણ નહોતો. નગ્ન દિગંબર. અનંત આનંદના કંદમાં ઝુલનારા. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- મુનિ તો નગ્ન જ હોય.

ઉત્તર :- મુનિ તો નગ્ન જ હોય. મુનિની દશા (એવી છે), એમાં સ્વસંવેદન એટલું આવે છે કે જેમાં શરીર ઉપર વસ્ત્રનો ટુકડો રહેવાનો વિકલ્પ છૂટી જાય છે. ઝીણી વાત છે, પ્રભુ! સમજાય છે કાંઈ? અને નગ્ન થઈ જાય છે માટે સ્વસંવેદન થાય છે, એમ નથી. પણ અંતરમાં સ્વસંવેદન એટલું બધું પ્રચુર હોય છે, આનંદનું વેદન, કે જેમાં વસ્ત્રનો ટુકડો લેવાનો વિકલ્પ નથી રહેતો. નગ્ન શરીર થાય છે. જેવો માતાએ જન્મ્યો એવું. અને અંદરમાં અતીન્દ્રિય આનંદના ઝુલામાં ઝુલે છે. એમાં આ ટીકા બની ગઈ. વિકલ્પ આવ્યો. એ રાગ હતો. પણ એ કહે છે કે, મારી ચીજ તો નહિ પણ આવી ગયો છે. તો આ શાસ્ત્ર બની ગયા. આહાહા..! શાસ્ત્ર બનાવનાર હું નહિ. આહાહા..! શાસ્ત્ર બનવામાં જે વિકલ્પ, રાગ ઉઠતો હતો એ પણ હું નહિ. પણ આવ્યો હતો તો પરમાણુની પર્યાયમાં ટીકા બની ગઈ. આહાહા..!

કહે છે, **'शान्तं' 'સર્વ ઉપાધિથી રહિત એવા ચૈતન્યદ્રવ્યને...'** દેખે છે. **'ભાવાર્થ આમ છે કે પરમાત્મપદને પ્રાપ્ત થાય છે.'** આહાહા..! પરમસ્વરૂપની પ્રાપ્તિ દશામાં થાય છે. વસ્તુ તરીકે જેમ લીંડીપીપર હોય છે, છોટીપીપર, ચોસઠ પહોરી તીખાશ અંદર પડી છે તો બહાર આવે છે. પર્યાયમાં-અવસ્થામાં ચોસઠ પહોરી પીપર-પીપર અંદર છે ઈ આવે છે. ચોસઠ નામ રૂપિયે રૂપિયો. ચોસઠ કહે છે ને આપણે? ચોસઠ પૈસા એટલે રૂપિયો. ઈ પીપરમાં ચોસઠ પૈસા એટલે રૂપિયો પૂર્ણ ચરપરાઈ એટલે તીખાશ ભરી છે. તમારી હિન્દી ભાષામાં ચરપરાઈ. અમારી ગુજરાતી ભાષામાં તીખાશ. અંદર ચરપરાઈ-તીખાશ પૂર્ણ ભરી છે તો લઢવાથી પર્યાયમાં બહાર આવે છે. એ લઢવાથી નથી આવી. લઢવાથી આવે તો પથરા ને કોલસા ચોસઠ પહોર ઘૂંટે ને. ન્યાં ક્યાં આવે છે? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ઘૂંટ્યા વગર કેવી રીતે આવે?

ઉત્તર :- એ ઘૂંટ્યા વિના જ આવે છે. ઘૂંટવાનું તો નિમિત્ત છે. પોતાના ઉપાદાનથી પ્રગટ થાય છે. એમ કહે છે. ઝીણી વાતું છે, બાપુ! જગતથી નિરાળી છે, નાથ! આહાહા..! પોતાની ઉપાદાન યોગ્યતાથી પર્યાય પ્રગટ થાય છે. ઈ કહે છે ને? પોતામાં સ્થિર થવાથી **'पश्यन्ति'** પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? અરેરે..! આવી વાતું હવે, બાપુ! આવું મનુષ્યપણું મળ્યું અને એમાં આવું તત્ત્વ જો નહિ સમજે તો મનુષ્યપણું મળ્યું ને નહિ મળ્યું એવું થઈ જશે. આહાહા..! મોટપ જગતમાં.. જાણે મોટા મહાત્મા થઈ ગયા ને મહંત થઈ ગયા ને મોટા મઠ બનાવ્યા કરોડોના ને અબજોના.. ધૂળમાંય ત્યાં કંઈ નથી. સમજાય છે કાંઈ? આ આત્માનો અંદર જ્યારે મઠ બનાવે.. સમજાય છે કાંઈ?

કહે છે, '**પરમાત્મપદને...**' '**તત્રસ્થાઃ**' શક્તિરૂપે જે છે, સ્વભાવરૂપે આનંદ છે, એ અંદર લીન થવાથી વર્તમાન પર્યાય-દશામાં પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. 'અપ્પા સો પરમપ્પા.' આત્મા પરમાત્મસ્વરૂપ તો શક્તિરૂપે છે જ. શક્તિરૂપે, સ્વભાવરૂપે, ભાવરૂપે. એની એકાગ્રતાથી વર્તમાન દશામાં પરમાત્મપદ પ્રાપ્ત કરે છે. આહાહા..! જેમ એ ચોસઠ પહોરી ચરપરાઈ લીંડીપીપરમાં પડી જ છે, પણ જ્યારે બહાર આવે ત્યારે ચોસઠ પહોરી (તીખાશ) એની દશામાં પ્રગટ થાય છે. એમ પરમાત્મસ્વરૂપ શક્તિરૂપે તો ભગવાનઆત્મા દરેક પરમાત્મસ્વરૂપ જ છે. આરે..! કેમ બેસે? આહા..! એક બીડી વિના ચાલે નહિ. બે બીડી, સીગરેટ સરખી પીવે ત્યારે ભાઈને પાયખાને દિશા ઉતરે. આવા તો લખણ. એને કહેવું કે તારો આત્મા આવો (છે), પ્રભુ! ક્યે ગજે માપે? આહાહા..! સવારમાં એક દૂધ ને ચાનો પ્યાલો સરખો હોય અને એમાં રસગુલ્લા હોય ને થોડું.. શું કહેવાય? બિસ્કીટ સરખી ખાય તો .. આહા..! અરે..! ધૂળમાંય નથી, સાંભળ તો ખરો. આહાહા..! એમાં સુખી છે અને અમને મજા પડી.

મુમુક્ષુ :- એ તો ખાવાવાળા જાણે.

ઉત્તર :- ખાવાવાળા જાણે. મૂઢતા છે. મૂઢ છે તે જાણે છે કે મને મજા આવે છે. શેઠ!

મુમુક્ષુ :- મજા આવી શેમાંથી?

ઉત્તર :- માની છે અજ્ઞાનપણે. મજા હતી ક્યાં? આહાહા..! બાળકનું દૃષ્ટાંત એકવાર નહોતું આપ્યું? બાળક વર્ષ-દોઢ વર્ષનું હોય ને? જેઠ મહિનાનો તડકો હોય. જેઠ માસ. દૂધ વધારે પીધું હોય, દૂધ. એની માંએ પાયું હોય ને બીજાએ કો'કે આપ્યું હોય. એમાં શેરણું થઈ જાય. નાગો હોય. વર્ષનું નાનું શરીર (હોય). એ ઠંડુ ઠંડું લાગે અને બહારમાં ગરમી હોય એટલે હાથ અડાડી.. જોયું છે કોઈ દિ'? આ તો બધું અમે જોયેલું, અનુભવેલું છે. એને હાથ અડાડી ચાટે. એમ સાકરના સ્વાદમાં ને ખાવાના સ્વાદમાં રાગના વિષ્ટાના સ્વાદ છે. ભગવાનઆત્માના સ્વાદ એમાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું છે, નાથ!

કેવો છે '**મહઃ**'? કહે છે કે અંદરમાં ચૈતન્ય તેજ. જેમ ચોસઠ પહોરી શક્તિ પડી છે એમ આ તેજ કેવું છે અંદર? ચૈતન્ય તેજ. '**અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે.**' અસંખ્ય પ્રદેશ છે. એ વાત તદ્દન ઝીણી છે. જેમ સોનાની સાંકળી હોય ને? શું કહે છે અત્યારે? જંજીર-ચેન. હજાર મકોડાની. એ મકોડા મકોડા દીઠ સોનું છે, સોનું. એવા હજાર મકોડાની સાંકળી છે. એમ આ આત્મા અહીંયાં. અહીંયાં.. એના પ્રદેશ અંશ, જેમ મકોડા છે એમ પ્રદેશ છે. પણ છે સળંગ અખંડ એક આત્મા. ઝીણી વાત બહુ તદ્દન છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. એ અસંખ્ય પ્રદેશી આત્મા છે. દરેક પ્રદેશમાં અનંત આનંદ, જ્ઞાન બધા અસંખ્ય (પ્રદેશમાં) વ્યાપ્યું છે. આહાહા..! પગથી માથા સુધી ભગવાન ભિન્ન અંદરમાં છે. આ તો હાડકા જડ છે, માટી-ધૂળ છે. આહાહા..! આ તો રૂપી છે, મૂર્ત છે. ભગવાન અરૂપી છે અને અમૂર્ત છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે '**અસંખ્યાત પ્રદેશે જ્ઞાનરૂપે બિરાજમાન છે.**' ત્યાં તો ચૈતન્ય બિરાજમાન છે. ચેતન એ ભગવાન, એની ચેતના જાણન-દેખન સ્વભાવથી ભરેલો પ્રભુ અંદર છે. આહા..! સર્વસ્વ ચૈતન્ય દર્શન અને જ્ઞાન એના છે. '**વળી કેવું છે?**' '**ज्ञानधनौधम्**' '**ज्ञानधनौधम्**' એ તો '**ચેતનાગુણનો પુંજ છે.**' આહાહા..! જેમ રૂનું ધોકડું હોય ને? ધોકડું-ગાંઠ પચ્ચીસ મણની-પચાસ મણની. એમ આ ભગવાન જ્ઞાનનું ધોકડું મોટું છે. એ ચૈતન્યગંજ પ્રભુ અંદર છે. ભગવાન તેં કદી જોયું નથી. તેં કદી નજરું કરી નહિ. આહાહા..! એ '**ज्ञानधनौधम्**'. છે? '**ज्ञानधनौधम्**' ત્રણ શબ્દ છે. જ્ઞાનચેતનાનો ઘન નામ ગુણનો ઓઘ નામ પુંજ. સમજાય છે કાંઈ? આ ખેડુ લોકો મોટા ઓઘા નથી કરતા? ખેતરમાં. જ્યારે પાંચસો-હજાર મણ પાકે ત્યારે ઓઘા કરે છે. એમ આ જ્ઞાનના ઘનનો ઓઘો મોટો છે. આટલામાં પણ આવડો મોટો! પણ અરૂપી છે ને પ્રભુ! અરૂપીને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવની મોટપથી ભરેલો ભગવાન અંદર છે. સમજાણું કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા આવી જાય છે. સમજમેં આતા હૈ? એ તમારી હિન્દી. આહાહા..!

મુમુક્ષુ :- દિવાળી નજીક આવીને.

ઉત્તર :- હવે આ લોકો જવાના છે ને. જશે ને? બે મહિનાથી હિન્દી ચાલે છે. આહાહા..!

'**વળી કેવું છે?**' '**ज्ञानधनौधम्**'. જ્ઞાન, ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય સ્વભાવનો ઘન, ઘન પિંડ ઓઘ સમૂહ પુંજ છે. આહાહા..! અરેરે..! એવો આત્મા એણે સાંભળ્યો નહિ. ધૂળના પૈસા જ્યાં ભેગા થાય, પાંચ-પચાસ લાખ, કરોડ થાય ત્યાં આહાહા..! અમે સુખી છીએ. મૂઢ છે. સમજાય છે કાંઈ? એ પૈસામાં સુખ છે, સ્ત્રીના શરીર હાડકા, માંસ ને ચામડા, એના વિષયમાં રમતા મને મજા છે. આ ધૂળ.. ધૂળ. એ ધૂળને ભોગવતો નથી. પણ એ તરફ લક્ષ જઈને, નિજ આનંદને છોડી, એ ઠીક છે એવા રાગનો અજ્ઞાની અનુભવ કરે છે. એ શરીરનો નહિ ને આનંદનો નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે, એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારી ૠદ્ધિ સિદ્ધિ અંદર કેટલી પડી છે? આહાહા..! 'ૠદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતર કી લક્ષ્મી સો જાચી લક્ષપતિ હૈ, દાસ ભગવંત કે ઉદાસ રહે જગતસોં, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈં.' 'બનારસીદાસ'. આહાહા..! સમજાય છે કાંઈ? ૠદ્ધિ સિદ્ધિ અંદરમાં છે. પ્રભુ! તું વસ્તુ છો કે નહિ? અસ્તિ છે કે નહિ? તત્ત્વ છે કે નહિ? છે તો અનાદિઅનંત છે કે નહિ? અનાદિઅનંત છે તો કોઈ કાયમ સ્વભાવ, કાયમ શક્તિ અનાદિઅનંત છે કે નહિ? આહાહા..! એ '**ज्ञानधनौधम्**' પ્રભુ! તું તો ચેતનાગુણનો પુંજ છો ને! એ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ પ્રભુ! તારી ચીજમાં છે નહિ. એનાથી ધર્મ માને, એનાથી ધર્મ થાશે. ધૂળેય નહિ થાય, સાંભળને. મરી જાને કરીને. એ બધો કાયક્લેશ છે. આકરી વાત છે. સંપ્રદાયમાં ચાલતી કરતાં આ વાત જુદી છે. સમજાય છે કાંઈ? આહા..!

અહીં કહે છે, '**વળી કેવું છે? સમસ્ત વિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.**'

કોઈપણ પ્રકારની વૃત્તિ રાગ ઉઠે એ બધાથી એ રહિત છે. નિર્વિકલ્પ ચિદાનંદ અભેદ ચીજ અખંડ આનંદકંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એકની વ્યાખ્યા કરી. એકસ્વરૂપે છે. એ પ્રભુ શક્તિ અને શક્તિવાન, એવો ભેદ પણ જેમાં નથી. એ તો શક્તિવંત સ્વરૂપ આખો પરમાત્મા. પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ. પરમ સ્વરૂપ-અનાદિઅનંત શાંત આનંદસ્વરૂપ પરમસ્વરૂપ. એ એકરૂપ ચીજ અંદર છે. આહાહા..! અરે..! એના ગાણા સાંભળ્યા નહિ કોઈ દિ'. આહાહા..! એ ચીજ કેવી છે, એમાં શું છે, એ એણે સાંભળ્યું નથી. અરે..! જિંદગી ગઈ. બહારથી માને કે પૈસા થઈ ગયા, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. દુનિયા પણ ગાંડી-પાગલ, કાંઈક દાન આપે પચાસ લાખ ને કરોડનું, તો દાનવીરની ઉપમા આપી દે. પાગલે પાગલ બધા. કહો, પ્રોફેસરજી! આ આપણા સંસ્કૃતના પ્રોફેસર છે. 'જયપુર' મોટા પ્રોફેસર. એ પ્રોફેસર ધૂળના છે. નહિ?

મુમુક્ષુ :- પાપના ધંધા છે.

ઉત્તર :- પાપના ધંધા. મોટા પ્રોફેસર ભાષણ આપે. એલ.એલ.બી. અને એમ.એ. ભણેલા હોય. એક કલાક ભાષણ આપે. ઓહો..! શું ધૂળમાં છે. આ ત્રણલોકના નાથને તેં ન જાણ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં સુધી બધું જાણેલું ફોક છે. પાંચ-પાંચ હજારના પગાર ને દસ હજારના પગાર ધૂળધાણી છે. આહાહા..!

ભગવાનઆત્મા કેવો છે? એક છે. એકની વ્યાખ્યા કરી. કોઈપણ પ્રકારના વિકલ્પ એમાં છે જ નહિ. હું આ શુદ્ધ અખંડ છું, એવી વૃત્તિ ઉઠે એ વૃત્તિ પણ અંદરમાં નથી. સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ ચીજ અભેદ ચીજ અંદર પડી છે. આહાહા..! કેવો છે? '**अचलं**' '**કર્મનો સંયોગ મટવાથી નિશ્ચલ છે.**' રાગના વિકલ્પનો નાશ થઈ ગયો તો અચળ છે. નિત્યાનંદ પ્રભુ અચળ છે. પોતાના આનંદથી ચળતો નથી, રાગમાં આવતો નથી. આહાહા..! '**શું કરીને આવા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે?**' એક એક શબ્દનો અર્થ કર્યો છે. '**स्वमरीचिचक्रम् अचिरात् संहृत्य**' સાંભળો! '**स्वमरीचिचक्रम् अचिरात् संहृत्य**' '**स्वमरीचिचक्रम**' મૃગતૃષ્ણા જેવું જૂઠ પુણ્ય ને પાપના વિકલ્પ ને આ બધા ફળ જૂઠ માયાજાળ (છે). આહાહા..! મૃગજળ છે, મૃગજળ. એ જળમાં પાણી નથી. એમ પુણ્ય ને પાપ અને પુણ્ય-પાપના ઠાઠ આ બધા બહારના ધૂળના, મૃગજળ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**मरीचि**' મૃગતૃષ્ણાનો સમૂહ. છે? '**स्वमरीचिचक्रम**' પોતાના જૂઠા વિકલ્પોનો, જૂઠી તૃષ્ણાનો સમૂહ. વિકલ્પની જાળ અંદર. શુભ-અશુભ અનેક પ્રકારના. દયા, દાન ને વ્રત ને સેવા ને ભક્તિ ને પૂજા ને નામસ્મરણ ને.. એ બધા વિકલ્પની જાળ છે. અરરર..! આકરું લાગે માણસને. એ '**मरीचिचक्रम**' છે. એ મૃગતૃષ્ણાના જળ જેવું છે. એમાં આત્મા નથી. આહાહા..!

મુમુક્ષુ :- વિકલ્પ શાંત થવાથી થોડી શાંતિ તો થાય છે.

ઉત્તર :- દુઃખ છે. શાંતો ક્યાં આવ્યો હતો ત્યાં? જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ,

તપ, પૂજા, ભક્તિ, નામસ્મરણ પ્રભુ.. પ્રભુ.. પ્રભુ કરે એ વિકલ્પ છે, રાગ છે, દુઃખ છે. એ આત્માના આનંદથી વિપરીત ભાવ છે. શેઠ! પૈસા-બૈસા થોડા આપે. ન્યાં ત્રણ લાખનું મંદિર બનાવ્યું. ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. ત્યાં અમે હતા ને. ધૂળમાં ત્રણ લાખ શું કરોડ આપે નહિ, ન્યાં ક્યાં ધર્મ હતો. એ તો જડ ધૂળ છે. ધૂળનો ધણી થઈને આપે તો તો મિથ્યા ભ્રમણા છે. પંડિતજી! અહીં તો આ વાત છે, ભાઈ! અહીં કંઈ માખણ-બાખણ ન મળે.

મુમુક્ષુ :- ત્યાં તો બધા હા પાડનારા હોય.

ઉત્તર :- ન્યાં તો બધા હા પાડનારા હોય ને. આહાહા..!

અહીં કહે છે, '**स्वमरीचिचक्रम**' જે વિકલ્પની જાળ બધી જૂઠ, ભ્રમ એ બધી '**કર્મની સામગ્રી...**' આહાહા..! આ ઈન્દ્રિયો પાંચ. જડ માટી ધૂળ. આ તો માટી છે. અજીવ છે, જડ છે, મૂર્ત છે. પુદ્‌ગલ પરમાણુ માટી અજીવ છે. '**ઈન્દ્રિય, શરીર,...**' આ શરીર. પરમાણુ રજકણોનો પિંડ-જથ્થો છે આ તો. આ કંઈ પ્રભુ આત્મા નથી અને એમાં આત્મા નથી. આત્મા તો અંદર જુદી ચીજ છે. આહાહા..! '**રાગાદિમાં આત્મબુદ્ધિ...**' જુઓ! જેટલી કર્મની સામગ્રી. ઈન્દ્રિયો મળી, શરીર, રાગ, પુણ્ય, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એ બધો વિકાર છે. એમાં આત્મબુદ્ધિ-આ મારું છે એમ માનવું એ ભ્રમ, અજ્ઞાન મૂઢતા છે. સમજાય છે કાંઈ? આ તો બાવો થઈ જાય તો બેસે, એમ એક જણો કહેતો હતો. એક જણો એમ કહેતો હતો. પેલો 'અમૃતલાલ' નહિ? 'જરિયા.. જરિયા.' જરિયાનો છે ને? ધનબાદ ને ધનબાદ ને જરિયા.

મુમુક્ષુ :- હમણાં 'મુંબઈ' આવ્યા હતા. મહિનો રહી ગયા.

ઉત્તર :- આવે છે ને, આવે છે. બાવો જ છે. સાંભળ તો ખરો. તારી ચીજમાં કોઈ રાગ છે જ નહિ. તારી ચીજ છે એ તો અંદર નિવૃત્તસ્વરૂપ ભગવાન બિરાજે છે. તને ખબર નથી. સમજાય છે કાંઈ? એ ચીજ તો પુણ્ય-પાપના વિકલ્પથી નિવૃત્તસ્વરૂપ છે. નિવૃત્તસ્વરૂપ ન હોય તો નિવૃત્તસ્વરૂપ આવશે ક્યાંથી? સમજાય છે કાંઈ? ભારે આકરું કામ.

અહીં કહે છે, '**स्वमरीचिचक्रम्**' એ પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભ દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, વિષયભોગ વાસનાના ભાવ બધા મૃગતૃષ્ણાના ભાવ છે. એમાં કોઈ શાંતિ નથી, એમાં આત્મા નથી. આહાહા..! એ '**स्वमरीचिचक्रम्**' સમૂહ. તેને '**તત્કાળમાત્ર...**' '**संहृत्य**' '**વિનાશ કરીને.**' અંદરમાં વિનાશ કરી નાખે છે. આહાહા..! શાંત વીતરાગમૂર્તિ પ્રભુ અંદર અવિકારી આનંદસ્વરૂપમાં સ્થિર થવાથી આવા મરિચીચક્રનો તો નાશ થઈ જાય છે. આહાહા..! અને પરમાત્મસ્વરૂપ પ્રગટ થાય છે. આ વિકલ્પની જાળનો નાશ થાય છે. આહાહા..! '**તત્કાળ વિનાશ કરીને...**' જુઓ! '**अचिरात्**' આહાહા..! '**अचिरात्**' ચિર નહિ-દીર્ઘ કાળ નહિ. એ ભગવાન આનંદકંદમાં જ્યાં સ્થિત થયો એ જ ક્ષણે સર્વ વિકલ્પનો નાશ થાય છે. '**अचिरात्**' તત્કાળ. પ્રકાશ થયો તો અંધકારનો નાશ તે જ ક્ષણે થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

બધાને આ સમજવા જેવું છે, બાપુ! બાળક હો, યુવાન હો, વૃદ્ધ હો, ગરીબ હો, સ્ત્રી

હો, પુરુષ હો. એ તો બધા દેહના ધર્મ છે. સ્ત્રી, પુરુષ ને નપુંસક (દેહના ધર્મ છે). પૂર્ણાનંદના નાથમાં સ્થિર થતાં, ત્રાટક બનાવીને સ્થિર થતાં, ધીર થતાં, સ્વરૂપને-પૂર્ણ સ્વરૂપને દશામાં ધારતાં.. આહાહા..! એ બધા વિકલ્પોનો નાશ થાય છે. એ અનંત પુરુષાર્થ છે ત્યાં. એ કાંઈ વાતે વડા થાય એવું નથી. આહાહા..! આ લોકોને આકરું લાગે છે. એ.. સોનગઢવાળાએ તો વ્યવહારને ઉથાપી નાખ્યો. એમ કહે છે. રાડું પાડે છે. પાડો રાડું. સંપ્રદાયવાળા વિરોધ કરે છે. કોનો વિરોધ કરે છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! તારી ચીજ અંદર રાગરહિત, વિકલ્પરહિત પડી છે, પ્રભુ! એની વાત કરે છે અને તું કોનો વિરોધ કરે છે? આહાહા..!

તત્કાળ વિનાશ થાય છે. આહાહા..! 'કેવું છે **મરિચીચક્ર?**' '**बहिः निर्यत्**' '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**' આહાહા..! એ પુણ્ય ને પાપ ને પુણ્ય-પાપના ફળ આ સ્ત્રી ને કુટુંબ ને શરીર ને ધૂળ ને ધાણી ને આબરૂ ને.. એ બધું મરિચીચક્રનું ફળ છે. '**અનાત્મપદાર્થોમાં ભમે છે.**' '**बहिः निर्यत्**'. અંતર સ્વરૂપમાંથી નીકળીને પુણ્ય અને પાપ, શુભ-અશુભના ફળમાં '**बहिः निर्यत्**' બહાર ભમે છે. આહાહા..! ભગવાન અનંત આનંદના નાથને છોડીને એ વિકલ્પની જાળ ને વિકલ્પના બંધ ને એના ફળ. '**बहिः निर्यत्**' બહાર નીકળી ગયો. અંતરમાંથી બહાર નીકળી ગયો. આહાહા..! કોઈ આબરૂના વખાણ કર્યા ત્યાં રાજી રાજી થઈ જાય. ઓહો..! ફૂલીને ગોટો થઈ જાય. મૂરખ પણ તું આત્મા છે, તારા વખાણની તો તને ખબર નથી. સમજાય છે કાંઈ? આહા..! અભિનંદન નથી આપતા મોટા? માણસો ભેગા કરીને અભિનંદન આપે. તમે આવા છો ને આવા છો. હોય નહિ કાંઈ માલ. કંઈક પૈસા ખર્ચ્યા હોય ને મંદિર બનાવ્યું હોય બે-પાંચ લાખ ખર્ચીને. એટલે જાણે કે આહાહા..! ધૂળમાંય નથી, સાંભળને. આવી વાત છે. દુનિયા સાથે મેળ ખાય એવું નથી.

મુમુક્ષુ :- ઉપાધિ છે.

ઉત્તર :- બધી ઉપાધિ છે. અનાત્મપદાર્થોમાં ભમે છે, કીધું ને? અનાત્મ. આત્મા છે એ તો આનંદસ્વરૂપ છે. એમાંથી પુણ્ય-પાપના વિકલ્પ ઉઠાવે છે તે બહિર્ ભમતિ-બહાર ભમે છે. બહિરચલો વ્યભિચારી થઈ ગયો. આહાહા..! આવું છે. પુણ્યની ક્રિયાના રસિયાને તો આકરું પડે. એવું લાગે કે અરર..! હાય.. હાય..! અમે આવા મંદિર બનાવીએ. જુઓ! આ ૨૬ લાખનું મંદિર છે. આરસપહાણનું. આ તો આરસપહાણનું પણ સવારમાં યાદ આવ્યું હતું કે સ્ફટિકમણિના મહેલ હોય, 'રાવણ'ને અજ્ઞાનીને. એમાં શું છે પણ હવે? આહાહા..! એ બહારની ચીજ છે, ધૂળ છે, તારામાં ક્યાં આવી અને તારાથી ક્યાં બની છે? આહાહા..! બહારમાં ચાલી નીકળ્યો. આહાહા..!

'**बहिः निर्यत्**' આહાહા..! પોતાનો જ્ઞાનાનંદ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ સ્વભાવ, એમાં જેટલા પુણ્ય-પાપના શુભ-અશુભ લાગણીના જેટલા વિકલ્પ ઉઠે છે, એનો બંધ અને એનું ફળ એ બધું '**बहिः निर्यत्**' બધી બહારની ચીજ છે. તારા અંતરમાં નહિ. અને બાહ્ય ચીજને પોતાની માનવી એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાય છે કાંઈ? કેટલું યાદ રાખવું

આમાં એક કલાકમાં? આહા..! પ્રભુ! તારી એક પળેય ક્યાં છે? ભાઈ! ભાષા તો જુઓ! મરિચીચક્ર-શુભ-અશુભ વિકલ્પની જાળ. એ બધી **'बहिः निर्यत्'**. બહારમાં છે, અંદર નથી. આહાહા..! અનાદિથી બહારમાં ભમ્યો. મેં વ્રત કર્યા ને મેં શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું, એ બધા તો વિકલ્પ છે. મેં બ્રહ્મચર્ય પાળ્યું, મેં સ્ત્રીનો ત્યાગ કર્યો છે. શું પણ તેં ત્યાગ કર્યો છે? બ્રહ્મ નામ આત્માના આનંદમાં ચરવું, રમવું એનું નામ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય પાળ્યું અને બ્રહ્મચારી થઈ ગયો, એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે. બ્રહ્માનંદ ભગવાન બ્રહ્મચર્ય. બ્રહ્મ નામ આનંદસ્વરૂપ પ્રભુ, એમાં ચર્યા-ચરવું, રમવું. એ આનંદસ્વરૂપમાં રમવું એ બ્રહ્મચર્ય છે. શરીરથી બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું. એ તો રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

**'बहिः निर्यत्' 'ભાવાર્થ આમ છે કે- પરમાત્મપદની પ્રાપ્તિ થતાં સમસ્ત વિકલ્પ મટે છે.'** જે સ્વરૂપ અંદર છે એ દશામાં પ્રાપ્ત થયું તો બધા વિકલ્પનો નાશ થઈને એકલી અતીન્દ્રિય આનંદની દશા રહી જાય છે. અતીન્દ્રિય આનંદરૂપી દશા, અતીન્દ્રિય અનંત જ્ઞાન, એનું નામ પરમાત્મપદ, એનું નામ મુક્તિ છે. એમાં પછી કોઈ વિકલ્પ નથી. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(મંદાક્રાંતા)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२-१२४।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'एतत् ज्ञानम् उन्मग्नम्'** ( एतत् ) જેવો કહ્યો છે તેવો શુદ્ધ ( ज्ञानम् ) શુદ્ધચૈતન્યપ્રકાશ ( उन्मग्नम् ) પ્રગટ થયો. **જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કહ્યો છે? 'किमपि वस्तु अन्तः सम्पश्यतः'** ( किम् अपि वस्तु ) **નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ,** તેને ( अन्तः सम्पश्यतः ) **ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.** ભાવાર્થ આમ છે કે-**શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે જીવ કાષ્ઠની માફક જડ છે એમ પણ નથી,** સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ **નથી, ભાવશ્રુતજ્ઞાન વડે** કોઈ **નિર્વિકલ્પવસ્તુમાત્રને અવલંબે છે; અવશ્ય અવલંબે છે. 'परमं' આવા અવલંબનને વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી,** તેથી કહી શકાય નહિ. કેવો છે શુદ્ધ જ્ઞાનપ્રકાશ? **'नित्योद्योतं' અવિનાશી છે પ્રકાશ જેનો.** શા કારણથી? **' रागादीनां झगिति विगमात्'** ( रागादीनां ) **રાગ-દ્વેષ-મોહની જાતિના છે જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ તેમનો** ( झगिति विगमात् ) તત્કાળ વિનાશ થવાથી. કેવા છે **અશુદ્ધપરિણામ? 'सर्वतः अपि आस्रवाणां'** ( सर्वतः अपि ) **સર્વથા પ્રકારે** ( आस्रवाणां ) **આસ્રવ એવું નામ-સંજ્ઞા છે**

જેમની, એવા છે. ભાવાર્થ આમ છે કે-જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે. તેમનું નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે જે પુદ્‌ગલની વર્ગણાઓ તે તો અશુદ્ધપરિણામના સહારાની છે, તેથી તેમની શી વાત? પરિણામો શુદ્ધ થતાં તે સહજ જ મટે છે. વળી કેવું છે શુદ્ધજ્ઞાન? 'सर्वभावान् प्लावयन्' ( सर्वभावान् ) જેટલી જ્ઞેય વસ્તુ અતીત-અનાગત-વર્તમાનપર્યાય સહિત છે તેમને ( प्लावयन् ) પોતામાં પ્રતિબિંબિત કરતું થકું. કોના વડે? 'स्वरसविसरैः' ( स्वरस ) ચિદ્રૂપ ગુણ, તેની ( विसरैः ) અનંતશક્તિ, તેના વડે. કેવી છે તે? 'स्फारस्फारैः' ( स्फार ) અનંતશક્તિ, તેનાથી પણ ( स्फारैः ) અનંતાનંતગણી છે. ભાવાર્થ આમ છે કે-દ્રવ્યો અનંત છે, તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી જ્ઞાનની અનંતગણી શક્તિ છે. એવો દ્રવ્યનો સ્વભાવ છે. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? ' आलोकान्तात् अचलम्' સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંત કાળપર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ. વળી કેવું છે શુદ્ધ જ્ઞાન? 'अतुलं' ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી. આવો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. ૧૨-૧૨૪.

## આસો સુદ ૩, શનિવાર, તા.૧૫-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૪, પ્રવચન - ૧૨૨

'કળશટીકા' ૧૨૪ કળશ છે.

(મંદાક્રાંતા)

रागादीनां झगिति विगमात्सर्वतोऽप्यास्रवाणां
नित्योद्योतं किमपि परमं वस्तु सम्पश्यतोऽन्तः।
स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा-
नालोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत्।।१२-१२४।।

આ આસ્રવનો છેલ્લો અધિકાર છે ને? છેલ્લો.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'एतत् ज्ञानम् उन्मग्नम्' '**જેવો કહ્યો છે તેવો શુદ્ધ...**' 'ज्ञानम्' '**શુદ્ધચૈતન્યપ્રકાશ...**' આસ્રવરહિત થઈને ચૈતન્યપ્રકાશ પ્રગટ થયો એ બતાવવું છે. શુભ-અશુભરાગ એ આસ્રવ છે, મલિન પરિણતિ છે. એનાથી રહિત આત્માનું જ્યાં અંતર ભાન થયું અને અંતરમાં લીન થઈને શુદ્ધ ચૈતન્યપ્રકાશ પ્રગટ થયો. જે આસ્રવ પ્રગટ હતો, તેના સ્થાને શુદ્ધજ્ઞાનપ્રકાશ થયો. આહાહા..! અર્થાત્ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આસ્રવરહિત થઈને પોતાના પરમાનંદ અને શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રગટ દશા થઈ. એનું નામ આસ્રવરહિત આત્મદશા. આહાહા..! '**પ્રગટ થયો.**'

'**જેને જ્ઞાન અર્થાત્ શુદ્ધચૈતન્યપ્રકાશ પ્રગટ થયો તે જીવ કેવો છે?**' જેને અંતરમાં આત્મસ્વરૂપ ચૈતન્યબિંબ જે અનાદિઅનંત શાંત અને આનંદરસથી ભર્યો છે, એ આત્મા કોને

પ્રગટ થયો? અને કઈ રીતે થયો? એ કહે છે. 'किमपि वस्तु अन्तः सम्पश्यतः' 'किम् अपि वस्तु' '**નિર્વિકલ્પસત્તામાત્ર કોઈ વસ્તુ.**' 'किम् अपि' એટલે કોઈપણ. ચૈતન્ય આનંદકંદ નિર્વિકલ્પ ચૈતન્યવસ્તુ. એ 'अन्तः सम्पश्यतः' એ 'अन्तः' ભાવશ્રુતજ્ઞાન દ્વારા અનુભવમાં આવી. છે? 'सम्पश्यतः' '**ભાવશ્રુતજ્ઞાન વડે પ્રત્યક્ષપણે અવલંબે છે.**' શું કહે છે? ધર્મીજીવ જ્યારે પોતાનું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદકંદનું અવલંબન લઈને આસ્રવનો, વિકારનો નાશ કર્યો તો 'अन्तः सम्पश्यतः' 'अन्तः' ચૈતન્યસ્વરૂપને ભાવશ્રુત દ્વારા પ્રત્યક્ષ દેખે છે. આવી ભાષા છે.

'किमपि वस्तु अन्तः सम्पश्यतः' સત્તા નિર્વિકલ્પ વસ્તુ છે, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનમય આત્મવસ્તુને 'अन्तः सम्पश्यतः' અંતરમાં ભાવશ્રુતજ્ઞાન દ્વારા 'सम्पश्यतः'. 'अन्तः'ની વ્યાખ્યા ભાવશ્રુતજ્ઞાન દ્વારા. 'सम्पश्यतः'નો અર્થ '**પ્રત્યક્ષપણે અવલંબે છે.**' આહાહા..! ઝીણી વાત બહુ. અંતર નિર્મળ ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતરમાં વસ્તુને અવલંબે છે. પુણ્ય અને પાપના ભાવ, મલિન દુઃખરૂપ ભાવનો અભાવ કરીને પોતાનો ચૈતન્ય સ્વભાવભાવ 'अन्तः सम्पश्यतः' નામ પ્રત્યક્ષપણે દેખે છે. આવી વાતું છે. આસ્રવની છેલ્લી ગાથાઓ છે ને. ધર્મ એ બહુ સૂક્ષ્મ વસ્તુ છે. આહાહા..!

અંતરમાં ભગવાનઆત્મા ચૈતન્યપ્રકાશનો સાગર ભગવાનઆત્મા છે. આસ્રવ, પુણ્ય-પાપના ભાવ જે મલિન અને દુઃખરૂપ (છે), એનો અભાવ કરીને અંતઃ ચૈતન્યવસ્તુને અંતર ભાવશ્રુતજ્ઞાન દ્વારા અવલંબે છે અને પ્રત્યક્ષ દેખે છે. આ ભાષા છે. '**પ્રત્યક્ષપણે અવલંબે છે.**' આ ધર્મની દશા પ્રગટ થાય છે. પોતાના અંતરમાં ભાવશ્રુત (દ્વારા પ્રગટ થાય છે). દ્રવ્યશ્રુત નહિ, વાણી દ્વારા એ પ્રગટ નથી થતું કે વાણી સાંભળવામાં જે વિકલ્પ આવે છે તેનાથી પણ જણાતો નથી. બહિર્મુખનું લક્ષ છોડી અંતર્મુખ ભાવશ્રુતજ્ઞાન દ્વારા અંતરંગ પ્રત્યક્ષ 'पश्यन्ति' અવલંબે છે. શુદ્ધ ચૈતન્યને ભાવશ્રુત દ્વારા અવલંબે છે. સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ બહુ સૂક્ષ્મ.

અનંતકાળથી કર્યું નથી. ચાર ગતિમાં રખડતા રખડતા શુભાશુભભાવ કર્યા તો શુભભાવથી આ મનુષ્યપણું કે સ્વર્ગાદિ મળ્યા. એ દુઃખ છે. પાપથી નરક ને તિર્યંચપણું ને હલકું મનુષ્યપણું (મળ્યું), એ દુઃખ છે. ચારે ગતિ દુઃખરૂપ છે. પુણ્ય-પાપના ફળ ચાર ગતિના ભવ દુઃખરૂપ છે. જેણે પોતાના આત્માને એ આસ્રવના પરિણામથી લક્ષ છોડી, ત્રિકાળી આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યસત્તા સ્વરૂપ, એનું ભાવશ્રુતજ્ઞાન દ્વારા અવલંબન લીધું, એને આત્મા પ્રત્યક્ષ અનુભવમાં આવ્યો. આહાહા..! આવી વાત છે. આસ્રવની છેલ્લી ગાથા છે ને. આહા..!

'**ભાવાર્થ આમ છે કે-શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે...**' શું કહે છે? જુઓ! કોઈ એમ કહે છે ને કે અંદર અનુભવમાં પછી કોઈ ચીજ વેદનમાં આવતી નથી. લાકડાની જેમ નિર્વિકલ્પ થઈ જાય છે. એમ નથી. '**શુદ્ધસ્વરૂપના અનુભવના કાળે જીવ કાષ્ઠની માફક જડ છે એમ પણ નથી.**' દૃષ્ટિમાં કોઈ ચીજ આવી નથી એમ નથી. જડની જેમ નથી. '**સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી,...**' શું કહે છે? અંતર

ભગવાનઆત્મા આનંદનો ધામ પ્રભુ, સ્વયં જ્યોતિ સુખધામ, એ ચીજને અનુભવતાં ત્યાં લાકડા સમાન જડ પણ નથી, એમ રાગના, પુણ્ય-પાપના વિકલ્પ કરનારાની પેઠે વિકલ્પ પણ નથી. આવી વસ્તુ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લાકડાની સમાન જડ પણ નથી અને...

ઉત્તર :- જડ પણ નથી અને બધા વિકલ્પ કરે છે એવા વિકલ્પ પણ નથી. પેલા કહે છે ને, વિકલ્પ છોડી દો, વિકલ્પ છોડી દો. પણ ચીજ શું? ચીજ શું છે અંદર? આનંદમાં, જ્ઞાનમાં એ ચીજ ખ્યાલમાં આવે છે કે નહિ? કે વિકલ્પ છોડી દો. શું વિકલ્પ છોડે? અહીંયાં એ કહ્યું ને? અંતર ચૈતન્યસ્વરૂપનું અવલંબન લીધું છે. વિકલ્પ છોડીને લક્ષમાં, અવલંબનમાં કંઈ છે જ નહિ, એમ વસ્તુ નથી. સમજાય છે કાંઈ? વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ. અલૌકિક વાત છે. આહાહા..! બધું દુનિયામાં અનંતવાર કર્યું. વેપાર-ધંધાના રાગ કર્યા. રાગ કર્યો, ધંધો-વેપાર કરી શક્યો નથી. રાગ કર્યો, દ્વેષ કર્યો, અરે..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પણ અનંતવાર કરી. એ તો બધી રાગની ક્રિયા છે, એ આસ્રવની ક્રિયા છે. અહીં તો અધિકાર આસ્રવના અંતનો છે. આહાહા..!

અંતર સ્વરૂપ આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ, એના અવલંબનથી વિકલ્પનો અભાવ થાય છે તો ત્યાં આગળ જડ જેવો પણ નથી અને વિકલ્પી જેવો રાગી અને વિકલ્પ ઉઠે છે એવો પણ નથી. ત્યાં ચૈતન્ય શુદ્ધ આનંદનું અવલંબન છે અને ભાવજ્ઞાનમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ છે, એવી એ ચીજ છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- ભમરડાની માફક સ્થિર થઈ જાય છે.

ઉત્તર :- ભમરડો-ફમરડો અહીં નહિ. અહીં તો સ્થિર થઈ જાય છે. ભમરડો તો ફરે છે અને સ્થિર દેખાય છે. એમ નહિ. શું કહેવાય? આ રમે છે ને? એ ગરિયો, ગરિયો અમારે કહે છે. એ ગરિયો આમ સ્થિર દેખાય છે પણ ફરે છે ત્યાં. બહુ ફરે છે. એમ અહીં સ્થિર દેખાય અને ફરે છે એમ નથી. આહાહા..! એ તો એવી ગતિથી ભમે છે કે જાણે સ્થિર હોય એમ અજ્ઞાનીને લાગે. બાકી ભમે છે. એમ આત્મામાં રાગરહિત થાય ત્યારે ભમે છે એમ નથી. અંદર આત્માના આનંદમાં, જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન ચાલુ રહે છે.

ઉત્તર :- અંદર જ્ઞાન સ્થિર ચાલુ રહે છે. આત્મામાં રહે છે. આહાહા..! આવી વાતું, બાપુ! અનંતકાળ થયો, કદી કર્યું નથી. અનંતવાર મનુષ્યપણું મળ્યું, અનંતવાર અબજોપતિ થયો, અનંતવાર ભિખારી થયો. મનુષ્યપણું નિષ્ફળ ગયું. આહાહા..!

આ આત્મા અંદર વસ્તુ, વસ્તુ છે. શુદ્ધ ચૈતન્ય પરમાનંદનો પિંડ છે. એના અવલંબનમાં કોઈ જડતા છે એમ પણ નથી અને વિકલ્પ છે એમ પણ નથી. આત્મા અવલંબનમાં છે. આનંદકંદ એની દૃષ્ટિમાં પડ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ!

મુમુક્ષુ :- ધ્રુવ સ્વભાવનું અવલંબન હોય કે નહિ?

ઉત્તર :- ત્યાં આનંદનો અનુભવ છે, અસ્તિ છે. ત્યાં જડ જેવો નથી. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. રાગરહિત.. અહીંયાં આસ્રવરહિત કહેવો છે ને? વિકલ્પ છે, રાગ છે, દુઃખ છે

એનાથી રહિત. એ તો ક્ષણિક કૃત્રિમ દશા હતી. અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું વેદન આવ્યું. અસ્તિપણે વેદન આવ્યું. કોઈ શૂન્ય છે એમ નહિ. આહાહા..! અંદર શૂન્ય છે, કંઈ ખબર પડતી નથી, એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? અંદર લીન થયો તો આત્મા આનંદસ્વરૂપ ને જ્ઞાનનો પ્રકાશ પર્યાયમાં આવ્યો. જ્ઞાનસ્વરૂપ જે ધ્રુવ છે એનું જ્યાં અવલંબન થયું તો પર્યાયમાં જ્ઞાનપ્રકાશ થયો. એમ અનંતગુણનો અંશ પ્રગટ થયો. આહાહા..! આરે..! આવી વાતું. લોકો બહારથી ધર્મ માની બેસી ગયા. વ્રત કર્યા ને કાંઈક દાન કર્યા ને બે-પાંચ લાખનું દાન કરે તો એમ માને કે આપણે કાંઈક ધર્મ કર્યો. ધૂળેય ધર્મ નથી.

મુમુક્ષુ :- લોકોની અપેક્ષાએ તો ધર્મ કહેવાય ને?

ઉત્તર :- જરીયે કાંઈ કર્યું નથી. રાગ છે, આસ્રવ છે, દુઃખ છે. આહાહા..!

અહીંયાં તો દુઃખના પરિણામ જે આસ્રવને છોડવાથી કોઈ અસ્તિ ચીજ દૃષ્ટિમાં આવી કે શૂન્ય છે? એમ કહે છે. પુણ્ય-પાપનું અસ્તિત્વ હતું એ છૂટી ગયું તો અંદર શૂન્ય થઈ ગયો કે કોઈ ચીજનો અનુભવ રહ્યો? આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે, '**સામાન્યપણે સવિકલ્પી જીવની માફક વિકલ્પી પણ નથી,...**' હું આ જ્ઞાન છું ને આનંદ છું, એવો જે રાગ, વિકલ્પ છે, એ પણ નહિ. તેમ શૂન્ય થઈ જાય એમ પણ નથી. ત્યાં આનંદસ્વરૂપ ભગવાનઆત્માના અસ્તિત્વના અવલંબનથી પર્યાયમાં શાંતિ અને આનંદ આવે છે. આહાહા..! આવી વાત છે. આવો ધર્મ હવે. અરે..! ભાઈ! આ તો ધીરાના કામ છે, બાપુ! અનંતકાળમાં ચૈતન્યદ્રવ્યનું અવલંબન એક સમય કદી લીધું નથી. એમ ને એમ બહુ તો પર્યાયનું અવલંબન, પુણ્ય-પાપનું અવલંબન, નિમિત્તનું અવલંબન, એમાં અનાદિથી પડ્યો.

અહીં પરમાત્મા તો એમ ફરમાવે છે, સંતો કહે છે એ પરમાત્મા જ કહે છે કે જેમ એ પુણ્ય-પાપના વિકલ્પો છૂટી જાય એટલે જાણે શૂન્ય થઈ જાય. એમ છે? એમ કહે છે.

મુમુક્ષુ :- રાગથી શૂન્ય થાય..

ઉત્તર :- રાગથી શૂન્ય થાય પણ આનંદથી અસ્તિત્વપણે અશૂન્યપણે ભાસે છે. આહાહા..!

'**ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુમાત્રને અવલંબે છે;...**' કોઈ અસ્તિ તત્ત્વ મહાપ્રભુ અંદર છે એને અવલંબે છે. વિકલ્પ છૂટી ગયા માટે કંઈ અવલંબન રહ્યું નહિ (એમ નથી). માણસ એમ માને કે અરે..! આ ભાવ-શુભભાવ જો છોડશું તો આપણે શૂન્ય થઈ જશું. શુભભાવ-દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ જે છે એ છોડશું તો શૂન્ય (થઈ જશું). પણ એ છૂટવાથી શૂન્ય નહિ થવાય. (એ) છૂટવાથી અસ્તિ પ્રભુ ભગવાનનું અવલંબન થશે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! આવો માર્ગ. કરવું શું એ સૂઝ પડે નહિ. અંદર જાવું. જ્યાં ચીજ ભગવાન બિરાજે છે ત્યાં (જવું). ચૈતન્યસ્વરૂપ પરમાત્મ સ્વરૂપે બિરાજમાન આત્મા છે ત્યાં જવું. ત્યાં અસ્તિત્વ છે. એ અસ્તિત્વના અવલંબનથી અસ્તિત્વનું વેદન આવે છે. દુઃખનું જે વેદન છે, એના જવાથી શૂન્ય થઈ જાય છે એમ નથી. આહાહા..! તે સમયે ક્યાંય આનંદ નથી. શરીરમાં નહિ, પૈસામાં નહિ, આબરૂમાં નહિ, કીર્તિમાં નહિ. એ પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે એમાં નહિ. એવો પ્રભુ આનંદ આત્મા છે. અતીન્દ્રિય સુખનો સાગર

પ્રભુ, એના અવલંબનથી પર્યાયમાં આનંદના અસ્તિત્વની મોજૂદગી અનુભવમાં આવે છે. અભાવ આસ્રવનો થયો પણ સ્વભાવની શાંતિની મોજૂદગીનો અનુભવ છે. આહાહા..! આવી વાત. અહીં દયા પાળો ને વ્રત કરો ને.. રાડેરાડ પાડે બિચારા. 'જૈનદર્શન'માં તો એવું બહું આવે છે. આહાહા..! અરે..! આ સોનગઢવાળા વ્યવહારને ઉથાપી નાખે છે, ફલાણું કરે છે. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો, ભાઈ!

મુમુક્ષુ :- એક-બે દિ' અહીં આવીને સાંભળવું તો નથી.

ઉત્તર :- સાંભળે ક્યાં. એને એ ભાગ્ય પણ ક્યાં? આવી ચીજ સાંભળવાને ભાગ્ય જોઈએ. આહા..! આ વસ્તુ, બાપુ! આ ચીજ કંઈ.. આહાહા..! ભવિ ભાગન જોગે,.. આવે છે ને? ભગવાનની દ્વનિ ભવ્યના ભાગ્યજોગે નીકળે છે.

અહીં તો કહે છે, પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? તું શું પુણ્ય-પાપના આસ્રવમાં છો? તું શરીરમાં છે? પર્યાયની એક સમયની દશામાં તારી આખી ચીજ છે? તારી ચીજ તો અંદર પડી છે. અતીન્દ્રિય આનંદનું દળ પ્રભુ.. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનનો કંદ એ, એના અવલંબનથી, એના આધારે પર્યાયમાં મોજૂદગી શાંતિ અને આનંદની તને મોજૂદગી મળશે. આસ્રવનો અભાવ થવાથી શૂન્ય થઈ જઈશ એમ નથી. આહાહા..! આવો ઉપદેશ હવે. આવ્યું?

'**ભાવશ્રુતજ્ઞાન વડે કોઈ નિર્વિકલ્પવસ્તુમાત્રને અવલંબે છે; અવશ્ય અવલંબે છે.**' જરૂર અંદર અવલંબન છે. આહાહા..! પુણ્ય-પાપની વૃત્તિ, વિકલ્પ છુટી ગયા તો કોઈ અવલંબન રહ્યું નહિ, બહારનું અવલંબન હતું એ ચીજ છૂટી ગઈ એમ નથી. છૂટી ગયું તો ભગવાનઆત્માનું અવલંબન આવ્યું. આહાહા..! પર્યાય એ બાજુ ઢળી તો આત્માનો-ભગવાનનો ભેટો થયો. આવી વાત હવે.

મુમુક્ષુ :- અવલંબન લ્યે છે એ નિશ્ચય કે વ્યવહાર?

ઉત્તર :- એ અવલંબન લ્યે છે એ પર્યાય છે, એવો ભેદ પણ ત્યાં નથી. અહીં તો સમજાવવું છે. અંતર્મુખ દૃષ્ટિ થઈ તો અવલંબન લીધું એમ કહેવાય છે. પણ આ દૃષ્ટિ છે અને હું અવલંબન લઉં છું એવો વિકલ્પ પણ ત્યાં નથી. આહાહા..! અવલંબન કોણ દે ત્યાં? દ્રવ્ય-વસ્તુ આખી પડી છે. પર્યાય એ બાજુ ઝુકે છે તો અવલંબન લીધું એમ કહેવામાં આવે છે. આવી વાત છે. કહેવામાં તો એમ જ આવે ને. ભાવ તો આ (છે). એનો આશ્રય કરવો. કોણ કરે? પર્યાય આ એનો આશ્રય આ.. આ.. એમ વિકલ્પ ઉઠે એ તો વિકલ્પ ઉઠ્યો. ફક્ત એ ચીજ છે એની સન્મુખ થયો તો આશ્રય-અવલંબન લીધું એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! આવો માર્ગ. પ્રભુનો માર્ગ છે શૂરાનો.

મુમુક્ષુ :- સન્મુખ થવાની શું જરૂર છે?

ઉત્તર :- આત્માની જરૂર હોય એણે સન્મુખ થાવું. સંસારમાં રખડવું હોય એણે વિમુખ થાવું. સન્મુખ એટલે સત્ સત્ પ્રભુની સન્મુખ. એમાં મુખ કરવું. સત્ સાહેબ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ સત્ સન્મુખ-એ તરફ મુખ કરવું. પર્યાયને એ તરફ ઢાળવી. આહાહા..! ઝીણું છે બહુ, ભાઈ!

અરે..! દુઃખી દુઃખી. એ દુઃખી પ્રાણી છે, હોં! એ કષાયના અગ્નિ જળી રહ્યા છે. સમજાય છે કાંઈ? એ રાજા ને શેઠિયા કરોડોપતિ દેખાય એ કષાયની અગ્નિથી (બળી રહ્યા છે). 'રાગ દાહ દહે સદા, તાતૈં સમામૃત સેવીએ' એ રાગના દાહથી બળી રહ્યા છે. ભાઈ! તને ખબર નથી. આહાહા..! જેમ જીવતા ઉંદરને અગ્નિમાં શેકે એમ આ રાગમાં ચૈતન્યજીવન આખું શેકાય છે, ભાઈ! તને ખબર નથી. 'છ ઢાળા'માં ઈ આવે છે? નહિ? 'રાગ દાહ દહે સદા'. ચાહે તો શુભરાગ હો કે ચાહે તો અશુભરાગ હો. દુકાને ધંધે બેસે, છ કલાક, સાત કલાક સૂવે ને છ કલાક, સાત કલાક દુકાને બેસે. એ બધા કષાયની અગ્નિમાં બળી રહ્યા છે. એમ કરતાં વળી ધર્મને નામે આવે. કોઈ દયા, દાન, ભક્તિ, પૂજા (કરે) એ પણ રાગની અગ્નિથી બળી રહ્યા છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ!

'કોઈ **નિર્વિકલ્પવસ્તુમાત્ર...**' ભગવાન અસ્તિ મહાપ્રભુ ચૈતન્યરત્નાકર.. આહાહા..! એને જરૂર અવલંબે છે. આસ્રવ છૂટે છે તો એને જરૂર અવલંબે છે. આહાહા..! '**અવશ્ય અવલંબે છે.**' '**परमं**' '**આવા અવલંબનને વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી,...**' આહાહા..! શું કહેવું? શબ્દો શું કહેવા? એમ કહે છે. ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ, વર્તમાન પર્યાયમાં અવલંબન કરવું એ કેમ કહેવું? ભાષા શું કરવી? સમજાય છે કાંઈ? આહાહા..! '**परमं**' '**વચનદ્વારથી કહેવાને સમર્થપણું નથી, તેથી કહી શકાય નહિ.**' ભાષા જુઓ! આ તો શબ્દથી આમ કહ્યું. બીજે ઠેકાણે આવે છે. વચનથી કહેવાય નહિ, પણ જ્ઞાન છે એમ કહીએ છીએ, એમ આવે છે. આ બાજુ ક્યાંક આવે છે. 'કળશટીકા'માં. કહેવાતું નથી, પણ જ્ઞાન છે એટલું કહીએ છીએ. આહાહા..! જ્ઞાન એટલે આત્મા છે. એને રાગના વિકલ્પથી રહિત થતાં ભગવાન જ્ઞાનસ્વરૂપ દૃષ્ટિમાં આવે છે, એટલું કહીએ છીએ. આહા..! સમજાય છે કાંઈ? એ ક્યાંક છે. આ બાજુમાં ક્યાંક છે.

'**કેવો છે શુદ્ધ જ્ઞાનપ્રકાશ?**' ભગવાન પ્રભુ કેવો છે અંદર? આહાહા..! જેને વર્તમાન ભાવશ્રુતજ્ઞાન અવલંબે છે, વર્તમાન નિર્મળ પર્યાય જેને અવલંબે છે એ ચીજ અંદર કેવી છે? ભગવાનઆત્મા છે કેવો? '**नित्योद्योतं**' આહાહા..! '**અવિનાશી છે પ્રકાશ જેનો.**' આહાહા..! ધ્રુવ... ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. અવિનાશી ચૈતન્યનો પ્રકાશ એ ચીજ અંદર છે. સમજાય છે કાંઈ? અવિનાશી ધ્રુવ એ '**नित्योद्योतं**' પ્રભુ. નિત્ય કાયમ પ્રકાશરૂપ એવી ચીજ અંદર છે. આહાહા..! '**શા કારણથી?**' આવો અવિનાશી પ્રકાશ છે, જેના અવલંબને પ્રગટ થયો એ શા કારણથી? '**रागादीनां झगिति विगमात्**' રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિનો રાગ એ '**મોહની જાતિના છે જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ...**' આહાહા..!

મુમુક્ષુ :- આપે કહ્યું ને? ૧૪૧ કળશ છે.

ઉત્તર :- ૧૪૧? એ આવ્યું હતું, એક ફેરી આવ્યું હતું. એ નહિ, બીજી વાત છે. કહી શકાય નહિ પણ, એવો શબ્દ છે. આ એમાં નથી આવતું. વચનમાત્રથી કહી શકાતું નથી એવું છે. જેવું અહીં છે ને એવું છે. આહાહા..! શું કહે છે?

આ વિકલ્પમાત્ર છોડીને અવલંબન લીધું તો એ અવલંબનથી એનામાં થયું શું? ચૈતન્યસ્વભાવ ધ્રુવનો અનુભવ થયો, શ્રુતજ્ઞાને અવલંબન લીધું તો થયું શું? '**रागादीनां झगिति**

विगमात्' **'રાગ-દ્વેષ-મોહની જાતિના છે જેટલા અસંખ્યાત લોકમાત્ર અશુદ્ધપરિણામ...'** આહાહા..! શુભ પરિણામ પણ અસંખ્ય પ્રકારના છે અને અશુભભાવ પણ અસંખ્ય પ્રકારના છે. **'તેમનો...'** 'झगिति' **'તત્કાળ...'** 'विगमात्' 'झगिति विगमात्' **'તત્કાળ વિનાશ થવાથી...'** જ્યાં આત્માના શુદ્ધ સ્વરૂપનું અવલંબન લીધું ત્યાં આસ્રવનો તત્કાળ નાશ થાય છે, એ સમયે નાશ થાય છે. આહાહા..!

મુમુક્ષુ :- ઉત્પન્ન જ થતો નથી.

ઉત્તર :- એ ઉત્પન્ન થતો નથી એટલે નાશ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ ઝીણો. લોકોએ બહારમાં સંપ્રદાયમાં સ્થૂળ કરી નાખ્યો. આહા..! અરૂપી પ્રભુ, એમાં પણ એના પરિણામ-પર્યાય તો ઘણી સૂક્ષ્મ, દ્રવ્ય સ્વરૂપ સૂક્ષ્મ, પર્યાય-એક સમયની દશા સૂક્ષ્મ. આહાહા..! એ પર્યાય પર્યાયવાન તરફ ઢળી તો તત્કાળ આસ્રવનો નાશ થાય છે. આહાહા..! અહીંયાં આનંદ ઉત્પન્ન થયો, તે જ સમયે આસ્રવની ઉત્પત્તિ ન થઈ તો એનો નાશ થયો એમ કહેવામાં આવે છે. ભાષા તો બહુ સાદી છે, ભાઈ! આહાહા..!

**'કેવા છે અશુદ્ધ પરિણામ?'** પુણ્ય અને પાપના ભાવ અસંખ્ય પ્રકારના, અસંખ્ય પ્રકારના. 'सर्वतः अपि आस्रवाणां' **'સર્વથા પ્રકારે આસ્રવ એવું નામ-સંજ્ઞા છે જેમની...'** લ્યો. કહે છે કે એ અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય પ્રકારના અશુભ, એનું આસ્રવ નામ-સંજ્ઞા છે. આહાહા..! એ અશુદ્ધ પરિણામનું આસ્રવ સંજ્ઞા-નામ છે. જેનાથી નવા કર્મ આવે છે. **'સર્વથા પ્રકારે આસ્રવ એવું નામ-સંજ્ઞા છે જેમની એવા છે. ભાવાર્થ આમ છે કે-જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે.'** એમ કહે છે. કેમ? પેલા કર્મ આવે છે ને? કર્મ. એ તો નિમિત્ત. એ તો આસ્રવ હોય તો આવે છે. ખરો આસ્રવ તો પુણ્ય ને પાપ ને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, કામ, ક્રોધના ભાવ એ આસ્રવ છે. આહાહા..! એ મલિન પરિણામ છે. આહાહા..!

**'જીવના અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે.'** આમ કર્મ આવે છે ને? એને પણ આસ્રવ કહેવાય છે ને? કહે છે, પણ એ તો નિમિત્ત (છે). અહીં એને સહારો આસ્રવનો છે, આ ભાવનો સહારો છે ત્યારે એ આવે છે. ખરેખર એ આસ્રવ નથી, આસ્રવ તો આ છે. આહાહા..! શુભ અને અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ પાપઆસ્રવ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા પુણ્ય આસ્રવ. આહાહા..! બેય આસ્રવ છે.

મુમુક્ષુ :- સાચો આસ્રવ એટલે?

ઉત્તર :- સાચો એટલે આ અશુદ્ધ પરિણામ ઈ સાચો આસ્રવ. કર્મ આવે એ સાચો આસ્રવ નહિ. કર્મ આવે એ તો આને સહારે છે. આસ્રવ બેયને કહેવાય ને? દ્રવ્યઆસ્રવ અને ભાવઆસ્રવ. ભાવઆસ્રવ અશુદ્ધ પરિણામ. દ્રવ્ય આસ્રવ રજકણો આવે તે. પણ એ સાચો આસ્રવ નહિ, સાચો આસ્રવ આ છે.

મુમુક્ષુ :- જીવ આસ્રવ.

ઉત્તર :- કીધું ને સાચો એ એક જ છે. સાચો એ એક જ છે. આહાહા..!

**'અશુદ્ધ રાગાદિ પરિણામોને સાચું આસ્રવપણું ઘટે છે.'** એટલું છે. ત્યાં ઈ નથી લગાવ્યું. **'તેમનું નિમિત્ત પામીને...'** એ શુભ-અશુભભાવનું **'નિમિત્ત પામીને કર્મરૂપ આસ્રવે છે જે પુદ્‌ગલની વર્ગણાઓ તે તો અશુદ્ધપરિણામના સહારાની છે.'** એ તો અશુદ્ધ પરિણામ હતા તો કર્મ આવ્યા. ખરેખર તો અશુદ્ધ પરિણામ એ જ આસ્રવ છે. સમજાય છે કાંઈ? વહાણમાં છિદ્ર પડ્યું એ જ આસ્રવ છે. પાણી આવે છે એ તો પછી. એમ કર્મ રજકણ આવે છે પણ એનો સહારો-નિમિત્ત કોણ? અશુદ્ધ ભાવ. તો અશુદ્ધ ભાવ જ સાચો આસ્રવ છે. આહાહા..! ચાહે તો એ દયા પાળે ને વ્રત કરે ને અપવાસ કરે ને ભક્તિ કરે ને દાન કરે, એ બધા પરિણામ આસ્રવ છે. એમાં ક્યાંય ધર્મનો અંશ નથી.

મુમુક્ષુ :- પરસન્મુખના ભાવમાં..

ઉત્તર :- અંદર પરસન્મુખનો ભાવ છે. સ્વનો આશ્રય તો એમાં થયો નહિ. હજી લોકોને પુણ્યના પરિણામમાં આવવાના ઠેકાણા ન મળે. આખો દિ' પાપ, પાપ ને પાપ. આ રળવું ને ભોગ ને આ વિષય ને આ છોકરા ને બાયડી. આહા..! એવા પાપના પરિણામ એ મુખ્ય આસ્રવ. એમાંથી છૂટીને કદાચિત્ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા કરી, શાસ્ત્ર શ્રવણ કર્યું, શાસ્ત્રવાંચન કર્યું, એ પુણ્યઆસ્રવ છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે, પ્રભુ! ભગવાનઆત્મા તો આસ્રવરહિત છે.

કહે છે કે, પુણ્ય અને પાપના જેટલા ભાવ.. એની તકરાર કરે છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં વ્રતને આસ્રવ કહ્યું છે. બાહ્ય વ્રત પાળે છે ને? દયા, દાન, પંચમહાવ્રત એ તો આસ્રવ છે. અને રાગ એટલે એ સાચો આસ્રવ છે. આહાહા..! પછી નવા કર્મ આવે છે એ તો દ્રવ્યકર્મ છે. એ દ્રવ્યકર્મને સહારો તો આ પરિણામનો છે. માટે ખરેખર તો અશુદ્ધ પરિણામ છે એ જ આસ્રવ છે. આહાહા..! ભગવાનઆત્મા તો એ આસ્રવથી રહિત છે. આહાહા..! લોકોને બિચારાને આકરું લાગે છે.

**'અશુદ્ધ પરિણામના સહારાની છે, તેથી તેમની શી વાત?'** કર્મ જે આવે છે એ તો પુણ્ય-પાપના અશુદ્ધ ભાવના નિમિત્તે આવે છે. તો ખરી ચીજ તો અશુદ્ધભાવ એ આસ્રવ છે. કર્મ આવે છે એની શું વાત કરવી? એ તો જડ છે. સમજાય છે કાંઈ? **'તેથી તેમની શી વાત? પરિણામો શુદ્ધ થતાં તે સહજ જ મટે છે.'** આહાહા..! પરિણામો શુદ્ધ થતાં એ શુભ અને અશુભ પરિણામથી રહિત ભગવાન ચૈતન્ય શુદ્ધ પવિત્ર પ્રભુ, એનો આશ્રય લીધો ત્યારે શુદ્ધ પરિણામ થયા. શુદ્ધ પરિણામ થયા તો અશુદ્ધ પરિણામ મટી જાય છે. આહાહા..! છે? **'પરિણામો શુદ્ધ થતાં..'** એ વ્રત ને તપ ને ભક્તિ ને અપવાસ ને જાત્રા, એ પરિણામ તો અશુદ્ધ છે, આસ્રવ છે. આવી વાત. લોકો એને ધર્મ માને. એ અશુદ્ધ પરિણામ શુદ્ધ પરિણામ થતાં સહજ જ મટે છે. આહાહા..! એટલે શું કહે છે? આત્મા શુદ્ધ ચૈતન્યનું અવલંબન લઈને શુદ્ધ પરિણામ થયા તો અશુદ્ધ પરિણામ ઉત્પન્ન થતાં જ નથી, તો સહજ મટી જાય છે. આહાહા..!

**'વળી કેવું છે શુદ્ધ જ્ઞાન?'** અંદર જે આત્મા પ્રગટ થયો, પુણ્ય-પાપના આસ્રવથી રહિત અંતર ભાવશ્રુતજ્ઞાન દ્વારા ચૈતન્યનું અવલંબન લીધું, હવે પછી કહે છે કે કેવું જ્ઞાન પ્રગટ થયું?

પૂર્ણ. '**सर्वभावान् प्लावयन्**' '**प्लावयन्**' '**જેટલી જ્ઞેય વસ્તુ...**' જગતમાં જાણવાલાયક જેટલી ચીજ-અનંતા દ્રવ્યો, અનંતા ગુણો, એની અનંતી પર્યાયો-અવસ્થાઓ. આહાહા..! '**જેટલી જ્ઞેય વસ્તુ અતીત-અનાગત-વર્તમાનપર્યાય સહિત છે.**' પ્રત્યેક પદાર્થ-આત્મા અને પરમાણુ અને ધર્માસ્તિ આદિ છ દ્રવ્ય, દરેક ચીજ પોતાની પર્યાય સહિત બિરાજમાન છે. કોઈની સાથે સંબંધ નથી. દરેક પદાર્થ પોતાની પર્યાય સહિત છે. પર્યાય સહિત જ છે. દરેક પદાર્થ પોતાની પર્યાય સહિત છે. એનો અર્થ શું? કે આ આત્મા અને બીજા આત્માઓ અને અનંત પરમાણુઓ, દરેક પદાર્થ પોતાની પર્યાય સહિત છે. એની પર્યાય બીજો કરે એવું નથી. આહાહા..!

આ શરીર છે, જુઓ! આ એની પર્યાય છે. એ પરમાણુઓ પર્યાયસહિત જ છે. આત્માએ ચલાવવાની પર્યાય બનાવી એમ નથી. આહાહા..! ભાષા નીકળે છે એ પણ પર્યાય સહિત પરમાણુ છે. પરમાણુ જે ભાષાના છે એ પર્યાય સહિત જ છે. એની પર્યાય આત્મા બનાવી શકે (એમ નથી). એટલે દરેક દ્રવ્ય, દરેક પદાર્થ અનંત ભગવંત પરમેશ્વરે જે જોયા, એ દરેક પદાર્થ પર્યાય સહિત છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય હોય? પર્યાય શબ્દે પોતાનું કાર્ય. કાર્ય વિનાનું કારણ હોય? દરેક દ્રવ્યમાં પર્યાયનું કાર્ય પોતાથી સ્વતંત્ર થાય છે. આહાહા..!

જેટલી જાણવાયોગ્ય વસ્તુ છે અતીત-ભૂતકાળ, અનાગત-આગામી કાળ અને વર્તમાન, ત્રણે કાળે દરેક દ્રવ્ય પર્યાય સહિત છે. આહાહા..! અનંતકાળ ગયો તો દરેક પદાર્થ પોતાની પર્યાય-અવસ્થા સહિત છે. વર્તમાનમાં પણ જે દ્રવ્ય છે એ પોતાની પર્યાય સહિત છે. ભવિષ્યમાં પણ દ્રવ્ય રહેશે એ પોતાની પર્યાય સહિત રહેશે. આહાહા..! '**તેમને પોતામાં પ્રતિબિંબિત કરતું થકું.**' આહાહા..! ગયો કાળ, વર્તમાન અને ભવિષ્ય દરેક અનંત દ્રવ્ય, દરેક દ્રવ્ય પર્યાયસહિત છે એને જ્ઞાન પ્રત્યક્ષ કરે છે. આહાહા..! છે પ્રતિબિંબિત કરતું થકું. પ્રતિબિંબિત એટલે જે છે એવું અહીંયાં જ્ઞાન થઈ જાય છે. આહાહા..! ભવિષ્યની અનંતી પર્યાયો, એ પર્યાયસહિત દ્રવ્ય છે, એનું અહીંયાં જ્ઞાન થઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- પર્યાયનો અંત તો કોઈ દિ' આવે નહિ.

ઉત્તર :- પર્યાયનો અંત નથી તો અંત નથી એમ જોવે છે. અંત નથી, પર્યાયસહિત દ્રવ્યનો અંત નથી એમ જોવે છે. આહાહા..! અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે દરેક દ્રવ્ય જે વસ્તુ છે, આત્મા અને પરમાણુ આદિ છ દ્રવ્ય, છ દ્રવ્ય અનંત છે. આત્મા અનંત છે, પરમાણુ અનંત છે. કાળાણુ અસંખ્ય છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક છે. પણ દરેક દ્રવ્ય દરેક કાળમાં પોતાની પર્યાય સહિત છે. આહાહા..! એ દરેક દ્રવ્ય પરદ્રવ્ય સહિત છે એમ ત્રણકાળમાં કોઈ નથી. આહાહા..!

અહીંયાં આત્મા પોતાની પર્યાયસહિત છે, આ શરીર પોતાની પર્યાયસહિત છે. શરીર પોતાની પર્યાયસહિત છે, આત્મા પોતાની પર્યાયસહિત છે. સમજાય છે કાંઈ? એમાં કાર્મણશરીર છે એ પણ પોતાની પર્યાયસહિત શરીર છે. તૈજસ શરીર છે એ પણ પોતાની પર્યાયસહિત તૈજસ શરીર છે. આહાહા..! પરપર્યાય સહિત છે એમ નહિ.

મુમુક્ષુ :-

ઉત્તર :- પોતાની પર્યાયસહિત છે. પોતાની પર્યાયસહિત દરેક દ્રવ્ય છે. આહાહા..! હવે આ બાયડી, છોકરા આત્માના, લક્ષ્મી આત્માની ક્યાંથી આવી ગઈ? વળગ્યો છે ને કંઈ.

મુમુક્ષુ :- તૈજસ શરીર પોતાની પર્યાયમાં છે, કાર્માણ શરીર પોતાની પર્યાયમાં છે.

ઉત્તર :- દરેક દરેક પદાર્થ. દરેક પદાર્થ પોતાની પર્યાયસહિત છે. એની પર્યાય બીજાથી છે એમ નથી. આહાહા..! આ ચશ્મા છે તો પોતાની પર્યાયસહિત છે. આમ આમ પર્યાય થાય છે (તે એનાથી થાય છે). આ શરીરની પર્યાયસહિત છે માટે ચશ્માની પર્યાયસહિત છે એમ નહિ. પ્રત્યેક પરમાણુ પોતાની પર્યાયસહિત છે. પ્રત્યેક કાળમાં. આહાહા..!

જ્યાં આત્માનું ભાન થયું, આસ્રવ રહિત, પૂર્ણ રીતે આસ્રવરહિત જ્યાં થઈ ગયો ત્યાં **'પોતામાં પ્રતિબિંબિત કરતું થકું...'** આહાહા..! પોતાના જ્ઞાનસ્વભાવમાં પ્રતિબિંબિત. પ્રતિ એટલે જે ચીજ જ્યાં જેવી છે એવી અહીં જણાય છે. આહાહા..! બિંબ એ છે, અહીંયાં પ્રતિબિંબ થાય છે. એ પ્રકારની પર્યાય અહીંયાં જ્ઞાનમાં આવી જાય છે. એ પ્રકારનું જ્ઞાન થઈ જાય છે, હોં! પર્યાય નથી આવતી. આહાહા..! આવું ઝીણું.

અહીંયાં કહે છે કે, આ શરીર છે એ પોતાની પર્યાયસહિત છે. પોતાનું જ્ઞાન પર તરીકે જાણે છે અને પોતાની પર્યાયસહિત છે એમ પોતાને જાણે છે. સમજાય છે કાંઈ? અને પૂર્ણ જ્ઞાન જ્યાં છે ત્યાં ત્રણેય કાળના દ્રવ્યો, ત્રણેય કાળની પર્યાયસહિત છે એમ જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભવિષ્યની પર્યાય હજી થઈ નથી પણ અહીં તો પર્યાયસહિત દ્રવ્ય છે એમ જ અહીં જાણે છે. આહાહા..! જ્ઞાનનો સ્વભાવ અચિંત્ય છે. જે પરને સ્પર્શ કર્યા વિના, પરનું લક્ષ અને અવલંબન કર્યા વિના, પોતાના આશ્રયે જે જ્ઞાન ઉત્પન્ન થયું એમાં ત્રણકાળના દ્રવ્ય પર્યાયસહિત જ્ઞાનમાં જણાય છે. આહાહા..!

અરિહંત જે થાય છે એ કેવળજ્ઞાન અત્યારે છે અને પછી પણ કેવળજ્ઞાન પર્યાય સહિત જ છે. તો એ અનંતા કેવળીઓ, સિદ્ધો જે છે એ દરેક પર્યાયસહિત છે. એને અહીંયા કેવળજ્ઞાન છે તે દરેક પર્યાયસહિત દ્રવ્યને જાણે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવું યાદ ક્યારે રાખવું? આખો દિ' ઓલામાં રહેવું ને.. પ્રભુ! માર્ગ જ જુદો, ભાઈ! આહા..! તારી જ્ઞાનની શક્તિ એટલી છે કે જ્યારે પર્યાયમાં પ્રગટ થાય છે ત્યારે આસ્રવરહિત થાય છે ત્યારે એ પર્યાયમાં કેવળજ્ઞાન પર્યાય થાય છે અને એ પર્યાય ત્રણકાળના દ્રવ્યની પર્યાય સહિત દ્રવ્યો જ્ઞાનમાં જણાય છે. એ પર જણાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતાની પર્યાયની તાકાતમાં ત્રણકાળના પર્યાયસહિત દ્રવ્ય પોતાની પર્યાયના સામર્થ્યમાં જણાય (જાય છે). પર્યાય જાણી તેમાં જણાય જાય છે. આહાહા..!

**'કોના વડે?'** પોતામાં પ્રતિબિંબિત કરે છે. આહાહા..! **'स्वरसविसरैः'** આહાહા..! **'ચિદ્રૂપ ગુણ, તેની અનંત શક્તિ,...'** પેલામાં સંદોહ શબ્દ મૂક્યો છે. સંદોહ-પેટી. આ ભગવાન જ્ઞાનની પેટી છે. સંસ્કૃતમાં સંદોહ શબ્દ છે. સંદોહ એટલે પટારો મોટો. જ્ઞાનપટારો પોતાનો એવો છે કે અનંત અનંત અનંત બધું જાણે એવી શક્તિ અંદરમાં પડી છે. આહાહા..! કોઈનું કરવું એ એમાં નથી. શેઠ! સાયકલ લઈને ફરવું ને ચારે કોર ઘરાક બનાવવા, એ ક્રિયા

કરી શકતો નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- કાંઈક તો કરવું જોઈએ ને.

ઉત્તર :- રાગ કરે છે ને. એ તો કહ્યું ને. શેઠ પહેલા બહુ ફરતા હતા. શરૂઆતમાં સાયકલમાં જાય ને ઘરાક બનાવે. એવું સાંભળ્યું હતું, હોં! કો'ક કહે. આપણે ક્યાં જોવા ગયા છે. શેઠ જાતા હતા. પણ ત્યાં કરતા હતા શું? વિકલ્પ, રાગ. સાયકલ લઈને જતા, એ ક્રિયા તો જડની. કેમકે પર્યાયસહિત દ્રવ્ય છે. એ પર્યાયને આત્મા કરે એમ તો છે નહિ. આહાહા..!

કહે છે, '**स्वरसविसरैः**' પોતાના રસનું મોટું ગોદામ પડ્યું છે. ચિદ્રૂપ ગુણ છે. એની અનંત શક્તિ. અંદર અનંત ગુણનું ધામ ભગવાન. અનંત શક્તિ એમાં છે. આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય પણ અનંત ગુણ અને અનંત દ્રવ્યને જાણે એવો પટારો છે. એની એક પર્યાય જાણે, એવો સંદોહ-મોટો પટારો છે. આહાહા..! અરે..! જેના સ્વભાવની શું વાત કરવી! ભલે એક સમય હો, પણ જેનો સ્વભાવ સ્વતઃ સ્વરૂપ શક્તિ સ્વતઃ સહજપણે પર્યાય (થાય).. આહાહા..! એ પર્યાયમાં અનંતી શક્તિ છે. લોકાલોક જાણવાની શક્તિ. આહાહા..! '**અનંત શક્તિ, તેના વડે. કેવી છે તે?**' '**स्फारस्फारैः**' '**અનંત શક્તિ, તેના પણ અનંતાનંતગણી છે.**' આહાહા..! એક એક પર્યાયમાં અનંતી શક્તિ, એવા એવા અનંતા ગુણ. એવા અનંતા ગુણ પર્યાયમાં જણાય છે. એવી અનંતી પર્યાય પર્યાયમાં જણાય છે. આહાહા..! '**स्फारस्फारैः**' અનંત અનંત. આહાહા..!

'**દ્રવ્ય અનંત છે, તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી જ્ઞાનની અનંતગણી શક્તિ છે.**' આહાહા..! એ કેવળજ્ઞાનની એક સમયની પર્યાયમાં સર્વ જ્ઞેયોની જેટલી તાકાત છે એથી અનંતગણી તાકાત છે. એનાથી અનંતગુણું હોત તોપણ જ્ઞાનની પર્યાય જાણત એવો મોટો પટારો. પર્યાયનો પટારો એવડો છે. ગુણના, દ્રવ્યના પટારાની તો શું વાત કરવી! સમજાય છે કાંઈ? '**એવો દ્રવ્યનો સ્વભાવ છે.**' આહાહા...! દ્રવ્યનો સ્વભાવ છે અને પર્યાયનો સ્વભાવ એવો છે, એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૪, રવિવાર, તા.૧૬-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૪, ૧૨૫, પ્રવચન - ૧૨૩

'કળશટીકા' ચાલે છે. છેલ્લી ચાર-પાંચ લીટી છે. શું અધિકાર છે? કે આત્મા જે છે એ તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ છે. એમાં મિથ્યાશ્રદ્ધા અને શુભ-અશુભભાવ, એને આસ્રવ કહે છે. મિથ્યાશ્રદ્ધા-પરમાં સુખ છે, પરપદાર્થથી મને લાભ છે, પાપના પરિણામમાં મીઠાશ છે, શુભભાવમાં ધર્મ છે, એવી માન્યતા એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ મહાપાપ, મહાઆસ્રવ છે. અને એની સાથે શુભ-અશુભ (ભાવ) થવા, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ ભાવ, એ

પણ શુભઆસ્રવ, પુણ્યઆસ્રવ છે, મલિન પરિણામ છે. આહાહા..! અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, આ કામ-ધંધાના પરિણામ એ બધા પાપ છે. એ પાપના પરિણામ-ભાવ, પુણ્યના ભાવ અને મિથ્યાત્વભાવ, એ ત્રણે મલિન પરિણામ છે. અને એ ત્રણે બંધના કારણ છે. ત્રણેને આસ્રવ કહે છે. એ આસ્રવને રૂંધે છે. છેલ્લે એ વાત આવી ને?

**'એવો દ્રવ્યનો સ્વભાવ છે.'** કેવો? નિજ આનંદસ્વરૂપનું ભાન થઈને આ આત્મા આનંદસ્વરૂપ છે, આહા..! એવા આનંદનું વેદન-અનુભવ થઈને પુણ્ય-પાપ ને મિથ્યાત્વના આસ્રવનું રોકાઈ જવું અને આત્માના ચૈતન્યના પ્રકાશનું-દ્રવ્યસ્વભાવનું પ્રગટ થવું. આવી ભાષા છે. 'જીતુભાઈ'! આવી વાત છે.

**'વળી કેવું છે શુદ્ધ જ્ઞાન?'** જે પ્રગટ થયો ચૈતન્યસૂર્ય. આત્મા અંદર ચૈતન્ય જ્ઞાનસૂર્ય. આહાહા..! આ સૂર્ય તો જડ છે. એનો પ્રકાશ પણ જડ છે. એનો પ્રકાશક ચેતન છે. જેની સત્તામાં આ જણાય છે એ ચૈતન્યસત્તા એ આત્મા છે. એ આત્માના અંતરમાં અનુભવ થઈને જ્ઞાનનો સ્વભાવ, જે સ્વરૂપ છે એ પ્રગટ થયું એની વાત કરે છે. **'કેવું છે શુદ્ધ જ્ઞાન?' 'आलोकान्तात् अचलम्' 'સકળ કર્મોનો ક્ષય થતાં...'** આહા..! આ છેલ્લી વાત છે ને. પૂરા કર્મનો ક્ષય-નાશ થતાં. **'જેવું નીપજ્યું તેવું જ અનંત કાળ પર્યંત રહેશે.'** ચૈતન્યસૂર્ય પોતાના સ્વભાવમાં જે અનંત જ્ઞાન, આનંદ ભર્યા છે એનો અનુભવ કરીને અંતર્મુખ થઈને, સ્થિરતા કરીને જે શક્તિમાં હતો, એ પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત આનંદ પ્રગટ થયા, એ જેવા પ્રગટ થયા તેવા રહેશે. શેઠ! બધી અજાણી ચીજ છે.

અરે..! દુનિયાને ક્યાં આત્માની પડી છે? મારું શું થશે? આહાહા..! અરે..! આ દેહ પડી જશે. દેહ તો હાડકા, ચામડા, જડ માટી ધૂળ છે. એનો તો નાશ થઈ જશે. રાખ (થઈ જશે). પછી આત્મા ક્યાં જશે? આત્મા વસ્તુ છે એ તો અનાદિઅનંત નિત્ય વસ્તુ છે. આહાહા..! તો ભવિષ્યમાં એ ક્યાં રહેશે? અનંતકાળ રહેવાનું છે. તો જેણે એ પુણ્ય-પાપ અને મિથ્યાત્વભાવનું સેવન કર્યું, એણે ભવિષ્યમાં અનંત સંસારમાં રખડવાનું છે. સમજાય છે કાંઈ? એ તો ભવિષ્યમાં કાગડા, કૂતરા, કીડી, કુંજર, નરક, પશુ એવા ભવ કરીને પરિભ્રમણ કરશે.

કહે છે કે, જેને એ ભવભ્રમણનો નાશ થાય છે એને પોતાનો આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યનો પુંજ પ્રભુ, એના આશ્રયથી નિર્મળ દશા જે પૂર્ણ પ્રગટ થઈ એ કાયમ રહેશે. સમજાય છે કાંઈ? છે? આ તો તત્ત્વની વાત છે. સૂક્ષ્મ છે. આ કાંઈ કથા-વાર્તા નથી. આહાહા..! અનંતકાળમાં કદી કર્યું નથી. સમજાય છે કાંઈ? આ દુનિયાની ક્રિયાકાંડમાં પુણ્ય અને પાપના શુભાશુભભાવ કરીને પરિભ્રમણ કરે છે. ચોર્યાસીમાં અવતાર (કરે છે). એ દુઃખી છે. આ પૈસાવાળા જે કહેવાય છે ને? જે કરોડોપતિ અને અબજોપતિ મોટા ભિખારા દુઃખી છે. પોતાની ચીજમાં શું ભર્યું છે એની ખબર નથી અને પરચીજ મળે તો રાજી થાય છે. માગણ છે, ભિખારી છે. બરાબર હશે? સમજાય છે કાંઈ?

અહીંયાં કહે છે કે, જેણે.. આહાહા..! મિથ્યાશ્રદ્ધા અને પુણ્ય-પાપનો આસ્રવ મલિન, જેણે આત્માના અનુભવ દ્વારા રોકી લીધો.. આહા..! આત્મામાં તો જ્ઞાન અને આનંદ ભર્યો

છે. અતીન્દ્રિય આનંદ, હોં! આ ઇન્દ્રિયનું સુખ જે અજ્ઞાની માને છે, વિષયમાં સુખ છે ને સ્ત્રીમાં સુખ છે ને પૈસામાં સુખ છે, એ તો મૂઢ જીવ છે. સુખ કેવું? ત્યાં તો દુઃખ છે. આહાહા..! એ અનંત સંસારનો જેણે અંતરમાં આત્માનો અનુભવ કરીને અંત આણ્યો.. આહા..! ત્યાં તો આપણે એ આવ્યું હતું, 'कृतिभिः'. 'कृतिभिः' આવ્યું હતું ને? આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્યવસ્તુની જેણે કૃતિ-પ્રતીતિ-કાર્ય અનુભવ, સમ્યગ્દર્શન કર્યું એ 'कृतिभिः' છે. અર્થાત્ એણે ભવચક્રનો અંત કર્યો અને પોતાનું સુકાર્ય-સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ સુકાર્ય કર્યું. એ સુકાર્ય છે. આહાહા..! 'कृतिभिः' શબ્દ આવ્યો હતો ને? આ બાજુ આવ્યું હતું ને? ૧૨૩માં હતો. ૧૨૩ કળશ છે ને? બીજી લીટી. આ તો બધું અજાણ્યું છે, 'સુધીરભાઈ'! આ 'ધીરૂભાઈ' ને 'સુધીરભાઈ' બેય ધીર છે. આ વાત જગતથી જુદી છે. આહાહા..! જિનેન્દ્રદેવ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર એમ ફરમાવે છે કે 'कृतिभिः'. આહાહા..! જેણે આત્મા આનંદસ્વરૂપ ચિદાનંદનો અનુભવ કરીને પ્રતીતિ-સમ્યગ્દર્શન કર્યું એણે કાર્ય કર્યું. બાકી જગતના રાગ ને દ્વેષના કાર્ય કરે છે એ મૂઢ ચાર ગતિમાં રખડીને પરિભ્રમણ કરશે. ભવભ્રમણમાં ભટકશે. સમજાય છે કાંઈ?

'कृतिभिः'ના બે અર્થ કર્યા. પોતાનું ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને પોતાની પર્યાયમાં.. હજી પર્યાય કોને કહેવી એની ખબરું ન મળે. પોતાની વર્તમાન જ્ઞાનદશામાં એ પૂર્ણ ચીજને જ્ઞેય બનાવીને જ્ઞાન અને પ્રતીતિ કરી એણે સર્વ કાર્ય કર્યું.

મુમુક્ષુ :- એ એક જ કાર્ય છે.

ઉત્તર :- એ જ કાર્ય છે. બીજા કાર્ય તો અજ્ઞાની મૂઢ માને છે. અમે આમ કર્યું ને તેમ કર્યું. પાંચ, પચ્ચીસ, પચાસ લાખ કમાણા ને એમાંથી બે-પાંચ લાખનું દાન આપ્યું. ધૂળમાંય નથી. સાંભળને. એ બધી ક્રિયા જડની છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમાં કદાચિત્ રાગ મંદ હોય તો એ પુણ્યઆસ્રવ છે. આસ્રવ મલિન ભાવ છે. એ કોઈ ભવના અભાવનું કારણ નથી. આહાહા..! અરે..! માથે અનંત ભવનો બોજો (છે). જેને પોતાનું સ્વરૂપ ચૈતન્ય આનંદકંદનું ભાન નથી અને એ પુણ્ય ને પાપ અને એના ફળમાં પોતાપણું માને છે એને માથે અનંત ભવનો બોજો માથે પડ્યો છે. બરાબર છે? લ્યો, આ શેઠિયા પણ ખુશી થાય છે કે બરાબર છે. શેઠ! આહાહા..! શું કહ્યું?

જેણે પોતાનું શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ, અંદર આનંદકંદ પ્રભુ આત્મા છે. એ એને ખબર નથી. જિનેન્દ્રદેવ સર્વજ્ઞ પરમેશ્વરે અનંત આત્માઓ કેવળજ્ઞાનમાં જોયા. આ તો માટી જડ ધૂળ છે. આ તો જગતની માટી-ધૂળ છે અને અંદર કર્મ છે એ જડ ધૂળ છે અને અંદરમાં પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ થાય છે એ મલિનભાવ છે. આહાહા..! આત્મા નિર્મળાનંદ ચિદાનંદસ્વરૂપ છે. એ નિર્મળભાવથી વિરૂદ્ધ ભાવ અને એ મારા છે એવી માન્યતા (તેને) માથે અનંત ભવનો બોજો પડ્યો છે. આહાહા..! અરેરે..! એને દયા પણ નથી. પોતાની દયા નથી, હોં!

અરે..! હું ક્યાં જઈશ? હું આત્મા નિત્ય છું. અનાદિઅનંત અવિનાશી આત્મા (છું).

શરીરનો નાશ થયે કંઈ આત્માનો નાશ નહિ થાય. ક્યાંક જશે. એ ક્યાં જશે? આહાહા..! જેણે એ પુણ્ય અને પાપના ભાવ અને તેના ફળ-આ પૈસા-ધૂળ આદિ, આ સ્ત્રી, કુટુંબ મારી ચીજ છે એમ માન્યું છે, એ મિથ્યાદૃષ્ટિ-મિથ્યાત્વમાં માથે અનંત ભવ છે. કીડા, કાગડા, કૂતરાના અનંત ભવ માથે બોજો પડ્યો છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! જગતથી ઊંધી વાત છે, બાપા! આહાહા..! સમજાય છે કાંઈ? આ તો જિનેન્દ્રદેવ તીર્થંકરદેવ કેવળી પરમાત્મા એમ ફરમાવે છે, '**कृतिभिः**'. કહે છે કે જે અનંત ભવનો બોજો માથે મિથ્યાત્વનો હતો એ આત્માની દૃષ્ટિ કરીને એ બોજો ઉતારી નાખ્યો-નાશ કરી નાખ્યો. આહાહા..! અલૌકિક વાતું છે, ભાઈ!

જેણે આત્મા આનંદસ્વરૂપ પ્રભુ, અનંત જ્ઞાનની મર્યાદા રહિત જેનો અંતર આત્મામાં સ્વભાવ છે, એવા આત્માને જેણે સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કર્યો, એણે કાર્ય કર્યું. એણે કાર્ય કર્યું. આ બધા કાર્યની ગણતરી કરે છે કે નહિ? આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. 'થાણા'માં આટલી લાદી રાખી ને આટલા પેદા થયા, 'મુંબઈ'માં આટલા છે. એ બધા કાર્યની ગણતરી એ પાપની છે, એમ કહે છે. આહાહા..! આ કાર્ય એક કાર્ય છે. જે અનંતકાળમાં એક સેકંડ પણ કર્યું નથી. પ્રભુ! આ પરમાત્મા જિનેન્દ્રદેવનો પોકાર છે કે જેણે આત્મા.. આહાહા..! દેહથી નિરાળો, પુણ્ય-પાપના રાગથી નિરાળો અને પોતાની શક્તિમાં પૂર્ણ સ્વભાવથી ભરેલો, એવું એણે કાર્ય-પ્રતીતિ-સમ્યગ્દર્શન કર્યું, એણે કાર્ય કર્યું. એણે સંસારનો અંત કર્યો. કહો, 'સુધીરભાઈ' તમારે શું? 'ધીરૂભાઈ' આ તમારી કંપનીના મોટા મોટા કામ કરે છે ને. આ કંપનીના મોટા માણસ છે. એવું છે, ભગવાન! આહાહા..!

અહીં કહે છે, એ જેણે કર્યું એને અનંત જ્ઞાન પ્રગટ થયું. ભલે સમ્યગ્દર્શન હોય તોપણ સમ્યગ્જ્ઞાન અનંત થયું અને એ અનુભવ કરતાં કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ જશે. તે '**અનંત કાળ પર્યંત રહેશે,...**' જુઓ! જ્યાં આત્મા છે, અનંતકાળ રહેશે, ત્યાં આત્માની દશા પ્રગટ થઈ. કેવળજ્ઞાન સાદિ અનંતકાળ રહેશે. આહાહા..! સમજાય છે કાંઈ? '**ક્યારેય અન્યથા થશે નહિ.**' પછી ફેરફાર નહિ થાય. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એનાથી કેવળજ્ઞાન પ્રગટ થયું, તે અન્યથા નહિ થાય-ફેરફાર નહિ થાય. અહીં તો લક્ષ્મીમાં કરોડોપતિ દેખે ને આજ દેખે ભિખારી ઘડીકમાં. એ તો બહારની ચીજો, ભઈ. આહાહા..! ચડતી પડતી છાંયા છે. છાંયા આવે ને જાય, આવે ને જાય. આહાહા..! કાલનો બાદશાહ હોય અને આજનો ભિખારી થઈ જાય. આહાહા..! ઘડીકમાં. ઓલું નહોતું એક? 'બિહાર'માં ધરતીકંપ થયો હતો. કરોડપતિ, કરોડપતિ. ઘોડાગાડી લઈને ફરવા નીકળ્યો. કરોડપતિ. એની પાસે થોડુંઘણું કંઈક રૂપાનું આઠેક હજાર રૂપિયાનું હશે. ફરીને પાછો ઘરે આવ્યો... ધરતીકંપ. આખું કુટુંબ ને મકાન ને શહેર ખલાસ થઈ ગયું. આવે ત્યાં કાંઈ ન મળે. આહાહા..! બાપુ! પણ નાશવાનમાં શું હોય બીજું? કાંઈ ન મળે. આહાહા..! એ પછી આવ્યો હતો. 'જામનગર'. આઠેક હજાર રૂપિયા રહ્યા. કરોડ રૂપિયા. કરોડ રૂપિયા. મોટા મકાન, બાયડી, છોકરા, કુટુંબ બધું (ખલાસ થઈ ગયું). આહાહા..! બાપુ! નાશવાનમાં શું રહેશે? એ 'જામનગર' આવ્યો.

ત્યાં એક છે. ત્યાં પ્રણામ પ્રવજ્યાનો.પગે લાગે. એક મંદિર છે. એ ભાષણ કરતો કરતો હાર્ટફેઈલ થઈ ગયું. પેલાએ પછી આશ્રય આપેલો. ગૃહસ્થ માણસ ને. પહેલા કાંઈક પૈસા આપેલા. આશ્રય આપ્યો. ભાષણ કરતો હતો ત્યાં હાર્ટ ફેઈલ. આ દશા સંસારની, બાપુ!

મુમુક્ષુ :- હાર્ટ ફેઈલ થઈ ગયું?

ઉત્તર :- હાર્ટ ફેઈલ થઈ ગયું. બોલતા બોલતા હાર્ટ ફેઈલ થઈ ગયું. ન્યાં બધું ખલાસ થઈ ગયું. અહીં મંદિર છે એમાં કાંઈક પૈસા-બૈસા આપ્યા હશે. તો એ લોકોએ આશરો આપ્યો. ત્યાં લોકોએ આદર કર્યો એટલે કંઈક ભાષણ કરતો હતો. ભાષણ કરતા કરતા હાર્ટ ફેઈલ. આહાહા..! પણ એ દેહની સ્થિતિ, આ તો માટી ધૂળ છે. એક સમયે તો છૂટી પડવાની તે સમય નિશ્ચિત છે. ભગવાનના જ્ઞાનમાં જે સમયે દેહ છૂટવાનો નિર્ણય (છે) તે સમયે છૂટશે જ. લાખ ઉપાય કરે, ઈન્દ્રને ઉતારે કે ડોક્ટર ઉતારે. આહાહા..!

અહીંયાં કહે છે કે આત્માનું જેણે ભાન કર્યું.. આહા..! એને અનંત જ્ઞાન ઉત્પન્ન થયું. એ અનંત કાળ રહેશે. છે? **'વળી કેવું છે શુદ્ધ જ્ઞાન?'** 'अतुलं' **'ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.'** આહાહા..! ભગવાનઆત્મા પોતાના સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન કરી, પછી જ્યાં કેવળજ્ઞાન પ્રગટ થયું તો એમાં અનંત આનંદ આવ્યો. એ અનંત આનંદની જગતમાં કોઈ ઉપમા નથી. કે આ બધા અબજોપતિ ને ધૂળપતિ છે..

અત્યારે એક છે ને? કેવો દેશ કીધો? 'ઈરાક' દેશ. દેશ નાનો છે પણ એને પેટ્રોલ બહુ નીકળ્યું છે. એના રાજાને એક કલાકમાં દોઢ કરોડની ઊપજ છે. અત્યારે છે. 'ઈરાક' દેશ છે ને? એક કલાકમાં દોઢ કરોડની ઊપજ. ઊપજ-પેદાશ, હોં! આહાહા..! એ મુખ્ય રાજા હતો. થોડા વર્ષ પહેલાં એના કુટુંબીએ મારી નાખ્યો અને હવે એ રાજા થયો. એ પણ મરીને બધા જવાના નરકે. એનો ભાઈ ગાદીએ બેઠો. સાંભળ્યું હતું. હમણાં થોડા વર્ષ પહેલાં. કારણ કે આટલી બધી પેદાશ અને આટલી મોજમજા. ભાઈ સાંખી ન શક્યો. એને મારી નાખ્યો અને પોતે બેઠો ગાદીએ. હવે એને પણ જાવું છે મરીને. એક કલાકની દોઢ કરોડની પેદાશ. ચોવીસ દિવસમાં કેટલી થઈ? પણ મરીને બધા નરકે ધૂળમાં જવાના હેઠે. આહાહા..! સમજાય છે કાંઈ? આ આત્મજ્ઞાની છે એ મરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના. આહાહા..! આવી વાતું છે.

**'જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.'** આહાહા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એનું જે સમ્યગ્દર્શન થયું તો એમાં જે આનંદનો સ્વાદ આવે છે (એની) કોઈ ઉપમા નથી. એ વેદનાર-વેદનાર જાણે. આહાહા...! તો પછી કેવળજ્ઞાન પ્રગટ થયું. એમાં તો અનંત અનંત અતીન્દ્રિય આનંદનો કોઈ દૃષ્ટાંત જગતમાં નથી. ઈન્દ્રના સુખથી આ બહુ અનંતગણું છે, એમ પણ નહિ. ઈન્દ્રનું સુખ તો ઝેર છે. ઈન્દ્રો અને દેવોના સુખની કલ્પના તો ઝેરની છે. આ તો અતીન્દ્રિય આનંદનું સુખ ભગવાનઆત્મા. આહાહા..! એને કોઈ દૃષ્ટાંત નથી. **'આવો શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.'** લ્યો, એ અધિકાર પૂરો થયો.

# સંવર અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१-१२५।।

ખંડાન્વય સહિત અર્થ :- 'चिन्मयम् ज्योतिः उज्जृम्भते' ( चित् ) ચેતના, તે જ છે ( मयम् ) સ્વરૂપ જેનું એવી ( ज्योतिः ) જ્યોતિ અર્થાત્ પ્રકાશસ્વરૂપ વસ્તુ ( उज्जृम्भते ) પ્રગટ થાય છે. કેવી છે જ્યોતિ? 'स्फुरत्' સર્વ કાળે પ્રગટ છે. વળી કેવી છે? 'उज्ज्वलं' કર્મકલંકથી રહિત છે. વળી કેવી છે? 'निजरसप्राग्भारम्' ( निजरस ) ચેતનગુણનો ( प्राग्भारम् ) સમૂહ છે. વળી કેવી છે? 'पररूपतः व्यावृत्तं' ( पररूपतः ) જ્ઞેયાકારપરિણમનથી ( व्यावृत्तं ) પરાઙમુખ છે. ભાવાર્થ આમ છે કે-સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી, પોતાના સ્વરૂપે રહે છે. વળી કેવી છે? 'स्वरूपे सम्यक् नियमितं' ( स्वरूपे ) જીવના શુદ્ધસ્વરૂપમાં ( सम्यक् ) જેવી છે તેવી ( नियमितं ) ગાઢપણે સ્થાપિત છે. વળી કેવી છે? 'संवरम् सम्पादयत्' ( संवरम् ) સંવર અર્થાત્ ધારાપ્રવાહરૂપ આસ્રવે છે જ્ઞાનાવરણાદિ કર્મ તેનો નિરોધ ( सम्पादयत् ) તેની કરણશીલ છે. ભાવાર્થ આમ છે કે-અહીંથી માંડીને સંવરનું સ્વરૂપ કહે છે. કેવો છે સંવર ? 'प्रतिलब्धनित्यविजयं' ( प्रतिलब्ध ) પ્રાપ્ત કરી છે ( नित्य ) શાશ્વત ( विजयं ) જીત જેણે, એવો છે. શા કારણથી એવો છે? 'आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रवन्यक्कारात्' ( आसंसार ) અનંતકાળથી માંડીને ( विरोधि ) વેરી છે એવો જે ( संवर ) બધ્યમાન કર્મનો નિરોધ, તેના ઉપરની ( जय ) જીતને લીધે ( एकान्तावलिप्त ) 'મારાથી મોટો ત્રણ લોકમાં કોઈ નથી' એવો થયો છે ગર્વ જેને એવું ( आस्रव ) ધારાપ્રવાહરૂપ કર્મનું આગમન, તેને ( न्यक्कारात् ) દૂર કરવારૂપ માનભંગના કારણથી. ભાવાર્થ આમ છે કે-આસ્રવ તથા સંવર પરસ્પર ઘણા જ વેરી છે, તેથી અનંતકાળથી સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વપરિણતિરૂપ પરિણમે છે, તેથી શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ નથી; તેથી આસ્રવના સહારે સર્વ જીવ છે. કાળલબ્ધિ પામીને કોઈ આસન્નભવ્ય જીવ સમ્યક્ત્વરૂપ સ્વભાવપરિણતિએ પરિણમે છે, તેથી શુદ્ધ પ્રકાશ પ્રગટ થાય છે, તેથી કર્મનો આસ્રવ મટે છે; તેથી શુદ્ધ જ્ઞાનની જીત ઘટે છે. ૧-૧૨૫.

## કળશ-૧૨૫ ઉપર પ્રવચન

હવે સંવર અધિકાર. ધર્મની શરૂઆત કેમ થાય? સંવર કેમ થાય? સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ ઉત્પન્ન થાય એ સંવર. અને મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષનો નાશ થાય એ આસ્રવ. એ આસ્રવનું રુંધન. અને પોતાનો શુદ્ધભાવ પ્રગટ થવો. પુણ્ય-પાપ અને મિથ્યાત્વ અશુદ્ધભાવનો નાશ થવો અને પોતાનું શુદ્ધ સ્વરૂપ જે આત્મા, એની પર્યાયમાં શુદ્ધપણું, પુણ્ય-પાપના ભાવથી રહિત શુદ્ધભાવ ઉત્પન્ન થવો એનું નામ સંવર કહે છે. આહાહા..! એનું નામ ધર્મની પહેલી સીઢી કહે છે. આહાહા..! 'પોપટભાઈ'! આવી વાતું છે. આહાહા..! બહુ અધિકાર સરસ છે. સંવર અધિકાર.

મુમુક્ષુ :- આસ્રવ ભાવથી રહિત અવસ્થા તેનું નામ સંવર.

ઉત્તર :- હા. એ. પુણ્ય-પાપ અને મિથ્યાત્વથી રહિત જે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિના પરિણામ એ સંવર.

આ તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો અને ઉગ્ર સ્વાદ આવવો એનું નામ સંવર. આહાહા..! જે આ રાગ-દ્વેષનો સ્વાદ છે એ દુઃખ છે. અને ભગવાનનો સ્વાદ આવવો એ સુખ છે. આહા..! ભગવાન એટલે આ આત્મા હોં. આહાહા..! સમજાણું કાંઈ? એ અધિકાર કહે છે.

(શાર્દૂલવિક્રીડિત)

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्जवलं निजरसप्राग्भारमुज्जृम्भते॥१-१२५॥

આહાહા..! **ખંડાન્વય સહિત અર્થ :- 'चिन्मयम् ज्योतिः उज्जृम्भते' 'ચેતના, તે જ છે સ્વરૂપ જેનું...'** ભગવાનઆત્મા તો ચેતના જાણવું-દેખવું જેનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! ચેતન આત્મા. એનો ચેતનાસ્વભાવ. જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. એમાં પુણ્ય-પાપ અને રાગ-દ્વેષ એ એનો સ્વભાવ નથી. એ તો વિકાર અને અધર્મ છે. આહાહા...! શું કીધું? **'ચેતના, તે જ છે' 'मयम्' 'સ્વરૂપ જેનું...'** જેવું અગ્નિનું ઉષ્ણસ્વરૂપ, સાકરમાં મીઠાશનું સ્વરૂપ, લવણનું ખારું સ્વરૂપ એમ ભગવાનઆત્માનું ચેતનાસ્વરૂપ. આહાહા..! જાણવું-દેખવું એનું ત્રિકાળી સ્વરૂપ છે. આહા..! છે? ''चिन्मयम्' 'मयम्'નો અર્થ સ્વરૂપ કર્યો.

**'એવી જ્યોતિ અર્થાત્ પ્રકાશસ્વરૂપ વસ્તુ...'** આહાહા..! જેમ ચંદ્રમાં બીજ ઊગે છે. પછી પૂર્ણ ચંદ્રમાં પૂનમ થાય છે. અત્યારે ચાલે છે એ જુદી વાત છે. શાસ્ત્ર હિસાબે પૂર્ણિમામાં પૂર્ણ માસ હોય છે અને અમાસમાં અધમાસ થાય છે. આપણે લોકમાં અત્યારે અમાસે પૂર્ણમાસ કરે છે. એ વિરૂદ્ધ છે. સિદ્ધાંત હિસાબે, તાત્વિક હિસાબે અમા-વાસ. અમ-

અધમાસ. એ પંદર દિવસે અધમાસ છે. અને પૂનમે પૂર્ણ માસ છે. આ તો તમારી ભાષા છે. આહાહા...! એમ આત્મામાં પ્રથમ સમ્યગ્દર્શનરૂપી બીજ ઊગે છે. સમજાણું કાંઈ? એ ચિન્મય જ્યોતિ, જ્ઞાનમય જ્યોતિ પ્રભુ. આહાહા..! એની અંતર સન્મુખ થઈને જ્ઞાનમાં આનંદના સ્વાદસહિત પ્રતીતિ આવવી એનું નામ બીજ કહે છે. એનું નામ સમ્યગ્દર્શનરૂપી ચંદ્રમામાં જેમ બીજ એમ આ બીજ છે. અને બીજ ઊગી તો પછી ૧૩ દિવસે પૂનમ થશે, થશે ને થશે. એમ સમ્યગ્દર્શનરૂપી બીજ જેને પ્રગટ થઈ...આહાહા..! એને થોડાકાળમાં કેવળજ્ઞાનરૂપી પૂનમ પ્રગટશે. આહાહા..! સમજાણું કાંઈ? જગતથી બીજી જાત બહુ, બાપુ!

અત્યારે તો સંપ્રદાયમાં પણ બધી ગડબડ ચાલે છે. આ વ્રત કરો ને અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો એ ધર્મ છે એમ માને છે. એ તો બધો આસ્રવ રાગ છે ભાઈ તને ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવી રાગની ક્રિયા તો અનંતવાર કરી છે. એ કોઈ નવી ચીજ નથી. ભગવાનઆત્મા ચૈતન્ય ચંદ્ર જિનચંદ્ર, જિનસ્વરૂપી વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા છે. એ વીતરાગી ચંદ્ર શીતળતાનો પિંડ છે. આહાહા..! એવો ચિન્મયજ્યોતિ અનુભવ કરતા કરતા પ્રકાશમાન થયો. છે?

'**પ્રકાશસ્વરૂપ વસ્તુ પ્રગટ થાય છે.**' આહાહા..! ભાઈ! આ તો અધ્યાત્મની વાત ઝીણી વાત છે. અત્યારે તો એ સાંભળવા મળતી નથી. આખો દિ' પાપ એક તો જગતના. ધંધા, બાયડી, છોકરા, કુટુંબ. રચ્યો, પચ્યો બાવીસ-વીસ કલાક. એક-બે કલાક સાંભળવા ક્યાંક જાય તો મળે આવું પાછું. વ્રત કરો, અપવાસ કરો, દાન કરો તમારે ધર્મ થશે. મારી નાખ્યા ત્યાં. લૂંટી નાખ્યા એને. આહા..! અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ એમ કહે છે કે પુણ્ય-પાપના પરિણામ આસ્રવ છે, મલિન પરિણામ છે, દુઃખદાયક છે, જેનું ફળ સંયોગ સંસાર છે. એનાથી રહિત ચિન્મય જ્યોતિ પ્રભુ અંદર છે. આહાહા..! આવી વાતું હવે. આવો કેવો ઉપદેશ આ તે. પણ કાંઈ સૂઝ પડે નહિ શું કરવું તે.

અરે..! બાપુ! ભગવાન શું કહીએ? પરમાત્મા પોકાર કરે છે. ભાઈ! તારી ચૈતન્ય જ્યોતિ અંદર વસ્તુ પડી છે ને. આહાહા..! પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાનથી ચૈતન્ય વસ્તુ પડી છે અંદર પ્રભુ. તારી નજરું ત્યાં નથી. જ્યાં તારી નજર છે ત્યાં તો અલ્પજ્ઞતા અને પુણ્ય-પાપના ભાવ છે. જ્યાં તારી નજર અનાદિથી છે ત્યાં તો અલ્પજ્ઞપણું અને પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળમાં તારી નજર છે. તો એ થાય છે. એ તારી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? તારી ચીજ અંદરમાં વર્તમાન દશાને અંતરમાં વાળતા ચિન્મય જ્યોતિ પ્રકાશમાન પ્રગટે છે કહે છે. આહાહા..! જ્ઞાતા-દૃષ્ટા એવી પર્યાયમાં પ્રગટદશા થાય છે. છે?

'**કેવી છે જ્યોતિ?**' '**स्फुरत्**' '**સર્વકાળે પ્રગટ છે.**' આહાહા..! એ વસ્તુ તો સર્વકાળ પ્રગટ જ છે આત્મા. પણ અનુભવ કરીને પ્રગટે એ પણ સર્વકાળ એવી ને એવી રહેશે. અહીં તો બહું કહેશે. નિત્ય શબ્દ આવશે ને આમાં? છે ક્યાંક નિત્ય શબ્દ છે. નહિ? પાઠમાં છે ને. 'नित्यविजय' અંદર છે. બીજા પદમાં. 'नित्यविजय' એમાં એમ કહેવું છે.. ગજબ વાત છે. આચાર્યો, સંતો, દિગંબર મુનિઓની સર્વજ્ઞની કહેલી કથની.. આહાહા..! કહે છે કે જેણે.. 'नित्यविजय' પાઠમાં છે અને અર્થમાં અંદર હશે ક્યાંક. છે ક્યાંય? ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- .૧૩, ૧૪-

ઉત્તર :- ઉપરથી?

મુમુક્ષુ :- ઉપરથી છઠી લીટી.

ઉત્તર :- હા નિત્ય બસ એ. 'नित्य' '**શાશ્વત જીત જેણે, એવો છે.**' નિત્ય છે અંદર.

અહીં બીજું કહેવું છે કે અહીંયાં આત્મા ચૈતન્ય ચમત્કાર પ્રભુ છે. એનો જેને અનુભવ સમ્યગ્દર્શન થયું એની દશા જે કેવલઆદિની છે. કે અરે..! સમ્યગ્દર્શન થયું તો નિત્ય કામય રહેશે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..! 'नित्यविजय' '**જીત જેણે, એવો છે.**' વિકાર, પુણ્ય-પાપના ભાવ ઉપર જેને આત્માનું સંવર સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ કર્યો એણે નિત્ય વિજય પ્રગટ કર્યો. વિજયના ડંકા માર્યા એણે. આહાહા..! મારો વિજય છે અને તારો પરાજય છે. પુણ્ય-પાપના આસ્રવનો પરાજય અને શુદ્ધપર્યાયનો વિજય-જય નિત્ય રહેશે. આહાહા..! અરે..! આવી વાતું. આમાં સમજવું શું?

ઓલું કહે કે ભાઈ! રાત્રે ચોવિહાર કરવો, આહાર-પાણી ન લેવા ચારદિ', છપરબી કંદમૂળ ન ખાવા, છપરબી બ્રહચર્ય પાળવું. સમજાય તો કહે આમાં સમજવું? ધૂળ? એ તો ઓલી રાગની ક્રિયાની વાતું છે. આહાહા..! અહીંયાં તો ભગવાન ચિન્મય જ્યોતિ પ્રગટી. એમ આવ્યું ને? '**સર્વ કાળે પ્રગટ છે.**' આહાહા..! વસ્તુ સર્વકાળ પ્રગટ છે અને પર્યાય પ્રગટ રહેશે એ નિત્ય કાયમ રહેશે. આહાહા..! જેણે ત્રિલોકનાથ આત્માનો આશ્રય લીધો, એવી સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય જે અનંતકાળમાં કદી કર્યું નથી. સાધુ પણ અનંતવાર મુનિ થયો. પંચમહાવ્રત પાળ્યા પણ સમ્યગ્દર્શન કદી ન કર્યું. આહાહા..! એ આ સમ્યગ્દર્શન કહે છે નિત્ય વિજય એણે મેળવ્યો. આહાહા..! છે?

'**સર્વ કાળે પ્રગટ છે. વળી કેવી છે?**' 'उज्जवलं' '**કર્મકલંકથી રહિત છે.**' ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ત્રિકાળી દ્રવ્ય પણ કર્મકલંકથી રહિત છે અને સમ્યગ્દર્શન થયું એ પણ કર્મકલંકથી રહિત છે. આહાહા..! આવો ઉપદેશ હવે આ શું છે? આખો દિ' બિચારા ધંધામાં રચ્યા-પચ્યા. હવે એમાંથી આવી ભાષા અને આવી વાત ને અર..ર..! દુઃખી સંસારી પ્રાણી ચારગતિમાં દુઃખી છે એ. રખડતા, રઝળતા હેરાન-હેરાન છે. આહાહા..!

અહીં પ્રભુ કહે છે, જેણે ચિન્મય જ્યોતિ પ્રભુ દ્રવ્યસ્વભાવ એને જેણે સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કર્યો એણે નિત્ય વિજય મેળવ્યો. પુણ્ય-પાપ ઉપર વિજય મેળવ્યો. એ પુણ્ય-પાપ મારા નથી. આ પુણ્ય-પાપના ધૂળનું ફળ પૈસા-પૈસા બે-પાંચ કરોડ એ તો માટી-ધૂળ છે. એ ક્યાં તારી છે? એ તો જડ-ધૂળ છે. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દર્શન થયું તો એણે પુણ્ય-પાપ ઉપર જય મેળવ્યો. એને પરાજય કર્યો. આહાહા..! હું અગ્રેસર છું. શુદ્ધ ચિદાનંદ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ એ અગ્રેસર છે. સમજાણું કાંઈ? આહાહા..!

સાધુપણું તો બાપુ કાંઈ જુદી ચીજ છે. એ તો લોકોમાં અત્યારે તો નજરે પડે એવી વાત નથી. આહાહા..! પણ અહીં તો સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ થયું સંવર એમ કહે છે. આહાહા..! છે? '**સર્વ કાળે પ્રગટ છે. વળી કેવી છે? કર્મકલંકથી રહિત છે.**' 'निजरसप्राग्भारम्' આહાહા..! ચેતનગુણનો નિજરસ એટલે ચૈતન્યરસ. ચૈતન્યરસ. જ્ઞાન, આનંદ રસ. એનો

'प्राग्भारम्' આત્મા તો સમૂહ છે. ચેતનરસનો તો પ્રભુ આત્મા સમુહ છે. આહાહા..! એમાં શરીર-વાણી તો નહિ. આ તો માટી-ધૂળ છે. આ તો જગતની માટી છે.

અમથા નથી કહેતા કોઈ? લોઢાની ખીલી વાગે. શું કહેવાય? ખીલી-ચુક. ખીલી. કે ભાઈ મારી માટી પાકણી છે. પાણી અડાડશો નહિ. મારી માટી પાકણી છે. કહે માટી અને એકકોર કહે મારી. આ શું છે? પાગલ તે કાંઈ. એકકોર કહે કે મારી માટી પાકણી છે. માટી-ધૂળ. આ તો માટી-ધૂળ છે. રાખ થશે. મહાણમાં તો રાખ થઈ જશે. ધૂળ. ભગવાનઆત્મા એનાથી ભિન્ન. અને પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રતના પરિણામથી પણ ભગવાન અંદર ભિન્ન છે. એનું જ્યાં ભાન થયું તો એવી ચીજ છે એ તો ચેતનગુણના રસથી સમૂહ ભરલો છે. એ ચૈતન્યનું દળ છે. એ અતીન્દ્રિય આનંદનું દળ આત્મા છે. અરે..! ક્યાં બેસે એને? એને જોવું છે ક્યાં? આત્મા કોને કહેવો પ્રભુ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ ચેતન-ચેતન ચેતના.. ચેતના.. ચેતનાનું દળ છે એ તો. એક સમય પૂરતી પર્યાય પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમાં નવરાશ ક્યાં? ફુરસદ ન મળે. સંસારના પાપ આડે. કેમ 'ફુલચંદભાઈ'! હજી આ સીત્તેર વર્ષ થાય તો નવરો થતો નથી. ઓલો નોકરીમાં પંચાવન વર્ષે નવરા થઈ જાય છે. વીસ વર્ષથી પાંત્રીસ વર્ષ નોકરી કરે, પંચાવન વર્ષે રિટાયર્ડ. આ વાણિયાને તો પંચાવન શું? સીત્તેર થાય તોપણ મજુરની જેમ જોડાયા જ કરે.

મુમુક્ષુ :- ઘરમાં બેસીને શું કરવું?

ઉત્તર :- અંદરમાં આત્મા છે ત્યાં કરવાનું છે એ તો કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અને અહીં તો એના કેટલા? ૨૫-૫૦-૬૦-૭૦-૮૦ વર્ષ કદાચ શરીરના. પછી આત્મા તો નિત્ય છે, અનાદિઅનંત છે. એને ક્યાં રહેવું? આ મારા.. મારા... મારા... મમતા કરીને ભવિષ્યમાં મિથ્યાત્વમાં જશે. ભ્રમણામાં ચારગતિમાં જશે. આહાહા..! આવી વાત છે, બાપુ!

અહીં કહે પૈસાની કિંમતું નથી. કાલે બધા આવ્યા હતા મોટા ડોક્ટર ને આ શું કહેવાય?

મુમુક્ષુ :- રસ્તોગી

ઉત્તર :- રસ્તોગી ને બે-ચાર મોટા હશે ઓળખાવ્યા. આ આવો છે ને આ આવો છે. કીધું અહીંયાં અમારે કોઈ કિંમત નથી. અહીં તો આત્માનું જ્ઞાન કર્યા વિનાના બધા ભિખારી છે એની અહીંયાં કિંમત નથી. અહીંયાં દસ હજારનો પગાર મહિને છે, ઢીંકણું છે ને આ મોટો (પગારદાર) બધા ભિખારા છે કીધું. અંતર આત્મામાં અનંત આનંદની લક્ષ્મી પડી છે, અતીન્દ્રિય સુખનો સાગર ભગવાન અંદર ડોલે છે. આહાહા..! એની તો ખબર ન મળે અને આ બહારમાં ઝુકાવ કરીને હોંશિયાર અને ડાહ્યાના દીકરા થઈ ગયા. આહાહા..! ડાહ્યાના દિકરા નહિ પણ ડાહ્યો. આહાહા..!

ભગવાન! વાતું એવી છે પ્રભુ હોં. તારી ચીજ અંદર એવી છે. આહાહા..! ચિદ્રસથી ભરેલી છે એમ કહે છે. જેમ રસગુલ્લા હોય છે ને રસગુલ્લા? રસગુલ્લા દૂધના. એમ આત્માના ચૈતન્ય રસગુલ્લા છે આત્મા. આહાહા..! ચૈતન્ય રસગુલ્લા. દેખો! 'निजरस' 'निजरस'

નિજગુણ, નિજ શક્તિ, નિજ સ્વભાવ એનો સમૂહ છે. આહાહા..! અરેરે..! આવી વાતું સાંભળી ન હોય. વેઠું કરી કરીને મરી ને ચાલ્યા જવાના. આહાહા..! પાગલ માણસો વખાણ કરે. બહુ પેદા કર્યા તમે બાહુબળે. તમારા બાપ પાસે આટલી મૂડી નહોતી. તમે ભેગા કર્યા બે-પાંચ કરોડ રૂપિયા.

નહિ આ તમારે થયું હતું આને એના દિકરા છે ને 'મુંબઈ'માં. 'પૂનમચંદ'ને પાંચ કરોડ રૂપિયા. આ 'મલુપચંદભાઈ'ના દિકરા. પાંચ કરોડ. સૌથી મોટો છે એ 'સ્વીત્ઝરલેન્ડ'છે. એની પાસે ચાર કરોડ છે. તો એક ફેરી(વખત) ત્યાં બોલ્યો હતો 'અમદાવાદ'માં. કે બાપાને ક્યાં પૈસાનો રસ હતો. શું કાંઈક બોલ્યા હતો.

મુમુક્ષુ :- સ્વાદ. રસ-રસ

ઉત્તર :- એને ક્યાં પૈસા જોયા છે? એની પાસે ૩૦-૩૫ હજાર એટલા હતા. 'છોટાભાઈ' પાસે. ૩૫-૪૦. ૮૦ હજાર હતા એમ કાંઈક કહે છે. ૮૦ હજાર તો ઓલા પાસે, હોં! ૩૫-૪૦ તમારી પાસે. ઓલા કેવા બીજા નહિ? સામા નહિ ઓલા ગુજરી ગયા 'ધીરૂભાઈ'ના બાપ. 'ધીરૂભાઈ જોબાળિયા'. 'કસ્તુરભાઈ, કસ્તુરચંદ' આ 'હસમુખભાઈ' ઉતરે છે ને. 'ધીરૂભાઈ'ના બાપ હતા. એની પાસે પૈસા ૮૦ હજાર. તે દિ' આ તો ૬૪ વર્ષ પહેલાની વાત છે. આની પાસે ૩૫ હજાર. એટલે એનો દિકરો કહે કે બાપાએ ક્યાં પૈસાનો સ્વાદ જોયો છે? એની પાસે પૈસા થયા ચાર-પાંચ કરોડ. આહા..! આવા ને આવા છે. ભિખારા બધા છે રાંકા. અંદરની ચૈતન્ય લક્ષ્મીની જેને કિંમત નથી. એને બહારની લક્ષ્મીની કિંમતમાં આંકડો ટાંકે. આહાહા..! ખબર છે 'મલૂપચંદભાઈ'? ખબર છે ને? એના દિકરાએ કહ્યું હતું. 'અમદાવાદ'માં. એ બધું એવું છે. બધા સ્વાર્થના પૂતળા છે બધાય.

ભગવાન તો એમ કહે છે કે બાયડી, છોકરા, કુટુંબ, દિકરા મળ્યા એ બધી તારી ધુતારા આજીવિકાની ટોળી છે. ધુતારાઓ આજીવિકાની ટોળી તને લૂંટી લેશે. આહા..! અને તું મરીને ક્યાં જાય એને ક્યાં પડી છે? મરી જાય છે ત્યારે રોવે છે તો એ ક્યાં ગયો એને માટે રોવે છે? ગમે ત્યાં નરકમાં ગયો તો અમારે શું છે? પણ અમારી આ સગવડતા જાય એને માટે રોવે છે.

મુમુક્ષુ :- મરી ગયો એને કોઈ પૂછતું નથી.

ઉત્તર :- મરી ગયો અને ક્યાં ગયો એને ક્યાં પડી છે એને. ઢોરમાં ગયો તો એ જાણે. અમારે શું છે? આહા..! ગજબ છે બાપા. પણ અમારી દુકાન ચલાવતા અને દુકાનમાં મોઢા આગળ મજુરની જેમ કામ કરતા. એ ગયા. એના માટે રોવે છે. બરાબર છે? સાચું છે?

મુમુક્ષુ :- અક્ષરે અક્ષર સત્ય છે.

ઉત્તર :- લ્યો અમારે શેઠ કહે છે. વાત તો એવી છે. પણ ખતવે પછી બીજી રીતે.

મુમુક્ષુ :- અનુભવસિદ્ધ છે આ વાત.

ઉત્તર :- બધું અનુભવ સિદ્ધ જ છે. અહીં તો ભાઈ અમને તો ૮૮ વર્ષ થયા. અહીં તો નિવૃત્તિ પહેલેથી છે જિંદગી આખી. ૬૪ વર્ષ તો દીક્ષાને થયા. દુકાન પણ પિતાજીની ઘરની દુકાન હતી 'પાલેજ'માં. ત્યાં નિવૃત્તિ હતી. ઘરની દુકાન હતી. નિવૃત્તિ હતી. ક્યાંય નોકરી કોઈ દિ' કરી નથી. કોઈનો ધંધો કર્યો નથી. આહા..! ત્યાં પણ હું તો શાસ્ત્ર વાંચતો હતો

દુકાન ઉપર. સત્તર વર્ષની ઉંમરથી. આ તો અત્યારે ૮૮ થયા. શરીરને બે આઠડે અઠ્યાશી. દેખાય નહિ. શરીર આમ કોમળ લાગે ને. પણ ૯૦માં બે ઓછા. ૮૮ વર્ષ. ૬૪ વર્ષ તો દીક્ષા લીધા થયા છે. ઘણું જોયું અને ઘણું સાંભળ્યું બાપા. શહેરો જોયેલા મોટા મોટા 'મુંબઈ'ને.

અહીં પ્રભુ કહે છે. અહીં તો આવ્યું શું? નિજરસ આવ્યો છે ને? એ ઉપરથી ચાલે છે આ. આત્મામાં નિજરસ, આનંદ અને જ્ઞાન એ શાંતિ નિજગુણ રસ પડ્યો છે. આહાહા..! અરે..! ક્યાં લેવા જાય એ? રસનો અર્થ ગુણ કર્યો. નિજચેતનગુણ એટલે ચેતનરસ. એનો સમૂહ આત્મા છે. જેમ સાકર ગળપણનો પિંડ છે, લવણ-લવણ મીઠું. ખારનો પિંડ છે એમ ભગવાન ચૈતન્યરસનો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ સંવર અધિકારની શરૂઆતમાં આવા ચૈતન્યને જેણે અનુભવ્યો. એમ કહેવું છે. આહાહા..!

**'વળી કેવી છે?' 'पररूपतः व्यावृत्तं' 'જ્ઞેયાકાર પરિણમનથી પરાઙ્મુખ છે.'** આહાહા..! શું કહે છે? કે પોતાના નિજ આનંદ અને જ્ઞાનરસથી પરિપૂર્ણ છે. અને પોતાના જ્ઞાનમાં જે પરવસ્તુ જણાય છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ અને શરીર-વાણી-મન એ જ્ઞેયાકાર જે જ્ઞાન થાય છે એ પરને કારણે નહિ. પોતાના જ્ઞાનની પરિણતિ એવી છે કે પોતાને જાણે અને પરને જાણે એ પોતાની જ્ઞાનપરિણતિ એવી થાય છે. આહા..! સમજાણું કાંઈ?

**'સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી,...'** શું કહે છે? જ્ઞાનસ્વરૂપી ભગવાન આ જડ શરીરને જાણે. કે આ શરીર જડ છે. અંદર દયા-દાનનો રાગ આવે એને જ્ઞાનરસ જાણે કે આ રાગ છે. પણ એ રાગરૂપ ચીજ નથી થતી. આહાહા..! સમજાણું કાંઈ? શરીર તો માટી-ધૂળ છે. જડ છે. ખબર નથી? મહાણમાં રાખ થાશે તો આટલી નહિ થાય. આટલી થાશે અને પવન આવશે તો ઊડીને રજકણો ચાલ્યા જશે. એ ક્યાં તારી ચીજ છે અને તારામાં છે? આહાહા..! અહીં તો પુણ્ય અને પાપના ભાવ.. આહાહા..! એને જાણે છે જ્ઞાન. એમ કહેવું એ વ્યવહાર છે કહે છે. એ રાગનું જ્ઞાન થાય છે એ રાગને લઈને નહિ. એ પોતાનો જ્ઞાનસ્વભાવ છે ચૈતન્યરસ, એને કારણે જ્ઞાનનું જ્ઞાન અને રાગનું જ્ઞાન પોતાને પોતાથી થાય છે. આહાહા..! આવી વાતું 'ધીરૂભાઈ'! 'મુંબઈ' મોહનગરી છે. 'શ્રીમદ્' મોહનગરી કીધી. હવે વળી કોક કહે છે કે અજંપા નગરી છે એ.

મુમુક્ષુ :- અજંપો કહો, 'મુંબઈ' ગામ સિવાય બીજે કોઈ ગામમાં નથી.

ઉત્તર :- જંપ ન મળે. એય મોટું હળાહળ ધમાધમ ભૂ.. ભૂ.. ભૂ.. ભૂ.. ભૂ.. ભૂ.. સાતમે માળે સૂતો હોય તો ત્યાં ઓલા ભૂંગળા સંભળાય. અજંપાનગરી. 'શ્રીમદ્ રાજચંદ્ર' કહેતા કે આ મોહમયીનગરી છે આ. આહાહા..!

અહીં કહે છે કે પ્રભુ તો આનંદમય નગરી છે. આહાહા..! તારા નગરમાં તો આનંદ અને શાંતિનો રસ પડ્યો છે પ્રભુ અંદર. એ જ્ઞેયાકાર પરિણમન. શું કહે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! કહે છે કે આ જ્ઞાનસ્વરૂપ પ્રભુનું સમ્યક્‌માં ભાન થયું. તો પછી દયા, દાન આદિનો રાગ થાય છે. તો એ જ્ઞેયનું અહીં જ્ઞાન થાય છે. તો એ જ્ઞેયનું જ્ઞેયાકાર થવું એ વ્યવહાર છે. એ જ્ઞેયાકાર જ્ઞાન હોતું જ નથી. પોતાના આકારે જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? હવે આવી વાતું હવે. ક્યાં

સાંભળવી અને ક્યાં મળે? અરે..!

શું કહે છે જુઓ. '**જ્ઞેયાકારપરિણમનથી પરાઙ્મુખ છે.**' પરથી તો પરાઙ્મુખ છે જ. પણ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમાં જો આ રાગ, દયા, દાન, વ્રત, શરીર, વાણી, મન, લક્ષ્મી એ જ્ઞેયનું અહીં જ્ઞાન થાય છે તો એ જ્ઞેયાકાર જ્ઞાન થયું એ પણ વ્યવહાર કહેવામાં આવે છે. ખરેખર જ્ઞેયરૂપ અહીં જ્ઞાન થતું નથી. જ્ઞેયને કારણે જ્ઞાન થતું નથી. પોતાને કારણે પોતામાં સ્વપરનું જ્ઞાન થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન...

ઉત્તર :- એ જ્ઞાનાકાર પોતાની ચીજ છે. જ્ઞેયાકાર છે જ નહિ. આહાહા..!

પોતાના જ્ઞાનસ્વરૂપમાં, પોતાનું જ્ઞાન અને રાગ અને શરીરવાણીનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે. ખરેખર તો એ સ્વપરનું જ્ઞાન એ પોતાની પર્યાયનું સામર્થ્ય છે. પોતાની પર્યાયનું સામર્થ્ય છે. આહાહા..! હવે પર્યાય શું અને વળી સામર્થ્ય શું? હજી જૈનદર્શનનો એકડો આ તો. એની પણ ખબરું ન મળે. અર..ર..! 'હીરાભાઈ'! રળ્યું ને આ ગયા 'બોટાદ' છોડીને ત્યાં લોઢાના વેપાર ને પૈસા કરવા. લોઢાનું શું છે બીજું કાંઈક છે. પાઈપનું. લ્યો એને ખબર છે. એમાં બે-પાંચ-દસ લાખ પેદા થાય. થઈ રહ્યું લ્યો. ધૂળમાંય નથી. સાંભળને

અહીં તો પ્રભુ એમ કહે છે કે, પ્રભુ! તારી શક્તિ નિજરસ તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનગુણ, જ્ઞાન સ્વભાવ જાણવું.. જાણવું એ તારી શક્તિ છે. એમાં જે રાગાદિ અને પરનું જ્ઞાન થાય છે એ જ્ઞેયાકાર જ્ઞાન થયું એમ કહેવું એ વ્યવહાર છે. કેમકે જ્ઞેય કાંઈ જ્ઞાનમાં આવતું નથી. રાગનું જ્ઞાન થાય છે તો રાગ કાંઈ જ્ઞાનમાં આવતો નથી. રાગ સંબંધી પોતાની પર્યાયમાં પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન થાય છે. આહાહા..! એક કલાકમાં કેટલી વાતું યાદ રાખવી? 'શાંતિભાઈ'! આવો માર્ગ છે, બાપુ! વીતરાગ જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંતદેવનો આ પોકાર છે. ભાઈ! તે સાંભળ્યો નથી. આહાહા..! તારા ઘરમાં કેટલી ચીજની તાકાત છે એ તાકાતવાળી ચીજ શું તેની તને ખબર નથી. આહાહા..!

અહીં તો કહે છે કે શરીર, વાણી, રાગ આદિ પર એ પોતામાં આવતું નથી પણ એ સંબંધી જે જ્ઞાન થયું એ જ્ઞેયાકાર જ્ઞાન થયું એમ પણ નથી. એ તો પોતાનું જ્ઞાનાકારપણે જ્ઞાન થયું છે. પરને જાણતા પોતાના જ્ઞાનાકારથી જ્ઞાન થયું છે. આહાહા..! ઝીણી વાતું બાપુ. વીતરાગ માર્ગ ક્યાંય છે નહિ. જિનેશ્વર સિવાય આવી વાત ક્યાંય છે નહિ કોઈ ઠેકાણે. અત્યારે તો વાડામાં નથી તો બીજે તો ક્યાં હોય? આહાહા..! બધા ગડબડ ગોટા ઉઠાવ્યા છે. આહાહા..! જુઓ! સંવરનું માંગલિક કરે છે. સંવર અધિકાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ શુદ્ધ પરિણામ. પુણ્ય-પાપના ભાવ એ અશુદ્ધ પરિણામ. અને સંવરના પરિણામ એ શુદ્ધભાવ, શુદ્ધ ઉપયોગ, શુદ્ધ પરિણામ. એ શુદ્ધ પરિણામમાં રાગાદિ અને પરનું જ્ઞાન થાય છે એમ કહેવું એ વ્યવહાર છે. પોતામાં પોતાનું ને પરનું જ્ઞાન પોતાનું પોતામાં જ્ઞાનાકાર જ્ઞાન થાય છે. આહાહા..! પરચીજ તો એમાં આવતી નથી પણ પરને કારણે આ જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! એને અસ્તિત્વ કહેવામાં આવે છે. તારું અસ્તિત્વ આટલું છે. તારી હયાતી, મોજુદગી, ભગવાનઆત્માની હયાતીની સત્તા એ રાગ અને પર ચીજ તો તારામાં છે

નહિ. તારા દ્રવ્ય-ગુણમાં તો નથી. પર્યાયમાં છે નહિ. પણ પર્યાયમાં એનું જે જ્ઞાન થાય છે એમ કહેવું એ પણ નથી. આહાહા..! એ તો પોતાના જ્ઞાનમાં પોતાનું અને પરનું સ્વપરપ્રકાશક જ્ઞાન થાય છે એ નિજરસની શક્તિ પોતામાં છે. 'ધીરૂભાઈ'! આવી વાતું છે. આહાહા..! બહારમાં પૈસા અને જેમ આ બે-પાંચ લાખ પેદા થાય એ તો આકાશમાં પાટુ મારે જાણે કે શું થઈ ગયું. આકાશમાં પાટુ મારે તો પડી જાય. અહીં પણ મફતનો પડી જાય છે. આહાહા..!

અહીં કહે છે. આ ચીજ એટલી મૂકી છે સંવર અધિકારમાં. કે પરવસ્તુ તો પોતામાં છે નહિ. ચૈતન્યરસથી ભર્યો પ્રભુ, એ રાગ, દયા, દાન, વિકલ્પ એ તો પોતામાં છે નહિ. પણ એનું જ્ઞાન કહેવું એમ પણ નથી. એનું જ્ઞાન નથી, પોતાના જ્ઞાનમાં પોતામાં સ્વપરપ્રકાશક સામર્થ્યથી પરને અને સ્વને જાણે એ પોતાથી શક્તિ છે. એનું નામ સંવર છે, એનું નામ ધર્મ છે એનું નામ મોક્ષનો માર્ગ છે. આ એનું માંગલિક કરે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૫, સોમવાર, તા.૧૭-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૫, પ્રવચન - ૧૨૪

'કળશટીકા' ચાલે છે. સંવર અધિકાર. 'અધ્યાત્મ તરંગિણી'માં આ અધિકાર શરૂ કરતાં ૐ નમઃ લીધું છે. બીજો અધિકાર શરૂ કરતાં. 'અધ્યાત્મ તરંગિણી' છે ને? એની ટીકા. એમાં ૐ નમઃ એમ કરીને આ અધિકાર શરૂ કર્યો છે. સંવર અધિકાર છે ને? ભેદજ્ઞાન. રાગનો વિકલ્પ... શરીર, વાણી, મનથી તો આત્મા જુદો છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ જે રાગ, એનાથી પ્રભુ અંદર ભિન્ન-જુદો છે. રાગથી ચૈતન્યના સ્વભાવનું ભેદજ્ઞાન કરવું, એ સંવર નામ મોક્ષનો એ માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભેદજ્ઞાન સિદ્ધા. આવશે એમાં. અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એ બધા ભેદજ્ઞાનથી સિદ્ધ થયા. રાગ, પુણ્ય અને પાપનો ભાવ હોય... આહાહા..! પણ એનાથી પ્રભુ ચૈતન્યદળ, ચૈતન્યદળ, અતીન્દ્રિય આનંદ સહજાત્મ દળ એ રાગથી ભિન્ન છે. આહા..! રાગ હો. જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી રાગ હોય, પણ ધર્મીજીવ એ રાગથી પોતાનો સ્વભાવ, ચૈતન્યદળ, અસ્તિ, મોજૂદ જ્ઞાનચેતનારસથી ભર્યો ભગવાનઆત્મા મોજૂદ ચીજ છે. આહાહા..! એનું રાગથી ભિન્ન કરીને જ્ઞાન કરવું. 'નવલચંદજી'! આ વાત છે. આહાહા..! અને તે ભેદજ્ઞાનમાં રાગની આકુળતાથી પ્રભુ અનાકુળ આનંદ ભિન્ન છે, એમ ભાન થતાં અનાકુળ આનંદનું અતીન્દ્રિય સ્વરૂપ જે સહજાત્મ સહજાનંદ સ્વરૂપ, એનો અતીન્દ્રિય આનંદનો પર્યાયમાં સ્વાદ આવે એને સંવર કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! માર્ગ અલૌકિક છે, ભાઈ! સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ. સત્-શાશ્વત ચિદ્-જ્ઞાન અને

આનંદ. સચ્ચિદાનંદ પ્રભુ, એ પુણ્ય અને પાપના વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ તદ્દન ભિન્ન છે. ભિન્ન છે જ, પણ એને ભિન્ન પ્રગટ કરી નથી. એથી ભિન્ન કરવી એનું નામ સંવર છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કહે છે હવે. ૐ નમઃ કરીને શરૂઆત કરે છે.

आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रव-
न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं सम्पादयत्संवरम्।
व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर-
ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते।।१-१२५।।

'ખંડાન્વય સહિત અર્થ :- चिन्मयम् ज्योतिः उज्जृम्भते' આહાહા..! 'चिन्मय' જ્ઞાનમય, એકલો જ્ઞાનનો રસકંદ આત્મા. એ 'चिन्मयम् ज्योतिः उज्जृम्भते' હવે પ્રગટ થાય છે. આહાહા..! જે રાગ અને પુણ્યના પ્રેમમાં ભગવાન ચિન્મયજ્યોતિ ગુપ્ત હતી, શુભ અને અશુભ રાગ વિકલ્પ, જે આકુળતા, તેના પ્રેમમાં, તેની આડમાં ચિન્મયજ્યોતિ ગુપ્ત હતી. આહાહા..! તે ભગવાન ચિન્મયજ્યોતિ રાગથી ભિન્ન પ્રગટ હોતી હૈ-પ્રગટ થાય છે. આહાહા..! આ કાલે આવી ગયું છે. આ તો ફરીને શરૂઆત કરી છે ને? આહાહા..!

એ જ્ઞાનચંદ્ર, બીજી રીતે કહીએ તો એ જિનચંદ્ર સ્વરૂપ છે એનું. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ. યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહાહા..! ભગવાન આત્મા જિનસ્વરૂપ, ત્રિકાળી જિનસ્વરૂપ, જેમાં આવરણ નથી, જેમાં કમી-ઊણપ નથી, જેમાં અશુદ્ધતા નથી. બેનનો શબ્દ છે ને એ? આહા..હા...!

મુમુક્ષુ :- ઓછું, અધિક અને વિપરીત.

ઉત્તર :- હા. એ વસ્તુ જે ચિન્મય દ્રવ્ય વસ્તુ પદાર્થ, અખંડાનંદ નાથ પ્રભુ, અનાદિઅનંત, એમાં આવરણ નથી, એમાં ઊણપ નથી. ઊણપ નામ કમી નથી અને એમાં અશુદ્ધતા નથી. બીજી રીતે કહીએ તો એ નિરાવરણ પ્રભુ દ્રવ્યસ્વભાવ અનાદિથી પડ્યો છે. અને ઊણપ નામ કમી નથી, પૂર્ણ છે અને અશુદ્ધતા નથી, એ શુદ્ધ છે. આહાહા..! એવો ભગવાન અંદર બિરાજે છે. ભગવત્‌સ્વરૂપ જ એ છે. એ ભગવત્‌સ્વરૂપ પ્રગટ થાય છે. આહાહા..! પુણ્ય અને પાપના પ્રેમમાં, આડમાં જે હતો એ હવે પ્રગટ થાય છે. એ રાગના પ્રેમને છોડી અને સ્વરૂપની હયાતી-મોજૂદગી દ્રવ્ય-વસ્તુ છે એ પ્રગટ થાય છે. પર્યાયમાં એ પ્રગટ થાય છે. વસ્તુ તો વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહા..હા...!

અરે..! અનંતકાળમાં એ ચીજ અંદર પૂર્ણાનંદ પ્રભુ (બિરાજે છે). એની વર્તમાન પર્યાયદૃષ્ટિમાં એની ચીજ છે એ ગુપ્ત રહી ગઈ. એક સમયની પર્યાય, જે પ્રગટ જ્ઞાનનો અંશ પણ પ્રગટ છે ને? પણ એની રુચિમાં વસ્તુ ગુપ્ત રહી ગઈ. 'મેરુચંદજી'! આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સહેલી છે, હવે ગુજરાતી કાંઈ એવું (કઠણ નથી). શેઠિયાના ઘરેથી વયા ગયા બધાય એટલે. આહાહા..! બે મહિના ને દસ દિ' ચાલ્યું હિન્દી. આહાહા..!

પ્રભુ! તું કોણ છે? ક્યાં છો? કેમ છો? આહાહા..! તો કહે છે કે ચિન્મય જ્યોતિ છે.

અખંડાનંદ પ્રભુ ચિન્મય, જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ વસ્તુ છે. આહાહા..! છે? **'ચેતના, તે જ છે સ્વરૂપ...'** **'મય'** શબ્દનો અર્થ કર્યો. ચેતન આત્મા, એનું ચેતનાસ્વરૂપ. આહાહા..! ચેતન કહો કે આત્મા કહો. આત્મા ચેતન, એ તો વસ્તુ. એનો સ્વભાવ ચેતના. આહા..! પ્રજ્ઞાબ્રહ્મ. આહાહા..! જાનના, દેખના અને આનંદ જેનો સ્વભાવ. જેમ વસ્તુ અનાદિ શાશ્વત, એમ એનો ચિદ્દ્ઘન આનંદકંદ પ્રભુ સ્વભાવ પણ શાશ્વત છે. આહાહા..! આહાહા..!

**'એવી જ્યોતિ અર્થાત્ પ્રકાશસ્વરૂપ વસ્તુ પ્રગટ થાય છે.'** આહાહા..! એ રાગના વિકલ્પો, અરે..! ગુણ-ગુણીના વિકલ્પ-ગુણી પ્રભુ ચિન્મય આત્મા અને એનો ગુણ ચેતના, એવો ભેદનો વિકલ્પ પણ જેને છૂટી જાય છે. આહાહા..! એ વિકલ્પથી રહિત ભગવાન ચિન્મય જ્યોતિ દૃષ્ટિમાં પ્રગટ થાય છે. એ દૃષ્ટિમાં ઓજલ હતી, ઓજલ (હતી) એ પ્રગટ થાય છે. તમને તો ગુજરાતી આવડે છે. શેઠ તો ગુજરાતી, શેઠિયા તો ગુજરાતી વધારે પસંદ કરતા. આહાહા..! તમે આવ્યા ને ગુજરાતી શરૂ (થયું). આહા..હા...!

અહીંયા છે. **'પ્રગટ થાય છે. કેવી છે જ્યોતિ?'** ભગવાન ચૈતન્યજ્યોત... આહાહા..! 'બહેન'ના શબ્દમાં તો એ આવ્યું હતું. એ આવ્યું ને? કનકને કાટ ન હોય. કનક-સોનું. કાટ હોય એને? કાટ કહે છે કે શું? કાટ કહે છે કે બીજું કહે છે? કાટ. કનકને કાટ ન હોય. અગ્નિમાં ઉધઈ ન હોય. ઉધઈ સમજતે હૈં? જીવડા, નાની ઉધઈ થાય છે. ઝીણા બહુ. બહુ કૂણા. તડકો લાગે ને તો મરી જાય. લાકડીમાં એવી ઉધઈ-ઉધઈ થાય છે. એ અગ્નિમાં ઉધઈ ન હોય. એમ ભગવાન આત્મામાં... આહાહા..! આવરણ ન હોય, અશુદ્ધતા ન હોય, ઊણપ ન હોય. એ શબ્દ આવે છે, 'બહેન'ના પુસ્તકમાં. આજે આવ્યા છે તો બપોરે ભેટ લઈ જજો. પુસ્તક બહુ સારું છે. ૩૧૦૦ છપાવ્યા છે. સાત રૂપિયાની કિંમત છે. ત્રણસો બધાને આપી દીધા. ત્રણ રૂપિયે. તમને તો ભેટ (દેવાનું છે). આહાહા..! ઘણા વર્ષે આવ્યા. પ્રેમ લઈને આવ્યા છે. આહાહા..!

અહીંયાં કહે છે, પ્રભુ! એ ચિન્મયજ્યોતિ પ્રભુ ધ્રુવ, જેની શરૂઆત નહિ-આદિ નહિ, જેનો અંત નહિ. એ ચીજ છે એનો આદિ-અંત શું? આહાહા..! એવી ચિન્મય જ્યોતિ-પોતાનું સ્વરૂપ પ્રગટ થાય છે. આહાહા..! **'કેવી છે જ્યોતિ ? સર્વ કાળે પ્રગટ છે.'** વસ્તુ છે, વસ્તુ છે એ તો સર્વ કાળે છે જ. આહાહા..! પર્યાયમાં-અવસ્થામાં પલટવું થાય છે. પર્યાય પલટે છે. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! **'સર્વ કાળે પ્રગટ છે.'** વસ્તુ સર્વ કાળ પ્રગટ છે. વર્તમાન પર્યાય જે ચાલે છે એ વ્યક્ત-પ્રગટ છે. એ અપેક્ષાએ વસ્તુને અપ્રગટ કહી. પણ વસ્તુ તરીકે પ્રગટ છે. કેમકે વસ્તુ તરીકે અભાવ નથી, ભાવ છે. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ સ્વરૂપે સદા, સદા પ્રગટ છે-પ્રગટ છે. આહાહા..!

એ પણ શબ્દ આવ્યો છે ને 'બહેન'માં. **'જાગતો જીવ ઊભો છે એ ક્યાં જાય?'** એમાં ભાષા સાદી કરી છે. જાગતો જીવ. જાગતો એટલે જ્ઞાયક. જાગતો જીવ ઊભો એટલે ધ્રુવ છે ને? ઊભો એટલે છે ને? સમજાય છે કાંઈ? આહાહા..! ચૈતન્યજ્યોતિ જાગતી જ્યોત ઊભો છે ને? ધ્રુવ છે ને? ક્યાં જાય? એ ધ્રુવ ચીજ જાય ક્યાં? શું એ પર્યાયમાં આવે છે? શું એ રાગમાં આવે છે? એ તો છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો! 'ધીરૂભાઈ'! 'ધીરૂભાઈ'

કહે, એક-બે બોલ બોલવા. ત્યાં આવી ગયું. આહા..હા...!

**'વળી કેવી છે?'** વસ્તુ. ચૈતન્યજ્યોત પ્રકાશની-ચૈતન્યપ્રકાશની મૂર્તિ, ચેતન, ચેતના, સ્વભાવની મૂર્તિ કેવી છે? આહાહા..! **'કર્મકલંકથી રહિત છે.'** એ વસ્તુમાં આવરણ નથી. એ તો પર્યાયમાં કર્મનું નિમિત્ત છે. પર્યાયમાં કર્મનું નિમિત્ત (છે). પર્યાય સ્વતંત્ર, એમાં કર્મનું નિમિત્ત. વસ્તુમાં કર્મનું નિમિત્ત છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ. કર્મકલંક. એ તો કહ્યું ને આમાં? આવરણ નથી. આહાહા..! પ્રભુ! પૂર્ણ સ્વરૂપમાં આવરણ કેવું? અને અશુદ્ધતા કેવી? અને ઓછપ-ઊણપ કેવી? આહા..! એ તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે. આહાહા..!

વૈષ્ણવમાં કહેવાય છે, 'મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' આવે છે? મારી નજરને આળસે. નજર-પર્યાયમાં નજર ન્યાં ન કરી. 'નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ-આત્મા. રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હરે તે હરિ. આહાહા..! એ નયણને આળસે (નિરખ્યા નહિ). ભગવાન બિરાજે છે સમીપમાં-નજીકમાં. એક સમયની પર્યાયની પાસે બિરાજે છે. બરાબર છે? ભાઈ! આહાહા..! એ સમીપ મહાપુરુષ પરમાત્મસ્વરૂપે બિરાજે છે. એક સમયની વર્તમાન પર્યાય છે એની પાસે પ્રભુ પૂર્ણ બિરાજે છે. તારી નજર ત્યાં ગઈ નથી. બરાબર છે? આહાહા..! ભગવંત! આહાહા..! એ તો કર્મના કલંકથી રહિત છે. આહાહા..!

**'કેવી છે?' 'निजरसप्राग्भारम्' 'निजरस'** ચૈતન્યરસ. ચૈતન્યશક્તિ. ત્રિકાળી ચૈતન્યરસ. આહાહા..! નિજરસનો અર્થ કર્યો ચૈતન્યગુણ. ગુણનો અર્થ રસ. ચૈતન્યરસ. ત્રિકાળ ચૈતન્યરસ. આહાહા..! એનો **'સમૂહ છે'** ભગવાન અંદર ચૈતન્યના રસનો સમૂહ છે. ભાષા તો સમજો છો? આહાહા..! પ્રભુ! તું કોણ છો? આહાહા..! એ **'निजरसप्राग्भारम्' 'निजरसप्राग्भारम्'** ભગવાનઆત્મા, પોતાનો નિજરસ-ચૈતન્યરસનો સમૂહ છે. આહાહા..! એમાં તો અલ્પતાય નથી, અશુદ્ધતા નથી, આવરણ નથી. આહાહા..! એવી દૃષ્ટિ એમાં દ્રવ્ય ઉપર કરવી, એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'निजरसप्राग्भारम्'** નિજ શક્તિના સ્વભાવનો સમૂહ પ્રભુ છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતસ્વચ્છતા, અનંતઈશ્વરતા, પ્રભુતા એ બધી શક્તિનો સમૂહ છે. આહાહા..! એને પામર તરીકે માન્યો (એ) મિથ્યાત્વ છે. આહાહા..! એવા આત્માએ એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને એટલું માન્યું. મિથ્યાત્વ છે. જૂઠી દૃષ્ટિ છે. આહાહા..! આવો ભગવાન નિજરસની શક્તિઓનો સમૂહ પ્રભુ, એની દૃષ્ટિ કરવી એનું નામ સત્યદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ. જેવું સ્વરૂપ છે તેવી દૃષ્ટિ થઈ માટે સમ્યગ્દૃષ્ટિ. ભાષા સમજાય છે? ભાઈ! આહાહા..! ભગવાન! તું પ્રસન્ન સ્વરૂપ અંદર છે. આનંદસ્વરૂપ, પ્રસન્નસ્વરૂપ. આહાહા..! જેમાં દીનતા નથી, પામરતા નથી, વિપરીતતા નથી. આહાહા..! એનો એ ચેતનાગુણનો સમૂહ છે. આહાહા..! એ અસ્તિથી વાત કરી.

હવે નાસ્તિથી કરે છે. **'पररूपतः व्यावृत्तं'** છે? **'पररूपतः' 'જ્ઞેયાકાર પરિણમનથી**

**પરાઙ્મુખ...**' બહુ ઝીણી વાત લીધી છે. સાંભળો! શું કહે છે એ? ભાવાર્થ છે ને? '**સકળ જ્ઞેયવસ્તુને જાણે છે.**' એ જ્ઞાનનો સ્વભાવ પોતા સિવાય અનંત જ્ઞેયોમાં કોઈ જ્ઞેયને એ મારું છે એમ તો માનતો નથી, પણ સકળ જ્ઞેયને જાણે છે એટલે કે '**સકળ જ્ઞેય વસ્તુને જાણે છે, એટલે તદ્રૂપ થતી નથી,...**' સકળને જાણે છતાં તે જ્ઞેયરૂપ જ્ઞાન થતું નથી. આહાહા..! ચૈતન્યના નૂરનું પૂર, પ્રભુ! આહાહા..! અનંત-અનંત જ્ઞેયો, અનંત પરમેશ્વરો, અનંત નિગોદના જીવો, અનંત રજકણો... આહાહા..! એ સકળ જ્ઞેયને ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં જાણે છે, છતાં તે જ્ઞેયરૂપે તે જ્ઞાન થતું નથી. આહાહા..! તે જ્ઞાનસ્વરૂપ તો પોતાના અસ્તિત્વમાં રહ્યું છે. એ જ્ઞેયને જાણ્યું માટે જ્ઞેયના અસ્તિત્વમાં ગયું છે અને જ્ઞેયનું અસ્તિત્વ જ્ઞાનમાં આવ્યું છે, એમ નથી. બરાબર છે? આહાહા..! આવો નાથ!

'**पररूपतः व्यावृत्तं**' પરરૂપની વ્યાખ્યા આટલી બધી કરી કે '**જ્ઞેયાકાર પરિણમનથી પરાઙ્મુખ છે.**' અર્થાત્ 'ભાવાર્થ આમ છે એનો કે સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી,...' આહાહા..! અનંત કેવળીઓને પણ જ્ઞાનની પર્યાય... આહાહા..! જાણે છતાં તે પરરૂપ તે જ્ઞાન થતું નથી. સ્વરૂપમાં, સ્વક્ષેત્રમાં સ્વભાવમાં રહીને પરને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. એ પોતાના ક્ષેત્ર અને ભાવમાં રહીને પોતાને પોતે પૂર્ણ જાણે છે. આહા...! અરે..! એણે સાંભળ્યું નથી, ભાઈ! આહાહા..! તું કોણ છો અંદર? ભગવત્સ્વરૂપ (છો). આહાહા..!આ એ જ્ઞાનવસ્તુ, ચેતનરસસ્વભાવી પ્રભુ, પોતા સિવાય પર અનંત જ્ઞેયો, એને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. કેમકે એ ચીજને એ જ્ઞાનપર્યાય સ્પર્શતી નથી-અડતી નથી. તેમ તે જ્ઞેયો તે જ્ઞાનની પર્યાયમાં અડતા નથી. આહાહા..! અધિકાર બહુ સારો આવ્યો છે તમારે. ભાગ્યશાળીને કાને પડે આ તો એવી વાત છે. બરાબર છે? આહાહા..! અરે..! બાપુ!

પરવસ્તુથી '**व्यावृत्तं**' શબ્દનો અર્થ એવો કર્યો. ભગવાન જ્ઞાનસ્વરૂપી બિંબ પ્રભુ, એ તો વસ્તુ તો વસ્તુ છે, પણ જ્યારે રાગથી ભિન્ન પડ્યું અને એની સ્વરૂપની પર્યાય પ્રગટ થઈ તો એ પર્યાય પરવસ્તુને જાણે એવું, તોપણ તે પરવસ્તુના કોઈપણ અંશને જ્ઞાનની પર્યાય જાણતાં તેને અડતી નથી. અને તે જ્ઞેયો અનંતને અહીં જાણે, છતાં તે અનંત જ્ઞેયો અહીં જ્ઞાનની પર્યાયને અડતા નથી. ભાષા તો સમજાય છે ને? ભાઈ! આહાહા..! ભગવાન છે ને, બાપુ ! આમાં કોણ... આહા..હા...!

દ્રવ્યે તો બધા ભગવાન છે, સાધર્મી છે. આહાહા..! જેવો આત્મા પોતાને જાણ્યો જેવો, એવો બીજાનો આત્મા પણ ભગવાનસ્વરૂપે સાધર્મી બધા આત્માઓ છે. આહાહા..! આહાહા..! કેમકે પોતે અનંત જ્ઞેયોને જાણતાં છતાં જ્ઞેયરૂપ થયો નથી અને તે જ્ઞેયો જ્ઞાનમાં આવતા નથી. પણ એ જ્ઞેય સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી પ્રગટેલું છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ પ્રભુ આવો છે, ભાઈ! એ એને જાણે છે. એમ ભગવાનઆત્માઓ આ બધા, દેહ ન જો, વાણી ન જો, કર્મ ન જો, રાગ ન જો. એ ભગવાન પૂર્ણાનંદનો નાથ બિરાજે છે. આહાહા..! એનો આત્મા પણ એને ખબર નથી. બાકી એનો આત્મા પણ પરજ્ઞેયને જાણતાં, પરને સ્પર્શતો નથી, પરજ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. એવા ચૈતન્યબિંબ ભગવાન બિરાજે છે

બધા. આહાહા..! આમાં કોની સાથે મૈત્રી ને કોની સાથે વિરોધ? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્યો, સંતો, દિગંબર સંતો એ તો કેવળજ્ઞાનના કેડાયતો. આહાહા..! એણે જે આત્માની વ્યાખ્યા (કરી), બહુ થોડા શબ્દોમાં અને ઘણું ગંભીર. આહાહા..! ભાઈ ! તેં તારી ચીજને... આહાહા..!

અહીં સંવરનો અધિકાર છે. એટલે? કે રાગથી માંડીને બધી ચીજો જ્ઞેય છે. એને, ભગવાન જ્ઞાનશક્તિવાળું તત્ત્વ તો છે, પણ જ્યારે એને રાગથી ભિન્ન પડીને જ્ઞાનની દશા પ્રગટ થઈ, જેમાં શાંતિ આવી, આનંદ આવ્યો અને પ્રગટ શક્તિ જે હતી તે પર્યાયમાં આવી, પ્રગટ પર્યાય (થઈ), એ પર્યાય સંવરરૂપ છે, ધર્મરૂપ છે. એ પર્યાય સર્વ જ્ઞેયને જાણતાં છતાં તે જ્ઞેયરૂપ તે પર્યાય થતી નથી અને તે જ્ઞેય તે જ્ઞાનરૂપ થતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આવો કહે છે કે ઉપદેશ કેવો? બાપુ! તારો માર્ગ તો... નાથ ! આહા..હા...!

'**સકળ જ્ઞેયવસ્તુને જાણે છે, તદ્રૂપ થતી નથી,...**' આહાહા..! રાગ આવે તો રાગને જ્ઞાન જાણે એમ કહેવું એ વ્યવહાર છે. પણ રાગની અસ્તિને પોતાના સ્વપરપ્રકાશક જ્ઞાનમાં પોતે પોતાનું સ્વપરપ્રકાશક સામર્થ્યથી પ્રગટ્યું છે. એમાં રાગ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે. બાકી તો પોતાની પર્યાય જ સ્વપરપ્રકાશને જણાય છે. આહાહા..! સમજાણું કાંઈ ? '**પોતાના સ્વરૂપે રહે છે.**' સકળ જ્ઞેયવસ્તુને જાણતાં ભલે એવા મતિ અને શ્રુતજ્ઞાનની પર્યાય હો, છતાં સર્વ જ્ઞેયને જાણતા છતાં તે પરરૂપે તે જ્ઞાનદશા થતી નથી. પોતાનું એકત્વ તે જ્ઞાન છોડતું નથી. પરનું પૃથક્કત્વ તે ત્યાં પોતામાં મેળવતું નથી. આહાહા..!

'**પોતાના સ્વરૂપે રહે છે.**' આહાહા..! છે ભાષા? આ તો અલૌકિક વાતું છે, ભગવાન! આહાહા..! '**કેવી છે?**' '**स्वरूपे सम्यक् नियमितं**' સ્વરૂપ '**જીવના શુદ્ધસ્વરૂપમાં...**' ભગવાનઆત્માનું સ્વરૂપ જે આનંદ ને જ્ઞાન ને શાંતિ અને જેનો સ્વભાવ જ્ઞાન, આનંદ, એને મર્યાદા ન હોય. સમજાય છે કાંઈ? આહાહા..! 'બહેન'માં એ શબ્દ આવ્યો હતો, કહ્યું હતું એક ફેરી. આમાં આવશે કે પુણ્ય અને પાપ અને મિથ્યાત્વનો ભાવ, એ સીમા છે-એની સીમા છે. કેમકે વિકાર છે એની હદ છે, મર્યાદા છે એથી ત્યાંથી પાછો ફરી શકે છે. સમજાય છે? આહા..હા...!

ભગવાનઆત્મામાં તો જ્ઞાન ને આનંદ ને શાંતિની અમર્યાદિત, અપરિમિત શક્તિ છે. આહાહા..! એમાં જ્યાં ગયો, એ ફરે નહિ હવે. એ કહેશે. હમણાં '**नित्यविजयं**' કહેશે. આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ પ્રભુ, જેની જ્ઞાન આનંદાદિ અનંત શક્તિ અને એક એક શક્તિ પણ અમર્યાદિત સામર્થ્યવાળી શક્તિ છે. આહાહા..! એવી શક્તિનું સ્વરૂપ પ્રભુ, એમાં જેની દૃષ્ટિ પડી અને અનુભવ થયો તે અમર્યાદિત ચીજમાંથી પાછો ફરે નહિ હવે. અને મિથ્યાશ્રદ્ધા અને પુણ્ય-પાપના ભાવ એ વિભાવ છે, એની સીમા છે, સીમા છે. કાળથી ભલે એક સમય (છે), પણ ભાવથી પણ સીમા છે. એ વિકાર અમર્યાદિત નથી. હદ-હદવાળો છે, સીમા છે તેથી પાછો ફરી શકે છે. આહા..હા...!

મુમુક્ષુ :- વિકાર કી સીમા હૈ,સ્વભાવ કી સીમા નહીં હૈ.

ઉત્તર :- સ્વભાવની સીમા ક્યાં છે? વિભાવની સીમા છે. ગમે તેટલો વિભાવ અનંતકાળ કર્યો પણ એક સમયની મુદ્દત છે અને મર્યાદિત છે. વિભાવ અમર્યાદિત ન હોય. આહાહા..! સમજ મેં આયા? સમજમાં આવે છે? આહા..હા...!

ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાન આદિ અનંત સ્વભાવની શક્તિથી અમર્યાદિત ભર્યો છે. પણ એના રાગના મર્યાદિત ભાવથી હઠીને-ખસીને શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ ને અનુભવ થયો, તો કહે છે, ત્યાં 'ચારિત્રપાહુડ'માં તો એમ કહે છે કે એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટી એ પણ અક્ષય ને અમેય છે. આહાહા..! વસ્તુ તો અક્ષય અને અમેય છે-અમેય એટલે મર્યાદારહિત છે, પણ પર્યાય પ્રગટી... આહાહા..! એ પણ અક્ષય ને અમેય છે. ક્ષય ન થાય અને મેય-મર્યાદારહિત એ પર્યાય છે. આહાહા..! અને વિકાર છે તે મર્યાદિત છે. આહાહા..! સાધકને એક સમયની પર્યાયમાં બે ભાગ. સાધક છે ને? હજી પૂર્ણ દશા પ્રગટી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અજ્ઞાનીની તો વાત શું કરવી? પણ અહીંયાં કહે છે કે સંવર-આત્મજ્ઞાન ઉત્પન્ન થયું, એની પર્યાયની નિર્મળતામાં પણ ક્ષય નહિ અને મર્યાદા નહિ એવી દશા છે. અને રાગ જે બાકી રહ્યો તેની મર્યાદા છે. એ ન્યાંથી ખસી જશે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એના ઘરની વાતું સાંભળી નહિ. નિજઘરમાં શું ૠદ્ધિ છે? પરઘરમાં શું વિકાર અને દુઃખ છે, એની એને ખબર નથી. આહા..હા...!

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની શુભભાવમાં આવે, પણ તે દુઃખરૂપ લાગે એને. અને તેની હદ છે. આહાહા..! અને એની શક્તિ ને સ્વભાવ અક્ષય અને અમેય તો છે જ, આત્મા વસ્તુ, પણ એનું જ્ઞાન ને શ્રદ્ધા ને સ્થિરતા થતાં તે પર્યાયમાં અક્ષય અને અમેયપણું આવી જાય છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે, બાપુ! આહાહા..! આવો તે ઉપદેશ કઈ જાતનો? દયા પાળવી ને વ્રત પાળવા... અરે..! બાપુ! એ બધા વિકલ્પ છે, રાગ છે, ભાઈ! એ આત્મા નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..હા...!

**'सम्यक् नियमितं' 'જીવના શુદ્ધસ્વરૂપમાં જેવી છે તેવી ગાઢપણે સ્થાપિત છે.'** આહાહા..! જોયું! ધ્રુવ અવિનાશી આદિ-અંત વિનાની ચીજ પ્રભુ, એ ગાઢપણે સ્થિર છે, સ્થાપિત છે. પણ એનું ભાન થયું એ પણ ગાઢપણે સ્થાપિત છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! આ તો એક એક શ્લોક અલૌકિક વાતું છે. આહાહા..! **'स्वरूपे सम्यक् नियमितं' 'જીવના શુદ્ધસ્વરૂપમાં જેવી છે તેવી ગાઢપણે સ્થાપિત છે.'** આહાહા..! અંતર ગાઢ ધ્રુવપણે સ્થિર છે અને એનું ભાન થયું તે પણ ગાઢપણે સ્થાપિત છે. આહા..હા...!

**'વળી કેવી છે?' 'संवरम् सम्पादयत्'** દેખો! જોયું! 'ધારાપ્રવાહરૂપ આસ્રવે છે જ્ઞાનાવરણાદિકર્મ તેનો વિરોધ તેની કરણશીલ છે.' આહાહા..! એ પર્યાય, હોં! શુદ્ધ ચૈતન્યઘન ભગવાન, સચ્ચિદાનંદ પ્રભુ, સત્-શાશ્વત, ચિદ્-જ્ઞાન ને આનંદનો કંદ, એનો અનુભવ થયો. આહાહા..! એ વસ્તુ છે તેવું અનુસરીને ભવવું થયું. જે રાગને અનુસરીને વિકારનું થવું હતું એ તો દુઃખ હતું. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનની મૂર્તિ, તેને અનુસરીને અનુભવશીલ થયો. આહાહા..!

એ '**ધારાપ્રવાહરૂપ આસ્રવે છે...**' આવરણ એને રોકે છે. અંદરમાં જે ધારાપ્રવાહી કર્મ આવતું અને પરિણામ પણ આ વિકારના થતાં, એને અહીં અંતરમાં જતાં તેને રોકે છે. આહાહા..! એ ઉત્પન્ન થતા નથી એટલા. જેટલો આત્મા આનંદસ્વરૂપમાં લીન થાય છે તેટલો આસ્રવ-પુણ્ય-પાપ ઉત્પન્ન થતાં નથી તેને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! અરે..! આવી વાત ક્યાં છે? બાપુ! આહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર...

મુમુક્ષુ :- વીતરાગ..

ઉત્તર :- વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ, એ સિવાય આ વાત ક્યાંય છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

શું કહે છે? સંવરની વ્યાખ્યા કરી. આસ્રવતાથી પુણ્ય-પાપના ભાવ અને આવરણો, '**તેનો નિરોધ તેની કરણશીલ છે.**' કોણ? જે શુદ્ધ ધ્રુવસ્વરૂપ ભગવાન, એનો જ્યાં રાગથી ભિન્ન પડીને અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થયા, એ ધારાવાહી પરિણામ, ધારાવાહી આવરણને રોકે છે. આવું છે. આહાહા..! ધ્રુવને ધારે ધારણામાં. આહાહા..! જેને ધ્રુવના ધ્યાનથી ધ્યેયને ધ્રુવમાં લઈને જે દૃષ્ટિ પ્રગટી, જે જ્ઞાનાદિ પ્રગટ્યું, એ નિર્મળ શ્રુતજ્ઞાન, એ કર્મ નવા આવે તેને રોકે છે. રોકે છે એનો અર્થ કે આવતા નથી એને રોકે છે એમ કહેવામાં આવે.

મુમુક્ષુ :- ભાવ રોકાઈ ગયા.

ઉત્તર :- રોકાઈ ગયા. આવે છે ને રોકે છે એમ (નહિ). પણ પહેલાં આવતા હતા એ અત્યારે રોકે છે એટલે નથી આવતા. એમ એનો અર્થ. આહાહા..! પણ આવતા હતા ને રોક્યા એમ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો શાસ્ત્ર અધ્યાત્મ છે, બાપુ! એના એક એક શબ્દમાં ગંભીરતા પડી છે. આ તો ત્રણલોકના નાથ દેવાધિદેવ તીર્થંકરોના વચનો છે. સંતો તો એ તીર્થંકરના માલને આડતિયા થઈને દુનિયાને આપે છે. આહાહા..! બાપુ! માલ તો આ છે, ભાઈ! આહાહા..! એક એક કડીએ બાર અંગનો સાર ભરી દે છે, આ સિદ્ધાંત અને આ શાસ્ત્ર. આહા..હા...!

'**संवरम् सम्पादयत्**' એ સંવરને સંપાદ કરે છે. એટલે? આસ્રવને રોકે છે. એ એવો સંપાદ એટલે એનો કરણશીલ. સંવરનો સ્વભાવ જ એવો છે. એમ. ભગવાનઆત્મા રાગથી ભિન્ન પડી ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ હો પણ એ આસ્રવ છે, આકુળતા છે. એનાથી ભિન્ન પડી, સંવર-ધર્મની પરિણતિ, એ આસ્રવને રોકવાના સ્વભાવવાળી છે. કરણશીલ કહ્યું ને? કરણશીલ. રોકવાના સ્વભાવવાળી ચીજ છે એ. આહાહા..! ભાઈ! શબ્દાર્થ પણ કેવા કર્યા છે! 'રાજમલ'. આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસે' આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસ' છે ને? 'સમયસાર નાટક' આમાંથી બનાવ્યું છે. આહા..હા...!

અરે..! ઘરમાં ચીજ અને ઘરમાં જોવાની ફુરસદ નહિ. આહાહા..! અને બહારમાં ભમ્યા કરે. પુણ્ય અને પાપ અને પુણ્ય-પાપના બંધન અને બંધનના ધૂળના બહારના ફળ. આહાહા..! એને બહારમાં જોયા કરે કે જે ચીજ અંદરમાં નથી અને જે અંદરમાં છે તેને

જોવાની ફુરસદ નથી. આહાહા..! 'બહેન'માં એ શબ્દ છે. **'લોકાગ્રે જાવું હોય તો લોકનો સંગ છોડ.'** આહાહા..! લોકના-પરના સંગથી તને શું (લાભ) છે ? આહાહા..! તારે લોકાગ્રે એકલું જ રહેવું છે ને? સિદ્ધ થઈને. તો એકલા રહેવું હોય, લોકાગ્રે જાવું હોય તો લોકનો સંગ છોડ તો લોકાગ્રે જઈ શકીશ. બરાબર છે? ભગવાન અસંગી પ્રભુ, તેનો સંગ કર તો એકાગ્ર થઈને લોકાગ્રે જઈ શકીશ. આહાહા..! ઝીણું લાગે. પ્રભુ! કઠણ લાગે. માર્ગ તો આ છે. આહાહા..! એનું પહેલું જ્ઞાન તો કરે. સમજણમાં તો લે કે માર્ગ તો આ છે. એ સાચા જ્ઞાન વિના જશે ક્યાં? ક્યાં જવું અને ક્યાંથી ખસવું? એનું જ્ઞાન જ નથી જ્યાં. આહાહા...!

શું કહ્યું? **'संवरम् सम्पादयत्'** આવતા આવરણને રોકવું જેનો સ્વભાવ છે. આહાહા..! કરણશીલ-રોકવાનો સ્વભાવ છે. આહાહા..! પર્યાયમાં, હોં! સંવર ધર્મ પ્રગટ.. સંવર. સમ્યગ્દર્શન-જ્ઞાન જે સ્વરૂપની પ્રતીતિ, રમણતા આદિ અંશ પ્રગટ્યો, એનો એ આવરણોને રોકવાનું કરવાનો સ્વભાવ છે. આહાહા..! આ સંવરની પહેલી ગાથા છે. આહાહા...!

**'ભાવાર્થ આમ છે કે - અહીંથી માંડીને સંવરનું સ્વરૂપ કહે છે.'** અહીંથી માંડીને આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ થયા) એ સંવરસ્વરૂપ છે. એનું સ્વરૂપ કહે છે. સમજાણું કાંઈ? **'प्रतिलब्धनित्यविजयं'** આહાહા..! દેખો તો ખરા! **'પ્રાપ્ત કરી છે શાશ્વત જીત જેણે,...'** આ ગજબ વાત છે, દેખો! શું કહે છે પ્રભુ? જીત તો ઠીક. પણ નિત્ય. અહીં વજન અહીં છે. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, જેની શ્રદ્ધા-જ્ઞાનમાં, રમણતામાં આવ્યો.. આહાહા..! એ નિત્ય વિજય પ્રાપ્ત કર્યો છે. એ પરિણતિ હવે પાછી ફરવાની નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ! સંતોની વાણી તો જુઓ! અમને જે આ પ્રગટ દશા થઈ એ નિત્ય રહેવાની છે, કહે છે. આહાહા..! હવે અમે પડીએ અને મિથ્યાત્વમાં, રાગ-દ્વેષમાં આવીએ એ અમારે રહ્યું નથી હવે. આહાહા..! આહાહા..! પર્યાયમાં, હોં! નિત્ય વિજય મેળવ્યો છે. વસ્તુ તો નિત્ય છે. આહાહા..! એવી ચીજને જ્યાં અંદરમાં એ શુભ-અશુભ વિકલ્પનો રાગ જે છે, એનાથી ભિન્ન અને સ્વભાવની એકતા અને વિભાવની પૃથક્કતા, એ જ્યાં પ્રગટ અંદર થઈ... આહાહા..! એ નિત્ય વિજય છે. એ અમારી દશા હવે નિત્ય પોતાનો વિજય કરશે. રાગનો પરાજય કરશે અને સંવરનો વિજય કરશે. વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણવચન ગુરુદેવ!)

## આસો સુદ ૬, મંગળવાર, તા.૧૮-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૫, પ્રવચન - ૧૨૫

'કળશટીકા' સંવર અધિકાર. છેલ્લી ચાર લીટી છે ને? **'ભાવાર્થ આમ છે કે -'** છેલ્લી ચાર લીટી છે. **'અહીંથી માંડીને સંવરનું સ્વરૂપ કહે છે.'** આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાન ને આનંદસ્વરૂપ, એનો જ્યાં અંતરમાં અનુભવ થયો, પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડીને.

એ પુણ્ય અને પાપ આસ્રવ છે. મિથ્યાત્વશ્રદ્ધા એ આસ્રવ છે. વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ છે એનાથી વિપરીત માન્યતા એ મિથ્યાત્વ છે. અને અનુકૂળ-પ્રતિકુળતામાં રાગ-દ્વેષ કરવો એ પણ મિથ્યાત્વ સાથેના અનંતાનુબંધીનો વિકાર છે. એ બેનો જેણે શરૂઆતમાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરી પુણ્ય-પાપ અને મિથ્યાત્વના આસ્રવને રોક્યો-રુંધન કર્યું, એને અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ આચરણરૂપ સંવર થયો. સમજાય છે કાંઈ? અહીંથી શરૂઆત થાય છે એમ કહે છે. ચોથે ગુણસ્થાનથી શરૂઆત થાય છે, એમ કહે છે. આહાહા..!

ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ શાંતિનો સાગર સ્વભાવ, એની સન્મુખ થઈને નિમિત્ત, રાગ ને એક સમયની પર્યાય તરફથી પણ વલણ છોડી દઈને, શુદ્ધ ચૈતન્યઘન નિત્યાનંદ પ્રભુ, એ ઉપર જેણે આશ્રય લીધો, એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપ આચરણ થાય એ સંવર. સમજાય છે કાંઈ? એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગ-દ્વેષનો આસ્રવ રોકાણો. બીજો અસ્થિરતાનો આસ્રવ છે પણ શરૂઆત અહીંથી થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**અહીંથી માંડીને...**' એમ છે ને? '**સંવરનું સ્વરૂપ કહે છે. કેવો છે સંવર?**' '**प्रतिलब्धनित्यविजयं**' આહાહા..! જુઓ! આચાર્ય વાત કરે છે. '**પ્રાપ્ત કરી છે શાશ્વત જીત જેણે,...**' આહાહા..! ચૈતન્યદ્રવ્ય-વસ્તુ એની જેણે અંતરમાં દૃષ્ટિમાં પ્રાપ્ત કરી, એણે આસ્રવ ઉપર શાશ્વત જીત મેળવી. હવે એ જીત થઈ એ કદી પરાજિત થાય નહિ એમ કહે છે. આહાહા..!

ફરીને. આ '**नित्य**' શબ્દ પડ્યો છે ને? '**नित्यविजयं**' આહાહા..! જેમ અનાદિ મિથ્યા શ્રદ્ધા અને રાગ-દ્વેષ એનો જય હતો અનાદિથી અને સંવરનો પરાજય હતો. આહાહા..! ધર્મદશાનો પરાજય હતો. ત્યારે આ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એને જ્યાં દૃષ્ટિમાં લીધો અને જ્ઞાનમાં એને જ્ઞેય બનાવ્યો અને એના સ્વરૂપમાં, સ્વરૂપ આચરણરૂપી ચારિત્ર પણ પ્રગટ્યું, એ શરૂઆત. આહાહા..! ત્યારે તેણે શાશ્વત જીત મેળવી. આહાહા..! એ હવે આત્મા જેમ નિત્ય અને ધ્રુવ છે એમ જેણે નિત્ય અને ધ્રુવનો આશ્રય લઈ પરિણતિ નિર્મળ જેણે સંવર પ્રગટ કર્યો, એ હવે કર્યો એ કર્યો કહે છે. એ નિત્ય રહેશે. આહાહા..! વસ્તુ જેમ નિત્ય રહે છે, પ્રભુ! એમ એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પણ પ્રગટ કર્યો. આહાહા..! એ નિત્ય રહેશે. પર્યાય, હોં! દ્રવ્ય તો નિત્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ ભગવાન પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, એનો ગુણ અને દ્રવ્ય તો નિત્ય શાશ્વત જ છે, પણ એનું અવલંબન લઈને જેણે સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપ આચરણની સ્થિરતા, એવો જેણે સંવર પ્રગટ કર્યો એ સંવર નિત્ય રહેશે. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં તો એમ આવે છે કે પહેલું ઉપશમ સમકિત થાય.

ઉત્તર :- એ ઉપશમ થાય એની અહીંયાં અત્યારે વાત લીધી નથી. ઉપશમ થાય તોપણ એમ ને એમ રહેશે એમ કીધું છે અહીં તો. આહાહા..! શાસ્ત્રમાં એવું આવે છે કે પ્રથમ ઉપશમ થાય અને પહેલો પડી પણ જાય. એવો એક અધિકાર આવે છે. અને બીજો અધિકાર એવો પણ આવે છે કે પડે નહિ, એમ પણ આવે છે. અહીં તો આ વાત એકદમ લીધી છે. આહાહા..!

શાશ્વત પ્રભુ જ્યાં દૃષ્ટિમાં અને અનુભવમાં લીધો, એ સંવરદશા શાશ્વત એમ ને એમ રહેવાની, કહે છે. આકરી વાત છે, પ્રભુ! આહાહા..! સંવર એટલે આમ બહારથી હાથ જોડીને બેઠો, આસ્રવ રોક્યા એમ નહિ. અંતરમાં અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ... આહાહા..! એનો જેણે આશ્રય અને અવલંબન લીધું, એ આશ્રય અને અવલંબનમાં જે દશા સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિ અંશે પ્રગટ થઈ એ અહીં સંવરની શરૂઆત થઈ. 'સુમેરુમલજી'! આહાહા..! ભાઈ! અહીં તો અપ્રતિહતની વાત છે. છે? થાય ને પડે એની અહીં વાત (નથી). આહાહા..!

મુમુક્ષુ :- થાય ને ચડે એની વાત છે.

ઉત્તર :- એ પડે એ તો એક જાણવાની ચીજ માટે બતાવ્યું.

અહીંયાં તો આચાર્યનો પોકાર દરેક ગાથામાં છે. ૩૮ ગાથામાં, ૯૨ ગાથામાં. જે અમે આત્મજ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કર્યું છે એ હવે પડવાનું નથી. આહાહા..! એટલું અપ્રતિહત સમ્યગ્દર્શન પ્રગટ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભલે હજી વેદનમાં આસ્રવ છે પણ અમને પ્રગટેલી દશા છે એ હવે ખસવાની નથી. આહાહા..! એ આગળ કહેશે કે, વેદનમાં અમને બે પ્રકાર છે. વસ્તુના આશ્રયથી આનંદ આવ્યો એ પણ છે અને જેટલી અશુદ્ધતા છે એ પણ વેદનમાં છે. પણ આ પ્રગટી દશા એ પાછી પડવાની નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૯૨ ગાથા 'પ્રવચનસાર', ૩૮ ગાથા 'સમયસાર'માં એ જ કહ્યું છે. અહીં તો અપ્રતિહત સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા કરી છે. આવ્યું એ જાય નહિ. આહાહા..! કેમકે જેણે દ્રવ્ય ચૈતન્યપ્રભુ નિત્યાનંદ પ્રભુને પકડ્યો તો નિત્ય જેમ વસ્તુ છે એ પક્કડ પણ નિત્ય રહેવાની, કહે છે. 'બાલચંદજી'! આહાહા..! આવી વાત છે.

દિગંબર સંતો અપ્રતિહતની વાત કરે છે. આહાહા..! છે આ હજી ક્ષયોપશમભાવ. શું કહ્યું? આ આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની પ્રતીતિ સમ્યક્ અનુભવ થયો એ હજી ક્ષાયિકભાવ નથી. કેમકે પંચમઆરામાં ક્ષાયિકભાવ અત્યારે પ્રગટ ન થાય. થાય ક્ષયોપશમ, પણ કહે છે કે એ ક્ષયોપશમ એવો થયો છે કે શાશ્વત ક્ષાયિકને લેશે. સમજાય છે કાંઈ? ક્ષયોપશમ અને ક્ષાયિક હજી શું (એની ખબર ન મળે). પ્રથમ ઉપશમ સમકિત થાય પછી તરત જ ક્ષયોપશમ થાય. અત્યારે ક્ષાયિક નથી. આચાર્ય મુનિ છે એને પણ ક્ષાયિક નથી. પણ ક્ષયોપશમદશા એવી પ્રગટી છે કે ક્ષાયિક લીધે છૂટકો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

એ '**नित्यविजयं**' શબ્દ વાપર્યો છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આહા..! છે? '**प्रतिलब्धनित्यविजयं**' આ શબ્દ પડ્યો છે. જેણે સંવર પ્રગટ કર્યો એણે નિત્ય વિજય મેળવ્યો. આહાહા..! સમજાય છે કાંઈ? એ વાત તો પહેલી કરી હતી. 'બહેન'ને જાતિસ્મરણમાં આવ્યું છે. જાતિસ્મરણમાં. સમકિતના બે પ્રકાર. એક સીધું ક્ષાયિક અને એક જોડણી ક્ષાયિક. એવું આવ્યું છે. જોડણી ક્ષાયિક એટલે કે ક્ષયોપશમ સમકિત છે એ ક્ષાયિક થવાનું. એ જોડણી ક્ષાયિક. એ વાત છે આ. સમજાય છે કાંઈ? 'બહેન'ના જાતિસ્મરણમાં એ આવ્યું છે. એ લખાય છે. ચોપડીમાં લખેલું છે. જોડણી ક્ષાયિક. એટલે? વર્તમાન ક્ષાયિક

નથી પણ એ ક્ષયોપશમનો અનુભવ થયો એ ક્ષાયિક લીધે છૂટકો. પડવાનું નહિ. આહાહા..! જુઓ! અહીં એ વાત આવીને? 'સમયસાર'ની ૩૮ ગાથામાં પણ એ આવી છે અને 'પ્રવચનસાર'ની ૯૨ ગાથામાં પણ એ આવ્યું છે. અમે જે આગમકુશળથી અને અમારા અનુભવથી અમે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કર્યું એ હવે પડવાનું નથી. પંચમ આરાના સંતોનો પોકાર છે આ. જેને પરમાત્માના વિરહ હતા. 'કુંદકુંદાચાર્ય' તો વળી ભગવાન પાસે ગયા હતા. પણ આ 'કળશટીકા' 'અમૃતચંદ્રાચાર્ય'ની છે, એ તો અહીંયાં હતા. એ કાંઈ ભગવાનને મળ્યા નથી. એ ભગવાન મળ્યા નથી, પણ આ ભગવાન મળ્યા એને. આહાહા..!

મુમુક્ષુ :- .. ભગવાન છે અને આચાર્ય છે.

ઉત્તર :- ભગવાન આચાર્ય છે. એ ભગવાન કહે છે એ પંચ પરમેષ્ઠીની સ્થિતિથી.

અહીંયાં તો એકદમ નિત્યવિજય મેળવ્યો છે. આહાહા..! જેવો નિત્ય આસ્રવનો જય હતો અનાદિથી. આગળ આવશે હમણા. આસ્રવને ગર્વ થયો હતો. મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવને ગર્વ થયો. મેં માંધાતાને પાડ્યા છે. મોટા જૈનના દિગંબર સાધુ હો પણ પંચમહાવ્રતના પાળનારા, એ મહાવ્રત આસ્રવ એ ધર્મ છે અને આસ્રવથી મને ધર્મ થશે, એવા મહાત્માઓને આસ્રવ કહે છે મેં પાડ્યા છે. હમણા કહેશે. હમણા જ કહેશે. આસ્રવને ગર્વ થયો છે. આચાર્યે અલંકાર કર્યો છે. આહાહા..! મોટા માંધાતા, અગિયાર અંગના ભણનાર નવ-નવપૂર્વની જેને લબ્ધિ અને પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ પાળનારા એવા મહાત્માઓને, એ રાગની ક્રિયા એ ધર્મ છે અને અમે ધર્મ કરીએ છીએ, એ મિથ્યાત્વરૂપી આસ્રવને ગર્વ થયો કે એવાને મેં મિથ્યાત્વમાં રાખ્યા છે. આહાહા..! હમણા આવશે. આની પછી. અહીં નિત્ય પહેલું મેળવીને પછી વાત કરશે. આહાહા..!

આત્મા આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન, એનો અંતર અનુભવ થવો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ બધા આસ્રવ છે, મેલ છે, એ ધર્મ નથી. આહાહા..! એ આસ્રવ (ઉપર) મેં જીત મેળવી છે, સંવર કહે છે. મેં મારા સ્વરૂપનો આશ્રય લીધો છે. આહાહા..! ભગવાન જેમ સચ્ચિદાનંદ પ્રભુ નિત્ય ધ્રુવ છે તો એનું અવલંબન લઈને મારી દશા પ્રગટી છે એ પણ ધ્રુવ કાયમ રહેનારી છે. આહાહા..! ઝીણી વાતું, બાપુ! આ તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ બધા ભાવ ધર્મ નથી. એ તો રાગ છે, આસ્રવ છે. એ આસ્રવને ગર્વ થયો છે કે મોટા માંધાતાઓને મેં આસ્રવમાં ધર્મ મનાવ્યો છે. એ આવશે હમણા લીટીમાં આવશે. સમજાય છે કાંઈ? ત્યારે અહીં સંવર કહે છે કે મેં જે આસ્રવને જીતી, નાશ કરીને મારા સ્વરૂપની અનુભવ દશા થઈ એ હવે મારો જય થયો એ પરાજય કદી નહિ થાય. 'સુમેરુમલજી'! આહાહા..! એ મેરુ નહિ હલે હવે. આહાહા..!

સચ્ચિદાનંદ પ્રભુ અંદર વસ્તુ છે એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવથી પણ ભિન્ન છે. કેમકે એ આસ્રવ અને રાગ છે. આહાહા..! એ રાગને, અહીંયાં કહે છે, મેં મારો પ્રભુ વીતરાગ મૂર્તિ જિનસ્વરૂપી આત્મા, એનો મેં આશ્રય લીધો, એનો મેં ભેટો કર્યો, હું મહાપ્રભુને પડખે ચડ્યો. પડખે કહે છે? બાજુ. એ બાજુ હવે મારી નહિ ખસે. આહાહા..! અનાદિથી પુણ્ય અને પાપ ને મિથ્યાત્વના પડખે ચડી ગયેલો હું, એ મારી ભૂલ હતી.

આહાહા..! સમજાય છે કાંઈ? હવે શાશ્વત જીત જેણે મેળવી છે. આહાહા..! એટલા શબ્દે તો ગજબ કર્યો છે ને. આ તો શાસ્ત્ર છે. દિગંબર સંતો એ કેવળીના કેડાયતો. આહાહા..! અને કહે છે કે જે આત્મા શાંત અને આનંદની મૂર્તિ પ્રભુ, એનો અમને અનુભવ થયો એ અનુભવ થયો એ સંવરદશા છે. કોઈ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ કોઈ સંવર ને ધર્મ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એમાં શાંતિ તો મળે છે.

ઉતર :- ધૂળમાંય શાંતિ નથી મળતી. માને છે.

રાગમાત્ર આકુળતા છે. શુભરાગ હોય કે અશુભરાગ હો. બેય આકુળતા છે. બેય દુઃખ છે. ભગવાન આનંદસ્વરૂપ છે. એ આવશે. જુઓ! કહ્યું? '**કેવો છે સંવર? પ્રાપ્ત કરી છે શાશ્વત જીત જેણે,...**' આહાહા..! ગજબ કર્યું છે ને. મારો નાથ આનંદસ્વરૂપ પ્રભુ, અનાકુળ અણીન્દ્રિય અને અનાકુળ શાંતિ અને અનાકુળ આનંદ, એ મારી ચીજ છે. એ ચીજને મેં મેળવી, ભેટો કર્યો છે અને આસ્રવ ઉપર તો મેં જીત મેળવી છે. આહાહા..!

હવે કહે છે, '**શા કારણથી એવો છે?**' શા કારણથી વિજય મેળવીને એવો સંવર છે? આહાહા..! '**आसंसारविरोधिसंवरजयैकान्तावलिप्तास्रवन्यक्कारात्**' '**અનંત કાળથી માંડીને...**' નિગોદ. નિગોદ-એકેન્દ્રિય જીવ, ત્યાંથી માંડીને '**વેરી છે...**' અનંતકાળથી સંવર આસ્રવનો વેરી છે અને સંવરનો આસ્રવ વેરી છે. સંવરનો આસ્રવ વેરી છે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ એ આત્મસંવરનો વેરી છે. આવી વાત છે, પ્રભુ! જુઓ! '**અનંત કાળથી માંડીને વેરી છે એવો જે (સંવર) બધ્યમાન કર્મનો નિરોધ,...**' જે આસ્રવનું રોકાવું એ સંવર. '**તેના ઉપરની જીતને લીધે...**' જોયું! સંવરની જીતને લીધે. હવે આસ્રવ ગર્વમાં આવી ગયો.

'**મારાથી મોટો ત્રણ લોકમાં કોઈ નથી**' આસ્રવ એમ કહે છે. મિથ્યાત્વ શ્રદ્ધા-પુણ્ય કરતાં કરતાં દયા, દાન, વ્રત, ભક્તિ કરતાં કરતાં ધર્મ થશે, એવી જે મિથ્યા શ્રદ્ધા અને રાગ અને દ્વેષ, એને ગર્વ થયો છે. અલંકાર કર્યો છે ને? 'છે'? '**જેને એવું ધારાપ્રવાહરૂપ કર્મનું આગમન,...**' આહાહા..! મારા જેવો કોઈ ત્રણલોકમાં નથી, એવો ગર્વ થયો આસ્રવને. કહો, શેઠ! એ વાંચવું કઠણ પડે એવું. તમારા ચોપડા વાંચ્યા એ કરતા. આ તો નિવૃત્તિ લેવી પડશે.

મુમુક્ષુ :- આપ સમજાવો છો.

ઉત્તર :- પહેલા નિવૃત્તિ લેવી પડશે ને. એ વિના સમજાશે? આવો માર્ગ છે. આહાહા..!

ભગવાન અંદર દેહમાં ચૈતન્ય, આ દેહમંદિરમાં ચૈતન્યપ્રભુ, આ દેવાલયમાં દેવ બિરાજે છે. આહાહા..! એ તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, અનાકુળ શાંતિનો રસકંદ. આહાહા..! જેમ શક્કરકંદ નથી હોતું? શક્કરકંદ. શક્કરકંદ સમજો છો? આ શક્કરિયા. શક્કરિયા નથી આવતા? મહા મહિનામાં નથી ખાતા? વૈષ્ણવો ખાય. શિવરાત્રીને (દિવસે) શેકીને ખાય. શક્કરકંદ. એ શક્કરકંદમાં જુઓ તો ઉપરની છાલ જરી લાલ છે, એ સિવાય આખો પિંડ શક્કરકંદ. શક્કરકંદનો અર્થ? સાકરની મીઠાશનો પિંડ. શક્કરકંદ એને કહીએ. શક્કરકંદ છે ને? વૈષ્ણવો મહા સુદ શિવરાત્રીમાં શેકીને ખાય.

મુમુક્ષુ :- એ શક્કરીયા ખાય ને...

ઉત્તર :- એ તો એને બધી ખબર છે ને. લાલ છાલ સિવાય આખી ચીજ શક્કરકંદ. શક્કર નામ સાકરની મીઠાશનો પિંડ. એમ આ ભગવાનઆત્મા પુણ્ય ને પાપ ને મિથ્યાત્વની છાલ સિવાય આખો શક્કરકંદ આનંદનો કંદ છે. આહાહા..! ઓલી વાત બેસે. સમજાણું કાંઈ? આહાહા..!

શરીર, વાણી, મન તો જડ આ તો માટી-ધૂળ અજીવ છે. પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ એ બે લાલ છાલ જેવા ફોતરા, શું કહેવાય? છિલકા છે. એ છાલની પાછળ અંદર જેમ શક્કરકંદ છે-સાકરની મીઠાશ. એમ અહીંયાં પુણ્ય-પાપના આસ્રવની અંદર અતીન્દ્રિય આનંદનું કંદ દળ પડ્યું છે. આહાહા..! એ અનાદિથી પુણ્ય-પાપના ભાવ આસ્રવ કહે છે કે અમે બધાને જીત્યા છે. કોઈને અંદરમાં જવા નથી દીધા. બહારની ક્રિયાકાંડમાં રોકીને અમે અમારી જીત મેળવી છે. સમજાણું કાંઈ? છે?

**'તેના ઉપરની જીતને લીધે 'મારાથી મોટો ત્રણ લોકમાં કોઈ નથી' એવો થયો છે ગર્વ જેને એવું ધારાપ્રવાહરૂપ કર્મનું આગમન,...'** એટલે આસ્રવ. આહાહા..! **'તેને દૂર કરવારૂપ માનભંગના કારણથી.'** આહાહા..! એને દૂર કર્યો સંવરે હવે. માનભંગ થઈ ગયું એનું. આહાહા..! પુણ્ય અને પાપના ભાવનું માન ભંગ થઈ ગયું. હું આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદમાં પુણ્ય અને પાપના વિકલ્પનો ત્રિકાળમાં અભાવ છે. આહાહા..! એવો સમ્યગ્દર્શનરૂપી સંવર, એણે આસ્રવ ઉપર જીત મેળવી. જેને ગર્વ થયો હતો એના ઉપર જીત મેળવી. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે.

અહીં તો હજી દુનિયામાં બહારમાં વ્રત લીધા, અપવાસ કર્યા, જાત્રા કરી, ભક્તિ કરી અને થઈ ગયો ધર્મ. બાપુ! એ તને ખબર નથી. એ તો રાગની ક્રિયા. એ પુણ્યનો વિકલ્પ ને આસ્રવ, એને અભિમાન થયું કે મેં તો માંધાતાને હેઠે પાડ્યા છે. શાસ્ત્રના ભણનારાઓને ક્રિયાકાંડ કરીને અમે ધર્મમાં છીએ, એમ આસ્રવ કહે છે મહામિથ્યાત્વથી અમે બીજાને નીચે પાડી નાખ્યા છે. એવા ગર્વવાળો આસ્રવ... આહાહા..! **'તેને દૂર કરવારૂપ માનભંગના કારણથી. ભાવાર્થ આમ છે કે-આસ્રવ તથા સંવર પરસ્પર ઘણા જ વેરી છે,...'** આહાહા..! ભગવાન ચૈતન્યસ્વરૂપનું અવલંબન લઈને જે કાંઈ શુદ્ધતા, પવિત્રતા, અનાકુળ જ્ઞાન અને અનાકુળ શાંતિ પ્રગટ થાય તે સંવર-તે ધર્મ. આહાહા..! એ સંવર અને પુણ્ય-પાપના ભાવ આસ્રવ, બેય વેરી છે. આહાહા..! છે?

**'આસ્રવ તથા સંવર પરસ્પર ઘણા જ વેરી છે,...'** પાછા થોડા (વેરી છે) એમ નહિ. આહાહા..! કિંચિત્‌માત્ર સંવરમાં આસ્રવ નથી અને આસ્રવમાં કિંચિત્‌માત્ર સંવર નથી. આહાહા..! એ શું કહે છે? કે જેટલા પુણ્ય અને પાપના ભાવ હોય એમાં કિંચિત્ સંવર અને ધર્મ નથી. અને આત્માના આનંદસ્વરૂપનો જે આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એમાં કિંચિત્ આસ્રવ નથી. આહાહા..! એ બે પરસ્પર વેરી છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અંદર જ્યાં જાગીને જોયું ત્યાં પુણ્ય અને પાપના ભાવ વિના નિરાકુળ શાંતરસનો કંદ છે, એવી

સમ્યગ્દર્શનદશા થઈ એ સંવર થયો. એ સંવર અને પુણ્ય-પાપના ભાવ અને પુણ્યમાં ધર્મ માનનારો મિથ્યાત્વભાવ, એ સંવર અને આસ્રવનો ઘણો જ વેરી છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે.

**'આસ્રવ અને સંવર પરસ્પર...'** પરસ્પર કીધું ને? **'ઘણા જ વેરી છે,...'** આહાહા..! **'તેથી અનંતકાળથી સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વપરિણતિરૂપ પરિણમે છે,...'** દેખો! અનંતકાળથી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહાહા..! હજારો રાણી છોડી મુનિ થયો, દિગંબર થયો, પંચમહાવ્રત ધારણ કર્યા, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા પણ એ તો શુભ આસ્રવ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન...' એ રાગની ક્રિયાથી રહિત પ્રભુ ચૈતન્યસ્વરૂપ, એના આનંદના, જ્ઞાનના ભાન વિના પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખરૂપ છે. આવ્યું ને એમાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે પંચમહાવ્રતના આસ્રવ પરિણામ પણ દુઃખરૂપ છે. આહાહા..! આવી વાતું આકરી, બાપા! લોકોને તત્ત્વની દૃષ્ટિની ખબર નહિ અને ઉપરથી ધર્મ કર્યા.. ધર્મ કર્યા.. ધૂળમાંય ધર્મ નથી.

અહીં કહે છે, અંતરમાં આહાહા..! **'અનંતકાળથી સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વ-પરિણતિરૂપ પરિણમે છે,...'** દેખો! અનંતકાળથી અનંત જીવો એ પુણ્યમાં ધર્મ માનીને મિથ્યાત્વથી રોકાયેલા છે. આહાહા..! સમજાય છે કાંઈ? મિથ્યાત્વથી પરિણમેલા છે, કહે છે. આહાહા..! એ આપણે 'સમયસાર'માં આવી ગયું હતું કે અંતરમાં ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એનું સમ્યગ્દર્શન ન થતાં, હું રાગવાળો છું એવું મિથ્યાત્વમાં આવ્યું છતાં પુદ્‌ગલની ક્રિયા નાશ ન થાય. એટલે? કે પંચમહાવ્રતના પરિણામ અને એની ક્રિયા તો એવી ને એવી રહી પણ અંદરમાં મિથ્યાત્વ થઈ ગયું. એ 'સમયસાર'માં આવી ગયું. આહાહા..!

ભગવાનઆત્મા પોતે ચૈતન્ય શુદ્ધ આનંદકંદને ભૂલી અને રાગનો નાનામાં નાનો કણ છે એ મારો છે એમ મિથ્યાદૃષ્ટિ થયો તો આત્મા હણાઈ ગયો. પણ પંચમહાવ્રતની ક્રિયા, શરીરની ક્રિયા, બ્રહ્મચર્ય પાળતો એનું એ રહ્યું. પુદ્‌ગલ ન હણાણા. અરે..! શું કહે છે આ? સમજાય છે કાંઈ? આહાહા..! અંતર ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એને રાગના કણથી લાભ છે એવો મિથ્યાદૃષ્ટિ થયો, છતાં સાધુની જે પંચમહાવ્રતની વ્યવહારક્રિયા એમ ને એમ ઊભી રહી. પુદ્‌ગલ તો એમ ને એમ રહ્યા. અંદર હણાઈ ગયો છે. સમજાય છે કાંઈ? અને અંદર હણાણો ન હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું બરાબર અને પુદ્‌ગલ હણાઈ જાય. એટલે? વ્રતના પરિણામ રહે નહિ, શરીરની ક્રિયા રહે નહિ. એ તો સ્વતંત્ર જડની છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ આવી ગયું હતું, શેઠ! હમણા આવી ગયું ને તમારે? આહાહા..!

દીપકનો ઘડો. આ ગરબી ચાલે છે ને અત્યારે? નોરતા. એમાં ઘડો થાય છે ને કાણાવાળો? અંદર દીવો-દીવો (હોય). છેદવાળો (ઘડો). અમારે અહીંયાં ગરબો કહે છે. ગરબા. એમાં કાણા પાડીને અંદર દીવો હોય. અહીં કહે છે કે દીવો ઓલવાય જાય તો ઘડો ફૂટે નહિ અને ઘડો ફૂટે તો દીવો ઓલવાતો નથી. બે ચીજ ભિન્ન છે. ઘડો ફૂટી જાય. દીવો છે એ તો અંદર એમ ને એમ રહે. અને દીવો ઓલવાઈ જાય અને ઘડો એમ ને એમ રહે. એમ

પુણ્ય અને પાપની ક્રિયા અને દેહની ક્રિયા ઘટરૂપે એવી ને એવી રહે, પણ ચૈતન્યદીવામાં રાગ મારો છે એમ માને તો મિથ્યાત્વ થઈ જાય અને દીવો ઓલવાઈ ગયો. આ તો સમજાય એવું છે. આહાહા..! દીવો ઓલવાઈ ગયો. ઓલવાઈ ગયો ને શું કહે છે? બુજ ગયા. દીવો ઓલવાઈ ગયો અંદર અને ઘડો એવો ને એવો રહ્યો.

અંતરમાં રાગની મહાવ્રતાદિની ક્રિયા એ ધર્મ છે, એ સંવર છે એવો મિથ્યાત્વભાવ થયો ત્યાં ચૈતન્ય હણાઈ ગયો, દીવો હણાઈ ગયો. ઘટ એવો ને એવો રહ્યો. મહાવ્રતની ક્રિયા, શરીરની ક્રિયા, બ્રહ્મચર્ય શરીરનું પાળે, એવું (ને એવું રહે). આહાહા..! અને ઘટ ફૂટી જાય છતાં દીવો એવો ને એવો રહે અંદર. મહાવ્રતની ક્રિયા, દેહની ક્રિયા ન રહે, શરીર નાશ થઈ જાય, મહાવ્રતના પરિણામ છૂટી જાય પણ અંદર આત્મા આનંદસ્વરૂપ છે એ તો એવો ને એવો રહે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું છે. એ અહીં કહે છે.

'**અનંતકાળથી સર્વ જીવરાશિ...**' સર્વ જીવરાશિ. નવમી ગ્રૈવેયકે ગયો જૈનનો દિગંબર સાધુ, એ પણ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! કેમકે દેહની ક્રિયા અને દયા, દાન, વ્રતના પરિણામ મારા છે અને એ મને ધર્મ છે, એ મિથ્યાત્વથી હણાઈ ગયા છે. આહાહા..! આવી વાતું છે. કેમ 'શોભાલાલ' નથી? હમણા ગયા. ઠીક. '**અનંતકાળથી સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વ...**' વિભાવમાં મિથ્યાત્વ લીધું એકલું. વિપરીત માન્યતા. આહાહા..! મને પુણ્યના ભાવમાં સુખ છે, પાપના વિષયવાસના, ક્રોધ, માન, માયામાં મને મજા છે એવો જે મિથ્યાત્વભાવ... આહાહા..! એનાથી આખું સર્વ જગત હણાઈ ગયું છે. આહાહા..!

'**સર્વ જીવરાશિ વિભાવમિથ્યાત્વપરિણતિરૂપ પરિણમે છે, તેથી શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ નથી;...**' અંદર ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ એ પ્રકાશ ત્યાં નથી. મિથ્યાત્વથી હણાઈ ગયા છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ ચૈતન્યપ્રભુ, એકલો અણીન્દ્રિય જ્ઞાન અને અણીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, એનો પ્રકાશ મિથ્યાત્વના પરિણામમાં નથી. આહાહા..! આવી વાત છે. '**તેથી આસ્રવના સહારે સર્વ જીવ છે.**' એ મિથ્યાત્વ શ્રદ્ધા અને પુણ્ય-પાપના ભાવ, એ આસ્રવ મલિન પરિણામ, એને સહારે બધા જીવ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**કાળલબ્ધિ પામીને...**' પોતાના સ્વભાવના પુરુષાર્થના કાળને પામીને... આહાહા..! એ કાળલબ્ધિ આ. સ્વરૂપ તરફનો પુરુષાર્થ થાય એ કાળલબ્ધિ. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એ તરફનો જુકાવ થઈને, પુરુષાર્થ થઈને કાળલબ્ધિ પાકી ગઈ એને. પર્યાય નિર્મળ પ્રગટ થઈ એ કાળલબ્ધિ. આહાહા..! ત્યારે થશે. સ્વભાવમાં પુરુષાર્થ કરશે ત્યારે કાળલબ્ધિ થશે. એ કાળલબ્ધિ હશે ત્યારે થશે. અહીં તો એ પુરુષાર્થ સ્વભાવમાં કરશે તો કાળલબ્ધિ થશે. ભગવાન ઉપર અંદર જશે એ કાળલબ્ધિ પાકી ગઈ. આહાહા..!

'**કોઈ આસન્નભવ્ય જીવ...**' જુઓ! આસન્નભવ્ય જીવ. જેને હવે સંસાર થોડો છે. નજીક છે હવે મોક્ષને માટે. આહાહા..! આસન્ન નામ નજીક છે જેને સંસારનો અંત, એવા ભવ્ય જીવો. આહાહા..! '**આસન્નભવ્ય...**' ભવ્ય તો છે. ભવિ તો છે ભલે, પણ આસન્નભવ્ય છે. હવે મોક્ષ થવાને અલ્પ કાળ છે. સંસારનો અંત આવવાની હવે તૈયારી છે. આહાહા..! એવા

આસન્નભવ્ય. આહાહા..! '**જીવ સમ્યક્ત્વરૂપ સ્વભાવપરિણતિએ પરિણમે છે,...**' જુઓ! એ જીવો સમ્યક્ત્વરૂપ આત્માના આનંદનો નાથ પ્રભુ, તેની શ્રદ્ધાના સમ્યક્ત્વરૂપે પરિણમે છે. આહાહા..! પર્યાયમાં થાય છે. શુદ્ધ ચૈતન્ય આનંદઘન પ્રભુ, તેની શુદ્ધ પરિણતિરૂપે, પર્યાયરૂપે પરિણમે છે તે સમકિતી છે. આહાહા..! આવી વાતું આકરી પડે. શું થાય? માણસને બીજે રસ્તે ચડાવી દીધા છે. મૂળ જે અંતરમાં જવાનો રસ્તો છે એ બંધ કરી દીધો. આહાહા..! અને આત્મા અંતરાત્મા અંતર છે. અંતરાત્મા અંતર છે. બહિરાત્મા રાગ-દ્વેષમાં તો વિકાર છે. એ તો અણાત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અંતરાત્મા પ્રભુ જે છે એ તો પર્યાયની એક સમયની અવસ્થા સિવાય આખું દ્રવ્ય અંતરમાં છે અને બાહ્યમાં તો એક સમયની પર્યાય અને પુણ્ય-પાપના ભાવ બાહ્ય છે. એ બાહ્યને પોતાનું સ્વરૂપ માને છે તે મિથ્યાત્વ છે. અને એ બાહ્યની દૃષ્ટિ છોડીને અંતર ભગવાનની દૃષ્ટિ કરે તે સમકિત છે. આહાહા..! આવી વાતું છે. 'બાલચંદજી'! માલ માલની વાત છે આ. આહાહા..! માલ તો અંદર આનંદ અને શાંતિ પડી એ તારો માલ છે. આ પુણ્ય-પાપના ભાવ એ તારો માલ છે? આહાહા..! સમજાય છે કાંઈ? એમાં તો હજી તો આ પૈસા બહારમાં પાંચ-પચાસ લાખ મળે-ધૂળ, ત્યાં જાણે અમે કાંઈક પામ્યા અને અમને કાંઈક મેળવ્યું. ધૂળ છે. સાંભળને હવે. આહાહા..! સનેપાત વળગ્યો છે તને. અહીં કહે છે... આહાહા..!

મુમુક્ષુ :- આજકાલ તો ધૂળની પણ કિંમત છે.

ઉત્તર :- કિંમત એની થાય.

મુમુક્ષુ :- આ તો વગર કિંમતની છે.

ઉત્તર :- અણમૂલી ચીજ પ્રભુ છે. જેની કિંમત ટાંકવી મુશ્કેલ છે. એનું મહાત્મ્ય છોડીને જગતની ચીજનું મહાત્મ્ય અને કિંમત કરે છે, એ મિથ્યાદૃષ્ટિ છે. 'સુમેરુમલજી'! આહાહા..! આવું છે, બાપા! અરે..! ભગવાન અંતરમાં પ્રભુ બિરાજે છે તેના મહાત્મ્ય, તેની વિસ્મયતા, તેની અદ્‌ભુતતા, તેની આશ્ચર્યતા છોડી દઈને એ પુણ્ય અને પાપની મહિમા અને એના ફળની મહિમામાં રોકાઈ ગયો છે (એમાં) હેરાન થઈ ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

પ્રભુ! કહે છે, છે? '**આસન્નભવ્ય જીવ સમ્યક્ત્વરૂપ સ્વભાવપરિણતિએ પરિણમે છે,...**' આહાહા..! અંતર જે શુદ્ધ ચૈતન્યપ્રભુ, એની પર્યાય નિર્મળપણે પરિણમે છે એ સંવર છે, એ ધર્મ છે. આહાહા..! '**સમ્યક્ત્વરૂપ સ્વભાવપરિણતિએ...**' ભાષા કેવી છે? ઓલી વિભાવપરિણતિ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ વિભાવદશા અને આ સમકિતપરિણતિ એ સ્વભાવદશા. આહાહા..! ઝીણી વાત, પ્રભુ! આહાહા..! એ તો ભગવતસ્વરૂપ છે અંદર. ઓલામાં આવ્યું ને. નહોતું કીધું? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન. ઘટ ઘટ અંતર જિન વસે.' આહાહા..! જિનસ્વરૂપ જ પ્રભુ છે અંદર, ભાઈ! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ સ્વરૂપની દૃષ્ટિ કરીને રાગને જિત્યો તે ઘટમાં બિરાજે છે એ જૈન છે. જૈન કોઈ સંપ્રદાય અને વાડો

નથી. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મત મદિરા કે પાન સો...' પણ મતવાલા-બહારમાં પુણ્ય અને પાપના મતવાલા અભિમાનીઓ 'મત મદિરા કે પાન સો મતવાલા સમજે ન.' અભિમાનીઓ, રાગના, પુણ્યના પોષનારાઓ. એ મતવાલા સમજે નહિ કે આ જિનસ્વરૂપી મારી ચીજ અંદર છે. આહાહા..! જુઓ! ભાષા કેવી કરી છે? એ 'બનારસીદાસ'નું છે. 'સમયસાર નાટક'. 'બનારસીદાસ' થયા ને? એનું 'સમયસારનાટક'. એમાં આ શબ્દ લીધો છે. આહાહા..!

પ્રભુ! જૈન એટલે શું? ઘટ ઘટ અંતર વસે જૈન. અંદરમાં રાગને જીતીને સ્વરૂપનો અનુભવ કરે તે જૈન. એ ઘટ ઘટમાં જિન વસે. કાંઈ શરીરમાં, બહારમાં જૈનપણું નથી. આહાહા..! જ્યાં જિન છે ત્યાં જૈન છે. એ જિનસ્વરૂપી ભગવાન છે તેનો અનુભવ કર્યો તે જૈન છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! આવી વાતું છે. અગમ્યગમ્યની વાતું નાથ તારી. આહાહા..! તું વચનમાં આવે નહિ. તું દયા-દાનના વિકલ્પથી જણાય નહિ. આહા..! વિકલ્પાતીત, વચનાતીત, શરીરાતીત... આહાહા..! એવો જે ભગવાન અંદર. આહાહા..! એનું અંતરમાં શુદ્ધ સ્વભાવનું પરિણમન થવું એ જૈન છે અને એ સમકિતી છે. એણે આસ્રવને જીત્યા છે. સમજાણું કાંઈ ? આહાહા..!

ચંડાળનો, હરિજનનો આત્મા હો... આહાહા..! આત્મા ક્યાં હરિજન છે? આત્મા ક્યાં વાણિયો ને મુસલમાન છે? એ તો ભગવાન છે એ છે અંદર. એને જેણે અંતરમાં... આહાહા..! અંતર્મુખ થઈને બહિર્મુખતાનો જેણે નાશ કર્યો, અંતર્મુખ પ્રભુને જેણે પરખ્યા, એ ચંડાળનો આત્મા પણ જિન અને જૈન છે. અને મોટો રાજા-મહારાજા હોય અને હજારો રાણી છોડી સાધુ દિગંબર થયો હોય, પણ અંદરમાં ભગવાનના ભેટા કર્યા નથી અને દયા, દાન, વ્રતની ક્રિયામાં ધર્મ માની બેઠા છે, એ બધા અજૈનપણે છે. બરાબર છે? કાંઈ બહારની ચીજથી (જૈનપણું છે)? આહાહા..!

**'તેથી શુદ્ધ પ્રકાશ પ્રગટ થાય છે,...'** આહાહા..! ભગવાનઆત્મા જિનસ્વરૂપી પ્રભુ, વીતરાગની મૂર્તિ આત્મા તો છે. વીતરાગ એટલે? રાગરહિતની મૂર્તિ એ છે. આહાહા..! એવા ભગવાનને પામીને શુદ્ધ પ્રકાશ પ્રગટ થાય છે. એને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તે પર્યાયમાં પ્રગટ દેખાય છે કે આ તો શુદ્ધ ચૈતન્ય છે. એ નમૂનો આવ્યો. હજી આખું તત્ત્વ શુદ્ધ છે. આહાહા..! આવી વાતું હવે. સાધારણને સાંભળવા મળે નહિ બિચારાને. શું કરે?

અરે..! જીવન ચાલ્યા જાય છે. જે જે ક્ષણ જાય તે દેહ છૂટવાનો નિર્ણય-નિશ્ચય છે તેની સમીપ જાય છે. મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! દેહ છૂટવાનો સમય નિર્ણય છે. ભગવાનના જ્ઞાનમાં એ સમય કે આ સમય છૂટશે એ નિર્ણય છે. એમાં જેટલા ક્ષણો જાય એ બધા મૃત્યુની સમીપ જાય છે. આહાહા..! એમાં જીવના જીવનને જો જાણ્યો નહિ, ભગવાનનું જીવન તો શુદ્ધ પરિણમન તે જીવનું જીવન. શુદ્ધઉપયોગ અને શુદ્ધ પરિણમન... આહાહા..! એ જીવનું જીવન છે. અને એણે જીવને જીવી જાણ્યો છે. પુણ્ય-પાપથી જીવે તે જીવન જીવનું નહિ. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! જગતને બેસે, ન બેસે સ્વતંત્ર છે.

આહાહા..! આવું સ્વરૂપ છે, ભાઈ!

**'શુદ્ધ પ્રકાશ પ્રગટ થાય છે, તેથી કર્મનો આસ્રવ મટે છે; તેથી શુદ્ધ જ્ઞાનની જીત ઘટે છે.'** ત્યાં શુદ્ધ જીવના જ્ઞાનની જીત ઘટે છે. આહાહા..! અંતર્મુખ પરમાત્મા બિરાજે છે ત્યાં જ્યાં દૃષ્ટિ પડે છે ત્યારે આસ્રવને જીતીને જીવની જીત થાય છે. સંવરની જીત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે તો શાંતરસનું વર્ણન. પણ શાંતરસમાં વીરરસ વર્ણવ્યો છે. શું કીધું એ? 'સમયસાર નાટક'માં એ પાઠ છે. એમ કે આ વેરી કીધા અને ગર્વ? છે તો શાંતરસનું વર્ણન. પણ એમાં વીરરસનું વર્ણન કરીને શાંતરસનું વર્ણન કર્યું છે. વીરરસ છે. આહાહા..! આમ નથી પ્રભુની સ્તુતિ કરતાં? 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' ઉપશમરસ શાંત... શાંત... શાંત... શાંત... 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' કેમકે જેનો સ્વભાવ અંદર ઉપશમ એટલે અકષાય સ્વભાવથી ભરેલો ભગવાન છે, એની જ્યાં દશા થઈ ઉપશમરસની થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેથી શુદ્ધ જ્ઞાનની જીત ઘટે છે.'** આહાહા..! ઓલી રાગની જીત હતી અનાદિથી. રાગ કહે કે મેં બધાને જીતી લીધા છે મોટા મહાત્માને. આ કહે કે મેં જીત મેળવી છે હવે તારી. હું આનંદનો નાથ છું એવું મને ભાન થઈ ગયું છે. હવે એ આસ્રવ-ફાસ્રવ તું મારામાં નથી. આહાહા..! એ શ્લોક થયો પહેલો માંગલિકનો. સંવરની શરૂઆતનો પહેલો માંગલિકનો શ્લોક છે. બીજો શ્લોક છે. વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

(શાર્દૂલવિક્રીડિત)

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।२-१२६।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'इदं भेदज्ञानम् उदेति' ( इदं ) પ્રત્યક્ષ એવું ( भेदज्ञानम् ) ભેદજ્ઞાન અર્થાત્ જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ ( उदेति ) પ્રગટ થાય છે. કેવું છે? 'निर्मलम्' રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધપરિણતિથી રહિત છે. વળી કેવું છે? 'शुद्धज्ञानघनौघम्' ( शुद्धज्ञान ) શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન, તેના ( घन ) સમૂહનો ( ओघम् ) પુંજ છે. વળી કેવું છે? 'एकम्' સમસ્ત ભેદવિકલ્પથી રહિત છે. ભેદજ્ઞાન કઈ રીતે થાય છે તે કહે છે 'ज्ञानस्य रागस्य च द्वयोः विभागं परतः कृत्वा' ( ज्ञानस्य ) જ્ઞાનગુણમાત્ર ( रागस्य च ) અને અશુદ્ધ પરિણતિ તે ( च द्वयोः ) બંનેનું ( विभागं ) ભિન્નભિન્નપણું ( परतः ) એકબીજાથી ( कृत्वा ) કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે. કેવાં છે તે બંને? 'चैद्रूप्यं जडरूपतां च दधतोः' ચૈતન્યમાત્ર જીવનું સ્વરૂપ, જડત્વમાત્ર અશુદ્ધપણાનું સ્વરૂપ. શેના વડે ભિન્નપણું કર્યું?**

'अन्तर्दारुणदारणेन' ( अन्तर्दारुण ) અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ, એવું છે ( दारणेन ) કરવત, તેના વડે. ભાવાર્થ આમ છે કે-શુદ્ધજ્ઞાનમાત્ર તથા રાગાદિ અશુદ્ધપણું-એ બંનેનો ભિન્નભિન્નપણે અનુભવ કરવાનું અતિ સૂક્ષ્મ છે, કેમકે રાગાદિ અશુદ્ધપણું ચેતન જેવું દેખાય છે; તેથી અતિસૂક્ષ્મ દૃષ્ટિથી, જેમ પાણી કાદવ સાથે મળવાથી મેલું થયું છે તોપણ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વચ્છતામાત્ર પાણી છે, મેલું છે તે કાદવની ઉપાધિ છે, તેમ રાગાદિ પરિણામના કારણે જ્ઞાન અશુદ્ધ એમ દેખાય છે તોપણ જાણપણામાત્ર જ્ઞાન છે, રાગાદિ અશુદ્ધપણું ઉપાધિ છે. 'सन्तः अधुना इदं मोदध्वम्' ( सन्तः ) સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો ( अधुना ) વર્તમાન સમયમાં ( इदं मोदध्वम् ) શુદ્ધજ્ઞાનાનુભવને આસ્વાદો. કેવા છે સંતપુરુષો? 'अध्यासिताः' શુદ્ધસ્વરૂપનો અનુભવ છે જીવન જેમનું, એવા છે. વળી કેવા છે? 'द्वितीयच्युताः' હેય વસ્તુને અવલંબતા નથી. ૨-૧૨૬.

---

**આસો સુદ ૯, ગુરુવાર, તા.૨૦-૧૦-૧૯૭૭**

**કળશ - ૧૨૬, પ્રવચન - ૧૨૬**

'કળશટીકા' ૧૨૬.

चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-
रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।
भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः
शुद्धज्ञानधनौधमेकमधुना सन्तो द्वितीयच्युताः।।२-१२६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'इदं भेदज्ञानम् उदेति' 'પ્રત્યક્ષ એવું ભેદજ્ઞાન અર્થાત્ જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ પ્રગટ થાય છે.' શું કહે છે? સંવર અધિકાર છે ને? આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદરસકંદ પ્રભુ, એને પુણ્ય-પાપના ભાવ જે થાય છે, એનાથી એને ભિન્ન કરવો-ભેદજ્ઞાન કરવું એ સંવર અને ધર્મ છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાન ક્યારે કરવું?

ઉત્તર :- સમ્યગ્દર્શન થતાં તે કાળે.

ફરીને. આ આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાયકમૂર્તિ, એ તો ત્રિકાળી શુદ્ધ અને પવિત્ર જ છે. એમાં એની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ (થાય છે) એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે ચૈતન્યસ્વરૂપનો અંશ એમાં નથી. સૂર્યનો પ્રકાશ હોય એ તો અજવાળુ હોય. કોલસાની કણી એ કાંઈ સુરજનું અજવાળુ નહિ. કોલસાની કણી. એમ પુણ્ય અને પાપ એ તો કોલસાની કણી-મેલ છે, અજ્ઞાન છે. અજ્ઞાન એટલે? એમાં જ્ઞાનના પ્રકાશનો અભાવ છે. અરે..! આહાહા..!

મુમુક્ષુ :- અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન નહિ.

ઉત્તર :- બે પ્રકાર લીધા ને. જરી મગજમાં આવી ગયું હતું કાલે.

આચાર્ય કહે છે કે અજ્ઞાન અસ્ત થઈ જાઓ. અજ્ઞાન તો અસ્ત થયેલું છે. એ તો મુનિ છે-ધર્મી. એટલે મિથ્યાદૃષ્ટિને પણ એમ કહે છે કે રાગથી ભિન્ન પડી અને અજ્ઞાનનો નાશ કરો. અને મને તર્ક એ આવ્યો હતો અંદર, એ વખતે તેથી કહ્યું હતું કે અમને પણ હજી શુભરાગ થાય છે. એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે વિપરીત જ્ઞાન એમ નહિ, મિથ્યાજ્ઞાન એમ નહિ. પણ એ શુભરાગ. મુનિને અશુભરાગ તો છે નહિ. સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને, પાંચમે શ્રાવક સાચા-સમકિતી, એને તો હજી આર્તધ્યાન પણ હોય, રૌદ્રધ્યાન પણ હોય અને અશુભભાવ પણ હોય અને શુભભાવ પણ કોઈવાર હોય. પણ મુનિને તો અશુભભાવ હોતા નથી. આનંદસ્વરૂપ જ્યાં ત્રણ કષાયના અભાવથી ભગવાન ચૈતન્યની શક્તિનો વિકાસ અંદર થયો છે. અનંતગુણની પાંખડીએ જ્યાં ખીલી નીકળ્યો છે આત્મા. જેમ ગુલાબની કળી ખીલી નીકળે એમ ભગવાનઆત્મા અનંતગુણ છે એમાં. શક્તિ-એનું સત્વ. એ અનંતગુણની દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા... ચારિત્ર પણ છે ને મુનિને તો? તો અનંતગુણની શક્તિની પર્યાયમાં ખીલવટ થઈ ગઈ છે-વિકાસ થઈ ગયો છે. આહાહા..! સમજાય છે કાંઈ? છતાં એને હજી શુભરાગ છે એ દુઃખ છે. તો કહે છે, એ શુભરાગ અજ્ઞાન છે. અસ્ત થઈ જાવ. અમે તો જ્ઞાનસૂર્ય જ્ઞાનનો પ્રકાશ કરીએ છીએ. આહાહા..! સમજાય છે કાંઈ? વાત અંદર નીકળી. કાલે મેં ગાથા ગોતી પણ હાથ ન આવી. અભ્યાસ છે-ભેદઅભ્યાસ. મૂળ ગાથામાં નથી? ચારિત્રને માટે. કળશમાં છે, કાં તો કળશમાં હશે. 'નિયમસાર'માં છે? 'નિયમસાર'માં છે.

જેમકે આત્મા અંદર.. અહીં તો રાગ અને પુણ્ય-પાપના ભાવ વિકલ્પ છે એને અહીં જડ કહેશે. પાઠમાં છે. આ ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ, જ્ઞાનનો ચિદ્‌ઘન પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ભગવાન, પ્રજ્ઞા અને બ્રહ્મ એટલે આનંદ. જ્ઞાન અને આનંદસ્વરૂપ જ ત્રિકાળી છે એ તો. એમાં પર્યાયમાં જે શુભભાવ થાય કે અશુભભાવ થાય, મિથ્યાદૃષ્ટિને તો તદ્દન શુભ-અશુભભાવ તે હું છું એટલે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે, પણ ભેદજ્ઞાન કરીને એ પુણ્ય-પાપના વિકલ્પો, રાગ, અંધકાર ચૈતન્યનો પ્રકાશનો પૂર છે આત્મા, એમ રાગથી ભિન્ન પડી અને જેણે ભેદજ્ઞાન અંતરમાં પ્રગટ કર્યું એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન-જ્ઞાન અને સંવરદશા કહેવામાં આવે છે. આહાહા..! આપણા 'દિલ્હી'માં છે, ઓળખો છો? 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- 'બાબુભાઈ' છે.

ઉત્તર :- હા. એ. એ તમારું નામ દીધું હમણાં. 'શાંતિભાઈ'એ કીધું અહીં છે. આહાહા..! 'શાંતિભાઈ' અહીં અંદર છે. શાંતિનો સાગર આત્મા અંદર છે. એમાં જેટલા પુણ્ય-પાપભાવ થાય એ અશાંતિ છે.

મુમુક્ષુ :- શાંતિ અને સાગર બેય છે?

ઉત્તર :- બેય છે. આહાહા..!

અહીંયાં પરમાત્મા કહે છે એ સંતો પરમાત્માના આડતિયાઓ છે. જગતને જાહેર કરે છે, પ્રભુ! '**इदं भेदज्ञानम् उदेति**' '**इदं**' નામ પ્રત્યક્ષ. રાગથી ભિન્ન પડે ત્યારે પ્રભુ આત્મા પ્રત્યક્ષ થાય છે. આહાહા..! માર્ગ ઝીણો, સૂક્ષ્મ ઘણો, પ્રભુ! આહાહા..!

મુમુક્ષુ :- ઝટ સમજાય એવું..

ઉત્તર :- ઝટ સમજાય એવી જ આ રીત છે. પણ અનંતકાળનો અભ્યાસ નહિ અને આ અભ્યાસ અનાદિનો.

એ અહીં કહે છે કે એક વાર, પ્રભુ! એ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ એ જડ છે. જડ છે એટલે? રજકણ છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એમ નહિ. 'સુમેરુમલજી'! જડ છે એટલે એમાં રજકણ છે, શુભ-અશુભભાવ અને એમાં રંગ, ગંધ, રસ અને સ્પર્શ છે એમ નહિ. પણ એ જડ છે એટલે એમાં ચૈતન્યનો પ્રકાશનો નૂરનો અભાવ છે. આહાહા..! ભાષા તો સાદી છે, બાપા! આહાહા..! ભગવત્સ્વરૂપ પ્રભુ છે. આહાહા..! એને એ પુણ્ય અને પાપના... આહાહા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ શુભ અને જડ છે. આહાહા..! અહીંયાં તો તીર્થંકરગોત્ર બાંધે કોણ? આવે કોને? સમકિતીને. મિથ્યાદૃષ્ટિને એ આવે નહિ. તો જેને રાગ અને પુણ્યના, પાપના ભાવથી ચિદ્રૂપ જેણે ભિન્ન કર્યો છે, એને એવો વિકલ્પ આવે છે પણ એ વિકલ્પ અજ્ઞાન છે એટલે જ્ઞાનનું સ્વરૂપ નથી. આહાહા..!

'**इदं भेदज्ञानम् उदेति**' એ રાગમાં રાગની રુચિમાં પ્રભુ આત્મા પરોક્ષ થઈ ગયો છે. રાગની પ્રીતીની આડમાં ચૈતન્ય પરોક્ષ થઈ ગયો છે, ઢંકાઈ ગયો છે. એને રાગની રુચિને છોડીને રાગથી ભિન્ન ભગવાન અંદર પૂર્ણાનંદસ્વરૂપ, એને રાગથી ભિન્ન પ્રત્યક્ષ કર, કહે છે. આહાહા..! તારા જ્ઞાનમાં-મતિ અને શ્રુતજ્ઞાનમાં પણ એને પરની અપેક્ષા મતિ-શ્રુતમાં કાંઈ નથી, એવો સીધો પ્રત્યક્ષ આત્માને ભેદજ્ઞાન કરીને જો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

'**इदं**' આ પ્રત્યક્ષ. '**इदं**' એટલે પ્રત્યક્ષ. એટલે? કે જે મતિ-શ્રુતજ્ઞાન છે તેને રાગ અને મનનું પણ અવલંબન નથી. એ મતિ-શ્રુતજ્ઞાન રાગથી ભિન્ન પડીને પોતાના આત્માને પ્રત્યક્ષ કરે છે. પ્રત્યક્ષ એટલે આ આત્મા છે તેમ પ્રત્યક્ષ જાણે છે. આહાહા..! '**પ્રત્યક્ષ એવું ભેદજ્ઞાન અર્થાત્ જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી. આહાહા..! ભગવંત! તને જે અનાદિથી પુણ્ય અને પાપના, રાગ અને દ્વેષના વિકલ્પનો અનુભવ છે, એ દુઃખરૂપ છે. એ સંસારનું વેદન છે. આહાહા..! હવે એકવાર રાગથી ભિન્ન પડી અને રાગથી જુદા પાડવાનું અંદર ભેદજ્ઞાન કર. એ ભેદજ્ઞાન દ્વારા એટલે કે ભેદજ્ઞાન એટલે કે શું? કે '**જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ...**' આ તો શબ્દો છે, બાપુ! રાગ, પુણ્ય-પાપના વિકલ્પો, એનાથી આમ ભિન્ન પાડતા-જુદો પાડતા આત્મા પ્રત્યક્ષ જ્ઞાનમાં થાય એટલે શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય. આનું નામ સંવર અને એનું નામ ધર્મ. આહાહા..!

ભેદજ્ઞાનની વ્યાખ્યા જ આ કરી. '**જીવના શુદ્ધસ્વરૂપનો...**' પ્રભુ તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જ છે, પવિત્ર જ એ તો. દ્રવ્ય અને એના ગુણો એ તો પવિત્રનો પિંડ જ છે. એની પર્યાય-હાલતમાં પુણ્ય અને પાપના ભાવ છે. આહાહા..! એ ચૈતન્યના સ્વભાવના અભાવસ્વરૂપ છે. માટે તેના અભાવસ્વરૂપવાળા રાગને એનાથી ચૈતન્યસ્વરૂપ પ્રભુ ભાવવાળો એનો ભેદજ્ઞાનથી અનુભવ કર. આવું (છે), 'સુમેરુમલજી'! આહાહા..! ભગવાન અંદર. આહાહા..! આનું નામ

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન. અને સંવર નામ વિકારી પરિણામનું રુંધાઈ જવું, અટકી જવું અને અવિકારી પરિણામનું ઉત્પન્ન થવું એનું નામ સંવર અને ધર્મ છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવું છે.

**'उदेति'** ભાષા કેવી છે? **'પ્રગટ થાય છે.'** કેમ કે અનાદિથી ભેદજ્ઞાન નહોતું. અનાદિથી તો પુણ્ય અને પાપ ને મિથ્યાત્વભાવ (હતા). આહાહા..! પરમાં સુખ છે. શરીરમાં, લક્ષ્મીમાં, આબરૂમાં, કીર્તિમાં, પરમાં સુખ છે એવી જે મિથ્યાશ્રદ્ધા હતી. આહાહા..! એ મિથ્યાત્વભાવ જે હતો એ કાળે તો તેને મિથ્યાશ્રદ્ધા અને રાગ-દ્વેષનો અનુભવ હતો. એટલે કે દુઃખનો જ અનુભવ હતો. આહાહા..! આવી વાત છે, ભાઈ! 'સંવર અધિકાર' છે ને? ત્યારે જ્યારે રાગના વિકલ્પથી... આહાહા..! એટલે કે પર્યાયબુદ્ધિથી ખસી જઈ, એ શુભ અને અશુભરાગ એ પર્યાયમાં વિકૃત દશા, તેના પ્રેમમાંથી, રુચિમાંથી ખસી જઈ અને ભગવાન શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ અને રુચિમાં આવ, તને આત્માના આનંદનો અનુભવ થશે. જે વિકાર-દુઃખનો અનુભવ અનાદિથી છે એનાથી ભિન્ન પાડતા તને સુખનો અનુભવ થશે. આહાહા..! આમાં સમજાય એવું છે, હોં! ભાષા એવી કઠણ નથી કાંઈ. આહાહા..! માર્ગ તો ભાઈ જે છે એ છે, બાપા!

મુમુક્ષુ :- આમાં તો ઘણી વાર આવે છે, કઠણ બહુ છે.

ઉત્તર :- એ કઠણ છે ઈ અણભ્યાસે કઠણ છે. અભ્યાસે એની ઘરની ચીજ છે ને. આહાહા..!

**'પ્રગટ થાય છે.'** એમ કીધું. જે પુણ્ય અને પાપ અને મિથ્યાત્વભાવ પ્રગટ હતો અને એનું વેદન અનાદિ સંસારમાં દુઃખનું, એકાંત દુઃખનું વેદન (હતું), એને હવે રાગથી, પુણ્યથી ભગવાન અંદર પૂર્ણ સ્વરૂપ અને આ પુણ્ય-પાપ તો કૃત્રિમ ક્ષણિક (છે) અને તે પણ ચૈતન્યના સ્વભાવના અભાવ-સ્વભાવસ્વરૂપ (છે), એનાથી ચૈતન્યના સ્વભાવસ્વરૂપ પ્રભુ, એને રાગથી ભિન્ન પાડતા ભેદજ્ઞાન એટલે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ પ્રગટ થાય છે. આહાહા..! આવી વાત છે. આટલી શરતું. આહાહા..!

**'કેવું છે?'** એ ભેદજ્ઞાન. **'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધપરિણતિથી રહિત છે.'** આહાહા..! જેમાં રાગ અને દ્વેષ અને મોહ-પરમાં સાવધાની, એનાથી પ્રભુની અનુભવદશા, સમ્યગ્દર્શન-ભેદજ્ઞાન એ રાગ-દ્વેષ-મોહથી રહિત છે. આહાહા..! સમજાણું કાંઈ? **'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધપરિણતિ...'** મલિન દશા. એનાથી રહિત ભેદજ્ઞાન છે. **'વળી કેવું છે?'** **'शुद्धज्ञानघनौघम्'** આહાહા..! **'શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન, તેના સમૂહનો પુંજ છે.'** એ તો. આહાહા..! પુણ્ય-પાપનો ભાવ અને મિથ્યાત્વભાવ તો એક સમય પૂરતી વિકૃત, ક્ષણિક દુઃખદશા હતી. આહાહા..! અને આ તો ત્રિકાળી ભગવાન, એનાથી ભિન્ન પડતાં શુદ્ધ જ્ઞાનનો પુંજ એ તો છે. એ જ્ઞાનનો ઢગલો છે. ઢગલો કહે છે હિન્દીમાં? પુંજ. ઢેર-ઢેર. ઢેર, ઢેર કહે છે. આહાહા..!

**'શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન,...'** જે રાગથી ભિન્ન પડીને પર્યાયમાં ચૈતન્યમૂર્તિનું જ્ઞાન કર્યું, એ વસ્તુ કેવી છે? કહે છે. 'શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન, તેના સમૂહનો પુંજ છે.' એ તો.

પર્યાયમાં ખ્યાલ આવ્યો કે આ આખી ચીજ તો શુદ્ધજ્ઞાનઘનનો પુંજ છે. આહાહા..! જ્ઞાનની પર્યાયમાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો, એ અનુભવની પર્યાય તો વર્તમાન ક્ષણિક છે પણ વસ્તુ છે એ તો શુદ્ધજ્ઞાનનો પુંજ છે. આહાહા..! દ્રવ્ય જે વસ્તુ છે, વસ્તુ. આહાહા..! **'શુદ્ધસ્વરૂપનું ગ્રાહક જ્ઞાન, તેના સમૂહનો પુંજ છે.'** એ પર્યાયના સમૂહનો પુંજ છે. પર્યાય તો ક્ષણિક અનુભવમાં આવી. વસ્તુ તો એનો પુંજ આખો છે. આહાહા..! આવો ઉપદેશ હવે. 'બાલચંદજી'! માલની વાતું ચાલે છે આ તો. આવો છો પ્રભુ તું. આહાહા..!

**'વળી કેવું છે?'** તે જ્ઞાન? **'સમસ્ત ભેદવિકલ્પથી રહિત છે.'** ઊપજેલું. જે સમ્યગ્જ્ઞાન થયું એ તો સમસ્ત ભેદ-વિકલ્પથી, રાગથી તો જુદું છે. એનાથી રહિત છે. આહાહા..! **'ભેદજ્ઞાન કઈ રીતે થાય છે તે કહે છે-'** **'ज्ञानस्य रागस्य च द्वयोः विभागं परतः कृत्वा'** **'જ્ઞાનગુણમાત્ર...'** ભગવાનઆત્મા **'અને અશુદ્ધ પરિણતિ-તે બંનેનું ભિન્નભિન્નપણું એકબીજાથી કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે.'** જ્ઞાનનો પુંજ પ્રભુ અને એક બાજુ રાગ-વિકલ્પ, એ બેથી ભિન્ન પડીને, રાગથી ભિન્ન પડીને... આહાહા..! **'ભેદજ્ઞાન પ્રગટ થાય છે.'** છે? પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ છે એ પર્યાય છે. શુભ અને અશુભભાવ બે અશુદ્ધ દશા છે. એનાથી **'જ્ઞાનગુણમાત્ર...'** આત્મા **'અને અશુદ્ધ પરિણતિ-...'** અને એ જ્ઞાનગુણમાત્ર આત્મા, બંનેનું ભિન્નપણું, **'ભિન્નભિન્નપણું એકબીજાથી કરીને...'** પુણ્ય-પાપથી જ્ઞાનપુંજ ભિન્ન અને જ્ઞાનપુંજથી વિકાર ભિન્ન. આહાહા..! આવી શરતું. લોકો સહેલો ધર્મ માનીને બેઠા હતા. દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા. અરે..! બાપુ! ધર્મ જુદી ચીજ છે, ભાઈ! એ ધર્મના સન્મુખના મુખ જુદા છે.

કહે છે કે એકકોર પ્રભુ જ્ઞાનગુણ અને એક બાજુ પુણ્ય-પાપના રાગ. એકબીજાને... આહાહા..! **'બંનેનું ભિન્નભિન્નપણું એકબીજાથી કરીને ભેદજ્ઞાન પ્રગટ થાય છે.'** આહાહા..! **'કેવા છે તે બંને?'** કોણ બંને? ચિદ્રૂપ જ્ઞાનપુંજ આત્મા અને પુણ્ય-પાપના વિકલ્પ-રાગ એ બંને કેવા છે? આહાહા..! બહુ સરસ ગાથા આવી છે. **'चैद्रूप्यं जडरूपतां च दधतोः'** ભગવાન તો **'ચૈતન્યમાત્ર જીવનું સ્વરૂપ,...'** છે. એ તો ચૈતન્યમાત્ર ચિદ્દ્યન, ચેતનાસ્વભાવમાત્ર ભગવાનઆત્મા તો છે. જીવનું એ સ્વરૂપ છે. ચેતના જાણન-દેખનના સ્વભાવનો પુંજ પ્રભુ એ આત્મા છે. અને **'જડત્વમાત્ર અશુદ્ધપણાનું સ્વરૂપ.'** આહાહા..! દેખો! એ પુણ્ય અને પાપના ભાવ એ અશુદ્ધ છે, એ જડ છે. આહાહા..! એથી આચાર્યે કહ્યું ને? મને એ વખતે એ વિચાર આવ્યો હતો કે અજ્ઞાનનો તો નાશ છે મુનિને. શું છે? એને તો સમકિતી જ્ઞાની અને અનુભવી છે. પણ હજી ઓલો શુભરાગ છે ને એ કલ્માષિત છે, એ દુઃખ છે એટલું પણ. આહાહા..! એ અજ્ઞાન છે એટલું. અજ્ઞાન એટલે? એમાં જ્ઞાનનો અભાવ જડ છે એ. એનો નાશ થઈને અમારો ચૈતન્ય પૂર્ણ પ્રકાશ થઈ જાવ. આહાહા..!

ભાષા જોઈ! **'चैद्रूप्यं जडरूपतां च दधतोः'** **'ચૈતન્યમાત્ર જીવનું સ્વરૂપ,...'** છે. અર્થાત્ શાંત... શાંત... અકષાય વીતરાગસ્વરૂપની મૂર્તિ પ્રભુ છે અને પુણ્ય-પાપ રાગ, વિકાર, જડ,

અજ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! **'चैद्रूप्यं जडरूपतां च दधतोः'** ભાષા તો જુઓ! આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય, મુનિને પણ થાય, પણ છે તો જડ, કહે છે. ભેદજ્ઞાન સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ તો પ્રથમ કર્યું છે. પણ હવે બાકી રહ્યો રાગ છે એનાથી ભિન્ન પડીને સ્થિરતામાં રમણતા કરવી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપના ભાવ 'સમયસાર'માં 'અજીવ અધિકાર'માં એને અજીવ કહ્યાં છે. પુણ્ય-પાપના અધિકારમાં એ શુભ-અશુભભાવને અજ્ઞાન કહ્યા છે. 'સંવર અધિકાર'માં એને જડ કહ્યા છે. આહાહા..! બધી એક જ વાત છે. આહાહા..!

શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ ભાવ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને આવે, મુનિને આવે. આવે એના પ્રમાણમાં એને યોગ્ય પ્રમાણમાં આવે. પણ છે તો એ અજીવ અને જડ છે. આહાહા..! અને એ દુઃખરૂપ અને આકુળતા જન્ય છે. ભગવાનઆત્મા એનાથી સુખરૂપ, જ્ઞાનરૂપ, આનંદરૂપ ચેતનસ્વભાવની મૂર્તિ પ્રભુ છે. બંનેને પરસ્પર ભિન્નતા છે. પરસ્પર એટલે? ચૈતન્યસ્વરૂપથી વિકાર ભિન્ન છે અને વિકારથી ચૈતન્યસ્વરૂપ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચૈતન્યમાત્ર જીવનું સ્વરૂપ,...'** અને રાગનું સ્વરૂપ **'જડત્વમાત્ર...'** આહાહા..! પણ જડત્વનો અર્થ એ નહિ કે પુણ્યના-પાપના ભાવમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. એને પુદ્ગલના પરિણામ કહ્યા છે. પણ એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એમ નહિ. પણ એ શુભ અને અશુભભાવમાં ચૈતન્યના પ્રકાશના જ્ઞાનના અંશનો અભાવ છે, અંધકાર છે, જડ છે, અજીવ છે માટે તેને અજ્ઞાન કહેવામાં આવ્યું છે. આહાહા..! આવું સાંભળવું મુશ્કેલ પડે એવી વાત આવી. આવો માર્ગ છે. આહાહા..!

**'શેના વડે ભિન્નપણું કર્યું?'** જોયું! હવે શેના વડે કર્યું? સાધન શું? કે **'अन्तर्दारुणदारणेन'** **'અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ, એવું છે કરવત,...'** આહાહા..! કરવત. **'અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ...'** ભગવાન આનંદસ્વરૂપ છે, એવા શુદ્ધની અંતરદૃષ્ટિ, અનુભવદૃષ્ટિ, અતીન્દ્રિય આનંદ પ્રભુ છે, સચ્ચિદાનંદ, એની શુદ્ધ અનુભવની દૃષ્ટિ વડે. આહાહા..! એ કેવી છે અનુભવદૃષ્ટિ? કરવત છે એ તો. જેમ કરવત બે કટકા કરે લાકડાના, એમ અંતરદૃષ્ટિ અનુભવ અને રાગને કરવત વડે બેને જુદા પાડી નાખે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'અંતરંગ સૂક્ષ્મ અનુભવદૃષ્ટિ,...'** ઘણો જ ઉપયોગ સૂક્ષ્મ થઈ જાય છે. ત્યારે તે આત્માને રાગથી ભિન્ન અનુભવે છે. આહાહા..! એ કરવત છે. કરવતને હિન્દીમાં શું કહે છે? પનોત. પનોત. અહીં કરવત એ છે કે અંદર અંતર સૂક્ષ્મ રાગનો ભાવ અને પુણ્યનો ભાવ એ સ્થુળ, સ્થુળ અજીવ, જડ. ભગવાનનો ઉપયોગ સૂક્ષ્મ, જીવ ને ચૈતન્ય ને આનંદ. આહાહા..! એની દૃષ્ટિ વડે રાગ અને ભગવાનને, કરવત જેમ હોય, એમ બે જુદા પાડી નાખ્યા. શું કહે છે?

મુમુક્ષુ :- કરવતથી શરીરના પણ ટુકડા થઈ જાય?

ઉત્તર :- કરવતના ટુકડા ન થાય કાંઈ. શરીરને.. એના પણ ટુકડા ન થાય. શરીર

શરીરમાં રહે, રાગ રાગમાં રહે. ભગવાન આનંદમાં રહે. બે વચ્ચે સૂક્ષ્મ અંતરદૃષ્ટિથી, કરવતથી બે જુદા પાડે. આવો માર્ગ છે, ભાઈ! અંતર દૃષ્ટિ સૂક્ષ્મ પ્રજ્ઞાછીણી. પ્રજ્ઞાછીણી કીધી છે ને? પ્રજ્ઞારૂપી છીણી દ્વારા બેને જુદા પાડે. આહાહા..! ભેદજ્ઞાન કહો કે પ્રજ્ઞાછીણી કહો. પ્રજ્ઞાછીણી કહો કે સાધન કહો. એ જુદું પાડવામાં રાગ સાધન નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? પ્રજ્ઞાછીણી. સમ્યગ્જ્ઞાનની દશા અંતરમાં વળી તે રાગથી ભિન્ન કરવાનું સાધન છે. આહાહા..! સમજાય છે કાંઈ? હળવે-હળવે તો વાત ચાલે છે. માર્ગ તો એવો છે, બાપુ! જિનેન્દ્ર સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્માનો આ હુકમ છે અને આ પરમાત્માને પામવાની આ રીત અને વિધિ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**કરવત, તેના વડે. ભાવાર્થ આમ છે કે-શુદ્ધજ્ઞાનમાત્ર તથા રાગાદિ અશુદ્ધપણું-**' જડ છે. જડ કીધું હતું ને? એ રાગાદિ અશુદ્ધ છે, ભગવાન ચૈતન્ય શુદ્ધ છે. આહાહા..! '**એ બંનેનો ભિન્નભિન્નપણે અનુભવ કરવાનું અતિ સૂક્ષ્મ છે,...**' ઘણું સૂક્ષ્મ છે, અતિ સૂક્ષ્મ છે. એકલું સૂક્ષ્મ નથી લીધું. રાગનો વિકલ્પ છે એ ચાહે તો પુણ્ય-પાપનો હો અને એમાંથી ભગવાનઆત્માને જુદું પાડવું અતિ સૂક્ષ્મ છે. ત્યાં સ્થુળ બુદ્ધિ કામ ન કરે, ત્યાં શાસ્ત્રના જાણપણાનું જ્ઞાન કામ ન કરે. આહાહા..! કે ભણ્યો છું ઘણું માટે (આ થાય), એ કામ ન આવે ત્યાં. સમજાણું કાંઈ? '**અતિસૂક્ષ્મ છે,...**' આહાહા..! કેમ? પુણ્ય અને પાપના ભાવ અને મિથ્યાત્વભાવ, અશુદ્ધ ને જડ ને પ્રભુ ચૈતન્ય શુદ્ધ ને પવિત્ર-બેને ભિન્ન પાડવા અતિ સૂક્ષ્મ છે.

'**કેમ કે રાગાદિ અશુદ્ધપણું ચેતન જેવું દેખાય છે;...**' આ કારણ આપે છે. આ કેમ અતિસૂક્ષ્મ છે? એ પુણ્યના પરિણામ-દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ ચૈતન્ય જેવા, ચૈતન્યની પર્યાયમાં એના જેવા દેખાય છે. એથી એનાથી જુદું પાડવું અતિ સૂક્ષ્મ છે. આહાહા..! શ્લોક તો બહુ સારો આવ્યો છે. કેમ સૂક્ષ્મ છે? રાગ, પુણ્ય-પાપનો ભાવ અશુદ્ધપણું ચેતન જેવું (દેખાય છે). કેમકે ચૈતન્યની પર્યાયમાં છે ને એ? એ કાંઈ જડમાં, રજકણ કર્મમાં નથી. આહાહા..! શુભ-અશુભભાવ... કાલે બપોરે આવ્યું હતું ને? જીવના સત્ત્વમાં છે. બપોરે આવ્યું હતું. જીવના સત્ત્વ, પર્યાયરૂપી સત્ત્વમાં એ છે. એ પુણ્ય-પાપના ભાવ જડ કર્મમાં, જડ કીધા માટે જડમાં છે એમ નથી. આહાહા..! એ શુભ અને અશુભભાવ ચૈતન્યની પર્યાયમાં ચેતન જેવા દેખાય છે. એનાથી જુદું પાડવું અતિ સૂક્ષ્મ છે. આહાહા..! પર્યાયદૃષ્ટિએ દેખો તો એ પુણ્ય-પાપના ભાવ જીવની પર્યાયમાં છે. પણ વસ્તુદૃષ્ટિએ જુઓ તો તે ભાવ વસ્તુમાં નથી. આહાહા..! એટલે દ્રવ્યદૃષ્ટિ કીધી. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એનામાં એ છે જ નહિ. આહાહા..!

કેમ અતિ સૂક્ષ્મ છે? કે શુભ-અશુભભાવ '**અશુદ્ધપણું ચેતન જેવું દેખાય છે;...**' જોયું! કેમકે ચેતનની પર્યાય છે ને એ? એ કાંઈ કર્મની પર્યાય નથી. આહાહા..! એ શુભ અને અશુભભાવ.. ઓલામાં એમ કહ્યું ને? ભાઈ! નહિ? કાલે સ્વાધ્યાયમાં આવ્યું હતું ને? ધર્મ અને અધર્મ તે આત્મા છે. એમ આવ્યું હતું. સજ્ઝાયમાં આવ્યું હતું? પુણ્ય-પાપ. શુભ-અશુભભાવ એ આત્મા છે એમ આવ્યું હતું. કાલે સજ્ઝાય થઈ હતી ને. કેમ? કે એ

આત્મામાં એ ધર્મ-અધર્મ.. ધર્મ એટલે પુણ્યભાવ, અધર્મ એટલે પાપ. એ જ્ઞાનસ્વરૂપી ભગવાનની પર્યાયમાં છે. એ કાંઈ જડમાં છે અને પરમાં છે એમ નથી. આહાહા..! કાલે સ્વાધ્યાયમાં આવ્યું હતું. આહાહા..!

જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદ, એ આત્મા છે, જ્ઞાનસ્વરૂપ છે, એમ પુણ્ય-પાપ પણ જ્ઞાનસ્વરૂપ છે એમ આવ્યું હતું. એટલે? કે ભગવાન જ્ઞાનસ્વરૂપની દશામાં પુણ્ય-પાપ છે. એ કાંઈ જડમાં, કર્મમાં, શરીરમાં, પરમાં નથી અને પરથી થયા નથી. આહાહા..! પોતાની પર્યાયમાં અપરાધને કારણે એ ભાવ થયા છે. એથી તેને ત્યાં આત્મામાં છે, આત્મામાં છે એમ કહેવામાં આવ્યું છે. પર્યાય એની છે ને. આહાહા..! સમજાણું કાંઈ? આવ્યું હતું ને ગાથામાં. નહિ? 'સમયસાર'-૪૦૪. ૪૦૪ ગાથા છે.

**णाणं सम्मादिट्ठिं दु संजमं सुत्तमंगपुव्वगयं।**
**धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा।।४०४।।**

**'સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને, ધર્માધરમ,...'** એટલે પુણ્ય-પાપ. **'દીક્ષા વળી બુધ પુરુષ માને જ્ઞાનને.'** આહાહા..! કઈ અપેક્ષાએ? છે? ૪૦૪. કાલે સ્વાધ્યાયમાં આવ્યું હતું. પુણ્ય અને પાપના ભાવ આત્માના છે અને આત્મા એને કહેવામાં (આવે છે). એમ કહ્યું અહીં તો. કેમ કે એની પર્યાયમાં થાય છે. એના સત્ત્વમાં છે. આહાહા..! પણ જ્યારે પુણ્ય-પાપના ભાવ અને આત્મા બેને ભિન્ન કરવા છે ત્યારે એ પુણ્ય-પાપના ભાવ જડમાં છે એમ કહે. જડ જડપણે છે. જડમાં એટલે રજકણમાં નહિ. પણ જડપણે છે, અજ્ઞાનપણે છે. અહીં જ્ઞાનપણે છે એમ કહ્યું. આહાહા..! કેટલી અપેક્ષા? સમજાણું કાંઈ?

સમકિત, સંયમ, ચારિત્ર, સૂત્ર અંગ. સૂત્ર પાના એ કાંઈ આત્મા નથી. સૂત્રનું અહીં જ્ઞાન છે એ આત્મામાં છે. શાસ્ત્રનું જ્ઞાન (થાય) એ જ્ઞાન આત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. એ કાંઈ પાનામાં નથી. આ તો જડ છે, માટી છે. સમ્યગ્દર્શન, સંયમ એટલે સ્વરૂપરમણતા અને શાસ્ત્ર સંબંધીનું અંતરનું પોતાનું જ્ઞાન અને પુણ્ય-પાપના ભાવ અને પ્રવજ્યા એટલે ચારિત્ર. એ આત્મા છે. એમ કીધું. જ્ઞાન છે એ બધું. એ બધું જ્ઞાન છે. એટલે? કે જ્ઞાનસ્વરૂપી ભગવાનની પર્યાયમાં છે માટે જ્ઞાન છે એમ કહેવામાં આવ્યું છે. અરે..અરે..! એક કોર આમ કહે અને એક કોર આમ કહે.

અહીં કહે છે કે પુણ્ય અને પાપ એ જડ છે. અહીં કહે છે કે એ જ્ઞાનમાં છે. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાથી? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર એ આત્માની નિર્મળપર્યાય છે, રાગથી ભિન્ન એ પણ આત્માની પર્યાયમાં છે. અને પુણ્ય અને પાપ પણ આત્માની પર્યાયમાં છે. એ કાંઈ જડમાં, અજીવમાં અને કર્મમાં ને શરીરમાં નથી. એ અપેક્ષાએ આત્મામાં છે એમ ક્હેવામાં આવ્યું.

અહીંયાં કહે છે કે હવે એને ભેદ પાડવો છે. આહાહા..! સમજાણું કાંઈ? એક બાજુ કાંઈક કહે અને એક બાજુ કાંઈક પકડે. એક બાજુ એમ કહે કે જ્ઞાનીને દુઃખ નથી. બીજી

બાજુ કહે કે, છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ રાગનો ભાવ દુઃખ છે. કઈ અપેક્ષાથી વાત છે? બાપુ! દુઃખ એટલે વસ્તુની દૃષ્ટિ અને વસ્તુની જ્યાં અપેક્ષાનું વર્ણન એકલું ચાલતું હોય ત્યારે તેને દુઃખ છે તેને ગૌણ કરીને એને દુઃખ નથી એમ કહ્યું છે. અને જ્યારે એની વાસ્તવિક સ્થિતિનું વર્ણન ચાલે ત્યારે તો એને જ્ઞાનીને પણ, મુનિને પણ રાગનો ભાગ તે દુઃખ વેદે છે. અને આનંદ તરફનું વેદન (છે) તેટલો આનંદ છે. આહાહા..!

મુમુક્ષુ :- રાગ હોય તો દુઃખ હોય ને.

ઉત્તર :- દુઃખ જ છે એ, દુઃખ છે. શુભભાવ એ દુઃખ છે. આહાહા..! છતાં ત્યાં એમ કહ્યું કે તે જ્ઞાન છે. એટલે? કે જ્ઞાનસ્વરૂપી ભગવાનની પર્યાયમાં છે.

મુમુક્ષુ :- જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનરૂપ હોય.

ઉત્તર :- જ્ઞાનરૂપ એ વળી બીજી વાત. એ વળી બીજી વાત. એ તો એને રાગ થાય છે એનું પણ એ જ્ઞાન કરે છે. એમ કરીને બધા જ્ઞાનભાવ છે એમ કહ્યું છે. ભાઈ! અહીં બીજી વાત છે. અહીં ત્રીજી વાત છે. એ જ્યારે જ્ઞાન, સમ્યગ્દર્શન સહિત જ્ઞાનની મુખ્યતાથી વાત ચાલે ત્યારે તો તેને જ્ઞાનપ્રકાશ તેનો સ્વભાવ છે, રાગાદિ એનો સ્વભાવ નથી અને રાગ અને દુઃખને ગૌણ કરીને મુખ્ય જ્ઞાનાનંદની વાત કરવી હોય ત્યારે એમ કહે. જ્યારે હવે એને આત્માની જ પર્યાય પરથી ભિન્ન કરવું છે, પરની સાથે, શરીરની સાથે કાંઈ સંબંધ નથી. તો એ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની શ્રદ્ધા-સમકિત કરે અને જ્ઞાન કરે અને ચારિત્ર કરે એ પણ આત્મા અને અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ પણ આત્મા. સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું આમાં? ભાઈ! મારગડા અલૌકિક! આ તો અનેકાંત માર્ગ છે. આહાહા..! એકાંત ખેંચી બેસે. સમજાણું કાંઈ? એ માર્ગ એમ નથી. આહાહા..!

અહીંયાં કહે છે... હવે ત્યાં એમ કહ્યું કે પુણ્ય અને પાપના રૌદ્રધ્યાન હો અને વિષયની વાસના હો.. આહાહા..! પણ તેને જ્ઞાન કહ્યું. એટલે? કે એની પર્યાયમાં થાય છે માટે. અને જ્યાં જ્ઞાનીને જ્ઞાન જ થાય છે ત્યાં? એ રાગનું પણ જ્ઞાન, જ્ઞાનનું પણ જ્ઞાન એ જ્ઞાન થાય છે એમ ત્યાં કહ્યું. અને અહીં જ્યાં કહ્યું છે કે રાગ એની પર્યાયમાં થાય છે એને જુદું પાડવા માટે કે રાગ તારું સ્વરૂપ નથી, ચૈતન્ય તારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..! એક બાજુ એમ કહે, પ્રભુ તો આનંદસ્વરૂપ છે, એમાં દુઃખ છે જ નહિ. વસ્તુમાં દુઃખ છે જ નહિ. બીજી રીતે કહે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું, સમ્યગ્જ્ઞાની થયો પણ જેટલો એને શુભરાગ અને અશુભરાગ છે એટલું દુઃખ છે. એ દુઃખ નથી એમ માને તો એકાંત મિથ્યાદૃષ્ટિ થાય છે. અને એ દુઃખ મારી ચીજ છે એમ અંદરમાં માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. અરે..! આવી વાતું! અભ્યાસ જોઈએ આનો, 'પોપટભાઈ'! આમાં લગન લગાવવી જોઈએ. આહાહા..!

એ કાલે વાંચતા આવ્યું હતું. અને બીજું તો પાછું આચાર્યનું આવ્યું ને? અજ્ઞાન અસ્ત થઈ જાવ. અમે તો જ્ઞાનસ્વરૂપ છીએ. પ્રભુ! તમારે અજ્ઞાન તો નથી. તમે મુનિ છો તો અજ્ઞાન નથી. પણ શુભભાવ છે એ અજ્ઞાન છે. અમને છે અજ્ઞાન, હજી રાગ છે, દુઃખ છે. હવે અસ્ત થઈ જાવ, નાશ થઈ જાવ. અમે ચૈતન્યસૂર્ય આખા પ્રગટ થઈ જાઓ. સમજાણું

કાંઈ? આહાહા..!

કહે છે કે, અતિ સૂક્ષ્મ કેમ છે? કે પુણ્ય અને પાપમાં અશુદ્ધપણું એ ચૈતન્ય જેવું, ચેતનાભાસ, ચેતનમાં છે. આહાહા..! માટે ચૈતન્ય જેવા એ દેખાય છે. એથી એને જુદા પાડવા એ અતિ સૂક્ષ્મ છે. કર્મ, શરીર, વાણી એ તો જડ છે એટલે જુદા છે જ. એટલે એને જુદા પાડવા કાંઈ બહુ અતિ સૂક્ષ્મ નથી. આ તો જુદી જુદી ચીજ છે. પણ ઓલા વિકારના પરિણામ એની પર્યાયમાં છે. આ શરીર, વાણી કર્મ તો દ્રવ્ય-ગુણ અને પર્યાય તદ્દન જુદાં છે. આત્માની પર્યાયમાં શરીર પણ નથી, કર્મ નથી, વાણી પણ નથી. પણ એની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ છે. એથી એનાથી જુદું પાડવું તે અતિ સૂક્ષ્મ છે. ભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય-પર્યાયનો ભેદ કરવો એ સૂક્ષ્મ છે.

ઉત્તર :- એ બહુ સૂક્ષ્મ. અને એની પર્યાયમાં છે ને ઈ. એ કાંઈ પરમાણુમાં નથી. પુણ્ય અને પાપભાવ કાંઈ કર્મમાં નથી, શરીરમાં નથી. જીવની પર્યાયની સત્તામાં, સત્ત્વની પર્યાયના સત્ત્વમાં છે. આહાહા..! હવે એ સત્ત્વ જે પર્યાયનું છે એને જુદું પાડીને દ્રવ્યદૃષ્ટિ કરવી અતિ સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તેથી અતિસૂક્ષ્મ દૃષ્ટિથી,...'** તેથી અતિ સૂક્ષ્મ દૃષ્ટિ. **'જેમ પાણી કાદવ સાથે મળવાથી મેલું થયું છે...'** જુઓ! પાણી-જળ અને કાદવ બે એકમેક થઈ ગયા છે. જેમ પથરા અને પાણી તદ્દન જુદાં છે એમ નથી. પાણી અને કાદવ પર્યાયનો મેલ ભેગો થઈ ગયો છે પર્યાયમાં. સમજાણું કાંઈ? આહાહા..! પાણી કાદવ સાથે મળવાથી મેલું થયું. પાણી મેલું થયું. **'તોપણ સ્વરૂપનો અનુભવ કરતાં સ્વચ્છતામાત્ર પાણી છે,...'** પાણી તો સ્વચ્છ તે પાણી છે. **'મેલું છે તે કાદવની ઉપાધિ છે,...'** પાણીમાં મેલપ છે એ કાદવની ઉપાધિ છે. આહાહા..! ઘણા વર્ષ પહેલાં જૂની વાત છે. એ કડુકે ગયા હતા. કેવું? 'કુકડા'. 'મુળી' પાસે 'કુકડા' છે. ઘણા વર્ષ (પહેલાની વાત છે). ત્યાં આગળ કૂવો ન મળે. ગામમાં કૂવો નહિ અને વરસાદ આવેલો. તો આખા ગામમાં મેલું પાણી. કૂવો ન મળે. પાણી જ મેલું. વ્હોરવા ગયા પાણી. મહારાજ! પાણી તો મેલું છે. તમેં ત્યાં જઈને ઠારજો. 'કુકડા' છે. 'મુળી' પાસે. 'રાજકોટ' જતાં. (સંવત) ૧૯૮૨ની સાલ કે કઈ સાલ હશે. ઘણા વર્ષ પહેલાની વાત છે. ત્યાં તે દિ' હતા, ભાઈ 'રતનચંદજી' શતાવધાની હતા ત્યાં. ત્યાં આવ્યા હતા બિચારા. અમે ત્યાં ગયા હતા અને ઈ આવ્યા હતા.

અહીં કહે છે કે આત્મામાં... જેમ પાણીમાં કાદવની મેલપ થઈ ગઈ છે, પર્યાય મેલી થઈ છે. જેમ પાણી ને પથરા જુદા છે એમ નથી. એમ આત્મામાં પુણ્ય-પાપના ભાવની પર્યાયમાં મેલપ થયેલી છે. એ કર્મ ને શરીર જુદા છે એમ આ નથી. એની પર્યાયના અસ્તિત્વમાં, એની અવસ્થાની હયાતીમાં મલિનતા ઊભી છે. આહાહા..! એને જુદી પાડવી એટલે પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ (કરવી) અતિ સૂક્ષ્મ છે. આહાહા..! આવું છે. આમાં ક્યાંય મળે એવું નથી. ત્યાં તમારા સાગર-ફાગરમાં કાંઈ. પછી તેથી કહે, તમે સાગર આવો.

મુમુક્ષુ :- વિનંતી કરે છે સાગર આવે.

ઉત્તર :- હવે શરીર... હવે તો અહીંયાં આવે. આહાહા..!

અહીં કહે છે, **'રાગાદિ પરિણામના કારણે જ્ઞાન અશુદ્ધ એમ દેખાય છે...'** જોયું! ઓલું પાણી જેમ કાદવથી મેલું છે. દેખાય છે. એમ આત્મામાં પુણ્ય-પાપની પર્યાય મેલી છે એમ દેખાય છે. આહાહા..! **'અશુદ્ધ એમ દેખાય છે.'** તે ઉપાધિ છે. જેમ કાદવને મેલાપણું ઉપાધિ છે, એમ ભગવાનઆત્મામાં શુભાશુભ પરિણામ છે એની પર્યાયમાં, પણ છે ઉપાધિ. આહાહા..! મુનિ પણ એમ કહે. ભાવલિંગી સંત આનંદકંદમાં ઝુલનારા. આનંદ... આનંદ... આનંદ.. જેને સમ્યગ્જ્ઞાનમાં પ્રગટ્યો અને ત્રણ કષાયનો નાશ (થયો છે), એ કહે કે અમને હજી રાગની મેલપ કલુષિતતા ઊભી છે. ભલે અમે ભેદજ્ઞાનથી જુદી પાડી પણ ચારિત્રની નિર્મળતામાં હજી મલિનતા પડી છે. એટલું અમને હજી દુઃખ છે, એટલા અમે હજી દુઃખી છીએ. આહાહા..! પૂર્ણ આનંદનો અમને અભાવ છે. તેથી હે નાથ! એ શુભભાવનો અજ્ઞાનભાવ અસ્ત થઈ જાવ, નાશ થઈ જાવ અને અમારી પૂર્ણાનંદની પર્યાય પ્રગટ થઈ જાવ. આહાહા..! આવી વાતું છે.

**'જ્ઞાન અશુદ્ધ એમ દેખાય છે તોપણ જાણપણામાત્ર જ્ઞાન છે,...'** જોયું! ભગવાન તો જાણપણું જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપ્રકાશનો પૂર છે અને રાગાદિ અશુદ્ધપણું ઉપાધિ છે. છે પર્યાયમાં. પણ પુણ્ય અને પાપના ભાવ મલિન છે, ઉપાધિ છે, મેલ છે, આકુળતા છે. આહાહા..! અજીવ છે, જડ છે. આ ઉપાધિ કીધી ને? **'सन्तः अधुना इदं मोदध्वम्'** હે સંતો! સમ્યગ્દૃષ્ટિ જીવો. આહાહા..! એનો અર્થ એવો કર્યો. **'સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો અધુના વર્તમાન સમયમાં इदं मोदध्वम् શુદ્ધ જ્ઞાનાનુભવને આસ્વાદો.'** આહાહા..! પ્રભુ! એ રાગથી ભિન્ન પડ્યો છે નાથ અંદર. હે સમ્યગ્દૃષ્ટિ જીવો! એ આનંદનો સ્વાદ લ્યો. એ દુઃખનો સ્વાદ છોડી દો અંદરથી. સમ્યગ્દર્શનની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો! એનો આસ્વાદ હશે વળી. શાંતિ... શાંતિ... શાંતિ.. જેટલો રાગથી ભિન્ન પડી અને સ્વભાવનું ભાન અને સ્થિરતા એટલી શાંતિ છે, એટલો આનંદ છે, એટલી અનાકુળતા છે, એટલી પવિત્રતા છે, એટલી શુદ્ધતાનો સ્વાદ છે. બાકી રાગ રહી ગયો એટલો અશુદ્ધ છે હજી. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## આસો સુદ ૧૦, શુક્રવાર, તા.૨૧-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૬-૧૨૭, પ્રવચન - ૧૨૭

૧૨૬ની છેલ્લી બે લીટી. અહીંયાં આવી ગયું છે.

**'સમ્યગ્દૃષ્ટિ જીવો અધુના વર્તમાન સમયમાં...'** સમ્યગ્દૃષ્ટિ જીવ **'इदं मोदध्वम्' 'इदं'** આ આત્મા **'શુદ્ધજ્ઞાનાનુભવને આસ્વાદો.'** બહુ સાર છે છેલ્લો. રાગ અને દ્વેષ હોવા છતાં શરીર અને વાણી, મન તો પર છે. એની દૃષ્ટિ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ આનંદ પ્રભુ, એના ઉપર દૃષ્ટિ જતાં એનો આસ્વાદ લ્યો. આહાહા..! આ છેલ્લામાં છેલ્લી વાત છે. અતીન્દ્રિય આનંદનો

સ્વાદ લ્યો. એ ચીજ છે કરવાની. આહાહા..! પુણ્ય અને પાપ હોવા છતાં એની હયાતી હો, જ્ઞાન જાણે. પણ આસ્વાદમાં તો ચૈતન્યસ્વરૂપ અખંડાનંદ પ્રભુ, એનો આસ્વાદ નામ અનુભવ, એ ચૈતન્યની શક્તિરૂપ જે આનંદ. આહાહા..! એ આનંદને આસ્વાદો પર્યાયમાં એમ કહે છે. આવી વાત છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત તો છે, પ્રભુ! આહાહા..! અનાદિકાળથી જે પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષનો આસ્વાદ દુઃખરૂપ હતો, એનો આસ્વાદ અનાદિકાળથી નિગોદથી માંડીને સ્વર્ગમાં પણ એ રાગનો જ સ્વાદ લેતા. આહાહા..! સમજાય છે કાંઈ? હવે તો દિશા પલટાવ, પ્રભુ! એમ કહે છે. આહાહા..! સહજાત્મસ્વરૂપ પ્રભુ, એની સન્મુખ થઈને.. હમણા કહેશે,... એનો સ્વાદ લ્યો, અતીન્દ્રિય આનંદનું વેદન કરો, એ એનો ધર્મ અને કર્તવ્ય છે. આહાહા..!

**'અનુભવ છે જીવન જેમનું,...'** છે? 'કેવા છે?' સંત પુરુષો. **'अध्यासिताः'** એનું જીવન જ એ છે, કહે છે. આહાહા..! **'अध्यासिताः' 'શુદ્ધસ્વરૂપનો અનુભવ છે જીવન જેમનું,...'** આહાહા..! ચિદાનંદ પ્રભુ, એનો અનુભવ એ ધર્મીનું જીવન છે. રાગ અને દ્વેષે જીવન જીવવા એ બધા જીવન નહિ. સમજાય છે કાંઈ? 'સંવર અધિકાર' છે ને? આહાહા..! **'શુદ્ધસ્વરૂપનો અનુભવ છે જીવન જેમનું એવા છે.'** ધર્મી જીવો-સમ્યગ્દૃષ્ટિ. આહાહા..! 'કેવા છે?' **'द्वितीयच्युताः'** એ સિવાય જેટલો રાગ હોય, દ્વેષ હોય, પુણ્ય-પાપના પરિણામ હોય એ **'વસ્તુને અવલંબતા નથી.'** જાણે કે છે, પણ અવલંબન એનું નથી. શું કહ્યું એ? આત્મા આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ છે એનું અવલંબન લઈને અનુભવ કરો. બાકી પુણ્ય-પાપના ભાવ હો. અરે..! પર્યાય પણ એક સમયની વ્યક્ત પ્રગટ હો. એનું અવલંબન ન લ્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુરુના અવલંબનની ના નથી પાડી.

ઉત્તર :- બધાની. ગુરુ તો શું, ગુરુની શ્રદ્ધાના અવલંબનની ના. આહાહા..! પ્રભુ! તું ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે.

અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ પ્રભુ છે. એનું અવલંબન લે ને, એનો આશ્રય કર ને, એને પડખે જા ને, એનો આધાર લે ને. આમ છે. પર્યાય છે, રાગ છે પણ એનું અવલંબન ન લે. સમજાય છે કાંઈ? આહાહા..! પર્યાયમાં રાગ છે, દુઃખ છે પણ દુઃખનું અવલંબન ન લે. આહાહા..! આ તો છેલ્લામાં છેલ્લી વાત. અવલંબન તો એક પ્રભુ ત્રિકાળનાથ પ્રભુ ધ્રુવને ધ્યાનમાં ધ્યેય બનાવી... આહાહા..! ધ્યાનનો વિષય ધ્રુવને બનાવી તેનું અવલંબન લે. પર્યાયમાં અનેક પ્રકાર હો, એ જ્ઞાન જાણે પણ અવલંબન નહિ. 'સુમેરુમલજી'! આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણું છે, પ્રભુ!

મુમુક્ષુ :- પોતે જ ઝીણો છે.

ઉત્તર :- માર્ગ જ ઝીણો, નાથ! તું અરૂપી અંદર અને અનંત અનંત શક્તિનો સાગર અને એક એક શક્તિ પણ અનંત શક્તિના રૂપથી ભરેલી શક્તિ. એવી અનંતી શક્તિનો સાગર નાથ. આહાહા..! એનું પૂર્ણમિદં. એ પૂર્ણ વસ્તુ છે તેનું અવલંબન લે. સમજાય છે કાંઈ? આવી વાત છે.

પર્યાય છે, રાગાદિ છે, દુઃખ છે. સંયોગની વાત તો એક કોર રાખો, એ તો પર્યાયમાં પણ નથી. શરીર, કર્મ, દેવ, ગુરુ, શાસ્ત્ર એ તો એની પર્યાયમાં પણ નથી. પણ એની પર્યાયમાં હજી પુણ્ય અને પાપના ભાવ આદિ, રાગાદિ હોય છે. તેથી દુઃખ પણ છે. અવલંબન ન લે એનું. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ! એ ૧૨૬ શ્લોક થયો. આહાહા..!

(માલિની)

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्माराममात्मानमात्मा
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।।३-१२७।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तत् अयम् आत्मा आत्मानम् शुद्धम् अभ्युपैति' ( तत् ) તે કારણથી ( अयम् आत्मा ) આ પ્રત્યક્ષ આત્મા અર્થાત્ જીવ ( आत्मानम् ) પોતાના સ્વરૂપને ( शुद्धम् ) શુદ્ધ અર્થાત્ જેટલાં છે દ્રવ્યકર્મ-ભાવકર્મ તેનાથી રહિત ( अभ्युपैति ) પામે છે. કેવો છે આત્મા? 'उदयदात्मारामम्' ( उदयत् ) પ્રગટ થયેલ છે ( आत्मा ) પોતાનું દ્રવ્ય, એવો છે ( आरामम् ) નિવાસ જેનો, એવો છે. શા કારણથી શુદ્ધની પ્રાપ્તિ થાય છે? 'परपरिणतिरोधात्' ( परपरिणति ) અશુદ્ધપણાના ( रोधात् ) વિનાશથી. અશુદ્ધપણાનો વિનાશ કઈ રીતે થાય છે તે કહે છે-'यदि आत्मा कथमपि शुद्धम् आत्मानम् उपलभमानः आस्ते' (यदि ) જો ( आत्मा ) ચેતનદ્રવ્ય ( कथमपि ) કાળલબ્ધિ પામીને સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમતું થકું, ( शुद्धम् ) દ્રવ્યકર્મ-ભાવકર્મથી રહિત એવા ( आत्मानम् ) પોતાના સ્વરૂપને ( उपलभमानः आस्ते ) આસ્વાદતું થકું પ્રવર્તે છે તો. શા વડે? 'बोधनेन' ભાવશ્રુતજ્ઞાન વડે. કેવું છે (ભાવશ્રુતજ્ઞાન)? 'धारावाहिना' અખંડિતધારાપ્રવાહરૂપ નિરંતર પ્રવર્તે છે. 'ध्रुवम्' આ વાત નિશ્ચિત છે. ૩-૧૨૭.

## કળશ-૧૨૭ ઉપર પ્રવચન

હવે ૧૨૭.

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्माराममात्मानमात्मा
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।।३-१२७।।

**ખંડાન્વય સહિત અર્થ :-** '**तत् अयम् आत्मा आत्मानम् शुद्धम् अभ्युपैति**' આહાહા..! સંવર છે ને? ધર્મની દશા. સંવર એટલે શુદ્ધોપયોગ. પુણ્ય-પાપ એટલે અશુદ્ધઉપયોગ. આહાહા..! શુભ-અશુભભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ પણ એક વિકલ્પ અને રાગ છે. આહાહા..! પરદ્રવ્ય છે ને એ? આહાહા..! '**तत् अयम् आत्मा आत्मानम् शुद्धम् अभ्युपैति**' આહાહા..! '**તે કારણથી 'अयम् आत्मा' આ પ્રત્યક્ષ આત્મા...**' આહાહા..! પર્યાયમાં રાગાદિ હોય એનું લક્ષ છોડી દે, લક્ષ છોડી દે અને તેના આલંબન વિના સીધું ચૈતન્યનું આલંબન એ જ્ઞાનમાં પ્રત્યક્ષપણું થાય છે. ઝીણી વાત છે. 'બાલચંદજી'! મગજ જોઈએ, મગજ. આહાહા..!

અંદર સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ, શાશ્વત નિત્ય બિરાજે છે. એને પ્રત્યક્ષ આત્મા... આહાહા..! મન અને રાગનું અવલંબન છોડી દઈ જ્ઞાનની વર્તમાન પર્યાયને પરની અપેક્ષારહિત કહી, એ જ્ઞાન આત્માને પ્રત્યક્ષ રીતે જાણે, એનું નામ સંવર છે. આહાહા..! આવો માર્ગ. '**अयम्**' શબ્દ પડ્યો છે ને? '**अयम्**' એટલે પ્રત્યક્ષ. આ. '**अयम्**' આ, આ. જેમ માણસ કહે, આ. એમ આ. આહાહા..! આ પ્રભુ અંદર છે. એ આ છે. રાગ અને પર્યાયનું લક્ષ છોડી દે. અવલંબનમાં એનો આશ્રય નહિ. હો પણ આશ્રય નહિ. આહાહા..!

'**પ્રત્યક્ષ આત્મા અર્થાત્ જીવ...**' કોઈ વળી એમ કહે કે આત્મા નિર્મળ છે અને જીવ મલિન છે. એમ નથી. જીવ કહો કે આત્મા બધું એક ને એક છે. તેથી બે અર્થ કરવા પડ્યા. '**આત્મા અર્થાત્ જીવ...**' એમ. કેટલાક એમ કહે છે ને વેદાંત આદિ, કે રાગના મલિનસહિત છે એ તો બધો જીવ છે. આત્મા તો તદ્દન નિર્મળ છે. તેથી બે અર્થ કરવા પડ્યા. '**આત્મા અર્થાત્ જીવ...**' આહા..! એ ભગવાનઆત્મા કહો કે જીવ કહો. એને એ છે. માર્ગ આવો છે, ભાઈ! આહાહા..! નિગોદ અને નરકમાં પિલાઈ ગયો છે, ભાઈ! તે રાગ અને દ્વેષના દુઃખમાં એણે અનાદિથી આનંદને પીલી નાખ્યો છે. ભીંસી કરીને પીલી નાખ્યો છે. એક વાર પ્રભુ પડખું ફેરવને. કરવટ ફેરવ, કરવટ. આમ છે તેને આમ કરી નાખ. ભાષા તો સાદી છે 'માલચંદજી'! પણ વસ્તુ તો આ છે. આહાહા..!

આની ટીકામાં એમ લીધું, ભાઈ! ધ્યાનવિષય કુરુ. આવે છે ને? સંસ્કૃત ટીકામાં બહુ ઠેકાણે આવે છે. આમાં એ કહ્યું. ધ્યાનવિષયકુરુ. વર્તમાન ધ્યાનની પર્યાયમાં ધ્રુવને વિષય બનાવ. આહાહા..! એટલે શું? વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જે રાગને, પુણ્યને ધ્યેય બનાવીને ત્યાં અટકેલું જ્ઞાન છે, એ જ્ઞાનની પર્યાયને વર્તમાન ત્રિકાળી ચીજ છે તેને ધ્યેય બનાવ, એને વિષય બનાવ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ આવો (છે). પહેલું એને જ્ઞાન તો કરવું પડશે ને? હેં! કે આમ છે. બીજું નથી. આહાહા..! પછી પ્રયોગ કરે. જેના હજી જ્ઞાનમાં જ જૂઠાણ છે એ અંદરમાં પ્રયોગ નહિ કરી શકે. આહાહા..!

'**પ્રત્યક્ષ આત્મા અર્થાત્ જીવ 'आत्मानम्' પોતાના સ્વરૂપને...**' '**अयम् आत्मा आत्मानम्**' એમ છે ને? આ આત્મા આત્માને. આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પ્રભુ આત્મા. એ આત્માને એટલે પોતના સ્વરૂપને. એમ. આત્મા આત્માના સ્વરૂપને. આત્મા

એનું જે સ્વરૂપ આનંદ, તેના સ્વરૂપને એ આત્માને આત્મા. એમ. 'ગોવિંદરામજી'! આવી વાતું છે ઝીણી. અરે..! શું થાય? બાપુ! માર્ગ તો આ છે. આહાહા..! આત્મા '**अयम् आत्मा**' આત્માને. છે ને? '**आत्मानम्**' એટલે '**પોતાના સ્વરૂપને...**' આહાહા..! સ્વરૂપ પોતાનું એ આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એ આત્મા, આત્માના સ્વરૂપને. સમજાય એવું છે, ભાઈ! આત્મા તો અંદર ભગવાન છે. આહાહા..! એને ન સમજાય એમ કેમ કહેવાય? એને એમ ન કહેવાય. એને કલંક લાગે. આહાહા..! અઘરું ભલે હો પણ ન સમજાય એવી ચીજ નથી. આહાહા..! કહે છે કે તારે જો ધર્મ કરવો હોય તો. એટલે કે સંવર કરવો હોય તો. એટલે કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના આસ્રવને રોકવા હોય તો આ કર. આહાહા..!

'**આત્મા અર્થાત્ જીવ '**आत्मानम्**' પોતાના સ્વરૂપને '**शुद्धम्**' શુદ્ધ અર્થાત્ જેટલાં છે દ્રવ્યકર્મ-...**' જડ. '**ભાવકર્મ...**' પુણ્ય-પાપના ભાવ. અને '**તેનાથી રહિત...**' એ પ્રભુ છે. વસ્તુ છે એ શુદ્ધ છે. પહેલું એમ લીધું. '**अयम् आत्मा आत्मानम् शुद्धम्**' એટલે એ આત્મા એટલે જે એ પોતાના સ્વરૂપને શુદ્ધ અનુભવે. આહાહા..! '**જેટલા છે દ્રવ્યકર્મ-ભાવકર્મ તેનાથી રહિત શુદ્ધને પામે છે.**' '**अभ्युपैति**' '**પામે છે.**' આહાહા..! થોડા શબ્દ પણ... શું કહ્યું? આ આત્મા પ્રત્યક્ષ પ્રભુ બિરાજે છે અંદર. એને આત્મા આત્માના સ્વરૂપને ત્રિકાળી જે આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનાદિ સ્વરૂપ, એને અવલંબીને. આહાહા..! પોતાના સ્વરૂપને શુદ્ધ જેટલા આદિ છે તેને (અવલંબીને). રાગ, દયા, દાન અને વિકલ્પ છે તેને છોડીને એ શુદ્ધ સ્વરૂપને પામે છે. આહાહા..! શેઠ! સાગરમાં આવું ક્યાંય સાંભળવા મળે એવું નથી. એ, એ શેઠને ટાણું આવે તો બોલે ને. આવી વાત છે, પ્રભુ! શું કરે? આહાહા..! હા..હો...હા...હો... ધમાલ ને મોટા જાણે એમાં ધર્મ થઈ જાય. મોટી રથયાત્રા, મોટી પ્રતિમાને સ્થાપે અને મોટા મંદિરો બનાવે, કરોડો રૂપિયા ખર્ચે. બાપુ! એ તો ક્રિયા પરની છે. બાપુ! એ તો તારામાં નથી. પણ એમાં જે તને ભાવ થાય રાગ, એ પણ તારા સ્વરૂપમાં નથી.

મુમુક્ષુ :- આમ તો આપ પધારતા નથી તો મંદિર બનાવીને તમને બોલાવીએ છીએ.

ઉત્તર :- આહાહા..! એ તો બને છે એ પણ પરમાણુથી બને છે. એ કાંઈ આત્માથી બને છે એમ નહિ. આહાહા..! આવી વાત છે. તમારે કાંઈક છે ને અંદર? મંદિર નાનું કરવાનું કહે છે, શેઠને ઘરે. કાંઈક કોઈક કહેતું હતું. એક વાત સાંભળી હતી. 'સરદારશહેર'. એ તો હોય પણ એ કાળે તો, ખરેખર તો પુદ્ગલની પર્યાય પરિણમવાનો કાળ હોય ત્યારે થાય છે. કરનારનો ભાવ હોય તો એ શુભ છે. પણ શુભભાવથી એ વસ્તુ બને છે એમ નથી. આહાહા..! અને તે શુભભાવ પણ રાગ હોય, આવે. જ્ઞાનીને પણ આવે. પણ છે રાગ દુઃખ.

અહીં તો પ્રભુ! તને સંવર અને ધર્મ કરવો હોય તો પ્રભુને અવલંબ. અને શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્ય પવિત્ર પુણ્ય-પાપના શુભભાવથી રહિત... આહાહા..! એને પામ. આ એને પામે છે અંદર. આહાહા..! શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય જે આત્મા આનંદ, એ પોતાના સ્વરૂપને પોતે પાપના, પુણ્યના ભાવ રહિત થઈને અંતરમાં જ્ઞાનમાં આવતાં તે પોતાના શુદ્ધ સ્વરૂપને પામે

છે. આહાહા..! આવું છે. સમજાણું કાંઈ? આ હો..હા ને હા.. એમાં બહારમાં ધમાલમાં કાંઈ છે નહિ.

મુમુક્ષુ :- પ્રભાવના થાય છે ને.

ઉત્તર :- પ્રભાવના અહીં થતી હશે કે બહાર થાય? શેઠ! અંદરમાં શુભભાવ હોય તો વ્યવહારે પ્રભાવના કહેવાય. નિશ્ચય પ્રભાવના તો એને કહીએ કે જે શુદ્ધસ્વરૂપ પુણ્ય અને પાપરહિત છે. તેની પવિત્ર પરિણતિ કરવી તે પ્રભાવના છે. આવી વાતું છે. પ્ર-ભાવના. પ્ર-વિશેષે ભાવના. ભગવાન ભાવસ્વરૂપ, આનંદસ્વરૂપ તેની પરિણતિ પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરવી એ પ્રભાવના છે. આહાહા..! વ્યવહાર હોય ભલે. રાગાદિ હોય છે. આહાહા..! પણ એ તો હેય તરીકે, અવલંબવા લાયક નથી. જાણવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! ચોર્યાસીના અવતારમાં માંડ અવતાર મળ્યો એને આવો. નરક અને નિગોદમાંથી ક્યાં નીકળ્યો અનંતકાળે. ભાઈ! તારી અનાદિની સ્થિતિ, ચોર્યાસીની યોનિમાં ભવાબ્ધિમાં, ભવરૂપી સંસારના દરિયામાં ડૂબકી મારતો... આહાહા..! પ્રભુ! તને વખત મળ્યો ને હવે માણસપણાનો. આહાહા..! હવે આ કર ને. આહાહા..! એની શ્રદ્ધા તો કર કે આ કરવા જેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ વિના ધર્મ નથી-એ વિના સંવર નથી, એ વિના વિકારનું રોકાવું નથી. આહાહા..!

**'પામે છે.'** **'अभ्युपैति'** છે ને? **'કેવો છે આત્મા?'** આહાહા..! **'उदयदात्मारामम्'** **'પ્રગટ થયેલ છે પોતાનું દ્રવ્ય, એવો છે...'** આહાહા..! ભગવાનઆત્મા શક્તિરૂપે તો છે, કહે છે. પણ જ્યાં અંતરમાં એકાગ્ર થયો ત્યારે પર્યાયમાં પ્રગટ એનું ભાન થઈ ગયું. પ્રગટ આત્મા આવ્યો. ઓહો..! આ આત્મા પવિત્ર આનંદનો નાથ છે. સમજાણું કાંઈ? **'પ્રગટ થયેલ છે પોતાનું દ્રવ્ય, એવો છે નિવાસ જેનો,...'** આહાહા..! શું કીધું ઈ? કે અનાદિનો એનો નિવાસ. નિ-વિશેષે, વાસ-ટકવું-રહેવું. એ પુણ્ય અને પાપના, રાગ અને પુણ્ય-પાપના ભાવમાં નિવાસ હતો. નિ-વિશેષે, વાસ-રહેતો દુઃખમાં. હવે એનો નિવાસ પલટી ગયો. આહાહા..! આવો ઉપદેશ હવે. એ ભગવાન આનંદસ્વરૂપનો અનુભવ એ એનો નિવાસ છે. હવે વસવું ત્યાં વસે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પોતાનું દ્રવ્ય,...'** એટલે વસ્તુ. **'એવો છે...'** **'आरामम्'** આરામ-આરામ મળ્યો એને. આત્મારામ. 'નિજપદ રમે સો રામ કહીએ.' રામનો અર્થ 'નિજપદ રમે સો રામ કહીએ અને કર્મ કૃષે સો કૃષ્ણ કહીએ.' 'આનંદઘનજી'નું વચન છે આ. 'કર્મ કૃષે.' વિકારને ટાળે અને સ્વભાવને પ્રગટ કરે એ કૃષ્ણ છે. 'નિજપદ રમે સો રામ કહીએ.' પુણ્ય અને પાપમાં રમે તે હરામ કહીએ. હરામ-એ રામ નહિ. આહાહા..! શુદ્ધ સ્વરૂપ પવિત્ર પરમાત્મામાં નિવાસ કરવો. જે અનાદિથી પુણ્ય-પાપમાં (નિવાસ છે તે છોડવો). પરમાં તો નિવાસ છે જ નહિ. પરમાં તો એ અડતો પણ નથી, છૂતો પણ નથી. ફક્ત અભિમાન કરે કે મેં આ કર્યું અને મેં આ કર્યું. એનું વસવું તો અનાદિથી વિકારના ભાવમાં હતું. શરીરમાં, વાણીમાં, કર્મમાં, પરમાં, મકાનમાં તો એનું વસવું તો હતું જ નહિ. આહાહા..! એનો વાસ-વાસ. વસ્તુનો વાસ.

આહાહા..! આ વસ્તુ શું કહેવાય? વાસ્તુ નથી કરતા? વાસ્તુ. ઘરનું-મકાનનું વાસ્તુ કરે છે ને. મકાન બનાવ્યું હોય પછી વાસ્તુ કરે. એમાં રહે. એમ અનાદિનું વાસ્તુ એના પુણ્ય-પાપમાં વિકારમાં હતું. હવે એ વાસ્તુ ફરી ગયું, કહે છે. ઘરની વસ્તુમાં વાસ્તુ લીધું હવે. આહાહા..! એ નિવાસ છે જેનો. આહાહા..! બહુ ટૂંકા શબ્દો છે પણ ભાવ ઘણા ઊંડા ગંભીર છે. ભગવાન તારી મહિમાનો પાર નથી, ભાઈ ! આહાહા..!

વાણી દ્વારા પણ એ વસ્તુ આવી શકે નહિ. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, તેને અન્ય વાણી તે શું કહે?' આહાહા..! 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં. કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો. તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે. અનુભવગોચરમાત્ર રહ્યું તે જ્ઞાન જો.' આહાહા..! એવો જે ભગવાનઆત્મા નિજમાં આરામ લેતો. આહાહા..! વિશ્રામ લીધો. આહાહા..! પુણ્ય અને પાપના ભાવમાં હતો એને હવે થાક લાગ્યો અને નિજ સ્વરૂપમાં હવે વિશ્રામ લીધો. આહાહા..! કહો, આ છ-છ લાખના મકાન અને વિશ્રામ (કરે). એ કો'કના ઘરમાં રહ્યો જ નથી કોઈ દિ'. એ ન્યાં રહ્યો છે રાગ અને દ્વેષમાં.

મુમુક્ષુ :- એ મકાન તો પડ્યા જ રહેવાના છે.

ઉત્તર :- અમથા પડ્યા રહ્યા છે એના ઘરે. ન્યાં ક્યાં શેઠમાં આવી ગયા છે. અહીં તો બીજું કહેવું હતું. એ મકાનમાં રહેતો નથી જીવ. ફક્ત એ મારા છે એવી મમતામાં રહે છે. હવે કહે છે, ગુલાંટ તો ખા એકવાર. પલટો તો માર. આહાહા..!

ભગવાન શુદ્ધ આત્મરામ, એમાં આરામ કરને. એ તારો આત્મા અંદર આનંદનો બાગબગીચો છે. આહાહા..! એમાં નિવાસ કર. નિ-વાસ કરે. નિ-વિશેષે વાસ. ત્યાં ઠર હવે. આહાહા..! આકરી વાત બાપા! લોકો બહારથી મનાવી બેઠા છે. શુભ ને અશુભ પરિણામમાં ધર્મ. અશુભ ને પાપ, શુભને ધર્મ (માને). બેય પાપ છે ખરેખર. 'પાપ પાપને તો સૌ કહે, પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' 'યોગીન્દ્રદેવ'માં (૭૧ મા) દોહરામાં આવે છે. આહાહા..! આમાં પણ આવે છે. પુણ્ય-પાપ અધિકારની ટીકામાં. સ્વરૂપથી પતીત થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના વિકલ્પમાં એ સ્વરૂપથી પતીત થાય છે માટે તે પાપ છે. આહાહા..! ટીકામાં છે. આહાહા..! બાપુ! આ તો કોઈની સાથે કાંઈ મેળ ખાય એવો નથી. આમાં કાંઈ વાદવિવાદ કરે તો (મેળ ન ખાય). આહાહા..! 'કુંદકુંદાચાર્યે' કહ્યું, પ્રભુ! તું કોઈની સાથે વાદવિવાદ કરીશ નહિ. કારણ કે આ વસ્તુ જુદી જાત છે. એ વાદવિવાદે મેળ ખાશે નહિ. 'નિયમસાર'માં કહ્યું છે. આહાહા..!

**'એવો છે. શા કારણથી શુદ્ધની પ્રાપ્તિ થાય છે?'** શા કારણથી શુદ્ધની પ્રાપ્તિ થાય છે? આહાહા..! શુદ્ધસ્વરૂપ જે પવિત્ર ભગવાન પૂર્ણ દ્રવ્ય અને ગુણે શુદ્ધ. તેની તેને પ્રાપ્તિ થાય છે. પર્યાયમાં તેની પ્રાપ્તિ થાય છે. આહાહા..! શુદ્ધની પ્રાપ્તિ થાય છે. **'परपरिणतिरोधात्'** સંવર છે ને? અશુદ્ધપણું. પરપરિણતિ, પરપરિણતિ-પરપર્યાય. પુણ્ય અને પાપના ભાવ એ પરપરિણતિ છે. આહાહા..! શુભ અને અશુભભાવ એ બધી પરપરિણતિ વિભાવ છે, વિકાર છે. **'परपरिणति'** એટલે કે અશુદ્ધપણું. **'रोधात्'** **'વિનાશથી.'** અશુદ્ધપણાનો વિનાશ થયો,

કહે છે. અશુદ્ધપણાનો નાશ કર્યો અને શુદ્ધપણાની પર્યાય પ્રગટ કરી. આહાહા..! ઉત્પાદ્-વ્યય અને ધ્રુવ. શુદ્ધને અવલંબીને શુદ્ધ પ્રગટ કર્યું, અશુદ્ધનો વ્યય થયો, ધ્રુવનું અવલંબન રહ્યું. આહાહા..! બાપુ! મારગડા જુદા બહુ. આ કાંઈ વાર્તા-કથા નથી. એક એક પદમાં કેટલી ગંભીરતા ભરી છે. આહાહા..! એવો માર્ગ છે આ.

**'અશુદ્ધપણાનો વિનાશ કઈ રીતે થાય તે કહે છે -' 'यदि आत्मा कथमपि शुद्धम् आत्मानम् उपलभमानः आस्ते' 'જો ચેતનદ્રવ્ય..' 'कथमपि'** કોઈપણ પ્રકારે એટલે **'કાળલબ્ધિ (અને પુરુષાર્થને) પામીને સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમતું થકું,...'** આહાહા..! એ કાળલબ્ધિ પુરુષાર્થ. સ્વભાવના પુરુષાર્થમાં એ કાળલબ્ધિ પામીને. આહાહા..! જે પર તરફની વિકારની કાળલબ્ધિ હતી એ હવે સ્વભાવ તરફના પુરુષાર્થની કાળલબ્ધિ પામીને. આહાહા..! **'સમ્યક્ત્વપર્યાયરૂપ પરિણમતું થકું,...'** જીવ. સમ્યક્ત્વપર્યાયરૂપે થયું થકું આત્મદ્રવ્ય. આહાહા..! **'शुद्धम्' 'દ્રવ્યકર્મ-ભાવકર્મરહિતથી...'** દ્રવ્યકર્મ એટલે જડ આઠ કર્મ, ભાવકર્મ એટલે પુણ્ય-પાપના ભાવ. એનાથી રહિત એવા **'आत्मानम् પોતાના સ્વરૂપને उपलभमानः आस्ते આસ્વાદતું થકું પ્રવર્તે છે...'** આહાહા..! એક એક શ્લોકમાં ગજબ વાત છે ને!

**'પોતાના સ્વરૂપને આસ્વાદતું થકું પ્રવર્તે છે...'** એ રાગ અને પુણ્ય-પાપને આસ્વાદતું દુઃખમાં-ઝેરમાં વર્તતું હતું. આહાહા..! એ પોતાના સ્વભાવ સન્મુખ થઈને પોતાના સ્વભાવને આસ્વાદતું થકું. આ વળી આત્માનો સ્વાદ કેવો? સ્વાદ તો દાળ-ભાતનો, મરચાનો, લીંબુનો એનો સ્વાદ કહેવાય. ગળપણનો, સાકરનો, મીઠાનો એનો સ્વાદ. અરે..! એ તો જડ છે. એનો સ્વાદ ક્યાં છે? જીવને એનો સ્વાદ આવતો નથી અજ્ઞાનીને પણ. એમાં લક્ષ જતાં રાગ કરે અને દ્વેષ કરે એનો સ્વાદ આવે છે એને. સમજાણું કાંઈ? એને છોડીને આત્માનો આસ્વાદ કર હવે. આહાહા..! સમજાણું કાંઈ? વિષયની રમતમાં પણ શરીરને તો આત્મા અડતો પણ નથી. ફક્ત એને આ ઠીક છે એવો રાગ કરે છે એ રાગનો સ્વાદ લે છે, શરીરનો નહિ. આ તો હાડકા, માંસ, ચામડા, માટી, ધૂળ છે. આહાહા..! વિષયની રમતુંમાં એ રાગમાં રમે છે. પરમાં નહિ. આહાહા..! હવે કહે છે કે સ્વવિષયની રમતમાં, આનંદના સ્વાદમાં રમ હવે. આહાહા..! હજી મૂળ શબ્દ હવે આવશે.

**'આસ્વાદતું થકું પ્રવર્તે છે તો. શા વડે? ભાવશ્રુતજ્ઞાન વડે.'** જોયું! એકલું શાસ્ત્રજ્ઞાન ને એના વડે નહિ. અંતરમાં આત્મા તરફ વળેલું જે ભાવશ્રુતજ્ઞાન, જેમાં રાગની અપેક્ષા નથી એવા નિર્મળ ભાવશ્રુતજ્ઞાન વડે આત્માને અનુભવતો, એમ કહે છે. આહાહા..! **'ભાવશ્રુતજ્ઞાન વડે. કેવું છે (ભાવશ્રુતજ્ઞાન)?'** હવે છેલ્લું. ખરો અર્થ અહીં છે. **'ભાવશ્રુતજ્ઞાન વડે.'** ઓલી કોર છે. છે ને? **'धारावाहिना' 'અખંડિતધારાપ્રવાહરૂપ નિરંતર પ્રવર્તે છે.'** આહાહા..! હવે એના બે પ્રકાર છે. આ ધારાવાહી અખંડ એમ લખ્યું ને અર્થમાં ભાઈ? હવે ધારાવાહી શબ્દ જે લીધો છે એના બે અર્થ છે. એક તો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં ઉપયોગ અંદર વર્તતો એકલો, એને ધારાવાહી કહે છે. એમાંથી નીકળવું નહિ વિકલ્પથી. અને એક ધારાવાહી એ છે કે સ્વરૂપનો અનુભવ થયો છે. ઉપયોગ અંદરમાં નથી જોડાતો. શુદ્ધતાની

પરિણતિ પ્રગટ થઈ છે, એને ધારાવાહી (કહે છે). ભલે વિકલ્પમાં આવ્યો. પણ ઓલી શુદ્ધ પરિણતિ છે એ ધારાવાહી રહે છે.

ફરીને. એક અંદરમાં ઉપયોગમાં રહી ગયો છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય ત્રણને છોડી દઈને એકલો આનંદનો નાથ (તેને) અનુભવું છું એવો પણ જ્યાં ભેદ નથી. સમજાણું કાંઈ? ઉપયોગ અંદરમાં, ચૈતન્યમાં એકાકાર થઈ ગયો છે. જેને હવે વિકલ્પ બુદ્ધિપૂર્વક રહ્યો નથી. અબુદ્ધિપૂર્વક રહ્યો એ પરમાં જાય છે. અંદરના આનંદમાં શુદ્ધોપયોગ જામી ગયો છે અને એમાં ને એમાં અખંડ રહેવું, બહાર વિકલ્પમાં આવવું જ નહિ એનું નામ ધારાવાહી પહેલા નંબરની વાત છે.

હવે બીજી ધારાવાહી (પરિણતિ) એ કે શુદ્ધસ્વરૂપ પ્રભુનો આનંદનો સ્વાદ આવ્યો, ઉપયોગ પણ અંદર હતો પણ એ ઉપયોગ હવે ફર્યો અને વિકલ્પમાં આવી ગયો. પણ ઓલી શુદ્ધ પરિણતિ છે એ ધારાવાહી રહે છે. સમજાય છે કાંઈ? વિકલ્પ આવે. છદ્મસ્થ છે, હજી વીતરાગ નથી. પણ આવ્યા છતાં હજી શુદ્ધ ચૈતન્યની જે શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાની પરિણતિ થઈ છે એ ધારાવાહી કાયમ રહે છે. સમજાણું કાંઈ?

ફરીને. શુદ્ધજ્ઞાનેમ્ ધારાવાહેન. આપણે અહીં પુનર્યુક્તિ કાંઈ લાગતી નથી. આ તો સ્પષ્ટીકરણ છે. ભાવશ્રુતજ્ઞાનેન ધારાવાહેન. એટલે કે ભાવશ્રુતજ્ઞાન અંદર જામી ગયું છે, અંદર ઉપયોગમાં. આ ધ્યાતા અને હું ધ્યાન કરું છું, એવો જ્યાં ભેદ નથી. અંદરમાં લીન થઈ ગયો છે. એની એ ધારા કાયમ રહે એને ધારાવાહી કહે છે. અને બીજી ધારાવાહી-એવું કાયમ ન રહી શકે અંદર તો વિકલ્પમાં આવી જાય છે. પણ શુદ્ધની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતાનો જે પ્રગટ સ્વાદ આવ્યો છે. એ કાયમ રહે છે. બરાબર ભાઈ? 'બાલચંદજી'! આહાહા..!

'કેવું છે (ભાવશ્રુતજ્ઞાન)?' **'ધારાવાહિના' 'અખંડિતધારાપ્રવાહરૂપ નિરંતર પ્રવર્તે છે. આ વાત નિશ્ચિત છે.'** છે? એટલે કે... આહાહા..! જે અંદર શુદ્ધ ચૈતન્યના ઉપયોગમાં ગયો, એ ગયો એ ગયો. બહાર વિકલ્પ આવે જ નહિ. એને પણ એક ધારાવાહી એકદમ થઈને પાધરું કેવળજ્ઞાન થઈ જાય. અને બીજો ધારાવાહી અંદરમાં લીન થયો, ભાન થયું, વેદન થયું પણ અંદર રહી શક્યો નહિ, પાધરો વિકલ્પ આવ્યો બહાર. તો એ શુદ્ધની પરિણતિ જે શ્રદ્ધા-જ્ઞાન અને આનંદની દશા થઈ છે એ કાયમ રહે છે. સમજાણું કાંઈ? રાગ આવ્યો છતાં. રાગ હો રાગને સ્થાને, પણ શુદ્ધ પરિણતિ છે એ કાયમ રહે છે. વીતરાગ નથી ને એટલે રાગ આવે. ઉપયોગ અંદર રહી ન શકે અને ખસી જાય અંદરથી. એટલે રાગમાં આવ્યો. એ જાણે એને-રાગ છે એને. છતાં અહીંયાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જે પ્રગટેલી છે એ તો કાયમ ધારાવાહી રહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કાયમ રહે. શુદ્ધ પરિણતિ ક્યાં જાય? ઉપયોગ ખસી ગયો. ઉપયોગ જે અંદરમાં જામી ગયો હતો એ ખસી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. હજી પા કલાક છે, હોં! સવા આઠે શરૂ કર્યું છે ને? આહાહા..! હવે આમાં શું માણસને વાદવિવાદ કરે. બાપુ! એ મારગડા જુદા. આહાહા..!

કહે છે કે, આત્મા '**आत्मानम्**' આત્માને પામીને શુદ્ધ સ્વરૂપ સમ્યગ્દર્શન પામ્યો અને સમ્યગ્જ્ઞાન થયું અને આનંદનો સ્વાદ પણ આવ્યો, પણ ઉપયોગ અંદરમાં જામી રહે તો તો અલૌકિક વાતું છે. એ ધારાવાહી રહે તો તો અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈ જાય. પણ એમાં ન રહી શકે તો શુદ્ધ સમ્યગ્દર્શન જે થયું, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એની પ્રતીતિ જ્ઞેય-જ્ઞાન કરીને થયું અને જે પવિત્રતા પ્રગટ વ્યક્ત થઈ છે એ ધારાવાહી કાયમ રહે. શુભરાગ હોવા છતાં. સમજાણું કાંઈ? 'શાંતિભાઈ'! એણે આવું ક્યાં સાંભળ્યું હોય 'દિલ્હી'? અને ભાષણ મોટા કરે મોટા આ.. આ.. ને આ.. બાપુ! આ મારગડા જુદા, નાથ! આહાહા..! કહે છે કે રાગ આવ્યો, દુઃખ આવ્યું. પણ જેટલો આનંદનો સ્વાદ અને પવિત્રતા પ્રગટી છે એ કાયમ રહે. એને ધારાવાહી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી રીતે કહીએ તો એક ઉપયોગરૂપ કાયમ રહેવું અને એક લબ્ધરૂપ અંદર પરિણતિ શુદ્ધ થઈ છે એ લબ્ધરૂપ કાયમ રહે. ઉપયોગ વિકલ્પમાં ભલે જાય. પણ શુદ્ધ ધારા છે અંદર આનંદની એ તો કાયમ રહે. એમ ધારાવાહીના બે અર્થ છે. સમજાણું કાંઈ? પછી આ લોકો એમ કહે ને બિચારા, કે 'સોનગઢ'વાળા તો એકલી નિશ્ચયની જ વાતું કરે. પણ બાપુ! નિશ્ચય એટલે સત્ય. આ તો અનુભવની પર્યાય છે એ સત્ય છે. રાગ આવે છે પણ એ અસત્ય છે. વિરોધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! માથા ફરી ગયા હોય છે બહારના. ભ્રમણામાં ભમી ગયો બહિરાત્મા. બહિર્ બહિર્. પોતાના શુદ્ધ આનંદસ્વરૂપને છોડી અને પુણ્ય અને પાપના વિકલ્પના નિમિત્તો છે તેને લક્ષે વિકારના વાસમાં અનાદિથી વસી રહ્યો છે. આહાહા..! એ પણ ધારાવાહી વસે છે. એમાં વચ્ચે શુદ્ધતા આવવા દેતો નથી. બરાબર છે? આહાહા..!

એમ અહીંયાં આત્મામાં અંદર શુદ્ધ સ્વરૂપ આનંદનાથ પ્રભુ પરમ પવિત્ર પરમાત્મસ્વરૂપે જ પ્રભુ આત્મા છે. શક્તિ ને સ્વભાવ પરમાત્મસ્વરૂપ જ છે. એના પરમાત્મસ્વરૂપને દૃષ્ટિમાં, જ્ઞાનમાં પ્રત્યક્ષપણે પામીને પ્રતીત થઈ છે. એ પ્રતીત અને એ પ્રત્યક્ષ જ્ઞાનનું જે વેદવું થાય છે એ કાયમ રહે. ભલે વિકલ્પ આવ્યો, શુભ આવ્યો, અશુભ પણ હોય. સમકિતી ગૃહસ્થાશ્રમમાં છે તો અશુભરાગ પણ થાય. કોઈ રળવાનો, કમાવાનો. પણ છતાં ઓલી અંતર દૃષ્ટિ થઈ છે જે શુદ્ધ પ્રગટ પવિત્રતા, એ કોઈ દિ' ખંડિત થતી નથી.

મુમુક્ષુ :- સંવર નિર્જરા ચાલુ થઈને વધતી જાય.

ઉત્તર :- કાયમ છે ને. આહાહા..! સમજાણું કાંઈ? આજની ગાથા ઝીણી છે, બાપુ! આહાહા..! ભગવાન તારું સ્વરૂપ જ અલૌકિક છે. આહાહા..! કહે છે કે વિકલ્પમાં આવ્યો એ દુઃખના વેદનમાં આવ્યો. છતાં જે શક્તિની વ્યક્તિ પ્રગટ થઈ છે એ તો ધારાવાહી અંદર રહે છે. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? 'શાંતિભાઈ'!

'**बोधनेन**' શા વડે પામે છે? '**ભાવશ્રુતજ્ઞાન વડે. કેવું છે (ભાવશ્રુતજ્ઞાન)?**' ધારાવાહી છે. ભાવશ્રુત. આ દ્રવ્યશ્રુત શાસ્ત્રના જ્ઞાનની વાત નહિ. શાસ્ત્રનું જ્ઞાન એ કાંઈ જ્ઞાન નથી. એ તો પરલક્ષી છે. આહાહા..! અંતર જ્ઞાનનો નાથ પ્રભુ મહાસરોવર, સાગર એમાં સ્પર્શીને જે જ્ઞાન પ્રગટ થાય તેને જ્ઞાન કહેવાય છે. ચાહે તો અગિયાર અંગ અને નવપૂર્વની લબ્ધિ હોય

જ્ઞાનની, છતાં એ જ્ઞાન નહિ. આહાહા..! એ ભાવશ્રુત નહિ. સમજાણું કાંઈ?

ભાવશ્રુતજ્ઞાન તો ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ પ્રભુ, એને લક્ષે, ધ્યેયે જે જ્ઞાનસ્વભાવી સાગર, એની શ્રદ્ધા ને જ્ઞાનને સ્પર્શીને જે જ્ઞાન થયું, તે જ્ઞાનને અહીંયાં ભાવશ્રુતજ્ઞાન કહે છે. અરે.! આવી વાતું છે. અને તે ભાવશ્રુતજ્ઞાનને ધારાવાહી રાખવું. ધારાવાહીના બે પ્રકાર. અંદર ઉપયોગ જામી ગયો છે, બહાર ન આવે એ પણ ધારાવાહી અને ઉપયોગ એમાંથી ખસી ગયો પણ ભાવશ્રુતજ્ઞાન દ્વારા પ્રતીત અને અનુભવ થયો છે, એ પવિત્રતા કાયમ લબ્ધરૂપ રહે એને પણ ધારાવાહી કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ હોય. ચક્રવર્તી, જેને છન્નું હજાર તો સ્ત્રી હોય. આહાહા..! છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. હવે એને ભોગનો ભાવ પણ આવે. સમકિતી-જ્ઞાનીને. કહે છે, પણ એ કાળે પણ અંદર જે શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન અને નિર્મળતા પ્રગટ થઈ છે એને આવરણ નથી હવે. 'સુમેરુમલજી'! સમજાય છે? ભાઈ! આહા..! ભગવાન છે આ તો, બાપા! આહાહા..! કહે છે, ભગવાનના ઉપયોગથી ભેટો થયો તો એમ ને એમ રહે એ તો અલૌકિક વાતું છે. એ ધારાવાહી અલૌકિક છે. પણ એમાં ન રહી શકે અને વિકલ્પ આવે, સમકિતી જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં છે હજી, મુનિને પણ (વિકલ્પ) છે, લ્યો ને. સાતમા ગુણસ્થાનમાં જાય ત્યારે તો ઉપયોગ જામી ગયો છે. ત્યારે તો પંચમહાવ્રતના વિકલ્પ પ્રમાદ છે એ પણ નથી. ત્યાંથી ખસીને પાછા છઠ્ઠે આવી જાય તરત. ત્યારે ઉપયોગ ત્યાંથી ખસી ગયો, વિકલ્પ આવ્યો. પણ પરિણતિ શુદ્ધ થઈ છે એ ખસી નહિ. ત્રણ કષાયના અભાવની જે શુદ્ધ દશા છે તે ધારાવાહી ચાલે છે. ધારાવાહી ચાલે તો છે પણ શુદ્ધતા વધતી ધારાવાહી ચાલે છે. આહાહા..! એટલે શું? રાગ આવ્યો. પંચમહાવ્રતનો એ રાગ આવ્યો. દુઃખ છે એ આવ્યું. પણ અંદરમાં જેટલો સ્વાદ આવ્યો છે અંદર વિકાસનો, એ ધારાવાહી ચાલે છે. આહાહા..! અને ધારાવાહીમાં પણ ક્ષણે ક્ષણે પર્યાયની શુદ્ધિ વધે છે. આહાહા..! ભલે રાગ હો. સ્વનો આશ્રય છે ને? સમજાણું કાંઈ? આવી વાતું છે. હવે આમાં કોની સાથે ચર્ચા અને વાત કરવી? અરે..! બાપુ! ભાઈ! મારગડા તારા જુદા.

અહીં કહે છે કે ધર્મી જીવને સમ્યગ્દર્શનમાં જ્યારે અંતર ઉપયોગ જામી ગયો છે, ત્યારે તો ધારાવાહી અલૌકિક દશા. આહાહા..! પછી ત્યાં તો બુદ્ધિપૂર્વકનો વિકલ્પ પણ નથી. અબુદ્ધિપૂર્વક હોય એની ગણતરી નથી. પણ હવે બુદ્ધિપૂર્વક જ્યાં વિકલ્પ આવ્યો... આહાહા..! કોઈ શુભરાગ આવ્યો અને કોઈ અશુભરાગ પણ આવ્યો. પણ જે શુદ્ધતાના આશ્રયે જે પવિત્રતા જેટલી શાંતિ ત્રણ કષાયના અભાવની કે બે કષાયના અભાવની શાંતિ પ્રગટી છે, એ ધારાવાહી રહે છે. સમજાણું કાંઈ? આમ કહેવાય છે બેને.

એને બીજી રીતે લઈએ તો બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક. લીધું છે ને ભાઈ? એટલે શું? સાંભળો. એક તો રુચિપૂર્વક જેને રાગ નથી. રાગ આવે છે. હોય છે. પણ રુચિ નથી. એને રુચિ ચિદાનંદ ભગવાન આનંદની રુચિ છે. એટલે રુચિપૂર્વક રાગ એને નથી. એક વાત. બીજી વાત. શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને પરિણતિ નિર્મળ ધારા વહે છે અને રાગ પણ

આવે છે. એ રાગને જાણવામાં આવે છે એ અપેક્ષાએ બુદ્ધિપૂર્વક રાગ કહેવામાં આવે છે. જાણવામાં આવે છે કે આ રાગ થયો. એ રુચિપૂર્વક નહિ. આહાહા..! રુચિપૂર્વક, બુદ્ધિપૂર્વક એ. બુદ્ધિપૂર્વક એટલે કે રુચિપૂર્વક રાગ એ મિથ્યાદૃષ્ટિને છે. અને બુદ્ધિપૂર્વક રાગ, રુચિપૂર્વક નહિ એવો રાગ જ્ઞાનીને પણ હોય છે. સમજાણું કાંઈ?

એટલે બુદ્ધિપૂર્વકના બે પ્રકાર-એક રુચિપૂર્વક અને એક અસ્થિરતાનો જાણવામાં આવે છે કે આ રાગ આવ્યો, આ દુઃખ (છે) એવો ખ્યાલ આવે પણ છતાં એને એની રુચિ નથી. આહાહા..! એ વખતે પણ એનું અવલંબન નથી. અવલંબન તો ભગવાન ત્રિકાળનાથનું અવલંબન છે. દુઃખ આવે છે એને જાણે છે. અવલંબન નથી. અવલંબન તો અહીંનું છે. સમજાણું કાંઈ? કેટલું યાદ રાખવું? બધી વાતુમાં ફેર. આવી વાતું છે, બાપા! તારો મારગડો જુદો છે, ભાઈ! આહાહા..! એ જુવાની ઝોલા ખાશે, વૃદ્ધાવસ્થા થઈ જશે, નાથ! આ જડની દશા છે. આહાહા..! બાળપણું ચાલ્યું ગયું, જુવાનપણું ચાલ્યું જશે, વૃદ્ધાવસ્થા થઈ જશે, દેહ છૂટી જશે. એ તો જડની દશા છે.

તારી બાળપણાની દશા દયા, દાન, રાગને પોતાનો માનવો એ બાળપણાની દશા છે. અને રાગ મારો નહિ, હો. રાગ હોય અસ્થિરતાનો, પણ એ મારું સ્વરૂપ નહિ. મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું સમ્યગ્દર્શનમાં ભાન થયું એ યુવાન થયો હવે. એ યુવાની થઈ. અને એમાંથી આગળ વધીને કેવળજ્ઞાન પામે એ વૃદ્ધ થઈ ગયો. એ વૃદ્ધ. એ બાળ-યુવાન-વૃદ્ધ. આ ધૂળના બાળવૃદ્ધ એ તો જડના છે. સમજાણું કાંઈ? '**આ વાત નિશ્ચિત છે.**' અહીં કહે છે. આહાહા..! લ્યો, વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## આસો સુદ ૧૧, શનિવાર, તા.૨૨-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૮, પ્રવચન - ૧૨૮

(માલિની)

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।४-१२८।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'एषां निजमहिमरतानां शुद्धतत्त्वोपलम्भः भवति' ( एषां ) **આવા જે છે, કેવા?** ( निजमहिम ) **જીવના શુદ્ધસ્વરૂપપરિણમનમાં** ( रतानां ) **મગ્ન છે જે કોઈ, તેમને** ( शुद्धतत्त्वोपलम्भः भवति ) **સકળ કર્મથી રહિત અનંત ચતુષ્ટયે વિરાજમાન એવી જે આત્મવસ્તુ તેની પ્રાપ્તિ થાય છે;** 'नियतम्' **અવશ્ય થાય છે. શા વડે થાય છે?**

'भेदविज्ञानशक्त्या' ( भेदविज्ञान ) સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવા અનુભવરૂપ ( शक्त्या ) સામર્થ્ય વડે. ' तस्मिन् सति कर्ममोक्षः भवति' ( तस्मिन् सति ) શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થતાં ( कर्ममोक्षः भवति ) કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મનો મૂળથી વિનાશ થાય છે. 'अचलितम्' આવું દ્રવ્યનું સ્વરૂપ અટળ છે. કેવો છે કર્મક્ષય? 'अक्षयः' આગામી અનંત કાળ પર્યંત બીજા કર્મનો બંધ થશે નહિ. કેવા જીવોને કર્મક્ષય થાય છે? 'अखिलान्यद्रव्यदूरेस्थितानां' ( अखिल ) સમસ્ત એવાં જે ( अन्यद्रव्य ) પોતાના જીવદ્રવ્યથી ભિન્ન બધાં દ્રવ્યો, તેમનાથી ( दूरेस्थितानां ) સર્વ પ્રકારે ભિન્ન છે એવા જે જીવ, તેમને. ૪-૧૨૮.

---

'કળશટીકા' ૧૨૮ કળશ છે. સંવર અધિકાર ચાલે છે. સંવર કહો કે ધર્મ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો. तीनों एक बात है-ત્રણે એક વાત છે. ૧૨૮.

निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।४-१२८।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'एषां निजमहिमरतानां शुद्धतत्त्वोपलम्भः भवति' 'આવા જે છે,...' જીવો. 'કેવા?' કે 'निजमहिम' નિજ પરમાત્મસ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ પરિણમનમાં મગ્ન છે. આહાહા..!શું કહે છે? ભગવાનઆત્મા પરમાત્મ શુદ્ધ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ છે. એવો જે પરમાત્મસ્વભાવ, શુદ્ધ સ્વભાવ એની સન્મુખમાં, એમાં મગ્ન છે, એ 'निजमहिमरतानां'.

મુમુક્ષુ :- મગ્ન છે એટલે?

ઉત્તર :- મગ્ન એટલે એકાગ્ર-લીન છે. જોડે રાગ-દ્વેષ હોવા છતાં તેનાથી પૃથક્ થઈ અને નિજ સ્વરૂપ આનંદકંદ પ્રભુ, એમાં રત છે-લીન છે-એકાગ્ર છે. એનું નામ સંવર અને ધર્મ કહેવાય છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- કાલે તો આપ એમ કહેતા હતા, આનંદ પ્રાપ્ત થાય છે.

ઉત્તર :- એ આનંદ કહો કે સંવર કહો, બધી એક જ વાત છે. ભાષા ફેર છે.

'निजमहिमरतानां' ભગવાનઆત્મા શરીર, વાણીથી તો ભિન્ન-જુદો છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ અને કામ-ક્રોધના ભાવ, એનાથી ભગવાન અંદર ભિન્ન છે. એને પર્યાયને-એની પર્યાય જે છે તેને, નિજ સ્વરૂપ પરમાત્મસ્વરૂપમાં લીન કરવી એ આનંદનો અનુભવ હોય. એ સંવર કહો કે આનંદનો અનુભવ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન કહો કે મોક્ષમાર્ગ કહો, એક જ વાત છે. આહાહા..!ઝીણી વાત છે, ભાઈ! લોકો સંવર માને છે એમાં પાંચ આસ્રવ બંધ કર્યા (એટલે) સંવર થઈ ગયો. ત્યાં 'જામનગર' બહુ ચાલે છે.

મુમુક્ષુ :- આઠમ..

ઉત્તર :- આઠમ, ચૌદશે ઘણા સામાયિક ને પોષા કરે (એટલે) સંવર થઈ ગયો. બાપુ!

એ સંવર નથી.

મુમુક્ષુ :- પ્રતિજ્ઞા લે.

ઉત્તર :- પ્રતિજ્ઞા એ તો વિકલ્પની પ્રતિજ્ઞા.

આ તો આત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં પૂર્ણ શુદ્ધ ચિદાનંદઘન, એકલો જ્ઞાનરસ અને આનંદરસનું રૂપ, એ વસ્તુ નિજ છે. એમાં પુણ્ય-પાપ છે એ કાંઈ નિજ ચીજ નથી. શરીર, વાણી, મન તો પર છે. એ તો કાંઈ દૂર રહ્યું.

**'निजमहिमरतानां'** પહેલો શબ્દ આ છે. જે આનંદઘન પ્રભુ, સચ્ચિદાનંદ, સત્-શાશ્વત. ચિદાનંદ-જ્ઞાન ને આનંદનું પૂર છે. એમાં જે એકાગ્ર થાય છે એટલે કે લીન થાય છે એટલે કે તેના સ્વભાવ સન્મુખમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે છે, એને સંવર કહેવામાં આવે છે- એને ધર્મ કહેવામાં આવે છે. આમ વાત છે, બાપુ! ધર્મી એવો જે આત્મા-વસ્તુ, એનો ધર્મ જે અનાદિ આનંદ, શાંતિ, સ્વચ્છતાનો ધર્મ સ્વભાવ, એની સન્મુખ થઈને જે આનંદ અને શાંતિની પર્યાય પ્રગટ થાય એ **'निजमहिमरतानां'**, એને સંવર ને ધર્મ કહે છે. આહાહા..!આવી વાતું છે. વસ્તુ તો આ છે. આવ્યા છે?

**'निजमहिमरतानां'** પહેલો શબ્દ છે. આહાહા..! એટલે? કે અનાદિકાળથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપભાવ એ મારું સ્વરૂપ છે, એમ માની અને એમાં લીન છે તે મિથ્યાદૃષ્ટિ દુ:ખના વેદનારા છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા ચિદ્‌ઘન સચ્ચિદાનંદ સત્ સત્ શાશ્વત વસ્તુ એક સમયમાં ધ્રુવ અને તેમાં અનંતજ્ઞાન ને અનંતઆનંદ, અનંતબળ અને અનંતવીર્ય આદિ અનંત શક્તિસ્વરૂપ પડ્યા છે, તેની સન્મુખ થઈને, રાગ અને દ્વેષના પરિણામથી વિમુખ થઈને... આવી વાતું છે. એમાં લીન થવું, આનંદઘન પ્રભુમાં. નિજ શબ્દમાં પરમાત્મસ્વરૂપ છે. પરમાત્મ-પરમ-આત્મ પરમ સ્વરૂપ એનું પૂર્ણ સ્વરૂપ, એમાં જે લીન છે. આહાહા..!જેણે પુણ્ય અને પાપના ભાવના દશાની દિશા ફેરવી નાખી છે. એ દશા વિકારી છે તેની દિશા ફેરવી નાખી. ગુલાંટ કરી નાખી. પલટો માર્યો જેણે. આહાહા..!

ભગવાન **'निजमहिमरतानां'** એવો જે સ્વભાવ, ત્રિકાળી પ્રભુ ચૈતન્યનો સ્વભાવ આનંદ ને જ્ઞાન ને શાંતિ, એમાં જેની એકાગ્રતા છે. **'रता'** શબ્દ કર્યો છે. **'निजमहिमरतानां'** રત-લીન છે. એમાં જેની એકાગ્રતા છે તેને એ **'મગ્ન છે જે કોઈ,-તેમને...'** **'शुद्धतत्त्वोपलम्भः भवति'** આહાહા..! એને પરમાત્મપદની પર્યાય પ્રાપ્ત થશે. સિદ્ધપદ કહો, પરમાત્મપદ કહો, મોક્ષ કહો, એ મોક્ષ તેને પ્રાપ્ત થશે કે જે નિજ મહિમામાં લીન છે. તેને પ્રાપ્ત થશે. આહા..હા...!

મુમુક્ષુ :- નિજ મહિમા એટલે શું ?

ઉત્તર :- કહ્યું ને આ. નિજ પરમાત્મસ્વરૂપ હું છું, એવું જેને અંતર મહાત્મ્ય આવ્યું છે. અને પુણ્ય અને પાપ ને પર્યાયનું મહાત્મ્ય જેને છૂટી ગયું છે. મહિમા, અધિકતા, અચિંત્યતા, વિશેષતા, પરની અધિકતા, વિશેષતા, અચિંત્યતા, આશ્રયતા છૂટી ગઈ છે. અને સ્વની અચિંત્યતા, વિશેષતા, અદ્‌ભુતતા જેને દૃષ્ટિમાં આવી છે. 'સુમેરુમલજી'! આહાહા..! અહીં કહેશે. રાગ-દ્વેષ છે હજી એને. પરદ્રવ્ય **'दूरेस्थितानां'**. છેલ્લો શબ્દ કહેશે. છે ને અંદર?

'दूरेस्थितानां' ત્રીજું પદ છે. 'दूरेस्थितानां' ત્રીજું પદ છે. આહા..હા...!

એક બાજુ એમ કહે.. કહ્યું હતું એ કાલે, નહિ? કે પુણ્ય અને પાપના ભાવ એ જીવના સત્ત્વમાં છે. જીવની પર્યાય છે એનું એ સત્ત્વ છે. જેમ દ્રવ્ય અને ગુણ સત્ત્વ છે, એમ પર્યાય પણ એનું સત્ત્વ છે. એ પર્યાયમાં જે પુણ્ય-પાપ અને મિથ્યાત્વ, એની પર્યાયના સત્ત્વમાં છે. તેથી પ્રમાણજ્ઞાનવાળો-શ્રુતપ્રમાણવાળો એમ જાણે, મારી ચીજ તો ત્રિકાળી શુદ્ધ મહિમાવાળી ચીજ છે. એવું જાણે. અને પર્યાયમાં પુણ્ય-પાપ ભાવ છે એને પણ શ્રુતપ્રમાણમાં જાણે. મારામાં છે. કાલે કહ્યું હતું, નહિ?

એક બાજુ ૭૩ ગાથામાં એમ કહે કે પુણ્ય અને પાપના ભાવનો સ્વામી કર્મ છે. આહાહા..! એક બાજુ એમ કહે કે પુણ્ય અને પાપનો સ્વામી આત્મા છે. કહ્યું હતું કાલે, નહિ? ૪૭ નય. પ્રમાણ-શ્રુતપ્રમાણ. ત્યાં અધિષ્ઠાતા કીધો છે ને? અરે..! પ્રભુ! વાણી તો જુઓ! અનેકાંત. એ પ્રભુ એમ કહે કે પુણ્ય અને પાપના ભાવ મારા માને તો એ મિથ્યાત્વ છે. અને એ પુણ્ય-પાપનો સ્વામી ખરેખર તો કર્મ છે. બીજી બાજુ એમ કહે કે ધર્મીજીવ જેમ પોતાના નિજ મહિમામાં લીન છે એ તો સંવર છે. પણ જેટલો રાગ-દ્વેષ છે એ મારામાં છે, મારાથી છે, તેનો કર્તા અને ભોક્તા હું છું (એમ માને છે).

મુમુક્ષુ :- મારી પરિણતિ કલ્માષિત છે.

ઉત્તર :- કલ્માષિત એ તો પહેલું આચાર્યનું કહ્યું હતું. ત્રીજો કળશ કહ્યો. 'અમૃતચંદ્રાચાર્ય'... આહાહા..! મુનિરાજ જેને ત્રણ કષાયનો અભાવ (થયો છે), મહાજ્ઞાન ચોથા-પાંચમા ગુણસ્થાનથી તો ક્યાંય વધી ગયું અંદર. એ મુનિરાજ એમ કહે છે, પ્રભુ! મને અનાદિની અશુદ્ધતાની કલ્માષિતાયા, એ દુઃખનું વેદન મને અનાદિનું છે. આહાહા..! અને અત્યારે હજી હું મુનિ થયો છું, ત્રણ કષાયના અભાવની વીતરાગદશા છે, છતાં એ સંજ્વલનનો કષાય-રાગ કલ્માષિતાયાં-કલુષિત ભાવ છે. આહાહા..!મુનિ તો શુભભાવમાં હોય. અશુભ તો હોતું નથી. પણ એ શુભભાવેય કલુષિત અને મલિન છે. આહાહા..! મુનિ એમ કહે છે કે મને હજી પર્યાયમાં કલુષિતતા છે. આહાહા..!

અહીં શ્રુતપ્રમાણમાં એમ કહ્યું અને કર્તાકર્મમાં એમ કહ્યું કે પુણ્ય અને પાપનો સ્વામી કર્મ છે. કઈ અપેક્ષાએ? કઈ નયનું વાક્ય? એ સ્વભાવને રાગથી ભિન્ન પડેલી અધિક દશાને લક્ષમાં લેવા એ પુણ્ય-પાપનો સ્વામી કર્મ છે, તું નહિ એમ બતાવ્યું. પણ પાછું જ્યારે એને એમ થઈ જાય કે પુણ્ય-પાપ એ મારામાં છે જ નહિ, તો ત્યાં બતાવ્યું કે ભગવાન! જેટલી ભૂલ તારામાં છે એનો સ્વામી-અધિષ્ઠાતા તું છો. આહાહા..!

અહીં કહે છે કે અહીંયાં એ પુણ્ય-પાપ છે ખરા. 'दूरेस्थिताना' કહેશે. પણ અહીં તો સંવર કરવો છે ને? એટલે નિજ આનંદસ્વરૂપ પ્રભુ, નિત્યાનંદ ધ્રુવ, એમાં જેની મહિમા, મહિમા એટલે એમાં જેને આશ્ચર્યતા થઈ અને લીન થયો છે એમાં. મારો નાથ પૂર્ણાનંદનો સ્વરૂપ પ્રભુ, એવી જેને અંતરમાં મહિમા આવી છે એ વસ્તુમાં લીન થાય છે. એ 'निजमहिमरतानां'. એ લીનતા તે સંવર અને ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! અને એને

શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. કોને? કે જે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપનો અંદર અનુભવ કરે, અતીન્દ્રિય આનંદનું વેદન કરે. આહાહા..!એ અતીન્દ્રિય વેદનના ધારાવાહીથી એને પૂર્ણ આત્માની પ્રાપ્તિ પરમાત્મપદની થાય છે. આવી વાતું છે, ભગવાન! સમજાણું કાંઈ? અહીં હજી અસ્તિથી વાત લીધી. '**दूरेस्थिताना**' પછી લેશે. આહાહા..!મારગડા બહુ જુદા, બાપુ! '**તેમને...**' '**शुद्धतत्त्वोपलम्भः भवति**' એને શુદ્ધ તત્ત્વ એટલે કર્મરહિત પરમાત્મ દશા તેને પ્રાપ્ત થાય છે. આહાહા..!જે પરમાત્મદશા, જેને અગિયારમી ગાથામાં તો એમ કહ્યું કે એ પરમાત્મ દશા અભૂતાર્થ છે, જૂઠી છે. સાચી નથી. આહાહા..!કેમકે પર્યાયમાત્ર અસત્ય છે એમ કીધું.

મુમુક્ષુ :- અભૂતાર્થ.

ઉત્તર :- અભૂતાર્થ કહો, અસત્ય કહો, જૂઠી કહો, નથી કહો. એ બધી પર્યાયોને ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અભાવ કરીને નથી એમ કહ્યું નથી. સમજાણું કાંઈ? અને ત્યાં પ્રમાણમાં તો એમ કહે, એની પર્યાયમાં રાગ-દ્વેષ છે. અને એનો અધિષ્ઠાતા એ છે. પરદ્રવ્યને શું સંબંધ છે? પરદ્રવ્ય એના કારણે પલટી રહ્યું છે, બાહ્ય. તારી પર્યાયથી બાહ્ય. અને તારી પર્યાય તે દ્રવ્યની પર્યાયથી બાહ્ય પલટી રહી છે. એમાં પરની સાથે સંબંધ શું છે તારે? આહા..હા...!

મુમુક્ષુ :- એ નીકળી જાય છે માટે પરતત્ત્વ કહેવાય ને.

ઉત્તર :- એ નીકળી જાય છે માટે પુદ્‌ગલના પરિણામ પણ કહ્યા. એ પ્રશ્ન થયો હતો ને? 'જયપુર'. 'વર્ણીજી'ના શિષ્ય 'મનોહરલાલજી'. છે ને અત્યારે? ક્ષુલ્લક. આવ્યા હતા ત્યાં ખાસ બે દિ'. ત્યાં પ્રશ્ન એણે કર્યો હતો. પહેલા બે પ્રશ્ન કર્યા કે આ શુભાશુભભાવને પુદ્‌ગલના પરિણામ કેમ કહ્યાં? આ પ્રશ્ન કર્યો હતો. 'જયપુર'. 'શિકર'થી કે ક્યાંકથી આવ્યા હતા. નહિ? ક્યાંકથી આવ્યા હતા. શિકર.. શિકર. રેલમાં બેસતા. ક્ષુલ્લક રેલમાં બેસે છે. ક્ષુલ્લકને રેલમાં ન બેસાય. પણ અત્યારે ક્યાં એ બહારની ક્રિયા..

મુમુક્ષુ :- પંચમકાળના ક્ષુલ્લક...

ઉત્તર :- પંચમકાળમાં એવા ન હોય. પંચકાળનો શેરો થાતો હશે... ચોથા કાળમાં લોટનો થાય અને પંચમકાળમાં માટીનો થાય એમ હશે? ચોથા કાળમાં ઘીનો થાય અને પાંચમા આરાનો પેશાબનો થાય. કાંઈ ન થાય.

મુમુક્ષુ :- જેવા શ્રાવક એવા જ મુનિ.

ઉત્તર :- શ્રાવક તો આઠ ગુણ પાળતા હોય અને સમકિત હોય તો એ શ્રાવક કહેવાય. પણ આ મુનિ ન કહેવાય. પણ તમને પણ ક્યાં એ ભાન છે? આખો માર્ગ જુદો, બાપા! આહાહા..! એ મારગડા જુદા, નાથ! તારા. આહાહા..!

પ્રભુ! અહીં એમ કહે છે કે તને અંદર રાગ-દ્વેષના પરિણામ તારી પર્યાયમાં હો, પણ એનાથી જુદો પડીને નિજ સ્વરૂપમાં લીન થા. 'ચંદુભાઈ'! આહાહા..! આવું કહે છે, હોં! પ્રભુ! તારામાં કાંઈ માલ છે કે નહિ? કે પુણ્ય-પાપ એ જ માલ છે? એ તો વિકાર છે. તું

તત્ત્વ છો કે નહિ? આત્મા છે કે નહિ? તો આત્મા છે તો એનો કોઈ સ્વભાવરૂપી માલ છે કે નહિ? એના સ્વભાવરૂપી માલમાં તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંત શક્તિઓનો સંગ્રહરૂપ પ્રભુ અને એક એક શક્તિ પણ અનંત શક્તિના રૂપવાળું તત્ત્વ. આહાહા..! એવો તારો માલ છે કે નહિ? 'બાલચંદજી'! આ માલની વાત આવી. આહાહા..! પ્રભુ! તારો માલ આટલો પડ્યો છે ને. અંદર ગોદામ-એ ગુણનું ગોદામ. એ અનંત શક્તિનો સંગ્રહાલય, અનંત શક્તિનો સંગ્રહાલય. આલય એટલે સ્થાન. અનંત સ્વભાવનો સાગર પ્રભુ. ત્રણ બોલ વાપર્યા. અનંત અનંત આનંદાદિ ગુણનો તો ગોદામ પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'મુંબઈ'માં ગોદામમાં માલ લેવા જતાં, જોયા છે. કેસરના ડબા લેવા ગયેલા. ઘણા વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૬૮ કે ૬૭ની વાત હશે. કેસરનું મોટું ગોદામ. કેસરના ડબા. તે દિ' તો સોંઘુ હતું ને? રૂપિયાનું રૂપિયાભાર કે એમ કાંઈક હતું. હવે મોંઘું થઈ ગયું. કેસર-કેસર. મોટો ગૃહસ્થ. એટલી વખાર ઊંચી મોટી ખાલી. એમાં આખા કેસરના ડબા ભરેલા. મોટો વેપારી. નહિ?

એમ આ ભગવાન તો એકલા આનંદના ગોદામના ડબ્બા ભર્યા છે. એક એક ગુણમાં અનંતી શક્તિ એવો ગોદામ છે આત્મા. આહાહા..!એવો જે પ્રભુ, (એમાં) માલ-ચીજ છે કે નહિ અંદર? એ નિજ મહિમા. એવા સ્વરૂપની મહિમા કરી અને એકાગ્ર થા, એ મોક્ષનો માર્ગ છે. ક્રિયાકાંડ વચ્ચે આવે. વ્રત, નિયમ, તપ એ બધો રાગ છે. એ બંધનું કારણ. સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! સંસારના દુઃખનો અંત લાવવાનો તો આ ઉપાય છે. અને શુદ્ધ તત્ત્વની પૂર્ણની પ્રાપ્તિ થવાનો ઉપાય તો આ છે. આહા..હા...!

પહેલા શબ્દમાં '**शुद्धतत्त्वोपलम्भः भवति**'. એવી જે '**સકળ કર્મથી રહિત અનંત ચતુષ્ટયે વિરાજમાન...**' અંદર બિરાજમાન ત્રિકાળી અને પર્યાયમાં બિરાજમાન. '**એવી જે આત્મવસ્તુ તેની પ્રાપ્તિ થાય છે.**' આહાહા..! આ ભગવાન આત્મા છે એમાં તો અનંતચતુષ્ટય મુખ્યપણે. અનંતચતુષ્ટય એટલે? અનંતજ્ઞાન જ્ઞાનસ્વભાવ એની મર્યાદા શી? અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતબળ, એવું ચતુષ્ટય મૂળ, એ સિવાય અનંતી શક્તિઓ બીજી, પણ આ ચતુષ્ટય મૂળ જે સ્વભાવ છે, એના તરફની એકાગ્રતાથી એ અનંતચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થાય છે. અરે..! આવી વાતું છે. આહાહા..!

'હરિનો મારગ છે શુરાનો, કાયરના નહિ કામ.' વૈષ્ણવમાં કહેવાય છે. આવે છે ને? 'હરિનો રે મારગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મુકી ફેર લેવું હરિનું નામ જોને.' એ હરિ કોણ? આ. રાગ ને દ્વેષ ને અજ્ઞાનને હરે એવો ભગવાન તે હરિ. 'પંચાધ્યાયી'માં પાઠ છે. આ બધા પાઠ છે, 'પંચાધ્યાયી'માં. હરિ આ. જે રાગ ને દ્વેષ ને વિકારના મલિનભાવને હરે અને પોતાની શક્તિની પૂર્ણતા પ્રાપ્ત કરે તે પ્રભુ હરિ છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે એ નિજ... આ લોકો રાડું પાડે છે ને કે વ્યવહાર, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ પણ મોક્ષનો માર્ગ છે. ના-ના, ભાઈ! એ તો બધો વિકલ્પ છે. એ રાગનું, બંધનું કારણ છે. હોય ભલે. પણ છે બંધનું કારણ. આહાહા..!

અહીંયાં તો '**निजमहिमरतानां शुद्धतत्त्वोपलम्भः भवति**' નિજ આનંદસ્વરૂપમાં લીનતા કરવાવાળો, પોતાના પૂર્ણ સ્વરૂપને તે પ્રાપ્ત કરે છે. આસ્રવ આવે વચમાં. વ્રત, ભક્તિ, પૂજા આદિ. એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. આહાહા..! એ મોક્ષનું કારણ નથી. આહાહા..!આહાહા..! આવો માર્ગ છે. '**આત્મવસ્તુ તેની પ્રાપ્તિ થાય છે;...**' '**नियतम्**' '**અવશ્ય થાય છે.**' છે? જરૂર થાય છે. જેણે આત્માના પૂર્ણાનંદના નાથને એકાગ્ર કરીને જોયો, અનુભવ્યો, જરૂર એને પરમાત્મપદ પ્રાપ્ત થશે. આહાહા..! ભલે એક ભવ કે બે ભવ લાગે. ભલે હો. એમાં કાંઈ (નહિ). આહાહા..!પણ જેને અતીન્દ્રિય આનંદનો સાગર, પ્રભુ! એમાં જેની લીનતા ને એકાગ્રતા વર્તે છે, તે અલ્પકાળમાં શુદ્ધ પરમાત્મપદને '**भवति**' પ્રાપ્ત કરશે. સમજાણું કાંઈ? આહાહા..! '**नियतम्**' નિશ્ચયથી. એટલે નિશ્ચયનો અર્થ અવશ્ય કર્યો. નિયત-નિશ્ચયથી પામશે એમ કહે (છે). ખરેખર પામશે. એનો અર્થ અવશ્ય પામશે એમ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? એમ કેમ જોર દીધું છે? કે વચમાં માનનારાઓ આવા છે કે વ્રત કરીએ, તપસ્યા કરીએ, અપવાસ કરીએ, પૂજા કરીએ, ભક્તિ કરીએ, દાન કરીએ ને એનાથી થાય. એનો નિષેધ કરવા માટે આ વાત નિયત લીધી છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**શા વડે થાય છે?**' '**भेदविज्ञानशक्त्या**' જુઓ હવે. આમ '**निजमहिमरतानां**' કહ્યું હતું. ત્યારે ક્યાંક પરથી ભિન્ન પડે છે કે નહિ? કાંઈક બીજી ચીજ છે. ન હોય તો આમાં લીન થા એમ કેમ કહે છે? એકમાં આ બાજુ છે. તો '**भेदविज्ञानशक्त्या**' '**સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે...**' આહાહા..!ભલે એ પુણ્ય અને પાપના ભાવ પર્યાયમાં હો, પણ વસ્તુ તરીકે જે છે એ ચીજ તો એનાથી ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પરદ્રવ્યોથી...**' '**સમસ્ત પરદ્રવ્ય...**' શબ્દે પુણ્ય-પાપના ભાવ પણ અહીં તો અત્યારે પરદ્રવ્યમાં નાખવાના છે. સ્વ ચીજની ત્રિકાળી ચીજમાં નથી. માટે પુણ્ય-પાપના ભાવ પણ પરદ્રવ્ય તરીકે છે. આહાહા..!

'નિયમસાર'માં તો ત્યાં સુધી લીધું કે આત્માને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય પ્રગટ થાય એને પણ અમે તો પરદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! ધ્યાન રાખજો. કેમ પરદ્રવ્ય કહીએ છીએ? કે જેમ પરદ્રવ્યમાંથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી, નવી, એમ એ નિર્મળ પર્યાય પ્રગટ થઈ, મોક્ષમાર્ગ પ્રગટ્યો, પણ એમાંથી નવી પર્યાય હવે પ્રગટ નહિ થાય. પ્રગટ થાશે દ્રવ્યમાંથી. બરાબર છે? કહો, ક્યાં કહેવી વાત! શરીર, કર્મ, માટી, ધૂળ એ તો પરદ્રવ્ય, પુણ્ય અને પાપના ભાવ પણ એ અપેક્ષાએ પરદ્રવ્ય, પણ અહીંયાં તો આત્માના આનંદની દશા પ્રગટ થઈ, ક્ષાયિક સમકિત થયું, યથાખ્યાતચારિત્ર-રમણતા પ્રગટ થઈ, પણ પ્રગટ થયેલી દશામાં પર્યાય છે એ તો. તો પર્યાયમાંથી નવી પર્યાય ઉત્પન્ન એમાંથી નહિ થાય. 'સુમેરુમલજી'! ન્યાયથી (વાત છે). આહાહા..! એથી એને.. કહો હવે... આહાહા..!

ત્યાં 'પ્રવચનસાર'માં એમ લીધું કે પુણ્ય-પાપના ભાવનો સ્વામી અધિષ્ઠાતા આત્મા છે. અરે..રે..! એક કોર આ. એનું અસ્તિત્વ તારામાં છે એમ જણાવવા માટે અધિષ્ઠાતા કીધો. પણ જ્યારે એને આત્મા તરફ વાળીને મોક્ષમાર્ગ તરફ વાળી દેવો છે...

મુમુક્ષુ :- બધી વાત જે આપ બતાવો, અમારે કરવું શું?

ઉત્તર :- જગતના પડખાં નથી જાણતા બધા? એમ આ પડખાં જાણવા જોઈએ. આહાહા..! પોતાના ભાઈની વહુ હોય, એનો ભાઈ હોય ત્યારે આમ તો એને સાળો કહેવાય. અને એને બેન આપી હોય તો બનેવી કહેવાય પાછો. ત્યાં મુંઝાય છે? શું કહ્યું ઈ? અમારે અહીં ઘરમાં એ છે ને. 'મનસુખ'ને ઘરે. એ 'છોટાભાઈ'ની બહેન થાય છે. 'છોટાભાઈ' ગુજરી ગયા. અને 'છોટાભાઈ'ના ઘરે એની બહેન છે. શું નામ આ ગુજરી ગયા ને? એક કોર સાળો થાય છે અને એક કોર બનેવી થાય છે. ત્યાં મુંઝાઈ જાય છે? અમારે શું સમજવું? ઘરે બૈરાંનો સગો ભાઈ, એ અપેક્ષાએ એને સાળો કહેવાય. સાળો કહે છે ને? અને પોતાની બહેન આપી હોય તો એને વળી બનેવી કહેવાય. બહેન એને આપી હોય. આ છે ને, ઘણા અત્યારે છે. છે બધી ખબર. ઘણી ખબરું છે. આ તો અમારા ઘરમાં હતું, 'મનસુખને'.

મુમુક્ષુ :- આપને ક્યાંથી ખબર પડે?

ઉત્તર :- અમારે ઘરમાં હતું ને. 'મનસુખ' નહિ? અમારો ફઈનો દિકરો 'કુંવરજીભાઈ' ભાગીદાર હતા ને? એનો 'મનસુખ' નથી અત્યારે? એને ઘરે અમારા 'છોટાભાઈ'ની બહેન છે. અને 'છોટાભાઈ' હમણા ગુજરી ગયા. એ 'છોટાભાઈ' એના બનેવી થાય છે. એ કાકા-ફઈનો ફેર છે. એટલું. પણ સગા પણ હોય છે. પોતાનો સાળો હોય અને પોતાનો બનેવી હોય. બેય ભેગું એમ પણ છે અત્યારે. ઘણું છે, ભાઈ! બધું જોયું હોય ને. આ તો 'સુજાનમલજી' કહે, અમારે શું સમજવું? ત્યાં સાળો-બનેવી એ રીતે સમજે માળો સરખાયનો. અને અહીં જ્યાં બીજું પડખું આવે ત્યારે માળું કઠણ પડે. આહા..હા...!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. જ્યારે એને પુણ્ય અને પાપના ભાવનો સ્વામી અધિષ્ઠાતા ભગવાન છે આત્મા એમ કહ્યું, એ એના અસ્તિત્વમાં જ્ઞાન કરાવ્યું છે. એ કાંઈ પરના અસ્તિત્વમાં નથી. એ પ્રમાણજ્ઞાનમાં નિશ્ચયનયનું જ્ઞાન કરાવી પૂર્ણમાં નથી પણ સાચી પર્યાયનું જ્ઞાન પ્રમાણમાં ભેગા કરીને એનો સ્વામી તું છો એમ બતાવ્યું. પાછું જ્યારે કાઢી નાખવું છે ત્યારે એમાં ત્રિકાળમાં નથી, ત્યારે કહે છે કે એ વસ્તુ મારામાં નથી. એ મારામાં નથી (એટલે) ત્રિકાળમાં નથી, એમ. પર્યાયમાં છે એ જુદી વસ્તુ છે. મારી ત્રિકાળી ચીજ છે એમાં નથી. ક્ષણિકમાં હો તો એ વસ્તુ મારે છોડવાલાયક છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો કાલે કહ્યું હતું ને? સર્વવિશુદ્ધમાં આવે છે ને? ધર્મ આત્મા છે. આવે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન... એ ધર્મ એટલે પુણ્ય-પાપ, એ પુણ્ય-પાપ આત્મા જ્ઞાન છે. જ્ઞાન એટલે આત્મા. ત્યાં પુણ્ય અને પાપ એ આત્મા છે એમ કીધું. સર્વવિશુદ્ધ અધિકાર. જેમ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્ર જે નિર્મળ આનંદ પ્રભુ, એ આત્મા છે એમ પુણ્ય અને પાપના ભાવ પણ આત્મા છે એમ કહ્યું ત્યાં. એ એનામાં છે એટલું જ્ઞાન કરાવવા. કોઈ કહે, અમારે પાપ અને પુણ્ય નથી જ. ધર્મ થયો હોય ધર્મી, હવે અમારે પાપ ને પુણ્ય જરીએ નથી, એમ માનનારને બતાવવા માટે (કહે છે). જો ધર્મી થયો તો પૂર્ણ દશા પ્રગટ થવી

જોઈએ. અને પૂર્ણ નથી તો અપૂર્ણ છે તો એનાથી વિરુદ્ધ ભાવ અંદર છે. સમજાણું કાંઈ? અહીં તો ભાઈ દોરે દોરાનો ન્યાય છે. એક ન્યાયે આખો ફરે તો આખું ચક્કર ફરી જાય એવું છે. સમજાણું કાંઈ? આહા..હા...!

હવે એ 'સમયસાર' એમ કહે. કહ્યું હતું ને કાલે બપોરે? નહિ? ૭૩ ગાથા. કર્તા-કર્મ (અધિકાર). એ પુણ્ય-પાપનો સ્વામી કર્મ છે, આત્મા નહિ. ત્યાં ૭૩માં એમ કીધું. એ તો વસ્તુના સ્વભાવમાં નથી એ અપેક્ષાએ. અહીં પાછું કહ્યું કે એ પુણ્ય-પાપનો સ્વામી અધિષ્ઠાતા આત્મા છે. 'પ્રવચનસાર' દિવ્યધ્વનિનું આવેલું છે. એમ પકડે, એકાંત પકડી બેસે એ માર્ગ એમ નથી. 'સુમેરુમલજી'! એવી વાત છે, બાપા! આહા..હા...!

મુમુક્ષુ :- બધા પડખાં સમજવા જોઈએ.

ઉત્તર :- બધા પડખાં. ભાઈ કાલે બોલ્યા હતા 'માલચંદજી'. અમારે 'ચેતનજી'એ વાત કરી, હોં! તમારી વાત યાદ કરી કે 'માલચંદજી' એમ બોલ્યા હતા કે બધા પડખાથી જાણવું જોઈએ. 'ચેતનજી' છે ને? એ બોલ્યા હતા. તમારી વાત એણે યાદ રાખી. કીધું, મેં પણ સાંભળી હતી.

મુમુક્ષુ :- આપને ખ્યાલ હતો ને.

ઉત્તર :- મને તો ખ્યાલ છે. અહીં તો કોઈપણ પચ્ચીસ વર્ષ પહેલા બોલ્યો હોય એનો ખ્યાલ હોય. આહાહા..!

અહીં કહે છે, પ્રભુ! એકવાર સાંભળ. આહાહા..! એ ભેદવિજ્ઞાન કહ્યું. હવે ભેદવિજ્ઞાનના અર્થ બે થઈ ગયા. એક કોર રાગ-દ્વેષ છે અને એક કોર આત્મા (છે). એટલે રાગ-દ્વેષથી જુદું પાડવું છે. જુદું પાડવાનું તો બે હોય એમાંથી જુદું પડે. એકમાં જુદું (શું પડે?) આ બાયડ્યું હોય છે ને બૈરાં? એ ઘઉં વીણતા હોય, ઘઉં. કાંકરા. એને પૂછે તો એમ કહે કે શું કરો છો બહેન? ઘઉં વીણે છે. ઘઉં વીણે છે? ઘઉં તો જાજા છે. કાંકરા થોડા. કાંકરા વીણે. પણ ઘઉં વીણું છું એમ બોલવાનો આશય કે કોઈ દાળ અને ચોખો નથી અત્યારે. હું ઘઉંને વીણું છું. વીણે છે તો કાંકરા. બીજી ચીજ નથી એટલું બતાવવા ઘઉં વીણું છું એમ કહ્યું. બાકી ઘઉં વીણતો નથી, કાંકરા વીણે છે. એની સંસારની શૈલીમાં પણ આ સ્થિતિ છે.

અહીં કહે છે કે એકવાર સાંભળ. અમે '**निजमहिमरतानां**' કીધું. ત્યારે કાંઈક બીજી ચીજ છે એમાંથી જુદી પાડીને નિજ મહિમામાં લીન થાય છે. આહાહા..! આ તો અધ્યાત્મ શાસ્ત્ર એટલે, બાપુ! આહાહા..! '**સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવા અનુભવરૂપ...**' ભેદજ્ઞાનની વ્યાખ્યા કરી. રાગ અને પુણ્યાદિના પરિણામ હો, પણ એનાથી આ અનુભવ છે તે એનાથી ભિન્ન છે. આહાહા..!સમજાણું કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવા અનુભવરૂપ...**' '**शक्त्या**' '**સામર્થ્ય વડે.**' જોયું! એના બળ વડે. આહાહા..! રાગથી ભિન્ન પડવાના બળ વડે. આહાહા..! રાગને હારે લઈને (નહિ). કોઈ એમ કહે છે ને કે વ્યવહાર પણ મોક્ષનો માર્ગ છે. તો વ્યવહાર હારે આવે છે ભેગો? કે વ્યવહારથી જુદું પડે છે? એ તો વ્યવહારથી જુદો પડે છે ત્યારે એને વ્યવહાર કહેવાય. એને વ્યવહારને હારે લઈને મોક્ષમાર્ગમાં અંદરમાં જઈ શકે છે? ત્યારે થઈ

રહ્યું. એ વ્યવહાર એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આવે, હોય છે. ધર્મીને વચ્ચે શુભભાવ, ભક્તિ, પૂજા, શાસ્ત્રશ્રવણ, મનન એ બધા વિકલ્પો છે, રાગ છે. આવે. પણ એ કાંઈ મોક્ષનો માર્ગ નથી. આહાહા..! એનાથી ભિન્ન પાડવો છે આત્માને. કારણ કે સ્વરૂપ જે ચિદાનંદ પ્રભુ છે એ તો વિકારથી ત્રિકાળી ભિન્ન છે. પર્યાયમાં છે ભલે, પણ વસ્તુ જે દ્રવ્ય આનંદકંદ પ્રભુ, એ તો કોઈ દિ' વિકારમાં આવ્યો નથી, ઊણો થયો નથી, અપૂર્ણ રહ્યો નથી, વિકૃતમાં આવ્યો નથી. આહાહા..! જેના ગાણા ગવાય એની વાત લેવી જોઈએ ને? આહાહા..!

**'ભેદવિજ્ઞાન' 'સમસ્ત પરદ્રવ્યોથી આત્મસ્વરૂપ ભિન્ન છે એવા અનુભવરૂપ સામર્થ્ય...'** એ અનુભવરૂપ સામર્થ્ય. રાગ છે, પણ એનાથી ભિન્ન પડીને આત્માના અનુભવરૂપ સામર્થ્ય, એ વડે ભિન્ન પાડ્યો છે. રાગને હારે લઈને મોક્ષના માર્ગમાં રાગનો સાથ છે એમ નથી. આહાહા..! અત્યારે મોટા પંડિતો અને મોટા તકરાર કરે છે ને એ. 'સોનગઢ'વાળા વ્યવહારથી થાય એમ બિલકુલ માનતા નથી. માટે નિશ્ચયાભાસ છે. એમ કહે છે. કહો. ભગવાન! તું એકવાર આઠ દિ' સાંભળ. મધ્યસ્થથી તને ખબર પડે, ભાઈ! રાગ છે, ચાહે તો ભગવાનની ભક્તિનો હો. અરે..! અંદર ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો. એટલે? કે આ આત્મા છે એ અનંત ગુણ સંપન્ન છે, અનંત ગુણ અને ભગવાન દ્રવ્ય એક છે, એવો જે વિકલ્પ ઉઠાવવો એ રાગ છે.

મુમુક્ષુ :- પોતાનું ચિંતવન નહિ કરવું?

ઉત્તર :- ચિંતવન વિકલ્પથી નહિ કરવું. અંતરમાં એકાગ્રતાથી કરવું. એ તો આપણે આવી ગયું છે ઘણું. નહિ? એક શ્લોકમાં ક્યાંક આવી ગયું છે. વિચાર, ચિંતન બધું પર છે. આ બાજુ આવી ગયું છે. ક્યા શ્લોકમાં છે? પહેલા ક્યાંક આવી ગયું છે. ચિંતવન નથી પણ આમાં કે પછી પહેલા? કાંઈ યાદ એટલું બધું તો રહે છે કાંઈ? આવ્યું-આવ્યું. લ્યો! એ પાનું-૯૬. પાનું-૯૬. પુણ્ય-પાપનો અધિકાર. પાનું-૯૬ છે ને? એમાં દેખો. પહેલી લીટીથી. ઉપરથી પહેલી.

**'સમ્યગ્દૃષ્ટિનું છે જે યતિપણું શુભ ક્રિયારૂપ, તે મોક્ષનું કારણ છે; કારણ કે અનુભવ-જ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. આવી પ્રતીતિ કેટલાક અજ્ઞાની જીવો કરે છે.'** હવે મારે તો બીજું કહેવું છે. **'ત્યાં સમાધાન આમ છે કે-જેટલી શુભ-અશુભ ક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અંતર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર ઈત્યાદિ સમસ્ત, કર્મબંધનું કારણ છે.'** લ્યો! આવી ગયું કુદરતી. નહિતર કીધું ક્યાં હશે? ૧૧૦. આ ઓલી કર્મધારા અને જ્ઞાનધારા. આવે છે ને બે? મોટા બે પાના ભર્યા છે. ધર્મીને પણ કર્મધારા ને જ્ઞાનધારા બે હોય છે. ૧૧૦ કળશ. થઈ ગયું ને એ તો? શું કીધું ઈ? એ શ્લોકના મોટા બે પાના ભર્યા છે. જેટલું આત્મા પોતે શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરીને નિર્મળ પ્રગટ કર્યું એ જ્ઞાનધારા અને જેટલો અંદર રાગ રહે એ કર્મધારા. એકસાથે બેય હોય છે. મોટું લાંબુ લખાણ (છે). એમાં વિરોધ નથી. વિરોધ નથી

એટલે? કે જેમ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શનમાં વિરોધ છે એમ આત્મધારા, શુદ્ધધારા અને રાગ-અશુદ્ધધારા બે હોય છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ નથી ત્યાં સુધી બે ધારા હોય છે. એમાં બહુ છે. ૧૧૦માં બહુ છે. ૧૧૦ કળશમાં. આપણે તો આ બીજું અત્યારે ચાલે છે. આપણે ૧૨૮ ચાલે છે. પણ ૧૧૦માં એ બધું છે. ૧૧૦ જુઓને. જોવું છે?

મુમુક્ષુ :- ૯૬ પાને.

ઉત્તર :- ૯૬ પાને. જુઓ! નીચે છે. વચમાં ભાવાર્થ છે.

'**એક જીવમાં એક જ કાળે જ્ઞાન-ક્રિયા બંને કઈ રીતે હોય છે? સમાધાન...**' વચમાં છે ત્યાં. એ આંગળી પાસે એટલામાં. '**સમાધાન આમ છે કે-વિરુદ્ધ તો કાંઈ નથી. કેટલાક કાળ સુધી બંને હોય છે, એવો જ વસ્તુનો પરિણામ છે; પરંતુ વિરોધી જેવા લાગે છે, છતાં પણ પોતપોતાના સ્વરૂપે છે, વિરોધ તો કરતાં નથી.**' કેટલા કાળ સુધી? કે '**જેટલો કાળ આત્માના મિથ્યાત્વરૂપ વિભાવ પરિણામ મટ્યા છે, આત્મદ્રવ્ય શુદ્ધ થયું છે, તેને પૂર્વોક્ત ક્રિયાનો ત્યાગ બરાબર પરિપક્વતાને પામતો નથી...**' એટલે હજી રાગનો ત્યાગ પૂર્ણ થયો નથી. ભાન થયું. શ્લોકના આખા બે પાના ભર્યા છે. છે? '**પૂર્વોક્ત ક્રિયાનો ત્યાગ બરાબર પરિપક્વતાને પામતો નથી અર્થાત્ ક્રિયાનો મૂળ વિનાશ થયો નથી. ભાવાર્થ આમ છે કે-જ્યાં સુધી અશુદ્ધ પરિણમન છે ત્યાં સુધી જીવનું વિભાવપરિણમન છે.**' સમ્યગ્દષ્ટિને પણ, વીતરાગી મુનિને પણ વિભાવ પરિણમન છે. એ દુઃખનું પરિણમન છે, એમ કહે છે. આહાહા..! આનંદ પણ સાથે છે અને દુઃખ પણ સાથે છે. બે વિરોધ નથી, કહે છે. હો. જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગધારા અને આનંદધારા બે સાથે હોય છે. 'માલચંદજી'! ૧૧૦ શ્લોક વાંચવા જેવો છે.

એક કાળે બે હોય. એક જ પવિત્રતા હોય તો તો પૂર્ણ કેવળી થઈ જાય અને અપવિત્રતા એકલી હોય તો તો મિથ્યાદષ્ટિ થઈ ગયો. આહાહા..! સમ્યગ્દષ્ટિ જ્ઞાની ચોથે, પાંચમે અને છઠ્ઠે, એને આત્માના આશ્રયે પરિણતિ નિર્મળની ધારા પણ વહે છે અને હજી અપૂર્ણ છે માટે રાગ અને પુણ્ય-પાપ, દયા-દાનના ભાવ પણ સાથે ને સાથે રહે છે. છતાં મોક્ષનું કારણ તો આ એક જ છે. ઓલું છે એ બંધનું કારણ છે. આહાહા..! એટલે એમ જ કોઈ કહે કે ધર્મીને રાગ હોતો જ નથી એટલે કે ધર્મીને દુઃખ હોતું નથી. તદ્દન દષ્ટિ મિથ્યાત્વ છે. એ દુઃખને એમ કે વેદે છે તો એ તીવ્ર કષાયી (હોય) તે દુઃખને વેદે. જૂઠ છે વાત. મુનિ પણ દુઃખને વેદે છે, અંશને. છતાં કષાય મંદ છે અને અહીં ત્રણ કષાય ટળી ગયા છે. સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપા! વીતરાગ માર્ગ પ્રભુનો એ છે શૂરાનો, કાયરના કામ નહિ ત્યાં. 'વીરનો રે મારગ છે શૂરાનો, એ ત્યાં કાયરના નહિ કામ જોને.' ઓલામાં આવ્યું નથી? 'શ્રીમદ્'માં. 'વચનામૃત વીતરાગના...' આહાહા..! 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' ત્યાં તો જરી કઠણ કહ્યું છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે જેટલી શુભભાવની રચના થાય એ બધી નપુસંકતા છે, હિજડાઈ છે. ધર્મીને પણ. આહાહા..! કેમકે આત્મામાં વીર્ય-બળ નામનો ગુણ છે, એનું કાર્ય તો

સ્વરૂપ નિર્મળ રચના કરવી તે તેનું કાર્ય છે. એમાં જેટલા શુભરાગની રચના થાય એટલી નપુસંકતા-હીજડાઈ છે. અરરર..! જેમ હીજડાને વીર્ય નથી એટલે પુત્ર નથી. એમ જેને પુણ્યપરિણામ થાય છે એમાં ધર્મની પ્રજા નથી. આવી વાત છે, ભગવાન!

મુમુક્ષુ :- હીજડા તો ફોજમાં ભરતી થઈ જાય છે.

ઉત્તર :- એ હીજડા ફોજમાં લીધા એ પણ પાછા ફરી ગયા હતા. ખબર નથી. પહેલા નપુંસક બહુ હતા. હીજડા બહુ. હીજડા નથી કહેતા? અમારા 'રામજીભાઈ'ની જે શેરી હતી એ પાવૈયાની શેરી હતી, ત્યાં 'ગોંડલ'. 'ગોંડલ'માં 'રામજીભાઈ'. 'ગોંડલ'માં એ પાવૈયાની શેરીમાં. (પછવાડે રહેતા). અમારે ત્યાં હીજડા બહુ રહેતા. 'ઉમરાળે'.

મુમુક્ષુ :- પાવૈયાની શેરીમાં પછવાડે રહેતા.

ઉત્તર :- પછવાડે રહેતા હશે. ત્યાં હીજડા ઘણા હતા, અહીં 'જામનગર'. પછી જે મૂળ પોલિસ હોય એને વધારે દેવું પડે ને? તે દિ' તો પચ્ચીસ-પચાસ તો બહુ કહેવાતા ને? તો ઓલા હીજડા આવ્યા. 'વિભાજામ' પાસે. દરબાર, 'વિભો' દરબાર. એ સાહેબ! અમને રાખો ને. અમને થોડા પૈસા દેશો ને તો અમે કામ કરીશું. અમારા શરીર જુઓ મોટા. કારણ કે એને વીર્ય પડે નહિ. હીજડા-પાવૈયા. આ કહે, ભાઈ! તમારા કામ નહિ, હોં! પણ અમને રાખો તો ખરા. અમે થોડે પૈસે રહીશું. રાખ્યા. એમાં પેલો રિવાજ એવો હતો કે રાજાની સાથે લડાઈ કરવી હોય તો સાંજે ગાયું હોય ને ગાયું? ગાય. આમ બહાર જંગલમાં ગઈ હોય ને આ પાછી જ્યારે વળતી હોય ગામમાં, એને ઓલા લડાઈ કરવાવાળા એ ગાયને પાછી વાળે. એટલે રાજાએ સમજવું કે લડાઈ કરવા કોઈક આવ્યું છે. એટલે ગાયુંને પાછી વાળી અને ઓલા હીજડા મોકલ્યા પોલીસે. આ મોટા શરીર ને મોટા ઘોડા ને... આહાહા..! ભાગ્યા ઓલા તો બિચારા, હોં! આ મોટા પોલીસ... એમાં કોઈ નદી આવી અને ભેડો ઉતર્યો ભેડો? નદી હોય ને નદી? એનો કાંઠો હોય ને? જરીક આમ નીચે ઉતરતા એમાં કાંઈક બોલ્યો એ પોલીસ. કંઈક હીજડાની ભાષા જેવી ભાષા. એમાં ઓલાએ સાંભળ્યું, અરે..! આ તો હીજડા છે. પાછા ફર્યા ને ફર્યા ભાગ્યા હીજડા, ગયા ઘરે. વિભા તારા ખીચડા ખાયને ગીતડા ગાય.. અમે કહ્યું નહોતું તમને? પાવૈયાઓ તમારું કામ નહિ ત્યાં. એમ પુણ્યના ભાવની રુચિવાળા હીજડાઓ તમારું ધર્મમાં કામ નહિ. આવું છે, બાપુ! જેને પુણ્ય હોય છે, પણ એની રુચિ કરનારો મિથ્યાદષ્ટિ, પાવૈયો, હીજડો છે. આહાહા..! એય..! 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- ધર્મીને પુણ્ય હોય એવું મિથ્યાદષ્ટિને પુણ્ય જ કે દિ' હોય?

ઉત્તર :- શુભભાવમાં ધર્મ કેવો? ધર્મની પ્રજા કેવી? પાવૈયાને પ્રજા હોય? એમ શુભભાવમાં પ્રજા ધર્મની હોય? એ તો બંધનનું કારણ છે.

અહીં કહે છે. એ બહુ લાંબી બોલનો અધિકાર છે. આપણે તો અહીં ભેદવિજ્ઞાન **'સામર્થ્ય વડે...'** **'तस्मिन् सति कर्ममोक्षः भवति'** **'શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થતાં...'** ભગવાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની પ્રાપ્તિ થતાં પર્યાયમાં પવિત્રતા પ્રગટ થતાં **'કર્મક્ષય અર્થાત્ દ્રવ્યકર્મ-ભાવકર્મનો મૂળથી વિનાશ થાય છે.'** જડકર્મ પણ નાશ થઈ જાય. ભાવકર્મ-પુણ્ય-પાપના

ભાવ પણ નાશ થઈ જાય. ત્યારે એનો મોક્ષ થાય. આહાહા..! લોકો મોટી તકરાર લ્યે છે. વ્યવહારથી થાય. નહિતર તમારો એકાંત છે. તમે તો એકલું નિશ્ચયથી જ મોક્ષ થાય એમ માનો છો. કથંચિત્ નિશ્ચય અને કથંચિત્ વ્યવહાર, એનું નામ અનેકાંત. અહીં પ્રભુ કહે છે કે નિશ્ચયથી થાય અને વ્યવહારથી ન થાય એનું નામ અનેકાંત. અનેકાંતની વ્યાખ્યા સમજતા નથી.

'**अचलितम्**' આહાહા..! '**આવું દ્રવ્યનું સ્વરૂપ અટળ છે.**' આહા..! પૂર્ણ જ્યાં સ્વરૂપ પ્રગટ્યું, વસ્તુનો આદર કરી, અનુભવ કરી પવિત્રતાના પરિણામને પ્રગટ કરી અને પૂર્ણ પવિત્રતા જ્યાં પ્રગટ થઈ એ અચળ છે, હવે ફરશે નહિ. હવે પાછા... ઓલા કહે છે વૈષ્ણવમાં? રાક્ષસનું જોર હોય અને ભક્તોને ભીડ પડે ત્યારે ભગવાન અવતાર ધારણ કરે ઉપરથી. એ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ લોકો એમ કહે છે. બહુભાગ. આહા..! અરે..! પણ બીજડા બળી ગયા. એ ચણ્યો બળી ગયો એ હવે ચણ્યો ઊગે ફરીને? ચણા-ચણા હોય છે ને ? શેકે છે ને ચણો? પછી ઊગે? એમ જ્યાં રાગ અને અજ્ઞાનને બાળી નાખ્યા છે અને પૂર્ણ આનંદ દશા થઈ, હવે એને બીજડું ઊગે? ભવ લેવાનો ભાવ આવે? હોય નહિ. એથી કહે છે, અટળ.

'**આવું દ્રવ્યનું સ્વરૂપ અટળ છે. કેવો છે કર્મક્ષય? આગામી અનંતકાળ પર્યંત બીજા કર્મનો બંધ થશે નહિ.**' નાશ થયો એ થયો. ભવિષ્યમાં કોઈ દિ' હવે રાગનું બંધન કે કર્મનો બંધ થશે નહિ. સિદ્ધ ભગવાન પરમાત્મ દશા પામ્યા. આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો.' 'શ્રીમદ્'માં આવે છે. 'અપૂર્વ અવસર'માં. 'સાદિ અનંત અનંત સમાધિ...' આનંદ... આનંદ... આનંદ.. પૂર્ણ આનંદમાં રહે. આનંદનો પૂર્ણનો અનુભવ એ પરમાત્મદશા. 'અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહાહા..! 'શ્રીમદ્' એ ભાવ્યું છે. આહાહા..!

'**કેવા જીવોને કર્મક્ષય થાય છે? સમસ્ત એવાં જે પોતાના જીવદ્રવ્યથી ભિન્ન બધાં દ્રવ્યો, તેમનાથી...**' '**दूरेस्थितानां**' જોયું! આવ્યું. પુણ્ય અને પાપના વિકલ્પથી પણ દૂર સ્થિત થયેલા, અંદરમાં સ્થિત થયેલા. એને મોક્ષ થાય. ભેદ લીધો '**दूरेस्थितानां**'. છે ખરા અંદર. પુણ્ય-પાપ છે, પણ એનાથી દૂર-ભિન્ન કરીને સ્વરૂપમાં એકાગ્ર થાય છે. એનાથી મુક્તિ થાય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

(ઉપજાતિ)

सम्पद्यते संवर एष साक्षा-
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।५-१२९।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तद् भेदविज्ञानम् अतीव भाव्यम्' ( तत् ) તે કારણથી ( भेदविज्ञानम् ) સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ ( अतीव भाव्यम् ) સર્વથા ઉપાદેય છે એમ માનીને અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે. શાથી? 'किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते' ( किल ) નિશ્ચયથી ( शुद्धात्मतत्त्वस्य ) જીવના શુદ્ધસ્વરૂપની ( उपलम्भात् ) પ્રાપ્તિ થવાથી ( एषः संवरः ) નૂતન કર્મના આગમનરૂપ આસ્રવના નિરોધલક્ષણ સંવર ( साक्षात् सम्पद्यते ) સર્વથા પ્રકારે થાય છે; 'सः भेदविज्ञानतः एव' ( सः ) શુદ્ધસ્વરૂપનું પ્રગટપણું (-પ્રાપ્તિ) ( भेदविज्ञानतः ) શુદ્ધસ્વરૂપના અનુભવથી ( एव ) નિશ્ચયથી થાય છે; 'तस्मात्' તેથી ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે તથાપિ ઉપાદેય છે. ૫-૧૨૯.

---

## આસો સુદ ૧૨, રવિવાર, તા.૨૩-૧૦-૧૯૭૭
## કળશ - ૧૨૯-૧૩૦, પ્રવચન - ૧૨૯

'કળશટીકા' ૧૨૯-કળશ.

सम्पद्यते संवर एष साक्षा-
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।५-१२९।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'तद् भेदविज्ञानम् अतीव भाव्यम्'** શબ્દાર્થ. 'તે કારણથી...' તે કારણથી એટલે પૂર્વે કહ્યું હતું ને? કે રાગાદિ ભાવ હોય, પણ એનાથી ભિન્ન પડીને. **'दूरेस्थितानां'** રાગાદિને દૂર રાખી એનાથી ભિન્ન આત્માના સ્વભાવનો અનુભવ કરવો એ સંવર, એ ધર્મ. 'તે કારણથી **સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' સંવર અધિકાર છે ને? રાગ, પુણ્ય-પાપના વિકલ્પ એ આસ્રવ છે. એનાથી ભિન્ન, રાગથી ભિન્ન આત્માને ભાવવો. એટલે કે પર ઉપર જે લક્ષ છે તે લક્ષને છોડી અને ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ, એ ઉપર લક્ષ કરવું.

**'સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન...'** ચાહે તો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો, કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો, એ બધા પરદ્રવ્ય વિષય. પોતાનો ત્રિકાળી સ્વભાવ નથી. તેથી પરદ્રવ્યથી **'સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એની સન્મુખ થઈ એના આનંદનું વેદન કરવું, આત્માનો અનુભવ કરવો એટલે કે શાંતિના વેદનમાં આવવું. અશાંતિ જે પુણ્ય-પાપના ભાવ, એ અશાંતિ છે, દુઃખ છે. એનાથી ભિન્ન પડી અને પોતાના સ્વરૂપના અનુભવવામાં આવવું એ શાંતિ છે. રાગનો ભાગ

કંઈક સૂક્ષ્મ પણ હોય એ દુઃખરૂપ છે. એનાથી ભેદ પાડવાનો અર્થ એટલો કે આ રાગ છે માટે એને હું છોડું. એ વિકલ્પ લેશે ભેદજ્ઞાનનું અહીં. લક્ષ આમ છે એને આમ છોડવું. પરથી લક્ષ છોડી સ્વમાં આવવું. એમાં જરી ભેદજ્ઞાનનો અંશ અંદર રાગનો અંશ રહે છે. જેવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે એવું ભેદજ્ઞાનનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે કે '**સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ. જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ, એ એનું કાયમ અસલી ધ્રુવ નિત્ય સ્વરૂપ છે. આહાહા..! તેને ધ્યેય બનાવી એટલે કે અખંડ પરિપૂર્ણ દ્રવ્ય વસ્તુ છે એને ધ્યેય બનાવી. એનો અર્થ એવો નથી કે આ અખંડ છે માટે એને ધ્યેય બનાવવું. એ પણ વિકલ્પ છે. પણ વર્તમાન પર્યાય, રાગથી ભિન્ન પડતા અંદર તરફ જાય છે ત્યારે એનો વિષય સામાન્ય રહી જાય છે. આ સામાન્ય છે અને હું લક્ષ કરું છું એમ નહિ. ઝીણી વાત બહુ, પ્રભુ! આ ધ્રુવ છે માટે... અહીંયાં તો એ પર્યાય વર્તમાન જે રાગના સંબંધમાં છે... ડોક્ટરે એ પૂછ્યું હતું ને કાલે? કે આ શું કરવું? શું કરવું? બહાર સ્થુળ સાંભળ્યું હોય. કાલે ઓલા ડોક્ટર આવ્યા હતા ને 'કલકત્તા'થી? ભેદ કેમ કરવો? આહાહા..! પણ માણસ નરમ. નરમાશ બિચારાને. આ વાત તો.. આહાહા..!

ચૈતન્ય સ્વરૂપ જેનું સ્વરૂપ એટલે જ્ઞાન-દર્શન-આનંદ એનું રૂપ, એવો જે ત્રિકાળી પ્રભુ, એને રાગથી ભિન્ન પાડી એટલે કે તેના તરફના લક્ષને છોડી, ભલે એના ખ્યાલમાં ન આવે કે આ રાગ છે ને રાગને છોડું છું. પણ તે તરફનું લક્ષ આમ છે એને છોડીને સ્વમાં, ત્રિકાળીના લક્ષમાં જાવું એ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન છે. આહાહા..! છે?

'**ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' '**अतीव भाव्यम्**' આમ શબ્દ પડ્યો છે. અર્થ કર્યો કે એ તો '**સર્વથા ઉપાદેય છે...**' આહાહા..! અંતર્મુખ વળતાં પરસન્મુખના લક્ષને છોડતાં જે એકાગ્રતા અંદર થાય એ સર્વથા ઉપાદેય છે. એકાગ્રતા ઉપાદેય છે એમ કહે છે. સર્વથા ઉપાદેય છે એમ માનીને... આહાહા..! ચૈતન્યસ્વરૂપી ત્રિકાળી પ્રભુ, એ જ સર્વથા વસ્તુને ઉપાદેય છે. તો પર્યાયમાં પણ એ પર્યાય આવી એ પણ ઉપાદેય છે. રાગ હેય છે એમ કહેવું છે. સંવર છે ખરો ને. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થાય તોપણ હજી રાગભાગ રહે છે. દુઃખ રહે છે સમકિતિને પણ. તેથી એણે જ્યારે ચારિત્ર કરવું હોય, ૮૨ ગાથામાં આવ્યું હતું. તમે નહોતા. કહ્યું નથી. 'નિયમસાર' ૮૨ ગાથા. ભેદ અભ્યાસ. અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર થાય છે. ૮૨ ગાથા છે. નિશ્ચય પ્રતિક્રમણનો અધિકાર. એટલે શું? ગંભીર વાત છે, પ્રભુ! એ પ્રતિક્રમણ એટલે જે રાગ છે અંદર, સમકિતી જ્ઞાનીને પણ હજી રાગ છે. એટલે કે દુઃખ છે હજી. એનાથી પાછું ફરવું અને અંદરમાં જાવું. એને નિશ્ચય પ્રતિક્રમણ કહે છે અથવા એ ચારિત્રનો એક ભાગ છે.

નિશ્ચયપ્રતિક્રમણ પ્રતિક્રમણ. રાગાદિ જ્ઞાનીને પણ છે એની વાત છે. પહેલા ભિન્ન પાડીને સમ્યગ્દર્શન કર્યું. છતાં હજી જ્ઞાનીને પણ રાગ અને દુઃખદશા છે. હવે એને ચારિત્ર કરવું છે. ચોથે ગુણસ્થાને દશા થઈ જ્ઞાનની, પણ હવે ચારિત્રની દશા પ્રગટ કરવી છે. ત્યારે તેને રાગના ભાગને એ દુઃખરૂપ દશાને જ્ઞાની તેનાથી પાછો ફરી અને એનાથી ભેદજ્ઞાનનો

અભ્યાસ કરી અને સ્થિરતા અંદર કરે તેને ચારિત્ર કહેવામાં આવે છે. આવી શરતું અને આટલી... આહાહા..! સમજાણું કાંઈ?

'**अतीव भाव्यम्**' કહ્યું છે ને? સર્વથા ઉપાદેય વસ્તુ. '**એમ માનીને અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવા યોગ્ય છે.**' એ પર્યાય. આહાહા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપ જેમ ત્રિકાળી ધ્રુવ છે તેને લક્ષે રાગના લક્ષને છોડી દઈને. કેમકે રાગ છે એ આસ્રવ છે. એટલે કે બંધનું કારણ છે. એના તરફથી લક્ષ છોડી અને અંતરના ચૈતન્યસ્વરૂપની પૂર્ણ તરફ દૃષ્ટિ કરી અને એની ભાવના કરવી. આહાહા..! એમાં એકાગ્ર વિશેષ થવું. આહાહા..! આવી વાત ઝીણી બહુ, બાપુ! બહારની વસ્તુમાં લોકો મોહી ગયા છે. એને અંતર વસ્તુનો મહિમા આવતો નથી. જેને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે સંયોગી લક્ષ્મી આદિ, એનું જેને હૃદયમાં મહાત્મ્ય અને મહિમા રહે છે, એને ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો મહિમા થતો નથી. આહાહા..! અને જેને ચૈતન્યસ્વરૂપ પ્રભુ, એની જેને મહિમા આવે છે, મહાત્મ્ય આવે છે એને એ પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળનું મહાત્મ્ય ઊડી જાય છે. આવી વાત છે.

'**અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવા યોગ્ય છે.**' એના બે અર્થ કર્યા હતા, નહિ કાલે? કે એક તો પર તરફના લક્ષવાળો જે રાગ, તેનાથી લક્ષને છોડી અને સ્વરૂપમાં ઉપયોગ જામી જાય. હું એક ધ્યાતા છું અને ધ્યાન કરું છું, એવો પણ જ્યાં વિકલ્પ છૂટી જાય, ઉપયોગ અંદર જ્ઞાનાનંદમાં જામી જાય, એ રીતે અખંડધારાએ ઉપયોગને જમાડવો. બીજી રીતે વિકલ્પ આવે, પણ અંતરના સ્વરૂપની જે દૃષ્ટિ અને જ્ઞાનની રમણતા છે એ કાયમ ટકે એને પણ અખંડધારાપ્રવાહ કહેવામાં આવે છે. શું કહ્યું એ? કાલે કહ્યું હતું, નહિ?

'**धारावाहिना**' ધારાવાહીનો અર્થ કાલે કર્યો હતો. એ આ અખંડધારાના બે અર્થ આમાં છે. આહાહા..! એક તો પર ઉપરથી લક્ષને છોડી દઈ અને અંદર જ્ઞાતા ચિદાનંદ સહજાનંદ પ્રભુ મૂર્તિ, એમાં ઉપયોગને જોડી દેવો અને એમ ને એમ કાયમ રહેવું એ અખંડધારા પ્રવાહ કહેવામાં આવે છે. પણ એમાં જો ન રહી શકે તો વિકલ્પ ઊઠે ધર્મી જ્ઞાનીને પણ. ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે. ચોથે ગુણસ્થાને તો એ નિર્વિકલ્પ અનુભવ અંતર્મુહૂર્ત બહુ અલ્પ કાળ રહે. ઉપયોગ અંદર વધારે ન રહી શકે. એટલે એને રાગ.. ત્રણ કષાય છે ખરો ને? એટલે રાગ આવે. પણ કહે છે કે ઉપયોગમાં રાગ ભલે આવ્યો, પણ અંદર દૃષ્ટિ અને જ્ઞાનની જે પ્રગટ શક્તિ પ્રગટ થઈ છે એ કાયમ રહે એને અખંડધારાવાહી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે પ્રકાર કહ્યા ને? એક ઉપયોગરૂપ અને એક લબ્ધરૂપ.

મુમુક્ષુ :- ... એક લબ્ધરૂપ, એક ઉપયોગરૂપ

ઉત્તર :- ઉપયોગરૂપ. બે પ્રકારની અખંડ ધારા. કાલે કહ્યું હતું.

મુનિને પણ સાચા સંત છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે. જેની દશા પરમેશ્વરપદમાં ભળી ગઈ છે. ઓહો..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. એમાં ભળી દશા એવા મુનિને પણ સપ્તમ ગુણસ્થાનની દશાનો ઉપયોગ પોણી સેકન્ડની અડધો રહે છે. શું કહ્યું? સમજાણું? મુનિ છે. ચોથા ગુણસ્થાનવાળાનો ઉપયોગ તો બહુ થોડો રહે અંદર અને વિકલ્પો આવે. શુભના આવે અને અશુભના હો. પાંચમા ગુણસ્થાનવાળામાં પણ બે કષાયનો અભાવ

છે. શાંતિ પ્રગટી છે. ચોથા ગુણસ્થાન કરતાં વિશેષ. છતાં એ વિકલ્પ એને આવે. પણ આને છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રતાદિના વિકલ્પ-રાગ છે. એને છોડીને સ્વરૂપના ધ્યાનમાં આવી જાય સાતમે. એ ઉપયોગમાંથી ખસવું નહિ અને એક ધારાવાહી રહે તો અલ્પ કાળમાં કેવળજ્ઞાન થાય. પણ એ ઉપયોગ મુનિને પણ સાતમે કાયમ ઘણો કાળ ન રહે તો એકદમ વિકલ્પ આવે છઠ્ઠે હેઠે પડી જાય. મુનિને હજારો વાર, એક દિવસમાં હજારો વાર છઠ્ઠી અને સાતમી ભૂમિકા આવે છે. આહાહા..! સપ્તમ દશા ઉપયોગ જામી જાય એ દશા રહે પણ પોણી સેકન્ડનો અડધો ભાગ રહે. અને છઠ્ઠે આવે ત્યારે પોણી સેકન્ડ લગભગ એથી ડબલ ભાગ રહે. ત્યારે એને વિકલ્પ આવે. એ પ્રમાદ છે. પ્રમાદ છે ને એટલો ? ભલે પંચમહાવ્રતનો વિકલ્પ પણ પ્રમાદ છે. એ દુઃખ છે, એ આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાંથી છૂટીને ઉપયોગમાં જામી જાય અને ત્યાંથી ન ખસે એને પણ અખંડધારા પ્રવાહ કહે છે. અને એમાંથી ખસી ગયો અને વિકલ્પ આવ્યો પણ અંદર જે વિકાસ થયો છે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ નિર્મળ થઈ છે એ ધારાવાહી કાયમ રહે, ભલે વિકલ્પ આવ્યો, એને પણ અહીંયાં અખંડધારાવાહી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, ભાઈ! આ તો 'સંવર અધિકાર' છે ને. આહાહા..!

'**એ અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે.**' આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવા યોગ્ય છે. આહાહા..! એ સંવર અને એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ છે. વચમાં રાગ આવે, હોય પણ એ દુઃખરૂપ છે, આસ્રવ છે, ઉપાધિ છે, મેલ છે. આહાહા..! ઝેર છે. શુભઉપયોગ આવે એ ઝેર છે. ભારે આ વાત. કેમકે પ્રભુ આત્મા તો અમૃતનો સાગર, શાંતિનો સાગર અને રાગ તો અશાંતિ છે. આહાહા..! છતાં કહે છે કે રાગનો ભાગ અશાંતિ આવે. પણ જેટલે અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રગટી છે એ એમ ને એમ કાયમ રહે તોપણ અખંડ ધારાપ્રવાહ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું.

'**શાથી?**' '**किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते**' આહાહા..! '**નિશ્ચયથી જીવના શુદ્ધસ્વરૂપ...**' શુદ્ધાત્મતત્ત્વ છે ને? શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા, એ શુદ્ધ દ્રવ્યના સ્વરૂપની '**પ્રાપ્તિ થવાથી...**' એ શુભ-અશુભરાગથી ભિન્ન પડી અને શુદ્ધ સ્વરૂપ ભગવાન શક્તિરૂપે સામર્થ્ય સ્વભાવરૂપે છે તેની પર્યાયમાં પ્રાપ્તિ થવાથી. આહાહા..! શું કહ્યું એ? કે જે પર્યાયમાં અનાદિથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ છે એ તો એકલું મલિન અને એકલું દુઃખ, પણ જેણે એ આસ્રવમાંથી ભિન્ન પાડી અને સ્વભાવની શક્તિને વ્યક્તતા પર્યાયમાં પ્રગટ કરી છે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ, એટલી સંપદા એ શુદ્ધ સ્વરૂપને પામે છે. એ શુદ્ધ સ્વરૂપને પામે છે તેટલો સંવર અને ધર્મ છે. સમજાણું કાંઈ?

'**किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते**' જોયું! '**નિશ્ચયથી જીવના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થવાથી નૂતન કર્મના આગમનરૂપ આસ્રવના નિરોધલક્ષણ...**' અંદરમાં પૂર્ણ સંવરની વાત છે ને? અંદરમાં પૂર્ણ સંવર થઈ ગયો એટલે આસ્રવનો નિરોધ થયો, પુણ્ય-પાપનો ભાવ રહ્યો નહિ. '**નિરોધલક્ષણ સંવર...**' છે. '**साक्षात् सम्पद्यते**' '**સર્વથા**

**પ્રકારે થાય છે;...'** આહાહા..! સાક્ષાત્‌નો અર્થ સર્વથા કર્યો. અંદર આત્મામાં આનંદસ્વરૂપમાં તદ્દન લીન થતાં રાગનો વિકલ્પમાત્ર અબુદ્ધિપૂર્વક પણ ન રહે, અંદરમાં ઠરી જાય એને સાક્ષાત્ સંવર થાય છે. એને સર્વથા સંવર ધર્મ થાય છે. એ ઉપર ઉપરની વાત છે. સાતમા (ગુણસ્થાન) ઉપરની. સાતમા ઉપરની વાત છે. પૂર્ણની વાત છે ને પૂર્ણની.

મુમુક્ષુ :- અબુદ્ધિપૂર્વકનો...

ઉત્તર :- અબુદ્ધિપૂર્વક રાગ રહે છતાં અંદર સાતમા ઉપર એને સંવર જ કહેવામાં આવે.

મુમુક્ષુ :- સર્વથા...

ઉત્તર :- સર્વથા અપેક્ષાથી. સર્વથા સંવર બારમે થાય. સમજાણું કાંઈ?

અંદર અબુદ્ધિપૂર્વક રાગ થોડો રહે પણ એને ગૌણ કરીને અહીંયાં સંવર સાક્ષાત્ થયો એમ કહેવામાં આવે. પણ સાક્ષાત્ પૂર્ણ સંવર બારમે ગુણસ્થાને વીતરાગ થાય ત્યારે થાય. આહાહા..! ક્ષીણમોહ. ત્યાં સાક્ષાત્ થાય. પણ અહીં પણ અપેક્ષાએ સાક્ષાત્ કહેવામાં આવે. આહાહા..! અલ્પ રાગને ગણ્યો નથી ને.

મુમુક્ષુ :- એ અપેક્ષાએ તો પૂર્ણ સમજવો ને?

ઉત્તર :- નહિ. ચોથે તો છે જ નહિ પૂર્ણ. સંવર પૂર્ણ ચોથે તો છે જ નહિ. પાંચમેં પણ છે નહિ અને છઠ્ઠે પણ નથી.

મુમુક્ષુ :- અપેક્ષા લઈને...

ઉત્તર :- ના, અપેક્ષા નથી. સંવર એનો છે ચોથે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો સંવર છે. એટલો છે. બીજા આસ્રવને ગૌણ કરીને એમ કહેવામાં આવે (કે) સમ્યગ્દષ્ટિને આસ્રવ નથી.

મુમુક્ષુ :- કહેવામાં આવે ...

ઉત્તર :- એ કહેવામાં આવે. વાસ્તવિકમાં નથી.

મુમુક્ષુ :- દૃષ્ટિ અપેક્ષાએ...

ઉત્તર :- દૃષ્ટિ અપેક્ષાએ જેટલો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ટળ્યો એને મુખ્ય જ્યારે આસ્રવ કહીએ ત્યારે એને આસ્રવ નથી એમ કહેવામાં આવ્યો. પણ હજી પુણ્ય-પાપના ભાવ છે એ આસ્રવ છે. એને ગૌણ કરીને કહ્યું. એ વાત ન કરી? અગિયારમી ગાથા. સાંભળો! **'વવહારોऽભૂદત્થો'** એમ પરમાત્મા કહે છે કે પર્યાયમાત્ર જૂઠી છે-અસત્ય છે. કેવળજ્ઞાનની પર્યાય પણ અસત્ય છે, સંવર-નિર્જરાની પર્યાય પણ અસત્ય છે, મોક્ષમાર્ગની પર્યાય પણ અસત્ય છે. ત્યાં એમ કહ્યું. કઈ અપેક્ષાએ? પર્યાયને ગૌણ કરીને અસત્ય કહ્યું છે. અભાવ કરીને અસત્ય કહ્યું હોય તો મહા મોટો અનર્થ થઈ જાય. સમજાણું કાંઈ? એ અર્થમાં કર્યું છે ને? 'જયચંદ્ર પંડિતે' અર્થમાં લખ્યું છે, બહુ સરસ લખ્યું છે કે ભાઈ ચોથે સમ્યગ્દર્શનમાં એમ કહેવામાં આવ્યું કે પર્યાયમાત્ર નથી. એક દ્રવ્ય જ સત્ય છે. ત્રિકાળી દ્રવ્ય સત્યાર્થ ભૂતાર્થ આશ્રિત સમકિત. ભૂતાર્થ એક સમયમાં પૂર્ણ વસ્તુ તે સત્ય છે અને પર્યાયમાત્ર સમ્યગ્દર્શન થયું એ પર્યાય પણ માત્ર અસત્ય છે. આહાહા..!

એ તો ગૌણ (કરીને કહ્યું), પર્યાયનું લક્ષ છોડાવવા. પર્યાય ન હોય તો કાર્ય પર્યાયમાં

થાય છે. સમ્યગ્દર્શન પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે. અરે..! સિદ્ધ પોતે પર્યાય છે. મોક્ષ એ પર્યાય છે. એ ક્યાં ગુણ અને દ્રવ્ય છે. છતાં ત્યાં એમ કહ્યું કે પર્યાયમાત્ર જૂઠી છે, અસત્ય છે, અભૂતાર્થ છે. આહાહા..! એ ગૌણ કરીને ત્રિકાળીના મુખ્યને નિશ્ચય કરીને. નિશ્ચયને મુખ્ય કરીને નહિ. ત્રિકાળી સત્યાર્થ વસ્તુને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્ય કહ્યું. અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્ય કહ્યું. આમાં કાંઈ ફેર પડે તો મોટો ગોટો ઉપજે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો ચોખ્ખું કહ્યું. તેથી એ કહ્યું હતું ને? 'નાથુરામ શાસ્ત્રી' હતા, 'મુંબઈ'માં. શું કહેવાય? 'નાથુરામ પ્રેમી'. એ એમ કહેતા, આ ગાથાને લઈને, કે 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. બિલકુલ ખોટી વાત છે. કારણ કે ઓલી પર્યાય નથી એમ કીધું ને? પર્યાય જૂઠી છે. તો દ્રવ્ય થઈ ગયું, એકલું દ્રવ્ય રહ્યું વેદાંતની પેઠે. એટલે એણે એમ કહ્યું કે 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. બિલકુલ જૂઠી વાત છે. તરત જ બીજી ગાથામાં કહ્યું. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' લ્યો! ક્યાં છે એ? વેદાંતમાં એ ક્યાં છે? બીજી ગાથામાં એ જ કહ્યું પાધરું. '**जीवो चरित्तदंसणणाणठिदो**' જ્ઞાન-દર્શન-ચારિત્ર આત્મામાં ઠર્યા એમ ન લેતાં આત્મા આમ ઠર્યો એમ લીધું. કેમ કે આત્મા જે પર્યાયમાં રાગ અને પુણ્ય અને પાપમાં હતો એ પરસમય હતો-એ અણાત્મા હતો. ભગવાન પૂર્ણાનંદનો નાથ પુણ્ય અને પાપના ભાવમાં હતો પર્યાયમાં, ત્યારે તેને અણાત્મા કહેવામાં આવ્યો. એ પોતે ભગવાન ચિદાનંદ પ્રભુ, પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયમાં સ્થિત છે તેને આત્મા કહેવામાં આવ્યો છે. આહાહા..! 'શશીભાઈ'! આવા પ્રકાર છે.

અહીં કહે છે, '**साक्षात् सम्पद्यते**' આમ લેવું. જ્યાં પૂર્ણ સર્વથા થાય એને લેવું. એ ભેદવિજ્ઞાન '**શુદ્ધસ્વરૂપનું પ્રગટપણું...**' જુઓ! પાછું કહેશે ભેદવિજ્ઞાન નાશવાન. કારણ કે હજી અધુરી દશા છે ને? પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યારે ખલાસ થઈ જાય. '**શુદ્ધસ્વરૂપનું પ્રગટપણું (-પ્રાપ્તિ)**' '**भेदविज्ञानतः**' '**શુદ્ધસ્વરૂપના અનુભવથી નિશ્ચયથી થાય છે;...**' આહાહા..! '**तस्मात् તેથી ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે...**' દેખો ! કારણ કે હજી અધૂરી પર્યાય છે ને? એ પૂરી નાશ થઈ જાય ત્યારે કેવળજ્ઞાન થાય. આહાહા..! એને પણ એક વિકલ્પ કીધો છે અહીં. છે ને? '**તથાપિ ઉપાદેય છે.**' નાશવાન છે, વિકલ્પ છે એમ કહ્યું છે.

મુમુક્ષુ :- ૧૩૦માં...

ઉત્તર :- હો, આવે છે ને. વિકલ્પ કહેશે. પોતે કહેશે જુઓ હમણા. તે ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે. ૧૩૦માં આવશે. તરત જ ૧૩૦ છે. ૧૨૯ (પછી) તરત. આ વંચાય છે જ એ ગાથા. ૧૩૦. ૧૨૯ ચાલે છે ને એના પછીની. આ ૧૨૯ કળશ નથી ચાલતો? બસ એ તરત જ બીજામાં છે. પછી ૧૩૦માં. ૧૩૦ જુઓ. પાછળ.

મુમુક્ષુ :- ત્યાં ભેદવિજ્ઞાન પણ...

ઉત્તર :- '**એક વિકલ્પ છે, કેવળજ્ઞાનની માફક...**' એ જ્ઞાન છે ને? પર્યાય છે ને? એટલે એ અપેક્ષાએ એને વિકલ્પ-ભેદ કહ્યો. એ નાશવાન છે. કેવળજ્ઞાનની પેઠે એ કાંઈ પૂર્ણ

શુદ્ધ નથી. એમ. આહાહા..! આવું છે.

નિશ્ચયથી **'ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે તથાપિ ઉપાદેય છે.'** પ્રથમ એને આદરવાલાયક છે. રાગથી ભિન્ન પાડવું છે અને ભેદજ્ઞાનથી સંવર છે એ અપેક્ષાએ એને આદરવા લાયક કહ્યો છે. મૂળ તો એકલા અખંડાનંદ ઉપર દૃષ્ટિ કરવાની છે. આમ ભેદ પાડવો એ નહિ. રાગથી આત્માને ભિન્ન પાડવો, હજી ત્યાં વિકલ્પ અને ભેદ રહી ગયો. પણ એ ભેદ જ પાડવો નથી. પછી તો અખંડાનંદમાં અંદર ઠરી જવું એનું નામ કેવળજ્ઞાન છે. અરે..! આવી વાતું હવે. આવો માર્ગ છે. આહાહા..! ૧૨૯ થઈ. હવે આવશે ૧૩૦.

---

(અનુષ્ટુપ)

भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।६-१३०।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'इदम् भेदविज्ञानम् तावत् अच्छिन्नधारया भावयेत्' ( इदम् भेदविज्ञानम् ) પૂર્વોક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો ( तावत् ) તેટલા કાળ સુધી ( अच्छिन्नधारया ) અખંડિતધારાપ્રવાહરૂપે ( भावयेत् ) આસ્વાદ કરવો 'यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते' ( यावत् ) કે જેટલા કાળમાં ( परात् च्युत्वा ) પરથી છૂટીને ( ज्ञानं ) આત્મા ( ज्ञाने ) શુદ્ધસ્વરૂપમાં ( प्रतिष्ठते ) એકરૂપ પરિણમે. ભાવાર્થ આમ છે કે-નિરંતર શુદ્ધસ્વરૂપનો અનુભવ કર્તવ્ય છે. જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે. ત્યાં ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે, કેવળજ્ઞાનની માફક જીવનું શુદ્ધસ્વરૂપ નથી, તેથી સહજ જ વિનાશિક છે. ૬-૧૩૦.**

---

## કળશ-૧૩૦ ઉપર પ્રવચન

भावयेद्भेदविज्ञानमिदमच्छितधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।६-१३०।।

જુઓ! હવે આમાં આવશે.

**ખંડાન્વય સહિત અર્થ :- 'इदम् भेदविज्ञानम् तावत् अच्छिन्नधारया भावयेत्'** (જે ભેદવિજ્ઞાન) **'પૂર્વોક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ,...'** રાગથી ભિન્ન. આહાહા..! તો રાગ છે. એનાથી ભિન્ન. પણ કોઈ એમ કહે કે સમકિતીને રાગ છે એ તો નાશ થતો જાય છે. પણ નાશ તો એક સમયની પર્યાય જેટલો નાશ થાય છે. બાકી આખો રાગ તો દસમા ગુણસ્થાન સુધી રહે છે. ચોથે ગુણસ્થાને એમ કહે રાગ સમકિતીને આવે એ નાશ કરતો (જાય છે) માટે એને રાગ નથી. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? એ જ અહીં કહે છે.

**'પૂર્વોક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો તેટલા કાળ સુધી...'** જોયું! 'તેટલા

**કાળ સુધી...'** સમ્યગ્દર્શન થયું અને જ્ઞાન પણ થયું માટે થઈ ગયો આસ્રવરહિત એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આનંદનો સ્વાદ આવ્યો, મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ રોકાઈ ગયો એથી એ પૂર્ણ આસ્રવરહિત થઈ ગયો અને આસ્રવ નથી, એમ નહિ. શું કીધું? **'तावत्' 'તેટલા કાળ સુધી અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...'** આહાહા..! એ ૮૨ ગાથા 'નિયમસાર'ની. સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, જ્ઞાન થયું. છતાં હવે ચારિત્રને માટે ભેદઅભ્યાસ કહ્યું હતું ને કાલે? કાઢ્યું હતું ને?

'નિયમસાર' ૮૨. **'एरिसभेदब्भासे मज्झत्थो होदि तेण चारित्तं'** સમ્યગ્દર્શન છે, અનુભવ છે, સમ્યગ્જ્ઞાની છે પણ એને હજી રાગભાગ બાકી છે, આસ્રવ છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો રાગ છે એ આસ્રવ તેટલો. પાંચમે ગુણસ્થાને પણ બે કષાયનો આસ્રવ છે. મુનિને હજી એક કષાયનો આસ્રવ છે. તો કહે છે કે **'આવો ભેદ-અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે.'** સમ્યગ્દષ્ટિને પણ સમ્યગ્જ્ઞાનનો અનુભવ હોવા છતાં એને હજી મધ્યસ્થદશા, વીતરાગદશા થઈ નથી. એણે રાગને ભિન્ન પાડી, ત્યાં સુધી તેને ભિન્ન પાડવો કે જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી. આહાહા..! છે. પાઠ છે. **'तावत्'** શબ્દ પડ્યો છે ને. **'तावत्'** એટલે? **'मज्झत्थो होदि तेण चारित्तं' 'ભેદ-અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે.'** ટીકામાં તો બહુ સરસ છે. **'તેને (ચારિત્રને) દૃઢ કરવા નિમિત્તે હું પ્રતિક્રમણાદિ કહીશ.'** 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! સમકિતી જીવને પણ, આત્મજ્ઞાની થયા તેને પણ હજી પુણ્ય-પાપના ભાવનો આસ્રવ છે, દુઃખ છે. એને જુદું પાડીને સ્થિર થવા માટે હું ચારિત્રનો અધિકાર કહીશ. આહાહા..!

ચારિત્ર નથી ત્યાં અવિરતપણું ચોથે ગુણસ્થાને (છે). ભલે ક્ષાયિક સમકિત હો 'શ્રેણિક'રાજાને. પણ હજી ત્રણ કષાયનો ભાવ એ તો અવ્રતભાવ છે. અવ્રતી છે એ. અવિરતી સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને હોય. પાંચમે દેશવિરતી પંચમગુણસ્થાન હોય. છઠ્ઠે સર્વવિરતી છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોય. એટલે એમ જ માની લે કે ચોથું ગુણસ્થાન થયું એટલે હવે આસ્રવ અને દુઃખ છે જ નહિ. એકાંત મિથ્યાદૃષ્ટિનું પોષણ છે. બીજી નયને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે.

**'તેથી ચારિત્ર થાય છે.'** એમ કહ્યું ને? અહીં **'तावत्'** કહ્યું અહીં. અહીં કહ્યું છે ને? **'તેટલા કાળ સુધી.'** અહીં આપણે ચાલે એમાં. **'અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...'** આનંદનો અનુભવ કરવો અને આનંદની ધારામાં રહેવું. જ્યાં સુધી તે પૂર્ણ આસ્રવરહિત થાય ત્યાં સુધી એણે અખંડિતધારારૂપ આનંદમાં રહેવું. આહાહા..! સમજાણું કાંઈ? મુનિને અપ્રમત્ત દશા થાય. સાતમું ગુણસ્થાન. તોપણ હજી અબુદ્ધિપૂર્વક આસ્રવ રાગ છે. અને રાગ છે તેટલું અપ્રમત્ત છે. ઉપયોગ છે ધ્યાનમાં. પણ અહીંયાં રાગ છે એના રાગનું વેદન પણ અંદર છે. એનો ઉપયોગ એ બાજુ નથી. આહાહા..! ઉપયોગ જો રાગમાં, વેદનમાં ન હોય તો તો પૂર્ણ આનંદનું વેદન જોઈએ. 'ચંદુભાઈ'! આહાહા..! પૂર્ણ આનંદનું વેદન જ્યાં છે ત્યાં તો આસ્રવની ગંધ નથી. પણ જ્યાં આગળ પૂર્ણ આનંદનું વેદન નથી, ચોથે તો અલ્પ

આનંદનું વેદન છે. ચોથે ગુણસ્થાને સમકિતીને તો અલ્પ આનંદનું વેદન છે. અને ત્રણ કષાયનો આસ્રવ છે અને એટલું દુઃખ છે અને એટલું એને બંધન છે.

મુમુક્ષુ :- ભક્તિ આદિમાં તો શાંતિ દેખાય છે.

ઉત્તર :- કાંઈ ધૂળેય નથી શાંતો. એ તો પ્રશ્ન કરે છે જાણવા માટે. એમ કે ભક્તિમાં શુભભાવ છે. ત્યાં શાંતિ કેવી? એ પર તરફનું લક્ષ છે. એ ભાવ આવે ખરો. પણ છે અશાંતિ, આકુળતા.

મુમુક્ષુ :- ભક્તિમાં બહારના બધા ભાવ...

ઉત્તર :- એ તમારે બીડી-તમાકૂનું ભૂલી જાય છે. પણ અંદર રાગ નથી ભૂલી જતો ત્યાં. શેઠ! બીડી ભૂલી જાય. એ ભૂલી જાય. પણ આમ ભગવાન છે એ યાદ છે. એ રાગ થાય છે એટલો આસ્રવ છે.

ભગવાન ત્રિલોકનાથ તો એમ કહે છે કે પ્રભુ! તું મારી સામું જોઈશ તો તને રાગનો આસ્રવ થશે. આહાહા..! આ વાણી વીતરાગની છે. તું તારી સામું જોઈને ઠરી જા તો તને વીતરાગતા થશે. કારણ કે અમે તો તારા કરતાં પરદ્રવ્ય છીએ. અને 'અષ્ટપાહુડ'ની મોક્ષ અધિકારમાં ૧૬મી ગાથામાં '**परदव्वादो दुग्गइ**'. પ્રભુ એમ કહે છે કે અમારા ઉપર તારું લક્ષ જશે તોપણ તારી ગતિ ચૈતન્યની નથી. એ દુર્ગતિ છે. રાગ છે એ દુર્ગતિ છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં મોક્ષપાહુડની ૧૬મી ગાથા છે. સમજાણું કાંઈ? એ તો વીતરાગ કહે, બાપુ! મોઢા સામું કોળિયો કોને ખરાબ લાગે? એ તો કહે છે કે મારી સામું જોઈશ તો તને રાગ થાશે. ભલે પુણ્યનો રાગ પણ છે રાગ. અને તેથી '**परदव्वादो दुग्गइ**' પ્રભુ! સાંભળ એકવાર. અમારી સામું જોતા પણ તને રાગની ગતિ થશે એ ચૈતન્યની ગતિ નહિ, એ દુર્ગતિ છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં છે ને? આહાહા..! મોક્ષપાહુડ, હોં! મોક્ષપાહુડ. ૧૬મી છે. ૧૬મી.

**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**
**इय णाऊण सदव्वे कुणह रई विरह इयरम्मि।। १६।।**

હે ભગવાન! પરદ્રવ્ય ઉપર જો તારું લક્ષ જશે... અમે તીર્થંકર છીએ. સંત દિગંબર મુનિ હોય છે. એના ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થશે અને તે ચૈતન્યની ગતિ નહિ, એ તો દુર્ગતિ છે. આહાહા..! '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ**' ચૈતન્ય ભગવાનની અંદર જતાં એકાગ્ર થાય તેને સુગતિ કહીએ. આકરી વાતું, બાપુ! આ તો વીતરાગ માર્ગ છે. આ કાંઈ હળદરના ગાંઠીએ ગાંધી થઈ જવાય એવું નથી. આ તો ચારે કોરના પડખા એણે જોવા જોશે. આહાહા..! જોયું! '**પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ જાનો, ઈસલિયે હે ભવ્યજીવો! તુમ ઈસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો...**' ભગવાન આનંદના નાથમાં લીન થાઓ. પરદ્રવ્યમાં લીનતા છોડી દે. 'શાંતિભાઈ'! આવી વાતું છે.

અહીં તો બીજું ઘણું કહ્યું. '**परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विवहकम्मेहिं।**' ૧૩મી ગાથાથી શરૂ કર્યું છે. જેટલું તારા દ્રવ્યસ્વભાવથી બહાર જા ત્યાં સુધી તને કર્મબંધન છે. ચાહે તો દેવ-ગુરુ ને શાસ્ત્ર હો. ત્રણ લોકના નાથ તીર્થંકર હો સમવસરણમાં. અનંતવાર પ્રભુની

આરતી ઉતારી. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. ભગવાન તીર્થંકર તો ત્યાં સદા ત્રણે કાળે હોય છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. દરેક ક્ષેત્રે. ભગવાનના સમવસરણમાં ગયો હતો, વાણી સાંભળી હતી, હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ. એમ કહ્યું. પણ એ બધો શુભભાવ. 'સુમેરુમલજી'! એ શુભભાવ. આહાહા..! આચાર્યને આ કહેતા સમાજ સમતોલ રહેશે કે નહિ એની દરકાર નથી. અમે તો કહીએ છીએ કે ભગવાન તરફ તારું લક્ષ જાય એ તારી પર્યાય દુર્ગતિ છે. એ ચૈતન્યની ગતિ જ નથી. આહાહા..! કહો, 'મીઠાલાલજી'! આવી વાતું કરે. એ 'કુંદકુંદાચાર્ય' ખુલ્લું મૂકે. સમાજની પણ દરકાર નથી. નાગા બાદશાહથી આઘા.

**परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विवहकम्मेहिं।**
**एसो जिणउवदेसो समासदो बंधमुक्खस्स।।१३।।**

ભગવાનનો ટૂંકામાં આ ઉપદેશ છે એમ કહે છે. '**एसो जिणउवदेसा**' કે જેટલું પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તેટલું તને બંધન છે. સ્વદ્રવ્યમાં અંદર જશે તેટલું તેનું અબંધ છે. શેઠ! એ પુસ્તક પાના ઓલા ચૈતાલય ભર્યા છે ને અંદર? શું કહેવાય એ ચૈતાલય? પુસ્તકો. શુભભાવ. દુર્ગતિ. દુર્ગતિ એટલે? નરકગતિ એમ નહિ. પણ ચૈતન્યની જે ગતિ છે જ્ઞાનાનંદની, એનાથી ખસીને રાગમાં આવ્યો એ અપેક્ષાએ દુર્ગતિ. એનું ફળ નરક કે નિગોદ છે એમ નથી કાંઈ.

મુમુક્ષુ :- મંદિર બનાવે એ?

ઉત્તર :- એમાં બધો શુભભાવ એ આસ્રવ. આ છવ્વીસ લાખનું આ મકાન બનાવ્યું. છવ્વીસ હજાર તો માણસ આવ્યું હતું ત્યારે. છવ્વીસ હજાર. માણસ સમાય નહિ. પંડાળ નાખ્યો હતો. અગિયાર લાખનો ખર્ચ હતો અને છવીસ લાખનું મકાન. સાડત્રીસ લાખનું મકાન થયું. એમાં શું હતું પણ? એથી કાંઈ ધર્મ છે? એ તો અંદરમાં લક્ષમાં ગયું બહાર તો એટલો શુભભાવ આવે. આસ્રવ છે એ. આહાહા..! હોય છે, જ્યાં અપૂર્ણદશા હોય છે ત્યાં એવો ભાવ આવે. પણ એ ભાવ છે તો બંધનું કારણ. 'સુમેરુમલજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- આપનું સપનું સાકાર થયું એ તો.

ઉત્તર :- એ સાકાર પણ છતાં એ તો શુભભાવ છે. બીજું શું છે? વાત સાચી. (સંવત) ૧૯૭૧ની સાલમાં સપનું આવ્યું હતું. ૭૧-૭૧. એક દાયકો... આખા આકાશમાં શાસ્ત્રો.. પાટિયા. પાટિયા છે ને? આવડા-આવડા લાંબા મોટા અને પહોળા શાસ્ત્ર લખેલા. તે આખા આકાશમાં એમ. આમથી જુઓ તો આમ સુધીનું.. એવું સપનું આવ્યું હતું. આખા આકાશમાં શાસ્ત્ર જ... શાસ્ત્ર. છૂટા છુટા. ઓલા આટલું પહોળું અને આટલું ઊંચું. એવા એવા આખા આકાશમાં. આવડા આવડા પાટિયા. આ કુદરતે બન્યું. આહાહા..! અને એકવાર આખા આકાશમાં ચંદ્ર જોયા આખા આકાશમાં. છઠનો ચંદ્ર હોય ને? છઠનો? છઠનો. બીજી.. એવા એવા લાખો કરોડો છેક અહીંથી આમ અને અહીંથી બહાર ઊભો હતો ખુલ્લો. આખા

આકાશમાં. ચંદ્ર.. ચંદ્ર... લાખો કરોડો ચંદ્ર. છઠના જેટલા આખા આકાશમાં ચંદ્ર. ... આહાહા..! આ વાણી વીતરાગની.

મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને. ત્રણ કષાયનો અભાવ (થઈને) વીતરાગ... વીતરાગ... વીતરાગ... પ્રગટદશા થઈ છે. ત્યાં ચોથું, પાંચમું, છઠ્ઠું જેટલો પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એટલો આસ્રવ અને દુઃખ છે અને એટલું બંધનમાં છે. આહાહા..! આપણે કહ્યું નહોતું? 'સમયસાર'માં કહ્યું હતું. 'નાટક' નહિ? 'સમયસાર નાટક' આમાંથી બનાવ્યું. મોક્ષ. ૪૦મો બોલ છે. ૪૦મો બોલ. જુઓ!

**ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।**
**परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर।।४०।।**

'**ता कारन जगपंथ इत,**' જેટલો વિકલ્પ ઊઠ્યો મુનિને રાગ, પાંચ મહાવ્રતનો, ભક્તિનો, એ જગપંથ છે. 'બનારસીદાસ' 'મોક્ષ અધિકાર'નો ૪૦મો બોલ. આહાહા..! '**ता कारन जगपंथ इत,**' એ જગપંથ છે. રાગ એ સંસારપંથ છે. આહાહા..! '**उत सिव मारग जोर**' ભગવાન અંદર આનંદના નાથમાં જેટલો લીન થાય તે શીવ માર્ગ છે. '**परमादी जगकौं धुकै**' મુનિ પણ સાચા સંત છે એને પંચમહાવ્રતના પરિણામ આવે એ પ્રમાદિ છે. એ પ્રમાદિ '**जगकौं धुकै**' જગમાં જુકી ગયા છે એ તો. આહાહા..!

મુમુક્ષુ :- જગમાં?

ઉત્તર :- સંસાર. એ રાગ એ સંસાર છે એટલો. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. બાપુ! આ તો ત્રણલોકનો નાથ. વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્ર અનંત તીર્થંકરો થયા. લાખો કેવળીઓ મહાવિદેહમાં વિચરે છે. તીર્થંકરો વીસ છે અત્યારે. અનંત તીર્થંકરો થશે તેનો આ એક અવાજ છે. સમજાણું કાંઈ? આહાહા..!

શું કહ્યું? જુઓ! કે '**શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો તેટલા કાળ સુધી...**' કરવા જેવો છે. '**અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...**' આહાહા..! એમ કે પ્રથમ સમ્યગ્દર્શન થયું માટે બસ થઈ ગયું બધું. એમ નથી, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? '**તેટલા કાળ સુધી અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...**' કેટલા કાળ? '**यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते**' આહાહા..! '**જેટલા કાળમાં પરથી છૂટીને આત્મા શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.**' ત્યાં સુધી અંદરમાં રહેવા જેવું છે. બહારમાં નીકળવા જેવું નથી. ૧૩૦. ૧૩૦ કળશ. આહાહા..! '**यावत्**' તેટલા કાળ સુધી. જ્યારે પૂર્ણ રાગથી રહિત થઈને સ્વરૂપમાં ઠરી જાય ત્યાં સુધી તેણે રાગથી ભિન્ન પડીને અભ્યાસ કરવો. આહાહા..! સમકિત થયું અને સમ્યગ્જ્ઞાન થયું એટલે બસ થયું. બાપુ! હજી તો અનંતગુણી દશા બાકી છે. હજી તો એને ચારિત્ર અને પછી કેવળજ્ઞાન, શુક્લધ્યાન એ તો બહુ બાકી, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ?

'**જેટલા કાળમાં પરથી છૂટીને...**' પર એટલે આસ્રવ. રાગથી છૂટીને જ્યાં સુધી પૂર્ણ સ્થિર ન થાય ત્યાં સુધી તેનો ધારાવાહી અનુભવ કરવો. આહાહા..! સમજાય છે કે નહિ આમાં? '**यावत्**' ક્યાં સુધી? કે જ્યાં સુધી આત્મા રાગથી બિલકુલ રાગના અંશથી ખસી અને

પૂર્ણ અહીં ન થાય ત્યાં સુધી એણે આત્માનું ધ્યાન કરવું. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! **'પરથી છૂટીને...'** પર એટલે આસ્રવ. 'સંવર અધિકાર' છે ને? એટલે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે તે આસ્રવ છે. મુનિને આસ્રવ છે, પાંચમે ગુણસ્થાને આસ્રવ છે, ચોથે આસ્રવ છે. ચોથે દુઃખ છે, પાંચમે દુઃખ છે, છઠ્ઠે દુઃખ છે. આહાહા..! એ દુઃખથી, **'પરથી છૂટીને આત્મા શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.'** એકરૂપ. સંગ રહે જ નહિ પછી જરીએ આસ્રવ. એકાકાર અંદરમાં થઈ જાય અને આસ્રવ ન રહે ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. **'भावये'** છે ને પાઠ?

**'भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया'** ક્યાં સુધી રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરવું? કે જ્યાં સુધી પૂર્ણ ઠરે નહિ અને રાગનો એક અંશ ન રહે ત્યાં સુધી ભેદજ્ઞાન કરવું. 'માલચંદજી'! આ તો સમજાય એવી ભાષા છે. આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર, એનો આ હુકમ છે. આહાહા..! પ્રભુ! તું તારા સ્વરૂપમાં પૂર્ણ જ્યાં સુધી ન ઠરે અને રાગનો એક પણ અંશ ન રહે ત્યાં સુધી ધ્યાનમાં ભેદઅભ્યાસ કર. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન થયું એટલે સંતોષાઈ જાય કે બસ, થઈ ગયું અમને. બાપુ! હજી તો વાર છે, ભાઈ! અને સમ્યગ્દર્શનમાં પણ જ્યાં સુધી દુઃખ અને આસ્રવ છે એને ન માને તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. કેમ કે જ્યાં સુધી અંતર આનંદનો અનુભવ આવ્યો, પણ એની સાથે અપૂર્ણ આનંદ છે એટલે દુઃખનું વેદન એના જ્ઞાનમાં આવે છે. અજ્ઞાનીને તો આનંદ પણ નથી અને કાંઈ છે નહિ. દુઃખ છે પણ એ દુઃખ છે એની પણ ખબર નથી. ભાઈ તને સમજાય છે? આહાહા..!

આત્મા પોતાના આનંદપ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, એના અનુભવમાં આવ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ-સ્વરૂપાચરણ થયું ત્યારે એને ખ્યાલ આવ્યો કે ઓહોહો...! આ તો આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદસ્વરૂપ છે. એનો નમૂનો આવ્યો, એ નમૂનાથી જાણ્યું કે આનંદસ્વરૂપ છે આ. અને આમ જાણ્યું કે અરે..! હજી આનંદની સાથે આ રાગ-દુઃખ છે. એ આનંદની સાથે મેળવ્યું કે આ તો દુઃખ છે. એનાથી બે વાત થઈ. એક તો સમ્યગ્દર્શનનો અનુભવ થતાં એ આનંદનો અંશ અને સમ્યગ્જ્ઞાનનો અંશ આવતા આ આખો આત્મા પૂર્ણ આનંદમય છે એ નમૂનાથી આખો જાણ્યો. ભાઈ! આહાહા..! અને તે નમૂનામાં હજી પાછું દુઃખ વેદાય છે સાથે. એ પણ ત્યારે જાણવામાં આવ્યું. નહિતર તો અજ્ઞાનમાં તો દુઃખનું વેદન છે ઈ ખબર જ ક્યાં છે. આહાહા..! મોટું ધોકડું હોય ને રૂનું? ધોકડાને શું કહે ? ગાંઠ. બોરા. થોડો નમૂનો કાઢે ત્યારે ખ્યાલ આવે કે આ આખું ધોકડું આવું રૂનું છે. અને એની સાથે બીજા કપાસને મેળવે કે આ તો હજી મેલું છે. આની સાથે મેળવે તો આ મેલું છે. આની સાથે મેળવે તો પૂર્ણ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો સુદ ૧૩, સોમવાર, તા.૨૪-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૦-૧૩૧, પ્રવચન - ૧૩૦

(અનુષ્ટુપ)

भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।६-१३०।।

'કળશટીકા' ૧૩૦ કળશ ચાલે છે. ૧૩૦. શું કહે છે? જુઓ! **'इदम् भेदविज्ञानम् तावत् अच्छिन्नधारया भावयेत्'** શું કહે છે? જેને આત્માનું કલ્યાણ કરવું હોય અને ધર્મ કરવો હોય તો **'इदम्'** આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ, એ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો એ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આત્માને પુણ્ય અને પાપના વિકારી ભાવ છે, તેનાથી પોતાની ચીજ અંદર ભિન્ન છે, એનો અનુભવ કરવો અને પુણ્ય-પાપના ભાવથી ભેદ કરવો, એ મોક્ષનો માર્ગ અને ધર્મ છે. આહાહા..!

**'શુદ્ધ સ્વરૂપનો અનુભવ, તેનો તેટલા કાળ સુધી...'** કેટલા કાળ સુધી કરવો? આહાહા..! **'अच्छिन्नधारया'** અંતર આનંદનો અનુભવ (તેમાં) ત્રુટ ન પડે, છેદ ન પડે, અંતર આનંદની ધારામાં અનુભવ કરવામાં રાગનો વિકલ્પ ન રહે, શુભરાગ રહે છે એ રાગ ન રહે, ત્યાં સુધી આત્માનો અનુભવ અંદર કરવો. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ (છે). **'अच्छिन्नधारया'** **'અખંડિતધારાપ્રવાહરૂપે...'** **'भावयेत्'** એટલે? આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એનો શરીર, વાણી, મન આ તો જડ છે, એનાથી તો ભિન્ન છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ આસ્રવ છે અને ક્રોધ, માન, માયા, હિંસા, જૂઠ એ પણ પાપઆસ્રવ છે, બેયથી ભિન્ન કરીને નિજાત્માનો આસ્વાદ લેવો. આકરી વાત છે.

અંતર આનંદસ્વરૂપ ભગવાન, જિનેન્દ્રદેવનો હુકમ એ છે કે તારે કલ્યાણ કરવું હોય તો એ પુણ્ય ને પાપના વિકલ્પ નામ રાગથી પોતાની ચીજ જે આનંદસ્વરૂપનો અનુભવ કરી આસ્વાદ લેવો. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો. આ શું છે? જે પુણ્ય અને પાપના ભાવ, રાગનો સ્વાદ હતો, એ વિકારનો સ્વાદ હતો, એ દુઃખરૂપ હતો. તેનાથી ભિન્ન પાડી નિજ આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાયક ચૈતન્યઘન છે, એ તરફ સન્મુખ થઈને અને પુણ્ય-પાપના વિકલ્પથી વિમુખ થઈને,.. આહાહા..! આત્માનો અનુભવ-અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો, એનું નામ પરમાત્મા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

એ ત્યાં સુધી કરવો, **'यावत्'**, **'यावत्'** શબ્દ પડ્યો છે ને? ક્યાં સુધી એમ કરવું? **'यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते'** **'જેટલા કાળમાં પરથી છૂટીને...'** પહેલા

સમ્યગ્દર્શનમાં પણ રાગથી છૂટીને આત્માનું વેદન કરવું, છતાં પણ ત્યાં રાગાદિ રહે છે. રાગથી ભિન્ન પડ્યો પણ હજી રાગ બાકી રહે છે. તો પછી પણ રાગથી ભિન્ન પડી સ્વરૂપના આનંદની સ્થિરતાનો સ્વાદ લેવો. આવી વાત હવે. શું કહે છે? જુઓ! **'જેટલા કાળમાં પરથી છૂટીને...'** કોઈપણ વિકલ્પ છે-દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના રાગથી જ્યાં સુધી પૂર્ણપણે છૂટે નહિ ત્યાં સુધી અનુભવ કરવો. કહો, શેઠ! આવી વાતું છે.

'સંવર અધિકાર' છે. સંવર નામ વિકારનું ઉત્પન્ન ન થવું અને નિર્વિકારી દશાનું ઉત્પન્ન થવું, તેનું નામ સંવર કહેવામાં આવે છે. એ સંવર, પુણ્ય-પાપના વિકલ્પ છે એ આસ્રવ છે તેનાથી ભિન્ન કરીને ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુની સન્મુખ થઈને, તેનો અનુભવ-આનંદનો અનુભવ કરવો. આહાહા..! એ સંવર છે-એ ધર્મ છે-એ રાગથી છૂટવાનો ઉપાય છે. ભાવ તો ઝીણા છે, પ્રભુ! ભાષા તો સાદી છે. 'બાલચંદજી'! આહાહા..!

**'तावत्'**, **'यावत्'** બે શબ્દ પડ્યા છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદસાગર, ચૈતન્યસ્વભાવ ને આનંદસ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે. આહા..! શું કહે છે? છલોછલ કહે છે. શું કહે છે? લબાલબ ભર્યો છે. જુઓ! ભાઈ! પ્રભુ! અંદર જે આત્મા છે ને? એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી લબાલબ ભરેલો છે. એમાં અપૂર્ણતા નથી અને વિપરીતતા પણ નથી. સૂક્ષ્મ માર્ગ છે, ભાઈ! ભગવાન.

ભગવાન જિનેન્દ્ર ત્રિલોકનાથ ઇન્દ્રોની વચ્ચે પરમાત્મા ફરમાવતા હતા, એ સંતો ત્યાંથી સંદેશ લાવીને જગતને જાહેર કરે છે. સમજાય છે કાંઈ? 'સીમંધર' ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકર સર્વજ્ઞ ત્રિલોકનાથ. ક્રોડ પૂર્વનું તો આયુષ્ય છે. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર, સીત્તેર લાખ અને છપ્પન હજાર ક્રોડ વર્ષ (જાય), એટલા વર્ષનું એક પૂર્વ. એવું ક્રોડ પૂર્વનું પ્રભુનું આયુષ્ય છે. ભગવાન મહાવિદેહમાં બિરાજે છે. વીસમા તીર્થંકર અહીંયાં થયા ત્યારે પ્રભુએ દીક્ષા લીધી છે અને પછી તરત કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. અબજો વર્ષથી બિરાજે છે. હજી અબજો વર્ષ બિરાજશે. ત્યાં આગળ સંત 'કુંદકુંદાચાર્ય' દિગંબર મુનિ સંવત ૪૯માં ગયા હતા, આઠ દિવસ ત્યાં રહ્યા હતા, સાંભળીને આવ્યા ને શાસ્ત્ર બનાવ્યા. આ ભગવાનનો સંદેશ છે. આહાહા..! શું (સંદેશ લાવ્યા)?

તારી ચીજ અંદર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી લબાલબ ભરી છે, એ તરફ ઝુકાવ કરી અને વિકાર પુણ્ય-પાપની પરિણતિ તરફનો ઝુકાવ છોડી દે. પુણ્ય-પાપના ભાવથી વિમુખ થઈને અને નિજ સ્વભાવસન્મુખ થઈને પોતાનો અનુભવ ત્યાં સુધી કરવો કે જ્યાં સુધી વિકલ્પથી પૂર્ણપણે છૂટી જાય ત્યાં સુધી અનુભવ કરવો. આવી વાત છે. આમાં શું સમજવું સાધારણ માણસને? આ વ્રત કરો ને અપવાસ કરો ને જાત્રા કરો ને.. એ તો બધા વિકલ્પ છે, રાગ છે.

અહીંયાં તો 'સંવર અધિકાર' ચાલે છે. કહે છે કે, **'तावत्'** ત્યાં સુધી **'यावत्'** જ્યાં સુધી પૂર્ણ વિકલ્પથી રહિત ન થાય ત્યાં સુધી અનુભવ કરવો. આહાહા..! પહેલા સમ્યગ્દર્શનમાં પણ શુભ-અશુભરાગ જે આસ્રવ છે તેનાથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કર્યો અને

આત્માના આનંદનો થોડો સ્વાદ પણ આવ્યો, પણ જ્યાં સુધી પૂર્ણ આનંદનો સ્વાદ ન આવે ત્યાં સુધી રાગથી ભિન્ન પડી અનુભવ કરવો. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું એટલે બધા આસ્રવ નથી એમ નથી. આત્માનું સમ્યક્ ભાન થયું, હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા આનંદકંદ છું, એવો સ્વાદ આવ્યો તો આસ્રવથી સર્વથા રહિત થઈ ગયો એમ નથી. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ બેય આસ્રવ છે, મેલ છે, વિકાર છે, દુઃખ છે. તો પરમાત્મા એમ કહે છે કે જ્યાં સુધી એ પૂર્ણ રાગથી ભિન્ન અનુભવ ન કરે ત્યાં સુધી અનુભવમાં રહેવું. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો પંથ-માર્ગ, અહીંયાં બે શબ્દ વાપરીને એમ કહ્યું કે, ત્યાં સુધી રાગથી ભિન્ન કરીને અનુભવ કરવો કે જ્યાં સુધી પૂર્ણ રાગથી રહિત ન થઈ જાય ત્યાં સુધી. સમજાય છે કાંઈ? છે ને અંદર? પહેલા ઈ આવ્યું ને? જ્યાં સુધી. બસ. સમ્યગ્દર્શન પહેલામાં પહેલા જે પુણ્ય અને પાપના વિકલ્પ વ્યવહાર છે, તેનાથી ભિન્ન પડી, એકત્વબુદ્ધિ તોડીને રાગ અને આત્માનો સ્વભાવ, અનાદિથી એકત્વબુદ્ધિ છે એ જ મિથ્યાત્વરૂપી આસ્રવ છે. આહાહા..! એ ત્રિકાળી ભગવાન સ્વભાવ અને રાગ, પહેલા એકતા તોડીને સ્વરૂપની દૃષ્ટિ અને સ્વરૂપનો અનુભવ કરવો. એકતા તોડી પણ પછી પણ રાગ હજી રહેશે. એકતા તોડી છે. અસ્થિરતા નથી તોડી. સમજાય છે કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, પ્રભુ! વીતરાગમાર્ગ.. અને એ માર્ગ બીજે ક્યાંય દિગંબર સિવાય એ રીત અને એ પંથ ક્યાંય નથી. સમજાય છે કાંઈ? દિગંબર જૈનધર્મ એ સનાતન જૈનધર્મ છે. આહાહા..! એમાં આ વાત છે. આવી વાત બીજે ક્યાંય નથી. આહાહા..! વૈષ્ણવમાં પણ નથી. એમાં અગ્રેસર હતા. વાત તો એવી છે. એ તો ભાગ્યશાળી છે. આવો માર્ગ. આહાહા..!

**'यावत् परात् च्युत्वा' 'यावत् परात् च्युत्वा'** જ્યાં સુધી પૂર્ણ રાગથી ચ્યુત થઈને સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી અનુભવ કરવો. 'બાલચંદજી'! સમ્યગ્દર્શન થયું ને જ્ઞાન થયું એટલે હવે આસ્રવ છે જ નહિ, (એમ નથી). અથવા આસ્રવ કહો કે દુઃખ કહો, દુઃખ છે જ નહિ, એમ નથી. રાગ દુઃખ છે અને તેનાથી આત્માના સ્વભાવની એકતા તે મિથ્યાત્વભાવ છે. કેમ? કે ભગવાનઆત્માનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે અને રાગ એ દુઃખ છે. તો આનંદની સાથે દુઃખની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? એ રાગ અને દુઃખ અને ભગવાન આનંદની એકતાબુદ્ધિ તોડીને એકલા આનંદનો સ્વાદ અંશે આવ્યો, પણ જ્યાં સુધી પૂર્ણ રાગથી ભિન્ન પડીને-પૂર્ણ દુઃખની દશાથી ભિન્ન પડીને, પૂર્ણ આનંદની પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી ભેદઅભ્યાસ કરવો. રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ અને સ્વભાવમાં સ્થિર થવાનો અભ્યાસ કરવો. આહાહા..! હવે આમાં નવરાશ ક્યાં હતી? બીડી, તમાકુ આડે નવરાશ ક્યાં હતી? શેઠિયાનો મોટાનો આપણે દાખલો આપીએ ને. બીજા બધાને સૌને (લાગુ પડે છે). આહાહા..!

અરે..! પ્રભુ! તારે તારી ચીજની પ્રાપ્તિ કરવી હોય તો એમાં પરચીજનો તો અભાવ છે. એ તો છે, પણ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવ છે તેનો પણ વસ્તુમાં તો અભાવ છે, પ્રભુ! એ તો આનંદકંદ પ્રભુ અખંડાનંદ સચ્ચિદાનંદ પ્રભુ (છે). અહીંયાં કહે છે કે એ પુણ્ય-પાપના

આસ્રવથી રહિત વસ્તુ છે પણ અત્યાર સુધી સહિત માની હતી. એ રાગ ને સ્વભાવ બેય એક છે એમ માન્યું હતું. એ જ મિથ્યાત્વ હતું, એ સંસાર હતો ને પરિભ્રમણનું મૂળિયું હતું.

મુમુક્ષુ :- માન્યતાની ..

ઉત્તર :- માન્યતા એ જ મોટો સંસાર છે. એ મિથ્યાત્વભાવ-માન્યતા-રાગ અને હું સ્વભાવ, બેય એક છીએ (એ જ સંસાર છે). કેમકે સ્વભાવ તો આનંદ ને જ્ઞાયક ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ છે અને રાગ તો ક્ષણિક એક સમયની વિકૃત અવસ્થા છે. એ બેય એક છે, એવી માન્યતા એ મિથ્યાદર્શન શલ્ય છે. 'શાંતિભાઈ'! આવો માર્ગ છે, પ્રભુ! આહાહા..! જગતથી તો જુદો છે. આવી વાત છે. જગત જે રીતે કહે છે, માને છે એ તો બધી ખબર છે ને.

પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, એમની દિવ્યધ્વનિમાં આવ્યું. 'મુખ ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે' 'મુખ ૐ કાર ધ્વનિ સુણી' ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, એમના 'મુખ ૐ કાર ધ્વનિ સુણી' એમનો ૐ અવાજ નીકળે છે. આવી ભાષા એને ન હોય. કેમકે એ વીતરાગ છે. એકાક્ષરી ભાષા હોય. રાગ છે ત્યાં સુધી ભેદવાળી ભાષા નીકળે છે. આહાહા..! 'મુખ ૐ કાર ધ્વનિ સુણી, અર્થ ગણધર સંત વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે'. છે. આહાહા..! આ સંશય-મિથ્યાત્વ. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે. તાસુ શારદા ભક્તિ ઉર આણ'. એની ભક્તિ કરીને એનું ભજન ગા, એમ કહે છે. 'બનારસીદાસ'ની બનાવેલી સ્તુતિ છે. 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધ પ્રબુધા નમો લોકમાતા.' આ વાણી. 'દુરાચાર ... હરે શંકરાની' શંકર એટલે સુખ. 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી'. 'નમો દેવી વાગેશ્વરી' એટલે વાઘેશ્વરી નહિ. પેલા વાઘ ઉપર બેસે એ નહિ. વાકેશ્વરી-વાણીમાં ઈશ્વર. સમજાય છે કાંઈ? આહાહા..! એમાંથી આચાર્યોએ શાસ્ત્ર રચ્યા એમાંનું આ શાસ્ત્ર છે.

એમાં અહીંયાં એમ કહે છે, પ્રભુ! ભગવાન તરીકે જ બોલાવે છે. આહાહા..! જેમ માતા બાળકને પારણામાં ઝુલાવે છે તો એના ગુણ ગાય છે. શું? કે મારો દીકરો ડાહ્યો ને સમજુ છે ને મામાના ઘરે જાય છે. એમ ગાય છે ને? ગાળ દેશે તો નહિ સૂવે. મારા રોયા, સૂઈ જા. (એમ કહેશે) તો નહિ સૂવે. ધ્યાન રાખો. કોઈ વખતે કરી જજો. એના ગાણા ગાય કે મારો દીકરો ડાહ્યો છે ને પાટલે બેસી નાહ્યો છે. એવું અમારે ગુજરાતીમાં આવે છે. તો સૂઈ જશે. એની માં એના વખાણ સૂવા માટે કરે છે. ત્રણલોકના નાથ વીતરાગ આત્માને જગાડવા માટે ગાણા ગાય છે. જાગ રે જાગ, નાથ! ચૈતન્યમૂર્તિ પ્રભુ, એ રાગની એકતામાં-નિદ્રામાં તું સૂતો છો, તને શોભતું નથી, નાથ! આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હો, પણ છે એ રાગ. રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિ છે એને પહેલા તોડી નાખ. આહાહા..! ભેદજ્ઞાનથી એને જુદી પાડ. આહા..! અથવા એ રાગનું લક્ષ છોડીને ચૈતન્ય પૂર્ણાનંદનું લક્ષ કરીને, ભેદજ્ઞાન કરીને મિથ્યાત્વનો ત્યાગ કરી નાખ. અને પછી પણ ચારિત્રનો જ્યાં સુધી દોષ-રાગ ને પુણ્ય-પાપ રહે છે, મુનિને પણ પંચમહાવ્રતનો રાગ રહે છે.. આહાહા..! એનાથી પણ ભિન્ન પડી, સ્વરૂપમાં '**तावत्**' જ્યાં સુધી રાગથી પૂર્ણપણે વિરક્ત ન થાય ત્યાં સુધી અનુભવ કરવો. આહાહા..! સમજાય છે કાંઈ? ભાવ તો ઝીણા છે.

ભાષા તો સાદી છે. અરે..! અનંતકાળમાં કદી કર્યું નથી. વ્રત ને નિયમ ને અપવાસ ને જાત્રા ને ભક્તિ, એ ધર્મ. એમ અજ્ઞાનમાં માની લીધું. એ આસ્રવ છે, રાગ છે. આહાહા..!

અહીંયાં કહે છે કે રાગથી **'यावत् परात् च्युत्वा'** **'જેટલા કાળમાં પરથી છૂટીને આત્મા શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.'** આહા..! બે રૂપ રાગની જે અસ્થિરતા હતી, મુનિને પણ છે, એને પણ છોડીને, હું એકરૂપ ચૈતન્ય છું, ત્યાં સુધી ભેદજ્ઞાન કરવું. આહાહા..! 'બાલચંદજી'! ભાષા તો સાદી છે. હવે આજે તો હિન્દી આવ્યું ને. માર્ગ પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવનો માર્ગ-ધર્મ કોઈ અલૌકિક છે. લૌકિક રીત સાથે મેળ ન થાય. આહાહા..! કહે છે, **'શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.'** જ્યાં સુધી ભગવાન પરમાત્મા શુદ્ધ સ્વરૂપ એકરૂપે (પરિણમે). વિકલ્પ બિલકુલ રહે નહિ, બીજો વિકલ્પ રહે નહિ. કેમકે એકડે એક ને બગડે બે. એકરૂપમાંથી વિકલ્પમાં જાય છે તો બગાડ થાય છે. આહાહા..! બગાડ કહે છે? હિન્દીમાં બગાડ કહે છે? બિગાડ થાય છે. આહાહા..! જ્યાં સુધી એકરૂપ ન થાય ત્યાં સુધી રાગથી ભિન્ન પાડવો. આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-નિરંતર શુદ્ધસ્વરૂપનો અનુભવ કર્તવ્ય છે.'** આહાહા..! પરમાત્મા આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાત્મસ્વરૂપ જિનસ્વરૂપ. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એ હી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' એ ભગવાનઆત્મા જિનસ્વરૂપી બિરાજે છે. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, મતમદિરા કે પાન સો મતવાલા સમજૈ ન.' મતના મદિરાના દારૂના પીવાથી એ મતવાળા ગાંડા પાગલ આત્માને સમજતા નથી. આહાહા..! પોતાના મતના આગ્રહથી (સમજતા નથી). 'ઘટ ઘટ અંદર જિન વસે' ઘટ ઘટ અંદર જિન પરમાત્મસ્વરૂપ બિરાજે છે. આહાહા..! 'ઘટ ઘટ અંતર જૈન'. જૈનનો અર્થ રાગથી ભિન્ન પડીને પોતાની દૃષ્ટિ અને અનુભવ કર્યો એ રાગને જીત્યો એ જૈન છે. સમજાય છે કાંઈ? પછી પણ જેટલો અસ્થિરતાનો રાગ રહે છે એ ચારિત્ર દોષ છે. તેને પણ ભિન્ન કરીને જ્યાં સુધી સ્થિરતા પૂર્ણ એકરૂપ ન થાય ત્યાં સુધી અનુભવ કરવો. આહાહા..! છે કે નહિ અંદર?

**'નિરંતર શુદ્ધસ્વરૂપનો અનુભવ કર્તવ્ય છે.'** આહાહા..! **'જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે..'** જે કાળે સકળકર્મક્ષયલક્ષણ-ચાર ઘાતિકર્મ છે ને? મોક્ષ થશે **'તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે.'** પછી રાગનો વિકલ્પ નહિ રહે. દયા, દાન, વ્રત કે કામ, ક્રોધ આદિ વિકલ્પ પછી રહેશે જ નહિ. કર્મનો નાશ થશે તો સકળ વિકલ્પનો નાશ થશે. હજી સમ્યગ્દર્શનમાં સકળ વિકલ્પનો નાશ નથી થયો. વિકલ્પથી એકતાબુદ્ધિનો નાશ થયો. સમજાય છે કાંઈ? પણ ચારિત્રદોષ હજી છે. પાંચમે, છઠ્ઠે, હજી ઠેઠ દસમા સુધી થોડો રાગ (છે). તો કહે છે કે, **'તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે.'** અંદરના આનંદમાં લીન થવાથી અને ચાર કર્મનો નાશ થવાથી સકળ વિકલ્પ છૂટી જશે. કોઈ વિકલ્પ રહેશે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પાંચમે અને સાતમે...

ઉત્તર :- પાંચ, છ અને સાત બધામાં હજી રાગ-વિકલ્પ છે. સાતમે પણ અબુદ્ધિપૂર્વકનો

રાગ છે. અહીં તો કહે છે કે એ રાગ, જ્યાં સુધી એક વિકલ્પ પણ ન રહે ત્યાં સુધી અનુભવ કરવો અને ચાર ઘાતિકર્મનો નાશ કરવો. આવી વાત છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું માટે પૂર્ણ થઈ ગયું અને અમારે આસ્રવ અને દુઃખ છે જ નહિ, એમ નથી. એને તો એકાંત મિથ્યાત્વ કહે છે. કાલે રાત્રે બતાવ્યું હતું. નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં બતાવ્યું હતું. છે અહીં 'મોક્ષમાર્ગ પ્રકાશક'? ગુજરાતી છે? આ લાગે છે. રાત્રે આ પુસ્તક નહોતું. સાતમા અધિકારમાં છે. જુઓ!

પ્રશ્નકાર કહે છે, **'શ્રદ્ધાન તો નિશ્ચયનું રાખીએ છીએ તથા પ્રવૃત્તિ વ્યવહારરૂપ રાખીએ છીએ, એ પ્રમાણે એ બંને નયોને અમે અંગીકાર કરીએ છીએ?'**

ઉત્તર :- **'એમ પણ બનતું નથી,** કારણ કે **નિશ્ચયનું નિશ્ચયરૂપ તથા વ્યવહારનું વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યોગ્ય છે.'** જ્યાં સુધી પાંચમે, છઠ્ઠે આસ્રવ છે તો વ્યવહાર છે એમ શ્રદ્ધાન કરવું. એ આસ્રવ છે એ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? **'એક જ નયનું શ્રદ્ધાન થતાં તો એકાંતમિથ્યાત્વ થાય છે;...'** ૨૫૫ પાને છે. આ વાંચેલું .. ૨૫૫ પાને. અહીંયાં હતા એને રાત્રે કહ્યું હતું.

**'એક જ નયનું શ્રદ્ધાન થતાં...'** એનો અર્થ શું? વ્યવહારથી નિશ્ચય થાય છે એમ નહિ, પણ વ્યવહારનય છે, જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી આસ્રવ-રાગ, વ્યવહાર છે એમ શ્રદ્ધા ન કરે તો એકાંત થઈ જાય છે. અને વ્યવહારથી નિશ્ચય થાય એમ માને તોપણ એકાંત થઈ જાય છે. વ્યવહાર તો આસ્રવ છે. આસ્રવથી નિશ્ચય સંવર થાય છે-ધર્મ થાય છે એમ તો નથી. અહીંયાં તો બે નયની શ્રદ્ધા બરાબર રાખવી. નિશ્ચયની નિશ્ચયરૂપ અને જ્યાં સુધી આસ્રવ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણ-ગુણીના ભેદનો શુભ વિકલ્પ, ત્યાં સુધી આસ્રવ છે એમ શ્રદ્ધા રાખવી. એક જ નયની શ્રદ્ધા કરવાથી, બીજી નયની શ્રદ્ધા નહિ કરવાથી એકાંત મિથ્યાત્વ થાય છે. ગુજરાતીમાં ૨૫૫ પાનું છે. હિન્દીમાં કેટલામું પાનું હતું? ૨૫૦. હિન્દી છે અહીં? હિન્દી નથી, નહિ? નથી.

અહીં શું કહ્યું? કે **'નિરંતર શુદ્ધસ્વરૂપનો અનુભવ કર્તવ્ય છે. જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે.'** વિકલ્પ. હવે પછી ભેદજ્ઞાનનો વિકલ્પ પણ ત્યાં નહિ રહે. એ બીજો બોલ. બે બોલ કહ્યા. બે કેમ કહ્યા? કે **'જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે.'** અંતર આનંદમાં જ્યાં આવ્યો તો વિકલ્પની ઉત્પત્તિ થશે જ નહિ. એ છૂટી જશે, એમ કહ્યું. આહાહા..! એક વાત. **'ત્યાં ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે.'** આસ્રવ તો બધા છૂટ્યા પણ ભેદજ્ઞાન 'આ કરવું છે, આ કરવું છે' એ પણ હજી વિકલ્પ ભેદ છે. બે વાત કરી.

આત્મા સમ્યગ્દર્શન પામ્યો પછી પણ સ્વરૂપમાં અનુભવ કરતાં કરતાં કરતાં આનંદની જ્યારે પૂર્ણ પ્રાપ્તિ થાય ત્યાં સુધી અનુભવ કરવો. પછી કોઈ વિકલ્પ રહેશે નહિ. અસ્થિરતાનો પણ વિકલ્પ રહેશે નહિ. એક વાત. તો ભેદજ્ઞાનનો વિકલ્પ તો ક્યાંથી રહેશે? એમ કહે છે. બે વાત છે, જુઓ એમાં! **'તે કાળે સમસ્ત વિકલ્પો સહજ જ છૂટી જશે. ત્યાં ભેદવિજ્ઞાન પણ...'** એમ એક અને બે. બીજા આસ્રવના વિકલ્પ તો છૂટી જશે. અંદર જ્યાં ધ્યાનમાં

આવી ગયો.. આહાહા..! તદ્દન આનંદમાં લીન થઈ ગયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા પ્રાપ્ત થઈ ત્યારે તો સમસ્ત વિકલ્પો સહજ જ ઉત્પન્ન નહિ થાય તો છૂટી જશે એમ કહેવામાં આવ્યું. અને '**ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે.**' પણ શબ્દ છે. બે વાત લેવી છે ને? આસ્રવનો વિકલ્પ તો નહિ રહે, પણ ભેદજ્ઞાનનો વિકલ્પ પણ નહિ રહે. આહાહા..!

'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત છે. એની આ ટીકા છે. 'અમૃતચંદ્રાચાર્ય'. વચ્ચે 'કુંદકુંદાચાર્ય' છે, પેલા 'અમૃતચંદ્રાચાર્ય' છે. આ 'પદ્મપ્રભમલધારીદેવ' દિગંબર સંત વનમાં વસતા હતા. આહા..! એમની આ વાણી છે. કહે છે કે જે કાળે સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ થશે તે કાળે સમસ્ત વિકલ્પો સહજ, સહજ જ છૂટી જશે. છોડવા નહિ પડે, એમ કહે છે. આહાહા..!

'**ત્યાં ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે.**' હવે ત્યાં જુદું પાડવું એવો વિકલ્પ પણ રહ્યો નહિ. '**કેવળજ્ઞાનની માફક જીવનું શુદ્ધસ્વરૂપ નથી.**' ભેદવિજ્ઞાન એક વિકલ્પ છે. કેવળજ્ઞાન જેવું એનું સ્વરૂપ નથી. આહાહા..! રાગથી ભિન્ન પાડવું એમ.. છે ને? આહાહા..! જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી એવો રાગથી ભિન્ન કરતાં કરતાં... કેવળજ્ઞાનની જેમ એ નિર્મળ નથી, એમાં થોડો વિકલ્પ છે. ઝીણી વાત છે, બાપુ! અનંતકાળના ભવના અંત લાવવાનો છે અને અનંતકાળમાં અનંત આનંદ પ્રગટ નથી થયો એ પ્રગટ કરવાનો છે અને એ આનંદ સાદિઅનંત રહેવાનો છે, આહા..! એનો ઉપાય તો કોઈ અલૌકિક હોય ને! સમજાય છે કાંઈ?

'**કેવળજ્ઞાનની માફક જીવનું શુદ્ધસ્વરૂપ નથી.**' કોણ? ભેદવિજ્ઞાન. ભેદ પાડવો છે ને? જેવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે એવું (નથી). ભેદજ્ઞાનમાં થોડો વિકલ્પ છે. '**તેથી સહજ જ વિનાશિક છે.**' પછી ભેદજ્ઞાનનો પણ નાશ થશે. પૂર્ણાનંદનો નાથ જ્યાં કેવળજ્ઞાન પામે છે.. ખલાસ થઈ ગયું! સમ્યગ્દર્શનથી માંડી વિકલ્પને તોડતા તોડતા જ્યારે કેવળજ્ઞાન થઈ ગયું, ત્યારે બીજા વિકલ્પ તો નહિ રહે, પણ ભેદજ્ઞાન પણ નહિ રહે. સમજાય છે કાંઈ? જે પરમાત્મા હતો એ પરમાત્મા થઈ ગયો. આહાહા..!

(અનુષ્ટુપ)
भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।૭-१३१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ये किल केचन सिद्धाः ते भेदविज्ञानतः सिद्धाः' ( ये ) **આસન્નભવ્ય જીવ છે જે કોઈ** ( किल ) **નિશ્ચયથી,** ( केचन ) **સંસારી જીવરાશિમાંથી જે કોઈ ગણતરીના,** ( सिद्धाः ) **સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદને પ્રાપ્ત થયા,** ( ते ) **તે સમસ્ત જીવ** ( भेदविज्ञानतः ) **સકળ પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધસ્વરૂપના અનુભવથી** ( सिद्धाः ) **મોક્ષપદને પ્રાપ્ત થયા.** ભાવાર્થ આમ છે કે-**મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપનો અનુભવ; અનાદિસંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે.** 'ये केचन बद्धाः ते किल अस्य एव अभावतः

**बद्धाः' ( ये केचन ) જે કોઈ ( बद्धाः) જ્ઞાનાવરણાદિ કર્મોથી બંધાયા છે ( ते ) તે સમસ્ત જીવ ( किल ) નિશ્ચયથી ( अस्य एव ) આવું જે ભેદવિજ્ઞાન, તેના ( अभावतः ) નહિ હોવાથી ( बद्धाः ) બદ્ધ થઈને સંસારમાં ભટકી રહ્યા છે. ભાવાર્થ આમ છે કે ભેદજ્ઞાન સર્વથા ઉપાદેય છે. ૭-૧૩૧.**

## કળશ-૧૩૧ ઉપર પ્રવચન

૧૩૧. આ તો અલૌકિક ગાથાઓ છે, બાપુ! આહાહા..! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમાત્મા 'સીમંધર' ભગવાનનો આ સંદેશ છે. પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં અત્યારે બિરાજે છે. આહાહા..! એની આ વાણી છે, એમનો આ સંદેશ છે. સંતો અનુભવની એની વાણી કહે છે. આહાહા..!

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।७-१३१।।**

**ખંડાન્વય સહિત અર્થ :- 'ये किल केचन सिद्धाः ते भेदविज्ञानतः सिद्धाः'** શું કહે છે? આહાહા..! અત્યાર સુધી જેટલા પરમાત્મા સિદ્ધ થયા, સિદ્ધ.. સિદ્ધ-મોક્ષ, અનંત અનંત સિદ્ધ થયા. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવો સિદ્ધપદ પામે છે. મનુષ્યક્ષેત્રમાં મનુષ્યની જે સંખ્યા છે એમાંથી છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ તો સિદ્ધપદ પામે, પામે ને પામે જ છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો કહે છે, અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, **'આસન્નભવ્યજીવ છે જે...'** જેનો મોક્ષ નજીક છે **'જે કોઈ નિશ્ચયથી...' 'केचन' 'સંસારી જીવરાશિથી જે કોઈ ગણતરીના...'** શું કહે છે? સંસારી જીવરાશિ છે એ બધા મુક્તિ પામતા નથી. સંસારી જીવની એટલી સંખ્યા છે, એમાં ગણતરીમાં થોડા જીવો સિદ્ધ થાય છે. ભલે અનંત હો, પણ એ અનંત ગણતરીવાળા અને સંસારીજીવ તો એનાથી અનંતગુણા પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :-... એ થોડા?

ઉત્તર :- બહુ થોડા. એક ડુંગળી છે અને લસણ છે, લસણ. એ લસણની એક રાય જેટલી કટકી-ટુકડો લ્યો તો એ ટુકડામાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. આ શરીર સ્થૂળ છે, એ સૂક્ષ્મ છે. તો એ રાય જેટલો કટકો ડુંગળીનો અને લસણનો લ્યો. એ એક ટુકડામાં અસંખ્ય ઔદારિક શરીર છે. અંગુલના અસંખ્ય ભાગમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા, છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ જીવ સિદ્ધ થાય છે, એ સંખ્યા જે અનંત થઈ તેનાથી અનંતગુણા એક શરીરમાં જીવ છે.

મુમુક્ષુ :- પાર ન પમાય.

ઉત્તર :- અનંત જીવ છે, અનંત. આહાહા..! એ સંખ્યા.. અલૌકિક વાતું છે. આ તો પરમાત્મા સર્વજ્ઞદેવ જિનવર વીતરાગ પરમાત્માના મુખે નીકળેલી વાતો છે. એ ત્રણકાળમાં

ફરે નહિ.

એ કહે છે કે, ગણતરીમાં મોક્ષ જાય છે. ભલે અનંત ગયા, પણ ગણતરીમાં. એથી અનંતગુણા જીવ તો એક શરીરમાં નિગોદમાં રહે છે. એક રાય જેટલા ટુકડામાં અસંખ્ય ઔદારિક શરીર (છે). એક શરીરમાં સિદ્ધ કરતાં અનંતગુણા જીવ. એવા એવા અસંખ્ય શરીર આખા લોકમાં ભર્યા છે. ગણતરીમાં સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેમ જુવારની ધાણી હોય છે ને? ધાણી કહે છે? જુવારની. શેકે છે ને? શેકે છે. તો કોઈક ધાણી બહાર નીકળી જાય છે. બાકી અંદર ને અંદર (રહે). કોઈક દાણા. જુવારના શેકે ને? કોઈ દાણા બહાર નીકળી જાય. એમ અનંત જીવમાં કોઈ જીવ સિદ્ધ થઈ જાય છે. તેથી ગણતરીમાં કહ્યું છે. આહાહા..!

ભગવાન તો કહે છે, કેટલાક જીવ તો એવા છે કે મનુષ્યપણું અનંતકાળથી પામ્યા નથી. એ ઈયળ નથી થયા, કીડા નથી થયા, બે ઈન્દ્રિય નથી થયા. એવા અનંત જીવ પડ્યા છે, બાપુ! હજી તેં સાંભળ્યું નથી. આહા..! અનંત.. અનંત.. અનંત.. જીવની રાશિ એટલી છે કે અનંતકાળ ગયો તોપણ એમાંથી કોઈ હજી કીડી, કાગડા, બે ઈન્દ્રિય થયા નથી. એવી અનંત રાશિ પડી છે. અરે..! તું નીકળીને આવ્યો, મનુષ્ય થયો. આહા..! હવે તો તારું કર્તવ્ય તો ભવના અભાવનું કર્તવ્ય કરવાનું છે. આહાહા..! આ ભવ તો ભવના અભાવને માટે છે. સમજાય છે કાંઈ? બાપુ! આકરી વાત બહુ, ભાઈ! વીતરાગ પરમેશ્વર.. આહા..! એના.. જીવ આહા..! એને જીવ માનવા મુશ્કેલ પડે. ડુંગળી અને લસણની કટકીમાં અસંખ્ય શરીર. એક શરીરમાં સિદ્ધની સંખ્યા કરતાં અનંતગુણા જીવ. માનવું મુશ્કેલ પડે.

અમે તો સંપ્રદાયમાં કહેતા હતા. સંપ્રદાયમાં. પ્રભુ! કેટલાક જીવ અહીંયાં બહાર નીકળ્યા છે એ પોતાના જીવના સ્વરૂપને આળ દીધું. આળ સમજો છો? આળને શું કહે છે? કલંક-આળ. અભ્યાખ્યાન. અનાદર કર્યો. હું રાગ છું, હું પુણ્ય છું, હું પરનો કર્તા છું. એમ જ્ઞાતા-દૃષ્ટાને આળ-કલંક લગાવ્યું. કલંક લગાવીને એવા નિગોદમાં ગયો કે બીજા જીવ એને જીવ માની શકે એવી દશા રહી નહિ. તેં તને માન્યો નહિ અને અનાદર કર્યો તો અનાદર કરતાં કરતાં જ્યારે નિગોદમાં જઈશ ત્યારે તને બીજા જીવ નહિ માને. તેં તારી જીવ શક્તિને માની નથી. ભાઈ! આહાહા..! અને મેં પુણ્ય કર્યા ને મેં પાપ કર્યા ને હું એ આત્મા. આહાહા..! તો એ આળ દે છે. એને અભ્યાખ્યાન કહે છે. એવી રીતે જન્મશે કે બીજા જીવ આ આત્મા છે એમ નહિ માને.

મુમુક્ષુ :- પોતાને ખોઈ નાખ્યો.

ઉત્તર :- ખોઈ નાખ્યો. આહાહા..! આવી વાતું છે. અમે તો સંપ્રદાયમાં કહેતા હતા. લોકો સાંભળતા હતા. એ વખતે પણ હજારો માણસો સાંભળતા હતા. સંપ્રદાયમાં 'બોટાદ'માં તો ઘણું માણસ. આહાહા..! પચાસ-સાંઈઠ વર્ષ પહેલાંની વાત છે. આહાહા..! પ્રભુ! તું જેટલા સામર્થ્યવાળો ને સ્વભાવવાળો જેવડો મોટો છો, એટલા મોટામાં, હું અલ્પજ્ઞ છું, રાગી છું, આ છું, એમ તારી ચીજનો તેં અનાદર કર્યો, આળ દીધું તો એવી ચીજમાં તું જઈશ કે બીજા જીવ તને જીવ નહિ માને. આહાહા..! આહાહા..!

અહીંયાં કહે છે, પ્રભુ! તને વખત મળ્યો છે ને. અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા.. શું કહે છે? જુઓ! (આસન ભવ્યજીવ) **'સંસારી જીવરાશિમાંથી જે કોઈ ગણતરીના...'** ગણતરીના એટલે થોડા. ભલે અનંત હો પણ અનંતમા ભાગે. સંસારમાં અનંતગુણા પડ્યા છે. આહાહા..! **'સકળ કર્મોનો ક્ષય કરી નિર્વાણપદને પ્રાપ્ત થયા, તે સમસ્ત જીવ...'** **'भेदविज्ञानतः'** **'સકળ પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધસ્વરૂપના અનુભવથી મોક્ષપદને પ્રાપ્ત થયા.'** આહા..! શું કહે છે? અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એ બધા રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પથી ભિન્ન કરીને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. સમજાય છે કાંઈ? અનાદિકાળમાં જે રાગની અને સ્વભાવની એકતાબુદ્ધિ હતી તો એ મિથ્યાત્વથી અનંતકાળ નિગોદમાં પણ રહ્યો. અને જ્યારે રાગની એકતા તોડીને ભેદજ્ઞાન કર્યું અને પછી પણ રાગ રહ્યો એનું પણ ભેદજ્ઞાન કર્યું તો જેટલા સિદ્ધ થયા એ બધા ભેદજ્ઞાનથી થયા છે. કોઈ રાગની ક્રિયા કરવાથી અને રાગની એકતાબુદ્ધિથી સિદ્ધ થયા છે એમ ત્રણકાળમાં કોઈ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'भेदविज्ञानतः सिद्धाः' પહેલો શબ્દ છે. અત્યાર સુધી જેટલા મોક્ષ પામ્યા, પરમાત્મપદ પામ્યા એ બધા ભેદવિજ્ઞાનથી પરમાત્મા થયા છે. આહાહા..! આ વાણી વીતરાગની. જ્ઞાન ચિદાનંદ પ્રભુ, એ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી ભેદજ્ઞાન કરીને મુક્તિ પામ્યા છે. એને જુદા કરીને મુક્તિ પામ્યા છે. પોતાની સાથે રાખીને મુક્તિ પામ્યા છે એમ નથી. આ તો બહુ સાદી ભાષા છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ગાથા બહુ અલૌકિક છે. આહાહા..! **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** **'किल'** જેટલા અનંતા જીવો **'केचन'** ગણતરીવાળા. બધા ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. પ્રથમ રાગથી ભિન્ન પડી સમ્યગ્દર્શન પ્રગટ કર્યું પછી રાગથી ભિન્ન પડી ચારિત્ર પ્રાપ્ત કર્યું, પછી રાગથી ભિન્ન પડી શુક્લધ્યાન પ્રગટ કર્યું, પછી અસ્થિરતાનો ત્યાગ કરીને કેવળજ્ઞાન પામ્યા. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ અલૌકિક છે. આહાહા..!

આ તો મંત્ર છે, પ્રભુ! સર્પના ઝેરના મંત્ર હોય છે ને? મંત્ર ઉતારે છે. મંત્રથી ઝેર ઉતારે છે. કહે છે કે, અત્યાર સુધી જેટલા પરમાત્મા થયા-ણમો સિદ્ધાણં-એ બધા સિદ્ધ કઈ રીતે થયા? નિજ સ્વભાવમાં રાગથી ભિન્ન પડી, વિકલ્પ ચાહે તો શુભરાગ દયા, દાન, વ્રત હો એનાથી ભિન્ન પડી નિજ સ્વભાવમાં અભિન્ન થઈ મુક્તિને પામ્યા છે. કહો, આ તો સમજાય છે? આહા..! સમજાય છે કાંઈ? એ ટૂંકા શબ્દ છે. **'भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन'** જે કોઈ અત્યાર સુધી સિદ્ધ પરમાત્મા થયા-મોક્ષ પામ્યા, એ બધા જીવો રાગથી પોતાનું ભિન્ન ભેદજ્ઞાન કરીને પામ્યા છે. કોઈ રાગની ક્રિયાથી મોક્ષ પામ્યા એવો કોઈ જીવ નથી. આહાહા..! અહીંયા કહે છે ને કે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા કરો, તમારો મોક્ષ થઈ જશે. એ ના પાડે છે. એ તો રાગ છે. રાગની ક્રિયાથી મુક્તિ નથી થતી, એનાથી તો બંધ થાય છે. આહા..! તને ખબર નથી, ભાઈ! અત્યાર સુધી જેટલા સિદ્ધ થયા એ બધા વિકલ્પ નામ શુભરાગ હો કે અશુભ હો, તેનાથી ભિન્ન પડીને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. બહુ અલૌકિક મંત્ર છે. આહાહા..!

**'સકળ પરદ્રવ્યોથી ભિન્ન શુદ્ધસ્વરૂપના અનુભવથી મોક્ષપદને પ્રાપ્ત થયા. ભાવાર્થ આમ છે કે-મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપનો અનુભવ; અનાદિસંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે.'** આહાહા..! શું કહે છે? મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપનો અનુભવ. ભગવાન પવિત્ર પિંડ આત્મા, એનું રાગરહિત શુદ્ધઉપયોગમાં રમણતા, શુદ્ધઉપયોગ મોક્ષમાર્ગથી મુક્તિ થઈ છે. શુદ્ધઉપયોગથી મુક્તિ થઈ છે. પુણ્ય-પાપ અશુદ્ધઉપયોગ બંધનું કારણ થયું છે. સમજાય છે કાંઈ? ભાવાર્થ કહ્યો ને?

**'ભાવાર્થ આમ છે કે-મોક્ષનો માર્ગ શુદ્ધસ્વરૂપ...'** શુદ્ધ સ્વરૂપ, હોં! પુણ્ય-પાપ તો અશુદ્ધ છે. આહાહા..! **'શુદ્ધસ્વરૂપનો અનુભવ; અનાદિસંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે.'** અનાદિ સંસિદ્ધ એ એક જ મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ બે નથી. કોઈ નિશ્ચય મોક્ષમાર્ગ અને કોઈ વ્યવહાર મોક્ષમાર્ગ, એમ બે (માર્ગ) નથી. આહાહા..! **'શુદ્ધસ્વરૂપના અનુભવથી મોક્ષપદને પ્રાપ્ત થયા.'** એ મોક્ષનો માર્ગ-સિદ્ધ થવાનો ઉપાય શુદ્ધ સ્વરૂપનો અનુભવ (છે). 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આહાહા..! સમજાય છે કાંઈ? એ અનાદિસંસિદ્ધ-અનાદિથી આ માર્ગ સમ્યક્ સિદ્ધ થયો છે. અનાદિઅનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતોએ આ માર્ગ લીધો છે. આહાહા..! અનાદિસંસિદ્ધ છે, એ કંઈ નવી ચીજ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'અનાદિસંસિદ્ધ...'** અનાદિ સં-સમ્યક્ પ્રકારે સિદ્ધ-ચોક્કસ **'એ જ એક મોક્ષમાર્ગ છે.'** આહાહા..! ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનથી છલોછલ ભરેલો છે. પહેલા શું કહ્યું? લબાલબ ભર્યો છે. એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં લીન થઈ અને રાગથી ભિન્ન થઈ અનંતા જીવો મોક્ષ પામ્યા. આહાહા..! હવે આમાં વાદ ને વિવાદ ને ચર્ચા.. પેલા કહે, નહિ, વ્યવહારથી પણ મોક્ષમાર્ગ પમાય છે. અહીં ના પાડે છે. વ્યવહાર આવે છે, જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર આસ્રવ છે, પણ એ બંધમાર્ગ છે. સમજાય છે કાંઈ? આહાહા..! **'અનાદિ સંસિદ્ધ એ જ એક મોક્ષમાર્ગ છે.'** આ જ એક મોક્ષમાર્ગ છે. આહાહા..! કોઈ બીજો વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ નથી. પરમાત્માના માર્ગમાં તો આમ છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વરના પંથમાં આ એક જ મોક્ષમાર્ગ છે. આહાહા..! બીજો છે નહિ.

હવે વિશેષ કહે છે. અત્યાર સુધી આ સંસારમાં રખડ્યો કેમ? **'ये केचन बद्धाः ते किल अस्य एव अभावतः बद्धाः'** અત્યાર સુધી આઠ કર્મથી જીવ બંધાયા **'તે સમસ્ત જીવ નિશ્ચયથી આવું જે ભેદવિજ્ઞાન, તેના નહિ હોવાથી...'** રાગથી ભિન્ન નહિ પડવાથી બંધાયો છે. સમજાય છે કાંઈ? અત્યાર સુધી જે અનંત સંસારી રહ્યા છે એ ભેદવિજ્ઞાનના અભાવથી રહ્યા છે. સીધી વાત છે, ભગવાન! ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા, ભેદવિજ્ઞાનના અભાવથી કર્મ બંધાયા. આહાહા..! એમ નથી કહ્યું કે એના કર્મના જોરથી બંધાયો છે. કર્મનું બહુ જોર હતું તેથી બંધાયો, એમ નથી કહ્યું. ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયો છે. આહાહા..! એ પુણ્ય ને પાપના ને મિથ્યાત્વના ભાવ, એનાથી ભિન્નતા ન કરી, એ બંધનમાં પડ્યા છે. આહાહા..! બહુ સરસ બોલ છે. આખો સંસાર અને મોક્ષ-બેની વાત કરી. કહો, શેઠ! ગાથા આવી સહેલી આવી છે. આ તમારા બે-પાંચ-દસ લાખ ખર્ચે ને દસ લાખ ખર્ચે ને દાનથી મુક્તિ થાય,

એની ના પાડે છે. દાનવીર ઉપમા આપી છે. પૈસા ખર્ચે. ત્રણ ત્રણ લાખની ધર્મશાળા બનાવી છે. એ કોઈ મોક્ષમાર્ગ નથી. એ રાગ છે એ બંધમાર્ગ છે. આહાહા..!

ભેદવિજ્ઞાનથી-રાગથી અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડવાથી મોક્ષ થયો અને ભેદજ્ઞાનના અભાવથી બંધમાં પડ્યો છે. એક આ સિદ્ધાંત. આહાહા..! ભેદવિજ્ઞાન નહિ થવાથી એ સંસારમાં રખડી રહ્યો છે. આહાહા..! છે? વિકારથી ભેદ નથી કરતો તેથી રખડી રહ્યો છે. ચાહે તો પુણ્યપરિણામ હો અને ચાહે તો પાપ હો, પણ એનાથી ભેદ કરતો નથી માટે રખડે છે. આહાહા..! બહુ સાદી ભાષા.

**'ભેદજ્ઞાન સર્વથા ઉપાદેય છે.'** સરવાળો આ કર્યો. માટે રાગથી ભિન્ન કરવો અને ભેદજ્ઞાન અનુભવ કરવો એ જ ઉપાદેય છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(મંદાક્રાંતા)

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।
बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।८-१३२।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'एतत् ज्ञानं उदितं' ( एतत् ) પ્રત્યક્ષ વિદ્યમાન ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યપ્રકાશ ( उदितं ) આસ્રવનો નિરોધ કરીને પ્રગટ થયો. કેવું છે જ્ઞાન? 'ज्ञाने नियतम्' અનંતકાળથી પરિણમતું હતું અશુદ્ધ રાગાદિ વિભાવરૂપ, તે કાળલબ્ધિ પામીને પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે. વળી કેવું છે? 'शाश्वतोद्योतम्' અવિનશ્વર પ્રકાશ છે જેનો, એવું છે. વળી કેવું છે? 'तोषं बिभ्रत्' અતીન્દ્રિય સુખરૂપ પરિણમ્યું છે. વળી કેવું છે? 'परमम्' ઉત્કૃષ્ટ છે. વળી કેવું છે? 'अमलालोकम्' સર્વથા પ્રકારે, સર્વ કાળે, સર્વ ત્રૈલોક્યમાં નિર્મળ છે-સાક્ષાત્ શુદ્ધ છે. વળી કેવું છે? 'अम्लानम्' સદા પ્રકાશરૂપ છે. વળી કેવું છે? 'एकं' નિર્વિકલ્પ છે. શુદ્ધ જ્ઞાન આવું જે રીતે થયું છે તે કહે છે-'कर्मणा संवरेण' જ્ઞાનાવરણાદિરૂપ આસ્રવતાં હતાં જે કર્મ પુદ્ગલ તેના નિરોધથી. કર્મનો નિરોધ જે રીતે થયો છે તે કહે છે- 'रागग्रामप्रलयकरणात्' ( राग ) રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ વિભાવપરિણામોનો ( ग्राम ) સમૂહ-અસંખ્યાત લોકમાત્ર ભેદ,તેમનો ( प्रलय ) મૂળથી સત્તાનાશ ( करणात् ) કરવાથી. આવું પણ શા કારણથી? 'शुद्धतत्त्वोपलम्भात्' ( शुद्धतत्त्व ) શુદ્ધ ચૈતન્યવસ્તુની ( उपलम्भात् ) સાક્ષાત્ પ્રાપ્તિથી. આવું પણ શા કારણથી? 'भेदज्ञानोच्छलनकलनात्' ( भेदज्ञान ) શુદ્ધસ્વરૂપજ્ઞાનનું ( उच्छलन ) પ્રગટપણું, તેના ( कलनात् ) નિરંતર અભ્યાસથી. ભાવાર્થ આમ છે કે-શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે. ૮-૧૩૨.**

## આસો સુદ ૧૪, મંગળવાર, તા.૨૫-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૨, પ્રવચન - ૧૩૧

'સંવર અધિકાર' છે. સંવરની છેલ્લી ગાથા છે.

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-**
**द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।**
**बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।८-१३२।।**

સંવરની છેલ્લી ગાથા છે. સંવર કોને કહે છે? કે પ્રથમ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ પુણ્ય અને પાપના શુભાશુભભાવ આસ્રવ છે, એનાથી ભિન્ન થઈને પોતાના આત્માના આનંદનું વેદન, આનંદનો સ્વાદ આવવો અને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો નિરોધ થવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન-સંવર છે. સમજાણું કાંઈ? આહાહા..! પહેલેથી શરૂઆત કરીને છેલ્લે સુધી લઈ લીધું છે.

પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન એ સંવર છે. તો એ સમ્યગ્દર્શન કેમ થાય? જે ત્રિકાળ ચૈતન્યસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ ભૂતાર્થ વસ્તુ, સત્ય પૂર્ણ ધ્રુવ, એના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. ત્યારે એને પુણ્ય અને પાપના શુભાશુભભાવ, મિથ્યાત્વ અને અનંતાનુબંધી પૂરતા આસ્રવનો નિરોધ થાય છે. સમજાણું કાંઈ? ત્યારબાદ ચારિત્રનું સ્વરૂપ, આનંદસ્વરૂપની પ્રતીતિ અને ભાન થયું એમાં આનંદ, અતીન્દ્રિય આનંદમાં લીન થવું, અતીન્દ્રિય આનંદનું પ્રચુર-પ્રચુર સ્વસંવેદન થવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! એનું નામ ચારિત્રરૂપ સંવર છે. આહાહા..! ઝીણી વાત.

અનંતકાળમાં અપૂર્વ પુરુષાર્થ કદી કર્યો નથી તેથી એ ચીજ ઘણી દુર્લભ થઈ ગઈ. છે તો પોતાની. પોતાની ચીજ છે. પણ અનાદિથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્ય, શુભભાવ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપભાવ છે, એ બે આસ્રવભાવની શ્રદ્ધા અને આસ્રવભાવનું વેદન અનંતકાળથી કર્યું છે. સમજાણું કાંઈ? તો કહે છે કે પહેલા એનાથી ભિન્ન થઈને. શુભ-અશુભભાવ ચાહે તો વ્રત, તપ, દયા, દાન, ભક્તિ હો એ બધો પુણ્યઆસ્રવ છે. એ સંવર નહિ, એ ધર્મ નહિ. એનાથી ભિન્ન પોતાના સ્વરૂપમાં સ્વભાવ, ચૈતન્યનો સ્વભાવ શુદ્ધ જ્ઞાન આનંદ, એમાં એકાગ્ર થઈને આનંદનું વેદન થાય ત્યારે મિથ્યાત્વાદિ દુઃખનો આસ્રવ રોકાય જાય છે. 'સુમેરુમલજી'! આવી વાત છે. એ કહે છે, જુઓ!

**ખંડાન્વય સહિત અર્થ :-** 'एतत् ज्ञानं उदितं' છે? હિન્દી લોકો આવ્યા છે ને એટલે હિન્દી ચાલે છે. ૧૩૨ શ્લોક છે એની પહેલી લાઈન. 'एतत् ज्ञानं उदितं' **'પ્રત્યક્ષ વિદ્યમાન**

**જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યપ્રકાશ આસ્રવનો નિરોધ કરીને પ્રગટ થયો.**' આહાહા..! શું કહે છે? કે જ્ઞાનસ્વરૂપ ભગવાન, એ પુણ્ય અને પાપની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ હતો, એ આસ્રવને રોકીને પોતાના જ્ઞાનસ્વરૂપમાં પ્રત્યક્ષ વિદ્યમાન... આહાહા..! ચૈતન્ય સત્તા ભગવાનઆત્માની એ પ્રત્યક્ષ સમ્યગ્જ્ઞાન અને પ્રત્યક્ષ વિદ્યમાન છે એને પ્રત્યક્ષ થાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! અનંતકાળથી કર્યું નથી. બહારની ક્રિયાકાંડમાં ધર્મ માની લીધો. એને અનંત સંસારનું ભ્રમણ રહ્યું.

અહીં કહે છે કે '**પ્રત્યક્ષ વિદ્યમાન જ્ઞાન અર્થાત્ શુદ્ધ ચૈતન્યપ્રકાશ...**' આહાહા..! જે શુભ-અશુભભાવની પ્રસિદ્ધિ હતી એ તો મલિન આસ્રવની પ્રસિદ્ધિ હતી. એનાથી હટીને પોતાના શુદ્ધ ચૈતન્યપ્રકાશમાં પ્રત્યક્ષ થયો તો એ જ્ઞાન પ્રત્યક્ષ પ્રકાશ થયો. ચૈતન્યનો પ્રકાશ, ચૈતન્યના નૂરનું તેજ, આસ્રવને રોકીને એ ચૈતન્યના પ્રકાશનું નૂર પ્રત્યક્ષ વેદનમાં આવ્યું. આહાહા..! આટલી બધી શરતું. ત્યારે તો એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. ધર્મની પહેલી સીડી. સમજાણું કાંઈ? આહા..! પ્રત્યક્ષ શુદ્ધ ચૈતન્યપ્રકાશ '**આસ્રવનો નિરોધ કરીને પ્રગટ થયો.**' પહેલા મિથ્યાત્વનો નિરોધ કર્યો, પછી અચારિત્રના રાગ-દ્વેષનો નિરોધ કરીને સ્વરૂપમાં, અનુભવમાં લીન થઈને જ્ઞાનનો પ્રકાશ પ્રગટ પર્યાયમાં પ્રગટ પરમાત્મપદ પ્રાપ્ત થયું. સમજાણું કાંઈ?

'**આસ્રવનો નિરોધ કરીને પ્રગટ થયો.**' શુભ-અશુભભાવ, એને રોકીને, નિરોધ કરીને પોતાના ચૈતન્યસ્વભાવ સન્મુખ થવાથી ચૈતન્યપ્રકાશ પ્રગટ થયો. આહાહા..! '**કેવું છે જ્ઞાન?**' '**ज्ञाने नियतम्**' '**અનંતકાળથી પરિણમતું હતું અશુદ્ધ રાગાદિ વિભાવરૂપ,...**' અનાદિ કાળથી તે પુણ્ય અને પાપ (પરિણમનમાં હતા). 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો,...' એ મુનિવ્રત પંચમહાવ્રત ધારણ કર્યા, પણ એ આસ્રવ છે. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ એ મુનિવ્રતના પરિણામ જે મહાવ્રતાદિ છે એ આસ્રવ છે. એનાથી રહિત આત્મજ્ઞાન પામ્યો નહિ. તો આત્મજ્ઞાન વિના લેશ સુખ મળ્યું નહિ. એ પંચમહાવ્રતના પરિણામમાં પણ દુઃખ છે. અરેરે..! આવી વાત છે, ભાઈ!

ભગવાન જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માની દિવ્યધ્વનિમાં સંવરનો માર્ગ આવો આવ્યો છે. આહા..! કહે છે કે '**અનંતકાળથી પરિણમતું હતું...**' અનંતકાળથી પર્યાય-અવસ્થામાં '**અશુદ્ધ રાગાદિ વિભાવરૂપ,...**' એ શુભ રાગ હો દયા, દાન, વ્રતનો કે પાપનો હોય, બેય અશુદ્ધ છે. '**અશુદ્ધ રાગાદિ વિભાવરૂપ,...**' તે પરિણમતો હતો. અનાદિકાળથી પર્યાય અવસ્થામાં મલિન પર્યાયરૂપે એ પરિણમતો હતો. લ્યો! આવ્યું શેઠ! કાળલબ્ધિ આવી. એ '**કાળલબ્ધિ પામીને...**' એટલે કે પોતાના પુરુષાર્થ સન્મુખ થઈને. જે પુરુષાર્થ પુણ્ય-પાપની સન્મુખ હતો એ પુરુષાર્થ સ્વભાવસન્મુખ થયો તો તેને કાળલબ્ધિ થઈ. સમજાણું કાંઈ? આહાહા..!

'**કાળલબ્ધિ પામીને પોતાના શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.**' જુઓ! અનાદિકાળથી શુભ અને અશુભરાગ આસ્રવરૂપે અશુદ્ધપણે, મલિનપણે પરિણમ્યો હતો. એને રોકીને શુદ્ધ

ચૈતન્યપ્રકાશની સન્મુખમાં શુદ્ધરૂપ પરિણમ્યો એ સંવર છે. ભાષા તો સાદી છે ને, ભગવાન! અને ઘરની છે. આહાહા..! ભગવંત પરમાત્મા સ્વરૂપ જ આત્મા છે. આચાર્યો તો આત્માને ભગવાનસ્વરૂપ કહીને જ બોલાવે છે. આહા..! બાપુ! તારી ચીજ તો ભગવત્ સ્વરૂપ છે, નાથ! તને ખબર નથી. પર્યાયમાં-અવસ્થામાં અશુદ્ધ પરિણમન-પુણ્ય અને પાપ (ભાવ થાય છે) એ આત્મા નહિ. આહાહા..! શુભ અને અશુભભાવ જે થાય છે એ અણાત્મા છે. આહાહા..! ભગવાનઆત્મા તે અશુદ્ધપરિણામથી રહિત પોતાનો અનુભવ કરે છે તો તે પવિત્ર શુદ્ધ ભગવાન છે. તો પર્યાયમાં એનો અનુભવ થયો તો શુદ્ધ પરિણમન થયું. અશુદ્ધ પરિણમન છોડીને શુદ્ધ પરિણમન થયું. એનું નામ ધર્મ અને સંવર કહેવામાં આવે છે. આ તો સ્પષ્ટ વાત છે, ભગવાન! સમજાણું કાંઈ? વાત તો આવી છે. કદી કર્યું નથી. બહુ તો પાપ પરિણામ કરે અને થોડીવાર દુકાન છોડીને એક-બે કલાક શાસ્ત્ર સાંભળે કે દયા, દાનના ભાવ કરે, પુણ્ય ભાવ જાત્રા કરે તો એ બધા પરિણામ તો આસ્રવ છે, બંધનું કારણ છે. આહાહા..!

અહીંયાં પરમાત્મા દિગંબર સંત દ્વારા પરમાત્માની વાત દિગંબર સંતો કરે છે. પ્રભુ! તું એક ચિદાનંદ આનંદકંદ છે ને અંદર! એ સ્વભાવસન્મુખ થતાં ચૈતન્ય અને આનંદની પર્યાયમાં પ્રકાશ પ્રગટ થવો એ શુદ્ધ પરિણમન છે. અનાદિકાળથી પુણ્ય અને પાપનું પરિણમન હતું એ અશુદ્ધ હતું. એ આસ્રવ હતો, એ સંસાર હતો, એ દુઃખ હતું, એ વિકાર હતો, એ ઝેર હતું. હવે એનાથી રહિત થઈને અંતરમાં ભગવાન પૂર્ણાનંદના નાથનો આશ્રય લઈને પર્યાયમાં જે શુદ્ધ પરિણતિ થઈ, શુદ્ધ વીતરાગી પરિણતિ, શુદ્ધ ઉપયોગ પરિણતિ (થઈ) તે અશુદ્ધ ઉપયોગને રોકે છે. આહાહા..! આવો માર્ગ છે. નવા માણસને એવું લાગે કે આ તે શું કાઢ્યું હશે! અનાદિનો વીતરાગ જિનેન્દ્ર પરમેશ્વર પરમાત્માનો માર્ગ તો એ અનાદિ છે, ભાઈ! વસ્તુસ્થિતિ એવી છે.

'**શુદ્ધસ્વરૂપે પરિણમ્યું છે.**' છે ને? અશુદ્ધ પરિણામને રોકીને, નિરોધીને, અભાવ કરીને પોતાના ચૈતન્યસ્વભાવની સન્મુખ થઈને શુદ્ધરૂપ પરિણમ્યો. પવિત્રતાની પરિણતિ થઈ, વીતરાગભાવની દશા થઈ. આહાહા..! જે અશુદ્ધપરિણમન હતું એ રાગની દશા હતી. આહાહા..! આત્મા જિન વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અંદર છે. આહાહા..! એની સન્મુખ થઈને એનું વેદન થવું. એ વેદન શુદ્ધ પરિણમન, શુદ્ધઉપયોગને અહીંયાં આત્માનું વેદન કહેવામાં આવે છે. આહાહા..! અરે..રે..! અનંત-અનંતકાળ ગયો. પણ એણે એક સેકન્ડ પણ પ્રભુને યાદ ન કર્યા. એ પુણ્ય-પાપને યાદ કર્યા. હું એક સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ જ્ઞાન અને અનાકુળ આનંદનો રસકંદ છું. એ તરફના ઝુકાવથી શુદ્ધ પરિણમન પર્યાયમાં શુદ્ધતા, વીતરાગતા, અનાસ્રવતા, સંવરતા આવે છે એનું નામ ભેદજ્ઞાન કરીને સંવર કર્યું. આવી વાતું છે. આ તો છેલ્લો શ્લોક છે ને? એટલે પહેલા મિથ્યાત્વનો નિરોધ કરીને સંવર સમ્યક્ પ્રગટ કર્યું, પછી હજી શુભભાવ જ્ઞાનીને પણ આવે છે. એ શુભ-અશુભભાવને રોકીને ચારિત્રમાં સ્થિર થયો. સમજાણું કાંઈ? તો તેને ઉત્કૃષ્ટ સંવરદશા પ્રગટી. એ કહે છે, જુઓ!

'**વળી કેવું છે?**' '**શાશ્વતોદ્યોતમ્**' નિર્મળ પર્યાય પ્રગટી એ તો હવે કાયમ રહેનારી છે.

પુણ્ય-પાપના ભાવ તો ક્ષણિક, નાશવાન, અનિત્ય હતા. આવ્યા હતા તો અનિત્ય પરિણામ પણ કાયમ રહેનારા... શું કીધું? ફરીને. શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ચૈતન્ય ભગવાન જે છે એના અવલંબે જે શુદ્ધ અનુભવ થયો એ કાયમ રહેનારો છે. સમજાણું કાંઈ? **'અવિનશ્વર પ્રકાશ છે જેનો,...'** આહાહા..! **'એવું છે. વળી કેવું છે?'**

**'तोषं बिभ्रत्'** આહાહા..! જુઓ આવ્યું. **'तोषं'** નામ આનંદ. **'तोषं'** છે ને **'तोषं'**? **'तोषं'** કહો, સંતોષ કહો, આનંદ કહો. **'बिभ्रत्'** **'અતીન્દ્રિય સુખરૂપ પરિણમ્યું છે.'** **'बिभ्रत्'** એટલે પરિણમ્યું છે. હવે આનંદરૂપી પરિણતિ દશા થઈ. આહાહા..! છે ને? **'तोषं बिभ्रत्'** **'तोषं'** એટલે આનંદ. **'तोषं'** એટલે સંતોષ. **'तोषं'** સાથે સ નાખી દે તો સંતોષ. સંતોષ એટલે **'तोषं'**. **'तोषं'** એટલે આનંદ. આનંદની **'बिभ्रत्'** આનંદનું પરિણમન કર્યું. જે અશુદ્ધતા પરિણમન દુઃખરૂપ હતું... આહાહા..! એ શુદ્ધ પરિણમન આનંદરૂપ થયું. આહાહા..! પ્રભુ સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. આહાહા..! આનંદનો નાથ છે. અતીન્દ્રિય આનંદનો છલોછલ સાગર છે. એની સન્મુખ થઈને **'तोषं बिभ्रत्'** આનંદરૂપી દશાને ધારણ કરી. કહો, શેઠ! સાંભળ્યું નથી કોઈ દિ' બધા ઓલામાં ને ઓલામાં. દરકાર કરી નથી ને. આહાહા..! વાત તો આજે બહુ દુર્લભ થઈ ગઈ છે. વાત તો સાચી. આહાહા..!

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કોને કહીએ. લોકો આ બહારની ક્રિયા કરી અને જાણે થઈ ગયું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન થઈ ગયું. અને વ્રત અને તપ કરે એટલે ચારિત્ર થઈ ગયું. બેય ખોટું છે.

મુમુક્ષુ :- એ બધું જ માનતા હતા.

ઉત્તર :- બધા માનતા હતા. શેઠ પણ માનતા હતા. બધે એ હતું. અમે પોતે માનતા હતા. દુકાન ઉપર અમે માનતા હતા. નહિતર પહેલેથી નાની ઉંમરમાં જ શાસ્ત્ર અભ્યાસ અમને હતો. ૧૭-૧૮ વર્ષની ઉંમર. ૧૭ સમજ્યા ને? ૧૦ અને ૭. ૧૮ વર્ષની ઉંમર. ૭૦ વર્ષ થયા. અત્યારે ૮૮ વર્ષ થયા. શરીરના ૮૮ છે. ૯૦માં બે ઓછા. ૭૦ વર્ષથી શાસ્ત્રનો અભ્યાસ અમે કરતા હતા. દુકાન ઉપર શાસ્ત્રનો અભ્યાસ કરતા હતા. અને (સંવત) ૧૯૬૫ની સાલથી તો રાત્રીના આહાર-પાણીનો ત્યાગ છે. પાણીનું બિંદુ અને આહારનો કણ નહિ. ૧૯૬૫ની સાલથી. ૬૮ વર્ષ થયા. અમને તો સંસ્કાર હતા ને. ઘરની દુકાન, પિતાજીની દુકાન હતી. અમે તો સૂર્યાસ્ત પહેલા જમી લેતા હતા. પછી નહિ. અને શાસ્ત્ર અભ્યાસ કરતા હતા. પણ અમે માનતા હતા કે પ્રતિક્રમણ કરે, સામાયિક કરે તો ધર્મ થઈ ગયો. એમ માનતા હતા. અને અપવાસ કરતા હતા. આઠ દિ'. અમારે શ્વેતાંબરમાં આઠ દિ' હોય ને? તો અમે ચાર અપવાસ કરીએ ચાર. ચોવિહારો, હોં! પાણી નહિ. એક દિ' અપવાસ અને એક દિ' આહાર. ચાર અપવાસ કરતા હતા. બાર મહિનામાં ચાર. અને માનતા હતા કે અમે તપસ્યા કરી. એ ધૂળેય નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં ખોટું શું થયું?

ઉત્તર :- એ ખોટું મિથ્યાત્વ હતું અને રાગભાવ હતો અને અમે માનતા હતા કે ધર્મ છે.

અપવાસમાં પણ શુભરાગ છે. એ પાછા દુકાન ઉપર, બાર કલાક દુકાન ઉપર બેસીએ. અપવાસ હોય તોપણ દુકાને બેસતા. દુકાન ચાલતી હતી ને. આ તો ૬૪-૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫-૬૬. આહાહા..! અહીં કહે છે કે પ્રભુ એ વાત તો ત્યાં નહોતી. નહિતર અમે તો પહેલેથી નાની ઉંમરથી શ્વેતાંબરના શાસ્ત્રો વાંચતા હતા. પણ એમાં તો આ વાત છે નહિ. દિગંબર શાસ્ત્રોમાં તો સનાતન જૈનદર્શનની ચીજ રહી ગઈ છે. એમાં તો છે જ નહિ. તેનો ગમે તેટલો અભ્યાસ કરે પણ એમાં આ વાત નીકળે કે રાગથી ભિન્ન થઈને આનંદનો અનુભવ થાય સમકિત કહેવાય, એ વાત નીકળે નહિ.

મુમુક્ષુ :- એ તો શ્વેતાંબર શાસ્ત્રમાં કોઈ ઠેકાણે લખ્યું નથી.

ઉત્તર :- છે નહિ. અમે તો કરોડો શ્લોક વાંચ્યા છે. કરોડો શ્લોક જોયા છે. આખી જિંદગી...

અહીંયાં કહે છે કે '**तोषं बिभ्रत्**' આહાહા..! શું કહે છે? કે જેને પહેલા મિથ્યાત્વનો આસ્રવ રોકીને સમ્યગ્દર્શન આત્માનો અનુભવ થયો હોય એને પણ આનંદનો સ્વાદ થોડો આવે છે. પણ પછી જેટલો શુભાશુભભાવ આસ્રવ હતો એને રોકીને સ્વરૂપમાં લીન થાય તો '**बिभ्रत् तोषं**' ઘણો આનંદ આવે છે. ચારિત્રની દશામાં તો આનંદ એ જ ચારિત્ર છે. ચારિત્ર કોઈ પંચમહાવ્રત અને નગ્નપણા એ કાંઈ ચારિત્ર નથી. આહાહા..! '**तोषं बिभ्रत्**' આહાહા..! '**અતીન્દ્રિય સુખરૂપ...**' એ '**तोषं**'નો અર્થ કર્યો. '**तोषं**' એટલે અતીન્દ્રિય સુખ. '**बिभ्रत्**'નો અર્થ કર્યો પરિણમ્યું. શબ્દે-શબ્દ. આહાહા..! ભગવાન જે અશુદ્ધ પુણ્ય-પાપના ભાવરૂપે થાય એ દુઃખરૂપ હતા. એને છોડી જ્યાં આનંદસ્વરૂપનો પૂર્ણ અનુભવ થયો અને ચારિત્ર રમણતા થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન પછી પણ આસ્રવ હતો, એને રોકીને સ્વરૂપમાં લીન થયો તો આનંદને ધારણ કર્યો. આનંદરૂપ પરિણમન થઈ ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એ ચારિત્ર છે. આહાહા..! '**बिभ्रत् तोषं**'

'**વળી કેવું છે?**' '**परमम्**' '**ઉત્કૃષ્ટ છે.**' અતીન્દ્રિય આનંદ પરમ ઉત્કૃષ્ટ થયો છે. અહીં તો છેલ્લી પૂર્ણ દશાની વાત કરે છે ને? પૂર્ણ આસ્રવને રોકીને પૂર્ણ સ્વભાવમાં આવ્યો તો ઉત્કૃષ્ટ સંવર ધર્મની ઉત્કૃષ્ટ દશા થઈ. અથવા એનો બીજો અર્થ છે. પરમનો અર્થ બીજો એક છે. એક તો '**परमम्**' '**ઉત્કૃષ્ટ છે.**' અને એક પરમ એટલે પરામા. પરમમાં એક પરા અને મા એવા બે સંસ્કૃત શબ્દ છે. પરામા. પરામા એટલે? પરા એટલે ઉત્કૃષ્ટ અને મા એટલે આનંદની લક્ષ્મી પ્રગટ થઈ. લખ્યું છે આમાં, હોં! સંસ્કૃતમાં હતું તો આમાં લખી રાખ્યું છે. પરામા છે. ઓલું પરમ ઉત્કૃષ્ટ છે ને? ત્યાં લખ્યું છે. સંસ્કૃતમાં છે. પરમ એટલે ઉત્કૃષ્ટ આનંદ થયો. પૂર્ણ આસ્રવ રોકીને પૂર્ણ આનંદ, કેવળજ્ઞાન, કેવળદર્શન થયું તો પૂર્ણ આનંદ થયો. એક વાત.

બીજી વાત પરામા. પરા-ઉત્કૃષ્ટ, મા-પોતાની લક્ષ્મી જે આનંદ અને જ્ઞાન હતી એ પર્યાયમાં ઉત્કૃષ્ટ લક્ષ્મી પ્રગટી ગઈ. સમજાણું કાંઈ? આહાહા..! બધે ઠેકાણે એ અર્થ કરે છે. પંડિતજી! આની ટીકામાં ઈ છે. આમાં છે. સંસ્કૃત ટીકામાં પરામા છે. બીજે ઘણે ઠેકાણે આવે છે. પણ આમાં એ છે. જુઓ! '**परमम्**' પરમ શબ્દ છે ને? '**परमम्**' પરા-ઉત્કૃષ્ટા. મા-

'सर्ववस्तु परिछेदिका ज्ञानशक्तिरूपालक्ष्मी विद्यते' સંસ્કૃત છે. અહીં તો બધું જોયું છે ને. આહાહા..!

આત્મા, આત્મામાં પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરીને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ રોક્યો. પછી સમકિતી-જ્ઞાનીને પણ હજી શુભાશુભ પરિણામ આવે છે. એ શુભાશુભભાવને રોકીને સ્વરૂપમાં લીન થયો. ચારિત્ર રમણતા થઈ. તો કહે છે કે એથી પરામા-ઉત્કૃષ્ટ નામ અનંત આનંદ અને અનંત લક્ષ્મી પ્રગટ થઈ. આ ધૂળની લક્ષ્મી તમારી નહિ. 'માલચંદજી'! આ શેઠિયા રહ્યા, નહિ? કરોડોપતિ-ધૂળપતિ. ધૂળનો પતિ માને... એ તો કહ્યું નહિ? 'નિર્જરા અધિકાર'માં આવે છે. ભેંસ હોય છે ને ભેંસ? એનો ધણી તો પાડો હોય છે. એમ જડ લક્ષ્મીનો ધણી થાય, માને કે હું એનો પતિ, એ તો જડ છે. અહીં તો એવું છે, ભાઈ! અહીં કાંઈ માખણ-બાખણ નથી. એવો પાઠ છે 'નિર્જરા અધિકાર'માં. જેમ પતિ પત્નીનો પતિ છે. એમ નરેન્દ્ર, નરનો ઇન્દ્ર રાજા, એમ ભેંસનો ધણી પાડો. એમ લક્ષ્મીનો ધણી જડ. લક્ષ્મી જડ છે અને એને મારી માને એ જડ છે. આહાહા..!

મુમુક્ષુઃ- તોય એની કિંમત દુનિયામાં થાય છે.

ઉત્તર :- દુનિયા ગાંડી-પાગલ છે તો કરે ને. દુનિયા પાગલ છે તો પાગલ, પાગલની કિંમત કરે. આહાહા..!

અહીં તો જેને આત્મલક્ષ્મી પ્રગટી... પરમ કીધું ને? પરમ. પરામા. આહાહા..! એ શુભ-અશુભભાવ પૂર્ણ રોકાઈ ગયા અને પૂર્ણ શુદ્ધતા જે અંતર લક્ષ્મી, અનંત જ્ઞાન, અનંત આનંદ, સુખાદિ હતું એ પરમલક્ષ્મી, મહાલક્ષ્મી, ઉત્કૃષ્ટ લક્ષ્મી દશામાં પ્રગટ થઈ. શક્તિમાં તો હતી, વસ્તુમાં તો હતી. આહાહા..! એ તો અનાદિ છે. આત્મામાં અનંત આનંદ અને જ્ઞાન તો અનાદિના છે. અજ્ઞાનીને પણ આત્મામાં તો અનંત જ્ઞાન-આનંદ પડ્યા જ છે. આહાહા..! પણ એનું પોતામાં ભાન થઈને અનુભવ થઈને, આસ્રવને રોકીને જે સંવરદશા પૂર્ણ પ્રગટી ત્યાં પરાકાષ્ટા, ઉત્કૃષ્ટ લક્ષ્મી પ્રગટી. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અરિહંતપદ એ પરમાત્મપદ પરમલક્ષ્મી પ્રગટી. પોતાની લક્ષ્મી હતી એ પ્રગટ થઈ ગઈ. સમજાણું કાંઈ? ધૂળની લક્ષ્મી છે એ તો માટી-ધૂળ છે. આહાહા..!

શાસ્ત્રમાં એક લેખ છે કે મેં બહુ પૈસા ભેગા કર્યા હતા. કરોડો-અબજો. હવે મરણ વખતે હાય.. હાય... આમ તણાય છે .. લક્ષ્મી પાસે જા. ઢગલા કર, પ્રાર્થના કર કે મેં તારે માટે બહુ પાપ કર્યા, અત્યારે કાંઈક શરણ દે. તારે માટે જિંદગી ગાળી, વર્ષ ગાળ્યા. મનુષ્યની જિંદગી અફળ ગઈ મારી. પૈસામાં રોકાયો. ઢગલા કર પૈસાના. જઈને પ્રાર્થના કર હવે. કે તારા માટે મેં (પાપ) કર્યા. મને કાંઈક શરણ દે હવે. હાય... હાય... શરીરમાં દુઃખ થાય છે, પીડા થાય છે, વેદના થાય છે, સહન નથી થતી. લક્ષ્મી કહે કે હું તો જડ છું. મૂર્ખ છો, મારી પાસે આવ્યો. શ્વેતાંબરમાં એવી વાત આવે છે. દાખલો છે. અને ઓલો કેવો? 'સિકંદર'. 'સિકંદર' બાદશાહ. 'સિકંદર' બાદશાહમાં છે. 'સિકંદર' બાદશાહે દેશને બહુ હેરાન કરીને અબજો રૂપિયા ભેગા કરેલા, અબજો રૂપિયા. એકદમ મૃત્યુને પામ્યો. મરણ પહેલા કહે મેં એટલી લક્ષ્મી ભેગી કરી, મને કોઈ શરણ નથી. અરે..! મેં ડોક્ટરો, વૈદ્યો. શું કહેવાય એને?

હકીમ. હકીમ રાખ્યા. લાખો રૂપિયાના ભાથા બાંધ્યા. મને અત્યારે કોઈ શરણ નથી. હું અત્યારે દુઃખી થાઉં છું. અબજો રૂપિયા પડ્યા છે. આહાહા..! 'મારો જનાજો વૈદ-હકીમોને ખભે ઉપડાવજો.' 'સિકંદર' છેલ્લે મરતી વખતે કહે છે કે મારો જનાજો એ હકીમને ખંભે ઉપડાવજો. કોઈએ મને મદદ કરી નથી એમ દુનિયાને ખબર પડે. શેઠ! દવા રાખે છે એ શેઠ એના છોકરાને. દવાખાનું રાખે છે. છોકરો છે ને નાનો તો ત્યાં રોકે છે. એ અહીં કહે છે. સમજાણું કાંઈ? બધી વાત સાંભળેલી તો હોય ને. જોઈ નથી પણ. નાના ભાઈ છે ને એક? .. રાખે એને દવાખાને. .. એટલો વખત જાય એમાં. આહાહા..!

'સિકંદર' કહે છે કે અરે..! મેં દેશને લૂંટી, દેવાલયને લૂંટ્યા, અબજો પૈસા ભેગા કર્યા. ખાલી હાથે જાઉં છું. આમ હાથ રાખે છે. હાથમાં કાંઈ પાઈ આપી નથી. વૈદોને વારસા બાંધી દીધા હકીમોને. એ બધા ઊભા ઊભા જોવે છે. હવે એટલું તો કામ કરજો કે મરી ગયા તો હકીમના ખભે ઉપડાવજો. આહાહા..! ગાયન બોલતા. હવે ભૂલી ગયા. ઈ ગાયન પહેલા બોલતા.

અહીં કહે છે... આહાહા..! અહીં શું છે? કે આત્મામાં અનંત જ્ઞાનરૂપી લક્ષ્મી પડી છે. આત્મામાં અનંત અતીન્દ્રિય આનંદરૂપી લક્ષ્મી પડી છે. આત્મામાં અતીન્દ્રિય ઈશ્વરતા-પ્રભુતા પડી છે. આત્મામાં અનંતથી અનંત અનંત સ્વચ્છતા પડી છે. અનંત સ્વચ્છતા પ્રભુમાં પડી છે. ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ ત્રિકાળી સ્વચ્છતા અનંત અનંત તારામાં પડી છે, પ્રભુ! આહાહા..! એ જેને સ્વચ્છતા અને અનંત જ્ઞાન અને આનંદનો આશ્રય લઈ અને આસ્રવને રોકીને જેણે પોતાની પર્યાયમાં અનંત લક્ષ્મી પ્રગટ કરી, તો કહે છે કે પરાકાષ્ટા-તારી ઉત્કૃષ્ટ મહાલક્ષ્મી તને પ્રગટ થઈ. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

એક માણસ હતો, શેઠ! અમે તો ઘણું જોયું હોય ને. આખી જીંદગી નિવૃત્તિ. અહીં તો ૮૮ વર્ષ થયા. ૯૦માં બે ઓછા. પહેલેથી નિવૃત્તિ. ઘરની દુકાન અને એમાંથી નિવૃત્તિ લીધી. ૬૮-૬૯ વર્ષથી તો નિવૃત્તિ છે, દુકાન છોડ્યે. એક શેઠ હતો. ગામમાં બહુ કામ કરતો હતો. પછી એવી પીડા અને એવું મરણ આવ્યું. શેઠિયાઓ જોવા જાય. આબરૂદાર માણસ શેઠિયો. જોવા જાય. કેમ છે? ભાઈ! અરેરે..! મેં મારું કાંઈ કર્યું નહિ. મેં આ ગામની પંચાતમાં રોકાઈને મારી જિંદગી નકામી ગઈ. આંસુની ધારા વહે, મરતી વખતે.

મુમુક્ષુ :- એ વળી એમ કહે...

ઉત્તર :- એ વળી બીજા. આપણે નામ ન આપીએ. આ 'ખુશાલભાઈ' હતા, 'દામનગર'ના. માણસ લૌકિકમાં બહુ. બધા ગામને જ્યાં હોય ત્યાં સહાય-મદદ કરે. પણ મરતાં... આ તણાય છે. અહીં શૂળ ઊઠે છે. અરેરે..! બે આંખે આંસુની ધારા. નગરશેઠ 'દામોદર'શેઠ જોવા જાય. નગરશેઠ 'દામોદરશેઠ' હતા. ભાઈ! મેં મારું કાંઈ ન કર્યું જિંદગીમાં. મેં આ સમાજ અને ગામની પંચાતમાં રોકાઈ મારી જિંદગી ગઈ હવે. શું કરું? રોવે. અને 'દામોદારશેઠ'ને મરતાં પગ તણાતા. મોટો ગૃહસ્થ. દસ લાખ. તે દિ' દસ લાખ. ૬૦ વર્ષ પહેલા. એ કહે, એટલી મને અંદર પીડા થાય છે. કોઈ બંધુક મારો તો હું છૂટી જાઉં. એટલી વેદના થાય છે. વાની વેદના થાય. વા-વા. સમજો છો? વા નથી કહેતા? વાની વેદના.

ગૃહસ્થ, મોટા ગૃહસ્થ હતા. ચાલીસ હજારની ઉપજ હતી. એ તો તે દિ' ૬૦ વર્ષ પહેલા. મરતાં કહે, તણાવ છું... તણાવ છું... તણાવ છું... કો'ક મને તાણે છે. એમ કહેતા હતા. આહાહા..! ઘરે ગરાસ, ઘરે ઘોડિયું, ઘોડા. એક-બે ઘોડા એમ નહિ. ઘોડાની હાર. મોટો ગૃહસ્થ રાજા જેવો. ચાલીસ હજારની તો ઉપજ હતી. તે દિ' ૬૦ વર્ષ પહેલાની વાત છે. અને એક ગામ ઘરમાં હતું. 'મુળિયાપાટ' કરીને ઘરે ગામ (હતું). દસ હજારની પેદાશનું નાનું ગામ. ગામધણી હતા. મરતાં.. આહાહા..! કોણ ધણી? પ્રભુ! આહાહા..! શરણ લેવાલાયક તો અંદર ભગવાનઆત્મા છે. એનું તો શરણ લીધું નહિ અને બહારમાં ઝાવાં માર્યા.

અહીં કહે છે કે જેણે અંદરમાં શરણ લીધું અને આસ્રવનો નિરોધ કરીને જેણે આત્માનો સંવર પ્રગટ કર્યો, એ ઉત્કૃષ્ટ લક્ષ્મી પ્રગટ કરી. આહાહા..! છે? **'परमम्'** એનો અર્થ એ છે. પરમનો અર્થ ઉત્કૃષ્ટ છે અને પરામા-ઉત્કૃષ્ટ લક્ષ્મી જેને પ્રગટ થઈ ગઈ. સચ્ચિદાનંદ પ્રભુ જેવી શક્તિ હતી એવી પર્યાયમાં પૂર્ણ આનંદાદિ પ્રગટ થઈ ગઈ. આહાહા..! ત્યારે પૂર્ણ આસ્રવ રોકાયો. સમજાણું કાંઈ? આહાહા..!

**'વળી કેવું છે?' 'अमलालोकम्'** આત્માના અવલંબને કેવા આનંદ અને જ્ઞાન પ્રગટ થયા? **'अमलालोकम्' 'સર્વથા પ્રકારે, સર્વ કાળે, સર્વ ત્રૈલોક્યમાં નિર્મળ છે-'** એ **'अमलालोकम्' 'अम्लानम्' 'एकं'** જેનો પ્રકાશ અમલ છે. **'સર્વથા પ્રકારે, સર્વ કાળે, સર્વ ત્રૈલોક્યમાં નિર્મળ...'** દશા પ્રગટ થઈ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન. આહાહા..! સમજાણું કાંઈ? આ તો અધ્યાત્મની વાતું છે, પ્રભુ! આ શાસ્ત્ર છે એ કાંઈ કથા-વાર્તા નથી. આમાં તો ગંભીરતા ઘણી ભરી છે. સમજાણું કાંઈ? એકલું સમ્યગ્જ્ઞાન થઈ ગયું અને સમ્યગ્દર્શન થયું તેથી આસ્રવ રોકાઈ ગયો, બંધન નથી એમ નથી. અહીંયાં એ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ ત્રણ કષાયના અવ્રતનો આસ્રવ હોય છે. ત્રણ કષાયનું દુઃખ હોય છે. પંચમ ગુણસ્થાનમાં બે કષાયનો આસ્રવ અને દુઃખ, મુનિને એક કષાયનો આસ્રવ અને દુઃખ, આ કેવળજ્ઞાન થયું એમાં બિલકુલ આસ્રવ નહિ અને સર્વ આનંદ (છે). સમજાણું કાંઈ? આહાહા..! છેલ્લો શ્લોક છે ને? એટલે પૂર્ણ સંવર બતાવ્યો. સમજાણું કાંઈ?

**'સર્વથા પ્રકારે,...'** વળી કોઈ કહે કે, ભાઈ! કેવળ પૂર્ણ દશા પ્રગટી તો સાથે કંઈક મલિન દશા હશે, અલ્પજ્ઞાન હશે. કેવળજ્ઞાન પોતાના સ્વરૂપના અવલંબે પૂર્ણ આસ્રવનો રોધ થઈને થયું એ તો **'સર્વથા પ્રકારે, સર્વ કાળે,...'** સર્વથા પ્રકારે અને સર્વ કાળ અને **'સર્વ ત્રૈલોક્યમાં...'** ત્રણ લોક ને લોકાલોકનું નિર્મળ જ્ઞાન થયું. સમજાણું કાંઈ? પૂર્ણ સંવર થયો તો આ દશા પ્રગટી. **'ત્રૈલોક્યમાં નિર્મળ છે – સાક્ષાત્ શુદ્ધ છે.'** એમ કહે છે. એ શું કહ્યું? કે શક્તિ અને સ્વભાવ તો શુદ્ધ હતો જ, હવે પર્યાયમાં સાક્ષાત્ શુદ્ધ થયો. શું કીધું ઈ? કે દ્રવ્ય જે વસ્તુ છે ભગવાન, એ તો શુદ્ધ છે. શક્તિ શુદ્ધ છે, સ્વભાવ શુદ્ધ છે, પવિત્રતાનો પિંડ છે, પણ પર્યાયમાં જ્યારે સંવર પ્રગટ થયો તો પર્યાયમાં સર્વથા શુદ્ધ થઈ ગયો. આહાહા..! સાધક હતો ત્યારે સર્વથા શુદ્ધ નહોતો. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, અનુભવ થયો. પણ હજી આસ્રવ છે અને અશુદ્ધ છે. છઠ્ઠે ગુણસ્થાને પણ હજી રાગનો આસ્રવ છે અને અશુદ્ધ

છે અને દુઃખ છે. અહીં કહે છે કે સાક્ષાત્ શુદ્ધ થયો. પર્યાયમાં હવે પૂર્ણ શુદ્ધ થયો. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! એને પોતાના સ્વરૂપની મહિમા અને મહાત્મ્ય કદી આવી નહિ. એના પુણ્યના પરિણામ અને પાપના અને એના ફળની મહિમા. આને કરોડ રૂપિયા આવ્યા, પૈસા આવ્યા, પુણ્ય કર્યા. પ્રભુના પુણ્યનું ફળ છે. ધૂળમાં પણ નથી. સમજાણું કાંઈ? એ પરની મહિમામાં પોતાની મહિમા છૂટી ગઈ છે. જેને પોતાની મહિમા આવી એને પરની મહિમા છૂટી ગઈ છે. ચાહે તો ચક્રવર્તી પદ હો, ઇન્દ્રપદ હો પણ સમકિતીને પરની મહિમા છૂટી ગઈ છે. સમજાણું કાંઈ?

**'વળી કેવું છે?' 'अम्लानम्' 'સદા પ્રકાશરૂપ છે.'** એ સર્વજ્ઞ જે કેવળજ્ઞાન આનંદ થયો એ સદાય સાદિ અનંતકાળ રહેશે. સમજાણું કાંઈ? આહાહા..! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. અનંત દર્શન અનંત જ્ઞાન સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' 'શ્રીમદ્ રાજચંદ્ર'નું ગુજરાતી છે. એનું હિન્દી બનાવ્યું છે. 'રાજમલે' તમને આપ્યું ને? 'કુંદકુંદાચાર્ય'નું. પવૈયા. એણે હિન્દી બનાવ્યું છે. આહાહા..! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આહાહા..! હું પૂર્ણાનંદ અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને આનંદમાં ઝુલનારો થાઉં, એ ક્યારે અવસર આવશે? એ ક્યારે આવશે? કે પોતાના પુરુષાર્થથી આવશે. સમજાણું કાંઈ? આહાહા..! બાકી ધૂળધાણી.

જુવાની ૨૫-૩૦ વર્ષનો યુવાન, ફુટડું શરીર, રૂપાળું શરીર હોય આમ પુષ્ટ. એ જીવડા પડશે, બાપુ! એક માણસને જીવડા પડેલા માથામાં. જીવડા સમજો છો? કીડા-કીડા. આમ કરે તો જીવડા (પડે). આ તો માટી છે, ધૂળ છે. એમાં શું છે? આહાહા..! એની મહિમા ગાનારને આત્માની મહિમા આવતી નથી. અને જેને આત્માની મહિમા આવી તો એને પરપદાર્થની મહિમા આવતી નથી. આહાહા..! છેલ્લો શ્લોક ઘણો ઊંચો છે. આહાહા..!

**'સદા પ્રકાશરૂપ છે. વળી કેવું છે?' 'एकं' 'નિર્વિકલ્પ છે.'** હવે તો અભેદ થઈ ગયો. એ સાધક હતો ત્યાં સુધી તો શુદ્ધતા પણ હતી અને અશુદ્ધતા પણ હતી. બેય હતી. હવે એકરૂપ નિર્વિકલ્પ દશા થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ? જેવું એનું સ્વરૂપ એકરૂપ નિર્વિકલ્પ અભેદ છે એવી પર્યાયમાં નિર્વિકલ્પ શુદ્ધતા એકરૂપ થઈ ગઈ. હવે ભેદ રહ્યો નહિ. ઝીણી વાત તો છે, પ્રભુ! શું થાય? માર્ગ તો એવો છે આ. લોકોમાં તો બહારમાં ફસાવીને મારી નાખ્યા છે. આ જાત્રા કરો તો ધર્મ થાશે. હોય છે જાત્રા, ભક્તિ હોય છે. અશુભથી બચવા માટે. અશુભવંચનાર્થે, એવો પાઠ છે. શુભ હોય છે. પણ એ ધર્મ નહિ. એ સંવર નહિ, એ નિર્જરા નહિ, એ આત્મલક્ષ્મી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી કેવું છે?' 'एकं' 'નિર્વિકલ્પ છે.'** પૂર્ણ નિર્વિકલ્પ થઈ ગયો, અભેદ. પરમાત્મદશા થઈ ગઈ. સંવર કરતા કરતા પરથી ભિન્ન પાડતા.. પાડતા... પાડતા.. પાડતા... પાડતા... સ્થિર થઈને જ્યાં કેવળજ્ઞાન થઈ ગયું ત્યાં એકરૂપ દશા થઈ ગઈ. **'શુદ્ધ જ્ઞાન આવું જે રીતે થયું છે તે કહે છે-'** કઈ રીતે થયું આવું કેવળજ્ઞાન? પૂર્ણ આનંદની દશા થઈ કઈ રીતે?

આહાહા..! **'कर्मणा संवरेण'** **'જ્ઞાનાવરણાદિરૂપ આસ્રવતાં હતાં...'** આઠ કર્મ જે હતા એના આસ્રવતાં હતા. **'જે કર્મપુદ્ગલ તેના નિરોધથી.'** આહાહા..! આસ્રવ નિરોધ થઈ ગયો. રોકાઈ ગયા. કર્મ રોકાઈ ગયા અને આસ્રવ રોકાઈ ગયો. એ રીતે દશા પ્રગટ થઈ. આહાહા..! આવી વાતું છે. કર્મની તો નિમિત્તથી વાત કરે છે. કર્મનું કારણ જે આસ્રવ છે એ રોકાઈ ગયો તો કર્મ રોકાઈ ગયા અને પૂર્ણાનંદની દશા પ્રગટી. સમજાણું કાંઈ?

કર્મનો નિરોધ કઈ રીતે થયો? જુઓ હવે. આ ખુબી કહે છે. **'रागग्रामप्रलयकरणात्'** આહાહા..! રાગ શબ્દ એક શબ્દ લીધો છે. રાગમાં તો મિથ્યાત્વ, પ્રેમ, દ્વેષ, વિષય-વાસના, ક્રોધ, માન, માયા, લોભ બધા રાગમાં આવે છે. એ વિકાર છે. એ **'रागग्राम'** **'ग्राम'** એટલે સમૂહ. એ રાગનો સમૂહ. આહાહા..! **'रागग्रामप्रलयकरणात्'** રાગનો અર્થ **'રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ વિભાવપરિણામોનો...'** આહાહા..! એનો **'ग्राम'** એટલે સમૂહ. **'અસંખ્યાત લોકમાત્ર...'** દયા, દાન, વ્રતના શુભભાવ અસંખ્ય પ્રકારના અને પાપના પણ ભાવ અસંખ્ય પ્રકારના. એ બધા અસંખ્ય પ્રકારના જે ભાવ છે એ રોકાઈ ગયા. ભેદજ્ઞાન કરતાં કરતાં રોકાઈ ગયા. આહાહા..! .. વિકારરૂપી સત્તાનો નાશ કરી નાખ્યો. પોતાની સત્તાને ખીલવી અને આસ્રવની સત્તાનો નાશ કર્યો. આહાહા..! આસ્રવનો એક અંશ પણ ન રહ્યો, એમ કહે છે. સત્તા નાશ. આહાહા..! પુણ્ય-પાપના વિકલ્પ આવતા હતા, મુનિને પણ આવતા હતા, એ બધાની સત્તાનો નાશ કરી નાખ્યો. આહાહા..!

**'મૂળથી સત્તાનાશ...'** **'प्रलय'** છે ને? **'प्रलय'**. **'प्रलय'** શબ્દ છે ને? **'प्र'** એટલે વિશેષે અને **'लय'** એટલે નાશ. **'प्रलय'** છે. **'प्रलय'** કર્યો. **'प्र'** વિશેષે **'लय'** નાશ કર્યો. એનો અર્થ એ કર્યો. **'મૂળથી સત્તાનાશ કરવાથી.'** **'प्र'** એટલે મૂળમાંથી **'लय'** નાશ. એવો અર્થ કર્યો. **'प्रलय'-'प्र'** મૂળમાંથી, **'लय'** નાશ. પુણ્ય અને પાપના વિકલ્પો એ બધા આસ્રવ છે એનો મૂળમાંથી નાશ કરી નાખ્યો. આહાહા..! એનો નાશ કરવાથી, **'મૂળથી સત્તાનાશ કરવાથી.'** કેવળજ્ઞાન આદિ ઉત્પન્ન થયા, એમ કહે છે.

**'આવું પણ શા કારણથી?'** **'शुद्धतत्त्वोपलम्भात्'** **'શુદ્ધ ચૈતન્યવસ્તુની સાક્ષાત્ પ્રાપ્તિથી.'** આહાહા..! શુભાશુભભાવનો મૂળ સત્તાથી નાશ અને શુદ્ધ તત્ત્વની જે શક્તિ હતી, સ્વભાવ હતો એ પર્યાયનો શુદ્ધ તત્ત્વનો લાભ થયો. પૂર્ણ લાભ થયો. આહાહા..! આવી વાતું છે. આમાં તો ભાઈ મગજ .. ધ્યાન દે ત્યારે સમજાય એવું છે. અનંતકાળથી મૂળ ચીજ સમજણમાં આવી જ નથી. કંઈ... કંઈ... કંઈ... શલ્યમાં રોકાઈ ગયો. આહાહા..!

**'शुद्धतत्त्वोपलम्भात्'** **'શુદ્ધ ચૈતન્યવસ્તુની સાક્ષાત્ પ્રાપ્તિથી.'** શક્તિ તો હતી, પર્યાયમાં સાક્ષાત્ પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ. આહાહા..! છેલ્લી ગાથા છે ને? પૂર્ણ સંવર થઈ ગયો. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ સાક્ષાત્ દશા પ્રાપ્ત થઈ. એ ભેદજ્ઞાનથી. રાગથી ભિન્ન પાડતા... પાડતા.. પાડતા.. સ્વરૂપમાં સ્થિર થઈ ગયો તો સાક્ષાત્ પ્રાપ્તિ થઈ ગઈ. આસ્રવનો નાશ અને આની પ્રાપ્તિ, ઓલાનો વ્યય અને આનો ઉત્પાદ. અશુદ્ધતાની સત્તામાંથી વ્યય નામ નાશ-વ્યય અને શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ-ઉત્પાદ અને ધ્રુવ તો છે જ. આહાહા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં

સત્. આસ્રવનો નાશ એટલે વ્યય અને સંવરની પૂર્ણ શુદ્ધતાનો ઉત્પાદ અને ધ્રુવ તો છે જ. ધ્રુવના આશ્રયથી તો એ ઉત્પત્તિ થઈ છે. આહાહા..!

એ સંવર અને આસ્રવની પર્યાયના આશ્રયે પણ સંવર નથી થતો, એમ કહે છે. એ તો ત્રિકાળી ધ્રુવના આશ્રયે જ પૂર્ણ દશા થાય છે. ચોથે-પાંચમે ગુણસ્થાને સમકિત થયું, જ્ઞાન થયું, અનુભવ થયો, ત્યાં એ પર્યાયમાં એટલો સંવર થયો પણ એ સંવરને આશ્રયે નવો સંવર નથી થતો. ધ્રુવને આશ્રયે થાય છે. સંવર તો પર્યાય છે. પર્યાયનો આશ્રય લેવા જાય તો વિકલ્પ-રાગ ઉત્પન્ન થશે. આહાહા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતના વિકલ્પનો તો આશ્રય નથી, પણ સંવર ઉત્પન્ન થયો એ પર્યાયનું અવલંબન નથી. જ્ઞાન જાણે કે છે. અવલંબન અને આશ્રય તો ધ્રુવનો છે. પૂર્ણાનંદનો નાથ પ્રભુ, જેમાં અનંત અનંત આનંદ, અનંતજ્ઞાન, અનંતશક્તિનું ગોદામ પડ્યું છે એનો આશ્રય છે. સમજાણું કાંઈ? એવી વાતું કલાકમાં નવી નવી નીકળે. શેઠ કહેતા હતા ને કાલે કે આ તો નવીન છે. નવીન હતું તો આમાંથી ખળભળાટ થયો. શેઠ! વાત સાચી તમારી. એ વાત હતી નહિ. ફેરફાર હતો. પ્રભુ! આવો માર્ગ આ. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો નાથ અંદર બિરાજે છે પ્રભુ, એના જેને અંદરમાં ભેટા થયા એને આસ્રવ રોકાઈને પૂર્ણ દશાની પ્રાપ્તિ થાય છે. આસ્રવથી.. અત્યારે તો એ તકરાર થાય છે ને? શુભયોગ તે ધર્મ મોક્ષનો માર્ગ છે. આ 'મખનલાલજી' એમ કહે છે. મોટા પંડિત છે. શુભયોગ તે મોક્ષનો માર્ગ. તો અહીં તો પહેલાથી અમે એમ કહીએ છીએ. પણ 'કૈલાસચંદજી'એ કહ્યું કે શુભયોગ તે મોક્ષમાર્ગ નથી. ત્યારે 'મખનલાલજી'એ ચેલેન્જ આપી. ચેલેન્જ આપીએ છીએ કે શુભયોગ મોક્ષમાર્ગ છે. કાલે રાત્રે સાંભળ્યું ને? 'મખનલાલજી'ને સામે ચેલેન્જ આપી 'નરેન્દ્રકુમારે' કે અમે ચેલેન્જ આપીએ છીએ. બે દિવસમાં સમાધાન નહિ થાય. અહીં તો એક-બે દિ'માં કંઈ વાત સમજાય એવું નથી. 'નરેન્દ્ર' આવ્યા હતા, 'મુંબઈ' આવ્યા હતા એકવાર. વ્યાખ્યાનમાં આવ્યા હતા પણ ઘણું માણસ એટલે... આહાહા..! હવે અત્યારે (ચેલેન્જ આપે છે). આટલા વર્ષ થયા ત્યારે ક્યાં ગયા હતા? સૂતા હતા?

મુમુક્ષુ :- ક્રિયા કરો, ધર્મ થાશે.

ઉત્તર :- બસ, એ ધર્મ ચાલતો હતો. એમાં આ વાત બહાર આવી, એય..! શેઠ કહે છે કે ગડબડ ઊભી થઈ. વાત સાચી. ફેરફાર ચર્ચા ઉત્પન્ન થઈ. વાત તો સાચી. આહાહા..! અને હવે સમાધાન થતું જાય છે. કેટલાક હવે અનુકૂળ થતા જાય છે. વાત તો ભાઈ સાચી છે. 'સોનગઢ'ની વાત સાચી છે.

મુમુક્ષુ :- એને કબુલ કરીએ તો અમારી આબરૂ જાય.

ઉત્તર :- અમારી આબરૂ જાય. કીધું. કેવા? 'બાબુલાલ જમાદાર' 'ફલટન'માં ઘણો વિરોધ કર્યો. અહીંયાં એક આવ્યો હતો. 'પ્રિયંકર' નામનો. 'પ્રિયંકર' શાસ્ત્રી મોટા. એ અહીં કહે કે મારી સાથે એની વાત થઈ કે 'સોનગઢ'ની વાત સાચી છે. પણ અમે મોટા થઈ ગયા, અમે ઠેકેદાર છીએ, શું કરીએ? અમે જો એમ કહીએ કે એમની વાત સાચી છે તો અમારી પાસે કોઈ આવતા નથી અને બધા ત્યાં ચાલ્યા જાશે. અમે નરક-નિગોદમાં જઈશું પણ

અમારી વાત નહિ મૂકીએ. અહીં ભાષણ કર્યું. શાસ્ત્રી અહીં આવ્યા હતા. 'પ્રિયંકર' નામના શાસ્ત્રી. પણ આપણે બહાર ન પાડવું, કીધું. બહાર ન પાડવું. માર્ગ આ. આ ક્યાં કોઈ ખાનગી-ગુપ્ત વાત છે? આહાહા..!

અહીં એ કહે છે, '**શુદ્ધ ચૈતન્યવસ્તુની સાક્ષાત્ પ્રાપ્તિથી. આવું પણ શા કારણથી?**' જુઓ! '**શુદ્ધસ્વરૂપજ્ઞાનનું પ્રગટપણું,...**' '**भेदज्ञानोच्छलनकलनात्**' આહાહા..! રાગથી ભિન્ન કરતાં.. કરતાં.. કરતાં.. કરતાં કેવળજ્ઞાન ભેદજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. સમજાણું કાંઈ? '**તેના નિરંતર અભ્યાસથી.**' એ વિકલ્પથી ભિન્ન મારી ચીજ છે એવો નિરંતર અભ્યાસ. '**कलनात्**' અભ્યાસ. '**ભાવાર્થ આમ છે કે-શુદ્ધ સ્વરૂપનો અનુભવ ઉપાદેય છે.**' બસ. અંદર શુદ્ધ ભગવાનથી એની પર્યાયમાં શુદ્ધતા આવવી એ એક ઉપાદેય છે. આસ્રવ-બાસ્રવ ઉપાદેય છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

# નિર્જરા અધિકાર

(શાર્દૂલવિક્રીડિત)

रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः
कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा
ज्ञानज्योतिरपावृत्तं न हि यतो रागादिभिर्मूर्च्छति।।१-१३३।।

ખંડાન્વય સહિત અર્થ :- '**अधुना निर्जरा व्याजृम्भते**' ( अधुना ) અહીંથી શરૂ કરીને ( निर्जरा ) **નિર્જરા અર્થાત્ પૂર્વબદ્ધકર્મના અકર્મરૂપ પરિણામ** ( व्याजृम्भते ) **પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે-નિર્જરાનું સ્વરૂપ જેવું છે તેવું કહે છે. નિર્જરા શા નિમિત્તે (શાને માટે) છે?** '**तु तत् एव प्राग्बद्धं दग्धुम्**' ( तु ) **સંવરપૂર્વક** ( तत् ) **જ્ઞાનાવરણાદિકર્મ** ( एव ) **નિશ્ચયથી** ( प्राग्बद्धं ) **સમ્યક્ત્વ નહિ હોતાં મિથ્યાત્વ-રાગ-દ્વેષ પરિણામ વડે બંધાયું હતું તેને** ( दग्धुम् ) **બાળવા માટે. કાંઈક વિશેષ-'परः संवरः स्थितः' સંવર અગ્રેસર થયો છે જેનો એવી છે નિર્જરા. ભાવાર્થ આમ છે કે-સંવરપૂર્વક નિર્જરા તે નિર્જરા; કેમ કે જે સંવર વિના હોય છે સર્વ જીવોને, ઉદય દઈને કર્મની નિર્જરા, તે નિર્જરા નથી. કેવો છે સંવર?** '**रागाद्यास्रवरोधतः निजधुरां धृत्वा आगामि समस्तम् एव कर्म भरतः दुरात् निरुन्धन्**' ( रागाद्यास्रवरोधतः ) **રાગાદિ આસ્રવભાવોના નિરોધથી** ( निजधुरां ) **પોતાના એક સંવરરૂપ પક્ષને** ( धृत्वा ) **ધરતો થકો** ( आगामि ) **અખંડધારાપ્રવાહરૂપ આસ્રવિત થનારાં** ( समस्तम् एव कर्म ) **નાના પ્રકારનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઈત્યાદિ અનેક પ્રકારનાં પુદ્ગલકર્મને** ( भरतः ) **પોતાની મોટપથી** ( दुरात् निरुन्धन् ) **પાસે આવવા દેતો નથી. સંવરપૂર્વક નિર્જરા**

કરતાં જે કાંઈ કાર્ય થયું તે કહે છે-' यतः ज्ञानज्योति अपावृत्तं रागादिभिः न मूर्च्छति' ( यतः ) જે નિર્જરાથી ( ज्ञानज्योति ) જીવનું શુદ્ધસ્વરૂપ ( अपावृत्तं ) નિરાવરણ થયું થકું ( रागादिभिः ) અશુદ્ધ પરિણામો વડે ( न मूर्च्छति ) પોતાના સ્વરૂપને છોડી રાગાદિરૂપ થતું નથી. ૧-૧૩૩.

## આસો વદ ૧, ગુરુવાર, તા.૨૭-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૩, પ્રવચન - ૧૩૨

'કળશટીકા' 'નિર્જરા અધિકાર' ૧૩૩ કળશ છે. નિર્જરા એટલે શું? કે આત્માના સ્વરૂપનું ભાન કરીને જેણે અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રગટ કર્યા છે એવી દશાને સંવર કહીએ. સંવર એટલે કે નવા કર્મ એને આવતા નથી. શું કહ્યું? ઝીણી વાત છે. આ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ, પરમબ્રહ્મસ્વરૂપ આનંદ, એનું સમ્યગ્દર્શનમાં આનંદનું વેદન થતાં જે પ્રતીતિ અને જ્ઞાન ને એમાં રમણતા જેટલી થાય તેટલો એને સંવર કહેવામાં આવે છે. એટલે કે એનાથી નવા કર્મ હવે આવતા નથી. અને આગળ પણ પછી સમ્યગ્દર્શન પછી પણ જે રાગ-દ્વેષ કર્મના નિમિત્તના ઉદયમાં થતાં, જ્ઞાનીને પણ, તેનો આસ્રવ આવતા પરમાણુ, એને પણ જેણે રોક્યા છે. સ્વરૂપની સ્થિરતા દ્વારા એ આસ્રવને રોકી નવા આવરણ આવતા અટકી ગયા છે. હવે એને પૂર્વ જે મિથ્યાત્વ અવસ્થામાં રાગ-દ્વેષથી જે કર્મ બંધાયેલા એ હજી જ્ઞાનીને પડ્યા છે. એ જ્ઞાની પોતાના સ્વરૂપમાં સંવરપૂર્વક ઉગ્ર પ્રયત્નથી ચારિત્રમાં, એ સ્વરૂપનું ચારિત્ર છે, એમાં ઉગ્ર પ્રયત્નથી જેને તપસ્યા કહેવાય, એનાથી પૂર્વના કર્મો ખરે છે. ખરે છે તેને નિર્જરા કહે છે. નિ-વિશેષે ઝરવું-ખરવું. નિર્જરા. નિ-વિશેષે, ઝરવું-ખરવું. પૂર્વના પ્રારબ્ધ જે બંધાયેલા હતા એ વર્તમાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન દ્વારા નવા કર્મ આવતા તો રોકાણા, પણ પૂર્વના બંધ જે છે એને હવે સ્વરૂપની વિશેષ શુદ્ધિ અને વૈરાગ્ય દ્વારા પૂર્વના કર્મો ખપે અને ઝરે છે તેને નિર્જરા કહે છે.

નિર્જરાના ત્રણ પ્રકાર છે. ઝીણી વાત છે. ત્રણ પ્રકાર છે. એક તો પૂર્વ કર્મના પરમાણુઓ બંધાયેલ છે એ સ્વરૂપની સ્થિરતા દ્વારા ખરે. ખરે એને નિર્જરા કહેવાય. અશુદ્ધતા ટળે એને નિર્જરા કહેવાય. કર્મ ટળે એને નિર્જરા કહેવાય. અશુદ્ધતા ગળે-ટળે તેને નિર્જરા કહેવાય અને શુદ્ધતા વધે તેને પણ નિર્જરા કહેવાય. આવી વાત છે. સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ.

મુમુક્ષુ :- સંવર ક્યા ગુણની પર્યાય છે?

ઉત્તર :- સંવર ચારિત્રગુણની પર્યાય (છે.)

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણ..

ઉત્તર :- શ્રદ્ધાગુણની પર્યાયમાં મુખ્ય રહ્યું. મુખ્ય છે એ. એ કહેશે હમણા. સંવર નિજ ધુરાની નિજ પદવી ધારી રાખી છે. સંવરે નિજપદવી ધારી રાખી છે. નિજ ધુરા-એ શબ્દ

આવશે. જેમ કોઈ અમલદાર કે અધિકારી પોતાની પદવી ઉપર હોય ને? અને એ પદવીને બરાબર જાળવે. એમ સંવરે પોતાની પદવીને જાળવી રાખી છે. એટલે? કે શુદ્ધ સ્વભાવ આત્માનો, એનું સમ્યગ્દર્શન થયું એટલો પણ એ મિથ્યાત્વ અને એ સંબંધી અનંતાનુબંધીનો આસ્રવ આવતો એ રોક્યો. એ અપેક્ષાએ સમ્યગ્દર્શનને સંવર કહેવાય. પણ સમ્યગ્દર્શનમાં પણ અંશે સ્વરૂપનું આચરણ છે. અનંતાનુબંધી ગયો માટે. તેની અપેક્ષાએ પણ તેને સંવર કહેવાય. અને આગળ વધતાં... આવી વાતું છે. વિશેષ સંવરપૂર્વક એ નિર્જરાને અહીં (નિર્જરા કહે છે). આત્માના ભાન વિના પૂર્વના કર્મ ઉદય આવે અને ખરી જાય છે એવી નિર્જરા તો અનંતવાર કરી છે. એ કાંઈ નિર્જરા નથી. સંવરપૂર્વક, સંવરે પોતાની પદવીને જાળવી રાખી છે અને તે પૂર્વક એ શુદ્ધતા વધે, સંવરમાં શુદ્ધતા તો છે, પુણ્ય-પાપ છે એ બેય અશુદ્ધ છે, એને રોકીને અમુક શુદ્ધતા તો પ્રગટી છે એને સંવર કહીએ અને શુદ્ધતાની વૃદ્ધિ થાય તેને નિર્જરા કહીએ.

અશુદ્ધતાનું ટળવું એ પણ નિર્જરા કહીએ. ગળે છે એટલે. કર્મનું ટળવું જડનું એને પણ નિમિત્તની પરની નિર્જરા કહેવાય. અને આત્મભાન દ્વારા અનુભવથી શુદ્ધિ થઈ છે, સચ્ચિદાનંદ પ્રભુ, શુદ્ધ આનંદકંદ સહજાત્મસ્વરૂપ, સહજાનંદની મૂર્તિ હું છું... આહાહા..! એવું સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપના આચરણની સ્થિરતા થઈ, એથી આગળ વધીને રાગ-દ્વેષ પણ કેટલાક રોક્યા, આગળ ગયો એટલે, પાંચમે-છઠે ગુણસ્થાને. એ સંવરની સ્થિરતા. એ સંવરે પોતાની પદવી જાળવી રાખી છે. અને સંવરપૂર્વક કર્મની નિર્જરા થાય, અશુદ્ધતા ગળે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. આ બધી આટલી શરતું છે. 'માલચંદજી'! આ તો અપવાસ કર્યો તો થઈ ગઈ નિર્જરા. છઠ કર્યો, અઠમ કર્યું, ફલાણું કર્યું ધૂળેય નથી નિર્જરા ત્યાં. એ તો એક શુભ વિકલ્પ છે અને રાગની એકતાબુદ્ધિમાં છે તો મિથ્યાત્વસહિત (છે). રાગની મંદતા હોય તો મિથ્યાત્વસહિત પાપાનુબંધી પુણ્ય બાંધે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો નવ તત્ત્વનું વર્ણન છે ને? તો જીવનું, અજીવનું, પુણ્ય-પાપનું, કર્તા-કર્મનું, આસ્રવ અને સંવરનું. એ તત્ત્વનો અધિકાર ગયો. હવે નિર્જરા, બંધ અને મોક્ષ ત્રણનો અધિકાર બાકી છે. પછી છેલ્લો સર્વવિશુદ્ધ અધિકાર. હવે એ વાત કરે છે. એમાં આવશે. જુઓ!

**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः**
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा**
**ज्ञानज्योतिरपावृत्तं न हि यतो रागादिभिर्मूर्च्छति।।१-१३३।।**

**ખંડાન્વય સહિત અર્થ :-** આહાહા..! 'अधुना निर्जरा व्याजृम्भते' **'અહીંથી શરૂ કરીને...'** 'अधुना' એટલે અહીંથી શરૂ કરીને. **'નિર્જરા અર્થાત્ પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ પ્રગટ થાય છે.'** ભાષા જુઓ! ભાઈએ નાખ્યું છે ને? 'ફૂલચંદજી'. 'ફૂલચંદજી'એ 'જૈનતત્ત્વ મિમાંસા'માં ઓલામાં નાખ્યું છે 'ખાણિયા' ચર્ચામાં. શું? 'તત્ત્વાર્થસૂત્ર'માં એવો

પાઠ છે કે ચાર કર્મ ઘાતિ ખરે છે ત્યારે કેવળ થાય છે. ત્યારે એનો અર્થ ઓલા કહે કે, જુઓ! કર્મ ખરે ત્યારે કેવળજ્ઞાન થાય છે ને? ત્યારે અર્થ કર્યો મેં કે ચાર કર્મ જે કર્મરૂપે હતા એ અકર્મરૂપે થયા. એનું પરિણામ તો અકર્મરૂપે થયું એટલું. અહીં કેવળજ્ઞાન થાય એવું એનું પરિણામ નથી. આહાહા..! આ ભાષા છે ને અહીં?

**'પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ...'** ઝીણી વાત છે. જે પૂર્વે બાંધેલા કર્મ છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન, શાંતિ આદિ સ્થિરતા વધી છે. ચોથે ગુણસ્થાને તો હજી સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપાચરણનો અંશ છે. ત્યાં હજી આસ્રવ ઘણો છે. પછી પાંચમે આગળ જતાં આસ્રવ થોડો છે અને શુદ્ધતા વધી છે. આસ્રવ થોડો છે અને છઠ્ઠે પણ આસ્રવ થોડો છે અને શુદ્ધિ વધી છે, પણ હજી રાગ છે તેટલો આસ્રવ પણ આવે છે.

હવે અહીં તો એમ કહે છે કે જે જે ભૂમિકામાં જેટલો રાગનો નિરોધ કર્યો અને સ્વરૂપની સ્થિરતામાં સંવર-નિર્જરા સંવર પ્રગટ કર્યો, એ સંવરપૂર્વક પૂર્વના કર્મ જે મિથ્યાત્વથી બાંધેલા છે એ પડ્યા છે, એને હવે સ્વરૂપની સ્થિરતા દ્વારા શુદ્ધિ વધારે છે, અશુદ્ધિ ટળે છે એ એની દશામાં (થાય છે) અને કર્મ દશા જે કર્મરૂપે હતી, એ અકર્મરૂપે થઈ એ જડની દશામાં (થયું). સમજાણું કાંઈ? ત્યાં એમ કહ્યું હતું. 'ફુલચંદજી'એ ત્યાં 'ખાણિયા' ચર્ચામાં ઘણી ચર્ચા પંડિતો સામે એકલાએ પોતે કરી હતી. ક્ષયોપશમ અને એની બહુ સારી સ્થિતિ છે. ચાર કર્મનો નાશ થયો એથી કેવળજ્ઞાન થયું? કે ચાર કર્મ કર્મરૂપી પુદ્ગલની પર્યાય હતી એનો નાશ થયો એટલે શું? કે જે કર્મરૂપી અવસ્થા હતી એ બદલી ગઈ અને અકર્મરૂપ થઈ. એનું નામ ચાર કર્મનો નાશ. પણ એથી કેવળજ્ઞાન થયું એના પરિણામમાં, એમ નથી. કેવળજ્ઞાન તો પોતાના પુરુષાર્થથી, સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને કેવળજ્ઞાનની દશા ઝળહળ જ્યોતિ પ્રગટ કરી છે. એ પોતાના પુરુષાર્થના દ્રવ્યના તીવ્ર આશ્રયથી કરી છે. એ કર્મનો નાશ થયો માટે કેવળજ્ઞાન થયું છે (એમ નથી). 'સુમેરુમલજી'! જરી એક થોડો ન્યાય ફરે તો બધું ફરી જાય છે.

અહીં તો આ ભાષા આવીને? **'अधुना' 'અહીંથી શરૂ કરીને નિર્જરા અર્થાત્...'** એટલે નિર્જરાની વ્યાખ્યા. **'પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ...'** આ નિર્જરાની ફક્ત એ જ વ્યાખ્યા કરી. વ્યાખ્યા તો ત્રણ છે પણ અહીંયાં એક પ્રકારની કરી. સમજાણું કાંઈ? આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના ભાનમાં આવ્યો અને શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધતા શક્તિમાંથી પર્યાયમાં પ્રગટ કરી, શક્તિએ તો પૂર્ણ પરમાત્મા છે, પણ પર્યાયમાં શક્તિની વ્યક્તતા પ્રગટ કરી એટલો એને સંવર થયો. સમજાણું કાંઈ? એટલે કે તે પ્રકારની અશુદ્ધતા હવે એને થતી નથી. અને કર્મ પણ તે પ્રકારના આવતા નથી. આહાહા..!

હવે અહીંયાં નિર્જરા શરૂ થાય છે. કે જે શુદ્ધતાની શક્તિ પૂર્ણ હતી એનું વેદન કરીને શક્તિમાંથી વ્યક્તતા શાંતિ ને આનંદ ને સમ્યગ્દર્શનની પ્રગટ કરી એટલો તો એ સંવર છે. સંવર એટલે એ દશાએ નવા કર્મ આવતાં તે પ્રકારના અટક્યા છે. પણ પૂર્વના બંધાયેલ કર્મ હજી છે. હવે એ ચોથે ગુણસ્થાને પણ પૂર્વના બંધાયેલા કર્મ છે એને સ્વરૂપમાં લીન થતાં એ કર્મ અકર્મરૂપે પરિણમી જાય છે. કાંઈ વસ્તુનો તો નાશ થતો નથી. પુદ્ગલ પણ પરમાણુ છે,

જગતની ચીજ છે. જેમ ભગવાનઆત્મા અનાદિ શાશ્વત છે એમ પરમાણુ આ રજકણો પણ અનાદિ છે. એ કાંઈ નવા છે એમ છે નહિ. તો એ પરમાણુની અંદરમાં જે કર્મરૂપી પર્યાય છે તે વ્યય થાય છે. વ્યય એટલે અભાવ થાય, એનો નાશ. અને નાશ થઈને ઉત્પાદ શેનો થાય છે? કે અકર્મરૂપ પર્યાયનો ઉત્પાદ. કર્મરૂપ પર્યાયનો વ્યય, અકર્મરૂપ પર્યાયનો ઉત્પાદ, પરમાણુ તો ધ્રુવ છે. આહાહા..! આવું બધું ક્યાં? આ તત્ત્વદૃષ્ટિ બહુ ઝીણી છે. સમજાણું કાંઈ?

એ અકર્મરૂપ પરિણામ થયા. પરિણામ, જોયું! પરિણામ આ છોકરાને પરિણામ આવતું હશે એ હશે? આ ભણે છે ને પછી પરિણામ શું આવ્યું એમ નથી કહેતા? પરિણામ સમજો છો? પરિણામને બીજી ભાષામાં (શું કહે)? પરીક્ષા દીધી. હા, એ ભાઈએ કીધું ઈ. અહીં તો ગુજરાતી ભાષા યાદ રહે. એ આ પરિણામ નથી. અહીંયાં તો પરમાણુમાં કર્મરૂપી પર્યાય એટલે પરિણામ હતા એ પરિણામનો વ્યય થઈને અકર્મરૂપ પર્યાય થઈ તેને અકર્મરૂપ પરિણામ કહેવામાં આવે છે. આહાહા..! હજી આ પહેલા પદનો અર્થ ચાલે છે આ. 'શાંતિભાઈ'!

**'निर्जरा व्याजृम्भते' 'પ્રગટ થાય છે.'** જોયું! આહાહા..! શુદ્ધિની વૃદ્ધિ હવે પ્રગટ થાય છે. શુદ્ધિ-સંવર તો થઈ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ જેટલી પ્રગટ દશા (થઈ) એટલો સંવર તો છે, પણ એ સંવરની અગ્રેસરપણે રહીને હવે પૂર્વના કર્મના ક્ષય અથવા ઝરવું અથવા અશુદ્ધનું ટળવું અથવા શુદ્ધનું વધવું એ પ્રગટ થાય છે. આહાહા..! **'ભાવાર્થ આમ છે કે - નિર્જરાનું સ્વરૂપ જેવું છે તેવું કહે છે.'** કર્મનું ખરવું, અશુદ્ધતાનું ટળવું અને શુદ્ધતાનું વધવું, એવું નિર્જરાનું સ્વરૂપ છે તેવું યથાર્થ કહે છે. **'નિર્જરા શા નિમિત્તે (શાને માટે) છે?' 'तु तत् एव प्राग्बद्धं दग्धुम्' 'સંવરપૂર્વક...'** પ્રથમ તો સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ તો પ્રગટી છે એવા **'સંવરપૂર્વક જે જ્ઞાનાવરણાદિકર્મ નિશ્ચયથી સમ્યક્ત્વ નહિ હોતાં મિથ્યાત્વ-રાગ-દ્વેષ-પરિણામ વડે બંધાયુ હતું...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ પામ્યો, પણ મિથ્યાત્વને વખતે બંધાયેલા કર્મો પડ્યા છે. પૂર્વે જે વિપરીત શ્રદ્ધા અને રાગ-દ્વેષ હતા એનાથી કર્મ બંધાયેલા પડ્યા છે હજી. સંવર થયો પણ હજી કર્મ ખર્યા નથી. અટક્યા છે. જેટલો સંવર થયો તેટલા કર્મ આવતા અટક્યા છે. સમજાણું કાંઈ? બહુ ધ્યાન રાખે તો પકડાય એવું છે બાપુ આ તો. લોજિકથી... આહાહા..! ન્યાયથી એને સમજવું પડશે ભાઈ. એમ ને એમ એક અપવાસ કર્યો અને થઈ ગઈ તપસ્યા અને થઈ ગઈ નિર્જરા. ધૂળમાંય નથી નિર્જરા. એ કહે છે, જુઓ!

'સંવરપૂર્વક...' અજ્ઞાનીને એકલા કર્મનો ઉદય આવે અને ખરી જાય, એ નિર્જરા નહિ. સંવરપૂર્વક. સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રગટી છે તે પૂર્વક. આહાહા..! **'જ્ઞાનાવરણાદિકર્મ નિશ્ચયથી સમ્યક્ત્વ નહિ હોતાં મિથ્યાત્વ-રાગ-દ્વેષ-પરિણામ વડે બંધાયું હતું તેને...' 'दग्धुम्' 'બાળવા માટે.'** સંવરપૂર્વક પૂર્વના કર્મના નાશ માટે નિર્જરા પ્રગટ થાય છે. આવું છે. શું કહ્યું ઈ? કે જ્યાં આગળ ભગવાનઆત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે એની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન નથી. એને તો કોઈ પૂર્વના કર્મ ખપે છે એમ છે જ નહિ. એને તો પૂર્વના કર્મ ઉદય આવે એમાં મિથ્યાત્વથી જોડાઈ જાય છે અને નવું કર્મ એને બંધાય છે. એને તો સંવર

પણ નથી અને નિર્જરા પણ નથી.

અહીંયાં તો સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા છે. એટલે કે જેણે પહેલા આત્માના સ્વભાવનું ભાન કરીને અને સ્વભાવ તરફ એકાગ્ર કરીને સંવર પ્રગટ કર્યો છે એટલે કે નવા કર્મ આવતા રોક્યા છે, એ જીવને પૂર્વના કર્મ પડ્યા છે એ ખરવા હવે તૈયાર થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'શાંતિભાઈ'! ક્યાં બધું સાંભળેલું કાંઈ ન મળે અને થોથે થોથાની વાતું. એમ ને એમ જિંદગી ગાળી. આવો માર્ગ છે. આહાહા..!

કહે છે કે જ્યાં આગળ હજી શુભ-અશુભરાગ, એની સાથે પ્રભુ વીતરાગમૂર્તિ આનંદકંદ નાથ, એની જ્યાં સુધી રાગ અને સ્વભાવની સાથે (-વચ્ચે) એક્તાબુદ્ધિ છે, ત્યાં સુધી તો એ મિથ્યાદૃષ્ટિ છે. એને કર્મનો ઉદય આવીને ખરે છે એ નિર્જરા જ નથી. એ તો વિપાક આવીને ખરી જાય છે. એ કાંઈ નિર્જરા નથી. નિર્જરા તો જેણે આત્માનું જ્ઞાન કરી, ભાન કરીને શુદ્ધતા પ્રગટ કરી છે, તેને પૂર્વે અશુદ્ધતાના ભાવથી બંધાયેલા કર્મ વર્તમાનમાં સંવરપૂર્વક શુદ્ધતાની વૃદ્ધિ થતાં કર્મ ખરે છે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. ભારે! આમાં એક શબ્દ આડોઅવળો જાય તો ફેરફાર પડી જાય એવું છે. એવો માર્ગ છે, બાપુ! આહાહા..!

જુઓ! છે ને? '**ભાવાર્થ આમ છે કે-સંવરપૂર્વક નિર્જરા તે નિર્જરા;...**' છે. છે? સંવરપૂર્વક એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો છે એવી સંવરદશાપૂર્વક જે શુદ્ધિ વધે અને આગળ વધતાં કર્મ ખરે એને અહીં નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**કેમ કે જે સંવર વિના હોય છે...**' જુઓ! જેને હજી આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો નથી એ સંવર વિના જે હોય છે '**સર્વ જીવોને, ઉદય દઈને કર્મની નિર્જરા, તે નિર્જરા નથી.**' એ તો કર્મનો ઉદય આવીને ખરે પણ એ કાંઈ નિર્જરા નથી. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું શીખવું આમાં માણસને? નવ તત્ત્વ નવ તત્ત્વપણે છે. એક-બીજામાં ભેળસેળ ન થાય, એમ કહે છે. નહિતર નવ તત્ત્વ રહેતા નથી. આહાહા..!

'**સંવર વિના હોય છે સર્વ જીવોને,...**' જોયું! સર્વ જીવોને. નિગોદના અનંત જીવ છે એને પણ પૂર્વના કર્મ છે એ ઉદય આવીને ખરી તો જાય છે. કર્મ જે બાંધેલા છે એ તો ઉદય આવે ત્યારે ખરે જ છે પણ એ નિર્જરા નથી. એને નિર્જરા કહેવામાં આવતી નથી. એ તો વિપાક નિર્જરા છે. અહીં તો અવિપાક નિર્જરા એટલે કે આત્માના શુદ્ધ ચૈતન્યની સાવધાની થઈ છે, એટલે એને અંતરમાં તેટલા પ્રકારનો સંવર થયો છે. એ સંવરપૂર્વક જે શુદ્ધિ વધે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? તે '**સર્વ જીવોને,...**' નિગોદથી માંડી બધા જીવને પૂર્વે બાંધેલું કર્મ હોય એટલો ઉદય તો આવે. ઉદય આવીને ખરી જાય. એ કાંઈ ચીજ છે? એ તો અનંતકાળથી અજ્ઞાની, અભવિ, ભવિ બધાને થાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મદ્રવ્ય જે છે એ તો અનંત શક્તિની સંખ્યાએ અનંત ગુણનો સાગર છે. એવો જે આત્મા એની જ્યારે અંતર્મુખ થઈને એની પ્રતીતિ અને એનું જ્ઞાન થાય ત્યારે જેટલી સંખ્યામાં ગુણ છે, એ બધી સંખ્યામાં એની પર્યાયમાં વ્યક્તતા (થાય), તે ગુણની વ્યક્ત-

પ્રગટ દશા થાય એને સંવર કહે છે. સમજાણું કાંઈ? ઓલું તો સાંભળ્યું હોય કે આપણે અપવાસ કરીએ તો પૂર્વનું કર્મ ખરી જાય. લ્યો! ટુંકુ ટચ. ધૂળેય નથી. સાંભળને. તારા લાખ અપવાસ કર અને કરોડ અપવાસ કર. પણ હજી આત્મા શું છે એના ભાનની ભૂમિકા સંવર તો પ્રગટ થયું નથી. સંવર વિના નિર્જરા કેવી? આહાહા..! સમજાણું કાંઈ?

તે '**નિર્જરા તે નિર્જરા નથી.**' છે? સર્વ જીવને એ તો થાય છે, એમાં શું? પૂર્વે બંધાયેલું છે એ તો એની મુદ્દત પૂરી થાય એટલે ઉદય તો આવે. અને આવે ને ખરી પણ જાય એથી શું નિર્જરા છે? એ ધાર્મિક દશા છે? બિલકુલ નહિ. આહાહા..! '**કેવો છે સંવર?**' હવે સંવર કેવો છે? જે સંવર અગ્રેસર થઈને પોતાની પદવી જાળવી રાખીને ઊભો છે, એને હવે નિર્જરા થાય છે, એમ કહેવું છે. આ અમલદાર અને અધિકારીઓ નથી કહેતા કે પોતાની પદવી ઉપર હતો. શું કહે છે એ?

મુમુક્ષુ :- ફરજ ઉપર. ડ્યુટી.

ઉત્તર :- ડ્યુટી-ડ્યુટી. બસ, એ ડ્યુટી ઉપર. એ અમારે થયું હતું ને? (સંવત) ૧૯૬૩માં. ૬૩ની સાલ. એ બધું સાંભળેલું. એ અફીણનો હતો ને એક માણસ પોલીસ? એ કહે કે હું મારી ડ્યુટી ઉપર ઊભો હતો. અને આ નીકળ્યા. અફીણની એક પોટલી લઈને માણસ નીકળ્યો. ખોટે ખોટો. ફક્ત દુકાન ઉપર બક્ષીસ લેવા આવેલો અને ઓપીયન-ઓપીયન. અફીણનું ઓલું. એટલે કીધું ભાઈ! તમારી સાથે મારે શું સંબંધ છે? આ માલ રેલમાં આવે એની સાથે સંબંધ (હોય), તો એ તો બક્ષીસ લે. છતાં આઠ આના લો. તો કહે, નહિ. એક રૂપિયો (આપો). એ તકરાર થઈ મોટી. ૬૩ની વાત છે. ૧૯૬૩. પછી તકરાર થઈ અને એમાંથી કેસ અમે માંડ્યો એના ઉપર. અને બે માણસ ભેગા થઈને જરીક માર્યો પણ ખરો પછી એને. ભેગા બધા હતા એણે માર્યો હતો. મને એણે અહીં એક લાત મારી. અને પછી બીજાએ એને માર્યો. એટલે એમાં કેસ મોટો ચાલ્યો. પછી કહે હું મારી ડ્યુટી ઉપર ઊભો હતો. એમાં એક માણસ અફીણ લઈને નીકળ્યો અને આ છોકરો એના માણસોને, કુટુંબીને બોલાવીને મને માર્યો. એમ બોલે. ઓલું ડ્યુટી-ડ્યુટી બોલે. તદ્દન ખોટો કેસ. એકદમ ખોટો તદ્દન. એક મહિનો ને સાત દિ' કેસ ચાલ્યો. 'વડોદરા'. મોટો એનો હતો.. શું કહેવાય ભાઈ એ? પ્રેસિડેન્ટ. તે દિ' ૬૩ની સાલમાં એક મહિનાનો ત્રણ હજારનો પગાર હતો એનો. પ્રેસિડેન્ટ હતો 'વડોદરા'. મહીને, એક મહિનાના ત્રણ હજારનો પગાર. મોટો પ્રેસિડેન્ટ. અને જંગલમાં મોટી ઓલી શું કહેવાય? ઓફિસ. કોર્ટ. એમાં કેસ ચાલ્યો. અને મારી ઉંમર ૧૭ વર્ષની તે દિ'. ૧૭-૧૭. સત્રહ કહે ને તમારે? દસ ને સાત. પછી કેસ મોટો ચાલ્યો. સાતસોનો ખર્ચ થયો. પણ એ કહે, હું ડ્યૂટી ઉપર ઊભો હતો. એ ગોરો એવો, ત્રણ હજારનો પગારદાર અને મધ્યસ્થ, અમને આમ જોયા. એટલે એ ગોરો કહે, આ શું? આ તો વાણિયા. એના મોઢામાં તો જુઓ. આ અફીણની ચોરી કરે અને શું કેસ છે આ? એનો જે મુખ્ય માણસ (હતો) એણે જ દેખીને એકદમ ના પાડી. છતાં કેસ ચાલ્યો ૩૭ દિ'. છેવટે પ્રેસિડેન્ટ એમ બોલ્યો કે આ કેસ ક્યાં થયો છે? 'પાલેજ'. ક્યે સ્થાને થયો છે? કોર્ટ ત્યાં લઈ

જાવ. ત્યાં કોર્ટ લાવ્યા. જ્યાં કેસ થયો હતો ને ત્યાં કોર્ટ લાવ્યા. પોતે. ત્રણ હજારનો પગાર એને શંકા પડી ગઈ. બધું નક્કી કરતાં કરતાં છેલ્લે સહી કરી દીધી. કેસ તદ્દન જૂઠો છે. અને તેણે તો ત્યાં સુધી કહ્યું કે તમે શેઠિયાઓ! તમને સાતસોનો ખર્ચ થયો એ એની પાસેથી લ્યો. કારણ કે કેસ ખોટો છે. અમે પછી કીધું બિચારા ગરીબ માણસને જવા દેને. આવું ૬૩ની સાલમાં થયેલું. પછી કુદરતી એવું થયું કોઈ. કોણ જાણે કોઈ માણસ એને એવો મળ્યો એને મારી નાખ્યો. એને વિરોધ હશે. એ પોલિસ ઓપિયન હતો.

અહીં તો એ કહેવું હું ડ્યુટી ઉપર હતો. એમ અહીં સંવર કહે છે કે હું મારી ડ્યુટી ઉપર ઊભો છું. '**धुरां**' કીધું છે અહીં. જુઓ! આવશે. '**निजधुरां**' એ શબ્દ પડ્યો છે, જુઓ! પાઠમાં છે? '**निजधुरां**' એટલે પોતાની પદવી, પોતાની ડ્યુટી. સંવર પોતાની ડ્યુટી સાચવીને ઊભો છે હવે. એટલે શું? કે આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન, એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતાનું વેદન એને ઊભું છે, એ સંવર છે. એ સંવર પોતાની ડ્યુટી ઉપર ઉભો છે. હવે નિર્જરા શરૂ થાય છે, કહે છે.

મુમુક્ષુ :- બધા કંઈ ત્રણ હજારનો પગાર ડ્યુટીવાળાને ન દઈ શકે.

ઉત્તર :- તે દિ'ની વાત છે આ તો. તે દિ' ત્રણ હજારનો પગાર એટલે? એવો મોટો માણસ હતો. અમે કોર્ટમાં જ્યાં પેસ્યા. પાંચ જણાને પકડ્યા હતા. આમ જોયા ત્યાં એ અને એનો એક અમલદાર હતો. કારકુન, મોટો કારકુન. આ લોકોને... ઓલામાં ઊભા રાખે ને, પીંજરામાં ઊભા રાખ્યા. પીંજરામાં ઊભા રાખવા નહિ. ખુલ્લા ઊભા રહો અને જવાબ આપો. મારી જુબાની ત્રણ કલાક લીધી. મારી ઉંમર સત્તર વર્ષની. અમારા ભાઈ હતા 'ગાંડાભાઈ'. બહાર નીકળ્યા તો કહે, કેમ 'કાનજી' શું થયું? મેં કીધું, શું થાય? આપણે હતું એમ સત્ય કીધું. અહીં કાંઈ ડર-બર નથી. પણ એ ગોરો અને કારકુન એવા બેય. એ જોઈને કહે, આ લોકોને બહાર ઊભા રાખો. આ વેપારી માણસ લાગે છે. એના મોઢામાં અફીણનો વેપાર અને ચોરી-બોરી દેખાતું નથી. કોણે કેસ આવો ઊભો કર્યો? છેવટે ત્યાં આવીને રદ મારી દીધી.

એમ અહીં કહે છે, સંવર પોતાની ડ્યુટી ઉપર ઊભો (છે) અને પોતાની પદવી જાળવી રાખે છે. સમજાણું કાંઈ? 'સુમેરુમલજી'! '**निजधुरां**' છે ને? લ્યો! '**કેવો છે સંવર?**' જુઓ! '**रागाद्यास्रवरोधतः निजधुरां धृत्वा आगामि समस्तम् एव कर्म भरतः दुरात् निरुन्धन्**' મોટો શબ્દ લાંબો છે. '**રાગાદિ આસ્રવભાવોના નિરોધથી...**' રાગ, પુણ્ય-પાપના આસ્રવભાવોનો નિરોધ-અટકાવવું. પુણ્ય અને પાપના ભાવનું જેને રોકાઈ ગયા છે. સંવર પ્રગટ્યો છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિની તરફ પડખે ચડી ગયો છે. એટલે શાંતિ પ્રગટી છે, સમ્યક્ પ્રગટ્યું છે. એટલે કે '**રાગાદિ આસ્રવભાવોના નિરોધથી...**' નિરોધ એટલે અટકી જવું, રોકાઈ જવું. '**निजधुरां**' છે? એ '**પોતાના એક સંવરરૂપ પક્ષને...**' એટલે પોતાની સંવરરૂપ પદવીને '**ધરતો થકો...**' સંવરે પોતાની ડ્યુટી જાળવી છે. કે હું એક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પ્રગટ થયાં છે, એ સંવર છે, હવે એનાથી આસ્રવ આવે નહિ. એવી પોતાની પદવી જાળવી રાખી છે.

આહાહા..! 'સુજાનમલજી'! આવી વાતું છે.

ચોથે ગુણસ્થાને સમકિતી-જ્ઞાનીને હજી ત્રણ કષાયનો આસ્રવ આવતો. પાંચમે બે કષાયનો આસ્રવ આવતો. છઠ્ઠે એક સંજ્વલનનો આવતો. અહીંયાં તો વિશેષ વાત તો મુનિની પ્રધાનતાથી કથન છે. જેને સમ્યગ્દર્શન ઉપરાંત અંદર ચારિત્રની રમણતા, સ્વસંવેદન આત્માનું સ્વસંવેદન પ્રત્યક્ષ આનંદનું વેદન ઉગ્ર વધી ગયું છે, એ સંવર. આહાહા..! સમજાણું કાંઈ? એ '**निजधुरां**' સંવરે પોતાની પદવીને બરાબર જાળવી, ડ્યુટી જાળવી રાખી છે. એ સંવર પોતાની ડ્યુટીમાં ઊભો છે કે જેટલા પ્રમાણમાં મેં શુદ્ધતા પ્રગટ કરી એટલા પ્રમાણમાં એને આસ્રવ રોકાઈ ગયો છે. હવે આસ્રવ આવતો નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. આ તો અધ્યાત્મ વાતું, બાપુ! આ કાંઈ કથા-વાર્તા નથી. આહાહા..! ત્રણલોકના નાથ ભગવાનસ્વરૂપની આ તો વાર્તા છે. ભગવાને કહી છે અને સંતોને બતાવી છે અને સંતોએ પોતાના ભગવત્સ્વરૂપને પ્રગટ કર્યું છે. આહાહા..! ચારિત્રસહિતની વાત છે ને આ તો. આહાહા..! એવી ચારિત્ર એટલે સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થયો છે એ ઉપરાંત સ્વરૂપમાં ચરવું, રમવું, જમવું, જામી ગયો છે, અંદર સ્થિરતા (થઈ છે), એને અહીંયાં સંવર કહે છે. આહાહા..! એ સંવરે પોતાની પદવીને, પોતાના પક્ષને, પોતાની સ્થિતિને, નવા આવરણ ન આવવા દેવા એવી ડ્યુટીમાં સંવર ઊભો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**निजधुरां**'. '**निज**' એટલે પોતાની, '**धुरां**' એટલે પક્ષ એટલે પદવી. પોતાની ડ્યુટીની પદવીને સંવરે બરાબર જાળવી છે. જેટલું મને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું એટલું હવે મને આવરણ આવશે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આવો માર્ગ હવે. શેઠિયાઓએ સાંભળ્યો પણ ન હોય ને જ્યાં ત્યાં.. બધાયની વાત છે ને. એકની ક્યાં વાત કરવી. મોટા મોઢા આગળની (વાત થાય). નવરા ક્યાં થાય છે? નવરાશ પણ ન મળે. આહાહા..! આત્મા શું? સંવર શું? નિર્જરા શું? આસ્રવ શું? બંધ શું? આહાહા..!

અહીં ત્રિલોકનાથ પરમાત્માએ કહેલી વાત સંતો આડતિયા થઈને જગતને જાહેર કરે છે. માલ તો ભગવાનનો આ છે. આહાહા..! જેણે આત્મામાંથી જે શક્તિની વ્યક્તતાનો અંશ કોઈ દિ' નહોતો, એ જ્ઞાનનો અંશ વિકાસ હતો એ તો એક સાધારણ અંશ, એ કાંઈ મૂળ ચીજ નથી, અંદર સમ્યગ્જ્ઞાનને સ્પર્શીને જે જ્ઞાનદશાનો અંશ થાય તેને જ્ઞાન કહીએ. આમ તો જ્ઞાનનો ઉઘાડ તો બધાને છે ને અંશે બહાર? એ જ્ઞાન નહિ. કેમકે એ જ્ઞાન પરલક્ષી જ્ઞાન છે. પરને જાણનારું જ્ઞાન પરાધીન. અને એકાંત જાણનારું જ્ઞાન એ તો પરાધીન જ્ઞાન છે. જે જ્ઞાન જ્ઞાનનો દરિયો પ્રભુ ભર્યો છે એમાં ડૂબકી મારીને અંદર સ્પર્શીને જે જ્ઞાન કાઢે (એ જ્ઞાન છે). આહાહા..! એને શાસ્ત્રજ્ઞાનની જરૂર નથી, એને દેવ-ગુરુની વાણીની પણ જેને જરૂર નથી. આહાહા..! એવું જે ભગવાનસ્વરૂપ જ્ઞાન-પ્રભુ એ જ્ઞાનનો તો દરિયો છે. એમાં જરી એકાગ્ર થઈને જ્ઞાન જેણે વ્યક્ત કર્યું છે. પર્યાયમાં સમ્યગ્જ્ઞાન સ્વપરપ્રકાશક શક્તિ સ્વને પ્રકાશીને પરને પ્રકાશે એવી શક્તિ પ્રગટ કરી છે. અને તેમાં તેની પ્રતીતિ કરી છે કે હું તો જ્ઞાન જ છું અને આનંદ જ છું. આહાહા..! નમૂનાની સાથે આખો માલ કબુલ કર્યો છે. આહાહા..! એવી કબુલાતમાં જેટલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની રમણતા જેટલી પ્રગટ થઈ

છે તેટલી સંવરે પોતાની પદ્વી-ડ્યુટીને જાળવી રાખી છે. આહાહા..! હવે એ પાછો પડતો નથી. હવે એ આગળ વધે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'निजधुरां' 'ધરતો થકો.'** એ સંવરની દશાને ધારણ કરતો થકો. આહાહા..! એ સંવરપૂર્વક નિર્જરા તેને નિર્જરા કહેવામાં આવે છે. એ વિના નિર્જરા તે નિર્જરા નથી. વિપાક નિર્જરા એ તો બંધનું કારણ છે. આહાહા..! **'અખંડધારાપ્રવાહરૂપ આસ્રવિત થનારાં...'** સંવરે શું કર્યું છે? જેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિર્મળ દશા પ્રગટ કરી છે એણે શું કર્યું છે? કે **'અખંડધારાપ્રવાહરૂપ આસ્રવિત થનારાં...' 'समस्तम् एव कर्म' 'નાના પ્રકારનાં...'** એટલે અનેક નાના એટલે. **'નાના પ્રકારનાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય ઈત્યાદિ અનેક પ્રકારનાં પુદ્ગલકર્મને...' 'भरतः'** એ સંવરની મોટપથી, પોતાના સંવરની શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાનની મહત્તાથી **'दुरात्' 'પાસે આવવા દેતો નથી.'** કર્મને આવવા દેતો નથી. આહાહા..!

આ તો એક એક શ્લોક એવા છે ને, બાપુ! આ તો ભગવંતસ્વરૂપની વાત છે, ભાઈ! આ તું ભગવાનસ્વરૂપ છો, પ્રભુ! ભગવાન છે બધા. આહાહા..! ચેતનાના પિંડ છે પ્રભુ બધા. એને અંદર ભાન કરીને.. ભાન થયું, સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું, ચારિત્ર અંશે થયું છતાં હજી પૂર્વના કર્મ બંધ પડ્યા છે અને તેનો ઉદય પણ આવે છે અને એમાં જેટલું જોડાય તેટલો આસ્રવ પણ થાય છે. હવે અહીં સંવર કહે છે કે એ જોડાવાનું હવે મારામાં નથી. હું તો સંવર મારી પદ્વીને જાળવી રાખીને પૂર્વના જે કર્મ છે એને મારી મોટપથી, જોયું! **'भरतः'** એટલે મારી મહિમાથી. આહાહા..! સમ્યગ્દર્શન અને જ્ઞાન અને ચારિત્ર એ મારી મોટપથી, મેં મારી મોટપથી એને રોક્યા છે. મેં રાંકાઈથી રોક્યા છે એમ નહિ. આહાહા..! **'भरतः'**નો અર્થ એ. આહાહા..! ગજબ વાત છે ને! આવી વાત ક્યાં છે? બાપુ! એ દિગંબર સંતો સિવાય આવી વાતું બાપુ ક્યાંય સાંભળવા મળે એવું નથી. આહાહા..!

મુમુક્ષુ :- દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોટો છે.

ઉત્તર :- મોટો છે એ. જેટલો સંવર પ્રગટ્યો છે એ મોટપ છે. એ મોટપ એવી છે કે નવા આવરણને આવવા દેતું નથી. આહાહા..!

ઓલામાં આવે છે ને? 'જે દિશાએ સિંહ સંચર્યો રજુ લાગી તરણા.' સિંહ જ્યાં ચાલ્યો અને એના પગની રજ જે તૃણને અડે, 'એ તરણા ઊભા સુખશે નહિ ચરે એને હરણા' હરણિયા એના તરણાને અડશે નહિ. એના પગ અડ્યા છે એને. રજકણ ઉડી. એમ જેને સિંહરૂપી ભગવાનઆત્મા ત્રાડ મારીને જાગ્યો છે અને આસ્રવને તોડી નાખ્યો છે જેણે. આહાહા..! એ પહેલું આવી ગયું છે આપણે. શાંતરસમાં વીરરસ. આસ્રવ ગર્વ કરે છે એમાં આવી ગયું છે. આહાહા..! છે તો શાંતરસ, પણ ત્યાં વીરતાનું વર્ણન કર્યું છે. આહાહા..!

**'भरतः' 'પોતાની મોટપથી दुरात् निरुन्धन्' 'दुरात् निरुन्धन्'** એટલે આવવા દેતો નથી પરમાણુને. સંવર જેટલો પ્રગટ્યો છે એ આવરણને અંશે આવવા દેતો નથી. આહાહા..! **'दुरात् निरुन्धन्'** આહાહા..! **'સંવરપૂર્વક નિર્જરા કરતાં જે કાર્ય થયું તે કહે છે-'** હવે કહે છે કે સંવરપૂર્વક જેટલી શુદ્ધતા વધી, અશુદ્ધતા ગઈ, કર્મ ગયા, ટળ્યા એ શું થયું હવે ત્યારે? શું

કાર્ય થયું એમાં? આહાહા..! '**यतः ज्ञानज्योति अपावृत्तं रागादिभिः न मूर्च्छति**' જે શુદ્ધતાની વૃદ્ધિ કરતાં, ભગવાનઆત્મા પૂર્ણાનંદના નાથનો ઉગ્ર આશ્રય કરતા જે સંવરપૂર્વક શુદ્ધિની વૃદ્ધિ થઈ. આહાહા..! સંવરમાં શુદ્ધિ તો હતી પણ વિશેષ પ્રભુ પરમાત્માના અંતરના અવલંબનમાં ગયો, વિશેષ આશ્રય કર્યો ત્યારે નિર્જરા શરૂ થઈ. આહાહા..!

એ જ્ઞાન '**रागादिभिः न मूर्च्छति**' '**જે નિર્જરાથી જીવનું શુદ્ધ સ્વરૂપ નિરાવરણ થયું થકું...**' આહાહા..! હવે રાગમાં મૂર્છાતું નથી. આહાહા..! સંવર હતો પણ હજી ત્રણ કર્મના આસ્રવ હતા. ત્રણ કષાયના, બેના (આસ્રવ હતા), એમાંથી રાગ થઈને અસ્થિર થઈ જતું હતું. એ હવે અહીંયાં સંવરપૂર્વક જ્યાં અંદર ઉગ્ર આશ્રય લીધો તો એ રાગથી મૂર્છિત થતો નથી અને શુદ્ધિની વૃદ્ધિ કરે છે. આવું સ્વરૂપ છે. 'કપુરભાઈ'! આવું સ્વરૂપ છે, લ્યો! આ તો શેઠિયા. સ્થાનકવાસીના શેઠિયા કે દિગંબરના શેઠિયાએ સાંભળ્યું નથી બધું. આવો માર્ગ છે, બાપા!

મુમુક્ષુ :- બધી ...

ઉત્તર :- મોટા ઉપર .. હોય ને જાજા. એ હવે પણ એના .. થઈ ગયા. કાંઈ નિર્ણય કર્યા નહિ, વિચાર કર્યા નહિ. માથે બેઠા હોય એ કહે, જય નારાયણ. આહાહા..!

'**ज्ञानज्योति अपावृत्तं रागादिभिः न मूर्च्छति**' આહાહા..! હવે ચૈતન્યજ્યોતિ જે સંવર થયો હતો, છતાં જે રાગ હતો તેમાં અસ્થિરતા થતી, એ '**ज्ञानज्योति अपावृत्तं**' હવે અસ્થિરતા થતી નથી. નિર્જરા શુદ્ધિ થઈ ત્યાં અસ્થિરતા થતી નથી. સ્થિર-સ્થિર સ્વરૂપમાં સ્થિર થઈને શુદ્ધિની વૃદ્ધિ કરે છે એ નિર્જરા છે. સંવર એ શુદ્ધિની ઉત્પત્તિ છે, નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ છે, મોક્ષ છે તે શુદ્ધિની પૂર્ણતા છે. આ ત્રણ પ્રકાર તત્ત્વના. શું કહ્યું? સંવર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ થાય તે સંવર-તે શુદ્ધિ છે. અને હવે પૂર્વના કર્મ ખરે છે, સ્વરૂપમાં વિશેષ ઉગ્રતા સ્થિર થાય છે એટલી શુદ્ધિની વૃદ્ધિ છે. અને મોક્ષ એટલે શુદ્ધિની પૂર્ણતા છે. જેવો શુદ્ધ પૂર્ણ સ્વભાવ છે એવી શુદ્ધિ પૂર્ણ પ્રગટ થઈ જાય એનું નામ મોક્ષ છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શુદ્ધિની ઉત્પત્તિ...

ઉત્તર :- શુદ્ધિની ઉત્પત્તિ, શુદ્ધિની વૃદ્ધિ અને શુદ્ધિની પૂર્ણતા આ સંવર, નિર્જરા અને મોક્ષ. ટૂંકી ભાષા. આહાહા..! શાસ્ત્રભાષા તો જેમ બોલે એમ બોલતા હોય ને. સંવર-નિર્જરા-મોક્ષ. પણ એનો અર્થ શું? આહાહા..!

આત્મા આનંદનો નાથ પ્રભુ, પૂર્ણાનંદના નાથનો છલોછલ ભરેલો સ્વભાવ, એને અવલંબીને જેટલી શાંતિ અને દર્શનાદિ પ્રગટ થયા તેટલી શુદ્ધિને સંવર કહે છે. એ સંવર નવા આવરણને આવવા દેતું નથી. હવે પૂર્વના મિથ્યાત્વભાવે બંધાયેલા કર્મો પડ્યા છે જ્ઞાનીને પણ, એ પોતે આત્મામાં વિશેષ એકાગ્રતા થતાં શુદ્ધના પરમાત્મદશાનું વિશેષ અવલંબન લઈને એ કર્મ પૂર્વનું છે તે પણ ખરી જાય છે અને અહીં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. અને શુદ્ધિની પૂર્ણતા થઈ જાય એ સિદ્ધપદ-એ મોક્ષ છે. આહાહા..! મોક્ષ કોઈ બીજી ચીજ નથી. મોક્ષ એટલે દુઃખથી પૂર્ણ મુકાવું અને સુખથી પૂર્ણ પરિણમી જવું. મોક્ષ શબ્દ છે ને એટલે

મુકાવું. પૂર્ણ દુઃખથી મુક્ત અને પૂર્ણ સુખની પ્રાપ્તિ, એનું નામ મુક્તિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો પહેલું માંગલિક-મંગલાચરણ કરે છે. 'નિર્જરા અધિકાર'ની પહેલી ગાથા, પહેલો કળશ છે ને, માંગલિક કરે છે. આહાહા..! હવે એક કલાકમાં કઈ કઈ જાતની વાતું આવે. એને તો બહુ ધ્યાન રાખીને પકડે તો (પકડાય એવું છે). દુનિયા બધી શું કહે છે, કેમ કહે છે એ તો ખબર નથી? આહાહા..! આ મારગડા જુદા, નાથ! તારા સ્વરૂપને શરણે જાવું એ પહેલો સંવર અને વિશેષ શરણે જાવું એનું નામ નિર્જરા અને પૂર્ણ શરણે જાવું અને પૂર્ણ પ્રગટ થવું એનું નામ મુક્તિ. આહાહા..!

સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું માટે થઈ રહ્યું, હવે અમારે હવે આસ્રવ પણ નહિ અને બંધ પણ નહિ અને રાગ પણ નહિ અને દુઃખ પણ નહિ. એ એકેય તત્ત્વને કાંઈ સમજ્યા નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે, બાપુ! પરમાત્મા જિનેન્દ્રદેવ, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. સંતોએ સંગ્રહીને જગત પાસે જાહેર કરે છે. આહાહા..! 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ત્રણલોકના નાથ 'સીમંધર' પ્રભુ બિરાજે છે. એવા તીર્થંકરો અનંત થઈ ગયા. એનું મુખ બંધ હોય છે. હોઠ હલે નહિ, કંઠ હલે નહિ. 'મુખ ૐકાર ધ્વનિ સુણી' ૐ અવાજ અંદરથી નીકળે. ઈચ્છા વિના ધ્વનિ નીકળે. ૐ ધ્વનિ. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' સંતોના નાથ ગણધર, મુનિના ટોળાના નાથ. ગણધરો અર્થ વિચારે. 'રચી આગમ ઉપદેશે...' એ આગમનો ઉપદેશ કરે. આ આગમ. 'ભવિકજીવ સંશય નિવારે' આ ભવિ જીવ. આહાહા..! 'સુસત્યાર્થ શારદા તાસુ ભક્તિ ઉર આણ.' એમ કહીને 'બનારસીદાસે' કહ્યું. 'છંદ ભુજંગ પ્રયાતમેં અષ્ટક કહું બખાન' આઠ ગાથા કરે છે. 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા..' 'જિનાદેશ જાતા..' જિનેન્દ્રના આદેશમાંથી નીકળેલી, 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' ભગવાનના મુખથી પ્રસિદ્ધ થઈ છે વાણી. આહાહા..! 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા.' પ્રસિદ્ધ થઈ છે વાણી. સમજાણું કાંઈ? 'વિશુદ્ધ પ્રબુધા નમો લોકમાતા' એ જિનવાણી લોકમાતા છે. વિશુદ્ધ પ્રબુધા. 'દુરાચાર દૂરનિહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી' ત્રણલોકના નાથની વાણી જિનવાણી માતા છે, બાપુ! એ શું છે? ભાઈ! આહાહા..! એનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ કરે, એ માતા જેમ બાળકને પોષે છે, એમ એ વાણીમાં ભાવ આત્માને પોષે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે એ સંવરપૂર્વક જે શુદ્ધતા વધી એ શું થયું? જ્ઞાન એટલે આત્માની દશા એવી પ્રગટી કે જેને **'अपावृत्तं'** હવે ઢંકાવું રહ્યું નહિ-આવરણ રહ્યું નહિ. એવી દશા જેને પ્રગટી. **'ज्ञानज्योति अपावृत्तं रागादिभिः न मूर्च्छति' 'જે નિર્જરાથી જીવનું...'** જે શુદ્ધિની વૃદ્ધિથી. ભગવાનઆત્માનું ઉગ્ર આલંબન લઈને જે શુદ્ધિની વૃદ્ધિ થઈ, એનાથી **'જીવનું શુદ્ધસ્વરૂપ નિરાવરણ થયું થકું...'** આહાહા..! સંતોએ તો ભાષા બહુ ટૂંકી કરીને જગતના ઉદ્ધાર માટે વાતું કરી, પ્રભુ! આહાહા..! ભાઈ! ચોર્યાસીના અવતાર ભવાબ્ધિમાં મરી ગયો તું. ચૌર્યાસીના અવતારમાં ક્યાંય.. એના ઉદ્ધારનો પંથ પ્રભુ તારામાં તું છો. આહાહા..!

કહે છે કે જ્ઞાનજ્યોતિ **'अपावृत्तं'** પ્રગટ થઈ. એ નિર્જરા. સંવર તો હતો, શુદ્ધતા તો

હતી પણ જ્યાં અંતરનો વિશેષ આશ્રય લીધો, ભગવાનનો પોતાનો, તો સંવરપૂર્વક શુદ્ધિ '**अपावृत्तं**' આવરણ વિનાની દશા પ્રગટ થઈ ગઈ. સમજાણું કાંઈ? આ બાપુ કથા-વાર્તા નથી. આ તો આત્મધર્મની ભાગવત કથા છે. આ ભાગવત કથા. ઓલી તમારે ભાગવત કથા (કરે) ત્યાં તો ઓલી રાગ-દ્વેષની કથા હોય. આ તો ભાગવતકથા. 'નિયમસાર'ની છેલ્લી ગાથામાં કહ્યું છે. ભાગવત કથા છે. આહાહા..! ભગવત્સ્વરૂપ ભગવાન એની આ કથા-વાર્તા છે. સમજાણું કાંઈ?

'**જીવનું શુદ્ધ સ્વરૂપ નિરાવરણ થયું થકું અશુદ્ધ પરિણામો વડે પોતાના સ્વરૂપને છોડી રાગાદિરૂપ થતું નથી.**' આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સંવર અંશે પ્રગટ્યા હતા, પણ જ્યાં વિશેષ આશ્રય લઈને શુદ્ધિ વધી.. '**અશુદ્ધ પરિણામો વડે પોતાના સ્વરૂપને છોડી રાગાદિરૂપ થતું નથી.**' પ્રથમ હજી સંવર હતો પણ નિર્જરા નહોતી ત્યાં સુધી હજી રાગરૂપ થતું. ધર્મીને પણ રાગદશા હતી. હવે કહે છે કે નિર્જરા થતાં રાગ-દ્વેષરૂપ થતું નથી. સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

(અનુષ્ટુપ)

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भुञ्जानोऽपि न बध्यते।।२-१३४।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'तत् सामर्थ्यं किलज्ञानस्य एव वा विरागस्य एव' ( तत् सामर्थ्य ) એવું સામર્થ્ય ( किल ) નિશ્ચયથી ( ज्ञानस्य एव ) શુદ્ધ સ્વરૂપના અનુભવનું છે, ( वा विरागस्य एव ) અથવા રાગાદિ અશુદ્ધપણું છૂટ્યું છે તેનું છે. તે સામર્થ્ય શું? 'यत् कः अपि कर्म भुज्जानः अपि कर्मभिः न बध्यते' ( यत् ) જે સામર્થ્ય એવું છે કે ( कः अपि ) કોઈ સમ્યગ્દષ્ટિ જીવ ( कर्म भुज्जानः अपि ) પૂર્વે જ બાધ્યાં છે જ્ઞાનાવરણાદિ કર્મ, તેના ઉદયથી થઈ છે શરીર-મન-વચન-ઇન્દ્રિય-સુખ-દુઃખરૂપ નાના પ્રકારની સામગ્રી, તેને જોકે ભોગવે છે તોપણ ( कर्मभिः ) જ્ઞાનાવરણાદિથી ( न बध्यते ) બંધાતો નથી. જેવી રીતે કોઈ વૈદ્ય પ્રત્યક્ષપણે વિષ ખાય છે તોપણ મરતો નથી અને ગુણ જાણે છે તેથી અનેક યત્ન જાણે છે, તેના વડે વિષની પ્રાણઘાતક શક્તિ દૂર કરી દીધી છે; તે જ વિષ અન્ય જીવ ખાય તો તત્કાળ મરે, તેનાથી વૈદ્ય ન મરે;-આવું જાણપણાનું સામર્થ્ય છે; અથવા કોઈ શૂદ્ર મદિરા પીએ છે, પરન્તુ પરિણામોમાં કંઈક દુશ્ચિન્તા છે, મદિરા પીવામાં રુચિ નથી; એવો શૂદ્રજીવ મતવાલો થતો નથી, જેવો હતો તેવો જ રહે છે; મદ્ય તો એવું છે કે જો અન્ય કોઈ પીએ તો તત્કાળ મતવાલો થાય, પણ જે કોઈ મતવાલો નથી થતો તે અરુચિપરિણામનો ગુણ જાણો; તેવી રીતે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ નાના પ્રકારની સામગ્રીને ભોગવે છે, સુખ-દુઃખને જાણે છે, પરંતુ જ્ઞાનમાં શુદ્ધસ્વરૂપ આત્માને અનુભવે છે; તેના વડે એવું અનુભવે છે કે આવી સામગ્રી કર્મનું સ્વરૂપ છે, જીવને દુઃખમય છે, જીવનું સ્વરૂપ નથી, ઉપાધિ છે; આવું જાણે છે તે**

જીવને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો નથી; સામગ્રી તો એવી છે કે મિથ્યાદષ્ટિને ભોગવતાં માત્ર કર્મબંધ થાય છે; જે, જીવને કર્મબંધ થતો નથી તે જાણપણાનું સામર્થ્ય છે એમ જાણવું; અથવા સમ્યગ્દષ્ટિ જીવ નાના પ્રકારનાં કર્મના ઉદયફળ ભોગવે છે, પરંતુ અભ્યન્તર શુદ્ધસ્વરૂપને અનુભવે છે, તેથી કર્મનાં ઉદયફળમાં રતિ ઊપજતી નથી, ઉપાધિ જાણે છે, દુઃખ જાણે છે, તેથી અત્યન્ત લૂખો છે; આવા જીવને કર્મનો બંધ થતો નથી તે લૂખા પરિણામોનું સામર્થ્ય છે એમ જાણો. તેથી આવો અર્થ નક્કી કર્યો કે સમ્યગ્દષ્ટિ જીવને શરીર-ઈન્દ્રિય આદિ વિષયોનો ભોગ નિર્જરાને લેખે છે, નિર્જરા થાય છે; કેમ કે આગામી કર્મ તો બંધાતું નથી, પાછલું ઉદયફળ દઈને મૂળથી નિર્જરી જાય છે; તેથી સમ્યગ્દષ્ટિનો ભોગ નિર્જરા છે. ૨-૧૩૪.

---

## આસો વદ ૨, શુક્રવાર, તા.૨૮-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૪, પ્રવચન - ૧૩૩

આવી વાત છે. ભૂતકાળમાં અરિહંત થઈ ગયા, અત્યારે છે, ભવિષ્યમાં થશે. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં. એવો પાઠ છે. પછી ટૂંકું કરીને ત્રિકાળી કાઢી નાખ્યું. નમો લોએ સવ્વ સાહુણં રાખ્યું. એ લોએ સવ્વ સાહુણં બધામાં આવે. નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઈરિયાણં. એમાં ત્રિકાળ આવે. ત્રણે કાળમાં વિચરતા અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાય, સાધુઓ, એને મારા નમસ્કાર છે. આહાહા..! પંચ પરમેષ્ઠી. 'ધવલ'માં એવો પાઠ છે. ત્રિકાળીને નમસ્કાર. ભવિષ્યમાં થશે એને હું અત્યારે નમસ્કાર કરું છું. આહાહા..! પંચ પરમેષ્ઠી એટલે? જિનેન્દ્રદેવ અરિહંત પરમાત્મા, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન (થયું) એવા અરિહંતો અનંત થઈ ગયા, વર્તમાન બિરાજે છે, ભવિષ્યમાં અનંત થશે. બધાને હું નમસ્કાર કરું છું. એમ પહેલી શરૂઆત આવે છે. આહાહા..! એ અરિહંતોએ જે આત્મજ્ઞાનની વાત કરી છે એની આ વાત ચાલે છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળી જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે. પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર'પ્રભુ વર્તમાનમાં સમવસરણમાં બિરાજે છે. આહાહા..! ત્યાંથી આ વાણી આવી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં સંવત્ ૪૯માં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવી આ બનાવ્યું છે. એની આ ટીકા છે.

આપણે 'નિર્જરા અધિકાર' ચાલે છે. ૧૩૪ કળશ. શાંતિથી, ધીરજથી સમજવા જેવી વાત છે, ભાઈ! અનંતકાળ થયો, ચોર્યાસીના અવતાર અનંત કર્યા, અનંતવાર રાજા થયો, અનંતવાર અબજોપતિ શેઠિયા થયો.

તજ્જ્ઞાનસ્યૈવ સામર્થ્યં વિરાગસ્યૈવ વા કિલ।
યત્કોऽપિ કર્મભિઃ કર્મ મુઞ્જાનોऽપિ ન બધ્યતે।।૨-૧૩૪।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तत् सामर्थ्यं किलज्ञानस्य एव वा विरागस्य एव' '**એવું સામર્થ્ય નિશ્ચયથી શુદ્ધ સ્વરૂપના અનુભવનું છે,...**' શું કહે છે? ઝીણી વાત છે, પ્રભુ! આ આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા છે. એની પર્યાયમાં જે આ પુણ્ય-પાપ આદિ દેખાય છે એ બધી મલિનતા છે, દુઃખ છે. એનું અંતર સ્વરૂપ તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહાહા..! તે પણ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પરમેશ્વરે આત્મા કહ્યો તે આત્મા. બીજાઓ આત્મા કહે છે એ આત્મા એણે જાણ્યો નથી. અને જાણ્યા વિના વાતું કરી છે. આ તો જિનેન્દ્ર સર્વજ્ઞ પરમેશ્વર, જેણે અનંત આત્મા અને અનંત રજકણોને પ્રત્યક્ષ જોયા-જાણ્યા છે. એ ભગવાનનું એમ ફરમાન છે કે જેને આ આત્મા આનંદસ્વરૂપ, શુભ-અશુભ જે રાગ છે પુણ્ય-પાપના ભાવ, એનાથી ભિન્ન પડી અને પૂર્ણ આનંદસ્વરૂપ પ્રભુનો અનુભવ કરે કે જે અનુભવમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એનું નામ સમ્યગ્દર્શન પરમાત્મા ત્રિલોકનાથ કહે છે. જેમાં સ્વભાવ જે આખો ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે તેનું જ્ઞાન થાય. તેનું જ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે તો એનું જ્ઞાન થતાં અતીન્દ્રિય આનંદનું વેદન-સ્વાદ આનંદનો આવે, એને અહીંયાં જ્ઞાન અને સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! આવી વાતું છે.

એ કહે છે કે જેનું સામર્થ્ય '**શુદ્ધ સ્વરૂપના અનુભવનું છે.**' આહાહા..! આ શરીરાદિ તો માટી, જડ, ધૂળ છે. આ તો પુદ્‌ગલ છે, આ કાંઈ આત્મા નથી. આ તો જગતની માટી છે. અંદર કર્મ છે. ભગવાને કહ્યા આઠ જ્ઞાનાવરણી આદિ એ પણ માટી, ઝીણી ધૂળ, ઝીણી ધૂળ છે. આહાહા..! એ કાંઈ આત્મા નથી. એમાં જે કાંઈ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો ભાવ થાય એ પાપતત્ત્વ છે. એ આત્મા નથી. એમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભક્તિ આદિનો ભાવ થાય એ પુણ્યતત્ત્વ છે. એ આત્મા નથી. આહાહા..! નવ તત્ત્વ ભગવાને કહ્યા. એમાં એ પુણ્ય અને પાપના તત્ત્વથી ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સ્વામિનારાયણમાં કહે છે એ નહિ, હોં! આ તો સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ, એનો અંતરમાં અનુભવ થવો. આહાહા..! એ શુદ્ધ પવિત્ર પિંડ પ્રભુ છે એને અનુસરીને અનુભવ. એને અનુસરીને અનુભવ-વીતરાગદશા પ્રગટ થવી, આનંદનો સ્વાદ આવવો, વીર્યનું અનંતગુણની પર્યાયનું રચનારૂપ કાર્ય થવું, એવું જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન... આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ!

એ જ્યાં પ્રગટ્યું અંદરમાં સમ્યગ્દર્શન અને જ્ઞાન, તો કહે છે કે એ તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે. આહાહા..! જે અનાદિકાળથી પુણ્ય અને પાપના રાગનો અનુભવ હતો એ તો સંસાર હતો. એ દુઃખરૂપ દશા હતી. હવે અહીંયાં એ રાગથી ભિન્ન પડીને ભગવાન ચિદાનંદ પ્રભુ, પરમેશ્વર, જિનેશ્વરદેવે કહેલો જે આત્મા.. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગત દેખતા હો લાલ. પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ. નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ.' હે નાથ! હે સર્વજ્ઞ પરમેશ્વર! આપના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાય છે. એમાં અમારા આત્માને આપે એવો જોયો. 'શુદ્ધ (નિજ) સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' હે પરમાત્મા! અમારા આત્માને અને દરેક આત્માને આપ પવિત્ર શુદ્ધ સત્તાના સ્વરૂપે

આત્માને જુઓ છો. એમાં જે પુણ્ય અને પાપ અને શરીર એ તો પુણ્ય-પાપતત્ત્વ અને શરીર જડતત્ત્વમાં જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો જેવો પરમાત્મા શુદ્ધ સત્તાએ જોવે-દેખે છે એવો જે સમ્યગ્જ્ઞાની, સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો, ચોથું ગુણસ્થાન હજી. શ્રાવકનું પાંચમું છે એ બીજી ચીજ છે. અત્યારે શ્રાવક છે એ સમજવા જેવા છે. આ તો અંતરની ચીજ જેને અનંતકાળમાં પ્રગટી નથી... આહાહા..! એવો જેને આત્માના આનંદનો અનુભવ, શુદ્ધ સ્વરૂપનો અનુભવ (થયો). પુણ્ય-પાપનો અનુભવ એ તો અશુદ્ધતાનો મેલનો, દુઃખનો અનુભવ છે. ભગવાનઆત્મા પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે, પ્રભુ! તારા આત્માનો તને અનુભવ થાય. આહાહા..! એ પુણ્ય અને પાપના રાગથી ભિન્ન પડી અંતર્મુખ દૃષ્ટિ થતાં જે આત્માના આનંદનો અનુભવ થાય એ અનંતકાળમાં કદી એક સેકન્ડ પણ થયો નહોતો. આહાહા..! એવો જે આત્માનો અનુભવ એનું સામર્થ્ય એટલું છે કે... એ જુઓ!

'**અથવા રાગાદિ અશુદ્ધપણું છૂટ્યું...**' બે. ઝીણી વાત છે, ભગવાન! જેને આત્મા પુણ્ય અને પાપના અશુદ્ધ મલિનભાવ, એ ભાવ છૂટ્યા અને પૂર્ણાનંદના નાથના ભાવના અસ્તિત્વનો અનુભવ થયો. આહાહા..! આવી વાત હવે શું થાય? જેમાં ભગવાનની ભક્તિ, પૂજા, દાન, દયા, વ્રત, તપ એ બધા તો વિકલ્પ છે, પ્રભુ! તને ખબર નથી. એ રાગ છે. એ અશુદ્ધ રાગનો અનુભવ છૂટી અને શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્માનો અનુભવ થાય, એનું જ્ઞાન થાય ત્યારે અશુદ્ધ રાગાદિનો પણ અભાવ થાય એટલે વૈરાગ્ય થાય. આહાહા..! પોતાનો સ્વભાવ પૂર્ણાનંદ, પૂર્ણ જ્ઞાનઘન (છે). હરણની નાભીમાં કસ્તુરી, પણ એ કસ્તુરીની હરણિયાને કિંમત નથી. એમ ભગવાનઆત્મામાં અંતર અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની કસ્તુરી ભરી છે, પણ અજ્ઞાનીને એની કિંમત નથી. એને કિંમત બહાર પુણ્ય કરું, પાપ કરું એના ફળ મળે ધૂળાદિ. પાંચ-પચ્ચીસ કરોડ પૈસા-ધૂળ મળે, રાજ મળે ત્યાં અમે જાણે... ઓહોહો..! ધૂળમાંય (સુખી નથી), દુઃખી છો, ભાઈ! સાંભળને! આહાહા..!

મુમુક્ષુ :- બીજાની અપેક્ષાએ તો સુખી છે.

ઉત્તર :- બીજા કોની અપેક્ષાએ? બધા દુઃખી છે. આહાહા..! આ ચાલ્યા ગયા બિચારા, જુઓને! સવારમાં. ચાલીસ કરોડ રૂપિયા. 'શાહુજી શાંતિપ્રસાદ' દિગંબરના અગ્રેસર. હાર્ટમાં સવારમાં કાલે ખલાસ થઈ ગયો. ઉપડી ગયો. મોટા બંગલા ચાલીસ-ચાલીસ લાખના છે. 'દિલ્હી'માં ને 'કલકત્તા'માં. શું કામના? બાપા! એ બધું જડ છે. એ કર્મ પણ જડ છે અંદર. અને ભાવ થાય શુભ અને અશુભજોગ, એ ખરેખર પ્રભુ તને કઠણ પડે, એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાત્રાનો ભાવ એ પુણ્યભાવ (છે), ભગવાન તો એને જડ કહે છે. કેમકે એ પુણ્યભાવમાં-રાગમાં આત્માના ચૈતન્યનો પ્રકાશ નથી. ભગવાન ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ છે. તેમાં એ પુણ્યના ભાવમાં આનંદ અને જ્ઞાનના અંશનો અભાવ છે. માટે તેને અચેતન કહેવામાં આવે છે. આહાહા..!

ચેતન તો પ્રભુ અંદર ધ્રુવ નિત્ય અનાદિઅનંત, જેમાં જ્ઞાન ને આનંદ ને શાંતિ ને સ્વચ્છતા ને પ્રભુતા એવી અનંતી શક્તિનો રસકંદ પડ્યો છે, પ્રભુ! એની સન્મુખ થઈને એનો

અનુભવ કરવો. આહાહા..! અને એનો અનુભવ થતાં અશુદ્ધ રાગાદિનો ત્યાગ થવો એ વૈરાગ્ય. વસ્તુના સ્વરૂપનું ભાન થવું, જ્ઞાન થવું એ જ્ઞાન. અને અશુદ્ધ રાગાદિનો અભાવ થવો એ વૈરાગ્ય. સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મના પહેલા પગથિયાવાળો જીવ, ધર્મની પહેલી સીડીવાળો જીવ ચોથે ગુણસ્થાને, એને બે ભાવ એકસાથે હોય છે. ક્યા બે? '**ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल**' આહાહા..! એ પૂર્ણ આનંદસ્વરૂપનું જ્ઞાન અને રાગનો અભાવ, એ જ્ઞાન ને વૈરાગ્ય-બે સામર્થ્ય સમકિતીને હોય છે. આહાહા..!

'**અથવા રાગાદિ અશુદ્ધપણું છૂટ્યું છે તેનું છે. તે સામર્થ્ય શું?**' આહાહા..! રાગાદિનો અભાવ થઈ વૈરાગ્ય એનું નામ છે. આમ બાયડી-છોકરા છોડ્યા, કુટુંબ છોડ્યું અને દીક્ષા લીધી એ તો અનંતવાર લીધું એવું. એ વૈરાગ્ય નહિ. વૈરાગ્ય તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે કે પૂર્ણાનંદના નાથને, આત્માને અનુભવે અને એ અનુભવની સાથમાં રાગનો અભાવ (થવો), એને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહાહા..! જ્ઞાન અને વૈરાગ્ય ધર્મી-સમિકતી જીવને એકસાથે બે બળ હોય છે. સ્વરૂપનું જ્ઞાન અને રાગનો અભાવ વૈરાગ્ય, એવી બે શક્તિઓ સમકિતી ધર્મની પહેલી સીઢી-ધર્મનું પહેલું પગથિયું... આહાહા..! એને આ જ્ઞાન અને વૈરાગ્યના સામર્થ્ય બે ભેગા-સાથે હોય છે. આહાહા..! આમ પૂર્ણાનંદના અસ્તિત્વનું જ્ઞાન અને રાગના અભાવનો વૈરાગ્ય. આહાહા..! સમજાય છે કાંઈ? આવી વાત છે, ભગવાન! શું થાય? સત્ય તો એવું છે.

અનંતકાળ થયા, અનંત અનંત ભવ થયા. સાધુ પણ અનંતવાર થયો, રાજા રાજ છોડી પંચમહાવ્રત પાળ્યા. પણ એ તો રાગની ક્રિયા, બાપુ! તને ખબર નથી. એનાથી પ્રભુ ભિન્ન છે અંદર. એવા પૂર્ણાનંદના નાથનું સમ્યગ્જ્ઞાન અને તેની સાથે રાગના અભાવરૂપી વૈરાગ્ય, એ સમકિતી જીવની પહેલી સીઢીવાળાને બે સામર્થ્ય સાથે હોય છે. આહાહા..! જ્ઞાની આખી દુનિયાથી ઉદાસ છે. ચક્રવર્તીનુ રાજ હતું 'ભરત' ચક્રવર્તીને. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર 'ભરત' ચક્રવર્તી. છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. અંદરમાં હરામ પરને પોતાનું માનતો હોય તો. આહાહા..! રાગના પરિણામથી માંડીને બધી ચીજો, તેના પ્રત્યેથી ઉદાસ વૈરાગ્ય છે. આહાહા..! અને સ્વરૂપની પૂર્ણતા પ્રત્યેની પ્રતીતિનું પૂર્ણનું જ્ઞાન છે. આહાહા..! આવી વાતું છે, બાપુ! આકરું પડે માણસને, શું થાય? બધી દુનિયાને જાણી છે ને. આહાહા..! મારગડા બીજા પ્રભુ! તારા. જિનેન્દ્રદેવ પરમેશ્વર એ બીજે વાત ક્યાંય છે નહિ. જિનેન્દ્ર સિવાય આવી સત્ય વાત બીજે ક્યાંય નથી. એ વાત પણ મોંઘી બહુ, અપૂર્વ બહુ, દુર્લભ બહુ. આહાહા..! હજી તો સાંભળવા મળે નહિ. જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ,પૂજા, જાત્રાનો ભાવ એ રાગ છે, એ ધર્મ નથી. ધર્મ હોય તો અનંતવાર એ કર્યું છે.

ભગવાન સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે. સદાય તીર્થંકર વિદ્યમાન બિરાજમાન જ હોય ત્યાં. વીસ તીર્થંકર મોક્ષ પધારે તો બીજા વીસ થાય. વીસ મોક્ષ પધારે તો બીજા વીસ થાય. મહાવિદેહમાં તીર્થંકરનો ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ દિ' અભાવ ન હોય ત્યાં. ત્યાં આ જીવ અનંતવાર જન્મ્યો છે. દરેક અનંતવાર જનમ્યો છે. તો એના સમવસરણમાં પણ

અનંતવાર ગયો છે. આહાહા..! ત્રણલોકના નાથની વાણી સમવસરણમાં સાંભળી છે. પણ કેવળી આગળ રહી ગયો કોરો. ત્યાં પણ કોરોધાકોર રહી ગયો. અડવા ન દીધું. એ ભગવાન કહે કે પ્રભુ! તું રાગથી ભિન્ન છો. અમારી સામું જોઈને તું સાંભળે છો એ રાગ છે. એનાથી તારી ચીજ ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ આ શબ્દ છે. એક સજ્ઝાય માળા છે ને? ચાર સજ્ઝાયમાળા છે. એક સજ્ઝાયમાળામાં અઢીસો, બસ્સો-અઢીસો સજ્ઝાય છે. એક એક સજ્ઝાયમાં આઠ-દસ-પંદર શ્લોક છે. એવી ચાર સજ્ઝાયમાળા છે. એ તો હું ત્યાં દુકાન ઉપર વાંચતો તે દિ'. (સંવત) ૧૯૬૫-૬૬ની સાલ. નાની ઉંમરમાં. અત્યારે તો ૮૮ થયા. આ તો ૭૦-૭૧ વર્ષ પહેલાંની વાત છે. એ ચારે.. શું કહેવાય એ? સજ્ઝાયમાળા. એ દુકાન ઉપર મંગાવતો. 'પાલેજ' દુકાન છે ને? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ'માં પિતાજીની દુકાન છે. અત્યારે મોટી દુકાન છે. મને તો ૬૪ વર્ષ થયા દુકાન છોડ્યા. દુકાન તો મોટી ચાલે છે. અત્યારે. ૩૦-૩૫ લાખ રૂપિયા છે. ૩-૪ લાખની પેદાશ છે, અત્યારે. મને ૬૪ વર્ષ થયા છોડ્યા એને. બધું જોયું, જાણ્યું ઘણું જોયું હતું.

અહીં એમ કહે છે, એમાં સજ્ઝાયમાળામાં એક શબ્દ આવો આવ્યો હતો. બે શબ્દ યાદ છે. 'કેવળી આગળ રહી ગયો કોરો.' કીધું આ શું? બહુ નાની ઉંમર એટલે કીધું આ શું? ૬૫-૬૬ની વાત છે. સંવત્ ૧૯૬૫-૬૬. એટલે કે કેવળજ્ઞાનીની સભામાં અનંતવાર ગયો. પણ લુખ્ખો. કોરાને હિન્દીમાં શું કહે? ખાલી. ખાલી આયા. આહાહા..! એ રાગની રુચિ છોડી નહિ અને રાગની રુચિ છોડ્યા વિના સ્વભાવની રુચિ થાય નહિ. આહાહા..! તો ત્યાં કોરો રહ્યો. બે શબ્દ યાદ છે. વાંચેલું તો બધું વાંચેલું. હજારો-કરોડો શ્લોકો વાંચેલા. એમાં બે (શબ્દ યાદ રહ્યા). એક આ અને એક બીજો 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' મેં કીધું આ શું? મારે દીક્ષા લેવાની હતી. વૈરાગ્ય હતો. દુકાન છોડી દેવી હતી. એમાં આ આવ્યું. 'દ્રવ્ય સંયમસે...' બહારની ક્રિયાકાંડ, પંચમહાવ્રતાદિ અનંતવાર પાળ્યા પણ આત્મદર્શન અને સમ્યગ્દર્શન ન કર્યું. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો.' દીક્ષીત થઈને પુણ્યના પરિણામ એટલા કર્યા, પંચમહાવ્રતાદિ (પાળ્યા) કે જેથી નવમી ગ્રૈવેયકે ગયો. ભગવાને આ ચૌદ બ્રહ્માંડને જોયા છે એમાં નવમી ગ્રૈવેયકે ગયો. ગ્રૈવેયક એટલે આ ડોક. વિમાન છે ત્યાં. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. આહાહા..! 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફિર પીછો પટક્યો.' પણ મિથ્યાત્વ ગયું નહિ. સ્વરૂપનો અનુભવ ન કર્યો અને રાગના અભાવનો વૈરાગ્ય ન કર્યો. આહાહા..! એથી નવમી ગ્રૈવેયક જઈને સ્વર્ગના પુણ્યના ફળ ભોગવીને પડ્યો નીચે. તિર્યંચમાં, ઢોરમાં અને ત્યાંથી પડીને નરકમાં, નિગોદમાં ચાર ગતિમાં રખડે છે આહાહા..!

અહીં પરમાત્મા એમ કહે છે કે જ્ઞાન અને વૈરાગ્યનું સામર્થ્ય એવું છે કે **'यत् कः अपि कर्म मुञ्जानः अपि कर्मभिः न बध्यते'** **'જે સામર્થ્ય એવું છે કે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...'** છે? **'પૂર્વે જે બાંધ્યા છે જ્ઞાનાવરણાદિ કર્મ,...'** પૂર્વના બાંધેલા જ્ઞાનાવરણી આદિ કર્મ હોય છે. સમકિતીને હોય છે ને? પૂર્વે બાંધેલા. **'તેના ઉદયથી થઈ...'** એ પૂર્વના બાંધેલા કર્મ છે એના ઉદયથી શું થયું? કે આ શરીર મળ્યું. ધૂળ. આ તો માટી છે. **'શરીર-મન...'** આ મન મળ્યું

એક. છાતીમાં મન છે. વિચાર આત્મા કરે ત્યારે અહીં છાતીમાં એક મન છે. '**વચન-**' આ વાણી જડ છે. મન જડ, વાણી જડ, શરીર જડ-ત્રણેય જડ છે. આહાહા..! એ બધી કર્મના ઉદયની સામગ્રી છે. આહાહા..! આત્માનો વેરી કર્મ, એ કર્મનો બધો વિસ્તાર અને પસ્તાર છે. આહાહા..!

એ '**પૂર્વે જે બાંધ્યા છે જ્ઞાનાવરણાદિકર્મ,...**' આદિ છે ને? આઠ કર્મ છે ને? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, અંતરાય, (નામ) ગોત્ર. આઠ કર્મ. એ પૂર્વે બાંધેલા કર્મ સમ્યગ્દૃષ્ટિને પણ પૂર્વના કર્મને લઈને સામગ્રી મળે બહારમાં. ચક્રવર્તીનું પદ મળે. 'ભરત' ચક્રવર્તી. આહાહા..! '**શરીર-મન-વચન-ઇન્દ્રિય-...**' આ જડ ઇન્દ્રિયો. આ માટી છે ને? આંખ. પૂર્વના બાંધેલાને કર્મના નિમિત્તે ઇન્દ્રિય મળી. '**સુખ-દુઃખ...**' સુખ-દુઃખ એટલે? અનુકૂળ સામગ્રી અને પ્રતિકૂળ સામગ્રી. સુખ-દુઃખ કલ્પના નહિ. પૂર્વના પુણ્યને લઈને આ પૈસા-બૈસા ધૂળ મળે. પાંચ-પચ્ચીસ લાખ, કરોડ-બે કરોડ પાંચ દસ કરોડ. એ બધી ધૂળ છે. એણે માનેલા સુખમાં એ નિમિત્ત છે. એટલે એને-ધૂળને સુખની સામગ્રી કહેવામાં આવે છે. બાયડી સારી, છોકરા સારા, દુકાન સારી, મુનિમ સારા, વેપાર સારો બે-પાંચ લાખ પેદા કરે મહિને. મુનિમ સારા કામ કરે. શેઠિયા દુકાને જાય તો મુનિમ કામ કરતા હોય તો પાંચ-પાંચ લાખની પેદાશ મહિને (થાય). આહાહા..! છાતી ભરાય જાય. આહાહા..! છાતી ભરાય જાય, કર્મ બંધાય જાય એને. એ તો બધી જડની સામગ્રી, પ્રભુ! તારી નહિ. એ કર્મથી મળેલા સંયોગો.. આહાહા..! તારી ચીજથી એ ભિન્ન ચીજ છે. એને અહીંયાં સુખ-દુઃખ (કહ્યું). સુખ-દુઃખ એટલે સુખ-દુઃખની કલ્પના ન લેવી અહીંયાં. સામગ્રી લેવી. આ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, બંગલા પાંચ-પચાસ લાખના, કરોડના-બે કરોડના મોટા બંગલા બધા. એ સુખની સામગ્રી કહેવાય. અજ્ઞાની માને છે ને? અને દુઃખ દરિદ્રતા, નરકમાં, પશુમાં અવતર્યો. એ બધા કર્મની સામગ્રીના ફળ છે, પ્રભુ! છે?

'**સુખ-દુઃખરૂપ નાના પ્રકારની સામગ્રી,...**' નાના એટલે અનેક પ્રકાર. અનેક પ્રકારની સામગ્રી કર્મને લઈને બહારથી મળે. આહાહા..! જુઓને! આ શેઠ ગુજરી ગયા. હવે એને ચાલીસ લાખનો તો બંગલો છે. આહાહા..! ચાલીસ કરોડ રૂપિયા. પણ એથી આપણો લ્યોને આ 'ગોવા'નો 'શાંતિલાલ ખુશાલ'. બે અબજ ચાલીસ કરોડ રૂપિયા એની પાસે. 'ગોવા'માં છે. ગુજરી ગયો હમણા. દોઢ વર્ષ પહેલા ગુજરી ગયો. એની બહેનની દીકરીયું આપણે અહીંયાં બાળબ્રહ્મચારી છે. ચોસઠ દીકરીયું અહીં બાળબ્રહ્મચારી છે એમાં બે છે. 'શાંતિલાલ ખુશાલ' 'પડનાળા'નો હતો. 'પડાનાળા'નો કે ઓલો? 'પાણસણા'. ખબર છે 'પાણસણા' ગયા હતા. 'પાણસણા'નો ત્યાં ગયો હતો. 'ગોવા-ગોવા' ગયો ત્યારે કાંઈ નહોતું. પછી પૈસા થયા બે અબજ ચાલીસ કરોડ. આ હમણા દોઢ વર્ષ પહેલા મરી ગયો. એના ઘરે ચાલીસ લાખના બંગલા છે 'ગોવા'માં. દસ-દસ લાખના બે બંગલા. સાંઈઠ લાખના બંગલા છે. મરી ગયો 'મુંબઈ'માં પાંચ મિનિટમાં. એ હાર્ટ ફેઈલ. દુઃખે છે, મને દુઃખે છે કાંઈક. બોલાવો ડોક્ટરને. ડોક્ટર આવ્યા પહેલાં... દેહની સ્થિતિ પૂરી કાળે થશે, બાપા! ઇન્દ્ર ને નરેન્દ્ર કોઈ રાખી નહિ શકે. આહાહા..!

ઈન્દ્રો પોતે મરી જાય છે. ડોક્ટરો મરી જાય છે ક્ષણમાં બધા. એની સ્થિતિ છે. સંયોગી ચીજ છે. સ્થિતિ પ્રમાણે રહેશે. ભગવાન અંદર ભિન્ન ચિદાનંદ પ્રભુ છે ને? આહાહા..! એની જેને ખબરું નથી, એના જ્ઞાન અને વૈરાગ્યના બળનું સામર્થ્ય નથી, એ આ કર્મની સામગ્રીમાં મૂર્છાઈ જાય છે, કહે છે. આહાહા..! અમે શેઠ છીએ અને અમે રાજા છીએ. અમારા છોકરાઓ કામ કર્મી જાગ્યા છે. કર્મી એટલે પેદાશ કરનારા. એને કર્મી કહે છે ને? એ કાંઈ ધર્મી તો નથી. મહિને બબ્બે લાખ પેદા કરે. આઠ છોકરા છે. સોળ લાખ. ગયા, હમણા 'પોપટભાઈ' ગયા ને? અહીંયાં 'પોપટભાઈ' નહોતા બેઠા? બે કરોડ રૂપિયા. છ છોકરા. હમણા ગયા 'મુંબઈ'. મોટી પેદાશ. મૂળ 'વઢવાણ'ના છે. આહાહા..! એમાં ધૂળમાંય શું? કહે છે, પ્રભુ! એ બધી કર્મની સામગ્રી છે. શું કહે છે હવે આમાં?

મુમુક્ષુ :- અમારી હોંશિયારીથી કામ ...

ઉત્તર :- હોંશિયાર શેના? એમ કે આ હોંશિયાર વકિલ હતા ને? 'રામજીભાઈ' હોશિયાર હતા. ૩૫ વર્ષ પહેલા કોર્ટમાં જતાં. પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા. આ હોંશિયારીને લઈને હશે ને? ધૂળમાંય હોંશિયારીને લઈને નથી.

મુમુક્ષુ :- લોકો તો બહુ કહેતા.

ઉત્તર :- લોકો તો ગાંડિયા પાગલ, પાગલના વખાણ કરે. એ તો પૂર્વના પુણ્ય પરમાણુ હતા તો એને લઈને પાંચ કલાકના બસ્સો રૂપિયા લેતા 'રામજીભાઈ' કોર્ટમાં. ૩૫ વર્ષ પહેલા, હોં! અત્યારે તો એની કિંમત બહુ વધી ગઈ. આહાહા..! એ દલીલ કરવી એ તો જડની ભાષા છે, પ્રભુ! હોંશિયારી તો, ક્ષયોપશમ તો અહીં રહ્યો. એને લઈને બહાર પૈસા મળે? ધૂળના. બુદ્ધિના બારદાન જોયા નથી અમે? બારદાન એટલે કોથળા જેવા. પાંચ-પાંચ લાખ મહિને પેદા કરે છે. અત્યારે. બુદ્ધિના બારદાન અને બુદ્ધિના ખાં. મહિને બે હજાર પેદા કરવા હોય તો પરસેવા ઉતરતા હોય છે. એ શું હોંશિયારીથી મળે છે? શેઠ! નહિ? આ શેઠિયા રહ્યા મોટા બે. કરોડપતિ છે. બે ભાયું છે. હોંશિયારીથી મળ્યા હશે આ બધા પૈસા. ધૂળમાંય નથી એમ કહે. આ શું કહે છે અહીં? એ તો કર્મને લઈને સામગ્રી મળી છે. પહેલા સંભળાવે કે આની પાસે આ હતું પણ છે ધૂળ. એમ.

મુમુક્ષુ :- પહેલા આપ પૈસાના વખાણ કરો...

ઉત્તર :- વખાણ નથી. એની પાસે છે એટલું જણાવી અને એ બધા ભિખારા-ગરીબ છે. ભગવાન એમ કહે છે. એ રાંકા છે. વરાંકા શબ્દ આવે છે શાસ્ત્રમાં. પોતાની લક્ષ્મીની ખબર નથી અને ધૂળ લક્ષ્મીના ભિખારા (છે). એય..! શેઠ! આ તો મોટા શેઠ છે બેય. 'બુંદેલ'ખંડના બાદશાહ છે બેય. મોટા કરોડો (રૂપિયા છે). મોટી બીડીના મોટા ધંધા. ધૂળ ધાણી હવા પાણી છે, બાપા! એ તો કર્મની સામગ્રી છે, ભાઈ! અહીં તો બીજું કહેવું છે.

મુમુક્ષુ :- પણ એ બધો ધંધો કરવામાં મહેનત કેટલી કરવી પડે.

ઉત્તર :- ધૂળમાંય મહેનત કરી નથી. વિકલ્પ કર્યા હતા શું કર્યું હતું ત્યાં? 'રામજીભાઈ'એ શું કર્યું હતું ત્યાં? પુણ્ય અને પાપના વિકલ્પ કર્યા હતા વકિલાતમાં. વાણી તો જડની હતી. અને પૈસા મળ્યા છે એ તો પૂર્વના પુણ્યને લઈને મળે છે. એય..!

'શાંતિભાઈ'! 'રામજીભાઈ' પોતાની વાત સંભળાવે છે. આવું છે, બાપુ! એ તો મોટા મોટા ઘણા હોય છે ને. આહાહા..!

ભગવાન પરમેશ્વર એમ કહે છે, પ્રભુ! આત્માનું જેને જ્ઞાન અને અનુભવ થયો અને રાગથી જેને વૈરાગ્ય થયો, એને પૂર્વના કર્મ પડ્યા છે એના ફળમાં સામગ્રી આ મળે છે. આ સામગ્રી કીધી ને? '**શરીર-મન-વચન-ઈન્દ્રિય-સુખ-દુઃખરૂપ નાના પ્રકારની સામગ્રી, તેને જોકે ભોગવે છે...**' સમ્યગ્દૃષ્ટિ તેના સંબંધમાં ઊભો હોય છે એટલે ભોગવે છે એમ કહેવાય. સમજાણું કાંઈ? '**તોપણ જ્ઞાનાવરણાદિથી બંધાતો નથી.**' આહાહા..! એને એ અશુભભાવ આવે છે એને કાળો નાગ જાણે છે. કાલે આવ્યું હતું ને? ભાઈ! ઓલા ગુરુમાં, નહિ? ભોગ ભુજંગ. મુનિ કેવા હોય છે? મુનિ કોને કહે, બાપા! એ દશા અલૌકિક વાતું છે. ભોગ ભુજંગ. ભોગને તો કાળો નાગ જાણે. ચક્રવર્તીના ભોગ, જેને સોળ હજાર દેવ તો સેવામાં છે. સોળ હજાર! શક્રેન્દ્ર છે અહીં સુધર્મદેવલોકમાં. બત્રીસ લાખ વિમાન. એને અસંખ્ય દેવ છે. ચોર્યાસી-ચોર્યાસી હજાર દેવ એના શરીરની રક્ષા માટે ચાર બાજુ ઊભા હોય છે. આહાહા..! પણ સમ્યગ્દૃષ્ટિ છે ઈન્દ્ર. પહેલા દેવલોકમાં છે. એ સમ્યગ્દૃષ્ટિ છે, આત્મજ્ઞાન છે, વૈરાગ્ય છે. આહાહા..! એ બધી સામગ્રીમાં પોતાપણું એ માનતો નથી. આહાહા..! એના સંબંધમાં દેખાય છે ખરું. કરોડો ઈન્દ્રાણી હોય છે. પણ એમાં ક્યાંય પોતાપણે અંતરમાં માનતો નથી. અંતરમાં હું આનંદ અને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ તે હું. પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ હું નહિ. અને પૂર્વના પુણ્ય-પાપથી બંધાયેલા કર્મના ફળ તરીકે આ સામગ્રી મળી એ હું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે.

મુમુક્ષુ :- ભાઈ તો એમ કહે છે કે બાવા થાય તો..

ઉત્તર :- એ બાવો જ છે. કે દિ' ગરી ગ્યો છે અંદર? રાગનો ભાગ પણ ચૈતન્યદ્રવ્યને સ્પર્શ્યો નથી, ભિન્ન છે. એણે સાંભળ્યું છે ક્યાં એ? દયા, દાન, વિકલ્પ જે થાય, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, તપ, અપવાસનો વિકલ્પ છે એ રાગ છે. આત્મા એને સ્પર્શ્યો નથી. આત્મા તો નિરાળો, નિર્મળ આનંદકંદ છે. આહાહા..! આવી વાતું હવે. શું થાય? પ્રભુ! વાત તો આવી છે, ભાઈ! આહાહા..! ભગવાન પરમાત્મા વીતરાગદેવ, એના શ્રીમુખે નીકળેલી વાણી છે આ. એ વાણી સાંભળવા મળવી પણ પૂર્વના મહા પુણ્ય વિના મળે નહિ. બાકી બધું સાંભળ્યું ઘણું. આ કરો... આ કરો.. આ કરો.. આ કરો... આહાહા..!

અહીંયાં તો કહે છે, '**જ્ઞાનાવરણાદિથી બંધાતો નથી.**' સમકિતી જીવ... આહાહા..! જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. એથી એને પરસામગ્રીમાં ક્યાંય રુચિ જામતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ એટલે કે... 'શ્રેણિક' રાજા. સાંભળ્યું છે ને? ભગવાનના વખતમાં 'શ્રેણિક' રાજા સમકિત પામ્યા છે. પણ સમકિત પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું. પછી સમકિત પામ્યા છે. આત્માનો અનુભવ થયો. આનંદનો સ્વાદ આવ્યો. ત્યારે જે નરકનું આયુષ્ય મોટું બંધાણું હતું તેત્રીસ સાગરનું, એ તોડી નાખ્યું, ચોર્યાસી હજાર(વર્ષ)નું રહ્યું. પણ જે ઓલું આયુષ્ય બંધાઈ ગયેલું એ છૂટે નહિ. ઘી, ગોળ ને લોટનો લાડવો જે વળ્યો હોય એમાંથી ઘી કાઢીને પૂરી તળાય નહિ, લોટ કાઢીને રોટલી ન થાય. એ તો લાડવો ખાધે

છૂટકો. લાડવામાં બે પ્રકાર. કાં એને સૂકવે બે-ચાર દિ' અને કાં એમાં ઘી નાખે. પણ લાડવો તો ખાવો જ પડે એણે. એમ જેને પરભવનું આયુષ્ય બંધાણું હોય એ તો ભોગવ્યે જ છૂટકો, ત્યાં ગયે છૂટકો.

'શ્રેણિક' રાજા પહેલાં મુનિ પાસે સમકિત પામ્યા હતા. પહેલો બૌદ્ધ હતો. પણ એની રાણી સમકિતી હતી-'ચેલણા'. આત્મજ્ઞાની, આત્મઅનુભવી. એણે આ રાજાને બોધ પમાડ્યો છે મુનિ પાસે જઈને. પછી ભગવાનના સમવસરણમાં ગયો છે. 'મહાવીર' પરમાત્માના સમવસરણમાં 'શ્રેણિક' રાજા (ગયેલા). ત્યાં તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થવાના છે. પણ અત્યારે એ નરકમાં છે. ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ.. આહાહા..! અઢીહજાર ગયા સાડી એક્યાશી હજાર બાકી. છતાં અંદર આત્માના આનંદનો સ્વાદ છે અને રાગથી વૈરાગ્ય છે તેથી પરમાં પોતાપણું ક્યાંય માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે કે સમકિતી જીવ બહારની સામગ્રીમાં ઊભો દેખાય અને દુનિયા એમ ભાળે કે આ તો ભોગવે છે, એમ દેખાય પણ એ ભોગવતો નથી. એ તો દુનિયાની ભાષાએ ભોગવે છે એમ કહ્યું. સમજાણું કાંઈ? એ '**સામગ્રી, તેને જોકે ભોગવે છે તોપણ જ્ઞાનાવરણાદિથી બંધાતો નથી. જેવી રીતે કોઈ વૈદ્ય...**' દૃષ્ટાંત આપે છે. આહાહા..! જણેતા હોય, જણેતા-માતા. પોતાની ઉંમર વીસ વર્ષની હોય અને માતાની ચાલીસ વર્ષની ઉંમર હોય. એણે શણગાર પહેર્યા હોય આમ લુગડાં બધા. એ દીકરો માને જુવે ખરો. પણ એ જોવાની દૃષ્ટિ કેવી હોય એની? એને વિકારી ભોગી જીવ જોવે અને એનો દીકરો જોવે. જોવા જોવામાં ફેર છે. અને ચાલીસ વર્ષની યુવાન માતા બધા શણગાર પહેરીને (બેઠી હોય ને જુએ), પણ મારી જણેતા છે. નવ મહિના એની કૂખે રહ્યો છું. એના શણગાર ને સુંદર રૂપમાં ક્યાંય એને મોહ થાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એમ જેને આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન થયું છે અને પૂર્વના અનેક સામગ્રીની સુંદરતા આદિ હોય પણ એમાં પોતાપણું એ માનતો નથી. આહાહા..! ચાલીસ વર્ષની મા યુવાન હોય ને? વીસ વર્ષનો યુવાન (પુત્ર હોય). આહાહા..! પણ મારી મા છે. એના રૂપ ઉપર એની નજર નથી. એના સુંદર સેંથિયા પાડ્યા હોય કે દાગીના પહેર્યા હોય એની ઉપર નજર નથી એની. આહાહા..! એ મારી મા છે, જનેતા છે. એના કૂખમાં નવ મહિના રહ્યો છું. એમ ધર્મી જીવ પૂર્વના કર્મની સામગ્રીને જોવે છે. પણ ત્યાં મારા છે, એવો મોહ પામતો નથી. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! માર્ગ વીતરાગનો બહુ ઝીણો, બાપા! અરે..! અત્યારે તો બહુ ફેરફાર થઈ ગયો છે. બધી ખબરું છે. બહારમાં મનાવી દીધું છે, બસ. આ વ્રત પાળો, અપવાસ કરો, જાત્રા કરો, આ ઉપધાન કરો એટલે થઈ ગયો ધર્મ. બાપા! ધર્મ નથી, ભાઈ! એ ધર્મની ચીજું બહુ મોંઘી છે, ભાઈ! આહાહા..! એ તો અંદરથી વિકલ્પનો નાનામાં નાનો રાગ ભગવાનની ભક્તિનો જાગે તો એનાથી પણ ભિન્ન ભગવાન છે એની દૃષ્ટિ અને અનુભવ કરે અને રાગથી ઉદાસ થઈ જાય, ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..!

હજી સાધુ તો ક્યાંય રહી ગયા. એ તો બાપુ! એની દશાઓ જુદી હોય છે. આહાહા..!

સાધુ તો આત્માના આનંદને અંદર અનુભવતા હોય છે. અતીન્દ્રિય આનંદનું વારંવાર અવલોકન કરતા હોય છે. આહાહા..! એને રાગની આસક્તિ ક્યાંય થતી નથી. એવી દશા. જંગલમાં વસતા હોય સંતો. આહાહા..! જૈન પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે અંદર આનંદના સ્વરૂપમાં મશગુલ. બહારમાં જરી આવે વિકલ્પ આવે મહાવ્રતનો, ભક્તિનો પણ એને એ બોજો લાગે. આહાહા..! એનાથી રહિત પ્રભુ અંદર છે તેનું વેદન વારંવાર એ કર્યા જ કરે છે. એને મુનિ જૈનદર્શનમાં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વળી લોએ કાઢી નાખીને શું કરે છે કોણ જાણે. લોએ કાઢી નાખે છે ને? નમો લોએ સવ્વ સાહૂણં. છાપામાં આવ્યું છે કાલે.

અહીં તો પ્રભુ લોએનો અર્થ એ કે જ્યાં જ્યાં બિરાજતો હોય અરિહંતો, જ્યાં જ્યાં સંતો આત્માના આનંદના વેદનારા ક્યાંય ઊર્ધ્વ બિરાજતા એ બધાને મારા નમસ્કાર. એમ છે. લોએ એટલે લોકના બીજા સાધુઓ (એમ એનો અર્થ નથી). ઓલો 'સુશીલકુમાર' કહે છે. સ્થાનકવાસી છે ને? ભાષણ આપે. જુઓ! લોએ એટલે બધા સાધુઓ એમાં આવે. જૈનના અને અન્યના બધા. બિલકુલ ખોટી વાત છે.

મુમુક્ષુ :- 'અમેરિકા' ગયો.

ઉત્તર : એ વયો ગયો, 'અમેરિકા' ગયો છે. ખબર છે ને ખબર છે. સ્થાનકવાસી છે.

અહીં તો લોએ તો આત્માના આનંદના જેને વેદન થયા છે, અતીન્દ્રિય આનંદમાં જે મશગુલ છે, એવા પરમાત્મા ગમે તે સ્થળે હો, ઊર્ધ્વ હો, અદર્વ હોય. એવા આચાર્ય, ઉપાધ્યાય, મુનિ ઊર્ધ્વ હોય, અધો હોય, કોઈ મેરુ પર્વતે લઈ ગયા હોય, કોઈ નીચે હોય, પણ આવી જેની દશા અંતરના આનંદના વેદનમાં, અતીન્દ્રિય આનંદના સ્વાદમાં, પ્રચુર વેદનમાં પડ્યો છે એ ગમે તે સ્થાને હોય એને મારા નમસ્કાર છે, એમ છે. એ ગમે તે સાધુને મારા નમસ્કાર છે એમ નથી એમાં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હતા જ કે દિ'? જૈન પરમેશ્વરે જે માર્ગ કહ્યો એ સિવાય બીજે માર્ગ છે જ નહિ ક્યાંય. આહાહા..! એ સિવાય ક્યાંય ધર્મ નથી. આહાહા..! તો સાધુ ક્યાંથી લાવવા બીજામાં? હજી એના સંપ્રદાયવાળાને સાધુ કોને કહેવા એની ખબર નથી. આહાહા..! માર્ગ બહુ જુદા નાથ! પ્રભુ! આહાહા..!

અહીં કહે છે કે એ ભોગને ભોગવે તોપણ બંધાતો નથી. (કેમકે) પ્રેમ નથી, રુચિ નથી. આહાહા..! તાવ ઉપર કડવી દવા પીવી પડે. (એમાં) પ્રેમ છે? એમ સમ્યગ્દૃષ્ટિને આનંદના સ્વાદનો પ્રેમ છે અંદર, એને બહારની સ્ત્રીઓ સુંદર અને રાજ ને પાટ (હોય), 'ભરત' ચક્રવર્તીને ક્યાંય પ્રેમ નથી. ક્યાંય મારી ચીજ નથી. મારી છે એ મારાથી જુદી નથી. જુદી છે તે મારી નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**'જેવી રીતે કોઈ વૈદ્ય પ્રત્યક્ષપણે વિષ ખાય છે...'** વૈદ્ય છે ને કોઈ? ઝેર સોમલ ખાય. **'તોપણ મરતો નથી અને ગુણ જાણે છે...'** સોમલના ગુણ જાણે છે. **'તેથી અનેક યત્ન જાણે છે,...'** એ ઝેરને મારવાની દવાઓ એની પાસે હોય છે. એથી એ ઝેર એને મારી શકે

નહિ. આહાહા..! આ વૈદ્યનો દાખલો આપ્યો છે. **'તેના વડે વિષની પ્રાણઘાતક શક્તિ દૂર કરી દીધી છે;...'** ઝેરમાં પ્રાણઘાતક શક્તિ છે એ એની અનેક દવાઓથી એનો નાશ કરી નાખી છે. આહાહા..! **'તે જ વિષ અન્ય જીવ ખાય તો તત્કાળ મરે,...'** એ ઝેર બીજો જો ખાય તો તત્કાળ મરી જાય. **'તેનાથી વૈદ્ય ન મરે;-આવું જાણપણાનું સામર્થ્ય છે;...'** આહાહા..! અંતરના આનંદસ્વરૂપ ભગવાનનું જ્યાં જ્ઞાન થયું છે, એણે બાહ્યની સામગ્રીમાં મારી નાખ્યા છે ઝેરને. કોઈ સામગ્રીમાં એને પ્રીતિ ને રાગ થતો નથી. આહાહા..! આવી વાતું!

વૈદ્ય વિષ ખાય છતાં વિષને મારણની શક્તિથી વિષનું ઝેર ટાળી નાખ્યું છે. એમ ધર્મીજીવે રાગના પ્રેમને મારી નાખ્યો છે. આહાહા..! એક શુભરાગ થાય તોપણ તેને દુઃખ દેખાય છે. એ કાળો નાગ દેખે છે. આહાહા..! અરે..! ભગવાન! શુભરાગ, હોં! દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ. સમ્યગ્દૃષ્ટિને એ રાગ કાળા નાગ જેવો દેખાય છે. કેમકે એ રાગ દુઃખ છે. આહાહા..! તેથી તેને તેમાં રુચિ અને પ્રેમ આવતો નથી. ભગવાન આનંદનો નાથ પ્રભુ, એના પ્રેમને છોડીને... આહાહા..!

'આનંદઘનજી' તો એકવાર એમ કહે છે. ચોવીસ (તીર્થંકરનું) સ્તવન બનાવ્યું છે ને એને? 'આનંદઘનજી'એ ચોવીસ સ્તવન બનાવ્યા એમાં ત્રીજા 'સંભવદેવ'ની સ્તુતિ છે. 'સંભવદેવ તે ધુરે સુરે રે..., લઈ પ્રભુ સેવન ભેદ. સેવન કારણ પ્રથમ ભૂમિકા અભય અદ્વેષ અખેદ' પછી વાત તો બધી લાંબી છે. જોયું છે ને બધાનું જોયું છે. કરોડો શ્લોક બધું જોયું. એમાં અહીં તો મારે એટલું કહેવું છે, દ્વેષ અરોચક ભાવ. એમાં છે. પ્રભુ! તને જો રાગનો પ્રેમ હોય, પુણ્યના રાગનો પણ પ્રેમ હોય તો આત્મા પ્રત્યે તને દ્વેષ છે. આહાહા..! એનું કારણ કે તને રાગ રુચે છે, પ્રભુ આત્મા રુચતો નથી. માટે આત્મા પ્રત્યે તને દ્વેષ છે. અરે..રે..! આવી વાતું હવે. દ્વેષ અરોચક ભાવ. ત્રણ બોલ છે ત્યાં. 'ભય ચંચળતા રે પરિણામની, દ્વેષ અરોચક ભાવ, કરણી કરતા થાકીએ...' એમ છે કાંઈક. 'ખેદ પ્રવૃત્તિ કરતા થાકીએ અબોધ સ્વભાવ' ચાર બોલ છે. છે વાંચ્યું છે ને. ઘણા વર્ષ પહેલાની વાતું છે. (સંવત) ૧૯૭૮ માં બધું જોયું હતું. ૭૮. કેટલા વર્ષ થયા? ૫૫ વર્ષ થયા. આહાહા..!

'દ્વેષ અરોચક ભાવ..' આહાહા..! જો પ્રભુ! તને રાગનો, શુભરાગનો પણ જો પ્રેમ થાય ને તો રાગ વિનાની ચીજ અંદર આનંદકંદ પ્રભુ તું છો તેના પ્રત્યે દ્વેષ છે. આહાહા..! દ્વેષ અરોચકભાવ. (રાગ) રુચતો નથી. ભગવાનઆત્મા આનંદનો નાથ પ્રભુ છે. સિદ્ધ સ્વરૂપે બિરાજમાન અંદર આત્મા છે. 'જિન સોહિ હૈ આત્મા, અન્ય સોહિ હૈ કર્મ, યહી વચન સે સમજલે જિન પ્રવચનકા મર્મ.' વસ્તુ વીતરાગસ્વરૂપ છે. કેમ? કે જો વીતરાગ સ્વરૂપ ન હોય તો પર્યાયમાં કેવળજ્ઞાન અને વીતરાગપણું આવશે ક્યાંથી? કાંઈ બહારથી આવે એવું છે? એના સ્વભાવમાં એકલી વીતરાગતા અને આનંદકંદ પડ્યો છે એકલો. આહાહા..! સમજાણું કાંઈ? એનો જેને પ્રેમ નથી એટલે કે રુચિ નથી એટલે કે દૃષ્ટિ નથી એટલે કે એનો આશ્રય નથી. તેને રાગના પુણ્યની રુચિ-આશ્રય છે તે બધો આત્મા પ્રત્યે તેને દ્વેષ છે. આહાહા..! આવી વાતું હવે. ક્યાંય મેળ ખાય નહિ. એક કલાકમાં કેટલી વાતું. એમાં બધી બીજી જાતની

આવે. સાંભળી હોય એથી બીજી જાત આવે, લ્યો!

મુમુક્ષુ :- નવી વાત આવે.

ઉત્તર :- એ તો બધી ખબરું છે ને, બાપુ! નથી ખબર? આહાહા..!

અહીં એ કહે છે. **'તેનાથી વૈદ્ય ન મરે;-આવું જાણપણાનું સામર્થ્ય છે;...'** છે? જાણપણું એટલે આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન. એનું જે સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થયું એ જાણપણાનું આવું સામર્થ્ય છે. આહાહા..! બહારની સામગ્રીમાં ઊભો દેખાય, રાણીઓ છન્નું હજાર, કરોડો અપ્સરાઓ. સમકિતી જીવ છે ઈન્દ્ર. શાસ્ત્રમાં લેખ છે કે શક્રેન્દ્ર છે અત્યારે. સુધર્મદેવલોક છે. બાર દેવલોક છે ને એમાં સુધર્મ દેવલોક છે. બત્રીસ લાખ વિમાન છે. એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે. એનો સ્વામી શક્રેન્દ્ર છે. સિદ્ધાંતમાં લેખ છે કે એ એકાવતારી છે. સમકિતી છે અને ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જવાનો છે. સમજાણું કાંઈ? એની પત્ની ઈન્દ્રાણી પણ એકાવતારી છે, એકભવતારી. સમ્યગ્દૃષ્ટિ છે. સુધર્મ દેવલોક છે. ચંદ્ર-સૂર્ય ઉપર. આ તો જ્યોતિષ છે ચંદ્ર-સૂર્ય. એની ઉપર વૈમાનિક દેવ છે. બાર દેવલોક છે ને? સુધર્મ, ઈશાન, મહેન્દ્ર આવે છે ને? આહાહા..! એને એ બહારની ચીજમાં ક્યાંય પ્રેમ નથી દેખાતો. આત્માના આનંદના પ્રેમ આગળ પરમાં ક્યાંય પ્રેમ દેખાતો નથી. આહાહા..! નજર તો દીકરો એ મા ઉપર કરે અને વ્યભિચારી દૃષ્ટિવાળો પણ એની માને જોવે. દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર છે. એમ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં પરચીજને જોવે પણ એ ચીજ મારી નથી, મારામાં નથી. મારામાં છે એ તો આનંદ અને જ્ઞાન છે તેમાં હું છું. આહાહા..! એવા પ્રેમને લઈને, એના પ્રેમના જાણપણાને લઈને પરમાં તેને પ્રેમ આવતો નથી એ જાણપણાનું સામર્થ્ય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## આસો વદ ૩, શનિવાર, તા.૨૯-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૪, પ્રવચન - ૧૩૪

'કળશટીકા' 'નિર્જરા અધિકાર' છે. નિર્જરા એટલે આત્મા આનંદસ્વરૂપ ભગવાન, એના અંતર અનુભવથી એનું જ્ઞાન અને એના આનંદનો સ્વાદ આવે, એના જાણપણામાં પૂર્ણ આત્મા છે એવું જ્ઞાન થાય, એને રાગ ને રાગના ફળનો પ્રેમ છૂટી જાય. સમજાણું કાંઈ? જેને આત્મા વસ્તુ છે, શુદ્ધ ચૈતન્ય આનંદ-અનાકુળ આનંદ (સ્વરૂપ છે). બીજે ક્યાંય આનંદ નથી. શરીરમાં, પૈસામાં, આબરૂ, કીર્તિમાં બધામાં (આનંદ નથી). એ દુઃખના નિમિત્તો છે.

મુમુક્ષુ :- દુઃખના નિમિત્તો છે.

ઉત્તર :- નિમિત્તો છે. દુઃખ તો પોતે ઊભું કરે છે. દુઃખ એ કાંઈ (સામી) ચીજ દુઃખ નથી. એ તો જ્ઞેય છે. આત્મામાં પર ચીજ તો જાણવાલાયક જ્ઞેય છે. એ કાંઈ ઠીક કે અઠીક એના સ્વરૂપમાં નથી. એ કાંઈ દુઃખરૂપ નથી. દુઃખરૂપ તો પોતે વિપરીત શ્રદ્ધા કરે છે અને

આ ચીજ મને ઠીક છે, એમ માને છે, એનું એને મિથ્યાત્વનું અને કષાયનું એને દુઃખ છે. દુઃખ નથી પરચીજનું, દુઃખ નથી આત્માના સ્વભાવમાં. ફક્ત આત્માના આનંદને અનાદિથી ભૂલી અને પરપદાર્થ જાણવાલાયક છે એવો પરવસ્તુનો એક જ પ્રકાર છે, એના એ ભેદ પાડે છે કે આ ઠીક છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો. દુશ્મન, વીંછી, પ્રતિકૂળ નિંદા આદિ ઠીક નથી, એવા ભેદ પાડે છે એ મિથ્યાત્વને લઈને ભેદ પાડે છે. સમજાણું કાંઈ? આહાહા..!

અનંતકાળ થયા એણે ચોર્યાસી લાખ યોનિના અનંત અવતાર કર્યા પણ ક્યાંય એ આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન પામ્યો નહિ. ત્યાગી થયો, સાધુ થયો બહારથી, પણ અંતર આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનનો પુંજ પ્રભુ (છે), એનો એણે સ્પર્શ ન કર્યો. એને એ અડ્યો પણ નહિ. અને પુણ્ય અને પાપના ભાવ વિકારી, એને અડ્યો, સ્પર્શ્યો ને દુઃખી છે ઈ. આહા..! જ્યારે એને આત્મજ્ઞાન થાય છે કે હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, કોઈ ચીજ પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ મારા નથી. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ પાપ એ પણ મારું સ્વરૂપ નથી. તેમ દયા, દાન,વ્રત, ભક્તિ, પૂજાના ભાવ એ પણ મારું સ્વરૂપ નથી. એ પણ એક વિકલ્પ રાગ છે. આહાહા..!

મુમુક્ષુ :- એવું માને તો છે.

ઉત્તર :- માને છે માટે તો કહેવાય છે ને. શેઠ! માનીને બેઠા માટે તો કહેવાય છે. માને છે કે એમાં સુખ છે. આહાહા..! ભગવાનની ભક્તિ પૂજા, દાન, દયા, વ્રત, તપ, અપવાસ એ બધો ભાવ શુભરાગ છે અને શુભરાગ છે એ દુઃખ છે. એની એને અનંતકાળમાં રખડતાં ખબર નથી. એથી એ ચોર્યાસીના અવતારમાં રખડીને દુઃખી થયો છે. પણ જ્યારે એને અંતરમાં... એ નિર્જરા અધિકાર છે ને?

**'ज्ञानस्यैव सामर्थ्यं'** હું એક આત્મા જ્ઞાતા ચૈતન્યસ્વરૂપ છું અને મારામાં અતીન્દ્રિય આનંદ છલોછલ અંદર આત્મામાં ભરેલો છે. અતીન્દ્રિય આનંદ. એ અતીન્દ્રિય આનંદના રસની રુચિમાં એને રાગ ને પુણ્ય-પાપની રુચિ છૂટી જાય છે. અને એ રાગ ને પુણ્ય-પાપ છૂટતાં એના બંધનથી કાંઈ સંયોગી ચીજ મળે, એની પણ સમકિતી જીવને રુચિ છૂટી જાય છે. એને પોષાતું નથી. પરવસ્તુ મારી એમ પોષાતું નથી. આહાહા..! અજ્ઞાનીને આનંદસ્વરૂપ આત્મા તે પોષાતો નથી અને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ એને પોષાય છે. આહાહા..! આ ચાર ગતિ રખડવાના રસ્તા.

જ્યારે એ ધર્મ સમજે છે અને પામે છે, ત્યારે એને નિર્જરા થાય છે એ અહીં બતાવવું છે. આહાહા..! ત્યારે આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એ એના વેપાર-પર્યાયમાં એનું પોષાણ છે. ધર્મીજીવને વર્તમાન ધર્મની દશામાં પૂર્ણાનંદ પ્રભુ આત્મા તેનું પોષાણ (છે), તેની રુચિ અને તે પોષાય છે. એને પુણ્ય-પાપના ભાવ થાય એ પોષાતા નથી. પોષતા નથી. આહાહા..! તો એના ફળ તરીકે આ બહારની ધૂળ, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ, પાંચ-પચ્ચીસ કરોડ ધૂળ મળે અને બાયડી-છોકરા ને કુટુંબ બધા અનુકૂળ (મળે), એ ધર્મીને એ વાત પોષાતી નથી. એ મારા અને મને ઠીક છે, એ વાત બેસતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એથી અહીં કહ્યું. અહીં સુધી આપણે આવ્યું છે. **'આવું જાણપણાનું સામર્થ્ય છે;...'** વચમાં આવ્યું છે? ઓલા વૈદ્યનો દાખલો આપીને. વૈદ્ય છે એ (સોમલનો પ્રયોગ કરે છે). સોમલમાં પ્રાણઘાત શક્તિ છે, પણ સોમલમાં એવી દવા વાપરે કે એ સોમલમાં પ્રાણઘાત શક્તિનો નાશ કરે. પછી એ સોમલ વાપરે છતાં એનું મૃત્યુ થાય નહિ. એ જ સોમલ પ્રાણઘાત શક્તિવાળો છે, બીજો ખાય તો મરી જાય. સમજાય છે કાંઈ? પણ વૈદ્યને સોમલમાં પ્રાણઘાત શક્તિ છે તેને નાશ કરવાની યુક્તિ ને દવા છે. એનાથી તેને પ્રાણઘાતનો નાશ કરે છે. એથી એનો પ્રાણઘાત થતો નથી. એક વાત.

મુમુક્ષુ :- ...આનો નાશ કર્યો, આણે આનો નાશ કર્યો...

ઉત્તર :- કોને? નાશ કરી કોને શકે છે? આ માને છે. આહાહા..! આ ચાલ્યા ગયા જુઓને! 'શાહુજી શાંતિપ્રસાદ' ચાલીસ કરોડ રૂપિયા. પરમ દિ' સવારે હાર્ટ ફેઈલ (થઈ ગયું). ચાલ્યા ગયા. કોણ ધૂળ? ચાલીસ-ચાલીસ લાખના બંગલા ને દિગંબરમાં અગ્રેસર. કોઈ ધણી ન થયું. ચાલ્યા ગયા દેહ છોડીને.

મુમુક્ષુ :- એમાં જીવ કેમ રહ્યો? શરીર કેમ રહ્યું?

ઉત્તર :- જીવને તો જેવા ભાવ થયા હશે તે પ્રકારે રહ્યો હશે. આ બહારની સામગ્રી કાંઈ એને મદદગાર નથી. આહાહા..! અને તે પણ એ મરનારને રોવે છે ક્યાં પ્રાણી? મરનાર મરીને ક્યાં ગયો? એવી કાંઈ મરનારની એને દરકાર નથી. ખબર પણ નથી અને એ વિચાર પણ કર્યો નથી કોઈ દિ' કે મારો બાપ મરી ગયો એને હું રોવ છું શું કરવા? એ મરીને ગયો ક્યાં? નરકમાં ગયો? ઢોરમાં ગયો? ક્યાં ગયો? એ ગમે ત્યાં ગયો. મારે સ્નાન નથી અહીં. અહીં તો મારી સગવડતામાં મદદકર્તા એ જાય છે એનું મને દુઃખ છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આખો સંસાર આવો છે. કોઈએ વિચાર કર્યો છે કે અરે..! મારા મા-બાપ મરી ગયા, ક્યાં ગયા હશે? પણ એને વિચાર કરવાનો વખત ક્યાં છે? અરે..! ગતિ ચાર છે. નરકગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ. તો આ મરીને ગયો હશે ક્યાં?

મુમુક્ષુ :- એને ખબર હોય તો...

ઉત્તર :- એને ભાન કે દિ' (હતું) બાપને. એ તો બિચારો ક્યાંય ઉકલી ગયો. આહાહા..!

મુમુક્ષુ :- કાગળમાં લખે.

ઉત્તર :- કાગળ કોણ લખે? એ લખે કે સ્વર્ગે ગયા છે.

મુમુક્ષુ :- દેવગત ગયા.

ઉત્તર :- દેવગત મરીને ઢોરમાં ગયો હોય. દેવગત લખે. માયા ને કપટ ને એવા પાપ કર્યા હોય. કીધું નહિ? આહાહા..! આવું છે.

અહીં કહે છે કે જેમ વૈદ્ય સોમલને ખાતા સોમલમાં પ્રાણઘાતની શક્તિનો નાશ કરીને ખાય છે માટે તે મરતો નથી. એમ ધર્મીજીવ.. એની સાથે પહેલું મેળવ્યું છે. પછી મદિરાનું (દૃષ્ટાંત આપશે). આ જ્ઞાનનો છે, ઓલો વૈરાગ્યનો દાખલો છે. બે દાખલા છે. એમ ધર્મીજીવને હું એક આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું, મારામાં પુણ્ય-પાપ અને એના ફળ

એ મારામાં છે જ નહિ. એવા આત્માના આનંદના પોષણમાં એ પર સામગ્રીના ભોગમાં દેખાય છતાં તે બધું નિર્જરી જાય છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ વહાલામાં વહાલી સ્ત્રી હોય, ત્રીસ વર્ષની ઉંમરનો જુવાન છોકરો સમકિતી હોય. પચ્ચીસ વર્ષની બાઈ જુવાન, રૂપાળી, સુંદર મરી જાય. સમ્યગ્દષ્ટિને એનું દુઃખ થતું જ નથી.

મુમુક્ષુ :- કોઈને એનું દુઃખ નથી થતું.

ઉત્તર :- પણ માને છે ને એ. અરે..! મારી સગવડતા ગઈ. આહાહા..! બાયડી એવી હોય તો કહેતી જાય. સાંભળ્યું છે બધું. કે તમે બીજી કરજો. તમારી પ્રકૃતિ નહિ જળવાય. તમારી ઉંમર હજી નાની છે. હું હવે મરી જાવ છું. આમ કહે. અમારી પાસે બધા દાખલા છે. નામ ન અપાય. આહાહા..! આવી વાતું છે. ધૂળમાંય નથી. મરી ગયા પછી મહેનત પણ કરે, પણ ઉંમર થઈ ગઈ હોય ૫૩-૫૫-૫૬. એટલે કોઈ કન્યા મળવી મુશ્કેલ પડે. ઓલી કહી ગઈ હોય તોય. પૈસા દસ હજાર આપીએ કોઈ કન્યા આપે તો. કોણ આપે પછી ત્યાં? આહાહા..! આવો સંસાર અનાદિ દુઃખી... દુઃખી... દુઃખી...

અહીં કહે છે કે જેમ વૈદ્ય છે એને એ ઝેરનું જાણપણાનું સામર્થ્ય છે, એમ જ્ઞાનીને, ધર્મીજીવને પોતાના આનંદના જાણપણાનો રુચિનો ભાવ ભર્યો છે અંદર. એ આનંદની રુચિ આગળ કોઈપણ સંયોગના ભોગમાં આવે પણ છતાં તેને પ્રેમ નથી. તેથી તે કર્મ ખરી જાય છે. એને નિર્જરા કહે છે. આહાહા..! પાછું એમાંથી એમ લીધું હતું ને? જે ઝેર વૈદ્ય ખાય અને મરી ન જાય, એ ઝેર બીજો ખાય તો મરી જાય. એમ જ્ઞાની જે આત્માના આનંદના પ્રેમમાં પડ્યો છે, એને એ ભોગ-સામગ્રીથી નિર્જરા થાય છે. એ ભોગ-સામગ્રીમાં અજ્ઞાનીને બંધ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? અજ્ઞાની જ્યાં હોય ત્યાં હજારો-લાખો સામગ્રીમાં ઊભો. બસ, એને બધું આમ લાગે કે આ બધું મારું... મારું... મારું... મારું... ઝેરનો પ્યાલો ચડી ગયો છે એને. આહાહા..!

ધર્મીને પોતાના સ્વરૂપમાં પોતાનો આનંદ ને જ્ઞાન ને અનંતગુણ તે મારા (એમ ભાસે છે). આહાહા..! એ ધર્મી શુભભાવમાં આવે એ પણ એને બોજો લાગે. આહાહા..! પાપના ભાવને તો ધર્મી કાળો નાગ દેખે. આહાહા..! અજ્ઞાની એ પાપના ભાવને પ્રેમથી ભોગવે અને પુણ્યના ભાવમાં ધર્મ થાય એમ એ અજ્ઞાની માને. આહાહા..! આવી વાતું છે. ક્યાં પડી જગતને. શું થાશે અને મરીને ક્યાં જાઈશ?

બીજો દાખલો. '**અથવા કોઈ શૂદ્ર મદિરા પીએ છે,...**' શૂદ્ર જીવ મદિરા-દારૂ પીવે. છે ને વચમાં? '**પરંતુ પરિણામોમાં કંઈક દુશ્ચિન્તા છે,...**' કંઈક ચિંતા છે. કોઈ દિકરો મરી ગયો કે કોઈ ફલાણું. એટલે રુચિ નથી. પીવે છે પણ રુચિ નથી. એ છે ને? '**કોઈ શૂદ્ર મદિરા પીએ છે,...**' હલકો-નીચ માણસ. '**પરંતુ પરિણામોમાં કંઈક દુશ્ચિન્તા છે, મદિરા પીવામાં રુચિ નથી;...**' આહાહા..! '**એવો શૂદ્રજીવ મતવાલો થતો નથી,...**' એ ગાંડો ન થાય, પાગલ ન થાય. રુચિ નથી ને. આહાહા..! '**જેવો હતો તેવો જ રહે છે; મદ્ય તો એવું છે કે જો અન્ય કોઈ પીએ તો તત્કાળ મતવાલો થાય,...**' દારૂ તો એવો છે કે મરી જાય, બીજો ઓલો મતવાલો ગાંડો થઈ જાય.

'**પણ જે કોઈ મતવાલો નથી થતો તે અરુચિપરિણામનો ગુણ જાણો;...**' પહેલામાં જાણપણાનો કીધો હતો. આમાં વૈરાગ્યનો કીધો છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલાક વખતે સુવાવડમાં કેટલીક બાયુંને ખાસ હોય એને દારૂ પાય છે. પણ પ્રેમ હોતો નથી એટલે મતવાલો ન થાય. શરીર એવું હોય ને સાધારણ. એવું સાંભળ્યું છે. પીનારા હોય ને કેટલાકને સુવાવડમાં શરીર મોળું પડી જાય, ખોરાક બહુ લઈ શકે નહિ એને દારૂ પાય. પણ રુચિ નથી એટલે મતવાલી ન થાય એ. ગાંડી ન થાય. એ દૃષ્ટાંત છે. '**તે અરુચિપરિણામનો ગુણ જાણો;...**'

'**તેવી રીતે કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ...**' આહાહા..! હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું. એ સિવાય મારી ચીજમાં કોઈ ચીજ છે જ નહિ. આહાહા..! છ ખંડના રાજ હોય તોપણ એ ધર્મી છ ખંડને સાધે છે એમ નહિ. 'સોગાની'એ એક ઠેકાણે લખ્યું છે. છે? શું? અખંડ. એ છ ખંડને નથી સાધતો, સમ્યગ્દૃષ્ટિ અખંડને સાધે છે. અખંડ એવો જે આત્મા આનંદનો કંદ નાથ પ્રભુ, અનંત અનંત ગુણથી ભરેલો એકરૂપ અભેદ અખંડ, સમ્યગ્દૃષ્ટિ એને સાધે છે. બહારમાં લોકો એમ દેખે છે કે આ છ ખંડને સાધે (છે). એ દુનિયા દેખે છે. અંદરમાં તો સ્વરૂપનું સાધન, એને એ કાયમ સાધી રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ, અજ્ઞાની એને ધર્મ માને છે. એથી એમાં એ મિથ્યાત્વથી બંધાય છે. આહાહા..! જ્ઞાનીને અશુભ ને શુભભાવ આવે છે, છતાં તેનું સ્વામીપણું નથી અને તેની રુચિ નથી. તેથી તે ભાવ ખરી જાય છે એમ અહીંયાં કહેવામાં આવે છે. આહાહા..! મોટો ફેર. ધર્મ અને અધર્મ, જ્ઞાન અને અજ્ઞાનમાં મોટો ફેર.

લોકોને ક્યાં પડી છે? આ દુનિયાની બહારની સગડવતામાં જન્મ્યો ત્યાં સગવડતા કાંઈક થાય પાંચ-પચ્ચીસ લાખ પૈસા કે ધૂળ ને આબરૂ ને કીર્તિ થાય,... જાવ મરીને ઢોરમાં. ઘણા વાણિયા મરીને ઢોરમાં જવાના. પશુ. માંસ, દારૂનો ખોરાક નથી, ધર્મ સમ્યગ્દર્શન શું છે એની ખબરું નથી અને પુણ્ય બાંધવા જોઈએ સત્સમાગમમાં રહીને ચાર-ચાર, બે-ચાર કલાક શાસ્ત્ર વાંચન, મનન (હોય) તો તો પુણ્ય પણ બંધાય. તો એને કાંઈ સ્વર્ગ અને મનુષ્યપણું પણ મળે. એ પણ વખત ન હોય. કલાક જાય અને એકાદ શુભભાવ થાય એમાં પુણ્ય બંધાય જાય. પણ એ કાંઈ લાંબુ પુણ્ય ન મળે. આહાહા..! રાગથી ભિન્ન દયા, દાનનો વિકલ્પ છે એનાથી પણ ભિન્ન મારી ચીજ છે એની તો દૃષ્ટિ અને અનુભવ નથી. તેમ બે-ચાર કલાક, દિવસમાં ચોવીસ કલાકમાં ચાર કલાક સત્સમાગમ, શાસ્ત્ર વાંચન, મનન, ચિંતવન (હોય) તો એમાં એને પુણ્ય પણ બંધાય. પણ એટલો એને વખત મળે નહિ. માંડ એકાદ કલાક જાતો હોય. થઈ રહ્યું. ત્રેવીસ કલાકનું પાપ અને એક કલાકનું જરી પુણ્ય. હારી જવાના એ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'ગોદાવરીબેન' ગયા છે? વયા ગયા છે, નહિ? 'ગોદાવરીબેન' વયા ગયા. અમારે 'પાલેજ'. નથી. એ વાત કરી હતી ને મેં. અમારે 'કુંવરજીભાઈ' ભાગીદાર ફઈના દીકરા હતા સાત-સાત પેઢીએ. 'ઉગામેડી'. એ ભાગીદાર હતા ને? અમારા મોટા ભાઈના એ ભાગીદાર અને એના મોટા ભાઈનો હું (ભાગીદાર). બે દુકાન. બહુ મમતા. આ કરું... આ કરું... આ

કરું... આહાહા..! મારાથી કહેવાય ગયું પછી એકવાર. (સંવત) ૧૯૬૬ની સાલની વાત છે. ૬૬. મારી ઉંમર તે દિ' ૨૦ વર્ષની. ૬૮ વર્ષ પહેલાની વાત છે. ત્યારે ભેગા જમતા. આ દુકાનેથી ઓલી દુકાને ગયો અને કહ્યું, ભાઈ! આટલું બધું આ શું પણ આખો દિ'? કીધું. કાંઈ નહિ, ગામમાં સાધુ આવે તો સાંભળવાને નિવૃત્તિ દિવસે નહિ. કાંઈ નહિ. વિચારણા નહિ, ચિંતવન નહિ અને આખો દિ' આ ધંધા ને પાણી. પાપ, પાપ ને પાપ. સાંભળે. કહું તો સાંભળે. મરીને તમે જાણે સ્વર્ગમાં નહિ જાવ. નરકમાં તો નહિ જાવ. આપણે કાંઈ માંસ-દારૂ ખાતા નથી. તેમ મનુષ્ય જેવાના લખણ મને લાગતા નથી કીધું. તમે મરીને મનુષ્ય થાવ (એમ મને નથી લાગતું). આ ૧૯૬૬ ની વાત છે. ૬૮ વર્ષ પહેલા. મરીને ઢોર થાશો, યાદ રાખજો, કીધું. પશુ થશો, કીધું. એ ભાઈ મરતાં... બે લાખની દુકાનની વર્ષની પેદાશ. દુકાન મોટી, 'પાલેજ'માં દુકાન છે. બે લાખની પેદાશ વર્ષની. દસ લાખ રૂપિયા, છોકરા ત્રણ. એ મગજમાં ભાઈ ગાંડા પાગલ થઈ ગયા મરતા. મગજ એવું થયું. હું કર્યું, મેં કર્યું, આ કર્યું, આ કર્યું, અરે..! પણ બાપા અત્યારે તો મૂકી દો. ક્હે નહિ. એ મરીને ઢોર (થાશે). આહાહા..! ઘણા તો માયા ને કપટ ને કુટીલ ને કષાયમાં... આહાહા..! અરે..! એમાં જિંદગી જાય. બધું અફળ થાય.

અહીં કહે છે કે ધર્મીજીવને... આહાહા..! આત્મા અંદર વસ્તુ છે, જે જિનેન્દ્રદેવ પરમેશ્વરે કહી, એ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા, એનો જેને અનુભવ થયો, વેદન થયું કે આત્મા તો આનંદસ્વરૂપ છે. એમાં પુણ્ય અને પાપના ભાવ પણ છે નહિ. એવું થયું તેને બાહ્યની સામગ્રી ભોગવવામાં દેખાય, છતાં તેને એ કર્મ ખરી જશે. આહાહા..! ક્યાંય રસ નથી. સમજાણું કાંઈ? રસની વ્યાખ્યા તો કરી છે ને? નહિ ઓલા. જ્ઞેયનું. એકાગ્રતા.. જ્યાં એકમાં રસ (આવે)... પહેલા આવે છે ને? ભાઈ! દસ રસમાં 'સમયસાર'. રસ એને કહેવો કે એક જ્ઞેયમાં એકાકાર થઈ જવું એ રસ. અંદર ટીકામાં છે ને. જીવનો અધિકાર પૂરો થાય ત્યાં છેલ્લે (આવે છે). આહાહા..!

અજ્ઞાનીનો રસ શુભ અને અશુભભાવ અથવા શુભના ફળ તરીકે ધૂળ મળી હોય બહારમાં પાંચ-પચ્ચીસ લાખ પૈસા, છોકરા, આબરૂ-કીર્તિ અજ્ઞાનીનો એમાં રસ છે, એકાકાર (છે). એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વમાં મુંઝાઈ ગયેલો... આહાહા..! એ મરીને ઢોર આદિ થવાના. વસ્તુ એવી છે, બાપુ! શું કહીએ? આમ જોઈએ છીએ ને માણસને જ્યાં તો આખો દિ' ધંધા... ધંધા... ધંધા... બાયડી, છોકરા, કુટુંબ અને ધંધા. એકલું પાપ. એ..! કામદાર! એમાં વળી પૈસા હોય બે-પાંચ-દસ લાખ, વીસ લાખ, કરોડ, બે કરોડ. એટલે હું પહોળો ને શેરી સાંકડી.

મુમુક્ષુ :- કેટલાક તો ... ખબર પડવા ન દે કે એની પાસે એટલા છે.

ઉત્તર :- એ તો ખબર પડવા ન દે પણ પૈસા અંદર હોય ઘણા. બહાર પડવા ન દે. એ તો હોય છે ને. એ પણ સાંભળ્યું છે. બધી ખબરું છે. હોય મૂડી બે-પાંચ કરોડની. પણ ખબર પડવા ન દે બહારમાં. બહારમાં જાણે કે પચાસ લાખ છે કે કરોડ છે. અને કેટલાક એવા હોય કે હોય પચાસ લાખની મૂડી અને બહાર પાંચ કરોડની લોકો કોઈ કહે તો ના ન

પાડે. આબરૂ તો વધે છે. આવો આ સંસાર ચાલે છે.

મુમુક્ષુ :- આપની લાકડી ફેરવીને બને છે.

ઉત્તર :- લાકડી ફરે, બાપા! આ તો જડ છે. આહાહા..!

અહીં કહે છે કે અજ્ઞાનીને જે સામગ્રી છે એમાં તે એકાકાર રસ છે માટે સંસારની વૃદ્ધિ કરે છે. ત્યારે ધર્મી આત્માના આનંદના રસમાં છે, એમાં એનો રસ લાગ્યો છે તેથી બહારની સામગ્રીમાં ઊભો દેખાય, ભોગવાય પણ એ બધું કર્મ એને ખરી જાય છે. આહાહા..! આવી વાતું છે. કોને વિચાર કરવો છે? એમ ને એમ આ તો જે કુળમાં જન્મ્યા એના બાયડી થાય, એને છોકરા થાય ને એને પરણાવવા.. મરીને જાવ... આહાહા..! એ અહીં કહે છે.

'**સમ્યગ્દષ્ટિ જીવ નાના પ્રકારની સામગ્રીને ભોગવે છે,...**' છે? આહાહા..! જેને આત્માના સ્વભાવનો પ્રેમ અને અનુભવ છે, જેને સમ્યગ્દર્શન છે, એ તો આત્માના આનંદનો સ્વાદ છે જેને, એવો સમ્યગ્દષ્ટિ જીવ આનંદના સ્વાદની આગળ, બહારની સામગ્રીમાં ક્યાંય તેને સ્વાદ આવતો નથી, ક્યાંય રસ પડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છે? '**સુખ-દુઃખને જાણે છે,...**' એટલે? અનુકૂળ સામગ્રી હોય તેને જાણે છે કે છે આ. એટલું. પ્રતિકૂળ હોય એને જાણે કે છે એ કાંઈ મારી નથી અને મને નથી. આહાહા..! સુખ-દુઃખ એટલે અહીં સામગ્રીની વાત લેવી. અને કદાચિત્ કલ્પના થઈ જાય કોઈ આસક્તિની તોપણ તેને એનો રસ અને રુચિ નથી. આહાહા..!

'**પરંતુ જ્ઞાનમાં શુદ્ધસ્વરૂપ આત્માને અનુભવે છે;...**' છે? એ તો હું તો આત્મા આનંદ-જ્ઞાનસ્વરૂપ છું. આહાહા..! મારા સ્વભાવના આનંદના રસ આગળ ઈન્દ્રોના ઈન્દ્રાસન પણ એને સડેલા તરણા અને સડેલા મરી ગયેલા મીંદડા ને કૂતરાના મડદા, એવા સમ્યગ્દષ્ટિ જીવને એ બધા ઈન્દ્રના ઈન્દ્રાસન પણ સડેલા મીંદડા જેવા દુઃખ લાગે. આહાહા..! અહીં તો કાંઈક થોડાઘણા બે-પાંચ-દસ-પચ્ચીસ લાખ થયા એટલે અમે સુખી છીએ. ધૂળમાંય નથી, સાંભળને! સમજાણું કાંઈ? એમાં વળી બે-પાંચ-સાત છોકરા હોય ને એક એક છોકરો બે-બે લાખની કમાણી કરતો હોય. આહાહા..! મહિને બે-બે લાખ, હોં! આમ જાણે.. આહાહા..! અમે તો જાણે ફાલ્યા-ફૂલ્યા. વધી ગયા બહારમાં-પાપમાં.

અહીં કહે છે કે જેને આત્માના ધર્મનું ભાન થયું છે, આત્માનો ધર્મ એટલે આનંદ અને જ્ઞાન,.. આહાહા..! એનું જેને અંતરમાં ભાન થયું, એ બાહ્ય સામગ્રીને ભોગવે છતાં એને જીવનું સ્વરૂપ નથી એમ જાણે છે. એ જીવનું સ્વરૂપ નહિ. બાયડી, છોકરા, કુટુંબ એ કાંઈ મારું સ્વરૂપ નથી. એ તો પર છે. આહાહા..! એ મને કોઈ સુખદાયક નથી. તેમ બહારથી કોઈ મને દુઃખદાયક પણ નથી. આહાહા..! એ જીવનું સ્વરૂપનું નથી એમ સમકિતી જાણે છે. આમ લોઢા જેવા જુવાન છોકરા આઠ-આઠ, દસ-દસ હોય. ૨૫, ૨૭, ૨૯, ૩૧ બબ્બે વર્ષના આંતરે દસ છોકરા થયા હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે, છે ને બધા. ઘણું જોયું છે. દસ વર્ષમાં બે વર્ષના આંતરે-આંતરે આઠ છોકરા થયા હોય. એય જુવાનજોધ. એક 'અમેરિકા'માં ગયો હોય અને એક 'આફ્રિકા'માં

ગયો હોય અને એકે કારખાના 'મુંબઈ'માં માંડ્યા હોય.

મુમુક્ષુ :- એ બધો ..

ઉત્તર :- ધૂળમાંય... પણ એ તો પુણ્ય હોય તો હોય. પણ છતાં એમાં અજ્ઞાની એટલો મશગુલ છે કે જેને આત્મા શું ચીજ છે એને સમજવાને માટે અવકાશ જ નથી. આહાહા..! અને ધર્મીને આત્મા સિવાય જેટલી ચીજ છે એ મારું સ્વરૂપ નથી. એને અવકાશ નથી કે આ મારી ચીજ છે અને મને આનાથી સુખ (છે), એનો એ અવકાશ નથી એને. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગી હોય તો કઈ સામગ્રીમાં એકત્વ કરે?

ઉત્તર :- ત્યાગી બહારનો તો પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રતના કરે છે એ પુણ્ય છે, રાગ છે, એમાં ધર્મ છે એમાં અજ્ઞાની ત્યાં અટક્યો છે. સાધુ થયો તો ત્યાં મિથ્યાત્વમાં અટક્યો. આહાહા..! ભાન ક્યાં છે? સાધુ એટલે બહારથી બાયડી-છોકરા છોડ્યા અને દુકાન છોડી તો થઈ ગયો સાધુ? ધૂળમાંય નથી સાધુ. આહાહા..! એને પણ જે કાંઈ અંદર શુભભાવ દયાનો, વ્રતનો, તપસ્યાનો, ભક્તિનો, જાત્રાનો (આવે), એ શુભભાવ છે એને એ ધર્મ માને છે. એ મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. આહાહા..! આકરું કામ છે, બાપુ! વીતરાગ જિનેન્દ્રદેવ, એનો માર્ગ અલૌકિક માર્ગ છે. લૌકિકથી જુદી જાત છે, ભાઈ! આહાહા..!

અહીં ઈ કહે છે. એ '**આવી સામગ્રી કર્મનું સ્વરૂપ છે, જીવને દુઃખમય છે,...**' દુઃખનું નિમિત્ત, એમ. સમજાણું? જ્ઞાની સામગ્રીને દુઃખમય જાણે છે. પૈસા થયા પાંચ-પચ્ચીસ કરોડ રૂપિયા, બાયડી, છોકરા, કુટુંબ (હોય, છતાં) ધર્મી જીવ એને દુઃખમય જાણે છે-દુઃખનું નિમિત્ત છે. આહાહા..! છે? એ તો '**જીવને દુઃખમય છે,...**' આહાહા..! જેટલું પરદ્રવ્યમાં લક્ષ જાય છે એટલો વિકાર છે અને તે દુઃખ છે. આવી આકરી વાતું બહુ, બાપુ! આહાહા..!

મુમુક્ષુ :- દુઃખમય માને છે કે દુઃખનું નિમિત્ત માને છે?

ઉત્તર :- એ દુઃખનું નિમિત્ત એટલે દુઃખમય એમ માને. નિમિત્ત છે ને? પણ એના ઉપર લક્ષ જાય તો મને દુઃખ જ થાય છે માટે દુઃખમય છે. એમ. એ ચીજ તો જ્ઞેય છે. એ દુઃખના નિમિત્ત છે એટલે દુઃખમય છે, એમ. એ બાહ્ય ચીજ કોઈ સુખનું નિમિત્ત છે નહિ. સુખનું કારણ તો મારો ભગવાન અંદર આત્મા છે. આહાહા..! અરેરે..! સાંભળવા મળે નહિ, એ સત્યનું શ્રવણ કરવા મળે નહિ, એ કે દિ'વિચારે અને શું કરે? આહાહા..! એ પશુ જેવા અવતાર, એ ઢોર જેવા અવતાર, એ મરીને પાછા ઢોર થાય. આહાહા..!

'**સામગ્રી કર્મનું સ્વરૂપ છે, જીવને દુઃખમય છે,...**' એમ લખ્યું ને? શેઠ! એ પૈસા-બૈસા, બાયડી, છોકરા 'માણેકચંદ' એ બધા દુઃખના નિમિત્ત છે.

મુમુક્ષુ :- છોકરાવ કેટલી મદદ કરે.

ઉત્તર :- ધૂળેય મદદ કરતા નથી. આવું છે. એ કહે છે કે જેટલી સામગ્રી મળી એ બધા દુઃખમય છે. કેમકે એની ઉપર લક્ષ જાય છે તો વિકાર થાય છે, વિકાર તે દુઃખ છે. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો રસ છે એના ઉપર નજર જાય છે ત્યારે તેને સુખ થાય છે. આહાહા..! અને પરપદાર્થ ઉપર નજર જાય છે ત્યારે એને દુઃખ થાય છે.

આહાહા..! બે સિદ્ધાંત. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ અહીં પ્રભુ, એની સામું જોવે તો એને આનંદ થાય અને એ પદાર્થ સિવાય બીજા પદાર્થની સામું જોવે તો એને રાગ અને દુઃખ થાય. આહાહા..! પણ એ ક્યાં ભાન છે એને? તે દિ' કહેતા હતા ને? નહિ? અમારા વેવાઈ સુખી છે. આ 'નાનાલાલભાઈ'ના 'વઢવાણ'વાળાના. 'ચુડગર... ચુડગર'. અમારા વેવાઈ સુખી છે. અહીં બોલ્યા હશે. વ્યાખ્યાન... સુખીની વ્યાખ્યા શું? કીધું. આ કરોડ રૂપિયા છે અને પૈસા છે એટલે સુખી? આવા ને આવા પાગલો બધા ભેગા થઈને પૈસાવાળાને સુખી માને. આ વ્યાખ્યાન પછી વાત થઈ ગયેલી. 'મણીભાઈ' હતા. 'મણીભાઈ'. 'મણીભાઈ' હતા. 'વઢવાણ કાંપ'માં હતા. 'ચુડગર.. ચુડગર'. એ કહે. અમારા વેવાઈ સુખી છે. એલા..! સુખીની વ્યાખ્યા શું? કીધું. એમ કે કરોડોપતિ માણસો અહીં આવે એ બધા સુખી છે. અને દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ. એ વળી 'માણેકચંદભાઈ'.

મુમુક્ષુ :- .. મોટરમાં જવાય...

ઉત્તર :- ધૂળમાંય નથી, મરી ગયો છે. એ મોટર ઉપર બેસે છે એ મોટર ઉપર બેસતો નથી, મોટર એની છાતી ઉપર બેઠી છે. એને કેમ નભાવવું એવી મમતાના જોકમાં જુક થઈ ગયો છે. આહાહા..! મોટી પાંચ-પાંચ લાખની મોટરું. આ વાત તો મોટી હતી. અત્યારે એટલું બધું નથી. આ શેઠને સાત મોટરું છે. સાત મોટર છે આ 'ભગવાનલાલ' શેઠને. એને ઘરે આ ધંધા માટે, તમાકુ માટે. તમાકુનો મોટો વેપાર. અને એ પાછી સાત મોટરને સુધારવાનું ઘરે.. શું કહેવાય એ? કારખાનું સાફ કરવાનું ઘરે છે. આહાહા..! એ બહારની ચીજો તો પથરા પડ્યા છે આખા જગતના. પણ શું છે? તારે શું છે પણ? આહાહા..! અજ્ઞાની બહારની ચીજ આવી ને એ પથરા મારા, પૈસા મારા (માને છે). આહાહા..! શેઠ ચાલ્યા ગયા બિચારા, જુઓને! કાલે-પરમ દિ' સવારે. ચાલીસ કરોડ. ચાલીસ લાખનો બંગલો. 'દિલ્હી-દિલ્હી'. 'શાહુજી શાંતિપ્રસાદ' હમણાં અહીંયાં આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળી ગયા. 'પ્રાંતિજ' આવ્યા તો કહે,દર્શન કર્યા વિના હું નહિ જાઉં. અહીં આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળી ગયા. બે દિ' રહી ગયા. 'પ્રાંતિજ'થી ખાસ આવ્યા હતા.

મુમુક્ષુ :- છેલ્લે છેલ્લે રુચિ થઈ ગઈ હતી.

ઉત્તર :- પ્રેમ હતો છતાં દૃષ્ટિની જુદી વાત છે, પણ આમ કોઈ વિરોધ કરે તો વિરોધ કરવા ન દે. બાકી બધા ત્યાગીઓને પણ માને. બધા ત્યાગીઓનો આદર કરવો એમ માને. એ તો સંસાર, સંસાર બાપુ! એવો છે. એમાંથી દૃષ્ટિ ફેરવવી બહુ આકરું કામ.

અહીં કહે છે... આહાહા..! **'આવી સામગ્રી કર્મનું સ્વરૂપ છે,...'** એ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, હજીરા, મકાન મોટા દસ-દસ લાખ, વીસ લાખના, એ તો જડનું સ્વરૂપ, જડનું ફળ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. મહેનતનું ફળ છે.

ઉત્તર :- મહેનતનું ધૂળમાંય નથી. એણે ચીતરામણ કર્યું હતું એ દેખાવ આવ્યો બહારમાં. આહાહા..!

**'જીવને દુઃખમય છે, જીવનું સ્વરૂપ નથી,...'** ધર્મી જીવને આત્મજ્ઞાન ને આત્મદૃષ્ટિ ને

સમ્યગ્દર્શન હોવાથી એ બધી સામગ્રીને દુઃખમય જાણીને જીવસ્વરૂપ નથી એમ એ જાણે છે. આહાહા..! '**ઉપાધિ છે;...**' એ તો ઉપાધિ છે બધી. આહાહા..! એ દુકાન મોટી જામે, મોટા... શું કહેવાય એના? મુખ્ય-મેનેજર. મેનેજર શું? મુખ્ય એનો નોકર હોય ને હોંશિયાર? મુનિમ... મુનિમ. બે-ચાર મુનિમ હોય અને દુકાન પાંચ-સાત, દસ ઠેકાણે નાખી હોય. આહાહા..! જાણે કે શું કર્યું?

મુમુક્ષુ :- રોજી-રોટી તો ચાલે છે.

ઉત્તર :- ધૂળમાંય રોટો ચાલતો નથી. પુણ્ય હોય તો એના ફળ એ પ્રમાણે (મળી રહે). રોટી તો... સાંભળ્યું નથી? ખાનારનું દાણે-દાણે નામ છે.

મુમુક્ષુ :- આ તો સિદ્ધાંતની વાત છે.

ઉત્તર :- સિદ્ધાંત એટલે સત્ય. લોક મૂકે પોક. આ તો સિદ્ધાંત જે સત્ય છે તેની વાત છે અહીં તો. જુઓને! કેટલું લખ્યું છે!

'**આવી સામગ્રી કર્મનું સ્વરૂપ છે,...**' એમ સમકિતી ધર્મી જાણે. મારું નહિ. એક વાત. '**જીવને દુઃખમય છે,...**' બે વાત. '**જીવનું સ્વરૂપ નથી,...**' ત્રણ વાત. એ '**ઉપાધિ છે;...**' ચોથી વાત. ચાર વાત. આહાહા..! અજ્ઞાની એમ માને કે આહા..! હવે આપણે કાંઈક વધ્યા. બાપ પાસે નહોતી મૂડી અને આપણે પચ્ચીસ-પચાસ લાખ થયા, કરોડ-બે કરોડ થયા. બધું વધાર્યું અમે. દુઃખને વધાર્યા છે, ઉપાધિને વધારી છે. આહાહા..!

'**આવું જાણે છે તે જીવને...**' છે? ચાર બોલ લીધા. બહારનું '**કર્મનું સ્વરૂપ છે, જીવને દુઃખમય છે, જીવનું સ્વરૂપ નથી, ઉપાધિ છે; આવું જાણે છે તે જીવને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થતો નથી;...**' એને બંધન થતું નથી. મિથ્યાત્વ આદિનું જે મુખ્ય છે એ બંધન થતું નથી. '**સામગ્રી તો એવી છે કે મિથ્યાદષ્ટિને ભોગવતાંમાત્ર કર્મબંધ થાય છે;...**' આહાહા..! બાયડી અનુકૂળ હોય, છોકરા રૂપાળા હોય, બાયડી રૂપાળી હોય, પૈસા હોય, બંગલા મોટા ઊંચા હોય, મિથ્યાદષ્ટિને તો દેખતા જ પાપ થાય એટલું પાપ. આહાહા..!

મુમુક્ષુ :- ઘરમાં એવું હોય તો કરવું શું?

ઉત્તર :- ઘરમાં ક્યાં હતું? એને પોતાને પરથી ભિન્ન અનુભવવો, જાણવો. રાગ ને પુણ્યના ફળથી પણ હું ભિન્ન છું અને પુણ્યનો ભાવ થાય એનાથી પણ ભિન્ન છું. એવું જાણવું અને અનુભવવું એ ધર્મ છે. બાકી એકડા વિનાના મીંડા છે. આહાહા..! માર્ગ એવો આકરો છે.

'**સામગ્રી તો એવી છે કે મિથ્યાદષ્ટિને ભોગવતાંમાત્ર કર્મબંધ થાય છે;...**' લ્યો! એ તો આમ દેખે ત્યાં.. આહાહા..! આપણે જાણે શું વધી ગયા! ધંધામાં ને પૈસામાં ને શરીરમાં. આ લોકો નથી કહેતા કાંઈક? ૬૦-૬૦ વર્ષની ઉંમર થઈ પણ અમે કોઈ દિ' સૂંઠ ચોપડી નથી માથે. અમને કોઈ દિ' રોગ આવ્યો નથી. અમે સુખી છીએ. ધૂળમાંય નથી સુખી, સાંભળને હવે.

મુમુક્ષુ :- રોગ ન આવ્યો ...

ઉત્તર :- રોગ ન આવ્યો પણ એમાં શું થઈ ગયું? એ તો શરીર, માટી, ધૂળ છે આ તો. આ તો જગતની માટી-ધૂળ છે. એમાં રોગ ન આવ્યો એમાં તને લાભ શું થયો? આહાહા..!

એવું બોલે છે આપણે કાઠિયાવાડમાં. ૬૦ વર્ષ થયા પણ કોઈ દિ' સૂંઠ ચોપડી નથી. અમને રોગ આવ્યો જ નથી. છે એવા દાખલા એકાદ-બે છે.

મુમુક્ષુ :- દરબાર એક મળ્યા હતા

ઉત્તર :- હા, આપણે એક વાણિયો છે કો'ક, એ કહેતો હતો. ૬૦ વર્ષ સુધી કોઈ દિ' અમને તાવ આવ્યો નથી. હોય એ તો કો'કને એમાં શું? પણ એથી થયું શું પણ એમાં? એમાં આત્માને શું પણ? આહાહા..!

**'જે જીવને કર્મબંધ થતો નથી તે જાણપણાનું સામર્થ્ય છે એમ જાણવું;...'** આહાહા..! જ્ઞાન અને વૈરાગ્ય. આહાહા..! અંતરના ચૈતન્ય ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદનું જ્ઞાન છે એટલે કે તેને જ્ઞેય બનાવીને જ્ઞાન કર્યું છે. એ જાણપણાનું આ બધું સામર્થ્ય છે. શાસ્ત્રના જાણપણા અને બીજા જાણપણાની અહીં વાત છે નહિ. અંતર ચિદાનંદ પ્રભુ, અનંત ગુણનો સાગર, ચૈતન્યરત્નાકર, એવું જેને અંતર જ્ઞાન છે એ જાણપણાના સામર્થ્યનું આ ફળ છે કે બહારની સામગ્રીમાં ઊભો છતાં તેને કર્મનું બંધન થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'અથવા સમ્યગ્દૃષ્ટિ જીવ નાના પ્રકારનાં કર્મનાં ઉદયફળ ભોગવે છે, પરંતુ અભ્યંતર શુદ્ધસ્વરૂપને અનુભવે છે,...'** જોયું! આહાહા..! બહારમાં આમ દેખાય છે, સામગ્રી છે બધી. પણ અંતરમાં તો આત્મા પવિત્ર આનંદનો નાથ પ્રભુ, એને અનુભવે છે તેથી તેને બંધ થતો નથી. આહાહા..! અભ્યંતર. બાહ્યમાં આ બધું દેખાય છે, કહે છે. પણ અભ્યંતરમાં ચૈતન્યવસ્તુ શુદ્ધ આત્મા, પવિત્રતાનો પિંડ પ્રભુઆત્મા એને અંતરમાં અનુભવે છે. એને અનુસરીને આનંદ અને જ્ઞાનનું વેદન જેને છે, એ જીવને બહારની સામગ્રી બંધનું કારણ થતું નથી. નિર્જરા થાય છે એમ કહેવું છે ને અહીં? **'તેથી કર્મના ઉદયફળમાં રતિ ઊપજતી નથી,...'** કર્મના ફળમાં ધર્મી જીવને પ્રેમ આવતો નથી. દુશ્મનના દીકરા ઉપર જેમ પ્રેમ નથી, એમ આને પરની વસ્તુમાં પ્રેમ નથી. આહાહા..! વેરી કર્મ એ કર્મના ફળની એ બધી સામગ્રી, દુશ્મનનો એ બધો વિસ્તાર. આહાહા..!

મુમુક્ષુ :- દુશ્મનનો વિસ્તાર છે.

ઉત્તર :- વેરી કર્મ છે ને? એ વેરીનું ફળ આ બધું દુશ્મનનો વિસ્તાર છે. કર્મનું ફળ.

**'કર્મનાં ઉદયફળમાં રતિ ઊપજતી નથી, ઉપાધિ જાણે છે,...'** આહાહા..! ધર્મી તો ઉપાધિ જાણે છે. આહાહા..! અરે..! મારા સ્વરૂપમાં ક્યાં છે આ કાંઈ? અને એનામાં હું ક્યાં છું? આહાહા..! એવાને **'દુઃખ જાણે છે,...'** જોયું! બાહ્ય સામગ્રીને દુઃખ જાણે છે. આહાહા..! દુઃખનું નિમિત્ત છે ને ઉપાધિ? **'તેથી અત્યંત લૂખો છે;...'** આહાહા..! સમ્યગ્દૃષ્ટિને આત્માનું જ્ઞાન છે અને આત્માનો અનુભવ છે એવો ધર્મી બાહ્ય સામગ્રીમાં અતિ લૂખો છે, ક્યાંય રસ પડતો નથી. આહાહા..!

**'આવા જીવને કર્મનો બંધ થતો નથી તે લૂખા પરિણામોનું સામર્થ્ય છે...'** વૈરાગ્ય કીધુંને? જ્ઞાન અને વૈરાગ્ય. આહા..! બહુ કામ આકરું બહુ, ભાઈ! વૈરાગ્યનો અર્થ એવો નથી કે બાયડી, છોકરા, દુકાન બધું છોડીને સાધુ થયો માટે વૈરાગ્ય થઈ ગયો. આહાહા..! વૈરાગ્યની વ્યાખ્યા એવી છે કે જે... આવે છે ને પુણ્ય-પાપમાં? અંતર આત્મામાં દૃષ્ટિ થઈ છે

અને પુણ્ય-પાપ પ્રત્યે વૈરાગ્ય જેને છે. શુભ-અશુભભાવ પ્રત્યે જેનો વૈરાગ્ય છે. પુણ્ય-પાપમાં આવે છે. આહાહા..! બાહ્ય સામગ્રીની તો વાત શું કરવી? પણ શુભ અને અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ એના પ્રત્યે પણ જેને વૈરાગ્ય છે, એના પ્રત્યે પણ રુચિ નથી. આહાહા..! આવું કામ. ધર્મ અલૌકિક વાતું છે, બાપુ! એ કાંઈ ધર્મ (નથી). સાધારણ જે આ થઈ ગયા કે જાત્રા કરી લીધી ને આ કર્યું ને એક કલાક સાંભળી લીધું માટે થઈ ગયો ધર્મ (એમ નથી).

**'તેથી આવો અર્થ નક્કી કર્યો...'** તેથી આવો અર્થ નક્કી કર્યો **'કે સમ્યગ્દષ્ટિ જીવને શરીર-ઈન્દ્રિય આદિ વિષયોનો ભોગ નિર્જરાને લેખે છે,...'** અપેક્ષાથી લીધું છે, હોં! જેટલું અંદરમાં લક્ષ જાય છે એટલો રાગ તો છે, પણ મિથ્યાદષ્ટિપણું નથી એ અપેક્ષાએ એને (નિર્જરા કહ્યું છે). એ અપેક્ષાએ ગણ્યું છે. (કોઈ) એમ માની લે કે જ્ઞાની થયો અને હવે ભોગ છે અને નિર્જરાનો હેતુ છે (તો) રાગ છોડીને પછી ચારિત્ર-સ્વરૂપમાં રહેવું-રમણતા-એ ક્યાં રહ્યું? આહાહા..! આ તો મિથ્યાત્વ સંબંધીનો જે ભાવ છે એ ભાવ એને નથી. એ અપેક્ષાએ એને સમ્યગ્દષ્ટિને બહારના ભોગો, નિર્જરાનો હેતુ કહીને કર્મ ખરી જાય છે એમ કહ્યું છે. આહાહા..! પણ એમાંથી કોઈ એમ જ લઈ લ્યે કે સમ્યગ્દષ્ટિને ગમે તેવા પરિણામ થાય અને ગમે તેવો ભોગ હોય તો એને બંધ નથી. એમ નથી.

મુમુક્ષુ :- કર્મ આવીને ખરી જાય છે, નવો બંધ તો થતો નથી.

ઉત્તર :- હા. સમ્યગ્દષ્ટિને પણ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી નવો બંધ થાય છે. પુણ્યનો બંધ થાય છે અને પાપનો પણ બંધ થાય છે. અહીંયાં તો એને સમ્યગ્દર્શનના જોરનું એના પ્રત્યેથી વિરુદ્ધ જે મિથ્યાત્વ અને અનંતાનુબંધી એનું બંધન નથી એથી નિર્જરા છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'નિર્જરાને લેખે છે, નિર્જરા થાય છે; કેમ કે આગામી કર્મ તો બંધાતું નથી,...'** સંવર છે એટલે. સમ્યગ્દર્શન છે, સત્યદર્શન આત્મા પૂર્ણાનંદનો નાથ એનો અનુભવ છે, એથી સમ્યગ્દર્શન એ સંવર છે એટલે મિથ્યાત્વ સંબંધી આદિ નવા કર્મ તો આવતા નથી. અને **'નિર્જરાને લેખે છે, નિર્જરા થાય છે; કેમ કે આગામી કર્મ તો બંધાતું નથી,...'** આ સંવર. **'પાછલું ઉદયફળ દઈને મૂળથી નિર્જરી જાય છે;...'** એ નિર્જરા. બેય આવી ગયા. આહાહા..! જેને આત્માનું દર્શન થયું છે-સમ્યગ્દર્શન, એને મિથ્યાત્વ સંબંધીનો આસ્રવ, બંધ છે નહિ, એનો તો સંવર છે. એ ઉપરાંત પૂર્વના કોઈ તીવ્ર કર્મ છે એ પણ હવે ખરી જાય છે.

**'પાછલું ઉદયફળ દઈને મૂળથી નિર્જરી જાય છે;...'** આહાહા..! હવે આમાં એમ લઈ લે ઓલા લોકો કે જોયું! કે સમકિતીને જરીએ દુઃખ પણ નથી અને આસ્રવ પણ નથી. અહીં તો સમ્યગ્દર્શનની મુખ્યતાથી જે બંધન નથી એને ગણવામાં આવ્યું છે. બીજું બંધન છે તેને ગૌણ ગણીને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! બાકી તો બપોરે આપણે બધું ચાલે છે, નહિ? જ્યાં સુધી ચારિત્ર વૈભવ અંદર સ્વરૂપની રમણતા ન જાગે ત્યાં સુધી સમકિતીને પણ રાગ જેટલો (છે) તેટલું દુઃખ અને આસ્રવ છે. આહાહા..! દુઃખ પણ છે અને આસ્રવ છે અને નવા આવરણ પણ આવે છે. વીતરાગનો માર્ગ અનેકાંત જેમ છે તેમ સમજવો

જોઈએ. એકાંત તાણીને બેસે એ ચાલે નહિ. આહાહા..!

'**ઉદયફળ દઈને મૂળથી નિર્જરી જાય છે; તેથી સમ્યગ્દૃષ્ટિનો ભોગ નિર્જરા છે.**' જોયું! ભોગ નિર્જરાનો હેતુ. તો તો પછી ભોગના ભાવ છોડવા એ કાંઈ રહેતું નથી. એમ નથી. અહીં તો સમ્યગ્દર્શનના જોરમાં દૃષ્ટિનું જોર વર્તે છે એથી રાગ આવે છતાં રસ નથી, પ્રેમ નથી. એથી તેને ભોગ નિર્જરી જાય છે એમ કહેવામાં આવે છે. પણ એમાં તાણીને એમ ખેંચી જાય કે સમ્યગ્દૃષ્ટિ હવે ગમે તેવા ભોગ ભોગવે અને રાગ કરે એને કાંઈ વાંધો નથી. સ્વચ્છંદી છે ઈ. એમ નથી. મુનિ સાચા સંત થાય, દિગંબર મુનિ જંગલમાં વસે, આત્માના આનંદના ધામમાં રહે તોપણ જરી પંચમહાવ્રતનો વિકલ્પ આવે એટલો આસ્રવ છે, એટલું દુઃખ છે, એટલું બંધન છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને આ રીતે નિર્જરા કહેવામાં આવી છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

(રથોદ્ધતા)

नाश्नुते विषयसेवनेऽपि यत्<br>
स्वं फलं विषयसेवनस्य ना।<br>
ज्ञानवैभवविरागताबलात्<br>
सेवकोऽपि तदसावसेवकः।।३-१३५।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'तत् असौ सेवकः अपि असेवकः' ( तत् ) તે કારણથી ( असौ ) સમ્યગ્દૃષ્ટિ જીવ ( सेवकः अपि ) કર્મના ઉદયથી થયેલ છે જે શરીર-પંચેન્દ્રિયવિષયસામગ્રી, તેને ભોગવે છે તોપણ ( असेवकः ) ભોગવતો નથી. શા કારણથી? ' यत् ना विषयसेवने अपि विषयसेवनस्य स्वं फलं न अश्नुते' ( यत् ) જે કારણથી ( ना ) સમ્યગ્દૃષ્ટિ જીવ ( विषयसेवने अपि ) પંચેન્દ્રિયસંબંધી વિષયોને સેવે છે તોપણ ( विषयसेवनस्य स्वं फलं ) પંચેન્દ્રિયભોગનું ફળ છે જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ, તેને ( न अश्नुते ) પામતો નથી. એવું પણ શા કારણથી? 'ज्ञानवैभवविरागताबलात्' ( ज्ञानवैभव ) શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો મહિમા, તે કારણથી અથવા ( विरागताबलात् ) કર્મના ઉદયથી છે વિષયનું સુખ, જીવનું સ્વરૂપ નથી, તેથી વિષયસુખમાં રતિ ઊપજતી નથી, ઉદાસભાવ છે, એ કારણથી કર્મબંધ થતો નથી. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જે ભોગ ભોગવે છે તે નિર્જરાનિમિત્તે છે. ૩-૧૩૫.**

## આસો વદ ૪, રવિવાર, તા.૩૦-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૫-૧૩૬, પ્રવચન - ૧૩૫

'કળશટીકા' ૧૩૫-કળશ છે. 'નિર્જરા અધિકાર' છે.

नाश्नुते विषयसेवनेऽपि यत्
स्वं फलं विषयसेवनस्य ना।
ज्ञानवैभवविरागताबलात्
सेवकोऽपि तदसावसेवकः।।३-१३५।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'तत् असौ सेवकः अपि असेवकः' 'તે કારણથી સમ્યગ્દષ્ટિ જીવ...' અહીંયાં સમ્યગ્દષ્ટિનું મહાત્મ્ય વર્ણવે છે. જેને આત્મા શુદ્ધ પૂર્ણ આનંદસ્વરૂપ, એનું જ્યાં અંતર જ્ઞાન થયું, અનુભવ થઈને આત્માનો આનંદનો સ્વાદ આવ્યો છે એને સમ્યગ્દષ્ટિ કહે છે. આત્મા વસ્તુ છે. દેહ આ તો માટી-જડ છે. એનાથી જુદી ચીજ છે અંદર. તેમ કર્મ જે આઠ ધૂળ જે જડ છે એનાથી જુદી ચીજ છે. તેમ શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપભાવ, એનાથી વસ્તુ જુદી છે અંદર. તેમ દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા આદિના ભાવ એ પુણ્ય છે, એનાથી પણ આત્મા તો અંદર ભિન્ન ચીજ છે. આહાહા..! એવી ચીજનો જેને અંતરમાં સ્વીકાર થઈ અને આનંદનો અનુભવ આવ્યો, અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવ્યો. કેમકે આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે.

મુમુક્ષુ :- એનો સ્વાદ કેવો હશે?

ઉત્તર :- અજ્ઞાનીને આ રાગનો સ્વાદ આવે છે એ આકુળતા છે. એનાથી-રાગથી જુદો અનાકુળ સ્વાદ છે. આહાહા..!

આ સંસારી અજ્ઞાની... અહીં અજ્ઞાની અને જ્ઞાની બેની વાત લેવી છે. મિથ્યાત્વ એ જ મહાસંસારનું કારણ છે. એથી મિથ્યાત્વ જ્યાં ગયું એટલે સમ્યગ્દર્શન થયું, એને હવે અનંત સંસારનું કારણ બંધ નથી એ અપેક્ષાએ બંધ નથી એમ કહેવામાં આવશે. સમજાણું કાંઈ? આહા..! અનાદિથી અજ્ઞાનમાં પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ, શુભ અને અશુભભાવ (થાય છે) અને એ મારા એવો મિથ્યાત્વભાવ, એનો અજ્ઞાનીને આકુળતાનો સ્વાદ, આસ્વાદ અનાદિથી છે. આહાહા..! એ સાધુ થયો દિગંબર મુનિ, તોપણ અંદર રાગના સ્વાદને એણે જોયો છે. પણ અંદર રાગથી ભિન્ન ભગવાન આનંદસ્વરૂપ છે, સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ એણે જે આત્મા અંદર જોયો અતીન્દ્રિય આનંદનો પિંડ છે, એવા આનંદના સ્વાદ વિના ગમે તેટલા મહાવ્રતાદિ પાળે એ બધી દુઃખરૂપ દશા છે. આહાહા..! જેણે એવા પુણ્ય અને પાપના રાગના ભાવથી ભિન્ન મારી ચીજ છે અંદર, એવું જેને પોતાના અસ્તિત્વનું હોવાપણાનું પર્યાયમાં જ્ઞાન અને પ્રતીતિ આવી, એમાં અનંત ગુણો જેટલા આત્મામાં છે, એ બધાનો એક

અંશ વ્યક્તપણે વેદનમાં આવે. આહાહા..! એને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અનંતગુણના નામ પણ આવડતા હોતા નથી.

ઉત્તર :- પૂર્ણ નામ ભલે ન હો. નામ ન હોય તો કાંઈ કામ નથી. ગોળનું ગોળ નામ ન આવડે એથી કાંઈ ગોળનો સ્વાદ ચાલ્યો જાય? એમ ભગવાનઆત્મામાં.. ઝીણી વાત છે, પ્રભુ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંતગુણ છે. નામ ન આવડે. એની સંખ્યાની પણ કદાચિત્ ખબર ન હોય. પણ એ અનંતગુણનો પિંડ પ્રભુ ભગવત્સ્વરૂપ અંદર આત્મા પોતે (છે). આહાહા..! એની સન્મુખ થઈ અને નિમિત્ત અને રાગ અને પર્યાયથી વિમુખ થઈ... શરતું ઘણી, બાપુ! આહાહા..! જેને અંતરમાં અનંત ગુણનો પિંડ આત્મા પ્રભુ અરૂપી આનંદઘન, એનું જેને જ્ઞાન થઈ, પ્રતીત થઈ અને રાગથી ભિન્ન પડ્યો માટે અરાગી આત્માનો સ્વાદ આવ્યો છે એને. આહાહા..! આવી વાતું છે. એને સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢી, પહેલી શ્રેણી એને સમ્યગ્દૃષ્ટિ કહે છે.

મુમુક્ષુ :- બહુ લાંબુ.

ઉત્તર :- આટલી વાતો છે. એને નિર્જરા થાય છે એ અહીં વર્ણવવું છે.

મુમુક્ષુ :- મુનિને તો ત્યાગ થયો ને?

ઉત્તર :- મુનિની અત્યારે વાત નથી. અત્યારે તો સમ્યગ્દૃષ્ટિ થયો તેથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ભાવથી તે અનંત સંસાર બનતો, એ નથી થતો એટલી વાત અહીંયાં લેવી છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી જે બંધ થતો પહેલો મિથ્યાત્વમાં, એ નથી. બીજો બંધ છે, આસ્રવ છે એને અહીંયાં ગૌણ ગણીને એને નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ સમ્યગ્દૃષ્ટિ જીવ... આની વ્યાખ્યા થઈ. સમ્યગ્દૃષ્ટિની આ વ્યાખ્યા થઈ. જૈનમાં જન્મ્યા અને દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા એમ માન્યા માટે સમ્યગ્દૃષ્ટિ છે, એમ નથી. આહાહા..! સમ્યક્ તો સત્ જેટલું સત્ છે, આત્માનું સત્ છે, ના શબ્દ વાપરે છે ને આમાં? ના ના. ના એટલે આત્મા. ના શબ્દ છે ને? એનો અર્થ અહીંયાં આત્મા છે. સમ્યગ્દૃષ્ટિ જીવ... છે ને અંદર લખ્યું છે, જુઓ! '(ના) **સમ્યગ્દૃષ્ટિ જીવ**' છે? પાંચમી લીટી. એ આવે છે. ના-પોતાનું સ્વરૂપ એમ બતાવવું છે. આહાહા..! ના એ નકારના અર્થમાં નથી. ના આત્માના શુદ્ધ સ્વરૂપના અર્થમાં ના છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ! અનંત કાળથી રખડે છે. એ દુઃખી છે, એ અબજોપતિ શેઠિયાઓ કે રાજાઓ કે દેવ છે, એ બધા દુઃખી છે. રાગ અને દ્વેષના વેદનારા, આકુળતાના વેદનારા, આકુળતાવાળા દુઃખી છે.

અહીંયાં તો જેને આત્મદર્શન થયું, આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન એવા અનંત ગુણનો રસકંદ, એનો જેને શ્રદ્ધામાં સ્વીકાર થયો અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં જેનું જ્ઞાન (થયું), વસ્તુ ન આવી પણ એનું જ્ઞાન આવ્યું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતકાળમાં એણે કામ નહોતું કર્યું એવું કામ કર્યું. ભલે એ મુનિ થયો ન હોય, ત્યાગી ન હોય હજી બહારથી. પણ અંદરમાં રાગના યોગના સંબંધથી ત્યાગી છે. રાગનો સંબંધ મારે નથી, હું તો અનંતજ્ઞાન અને આનંદના સંબંધવાળું મારું તત્ત્વ છે.

આહાહા..! 'રાગ યોગાત' શબ્દ છે ને? ઝીણી વાત છે, હોં ભગવાન! એ દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ એ રાગ છે. જેને એ 'રાગ યોગાત'-એ રાગ અને આત્મા ત્રિકાળી ચૈતન્ય શુદ્ધ, એ બેનો જેને સંબંધ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સંબંધ છે તે બંધનું કારણ છે. અહીં એટલું લેવું છે અત્યારે. સમ્યગ્દર્શન પછી એકાંત તાણી જાય એમાં કે સમ્યગ્દૃષ્ટિ છે એને કાંઈ બંધ જ નથી, એમ નથી. એને મિથ્યાત્વ અને અનંત સંસાર પરિભ્રમણ થાય એવું એને બંધન હોતું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

'**સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મના ઉદયથી થયેલ છે...**' પૂર્વના કર્મને કારણે શરીર મળ્યું આ જડ-માટી, પંચેન્દ્રિયના વિષય સામગ્રી મળી. અબજો રૂપિયા હોય, ચક્રવર્તીનું રાજ હો, સ્ત્રી, કુટુંબ, પરિવાર લાખો કરોડો હો. '**પંચેન્દ્રિયવિષયસામગ્રી,...**' એટલે કાનને સાંભળવાની પ્રશંસાની સામગ્રી, આંખે સુંદર આદિ દેખવાની સામગ્રી, નાકને સુગંધમાં એવી સામગ્રી, રસમાં અનુકૂળ રસવાળી સામગ્રી, સ્પર્શમાં અનુકૂળ સ્ત્રી આદિ કુટુંબના સ્પર્શની સામગ્રી. આહાહા..! એને આવી સામગ્રી (હોય) '**તેને ભોગવે છે...**'

મુમુક્ષુ :- પરપદાર્થને તો ભોગવી શકાય નહિ.

ઉત્તર :- અહીં તો કઈ અપેક્ષાએ વાત છે? એમાં જરી રાગ આસક્તિ છે, એથી એને ભોગવે છે એમ કહેવામાં આવે છે. પરને તો ભોગવી શકતો નથી. આત્મા ભગવાન અરૂપી જડને શું ભોગવે? એ સ્ત્રીનું શરીર માંસ ને હાડકા, એને આત્મા ભોગવી શકે? આ તો હાડકા, ચામડા, માંસ, લોહી છે. એ કહે છે કે એમાં થતો રાગ છે એ ભોગવે છે. એમ કહેવામાં આવે છે. છતાં એ રાગની એકત્વબુદ્ધિ નથી અને રાગનો સ્વામી નથી અને સમ્યગ્દર્શનમાં રાગની એક્તાબુદ્ધિનો મિથ્યાત્વનો નાશ થયો છે માટે તે ભોગવે છતાં તેને સેવક કહેવાતો નથી. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! માર્ગ એવો ઝીણો છે પ્રભુનો. જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વર, એનો માર્ગ અલૌકિક છે.

'**સેવકઃ**' '**તેને ભોગવે છે તોપણ ભોગવતો નથી.**' કઈ અપેક્ષાએ? કે સામગ્રી છે તેના ઉપર એનું લક્ષ પણ જાય છે, થોડી આસક્તિ થાય છે, પણ એ આસક્તિમાં સુખબુદ્ધિ નથી. સમ્યગ્દૃષ્ટિને પરમાં સુખબુદ્ધિ ઊડી જાય. ચાહે તો હજારો રાણી હો, કરોડો અપ્સરાઓ હો, પણ સમ્યગ્દર્શનમાં પરમાં સુખ છે એ બુદ્ધિનો નાશ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પરમાં સુખ છે એ બુદ્ધિનો નાશ થતાં સ્વમાં આનંદ છે એવી બુદ્ધિનો જ્યાં આદર થયો ભાવનો અંદર, એને બહારની સામગ્રી પૂર્વના કર્મને લઈને ઘણી હોય. ચક્રવર્તીનું રાજ હોય, સમકિતીને ઈન્દ્રના ઈન્દ્રાસન હોય. સમકિતી છે અત્યારે ઈન્દ્ર, પણ છતાં એને ક્યાંય કોઈ સ્થાનમાં સુખબુદ્ધિ, ઠીકબુદ્ધિ એ બધી ઊડી ગઈ છે. સુખ તો મારા આત્મામાં છે, આનંદ મારામાં છે, એ આનંદ ક્યાંય બીજે રાગ, પુણ્ય-પાપના પરિણામમાં પણ આનંદ નથી. એના ફળમાં મળેલી સામગ્રીના ઢગલા, એ બધા ઝેરના ઢગલા એમાં સુખ છે નહિ ક્યાંય. આહાહા..!

મુમુક્ષુ :- પરપદાર્થ કાંઈ કરે નહિ ને વળી ...

ઉત્તર :- કરે કોણે કીધું? એનાથી રાગ થાય એ ઝેર છે. એ ઝેર કયુ? એકત્વબુદ્ધિનો રાગ એ ઝેર છે. અસ્થિરતાના રાગને અહીં ગણવામાં નથી આવ્યો. એનાથી અલ્પ બંધ થાય એ અનંત સંસારનો બંધ ન કરે. અહીં તો અનંત સંસારનું પરિભ્રમણ અનંત ભવ કરે છે એવો જે મિથ્યાત્વભાવ, એ જેનો નાશ થયો છે અને જેને આત્માનું ભાન થયું છે. આહાહા..! હું શુદ્ધ ચૈતન્યઘન, જેવા અરિહંત પરમાત્મા પર્યાયમાં છે, એવો જ મારો દ્રવ્યસ્વભાવ એવડો ને એવો જ છે. આહાહા..!

મુમુક્ષુ :- દ્રવ્ય અને પર્યાયે બેયએ?

ઉત્તર :- દ્રવ્યે કીધું. અહીં દ્રવ્યે કીધું ને? અરિહંતને પર્યાયમાં પરમાત્મ દશા છે. મારા દ્રવ્યમાં પરમાત્મ દશા એવડી ને એવી જ પૂર્ણ દશા છે. આહાહા..! આકરી વાત, બાપુ! આ સંસારના મોહ મારી નાખે જગતને. બાયડીમાં સુખ છે, છોકરામાં સુખ છે, પૈસામાં સુખ છે. આ ધૂળ કાંઈક સુંદર રૂપાળુ શરીર તો ઠીક છે, એ બધો મિથ્યાત્વભાવ અનંત સંસારનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ધર્મીજીવને.. ધર્મી એવો જે ભગવાનઆત્મા, તેના ધર્મ એટલે આનંદાદિ, એનો જેને પર્યાયમાં સ્વાદ અને એનો સ્વીકાર થયો છે. આહાહા..! એથી એ પૂર્વના કર્મને લઈને સામગ્રી પાંચેય ઇન્દ્રિયોની હોય એમ કહે છે. પાંચ ઇન્દ્રિય કીધીને? પાંચેય ઇન્દ્રિયની સામગ્રી હો. પણ બધામાંથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે. તેમ તેના પ્રત્યેની જરી આસક્તિ છે એમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. અરે..! આવી વાતું છે. આવી શરતું છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

જુવાન છોકરો હોય, માતા ચાલીસ વર્ષની હોય, કોઈ સ્નાન કરતી હોય અને નગ્ન હોય અને સ્નાન કરતાં ખાટલો આડો ન હોય. છોકરો આવી ચડ્યો, નજર (ત્યાં પડી). એ નજર ત્યાં કરતો જ નથી. એ જણેતા છે, મારી મા છે. એના ઉપર એની નજરું નથી. આહાહા..! એમ ધર્મીને કર્મના નિમિત્તથી મળેલી સામગ્રી, એના ઉપર એની નજરું નથી. સમ્યગ્દર્શનની નજર તો અંદર દ્રવ્ય ઉપર છે. આહાહા..!

મુમુક્ષુ :- નિર્વિકલ્પ...

ઉત્તર :- નિર્વિકલ્પ ભલે ન હો. લબ્ધરૂપ સમ્યગ્દર્શન-પ્રતીતરૂપી છે. લબ્ધરૂપ જ્ઞાન છે. શાંતિનો, આનંદનો પણ સ્વાદ છે. પણ રાગ આસક્તિ પણ છે. પણ એ આસક્તિનો રસ નથી, આસક્તિમાં સુખબુદ્ધિ નથી. અને સામગ્રી મળે છે તેમાં ક્યાંય સુખબુદ્ધિ સમકિતીને (નથી). ઊડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? બાપુ! સમ્યગ્દર્શન શું છે! આહાહા..! એ જૈન પરમેશ્વર વીતરાગના માર્ગમાં એ વાત છે, બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

એ અહીં કહે છે કે સમ્યગ્દષ્ટિ '**ભોગવે છે તોપણ...**' '**असेवकः**' છે. '**શા કારણથી?**' હવે કારણ આપે છે. '**यत् ना विषयसेवने अपि विषयसेवनस्य स्वं फलं न अश्नुते**' શું કહે છે? '**જે કારણથી સમ્યગ્દષ્ટિ જીવ...**' '**ना**' આવ્યું ને? બીજા પદમાં છેલ્લે છે ને? '**સમ્યગ્દષ્ટિજીવ...**' **विषयसेवने अपि**' '**પંચેન્દ્રિયસંબંધી વિષયોને સેવે છે...**' આહાહા..! એ

ચક્ષુથી રૂપને જોવે, કાનથી નિંદા-પ્રશંસાને સાંભળે. અનુકૂળ લ્યોને બધું આપણે પ્રશંસાને સાંભળે, સુગંધને નાકથી સુંઘે, રસથી રસનો સ્વાદ લે અને સ્પર્શ ભોગવે. એટલે સ્પર્શમાં રાગની આસક્તિ થાય તોપણ પંચેન્દ્રિય ભોગનું ફળ જે અનંત સંસાર એનું ફળ છે, એ ફળ એને આવતું નથી. આહાહા..! કેમકે જ્યાં મિથ્યાત્વનો નાશ થયો અને સમ્યગ્દર્શન થયું એટલે મિથ્યાત્વ જે અનંત સંસારનું કારણ હતું એ ફળ હવે સમકિતીને વિષયો ભોગવવા છતાં મિથ્યાત્વનો નાશ હોવાથી મિથ્યાત્વથી જે અનંત સંસાર બંધાતો, એ હવે એને બંધાતો નથી. આહાહા..! મિથ્યાત્વમાં અનંત ભવનું પરિભ્રમણ જે હતું એ પરિભ્રમણનું કારણ હવે છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! આહાહા..! આમાં દુનિયાના ડાહ્યા પણ કામ ન આવે, શાસ્ત્રના જાણપણા કરનારા એકલા એ પણ કામ ન આવે. આહાહા..!

અહીંયાં તો પ્રભુ અંદર પૂર્ણાનંદનો નાથ, અનંત આનંદનો કંદ, રસકંદ પ્રભુ, એનો જેને સ્વાદ અને એ વસ્તુ આનંદમય છે એવા નમૂના દ્વારા, સ્વાદ દ્વારા જેને આખો આત્મા આનંદ છે એવો અનુભવ થયો, એને કર્મની સામગ્રી જરી ભોગવે એટલે આસક્તિનો ભાવ હોય છતાં અનંત સંસાર બંધનું કારણ કર્મ એને નહિ થાય. સમજાણું કાંઈ? આહાહા..! અને પાંચ ઈન્દ્રિયના વિષયો છોડ્યા હોય, ત્યાગી સાધુ થાય જૈનનો, છતાં અંદરમાં જેને... આહાહા..! એ દયા, દાન, વ્રતના પરિણામ પુણ્ય છે એ દુઃખ છે, એમાં એને સુખબુદ્ધિ છે. આહાહા..! એ મને લાભદાયક છે એમ માને છે. એથી એ મિથ્યાદૃષ્ટિ અનંત સંસાર વધારે છે. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિ પૂર્વના કર્મને લઈને ઘણી સામગ્રી મળી પણ એ તો પર છે. મારી ક્યાં છે? મારામાં ક્યાં છે? એમાં હું ક્યાં છું? આહાહા..! એવું અંતરમાં પરના સ્વામીપણાની બુદ્ધિ ઊડી ગઈ છે. આસક્તિનું ધણીપત્તુ પણ ટળી ગયું છે. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા, એનો જ્યાં સેવક થયો છે, એનો સેવનાર થયો છે, એ વિષયને સેવે છતાં તેને અનંત સંસારનું બંધન છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..ભોગ નિર્જરા છે.

ઉત્તર :- આ નિર્જરા કહે છે ને, આ નિર્જરા. એ અપેક્ષાએ, હોં! એને મિથ્યાત્વ સંબંધી જે બંધ છે એ નથી માટે તેને સમ્યગ્દર્શનના જોરના બળે સુખબુદ્ધિ ત્યાં છે માટે રાગ આવે એની નિર્જરા (થાય છે). ત્યાં દૃષ્ટિના પ્રધાનપણાની અપેક્ષાએ આસક્તિની પણ નિર્જરા થઈ જાય એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવું છે, શેઠ! ઝીણું બહુ. આહાહા..!

મુમુક્ષુ :- સમજવું પડશે.

ઉત્તર :- માનવી પડે એ વાત. સોળ આના સાચી વાત છે. કરવું, સમજવું પડશે. આ ચોર્યાસીમાં રખડી મરે છે. આહાહા..! કરોડોપતિઓ મહેલ અને મકાન મૂકીને ચાલ્યા જાય છે. આહાહા..! એમાં જેની બુદ્ધિ (છે કે) એ મારા છે અને હું એનો છું, એવી મિથ્યાબુદ્ધિ છે એ અનંત સંસારમાં રખડનારા છે. અને એ સામગ્રીમાં પડ્યો છતાં જેને રાગનો યોગ-સંબંધ નથી, જેને વિકલ્પ દયા, દાનનો સંબંધ પણ જીવની સાથે નથી. એ તોડી નાખ્યો

છે,.. આહાહા..! એવા જીવને કર્મના કારણે મળેલી સામગ્રી, એને ભોગવે એટલે જરી આસક્તિના પરિણામ હોય છે, છતાં દૃષ્ટિના જોરની અપેક્ષાએ મિથ્યાત્વથી જે અનંત સંસાર બંધાય તેવો એને નથી માટે નિર્જરા કહેવામાં આવી છે. પણ એમ જ માની બેસે કે અમારી આસક્તિ તો નિર્જરાનું કારણ છે (તો એ મિથ્યાદૃષ્ટિ છે). અહીં તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત કરી છે. આહાહા..! અને આસક્તિનો બંધ જે છે, કર્મનો રસ થોડો પડે, સ્થિતિ થોડી પડે એને અહીં ગણવામાં આવી નથી. પણ એકાંત માની લે કે સમ્યગ્દૃષ્ટિ થયો એટલે હવે કાંઈ જરીએ બંધ જ નથી, એમ નથી. એને રાગની એકતાબુદ્ધિ મહાસંસારનું કારણ (ઊભું છે). ત્રણલોકનો નાથ ભગવાન પૂર્ણ પવિત્ર અને રાગનો કણ શુભ-મહા અપવિત્ર ઝેર, બેની એકતાબુદ્ધિ છે એ સંસાર મહામિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

**'સમ્યગ્દૃષ્ટિ જીવ પંચેન્દ્રિયસંબંધી વિષયોને...'** જોયું! પાંચેય ઇન્દ્રિય પાછી લીધી. કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શના ભોગ. ભોગવે એટલે એમાં જરી આસક્તિ છે એટલું. નહિંતર કાંઈ ભોગવી શકતો નથી. **'સેવે છે તોપણ પંચેન્દ્રિયભોગનું ફળ છે જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ,...'** જે અનંત સંસારનું કારણ **'તેને પામતો નથી.'** જે જ્ઞાનાવરણી, દર્શનાવરણી આદિ અનંત સંસારનું કારણ થાય એવા કર્મબંધનને તે પામતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એક તો સમ્યગ્દર્શનના જોરમાં એને અનંત સંસારનું કારણ તો નથી, પણ આવતા ભવનું આયુષ્ય પણ જ્યારે એને બંધાય, ત્યારે એને શુભભાવ આવે ત્યારે બંધાય. નહિંતર અશુભભાવ પણ આવે છે, છતાં અશુભભાવના કાળમાં ભવિષ્યના ભવનો બંધ નથી. આહાહા..! એને તો સ્વર્ગના વિમાનના આયુષ્યનો બંધ (પડે). એ શુભભાવ આવે ત્યારે. પણ અહીં તો એ બંધ છે એમ નથી ગણવામાં આવ્યું. કારણ કે અનંત સંસારનું કારણ નથી માટે ગણવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..!

**'કર્મનો બંધ, તેને પામતો નથી. એવું પણ શા કારણથી?'** અનંત સંસારના બંધને કરતો નથી એનું કારણ? હેતુ શું? **'ज्ञानवैभवविरागताबलात्' 'શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો મહિમા,...'** એક તો. ભગવાન પૂર્ણ પવિત્ર અનંતગુણનો ધણી, જેમાં અનંત-અનંત ગુણરાશિનો ઢગલો પ્રભુ આત્મા... આહાહા..! એની જેને અંતરમાં મહિમા આવી છે અને એનો જ્યાં અનુભવ-જ્ઞાનમાં એનો અનુભવ થયો છે એ અનુભવને, મહિમાને કારણે નવા અનંત સંસારના કર્મ બંધાતા નથી. એક વાત.

બીજી વાત. **'અથવા...'** છે ને? ઓલી એક વાત કરી. શુદ્ધ સ્વરૂપ છે પરમાત્મા આનંદ (સ્વરૂપ છે)... આહાહા..! એ આનંદની મીઠાશની મહિમા આગળ રાગનો ભાવ આવ્યો પણ એની મીઠાશ ઊડી ગઈ છે. એથી એને અનંત સંસારનું બંધન થતું નથી. એક વાત. બીજી વાત. **'અથવા (विरागताबलात्) કર્મના ઉદયથી છે વિષયનું સુખ, જીવનું સ્વરૂપ નથી,...'** આહાહા..! વૈરાગ્ય-વૈરાગ્ય. અરે..! આહાહા..! એ અશુભભાવ આવે પણ એને કાળા નાગ જેવો સમકિતી દેખે છે. ભોગભુજંગ આવ્યું હતું. નહિ? મુનિને માટે આવ્યું હતું. આહાહા..! મુનિરાજો તો ભોગને ભુજંગ નામ કાળો નાગ જેવો દેખે છે. અહીં એ સમકિતીને લેવું છે. આહાહા..! આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય આનંદનો સાગર સ્વયં, એના જેને ભાન અને

સ્વાદ થયા એને પર પ્રત્યેનો ઉદાસ ભાવ છે. પરમાં ક્યાંય સુખ નથી માટે પરથી તે ઉદાસ (છે). આહાહા..! સમ્યગ્દર્શન સહિતની વાત છે, હોં! તેથી પહેલું લીધું કે સ્વરૂપની મહિમા છે, સ્વરૂપનો અનુભવ છે અને પર તરફનો વૈરાગ્ય એટલે ઉદાસ છે. અસ્તિ-નાસ્તિ કર્યું. શું એ કહ્યું? કે જ્ઞાનવૈભવ. એક તો સ્વરૂપનો વૈભવ-અનુભવ પ્રગટ્યો છે, એ મહિમા આગળ એને પરમાં મહિમા કાંઈ આવતી નથી. બીજું. વિષયસુખ... છે ને?

**'કર્મના ઉદયથી છે વિષયનું સુખ, જીવનું સ્વરૂપ નથી,...'** આહાહા..! એ છ ખંડના રાજ જેને છન્નું હજાર રાણી, એક રાણી, એક મુખ્ય સ્ત્રી-રાણી, સ્ત્રીરત્ન, હજાર દેવ સેવા કરે, પણ તેમાં તેની ભોગબુદ્ધિની રુચિ ઊડી ગઈ છે. ઉદાસ. અરેરે..! એ ચીજ મારી નહિ. મારામાં નહિ, હું એમાં નહિ. આહાહા..! આવો સમ્યગ્દષ્ટિ જીવ ભલે ગૃહસ્થાશ્રમમાં હો... આહાહા..! પણ પરપદાર્થ પ્રત્યે તો ઉદાસ, વૈરાગ્ય (છે). મારામાં એ છે જ નહિ. આહાહા..! અહીં તો બાયડી, છોકરા, કુટુંબ, પૈસા ને મકાનથી ઘેરો ઘાલ્યો હોય, ઘેરા ઘાલ્યા એમાં ગૂંચવાઈ ગયો માળો. આહાહા..! એમાં કાંઈ પાંચ-પચાસ લાખ પૈસા હોય, બે-પાંચ લાખના બંગલા હોય, બાયડી-છોકરા, છોકરા કાંઈક ઠીક થયા હોય રળાઉ-એ ઘેરામાં ઘેરાઈ ગયો એ. મિથ્યાત્વને લઈને એ મારા છે એમ માનીને ઘેરાઈ ગયો. સમ્યગ્દષ્ટિ એ ઘેરામાં ઘેરાતો નથી, કહે છે. આહાહા..! કોઈ ચીજ મારી નથી.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિનો કાંઈ વાક જ નથી એમ આપ કહો છો.

ઉત્તર :- અહીં મિથ્યાત્વનો વાંક એ જ વાંક કહેવામાં આવે છે. અત્યારે એ...

મુમુક્ષુ :- બે ભાઈયું સમ્યગ્દષ્ટિ લડાઈ કરે છતાં કાંઈ વાક નથી.

ઉત્તર :- એમ નથી. મિથ્યાત્વ સંબંધીનો વાંક નથી, જે મૂળ સંસારનું કારણ (છે) એની વાત છે. આસક્તિનો વાંક છે એ આસક્તિ છોડશે તે દિ' સાધુ થાશે. આસક્તિમાં રહેશે અને ચારિત્ર થાશે?

અહીંયાં તો અત્યારે સમ્યગ્દષ્ટિમાં મિથ્યાત્વનો જે અનંત સંસાર હતો-બંધનું કારણ, એ ભાવબંધ ઊડી ગયો. એ અપેક્ષાએ નિર્જરા કહેવામાં આવે છે. અપેક્ષા લેવી જોઈએ. એમ ખેંચાતાણ કરે એ ન ચાલે. આહાહા..!

આમ તો મહામુનિ, જેને અતીન્દ્રિય આનંદના ઊભરા આવ્યા અંદર. મુનિ કોને કહે, બાપા! જેને, દરિયાને કાંઠે દરિયામાં ભરતી આવે ભરતી, એમ આત્મામાં આનંદ છે એની વર્તમાન પર્યાયમાં આનંદની ભરતી આવે. આહાહા..! સમકિતીને આનંદ છે પણ મુનિને તો અતીન્દ્રિય આનંદની ભરતી આવે. આહાહા..! સમજાણું કાંઈ? એને પણ જરી પંચમહાવ્રતનો રાગાદિ ઊઠે એ પણ બંધનું કારણ છે. આહાહા..!

અહીં તો સમ્યગ્દષ્ટિ કર્મની પાંચેય ઇન્દ્રિયની સામગ્રીને આસક્તિપણે ભોગવે છે. એ પરને તો ભોગવે છે ક્યાં? એ આસક્તિ છે ને એટલી? છતાં તેના સ્વામીપણે નથી, તેમાં સુખબુદ્ધિ નથી, તેમાં મારાપણું નથી. એથી અનંત સંસારનું કારણ એને થતું નથી. નિર્જરા થાય છે, એમ કહે છે. આહાહા..! ભારે વાતું. આવું પકડે ઓલા, સમકિતીને કાંઈ દુઃખ પણ નથી અને કાંઈ નથી. એમ પકડે એમ ન ચાલે, ભાઈ! કઈ અપેક્ષાએ કીધી છે એ વાત લેવી

જોઈએ. આહાહા..!

**'વિષયનું સુખ, જીવનું સ્વરૂપ નથી,...'** એ શું કહ્યું? કે પાંચ ઇન્દ્રિયના વિષયની સામગ્રી છે, એમાં જરી આસક્તિ છે પણ એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. આહાહા..! એમ સમ્યગ્દષ્ટિને અંતરમાં વર્તે છે. આહાહા..! અજ્ઞાનીને તો એ જરી અનુકૂળતા હોય ત્યાં અમને મજા છે અને સુખી છીએ. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગી થઈ જાય. સમ્યગ્દર્શનનું શું કામ છે?

ઉત્તર :- કોણ ત્યાગી થઈ જાય? ભાન વિનાનો ત્યાગી કોણ? હજી મિથ્યાત્વનો ત્યાગ નથી ત્યાં ત્યાગી શેનો? હજી મિથ્યાશ્રદ્ધા રાગની એકતાબુદ્ધિનો ત્યાગ નથી ત્યાં બહારનો ત્યાગ કરે એ તો બધો મિથ્યાત્યાગ છે. આહાહા..! ઝીણી વાતું, ભાઈ! આ તો વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ તીર્થંકરદેવના દિવ્યધ્વનિમાં આવેલી આ વાતું છે. આહાહા..! એને 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ.' જે ઠેકાણે જે રીતે કહ્યું છે તે અપેક્ષાએ ત્યાં સમજવું. સમ્યગ્દષ્ટિને આસક્તિ છે માટે આસક્તિનો બિલકુલ બંધ જ નથી (એમ નથી). અહીં તો મિથ્યાત્વ નામનું બંધન નથી માટે આસક્તિમાં પોતાપણું નથી, એથી મિથ્યાત્વનું બંધન નથી એટલે અનંત સંસારનો બંધ નથી એમ કહેવામાં આવે છે. આહાહા..!

આત્માના આનંદ સિવાય કોઈપણ પુણ્ય-વ્રત, તપના ભાવ થાય એ પણ પુણ્ય છે. એમાં પણ જો ઠીક છે એવી બુદ્ધિ રહે તો એ મિથ્યાત્વબુદ્ધિ છે. એને અનંત સંસારનું પરિભ્રમણ છે અને એને અનંત સંસારના કર્મ બંધાય છે. આહાહા..! આવી વાત. સમ્યગ્દષ્ટિને વિષયોમાં આસક્તિનો ભાવ છે પણ એમાં જીવનું સ્વરૂપ આ નથી, સુખ એમાં નથી, મારામાં સુખ છે અને એ મારું જીવનું સ્વરૂપ છે, એવો જેને રાગથી ભિન્ન પડીને વિવેક અંતરમાં વર્તે છે એને અનંત સંસારનું કારણ (એવો) બંધ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ભાવમાં ફેર છે.

ઉત્તર :- ભાવમાં ફેર છે. ભાવની અંદરની વાત છે. આહાહા..!

આમ તો અનંતવાર હજારો રાણી છોડી, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, જૈનનો દિગંબર સાધુ અનંતવાર થયો પણ એ રાગની ક્રિયામાં પોતાપણું માન્યું અને એ મને ધર્મ છે એમ માન્યું તે મિથ્યાત્વભાવ છે. આહાહા..! અહીંયાં તો કહે છે કે કર્મના કારણે સામગ્રી મળે બહાર, એમાં લક્ષ પણ જાય પણ તેમાં ક્યાંય તેને સુખબુદ્ધિ, રતિબુદ્ધિ ક્યાંય નથી. આહાહા..! એને લઈને જ્ઞાનીને-સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ સંબંધી અને અનંતાનુબંધી સંબંધી અનંત સંસારના કર્મ બંધાતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ જે રીતે શરતું કહેવાય એ રીતે સમજવું પડશે. એમાં ક્યાંય બચાવ કરે તો પાલવે એવું નથી. આવો માર્ગ વીતરાગનો (છે).

**'તેથી વિષયસુખમાં રતિ ઊપજતી નથી,...'** જોયું! જેને વિષયના સુખની આસક્તિ (રહી નથી), એ મારું સ્વરૂપ જ નથી, તેથી તેમાં એને રતિ ઊપજતી નથી. આહાહા..! આસક્તિ-રાગ આવે છે, પણ એમાં રતિપણું નથી, રાજીપો નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને અનુકૂળ જરી સામગ્રી મળે ત્યાં પ્રેમ (આવે છે) અને આમાં મને મજા

છે. અથવા કોઈ પુણ્યનો ભાવ થયો એમાં મને ઠીક પડે છે, એ મિથ્યાત્વભાવ અનંત સંસારનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. સંતોએ તો ખુલ્લુ કરીને મૂક્યું છે. સમાજ સમતોલ રહેશે કે નહિ? એ કાંઈ દરકાર નથી. માર્ગ આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' પરમેશ્વર જિનેન્દ્રદેવ એક જ પ્રકારે આ પરમાર્થ મોક્ષમાર્ગ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

'**ઉદાસભાવ છે,...**' છે? સમ્યગ્દષ્ટિને જીવના-આત્માના સ્વાદના પ્રેમ આગળ એ આસક્તિમાં એને પ્રેમ અને રતિ ઊપજતી નથી. એનાથી ઉદાસ છે. આહાહા..! એ સાણસે સર્પ પકડ્યો છે પણ એ છોડવા માટે. એમ રાગમાં આવ્યો છે પણ એ છોડવા માટે. આહાહા..! અજ્ઞાનીને રાગ આવ્યો છે એ મારા માટે એમ કરીને બંધાવા માટે છે એને. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું હવે. ઝીણી વાતું કહેવી અને વળી સમજાય છે કાંઈ? (એમ પૂછવું). આહાહા..! આવી વાતું. આ તો સાદી ભાષાથી વાત છે. આહાહા..! અંદર ત્રણલોકનો નાથ સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ બિરાજે છે. સર્વજ્ઞ એનો-આત્માનો સ્વભાવ છે, હોં! પર્યાયમાં સર્વજ્ઞ થયા એ કેવળી. પણ આ તો ગુણમાં સર્વજ્ઞ છે એ આ દરેક આત્મા. આહાહા..! કેમકે જો સર્વજ્ઞ સ્વભાવ અને શક્તિ ન હોય તો સર્વજ્ઞપણું પર્યાયમાં કેવળીને પ્રગટ્યું એ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે? આહાહા..!

આ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, પ્રભુ! આહાહા..! દરેક ભગવાનઆત્માઓ, અરે..! અભવિનો હોય આત્મા, પણ એ તો જ્ઞ સ્વભાવી... જ્ઞ સ્વભાવી... જ્ઞ શક્તિ... જ્ઞ સત્ત્વ. સત્ત્વ કયાંક આવ્યું હતું ને? શેમાં? સત્ત્વ ક્યાંક સ્તુતિમાં આવ્યું હતું. 'સમયસાર'ની સ્તુતિમાં છે? સત્ત્વ ક્યાંક આવ્યું હતું કાલે. સત્ત્વ, સત્ત્વ આવ્યું હતું. રાત્રે.

મુમુક્ષુ :- રાત્રે સ્તુતિ બોલી હતી.

ઉત્તર :- હા, એ એમાં જ આવ્યું હતું. એ જ કહું છું. એ શું આવ્યું હતું?

મુમુક્ષુ :- હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે...

ઉત્તર :- આ તો સત્ત્વ આવે છે. રાત્રે આવ્યું હતું.

મુમુક્ષુ :- મુમુક્ષુનું સત્ત્વ ઝળકે છે.

ઉત્તર :- હા. એ. મુમુક્ષુનું સત્ત્વ ઝળકે છે. એટલે સત્ત એવો ભગવાન એનું સત્ત્વ જે કસ છે એ ઝળકે છે, પ્રગટ થાય છે. સત્ એવો ભગવાનઆત્મા ત્રિકાળી, એનો ગુણ જે છે એ સત્ત્વ છે, એ સત્‌નું સત્ત્વ છે. એ સત્ત્વ પર્યાયમાં ઝળકે એટલે એને સત્ત્વ ઝળક્યું કહેવાય. આહાહા..! અરે..! વાતું આવી, ભાઈ! આ તો કહે દયા પાળો, વ્રત કરો અને અપવાસ કરો. દાન કરો, મંદિર બનાવો અને જાત્રા કરો. આમાં બિચારા મરી ગયા. આહાહા..! એ તો બધી ક્રિયાઓ રાગની ક્રિયા છે. અને એનાથી મને લાભ (થયો) માનશે, એ તો મિથ્યાત્વ અનંત સંસાર વધારે છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે આસક્તિ હોવા છતાં, સામગ્રી તો કાંઈ ભોગવાતી નથી, પણ એને ભોગવે છે એટલે આસક્તિ છે એને, છતાં એમાં આ મારું સ્વરૂપ છે (એમ લાગતું નથી), એમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. એથી તે આસક્તિથી પણ ઉદાસ છે. આહાહા..! હવે

આવી વાતું. સમ્યગ્દૃષ્ટિ આસક્તિથી ઉદાસ છે. આહાહા..! '**વિષયસુખમાં રતિ ઊપજતી નથી, ઉદાસીનભાવ છે, એ કારણથી કર્મબંધ થતો નથી.**' જોયું! આ કારણથી અનંતો સંસાર વધે એવો બંધ થતો નથી. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જે ભોગ ભોગવે છે તે નિર્જરાનિમિત્તે છે.**' ઓલી આસક્તિને ન ગણતાં, આસક્તિ પણ ખરી જાય છે. દૃષ્ટિના જોરમાં એનો આદર નથી, સ્વામી નથી, સુખબુદ્ધિ નથી. માટે સુખબુદ્ધિ અહીં છે, આદર અહીં છે, સત્કાર અહીં છે, માટે એ ચીજ ખરી જાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો વીતરાગમાર્ગ હશે આ? ભાઈ! અમે તો એવું સાંભળતા અત્યાર સુધી એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા, પંચેન્દ્રિયા અભિહયા, વતિયા, લેસિયા સંઘાઈયા તસ્સ મિચ્છામી દુક્કડમ, તસ્સઉતરી કરણેણ તાવકાય ઠાણેણં, માણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામી આહાહા..! ભાઈ! એ બધી વાતું બહારની છે, બાપા! એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહાહા..!

અહીં તો ધર્મીને એ રાગની આસક્તિમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. રાગનું સ્વામીપણું ઊડી ગયું છે, રાગમાં રતિ નથી, રાગમાં જીવસ્વરૂપ છે એમ ઊડી ગયું છે અને રાગથી ઉદાસ છે. આહાહા..! માટે તેને અનંત સંસારનું કારણ એવું કર્મ બંધાતું નથી. '**જે ભોગ ભોગવે છે તે નિર્જરાનિમિત્તે છે.**' જોયું! આ અપેક્ષાએ, હોં! આહા..! સર્વથા એમ માની લે કે તે આસક્તિ છે તે બિલકુલ નિર્જરા થઈ જાય છે અને બંધ જરીએ નથી, એમ નથી. આસક્તિનું અલ્પ બંધન છે, કર્મની સ્થિતિ અલ્પ પડે છે પણ અનંત સંસારનું કારણ થયું નથી માટે એને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! કેટલી શરતું આમાં? યાદ કેટલું રાખવું એને? આનંદના નાથની સામું જોવું અને પર્યાય ને રાગની સામું જોવું છોડી દે. આહાહા..! અને જેણે રાગ અને પર્યાય સામું જોયું, એણે ભગવાનઆત્માનો અનાદર કરીને મિથ્યાત્વને સેવ્યું. આહાહા..! એ રાગને જેણે ઉપાદેય-આદરણીય માન્યો, એણે ભગવાનઆત્માને હેય માન્યો. અને જેણે આત્મા પૂર્ણાનંદના નાથને ઉપાદેય માન્યો, એને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ હેય જાણ્યો. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! ક્યાં છે આવું? આકરી વાત, બાપા! જગત ચાલ્યું જાય છે. આહાહા..!

આ તો પરમાત્માની પેઢી છે. વીતરાગ ત્રિલોકનાથ, એનો માર્ગ છે આ. સમ્યગ્દૃષ્ટિ જે ભોગ ભોગવે છે પણ એમાં ભોગ ભોગવે છે એમાં અપેક્ષા કઈ લીધી? કે આસક્તિ પ્રત્યે ઉદાસ છે. પરને તો ભોગવી શકતો જ નથી. આસક્તિ પ્રત્યે વૈરાગ્ય છે, આસક્તિમાં સુખબુદ્ધિ નથી તેથી તેને અનંત સંસારનું કારણ કીધું હતું અને એ દૃષ્ટિના જોરે ખરી જાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ ૧૩૫ (કળશ પૂરો થયો).

(મંદાક્રાંતા)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।४-१३६।।

ખંડાન્વય સહિત અર્થ :- 'सम्यग्दृष्टेः नियतं ज्ञानवैराग्यशक्तिः भवति' ( सम्यग्दृष्टेः ) દ્રવ્યરૂપે મિથ્યાત્વકર્મ ઉપશમ્યું છે જેને, ભાવરૂપે શુદ્ધ સમ્યક્ત્વભાવરૂપ પરિણમ્યો છે જે જીવ, તેને ( ज्ञान ) શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું અને ( वैराग्य ) જેટલાં પરદ્રવ્ય-દ્રવ્યકર્મરૂપ, ભાવકર્મરૂપ, નોકર્મરૂપ-જ્ઞેયરૂપ છે તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ ( शक्तिः ) એવી બે શક્તિઓ ( नियतं भवति ) અવશ્ય હોય છે-સર્વથા હોય છે; [બંને શક્તિઓ જે રીતે હોય છે તે કહે છે] 'यस्मात् अयं स्वस्मिन् आस्ते परात् सर्वतः रागयोगात् विरमति' ( यस्मात् ) કારણ કે ( अयं ) સમ્યગ્દષ્ટિ ( स्वस्मिन् आस्ते ) સહજ જ શુદ્ધસ્વરૂપમાં અનુભવરૂપ હોય છે તથા ( परात् रागयोगात् ) પુદ્ગલદ્રવ્યની ઉપાધિથી છે જેટલી રાગાદિ અશુદ્ધપરિણતિ, તેનાથી ( सर्वतः विरमति ) સર્વ પ્રકારે રહિત હોય છે. ભાવાર્થ આમ છે કે-આવું લક્ષણ સમ્યગ્દષ્ટિ જીવને અવશ્ય હોય છે. આવું લક્ષણ હોતાં અવશ્ય વૈરાગ્ય ગુણ છે. શું કરીને એવો હોય છે? ' स्वं परं च इदं व्यतिकरम् तत्त्वतः ज्ञात्वा' ( स्वं ) શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે, ( परं ) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનો વિસ્તાર પરાયો-પુદ્ગલદ્રવ્યનો છે, ( इदं व्यतिकरम् ) એવું વિવરણ ( तत्त्वतः ज्ञात्वा ) કહેવા માટે નથી, વસ્તુસ્વરૂપ એવું જ છે એમ અનુભવરૂપ જાણે છે સમ્યગ્દષ્ટિ જીવ, તેથી જ્ઞાનશક્તિ છે. હવે આટલું કરે છે સમ્યગ્દષ્ટિ જીવ તે શાને માટે? ઉત્તર આમ છે-'स्वं वस्तुत्वं कलयितुम्' ( स्वं वस्तुत्वं ) પોતાનું શુદ્ધપણું, તેના ( कलयितुम् ) નિરંતર અભ્યાસ માટે અર્થાત્ વસ્તુની પ્રાપ્તિને માટે. તે વસ્તુની પ્રાપ્તિ શાનાથી થાય છે? 'स्वान्यरूपाप्तिमुक्त्या' પોતાના શુદ્ધ સ્વરૂપનો લાભ, પરદ્રવ્યનો સર્વથા ત્યાગ,એવા કારણથી. ૪-૧૩૬.

## કળશ-૧૩૬ ઉપર પ્રવચન

૧૩૬.

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।४-१३६।।

લ્યો આવ્યું, જોયું! 'रागयोगात्' આવ્યું.

**ખંડાન્વય સહિત અર્થ :- 'सम्यग्दृष्टेः नियतं ज्ञानवैराग्यशक्तिः भवति' 'દ્રવ્યરૂપે મિથ્યાત્વકર્મ ઉપશમ્યું છે જેને,...'** આહાહા..! જેને દર્શનમોહમાં મિથ્યાત્વ કર્મ છે એ નાશ થઈ ગયું છે. ઉપશમ્યું છે ભલે. **'ભાવરૂપે શુદ્ધ સમ્યક્ત્વભાવરૂપ પરિણમ્યો છે...'** આહાહા..! આ લોકો તો એમ કહે કે જીવાદિને માનવા એ સમકિત. નવ તત્ત્વને માનવા (એ સમકિત). પણ એમ નહિ. અહીં તો શુદ્ધરૂપે, પવિત્ર પ્રભુ શુદ્ધરૂપે પરિણમે તેને અહીંયાં સમકિત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે? જેને દ્રવ્ય એટલે જડકર્મ દર્શનમોહ ઉપશમી ગયું છે, ઠરી ગયું છે અને ભાવમાં જેને સમ્યગ્દર્શન, પૂર્ણ પરમાત્માસ્વરૂપ હું છું. હું તો ભગવત્સ્વરૂપ જ પૂર્ણ છું, એવું જેને જ્ઞાન થઈને, અનુભવ થઈને પ્રતીતિ થઈ છે એ સમકિતરૂપે પરિણમ્યો છે. પરિણમ્યો એટલે પર્યાયમાં સમ્યગ્દર્શનની દશા થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'પરિણમ્યો છે જે જીવ, તેને શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું...'** એક તો શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે, એનું એને જ્ઞાન થયું છે. વર્તમાન પર્યાય એટલે જ્ઞાનદશામાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે. આહાહા..! **'જેટલાં પરદ્રવ્ય - દ્રવ્યકર્મરૂપ, ભાવકર્મરૂપ, નોકર્મરૂપ-જ્ઞેયરૂપ છે...'** અને જેટલા શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, દેશ એ પરદ્રવ્ય, દ્રવ્યકર્મ અંદર આઠ કર્મ, ભાવકર્મ- પુણ્ય-પાપના ભાવ. પુણ્ય અને પાપ, દયા, દાન અને વ્રત-ભક્તિના ભાવ પણ ભાવકર્મ છે. આહાહા..! અને નોકર્મ એટલે વાણી, શરીર આદિ એ જ્ઞેયરૂપ છે. એ તો જ્ઞાનમાં પર તરીકે જાણવાલાયક છે. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ ધર્મીની પહેલી દશામાં એ કર્મ, કર્મની મળેલી સામગ્રી અને પુણ્ય-પાપના ભાવ, બધા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. મારા તરીકે માનવા લાયક એકેય ચીજ છે નહિ. આહાહા..! **'જેટલાં પરદ્રવ્ય-'** શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, લક્ષ્મી, આબરૂ, બંગલા બધું. **'ભાવકર્મ,...'** પુણ્ય અને પાપ. **'નોકર્મરૂપ...'** શરીર અને વાણી આદિ. એ બધા **'જ્ઞેયરૂપ છે...'** જ્ઞાનમાં પર જણાવાલાયક છે. એ ચીજ મારી છે એ માનવાલાયક ધર્મીને છે નહિ. આહાહા..! અહીં બાયડીને કહે અર્ધાંગના. અડધું અંગ પોતે અને અડધું એ. એક અંગ કરીને. મૂઢ છે. આવી વાતું છે. પરજ્ઞેય છે. એ તો જ્ઞાનમાં પર તરીકે જાણવાલાયક છે. આત્મામાં એ મારી ચીજ છે એ માનવાલાયક નથી. આહાહા..! આવું છે. વૈરાગ્યની વ્યાખ્યા કરી. એ વૈરાગ્યની વ્યાખ્યા.

**'તે સમસ્ત પરદ્રવ્યોનો સમસ્ત પ્રકારે ત્યાગ...'** એ રાગથી માંડીને પરદ્રવ્યનો જેમાં- સ્વભાવમાં ત્યાગ છે. આ ત્યાગ. જેમાં દયા, દાનના પરિણામ પણ ત્યાગ છે. મારા સ્વભાવમાં એ નથી. એનો એને-સમ્યગ્દૃષ્ટિને ત્યાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો બહારનો ત્યાગ કરીને બેઠા (એટલે જાણે) થઈ ગયા ત્યાગી. બાપુ! એ જૈનમાર્ગનો ત્યાગ કોઈ અલૌકિક છે. એમાં પુણ્યના પરિણામ ઊઠે એ પણ મારા નથી, એનો ત્યાગી (થાય) તેને હજી સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..! પછી આસક્તિનો ત્યાગ કરીને ઠરે તેને ચારિત્ર કહીએ. આહાહા..!

**'તે સમસ્ત પરદ્રવ્યોને સમસ્ત પ્રકારે...'** ભાષા જુઓ! સમસ્ત પરદ્રવ્ય. સમસ્તમાં બધું આવી ગયું. જડકર્મ, ભાવકર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ, મકાન, છોકરા, છોડીયું, છોકરાની વહુઓ. એમાં પરદ્રવ્ય આવી ગયું કે નહિ? એને વળી પાંચ-પચ્ચીસ લાખ. સારા ઘરની દીકરી હોય તો બે-પાંચ લાખ લઈને આવી હોય. પટારો. આ મારા છે. ધૂળેય નથી, સાંભળને! આહાહા..! એ સર્વથા... છે ને? સર્વથા **'તે સમસ્ત પરદ્રવ્યોનો સમસ્ત પ્રકારે ત્યાગ એવી બે શક્તિઓ અવશ્ય હોય છે-'** સમ્યગ્દષ્ટિને આત્માનો અનુભવ અસ્તિપણાનો અને રાગના સ્વભાવનો અભાવ ત્યાગ-ઉદાસ, એ બે શક્તિઓ સમ્યગ્દષ્ટિને કાયમ હોય છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## આસો વદ ૫, સોમવાર, તા.૩૧-૧૦-૧૯૭૭
## કળશ - ૧૩૬, પ્રવચન - ૧૩૬

'કળશટીકા' ૧૩૬. હિન્દી ચાલે છે. હિન્દી આવ્યા છે. 'નિર્જરા અધિકાર' છે. કોને નિર્જરા-કર્મનું ખરવું અને અશુદ્ધતાનો નાશ થવો અને શુદ્ધિની વૃદ્ધિ થવી (એવી) નિર્જરા કોને થાય છે? સમ્યગ્દષ્ટિને થાય છે એ વાત ચાલે છે.

**ખંડાન્વય સહિત અર્થ :- 'सम्यग्दृष्टेः नियतं ज्ञानवैराग्यशक्तिः भवति'** સમ્યગ્દષ્ટિ એને કહીએ કે જેણે અંતરમાં પુણ્યાદિ, પાપાદિ ભાવનો સંબંધ તોડી નાખ્યો છે. રાગ જે વિકલ્પ છે, શુભ કે અશુભરાગ, એનો સંબંધ તોડીને ચૈતન્ય શુદ્ધ આનંદસ્વરૂપની સાથે સંબંધ જોડી દીધો છે. આહાહા..! અજ્ઞાનીએ આત્મા આનંદ અને શાંતસ્વરૂપ છે એનો સંબંધ છોડી દીધો અને અનાદિથી રાગની સાથે સંબંધ જોડી દીધો છે. ચાહે તો રાગ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો હો, પણ એ રાગ છે. રાગની એકતાનો સંબંધ એ જ મિથ્યાદષ્ટિ પરિભ્રમણ કરનાર જીવ છે.

જેને અંતરમાં **'દ્રવ્યરૂપે મિથ્યાત્વકર્મ ઉપશમ્યું છે...'** જેણે જડકર્મ જે દર્શનમોહ છે, એ ઉપશમી ગયું છે, હવે ઉદય નથી. અને **'ભાવરૂપે શુદ્ધ સમ્યક્ત્વ ભાવરૂપ પરિણમ્યો છે...'** આહાહા..! હું તો શુદ્ધ ચૈતન્ય આનંદ છું એવી સમ્યગ્દર્શનમાં શુદ્ધ દશા, શુદ્ધ પરિણતિ, પવિત્ર દશા પ્રગટ થાય છે. આહાહા..! આ તો ધર્મની પહેલી શરૂઆતની વાત છે. સમ્યગ્દષ્ટિમાં શુદ્ધ સમ્યક્રૂપ પરિણમન છે. અર્થાત્ એ દયા, દાન, વ્રત, ભક્તિના રાગથી પણ ભિન્ન મારી ચીજ પૂર્ણ શુદ્ધ આનંદ છે, એની સાથે સંબંધ એકત્વ કરીને સમ્યગ્દર્શન શુદ્ધ શ્રદ્ધાનું પરિણમન પર્યાયમાં સમ્યગ્દર્શનની દશા પ્રગટી છે. આહાહા..! આવી વાત ઝીણી બહુ.

એ સમ્યગ્દષ્ટિને **'શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું...'** થાય છે. હું તો શુદ્ધ ચૈતન્ય પવિત્ર આનંદ છું, એવું સમ્યગ્દષ્ટિને જ્ઞાન થાય છે. આહાહા..! હું આત્મા અંદર શુદ્ધ સ્વરૂપ

પવિત્ર ભગવાન, એ હું છું એવું અંદર અનુભવમાં શુદ્ધતાની અનુભવમાં પ્રતીતિ થાય છે. આવી ચીજ છે. '**શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું...**' જોયું! શુદ્ધ સ્વરૂપ જે ચૈતન્ય પવિત્ર, શુભ-અશુભરાગ અપવિત્ર છે, એનાથી ભગવાનની ચીજ-વસ્તુ ભિન્ન છે. એ પવિત્ર ભગવાનઆત્મા અંદર છે. એવી પવિત્રતાનો અનુભવ, એનું જાણપણું. એમ લખ્યું છે ને? '**શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું...**' એકલું શાસ્ત્રનું જ્ઞાન, એ નહિ. આહાહા..! હું પવિત્ર શુદ્ધ આનંદ સચ્ચિદાનંદ પ્રભુ, સહજાત્મસ્વરૂપ શુદ્ધ છું એવા અનુભવનું જાણપણું. આ સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળી આ ચીજ હોય છે. આહાહા..!

'**શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ જાણપણું...**' એમ આવ્યું ને? શાસ્ત્રનું જાણપણું કે એ અહીં નહિ. તેમ રાગ અને પુણ્ય-પાપનું જ્ઞાન એ પણ નહિ. અને એક સમયની વર્તમાન જે પર્યાય છે એ પણ નહિ. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપના અનુભવનું જ્ઞાન. આહાહા..! હું અખંડ પવિત્ર શુદ્ધ પવિત્ર સ્વરૂપ હું છું એનો અનુભવ, પર્યાયમાં એના આનંદનું વેદન, એનું જાણપણું. આહાહા..! ધર્મની આવી શરતું છે. અને આ દશા થયા વિના એના જન્મ-મરણના અંત આવતો નથી. ચોર્યાસી લાખ અવતાર કરી કરીને મરી ગયો છે અંદરથી. આહાહા..! ક્યાંય એ સુખી નથી. એ પૈસાવાળા કરોડોપતિ હોય તોપણ એ દુઃખી છે બિચારા. આત્મા અંતર આનંદ અને અંતર સ્વરૂપની લક્ષ્મી, એના અનુભવનું જ્ઞાન નથી એ બધા અજ્ઞાની દુઃખી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અને જેટલાં પરદ્રવ્ય-...**' જેટલી આત્મા સિવાય પરવસ્તુ-સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધા, માલ આદિ એ આત્મા સિવાયની પરવસ્તુ. અને '**દ્રવ્યકર્મ,...**' અંદર આઠ કર્મ જડ જે છે એ દ્રવ્યકર્મ. અને '**ભાવકર્મ,...**' પુણ્ય અને પાપના ભાવ, શુભ અને અશુભભાવ એ મલિનભાવ છે. અને '**નોકર્મરૂપ...**' વાણી આદિ કે બહારના સંયોગો. એ '**જ્ઞેયરૂપ છે...**' આત્માના જ્ઞાનમાં એ જ્ઞેયરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ, એ જ્ઞાનમાં પુણ્ય-પાપના ભાવ, કર્મબંધન, સંયોગી ચીજ, લક્ષ્મી આદિ એ બધું જ્ઞાનમાં જ્ઞેય છે. ધર્મીને પોતાના જ્ઞાનમાં એ જ્ઞેય જાણવાલાયક છે. એ ચીજ મારી છે, એ માન્યતા મિથ્યાત્વની છે. આહાહા..!

પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સિવાય ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ હોય એ પણ જ્ઞેય છે. જ્ઞાનમાં જાણવાલાયક છે. પોતાના જ્ઞાનમાં પોતાના માનવાલાયક નથી. આહાહા..! અને શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, આબરૂ એ બધા પોતાના જ્ઞાનમાં પરજ્ઞેય, પર જાણવાલાયક ચીજ છે એમ જ્ઞાની જાણે છે. આહાહા..! એને ધર્મી કહીએ. મારા સિવાય દયા, દાનનો વિકલ્પ રાગ આવે એ પણ મારા જ્ઞાનમાં જાણવાલાયક, પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. આહાહા..! મારી ચીજમાં એ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

અનંતકાળ પરિભ્રમણ કરતાં કરતાં ચોર્યાસી લાખ યોનિ, એક-એક યોનિમાં અનંતવાર ઊપજ્યો છે. એ મિથ્યાત્વને લઈને. આહાહા..! રાગાદિ ભાવ મારા છે, એવી માન્યતા મિથ્યાત્વ છે. મિથ્યાત્વને કારણે ચોર્યાસીમાં અવતાર ધારણ કર્યા છે.

મુમુક્ષુ :- જૂની માન્યતા ઉપર આપે પોતુ ફેરવી નાખ્યું.

ઉત્તર :- માન્યતા ખોટી છે. આ મારા પૈસા, આ મારા છોકરા, આ મારો દીકરો છે, મારી દીકરી છે, મારી સ્ત્રી છે એ માન્યતા મિથ્યા છે. કેમકે આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, એમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે પણ મારા માનવાલાયક એ ચીજ નથી. આહાહા..! એ મારા છે એમ માનવાલાયક માને એ મિથ્યાદષ્ટિ જીવ છે. આહાહા..! આવી વાત છે, ભાઈ! કહ્યું ને?

**'જેટલા પરદ્રવ્ય-'** જેટલાં પરદ્રવ્ય. મકાન, સ્ત્રી, કુટુંબ, છોકરા, છોકરી, આબરૂ એ બધા પરદ્રવ્ય છે. આ પ્રભુ ચૈતન્ય તો જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનમાં એ પરદ્રવ્ય પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. પણ એ પરચીજ મારી છે એમ માનનાર મિથ્યાદષ્ટિ પાપી-અધર્મી છે. આહાહા..! આવો માર્ગ છે. કહ્યું ને? **'જેટલા પરદ્રવ્ય-દ્રવ્યકર્મરૂપ...'** આઠ કર્મ. **'ભાવકર્મરૂપ,...'** શુભ-અશુભભાવ. પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ, હિંસા, જૂઠું, ચોરીના ભાવ અશુભ છે. એ ભાવ મારા છે (એમ માનનાર) મિથ્યાદષ્ટિ છે. એ ચીજ મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે, (એમ માને છે) એ જીવ સમ્યગ્દષ્ટિ છે. આહાહા..! બહુ આકરું. જવાબદારી ઘણી, શરતું ઘણી.

વીતરાગમાર્ગમાં જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ જિનવર પ્રભુ, એની દિવ્યધ્વનિમાં આ આવ્યું છે કે પોતાના આત્મા સિવાય બીજી ચીજ ચાહે તો વ્રતના ભાવ હો, કે ચાહે તો ભક્તિનો ભાવ હોય કે ચાહે તો વેપારનો ભાવ હો, એ બધા ભાવ મારા જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. એ પરજ્ઞેય મારા છે એવી માન્યતા અધર્મીજીવની છે. આહાહા..! આવી વાતું હવે. બહારમાં જરી કાંઈક પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે, શરીર સુંદર, બાયડી, છોકરા, કુટુંબ (મળે એટલે) બસ, જાણે અમે (કાંઈક છીએ). એ મૂઢ છે. એને જૈન ધર્મની ખબર નથી.

જૈનધર્મ તો એને કહીએ એ બધી ચીજો મારી નથી. હું તો એને પરથી ભિન્ન રહીને, પોતામાં રહીને પરને જાણનાર છું એવી દષ્ટિ હોય એ સમ્યગ્દષ્ટિ અને જૈન ધર્મ છે. આહાહા..! ભાષા તો સાદી છે. વસ્તુ તો છે ઈ છે. આહાહા..! અરે..! અનંતકાળમાં કદી... 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' પંચમહાવ્રત પાળ્યા. પણ પંચમહાવ્રત તો રાગ છે, શુભરાગ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ એ રાગથી ભિન્ન આનંદસ્વરૂપ મારી ચીજ છે, એનો અનુભવ અને દષ્ટિ કરી નહિ. આહાહા..! એ પણ મિથ્યાદષ્ટિ રહ્યો. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે **'તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ...'** સમ્યગ્દષ્ટિને સર્વ પરદ્રવ્યનો ત્યાગ છે. મારી ચીજ નહિ. આહાહા..! આ ત્યાગ છે. રાગ, પુણ્ય, દયા-દાનનો ભાવ અને લક્ષ્મી, આબરૂ, કીર્તિ, દીકરા, દીકરી બધા, એ મારી ચીજ નથી, મારામાં નથી, હું એમાં નથી. આહાહા..! **'તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ...'** દષ્ટિમાં છે. સમ્યગ્દષ્ટિ- ધર્મની શરૂઆતવાળા જીવને પરદ્રવ્યનો દષ્ટિમાં સર્વથા ત્યાગ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવી બે શક્તિઓ અવશ્ય હોય છે.'** બે શક્તિ કઈ? ધર્મીજીવ સમ્યગ્દષ્ટિની બે શક્તિ છે. એક તો શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન, એના અનુભવરૂપ જાણપણું અને પોતા સિવાય

પરદ્રવ્યનો દૃષ્ટિમાં ત્યાગ, એ વૈરાગ્ય-એ બે શક્તિ ધર્મીને કાયમ હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે, પ્રભુ! આહાહા..! આ તો માટી છે-ધૂળ છે, પુદ્‌ગલ-જડની ચીજ (છે). એ પર છે એ જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. પણ જ્ઞાનમાં એ ચીજ મારી છે એમ માનવાલાયક નથી. આહાહા..! અહીં તો શરીર ઠીક હોય તો એનો અહંકાર. સુંદર શરીર હોય તો અંહકાર, પૈસો હોય તો અહંકાર, સ્ત્રી-કુટુંબ કાંઈક ઠીક મળ્યા તો એનો અહંકાર. આહાહા..! એ બધા મિથ્યાદૃષ્ટિ છે, ચૈતન્યનું એણે ખૂન કરી નાખ્યું છે. આહા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપી આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એણે પરચીજને પોતાની માનીને પોતાની ચીજનો અનાદર કર્યો છે. સમજાણું કાંઈ? માર્ગ આવો (છે), બાપુ! બહુ ઝીણું, ભાઈ! આહાહા..!

'**તે સમસ્ત પરદ્રવ્યનો સર્વ પ્રકારે ત્યાગ...**' ભાષા જોઈ! '**તે સમસ્ત પરદ્રવ્યનો સર્વ પ્રકારે ત્યાગ...**' અંતરમાં ધર્મીજીવને ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ચક્રવર્તીપદમાં સમકિતી હો, 'ભરત' જેવા, પણ અંતરમાં રાગ-શુભરાગથી માંડીને બધા પરદ્રવ્યનો દૃષ્ટિમાં સર્વથા પ્રકારે ત્યાગ છે. આહાહા..! અને એક આનંદસ્વરૂપ પ્રભુ એનું ગ્રહણ છે. સમજાણું કાંઈ? છે? આ દિગંબર સંતોની ધ્વનિ છે. આહાહા..! અહીં સુધી તો આવ્યું હતું.

'**(બંને શક્તિઓ જે રીતે હોય છે તે કહે છે-)**' અહીંયાં સુધી આવ્યું હતું. કાલે અહીંયાં સુધી આવ્યું હતું. આ તો હિન્દી આજે લીધું તો પાછું થોડું લીધું.

મુમુક્ષુ :- સમકિતીને ત્યાગ હોય?

ઉત્તર :- હા. કીધું ને. સમ્યગ્દૃષ્ટિને પરનો ત્યાગ છે. રાગ અને આ મારી ચીજ નહિ, એવો મિથ્યાત્વનો-વિપરીત શ્રદ્ધાનો ત્યાગ છે. વિપરીત શ્રદ્ધામાં એ ચીજ મારી છે એમ આવ્યું.

મુમુક્ષુ :- ઈ ચારિત્રના ત્યાગની વાત કરે છે.

ઉત્તર :- ચારિત્ર, અચારિત્ર એ બીજી વાત છે. અચારિત્ર એ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. ઝીણી વાતું, બાપુ! રાગ આવ્યો કે નહિ? અંદર રાગ છે એ અચારિત્ર છે. એ પણ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તો પ્રજ્ઞાસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા તો છે. એ રાગથી માંડી બધી પરચીજ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. પરચીજ મારી એમ માનવાલાયક છે, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આહાહા..! એ જૈન નથી. સમજાણું કાંઈ? જૈને મિથ્યાત્વનો નાશ કર્યો છે. એનો અર્થ? કે રાગથી માંડી બધાં પરદ્રવ્ય છે એ તો મારા જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવાલાયક છે. એ ચીજ મારી નહિ, મારામાં એ નહિ અને રાગ અને પર શરીરાદિમાં હું નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ત્યાગની વાત કરો...

ઉત્તર :- આ ત્યાગ થયો. દૃષ્ટિમાં ત્યાગ થયો એ ત્યાગ છે. બાકી પરવસ્તુનો તો અભાવ સદાય ત્યાગ જ છે, કે દિ' ગ્રહણ કર્યા છે?

મુમુક્ષુ :- રાગને ક્યાં ગ્રહણ કર્યો છે?

ઉત્તર :- ગ્રહણ કર્યો નથી પણ માન્યું છે ને. માન્યતા છે ને કે રાગ મારો છે, એવી

માન્યતા કરી છે. રાગ એનામાં છે જ નહિ. પણ એ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ ભગવાનઆત્મા... આહાહા..! ચૈતન્યહીરલો અનંત શુદ્ધ શક્તિનો ભંડાર પ્રભુઆત્મા તો છે. અરે..! એણે ક્યાં સાંભળ્યો છે. આહાહા..!

અનંત અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત વીર્ય, અનંત કર્તા, કર્મ. કરણશક્તિ, પ્રભુતા, ઈશ્વરતા એવી અનંત શક્તિની પવિત્રતાનો તો પ્રભુ પિંડ છે. એને અહીંયાં આત્મા કહીએ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો પુણ્યતત્ત્વ કહીએ. એ કાંઈ આત્મતત્ત્વ નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, ધંધાના ભાવ એ બધા પાપતત્ત્વ છે. એ કાંઈ આત્મ તત્ત્વ નથી. આહાહા..! નવ તત્ત્વ છે કે નહિ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. આહાહા..! અહીં તો પરમાત્મસ્વરૂપ જે ભગવાન ત્રિકાળી ચિદ્દ્ઘન, એનો જેને અંતરમાં અનુભવ થયો કે આ હું. એને 'રાગ હું' એ દૃષ્ટિ ઊઠી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ન માનીએ તોપણ રાગ કાંઈ આત્મારૂપ થઈ જતો નથી.

ઉત્તર :- માને છે ને. માન્યતા એની છે ને. છે તો દ્રવ્યસ્વભાવ અબંધ. રાગ વિનાની ચીજ અંદર પડી છે. પણ માને છે કે રાગ મારો. એ માન્યતામાં ઘેરો ઘાલ્યો છે. આહાહા..! એ માન્યતાના ઘેરામાં ઘેરાઈ ગયો છે. ઘવાઈ ગયો છે, ઘવાઈ ગયો છે. આહાહા..! વાતું આવી, બાપુ! જિનેન્દ્રદેવ અને તે પણ દિગંબર સંતો... આહાહા..! એમણે જે માર્ગ કહ્યો એ જગતની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. આહાહા..!

ક્ષણમાં દેહ છોડી ચાલ્યો જાય છે. એ કરોડો રૂપિયા હો, અબજો હો, કોઈ શરણ નથી. આહાહા..! બાપુ! અંદર ભગવાન ચિદાનંદપ્રભુ, એની જેને દૃષ્ટિ નથી, એનો જેને અનુભવ- એ છે ચીજને અનુસરીને અનુભવ નથી, એ તો રાગ ને પુણ્ય ને પાપના ભાવમાં ઘેરાઈ ગયો છે. આહાહા..! એ મારા એમ માનીને ત્યાં રોકાઈ ગયો છે. એ મિથ્યાદૃષ્ટિ ચોર્યાસી લાખ યોનિના અવતારમાં પરિભ્રમણ કરનાર છે. આહાહા..! આવો માર્ગ વીતરાગ જિનેશ્વર, પરમેશ્વરનો માર્ગ આવો છે. છે?

'**સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ...**' છે. સમ્યગ્દર્શન થયું, આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ પવિત્રનું જ્યાં ભાન થયું અંદરમાં તેને તે સમ્યગ્દૃષ્ટિને રાગથી માંડીને સર્વ પરદ્રવ્ય, સર્વથા પ્રકારે દૃષ્ટિમાં ત્યાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**એવી બે શક્તિઓ અવશ્ય હોય છે-સર્વથા હોય છે;...**' જોયું! સર્વથા. કથંચિત્ આમ ને કથંચિત્ આમ એમ નહિ. આહાહા..! કથંચિત્ રાગનો ત્યાગ અને કથંચિત્ રાગનું ગ્રહણ (એમ નહિ). સર્વથા પ્રકારે સમસ્ત પરદ્રવ્યનો, સમ્યગ્દર્શનની દૃષ્ટિમાં ચૈતન્યનું જ્યાં ગ્રહણ થયું ત્યાં પરદ્રવ્યના રાગાદિનો સમસ્ત પ્રકારે સર્વથા ત્યાગ (થઈ ગયો). આહાહા..! '**સર્વથા હોય છે;...**' બે શક્તિઓ તો સર્વથા હોય છે. પહેલા દરજ્જાનો ધર્મી-સમકિતી એને આ શુદ્ધ સ્વરૂપના અનુભવનું જ્ઞાન અને રાગાદિ પરદ્રવ્યનો સર્વથા ત્યાગ એટલે વૈરાગ્ય, બે શક્તિ સર્વથા જરૂર હોય છે. આહાહા..! હવે આવી વાતું સાંભળવી, સમજવી કઠણ પડે.

અરે..! અનાદિ રખડીને મરી ગયો છે ઈ. સાધુ પણ અનંતવાર થયો, મહાવ્રત પાળ્યા

પણ એ રાગની ક્રિયા એ મારી અને મને લાભ થાશે એવું મિથ્યાદષ્ટિપણું છોડ્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અને સમ્યગ્દષ્ટિ, એ તો ચક્રવર્તીના પદમાં ઊભો હોય, છતાં અંતર દષ્ટિમાં શુભરાગથી માંડીને પરદ્રવ્યનો સમસ્ત પ્રકારે, સર્વપ્રકારે ત્યાગ દષ્ટિમાં છે. ગ્રહણ શુદ્ધનું છે, સર્વ પરદ્રવ્યનો ત્યાગ છે. આહાહા..! કહો, શેઠ! આવી ચીજ છે. આહાહા..! બહારની હૂંફું મારી નાખે. પૈસા કાંઈક બે-પાંચ કરોડ રૂપિયા થાય.. આહાહા..! અમે કમાણા અને અમે વધી ગયા. અમે ઉદ્યોગપતિ, ઉદ્યોગના ધણી. પાપનો જે ઉદ્યોગ કર્યો એનો એ ધણી-ઉદ્યોગપતિ. આહાહા..! કહો, 'સાહુજી'ને ઉદ્યોગપતિ હમણા નામ આપ્યું છે કે નહિ? 'સાહુજી' ગુજરી ગયા. 'દિલ્હી' 'શાંતિપ્રસાદ સાહુ' ૪૦ કરોડ. ઉદ્યોગપતિ 'શાંતિપ્રસાદ' ગુજરી ગયા એમ છાપામાં આવ્યું હતું. એલા..! ઉદ્યોગના પતિ હતા? આ બહારના ધંધા વધાર્યા ને એના પતિ. આહાહા..!

મુમુક્ષુ :- એટલી પ્રસિદ્ધિ હતી ને.

ઉત્તર :- એ પ્રસિદ્ધિ તો લૌકિક પાગલમાં પ્રસિદ્ધિ હતી. પાગલ લોકો એમ માનતા. એ તો બિચારા નરમ માણસ હતા. અહીં હમણા આવી ગયા છે ને. હમણા અહીં વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. 'પ્રાંતિજ'થી આવ્યા હતા અહીંયાં. અહીં બેઠા હતા. બે દિ' રહ્યા. આમ બહારમાં જરી બિચારા... પણ હવે આખી આ વસ્તુસ્થિતિ... આહાહા..! મારગ તો એવો બાપા! આકરો છે. છે તો એનામાં, એનો સરળ, પણ અનાદિ અણઅભ્યાસે એને કઠણ થઈ પડ્યો છે. આહાહા..!

કહે છે, '**(બંને શક્તિઓ જે રીતે હોય છે તે કહે છે-)**' '**यस्मात् अयं स्वस्मिन् आस्ते परात् सर्वतः रागयोगात् विरमति**' આહાહા..! શ્લોક તો.. દિગંબર મુનિઓ સમકિતી ભાવલિંગી મુનિઓ, જેને અંતરમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન વર્તતું હોય છે, એને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેને અતીન્દ્રિય આનંદનો નાથ, દરિયામાં જેમ સમુદ્રને કાંઠે પાણીની ભરતી આવે છે, એમ મુનિને વર્તમાન પર્યાયમાં સાચા સંત હોય તેને અતીન્દ્રિય આનંદની વર્તમાન પર્યાયમાં ભરતી આવે છે. આહાહા..! એ મુનિ જગતને જાહેર કરે છે. આહાહા..! એને કાંઈ દુનિયાની પડી નથી કે દુનિયા સમતોલ રહેશે કે નહિ. આ ગ્રહણ કરતાં એને વિરોધ કરશે કે નહિ. દુનિયા દુનિયાની જાણે, માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

જેને બે શક્તિઓ જરૂર હોય છે. ક્યા કારણે? '**કારણ કે સમ્યગ્દષ્ટિ સહજ જ શુદ્ધસ્વરૂપમાં અનુભવરૂપ હોય છે...**' આહાહા..! ધર્મની પહેલી સીઢીવાળો, મોક્ષમહેલનું પહેલું પગથિયું એ સમ્યગ્દર્શન. આહાહા..! એ સમ્યગ્દર્શનમાં '**સહજ જ શુદ્ધસ્વરૂપમાં અનુભવરૂપ હોય છે...**' આત્મા શાંત અને આનંદસ્વરૂપનો સ્વભાવિક એને અનુભવ હોય છે. આહાહા..! અને '**परात् रागयोगात्**' 'પુદ્ગલદ્રવ્યની ઉપાધિથી છે જેટલી રાગાદિ અશુદ્ધપરિણતિ, તેનાથી સર્વ પ્રકારે...' '**विरमति**' '**परात् रागयोगात्**' આહાહા..! એ ચાહે તો વિકલ્પ ગુણ-ગુણીનો ભેદનો વિકલ્પ-રાગ ઊઠે, એ '**रागयोगात्**' રાગના સંબંધથી વિરક્ત છે.

સમકિતી રાગના યોગના સંબંધથી વિરક્ત છે અને શુદ્ધ સ્વરૂપમાં અનુભવમાં રત છે. આહાહા..! આ ક્રિયા ને ઈ ક્યાં ગયું બધું? આ વ્રત પાળવા અને અપવાસ કરવા. એ તો બધો રાગ છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..!

આત્મા અંદર જ્ઞાનની જ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ, એનો એને અનુભવ અને રાગથી માંડીને બધો રાગનો યોગ, રાગનો સંબંધ જ જ્યાં તૂટી ગયો છે, એને ચૈતન્યના શુદ્ધ સ્વભાવનો સંબંધ જેને થયો છે... આહાહા..! રાંકાના સંબંધમાં હતો એને રાંકાને છોડી દીધો અને બાદશાહના સંબંધમાં આવી ગયો. એમ રાગાદિ પુણ્ય-પાપના ભાવ રાંકા-ભિખારી દુઃખરૂપ છે. ધર્મીની-સમ્યગ્દષ્ટિની પહેલી દૃષ્ટિમાં એ '**रागयोगात्**' રાગના સંબંધથી છૂટી ગયો છે. આહાહા..! ભલે ચારિત્રમોહનો રાગ હો. પણ રાગ મારો છે એવો સંબંધ છૂટી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ગુજરાતી ભાષા આવી જાય. સમજાણું કાંઈ? આહાહા..! કહો, 'મિત્રસેનજી'! આવી વાતું છે. આહાહા..!

આ દેહ તો માટી, જડ માટી, ધૂળ છે. અંદર આઠ કર્મ જે છે એ ઝીણી ધૂળ છે. ઝીણી ધૂળ છે. અને પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભરાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ ભાવ મલિન-અશુદ્ધ છે. આહાહા..! તે અશુદ્ધભાવથી (વિમુખ થઈ), જેણે પોતાના શુદ્ધભાવનો સંગ-પરિચય કર્યો, અશુદ્ધના સંગ વિનાની ચીજ અસંગ ચીજ, એનો સંગ-સંબંધ કર્યો... આહાહા..! એણે રાગનો સંબંધ છોડી દીધો. એ આવ્યું ને? '**रागयोगात्**'.

'**પુદ્‌ગલદ્રવ્યની ઉપાધિથી છે જેટલી રાગાદિ અશુદ્ધપરિણતિ,...**' શું કહ્યું ઈ? પરદ્રવ્યની ઉપાધિથી અંદરમાં જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય '**તેનાથી (सर्वतः विरमति) સર્વ પ્રકાર રહિત હોય છે.**' આહાહા..! જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્યસ્વરૂપ જેનું સર્વજ્ઞ સ્વરૂપ ત્રિકાળ. શક્તિ જેની સર્વજ્ઞ સ્વરૂપે ત્રિકાળ બિરાજમાન છે. આહાહા..! એનો જ્યાં સબંધ કર્યો અને રાગનો સંબંધ છોડી દીધો... આહાહા..! સમજાણું કાંઈ? એ સર્વ પ્રકારે પરથી રહિત છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-આવું લક્ષણ સમ્યગ્દષ્ટિ જીવને અવશ્ય હોય છે.**' ધર્મી જીવને આ લક્ષણ જરૂર-જરૂર હોય છે-અવશ્ય હોય છે. આ લક્ષણ ન હોય તો એ સમ્યગ્દષ્ટિ નહિ. આહાહા..! એ જૈન નહિ. આહાહા..! જૈન નામ જીતવું. તો જે કાંઈ રાગના વિકલ્પથી માંડીને પરદ્રવ્ય છે એ મારા નથી અને હું તો આનંદસ્વરૂપ છું, એનું નામ જૈન કહેવામાં આવે છે. આહાહા..! જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી. જૈન એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગસ્વરૂપે બિરાજમાન 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' આહાહા..! એ 'બનારસીદાસ'માં કહ્યું છે ને? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાન સો પણ મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' જૈન-જિન. જિનસ્વરૂપી પોતે આત્મા. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈનપણું અંતરમાં છે. રાગની એકતા તૂટી, સર્વથા રાગાદિ પરદ્રવ્ય મારા નહિ અને હું જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ છું એવી અનુભવની શક્તિ,

વૈરાગ્યની શક્તિ (પ્રગટ થઈ) એને અહીંયાં જૈન કહેવામાં આવે છે. એ પણ 'ઘટ ઘટ અંતર જૈન વસે' એ કાંઈ બાહ્ય જડમાં જૈનપણું હોતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો...' પોતાના અભિપ્રાયના અને મતના દારૂ પીધેલા, મતમદિરાના પાન-રાગ મારો, પુણ્ય મારા એવી મિથ્યાત્વરૂપી મદિરા પીધી છે. 'મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન.' એ મતવાલો થઈ ગયો. આત્મા રાગથી ભિન્ન છે એવી દૃષ્ટિ એને થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહ્યું, **'આવું લક્ષણ સમ્યગ્દૃષ્ટિ જીવને અવશ્ય હોય છે. આવું લક્ષણ હોતાં અવશ્ય વૈરાગ્ય ગુણ છે.'** પરથી ઉદાસ અને સ્વથી અસ્તિનું પ્રતીતિનું, પૂર્ણનું ભાન. પોતાની પૂર્ણ શક્તિનું, પૂર્ણ પ્રતીતિનું ભાન અને રાગથી માંડી પરદ્રવ્યથી ઉદાસરૂપી વૈરાગ્ય. એ બે શક્તિઓ સમ્યગ્દૃષ્ટિને નિરંતર-કાયમ હોય છે. આહાહા..! હજી શ્રાવક તો પછી. સમ્યગ્દર્શન થયા પછી. એ તો સ્વરૂપમાં આનંદની થોડી લીનતા જામે ત્યારે શ્રાવક કહેવામાં આવે છે. અને આનંદમાં ઘણી લીનતા થાય ત્યારે સાધુ કહેવામાં આવે છે. આહાહા..! અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિની વાત છે.

**'શું કરીને એવો હોય છે?' 'स्वं परं च इदं व्यतिकरम् तत्त्वतः ज्ञात्वा'** આહાહા..! આવી જ્ઞાન અને વૈરાગ્યશક્તિ કયા કારણે હોય છે? પોતાના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન અને રાગથી સર્વ ચીજનો ત્યાગ, વૈરાગ્ય, ઉદાસ એવું કયા કારણે થાય છે? કે **'શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે,...'** આહાહા..! હું સ્વ. પોતાનું. એ તો શુદ્ધ ચૈતન્ય પવિત્ર માત્ર ગુણ તે હું આત્મા. આહાહા..! શ્લોક તો બહુ સરસ છે. આહાહા..! અરે..! પણ વખત ક્યાં છે માણસને? એક તો આખો દિ' બાયડી, છોકરા, રળવું, ધંધો, એમાં વળી બે-પાંચ કરોડ રૂપિયા થઈ જાય તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. જાણે હું તો વધી ગયો. આહાહા..! ભાઈ! એ બધા સોજા-સોજા (છે). સોજાને શું કહે છે? શરીરમાં સોજા નથી ચડતા? સુજન. એ સોજા છે. એ તારી ચીજ નથી. આહાહા..!

મુમુક્ષુ :- કામ તો બધું પૈસાથી ચાલે છે.

ઉત્તર :- ધૂળમાં પણ નથી ચાલતા. પૈસા બધા પડ્યા રહે છે અને રોગ થાય તો એં..એં.. કરીને એકકોર પડ્યા નથી રહેતા? ખબર નથી? દવાઓ કેટલી પડી હોય અંદર.

મુમુક્ષુ :- એ તો કો'ક દિવસની વાત છે. રોજની વાત હોય એ કરો ને.

ઉત્તર :- પણ રોજને કે દિ' શરણ હતું? દિન-રાત ચોવીસે કલાક ભગવાન ચિદાનંદસ્વરૂપ રાગથી ભિન્ન છે અને ચોવીસે કલાક રાગથી હું એકત્વ છું એમ અજ્ઞાની અનાદિથી માને છે. આહાહા..! માર્ગ જુદો, બાપા! ભગવાન જિનેન્દ્રદેવ, એમાં પણ દિગંબર જૈનધર્મ, એ અલૌકિક ચીજ છે. એ ચીજ ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! જેને સાંભળતા પણ અંદર ધ્રુજારા ઉઠે કે અરર..! આવો માર્ગ! હજી સમ્યગ્દૃષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો! આહાહા..! પ્રભુ! તારો માર્ગ તો આવો છે. આહાહા..!

**'શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે,...'** એ સ્વ. **'परं' 'દ્રવ્યકર્મ...'** એટલે આઠ જડ કર્મ. **'ભાવકર્મ...'** એટલે પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, કામ-ક્રોધના ભાવ, **'નોકર્મ...'** એટલે

વાણી આદિ બહારનો સંયોગ. એનો '**વિસ્તાર પરાયો-પુદ્ગલદ્રવ્યનો છે,...**' આહાહા..! એ અંદર શુભ-અશુભભાવ (થાય) અને એના બંધન અને એના ફળ આ ધૂળ આદિ બહાર મળે એ બધો પુદ્ગલનો વિસ્તાર છે, આત્માનો નહિ. આહાહા..! છે? 'રાજમલ'ની ટીકા તો જુઓ! આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. 'બનારસીદાસે' આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું. 'રાજમલ જૈનધર્મી'. આહાહા..! જૈનધર્મના મર્મી. આહાહા..! શ્લોક તો આચાર્યના છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત, એના શ્લોક છે. વચમાં 'કુંદકુંદાચાર્ય' છે. એ 'અમૃતચંદ્રાચાર્ય'. આ 'પદ્મપ્રભમલધારિદેવ' 'નિયમસાર'ની ટીકા કરનારા. ત્રણેય દિગંબર સંત આનંદના ધામમાં રમનારા. આહાહા..! એમને વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયું. તો આ શાસ્ત્રમાં આ પોકાર છે. આહાહા..!

પ્રભુ! ધર્મી કોને કહીએ? કે સ્વ અને પર. સ્વ એટલે પોતાના શુદ્ધ સ્વરૂપને પોતાનું માને અને રાગાદિ પુદ્ગલના ઠાઠ માને. એ મારા નહિ. એ બધો દુશ્મનનો વિસ્તાર છે. આહાહા..! મારો વિસ્તાર તો અનંતમાં અનંતગુણો એ મારો વિસ્તાર શુદ્ધ સ્વરૂપ છે અને એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ અને હિંસા, જૂઠું, ચોરીના ભાવ અને એનું બંધન આઠ કર્મ અને એનું ફળ આ સંયોગ, એ બધો પુદ્ગલનો વિસ્તાર છે. આહાહા..! એ જડનો પથારો છે. 'મોહનભાઈ'! ભારે આકરું કામ.

મુમુક્ષુ :- પથારો હોય તો શાહુકાર કહેવાય.

ઉત્તર :- ધૂળમાં પણ શાહુકાર નથી. શાહુકાર કોને કહે? 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ ઘટમેં પ્રગટ સદા.' 'સમયસાર નાટક'માં આવે છે. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતર કી લક્ષી સો અજાચિ લક્ષપતિ હૈ.' આહાહા..! અંતરમાં આત્મામાં ઋદ્ધિ જોવે છે. બહારમાં ધૂળની ઋદ્ધિ ક્યાં એની છે? સિદ્ધિ. એ અંતરમાં સિદ્ધિ (છે). પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય કે શાંતિની પ્રાપ્તિ થાય એ સિદ્ધિ. અને વૃદ્ધિ. આ વધ્યા બહારમાં પાંચ-પચ્ચીસ લાખ મળ્યા, એ ધૂળમાં પણ નથી. અંદરમાં શુદ્ધિની વૃદ્ધિ. સમ્યગ્દર્શન ઉપરાંત ચારિત્રની વૃદ્ધિ થવી એ શુદ્ધિની વૃદ્ધિ અંતરમાં દેખે છે. સમજાણું કાંઈ? 'ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા, અંતર કી લક્ષી સો અજાચી લક્ષપતિ હૈ.' લક્ષપતિ છે. એ લક્ષપતિ, હોં! આ લાખપતિ ધૂળના એ નહિ. ચૈતન્ય આનંદકંદ પ્રભુ એના લક્ષના એ પતિ છે. આહાહા..! 'દાસ ભગવંત કો ઉદાસ રહે જગત સો, સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ.' 'બનારસીદાસ' 'સમયસાર નાટક'. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

કીડી છે. એ કીડી પણ અંદર શક્તિએ ભગવાન છે. આહાહા..! એના આત્મામાં પણ અનંત આનંદ સર્વજ્ઞ સ્વભાવ, અનંત શાંતિ, સ્વચ્છતા પડી છે. આહાહા..! દ્રવ્ય સ્વભાવે એ પણ ભગવત્સ્વરૂપ છે. બહારનું શરીર અને રાગાદિ એ બધો પુદ્ગલનો વિસ્તાર છે. આહાહા..! લ્યો શેઠ! આ તમારા મકાનો બધા છ-છ લાખના ને તમાકુના બધા ગોદામ ભરેલા હોય મોટા. બીડીના મોટા વેપારી. 'ભગવાનલાલ શોભાલાલ' 'ભગવાનદાસ શોભાલાલ' બેય ભાયું છે. અહીં બેઠા છે.

મુમુક્ષુ :- એક બાજુ વખાણ અને બીજી તરફ ધૂળ...

ઉત્તર :- એના સ્વામી થાય છે એ જ ખોટું છે, એમ કહે છે. આહાહા..! લ્યો! 'શાહૂજી' ચાલ્યા ગયા બંગલામાંથી. ચાલીસ કરોડ રૂપિયા. આબરૂ મોટી ચાલીસ-ચાલીસ લાખના મકાન. કોની ચીજ હતી? બાપુ! કોની છે? ભાઈ! આહાહા..! બહુ શ્લોક ...

**'स्वं परं च इदं व्यतिकरम्' 'શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે,...'** સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી શરૂઆતવાળો એમ પોતાને માને છે કે **'શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે, પર દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનો વિસ્તાર પરાયો...'** સ્વનો વિસ્તાર નથી, એ તો પરનો વિસ્તાર છે. આહાહા..! **'વિસ્તાર પરાયો-પુદ્‌ગલદ્રવ્યનો વિસ્તાર છે,...'** આહાહા..! ભારે કામ. **'इदं व्यतिकरम्' 'એવું વિવરણ...' 'तत्त्वतः ज्ञात्वा' 'કહેવા માટે નથી,...'** કહેવામાત્ર એમ નહિ, એમ કહે છે. અંદર અનુભવમાં એમ માનવાલાયક આ રીતે છે. કહેવામાત્ર ભાષામાં આવે કે આ મારા ને આ તારા એમ નહિ. હું તો શુદ્ધચૈતન્યસ્વરૂપ કહેવામાત્ર નહિ પણ અનુભવવા માત્ર. આહાહા..!

**'વસ્તુસ્વરૂપ એવું જ છે એમ અનુભવરૂપજાણે છે સમ્યગ્દષ્ટિ જીવ...'** જાણે છે સમ્યગ્દષ્ટિ જીવ. કહેવામાત્ર નથી. આહાહા..! આવી વાતું, ભાઈ! આહાહા..! આ તો બાવો થઈ જાય ત્યારે થાય. એમ એક ભાઈ (કહેતા હતા). બાવો જ છો. કે દિ' (કોઈ ચીજ) તારી છે? અહીં એ તો કહે છે. રાગથી માંડીને બધો વિસ્તાર પારકો છે. તારો વિસ્તાર એ નથી, એ તારી પ્રજા નથી. આહાહા..! દુશ્મનના દિકરા ૨૫-૫૦ હોય અને મોટો વિસ્તાર હોય, તે મારા છે એમ માને? એ તો પરાયો વિસ્તાર છે. આહાહા..! એમ શુભ-અશુભભાવ, કર્મબંધન અને આ બધી સંયોગી ચીજ એ પુદ્‌ગલનો વિસ્તાર છે. પુદ્‌ગલ વિસ્તાર, હું નહિ. આહાહા..!

**'કહેવા માટે નથી,...' 'तत्त्वतः ज्ञात्वा'** એમ છે ને? **'तत्त्वतः' 'વસ્તુસ્વરૂપ એવું જ છે...' 'तत्त्वतः ज्ञात्वा'**ની વ્યાખ્યા. **'વસ્તુસ્વરૂપ એવું જ છે એમ અનુભવરૂપ જાણે છે સમ્યગ્દષ્ટિજીવ...'** આહાહા..! તિર્યંચ સમ્યગ્દષ્ટિ થાય છે, નારકી સમ્યગ્દષ્ટિ હોય છે, દેવ સમ્યગ્દષ્ટિ હોય છે અને મનુષ્ય. એ ચારેય ગતિમાં સમ્યગ્દર્શન થાય છે. પણ સમ્યગ્દષ્ટિ પોતાને આમ માને છે. મારી ચીજ તો શુદ્ધ સ્વરૂપ જ મારી ચીજ છે અને પુણ્ય દયા, દાન, વ્રતથી માંડીને બધો વિસ્તાર પુદ્‌ગલનો વિસ્તાર છે. આહાહા..! અહીં તો કાંઈ વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન-દયા કર્યા તો મેં કર્યું, મેં કર્યું, મારી ચીજ છે. આહા..! એ પુદ્‌ગલના વિસ્તારને પોતાના માનવા, એ ચૈતન્યનો અનાદર કરનાર મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'અનુભવરૂપ જાણે છે સમ્યગ્દષ્ટિ જીવ, તેથી જ્ઞાનશક્તિ છે.'** ધર્મીને પોતાના સ્વરૂપની જ્ઞાનશક્તિ છે અને રાગાદિ પર છે એની પણ જ્ઞાનશક્તિ છે. બેયના વિવેકની જ્ઞાનશક્તિ છે. આહાહા..! હું શુદ્ધ સ્વરૂપ પવિત્ર છું એવું જ્ઞાન છે અને શુભરાગ દયા, દાન, વ્રત, ભક્તિથી માંડીને બધા ભાવ એ પુદ્‌ગલનો વિસ્તાર છે એવી પણ જ્ઞાનશક્તિ છે. જ્ઞાનમાં બેયનું ભાન છે. સ્વ-પર બેયનું ભાન છે. એમ શબ્દ છે ને? પાઠમાં એમ છે. **'स्वं परं च इदं व्यतिकरम् तत्त्वतः ज्ञात्वा'** છે ને? **'स्वं परं च इदं व्यतिकरम् तत्त्वतः ज्ञात्वा'** આહાહા..! આવી વાતું હવે. માણસ કહે પણ આવો તે કેવો ધર્મ? આ જૈનધર્મ હશે આવો? જૈનધર્મમાં તો દયા

પાળવી, વ્રત કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, મંદિરો બનાવવા. બાપુ! એ તો પરચીજ છે, ભાઈ! આહાહા..! એ તો બધો પુદ્‌ગલનો વિસ્તાર છે. આહાહા..! એમાં તું નથી. જ્યાં તું છો ત્યાં તે નથી. આહાહા..! કહો, આ વિસ્તાર મોટો. 'કાળીદાસભાઈ'! બહારમાં કહેવાય કે 'કાળીદાસભાઈ' કરોડપતિ છે અને વિસ્તાર આટલો. મોટરું ને ફોટરું ને ઢીંકણું ને ફીકણું. અને આ વળી મોટા શેઠિયાઓને મોટો-મોટો વિસ્તાર. સાત તો મોટરું ઘરે. બીડીયું મોકલવાની-ગોઠવવાની. એય..! મોટા... એ બધો પુદ્‌ગલનો વિસ્તાર. આહાહા..!

મુમુક્ષુ :- હવે આવી પડ્યું તો શું કરવું?

ઉત્તર :- આવી પડ્યું તો એને ઘરે રહ્યું. ત્યાં ક્યાં આવ્યું છે? આત્મામાં આવી ગયું છે? આહાહા..! આવી વાત છે, બાપા! આહાહા..! એમાં બે-પાંચ હજારનો મહિને પગાર થઈ જાય. એય..! જાણે કે શું વધી ગયા. આહાહા..! ધૂળમાં વધ્યા છે. પુદ્‌ગલનો વિસ્તાર છે એ તો. આહાહા..!

મુમુક્ષુ :- દુનિયા તો પુદ્‌ગલના વિસ્તારમાં...

ઉત્તર :- દુનિયા એમાં જ માનીને રખડી મરી છે. આહાહા..!

ભગવાન જિનેન્દ્રદેવ ત્રિલોકનાથના પ્રવચન-દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. એ દિગંબર સંતો આડતિયા થઈને જગતમાં જાહેર કરે છે. માલ ભગવાનનો છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એવી વાત સાંભળવા મળે નહિ. એ કે દિ' સમજે? કે દિ' કરે સમ્યક્? આહાહા..! દુર્લભ થઈ પડ્યું, પ્રભુ! આહાહા..! જુઓ! આ સંતોની વાણી. દિગંબર સંતોની આ વાણી. આહાહા..!

**'હવે આટલું કરે છે સમ્યગ્દૃષ્ટિ જીવ તે શાને માટે?'** એની વાત છે થોડી. વિસ્તાર છે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

---

## આસો વદ ૫, મંગળવાર, તા.૧-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૬-૧૩૭, પ્રવચન - ૧૩૭

'કળશટીકા' ૧૩૬-કળશ છે. નીચેથી પાંચમી લીટી. 'હવે આટલું કરે છે સમ્યગ્દૃષ્ટિ જીવ...' શું કહે છે? ધર્મીજીવ, જેને આ આત્મા જેનું પવિત્ર શુદ્ધ પૂર્ણ સ્વરૂપ છે, એવો જેને અનુભવ, એ ચીજનો જેને અનુભવ થયો છે. એટલે? કે જે અનાદિથી પુણ્ય અને પાપના ભાવ, એનું જેને અનુભવ અને વેદન છે એ મિથ્યાત્વભાવ છે, પણ એનાથી ગુલાંટ ખાઈ, પલટો મારી અને શુદ્ધ ધ્રુવ ચૈતન્ય ધ્રુવ વસ્તુ, એને અનુસરીને, ધ્રુવ સ્વભાવને અનુસરીને પોતાના આત્માનો આનંદનો અનુભવ સ્વાદ આવવો, એનું નામ ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આવી વાત છે.

**'આટલું કરે છે સમ્યગ્દૃષ્ટિ જીવ તે શાને માટે? ઉત્તર આમ છે-' 'સ્વં વસ્તુત્વં**

**कलयितुम्**' સ્વ-આત્માનું વસ્તુત્વપણું. જે શુદ્ધપણું, ધ્રુવપણું, આનંદપણું, સ્વચ્છપણું એવું જે વસ્તુનું વસ્તુપણું. આહાહા..! ભગવાનઆત્મા ભગવત્ સ્વરૂપ જ આત્મા છે. એનું પણું એટલે વસ્તુપણું. અતીન્દ્રિય અનંતજ્ઞાન આનંદાદિ અનંત ગુણ એ વસ્તુનું વસ્તુપણું (છે). આહાહા..! એનું '**कलयितुम्**' એનો અભ્યાસ કરે. એટલે કે તે શુદ્ધ સ્વરૂપને અનુભવે. આહાહા..! છે? '**स्वं वस्तुत्वं**' '**પોતાનું શુદ્ધપણું,...**' '**स्वं**'નો અર્થ પોતાનું. '**वस्तुत्वं**'નો અર્થ શુદ્ધપણું. પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન-જુદું ત્રિકાળી જે આત્માનું શુદ્ધપણું, એને '**कलयितुम्**' અભ્યાસે વેદે, અનુભવે તેને સમ્યગ્દષ્ટિ કહીએ. આહાહા..!

મુમુક્ષુ :- અનુભવ કેવી રીતે થાય?

ઉત્તર :- કહે છે ને આ. એ તરફની દૃષ્ટિ કરીને અનુભવવું. આહાહા..!

આ આત્મા ચૈતન્યશુદ્ધ પરિપૂર્ણ પરમાત્મસ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એમાં જે આ પુણ્ય અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ (થાય છે) એ પુણ્ય મલિનભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ પાપ મલિનભાવ છે. બેયથી ભિન્ન ત્રિકાળી જે આત્માનું પવિત્ર શુદ્ધ સ્વરૂપ, તેનું વેદન અનુભવવું. આહાહા..! જે રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, એને અનાદિથી પર્યાયબુદ્ધિવાળો જીવ અજ્ઞાની, વર્તમાન અવસ્થા અને રાગને જ માનનારો, એ પુણ્ય અને પાપને અનુભવનારો એ અધર્મી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવો માર્ગ છે.

એમાંથી જેને આત્માનુ હિત કરવું છે, જન્મ-મરણના આરાના અંતર લાવવા છે એને આ આત્માનું વસ્તુપણું (અનુભવવું). એ પુણ્ય-પાપભાવ એ કોઈ આત્માનું વસ્તુપણું નથી. આહાહા..! એ તો કાલે આવી ગયું હતું ને? પરાયો વિસ્તાર પુદ્ગલદ્રવ્યનો છે. આહાહા..! ઝીણી વાત, ભાઈ! અંદરમાં પુણ્ય-પાપના ભાવ થવા. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયનો ભાવ, એને અહીંયાં પુદ્ગલનો વિસ્તાર (કહે) છે. એ જડની દશા છે, એ જડનો વિસ્તાર છે. એમાં આત્મા ન આવ્યો. આહાહા..! આત્મા તો પરમાત્મા જિનેન્દ્રદેવ એને કહે છે કે જેમાં અનંત જ્ઞાનસ્વભાવ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ, અનંત શક્તિનો સાગર એવી જે ચીજ એનું જે શુદ્ધપણું, પવિત્રપણું, સત્નું સત્ત્વપણું એનો જેને અનુભવ... આહાહા..! આવી વાતું છે.

એ સમ્યગ્દષ્ટિ જીવ '**પોતાનું શુદ્ધપણું, તેના...**' '**कलयितुम्**' '**નિરંતર અભ્યાસ માટે અર્થાત્ વસ્તુની પ્રાપ્તિને માટે.**' આહાહા..! વસ્તુ પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે. એ ચીજની પ્રાપ્તિ માટે, તે વસ્તુની પ્રાપ્તિ માટે નિરંતર અભ્યાસ કરે છે. સ્વસન્મુખનો નિરંતર... આહાહા..! આવી વાતું છે. એ વસ્તુની પૂર્ણ દશા પ્રાપ્ત કરવા માટે એ વસ્તુનો અભ્યાસ એટલે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, તેની સન્મુખ થઈને તેનો અભ્યાસ કરે છે. '**कलयितुम्**' અનુભવે છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? લ્યો! એ આવ્યું. જોયું?

'**તે વસ્તુની પ્રાપ્તિ શાનાથી થાય છે?**' '**स्वान्यरूपाप्तिमुक्त्या**' '**પોતાના શુદ્ધસ્વરૂપનો લાભ,...**' જે અનાદિથી શુભ-અશુભરાગનો લાભ હતો એ તો અધર્મનો લાભ હતો.

આહાહા..! હવે અહીંયાં વસ્તુનો લાભ. છે? '**પોતાના શુદ્ધસ્વરૂપનો લાભ,...**' આહાહા..! આ લાભ સવાયા નથી લખતા તમારે વાણિયા? નામા લખે ને નામુ? લાભસવાયા. ધૂળનાય નથી ત્યાં લાભ. ત્યાં તો બધા પૈસા-પૈસા ધૂળ, જડ, માટી અને એનો ભાવ છે એ પાપ છે. પાપનો લાભ છે ત્યાં. આહાહા..! આ દિવાળીમાં ચોપડે લખે ને?

અહીંયાં તો પરમાત્મા જિનેન્દ્રદેવ એમ ફરમાવે છે, પ્રભુ! તારામાં તો અનંત આનંદ અને અનંત ગુણ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા એવી તારી ચીજનું શક્તિપણું તો આવું છે. એ શુદ્ધપણાને સ્વસન્મુખ થઈને પ્રાપ્ત કરવું, એને આત્માનો લાભ કહેવાય છે. આહાહા..! આ ધૂળના પૈસા-બૈસા પાંચ-પચ્ચીસ કરોડ મળે, પાંચ-પચાસ લાખ મળે. પૈસા મળ્યા ને અમે સુખી છીએ. મૂર્ખ છે મોટો. આહાહા..! દુઃખમાં ડૂબકી મારે છે અને અમે સુખી છીએ એમ માને છે. અહીંયાં તો આનંદનો નાથ અંદર... આહાહા..!

મુમુક્ષુ :- પૈસા ગુમાવે એને મૂર્ખ કહે.

ઉત્તર :- અહીં તો કમાવે એને પણ મૂર્ખ કહે છે. કેમકે પૈસાથી મને લાભ થયો એમ માન્યું તો પાપનો લાભ થયો છે ત્યાં તો. પૈસા તો જડ-ધૂળ છે. પણ મને મળ્યા એવો જે ભાવ, મિથ્યા ભ્રાંતિ, ભ્રમ, એ પાપ છે. આહાહા..! આકરી વાતું છે.

'**कलयितुम्**' '**નિરંતર અભ્યાસ...**' જુઓ તો. આહાહા..! જેમ રાગ અને પુણ્ય-પાપના ભાવનો અનાદિ નિરંતર અભ્યાસ, અત્રુટક ભાવે પાપનો અભ્યાસ કરેલો... આહાહા..! એ જ રીતે અંતર સ્વરૂપ સન્મુખ થઈને નિરંતર એનો અભ્યાસ. આહાહા..! શુદ્ધ સ્વરૂપની સન્મુખનો વારંવાર અનુભવનો અભ્યાસ (કરે) એને સ્વરૂપનો લાભ થાય છે. આકરી વાત છે, ભાઈ! દુનિયા એ ધર્મને ક્યાંક ક્યાંક કલ્પી બેઠા છે. આહાહા..! ધર્મ તો વસ્તુના સ્વરૂપની પ્રાપ્તિ (થાય) તેને કહે છે. સ્વભાવ, તેની પ્રાપ્તિ પર્યાયમાં થાય તેને ધર્મ કહે છે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને હિંસા ને જૂઠું એ બધા વિકારનો લાભ છે. એ તો વિકાર છે. આહાહા..! આકરી વાતું, ભાઈ!

અહીંયાં તો એ કહ્યું કે '**વસ્તુની પ્રાપ્તિ શાનાથી થાય છે? પોતાના શુદ્ધ સ્વરૂપનો લાભ,...**' તેનાથી થાય. આહાહા..! સમજાણું કાંઈ? '**પરદ્રવ્યનો સર્વથા ત્યાગ,...**' બે વાત. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ રાગ હો. એ રાગનો ત્યાગ અને સ્વભાવની શુદ્ધતાની પવિત્રતાનો લાભ. એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓલો તો વ્રત કરો, અપવાસ કરો, દયા પાળો, તપસ્યા કરો. સહેલુંસટ હતું રખડવાનું. એ તો રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. એમાં વસ્તુનો સ્વભાવ આવ્યો નથી. એ તો વિભાવ છે. આહાહા..!

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ એમ ફરમાવે છે, પ્રભુ! તારામાં તારાપણું કાંઈ છે કે નહિ? કે વિકારપણું એ તારાપણું છે? આહાહા..! તારામાં તારાપણું તો શુદ્ધપણું તે તારાપણું છે. પવિત્ર આનંદાદિ ગુણો એ તારામાં તારાપણું છે. આહાહા..! એના સન્મુખથી, નિમિત્તો રાગ અને પર્યાયની વિમુખ થઈને, સ્વભાવની પૂર્ણતાની સન્મુખ થતાં જે શુદ્ધતાનો પર્યાયમાં લાભ થાય તે વસ્તુનો સ્વભાવ છે, તે ધર્મ છે. અંતર વીતરાગતા ભરી

છે ભગવાનઆત્મામાં. કેમ બેસે? એ વીતરાગ સ્વરૂપે જ ભરેલો પ્રભુ છે. આહાહા..! એની સન્મુખ થઈને વર્તમાન દશામાં વીતરાગપણાનો લાભ થવો તેનું નામ અનુભવ અને ધર્મ છે. અરે..! આવી વાતું છે. સાંભળવી કઠણ પડે. અરે..! શું થાય? લોકો બહારમાં અટવાઈને જિંદગી કાઢે છે. આહાહા..!

અહીંયાં તો '**પરદ્રવ્યનો સર્વથા...**' પરદ્રવ્ય કોને કહ્યું માથે? કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એ પણ પરદ્રવ્ય છે. આહાહા..! આવી વાત છે, પ્રભુ! કેમકે આત્મામાંથી એ નીકળી જાય છે. સ્વદ્રવ્યનું સ્વરૂપ હોય એ નીકળે નહિ. આહાહા..! એ રાગનો વિકલ્પ જે છે વૃતિ, એનો સર્વથા અભાવ. સર્વથા કેમ કહ્યું? કે અંશ પણ રાગનો જે દયા, દાનનો અંશ આવે, એનાથી કાંઈ લાભ થાય એવી .. એ સ્વરૂપનો લાભ અને '**પરદ્રવ્યનો સર્વથા ત્યાગ, – એવા કારણથી.**' વસ્તુની પ્રાપ્તિ થાય છે. આહાહા..!

ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ પૂર્ણ વીતરાગ અને પૂર્ણ જ્ઞાની થયા તો એ પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ જ્ઞાન થયું, આવ્યું એ ક્યાંથી આવ્યું? ભાઈ! ક્યાંય બહારથી આવે છે? અંદરમાં પૂર્ણ જ્ઞાન અને વીતરાગતાથી ભરેલું એ તત્ત્વ જ છે આત્મા. આહાહા..! એના સન્મુખની દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતા (થાય) એ સ્વરૂપની પ્રાપ્તિનો લાભ કહેવાય છે. આહાહા..! આવું નિશ્ચય અને આવી વાતું કહે. પરમસત્ય તો આ છે.

આજે પાછલી પહોરે જરીક આંખમાં... આજ તો ઉંઘ નહોતી ને કાચી હતી. સહેજ સાડા ચારે કે ચારે (સ્વપ્ન) આવ્યું એમાં કોઈએ પૂછયું. કુંજી બતાવો. ભાષા ટૂંકી નહોતી, કુંજી હતી. કોઈ હિન્દીનું હશે. ગમે તે. કુંજી બતાવો, એમ કહ્યું. કુંજી કહે છે ને તમારામાં? ભાષા કુંજી હતી. મેં ઉત્તર આપ્યો ગુજરાતીમાં. ભાઈ! કુંજી તો આ છે, કીધું, ભાઈ! સ્વપ્નાની વાત છે. પાછલા પહોરે. આ આત્મજ્ઞાન તે કુંજી છે. અને તે કેમ (થાય)? એમ પણ કહ્યું. એગં જાણહી સવ્વ જાણહી. આટલું કહ્યું. ભગવાનઆત્માને જાણે એ બધાને જાણે. હવે કોનો પ્રશ્ન હતો? કુંજીનો એટલો શબ્દ હતો. કોઈ હિન્દી હશે. આપણે તો કુંચી કહીએ.

મુમુક્ષુ :– હિન્દી લોકો કુંજી કહે.

ઉત્તર :– કોઈએ પૂછ્યું કુંજીનું. આહા..! પણ એ તો અડધી મિનિટની અંદરમાં. ભાઈ! કુંજી તો આ છે.

આ આત્માનું જ્ઞાન (એ કુંજી છે). રાગ ને પુણ્ય ને પરનું જ્ઞાન એ તો અજ્ઞાન છે. આત્મજ્ઞાન. એટલે? આત્માની પર્યાય છે એક અંશનું એનું પણ જ્ઞાન નહિ. રાગનું નહિ, પુણ્યનું નહિ, વ્યવહારનું નહિ, પરનું નહિ પણ એક સમયની પર્યાય એનું પણ જ્ઞાન નહિ. આત્મજ્ઞાન. આત્મા જે ત્રિકાળી દ્રવ્ય આનંદકંદ પ્રભુ છે, ધ્રુવ, એનું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આવો ધર્મ. જૈનધર્મ આવો હશે? વ્રત પાળવા, દયા પાળવી, છપરબી લીલોતરી ન ખાવી, છપરબી બ્રહ્મચર્ય પાળવું. હવે આવું તો બધું વાત સમજતા તમે કહે. ભાઈ! એ બધો પરલક્ષી રાગ હતો. એ ધર્મ નથી. આહાહા..!

મુમુક્ષુ :– આ માસ્ટર કી છે.

ઉત્તર :- એને કુંચી કહે. આહાહા..!

સ્વસ્વરૂપ વસ્તુત્વની પ્રાપ્તિ, એમ કહ્યું ને? અને રાગાદિ જે પર છે તેનો ત્યાગ. કેમકે જે રાગાદિ પુણ્ય, દયા, દાન વ્રતાદિ છે એ બધો પુદ્‌ગલનો વિસ્તાર છે. એ પુદ્‌ગલની પ્રજા છે, જડની પ્રજા છે. તારી પ્રજા એટલે પર્યાય નહિ. આહાહા..! તારી પ્રજા તો વસ્તુસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે. એનો અનુભવ પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાન થવું એ તારી પ્રાપ્તિ અને એ તારો પર્યાય કહેવામાં આવે છે. પર્યાય શું, એ હજી સાંભળ્યું ન હોય.

વીતરાગ જૈનદર્શનનું એકડાનું પહેલું મીંડું-દ્રવ્ય-ગુણ અને પર્યાય. દ્રવ્ય એ વસ્તુ એને કહીએ. આ દ્રવ્ય એટલે આ પૈસા-ધૂળ નહિ. દ્રવ્ય એટલે અનંતગુણનો પિંડ. જે દ્રવે, નિર્મળતાને દ્રવે, પ્રવહે. પાણીમાં જેમ તરંગ ઊઠે એમ ભગવાન દ્રવ્ય એટલે અનંત આનંદ આદિ ગુણનો પિંડ, એ દ્રવે. જ્યારે પર્યાયમાં શાંતિ ને આનંદને દ્રવે માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..! અને એ દ્રવ્યમાં અનંતજ્ઞાન સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમાત્માએ કહ્યું અને છે. પ્રભુ! તારી વસ્તુમાં તો અનંત જ્ઞાન છે ને, નાથ! અતીન્દ્રિય અનંત આનંદ ભર્યો છે, ભાઈ! આહાહા..! એ હરણિયાની નાભિમાં કસ્તુરી છે એનું હરણિયાને ભાન નથી. મૃગની નાભિમાં કસ્તુરી. આહાહા..! એમ પ્રભુ તારા સ્વભાવમાં એકલો આનંદ ભર્યો છે. આહાહા..! અરેરે..! એ સાંભળ્યું પણ ન હોય.

મુમુક્ષુ :- એટલો બરાબર, પણ કેટલો?

ઉત્તર :- અનંત. જેનો સ્વ-ભાવ એનું માપ ન હોય, એને હદ ન હોય, એને મર્યાદા ન હોય. આહાહા..! વસ્તુ છે એનો સ્વભાવ. સ્વ નામ પોતાનો ભાવ. સ્વ ચીજ, એનો પોતાનો ભાવ. આહાહા..! જેમ વસ્તુ પોતે અનાદિઅનંત ભગવાનઆત્મા છે તેમ તેના જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણો પણ અનાદિઅનંત ધ્રુવ છે. આહાહા..! એ ધ્રુવને અવલંબી, એ ધ્રુવનો આશ્રય કરી અને જે પર્યાયમાં રાગનો આશ્રય હતો એ દૃષ્ટિ છૂટી ગઈ. ત્રિકાળી ભગવાનનો આશ્રય થયો, એમાંથી જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે એની પર્યાય, પ્રજા અને તે ધર્મ કહેવામાં આવે છે. અરે..! આવા શબ્દો છે. સમજાણું કાંઈ? એ ટૂંકી વાત.

મુમુક્ષુ :- આપે કહ્યું એવું તો કાંઈ આમાં લખ્યું નથી.

ઉત્તર :- આ શું કહ્યું? સ્વરૂપ પોતાનો લાભ, પરદ્રવ્યનો ત્યાગ. એટલામાં બધું આવી ગયું. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એની પર્યાયમાં આ ચીજ છે તેનો લાભ. અને રાગાદિ સર્વનો ત્યાગ. એનું નામ વસ્તુ ધર્મની પ્રાપ્તિ કહેવામાં આવે છે. આહાહા..! એ ૧૩૬ પૂરું થયું..

(મંદાક્રાંતા)

सम्यग्दष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः॥५-१३७॥

ખંડાન્વય સહિત અર્થ :- આ પ્રસંગે એમ કહે છે કે સમ્યગ્દષ્ટિ જીવને વિષય ભોગવતાં કર્મનો બંધ નથી; ત્યાં કારણ એમ છે કે સમ્યગ્દષ્ટિના પરિણામ ઘણા જ લૂખા છે, તેથી ભોગ એવો લાગે છે જાણે કોઈ રોગનો ઉપસર્ગ થતો હોય; તેથી કર્મનો બંધ નથી, એમ જ છે. જે કોઈ મિથ્યાદષ્ટિ જીવ પાંચ ઇન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે તેઓ પરિણામોથી ચીકણા છે, મિથ્યાત્વભાવના એવા જ પરિણામ છે, સહારો કોનો છે? ત્યાં તે જીવો એવું માને છે કે 'અમે પણ સમ્યગ્દષ્ટિ છીએ, અમારે પણ વિષયસુખ ભોગવતાં કર્મનો બંધ નથી;' પરંતુ તે જીવો ભ્રાન્તિમાં પડ્યા છે, તેમને કર્મનો બંધ અવશ્ય છે, તેથી તે જીવો મિથ્યાદષ્ટિ અવશ્ય છે. મિથ્યાત્વભાવ વિના કર્મની સામગ્રીમાં પ્રીતિ ઊપજતી નથી એમ કહે છે-'ते रागिणः अद्यापि पापाः' ( ते ) મિથ્યાદષ્ટિ જીવરાશિ ( रागिणः ) શરીર-પંચેન્દ્રિયના ભોગસુખમાં અવશ્ય રંજિત છે, ( अद्यापि ) કરોડ ઉપાય જો કરે અનંતકાળ પર્યન્ત તોપણ ( पापाः ) પાપમય છે, જ્ઞાનાવરણાદિ કર્મબંધને કરે છે, મહાનિન્ધ છે. શા કારણથી એવો છે? 'यतः सम्यक्त्वरिक्ताः सन्ति' ( यतः ) કારણ કે વિષયસુખરંજિત છે જેટલો જીવરાશિ તે, ( सम्यक्त्वरिक्ताः सन्ति ) શુદ્ધાત્મસ્વરૂપના અનુભવથી શૂન્ય છે. શા કારણથી? 'आत्मानात्मावगमविरहात्' ( आत्म ) શુદ્ધ ચૈતન્યવસ્તુ, ( अनात्म ) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ, તેમનું ( अवगम ) હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું, તેનું ( विरहात् ) શૂન્યપણું હોવાથી. ભાવાર્થ આમ છે કે-મિથ્યાદષ્ટિ જીવને શુદ્ધ વસ્તુના અનુભવની શક્તિ હોતી નથી એવો નિયમ છે, તેથી મિથ્યાદષ્ટિ જીવ કર્મનો ઉદય પોતારૂપ જાણીને અનુભવે છે, પર્યાયમાત્રમાં અત્યંત રત છે; તે કારણે મિથ્યાદષ્ટિ સર્વથા રાગી હોય છે, રાગી હોવાથી કર્મબંધના કર્તા છે. કેવા છે મિથ્યાદષ્ટિ જીવ? 'अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः जातु मे बन्धः न स्यात्' ( अयम् अहं ) આ જે છું હું, તે ( स्वयम् सम्यग्दृष्टिः ) સ્વયં સમ્યગ્દષ્ટિ છું, તેથી ( जातु ) ત્રણે કાળ ( मे बन्धः न स्यात् ) અનેક પ્રકારનું વિષયસુખ ભોગવતાં પણ મને તો કર્મનો બંધ નથી;' 'इति आचरन्तु' એવા જીવ એવું માને છે તો માનો, તથાપિ તેમને કર્મબંધ છે. વળી કેવા છે? 'उत्तानोत्पुलकवदनाः' ( उत्तान ) ઊંચા કરી ( उत्पुलक ) ફુલાવ્યાં છે ( वदनाः ) ગાલ-મુખ જેમણે, એવા છે. 'अपि' અથવા કેવા છે? 'समितिपरतां आलम्बन्तां' ( समिति ) મૌનપણું અથવા થોડું બોલવું અથવા પોતાને હીણો કરી બોલવું, તેનું ( परतां ) સમાનરૂપ સાવધાનપણું, તેને ( आलम्बन्तां ) અવલમ્બે છે અર્થાત્ સર્વથા પ્રકારે આ રૂપે પ્રકૃતિનો સ્વભાવ છે જેમનો, એવા છે; તથાપિ રાગી હોવાથી મિથ્યાદષ્ટિ છે, કર્મબંધને કરે છે. ભાવાર્થ આમ છે કે-જે કોઈ જીવ પર્યાયમાત્રમાં રત હોતાં પ્રગટ મિથ્યાદષ્ટિ છે તેમની પ્રકૃતિનો સ્વભાવ છે કે 'અમે સમ્યગ્દષ્ટિ, અમને કર્મબંધ નથી' એવું મુખથી ગરજે છે, કેટલાક પ્રકૃતિના સ્વભાવને લીધે મૌન જેવા રહે છે, કેટલાક થોડું બોલે છે; ત્યાં આ પ્રમાણે રહે છે તે સમસ્ત પ્રકૃતિનો સ્વભાવભેદ છે, એમાં પરમાર્થ તો કાંઈ નથી. જેટલા કાળ સુધી જીવ પર્યાયમાં પોતાપણું અનુભવે છે તેટલા કાળ સુધી મિથ્યાદષ્ટિ છે, રાગી છે, કર્મબંધને કરે છે. ૫-૧૩૭.

## કળશ-૧૩૭ ઉપર પ્રવચન

હવે ૧૩૭.

सम्यग्दष्टः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।।५-१३७।।

આહાહા..! '**ખંડાન્વય સહિત અર્થ :- આ પ્રસંગે એમ કહે છે કે સમ્યગ્દષ્ટિ જીવને...**' આહાહા..! જેને સમ્યક્ સત્યદર્શન, સત્યસ્વરૂપ પરમાત્મા પોતે વીતરાગમૂર્તિ જ ત્રિકાળી છે, શક્તિ ને એનો સ્વભાવ (છે). એવા સમ્યક્ ને પ્રતીતિ જેને (થયા છે), એનું જ્ઞાન કરી, જાણીને પ્રતીતિ થઈ તેને અહીંયાં સમ્યગ્દષ્ટિ કહે છે. એવા '**જીવને વિષય ભોગવતાં કર્મનો બંધ નથી;...**' એમ કહ્યું. આહાહા..! કર્મનો બંધ નથી એ શું કહ્યું? મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું જે બંધન છે તેવું બંધન સમ્યગ્દષ્ટિને વિષય ભોગવવામાં પણ આસક્તિ છે, પણ એ આસક્તિમાં અસ્થિરતાનો દોષ છે. એથી એનાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું જે કર્મ બંધાય એ બંધાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો ક્યાંથી ધર્મ? એક જણો તો એમ કહેતો હતો કે આ ક્યાંથી આ નવું કાઢ્યું? નવું નથી, ભગવાન! વીતરાગ જિનેન્દ્ર પરમાત્માનો તો અનાદિનો આ માર્ગ છે. આહાહા..! લોકોને સાંભળવા મળ્યો ન હોય એથી નવો લાગે. નવો નથી. આહાહા..! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ આ રૂપે કહેતા આવે છે અને કહે છે અને કહેશે. એમાં કોઈ બીજી વાત છે નહિ. આહાહા..!

'**વિષય ભોગવતાં કર્મનો બંધ નથી; ત્યાં કારણ એમ છે કે સમ્યગ્દષ્ટિના પરિણામ ઘણા જ લૂખા છે,...**' ઘણા જ લૂખા. એટલે શું કહ્યું? કે પાંચ ઇન્દ્રિયના વિષયોમાં એ ઊભો દેખાય, અસ્થિરતાની જરી આસક્તિ પણ હોય, પણ પરિણામ એના પર તરફમાં ઘણા લૂખા છે. આહાહા..! જેને એ આસક્તિનો પણ રસ નથી. રસ આત્માનો છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, એના રસની આગળ આસક્તિનો રસ અને એમાં સુખબુદ્ધિ જેને ઊડી ગઈ છે. આહાહા..!

'**એમ છે કે સમ્યગ્દષ્ટિના પરિણામ ઘણા જ લૂખા છે, તેથી ભોગ એવો લાગે છે...**' આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ ધર્મની પહેલી સીઢી, ધર્મનું મોક્ષમહેલનું પહેલું પગથિયું... આહાહા..! એવો સમ્યગ્દષ્ટિ જીવ, એને ભોગ એવા લાગે છે '**કે જાણે કોઈ રોગનો ઉપસર્ગ થતો હોય;...**' આહાહા..! ધર્મી જીવને આત્માના આનંદના સ્વાદ આગળ ભોગનો રાગ કાળા નાગ જેવો દેખાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એને રોગનો ઉપસર્ગ જાણે આવ્યો હોય. આહાહા..! જેમ માણસને કોઈ સર્પ કરડે અને વીંછી કરડે અને ઉપસર્ગ આવે, એમ ધર્મીને ભોગનો જે રાગ છે એને એ ઉપસર્ગ દેખે છે. આહાહા..! અજ્ઞાની એ

રાગની મીઠાશથી રાગને વેદે છે. આહાહા..! આટલો ફેર છે. આહાહા..! ભોગને રોગ સમાન દેખે છે. ઓલામાં તો આવ્યું હતું આપણે સ્તુતિમાં. ભોગ ભુજંગ. ભોગને ભુજંગ એટલે કાળો નાગ આમ ફેણ માંડતો. એમ સમ્યગ્દષ્ટિ જીવને આત્માના સ્વાદની આગળ, ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રી-કુટુંબ હો, ભોગ હો, પણ એ ભાવને કાળા નાગ જેવો દેખે છે. આહાહા..! એ ઝેર દેખે છે એને. ભગવાનઆત્માના સમ્યગ્દર્શનના આનંદના સ્વાદ આગળ ભોગના રાગને રોગ સમાન જાણે છે. આહાહા..! આવી ધર્મની વાતું છે. સમજાણું કાંઈ?

'**રોગનો ઉપસર્ગ થતો હોય; તેથી કર્મનો બંધ નથી,...**' એમ. કર્મબંધ નથી કેમ? સમ્યગ્દષ્ટિને ભોગના ભાવમાં બંધ નથી. કેમ? કે એને કાળો નાગ અને રોગ દેખે છે. એથી એને એનું બંધન છે નહિ. આહાહા..! દુઃખ દેખે છે. ભોગના ભાવને દુઃખ દેખે છે. આનંદનો નાથ અંદર બિરાજે (છે), પ્રભુ! એનું જેને સ્વાદ અને ભાન થયું છે, એ ભોગના રાગને રોગ જેમ દેખે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કેવો આ તે! ઓલું તો એવું આવતું, ભાઈ! છકાયના જીવની દયા પાળવી. આ દયા પાળવી, તારી દયા પાળવી એની અહીં વાત છે. આહાહા..! તું જેવડો છો તેવડો માનવો એ તારી દયા પાળી કહેવાય. અને એવડો ન માનતા રાગ અને પુણ્યવાળો માનવો તેમાં આત્માની હિંસા કરી એણે. આહાહા..! સમજાણું કાંઈ?

સ્વદયા. એટલે? જે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિના સ્વભાવનો સાગર પ્રભુ તેને તેટલો તે રીતે કબુલવો, જાણવો, અનુભવવો એનું નામ સ્વની દયા કહેવામાં આવે છે. આહાહા..! એને એ રીતે એટલો ન માનવો અને દયા-દાનના પરિણામ જેટલો એ આત્મા છે, હિંસાની મીઠાશના ભોગ જેટલો આત્મા છે, એક સમયની પર્યાય છે એટલો આત્મા છે, એમ માનવો એ જીવની હિંસા છે. પોતાના ભગવાનની હિંસા છે. આહાહા..! આવી વ્યાખ્યા કેવી હશે? જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ પરમાત્માનો આ હુકમ છે. એ દુનિયા માને, ન માને એથી કાંઈ વસ્તુ ફરી ન જાય. આહાહા..!

મુમુક્ષુ :- દુનિયા માને એમ કરો ને.

ઉત્તર :- આ માને એની વાત તો ચાલે છે. પણ એને માનવું, ન માનવું તો એને છે કે નહિ? જેને પરમાં મીઠાશ વર્તે એ આ માને શી રીતે? દેખી નથી ચીજ એને માનવી શી રીતે?

અહીંયાં તો સમ્યગ્દર્શન અને જ્ઞાનમાં એ વસ્તુ દેખીને, જાણીને અનુભવી છે. આહાહા..! સમજાણું કાંઈ? એની આગળ આ ભોગનો રાગ આવે એ ઝેરીલો નાગ જેમ આકરો દેખે એમ દેખે એ તો. આહાહા..! આનાથી કેમ છૂટવું જટ? અજ્ઞાનીને એની મીઠાશના પ્રેમના પ્રવાહમાં દોરાઈ જાય છે અંદર. વસ્તુ પડી રહે છે અંદર. સમજાણું કાંઈ? આવું છે. વળી સમજાણું કાંઈ? કાંઈક સમજાણું? એમ. સમજાય જાય એ તો જુદી વાત, પણ શું કહેવા માગે છે એ પદ્ધતિ એને સમજાય છે? આહાહા..!

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમાત્માની આ આજ્ઞા છે. સમ્યગ્દષ્ટિ જીવને ભોગથી કર્મનો બંધ નથી. કેમ નથી ? કે તેને એ રાગ ને દુઃખ લાગે છે એને. આહાહા..! અરે..! મારો નાથ

આનંદસ્વરૂપ પ્રભુ, એમાં આનંદનો માનનારો, એ રાગના ભોગને દુઃખ માને છે, રોગ માને છે. રોગ આવ્યો, આ રોગ આવ્યો. આહાહા..!

મુમુક્ષુ :- રોગ ન સમજે એને બંધ ખરો?

ઉત્તર :- રોગ સમજે છે એને બંધ નથી. પણ રોગ ન સમજતા આ મને પ્રેમવાળી ચીજ છે એને મિથ્યાત્વનો અને અનંતાનુબંધીનો બંધ છે. આહાહા..! એને મિથ્યાત્વનો બંધ છે. મિથ્યાત્વ એટલે અનંત સંસારનું કારણ. જેને રાગની મીઠાશ વર્તે છે, ચાહે તો પાપના રાગની કે પુણ્યના રાગની, જેને મીઠાશ વર્તે છે એ સ્વભાવનો અનાદર કરનારો મિથ્યાત્વ સેવે છે. આહાહા..! અને ધર્મીને પુણ્ય પરિણામ તો જુદી વાત પણ આવા આસક્તિના ભાવ આવ્યા ભોગના, એને એ રોગ ને દુઃખદાયક જાણે છે. કેમકે પોતાનું સ્વરૂપ આનંદ છે એવું જાણ્યું છે એ આનંદની સાથે મેળવે છે તો એને દુઃખ લાગે છે. આહાહા..! આવું છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભાઈ! આહાહા..! અરે..! દુનિયાએ વીંખી નાખ્યો છે, પીંખી નાખ્યો. માર્ગને કંઈ ઊંધા રૂપ આપી દીધા. અરે..! પ્રભુ જિંદગી જાય છે.

કહે છે, '**સમ્યગ્દષ્ટિને વિષય ભોગવતાં કર્મનો બંધ નથી; ત્યાં કારણ એમ છે કે સમ્યગ્દષ્ટિના પરિણામ ઘણા જ લૂખા છે,...**' વીતરાગભાવ-સમ્યગ્દર્શન જેને પ્રગટ્યો છે.. આહાહા..! એથી રાગ આવે તેમાં તેની રુચિ નથી. ભોગના રાગના ભાવની તેને રુચિ નથી. અંતરમાં એ પોષાતું નથી, પણ આવે છે એથી એને બંધ થતો નથી. પોષાણ નથી, રુચિ નથી માટે. અને તે બંધ નથી. ક્યો? મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો એને બંધ નથી. આસક્તિ છે એટલો ચારિત્રમોહનો બંધ છે. પણ એને અહીંયાં ગૌણ ગણીને મુખ્ય મિથ્યાત્વનો બંધ નથી એથી એને ભોગમાં નિર્જરા છે એમ કહેવામાં આવે છે. બાકી ભોગમાં નિર્જરા હોય તો ભોગ છોડીને અંદર ચારિત્ર અંગીકાર કરવું એ રહેતું નથી. આહાહા..! કઈ અપેક્ષાએ કહે છે? એને અંદર પરિણામ લૂખા છે. અને રોગ સમાન ભોગને ભાળે છે. આહાહા..!

'**તેથી કર્મનો બંધ નથી, એમ જ છે.**' જોયું! એમ જ છે. '**જે કોઈ મિથ્યાદષ્ટિ જીવ પાંચ ઈન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે...**' જોયું! હવે પાંચ ઈન્દ્રિય વિષય તરફ આબરૂને સાંભળીને રાજી થાય, આંખે સુંદર રૂપ દેખીને રાજી થાય, સુગંધ દેખીને રાજી થાય, રસ દેખીને રાજી થાય, ભોગનો સ્પર્શ દેખીને રાજી થાય. એ મિથ્યાદષ્ટિ પાંચ ઈન્દ્રિયના વિષયનો લોલુપી... આહાહા..! એને અણીન્દ્રિયનો નાથ ભગવાન તેનો અનાદર કરીને... આહાહા..! છે? '**પાંચ ઈન્દ્રિયોના વિષયના સુખને ભોગવે છે...**' એ સુખને માને છે. પાંચ ઈન્દ્રિયના વિષયમાં અજ્ઞાની સુખ માને છે. આહાહા..! સુંદર રૂપાળું શરીર યુવાન અવસ્થા, ૨૫-૩૦ વર્ષની ઉંમર હોય યુવાન. બાયડી પણ યુવાન હોય... આહાહા..! અને એમાં ભોગમાં મીઠાશ માને છે એ મૂઢ જીવ અનંત સંસારના બંધનને કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. આહાહા..!

'**તેઓ પરિણામોથી ચીકણા છે,...**' ઓલામાં લીધું હતું ને? કે લૂખા છે. તો અહીંયાં પરિણામ ચીકણા છે. આહાહા..! એને એક પણ પાંચ ઈન્દ્રિયનો વિષય રાજીપો, ખુશીપણું

ઉત્પન્ન થયા વિના રહેતું નથી. આહાહા..! રાજી-રાજી થઈ જાય છે એ. મને પૈસા મળ્યા, મને ભોગ મળ્યો, મને આબરૂ મળી, મારી પ્રશંસા થઈ. એમ પરપદાર્થમાં એને ખુશીપણું થઈ જાય છે. એથી એ અનંત સંસારના કર્મને બાંધે છે. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં એમ આવે છે કે સમ્યગ્દૃષ્ટિ પોતાની આબરૂ વધારવા માટે ઘણા પ્રયત્નો કરે છે.

ઉત્તર :- એ તો અસ્થિરતાની વાત છે. અસ્થિરતાનો ભાગ આવે પણ રસ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લૂખું ભોજન કરે ઈ ક્યાં રાજી થાય?

ઉત્તર :- લૂખું ભોજન કરે પણ રાગ છે ને અંદર. ખાવાના ભાવમાં રાગ છે અને તેમાં મને મજા પડે છે એમ માને છે. ભલે લૂખું ખાય. ધર્મનો ત્યાગી છે અને રાગનો ભોગી છે. આહાહા..! અને સમ્યગ્દૃષ્ટિ 'ભરત' ચક્રવર્તી જેને આહારમાં બત્રીસ કોળિયાનો આહાર. એમાં એક કોળિયો એવો હોય છે કે છન્નું કરોડ પાયદળ પચવી ન શકે. એવી એનામાં ભસ્મ હોય છે. હીરાની ભસ્મ, લોઢાની ભસ્મ, ત્રાંબાની ભસ્મ, મણિરત્નની ભસ્મ. જેની દાસી એવી હોય છે, દાસી! કે હીરો હાથમાં હીરો લઈને (ચોળે હાથથી) આમ કરે ત્યાં ભૂકો થઈ જાય. એની ભસ્મને રોટલીના લોટમાં નાખે. અને એ રોટલી ખાય એ બત્રીસ કોળિયાનો આહાર ને એનો એક કોળિયો છન્નું કરોડ (પાયદળ) ન પચવી શકે. એક પચવે છતાં એ ભોગનો ભોગી નથી. એમાં સુખબુદ્ધિ નથી. આહાહા..! શું કહ્યું?

મુમુક્ષુ :- એ વખતે એવી શક્તિ..

ઉત્તર :- ધૂળમાં શક્તો નથી. શક્તિ તો ઘણી... તમારી પાસે નથી બધી ભસ્મ? ભસ્મ ઘણી કરેલી છે ઘરે. હીરાની. શેઠ આપણે બધું રાખે છે. થોડો નમૂનો લઈ આવ્યા નહોતા અહીં? ઓલા ડોક્ટરે કહ્યું ત્યારે આવ્યો હતો ને તમારે ત્યાં? 'સુકંદરા' એ ધૂળમાં... આહાહા..! અજ્ઞાનીને તેમાં રસ આવે છે. જ્ઞાનીને તેમાં દુઃખ લાગે છે. આટલો મોટો ફેર છે. આહાહા..! હવે જેની દૃષ્ટિમાં ફેર આખો. આહાહા..!

'**મિથ્યાત્વભાવના એવા જ પરિણામ છે,...**' છે? ચીકણા પરિણામ અજ્ઞાનીના છે. ભલે ખાખરો એકલો ખાતો હોય. પણ ખાતા એને મીઠાશ અંદર રાગની મીઠાશ છે. આહાહા..!

મુમુક્ષુ :- લૂખું ખાય છે.

ઉત્તર :- ચીકણા રાગને ખાય છે. આવી વાતું છે.

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી.' સર્વજ્ઞનો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ, એનો 'ધર્મ સુશર્ણ જાણી આરાધ્ય આરાધ્ય પ્રભાવ જાણી. અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ બાહ્ય ન સ્હાશે.' ભાઈ! આહાહા..! ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ સર્વજ્ઞનું આ ફરમાન છે. મિથ્યાદૃષ્ટિ ભોગમાં રાજીપાથી ખુશીથી ભોગવે છે તેથી તેને કર્મબંધન છે. આહાહા..! અને જ્ઞાની આવા બત્રીસ કવળ (ખાય), જેનો એક કવળ છન્નું કરોડ (પાયદળ) ન પચવી શકે એવા બત્રીસ કોળિયાનો દરરોજનો આહાર. અને જેને ૩૬૦ રસોયા, એને ૩૬૦ રસોયાને,

એક રસોયાને ૩૬૦માં એક દિ' રાંધવાનું કહેવામાં આવે. રાંધે તો રસોયા. પણ એના અધિપતિ. ૩૬૦ દિ' સુધી. એક દિ' રસોય કરવી હોય એની બધી તૈયારી ૩૬૦ દિ' કરે. એવા એવા ૩૬૦ તો રસોયાના અમલદાર હોય. એ અમલદારને એકવાર હુકમ કરવામાં આવે કે આજે મહારાજ માટે આ કરજો. આહાહા..! અને એ ચીજ તે પણ કેવી! આહાહા..! એને કાંઈ પ્રેમ નથી. આવે છે ઓલામાં. હીરાની ભસ્મ નાખેલા શીરા આવે, લાડવા આવે. એ બધા પુદ્ગલ, માટી, જડ છે. અને એના પ્રત્યેનો ઉત્પન્ન થયેલો રાગ ઝેર છે, દુઃખ છે. ક્યાંય એને ગોઠતું નથી ત્યાં. આહાહા..! એ ધર્મીને એવા રાગમાં ક્યાંય ગોઠતું નથી. અને અજ્ઞાનીને એ રાગના ગોઠિયામાં ગોઠિયો-ગોઠિયો ગોઠવાય ગયો. આહાહા..! હવે આના આંતરા કોણ જાણે? સમજાણું કાંઈ?

**'એવા જ પરિણામ છે, સહારો કોનો છે?'** એમાં બીજી જરૂરિયાત અને મદદ કોની? અજ્ઞાનીને વિષયમાં પ્રેમ છે, રાગ છે, સુખબુદ્ધિ છે અને સમકિતીને રાગમાં સુખબુદ્ધિ નથી, ઝેર બુદ્ધિ દેખે છે. આ રીતે બેમાં તફાવત અંદર પરિણામમાં છે. એમાં સહારો કોનો? આહાહા..! સમજાણું કાંઈ? છે? **'ત્યાં તે જીવો એવું માને છે કે 'અમે પણ સમ્યગ્દષ્ટિ છીએ,...'** અમે પણ લૂખા ખાઈએ છીએ, અમે ધર્મી છીએ. આહાહા..! અમારે પણ વિષયસુખ ભોગવતા કર્મનો બંધ નથી. એમ એ અજ્ઞાની માને છે. અમે પણ ધર્મને માનનારા છીએ, વીતરાગને માનીએ છીએ અને અમને ભોગમાં અમારે બંધ નથી. દૃષ્ટિમાં મિથ્યાત્વ છે છતાં એ એમ માને છે કે ભોગ ભોગવતા અમને ધર્મ છે, નિર્જરા છે. આહાહા..!

**'અમે પણ સમ્યગ્દષ્ટિ છીએ, અમારે પણ વિષયસુખ ભોગવતાં કર્મનો બંધ નથી; પરંતુ તે જીવો ભ્રાન્તિમાં પડ્યા છે,...'** આહાહા..! જેને પાંચ ઇન્દ્રિયના વિષયો એટલે શબ્દો-પ્રશંસાના, રૂપ-આંખનું સુંદર રૂપ દેખવામાં, સુગંધ, રસ-મીઠાશ, લાડવા ને રસગુલ્લા, મેસુબ અને સ્ત્રીના ભોગનો સ્પર્શ, એ પાંચેય ઇન્દ્રિયના વિષયોમાં અજ્ઞાની એમ કહે છે કે અમને તો એ ભોગ નિર્જરાનું કારણ છે. અમારે બંધ નથી. એ મૂઢ જીવ છે. મીઠાશ છે અને બંધ નથી એમ કહે છે. આહાહા..! એમાં સુખબુદ્ધિ પડી છે અને એમ કહે છે કે અમને બંધ નથી. એમ ન ચાલે, બાપા! આ કાંઈ પોપાબાઈનું રાજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'તેમને કર્મનો બંધ અવશ્ય છે, તેથી તે જીવો મિથ્યાદષ્ટિ અવશ્ય છે.'** આહાહા..! કેમ? **'મિથ્યાત્વભાવ વિના કર્મની સામગ્રીમાં પ્રીતિ ઊપજતી નથી એમ કહે છે-'** ભાષા આ. આત્મા સિવાય જેટલા પુણ્ય-પાપના ભાવ અને શરીર મળે, પૈસા ધૂળ આદિ આ સામગ્રી, એ બધી પુદ્ગલ-જડની સામગ્રી, એમાં જેને પ્રેમ છે એ મિથ્યાત્વ વિના પ્રેમ હોઈ શકે નહિ. આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ, એનો પ્રેમ છોડી અને એ કર્મની સામગ્રીમાં જેને પ્રેમ ચોંટ્યો છે, એ મિથ્યાદૃષ્ટિ જીવ ભોગ કદાચિત્ ન ભોગવે તોપણ એને બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું કેવી પણ! માર્ગ તો આવો છે, ભાઈ! આહાહા..! અનંત કાળ એણે મૂઢપણે ગાળ્યો. અનંત અવતાર કરીને, બાપા! એ માણસ થઈને મરીને જાય ઢોરમાં. અને ઢોર મરીને નરકમાં જાય. આહાહા..! ભાઈ! એવા અવતાર તેં અનંત કર્યા છે. ભાઈ! ભૂલી ગયો. એ મિથ્યાત્વને લઈને. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં મીઠાશ તને લાગી.

જેમાં ઝેર છે, દુઃખ છે એમાં તને મીઠાશ લાગી, ભાઈ! તેં આત્માને મારી નાખ્યો. અતીન્દ્રિય આનંદના નાથનો તેં અનાદર કર્યો અને પાંચ ઈન્દ્રિયના વિષયમાં સુખપણું માન્યું એ જ મિથ્યાત્વભાવ મહા જૂઠો ભાવ સંસારમાં રખડવાનું કારણ છે. આહાહા..! છે?

**'મિથ્યાત્વભાવ વિના કર્મની સામગ્રીમાં...'** એ કર્મની સામગ્રી આવી ગઈ છે. એ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ બધી કર્મની સામગ્રી છે. એ દુશ્મન-વેરીની સામગ્રી છે. આહાહા..! એના પ્રત્યે જેને પ્રેમ છે તેને આનંદનો નાથ ભગવાનઆત્મા પ્રત્યે અપ્રેમ-દ્વેષ છે. આહાહા..! જે કાંઈ શુભ-અશુભરાગ અને તેના ફળને પડખે ચડીને પ્રેમી છે, એને આનંદનો નાથ પ્રભુ સચ્ચિદાનંદ આત્મા, તેનો તેને દ્વેષ છે. આહાહા..! અરે..! આવી વ્યાખ્યા કેવી! બાપુ! કાંઈક અપૂર્વ વાત રહી જાય છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

**'ते रागिणः अद्यापि पापाः' 'ते' 'મિથ્યાદૃષ્ટિ જીવરાશિ...' 'रागिणः' 'શરીર-પંચેન્દ્રિયના ભોગસુખમાં અવશ્ય રંજિત છે,...'** જોયું! એમાં સુખબુદ્ધિ છે એને. આહાહા..! રાગના રંગમાં રંગાઈ ગયો છે આહાહા..! રંજિત કીધું ને, રંજિત? આહાહા..! અહીં તો આગળ કહેશે કે પંચમહાવ્રત પાળે, સમિતિ પાળે ભલે. એ શબ્દ કહેશે પાછળ, જુઓ! **'समितिपरतां'** છે ને? પાંચ સમિતિ પાળતો હોય. જોઈને ચાલે, વિચારીને. પણ અંદરમાં રાગના પ્રેમમાં પડ્યો છે, એ ભલે પુણ્યનો રાગ છે પણ એ પુદ્‌ગલનો ભાગ છે એમાં જેને પ્રેમ અને રુચિ છે, એ મહાવ્રત અને પાંચ સમિતિ પાળવા છતાં મિથ્યાદૃષ્ટિ પાપી છે. આહાહા..! આવી વાતું છે. અને સમ્યગ્દૃષ્ટિ જીવ છ ખંડના રાજમાં પડ્યો દેખાય... આહાહા..! છતાં તેને રાગમાં પ્રેમ અને સુખબુદ્ધિ ઊડી ગઈ છે. મારો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન છે, એના પ્રેમના રસના સ્વાદ આગળ બધામાંથી સ્વાદ જેને ઊઠી ગયો છે. એને કર્મબંધન નથી, તીવ્ર બંધન નથી એને. સમજાણું કાંઈ? અને આને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું મહાપાપનું બંધન છે. કર્મની સામગ્રી પ્રત્યે પ્રેમ છે અને આત્માની સામગ્રી પ્રત્યે તેને દ્વેષ છે. અંતર આનંદ અને જ્ઞાનનો સાગર ભગવાન, એના પ્રત્યે તેને અરુચિ છે અને રાગની એને રુચિ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે.

બાપુ! મારગડા વીતરાગના (કોઈ જુદા છે). પ્રભુ! તું વીતરાગસ્વરૂપ છો, ભાઈ! એનો માર્ગ એમાં જવાનો અને ઠરવાનો કોઈ અલૌકિક છે. આહાહા..! એ બહારના કોઈ કારણે, સાધને ત્યાં જવાય અંદર... આહાહા..! એટલે કે રાગની મંદતાના સાધનથી અંદરમાં જવાય એવો તું છો નહિ. આહાહા..! એ કહેશે આગળ. પંચમહાવ્રત પાળે, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, જાવજીવ શિયળ પાળે બ્રહ્મચર્ય, પણ અંદરમાં રાગ જે ભાવ આવે છે તેનો એને પ્રેમ છે. ચાહે તો દયા, દાન, વ્રતનો રાગ છે પણ એનો જેને પ્રેમ છે તે મિથ્યાદૃષ્ટિ રાગમાં સુખ માને છે. આહાહા..! ગજબ વાત કરી છે ને! એ પંચમહાવ્રતાદિ રાગ છે તેને સાધન માને છે. મારા સુખનું એ સાધન છે. આહાહા..! આકરી વાત પડે તેથી શું કરે? મારો ધર્મ જે વીતરાગસ્વભાવ એમાં એ વ્રત અને તપનો જે ભાવ રાગ એ સાધન છે. એનાથી સાધ્ય પ્રગટશે. એવો મિથ્યાદૃષ્ટિ પંચમહાવ્રત અને પાંચ સમિતિમાં તત્પર રહેલો હોય છતાં તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ !)

## આસો વદ ૬, બુધવાર, તા.૨-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૭, પ્રવચન - ૧૩૮

'કળશટીકા' ૧૩૭ કળશ છે. અહીંયાં વચ્ચે આવ્યું છે. **'મિથ્યાત્વભાવ વિના કર્મની સામગ્રીમાં પ્રીતિ ઊપજતી નથી...'** છે? વચમાં છે. શું કહે છે? મુદ્દાની રકમ છે. જ્યાં મિથ્યાત્વભાવ ન હોય ત્યાં પરમાં પ્રીતિ ન હોય અને મિથ્યાત્વભાવ વિના પુણ્ય અને પાપના ભાવ-રાગ થાય, કે એનું બંધન અને એનું ફળ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ એ બધો પુદ્ગલનો વિસ્તાર છે. આહાહા..! એમાં જેની પ્રીતિ વર્તે છે. અંદર શુભરાગ, દયા, દાન, વ્રત, તપનો પણ શુભરાગ (થાય) એમાં જેની પ્રીતિ વર્તે છે, એ મિથ્યાત્વ વિના હોઈ શકે નહિ. આહાહા..! આવો માર્ગ છે.

જેને આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એ સિવાય શુભ-અશુભરાગ કે તેનું બંધન કે તેનું ફળ આ બાહ્ય, એ કોઈપણ ચીજમાં એને પ્રેમ છે, એ કર્મસામગ્રીમાં પ્રેમ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નથી, એને જૈનની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ અંદર?

મુમુક્ષુ :- ચોખ્ખું સમજાણું નથી.

ઉત્તર :- કહ્યું ને આ. હજી વિસ્તાર આવે છે. આ તો એનું... મિથ્યાત્વ વિના એટલે કે વિપરીત શ્રદ્ધા વિના એટલે કે અનંત સંસારનું કારણ વિપરીત માન્યતા, એ વિના પરપદાર્થમાં પ્રીતિ સંભવે નહિ.

મુમુક્ષુ :- પરપદાર્થમાં...

ઉત્તર :- રાગ-રાગ. રાગની રુચિ. અંદર દયા, દાન, વ્રત, તપ, અપવાસાદિનો જે વિકલ્પ-રાગ ઉઠ્યો છે, એ રાગની જેને રુચિ છે, રાગ જેને પોષાય છે એ મિથ્યાદૃષ્ટિપણા વિના હોઈ શકે નહિ. કહો, 'શાંતિભાઈ'!

મુમુક્ષુ :- રાગ તો ધર્મીને પણ હોય છે.

ઉત્તર :- હોય છે. પ્રીતિ નથી એને. રાગને જ્ઞાની-ધર્મી જ્ઞેય, પર તરીકે-જ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! આવી વાત છે. ક્યાં બિચારા અનંતકાળમાં... એ ભલે મહિના-બબ્બે મહિનાના અપવાસ કરતા હોય કે જાવજીવનું બ્રહ્મચર્ય વ્રત પાળતા હોય એ બધો ભાવ શુભરાગ છે. અને એ રાગમાં જેનો પ્રેમ છે તેને આત્માના સ્વભાવ પ્રત્યેનો દ્વેષ છે. તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાત. છે કે નહિ આમાં? પહેલું આવી ગયું છે, નહિ? એના પહેલા.

**'શુદ્ધ ચૈતન્યમાત્ર મારું સ્વરૂપ છે, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મનો વિસ્તાર પરાયો-પુદ્ગલદ્રવ્યનો છે,...'** એ ૧૩૬-કળશમાં આવી ગયું છે. આહાહા..! એ શુભ અને અશુભભાવ, કે એના ફળ તરીકે આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ આદિ મળવું, એ

બધો પુદ્ગલ જડનો વિસ્તાર છે, એ પુદ્ગલ જડની સામગ્રી છે. આહાહા..! આવી વાત!

મુમુક્ષુ :- દીકરા-દીકરીઓને જડ માનવા?

ઉત્તર :- એ પુદ્ગલનો સ્વભાવ છે કે એની સામગ્રી મળી. એમાં ખરેખર આ જીવપણું એમાં નથી. એથી ખરેખર આ અપેક્ષાએ તો એ બધા જડ જ છે. દીકરો મારો છે, એવો જે ભાવ, તે મહા અનંત સંસારનું કારણ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- કોનો દીકરો?

ઉત્તર :- બીજા કોનો? કોઈનો હોય નહિ. આત્મા આત્માનો, શરીર શરીરનું. શેઠ! આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે કે મિથ્યાશ્રદ્ધા-અનંત સંસારનું કારણ એવો જે મિથ્યાત્વભાવ, એ વિના પરપદાર્થમાં પ્રીતિ સંભવે નહિ. આહાહા..! આ તો સાદી ભાષા છે. આહાહા..!

મુમુક્ષુ :- ભાવ તો બહુ ઊંડા છે.

ઉત્તર :- ભાવ ઊંડા છે પણ ભાષા સહેલી છે. એક શબ્દનો આવો અર્થ છે અને હજી વિસ્તાર કરશે. તમારી સામે પુસ્તક પડ્યું છે કે નહિ?

મુમુક્ષુ :- અહીં છપાણા છે.

ઉત્તર :- છપાણું અહીં કે ગમે ત્યાં છપાય. ચીજ કોની છે? સંતોએ કહેલી (ચીજ છે). અને 'રાજમલ' ધર્મી, જૈનધર્મના પ્રેમી એણે કરેલો અર્થ, એ પાઠમાં છે તેનો અર્થ છે. સમજાય છે કાંઈ?

જુઓ! પાઠમાં શું છે? '**रागिणोऽप्याचरन्तु। आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**' એ મૂળ પાઠમાં છે. '**रागिणोऽप्याचरन्तु**' પંચમહાવ્રત પાળે, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર પાળે. '**रागिणोऽप्याचरन्तु आलम्बन्तां समितिपरतां**' સમિતિ-ગુપ્તિનું આલંબન લે, પંચમહાવ્રત પાળે '**यतोऽद्यापि पापा**' તોપણ તે પાપી છે. આહાહા..! મૂળ શ્લોકમાં છે. ન્યાં બીડીમાં અને વાંચવામાં નહિ મળે ત્યાં. શેઠને ઠપકો આપીએ છીએ. આજે જવાના છે.

મુમુક્ષુ :- હવે તો છોડી દીધું છે.

ઉત્તર :- એ ત્યાં બધું સંભાળે ધ્યાન રાખીને. ઓલા છોકરા-બોકરા કરે પણ બધું પૂછી લે. આહાહા..! આ તો બધાને છે ને. એની શું (વાત છે). આ તો દાખલો મોઢા આગળ બેઠા એટલે (આપીએ છીએ). આખી દુનિયા કરી રહી છે. આહાહા..!

પ્રભુ! તું કોણ છો? તું તો ચૈતન્યસ્વરૂપ વીતરાગમૂર્તિ આત્મા (છો). એ આત્મા પોતાના સ્વરૂપની રુચિ, અનુભવ છોડી દઈને અંદરમાં દયા, દાન, મહાવ્રત અને સમિતિનો રાગ થાય, એ રાગનો રાગ જેને રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને જૈનધર્મની ખબર નથી. આહાહા..! છે નહિ બધું અંદર? 'હીરાલાલજી'! અંદર છે અંદર? એય..! 'વસંતીલાલજી'! છે? શું કહ્યું? જુઓ! મિથ્યાત્વભાવ વિના...આહાહા..! અરે..રે..! જિંદગી એમ ને એમ ઢોરની પેઠે ચાલી જાય છે.

અહીં પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ, એમની દિવ્યધ્વનિમાં આવ્યું એ સંતોએ

જગત પાસે જાહેર કર્યું. દિગંબર સંતોએ જાહેર કર્યું, ભાઈ! પરમાત્મા જિનેશ્વરદેવ ઈન્દ્રો અને ગણધરોની સભાની મધ્યમાં પ્રભુ આમ કહેતા હતા. આહાહા..! છે? કે જેને દયા, દાન, વ્રત, અપવાસનો વિકલ્પ-રાગ ઊઠે, એ તો રાગ છે, એ રાગની જેને રુચિ છે-એ મને લાભ કરશે અને એ મારી ચીજ છે, એ માન્યતાને મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વભાવ કહે છે કે જે મિથ્યાત્વભાવ ચોર્યાસી લાખ યોનીના અનંત અવતારનું કારણ છે, ભાઈ! આહાહા..! અરે..રે..! ક્યાં એણે જોયું છે એને. ક્યાં એણે જાણ્યું અને શું જોયું? કાંઈ ખબર ન મળે. આહાહા..!

પ્રભુ! તું અંદર આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છો ને. આખા જગત જ્ઞેયને જાણનાર-દેખનાર તું છો ને. એને ઠેકાણે પરજ્ઞેય જે દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ ઊઠે એ પણ પરજ્ઞેય છે. એને પ્રેમથી તું આદર (કે) એ રાગ મારો છે. એ રાગની રુચિ છે, એ મિથ્યાદષ્ટિ છે. આહાહા..! છે? શેઠ! છે કે નહિ? આ તમારું છેલ્લું ભાતું આવે છે. શેઠ જાય છે ને હવે. આવો માર્ગ પ્રભુ છે.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર અકષાય કરુણાથી.. એને વિકલ્પ છે નહિ, વાણીનો ધ્વનિ ઊઠે છે. એ વાણીમાં એમ આવ્યું 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ભગવાનના શ્રીમુખે ૐનો ધ્વનિ નીકળ્યો ત્રિલોકનાથને. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે.' ગણ એટલે સંતોના ટોળાના ધરનારા એ ગણધરો વીતરાગની વાણીને સાંભળે. 'રચી આગમ ઉપદેશે...' એમાંથી ગણધરો, સંતો આગમ-શાસ્ત્ર રચે છે. 'રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' પ્રાણી, પવિત્ર યોગ્ય જીવ હોય તે સંશયને નિવારે. સંશય એટલે મિથ્યાત્વ. અજ્ઞાની જૈનની સભામાં અનંતવાર ગયો, જૈન પરમેશ્વરના સમવસરણમાં મહાવિદેહમાં અનંતવાર ઊપજ્યો આ. સમવસરણમાં અનંતવાર ગયો, અનંતવાર સાંભળ્યું. આહાહા..! પણ ત્યાં એ કેવળી આગળ રહી ગયો કોરો. લુખ્ખો રહી ગયો. આહાહા..! કેમકે એણે પોતાના આનંદ અને જ્ઞાન સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એવો જે દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ, તેનો પ્રેમ અને રુચિ એણે છોડી નહિ. આહાહા..! આવું છે, ભાઈ! અરે..! વીતરાગના માર્ગના નાદને કોણ સાંભળશે? આવું સ્વરૂપ છે, પ્રભુ! આહાહા..!

એક મહાવ્રતનો કે અપવાસનો, મહિનાના અપવાસ કરું એ વિકલ્પ છે, રાગ છે. કાંઈ ધર્મ નથી એને થતો. એ રાગની જેને રુચિ છે કે મને રાગ પોષાય છે, એ જીવ મિથ્યાદષ્ટિ વિના રાગનું પોષણ અને રુચિ હોઈ શકે નહિ. અરેરે..! એણે કર્યું શું? ઢોરની જેમ જિંદગી ગાળી અને એમ ને એમ મરીને ઢોરમાં જવાના પાછા. આહાહા..! આવા સંસ્કાર પણ જેને અંદર નથી,.. આહાહા..! કે હું એક આત્મા અનંત જ્ઞાન ને અનંત આનંદના સ્વભાવથી ભરેલો ભગવાન છું. ભગવત્ સ્વરૂપ છું, હું ભગવાન છું. પૂર્ણ છું, કૃતકૃત્ય છું. આહાહા..! એવા આત્માનો અનુભવ અને દૃષ્ટિ કર્યા વિના... આહાહા..! દીકરા, દીકરીયું, બાયડી, છોકરા તો ક્યાંય જુદા રહી ગયા. એ કર્મનું ફળ પુદ્ગલનો વિસ્તાર છે. પણ અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એ ભાવ પણ પુદ્ગલની જડની સામગ્રી છે. એ ચૈતન્યના ઘરની સામગ્રી નહિ. આહાહા..! પુણ્યના ફળ અને પુણ્ય બેયનો જેને અંદરમાં પ્રેમ

છે, વીતરાગ એમ કહે છે કે તું મિથ્યાદષ્ટિ છો, તારી દૃષ્ટિ જૂઠી છે. સત્યથી તારી માન્યતા તદ્દન વિરોધ છે. સત્યને ખૂન કરનારી તારી માન્યતા છે. આહાહા..!

મુમુક્ષુ :- ગૃહસ્થ પૂજા ભક્તિ કરી શકે, બીજું શું કરે?

ઉત્તર :- કોણ કરતું હતું પૂજા-ભક્તો? રાગ કરે. પરની ક્રિયા સ્વાહા (થાય), એ ક્રિયા તો જડની છે.

મુમુક્ષુ :- આમાં તો લખ્યું છે-'**पापा**'.

ઉત્તર :- લ્યો! 'મિત્રસેનજી' કહે છે કે આમાં તો પાપી લખ્યું છે. એમ કહે છે. વાત સાચી, ભાઈ! છે? એ મૂળ તો બીજા પદનો છેલ્લો શબ્દ છે ને? '**रागिणोऽप्याचरन्तु। आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**' આહાહા..! એ પંચમહાવ્રત પાળે અને પાંચ સમિતિ, ગુપ્તિ પાળે... એ આવશે હમણા, તોપણ એ રાગના પ્રેમી છે. એ કર્તવ્ય મારું છે, રાગ કર્તવ્ય (છે)... આહાહા..! આટલું (કરતો) હોવા છતાં તે પાપી છે. શુભભાવ આટલો હોવા છતાં એ પાપી પ્રાણી છે. કેમકે એણે અનંત આનંદનો નાથ પ્રભુ, એનો એણે અનાદર કર્યો અને એનાથી વિરૂદ્ધ રાગનો વિભાવભાવ-દયા, દાન, વ્રત, ભક્તિનો, એનો તેણે આદર કર્યો, એ મિથ્યાત્વ વિના એ હોઈ શકે નહિ. આહાહા..! ગજબ વાત છે. છે ને? શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યભાવ આદરણીય નથી.

ઉત્તર :- સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. વિકાર ભાવ, દયા, દાન, વ્રત,તપ, ભક્તિ એ તો રાગનો ભાવ વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઊઠે છે એ તો રાગ છે. રાગનો પ્રેમ જેને છે એની દૃષ્ટિ પર્યાયબુદ્ધિ છે. એની દૃષ્ટિમાં રાગ જ રુચે છે. આહાહા..! એટલે સુધી આવ્યો. સંસારના પાપના ધંધા- આખો દિ' બાયડી, છોકરા, કુટુંબ, રળવું, કામ એ તો એકલું પાપ, પાપ ને પાપ. એમાં તો પુણ્ય પણ નથી. આહાહા..! પણ અહીં તો આવા પુણ્યમાં આવ્યો છે, એમ કહે છે. મહાવ્રત અને પાંચ સમિતિ-ગુપ્તિ બરાબર ચોખ્ખી પાળે-શુભરાગ, પણ એ બધો શુભવિકલ્પ વૃત્તિ રાગ છે. અને એ રાગની જેને રુચિ છે, એ રાગ જેને પોષાય છે એ મિથ્યાદૃષ્ટિ વિના એ વાત હોઈ શકે નહિ. આહાહા..! ગજબ વાત છે! '**यतोऽद्यापि पापा**' હજી આગળ આવશે.

અહીં તો એક કોર રામ અને એક કોર ગામ. એક કોર પ્રભુઆત્મા, અનંત અનંત બેહદ જ્ઞાન અને આનંદનો ભંડાર પ્રભુ. આહાહા..! એવા આત્મરામ સિવાય જેટલા પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ (થાય) અને તેના ફળ તરીકે આ બાયડી, છોકરા, પૈસા, ધૂળ, દીકરા (હોય)... આહાહા..! એ બધો પુદ્ગલનો વિસ્તાર-એ બધું બીજું ગામ. એક કોર રામ અને એક કોર ગામ. એક ગામના કોઈપણ અંશમાં જેને પ્રેમ અને રુચિ છે (તે મિથ્યાદૃષ્ટિ છે). 'પુનાતર'! આવી વાતું છે. વીતરાગ માર્ગ બાપુ, અરેરે..! એણે કોઈ દિ' સાંભળ્યો નથી. એમ ને એમ જિંદગી ઢોરની જેમ ચાલી જશે અને પાછા જાશે ઢોરમાં, પશુમાં અવતરવાના. આહાહા..! નથી જેને આવા સંસ્કાર, નથી જેને આવા સંસ્કાર નાખીને શુભભાવ કરેલા... આહાહા..! સમજાણું કાંઈ? એને તો પશુની ગતિ છે. અને ત્યાંથી મરીને પાછા જાય નરક

અને નિગોદમાં ચાલ્યા જશે. આહાહા..! એ આ કોઈ સામગ્રી ત્યાં નહિ રહે, પ્રભુ! ઓહોહો..! શ્લોક!

આમાં પાટિયું ભર્યું છે ને ભાઈ ઓલામાં. 'સમયસાર'માં આમાં મોટું પાટિયું ભર્યું છે. બે પાટિયા ભર્યા છે. અર્થ ભર્યો છે. એમ કે જડની ક્રિયા જડથી થાય અને માને કે મારાથી થાય. રાગની ક્રિયા છે શુભભાવ એ બંધનું કારણ અને માને મારાથી. અશુભથી બંધ માને અને શુભથી ન માને. મોટું પાટિયું ભર્યું છે. 'સમયસાર'માં. આહાહા..! એ આમાંથી ભર્યું છે. બે બાજુ ભર્યું છે. અને શિષ્યે પ્રશ્ન પણ કર્યો છે કે આટલા મહાવ્રત પાળે, સમિતિ-ગુપ્તિ પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે, મહિના-મહિનાના અપવાસ કરે, છતાં તમે પાપી કેમ કહો? કેમકે એ તો શુભભાવ છે. એ બધો શુભ પુણ્યભાવ છે. અને તમે તેને પાપી કેમ કહો? તો કહે છે, સિદ્ધાંતમાં મિથ્યાત્વને જ મુખ્ય પાપ કહ્યું છે. અને એ મિથ્યાત્વપાપ એ પુણ્યના પરિણામનો રસ અને રુચિ છે એ જ મિથ્યાત્વ છે. માટે પંચમહાવ્રત અને પાંચ સમિતિ-ગુપ્તિ પાળે હજારો રાણીને છોડીને, દુકાનના ધંધા-બંધા છોડી બ્રહ્મચર્ય પાળે પણ તેને એ પંચમહાવ્રતના રાગનો પ્રેમ છે, એ પાપી છે. આહાહા..! એમાં આવશે, લાંબું છે હજી. આ તો હજી એનો ઉપોદ્ઘાત થાય છે. મથાળુ બાંધીને એનો પછી વિસ્તાર (કરશે). આહાહા..!

અરે..! આવી વીતરાગની વાણી એને સાંભળવા મળે નહિ, આહાહા..! એ કે દિ' દિશા ફેરવે અને કે દિ' દશા થાય? આહાહા..! અજ્ઞાનીની દિશા રાગની રુચિમાં પર તરફ છે. આહાહા..! ચાહે તો એ મહાવ્રતનો શુભરાગ હોય. એ દાનનો, દયાનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો, તપનો (રાગ હોય)... આહાહા..! ત્રિલોકનાથ વીતરાગ પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું વીતરાગસ્વરૂપ છો. એને છોડીને આવા રાગની રુચિ જો કરી, પ્રભુ! તારા જેવો કોઈ પાપી નથી. આહાહા..! પણ પાપી તો ભાઈ કસાઈખાના (ચલાવે), બોકડા કાપે, માંસ ખાય એ પાપી (કહેવાય). આને કેમ પાપી? પાઠમાં કહ્યું છે. '**रागिणोऽप्याचरन्तु आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा**' આહાહા..! કેમકે પાપ તો મિથ્યાત્વ એ મહાપાપ છે. મહાપાપ છે કે જેમાં અનંતા નિગોદના ભવ કરવાની તાકાત છે. અનંતા પશુના ભવ કરવાની મિથ્યાત્વમાં તાકાત છે. એ મિથ્યાત્વનું લક્ષણ... આહાહા..! નાનામાં નાનો પુણ્યનો રાગ આવે, એ રાગની રુચિ કરે અને એ રાગ તેને પોષાય, એ મિથ્યાદષ્ટિ જીવ... આહાહા..! એ ચોર્યાસી લાખ ભવાબ્ધિના દરિયામાં રખડવાનો અભિલાષી છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? ભાષા તો બહુ સાદી છે, બાપા! આહાહા..! અરેરે..! આવા અવસર ક્યારે મળે? અરે..! એમ ને એમ ગુમાવી નાખ્યા જગતે. ૫૦-૫૦,૬૦-૬૦, ૭૦-૮૦ થયા પણ કાંઈ કર્યું નહિ. તત્ત્વ શું વસ્તુ છે (એ ઓળખી નહિ). આહાહા..!

'**મિથ્યાત્વભાવ વિના...**' મિથ્યાત્વભાવ લીધો છે ને? '**કર્મની સામગ્રીમાં પ્રીતિ ઊપજતી નથી...**' એ બધી કર્મની સામગ્રી છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ વિકાર રાગ એ કર્મની સામગ્રી છે. આત્માની નહિ. આહાહા..! હજી ત્યાં આવ્યો નથી અને એકલા પાપના પરિણામમાં રુચિમાં પડ્યો એને તો મિથ્યાદષ્ટિને ગતિ પણ દુર્ગતિ છે. આહાહા..! આ તો પંચમહાવ્રત પાળે, સમિતિ-ગુપ્તિ પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે તો એના

ફળ તરીકે શુભ છે એટલે સ્વર્ગમાં જાશે, પણ છે મિથ્યાત્વદૃષ્ટિ તો અનંત સંસારમાં રખડશે. આહાહા..! અરેરે..! ક્યાં અવતરશે? કોઈ એનું દ્રવ્ય નથી, ક્ષેત્ર નથી, કાળ નથી, ભાવ નથી. એ બધું ભૂલીને ક્યાંય અવતરશે. આહાહા..! ત્યાં કોઈની સિફારિશ ચાલે એવું નથી. આહાહા..! નથી એમ કહે છે. છે?

મિથ્યાત્વ વિના '**પ્રીતિ ઊપજતી નથી એમ કહે છે...**' '**ते रागिणः अद्यापि पापाः**' છે? આહાહા..! '**ते**' '**મિથ્યાદૃષ્ટિ જીવરાશિ શરીર-પંચેન્દ્રિયના ભોગસુખમાં અવશ્ય રંજિત છે,...**' આહાહા..! શરીરની રુચિ છે, પાંચ ઇન્દ્રિય એટલે કે શબ્દ સાંભળવા એમાં પ્રેમ છે એને. એની પ્રશંસા સાંભળે કે તમે તો આવા ને આવા. આહાહા..! તો એમાં એને પ્રેમ છે. એ બધા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ ભવાબ્ધિમાં રજળનારા છે. પાંચ ઇન્દ્રિયના વિષયો. કાને પ્રશંસા સાંભળે, આંખે રૂપાળી સ્ત્રીને છોકરા દેખે, મકાન મોટા હજીરા પચાસ-પચાસ લાખના દેખે આંખે. કપડા અને દાગીના સારા દેખે, શરીર રૂપાળું દેખે. કહે છે, એ બધા પંચેન્દ્રિયના ભોગ, આહાહા..! શરીરના સ્પર્શના ભોગ. આહાહા..! રસના મેસુબના ભોગ, એ રાગના ભોગ એ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં... આહાહા..! ભોગસુખમાં જરૂર રાગી છે એ તો. આહાહા..! બહુ શ્લોક સરસ આવ્યો છે. આહા..! આવી વાતું છે. અરેરે..! અત્યારે સાંભળવી મુશ્કેલ પડી જાય. આહા..!

અહીં તો કહે છે કે બધા પાંચ મહાવ્રત ચોખ્ખા પાળે, સમિતિ, ગુપ્તિ ચોખ્ખી (હોય), એને માટે કરેલા આહાર-પાણી પ્રાણ જાય તોપણ ન લે, પણ છતાં એ શુભરાગ છે. અને એ રાગની રુચિ છે કે એનાથી મને લાભ થાશે, એ મિથ્યાદૃષ્ટિ જીવ છે, એ પાપી છે, એમ અહીંયાં કહ્યું છે. '**શરીર-પંચેન્દ્રિયના ભોગસુખમાં અવશ્ય રંજિત છે,...**' '**अद्यापि**' '**કરોડ ઉપાય જો કરે અનંત કાળ પર્યંત તોપણ પાપમય છે,...**' એ તો પાપી છે, કહે છે. આહાહા..! કરોડો ભવ અને કરોડો વર્ષમાં એ પાંચ મહાવ્રત પાળે, સમિતિ પાળે, રાજ, કુટુંબ છોડે, કરોડો ભવ સુધી કે કરોડો વર્ષ સુધી, પણ જેને રાગમાં રુચિ છે તે પાપી પ્રાણી છે. આહાહા..! કહો, 'શાંતિભાઈ'! આવું ક્યાં સાંભળ્યું છે? આહાહા..!

આ ધૂળ-માટી એ કો'કની ચીજ-જગતની. જે રજકણો વીંછીના ડંખ હતા, ત્યારે આમ ઉંહું..હું..હું.. લાગતું. એ વીંછીના ડંખ અહીંયાં શરીરપણે પરિણમ્યા છે અત્યારે. એ રજકણો અહીં આવ્યા છે. આ પરમાણુ જગતની ચીજ છે. એને મારા તરીકે માની સવારથી સાંજ સુધી. આહાહા..! નાવું ને ધોવું ને ખાવું... ગાંડા જેવું લાગે આમ આમ કરે. આહાહા..! શું છે પ્રભુ! આ તને? આ સનેપાત શેનો વળગ્યો? એ રાગમાં એકતાબુદ્ધિ (છે), પ્રભુ! આહાહા..! એ પાપી પ્રાણી છે. એ તો પાપી છે, પણ આગળ લેશે પછી, પાંચ મહાવ્રત અને સમિતિ પાળે બરાબર, પણ એ રાગ છે, એ કાંઈ ધર્મ નથી. એ તો વૃત્તિનું ઉત્થાન છે કે હું દયા પાળું, બ્રહ્મચર્ય પાળું, જૂઠું ન બોલું એ તો વૃત્તિનું ઉત્થાન, વૃત્તિ-રાગ છે. એમાં જેને રુચિ છે તે '**अद्यापि**' અહીં સુધી આવ્યો તોપણ એ પાપી છે.

મુમુક્ષુ :- પહેલા આચાર પાળો પછી સમ્યગ્દર્શન થઈ જશે.

ઉત્તર :- થઈ જશે મિથ્યાત્વથી. મિથ્યાત્વનું આચરણ કરશે તો મરીને જાશે નરક ને નિગોદમાં. સમજાણું કાંઈ? શું અહીં કહે છે? પોકાર આ કરે છે. આહાહા..!

જુઓ! **'અનંત કાળ પર્યંત તોપણ...'** કહે છે આવું ભલે અનંત કાળ પર્યંત પાળે કરે, **'તોપણ તે પાપમય છે, જ્ઞાનાવરણી કર્મબંધને કરે છે, મહાનિન્દ્ય છે. શા કારણથી એવો છે? 'यतः सम्यक्त्वरिक्ताः सन्ति' 'કારણ કે વિષયસુખરંજિત...'** એ પાંચ ઇન્દ્રિયના રાગમાં, રસમાં રંગાઈ ગયો છે **'જેટલો જીવરાશિ તે શુદ્ધાત્મસ્વરૂપના અનુભવથી શૂન્ય છે.'** આહાહા..! ભગવાનઆત્મા આનંદ અને શુદ્ધ ચૈતન્ય, અતીન્દ્રિય આનંદના સ્વાદથી ભરેલો, પ્રભુ! એની એને પ્રતીતિ અને એનો એને અનુભવ, એનાથી ખાલી છે. આહાહા..! આવી વાતું હવે.

એક આર્જિકા એમ કહેતી, એક માણસ છે આપણો. 'વેજલકા'નો. 'વડોદરા'માં 'ચંદુભાઈ' કરીને છે. બહુ જુવાન, અભ્યાસ ઘણો. એ આર્જિકા પાસે ગયો હશે. એ કહે, બીજું બધું તમારું ઠીક પણ તમે તપને ધર્મ નથી માનતા. એમ કહ્યું બાઈએ-આર્જિકાએ. આ કહે, પણ કયું તપ? તારા અપવાસ-બપવાસ એ બધા રાગની ક્રિયા છે, તપ નથી. 'ચંદુભાઈ' છે. 'વેજલકા' અહીં 'રાણપુર' પાસે 'વેજલકા' છે ને? એ .. જાણે છે. નહિ? તમારા 'ચૂડા' અને 'રાણપુર' વચ્ચે 'વેજલકા' છે. એમાં 'ચંદુભાઈ' કરીને 'વડોદરા' રહે છે. આપણો છે સ્થાનકવાસી. બહુ છોકરો હોંશિયાર. આર્જિકા પાસે ગયેલો ત્યાં. એ આર્જિકાએ બધી વાત કરતા કરતા કહ્યું, બીજી (વાત) તમારી ઠીક પણ આ તપસ્યા તે ધર્મ નહિ એ અમને ન બેસે. એ આર્જિકા કહે. પણ કઈ તપસ્યા? તારી લાંઘણું છે એ તો બધી. આહાહા..! જ્યાં હજી આત્મા રાગના રસમાં પડ્યો છે, એવા તારા અપવાસ બધા લાંઘણું છે. આહાહા..! આહાહા..! લંઘન કહે છે પ્રભુ એને. 'વિષય કષાય ... જ્યાં વિદ્યતે નહિ.' જેમાં વિષય અને કષાય નથી 'આહાર વિદ્યતે' ત્યાં આગળ એને આત્માના આનંદનો.. અતીન્દ્રિય આનંદ, જેમ સોનું ગેરુથી ઓપે અને શોભે એમ અતીન્દ્રિય આનંદ પ્રભુ રાગરહિત થઈને વીતરાગભાવથી શોભે એને તપ કહેવામાં આવે છે. એ 'તપંતિ ઇતિ તપ' બાકી બધી લાંઘણું છે. આહાહા..! આકરી વાતું છે, બાપા! આહાહા..! છે?

**'અનંત કાળ પર્યંત તોપણ પાપમય છે,...'** આહાહા..! કેમ? કે સમકિતથી તે રહિત છે. આહા..! રાગની જેને રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે અને તેથી તે આત્માના અનુભવથી સમકિતથી તે ખાલી છે. આહાહા..! શૂન્ય છે, રિક્ત છે. આહાહા..! અરેરે..! ક્યાં પડી માણસને? બે-ચાર છોકરા સારા પાકે, બે-બે લાખની પેદાશું હોય, રૂપાળા હોય, દાગીના-બાગીના લૂંગડા સરખા પહેર્યા હોય... આહાહા..! મહાણના હાડકા છે બધા. એના પ્રેમમાં ફસાઈ ગયો. આહાહા..!

એકવાર અમારે 'પાલેજ'માં એમ હતું. પહેલાવહેલા ગયેલા. ૧૩ વર્ષની ઉંમર. ૫૯ની સાલ. સંવત્ ૧૯૫૯. દેશમાંથી દુકાને ગયા ૧૩ વર્ષે. નાની ઉંમર. છ ચોપડી ભણ્યા પછી ભણવાનું બંધ કરી દીધું. પછી આસો મહિનાનો વખત હતો. ૫૯. સંવત્ ૧૯૫૯નો આસો

મહિનો. પૂનમનો એ દિવસ. એમાં જોડે જીન છે. ત્યાં બાયું રાસડા લેતી હશે. અમે તો પૂછ્યું, આ શું છે? અમને ત્યાં જવા ન દેવા માટે કહ્યું ત્યાં ચુડગર છે બધી, ચુડું આવી છે. ચુડેલ. નાની ઉંમર. તેર વર્ષની ઉંમર. ૧૯૫૯ સાલની વાત છે. અને કોમળ શરીર. એટલે બહાર જવા ન દે. મારાથી નાનો મગન હતો બે વર્ષે. બેય નાના. પહેલા-વહેલા ગયેલા. ૫૯ ના આસો મહિનામાં. એ કહે, ચુડેલ છે ત્યાં. એ ખાઈ જાય, ભરખી જાય. ચૂડેલ સમજતા નથી? ચૂડેલ-વ્યંતરી દેવો. ડાકણું કહે છે એને. પછી તો બે વર્ષ થયા પછી ખબર પડી. કારણ કે એ તો અમારા ગ્રાહક હતા. દુકાને માલ લેવા આવતી બિચારી. એના પૈસા ઉઘરાણીએ અમે ત્યાં જતાં. અરે..! આ તો બાયું છે. પણ બાપને ત્યાં જવા ન દેવા એ ખાતર (કહ્યું), એ ચૂડેલ છે. આહાહા..! અહીં પરમાત્મા કહે છે કે રાગનો ભાગ એ ચૂડેલ છે, ડાકણ છે. એનો જો પ્રેમ કર્યો તો એ ખાઈ જશે, તને મારી નાખશે. આહા..! ૧૯૫૯ ની વાત હતી. આસો મહિનો. ચંદ્ર બરાબર આવેલો. આસો મહિને ગયેલા, 'ઉમરાળે'થી 'પાલેજ'. ૫૯. કેટલા વર્ષ થયા? ૭૪ વર્ષ પહેલાની વાત છે. આહાહા..!

અહીં ત્રણલોકના નાથ એમ કહે છે કે, પ્રભુ! તારી પાસે તો અનંત આનંદ, જ્ઞાન અને શાંતિ પડી છે ને, નાથ! એને છોડીને તું આ રાગ પુણ્યનો, પાપની તો વાત શું કરવી? સંસારના બાયડી, છોકરા, કુટુંબ સાચવવા, ધંધા, શરીર (સાચવવા), એ તો એકલું પાપ, આહાહા..! એ તો દુર્ગતિમાં જવાના. પણ અહીં તો પંચમહાવ્રતના પાળનારા, હજારો રાણીને છોડીને મહિના-મહિનાના અપવાસ કરનારા, એ પણ શુભરાગની વૃત્તિ છે. એની જો રુચિ રાખી તો મરી ગયો તું. હું આનંદનો નાથ એને તેં મારી નાખ્યો. આહાહા..! તેં આત્માને ઘાયલ કરી નાખ્યો. એ પુણ્યના રાગના પ્રેમમાં જેમ ચૈતન્યને, જેમ છરા વડે શરીરને ઘાયલ કરે, એમ તેં તારા ચૈતન્યના આનંદને ઘાયલ કરી નાખ્યો છે, પ્રભુ! તને ખબરું નથી કાંઈ. આહાહા..! અરેરે..! સમજાણું કાંઈ? કહો, 'સુજાનમલજી'!

અહીં પ્રભુ એમ કહે છે, દેખો! હજી આવે છે. હજી હળવે હળવે આવે છે. પંચમહાવ્રત અને પાંચ સમિતિનું આલંબન લેનારા અને એ પાળનારા, કરનારા. પણ એ રાગ છે અને એની જેને રુચિ છે, એ પાપી-મિથ્યાદૃષ્ટિ પાપી છે. આહાહા..! આવું કેવું? જૈનના વાડામાં સાંભળવું મળે નહિ. આહાહા..! અરેરે..!

મુમુક્ષુ :- શરમજનક વાત.

ઉત્તર :- આવી પરમ સત્ય વાત. વીતરાગ વીતરાગભાવથી ધર્મ બતાવે. એ રાગભાવથી ધર્મ માને એ મહા વીતરાગના વિરોધીઓ છે. આહાહા..!

મુમુક્ષુ :- એવું તો આપ કહો છો.

ઉત્તર :- અહીં આમાં શું છે આ? આ નામું છે કાંઈ? દાંડી પીટી ચોખવટ કરીને અહીં કહેવાય છે. આહાહા..! ઓલા લોકોમાં નથી કહેવાતું કે છાશ લેવા જાય ને દોણી સંતાડાય? ઘરે મહેમાન આવ્યા હોય ને દરરોજ છાશ બે શેર, ત્રણ શેર (લાવતા હોય). તો (એમ કહીએ), મામી! આજે તો મારા ઘરે મહેમાન આવ્યા છે. અધ મણ મોઢા આગળ મુકવું પડે. ત્યારે જાણે. અમારે ઘરે એમ હતું ને. આ બધું ઘરે બનેલું છે. અમારા મામી અને મામા

પૈસાવાળા હતા. ઘરે ભેંશું. ત્યાં દરરોજ છાશ લેવા જઈએ. અમારી બા જાય. મહેમાન ઘરે આવ્યા હોય વધારે છાશ જોઈતી હોય તો મોઢા આગળ મૂકે કે બોઘણું ભરી દેવું પડશે, મામી! જુઓ! મહેમાન ઘરે આવ્યા છે. એ બોઘણું પાછળ સંતાડીને રાખતો હશે? છાશ લેવા આવ્યો એ બોઘણું સંતાડતો હશે? એ આપણે કહેવત છે. છાશ લેવા જાય ને બોઘણું સંતાડે? બોઘણું એટલે વાસણ.

એમ અહીંયાં સત્ય માર્ગમાં અસત્યને ખુલ્લું પાડીને ઉઘાડું પાડે કહે છે. ત્યાં એને ગોપવી રાખતા નથી. આહાહા..! પ્રભુ! તું પંચમહાવ્રત પાળ, પાંચ સમિતિ પાળ. એ તો છે જ ક્યાં અત્યારે? પણ એ પાળતો હોય કે જે હજારો રાણી છોડીને, મહિના-મહિનાના અપવાસ (કરે), લુખ્ખા આહાર કરે. પણ એ બધી રાગની વૃત્તિઓ છે, બાપુ! એ તારું સ્વરૂપ નહિ. તું તો જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ પ્રભુ તું છો. એમાંથી રાગની વૃત્તિઓ ઊઠે છે. એ રાગની રુચિ (રાખનાર) પાપી છે, પાપમય છે. છે? આહાહા..! કેમકે એ (આત્માનુભવથી) ખાલી-શૂન્ય છે.

'**શા કારણથી? શુદ્ધ ચૈતન્ય વસ્તુ, દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ,...**' અનાત્મ છે. દેખો! છે? '**आत्मानात्मावगमविरहात्**' આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ અને અનાત્મા જડ કર્મ. દ્રવ્યકર્મ એટલે આઠ જડ કર્મ, ભાવકર્મ એટલે દયા, દાન, પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ. આહાહા..! નોકર્મ એટલે શરીર, વાણી. '**તેમનું હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું, તેનું શૂન્યપણું હોવાથી.**' અજ્ઞાનીને આ રાગ હેય છે અને ઉપાદેય ચૈતન્યમૂર્તિ છે, તેના હેય-ઉપાદેયના જ્ઞાનથી અજ્ઞાની શૂન્ય છે. આહાહા..! ગજબ વાત છે ને? એમાં વળી પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે અને છોકરા સારા (પાકે) એટલે જોઈ લ્યો એ તો તમારે. હું પહોળો ને શેરી સાંકડી. આહાહા..! મરી જવાના. ઢોરમાં અને ક્યાંય નરકમાં જવાના. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાત્માનો પોકાર છે કે.. દ્રવ્યકર્મભૂત આત્મ-અનાત્મા, બે શબ્દ પડ્યા છે ને? આત્મા અને અનાત્મા. આત્મા એ શુદ્ધ ચૈતન્યવસ્તુ અને અનાત્મા એટલે જડકર્મ, ભાવકર્મ એટલે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ ભાવકર્મ. નોકર્મ એટલે શરીર. '**તેમનું હેય-ઉપાદેય...**' એટલે ભાવકર્મ હેય છે અને શુદ્ધ આત્મા તે ઉપાદેય છે, એવા '**હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું, તેનું શૂન્યપણું હોવાથી.**' એનાથી અજ્ઞાની શૂન્ય છે. આહાહા..! ભાષા તો સાદી છે, શેઠ! સમજાય એવી છે. આહાહા..! એણે દરકાર કરી નથી, હોં! અરે..! હું કોણ છું? અને મારાથી ભિન્ન શું ચીજ છે?

અહીં બે શબ્દ આવ્યા ને? આત્મા અને અનાત્મા. આત્મા એ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ. અને દયા, દાન, વ્રત, (પુણ્ય) પરિણામ. પાપના હિંસા, જૂઠું, છોકરા-બાયડીને સાચવવાનો ભાવ એ બધો પાપ (પરિણામ), એ બધું અનાત્મા છે. જીવ શુદ્ધ સ્વરૂપ અને અજીવ-દ્રવ્યકર્મ-ભાવકર્મ-અનાત્મા. '**તેમનું હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું,...**' (તેના)થી શૂન્ય અજ્ઞાની છે. આહાહા..! '**ભાવાર્થ આમ છે કે-**' 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંત છે, જુઓ! એ હજાર વર્ષ પહેલા થયા. એ પોતે પોકાર કરે છે.

સંત પોકાર કરે, દિગંબર મુનિ! આહાહા..! જેને પંચમહાવ્રતના પરિણામ આવે છે પણ કહે છે કે એમાં અમારી રુચિ નથી, હોં! અમે તો એને હેય જાણીએ છીએ. અમારો ચિદાનંદ આત્મા તેને અમે ઉપાદેય જાણીએ છીએ। આહાહા..!

આવા હેય-ઉપાદેયપણાનું જાણપણું, તેનું ભિન્નપણું એમ પાછું. આત્મા અને અનાત્માનું ભિન્નપણું છે. ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ અને દયા, દાન, વ્રતનો વિકલ્પ રાગ અને શરીરાદિ, એ બેને ભિન્નપણું છે. આહાહા..! બે કોઈ દિ' એક થયા નથી અને એક છે નહિ. એ ભિન્નપણાના જાણપણાથી અજ્ઞાની શૂન્ય છે. ભાન નથી એને કાંઈ. હેય શું છે અને ઉપાદેય શું એની ખબર ન મળે. આહાહા..! ભલે એ કરોડોપતિ, અબજોપતિ હોય પણ એ બધા મિથ્યાદૃષ્ટિ પાપી છે, કહે છે. આહાહા..! અને મોટા આચાર્ય અને ઉપાધ્યાય નામ ધરાવતા હોય પણ રાગની જેને રુચિ છે એ પાપી પ્રાણી છે, એમ કહે છે. આહાહા..! છે કે નહિ સામે અંદર? એનો અર્થ થાય છે કે નહિ?

મુમુક્ષુ :- આપ અમને શીખડાવો છો.

ઉત્તર :- પણ એવો અર્થ એમાં છે કે નહિ? શું કહે છે? જુઓ! '**હેય-ઉપાદેયરૂપે ભિન્નપણારૂપ જાણપણું,...**' એનાથી અજ્ઞાની શૂન્ય છે. છે કે નહિ અંદર? આહાહા..! ક્યાં એને દરકાર છે, આ જગતની આગળ? અરે..રે..!

મુમુક્ષુ :- બધા હા પાડે છે.

ઉત્તર :- પણ આ સત્ય છે એની ના પાડે તો ચાલે કેમ? આહાહા..! તું માણસ છો એની હા પાડે. પણ ગધેડો છે (એમ કહે તો) એની ના પાડે કે નહિ એ? એમ અહીંયાં રાગને પોતાનો માનનારા, હેયને પોતાનો માનનારા, ઉપાદેયને પોતાનો નહિ માનનારા, ભિન્નપણાના જાણપણાથી જે શૂન્ય છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આવી વાતું છે. આહાહા..! લોકોને ન બેસે, કઠણ પડે બિચારાને.

અહીં કહે છે કે ભિન્નપણાના જ્ઞાનથી તું શૂન્ય છે. તું આ રાગ થાય એને ઉપાદેય માને છો. મહાવ્રતનો રાગાદિ છે એ આદરણીય છે અને એનાથી મારું કલ્યાણ થશે (એમ માને છે) તો રાગને તેં ઉપાદેય માન્યો. રાગ એ અણાત્મા છે અને ભગવાન અંદર આત્મા આનંદ શુદ્ધ છે, બેના ભિન્નપણાના જાણપણાથી શૂન્ય છો. માટે મિથ્યાદૃષ્ટિ પાપી છો. આહાહા..!

મુમુક્ષુ :- એટલે મિથ્યાદૃષ્ટિ છે તેથી...

ઉત્તર :- એ કીધું અહીં. એ ન કીધું? '**रागिणः अद्यापि पापाः**' પાઠમાં છે. રાગના રાગીઓ પાપીઓ છે, એમ કહે છે. આહાહા..! છે કે નહિ અંદર? આપણે 'સમયસાર'માં આ ગાથાના અર્થમાં મોટું પાટિયું ભર્યું છે. આખા બે પાટિયા ભર્યા છે. 'જયચંદ્ર' પંડિતે.

'**ભાવાર્થ આમ છે કે-મિથ્યાદૃષ્ટિ જીવને શુદ્ધ વસ્તુના અનુભવની શક્તિ હોતી નથી...**' જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, રાગની રુચિના પ્રેમમાં પડ્યો છે એને જીવના શુદ્ધ વસ્તુનો આનંદનો અનુભવ, એવી એને શક્તિ હોતી નથી. આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવની શક્તિ અજ્ઞાનીને હોતી નથી. આહાહા..! '**એવો નિયમ છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો ઉદય પોતારૂપ જાણીને અનુભવે છે,...**' એ દયા, દાન, રાગ વિકલ્પ છે એ તો કર્મનો ઉદય છે. એ

આત્માનો સ્વભાવ નથી. આહાહા..! આવો શ્લોક છે. પેલા બીજા બધા તકરાર કરે, હોં! અત્યારે તો નવમી ગ્રૈવેયકે ગયો એવા વ્રત ક્યાં છે? આહાહા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ મહાવ્રતના પરિણામ એ પણ દુઃખરૂપ છે, શુભરાગ દુઃખ છે. પાપરાગ તો દુઃખ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, બાયડી, છોકરા, કુટુંબ, ધંધો મારો એ તો મહાપાપ અને મહાદુઃખ છે. પણ અહીં તો મહાવ્રતના પુણ્ય પરિણામ એ પણ દુઃખ છે. રાગ છે ને? આહાહા..!

'**જીવને શુદ્ધ વસ્તુના અનુભવની શક્તિ હોતી નથી એવો નિયમ છે, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો ઉદય પોતારૂપ જાણીને અનુભવે છે,...**' એ રાગ છે એ તો વિકાર છે. કર્મનો ઉદય છે એ તો. તો કર્મના નિમિત્તે થયેલો તેનો ભાવ છે, આત્માનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એને અનુભવે છે પોતારૂપે. એ શુભરાગ મહાવ્રતનો પણ મારાપણે અનુભવે છે. '**પર્યાયમાત્રમાં અત્યંત રત છે;...**' આહાહા..! હવે એનો ખુલાસો લેવો છે. દ્રવ્યદૃષ્ટિ નથી, એમ. પુણ્ય-પાપના ફળમાં, પુણ્ય-પાપના ભાવમાં અજ્ઞાની રત-લીન છે. આહાહા..! અને પોતાને બાદશાહ માને છે. અમે બધા સુખી છીએ. આહાહા..! ધૂળમાંય નથી. દુઃખી છો, સાંભળને!

મુમુક્ષુ :- લૌકિકમાં તો સુખી...

ઉત્તર :- લૌકિક ગાંડા લૌકિકમાં. પાગલની પાસે પાગલ સારા કહેવાય. પાગલો છે બધા. પાગલની હોસ્પિટલમાં પાગલ બહુ સારો હોય એ ઊંચો કહેવાય. એમ આ પાગલની હોસ્પિટલમાં રાગને પોતાનો માનનારો હોય એ હોંશિયાર કહેવાય. આહાહા..! ઉદ્યોગપતિ. એમ કહે, જુઓ! મા-બાપ પાસે કાંઈ નહોતું. પોતાના બાહુબળે ઉદ્યોગ કરી અને પાંચ-પચાસ કરોડ ભેગા કર્યા. શેના પણ? ધૂળના? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ એ મેળવી છે ક્યાં? એની પાસે તો મમતા આવી છે. આહાહા..! મેં મેળવ્યા અને હું કમાણો, એ તો મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહાહા..! આવી વાતું. અજીવને મેં મેળવ્યા. અજીવતત્ત્વને મેળવી શકે છે ઈ? એ તો અજીવ છે. અહીં તો રાગને પોતાનો માનવો એ મિથ્યાદૃષ્ટિ છે તો અજીવને પોતાનો માનવા એની તો વાતું ક્યાં કરવી? આહાહા..! અરેરે..!

મુમુક્ષુ :- અનંત શક્તિ હોય છે પણ અનુભવની શક્તિ નથી.

ઉત્તર :- નથી. અજ્ઞાનીને અનુભવની શક્તિ નથી. સમકિતીને જ એ શક્તિ છે. પર્યાયમાં રત છે એને અનુભવની શક્તિ ક્યાંથી આવી? રાગના રસમાં પડ્યો છે એ પર્યાયબુદ્ધિ છે, વર્તમાનબુદ્ધિ છે. ત્રિકાળ ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ ને અનુભવ નથી. આહાહા..! ભારે શ્લોક આકરો આવ્યો.

'**તે કારણે મિથ્યાદૃષ્ટિ સર્વથા રાગી હોય છે,...**' જોયું! '**પર્યાયમાત્રમાં અત્યંત રત છે; તે કારણે...**' પર્યાયમાત્ર રાગ પુણ્ય દયા, દાન, વ્રત, વિકલ્પ એ બધો પર્યાય વિકાર છે. તેમાં '**રત છે; તે કારણે મિથ્યાદૃષ્ટિ સર્વથા રાગી હોય છે,...**' એ સર્વથા રાગી છે. ભલે રાજ-કુટુંબ

છોડ્યું હોય. આહાહા..! સર્વથા રાગી છે. કથંચિત્ રાગી અને કથંચિત્ અરાગી એમ નહિ. આહાહા..! જેને કર્મના નિમિત્ત, પુણ્ય-પાપના ભાવ અને તેના ફળ આ બાયડી, છોકરા, પૈસા, ધૂળધમાહા, છોકરાઓ આદિ, દીકરીયું ને સારા જમાઈ એ બધો વિસ્તાર જડનો. આહાહા..! એમાં જે '**રત છે; તે કારણે મિથ્યાદષ્ટિ સર્વથા રાગી હોય છે,...**' સર્વથા રાગીપ્રાણી છે એ તો. આહાહા..! અરેરે..!

એવી વાત સંપ્રદાયમાં ક્યાં છે? ક્યાંય નથી. અમને તો બેય સંપ્રદાયની ખબર છે ને. સ્થાનકવાસીમાં તો છે જ નહિ. મૂળ દિંગબરમાંથી તો શ્વેતાંબર નીકળેલા છે, બે હજાર વર્ષ પહેલાં. એમાં શાસ્ત્ર બનાવ્યા એમાં તો આ વાત આવી નથી. અને એમાંથી સ્થાનકવાસી નીકળ્યા હમણાં ૫૦૦ વર્ષ પહેલાં, એમાંથી આ તેરાપંથી તુલસી હમણાં નીકળ્યો. 'લાડનૂ'. આહાહા..! પ્રભુ! પ્રભુ! આકરો માર્ગ, ભાઈ! હવે અણુવ્રત... શું કહેવાય છે એ? આંદોલન. બધાને અણુવ્રત આપે. મિથ્યાદષ્ટિ હોય એને પણ અણુવ્રત આપે. આહાહા..! અણુવ્રતનું આંદોલન. એમાં પણ તકરાર થઈ ગઈ છે. બે સાધુ જુદા પડી ગયા છે. એક 'નગરાજ' છે મોટો વિદ્વાન. એ પડી ગયો જુદો એમાંથી-તેરાપંથીમાંથી. આની લાઈન ઊંધી દેખીને. આની લાઈન ઘણી ઊંધી. એના ગુરુ 'ભિખનજી'થી પણ ઉંધી. એક 'મહેન્દ્ર' છે. બે મોટા હોંશિયાર. બેય સાધુ તેરાપંથીમાંથી જુદા પડી ગયા. આપણે તેરાપંથીનું હતું, 'ગોવળિયા' યાદ છે? તમારે 'રાયચંદ ગોવળિયા'. 'પ્રેમચંદભાઈ'! તમારે 'રાયચંદ ગોવળિયા' અને બીજા શું? 'ઓઘડ'? 'ઓઘડ ગોવળિયા'. એ બે. 'પ્રેમચંદભાઈ' આવ્યા છે ગોવળિયા. ચૂડાથી. પણ આમના બાપ જે છે કાકા, એ 'ઓઘડ ગોવળિયા' જુદા અને ઓલા ઓઘડ જુદા. 'રાયચંદ ગોવળિયા' અને 'ઓઘડ ગોવળિયા'. ઓલા આગળ રહે ઈ. એ બધા તેરાપંથી હતા. ખબર છે ને બધી ખબર છે. ઘણા વર્ષ. (સંવત) ૧૯૭૧ની સાલથી 'ચૂડા' આવ્યા હતા. ૧૯૭૧ની સાલે પહેલા 'ચૂડા' આવ્યા હતા. દીક્ષા ૧૯૭૦માં (લીધી પછી) તરત આવ્યા હતા. આહાહા..! ત્યાં અમારે નાનો ભાઈ પરણ્યો હતો ને તો દર્શન કરવા આવ્યો હતો. ત્યાં 'ચૂડા' ૧૯૭૧ની સાલની વાત છે. મરી ગયો પછી. ૭૧માં પરણ્યો અને ૭૩માં મરી ગયો. બે વર્ષના લગન. એ 'ચૂડા' આવ્યા હતા. ૭૧ની વાત છે. તે દિ' ભાઈએ બાધા લીધી હતી. 'ગુલાબચંદ વોરા' અને એના બાપનું નામ શું? 'ગુલાબચંદ'ના બાપનું નામ. 'છગનભાઈ'? એણે પહેલી બાધા લીધી પછી 'ગુલાબચંદે' લીધી હતી. ૧૯૭૧ના ચૈત્ર મહિનાની વાત છે. આ તો ઘણા વર્ષ પહેલાં. ૬૨ વર્ષ થયા. આહાહા..! એ બધી બહારની વાતું. વ્રત ને આ ને આ. જાણે ધર્મ થઈ ગયો. બાપુ! મારગડા જુદા, ભાઈ! આ તેરાપંથીની વાત ચાલતી હતી. 'રાયચંદ ગોવળિયા' તેરાપંથી હતા. છતાં અમારા ઉપર એને પ્રેમ હતો, હોં! 'ઓઘડ ગોવળિયા' અને 'રાયચંદભાઈ' પાછળ પડી ગયા. વૃદ્ધ (હતા). 'પોપટભાઈ' હતા ને? આમના પિતાશ્રી? બધાને પ્રેમ હતો. બધાને ઓળખતા. અપાસરાની જોડે બધા.. તરત જ તે. ત્યાં ૧૯૭૧માં પહેલા આવ્યા હતા. પછી તો છેલ્લા ૧૯૭૮માં આવ્યા હતા સંપ્રદાયમાં. આહાહા..!

'**કર્મબંધના કર્તા છે.**' '**રાગી હોવાથી કર્મબંધના કર્તા છે.**' રાગી કેમ? દયા, દાન, વ્રતનો

ભાવ છે એ રાગ છે અને રાગની જેને રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ રાગી છે. અને '**રાગી હોવાથી કર્મબંધનો કર્તા છે.**' આહાહા..! એને સંવર-નિર્જરા તો નથી પણ કર્મબંધનો કર્તા છે. આહાહા..! વિશેષ છે પણ હવે પછી... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૭, ગુરુવાર, તા.૩-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૭, પ્રવચન - ૧૩૯

'**કેવા છે મિથ્યાદૃષ્ટિ જીવ?**' ઝીણો વિષય, અપૂર્વ વિષય છે. '**अयम् अहं स्वयम् सम्यग्दृष्टिः जातु मे बन्धः न स्यात्**' મિથ્યાદૃષ્ટિ એટલે? કે જેને એ રાગભાવ છે પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ (છે) એ રાગની જેને રુચિ છે અને એ રાગથી મને લાભ થશે (એમ માને છે) એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિ સ્વયં '**આ જે છું હું, તે સ્વયં સમ્યગ્દૃષ્ટિ છું,...**' એમ માને છે. અમે ધર્મી છીએ, વ્રત કરીએ છીએ, અપવાસ કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ, દાન કરીએ છીએ તો અમને ભગવાનની શ્રદ્ધા નથી? એમ અજ્ઞાની માને છે. અમે સમ્યગ્દૃષ્ટિ છીએ. અમે ભગવાનને માનીએ, દેવને માનીએ, ગુરુને માનીએ, શાસ્ત્રને માનીએ. વ્રત પાળીએ છીએ. તો અમે સમ્યગ્દૃષ્ટિ નથી? એમ અજ્ઞાની માને છે. એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ચાહે તો વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે કે દેવ-ગુરુ-ધર્મને માને, એ તો બધો રાગભાવ છે. બહુ ઝીણી વાત, ભાઈ! એ તો વિકલ્પ છે, વૃત્તિનું ઉત્થાન છે. એમાં જેની રુચિ અને પ્રેમ છે એ મિથ્યાદૃષ્ટિ પછી માને કે અમે તો ધર્મી નથી? આવું કરીએ છીએ.

એ મિથ્યાદૃષ્ટિ જીવ '**ત્રણે કાળ અનેક પ્રકારનું વિષયસુખ ભોગવતાં પણ મને તો કર્મનો બંધ નથી;...**' એમ કહે. અમે ધર્મી છીએ, અમે સમકિતી છીએ, અમે પરમાં પ્રેમ રાખીને વિષયના સુખ ભોગવીએ તો અમને બંધ નથી. એમ અજ્ઞાની દલીલ કરે છે. આહાહા..!

'**इति आचरन्तु**' '**એવા જીવ એવું માને છે તો માનો,...**' આ અર્થ કર્યો છે. આમાં અર્થ એવો કર્યો છે. '**इति आचरन्तु**' એવું માનો તો માનો. રાગની ક્રિયા કરે છે અને રાગની રુચિમાં પ્રેમથી પડ્યા છે અને કહે છે કે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ. આહાહા..! એમ મિથ્યાદૃષ્ટિ છે (અને) એમ તમે સમ્યગ્દૃષ્ટિ છો, તમે માનો તો માનો. '**आचरन्तु**'નો અર્થ એવો કર્યો. અને સંસ્કૃત ટીકા અને 'જયચંદ્ર પંડિત'માં અર્થ એવો કર્યો છે કે '**आचरन्तु**' મહાવ્રત પાળો. પંચમહાવ્રત, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ પંચમહાવ્રતનો ભાવ એ રાગ છે. આહાહા..! આવું આકરું કામ. એ મહાવ્રત પાળો અને શાસ્ત્રના અધ્યયન કરો. લાખો-કરોડો પુસ્તકો ને શાસ્ત્રો ભણો તો એ બધો રાગ છે. આહાહા..! કેમકે એની બુદ્ધિ પર્યાય વર્તમાન અંશ ઉપર અને વર્તમાન રાગના ભાવ ઉપર એની રુચિ અને એનું વલણ ત્યાં છે. તેથી તેને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આહાહા..! એ પંચમહાવ્રત પાળતા હો એ રાગ છે, એ તો

આસ્રવ છે. પંચમહાવ્રત તો આસ્રવ છે. શાસ્ત્ર અધ્યયન કરતા હો, તો શાસ્ત્ર અધ્યયન કરવું એ પર તરફના લક્ષવાળો વિકલ્પ-રાગ છે. અગિયાર અંગનું જ્ઞાન કરે, નવ પૂર્વની લબ્ધિ પ્રગટે, એ શું ચીજ છે? એને તો રાગમાં પુણ્યની ક્રિયામાં પ્રેમ છે અને એ માને છે કે અમે સમ્યગ્દષ્ટિ છીએ.

**'માનો, તથાપિ તેમને કર્મબંધ છે.'** તોપણ તેને મિથ્યાત્વનું કર્મબંધન છે. આવું આકરું છે. નવા માણસને તો સાંભળતા.. એ તો કાંઈ અજાણી વાત નથી. અમે તો લાખો માણસ જોયા છે ને. અહીં તો સાધુ નામ ધરાવે દિગંબર, પંચમહાવ્રત પાળે તોપણ તેને રાગમાં પ્રેમ છે, એ મહાવ્રતનો ભાવ એ રાગ છે. અને રાગમાં એની રુચિ છે, દષ્ટિ છે એમાં ત્યાં છે. તેથી તેને મિથ્યાદષ્ટિ કહેવામાં આવ્યો છે. આહાહા..! 'પાનાચંદભાઈ'! આવી વાત છે, બાપુ! આહાહા..! ભાઈ આવ્યા છે. પ્રેમથી આવ્યા છે. આવો માર્ગ છે, બાપા!

અરેરે..! કહે છે, અનંતકાળથી એણે અંતર ચિદાનંદસ્વરૂપ આત્માનું, સર્વજ્ઞ જિનેન્દ્રદેવે પરમેશ્વરે અંદર વસ્તુ આત્મતત્ત્વ જે શુદ્ધ આનંદકંદ, અનંત બળ અને અનંત આનંદનું ઘર, એની સામું એણે એક સેકન્ડ કોઈ દિ' નજર નથી કરી. આહાહા..! એ ભગવાન શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ, જિનેશ્વર સર્વજ્ઞ વીતરાગદેવે જોયો એ. અજ્ઞાનીઓ બીજા આત્મા-આત્મા કરે પણ એણે જોયો નથી એટલે એનો આત્મા સાચો નથી. આ તો ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનેન્દ્રદેવ, એણે જે આત્માને જોયો, દરેક આત્માને જોયા, એ આત્મા તો શુદ્ધ આનંદઘન જોયો. અંદર જોડે જે દયા, દાનના વિકલ્પ છે એને તો પુણ્યતત્ત્વ તરીકે ભિન્ન તત્ત્વ જોયું. આહાહા..! અજ્ઞાની એ ભિન્ન તત્ત્વને પોતાનું તત્ત્વ 'એ હું છું' એમ માને છે. આહાહા..! દષ્ટિ પર્યાય ઉપર છે. પર્યાય એટલે? ત્રિકાળી આનંદકંદ પ્રભુ આત્મા છે, એના ઉપર દષ્ટિનો અભાવ છે અને વર્તમાન પર્યાય એટલે પ્રગટ દશા અને રાગ દયા, દાન આદિ એના ઉપર એની દષ્ટિ છે. એથી એ પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હવે આ કીધું ને પહેલું. વાત તો થઈ ગઈ. એ પર્યાય-વર્તમાન અવસ્થા અને રાગ એની પાછળ પ્રભુ ચૈતન્ય ધ્રુવ અનાદિઅનંત છે. આ તો પલટતી અવસ્થા છે. પલટતી, જેને ઉત્પાદ-વ્યય ભગવાન કહે છે. પણ અંદર ધ્રુવ જે અનાદિઅનંત ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ આત્મા, એની ઉપર તો એણે દષ્ટિ કરી નથી. આહાહા..! અને એની નજરુંમાં એ નિધાન જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એ મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં રખડનારો, પરિભ્રમણ કરનારો છે. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મનું કામ છે કે આત્માનું કામ છે?

ઉત્તર :- ધર્મ તે ક્યાં થતો હશે? ધર્મ એ આત્મા ધર્મી છે વસ્તુ, એમાં ધર્મ છે-ધારણ કરેલી ચીજ. અનંત જ્ઞાન. જેનું જ્ઞાન જાણવું એ બેહદ અનંત છે. પર્યાયમાં અલ્પજ્ઞતા છે. વસ્તુમાં અનંત બેહદ અપરિમિત અનંત જ્ઞાન આત્મામાં છે. એને અનંત આનંદ છે, અનંત શાંતિ છે, અનંત ઈશ્વરતા પ્રભુ આત્મામાં ભરી છે. એક ઈશ્વર નહિ, એવી અનંતી ઈશ્વરતા આત્મામાં ભરી છે. એવા દ્રવ્યસ્વભાવની દષ્ટિ વિના એક સમયની પર્યાયમાં મહાવ્રતનું

આચરણ કરો, અગિયાર અંગ ભણો, એ બધું પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ છે. આવી વાત છે. પ્રભુ! આકરું લાગે બીજાને, શું થાય? 'પાનાચંદભાઈ' કહેતા હતા કે હું સાંભળવા જાઉં પણ ત્યાં આવી વાત તો નહોતી આવતી. નહિ? ડોક્ટર. વાત સાચી. વાત સાચી, ભાઈ! બધું અમે જોયું છે ને બાપા આ તો. સ્થાનકવાસીમાં બધું જોયું એ તો તમને ખબર જ છે. આહાહા..! બાપુ! આ માર્ગ કોઈ જુદો પ્રભુનો છે. આહાહા..!

અહીં કહે છે કે એ રાગના રુચિવાળા, ભલે એ દયા, દાન, વ્રતના પરિણામ હો પણ એ રાગ છે. એ રાગ ન બેસે લોકોને. વ્રત છે તે સંવર છે અને અપવાસ છે તે નિર્જરા છે. એમ અજ્ઞાની માને છે. પ્રભુ એમ કહે છે 'તત્ત્વાર્થસૂત્ર'માં અને 'સમયસાર'માં, જે કાંઈ અપવાસ કરવાની વૃત્તિ ઊઠે છે એ બધો રાગ શુભ છે. અને વ્રતાદિના ભાવ પંચમહાવ્રતના, શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે, દયાનો ભાવ અહિંસાનો પરને નહિ મારવાનો રાખે, એ બધો ભાવ તો ભાઈ! રાગની ક્રિયાવાળો ભાવ છે. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ!

સર્વજ્ઞ જિનેન્દ્રદેવ... આહાહા..! પરમેશ્વરનો તો આ પોકાર છે અનાદિનો. પણ એને ગણકાર્યો નથી. નનૂર થઈ ગયો છે, નનૂર. નનૂર નથી કહેતા? માણસને બહુ મારે ત્યારે કહે, નનૂર છો? નનૂર એટલે નૂર-તેજ ન મળે. ચૈતન્યના તેજ ન મળે. આ બાઈ બહુ એવી હોય ને મારે પછી ઉંહકારો ન કરે. ત્યારે કહે, નનૂર છે? નનૂર કહે છે? નિંભર કહે પણ નનૂર કહે છે. એક ભાષા છે. નિંભર કહે છે અને નનૂર પણ કહે છે. અહીં તો બધું સાંભળેલું અને જોયેલું છે ને ઘરે. નનૂર-નનૂર એટલે કે ન-નહિ, નૂર. ચૈતન્યના તેજ જોઈએ તે ન મળે અને એકલા રાગ ને દ્વેષમાં પડી છો, બાઈ મીંઢડી બોલતી નથી કાંઈ? એમ મારે. આ તો બધું જોયું છે. નજરે જોયું, સાંભળેલું છે. આહાહા..!

અહીં પરમાત્મા કહે છે કે એ મીંઢડા! નનૂર! તને આટલો આટલો ઉપદેશ અનંતકાળથી તીર્થંકરનો, મુનિઓનો મળે. કે તારી ચીજમાં એ દયા, દાનના વિકલ્પો નથી અને છે તો તારામાં અનંત આનંદ અને શાંતિ પડી છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! એનો તને સ્વીકાર નથી અને આ રાગનો સ્વીકાર તને છે અને એમ માને છે કે અમે ધર્મી છીએ. માનો. કોણ ના પાડે? આહાહા..! કર્મબંધનને એ કરે છે. અનંત સંસારના કર્મને બાંધે છે એ તો. આહાહા..! આવી વાત સાંભળી જાય નહિ. માર્ગ તો એવો છે, બાપુ! આહાહા..!

બાઈ વિધવા થાય ને? ત્યારે દુનિયા (એને) દુઃખાણી કહે. એમ છે ને? 'પાનાચંદભાઈ'! પણ ખરેખર એ દુઃખાણી નથી. એ તો નિવૃત્તિ મળી એટલી. દુઃખાણી તો એને પ્રભુ કહે છે કે જેને અંદર રાગનો પુણ્યાદિનો ભાવ આવ્યો અને એને મારો માન્યો, એ દુઃખિયા, મિથ્યાદષ્ટિ દુઃખિયા પ્રાણી છે. દુનિયાથી અવળું છે, બાપુ! આહાહા..! વીતરાગમાર્ગ એવો છે. આ ગાથા જ એવી આવી છે ને. આહાહા..! પંચમહાવ્રત ને બાર વ્રત ને જાત્રા ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા કરો, પણ તમે એ રાગની ક્રિયામાં ધર્મ માનનારા માટે મિથ્યાદષ્ટિ છો. આહાહા..! અને તેથી તેને અનંત સંસારનું બંધન છે. અરરર..! આ વાત. હવે ઓલા માને ધર્મ, આ કહે કે અનંત સંસાર વધે છે તને. કારણ કે રાગની રુચિનો રાગનો તને પ્રેમ છે. પ્રભુનો આનંદના નાથનો સ્વભાવ જે દ્રવ્ય છે એની સામું તો તું જોતો

નથી અને આ રાગની ક્રિયા સામું જોઈને ખુશી-ખુશી થઈ જા છો. 'પુનાતર'! આવી વાતું છે.

**'એવા જીવ એવું માને છે તો માનો, તથાપિ તેમને કર્મબંધ છે.'** આહાહા..! અરે..! વાતું સાંભળવી પણ મુશ્કેલ, બાપા! એ અનાદિનો દુઃખિયો. કરોડોપતિ, અબજોપતિ, ભગવાન તો એને રાંકા-ભિખારી કહે છે. અંતરના આનંદ અને શાંતિની લક્ષ્મી અંદર પડી છે. બેહદ આનંદ પડ્યો છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા છે. એની લક્ષ્મીની તો ખબર ન મળે અને આ બહારની લાવો... લાવો... લાવો... લાવો... લાવો... ભિખારી મોટો માંગણ છો, ભાઈ!

અહીંયાં તો કહે છે, જૈનનો સાધુ થયો હોય. દિગંબર સાધુ, હોં! આહાહા..! વસ્ત્રવાળા સાધુને જૈન સિદ્ધાંતમાં સાધુ કહેતા નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એ દિગંબર સાધુ થાઓ, વસ્ત્રનો ટુકડો ન રાખો, પંચમહાવ્રત પાળો અને છઠ-છઠના, અઠમ-અઠમના અપવાસ કરીને પારણા કરો, લુખા આહાર કરો, પણ એ બધી ક્રિયા રાગની છે અને એમાં રાગના રસમાં તને પ્રેમ છે, ધર્મી ભલે નામ ધરાવ, પણ તું કર્મબંધન કરીશ. 'સુજાનમલજી'! આકરી વાતું, ભાઈ!

મુમુક્ષુ :- ઉપયોગી છે.

ઉત્તર :- ઉપયોગી છે. આહાહા..! અરેરે..! સત્ય વાત કાને ન પડે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એમનું કથન સત્ય શું છે, એ કાને ન પડે એ જીવનું શું થાય? ભાઈ! બહારમાં કોઈ શરણ નથી.

અહીંયાં કહે છે કે એ આવું નામ ધરાવે તો ધરાવો. અને '**उत्तानोत्पुलकवदनाः**' '**ઊંચા કરી ફુલાવ્યાં છે ગાલ-મુખ જેમણે,...**' અમે ધર્મી છીએ. મહિના-મહિનાના અપવાસ કરીએ છીએ. બધું આમ કરીએ.. આહાહા..! શું છે પણ હવે? ભાઈ! છે? '**ઊંચા કરી ફુલાવ્યાં છે ગાલ-મુખ...**' મોઢા.. બસ, આમ આહાહા..! મહિના-મહિનાના અપવાસ કરીએ, પારણે લુખા ખાઈએ, રસ છોડીએ, ઘી ને દૂધ ન ખાઈએ, ખાખરા અને છાશ પીએ અને તમે અમને કહો કે ધર્મી નહિ. ફુલાવ મોઢું તું તારે. આહાહા..! પ્રભુ! તને રાગનો ભાગ (છે) એની ખબર નથી. એ ભાગ તારો નથી. એ રાગ વિનાની અંદર ચીજ છે પ્રભુ ચૈતન્ય આનંદકંદ, સચ્ચિદાનંદ-સત્-શાશ્વત ચીજ, જ્ઞાન અને આનંદનું ઘર પડ્યું છે અંદર. ભાઈ! તે સાંભળ્યું નથી.

'અબ હમ કબહુ ન નિજઘર આયે.' નિજઘર એણે કદી જોયું નથી. ભજનમાં આવે છે. 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે.' મેં દયા પાળી, મેં વ્રત કર્યા, મેં અપવાસ કર્યા એવી પરઘરની વાતે અનેક પ્રકારના મેં નામ ધરાવ્યા. 'અબ હમ કબહુ ન નિજઘર આયે.' આહાહા..! નિજઘર અંદર સચ્ચિદાનંદ પ્રભુ. સર્વજ્ઞ કેવળી જિનેન્દ્રદેવે જે કેવળજ્ઞાન અને અનંત આનંદ પ્રગટ કર્યા એ ક્યાંથી આવ્યું? કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં અનંતઆનંદ અને અનંતજ્ઞાન પડ્યા છે. આહાહા..!

લીંડીપીપરમાં ચોસઠ પહોરી તિખાશ ભરી છે. આ છોટીપીપર નથી કહેતા? લીંડીપીપર. ઘૂંટે ચોસઠ પહોર. ચોસઠ પહોર ઘૂંટે એટલે? ચોસઠ એટલે કે રૂપિયો. એટલે સોળ આના. એને ચોસઠ પહોર ઘૂંટે એટલે ચોસઠ પહોરી તિખાશ બહાર આવે. એ ક્યાંથી આવી?

પથરામાંથી આવી? અંદરમાં પડી છે એ આવી. આહાહા..!

એમ આ ભગવાનઆત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ જે પરમાત્માને પ્રગટ થાય છે, પ્રભુ! એ ક્યાંથી આવ્યું? ભાઈ! તને ખબર નથી. તારા સ્વરૂપમાં પૂર્ણ આનંદાદિ ભર્યો છે અંદર. એ અતીન્દ્રિય આનંદનું દળ છે, અતીન્દ્રિય જ્ઞાનનો કંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

શક્કરકંદ નથી કહેતા ઘણીવાર? શક્કરકંદ નથી હોતા? શક્કરિયા. 'પાનાચંદભાઈ'! શક્કરિયા. એ શક્કરિયા જુઓ તો ઉપરની લાલ છાલ જરી. શક્કરકંદ-શક્કરકંદ સમજો છો ભાઈ? શક્કરકંદ હોય છે ને? એની ઉપરની લાલ છાલ હોય છે ને? લાલ છાલ ન જુઓ તો અંદર શક્કરકંદ છે. શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ. એટલે એને શક્કરકંદ કીધું છે. શક્કર એટલે સાકર. સાકરની મીઠાશનો પિંડ. ઉપર લાલ છાલ જરી છે એ ન દેખો તો (સાકરનો કંદ છે).

એમ આ ભગવાનઆત્મા દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ લાલ છાલ છે. આહાહા..! એને ન દેખો તો અંદરમાં આનંદનો કંદ પ્રભુ છે. અરે..! ક્યાં બેસે? એ વાત સાંભળવા મળે નહિ. અને સાંભળવા મળે તો કહે એ.. એ.. એ.. એ.. એ તો એકાંત છે... એકાંત છે... એકાંત છે... એમ કરીને કાઢી નાખ્યું બિચારાએ. શું કરે? સમજાય છે કાંઈ? દાખલો એનો આપીએ છીએ. નાળિયેરનો આપીએ છીએ.

નાળિયેર નહિ? નાળિયેર. નાળિયેર સમજો છો? શ્રીફળ. શ્રીફળ હોય છે ને? નાળિયેર. નાળિયેરના ઉપરના છાલા એ જુદી ચીજ છે. કાચલી. કાચલીને હિન્દીમાં શું કહે? નરેટી. એ કાચલી જુદી ચીજ છે, છાલાં જુદી ચીજ છે અને કાચલી કોરની લાલ છાલ છે. ટોપરાપાક બાયું કરે ત્યારે એને ઘસી નાખે છે ને? લાલ છાલ. એ લાલ છાલ, કાચલી અને છાલા એનાથી અંદર ભિન્ન શેર-દોઢ શેરનું મીઠું ટોપરું, ગોળો ધોળો અને મીઠો, એને નાળિયેર કહીએ.

એમ આ દેહમાં... આ દેહ છે એ છાલા છે ઉપરના. કર્મ અંદર આઠ કર્મ એ કાચલી છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો ભાવ એ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ શ્રીફળનો ગોટો ધોળો અને મીઠો (છે), એમ આત્મા નિર્મળ અને આનંદનું દળ પડ્યું છે અંદર. પણ કેમ (બેસે)? ભાઈ! કોઈ દિ' ખબર ન મળે. આહાહા..! સમજાણું કાંઈ? એની ઉપર નજર નહિ અને ફક્ત ઓલી લાલ છાલ ઉપર નજર. આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ લાલ છાલ ફોતરાં છે. આહાહા..! આકરું કામ.

એ અહીં કહે છે, ભલે મુખ ફુલાવો. અમે ધર્મી છીએ એમ માનો. તો કોણ ના પાડે? બાપા! છો તો મિથ્યાદૃષ્ટિ. આહાહા..! અરેરે..! અનંત અવતાર થયા. અનંત અનંત અવતાર કાગડાના, કૂતરાના... આહાહા..! નરક-નિગોદમાં (ગયો), ભાઈ! તું ભૂલી ગયો. તું અનાદિનો પ્રભુ છો ને. તો ક્યાં રહ્યો તું? આ રહ્યો ચાર ગતિમાં દુઃખી થઈને રખડતો રહ્યો. નરકના, મનુષ્યના, ઢોરના, સ્વર્ગના બધા ચારેય ગતિ દુઃખ. આહાહા..! એવા દુઃખના અનંતા ભવ કર્યા, પ્રભુ! તું થાક્યો નહિ. થાક ન લાગ્યો તને. આહાહા..! હવે તો સમજ, કહે છે. ઈ કહેશે હમણા. ૧૩૮ કળશમાં કહેશે. આહાહા..! હવે તો ટાણા આવ્યા, પ્રભુ! હવે

સમજ તો ખરો. અંદરમાં અતીન્દ્રિય આનંદનો રસકંદ છે ને પ્રભુ તું. અતીન્દ્રિય આનંદનું દળ છો તું. આ ઇન્દ્રિયના વિષયમાં સુખ માને છે એ તો કલ્પના ને રાગ ને ઝેર છે. આહાહા..!

અહીંયાં વ્રતાદિ તપનો ભાવ શુભ, એને પ્રભુ તો ઝેર કહે છે. 'સમયસાર' 'મોક્ષ અધિકાર'. રાગ છે માટે ઝેર છે. ભગવાન અંદર રાગથી ભિન્ન અમૃતનો સાગર પડ્યો છે. આહાહા..! એની નજરું કરતો નથી, એને સ્વીકારતો નથી, એના તરફનો સત્કાર અને સ્વીકાર નથી અને આ રાગની ક્રિયાનો સ્વીકાર (કરીને) માન કે ધર્મ કરીએ છીએ અને (મુખ) ભલે ફુલાવ પણ અનંત સંસારમાંથી નીકળી નહિ શકે તું. સમજાણું કાંઈ? કહો, 'કાલિદાસભાઈ'! આવી વાતું છે. આ પૈસા-બૈસાનું શું કરવું? કરોડો રૂપિયા અને પથારા મોટા હોય ને બે-પાંચ-દસ-પચ્ચીસ કરોડ (હોય). ધૂળ છે માટી. ત્યાં ક્યાં સુખ હતા? સુખ તો અહીં છે. એમાંથી સુખ આવતું હશે? આહાહા..!

અહીંયાં કહે કે મોઢું ફુલાવ તો ફુલાવ. છે? **'અથવા કેવા છે?'** **'समितिपरतां'** આહાહા..! સાધુ થઈને ઈર્યા સમિતિથી જોઈને ચાલે, વિચારીને બોલે. એ બધી ક્રિયાઓ રાગની છે. આહાહા..! એને માટે કરેલો આહાર ન લે એષણાસમિતિથી. તો એ પણ વિકલ્પ ને રાગ છે. આહાહા..! એ પાંચ સમિતિમાં... કહે છે, **'समितिपरतां आलम्बन्ता'** **'મૌનપણું અથવા થોડું બોલવું અથવા પોતાને હીણો કરી બોલવું,...'** કેટલાક એવા હોય કે બહુ ઓછું બોલે એટલે જાણે કે ઓહોહો..! મૌન રાખીને ઓછું બોલે એટલે.. એમાં શું? દાળિયા શું થયા? ધૂળ. આહાહા..! વાણિયા વેપારમાં નથી કહેતા? કાંઈક દાળિયા થયા? એમ કહે છે વાણિયા. નહિ? કાંઈક દાળિયા થયા? દાળિયા એટલે... એમ આમાં શું દાળિયા થયા તારા? કહે છે. આહાહા..! એ તો બધી રાગની ક્રિયા. ફુલાવ મન. માન ભલે, માન તો કોણ ના પાડે છે તને? વીતરાગ તો તને કહે છે કે તું મિથ્યાદૃષ્ટિ છો. તારો નાથ અંદર બિરાજે છે સચ્ચિદાનંદ પ્રભુ, એની તો તને ખબરું નથી, એનો તને સ્વીકાર નથી, એનો તને સત્કાર નથી, એનો તને આદર નથી અને રાગની ક્રિયા જે શુભની, જે સ્વભાવથી વિરોધ છે, એનો તને આદર છે, સત્કાર છે, સ્વીકાર છે. માન કે હું ધર્મી છું પણ કર્મબંધન (કરીને) એકાંત સંસાર વધારે છો. આહાહા..! 'પાનાચંદભાઈ'! આવી વાતું છે, બાપા! આવું સાંભળ્યું નથી જિંદગીમાં. આહાહા..! છે અંદર? છે કે નહિ? આ 'સોનગઢ'નું છે? શાસ્ત્ર કોનું છે આ?

મુમુક્ષુ :- શેઠ હોત તો કહેત કે સોનગઢનું છે. ક્યાંય સત્ નથી.

ઉત્તર :- આ શ્લોકો તો પહેલાના હજારો વર્ષના છે. 'અમૃતચંદ્રાચાર્ય'ના. એના મૂળ શ્લોકો 'કુંદકુંદાચાર્ય'ના બે હજાર વર્ષ પહેલાના. અને આ અર્થ કરેલા એ ૨૦૦ વર્ષ પહેલાના 'રાજમલ' છે એણે કરેલા છે. આહાહા..!

કહે છે, **'મૌનપણું...'** રાખો. બોલવું નહિ. મૌન. બાર-બાર મહિના સુધી મૌન રહે. એથી શું થયું પણ હવે એમાં? એ તો જડની ક્રિયા છે તો ભાષા ન થઈ. એમાં મૌનપણામાં ધર્મ ક્યાં આવ્યો? આહાહા..! ઓલો 'જામનગર'માં હતો ને? નહિ? મૌન રહેતા. પ્રોફેસર નહિ. નામ ભૂલી ગયા. કેવું નામ?

મુમુક્ષુ :- ભણસાલી.

ઉત્તર :- ભણસાલી નહિ. એ નહિ. બહાર 'જામનગર' બહારમાં હતા એક, નહિ? બ્રાહ્મણ હતા અને પછી સાધુ થઈ ગયા છે. એનો મોટો યજ્ઞ કર્યો હતો. 'જામનગર' બહાર. નામ ભૂલી ગયા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શું નામ?

મુમુક્ષુ :- મહારાજ હતા.

ઉત્તર :- ઈ, ઈ, એ બહાર હતા ને યજ્ઞ મોટો કર્યો હતો. મૌન બહુ રહેતા. કાષ્ટમૌન. એમાં દાળિયા શું થયા? 'જામનગર' બહાર હતા. ભૂલી ગયા નામ એનું. ગુજરી ગયા. ઘણા વર્ષથી જાણતા હતા ને. 'જામનગર' તો ઘણા વર્ષથી આવતા ને. એ હતા. એક બ્રાહ્મણ મહારાજ હતા. મૌન રહે અને પછી લોકો ભેગા થાય. મોટો યજ્ઞ કરાવ્યો હતો. લાખો રૂપિયા ખર્ચ્યા હતા. ઘણા લાખો ખર્ચ્યા હતા. એમાં શું થયું? બાપા!

અહીં ઉજવણા કરે ને મોટા વર્ષીતપ કરીને? પાંચ-દસ-પચ્ચીસ લાખ ખર્ચે. એમાં દાળિયા શું થયા? ત્યાં ધર્મ ક્યાં આવ્યો? વર્ષીતપમાં તો અપવાસમાં તો કરે. રાગની મંદતા કરી હોય તો મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્યનો ભાવ છે. આહાહા..! તારો નાથ અંદર છે એની તો તને નજરું નથી. અનંત અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ અંદર બિરાજે છે. આહાહા..! જેના એક સમયમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન, દર્શન, એવી અનંતી શક્તિરૂપ ગુણનો ભંડાર મોટો છે. અનંત અનંત ગુણનો ગોદામ પ્રભુ અંદર છે. અરે..! પ્રભુ! તને ખબર નથી. અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ અનંત ગુણનો ગોદામ આત્મા છે, ભાઈ! તારા ગોદામ તો બધા સમજવા જેવા છે. આહાહા..! એવું જીવ સ્વરૂપ, જે આત્માનું ત્રિકાળી સ્વરૂપ, શુદ્ધ ચૈતન્યને અંતરમાં દૃષ્ટિમાં લીધા વિના (બધું થોથા છે). આહાહા..! ભગવાનસ્વરૂપે બિરાજે પોતે તેનો અનાદર અને રાગની ક્રિયા વિભાવિક ક્રિયા જે સ્વભાવથી વિરુદ્ધ, એનો આદર. માન તું તારે ધર્મ માન. સંસારમાં રખડીશ, મરીશ. આહાહા..! સમજાણું કાંઈ? મારગડા આમ છે, બાપુ! અત્યારની શૈલીથી જુદી જાત છે. અત્યારની શૈલી તો બધે સાંભળવા આ જ મળે-વ્રત કરો, અપવાસ કરો, ઉપધાન કરો, જાત્રા કરો, મંદિર બનાવો, ગજરથ ચલાવો, મોટા વરઘોડા કાઢો.

મુમુક્ષુ :- મુનિઓને આહાર આપો.

ઉત્તર :- મુનિઓને આહાર આપો. હજી તમે મુનિ છો કે નહિ એની તમને ખબર નથી. દેનાર મુનિ માનીને આપે છે તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ઝીણી વાત, ભગવાન! બહુ ફેર.. બહુ ફેર.

મુમુક્ષુ :- તે કસોટી આકરી બહુ છે.

ઉત્તર :- મારગ એવો છે. જેના એક ક્ષણમાં સમ્યગ્દર્શન.. જેનું સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એના જ્ઞાનમાં એ જ્ઞેય પૂર્ણ જે આવે અને રાગાદિ પરજ્ઞેય તરીકે જેમાં ભાસે, એવી જે સમ્યક્ દશા અને સમ્યગ્દર્શન એ અલૌકિક ચીજ છે. એના વિના જન્મ-મરણનો અંત કોઈ દિ' નહિ

આવે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**समितिपरतां**' જોયું! '**समितिपरतां**' આહાહા..! '**સમાનરૂપ સાવધાનપણું,...**' બોલવું નહિ, ઓછુ બોલવું, મૌન રાખવું. આહાહા..! એથી શું થયું? બાપુ! એ તો જડની ક્રિયા પૂરી... આહાહા..! અને કદાચિત્ એમાં રાગની મંદતા રાખી હોય શુભભાવ, એ પણ રાગ છે. આહાહા..! એવી ક્રિયામાં ધર્મ કરીએ છીએ એમ તું માને તો માન. સમિતિમાં પરમાં બરાબર તત્પર. એષણા સમિતિ, જોઈને ચાલે, જોઈને આહાર લે, નિર્દોષ લે. એના માટે કરેલો પ્રાણ જાય તોપણ ન લે. એવી સમિતિ પાળ તો પાળ, પણ સમ્યગ્દર્શન વિના એ બધા થોથાં તારા છે. આહાહા..! છે?

'**તેને અવલંબે છે અર્થાત્ સર્વથા પ્રકારે આ રૂપે પ્રકૃતિનો સ્વભાવ છે...**' એ તો પ્રકૃતિનો સ્વભાવ (છે). આહાહા..! રાગ મંદ થયો એ પ્રકૃતિનો સ્વભાવ છે. તારો સ્વભાવ નહિ, પ્રભુ! આવી વાતું. આહાહા..! લાખો-કરોડો માણસ કાંઈક માને અને આ કાંઈક વાત. હવે આમાં અથડામણ જ ઊભી થાય ને. આહાહા..! બાપુ! તને ખબર નથી, ભાઈ! અંતર નિધાન પડ્યું છે મોટું. આહાહા..! અનાકુળ આનંદનો નાથ અંદર બિરાજે છે. અનાકુળ અતીન્દ્રિય જ્ઞાનનો સાગર આત્મા છે. આહાહા..! અનાકુળ ઈશ્વરતાની શક્તિનો ભંડાર છે. એ તરફની નજર વિના તારી નજરું વર્તમાન પર્યાયની ક્રિયા અને રાગ ઉપર છે. માનો તત્પર થઈને. છે તો મિથ્યાદૃષ્ટિ, કહે છે.

'**समितिपरतां**' પાંચ સમિતિમાં તત્પર રહે બરાબર. '**परतां**' છે ને? અને પાંચ સમિતિનું આલંબન લે. જોઈને ચાલે. પણ એ બધી ક્રિયા તો રાગની છે. આહાહા..! અરેરે..! આવી વાત સાંભળે ક્યાં? આ તે જૈનધર્મનો આવો માર્ગ હશે? આવું સાંભળ્યું હતું? 'પાનાચંદભાઈ'! એ તો અપાસરાની જોડે રહેનારા. આહાહા..! બાપુ! મારગ જુદો, ભાઈ! એણે કરવટ બદલી નહિ. એ રાગને પડખે પડ્યો છે. એ સ્વભાવને પડખે આવ્યો નહિ. આહાહા..! આ રાતે સૂવે છે ને? એક બાજુ (સૂતો હોય) પછી પડખું ફેરવે. કરવટ કહેવાય. એમ આણે પર્યાયબુદ્ધિમાંથી પડખું ફેરવ્યું નહિ, સ્વભાવ સન્મુખ ગયો નહિ. આહાહા..!

'**समितिपरतां आलम्बन्ता**' આલંબો. આલંબન લ્યો ભલે. પણ એ તો પ્રકૃતિનો સ્વભાવ છે, તારો નહિ, આત્માનો નહિ. આહાહા..! ગજબ વાતું છે. પ્રભુ! તું કોણ છો? તું તો જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે ને તું. તને તારી મોટપની ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને પામર ચીજ જે રાગાદિ એની તને મહિમા અને સત્કાર. આહાહા..! હેરાન થઈ ગયો, પ્રભુ! તું. આહાહા..! સમજાણું કાંઈ? વાડામાં રહે તો વાડામાં રહેવા ન દે.

મુમુક્ષુ :- જંગલમાં રહે તો સમજાય.

ઉત્તર :- અહીં તો જંગલ છે. જેને માનવું હોય એ માનો, બાપા! માર્ગ આ છે. આહાહા..! અમારે તો ઘણું આવ્યું હતું ને. (સંવત) ૧૯૮૦ની સાલમાંથી પ્રરૂપણા થોડી કરી બહારમાં કે આ સંપ્રદાયની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે એમ છે નહિ, કીધું. વસ્તુ બીજી છે. ત્યાં ખળભળાટ-ખળભળાટ થઈ ગયો. ૧૯૮૦ની વાત છે. 'બોટાદ' ચોમાસું હતું. ૮૦. ૫૩ વર્ષ

થયા. ચોમાસું પૂરું થયું પછી છેલ્લે (કહ્યું). 'મૂળચંદજી' હતા અમારે ગુરુભાઈ. (એણે) બધાને ભેગા કરીને (કહ્યું) જુઓ! ભાઈ! એ તમે ગમે તે સાંભળ્યું. આપણી શ્રદ્ધા તો ગણધર જેવી છે, સમકિતી (છીએ). હવે આપણે વ્રત અને તપ કરવા એ ચારિત્ર છે. આમ કહીને બધાને સમાધાન કર્યું. આ તો ૫૩ વર્ષ પહેલાની વાત છે. માણસો તો હજારો. સભામાં-વ્યાખ્યાનમાં પંદરસો-પંદરસો માણસ, ત્યાં 'બોટાદ'માં તો. ૧૯૮૦, ૧૯૭૭નું ચોમાસું, ૧૯૭૯, ૧૯૮૦નું બધું ત્યાં કર્યું. આહાહા..! ખળભળાટ-ખળભળાટ થઈ ગયો. એ તો ૧૯૮૦(ની વાત થઈ).

પછી ૧૯૮૫માં તો સભા મોટી. પંદરસો માણસ ત્યાં. ૩૦૦ ઘર. આપણા દશાશ્રીમાળીના ઘર. 'રાયચંદ ગાંધી'ને મોટા ગૃહસ્થો પૈસાવાળા. વિશાશ્રીમાળીમાં 'નારાયણ ભુદર' એ સંઘના શેઠ હતા. 'નારાયણ ભુદર' 'બોટાદ'. બધા આવતા વ્યાખ્યાનમાં. અપાસરામાં સમાય નહિ. પછી વાત કરી તે દિ'. હળવે દઈને. ૧૯૮૫ની વાત છે. કીધું, આ પંચમહાવ્રતના પરિણામ છે તે આસ્રવ છે. 'પાનાચંદભાઈ'! ૫૩ વર્ષ પહેલા 'બોટાદ'માં ક્હેલું. અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધન પડે નહિ અને જે ભાવે બંધન પડે તે ભાવ ધર્મ નહિ. આહાહા..! બધા શેઠિયાઓ બેઠા હતા. 'રાયચંદ ગાંધી'. મોટી સભા. એમાં પણ અમારું માન મોટું હતું ને. સંપ્રદાયમાં તો. 'પોપટભાઈ'ને બધા આવતા તમારા બાપ. 'ચુડા'. બધાને ઓળખીએ ને. ૧૯૭૧થી જાણીએ છીએ 'ચૂડા'ને તો. ૧૯૭૧માં પહેલા આવ્યા હતા. આહાહા..!

એક પોલીસ હતો. વ્યાખ્યાન છાપ્યું હતું. ઓલો ઓટલો છે ને બહાર? ત્યાં બેઠેલો. હવે ફેરવી નાખ્યું જરી. બહાર ઓટલો હતો. પોલીસે બધું સાંભળ્યું. કહે, મહારાજ! તમે આ બધાને સાધુ કરી દેશો તો પછી એને વહોરાવનાર કોણ રહેશે? એક પોલીસે એવો પ્રશ્ન કર્યો. 'ચૂડા'માં. બાપુ! એ પ્રશ્ન એમ ન હોય. સજ્જન માણસ એમ કહે, હું કરોડપતિ થઈશ, તો પછી વાસણના ઉટકનારા કોણ રહેશે? એમ વિચારતા હશે? આ તો તે દિ'ની વાત છે, હોં! લગભગ ૧૯૭૮ની સાલ હશે. આહાહા..! માણસો અંદર સમાય નહિ પછી ઓટલે બેસે. સામે 'ખીમચંદ વોરા'ની દુકાન હતી. 'ખીમચંદભાઈ'ની સામે દુકાન હતી. આહાહા..!

અહીં પ્રભુ કહે છે, માર્ગ જુદો. આહાહા..! જેમાં જન્મ-મરણના અંત આવે, બાપા! (એ ધર્મ છે). એ વિના બધી વાતું થોથે થોથાં છે. અહીં તો કહે છે, પંચમહાવ્રત પાળો અને અગિયાર અંગના શાસ્ત્રના કરોડો-અબજો શ્લોકો જાણો, કંઠે કરો અને પાંચ સમિતિમાં તત્પર રહો, તોપણ એ સંસાર છે, રાગની ક્રિયા છે. આહાહા..! સાંભળ્યું જાય નહિ, હોં! જગતને કઠણ પડે. શું થાય? લોકોએ અને સાધુએ એવી પ્રરૂપણા કરી છે અને સાંભળનારને એ જ મળ્યું છે બિચારાને. બધા પ્રરૂપણા એ જ કરે. આ કરો, વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો.

ભગવાન અહીં તો કહે છે કે પાંચ સિમિતિમાં ભલે તત્પર હો. આહાહા..! છે? **'સર્વથા પ્રકારે આ રૂપે પ્રકૃતિનો સ્વભાવ છે જેમનો, એવા છે;...'** એ તો પ્રકૃતિનો સ્વભાવ. એ કાંઈ તારો ધર્મ નહિ, કહે છે. **'તથાપિ રાગી હોવાથી મિથ્યાદૃષ્ટિ છે,...'** પણ એ રાગનો પ્રેમ છે ને એ ક્રિયાનો રાગ છે, વિકલ્પ છે. એનો પ્રેમ છે, રાગની રુચિ છે અને સ્વભાવની અરુચિ છે.

આહાહા..! ત્રિકાળી અતીન્દ્રિય આનંદનો નાથ, પ્રભુ! એના પ્રત્યે અરુચિ છે અને રાગની તને રુચિ છે. મિથ્યાદૃષ્ટિ છો, કહે છે. તને જૈનની ખબર છે નહિ. આહાહા..!

**'કર્મબંધને કરે છે.'** છે? આહાહા..! **'તથાપિ રાગી હોવાથી...'** પાંચ સમિતિમાં તત્પર, પંચમહાવ્રત પાળે તો કહે છે, રાગી (છો). કેમકે એ વિકલ્પ છે, એ તો વૃત્તિ છે. એ ક્યાં આત્માનો સ્વભાવ છે? આહાહા..! **'કર્મબંધન કરે છે. ભાવાર્થ આમ છે કે-જે કોઈ જીવ પર્યાયમાત્રમાં રત હોતાં પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે...'** જુઓ! શું કહે છે? **'જીવ પર્યાયમાત્રમાં રત...'** પર્યાય રાગ ને પુણ્ય ને દયા ને દાન ને વર્તમાન પર્યાયમાં રત છે. આહાહા..! દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળ છે એની તો ખબર પણ નથી એને. આહાહા..! સમજાણું કાંઈ? હિન્દી છે કે ગુજરાતી? હિન્દી છે. ઠીક!

**'જે કોઈ જીવ પર્યાયમાત્રમાં રત હોતાં પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે...'** આહાહા..! જેને એ પર્યાય એટલે વર્તમાન દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પર્યાય રાગ છે. રાગબુદ્ધિ છે એ પર્યાયબુદ્ધિ છે. આહાહા..! છે એમાં? આવું છે. આ શ્લોક તો એવો આવ્યો છે. આહાહા..! **'જે કોઈ જીવ...'** એ રાગની ક્રિયા, અરે..! રાગ શું? વર્તમાન જ્ઞાનનો ઉઘાડ એક સમયનો છે એ પર્યાય છે-અવસ્થા છે. એની જેને રુચિ છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! ભગવાનઆત્મા એક સમયની અવસ્થાની પાછળ ત્રિકાળી સચ્ચિદાનંદ આનંદકંદ પ્રભુ બિરાજે છે. એની તો જેને નજરું કરવાનો વખત નથી, એની સામું જોવાને ટાઈમ મળતો નથી. આહાહા..! આવી વાતું હવે.

કહે છે, એ **'પ્રગટ મિથ્યાદૃષ્ટિ છે...'** છે? પ્રગટ મિથ્યાદૃષ્ટિ. ગુપ્ત પણ નહિ. એની પ્રરૂપણામાં જ એ આવે છે. વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો એમાંથી તમને ધર્મ થાય. એ એની પ્રરૂપણા જ એવી મિથ્યાદૃષ્ટિની છે, કહે છે. આહાહા..! 'પુનાતર'! આવી વાતું છે. **'તેમની પ્રકૃતિનો સ્વભાવ છે...'** એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. રાગ મંદ કરીને અપવાસ કર્યા, વ્રત પાળ્યા એ તો પ્રકૃતિનો સ્વભાવ છે. એ કાંઈ ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, એનો એ સ્વભાવ નથી. આહાહા..!

**'અમે સમ્યગ્દૃષ્ટિ, અમને કર્મબંધ નથી એવું મુખથી ગરજે છે,...'** અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ. અમને શું શ્રદ્ધા નથી ભગવાનની? અમે સમકિતી છીએ. ભગવાનને નથી માનતા અમે? પણ ભગવાનને માન તો એ તો રાગ છે. પરમેશ્વરને માનવું એ પણ રાગનો ભાગ છે. આહાહા..! અરે..! આમ બેસે કેમ? બાપુ! એ કહે છે. **''અમે સમ્યગ્દૃષ્ટિ, અમને કર્મબંધ નથી' એવું મુખથી ગરજે છે,...'** મુખથી ગરજે. વાતું મોટી મોટી કરે કે આહાહા..! અમે તો વર્ષીતપ કર્યા, પાછળ પોણો લાખ રૂપિયા ખર્ચ્યા. આ શેઠાણીએ કર્યા હતા ને? 'જેસંગ ઉજમશી'એ મીલવાળા 'અમદાવાદ'. અહીં તો આવ્યા હતા ને. બધા આવતા ને. 'જેસંગ' બધા શેઠીયા બધા આવી ગયા છે ને અહીં. એના શેઠ 'મંગળભાઈ' હતા. એની વહુ બીજી નવી હતી એણે વર્ષીતપ કર્યું હતું. એ તો કરોડપતિ માણસ છે. અહીં 'પાલિતાણા' આવ્યા હતા. લઈને... શું કહે? સ્પેશ્યલ. પોણો લાખ ખર્ચ્યા. પોણો લાખ. ગૃહસ્થ માણસ હવે પોણો લાખ. ગૃહસ્થ માણસ. પોણો લાખ શું ધૂળ ત્યાં ગણ તો એની

ક્યાં છે? પણ માને કે અમે ધર્મ કર્યા. અને સાધુઓ પણ એને આહા..! ફૂલમાળા પહેરાવે, આ કરે તે કરે. રાજી રાજી બધા થઈ જાય.

**'અમને કર્મબંધ નથી એવું મુખથી ગરજે છે, કેટલાક પ્રકૃતિના સ્વભાવને લીધે મૌન જેવા રહે છે,...'** મૌન રહેવું આદિ તો પ્રકૃતિનો સ્વભાવ છે. રાગનો સ્વભાવ છે. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! **'કેટલાક થોડું બોલે છે;...'** બહુ થોડું બોલે એટલે જાણે કે.. આહાહા..! બહુ ત્યાગ કર્યો એણે. મૌનપણું સેવે તો લાભ થાય. તે પણ કેવું મૌનપણું? બાપુ! આહાહા..! છે? **'આ પ્રમાણે રહે છે તે સમસ્ત પ્રકૃતિનો સ્વભાવભેદ છે,...'** એ તો કોઈ પ્રકૃતિની મંદતા રાગની હોય એ જ કરાવે.એ કાંઈ વસ્તુનું સ્વરૂપ નથી.

**'એમાં પરમાર્થ તો કાંઈ નથી.'** છે? પંચમહાવ્રત પાળે, પાંચ સમિતિમાં નિર્દોષ આહાર લે. અત્યારે તો એને માટે કરેલા બધા તૈયાર રાખે છે. વહોરવા આવે ને સવારમાં દૂધ કરી રાખે, ચા કરી રાખે. એની વાત તો અહીં છે જ નહિ. આ તો બરાબર સમિતિ પાળે, એને માટે કરેલું લે નહિ. મહાવ્રત સારા પાળે, પણ છતાં તે પરમાર્થ નથી. આહાહા..! 'શાંતિભાઈ'! 'દિલ્હી'માં ક્યાં છે? પરમાત્માના ઘરની વાતું છે, બાપુ! જિનેન્દ્રદેવ વીતરાગ સ્વભાવની વાતું કરનારા. રાગની ક્રિયાઓ એ પરમાર્થ માર્ગ નહિ. આહાહા..!

**'જેટલા કાળ સુધી જીવ પર્યાયમાં પોતાપણું અનુભવે છે...'** આ એનો સરવાળો લીધો. જેટલા કાળ સુધી વર્તમાન દશા અને વર્તમાન દશામાં રાગની મંદતાની ક્રિયા, એ પર્યાયમાં જેટલા કાળ સુધી રત છે.. આહાહા..! **'તેટલા કાળ સુધી મિથ્યાદષ્ટિ છે,...'** આવું છે. **'જેટલા કાળ સુધી જીવ પર્યાયમાં...'** પર્યાય એટલે અવસ્થા-હાલત. દ્રવ્ય ધ્રુવ છે ત્રિકાળી પ્રભુ, એમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. આ ભગવાનની વાણી. એમાં ઉત્પાદ-વ્યય છે એ પર્યાય છે, ધ્રુવ એ ત્રિકાળી શક્તિનો પિંડ છે આખો. હવે એ ત્રિકાળી વસ્તુ છે એની તો એને ખબર ન મળે, એની નજરું ન મળે, એનો અનુભવ ન મળે અને પર્યાય ને રાગ, વર્તમાન દશામાં રત છે, આહાહા..! એમાં **'પોતાપણું અનુભવે છે...'** જોયું! એ રાગની ક્રિયા મારી છે, મેં કરી છે, મને લાભદાયક છે એમ અનુભવે છે.

મુમુક્ષુ :- કામ જે કરવું છે એ તો પર્યાયમાં કરવાનું છે ને.

ઉત્તર :- પર્યાય, પણ કઈ પર્યાય? નિર્મળ પર્યાય. એ નિર્મળ પર્યાય થાય ક્યારે? ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લે ત્યારે. પર્યાયને આશ્રયે પર્યાય ન થાય. ઝીણી વાત છે, બાપા! વર્તમાન પર્યાયને આશ્રયે સમકિતપર્યાય ન થાય. સમકિત એ પર્યાય છે, પણ એ ત્રિકાળી જ્ઞાયકભાવ ચિદાનંદપ્રભુને આશ્રયે સમકિત થાય. આહાહા..! હવે આમાં ક્યાં મેળ કરવો? વાડામાં તો રહેવા ન દે, ઊભા રહેવા ન દે, એવી વાતું છે, બાપુ! આ તો જંગલ છે. આ તો જંગલ હતું. આ તો હવે વસ્તી વધી ગઈ. અહીં તો પાડા બેસતા. બાપુ! માર્ગ તો આવો છે, ભાઈ!

**'જેટલા કાળ સુધી જીવ પર્યાય...'** એટલે વર્તમાન દશા. દેખો! એ રાગાદિ ક્રિયા એ વર્તમાન દશા અને વર્તમાન પર્યાય એક અંશ જે ઉઘડેલો ક્ષયોપશમભાવ છે, વર્તમાન પર્યાયનો અંશ છે એમાં રત છે, તેને **'અનુભવે છે તેટલા કાળ સુધી મિથ્યાદષ્ટિ છે,...'**

પર્યાયબુદ્ધિ મિથ્યાદષ્ટિ, દ્રવ્યબુદ્ધિ સમકિતદષ્ટિ. દ્રવ્ય એટલે શું આ પૈસા? અંદર દ્રવ્ય ભગવાન આનંદનો નાથ પડ્યો છે, ભાઈ! તને ખબર નથી. જેમાંથી કેવળજ્ઞાની પરમાત્માને કેવળજ્ઞાન, અનંત આનંદ પ્રગટ્યા જ કરે. એ કેવળજ્ઞાન પણ પર્યાય છે. એ પર્યાય પ્રગટ્યા જ કરે એવી ખાણ અંદર છે. આહાહા..! અરેરે..! કોણ છે ધ્રુવ? અને શું છે? એની ખબર ન મળે. પર્યાયબુદ્ધિ એટલો કાળ તો મિથ્યાદષ્ટિ છે. '**રાગી છે,...**' જેને રાગની ક્રિયામાં પ્રેમ છે એ બધા મિથ્યાદષ્ટિ રાગી છે. ઓહોહો..! જે પરિચયમાં આવે ઈ વાત ખોટી, કહે છે અને ઓલો (અનુભવમાં) નથી આવતો (ઈ સાચી). '**જેટલા કાળ સુધી જીવ (વર્તમાન) પર્યાયમાં (ને રાગમાં) પોતાપણું અનુભવે છે તેટલા કાળ સુધી મિથ્યાદષ્ટિ છે,...**' તેટલા કાળ સુધી '**રાગી છે,...**' તેટલા કાળ સુધી નવા અનંત સંસારનું કારણ '**કર્મબંધને કરે છે.**' આહાહા..! એ ૧૩૭ શ્લોક પૂરો થયો. આહાહા..!

અમે ધર્મી છીએ, અમે ધર્મ કરીએ છીએ, વર્ષીતપ કરીએ છીએ, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. પેલો ચંડાલનો દાખલો આપ્યો છે ને? ચંડાલણીના બે દીકરા. એક દીકરો બ્રાહ્મણ લઈ ગયો. એ કહે, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ, અમારે આ ખપે નહિ. પણ છે તો ચંડાલણીનો દીકરો. એમ પુણ્યપરિણામ શુભ છે એ ચંડાલણીનો દીકરો વિભાવ છે. એ કહે, અમારે આ ખપે નહિ, ફલાણું ખપે નહિ, ફલાણું ખપે. પણ છો કોણ? ચંડાલણી વિભાવ શુભભાવમાં છો તું. આહાહા..! વિશેષ કહેશે, લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(મંદાક્રાંતા)

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।६-१३८।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'भो अन्धाः' ( भो ) સમ્બોધન વચન; ( अन्धाः ) **શુદ્ધસ્વરૂપના અનુભવથી શૂન્ય છે જેટલો જીવરાશિ તે,** ' तत् अपदम् अपदं विबुध्यध्वम्' ( तत् ) **કર્મના ઉદયથી છે જે ચાર ગતિરૂપ પર્યાય તથા રાગાદિ અશુદ્ધપરિણામ તથા ઈન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખ ઈત્યાદિ અનેક છે તે જેટલું કંઈ છે તે**-( अपदम् अपदं ) **કર્મસંયોગની ઉપાધિ છે, બે વાર કહેતા સર્વથા જીવનું સ્વરૂપ નથી,** ( विबुध्यध्वम् ) **એમ અવશ્ય જાણો. કેવી છે માયાજાળ?** 'यस्मिन् अमी रागिणः आसंसारात् सुप्ताः' ( यस्मिन् ) **જેમાં કર્મના ઉદયજનિત અશુદ્ધ પર્યાયમાં,** ( अमी रागिणः ) **પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ તેઓ** ( आसंसारात् सुप्ताः ) **અનાદિ કાળથી સૂતા છે અર્થાત્ અનાદિ કાળથી તે-રૂપ પોતાને અનુભવે છે. ભાવાર્થ આમ છે કે-અનાદિકાળથી આવા સ્વાદને**

સર્વ મિથ્યાદષ્ટિ જીવો આસ્વાદે છે કે 'હું દેવ છું, મનુષ્ય છું, સુખી છું, દુઃખી છું;' આમ પર્યાયમાત્રને પોતારૂપ અનુભવે છે, તેથી સર્વ જીવરાશિ જેવું અનુભવે છે તે બધું જૂઠું છે, જીવનું તો સ્વરૂપ નથી. કેવો છે સર્વ જીવરાશિ? 'प्रतिपदम् नित्यमत्ताः' ( प्रतिपदम् ) જેવો પર્યાય ધારણ કર્યો તે જ રૂપે ( नित्यमत्ताः ) એવો મતવાલો થયો કે કોઈ કાળે કોઈ ઉપાય કરતાં મતવાલાપણું ઊતરતું નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દેખાડે છે-' इतः एत एत' પર્યાયમાત્ર અવધાર્યો છે પોતાને એવા માર્ગે ન જાઓ, ન જાઓ, કેમ કે (તે) તારો માર્ગ નથી, નથી; આ માર્ગ પર આવો, અરે! આવો, કેમકે 'इदम् पदम् इदं पदं' તારો માર્ગ અહીં છે, અહીં છે, 'यत्र चैतन्यधातुः' ( यत्र ) જ્યાં ( चैतन्यधातुः ) ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે. કેવું છે? 'शुद्धः शुद्धः' સર્વથા પ્રકારે સર્વ ઉપાધિથી રહિત છે. 'શુદ્ધ શુદ્ધ' બે વાર કહીને અત્યંત ગાઢ કર્યું છે. વળી કેવું છે? 'स्थायिभावत्वम् एति' અવિનશ્વરભાવને પામે છે. શા કારણથી? 'स्वरसभरतः' ( स्वरस ) ચેતનાસ્વરૂપના ( भरतः ) ભારથી, અર્થાત્ કહેવામાત્ર નથી, સત્યસ્વરૂપ વસ્તુ છે, તેથી નિત્ય-શાશ્વત છે. ભાવાર્થ આમ છે કે જેને-પર્યાયને-મિથ્યાદષ્ટિ જીવ પોતારૂપ જાણે છે તે તો સર્વ વિનાશક છે, તેથી જીવનું સ્વરૂપ નથી; ચેતનામાત્ર અવિનાશી છે, તેથી જીવનું સ્વરૂપ છે. ૬-૧૩૮.

## આસો વદ ૯, શનિવાર, તા.૫-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૮, પ્રવચન - ૧૪૦

'કળશટીકા' ૧૩૮ કળશ છે.

आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः
सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमन्धाः।
एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः
शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति।।६-१३८।।

સૂક્ષ્મ વિષય છે, પ્રભુ! અનાદિકાળનો આત્મા, જે પોતાનું અંદર સ્વરૂપ છે, શુદ્ધ ચિદ્ઘન આનંદકંદ પ્રભુ આત્માનું સ્વરૂપ છે. એને ભૂલીને અનાદિકાળથી પુણ્ય અને પાપના ભાવ અને આ શરીરાદિ ધૂળ જડ અને અશુદ્ધાદિ પુણ્ય-પાપના ફળ એને એ પોતાનું સ્વરૂપ માને છે. પણ પોતે અંદર ચિદાનંદ સ્વરૂપ (છે). વીતરાગ જિનેશ્વર પરમેશ્વરદેવ અંતર સ્વરૂપ શુદ્ધ પરમઆનંદની મૂર્તિ આત્મા છે. આહાહા..! તો એને પ્રથમ એવું સંબોધન કરે છે.

**ખંડાન્વય સહિત અર્થ :-** 'भो अन्धाः' હે આંધળા! આહાહા..! અંદર ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા બિરાજે છે તને ખબર નથી, ભાઈ! હે આંધળા! એમ કહ્યું. આહાહા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર ઇન્દ્રો અને ગણધરોની સભાની વચમાં, ચક્રવર્તી છ ખંડના ધણી જેને છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, એના સાહેબા બેઠા હોય સભામાં (એ

સભામાં આમ ફરમાવે છે). પ્રભુની વાણી સંતો એ વાણીના આડતિયા થઈને ભગવાનની વાણી જગતને કહે છે. હે આંધળા! આહાહા..! એટલે શું?

અંદરમાં ચૈતન્યમૂર્તિ આનંદનો નાથ પ્રભુ છે એને તું જોતો નથી, માનતો નથી, જાણતો નથી અને આ પુણ્ય અને પાપના ભાવ અને એનું (ફળ) આ મળેલું આ શરીર ધૂળ, વાણી, પૈસા આદિ બાહ્ય (ચીજ), એમાં મુંઝાઈને પડ્યો છો. આંધળો છો તું. આહાહા..! કરુણાનું વચન છે ઈ. સંતોના વચનોમાં કરુણા છે. હે આંધળા! આહાહા..! અંદર જ્ઞાનાનંદ પ્રભુ બિરાજે છે. ભાઈ! તને ખબર નથી. તારું સ્વરૂપ તો અંદર શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે. પ્રભુ! તું એને જોતો નથી, એને જાણતો નથી. ભલે મોટો ચક્રવર્તી હોય અબજોપતિ પેદાશવાળો, પણ કહે છે કે, હે આંધળા! જે જોવું જોઈએ, દેખવું જોઈએ એને દેખતો નથી. આહાહા..! અને આ શરીર, વાણી, મન, ધૂળ, માટી, બાયડી, છોકરા, કુટુંબ (છે) એ તો જડ પુદ્ગલની બધી સામગ્રી જડની છે. અને અંદરમાં પણ તને જે કાંઈ પુણ્ય અને પાપનો ભાવ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ પણ રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગનો ભાવ એ પાપરાગ છે. એ રાગને તું જાણનારો અને રાગ પાછળ ચૈતન્યમૂર્તિ પ્રભુ (બિરાજે છે), એને નહિ જાણનારો આંધળો છો તું. કહો, 'શાંતિભાઈ'! આ બધા પૈસાવાળા એવા હશે? કરોડોપતિ, અબજોપતિ માણસ એમ કહે છે ને? ધૂળના પતિ. આહાહા..! પ્રભુ! તને ખબર નથી.

**'भो अन्धाः' 'भो' 'સંબોધન વચન;...'** છે. સંબોધન આવે છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, સંબોધન (એવા) સાત બોલ આવે. છ વિભક્તિ અને સાતમું સંબોધન. હે આત્મા! એમ કરીને સંબોધન (કરે છે). આહાહા..! **'अन्धाः' 'શુદ્ધસ્વરૂપના અનુભવથી શૂન્ય છે...'** આહાહા..! તારો નાથ અંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન બિરાજે છે, એના અનુભવથી તું ખાલી (છો). આહાહા..! અને પુણ્ય અને પાપના ભાવમાં અંધ થઈ એમાં મૂર્છાઈ ગયો તું. આહાહા..! અમૃતસ્વરૂપ ભગવાનઆત્મા આ મૃતક ક્લેવર-શરીર-મડદું છે, આ તો મડદું મૃતક ક્લેવર છે, અમૃતસ્વરૂપ ભગવાન મૃતક ક્લેવરમાં મૂર્છાઈ ગયો. આહાહા..! એથી પરમાત્મા જિનેન્દ્રદેવ... એને ક્યાં ન્યાં એમ પડી છે કે આ મોટો રાજા છે કે રંક છે? એ બધા આંધળાઓ (છે). આહાહા..! અંતર રિદ્ધિ સિદ્ધિ ચૈતન્યમાં ભરેલી છે. 'વસોયાજી'! આવી વાતું છે, ભગવાન! આહા..!

પ્રભુ! તારા સ્વરૂપમાં.. તેં સાંભળ્યું નથી, તને ખબર નથી, ભાઈ! અનંત જ્ઞાન અને અનંત અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ છે આખો. આહાહા..! એને તું જોતો નથી અને જે એમાં નથી એ રાગને, પુણ્યને, પાપને, એના ફળને તું જો છો. 'પુનાતરજી'! આંધળા (છે). આહાહા..! કરુણા તો, જુઓ! સંતોની કરુણા. હે આંધળા! જે જોવું જોઈએ તેને જોતો નથી અને જે જોવા જેવું નથી તેને જો છો. આહાહા..! મારગ વીતરાગનો, જિનેન્દ્ર પ્રભુ વીતરાગ પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે. મહાવિદેહમાં 'સીમંધર' પરમાત્મા બિરાજે છે. ન્યાંથી આવેલી આ વાણી છે. આહાહા..!

મુનિ, દિગંબર સંતો આત્માના અનુભવના રસિયા, એ જગતને એમ કહીને કરુણાથી કહે છે. **'भो अन्धाः'** હે આત્મા! તું આંધળો છો. આહાહા..! જેમાં અંતરમાં અનંત

અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ અને અનંત અતીન્દ્રિય વીતરાગતા ભરેલી છે, એવું આત્મતત્ત્વ જે અંદર છે (એ) છતી ચીજ છે. એને તું જોતો નથી, તેના તરફ તારી નજરું નથી. તારી નજરું બધી પુણ્ય અને પાપના ભાવ અને ફળમાં છે. આંધળો છો, ભાઈ! આહાહા..! ભલે એ શાસ્ત્ર અગિયાર અંગ ભણ્યો હોય. અરે..! પંચમહાવ્રત પાળતો હોય, રાગ, એ રાગની ક્રિયા (છે). પણ એ રાગથી અંદર ભિન્ન ભગવાન ચૈતન્ય પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, વસ્તુ છે ને. સત્ છે ને? સત્ છે ને? છે એની આદિ નથી. અનાદિ ચીજ છે. અને અનંતકાળ રહેનાર એ ચીજ છે. કાંઈ નાશવાન થાય એવી ચીજ નથી. એવો ભગવાન અનાદિઅનંત આત્મા જેમાં અનંત આનંદ અને શાંતિ પૂર્ણ ભરેલી છે. ભગવાન! તું તેને ભાળતો નથી. તું તને જોવા નવરો નથી, તું તારી ઋદ્ધિ જાણવા નવરો નથી. તને શું કહેવું હવે? કહે છે. આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે, ભગવાન! આહાહા..!

આ તો બધા ધુંવાળા, ફૂવાળા, શરીર, વાણી, મન, હાડકા, જડ, માટી-ધૂળ છે. આહાહા..! તેના પ્રેમમાં ફસાણો. અને અંદરમાં થતાં પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ પણ રાગ છે, એ રાગમાં ફસાઈ ગયો એમાં એકાકાર થઈને. આહાહા..! પ્રભુ! તારું નિજપદ અંદર પડ્યું રહ્યું. આહાહા..! ચૈતન્યધાતુ, જેણે ચૈતન્યસ્વભાવ ધારી રાખ્યો (છે) એવો જે ભગવાનઆત્મા, એને જોવા તેં નજરું ન કરી, નાથ! આહાહા..! ભલે ક્રિયાકાંડ કરતો હોય, પંચ મહાવ્રતાદિ પાળતો હોય પણ એ બધી રાગની ક્રિયા, એ રાગને ભાળે છે. એની પાછળ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા સચ્ચિદાનંદ પ્રભુ છે, વીતરાગ સર્વજ્ઞે કહ્યો એ, હોં! અન્ય કોઈ આત્માને કહે એ પરમાત્માએ જોયો છે એવો બીજાએ કોઈએ જોયો નથી. એ આંધળાની વ્યાખ્યા કરી.

'**ભો**' એ સંબોધન કર્યું. હે ભાઈ! એમ. હે આંધળા! આહાહા..! કેમ? શુદ્ધ સ્વરૂપ જે અંદર પવિત્ર... આહાહા..! અતીન્દ્રિય અનાકુળ આનંદનો તો રસકંદ પ્રભુ અંદર છે. એના અનુભવથી ખાલી (છે), એથી તને અમે આંધળા એમ કહીએ છીએ, કહે છે. આહાહા..! છતી આંખે આંધળો! આંખ તો પરને જુએ. આ તો માટી-ધૂળ છે અને જોનાર તો આત્મા છે. એ કાંઈ ધૂળ જાણતી નથી, આ તો માટી છે. એ જાણનારને તેં જાણ્યો નહિ. આહાહા..! પૂર્ણ સર્વજ્ઞ સ્વભાવી, પૂર્ણ સર્વદર્શી, પૂર્ણ અતીન્દ્રિય આનંદ, પૂર્ણ અનંત બળ-વીર્ય અનંત સ્વચ્છતા અને અનંત શાંતિનો સાગર એ ડુંગર પોતે ભગવાન છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ બધા જુવાન શરીર, બધા હાડકા મહાણના રાખું થાશે, ભાઈ! એમાં તું નથી. આહાહા..! એમાં બહારમાં કાંઈક પૈસા થઈ જાય બે-પાંચ-દસ કરોડ, (તો) હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. અરે..! પ્રભુ શું થયું તને આ? તારી ચીજમાં તો અનંત આનંદ અને શાંતિ પડી છે તેને તો જોવાની ફૂરસદ નથી. આહાહા..! અને જે તારામાં નથી એવી કૃત્રિમ, ક્ષણિક, અનિત્ય, નાશવાન ચીજના પ્રેમમાં ફસાઈ ગયો, પ્રભુ! આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાત છે.

'**જેટલો જીવરાશિ...**' જેટલા જીવનો ઢગલો છે. ભગવાને તો અનંતા જીવ જોયા છે.

પરમેશ્વર વીતરાગદેવે... આહાહા..! એક લસણની કણીમાં, રાય જેટલી કટકી લઈએ તો એમાં અસંખ્ય તો શરીર છે. ઝીણી વાત છે, પ્રભુ! એ એક એક શરીરમાં અનંત આત્મા છે અને એક એક આત્મા પૂર્ણ આનંદથી ભરેલું તત્ત્વ છે. આહાહા..! અરેરે..! તને ત્યાં જોવાનો વખત ન મળે. આહાહા..! એથી એને આંધળો કહી, (કહે છે), **'જેટલા જીવરાશિ તે,...'** **'तत् अपदम् अपदं विबुध्यध्वम्'** આહાહા..! **'કર્મના ઉદયથી છે જે ચાર ગતિરૂપ પર્યાય...'** આહાહા..! એ મનુષ્યપણું મળે, નરકમાં નારકી થાય, દેવનો દેવ થાય કે ઢોર થાય, એ બધી કર્મની સામગ્રી, પ્રભુ! એમાં તું નહિ. એ તારા નહિ. આહાહા..! 'અજીતભાઈ'! આવી વાતું છે. ચાર ગતિ એ તું નહિ, એ તારામાં નહિ. પ્રભુ! તું કોણ છો? આહાહા..! ગતિરૂપે તું હો તો ગતિ જુદી પડીને કોઈ દિ' સિદ્ધ થઈ શકે નહિ. આહાહા..! એ ચાર ગતિ એ તું નહિ, આહાહા..! એ કર્મની સામગ્રી. છે?

**'રાગાદિ અશુદ્ધપરિણામ...'** એ પુણ્ય અને પાપના અશુદ્ધ ભાવ. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગનો રાગ હો, કે ચાહે તો દયા, દાન, વ્રત, તપનો રાગ હો પણ બધા રાગ છે, બાપુ! તને ખબર નથી. ભગવાન! તું કોણ છો એની તને ખબર નથી. સોનાનો લાટો જેમ પડ્યો હોય એમ આનંદનો લાટો અંદર ચૈતન્યભગવાન છે. ભાઈ! ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ, અનંતા જિનેન્દ્રો એમ ફરમાવે છે, ભાઈ! તું અનંત આનંદનો લાટો, સોનાનો લાટો જેમ હોય (એવો તું પવિત્ર છો). આહાહા..! અથવા બરફની પાટ હોય છે ને મોટી? 'મુંબઈ'માં ૨૫-૨૫, ૩૦-૪૦ મણની પાટું હોય બરફની. ખટારામાં નીકળતી હોય તો જોતા હોઈએ, આમ જાઈએ ને. એમ આ શીતળ આનંદના નાથનો એ પોતે પાટ છે. અતીન્દ્રિય આનંદની પાટ આત્મા, અરે..! કેમ બેસે એને? આહાહા..! એવો ભગવાનઆત્મા પૂર્ણાનંદ જેના સ્વભાવમાં તો અનંતું કેવળજ્ઞાન એવી અનંતી પર્યાય પડી છે. એવાને તું જોતો નથી અને **'રાગાદિ અશુદ્ધ પરિણામ...'** એ પુણ્ય અને પાપના ભાવ થયા એને જો કે આ મેં કર્યા અને મારા. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જિનેન્દ્રદેવનો માર્ગ, વીતરાગ પરમેશ્વરનો માર્ગ આખી દુનિયાથી જુદો છે. આહાહા..!

એ ચાર ગતિની દશા, પુણ્ય અને પાપાદિ અશુદ્ધ પરિણામ એ બધું રાગ ને વિકાર છે, પ્રભુ! અને **'ઇન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખ...'** આહાહા..! અનુકૂળ સ્ત્રી ને પૈસા ને મકાન બે પાંચ-દસ લાખના. એમાં સુખ કલ્પે એ ઇન્દ્રિયજનિત સુખ એ તો ઝેર છે. ભાઈ! તને તારા અમૃતના નાથની ખબર નથી. એ ઝેરના પ્યાલા પીને તું પડ્યો છો અંદર. આહાહા..! **'ઇન્દ્રિયવિષયજનિત...'** કાને સાંભળતા વખાણ કરે બીજા તો, આહાહા..! તમે તો કર્મી જાગ્યા. કર્મી જાગ્યા એમ કહે છે ને? ધર્મી જાગ્યા એમ કહે છે? 'હિંમતભાઈ'! શું કહે? કર્મી જાગ્યો, મારો દીકરો કર્મી જાગ્યો. કર્મી એટલે કર્મનો-પાપનો કરનાર. આહાહા..! ઓલો ખુશી થાય. મારા બાપે કર્મી કહ્યો ને અમને.

મુમુક્ષુ :- આપકર્મી છે.

ઉત્તર :- આપકર્મી ધૂળેય નથી ત્યાં. એના બાપ પાસે ન હોય અને આણે કાંઈક ૨૫-૫૦ લાખ પેદા કર્યા હોય તો આપકર્મી. ધૂળેય નથી, સાંભળને! આહાહા..! એ તો કોઈ

પૂર્વના પુણ્યના પરમાણુ પડ્યા હોય તો બહાર દેખાય. એ તું ક્યાં છો? એ તારે લઈને ક્યાં આવ્યું છે? આહાહા..!

ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ જગતને જાહેર કરે છે કે હે આંધળા! આ **'ઇન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખ ઇત્યાદિ અનેક છે તે-'** પ્રતિકૂળમાં નિર્ધનતા હોય ત્યારે અમે દુઃખી છીએ, રોટલો મળતો નથી, ખાવા મળતું નથી, સૂવા મળતું નથી. આહાહા..! ખાનગી અહીં કાગળ ઘણા આવે. બહુ કાગળ આવે. અહીંનું નામ મોટું પડ્યું છે ને કે અહીં તો મોટા કરોડોપતિ પડ્યા છે. અહીં તો બાપા ધર્મ છે. અહીં કાંઈ પૈસા-બૈસા નથી. કહે છે, અંતરમાં જે પાંચ ઇન્દ્રિયના વિષયો, એનાથી માનેલું સુખ-દુઃખ. સમજાણું કાંઈ? **'સુખ-દુઃખ ઇત્યાદિ અનેક છે તે-જેટલું કંઈ છે તે-...'** **'अपदम् अपदं'** આહાહા..! શું કહે છે? મહા ગાથા છે બાપા! આ તો. એ ચારગતિ. પુણ્ય, દયા, દાન, રાગ-દ્વેષના પરિણામ, ઇન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખની કલ્પના એ **'अपदम् अपदं'** **'કર્મસંયોગની ઉપાધિ છે,...'** આહાહા..! આ માને કે હું સુખી છું. પાંચ-પચાસ લાખ મળ્યા, બાયડી રૂપાળી મળી, છોકરા સારા થયા. આહાહા..! ઉપાધિ છે અને મરી ગયો ઉપાધિ પોતાની માનીને માળો. આત્માના સ્વરૂપમાં... આહાહા..! એ આત્માના સ્વરૂપને ઘાયલ કરી નાખ્યું એણે. આવા ભાવ મારા પુણ્ય અને પાપ, ઇન્દ્રિયના વિષયના સુખ-દુઃખ. આહાહા..! પ્રભુ! એમ કહે છે કે એ પોતાના છે એમ માની તેં તારા ચૈતન્ય આનંદના નાથને ઘાયલ કરી નાખ્યો છે. આહાહા..! એની તને ખબર નથી, ભાઈ! આ કઈ જાતનો ઉપદેશ આ તે!

ઓલા કહે, વ્રત પાળવા, ભક્તિ કરવી, લીલોતરી ન ખાવી, એવું કહે તો સમજાય પણ ખરું. શું ધૂળ સમજાય, એમાં શું હતું? આહાહા..! એ બધી રાગની ક્રિયાઓને ભાળનારા આંધળાઓ અંદર રાગથી ભિન્ન ભગવાનસ્વરૂપે ચૈતન્ય બિરાજે છે એને જોતો નથી, ભાઈ! એ અપદ છે, ઉપાધિ છે. સંસ્કૃત ટીકામાં અપદનો અર્થ કર્યો છે, ભાઈ! એ શુભ-અશુભભાવ, ચાર ગતિ, વિષયજનિત સુખ-દુઃખ એ તારું સ્થાન નથી, તારું લક્ષણ નથી. તારું રક્ષણ નથી. ત્રણ શબ્દ વાપર્યા છે.

ફરીને. આહાહા..! શું કહ્યું? બાપુ! આ કંઈ વાર્તા-કથા નથી. આ તો આત્મધર્મની વાત છે, પ્રભુ! એ કાંઈ ઝટ દઈને સમજાય કે પકડાય (એવું નથી). એને માટે તૈયારી જોઈએ. આહાહા..! એક ધૂળ માટે આખો દિ' મહેનત કરે છે. બે-પાંચ-પચાસ હજાર રળવા માટે મહેનત (કરીને) મરી જાય આખો દિ'. આહાહા..! પરદેશમાં જાય સગા, વ્હાલા, કુટુંબ મૂકી બહાર જાય. એ પાપ માટે. આહાહા..! બાપુ! આ તો અનંત કાળમાં અનંત ભવમાં કોઈ દિ' ધર્મ શું એ એણે સાંભળ્યો નથી. સાંભળ્યો હોય તો તે સમજવાની દરકાર કરી નથી. આહાહા..!

અહીં કહે છે, એ ચાર ગતિ, પુણ્ય-પાપના ભાવ, પાંચ ઇન્દ્રિયના વિષય આદિ એ બધા અરક્ષણ છે. તારું રક્ષણ નથી. એનું રક્ષણ કરવા જા ત્યાં તારો ઘાત થઈ જાય છે. આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ પણ તારું પદ નહિ, પ્રભુ! તારું સ્થાન નહિ, એ તારું રક્ષણ નહિ, એ તારું લક્ષણ નહિ. આહાહા..! આવી

વાતું છે, ભાઈ! આહાહા..! અરેરે..! માણસપણા મળ્યા અને પશુને મળ્યા નથી, પણ આ વસ્તુ શું છે, વીતરાગ કહે છે એ સમજમાં ન આવે (તો) મનુષ્યપણું મળ્યું, ન મળ્યું (બરાબર છે) ઢોરને નથી મળ્યું અને આને મળ્યું એ બધું સરખું થઈ જશે. આહાહા..! ભલે એના પાંચ-પચાસ કરોડ ભેગા કર્યા હોય. આહાહા..! શેઠ ચાલ્યા ગયા, નહિ? ૨૭મી તારીખે. ચાલીસ કરોડ રૂપિયા. 'શાંતિપ્રસાદ' 'શાહુ શાંતિપ્રસાદ' 'દિલ્હી'. ૨૭મી તારીખે સવારમાં અગિયાર વાગે ગુજરી ગયા. ચાલીસ કરોડ. ધૂળમાં શું? માટી છે.

અહીં તો કહે છે કે એ ચાર ગતિ અને પુણ્ય-પાપનો ભાવ અને વિષયજનિત સુખ-દુ:ખની કલ્પના કે સુખની સામગ્રી, એ બધું અપદ છે. તારે માટે તે રક્ષણ નથી. અસ્થાન છે, અપદ છે, અલક્ષણ છે-લક્ષણ નથી, એ તારું લક્ષણ નહિ. આહાહા..! અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભરાગ થાય. એ પણ નવરો ક્યાં છે હજી દુકાનના ધંધા અને પાપ આડે. આખો દિ' પાપ. બાવીસ કલાક પડ્યા. કો'ક દિ' કલાક વળી સાંભળવા જાય. એમાં સાંભળવાનું એવું મળે. કુગુરુ લૂંટી લે એનો અવતાર. એને ધર્મ મનાવી દે વ્રતમાં, અપવાસમાં અને આ ધર્મ છે. આહાહા..!

અહીં કહે છે એ બધું અસ્થાન અને અલક્ષણ છે. એ તારું લક્ષણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! અપદ છે... અપદ છે. બે વાર કહ્યું. છે ને? અપદ છે, અપદ છે. એ તારું લક્ષણ નહિ, તારું રક્ષણ નહિ અને તારું ધામ નહિ, તારું સ્થાન નહિ. આહાહા..! ત્યાં રહેવાલાયક તું નહિ. આહાહા..! '**બે વાર કહેતાં સર્વથા જીવનું સ્વરૂપ નથી,...**' શું કીધું ઈ? આ ચાર ગતિ મળી મનુષ્યગતિ આદિ, એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. પુણ્ય અને પાપના ભાવ થયા અંદરમાં એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. આહાહા..! પાંચ ઈન્દ્રિયના વિષયોના ઢગલા મળ્યા અને એના ઉપરના લક્ષ જઈને અમે સુખી છીએ એમ કલ્પના કરી એ કાંઈ તારી ચીજ નથી, જીવનું સ્વરૂપ નથી. આહાહા..! ભારે કામ, ભાઈ!

મુમુક્ષુ :- પુણ્ય (હોય તો) પાપથી બચી જવાય ને.

ઉત્તર :- એ પોતે જ પાપી છે. એ પુણ્ય પરિણામ મારા છે, અપદને પદ માને છે, અસ્થાનને સ્થાન માને છે, અલક્ષણને લક્ષણ માને, અરક્ષણને રક્ષણ માને છે, એ મિથ્યાદૃષ્ટિ પાપી છે. સમજાણું કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? એમ કહેવાય છે ને? સમજાય જાય એ તો ન્યાલ થઈ જાય પણ કઈ પદ્ધતિની રીત છે (એ સમજાય છે)? આહાહા..! પ્રભુનો વીતરાગદેવનો પોકાર છે. અરેરે..! સાંભળવા મળે નહિ એને.

અહીં કહે છે કે એ બધા જીવનું સ્વરૂપ સર્વથા નથી. એ દયા, દાન, વ્રતના પરિણામ રાગ છે. તને ખબર નથી. એ જીવનું સ્વરૂપ સર્વથા નથી. જેમ આ શરીર એ જીવનું સ્વરૂપ સર્વથા નથી. આ તો માટી છે. આ તો પુદ્ગલ માટી જડ, ધૂળ, મહાણની રાખ થવાની છે. આહાહા..! એમ અંદરમાં પાપના ભાવ (થાય) એ સર્વથા જીવના સ્વરૂપથી ભિન્ન છે. એમ પુણ્યના ભાવ (સર્વથા ભિન્ન છે). આહાહા..! એ નવરાશ જ ક્યાં છે પુણ્યની? આ તો પાપ જ કર્યું છે બાવીસ કલાક આખો દિ'. આહાહા..! ઝવેરાતના ધંધામાં પાપ હશે? એકેન્દ્રિય જીવને મારતા નથી ને. પણ એ હું કરું છું અને મારો ધંધો અને આ મને લાભ થાય, એ ભાવ

જ બધો પાપ છે. આહાહા..! બહુ આકરું કામ, ભાઈ!

આ શ્લોક જ એક એક એવા છે. આહાહા..! જ્યાં જોવું જોઈએ ત્યાં જોતો નથી અને જ્યાં નથી જોવું ત્યાં જોઈને રાજી થાય છે. આહાહા..! ભાઈ! તું આંધળો છો. આહાહા..! અંદરમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ તારું પદ છે. એ આવશે પછી. જુઓ! છે? એ '**સર્વથા જીવનું સ્વરૂપ નથી,...**' આહાહા..! શું સર્વથા જીવનું સ્વરૂપ નથી? માથે ત્રણ વાત કરી. એક તો ચાર ગતિ, પછી પુણ્ય-પાપના રાગાદિ અશુદ્ધ પરિણામ, ઈન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખની કલ્પના અને સામગ્રી, એ બધું જે છે તે સર્વથા જીવનું સ્વરૂપ નથી. આહાહા..! સંભળાય છે ને? 'પાનાચંદભાઈ'! આવી વાતું સાંભળવા મળી નથી ક્યાંય. આવો માર્ગ ભગવાન. આહાહા..! ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ પોકારે છે. અરે..! ભાઈ! જ્યાં જોવું જોઈએ ત્યાં જોતો નથી અને જે તારામાં નથી એ ચીજને જોઈને મલકાઈ ગયો, મલકાઈ ગયો. આહાહા..! મરી ગયો, બાપુ તું. આંધળો છો તું. આહાહા..!

મુમુક્ષુ :- દયા વગર તુચ્છ જીવોનું શું થાય?

ઉત્તર :- કોણ તુચ્છ છે? દયાનો ભાવ જ રાગ છે. એનું તો આયુષ્ય હોય તો જીવશે. કોઈ જીવાડી શકે છે પરને? પરની દયા કોઈ પાળી શકે છે? ભગવાન તો 'બંધ અધિકાર'માં કહે છે, જેનું આયુષ્ય હોય તે જીવે છે. તેં આયુષ્ય એને આપ્યું? તેં જીવાડ્યું તેને? તેં એને જીવાડ્યો? તારું આયુષ્ય આપ્યું એને? તે જીવાડી દીધો તેં? આહાહા..! અને આને મારી નાખ્યો મેં. તેં મારીને આયુષ્ય એનું તોડી નાખ્યું? તારામાં શક્તિ છે એના આયુષ્યને તોડવાની? આહાહા..! એ તો એને જીવનકાળ દેહમાં રહેવાનો હતો આયુષ્યને કારણે ત્યાં સુધી રહ્યો. આયુષ્ય પૂરું થયું તો ફડાક દઈને ચાલ્યો જશે. ક્યાંય રખડતો રામ. આહાહા..! એ વંટોળિયાના તરણા જઈને ક્યાં પડશે? આહાહા..! એમ મિથ્યાદૃષ્ટિના ભાવ આ મારા, રાગ મારો, પુણ્ય મારું, પાપ મારું, ફળ મારું એ મિથ્યાત્વના વંટોળિયે ચડ્યો એ ચોર્યાસી લાખની યોનિમાં ક્યાં જઈને પડશે? આહાહા..! બાપુ! તને ખબર નથી. એમાં કાંઈક જુવાની સરખાઈ(ની) મળી હોય, શરીર રૂપાળું (હોય), એમાં પાંચ-પચાસ લાખ પૈસા, બાયડી સરખી અને છોકરા સરખા. અને મુનિમ-બુનિમ સારા મળી ગયા હોય બે-પાંચ હજાર પગારવાળા અને પેદાશ સારી એટલે જાણે કે આહાહા..! અમે ફાવી ગયા. ચાર ગતિમાં રખડવા માટે ફાવ્યા. આહાહા..!

ભગવાન! અહીં તો ગાથા એવી બોલે છે ને. આહાહા..! એ '**સર્વથા જીવનું સ્વરૂપ નથી, એમ અવશ્ય જાણો.**' છે? '**विबुध्यध्वम्**' '**विबुध्यध्वम्**' વિશેષે જરૂર જાણ, એમ કહે છે. આહાહા..! એ શુભ-અશુભભાવ અને આ ગતિ આદિ ઈન્દ્રિયજનિત સામગ્રીઓ અને વિષયસુખની કલ્પનાઓ, એ બધું તારું સ્વરૂપ નથી એમ બરાબર જાણ. આહાહા..! અરે..! ક્યારે નવરો તું થાય? બાળપણું હોય એ રમતમાં જાય, જુવાની બાયડીમાં જાય, સ્ત્રીમાં મોહીને જાય, વૃદ્ધપણું થઈ જાય ૬૦-૭૦-૮૦ એટલે.. હાય.. હાય..! આહાહા..! 'બાળપણ ખેલમાં ખોયા, યુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધાપણું દેખ કે રોયા.' હારી ગયો. થઈ રહ્યું, જાવ ચોર્યાસીના અવતારમાં. આવું છે. આહાહા..!

એ '**અવશ્ય જાણો.**' જોયું! એને જરૂર જાણો કે એ તારું સ્વરૂપ નથી. આહાહા..! પુણ્ય-પાપના ભાવ આવી ગયા અંદર? અશુદ્ધ રાગાદિ આવ્યું ને? અશુદ્ધ રાગાદિ આવી ગયું. એમાં પુણ્ય-પાપ. મહાવ્રતના પરિણામ એ રાગ છે. એ તારું સ્વરૂપ નહિ. તેં કોઈ દિ' જાણ્યું નથી તારા સ્વરૂપને, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**કેવી છે માયાજાળ?**' આહાહા..! એ બધી માયાજાળ છે. આહાહા..! શુભ-અશુભરાગ, ચાર ગતિ અને પાંચ ઇન્દ્રિયના વિષયો. પાંચ ઇન્દ્રિય. કાન, આંખ, નાક, જીભ અને સ્પર્શ. એને અનુકૂળ પ્રશંસા આદિ, અનુકૂળ રૂપ આદિ, અનુકૂળ ગંધ આદિ, અનુકૂળ રસ આદિ, અનુકૂળ સ્પર્શ આદિ. આહાહા..! એ બધું તારું સ્વરૂપ નથી, પ્રભુ! આહાહા..!

તને ભગવાન તરીકે બોલાવે અને તું જાગ નહિ, નાથ! આહાહા..! એની માં એને ઘોડિયામાં સુવાડે (ત્યારે) વખાણ કરતાં સૂવે. મારો દિકરો ડાહયો અને પાટલે બેસી નાહ્યો. એવું ગાયું છે ને કાંઈક? ત્યારે ઓલો સૂઈ જાય. ગાળ્યું દેશો તો નહિ સૂવે. એકવાર જોઈ લેવું તમારે. મારા રોયા સૂઈ જા (એમ કહેશો તો) નહિ સૂવે. અવ્યક્તપણે પણ એના ગાણા ગાશો તો સૂઈ જાશે. અહીં ભગવાન ત્રિલોકનાથ તારા ગાણા ગાય છે ને, નાથ! તારી માં તને સૂવાડે અને પ્રભુ તને જગાડે છે. અરે..! જાગ રે જાગ, નાથ! તારામાં અનંતી શાંતિની ઋદ્ધિ પડી છે ને, પ્રભુ! એ શાંતિને તું પરમાં ક્યાં ગોતવા જાય છે? આહાહા..! સમજાણું કાંઈ? એ માયાજાળ (છે). આહાહા..!

'**यस्मिन् अमी रागिणः आसंसारात् सुप्ताः**' '**यस्मिन् જેમાં-કર્મના ઉદયજનિત અશુદ્ધ પર્યાયમાં, પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ...**' છે ને? '**यस्मिन् अमी रागिणः**' આહાહા..! એ દયા, દાનનો રાગ છે એ રાગનો રાગ કરનારા એ બધા રાગી જીવો અજ્ઞાની છે, એમ કહે છે. આહાહા..! '**यस्मिन् अमी रागिणः**' '**यस्मिन्**' આ પ્રત્યક્ષ અશુદ્ધપર્યાયમાં વિદ્યમાન. પ્રત્યક્ષ કહે છે ને? પર્યાયમાત્રમાં રાગ કરનારા. આહાહા..! રાગનો રાગ, પુણ્યનો રાગ, પાપનો રાગ, શરીરનો રાગ, બાયડીનો રાગ, કુટુંબનો રાગ, પૈસાનો રાગ. આહાહા..! એ બધી માયાજાળના પ્રેમીલા. તારા ચૈતન્યસ્વરૂપનો તને દ્વેષ છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર છે, ભગવાન પોકારે છે તીર્થંકર, એનો તને પ્રેમ નથી અને આ માયાજાળનો તને પ્રેમ છે. આહાહા..! તું ચૈતન્યનો ખૂની છો. આહાહા..! એ માયાજાળનો પ્રેમીલો. આહાહા..!

શુદ્ધ સ્વરૂપ જે ભગવાન અંદર સચ્ચિદાનંદ પ્રભુ, અરિહંતો સર્વજ્ઞ પરમેશ્વરો થયા એ ક્યાંથી સર્વજ્ઞ થયા? સર્વજ્ઞ અતીન્દ્રિય આનંદને પરમાત્મા અરિહંત પામ્યા. એ ક્યાંથી પામ્યા? કાંઈ બહારથી ચીજ આવે છે? અંદરમાં પડી છે પ્રભુ તને ખબર નથી. આહાહા..! કૂવામાં હોય એ અવેડામાં આવે. એમ અંદરમાં હોય એ બહારમાં આવે. સર્વજ્ઞ પરમેશ્વર થયા જિનેન્દ્રદેવ, કેવળજ્ઞાની, કેવળદર્શન એ અનંતસુખ, અનંત આનંદ, અનંતવીર્ય એ બધું પ્રગટ થયું ક્યાંથી? નાથ! એ અંદરમાં છે ખજાને. આહાહા..! એ ખજાનાને ન જોતાં જેમાં તારી ચીજ નથી એવી ખાલી ચીજ(ના) રાગમાં રોળાઈ ગયો, પ્રભુ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

રાગ કરનારા જીવો. **'પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ તેઓ...'** **'आसंसारात्'** **'અનાદિ કાળથી...'** **'आसंसारात्'** એટલે આ સંસાર અનાદિકાળથી. આહાહા..! એ લસણ અને ડુંગળીમાં પડ્યો હતો અનંત કાળથી. આહાહા..! હજી એટલા બધા જીવ પડ્યા છે એમાંથી કોઈ દિ' ત્રસ થયા નથી, એટલા જીવ પડ્યા છે. નિગોદમાં લસણ અને કંદમૂળમાં. આહાહા..! ભગવાનના જ્ઞાનમાં, કેવળજ્ઞાનીના જ્ઞાનમાં એમ આવ્યું છે કે કેવા જીવો પડ્યા છે હજી કે કોઈ દિ' ઈયળ થયા નથી હજી. એ કંદમૂળમાં અનંત કાળના રહ્યા છે. આહાહા..! ભાઈ! તને મનુષ્યપણું મળ્યું ને. તો એ મનુષ્યપણામાં તો જ્ઞાયતે ઈતિ મનુષ્યપણું. ચૈતન્યને જાણવું અને અનુભવવું તો એ મનુષ્યપણું ગણાય. નહિતર તો મૃગા સ્વરૂપ. મનુષ્યાસ્વરૂપે મૃગા ચરંતિ. મનુષ્યના શરીરમાં હરણિયા જેવા- મૃગલા જેવા તારા અવતાર છે. 'ગોસળિયાજી'! આવી વાતું છે, ભાઈ!

અન્યમતિમાં એક 'નરસિંહ મહેતા' હતા ને? એની વહુ મરી ગઈ. પછી ભજન કરવા બેઠા હતા. વહુ મરી ગઈ. સાંભળ્યું એટલે કહે, 'સુખે ભજીશું શ્રીગોપાળ'. 'ભલું થયું ભાંગી જંજાળ.' આ ઉપાધિમાં ઉપાધિ ગઈ હવે. 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાળ' એમ આ બાયું રાંડે એટલે દુઃખી થયા એમ ન માનવું એણે. એ જંજાળ છૂટી ગઈ. હવે આપણને આત્મા માટે કરવાનો વખત મળ્યો છે હવે. એમ લેને. આહાહા..! પાંચ-પચ્ચીસ લાખ મળ્યા હોય અને છોકરો એક જ હોય ને મરી જાય. પછી એય ને પોક મૂકે. પણ એ જીવતો રહેત તો બધા રૂપિયા રાખત અને તારા દાનમાં ખર્ચવા માટે તને વખત મળ્યો એમ લે ને. આહાહા..! આ તો આખી દુનિયાથી લાઈન જુદી છે. વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથનો પોકાર છે. એ બહારની ચીજ એ તારામાં નથી. એમાં તું મુંઝાઈ ગયો તું. આહાહા..!

એ **'અનાદિ કાળથી સૂતા છે...'** છે ને? અનાદિ કાળથી સૂતા છે. આહાહા..! પુણ્ય અને પાપના ભાવ અને તેના ફળમાં અનાદિકાળથી જીવો સૂતા છે. જાગતા નથી પણ જાગવાનું સાંભળવા મળે તોપણ જાગતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! **'અનાદિ કાળથી તે-રૂપ પોતાને અનુભવે છે.'** છે? સૂતા છે ઈ. આહાહા..! ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાતા-દૃષ્ટા ભગવાનઆત્મા, ત્રિકાળી જ્ઞાતા-દૃષ્ટા અને અનંત આનંદનો કંદ પ્રભુ, એને છોડીને આ પુણ્ય અને પાપ ને એના ફળમાં સૂતા છે અનાદિથી. માયાજાળમાં ઘૂંચાઈ ગયા. આહાહા..!

**'પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ તેઓ અનાદિ કાળથી સૂતા છે અર્થાત્ અનાદિ કાળથી તે-રૂપ પોતાને અનુભવે છે. ભાવાર્થ આમ છે કે - અનાદિ કાળથી આવા સ્વાદને સર્વ મિથ્યાદૃષ્ટિ જીવો આસ્વાદે છે...'** શું કહે છે ઈ? નિગોદથી માંડીને અનાદિ કાળના બધા પ્રાણીઓ એ રાગના સ્વાદને સ્વાદે છે. જે વિકારી રાગ છે તેનો સ્વાદ લે છે. આહાહા..! એને નથી પૈસાનો સ્વાદ, નથી એને સ્ત્રીના શરીરના ભોગનો સ્વાદ. આ તો માટી-ધૂળ છે એને અડે કેમ આત્મા? આત્મા તો અરૂપી છે. એ વખતે આ ઠીક છે એવો રાગ કરે અને રાગને ભોગવે છે. રાગી પ્રાણી રાગને અનાદિથી ભોગવે છે. પણ રાગ વિનાનો મારો નાથ

અંદર ભિન્ન છે તેને જોવા નવરો થાતો નથી. એ ઉપદેશ મળતો નથી અત્યારે તો. આહાહા..! બહુ કામ આકરું, બાપુ! આહાહા..!

કહે છે કે અનાદિકાળથી સૂતો છે. એ શું કર્યું મેં? કે રાગના સ્વાદના લઈને સૂતો છે. આહાહા..! રાગનો જ અનુભવ કર્યો છે એણે. ચાહે તો શુભ હો કે અશુભ હો. શુભ તો કો'કને હોય છે. આ અશુભ તો અનાદિનો છે ને? અમથો અત્યારે સંસારમાં બાવીસ કલાક પાપમાં (જાય છે). સૂતો હોય તો પાપના ધંધાના ઓલામાં સૂતો હોય અને સપના પણ એ આવતા હોય. આમ લીધું ને આમ લીધું. અમારે 'રાણપુર'માં એક ભગત હતા. 'નારણભાઈ'ના .. રહેતા હતા. આમ નરમ માણસ હતો. મારી પાસે દીક્ષા લેવાનો ભાવ હતો. અમે કહ્યું, દીક્ષા-બીક્ષામાં અમે માનતા નથી અને દીક્ષા અમે આપતા નથી. દીક્ષા કોને કહેવી એ ઝીણી વાતું, બાપુ! એ રાત્રે ઉઠ્યા.. ધંધો મોટો હતો. લાખોનો ફાડ આમ (બોલ્યા), લ્યો, અડધો. આહાહા..! સોફાને ફાડીને અડધો સ્વપ્નામાં, નિંદ્રામાં... પણ જેની જેને લગની એ સપનામાં આવે એને. આહાહા..! અરેરે..!

અહીં કહે છે એ બધું રાગને અનુભવે છે. એ રાગના સ્વાદને લે છે. '**સર્વ મિથ્યાદષ્ટિ જીવો આસ્વાદે છે...**' શું? હું દેવ છું, હું મનુષ્ય છું એ બધા રાગને અનુભવનારા છે, દુઃખને અનુભવનારા દુઃખી પ્રાણી છે બિચારા. એ બિચારા કહેવાતા હશે? કરોડોપતિ હોય. પાંચ-પાંચ, દસ કરોડ, પચ્ચીસ કરોડ. અરે..! ઈન્દ્રના ઈન્દ્રાસન હોય તોપણ દુઃખી છે. બાપુ! તને ખબર નથી. સુખ તો અંદર આત્મામાં સચ્ચિદાનંદ નાથ પડ્યો છે, અતીન્દ્રિય આનંદનો કંદ છે. એના સુખના સ્વાદને કોઈ દિ' જોયો-જાણ્યો નથી. અને આ અનાદિ જગતના રાગના રાગીના સ્વાદમાં પડ્યો છો. આહાહા..! વીતરાગ સિવાય આવી વાત ક્યાંય છે નહિ. 'પાનાચંદભાઈ'! આવી વાત છે. જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વર... આહાહા..! અકષાય કરુણા છે. ભગવાન! તું સૂતો છો ને. અને તેં અનાદિથી રાગનો, વિકારનો જ સ્વાદ લીધો છે. પછી અશુભરાગ હોય તોપણ રાગ, શુભરાગ હોય તોપણ રાગ, એ રાગનો તને સ્વાદ છે, તારો સ્વાદ તને નથી. આહાહા..! તું અતીન્દ્રિય આનંદનો કંદ છો તેનો સ્વાદ તને અનાદિથી નથી. લે એ શું હશે? સ્વાદ શું હશે? આહાહા..! આ ઢોકળા ખાય મરચા નાખીને, રસગુલા દૂધના કરીને ખાય એનો સ્વાદ હશે? એ તો જડ છે. આત્મા અરૂપી છે, એ તો રૂપી છે. ફક્ત એના ઉપર લક્ષ કરીને 'ઠીક છે' એવો રાગ કરે એ રાગનો સ્વાદ છે. આહાહા..! પ્રભુ તે રાગના, રાગ એટલે દુઃખ. દુઃખ એટલે આકુળતાના તેં સ્વાદ લીધા છે, નાથ! આહાહા..! આવી વાત. એ વીતરાગ સિવાય ક્યાંથી આવે આ વાત?

'**હું સુખી છું,...**' કહ્યું હતું ને એકવાર? નહિ આપણે, 'નાનાલાલભાઈ' આપણા 'રાજકોટ'વાળા, કરોડપતિ. એના વેવાઈ આવ્યા હતા 'રાજકોટ'વાળા. શું કહેવાય એ? 'ચુડગર' 'મણિલાલ ચુડગર'. અમારા વેવાઈ સુખી છે. એ જાણે કે અહીંયાં ઘણા કરોડોપતિ માણસ આવે છે ને. સુખી કહેવા કોને? ધૂળમાંય નથી. મોટા દુઃખીના દાળિયા છે. આહાહા..! મારા એ માન્યતામાં મહામિથ્યાત્વ ને રાગની આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, એ '**હું સુખી છું, દુઃખી છું; આમ પર્યાયમાત્રને પોતારૂપ અનુભવે છે,...**' પોતાપણે અનુભવે છે. મારું છે, એ રાગ મારો છે. આહાહા..! એ બાયડી મારી છે, છોકરો મારો છે, મકાન મારા છે એમ રાગને અનુભવે છે, એ વસ્તુને નહિ. આહાહા..! એ દુઃખી, દુઃખી પ્રાણી દુઃખને વેદે છે. ભાન નથી. સનેપાતિયાને ભાન નથી. સનેપાત જેને હોય... સનેપાત સમજાય છે? વાત, પિત્ અને કફ વકરે તેને સન્નિપાત કહે. સન્નિપાત એટલે ત્રણનું જોડાણ. વાત, પિત્ત અને કફ. ત્રણે વકરી જાય. વકરી જાય એટલે વિશેષ ફાટે. જેમ ભુંડ વકરે અને સુંવર થાય. ભુંડના સુવર થાય ને? એ વકરે ત્યારે સુવર થાય. આ તો બધું.. એમ વાત, પિત્ત અને કફ વકરી જાય અંદર વધી જાય એટલે સનેપાત થાય. અને એ દાંત કાઢે એ. સુખી છે? દુઃખની પરાકાષ્ઠા વધી ગઈ છે તેથી ભાન ભૂલી ગયો છે. એમ અજ્ઞાની બહારના અનુકૂળમાં સુખી માને એ સનેપાતિયો. આહાહા..! મિથ્યાદષ્ટિ, સનેપાત લાગ્યો છે એને. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઆચરણનો સનેપાત છે એને. આહાહા..! અરેરે..! આવી વાતું!

એ અહીં કહે છે, એ પર્યાય માત્રને પોતાથી '**તેથી સર્વ જીવરાશિ જેવું અનુભવે છે તે બધું જૂઠું છે,...**' આહાહા..! '**જીવનું તો સ્વરૂપ નથી.**' એ કાંઈ જીવનું સ્વરૂપ નથી, પ્રભુ! જીવ તો આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન અને આનંદના સાગરથી ભરેલો ભગવાન (છે). આહાહા..! અરે..! પ્રભુ! તને ખબર નથી. તારી મોટપની તને ખબર નથી. તારી મોટપના માપ તને કરતા આવડ્યા નહિ, નાથ! આહા..! અને તારા સિવાયની બહાર ચીજની મોટપના માપ કરીને હરખાઈ ગયો. આહાહા..! આવી વાત છે અહીં તો, ભાઈ! સમજાણું કાંઈ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પણ તારી વાત કરે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો. તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે. અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.' આહા..! 'શ્રીમદ્'માં. આહાહા..!

અનંત જ્ઞાન અને દર્શનનો ધણી પ્રભુ... આહાહા..! એ પોતાને ભૂલીને રાગના રસીયામાં ચડી ગયો છે અનાદિથી. આહાહા..! જે સ્વરૂપ સર્વજ્ઞે જોયું, પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, એમણે પણ વાણી દ્વારા, વાણી જડ દ્વારા આત્માની વાતું કરવી, કેટલી કરે? પ્રભુ! દુશ્મન દ્વારા મિત્રના વખાણ કરાવવા. આ તો વાણી જડ-ધૂળ છે. એ દ્વારા આત્મા આવો અને આત્મા આવો, કેટલો કહી શકે? આહાહા..! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં. કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો. તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? એ તો અનુભવ ગોચરમાત્ર રહ્યું તે જ્ઞાન જો.' આહાહા..! રાગ અને પુણ્ય-પાપથી ભિન્ન ભગવાનઆત્માનો સ્વાદ, એ અનુભવગમ્ય છે, તે અનુભવ સિવાય કોઈ જાણી શકે નહિ. આહાહા..! સર્વજ્ઞ પણ તેની વાત પૂરી કહી શકતા નથી. એવો વચનાતીત, વિકલ્પાતીત પ્રભુ બિરાજે છે. આહાહા..! એની તને મોટપ નથી અને જગતની ધૂળ અને પુણ્ય-પાપના ભાવની મોટપમાં ચડી ગયો. હેરાન થઈને ચોર્યાસીના અવતારમાં રખડતો રખડાવ થઈ ગયો તું, પ્રભુ! આહાહા..! 'સુજાનમલજી'! આહાહા..! શ્લોક એવો છે ને. આહાહા..! સંતોના હૃદયના.. આહાહા..!

'**તે બધું જૂઠું છે, જીવનું તો સ્વરૂપ નથી. કેવો છે સર્વ જીવરાશિ?**' હવે જીવ કેવા છે? અજ્ઞાની અનાદિ કાળના. આહાહા..! '**प्रतिपदम् नित्यमत्ताः**' જેવું શરીર મળ્યું, જેવો રાગ મળ્યો, જેવું ધારણ કર્યું '**તે જ રૂપે એવો મતવાલો થયો કે કોઈ કાળે કોઈ ઉપાય કરતાં મતવાલાપણું ઊતરતું નથી.**' આહાહા..! ઓલામાં કહ્યું નહોતું? 'બનારસીદાસે'. 'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન.' ત્રિલોકનાથની વાણીમાં 'સમયસાર નાટક'માં એમ કહ્યું, 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન અંદર ઘટમાં દેહથી ભિન્ન અંદર જિન છે. એનું સ્વરૂપ જિનસ્વરૂપ જ છે. આહાહા..! જિનસ્વરૂપ છે તો પર્યાયમાં જિન વીતરાગતા થાય છે. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈનપણું કંઈ બહારના લેબાસ-ફેબાસમાં નથી. રાગની એક્તા તોડીને સ્વભાવની એક્તાનો સ્વાદ લે તેને જૈન કહેવામાં આવે છે. એ ઘટ ઘટ અંતર જૈન વસે છે. આહાહા..! એના અંદરમાં કોઈ વાણિયાપણું કે ચંડાળપણું કે સ્ત્રીપણું, પુરુષપણું, સ્વરૂપમાં નથી. એ તો બહારના ભેખ બધા જુદા છે. આહાહા..! 'મતમદિરા કે પાનસો...' પણ પોતાના મતના દારૂના પીધેલાઓ, ઘેલા-પાગલ થઈ ગયેલા 'મતવાલા સમજે ન' મતવાલા સમજે ન. આહાહા..!

એ અહીં કહે છે, જેવો પર્યાય મળ્યો (તેવો માનીને) મતવાળો થઈ ગયો.આહાહા..! '**કોઈ કાળે કોઈ ઉપાય કરતાં મતવાલાપણું ઊતરતું નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દેખાડે છે–**' હવે શુદ્ધ ચૈતન્યવસ્તુ કેવી છે અંદર? એ દેખાડશે, લ્યો!

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૧૦, રવિવાર, તા.૬-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૮, પ્રવચન - ૧૪૧

'કળશટીકા' 'નિર્જરા અધિકાર'. ૧૩૮. કળશ છે. અર્થ. '**भो अन्धाः**' એમ સંબોધન કર્યું છે. હે જીવો! આંધળા! ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ શુદ્ધ વીતરાગ અમૃતનો સાગર ભર્યો છે એને જોતાં નથી, નજરું ત્યાં કરતા નથી અને આ પુણ્ય અને પાપ અને પર્યાયમાં નજરું કરીને રોકાઈ ગયો છો. તો હે આંધળા! એમ સંબોધન કર્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- ત્રિકાળી સ્વરૂપ જાણતો નથી માટે આંધળો?

ઉત્તર :- પોતાનું મૂળ સ્વરૂપ જાણતો નથી. મૂળ ચીજ એ છે. અતીન્દ્રિય આનંદનું દળ છે. એક સમયની વિકૃત અવસ્થા સિવાય આખું પદ જે છે એ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય અમૃતનો સાગર છે. પ્રભુ! તું એને જોતો નથી. એની નજરું કરતો નથી ને આંધળો છો? છતી ચીજ છે એને જોતો નથી. અને અછતી ચીજ જે કાયમ રહેનારી નથી, નાશવાન છે અને જે ચીજ સ્વરૂપમાં નથી એને જોઈને ત્યાં થંભાઈ ગયો છો. આંધળો છો. આહાહા..!

સંતોની કરુણા છે. વીતરાગી સંતો, દિગંબર મુનિઓ, અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલે છે. એ જગતને કહે છે, હે આંધળા! '**भो**' તો સંબોધન છે. આંધળા! જે જોવાનું છે તે જોતો નથી અને જે જોવાલાયક નથી તેને જોવે છો. આહાહા..! અંતર ભગવાન એક સમયમાં વિકૃત અવસ્થાની પાછળ આખું પદ પડ્યું છે. પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ જેનો સ્વભાવ અમાપ, અનહદ છે, એવી શક્તિનો ભંડાર ભગવાન, ભગવાન એટલે તું, હોં! બીજા ભગવાન એ ભગવાન નહિ. એને તું જોતો નથી. એથી તું આંધળો છો, એમ કહે છે. આહાહા..! છતી ચીજને જોતો નથી અને અછતી જે નાશવાન (ચીજ) એના સ્વરૂપમાં નથી એને જોઈને ત્યાં અટકીને ભ્રમણામાં ભૂલ્યો છો તું. આહાહા..! એથી એમ કહે છે કે '**શુદ્ધ સ્વરૂપના અનુભવથી શૂન્ય...**' આંધળાની વ્યાખ્યા કરી. આહાહા..! જે ચીજ જાણવાલાયક, આનંદવા લાયક, અનુભવવા લાયક (છે) એવી અંદર ચીજ છે એને તું જોતો નથી. આંધળા! શું કહીએ તને? એ જેટલા જીવરાશી છે. જીવના ઢગલા બધા છે જેટલા. આહાહા..! અનંતા જીવો છે.

'**तत् अपदम् अपदं विबुध्यध्वम्**' '**કર્મના ઉદયથી છે જે ચાર ગતિરૂપ...**' આહાહા..! આ મનુષ્યપણું એટલે આ શરીર નહિ. મનુષ્યની ગતિની યોગ્યતા અંદર. એ ચાર ગતિની યોગ્યતા એ કર્મના કારણે છે. એ કાંઈ તારું સ્વરૂપ નથી. આહાહા..! ચાર ગતિ. દેવગતિ કે મનુષ્યગતિ એ તો કર્મ-વેરી, દુશ્મનની સામગ્રી છે બધી. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માથી વિરૂદ્ધ એવું આ કર્મ તત્ત્વ, એનો એ બધો વિસ્તાર અને સામગ્રી છે. આહાહા..! એને તારી નજરુંમાં તેં અનાદિથી લીધું. પણ પ્રભુ અંદર બિરાજે છે એને તેં નજરમાં ન લીધો. શાસ્ત્ર ભણ્યો, પંચમહાવ્રત ધારણ કર્યા પણ એ બધા રાગ ને વિકલ્પમાં પડી તું ચોંટી ગયો. આહાહા..!

એ '**કર્મના ઉદયથી છે જે ચાર ગતિરૂપ પર્યાય તથા રાગાદિ અશુદ્ધપરિણામ...**' શુભ અને અશુભરાગ એ અશુદ્ધ પરિણામ છે. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ-રાગ પણ અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગનો ભાવ તો અશુદ્ધ પાપ જ છે, પણ આ વ્રત ને તપ ને ભક્તિ-પૂજાનો વિકલ્પ પણ અશુદ્ધ ને રાગ છે. આહાહા..! એ અશુદ્ધ રાગાદિ પરિણામ એ પણ કર્મની સામગ્રી છે. એ કર્મનો વિસ્તાર છે. પ્રભુ! તું ત્યાં નહિ. તું ત્યાં નહિ. જ્યાં તું છો ત્યાં એ નથી. આહાહા..! અરેરે..! ચોર્યાસીના અવતાર કરતાં કરતા અનંત અવતાર કર્યા એ દુઃખી... દુઃખી... દુઃખી... આનંદનો નાથ અને સુખનો ભંડાર સુખનો સાગર આત્મા, એની સામું નજરું ન કરી અને જે ચીજ એમાં નથી, કર્મના સંયોગની છે, એને પોતાની માની. આહાહા..!

'**ઇન્દ્રિયવિષયજનિત સુખ-દુઃખ...**' પાંચેય ઇન્દ્રિયોના (વિષયો). કાને જે પ્રશંસા થાય, સાંભળે, આંખે રૂપ દેખાય, નાકે ગંધ સુંઘાય, રસે રસના સ્વાદને લેવાની વૃત્તિ થાય અને સ્પર્શને ભોગવવાની વૃત્તિ, એ બધી પાંચ ઇન્દ્રિયના વિષયો છે એ બધા. એના વિષયોમાં સુખ-દુઃખની '**ઇત્યાદિ અનેક છે તે-જેટલું કંઈ છે તે કર્મસંયોગની ઉપાધિ છે,...**' એ બધા દુશ્મનના વિસ્તાર છે. આહાહા..! શરીર મળે સુંદર, પૈસા મળે પાંચ-પચ્ચીસ લાખ,

બાયડી, છોકરા એ બધા દુશ્મનો, કર્મ-દુશ્મનની એ બધી સામગ્રી છે. આહાહા..! એ તારું સ્વરૂપ નહિ, ભગવાન! આહાહા..! તું જ્યાં છે ત્યાં એ નથી અને એ જ્યાં છે ત્યાં તું નથી. આવી વાતું છે. આહાહા..!

કહે છે, '**સર્વથા જીવનું સ્વરૂપ નથી,...**' જોયું! કથંચિત્ શુભરાગ પણ જીવનું સ્વરૂપ છે અને જીવને લાભ કરે, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ (એમ નથી). એ કર્મનો ભાગ છે બધો, બાપુ! ભાઈ! તારી જાત નહિ. તારી જાતમાં એ કલંક છે. આહાહા..! વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ એ બધો કલંક છે. કર્મની સામગ્રી છે. આહાહા..! અરે..! તને તારી ખબરું ન મળે. '**જીવનું (સર્વથા) સ્વરૂપ નથી,...**' '**विबुध्यध्वम्**' '**એમ અવશ્ય જાણો.**' એને જરૂર આ જાણો. આહાહા..! એમ તું જરૂર જાણ. આહાહા..!

'**કેવી છે માયાજાળ?**' એ બધી માયાજાળ છે. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ, શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ, બાયડી, છોકરા, કુટુંબ એ બધી માયાજાળ છે, ભાઈ! આહાહા..! તને એમાં ફસાવી માર્યો છે. હોંશે હોંશે ફસાઈ જાય છે. આહાહા..! હરખે-હરખે હરખના સબડકા લઈને ત્યાં ગરી ગયો અંદર તું. આહાહા..! જે સામગ્રી કર્મની, પુણ્ય અને પાપના ભાવ ચાર ગતિ, પાંચ ઈન્દ્રિયના અનુકૂળ વિષયો એ બધી કર્મની સામગ્રીમાં હરખાઈ ગયો તું. આહાહા..!

મુમુક્ષુ :- બધી અનુકૂળતા છે.

ઉત્તર :- ધૂળમાંય અનુકૂળતા નથી. અનુકૂળ તો પ્રભુ આત્મા આનંદ એ અનુકૂળ છે અને પુણ્ય અને પાપનો ભાવ તે અનિષ્ટ અને પ્રતિકૂળ છે. 'પ્રવચનસાર'માં આવે છે. પુણ્ય અને પાપનો ભાવ તે અનિષ્ટ છે. આહાહા..! ઈષ્ટ તો ભગવાનઆત્મા આનંદનું દળ છે. આહાહા..! અતીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ છે, ભાઈ! તને ખબર નથી. તારી બુદ્ધિ પર્યાયમાં રોકાઈ ગઈ છે એથી એક સમયની પર્યાયની પાછળ પ્રભુ ભગવાન મહત્, જેની મહિમાનો પાર નથી, જેની મહિમા સર્વજ્ઞ પણ પૂરી વાણી દ્વારા કહી શકતા નથી, એવી તારી અંદર ચીજ છે. આહાહા..! એને જોવા નવરો -ફુરસદ ન મળે. વળી એમ પણ કહે બહુ તોફાની બારકસ હોય તો, મરવાય હમણાં નવરા નથી, એમ કહે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ જોરદાર ધંધો ચાલતો હોય ત્યારે એમ જ કહે.

ઉત્તર :- હા, કહે ને. બધું સાંભળ્યું છે અને બધું જોયું છે. મરવાય હમણા નવરા નથી. બાપુ! મરવાનો દેહ થશે ત્યારે તારું મોઢું ફાટી રહેશે. એ ટાંગા નહિ ચાલે, ત્યાં પડ્યા રહેશે. આહાહા..! ભગવાન ચાલ્યો જાશે બહાર રખડવા. આહાહા..!

કહે છે કે સર્વથા એ માયાજાળ છે. શેમાં? '**જેમાં-કર્મના ઉદયજનિત અશુદ્ધ પર્યાયમાં,...**' જુઓ! કર્મના નિમિત્તથી થયેલી અશુદ્ધ ઉપાદાનમાં પુણ્ય અને પાપની જાળ. આહાહા..! '**अमी रागिणः**' '**પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ...**' આહાહા..! પ્રત્યક્ષ રાગ, પુણ્ય દયા અને વર્તમાન પર્યાય જે વ્યક્ત પ્રગટ અંશ છે, એમાં પ્રત્યક્ષ માયાજાળમાં તું પ્રત્યક્ષ વિદ્યમાનમાં ઘૂંચાઈ ગયો છો. 'શાંતિભાઈ'! અરે અરે..! આવી વાત છે. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો..'

'ઘટ ઘટ અંતર જિન વસે' પ્રભુ! અંદર જિનસ્વરૂપે બિરાજમાન ઘટમાં તું પ્રભુ છો. અને 'ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ સંપ્રદાય નથી. એ પર્યાયબુદ્ધિ છોડીને વસ્તુની દૃષ્ટિ કરવી અને અનુભવ કરવો એ જૈન છે. આહાહા..! 'પણ મતમદિરા કે પાનસો...' પોતાના મતના દારૂના પીવાથી ઘેલો-પાગલ થઈ ગયો છે. 'મતવાલા સમજે ન' એ મતના, દારૂના પીવાથી પ્રભુને સમજતો નથી. આહાહા..!

ત્રણલોકનો નાથ જગતમાં ત્રણકાળનો જાણનાર એવો આનંદનો નાથ ચૈતન્યપ્રભુ, એ મતવાલા સમજે ન. મતના દારૂ જેણે પીધા છે. પુણ્ય તે હું અને પુણ્યના ફળ આ ધૂળ આદિ પાંચ-પચાસ લાખ તે મારા, એવા મતવાલા-મતના દારૂ પીધેલા, એ મતવાલા ચૈતન્યને સમજતા નથી. 'શાંતિભાઈ'! 'પાનાચંદભાઈ'! આવું છે, બાપા! આહાહા..!

ભગવાન છે ને, બાપા! આહાહા..! શરીર, વાણી ન જો, નાથ! પુણ્ય-પાપના ભાવ પણ ન જો. પ્રભુ અંદર પરમાત્મા બિરાજે છે. તું પરમાત્મા છો. અરે..! કેમ બેસે? આહાહા..! સ્વભાવ ને શક્તિ સત્ત્વ તારું, ઓલામાં સત્ત્વ નહોતું આવ્યું? મુમુક્ષુજીવનું સત્ત્વ.. નહિ? આહાહા..! સ્તુતિમાં એ શબ્દ આવ્યો હતો. ભગવાનઆત્માનું સત્ત્વ, એ પ્રભુ પોતે સત્ છે. ત્રિકાળી અવિનાશી અનાકુળ આનંદનો કંદ છે. એનું સત્ત્વ અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સુખ, અનંત વીર્ય એ સત્‌નું સત્ત્વ અપરિમિત શક્તિનો ભંડાર છે. આહાહા..! અરે..! તેં તારી પર્યાયબુદ્ધિને લઈને તેને જોયો નહિ તેં. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, જુઓ!

**'કર્મના ઉદયજનિત અશુદ્ધ પર્યાયમાં,...'** **'आसंसारात् सुप्ताः'** પછી લેશે. **'પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ...'** કારણ કે એને પ્રત્યક્ષ એ જ લાગે છે કે આ પુણ્ય ને દયા ને દાન ને વ્રત ને વિકલ્પ અને એના ફળ એને પ્રત્યક્ષ ભાસે છે. ભગવાન પરોક્ષ રહી ગયો અંદર એને. આહાહા..! **'પ્રત્યક્ષપણે વિદ્યમાન છે જે પર્યાયમાત્રમાં રાગ કરનારા જીવ...'** **'आसंसारात्'** **'आसंसारात्'** ક્યારથી છે આ બધા? **'અનાદિ કાળથી સૂતા છે...'** આહાહા..! અનાદિ કાળથી પુણ્ય અને પાપના ભાવ અને એના ફળમાં સૂઈ ગયા છે. આહાહા..! સૂતા છે નિંદ્રામાં. ઘોર નિંદ્રામાં સૂઈ ગયા છે. આહાહા..! બહારની મીઠાશ... આહાહા..! શાસ્ત્રના ભણતરની મીઠાશ પણ મિથ્યાત્વ છે. આહાહા..! જ્યાં અંદર ભગવાન આનંદનો નાથ (બિરાજે છે), જેને પરની કોઈ અપેક્ષા નથી એવું નિરપેક્ષ તત્ત્વ પ્રભુ અંદર બિરાજે છે. એવા તત્ત્વના ભાન વિના પ્રત્યક્ષ પર્યાયમાં રત થઈ ગયેલા.. આહાહા..! છે?

**'અનાદિકાળથી તે-રૂપ પોતાને અનુભવે છે.'** આહાહા..! **'आसंसारात्'** **'प्रतिपदम्'** અનાદિ સંસારથી એ અવસ્થામાં પડ્યા છે જીવ. આહાહા..! ભગવાનને ભૂલી ગયા છે. પોતાનું ભગવત્ સ્વરૂપ છે અંદર. આહાહા..! એને એ ભૂલી ગયો છે. **'તે-રૂપ પોતાને અનુભવે છે.'** રાગરૂપે, ગતિરૂપે, દેવપણું. હું દેવ છું, હું સ્ત્રી છું, હું રાણી છું, હું રાજા છું, હું મૂર્ખ છું, હું પંડિત છું. આહાહા..! એવી પર્યાયમાં મને અનુકૂળતાના ઢગલા છે. શેના છે ઢગલા? પ્રભુ! એ તો બધા દુશ્મનના-વેરીના ઢગલા છે. આહાહા..! ભાઈ! તને તારા

સત્જનની ખબર નથી. આહાહા..! ગાથા તે ગાથા છે ને! એકવાર તો ઉછળી નીકળે એવું છે. બધા પાણી નીકળી જાય એવું છે. આહાહા..!

અહીં તો એ પોકાર કરે છે કે, અનાદિ કાળથી આવા સ્વાદને (અનુભવે છે). સ્વાદ એટલે? એ પુણ્ય અને પાપનો ભાવ અને રાગ અને દ્વેષ એનો સ્વાદ લઈ, ભગવાનના આનંદના સ્વાદને ભૂલી ગયો છે. સમજાણું કાંઈ? આ તો કાલે આવ્યું હતું બધું. આજ તો રવિવાર છે, નવા કો'ક આવ્યા હોય એટલે ફરીને લીધું. આહાહા..! '**આવા સ્વાદને સર્વ મિથ્યાદષ્ટિ જીવો આસ્વાદે છે...**' આહાહા..! હું મનુષ્ય છું, રાજા છું, રાણી છું, સ્ત્રી છું, દેવ છું, હું પુણ્યવાળો છું, હું પાપવાળો છું એવા ઝેરના સ્વાદને સર્વ જીવો સ્વાદે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું સ્વાદે (છે)? કે '**હું દેવ છું, મનુષ્ય છું, સુખી છું,...**' હમણાં બહુ સુખી છું. પાંચ-પચાસ લાખ પૈસા છે, છોકરા-બોકરા રળાઉ છે, બાયડી પણ સારે ઠેકાણેથી આવી છે, પાંચ-પચ્ચીસ લાખ લાવી છે. અમે સુખી છીએ. આહાહા..! મૂરખના કાંઈ ગાડા જુદા હોય? કહે છે.

મુમુક્ષુ :- પુણ્યનો યોગ હોય ત્યારે બધું સરખું દેખાય.

ઉત્તર :- બધું ધૂળમાંય સરખું નથી. પાપના પોટલા છે સામા બધા. દુશ્મને ઘેરો ઘાલ્યો અને રાજી થયો કે મને ઘેરો ઘાલ્યો દુશ્મને. 'નટુભાઈ'! આવી વાતું છે. એ પૂર્વના બાંધેલા કર્મ એ દુશ્મને ઘેરો ઘાલ્યો છે. પૈસા, બાયડી, છોકરા, મકાન, પાંચ-પચાસ લાખના મકાનો-મોટા હજીરા, એમાં પાંચ-દસ લાખની ઘરવખરી-ફર્નિચર. આહાહા..!

મુમુક્ષુ :- એ પોતપોતાની સ્થિતિ પ્રમાણે રાખવું પડે.

ઉત્તર :- એ ધૂળમાં સ્થિતો. એ કહ્યું નહોતું મેં હમણા? પોર ગયા હતા 'મુંબઈ'. નહિ? 'મુંબઈ'? એક તો બિચારો 'વિજયકુમાર' હતો. 'ગુના'નો છોકરો જુવાન. બહુ પ્રેમી હતો. અહીં મહિનો મહિનો કુંવારો રહી જતો. પરણ્યો ને પાછો રહી જતો. બાર મહિનાનું પરણેતર. છોકરો બહુ હોંશિયાર. 'ગુના'નો હતો. ટાટામાં નોકરી મોટી. ત્યાં દર્શન દેવા ગયા હતા. ત્યારે તો ઠીક નહોતું. તોપછી આવ્યો હતો દર્શન કરવા દાદરમાં. કિડનીનું દર્દ હતું. એની માએ કિડની આપી. મરી ગયો છોકરો. એવો છોકરો હતો. નાની ઉંમર જુવાન પણ શાસ્ત્રનો રસ અને પરણ્યા પહેલા અને પરણ્યા પછી પણ દર્શન માટે ગયા હતા ત્યારે સાંજનો અમારો આહાર હતો, 'મણિભાઈ'ને ત્યાં. 'શાંતાબહેન'ના બહેનના નણદોઈ હતા ત્યાં. પાંચ-છ કરોડ રૂપિયા 'મુંબઈ'માં. એને ત્યાં આહાર હતો. તો આહાર કરીને પછી પગલા કરાવ્યા. ચારે કોર મખમલ પાથરેલા. ઘણા ઓલા... શું કહેવાય તમારે? કમરા-કમરા. મખમલ... મખમલ... મખમલ... પાંચ લાખનો તો એકલો ઘરવખરો અમથો હશે બહારનો. મને તો દેખીને એવું થયું.. ફર્નીચર કહો એ બધું. મને તો એમ થયું કે અરેરે..! આમાંથી નીકળવું કઠણ પડશે, ભાઈ! ત્યાં દૃષ્ટિને ચોંટાડી દીધી છે, એમાંથી નીકળવું પડશે. હાય.. હાય.. જંગલના વાસ કરવા પડશે, બાપા! આ છોડીને. આહાહા..! કોઈ જ્યાં નથી તારું. તને કોઈ ઓળખનાર નથી, તું કોઈને ઓળખનાર નથી. એવે જઈને જન્મીશ ક્યાંક ઢોરમાં.

આહાહા..! નીકળવું આકરું પડશે, બાપુ!

મુમુક્ષુ :- જ્યાં ગયો હશે ને ત્યાં પણ મારાપણું કરશે.

ઉત્તર :- ન્યાં કોણ છે પાછું? અહીંથી મારાપણું લઈને ગયો તો ત્યાં પણ મારાપણું કરશે. આહાહા..! જોષીએ રાજાને કહ્યું હતું કે તમે મરીને ગલુડીયું થશો. કૂતરીનું બચ્ચું. હેં! હું કૂતરીનું બચ્ચું થાવ તો મને આવીને મારી નાખજો. થયું કૂતરીનું બચ્ચું રાજા મરીને. કારણ કે મોટા પાપ. બિચારો કાંઈક નરમ માણસ હોય. બહુ પાપ ન કર્યા હોય. નહિતર તો નરકમાં જાય. પણ ઘણા તિર્યંચ-પશુમાં જનારા. પશુની પંચેન્દ્રિયની સંખ્યા એટલી બધી શાસ્ત્ર વર્ણવે છે કે ઘણા તો માંસ ન ખાય, દારૂ ન પીવે એટલે નરકમાં તો ન જાય. તેમ ધર્મની ખબર ન મળે કે ધર્મ શું? તેમ ધર્મ તો નહિ પણ પુણ્ય જોઈએ, એક દિવસમાં બાર મહિનામાં દરરોજ બે-ચાર કલાક, ચાર કલાક સત્સમાગમ, સત્શ્રવણ, વાંચન-મનનનું પુણ્ય (જોઈએ) એના પણ ઠેકાણા ન મળે. આહાહા..! એવા મરીને તો લગભગ એવા ગલુડિયા અને બકરીના બચ્ચાં અને ઢેઢગરોળીની કૂંખે બધા અવતરવાના. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે. '**સુખી છું, દુઃખી છું; આમ પર્યાયમાત્રને પોતારૂપ અનુભવે છે, તેથી સર્વ જીવરાશિ જેવું અનુભવે છે તે બધું જૂઠું છે,...**' આહાહા..! સત્ય પ્રભુ અંદર બિરાજે છે એ રહી ગયું અને અસત્ય... આહાહા..! એ સામગ્રીના અનુભવમાં અનંતકાળ ગાળ્યો. આહાહા..! ટાણા મળ્યા ત્યારે ભૂલી ગયો. બહારમાં સલવાઈ ગયો. સમજાણું કાંઈ? આહાહા..! એ અનાદિ કાળથી આવા જૂઠા.. '**જીવનું તો સ્વરૂપ નથી.**' શુભ-અશુભભાવ અને એના ફળ એ કોઈ જીવનું સ્વરૂપ નથી. આહાહા..!

'**કેવો છે સર્વ જીવરાશિ?**' '**प्रतिपदम् नित्यमत्ताः**' '**જેવો પર્યાય ધારણ કર્યો તે જ રૂપે એવો મતવાલો થયો...**' જે જે અવસ્થા એને મળી... આહાહા..! ઢેઢની અવસ્થા મળી, વાઘરીની મળી, કૂતરાની મળી, સિંહની મળી. ત્યાં ત્યાં તે તે પર્યાયને મારું માનીને મશગુલ થઈ ગયો. છે? '**જેવો પર્યાય ધારણ કર્યો તે જ રૂપે એવો મતવાલો થયો...**' અભિપ્રાયમાં એ હું છું, આ હું છું. સિંહનું શરીર મળ્યું તો હું સિંહ છું, સ્ત્રીનું શરીર મળ્યું તો કહે હું સ્ત્રી છું, પુરુષનું શરીર મળે તો કહે હું પુરુષ છું. આહાહા..! વાઘરીનું શરીર મળ્યું તો કહે હું વાઘરી છું. અરે..! બાપુ! આ તો બધી સામગ્રી, એ તું નહિ. પૈસાની સામગ્રી મળી તો કહે, હું શેઠિયો છું. નિર્ધનતા ખાવાને કોળિયો મળવો મુશ્કેલ પડે ત્યારે કહે, અરે..! હું નિર્ધન છું. આહાહા..! એ બધી સામગ્રી માયાજાળ (છે).

'**જેવો પર્યાય ધારણ કર્યો તે જ રૂપે એવો મતવાલો થયો કે કોઈ કાળે કોઈ ઉપાય કરતાં મતવાલાપણું ઊતરતું નથી.**' આહાહા..! દારૂ પીધા એવા. મિથ્યાશ્રદ્ધાના દારૂ પીને એવા મતવાલા થઈ ગયા છે, કહે છે. આહાહા..! સાધુ થયો તોપણ તે રાગના રાગી એ વ્રતને, તપને, ભક્તિનો ભાવ એ રાગ. તે રાગનો રાગી મતવાલો પાગલ મિથ્યાદૃષ્ટિ છે. આવી વાતું છે. આહાહા..! '**કોઈ કાળે કોઈ ઉપાય કરતાં...**' આહાહા..! ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો, પણ એના અભિપ્રાય અને પર્યાયબુદ્ધિને મૂકી નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દેખાડે છે-**' '**इतः एत एत**' કાલે અહીં સુધી આવ્યું

હતું. અડધો કલાક થયો. કાલે તો હજી પહેલું (હતું). પહેલું હોય એમાં... આહાહા..! **'પર્યાયમાત્ર અવધાર્યો છે પોતાને-એવા માર્ગે ન જાઓ,...'** આહાહા..! પ્રભુનો પોકાર છે. **'इतः एत एत'** એ પર્યાય માર્ગે ન જાઓ... ન જાઓ. આહાહા..! એ પર્યાય પુણ્ય-પાપના ભાવની દશા અને વર્તમાન જ્ઞાનની ઉઘાડ દશા અને બહારની સામગ્રી, એ પર્યાય માર્ગે ન જા, નાથ! તું ન જા ત્યાં. તને ત્યાં લૂંટ પડે છે, બાપુ! તારા સ્વભાવની લૂંટ પડે છે. આહાહા..!

(સંવત) ૧૯૮૪ની સાલમાં 'રાણપુર' ચોમાસું હતું. પછી બહાર એક ઢેઢ ખાટલો ભરવા આવ્યો હતો. શું કહેવાય? ખાટલો ભરવા આવ્યો હતો. ભર્યો. ખાટલો ભરતા ભરતા વખત થઈ ગયો. દસ-અગિયાર (વાગે) બાયડી આવી, રોટલો લાવી, છાશ લાવી, છોકરો આવ્યો, છોકરી આવી. ખાતા હતા પણ જાણે ચક્રવર્તીનું રાજ હોય એમ લાગે. આહાહા..! હું આમ અપાસરામાં બેઠેલો અને હેઠે એ. છોડી ને છોકરો અને બાયડી ને બધા.. ખુશી-ખુશી. શું છે પણ પ્રભુ આ તને? તું ક્યાંનો રહેવાસી? ક્યાંનો રહેનારો? કોની સંપદાનો ધણી અને ક્યાં લઈને રોકાણો પ્રભુ તું? આહાહા..! 'સુજાનમલજી'! આહાહા..! આ ૧૯૮૪ની વાત છે. આહાહા..! માળા! કીધું જો ને. છાશની દોણી અને રોટલો ખાતા હતા. બધા ત્રણ-ચાર જણા ભેગા થઈ છોકરો, છોડી, બાયડી. એમ આ બધું ટોળું ભેગું થયું દુશ્મનનું. શાસ્ત્ર તો એમ કહે છે કે બધા કુટુંબ, બાયડી, છોકરા મળ્યા છે એ આજીવિકાની ધુતારાની ટોળી મળી છે તને. ધુતારાની ટોળી મળી છે તને. મારા-મારા કરીને મારી નાખશે તને. આહાહા..! આવું કેવું!

મુમુક્ષુ :- એને આ મળ્યો એ ધુતારો મળ્યો છે ને?

ઉત્તર :- એને ધુતારો છે આ પણ. એની અનુકૂળતા માટે મથે છે. આહાહા..!

ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપી જ્ઞાતા-દ્રષ્ટા અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ડોલે છે. અતીન્દ્રિય આનંદથી છલોછલ લવાલવ ભર્યો છે, પ્રભુ! આહા..! એની સામું જોતો નથી અને જેમાં તું નથી ત્યાં પર્યાયમાત્રમાં રોકાઈ ગયો, પ્રભુ! આહાહા..! હવે **'પર્યાયમાત્ર અવધાર્યો છે પોતાને-એવા માર્ગે ન જાઓ,...'** આહાહા..! એ બહારના પંથે ન જા, નાથ! તું હેરાન થઈને મરી ગયો છો. અનંત અવતાર થયા. આહાહા..! શુભ-અશુભભાવ, વ્રતાદિ ભાવ પણ બધા બહાર છે હોં! આહા..! સંસ્કૃત ટીકામાં નાખ્યું છે. વ્રતાદિ અપદમાં (નાખ્યા છે). આહાહા..! એ વ્રત ને નિયમ ને તપ ને અપવાસ કરે તો એમ થઈ જાય કે, આહાહા..! અને લોકો વખાણ કરે તપસી છે, માન આપો, વરઘોડા ચડાવો. વડઘોળા છે બધા. આહાહા..!

ભાઈ! અહીં તો કહે છે કે એ પુણ્ય અને પાપના પરિણામ અને તેના ફળ એ તરફ ન જા, નાથ! ન જા, એમાં ન જા, ભાઈ! એ બધા દુશ્મનના વિસ્તાર છે. એમાં સલવાઈ જઈશ, ભાઈ! આહાહા..! 'ભગવાનજીભાઈ'! આહાહા..! 'મુંબઈ' કર્યું પણ સરખું ન આવ્યું, ઓલો છોકરો ન આવ્યો તો અહીંથી સંકેલીને હવે ત્યાં જશે. શું કરવું પણ ત્યારે? એક છોકરો આવ્યો અને એક છોકરો ન આવ્યો, તો કરવું શું? આ તો દાખલો છે. એવું જ

અંદર અટપટું એવી ચીજ સંસાર છે. આમ જાણે દેશમાં રહેશું તો આપણે થશે. અને ત્યાંથી છૂટકારો થશે, ઓલો કાંઈ અહીં આવ્યો નહિ, આ કહે, હું એકલો કરી શકું નહિ. ચાલો ત્યાં પાછા રખડવા. એવું છે ને અનાદિથી. એવું જ છે, બાપુ! કાંઈક... કાંઈક... કાંઈક... એવા એને સાધન મળી જાય છે અને એમાં રોકાઈ જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- સંસારમાં અનેક ઉપાધિ છે.

ઉત્તર :- અનેક અનેક ઉપાધિ, બાપુ! આ તો એક દાખલો બધાને ચારેકોરની (ઉપાધિ) આહાહા..! ચાલીસ કરોડનો સ્વામી 'શાહુજી' ૨૭મી તારીખે સવારે (ગુજરી ગયા). ચાલીસ કરોડ રૂપિયા હશે એને કેટલા સાધન હશે? ચાલીસ લાખનો તો બંગલો હતો. આહાહા..! એકલા. બાયડી પહેલા મરી ગઈ બે-ત્રણ વર્ષ પહેલાં. એવું છે. પોતે દિગંબરના અગ્રેસર ગણાય. આમ નરમ માણસ બિચારા. હમણા અહીં આવ્યા હતા. છોકરાની વહુ રજનીશને માને. નાનો છોકરો કાંઈક બીજે રસ્તે ચડી ગયો છે. આહાહા..! ધંધા-વેપાર મોટા કારખાના જુઓ તો 'કલકત્તા'માં મોટા મોટા કારખાના. ચાલીસ કરોડ રૂપિયા એટલે! અરે..! એકલા ચાલ્યા ગયા છે. દેહ છૂટ થઈ ગયો. જાવ. ડોક્ટરો મોટા એના ઘરે પડ્યા જ હોય. ... કોણ રાખે? ભાઈ! આહાહા..!

ભગવાન અહીં પોકારે છે કે એ પર્યાયને રસ્તે ન જા. આહાહા..! પર્યાયને રસ્તે એટલે વર્તમાન જે પર્યાય ઉઘડેલી છે તે રસ્તે ન જા. આહાહા..! અને રાગ ને દ્વેષ અને એના ફળ તરીકે બધું પર્યાયદૃષ્ટિનું ફળ એ બધું. એમાં ન જા, ભાઈ! તને ઘાયલ કરી નાખે છે અંદર. આહાહા..! તારી શાંતિની પર્યાયને છરા પડે છે, ઘા પડે છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! છે? '**પર્યાયમાત્ર અવધાર્યો છે...**' જોયું! પોતાને પર્યાયમાત્ર જાણ્યો છે. એક સમયની પર્યાય ને રાગવાળો અને રાગના ફળવાળો. બસ. આહાહા..!

'**એવા માર્ગે ન જાઓ, ન જાઓ,...**' બે વાર કહ્યું છે. પાઠમાં છે, હોં! 'इतः एत एत' છે ને? '**ન જાઓ, ન જાઓ,...**' ભાઈ! ત્યાં દુઃખી તું થા છો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**કેમ કે (તે) તારો માર્ગ નથી, નથી;...**' આહાહા..! એક સમયની ઉઘડેલી પર્યાય અને પુણ્ય-પાપના ભાવ એ તારી ચીજ નથી. આહાહા..! એ તારો માર્ગ નથી. આહાહા..! સંતોની કરુણા છે જગત (ઉપર), ભાઈ! તું ક્યાં જા છો? આહાહા..!

'**આ માર્ગ પર આવો, અરે! આવો,...**' આહાહા..! 'एत एत' અહીં આવો.. અહીં આવો, પ્રભુ! અંદર ભગવાન બિરાજે છે આનંદનો નાથ, ત્યાં આવ ને. આહાહા..! જ્યાં ક્યાંય આ કર્મની ઉપાધિ અને રાગાદિ નથી, એવો ભગવાન અંદર બિરાજે છે અનાદિ શાશ્વત. જેમ અનાદિ પર્યાયબુદ્ધિમાં રોકાણો છે એમ અનાદિથી ચીજ પડી છે એમ ને એમ. આહાહા..! ઊંડે કૂવે ઉતાર્યો છે આત્માને.

ધણી મરી જાય ને? પછી વહુ રોવે, નાની બૈરા રોવે. બધું સાંભળેલું છે. અમારે ઘરે થયેલું હતું. (સંવત) ૧૯૫૭ની સાલ. અમારા મોટા ભાઈ હતા હોંશિયાર, રૂપાળા બહુ. ૧૯૫૭ની વાત છે, હોં! 'મુંબઈ'નું પાણી લાગેલું. અને મારી ઉંમર તો અગિયાર વર્ષની તે દિ' તો. ૫૭ની સાલ. એ વહુ રોવે બૈરા. મોટા ભાઈ ગુજરી ગયા ત્યારે. આહાહા..! અરે..!

ઊંડે કૂવે ઉતારી અને દોરડા કાપ્યા. આ કર્યું... એમ કરીને રોવે. 'પાનાચંદભાઈ'! આ તો બધું સાંભળ્યું છે ને. ઘરે બનેલું છે. મોટાભાઈ હતા બહુ રૂપાળા, હોંશિયાર બહુ હતા. બહુ હોશિયાર. 'મુંબઈ'માં નોકરી હતી. 'લાઠી'વાળા સોની નહિ? 'રામજી ભગવાન' છે. 'લાઠી'વાળા. ખબર છે. તે દિ' અમને ખબર. મને તો અગિયાર વર્ષની નાની ઉંમરથી બહુ ખબર છે. એમાં નોકરી એને હતી. એમાં પાણી લાગ્યું ને દેહ છૂટી ગયો. સાંજનું ટાણું. અમે નાની ઉંમરના બધા. અગિયાર વર્ષના. મારાથી નાનો હતો એ નવ વર્ષનો. અહીંથી ચાલ્યા જાવ મામાને ઘરે. આ ૧૯૫૭ની વાત છે. ઘરે મામાનું કુટુંબ બધું પૈસાવાળા, આબરૂવાળા, દુકાનો, મકાન બહુ પૈસાવાળા હતા. ત્યાં જાવ. અહીં રહેવા દો. ભાઈને ઠીક નથી તો વયા જાવ. આહાહા..! અને એ પછી બાય રોવે. ઊંડે કૂવે ઉતારી દોરડા કાપ્યા. આ કૂવામાં નાખે ને? પણ આ ઊંડે કૂવે ચાર ગતિમાં જઈને શાંતિને કાપી નાખી છે, બાપા! આહા..! ભાઈ! તને આનંદનો નાથ બાદશાહ હાથ ન આવ્યો અને આ રાંકાઈની ચીજો તને હાથ આવી. હેં! આહાહા..! ભાઈ! અહીં આવ.. અહીં આવ. છે?

**'કેમ કે (તે) તારો માર્ગ નથી, નથી; આ માર્ગ પર આવો, અરે! આવો,...'** **'एत एत'** આ બાજુ આવ, આ બાજુ આવ, ભાઈ! કેમ? કેમ કે **'इदम् पदम् इदं पदं'** આહાહા..! **'તારો માર્ગ અહીં છે, અહીં છે,...'** આહાહા..! અંદર જ્ઞાનાનંદ ભગવાન શુદ્ધ ચૈતન્ય અનંત ગુણની વસ્તીનું ઘર છે. અનંત ગુણની વસ્તીનો એ દેશ છે. આહાહા..! એ સ્વદેશમાં આવ, આવ, પરદેશથી ખસી જા. બબ્બે વાર કહ્યું. આહાહા..! **'તારો માર્ગ અહીં છે, અહીં છે,...'** **'यत्र चैतन्यधातुः'** ક્યાં? શું? **'ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે.'** એ તો ચેતના જાણન-દેખન સ્વભાવનું સ્વરૂપ એનું છે. એમાં એક સમયની પર્યાય પણ નથી, તેમાં પુણ્ય અને પાપ નથી અને તેના ફળ એ વસ્તુમાં નથી. એવું ચૈતન્યસ્વરૂપ અંદર શાશ્વત બિરાજે છે. અનાદિઅનંત ચૈતન્યસ્વભાવી ભગવાન, ત્યાં આવ રે આવ. સમજાણું કાંઈ? માથું ફરી જાય એવું છે એકવાર તો જરી. આહાહા..! ભાઈ! તને કેમ ગોઠે છે? એ અણગોઠતી ચીજમાં તને કેમ પ્રભુ ગોઠે છે? અને ગોઠતી ચીજમાં કેમ નથી આવતો અંદર? આહાહા..! બબ્બે વાર કહ્યું છે, હોં! ત્યાંથી ખસી જા એ માર્ગ નથી, એ માર્ગ નથી અને અહીં આવી જા, અહીં આવી જા. 'ભગવાનજીભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- અનાદિનો ભૂલ્યો છે.

ઉત્તર :- એને ક્યાં ચોંટ્યો છે અને શું છે એની કાંઈ ખબર નથી. આહાહા..! કોથળામાં વાયરા ભરે એ વાયરા ન રહે. એમ પકડી રાખે એ વસ્તુ નહિ રહી શકે, એ વસ્તુ તો નાશવાન છે. આહાહા..! નિત્ય ભગવાન અંદર નિત્ય આનંદસ્વરૂપ આત્મા છે. એ નિત્યમાં આવી જા. ત્યાં આવી જા, પ્રભુ! ત્યાં આવી જા. અનિત્યમાંથી ખસી જા, ત્યાંથી ખસી જા. આહાહા..! લ્યો! આ રવિવારને લઈને, 'મનસુખભાઈ'! એ તમારે લઈને આ બધું 'રામજીભાઈ' કહે ફરીને લેવું છે. રવિવાર છે તે. આહાહા..!

અંદર ભગવાન બિરાજે છે, પ્રભુ પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તારો

ભગવાન તારાથી જુદો ક્યાંય નથી. તને તેની મોટપના મહાત્મ્યની પ્રભુ! તને ખબર નથી. આહાહા..! બે વાર કહ્યું? **'આ માર્ગ પર આવો, અરે! આવો, કેમ કે તારો માર્ગ અહીં છે, અહીં છે,...'** કેવો? કે **'જ્યાં ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે.'** એ તારો માર્ગ છે. જાણક.. જાણક... જાણક... જાણક... જાણક... જાણક... ચેતના... ચેતના... ચેતના... ચેતના... ચેતના... ચેતના... અનાદિઅનંત એવું જે ચેતનાસ્વરૂપ ભગવાન તારું છે. ત્યાં આવી જા. તને આનંદ થશે, તને શાંતિ મળશે, તને ભવના અંત આવશે. આહાહા..! સમજાણું કાંઈ?

શું કીધું એ? **'ચૈતન્યધાતુઃ'** કીધી? એટલે શું કહ્યું? કે જેમ સોનું ધાતુ છે ને? સોનાપણું ધારી રાખ્યું છે. એમ આ ભગવાન ચૈતન્યધાતુ છે. એણે ચેતનારૂપી ધાતુ ધારી રાખી છે. એણે પુણ્ય-પાપ ને રાગ એ કાંઈ ધારી નથી રાખ્યું, એ એનામાં છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'જ્યાં ચેતનામાત્ર...'** ભાષા જોઈ! **'ચૈતન્યધાતુઃ'** એનો અર્થ **'ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે.'** એમ. આહાહા..! **'કેવું છે?'** સ્વરૂપ ભગવાન અંદર? **'શુદ્ધઃ શુદ્ધઃ'** આહાહા..! ભાઈ! તને ખબર નથી. તારો નાથ અંદર આનંદનો સાગર સચ્ચિદાનંદ પ્રભુ... આહા..! એ શુદ્ધ છે-વસ્તુએ શુદ્ધ છે અને કર્મના નિમિત્ત થતાં વિકારથી પણ ભિન્ન શુદ્ધ છે. બે વાર કહ્યું ને? સમજાણું કાંઈ? આહાહા..! સંતોની, દિગંબર સંતોની બલિહારી છે. આહાહા..! જગત પાસે સત્યને મૂકવાની રીત અને અસત્યથી ખસવાની રીત બતાવવી. આહાહા..!

**'કેવું છે?'** સ્વરૂપ તારું? **'સર્વથા પ્રકારે સર્વ ઉપાધિથી રહિત છે.'** અંદર ભગવાન. ચૈતન્યધાતુ જેણે ચેતવું-ચેતવું, જાણવું-દેખવું એવા સ્વભાવને ધારી રાખ્યો છે. એમાં બીજું પુણ્ય અને પાપ, સંસારગતિ-ફતિ એમાં છે નહિ. આહાહા..! જેમાં વ્રતના વિકલ્પની વૃત્તિ પણ જેમાં નથી. એ તો ચેતનધાતુ જાણક-દેખન, જાણક-દેખન જ્ઞાતા-દૃષ્ટા. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલું-ધારેલું તત્ત્વ એ છે. આહાહા..! એકવાર તો એને સંસારના હરખના સબડકા ઉતરી જાય એવું છે. 'પંકજ'ને ત્રણ છોકરા એય બધું આ. નીચે બેસીને પછી વાતું કરતા હોય. બાપુજી આ છે ને બાપુજી આ છે. આહાહા..! શું છે આ બધી મધલાળ.

મુમુક્ષુ :- માયાજાળ.

ઉત્તર :- માયાજાળ કીધી ને? માયાજાળ. આહાહા..!

**'ચેતનામાત્ર વસ્તુનું સ્વરૂપ છે. કેવું છે? સર્વથા પ્રકારે સર્વ ઉપાધિથી રહિત છે. 'શુદ્ધ શુદ્ધ' બે વાર કહીને અત્યંત ગાઢ કર્યું છે.'** આહાહા..! પ્રભુ! તું શુદ્ધ છો, અંદર સચ્ચિદાનંદ પ્રભુ છો. જે પરમાત્માનું સ્વરૂપ તને જ્ઞાનમાં આવે છે કે ભગવાન આવા છે ને ભગવાન આવા છે. એ બધી પર્યાયે પ્રગટ કરેલા, પણ તારું સ્વરૂપ જ એવું છે અંદર. આહાહા..! અરે..! સાચું સાંભળવાનું મળે નહિ. સાચા સાંભળવા માટે નિવૃત્તિ મળે નહિ, એ કે દિ' સમજે? આંખું મીંચીને ચાલ્યા જાય છે. ચાલ્યા જાય છે. તે પાછા એને કોઈ રોતા નથી કે ક્યાં મરીને ઢોરમાં ગયો કે નહિ? આહાહા..! બાપ ઢોરમાં ગયો કે દીકરો ઢોરમાં ગયો પશુમાં એને અમારે સ્નાન શું આવે? અમારી સગવડતા ગઈ એને રોવે એ. અરર..! આવો સંસાર,

બાપા! બધો એવો જ છે આ તો.

અહીં કહે છે, **'અત્યંત ગાઢ કર્યું છે. વળી કેવું છે?'** **'स्थायिभावत्वम् एति'** આહાહા..! એ તો સ્થાયીભાવને પામેલ છે વસ્તુ. **'અવિનશ્વરભાવને...'** પામેલ આત્મા અંદર વસ્તુ છે. સ્થાયી. માણસ નથી કહેતા કે સ્થાયી ભાવ કર્યો આ દુકાને? કે આવ-જાવ કરો છો કે સ્થાયી કર્યું? આહાહા..! આ સ્થાયીભાવ. સ્થિરભાવ, અવિનશ્વરભાવ નિત્યાનંદ પ્રભુ. અણઉત્પન્ન થયેલ અવિનાશી એવો એનો અનાદિ અનંત નિત્ય આનંદ સ્વભાવ... આહાહા..! **'અવિનશ્વરભાવને પામે છે.'** સ્થાયી એટલે અવિનશ્વર ગણ્યું. સ્થિરભાવને પામેલ છે અંદર. સ્થિર છે, ધ્રુવ છે. ભગવાન અંદર સ્વભાવે ધ્રુવ છે. સ્થિરપણાને પામેલ છે. અવિનશ્વરપણાને પામે છે એ. આહાહા..! ત્યાં આવી જા એકવાર, કહે છે. આહાહા..!

ખરેખર તો પર્યાય નાશવાન ગણી છે. કેવળજ્ઞાનની પર્યાય પણ નાશવાન ગણી છે. ધર્મની પર્યાય છે એક સમયની પર્યાય છે એ પણ નાશવાન છે. વસ્તુ તો સ્થાયી છે ને? આહાહા..!

નિત્યાનંદ પ્રભુ અંદર વીતરાગ પરમેશ્વર જિનેશ્વરદેવ જિનેન્દ્રોએ જેણે આત્મા પ્રગટ કર્યો, અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત શાંતિ, અનંત દર્શન એ બધી પર્યાયમાં અનંતતા આવી એ આવી ક્યાંથી? પ્રભુ! કાંઈ બહારથી આવે છે? એ અંદરમાં પડી છે. પ્રભુ! તારા સ્વભાવમાં પૂર્ણ બધું પડ્યું છે. આહાહા..! એ સ્થિર ભાવ પડ્યો છે અંદર, ધ્રુવ ભાવ પડ્યો છે અંદર. આહાહા..! પર્યાયની એક સમયની અવસ્થાને પણ ઊડાડી દે છે અત્યારે તો. આહાહા..! સ્થિરભાવપણાને પામેલ વસ્તુ અંદર છે. છે જેવી છે તેવી અવિનાશી ત્યાં જાને. આહાહા..! અંદરમાં જા. બહારમાંથી છોડી દે.

મુમુક્ષુ :- સાચો રસ્તો છે.

ઉત્તર :- આ માર્ગ છે.

**'स्थायिभावत्वम् एति'** **'અવિનશ્વરભાવને પામે છે.'** વસ્તુ એવી છે. ધ્રુવના ધ્યાનમાં ધ્યેયને લઈ... આહાહા..! ધ્રુવધામ ભગવાનઆત્મા એને ધ્યાનનો વિષય બનાવ, એને વર્તમાન ધ્યાનની પર્યાયનો વિષય કુરુ. એ સંસ્કૃતમાં છે. પર્યાયનો વિષય છોડી દે. આહાહા..! અને ત્રિકાળી નાથ અંદર અવિનાશી ધ્રુવ બિરાજે છે અનંત શક્તિનો સાગર.. આહાહા..! ત્યાં નજર કર. એને તું પામ જે સ્થિર વસ્તુ પડી છે અંદર. આહાહા..! એ સત્ છે. એ સચ્ચિદાનંદ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું પૂર છે. ભાઈ! તને ખબર નથી. અરૂપી અને રૂપી બેની વચ્ચે વહેંચણી કરતાં, એ અરૂપી મહાસાગરનો દરિયો અંદર બિરાજે છે. આહાહા..! અરેરે..! સાંભળવાને વખત મળે નહિ, સાંભળવું મળે નહિ, એ ક્યાં જાય? શું કરે? આહાહા..!

**'શા કારણથી?'** **'स्वरसभरतः'** **'ચેતનાસ્વરૂપના...'** જુઓ! **'स्वरस'** છે ને? એ ચેતનાનો રસ અંદર ભર્યો છે, કહે છે. એ પુણ્ય-પાપના રસથી ખાલી ચીજ છે. પુણ્ય-પાપના સ્વાદમાં જે પડ્યો છો અનાદિ, એના સ્વાદથી એ ખાલી ચીજ છે. ચેતનાના રસથી

ભરેલી છે. આહાહા..! જેમાં ચેતનારસ. એમાં લીન થતાં તને આનંદ આવે એવો ચેતનારસથી ભરેલો ભગવાન છે. અરે..! આવી વાતું. અહીં તો વધારે શું કહેવું છે? **'ચેતનાસ્વરૂપના...' 'भरतः' 'ભારથી,...'** એટલે શું કહે છે? એ ચેતનાસ્વરૂપ કહેવામાત્ર નથી, એમ કહે છે. ચેતનાસ્વરૂપ વસ્તુસ્વરૂપ છે. આહાહા..! ચેતના કહેવામાત્ર નથી. **'भरतः'** સ્વભાવથી ભરેલો સ્થિત છે. આહાહા..! અતિશયથી, સંસ્કૃતમાં એમ અર્થ કર્યો. ભરેલનો અર્થ. અનુભવના અતિશયથી શોભિત છે ભગવાન. આહાહા..! **'भरतः'** કહે છે, ચેતનાવસ્તુ ચેતનસ્વરૂપ વસ્તુ સ્વભાવ, ધ્રુવ એ કહેવામાત્ર નથી. આહાહા..! સત્‌સ્વરૂપ વસ્તુ છે. અંદર સત્યસ્વરૂપ પ્રભુ અવિનાશી અનાદિઅનંત, ચિદાનંદ ભગવાન અનાદિઅનંત સ્વરસથી ભરેલો વસ્તુસ્વરૂપ છે. આહાહા..! અરે..! એના ઘરની ખબર ન મળે અને પરઘરની માંડી બધી. ઓલા નથી કહેતા કે 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટા' કહેવાય છે ને આપણે? ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો. એને આટો દયો. એમ આ પુણ્ય ને પાપ ને આ ને આ બધા. પણ તારા છોકરા ઘરના ઘંટી ચાટે છે. રાગને ચાટે છે અંદર. સ્વભાવની તો ખબર નથી એને. આહા..! આવો માર્ગ વીતરાગનો. આહાહા..! લોકોને એવું લાગે પછી આ 'સોનગઢ'વાળા તો એકલી નિશ્ચયની વાતું કરે. વ્રત કરવા અને તપ કરવા (એ તો કાંઈ કહેતા નથી).

મુમુક્ષુ :- નિશ્ચયમાં વ્યવહાર આવી ગયો.

ઉત્તર :- પણ નિશ્ચયનો નિર્ણય કર્યો એ જ પર્યાય વ્યવહાર છે. પર્યાયમાત્ર વ્યવહાર છે. આહાહા..! પણ પર્યાયને લક્ષે પર્યાયનો નિર્ણય ન થાય. આહાહા..! જ્યાં અંદર પૂર્ણ વસ્તુ છે ત્યાં નજર કર્યે તેનો નિર્ણય થાય. આહાહા..!

એ **'भरतः'** વસ્તુ સ્વરૂપ છે. **'તેથી નિત્ય-શાશ્વત છે. ભાવાર્થ આમ છે કે જેને-પર્યાયને-મિથ્યાદષ્ટિ જીવ પોતારૂપ જાણે છે તે તો સર્વ વિનાશિક છે, તેથી જીવનું સ્વરૂપ નથી; ચેતનામાત્ર અવિનાશી છે, તેથી જીવનું સ્વરૂપ છે.'** ચેતના અવિનાશી જાણક... જાણક... જાણક... દેખન એવો એનો સ્વભાવ, એ અવિનાશી જીવનું સ્વરૂપ છે. માટે ત્યાં નજર કર તો તને સમકિત થશે. સાચી દૃષ્ટિની ત્યાં નજર થશે, એમ કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૧૧, સોમવાર, તા.૭-૧૧-૧૯૭૭
## કળશ - ૧૩૮ થી ૧૪૦, પ્રવચન - ૧૪૨

'કળશટીકા' ૧૩૮ કળશની છેલ્લી અઢી લીટી છે. ભાવાર્થ. ભાવાર્થ. ૧૩૮ કળશ. છેલ્લો છે ને? છેલ્લો ભાવાર્થ. **'જેને-પર્યાયને-'** પર્યાય એટલે શરીર, વાણી, મન, પુણ્ય અને પાપ આદિ જે વસ્તુ છે. ભિન્ન ચીજ છે. એ પોતાની નથી. એવી **'પર્યાયને-મિથ્યાદષ્ટિ જીવ**

**પોતારૂપ જાણે છે...'** શરીરને, વાણીને, રાગને, પુણ્ય-પાપના ભાવને જે જીવ અનાદિથી મિથ્યાદૃષ્ટિ પોતારૂપ જાણે છે, '**તે તો સર્વ વિનાશિક છે,...**' તે તો બધું નાશવાન છે. '**તેથી જીવનું સ્વરૂપ નથી;...**' એ ભગવાનઆત્મા, એનું સ્વરૂપ એ નથી.

'**ચેતનામાત્ર અવિનાશી છે,...**' ભગવાન તો ચેતનામાત્ર (છે). ભેદ પણ નહિ. ચેતનામાત્ર સ્વભાવ. વસ્તુ જેમ ત્રિકાળ છે એમ એનો ચેતનાસ્વભાવ જાણવું, દેખવું એ સ્વભાવ પણ ત્રિકાળ છે. એ '**ચેતનામાત્ર અવિનાશી છે,...**' બાકી બધો રાગ દયા, દાન, વ્રતાદિના વિકલ્પો બધા નાશવાન છે. આહાહા..! '**તેથી જીવનું સ્વરૂપ છે.**' ચેતનામાત્ર અવિનાશી જીવનું સ્વરૂપ. પણ પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે શરીરાદિ (મળે) એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. એમ ટૂંકી વાત પહેલી કહી ગયા છે. ભાવાર્થ કીધો.

(અનુષ્ટુપ)

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।७-१३९।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'तत् पदम् स्वाद्यं' ( तत् ) શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુરૂપ ( पदम् ) મોક્ષના કારણનો ( स्वाद्यं ) નિરંતર અનુભવ કરવો. કેવું છે? 'हि एकम् एव' ( हि ) નિશ્ચયથી ( एकम् एव ) સમસ્ત ભેદવિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે. વળી કેવું છે? 'विपदाम् अपदं' ( विपदाम् ) ચતુર્ગતિસંસારસંબંધી નાના પ્રકારનાં દુઃખોના ( अपदं ) અભાવસ્વરૂપ છે. ભાવાર્થ આમ છે કે-આત્મા સુખસ્વરૂપ છે, સાતા-અસાતાકર્મના ઉદયના સંયોગે થાય છે જે સુખ-દુઃખ તે જીવનું સ્વરૂપ નથી, કર્મની ઉપાધિ છે. વળી કેવું છે? 'यत्पुरः अन्यानि पदानि अपदानि एव भासन्ते' ( यत्पुरः ) જે શુદ્ધ સ્વરૂપનો અનુભવરૂપ આસ્વાદ આવતાં ( अन्यानि पदानि ) ચાર ગતિના પર્યાય, રાગ-દ્વેષ-મોહ, સુખ-દુઃખરૂપ ઈત્યાદિ જેટલા અવસ્થાભેદ છે તે ( अपदानि एव भासन्ते ) જીવનું સ્વરૂપ નથી, ઉપાધિરૂપ છે, વિનશ્વર છે, દુઃખરૂપ છે-એવો સ્વાદ સ્વાનુભવપ્રત્યક્ષપણે આવે છે. ભાવાર્થ આમ છે-શુદ્ધ ચિદ્રૂપ ઉપાદેય, અન્ય સમસ્ત હેય. ૭-૧૩૯.**

## કળશ-૧૩૯ ઉપર પ્રવચન

હવે ૧૩૯. एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।७-१३९।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'तत् पदम् स्वाद्यं' 'શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુરૂપ...'** ભગવાન શુદ્ધ ચૈતન્યમાત્ર પદાર્થ, ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્ય, એ પદ. '**મોક્ષના કારણનો નિરંતર અનુભવ કરવો.**' આહાહા..! એ મોક્ષનું કારણ એટલે કે... ઝીણી વાતું બહુ, ભગવાન! શુદ્ધ

ચૈતન્ય નિત્ય ધ્રુવ, એનો અનુભવ કરવો એ મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**સ્વાદ્યં**' એનો સ્વાદ લેવો, એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો લવાલવ ભરેલો પ્રભુ છે. એ તો વસ્તુ (થઈ). હવે એનો અનુભવ સ્વાદ લેવો એ પર્યાય છે. આહાહા..! એ સ્વાદ લેવો એ મોક્ષનું કારણ છે. બીજી ભાષાએ કહીએ તો 'અનુભવ રત્ન ચિંતામણી' એ અનુભવ જે છે આત્માના આનંદનો એ ચિંતામણી વસ્તુ છે. 'અનુભવ હૈ રસકૂંપ' આત્માના સ્વાદનો અનુભવ એ આત્માના આનંદનો કૂંપ છે. આહાહા..! 'અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આહાહા..! આવી વાત છે. એ ચૈતન્યવસ્તુ મહાપ્રભુ, જેમાં અનંત ચૈતન્યરત્નાકર-એ અનંત ચૈતન્ય રત્નનો દરિયો છે. આહાહા..! ક્ષેત્ર ભલે ટૂંકું હોય અસંખ્ય પ્રદેશ, પણ તેના સ્વભાવની મહિમાનો પાર નથી. આહાહા..! એ બધા પુણ્ય અને પાપના વિકલ્પોથી ભિન્ન, પોતાના અનંત આનંદના સ્વભાવને સ્વાદવો, આસ્વાદવો... આહાહા..! એટલે કે તેને વેદનમાં લેવો... આહાહા..! તે એક જ મોક્ષનું કારણ છે. છે? '**મોક્ષના કારણનો નિરંતર અનુભવ કરવો.**' આહાહા..!

મુમુક્ષુ :- પોતાની વસ્તુને મોક્ષનું કારણ..

ઉત્તર :- એ પોતાનું મોક્ષનું કારણ પરિણતિ તે.

'**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુરૂપ મોક્ષના કારણનો નિરંતર અનુભવ કરવો.**' એવું જે પદ. પોતાનું નિજપદ ત્રિકાળી, પણ એનો અનુભવ કરવો એ પદ છે. આહાહા..! રાગાદિ અને વ્રતાદિ એ બધા અપદ છે. એ અનુભવ પર્યાય નહિ. આહાહા..! '**શુદ્ધ ચૈતન્યમાત્ર વસ્તુરૂપ મોક્ષના કારણનો નિરંતર અનુભવ કરવો. કેવું છે? નિશ્ચયથી સમસ્ત ભેદવિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.**' આહાહા..! ખરેખર તો એ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પરચીજ, એનાથી તો ભિન્ન છે. દયા, દાન, રાગાદિના વિકલ્પથી પણ ભિન્ન છે અને પર્યાયમાં મતિ-શ્રુતાદિ ભેદો જે પડે, એ પણ ભેદ છે, એનાથી પણ રહિત છે. આ ૨૦૫ ગાથાનો શ્લોક છે ને? મતિ-શ્રુતજ્ઞાન આવે છે ને? એ એક સ્વરૂપ છે અંદર. ભેદ નથી. ભલે શ્રુતજ્ઞાનીને કેવળજ્ઞાન નથી. છતાં કેવળજ્ઞાન એના લક્ષમાં હોય છે કે આવું હોય. પરોક્ષ એને લક્ષમાં હોય છે, છતાં એના તરફના વલણથી અનુભવ નહિ. આહાહા..! બહુ માર્ગ (આકરો). જન્મ-મરણ રહિત ભવના અંતના ઉપાય તો આ છે. આહાહા..! ભગવાન અનંત ચૈતન્ય રત્નાકર પ્રભુ, એનો અનુભવ. એનો અનુભવનો અર્થ કે એની પર્યાયમાં એનું વેદન. આહાહા..! એનું વેદન છે એ જ મોક્ષનું કારણ છે. વ્રત, તપ, ભક્તિ, અને પૂજા એ તો બધા બંધના કારણ છે. આહાહા..!

'**સમસ્ત ભેદવિકલ્પથી રહિત નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે.**' એ તો અભેદ એકરૂપ સામાન્ય (વસ્તુ છે). વિશેષોના ભેદથી પણ રહિત (છે). આહાહા..! રાગથી રહિત, વર્ણ, ગંધ આદિ બાહ્ય નિમિત્તો-ચીજો એનાથી રહિત પણ એમાં વિશેષે ભેદ પડે છે એનાથી પણ રહિત. આહાહા..! એકલી સામાન્ય દૃષ્ટિ કરતાં આ સામાન્ય છે એમ ભલે એને ન હો. કારણ કે આ સામાન્ય છે અને દૃષ્ટિ કરું છું, એ પણ એક ભેદ થઈ ગયો. પણ દૃષ્ટિ જ્યાં અંતર વળે છે એનો અર્થ જ કે એને ધ્યેય જ સામાન્ય રહે છે. એને આ સામાન્ય છે અને લક્ષ-આશ્રય કરું

છું, એમ નહિ. આહાહા..! ઝીણી વાત છે. પણ પર્યાય અને ભેદ ઉપરથી લક્ષ છોડી અંતરમાં લક્ષ જાય છે તે અભેદ અને સામાન્ય ઉપર જાય છે. એટલે સામાન્યનું ધ્યેય બનાવ્યું છે એમ કહેવામાં આવે છે. આહા..! આવો માર્ગ છે. છે?

**'વળી કેવું છે? ચતુર્ગતિસંસારસંબંધી...'** આપદા-વિપદા. આહાહા..! એ સ્વર્ગમાં પણ વિપદા અને આપદા છે. મનુષ્યપણામાં શેઠાઈ કરોડો-અબજોપતિ બધા આપદાને વેદનારા છે. આહાહા..! સંપદાનું પદ તો પ્રભુ અંતર છે. એ બધા આપદાના સ્થાન છે. આહાહા..! એય..! 'શાંતિભાઈ'! આ બધા ઝવેરાત-ફવેરાતના ધંધા અને લાખો રૂપિયાની પેદાશું આપદા છે, વિપદા છે. સંપદા નહિ. એ પ્રભુ આત્માની સંપદા નહિ. આવો માર્ગ છે.

મુમુક્ષુ :- પરપદાર્થ તો કાંઈ નુકસાન કરતું નથી.

ઉત્તર :- નુકસાન કરે છે એમ કોણે કહ્યું? પણ પરનું લક્ષ કરે છે ત્યારે રાગ થાય છે. એ આપદા છે અને વિપદા છે. આહાહા..!

ચાર ગતિરૂપી અનેક પ્રકારના દુઃખોનું અપદ છે. ભગવાન પ્રભુ તે દુઃખોનું અપદ છે. અંદર ચૈતન્ય આનંદસ્વરૂપ એ ચાર ગતિના દુઃખનું અસ્થાન છે. એમાં દુઃખ છે નહિ. આહાહા..! છે? **'આત્મા સુખસ્વરૂપ છે,...'** ભાવાર્થ કરે છે. **'સાતા-અસાતાકર્મના ઉદયના સંયોગે થાય છે...'** જુઓ! સાતા-અસાતા કર્મો છે, એના ઉદયને લઈને અનુકૂળ-પ્રતિકૂળ બહારની સામગ્રી મળે છે. **'જે સુખ-દુઃખ તે જીવનું સ્વરૂપ નથી,...'** આહાહા..! પ્રતિકૂળ-અનુકૂળ (સંયોગ) એ જીવનું સ્વરૂપ નથી અને એમાં કલ્પનામાં આવે કે આ ઠીક છે અને અઠીક છે, એ પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'કર્મની ઉપાધિ છે.'** આહાહા..! શરીર, વાણી, પુણ્ય ને પાપ એ બધો પુદ્ગલનો વિસ્તાર છે. ભગવાનઆત્માની પ્રજા એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ કે હિંસા, જૂઠું, ચોરી આદિનો ભાવ એ બધા અપદ છે, પુદ્ગલનું સ્વરૂપ છે. આત્માના પદમાં એ ચીજ નથી.

**'अपदानि'** અપદ. આહાહા..! **'આત્મા સુખસ્વરૂપ છે, સાતા-અસાતાકર્મના ઉદયના સંયોગે થાય છે જે સુખ-દુઃખ તે જીવનું સ્વરૂપ નથી, કર્મની ઉપાધિ છે.'** આહાહા..! કરોડપતિ થયો અને મોટો સ્વર્ગનો દેવ થયો. આહાહા..! જેને હજાર-હજાર વર્ષે સાગરોપમની સ્થિતિ મોટી એને હજાર વર્ષે અમૃત વરસે. કંઠમાંથી અમૃત (ઝરે). પણ એ દુઃખી છે. આહાહા..! એ વિપદાને વેદે છે, એ સંપદાને વેદતો નથી. ભગવાનઆત્માની સંપદા તો અનંત જ્ઞાન, અનંત આનંદથી ભરેલી સંપદા છે. આહાહા..! એ ચાર ગતિની વિપદાને ભોગવનાર અપદ છે.

**'કર્મની ઉપાધિ છે. વળી કેવું છે?'** **'यत्पुरः अन्यानि पदानि अपदानि एव भासन्ते'** **'જે શુદ્ધસ્વરૂપનો અનુભવરૂપ આસ્વાદ આવતાં...'** આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ, એના સન્મુખથી જે કાંઈ આનંદનો સ્વાદ આવે.. આહાહા..! છે? **'ચારગતિના પર્યાય,...'** આહાહા..! એ બધા અપદ છે. એને અપદ-અસ્થાન ભાસે છે. મારું સ્થાન નહિ. પુણ્ય અને પાપના ભાવ, રાગાદિ, વ્રતાદિ ભાવ એ બધા **'अपदानि'** છે. સમજાણું કાંઈ?

સંસ્કૃતનો અપદનો અર્થ કર્યો છે. 'અધ્યાત્મ તરંગણી'માં અપદનો અર્થ વ્રતાદિ લીધો છે. સંસ્કૃતમાં. વ્રત, નિયમ, વિકલ્પ એ બધો અપદ છે. એ આપદા છે. આહાહા..! આવી વાતું હવે.

મુમુક્ષુ :- એમ કહે છે કે વ્રત કરવા નથી અને...

ઉત્તર :- અરે..! પ્રભુ! એમ કહે છે લોકો બિચારા. શું કરે? ભાઈ! વ્રત તો ક્યારે હોય? વ્યવહાર વ્રત પણ ત્યારે હોય જ્યારે અનંત આનંદના નાથને વેદવામાં લીધો હોય. આહાહા..! એ અનંત અનંત શાંતિનો સાગર છે, એના શાંતિના સ્વાદ જેણે લીધા હોય. આહાહા..! એવા જીવને જ્યારે શાંતિનો સ્વાદ વધી જાય ત્યારે એને આવા વ્રતાદિના વિકલ્પો આવે, પણ એ પણ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન તો અકષાયસ્વરૂપ છે ને. આમ તો કાલે કહ્યું હતું. નહિ? 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. પણ મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન તો જિનસ્વરૂપી વીતરાગમૂર્તિ આત્મા છે. આહાહા..! એ રાગાદિ એનું સ્વરૂપ નથી, એના સ્વરૂપમાં નથી. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન' જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન કોઈ વાડો નથી. એ રાગની પર્યાયને જીતીને જેણે વીતરાગસ્વરૂપમાં આનંદના જેણે સ્વાદ લીધા અને રાગના સ્વાદને જીત્યો, એ જૈન. એ 'ઘટ ઘટ અંતર જૈન વસે.' જૈન કોઈ સંપ્રદાય નથી કે વાડામાં... એ તો અંતરમાં જૈનપણું વસે છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન પણ મતમદિરા કે પાનસો...' પણ પોતાના મતના દારૂ પીધેલા, મતમદિરાના પાન કર્યા જેણે. પોતાનો અભિપ્રાય હું રાગવાળો છું, પુણ્યવાળો છું એવા અભિપ્રાયના દારૂ પીધા છે એણે. 'મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન' એ મતવાલા ભગવાન આનંદના નાથને જાણી શકતો નથી. પોતાના મતના મદિરાના પ્યાલે ચડી ગયેલા. મેં પુણ્ય કર્યા છે, મેં દયા પાળી, મેં વ્રત કર્યા છે. એવા મતના મદિરાના પાન પીધા છે એણે. આહાહા..! અરે..! એને લઈને મતવાલા-એ રાગના મતવાળા વસ્તુને સમજે નહિ. આહાહા..! અંદર ભગવાન પરમાત્મસ્વરૂપ બિરાજે છે. પરમાત્મસ્વરૂપ જ છો પ્રભુ તું. આહાહા..! પર્યાયમાં રાગાદિ છે એ તો પર્યાયમાં છે. વસ્તુમાં ક્યાં? વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! પરમાત્મ ભગવત્‌સ્વરૂપ જ તું છો. એવા વસ્તુના સ્વરૂપને રાગના મતવાલા અથવા પોતાના પક્ષના મતના મદિરા પીધેલા, એ મતવાલા વસ્તુને સમજતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહાહા..!

'**જે શુદ્ધ સ્વરૂપનો અનુભવરૂપ આસ્વાદ આવતાં ચાર** ગતિના પર્યાય,...' આહાહા..! એ અપદ ભાસે, કહે છે. મારું સ્થાન નહિ, એ મારું પદ નહિ. આહાહા..! એ કહ્યું હતું ને? રક્ષણ નહિ, લક્ષણ નહિ. એ પુણ્ય-પાપ ચાર ગતિ મારું રક્ષણ નહિ, મારું લક્ષણ નહિ. ત્રણ બોલ કહ્યા હતા ને? સ્થાન નહિ. આહાહા..! '**રાગ-દ્વેષ-મોહ**...' આહાહા..! ચાર ગતિની પર્યાય-મનુષ્યપણું, દેવપણું... શરીરની વાત નથી, હોં! એ. અંદર ગતિ છે ને ચાર મનુષ્યની ગતિનો ઉદય. એ બધી પર્યાયો અને પુણ્ય અને પાપના ભાવો અને કલ્પનામાં હરખ-શોકનું

વેદન **'ઈત્યાદિ જેટલા અવસ્થાભેદ છે તે...'** **'अपदानि एव भासन्ते'** આહાહા..! અમૃતના સ્વાદ આગળ ઝેરનો સ્વાદ અસ્થાને ભાસે છે. આહા..! પોતાના આનંદના સ્વાદ આગળ સમ્યગ્દષ્ટિને-ધર્મીને-ધર્મી એવો જે આત્મા, એનો ધર્મ જે અનંત આનંદ આદિ, એનું જેને અંતર અનુભવ વેદન છે એવો જે ધર્મી, એને પોતાના આનંદના સ્વાદ આગળ વ્રતાદિના ભાવને પણ એ અપદ અને અસ્થાન ને ઝેર ભાસે છે. આહાહા..! બાયડી, છોકરા, પૈસા, કુટુંબ તો ધૂળ ક્યાંય રહી ગઈ. આહાહા..! એ તો એના છે નહિ, એમાં તું નથી, તારામાં તે નથી પણ અહીં તો પુણ્ય-પાપના ભાવમાં તું નથી, તારામાં તે નથી. માટે તેને અપદ કહેવામાં આવે છે. આહાહા..! **'ઈત્યાદિ જેટલા અવસ્થાભેદ છે તે જીવનું સ્વરૂપ નથી,...'** **'अपदानि'** **'ઉપાધિરૂપ છે,...'** આહાહા..! અહીં તો ખુશી થાય. બે-પાંચ કરોડ રૂપિયા મળે, છોકરા સારા થાય જરી રૂપાળા તો ખુશી થાય. મૂર્ખો તે પણ મૂર્ખાઈના ઘર છે. આહાહા..!

મુમુક્ષુ :- દીકરો હોય તો રોવા બેસે?

ઉત્તર :- પણ દીકરો એને ઘેરે. કે દિ' દીકરો હતો આત્માને ? આત્માને દીકરો કેવો અને આત્મા બાપ કહેવો કોનો? કહો, 'રમણીકભાઈ'! કોનો દીકરો? આહાહા..! ભગવાનઆત્મામાં વિકારી પ્રજા પણ એની પ્રજા નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પણ આત્માની પ્રજા નથી. એ તો વિકાર કર્મની પ્રજા અને ઉપાધિ છે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! અરે..! એને દુઃખના દરિયામાં ઊંડો ગરી ગયો છે પણ ભાન ન મળે. આખો દિ' જાણે રાજીપામાં એની જિંદગી જાતી હોય. હરખના સબડકા ઝેરના છે. આહાહા..!

કહે છે, એ બધું જીવનું અપદ છે. **'ઉપાધિરૂપ છે, વિનશ્વર છે,...'** આહાહા..! એ વ્રતાદિના ભાવ પણ ઉપાધિ છે. આહાહા..! ગજબ વાત. સંસ્કૃત ટીકામાં ભાઈ! વ્રત લીધું છે. લખ્યું છે ને. વ્રતાદિ.

મુમુક્ષુ :- વ્રતાદિના ભાવમાં કેટલું દુઃખ સહન કર્યું. પરમ અધ્યાત્મ તરંગિણીમાં છે.

ઉત્તર :- તે દિ' કહ્યું હતું. આમાં લખ્યું છે તે દિ' 'અધ્યાત્મ તરંગિણી'માં હશે. આ લખ્યું હતું. આમાં લખ્યું છે. આહાહા..!

દયા, દાન, અહિંસા, સત્ય, દત્તના ભાવ, કહે છે કે એ વિકલ્પ છે, રાગ છે, એ અપદ છે, ઝેર છે, દુઃખ છે, ઉપાધિ છે. આહાહા..! પ્રભુ! તારું પદ તો અલૌકિક અંદર છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! આ બધી ભુતાવળમાં તું ભરખાઈ ગયો. આહાહા..! ભુતાવળ. અરે..! પ્રભુ તું ક્યાં છો? આહા..!

નહોતું કહ્યું? એક ફેરી અમે 'પાલેજ' ગયેલા. ૫૯ની સાલ. સંવત્ ૧૯૫૯. 'પાલેજ'માં પિતાજીની દુકાન હતી. તે દિ' ઉંમર નાની, તેર વર્ષની ઉંમર. શરીર કોમળ બહુ. અને આસો મહિને ગયેલા અને એમાં જોડે દુકાનની પાછળ જિન છે. બાયુ રાસડા લેતી હશે. એટલે અમે પૂછયું. અમે તો બાળક-નાના છોકરા. કે આ શું છે? એટલે નહિ જવા દેવા માટે કહે... શું કહેવાય? ચુડેલ રાસડા લે છે. ઓલા નાના છોકરા અને બાળક ને રૂપાળુ શરીર બહુ પાછું. તેર વર્ષની ઉંમર. એટલે (કહે), ચૂડેલ રાસડા લે છે. ત્યાં જાય તો ખાય જાય. જવા ન દેવા (માટે કહે).

અહીં પરમાત્મા કહે છે, પુણ્ય-પાપના ભાવ ચૂડેલ છે, હોં! જો ત્યાં જઈશ તો ખાઈ જશે તને. આહાહા..! અનંત આનંદના સાગરનો દરિયો ભર્યો છે અંદર, એમાં પ્રવેશ કર ને. આ પ્રવેશ કરીને મરી ગયો છો અનંતકાળથી, ભાઈ! આહાહા..! એને ખબર ક્યાં છે? ભાન ક્યાં છે? શરીર મળ્યું કાંઈક ઠીક થયું, બસ, અમે હવે સુખી અને ખુશી છીએ. પાગલ છે.

મુમુક્ષુ :- ચહેરો લાલ દેખાય.

ઉત્તર :- શું ધૂળેય દેખાતી નથી ત્યાં. હોળી દેખાય છે એને, રાગ. આહાહા..! એની પાસે તો રાગ આવે છે. પૈસા આવે છે એની પાસે? બાયડી, છોકરા એની પાસે આવે છે અંદરમાં? (આ મારા) એવો રાગ અને મમતા એની પાસે આવે છે. એ તો મહા દુઃખદાયક અસ્થાન છે. આહાહા..! ભાઈ! તને તારા સ્વરૂપની ખબર નથી. આહાહા..! અભવિને અનાદિઅનંત સંસાર (છે). આહાહા..! ગજબ વાત. અભવિ જીવને તો અનાદિઅનંત સંસાર. એ એકલા આપદામાં પડ્યા છે. આહાહા..! ભવ્યજીવમાં પાત્ર જીવને... અનંતા ભવ્ય તો અજ્ઞાનીપણે હજી નિગોદમાં પડ્યા છે. હજી બહાર પણ નીકળ્યા નથી. આહાહા..! એમાંથી અનંતમાં ભાગના કો'ક જીવ નીકળે. અને એને આ ભાન થાય કે, અરે..! મારી ચીજ તો આપદા રહિત (છે). શુભ-અશુભ વિકલ્પ અને તેના ફળ તરીકે બંધન અને તેના ફળ તરીકે સંયોગ (મળે), એ બધી આપદા અને ઉપાધિ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દુઃખરૂપ છે. છે?

'**વિનશ્વર છે, દુઃખરૂપ છે – એવો સ્વાદ સ્વાનુભવપ્રત્યક્ષપણે આવે છે.**' આહાહા..! સ્વરૂપ જે અંદર નિત્યાનંદ પ્રભુ, અવિનાશી ભગવાન, એનો સ્વાદ લેતા એટલે પુણ્ય-પાપના સ્વાદને છોડી દઈ, પર્યાયના ભેદના સ્વાદને પણ છોડી દઈ,... આહાહા..! અભેદ ચિદાનંદ પ્રભુ ભગવાન, એના સન્મુખના સ્વાદમાં... આહાહા..! છે? એ '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આવે છે.**' આનંદના સ્વાદમાં કોઈ મન અને રાગની અપેક્ષા નથી. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણ મોક્ષનો માર્ગ, એ ત્રિકાળ સ્વભાવને આશ્રયે પ્રગટ થાય. એને કોઈ વ્યવહારરત્નત્રય કે ભેદની અપેક્ષા છે જ નહિ. એવી એ ચીજ નિરપેક્ષ પડી છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ?

'**એવો સ્વાદ સ્વાનુભવપ્રત્યક્ષપણે...**' એમ કે સ્વાદ કો'કને આવે છે અને પોતે જાણે છે એમ નહિ. આહાહા..! જેમ રાગ અને દ્વેષનો સ્વાદ પોતે વેદે છે, એમ આત્મા પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન પડી અને સ્વરૂપના નિજપદમાં આવે છે તો એનો સ્વાદ પ્રત્યક્ષ પોતે અનુભવે છે. આહાહા..! અરેરે..! શું થાય? લોકોએ ધર્મને નામે કંઈક ચડાવી દીધા છે. આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રનો માર્ગ તો... આહાહા..! જિનસ્વરૂપી પ્રભુ તું છો ને. એનો સ્વાદ લેવો મોક્ષનો માર્ગ એ જૈનપણું છે. જૈનપણું કોઈ વાડાનું નથી કે અમે સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર. આહાહા..! અંતરમાં આનંદનો નાથ પૂર્ણ ભરેલો ચૈતન્યસ્વભાવ, એની અંતર સન્મુખ થઈને અનુભવ પ્રત્યક્ષપણે વેદન કરવું એ જૈન છે. આહાહા..! બાકી બધા કોથળા ઉપર લખ્યું હોય સાકર અને હોય અંદર કાળીજીરી. અફીણ ભર્યું હોય અને ઉપર લખ્યું હોય સાકર. એમ આ જૈન નામ ધરાવે પણ અંદરની વસ્તુની તો

ખબર નથી. આહાહા..!

મુમુક્ષુ :- ઠગવિદ્યા થઈ.

ઉત્તર :- ઠગવિદ્યાએ મારી નાખ્યા જગતને. આહાહા..!

જૈન એટલે જિનસ્વરૂપી ભગવાનઆત્મા, એની સન્મુખ થઈને વીતરાગતાનું વેદન કરવું, એ વેદન અનુભવ કરવો એ જૈનપણું છે. એ ઘટ ઘટ અંતર જૈન વસે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવો સ્વાદ સ્વાનુભવપ્રત્યક્ષપણે આવે છે. ભાવાર્થ ...'** 'બહેન'ના વચનામૃતો વાંચીને 'ચીમનભાઈ'ને તો એટલો હરખ આવ્યો છે. 'ચીમનલાલ ઠાકરશી'. એ કાગળ હમણા વંચાશે. 'મુંબઈ'થી આવ્યો છે. પોતે પણ પોતે એટલો પ્રેમ અને એટલો ઉત્સાહ બતાવ્યો છે. એના શબ્દો જોવા તો અંદર.. એ વચનામૃત વાંચીને તો અંદરથી... આહાહા..! આ કાગળ છે. વ્યાખ્યાન પછી વંચાશે. બધાએ સાંભળવાનું. નહોતાને ત્યારે તમે? વંચાઈ ગયો હતો રાત્રે. આહાહા..! ઉત્સાહ બતાવ્યો છે અને એના શબ્દની શૈલી! આહાહા..! એની હોંશિયારી પણ દેખાય છે એમાં. 'ચીમનભાઈ'ને બહુ પ્રેમ છે ને. આ એમનો ચિરંજીવી બેઠો. એના બાપ છે એ. આહાહા..! 'બહેનના વચનામૃત' વાંચીને તો લોકોને આમ રોમાંચ ઊભા થાય છે. આહાહા..! અરે..! આવું બહાર આવ્યું! એ તો એમ કહે છે કે 'બહેનના વચનામૃત' (એ નામ) કાઢી નાખો. ભગવાનની વાણી-દિવ્યધ્વનિના વચનામૃતો છે આ. (એમ રાખો). એમ કહ્યું છે. આહાહા..! વાત તો સાચી છે. આપણે ફેરવવું નથી પણ એણે એમ કહ્યું છે. આ તો દિવ્યધ્વનિ ત્રણલોકના નાથ, સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં આવ્યું છે, એ સ્વરૂપ એમાં આવ્યું છે. આહાહા..! કાલે નહોતું આવ્યું? એ આવ્યું છે. થોડો ફેરફાર (કરવાનું લખ્યું છે) કે આ ઠેકાણે દેવ-ગુરુનું લખાણ છે, આ ઠેકાણે સમકિતી.. પણ અહીં કોણ ફેરફાર કરે? જે આવ્યું એ 'રામજીભાઈ' કહે જે આવ્યું એ છપાવવું. આહાહા..! જગતના ભાગ્ય. આહાહા..!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, નાથ! તારા ચૈતન્યના આનંદના સ્વાદ આગળ એટલે સ્વાદ નામ અનુભવ-વેદન આગળ એ વ્રતાદિના ભાવ પણ તને અપદ ને ઝેર ભાસશે. તો આ વળી બાયડી, છોકરા સારા પાક્યા અને ઢીંકણા પાક્યા, એ ક્યાં રહ્યું? મફતનો હેરાન થઈને મરી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ આમ છે - શુદ્ધ ચિદ્રૂપ ઉપાદેય,...'** છે. આહાહા..! બાકી વ્રતાદિના વિકલ્પ અને રાગાદિ તે ઉપાદેય છે નહિ. એમ આ સરવાળો કર્યો. ઉપાદેય એટલે અંગીકાર કરવા લાયક. શુદ્ધ સ્વરૂપ છે એ અંગીકાર કરવા, સ્વીકાર કરવા લાયક, સત્કાર કરવા લાયક, અનુભવ કરવા લાયક, ઉપાદેય ને આદરણીય તો એક જ ચીજ છે ઈ. સમજાણું કાંઈ? **'અન્ય સમસ્ત હેય.'** છે. ચાહે તો વ્રતનો વિકલ્પ હો, એ ભગવાનની ભક્તિનો વિકલ્પ હો, નમો અરિહંતાણં, એવો વિકલ્પ પણ હેય છે. આહાહા..! આવી વાતું છે, પ્રભુ! આહાહા..! તારી પ્રભુતાની શી વાતું કરવી? પ્રભુ પણ પૂરું કહી શક્યા નહિ તારી વાતને. એને અનુભવમાં આવ્યું બધું, પણ વાણી દ્વારા-આ વાણી જડ, એ દ્વારા આત્માની વાતું કરવી. આહાહા..! વચનાતીત, વિકલ્પાતીતને વચન દ્વારા કહેવું, બાપુ! કેટલું કહી શકાય? આહાહા..!

સમજાણું? એવું અહીં ચિદ્રૂપ તે ઉપાદેય છે. એવો ભગવાન ચિદ્રૂપ, સ્વરૂપ શુદ્ધ, ચિદ્‌સ્વરૂપ, ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ અવિનાશી અનાદિઅનંત, બસ, એ એક આદરણીય છે. આહાહા..! બધું હેય છે. ૧૩૯ થયો.

આ નિર્જરાનો અધિકાર છે. આહાહા..! જેને આત્માના આનંદના સ્વાદ આવ્યા એને કહે છે, અશુદ્ધતા નિર્જરી જાય છે. નિર્જરાના ત્રણ પ્રકાર છે. એક કર્મનું ખરવું. અશુદ્ધતા ખરે ત્યારે કર્મ પણ ખરે છે. બીજું અશુદ્ધતાનું ખરવું અને ત્રીજું શુદ્ધતાનું વધવું-એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં શુદ્ધિની વૃદ્ધિ અને અનુભવ થવો એ શુદ્ધિની વૃદ્ધિ. સંવરમાં શુદ્ધિની ઉત્પત્તિ થઈ. શુદ્ધ તો ત્રિકાળ છે. એમાં સંવર એને કહીએ કે શુદ્ધિની ઉત્પત્તિ પર્યાયમાં થઈ, નિર્જરા એને કહીએ કે શુદ્ધિની વૃદ્ધિ થઈ, મોક્ષ એને કહીએ કે શુદ્ધિની પૂર્ણતા થઈ. આહાહા..! સમજાણું કાંઈ? અરેરે..! એના ઘરની વાતું સાંભળવા મળે નહિ એ શું કરે? દુઃખી પ્રાણી બિચારા. બહારના રૂપાળા શરીર અને આ દેખાય.. મરી જવાના ક્યાંક. આહાહા..! શરીરની તો મહાણમાં રાખું થાશે, બાપુ! કોઈ સાથે કાંઈ નહિ આવે. શેઠિયા ગયા, જુઓને! 'શાહુજી'. ચાલીસ કરોડ રૂપિયા. ૨૭મી તારીખે સવારમાં દેહ છૂટી ગયો. ચાલીસ લાખનો બંગલો. ધૂળ બધું બહારમાં. આહાહા..! ભુતાવળ છે બધી.

મુમુક્ષુ :- આપ ૭૦ લાખના બંગલામાં ઉતર્યા હતા.

ઉત્તર :- ૭૦ લાખમાં ત્યાં 'મુંબઈ' ઉતર્યા હતા ને. ૮૭મું બેઠું ને ત્યાં? 'આમોદ'વાળા છે ને? 'રમણીકભાઈ' 'આમોદ'વાળા. ૭૦ લાખનો બંગલો એનો. એમાં ઉતારો હતો અમારો. પાંચ-છ કરોડ રૂપિયા. બેય ભાઈ છે. દિગંબર. 'પાલેજ'ની જોડે 'આમોદ' છે. બહુ પ્રેમ બિચારાને. હમણા કાગળ આવ્યો ને. ..ભાઈ ક્યાંક છે. પરદેશમાં. ક્યાં? એ કાગળ આવ્યો છે. હું આવું છું દેશમાં. મારે 'સોનગઢ' આવવું છે. નાનો ભાઈ. બે ભાઈ છે. 'હીરાભાઈ' છે અને આ મોટો 'રમણીક' છે. ૭૦ લાખનો બંગલો એક હતો એમાં ઉતારો હતો મારો. દરિયાને કાંઠે. 'મુંબઈ'. એ બિચારા નરમ. એની માં ને એ બધા નરમ. આહાહા..! અરે..! બાપુ! ૭૦ લાખ શું, ૭૦ અબજ રૂપિયા હોય તોપણ શું? ધૂળના કાંકરા જડ અજીવ. એ તારા નહિ, તેમાં તું નહિ અને તેને (મારા) માન્યે તને દુઃખ થાય એ દશા છે. અને ભગવાનને માન્યે તને આનંદ આવશે. હું એક પૂર્ણાનંદનો નાથ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એવો સ્વીકાર સત્કાર થતાં તને અતીન્દ્રિય આનંદ આવશે. ભાઈ! તને શાંતિ મળશે. આહાહા..! એ માટે તે ચિદાનંદ પ્રભુ ઉપાદેય છે. આહાહા..!

(શાર્દૂલવિક્રીડિત)

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् क्लिैष सकलं ज्ञानं नयत्येकताम्।।८-१४०।।

ખંડાન્વય સહિત અર્થ :- 'एषः आत्मा सकलं ज्ञान एकताम् नयति' ( एषः आत्मा ) વસ્તુરૂપ વિદ્યમાન આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય, ( सकलं ज्ञान ) જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે જ્ઞાન-તેને ( एकताम् ) નિર્વિકલ્પરૂપ ( नयति ) અનુભવે છે. ભાવાર્થ આમ છે કે-જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે, તેથી દાહ્યવસ્તુને બાળતો થકો દાહ્યના આકારે પરિણમે છે; તેથી લોકોને એવી બુદ્ધિ ઊપજે છે કે કાષ્ઠનો અગ્નિ, છાણાંનો અગ્નિ, તૃણનો અગ્નિ; પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે, અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે, એકરૂપ છે, કાષ્ઠ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી; તેવી રીતે જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે, સમસ્ત જ્ઞેયવસ્તુને જાણવાનો સ્વભાવ છે તેથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે; તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એવા ભેદવિકલ્પ બધા જૂઠા છે; જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એવા વિકલ્પ ઊપજ્યા છે, કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે; જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે; 'किल' નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા? 'एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्' ( एक ) નિર્વિકલ્પ એવું જે ( ज्ञायकभाव ) ચેતનદ્રવ્ય, તેમાં ( निर्भर ) અત્યન્ત મગ્નપણું, તેનાથી થયું છે ( महास्वादं ) અનાકુળલક્ષણ સૌખ્ય, તેને ( समासादयन् ) આસ્વાદતો થકો. વળી કેવો છે? 'द्वन्द्वमयं स्वादं विधातुम असहः' ( द्वन्द्वमयं ) કર્મના સંયોગથી થયેલ છે વિકલ્પરૂપ, આકુળતારૂપ ( स्वादं ) સ્વાદ અર્થાત્ અજ્ઞાની જન સુખ કરીને માને છે પરંતુ દુઃખરૂપ છે એવું જે ઇન્દ્રિયવિષયજનિત સુખ, તેને ( विधातुम ) અંગીકાર કરવાને ( असहः ) અસમર્થ છે. ભાવાર્થ આમ છે કે-વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે. વળી કેવો છે? 'स्वां वस्तुवृत्तिं विदन्' ( स्वां ) પોતાના દ્રવ્યસંબંધી ( वस्तुवृत्तिं ) આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેની સાથે ( विदन् ) તદ્રૂપ પરિણમતો થકો. વળી કેવો છે? 'आत्मात्मानुभवानुभावविवशः' ( आत्मा ) ચેતનદ્રવ્ય, તેના ( आत्मानुभव ) આસ્વાદના ( अनुभाव ) મહિમા વડે ( विवशः ) ગોચર છે. વળી કેવો છે? ' विशेषोदयं भ्रश्यत्' ( विशेष ) જ્ઞાનપર્યાય દ્વારા ( उदयं ) નાના પ્રકારો, તેમને ( भ्रश्यत् ) મટાડતો થકો. વળી કેવો છે? 'सामान्यं कलयन्' ( सामान्यं ) નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો ( कलयन् ) અનુભવ કરતો થકો. ૮-૧૪૦.

## કળશ-૧૪૦ ઉપર પ્રવચન

૧૪૦. एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन्।

आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् क्लिैष सकलं ज्ञानं नयत्येकताम्।।८-१४०।।

**ખંડાન્વય સહિત અર્થ :-** આહાહા..! '**एषः आत्मा सकलं ज्ञान एकताम् नयति**' છેલ્લું પદ પહેલું લીધું. '**વસ્તુરૂપ વિદ્યમાન આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય,...**' ભગવાન ધ્રુવ અનાદિઅનંત અણઉત્પન્ન અનાશ, એવો ભગવાનઆત્મા અંદર અવિનાશી છે. આહાહા..! એ '**ચેતનદ્રવ્ય,...**' આહાહા..! વસ્તુ વિદ્યમાન છે. છે. આહાહા..! કહેવામાત્ર નથી. છે. આહાહા..! '**सकलं ज्ञान**' '**જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે જ્ઞાન - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે જ્ઞાન - તેને નિર્વિકલ્પરૂપ અનુભવે છે.**' આહાહા..! હવે ત્યાંથી આઘા લઈ ગયા. નિમિત્તો તો નહિ, રાગ તો નહિ પણ જ્ઞાનમાં પાંચ પ્રકારના પર્યાયભેદ મતિ, શ્રુત, અવધિ, મનપર્યય, કેવળ એવા ભેદ એ પણ જેમાં નથી. આહાહા..! એકલું જ્ઞાનસ્વરૂપ. એને અંદર અનુભવ, પાંચ ભેદનું લક્ષ છોડી દે. આહાહા..! નિમિત્તના લક્ષને તો છોડી દે. દયા, દાન ને વ્રતના, વિકલ્પના રાગનું લક્ષ છોડી દે, પણ જ્ઞાનની પર્યાયમાં આવા પાંચ ભેદ થાય તેના લક્ષને છોડી દે. આહાહા..! આવી વાતું છે. ૨૦૫ ગાથા છે ને? આહા..!

'**જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે જ્ઞાન-**' ભેદરૂપ. '**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન...**' આહાહા..! પણ છે નહિ ને કેવળજ્ઞાન અત્યારે? પણ એના ખ્યાલમાં આવે છે ને કે આ દશા થતાં આગળ પૂર્ણ કેવળ થશે. પણ એ બધી દશા છે, અવસ્થા છે. આહાહા..! એ અવસ્થાના ભેદોનું પણ લક્ષ છોડી દે. આહાહા..! ક્યાંથી ક્યાં ઉપાડીને મૂકે છે! બાયડી, છોકરા, કુટુંબ, મકાનમાંથી ઉઠાવી લીધો. એના પ્રત્યેનો રાગ થાય અને વ્રતનો રાગ થાય ત્યાંથી ઉઠાવી લીધો. હવે એના જ્ઞાનગુણની પર્યાયમાં પાંચ ભેદ પડે ત્યાંથી ઉઠાવી દે છે. એ કહેશે આગળ, હોં! '**भ्रश्यद्विशेषोदयं**' વિશેષ જે પ્રગટ છે. ત્રીજું પદ છે ને? ત્રીજા પદનો છેલ્લો શબ્દ. '**भ्रश्यद्विशेषोदयं**' એ આગળ કહેશે. એ વિશેષ જે ઉદય છે એનાથી ખસી જા. આહાહા..!

'**एकताम्**' '**નિર્વિકલ્પ અનુભવે છે.**' આહાહા..! પાંચ ભેદ ઉપર પણ (લક્ષ) નહિ. ગજબ વાત છે ને! હજી તો એને વ્રતાદિના વિકલ્પને ધર્મ મનાવવો છે. અરે..! ભગવાન ક્યાં તારે જાવું છે? ભાઈ! એવા વ્રતાદિ તો અનંતવાર કર્યા, અરે..! શાસ્ત્રના જ્ઞાન પણ અગિયાર અંગના અનંતવાર કર્યા. એ કાંઈ ચીજ નથી. આહાહા..! અહીં તો એના ગુણની પાંચ પર્યાયભેદ એ પણ લક્ષમાંથી છોડી દે, એમ કહે છે. શાસ્ત્રજ્ઞાનનું લક્ષ તો છોડી દે. આહાહા..! નિમિત્તનું લક્ષ છોડી દે, રાગનું છોડી દે, શાસ્ત્રજ્ઞાનનું લક્ષ છોડી દે અને પર્યાયમાં પાંચ ભેદ પડે એનું પણ લક્ષ છોડી દે. આહાહા..!

જ્યાં ભગવાન અનાદિઅનંત નિધાન પડ્યો છે. આ લોકોમાં આવે છે. નહિ? 'ગીતા'માં આવે છે. 'નૈનં છેદંતિ શસ્ત્રાણી' શસ્ત્રથી છેદાય નહિ, અગ્નિથી બળે નહિ. પણ શું ચીજ છે એની ખબર નહિ. દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર ન મળે. આ તો દ્રવ્ય વસ્તુ છે ત્રિકાળ, એમાં

અવિનાશી શક્તિઓ ત્રિકાળ, એનું પરિણમન થાય, એક જ્ઞાનગુણનું પર્યાયરૂપ પાંચ ભેદ (પડે) એનું પણ લક્ષ છોડી દે, એમ કહે છે. આહાહા..! છે ખરા. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અને પર્યાય. ત્રણ વસ્તુનું સ્વરૂપ છે. એ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય ક્યાંય છે નહિ. એના વાડામાં હોય એણે કે દિ' સાંભળ્યું ત્યાં દ્રવ્ય, ગુણ અને પર્યાય. 'પાનાચંદભાઈ'! આટલા વર્ષમાં દ્રવ્ય-ગુણ-પર્યાય (સાંભળ્યા છે?) આહાહા..!

મુમુક્ષુ :- સામાયિક અને પોષા એ તો સાંભળ્યું હતું.

ઉત્તર :- સામાયિક અને પોહા ધૂળમાં ... રાગના રોણા હતા. સામાયિક ક્યાં હતી? આહાહા..!

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે, તારે જો નિર્મળ દશા પ્રગટ કરવી હોય, ધર્મ મોક્ષનો માર્ગ, તો વિશેષના જ્ઞાનની પર્યાયના ભેદનું પણ લક્ષ છોડી દે. આહાહા..! અભેદ એવી ચીજ જે અખંડાનંદ નાથ પ્રભુ! એને ધ્યેય બનાવ અને દૃષ્ટિનો વિષય એને બનાવ. આહાહા..! આવી વાતું હવે ઝીણી પડે. એ '**નિર્વિકલ્પરૂપ અનુભવે છે.**' ભેદ નહિ, કહે છે. એક જ્ઞાનસ્વરૂપી. જ્ઞાન એક ગુણ પણ નહિ. નિમિત્ત તો નહિ, દયા-દાનના વિકલ્પ તો નહિ, પર્યાયના ભેદ તો નહિ, પણ ગુણી અને ગુણનો ભેદ પણ નહિ. ગુણી ભગવાનઆત્મા અને એમાં જ્ઞાન અને આનંદ ગુણ છે, એવો ભેદ પણ નહિ. આહાહા..! એવો નિર્વિકલ્પ અનુભવે છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે - જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે,...**' ઉષ્ણ-ઉષ્ણ. અગ્નિ-અગ્નિ. '**તેથી દાહ્યવસ્તુને બાળતો થકો...**' બળવાયોગ્ય વસ્તુને બાળતો થકો. '**દાહ્યના આકારે પરિણમે છે;...**' લાકડું, છાણા, અડાયા અગ્નિ એ રૂપે આકારે પરિણમે. પણ છતાં એ તો ઉષ્ણપણાપણે જ રહી છે. પરને આકારે થઈ જ નથી. આહાહા..! '**તેથી લોકોને એવી બુદ્ધિ ઊપજે છે કે કાષ્ઠનો અગ્નિ...**' આ કાષ્ઠનો અગ્નિ. '**છાણાંનો અગ્નિ,...**' અડાયા આવે છે ને? અડાયા અમથા? ગાયું-ભેંસુ જંગલમાં મૂકી હોય ને સુકાઈ જાય એને ઉપાડીને એ છાણા ભેગું કરીને કરે એ છાણા કહેવાય અને અમથા સૂકા પડ્યા હોય એને અડાયા કહેવાય. પણ એ અડાયાને બાળે તો એવો આકાર થઈ જાય અગ્નિનો. પણ એને આકારે થઈ છે એ ખરેખર તો અગ્નિરૂપે છે. સમજાણું કાંઈ? આહાહા..! '**લોકોને એવી બુદ્ધિ ઊપજે છે કે કાષ્ટનો અગ્નિ, છાણાંનો અગ્નિ, તૃણનો અગ્નિ; પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે, અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે,...**' એ તો ઉષ્ણ સ્વરૂપ (છે), બસ. પરને આકારે થઈ એ તો પોતાનું સ્વરૂપ છે. આહાહા..! '**એકરૂપ છે, કાષ્ઠ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી;...**' આહાહા..! એ તો દૃષ્ટાંત કહ્યો.

'**તેવી રીતે જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે,...**' ભગવાન તો ચેતનામય-ચૈતન્ય પ્રકાશમય ચંદ્ર. ચેતનચંદ્ર, જિનચંદ્ર. એ જિનચંદ્ર પ્રભુ છે. આહાહા..! એ પ્રકાશમાત્ર ચૈતન્યચંદ્ર છે. '**સમસ્ત જ્ઞેયવસ્તુને જાણવાનો સ્વભાવ છે...**' સમસ્ત જણાવાયોગ્ય વસ્તુ છે એને જાણે છે. '**તેથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે; તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન- એવા**

**ભેદવિકલ્પ બધા જૂઠા છે;...'** જ્ઞેયાકારે ભેદ પડ્યો એ પણ નહિ. એકલું જ્ઞાનસ્વરૂપ તે હું છું. છે?

**'જ્ઞેયની ઉપાધિથી...'** આહાહા..! **'મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ-એવા વિકલ્પ ઊપજ્યા છે,...'** આહાહા..! એ જ્ઞેય-પરજ્ઞેયના લક્ષના ભેદે તે ભેદ પડ્યા. સ્વજ્ઞેયના લક્ષમાં જુઓ તો પોતે જ્ઞાનસ્વરૂપ છે તેમાં ભેદ છે નહિ. આહાહા..! આવું સ્વરૂપ છે. **'જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ-એવા વિકલ્પ...'** ભેદ ઊપજ્યા, હોં! 'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે; જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...' એ જ્ઞેયનો જાણનાર થાય છે **'તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** રાગનું જ્ઞાન કરે, ફલાણું જ્ઞાન કરે એ વ્યવહારની વાતું છે. આહાહા..! એ તો પોતે પોતાનું જ્ઞેય કરીને પોતે જ્ઞેય કરીને જ્ઞાન જાણે છે. પોતાને જ્ઞેય કરીને જ્ઞાન જાણે છે. રાગને જ્ઞેય કરીને જ્ઞાન જાણે છે એમ પણ છે નહિ. આહાહા..! આવી વાતું છે. છે?

**'જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે; જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે, (પરંતુ) વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** લોકને જાણે છે કે આને જાણે છે અને ફલાણાને જાણે છે, એ બધા ભેદના કથનો છે. એ જ્ઞાન જ્ઞાનને જાણે છે. આહાહા..! જ્ઞાન પોતાના જ્ઞાનની પર્યાય જ્ઞેય તેને જાણે છે. આહાહા..! ઝીણું બહુ. એ શ્લોક તો આવે છે આપણે કળશમાં. નહિ? 'સમયસાર'માં આવે છે. જ્ઞાન એ તું, જ્ઞેય એ તું, જ્ઞાતા પણ તું. આગળ છે. (કળશ-૨૭૧) જ્ઞાતા તું, જ્ઞેય તું, જ્ઞાન પણ તું. ત્રણ ભેદ કંઈ છે નહિ. આહાહા..! તુનો તું જ્ઞેય, તુનો તું જ્ઞાન અને તુનો તું જ્ઞાતા. આવું એનું સ્વરૂપ છે. આહાહા..! ક્યાંથી ક્યાં લઈ જવો એને? આહાહા..! પરમસત્ય એકરૂપ ત્યાં છે ત્યાં લઈ જવો છે એને. આહાહા..! અને એ પરમસત્ય એકરૂપ છે એના આશ્રય વિના સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ પ્રગટ થતાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'નામ ધરવું બધું જૂઠું છે;-આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...'** લ્યો! આહાહા..! **'નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા?'** એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ ૧૨, મંગળવાર, તા.૮-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૦-૧૪૧, પ્રવચન - ૧૪૩

'કળશટીકા' નિર્જરા અધિકાર. ૧૪૦ ચાલે છે ને? ઝીણું છે. કહે છે કે આ આત્મા જે છે એ અનંત રત્નાકર ચૈતન્ય રત્નાકર સ્વરૂપ (છે). હવે એમાં જે જ્ઞાન ગુણ છે, એમાં એની જે પાંચ પર્યાય થાય છે... ઝીણી વાત છે. એ પર્યાયને જ્ઞેયના કારણે નામ પડે છે. અમુકને જાણે એ મતિજ્ઞાન, અમુકને જાણે એ શ્રુતજ્ઞાન, અમુકને જાણે એ અવધિજ્ઞાન, મનને જાણે

મનઃપર્યયજ્ઞાન, ત્રણે કાળને જાણે એ કેવળજ્ઞાન. એ બધા જ્ઞેયાકારને કારણે ભેદ પડ્યા. શું કહ્યું ઈ?

**'જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ-એવા વિકલ્પ ઊપજ્યા છે, કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** ઝીણી વાત છે. જાણવાયોગ્ય વસ્તુ અનંત અનેક પ્રકારે છે. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** જેવા જાણવાયોગ્ય જ્ઞેયનો જ્ઞાનાકાર અહીં થાય છે, **'જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...'** શું કહે છે? કે જ્ઞેયો અનંત પ્રકારના છે. ઘણી ઝીણી વાત છે. એમાં જ્ઞાનની જે પાંચ પર્યાય છે એ જ્ઞેયને જાણવાથી એના નામ ભિન્ન-ભિન્ન પડ્યા છે કે આનું નામ મતિ, આનું નામ શ્રુત ને આનું નામ અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન. એ જ્ઞેયના અનેક પ્રકારના જાણવાને કારણે નામભેદ પડ્યા છે. શું કહ્યું સમજાણું?

**'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે; જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** આહાહા..! જ્ઞાનની પર્યાયમાં જેવું જ્ઞેય (હોય) તેને જાણનારો થાય છે, જેવા જ્ઞેય છે તેને જાણનારું જ્ઞાન થાય છે **'તેવું જ નામ પામે છે,...'** મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ નામ જ્ઞેયને જેવા પ્રકારે જાણે એવા પ્રકારે એના નામ પડ્યા છે. શું કીધું ઈ? આત્મા વસ્તુ છે. એ જ્ઞાનાદિ અનંત ગુણનો ભંડાર છે. હવે અહીંયાં સમ્યક્જ્ઞાન થયું. એ જ્ઞાનમાં પણ જ્ઞાનના પાંચ ભેદ જે છે એ જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે-જેવું જણાવાયોગ્ય જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું એમાં નામ પડે છે. અરે..! આવી વાતું છે. શું કીધું સમજાણું?

**'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** જેમકે કેવળજ્ઞાન ત્રણકાળના જ્ઞેયનો જ્ઞાયક થાય છે. મનઃપર્યયજ્ઞાન સામાને મનાદિને જાણે તેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે. અવધિ-તેની મર્યાદાવાળા પદાર્થ જ્ઞેય છે તેનો જ્ઞાયક થાય છે. શ્રુત-તેની યોગ્યતા પ્રમાણે પરજ્ઞેયનો પરોક્ષ જ્ઞાયક થાય છે. મતિજ્ઞાનમાં પણ શ્રુતની પહેલા જે મતિજ્ઞાન થાય એને લાયક પ્રમાણે જે પરજ્ઞેય છે તેને જાણે છે. એ પાંચ ભેદ જેવા જ્ઞેયને જ્ઞાયક જાણે છે તેવા તેમાં નામભેદ પડ્યા. બહુ ઝીણું છે. શું કીધું? આ તો માર્ગ અલૌકિક છે, બાપા! આહાહા..!

અહીંયાં તો પ્રભુ આત્મા વસ્તુ સ્વરૂપે અનંત ગુણનો પિંડ છે. એમાં એક જ્ઞાનગુણ તે જ આત્મા એમ કહીને આખો આત્મા ઠરાવ્યો. પછી એની જ્ઞાનની પર્યાયો પાંચ થાય-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ, એ નામ કેમ પડ્યા? કે જેવા જ્ઞેયનો જાણનાર, જ્ઞેયનો જાણનાર (થાય) એ પ્રમાણે નામ પડ્યા. આહાહા..! હવે એ નામ પણ જૂઠાં છે, કહે છે. શાંતિથી સમજવું. બાપુ! આ તો માર્ગ અલૌકિક છે. આહાહા..!

**'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** જાણવાયોગ્ય વસ્તુ અનંત અનેક પ્રકારે છે. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...'** જરી કઠણ પડે એવું છે પણ વસ્તુ... આહાહા..! ભગવાનઆત્મા, એની જ્ઞાનની પર્યાયમાં પાંચ ભેદ છે એ જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે, જેવા પ્રકારના જ્ઞેયનો એ જ્ઞાયક થાય છે તેવું એમાં નામ પડે છે. સમજાણું કાંઈ? **'વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;...'** આહાહા..! શું કહે છે? શાંતિથી (સમજવું). જ્ઞાનની પર્યાયો પાંચ. રાગને ક્યાંય કાઢી નાખ્યો, પર ક્યાંય રહી ગયું. હવે તો અહીં જ્ઞાનમાં જે પાંચ પર્યાય થાય છે, એ પાંચના નામ પડ્યા - મતિ, શ્રુત,

અવધિ, મનઃપર્યય, કેવળ, એ નામ જેવા જ્ઞેયને જાણે એવા એના નામ પડ્યા. સમજાણું કાંઈ? આહાહા..! છે કે નહિ અંદર? કાલે આવી ગયું હતું ને? ચાલી ગયું હતું ને? કાલે એકદમ લેવાઈ ગયું હતું. આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, તારું સ્વરૂપ જે છે એ તો અનંત ચૈતન્ય.. આવશે. ચૈતન્યરત્નાકર. ૧૪૧માં આવશે. પણ એમાં જ્ઞાનગુણ જે ત્રિકાળ છે, દ્રવ્ય તો અનંત ગુણનો પિંડ છે એમાં જ્ઞાનગુણ છે. એ જ્ઞાનગુણની પાંચ પર્યાયો જે પડે છે, એના નામ જે પડ્યા – મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન, એ જેવા જ્ઞેયને જાણે છે એ પ્રકારે એના નામ પડ્યા. આહાહા..!

**'વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** જ્ઞેયને કારણે જેવા નામ પડ્યા એ પણ જૂઠાં છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? કાલે આવ્યું હતું આ? આ તો વાંચતા એકદમ છેલ્લું હતું ને કાલે તો? પાછળ આવી ગયું એટલે. આહાહા..! ભગવાનઆત્મા એનો જ્ઞાનગુણ એ તો એક છે, એવા અનંત ગુણનો પિંડ ચૈતન્યરત્નાકર સમુદ્ર છે. આહાહા..! સમુદ્ર જેમ જળથી ભર્યો છે, એમ ભગવાનઆત્મા અનંત ગુણના રત્નથી ભરેલો છે. જેમ એ સમુદ્રમાં તરંગ ઊઠે છે એમ આત્માના જ્ઞાનગુણમાં.. અહીં પ્રધાનતા જ્ઞાનની લેવી છે ને? એમાં તરંગ ઊઠે છે. હવે એના તરંગના જે નામ પડ્યા.. આહાહા..! મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ નામ પડ્યા, એ જેવા જ્ઞેયને જ્ઞાયક જાણે છે એવા નામ પડ્યા. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પર્યાય.

ઉત્તર :- પર્યાય તો ખરી પણ એને નામ કેમ પડ્યા? અહીં એક એક શબ્દે ફેર પડે. આહાહા..! પર્યાય તો છે પણ એના નામ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ નામ કેમ પડ્યા? કહે છે. દરેકનું જ્ઞેય છે એ જ્ઞેયને, તે જેવા જ્ઞેયને જાણે છે તેવું એમાં નામ પડ્યું. આહાહા..! ટીકાકારે કેટલું સ્પષ્ટ કર્યું છે! ગૃહસ્થ છે, જુઓ! એમાં શું છે પણ? આહાહા..!

અહીં તો એક વાત ઠરાવવી છે કે આત્મામાં કર્મ, શરીર તો નથી જ. તેમ દયા, દાન, વ્રત ને કામ, ક્રોધના પરિણામ જૂઠાં છે તે આત્મામાં નથી. પણ અહીંયાં તો આત્માની જ્ઞાનપર્યાયમાં જેવું જ્ઞેય જાણે, જ્ઞેયના પ્રકારો જેવા જાણે એવા એ નામ પડ્યા. એ નામ પડ્યા એ જૂઠાં છે, કહે છે.

મુમુક્ષુ :- કેવળજ્ઞાન..

ઉત્તર :- એ કેવળજ્ઞાન નામ પડ્યું ને, ત્રણકાળને જાણવાની અપેક્ષાએ? એ પણ અપેક્ષાએ નામ પડ્યું એ જૂઠું છે. એ તો જ્ઞાનની પર્યાય ફક્ત એટલી વાત, બસ. એ જ્ઞાનની પર્યાય છે એટલી વાત. પણ પર્યાયના બધા આ રીતે નામભેદ પડ્યા... આહાહા..! 'દાસ'! આવી વાત છે, ભગવાન!

મુમુક્ષુ :- ઘણું ઝીણું છે અને વધારે સ્પષ્ટતા..

ઉત્તર :- વધારે કહીએ છીએ ને હળવે-હળવે,. આહાહા..!

કહે છે, પ્રભુ! અહીંયાં તો સમ્યગ્દર્શનનો વિષય એક સામાન્ય ત્રિકાળ તે સિદ્ધ કરવો છે. પણ એ સિદ્ધ થતાં હવે કહે છે કે જ્ઞાનની પર્યાયો જે થઈ, એને જેવું જણાય છે જ્ઞેય, જે

જે પર્યાયને જે પ્રકારનું જ્ઞેય જણાય તે જ્ઞેયનું નામ, એ જણાણું જ્ઞેય એનું નામ એને આપવું પડ્યું. એનું નામ આપવું પડ્યું. મતિમાં અમુક જ્ઞેય જણાય માટે મતિ, શ્રુતમાં અમુક જણાય માટે શ્રુત, અવધિમાં અમુક મર્યાદિત વસ્તુ જણાય માટે અવધિ, મનઃપર્યયમાં મનને જાણવાની લાયકાત છે એથી મનઃપર્યય, કેવળમાં ત્રણકાળને જાણે માટે કેવળ. આહાહા..! સમજાણું કાંઈ? કાલે તો ચાલી ગયું. 'ત્રંબકભાઈ' કહે, ચાલી ગયું છે. અહીંથી બાકી છે.

મુમુક્ષુ :- એ ચાલ્યું એમાં ફેર ઘણો પડે.

ઉત્તર :- ત્યારે છેલ્લો વખત હતો ને? એકદમ વિસ્તાર કરવા જાય તો એક લીટી ચાલે નહિ ત્યારે તો. આહાહા..! આ તો કેવળજ્ઞાનમાં ત્રણ કાળનું જાણ્યું એટલે કેવળ નામ પડ્યું. નામ પડ્યું એ જૂઠું છે. પર્યાય છે એ પર્યાય છે ભલે. બસ. અને તે પણ પર્યાય ઉપર દૃષ્ટિ કરવા જેવી નથી.

મુમુક્ષુ :- .. કેવળજ્ઞાન થયું એમાં વિશેષ ન આવ્યું પણ એકલું જ્ઞાન આવ્યું.

ઉત્તર :- ના, ના. કેવળજ્ઞાનમાં કેવળ લોકાલોક જ્ઞેયનો જાણનારો આવ્યો. લોકાલોક-ત્રણકાળ, ત્રણલોકને જ્ઞેયનું નામ આવ્યું જાણવામાં એમાં. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, બાપુ! આહાહા..! ક્યાંય છે નહિ એ વાત. એ દિગંબરદર્શન સિવાય..

મુમુક્ષુ :- દિગંબર દર્શન તો બરાબર પણ સોનગઢ સિવાય ક્યાં છે.

ઉત્તર :- આહાહા..! ક્યાં લઈ જવું છે એને?

કહે છે કે જેમાં દયા, દાન અને વ્યવહારની વાતું કરે છે ને અને બે નય છે તો બે નયના વિષયો ભિન્ન ભિન્ન છે અને તે બે નય વિરૂદ્ધ છે. વ્યવહાર દયા, દાન, વ્રતને વિષય કરે તેથી એને ધર્મ કહે, વ્યવહારે. અને અહીં નિશ્ચય ત્રિકાળી જ્ઞાયકને આશ્રયે ધર્મ થયો એને નિશ્ચય ધર્મ કહ્યો. પણ બેય વિરોધ છે માટે એ ધર્મ અને આ ધર્મ બે વિરોધ છે. એ વ્યવહારનયનો ધર્મ એ રાગ છે. અને આત્માના જ્ઞાયકનો જે આશ્રય ધર્મ એ વીતરાગતા છે. આહાહા..! એથી વીતરાગતા રાગને કારણે થાય, એમ નથી. તેમ રાગનો વિષય વ્યવહારનો નથી, એમ નથી. તેમ વિષય હોવા છતાં તે નિશ્ચયનું કારણ થાય એવું નથી. અહીં તો એથી આગળ લઈ જવાની વાત છે. આહાહા..! જ્ઞાનના પાંચ ભેદ છે એ પર્યાય છે એની. એ તો કહેશે હમણા. ૧૪૧માં. પર્યાય એની છે. પર્યાય છે. દરિયો ઉછળે છે તરંગે એ એની પર્યાય છે. એમ આ જ્ઞાનાદિની પાંચ પર્યાય છે તે એની. પણ એમાં આ નામ પડ્યા... આહાહા..! એથી કહ્યું ને?

**'વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** એમ આવ્યું ને? છે? **'કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...'** નાના એટલે અનેક પ્રકારે. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** જેવા પ્રકારના જણાવાયોગ્ય જ્ઞેયનો જાણનારો થાય છે, જેવા પ્રકારે જણાવાયોગ્ય જ્ઞેયનો જાણનારો થાય છે **'તેવું જ નામ પામે છે,...'** ઝીણી વાત, બાપુ! આ તો. આહાહા..! એ નામ પાડવા કહે છે કે આને જાણે માટે આ અને આને જાણે માટે આ. એ બધા નામ પાડવા જૂઠા છે. એ તો જ્ઞાનની પર્યાય છે, બસ, એટલું. સમજાણું કાંઈ? આહાહા..!

**'વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં...'** એ નામ પામે છે તે **'નામ ધરવું બધું જૂઠું છે;...'**

બાકી જ્ઞાનમાત્ર છે તે સાચું છે. આહાહા..! મતિજ્ઞાન પર્યાય, શ્રુતજ્ઞાન પર્યાય, પર્યાય, હોં પર્યાય. પર્યાય તરીકે બરાબર છે. પણ એને આ નામ પાડવા... આહાહા..! 'રાજમલ' ટીકા કરે છે. એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. હવે એને લોકો એમ કહે કે ભાંગ પીને માળા નાચ્યા છે, અરર..! પ્રભુ! બાપા! ભાઈ! તને અત્યારે એમ ચાલશે... આહાહા..! 'ટોડરમલ' અને 'બનારસીદાસ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. ભગવાન! બાપુ! સહન કરવું કઠણ પડશે, ભાઈ!

મુમુક્ષુ :- વ્યવહારની રુચિવાળા એમ જ કહે.

ઉત્તર :- પણ દુઃખ પડશે, બાપુ! ભાઈ! તું ભગવાન છો. તને દુઃખ થાય એ કોઈ કંઈ રાજી થાય? આહાહા..!

અહીં તો પ્રભુ એમ કહે... આહાહા..! તારા નામ પડ્યા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ તો જ્ઞેયને જાણવાની (અપેક્ષાએ પડ્યા છે). જેવા જે પ્રકારનું એનું જ્ઞેય જાણવાનું છે તેવા પ્રકારનું નામ પડ્યું છે. એ તો પરની અપેક્ષાએ નામ પડ્યું છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આવું 'મુંબઈ' ન ચાલે, હોં! 'રસિકભાઈ'! ત્યાં તો તીખું ઝીણું પડે. વિસ્તારથી ચાલે છે. ઠીક છે. પણ આ કળશ આવે ત્યારે ચાલે. એમ. સામે ચીજ હોય ત્યારે સ્પષ્ટ થાય ને? ચીજ વિના ખેંચીને લાવતા મુશ્કેલ પડી જાય. એમ કહેવાનો આશય છે. સમજાણું કાંઈ? આહાહા..!

પ્રભુ! તારામાં શરીર, વાણી, મન તો નથી, પુણ્ય-પાપ તો નથી, ખરેખર (તો) દ્રવ્યમાં પર્યાય પણ નથી. પણ પર્યાયમાં પર્યાય છે એના જે નામ (પડ્યા તે) જ્ઞેયને જેવું જાણે તેવા પડ્યા એ જૂઠું છે. આહાહા..! એ તો જ્ઞાનમાત્ર છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, બસ. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... આહાહા..! નામ પાડવા એ બધા જૂઠાં છે, કહે છે. આહાહા..! '**નામ ધરવું બધું જૂઠું છે;...**' આહાહા..!

મુમુક્ષુ :- આત્માને આત્મા કહેવું એ પણ ખોટું કહેવું.

ઉત્તર :- આત્મા શબ્દ ક્યાં છે? એ શબ્દ છે ક્યાં? નામ ધરાવ્યું છે એ જૂઠો છે. આત્મા તો અતતી ગચ્છતી ઈતિ આત્મા. વાસ્તવિક પોતાના અનંત ગુણને પરિણમે છે. અતતી ગચ્છતી. પોતાનું સ્વરૂપ કાયમ રાખીને પરિણમે માટે આત્મા, બસ, એટલું. સમજાણું કાંઈ? નામ-નિક્ષેપે એને કહેવાય. ૪૭ નયમાં આવે છે ને? ૪૭ નય આવે છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. નામ નિક્ષેપે કહેવાય. આહાહા..! જુઓ! માર્ગ તો જુઓ. નામ નિક્ષેપે કહેવાય. આહાહા..!

અહીં કહે છે, '**નામ ધરવું બધું જૂઠું છે;- આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...**' એટલે શું કીધું? જ્ઞેય તરફના નામ ધારવાનું તું લક્ષ છોડી દે. આહાહા..! અને આત્મા ભગવાન આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ (છે) તેના સન્મુખનો અનુભવ (કરવાનો પ્રયત્ન કર). આહાહા..! '**આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...**' નામ ધરવું જૂઠું કરી અને જ્ઞાનમાત્ર છે એ તો. આહાહા..! જ્ઞેયને જાણવાને કારણે જાણનારના આવા નામ પડ્યા એ છોડી દે. આહાહા..! એ તો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... છે. જ્ઞાનમાત્ર

છે. આહાહા..! 'किल' **'નિશ્ચયથી એમ જ છે.'** 'किल' છે ને? 'किल' એટલે નિશ્ચય, ખરેખર. ખરેખર. ખરેખર એમ જ છે. એક તો શુદ્ધ ચૈતન્યસ્વભાવ, એને અનુસરીને થવું- અનુભવ, બસ, એ જ કરવા લાયક છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઝીણું છે, ઝટ સમજાય એવું નથી.

ઉત્તર :- હળવે હળવે તો કહેવાય છે તેથી. ઝીણું છે એમ કહીએ છીએ, એનું સ્પષ્ટીકરણ પણ થાય છે. આહાહા..! જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર, આ તો વીતરાગના પંથની વાત છે, બાપા! આહાહા..!

મુમુક્ષુ :- આપે મહિમા બતાવી પણ આનું સ્વરૂપ કીધું નહીં.

ઉત્તર :- આ સ્વરૂપ આ કીધું ને. જેમાં જ્ઞેયને કારણે નામ પડ્યા એ જૂઠા. કાઢી નાખ્યા. જ્ઞાન પર્યાય છે બસ, એટલું. તે પણ તેના ઉપર લક્ષ નહિ. પછી તો કહેશે પર્યાય એની પોતાની છે. અહીં તો લક્ષ છોડાવવા, દ્રવ્યનું લક્ષ કરાવવા આ વાત કરી છે. બાકી તો પર્યાય તારી છે, તારામાં છે અને એ પર્યાય અનેકપણે ઉછળે એ તારું સ્વરૂપ છે. પર્યાય અનેકપણે ઉછળે ઈ સ્વરૂપ, હોં! એના નામ પડે એની અહીં વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા?'** એ શું કહે છે? અનુભવ જેનો સ્વભાવ છે એવો ભગવાનઆત્મા કેવો છે? આહાહા..! રાગ જેનો સ્વભાવ નથી. હવે નામ પાડવા એવો એનો સ્વભાવ નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા અનુભવશીલ. એ અનુભવવાના સ્વભાવવાળો જ આત્મા છે. સ્વરૂપ જે પૂર્ણાનંદનો નાથ ચૈતન્યરત્નાકર એને અનુભવવો એવો સ્વભાવ જ એનો છે. રાગ અને પુણ્ય અને વ્યવહારરત્નત્રય એ કોઈ એનો સ્વભાવ નથી. આહાહા..! સમજાણું? આવી વાત ક્યાં છે? બાપા! અરે..!

**'કેવો છે અનુભવશીલ આત્મા?'** 'एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्' **'નિર્વિકલ્પ...'** વસ્તુ એકરૂપ. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, વસ્તુ સ્વભાવ... આહાહા..! એકરૂપ ભાવ એટલે નિર્વિકલ્પ. **'એવું જે ચેતનદ્રવ્ય,...'** એકરૂપ એવો જે ચૈતન્ય પદાર્થ, **'તેમાં...'** 'निर्भर' **'અત્યંત મગ્નપણું,...'** 'निर्भर' આહાહા..! એ જ્ઞાયકભાવમાં અત્યંત નિમગ્નપણું, **'તેનાથી થયું છે...'** 'महास्वादं समासादयन्' એને લઈને મહાસ્વાદ આવ્યો. **'અનાકુળલક્ષણ સૌખ્ય,...'** આવ્યું એમ કહે છે. આહાહા..! ઝીણી તો વાત છે ને, ભાઈ! માર્ગ ઝીણો છે. જે વસ્તુ સ્વરૂપ છે તેનો અનુભવ કરતાં 'महास्वादं' એનો અર્થ કર્યો **'અનાકુળલક્ષણ સૌખ્ય,...'** નહિંતર મહાસ્વાદ એટલે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો પર્યાયમાં. આહાહા..! ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવનો આશ્રય લેતા પર્યાયમાં મહાસ્વાદ આવ્યો. સ્વાદ આવ્યો પણ મહાસ્વાદ આવ્યો. અતીન્દ્રિય આનંદનો અનાકુળ સ્વાદ આવ્યો. આહાહા..! સ્વાદ આવ્યો એમ ખુલાસો ન કરતાં અનાકુળ લક્ષણ (એમ કહ્યું). જેનું અનાકુળ લક્ષણ એવું સુખ. **'તેને...'** 'समासादयन्' **'આસ્વાદતો થકો.'** આહાહા..! જુઓ! આ નિર્જરાના લક્ષણ. એને કર્મની નિર્જરા થાય, એને અશુદ્ધતા ગળે અને એને શુદ્ધતા વધે.

નિર્જરાના ત્રણ પ્રકાર. સમજાણું કાંઈ? આહાહા..! આ તો કહે કે અપવાસ કરો એટલે તપસ્યા કહેવાય. તપસ્યા થઈ ગઈ એટલે નિર્જરા થઈ ગઈ. નિર્જરા એ ધર્મ થયો અને ધર્મ એ મોક્ષનું કારણ થઈ ગયું જાવ. ભાઈ! ઝીણી વાત, બાપા! ભાઈ! તારા મહિમાની તને ખબર નથી.

એ '**महास्वादं समासादयन्**' આનંદના સ્વાદને લેતો. આહાહા..! અંતરમાં જ્ઞાયકભાવમાં જતાં. જતાંનો અર્થ તેના તરફ વલણ થતાં. જ્ઞાયકભાવમાં કાંઈ પર્યાય પેસી જતી નથી. આહાહા..! પણ જ્ઞાયકભાવ તરફ વલણ થતાં, તેનો અનુભવ થતાં તે મહાસ્વાદને સ્વાદતો થકો. આહાહા..! મહાસ્વાદ એટલે અતીન્દ્રિય આનંદ. એટલે અનાકુળ લક્ષણ એવું સુખ. તેને અનુભવતો-સ્વાદમાં લેતો. આહાહા..! જુઓ! આ અનુભવની દશા. અતીન્દ્રિય આનંદને ચાટતો થકો. જે અનાદિથી પુણ્ય અને પાપના રાગને અનુભવે છે, ચાટે છે, વેદે છે આકુળતાના દુઃખને. કહેશે. હમણા કહેશે. વિષયકષાય દુઃખ છે (એમ) કહેશે. આહાહા..!

'**અનાકુળલક્ષણ સૌખ્ય, તેને આસ્વાદતો થકો.**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ચૈતન્ય મહાપ્રભુ, એના ધામમાં જ્યાં નજરું ગઈ... આહાહા..! ત્યારે તેને અનુભવ થયો અને એ અનુભવમાં શું થયું? અનાકુળ લક્ષણ સુખ જે મહાસ્વાદ. એને મહાસ્વાદ કીધો. અનાકુળ લક્ષણ સુખ તે મહાસ્વાદ. આહાહા..! એને આસ્વાદતો થકો. '**समासादयन्**' છે ને? '**समासादयन्**' સમ્યક્ પ્રકારે આસ્વાદ લેતો-આસ્વાદતો થકો. આહાહા..! '**વળી કેવો છે?**' '**द्वन्द्वमयं स्वादं विधातुम असहः**' આહાહા..! '**કર્મના સંયોગથી થયેલ છે વિકલ્પરૂપ, આકુળતારૂપ...**' આહાહા..! ચાહે તો એ શુભરાગ દયા, દાન, વ્રતનો હો, પણ છે તો એ આકુળતા દુઃખરૂપ. આહા..!

એ '**કર્મના સંયોગથી થયેલ...**' સંયોગી ભાવ '**વિકલ્પરૂપ, આકુળતારૂપ સ્વાદ અર્થાત્ અજ્ઞાનીજન સુખ કરીને માને છે...**' આહાહા..! એ શુભરાગનો સ્વાદ પણ આકુળતા છે. પાપના સ્વાદનું-અશુભનું તો શું કહેવું? આહાહા..! એ તો પાપનો સ્વાદ તો તીવ્ર દુઃખરૂપ છે, પણ શુભરાગનો સ્વાદ પણ આકુળતારૂપ દુઃખ છે. '**અજ્ઞાનીજન સુખ કરીને માને છે...**' આહાહા..! રાગના હરખમાં હરખાઈ જાય છે. એને હરખ આવે છે. શુભભાવમાં એને હરખ આવે છે. આહાહા..! '**પરંતુ દુઃખરૂપ છે...**' આહાહા..! આનંદના નાથના અનુભવની આગળ એ આકુળતા શુભરાગ એ આકુળતા દુઃખરૂપ છે.

'**એવું જે ઈન્દ્રિયવિષયજનિત સુખ,...**' પાંચેય ઈન્દ્રિય, હોં! એના વિષયને લક્ષમાં રાખીને ઉત્પન્ન થતું સુખ એટલે કલ્પના. '**તેને અંગીકાર કરવાને અસમર્થ છે.**' ધર્મી. આહાહા..! જ્ઞાયકભાવના સ્વાદને લેતો, વિષયજનિત સ્વાદને લેવાને ધર્મી અસમર્થ, અશક્ય છે. આહાહા..! આવી વાતું હવે. બીજો ધર્મ લાગે ને પછી 'સોનગઢે' નવો કાઢ્યો એમ કહે છે. આ 'સોનગઢ'નું છે આ? આહાહા..! ભાવ અહીંનો એ બરાબર. પણ વસ્તુ આ ક્યાં, આ લખાણ કોનું છે? આહાહા..! અહીં કહે છે, વિષયના શુભરાગને પણ વેદવાને, અનુભવવાને ધર્મી અશક્ય છે, અસમર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**એવું જે**

**ઇન્દ્રિયવિષયજનિત સુખ, તેને અંગીકાર કરવાને અસમર્થ છે. ભાવાર્થ આમ છે કે – વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે.**' હજી ભાવ છે ખરો. આહાહા..! પણ એને દુઃખરૂપ જાણે છે. આહાહા..! તો આ વિષયકષાયને દુઃખરૂપ જાણે એ વેદે પણ છે.

મુમુક્ષુ :- ભોક્તાપણું ક્યાં આવે છે?

ઉત્તર :- પૂર્ણ આનંદનું વેદન નથી. ત્યાં આગળ પૂર્ણ આનંદનો અભાવ (છે), ત્યાં દુઃખભાવ છે અને તેને વેદે છે. આહાહા..!

એ '**વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે.**' આહાહા..! વિષય-કષાય શબ્દે ફક્ત પાંચ ઇન્દ્રિયના બહારના એ વિષય નહિ. અહીં તો અંદરમાં રાગ ઊઠે એ પણ પરવસ્તુ છે. આહાહા..! એ ઇન્દ્રિયનો વિષય છે. અણીન્દ્રિયનો વિષય તો ભગવાનઆત્મા છે. એવા રાગને દુઃખરૂપ જાણે છે. આહાહા..!

'**स्वां वस्तुवृत्तिं विदन्**' '**स्वां वस्तुवृत्तिं विदन्**' '**स्वां**' '**પોતાના દ્રવ્યસંબંધી...**' સ્વ-સ્વ '**स्वां**' છે ને? સ્વદ્રવ્ય સંબંધી પોતાનું જે સ્વરૂપ '**स्वां**' '**પોતાના દ્રવ્યસંબંધી...**' '**वस्तुवृत्तिं**' આહાહા..! '**આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેની સાથે...**' '**वस्तुवृत्तिं**' વસ્તુ જે આત્મા ત્રિકાળી અનંત આનંદનો કંદ પ્રભુ, '**આત્માનું શુદ્ધ સ્વરૂપ, તેની સાથે...**' '**विदन्**' '**તદ્રૂપ પરિણમતો થકો.**' આહાહા..! ત્રિકાળી વસ્તુ જે છે આનંદનો નાથ પ્રભુ, તેની સાથે તાદાત્મ્યપણે અનુભવતો થકો. આહાહા..! '**તદ્રૂપ પરિણમતો થકો.**' એ પર્યાય આવી. '**તદ્રૂપ પરિણતો થકો.**' એ પર્યાય આવી. ઓલી વસ્તુ વૃત્તિ '**આત્માનું શુદ્ધસ્વરૂપ, તેની સાથે તદ્રૂપ પરિણમતો થકો.**' ત્રિકાળની સાથે તે પર્યાયને તદ્રૂપે પરિણમતો થકો. આહાહા..!

'**વળી કેવો છે?**' '**आत्मात्मानुभवानुभावविवशः**' ભગવાન પૂર્ણ દ્રવ્ય સ્વરૂપ '**ચેતનદ્રવ્ય, તેના આસ્વાદના મહિમા વડે...**' આત્માનુભવ. એ '**ચેતનદ્રવ્ય, તેના આસ્વાદના મહિમા વડે...**' '**अनुभाव**'નો મહિમા અર્થ કર્યો. આહાહા..! '**विवशः**' ગમ્ય થઈ ગયો, ગોચર થઈ ગયો. આહાહા..! મહિમા વડે ગમ્ય થઈ ગયો અંદર આત્મા. આહાહા..! એની મહિમા જ્ઞાનમાં આવી ગઈ. ગમ્ય થઈ ગયો. અગમ્ય હતો એ ગમ્ય થઈ ગયો. '**ચેતનદ્રવ્ય,...**' '**आत्मानुभव**' એટલે આત્માનો અનુભવ એટલે આસ્વાદ. એમ ત્યાં સીધો અર્થ લીધો. એની '**મહિમા વડે...**' ગમ્ય થઈ ગયો. અંદરમાં એની મહિમામાં ગુમ થઈ ગયો. આહાહા..!

'**વળી કેવો છે?**' '**विशेषोदयं भ्रश्यत्**' '**विशेष**' એટલે '**જ્ઞાનપર્યાય દ્વારા નાના પ્રકારો, તેમને...**' '**भ्रश्यत्**' '**મટાડતો થકો.**' પર્યાયના ભેદને લક્ષમાંથી છોડતો થકો. આહાહા..! આવી વાત છે. કાલે કહ્યું હતું ને? '**भ्रश्यत्**' નું, ભાઈ! નહિ? '**भ्रश्यत्**' અને '**भृशम्**'. પહેલા '**भृशम्**' આવ્યું છે ૨૩૧. ૨૩૧ શ્લોકમાં '**भृशम्**' આવ્યું છે. ત્યાં '**भृशम्**'નો અર્થ નિરંતર છે. અને અહીં '**भ्रश्यत्**'નો અર્થ ભ્રષ્ટ છે. આહાહા..! શું કહે છે? '**विशेषोदयं भ्रश्यत्**' વિશેષ જે પર્યાયના ભેદો જે છે તેને '**મટાડતો થકો.**' '**भ्रश्यत्**' નામ '**મટાડતો થકો.**' ત્રિકાળી સામાન્ય ઉપર દૃષ્ટિ દેતો થકો. આહાહા..! સમજાણું કાંઈ? '**विशेषोदयं भ्रश्यत्**' આત્મદ્રવ્યમાં વિશેષ

પ્રકારની પર્યાયોનું જે પ્રગટવું. '**विशेषोदयं भ्रश्यत्**' તેને છોડતો થકો. વિશેષભાવને લક્ષમાંથી મટાડતો થકો. આહાહા..!

ઓલામાં '**भृशम्**' છે. આપણે આવ્યું હતું ને? ૨૩૧ શ્લોક છે ને? '**भृशम् आत्मतत्त्वं भजतः**' આહાહા..! ૨૩૧ કળશ છે. **નીચેથી ત્રીજી-ચોથી લીટી છે.** છે ને? આહાહા..! એક '**भ्रश्यत्**' અને એક '**भृशम्**'. મોટો ઉગમણો-આથમણો (ફેર). '**भृशम्**' '**નિરંતર આત્મતત્ત્વને...**' ભજતો, અનુભવતો, સેવતો. આહાહા..! એ ભજન છે. આનંદનું ભજન કરવું-અનુભવ (કરવો) એ આનંદનું ભજન છે. આહાહા..! સમજાણું કાંઈ? શબ્દ એક સરખા જેવા લાગે. પણ બેયના અર્થ આખા ઊંધા. અહીંયાં '**भ्रश्यत्**' એટલે પર્યાયભેદને મટાડતો થકો અને અહીં '**भृशम्**' એટલે નિરંતર આનંદનો અનુભવ કરતો થકો. આહાહા..!

'**વળી કેવો છે?**' આ છેલ્લું લઈ લીધું. હવે સામાન્ય, બસ. પર્યાયના ભેદોને મટાડતો થકો. આહાહા..! પહેલા તો પર્યાયમાં જે જ્ઞેયને નામે નામ પડ્યા એ જૂઠા ઠરાવ્યાં એટલું. હવે અહીં તો પર્યાયના ભેદ છે તેને છોડતો. આહાહા..! આવું ક્યાંય મળે એવું નથી. આ વસ્તુ, બાપુ. આહાહા..! દુનિયાને લાગે એવું. શું થાય? આહાહા..!

એ પર્યાયના નામ પડ્યા છે તે જૂઠા-ખોટા છે. હવે પર્યાય છે એ વાત બરાબર છે. પણ એ પર્યાયને પણ '**विशेषोदयं**' એનો ભેદ છે તેને છોડતો. આહાહા..! ત્રિકાળી સામાન્ય એકરૂપ પ્રભુ ચૈતન્ય અંદર બિરાજે છે. આહાહા..! '**सामान्यं**' '**નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો...**' છે? '**सामान्यं कलयन्**' '**सामान्यं**' નો અર્થ '**નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો...**' '**कलयन्**' '**અનુભવ કરતો થકો.**' આહાહા..! સામાન્યનો અનુભવ કરતો થકો. સામાન્યનો અનુભવ થાય? અનુભવ તો પર્યાયનો થાય. પણ સામાન્ય ઉપર લક્ષ છે એટલે સામાન્યનો અનુભવ છે એમ કહેવાય. પર્યાયનો જે ભેદનો અનુભવ છે એ છૂટીને અભેદનો અનુભવ છે. વસ્તુ તો અભેદ છે એ છે. આહાહા..!

અહીં તો કહે છે, એ '**સત્તામાત્ર વસ્તુનો અનુભવ કરતો થકો.**' દ્રવ્ય જે વસ્તુ ધ્રુવ સત્તા પ્રભુ, એનો અનુભવ કરતો થકો. અર્થાત્ તેની સન્મુખમાં ... આહાહા..! આવી વસ્તુ છે, લ્યો! આવો કેવો ઉપદેશ! અજાણ્યો માણસ આવ્યો હોય એને તો એવું લાગે કે આ શું છે? આ જૈન માર્ગ હશે આવો? આ કોઈ વેદાંત લાગે છે આ તો. વેદાંતમાં આવી વાતું (નથી). અરે..! બાપુ! આહા..! આ તો જૈન પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, પરમાત્મા એક સમયમાં ત્રણકાળ જાણે એવું કેવળજ્ઞાનને નામ પડ્યું એ કહે છે લોકાલોકને જાણે માટે.. આહાહા..! પૂર્ણદશા એ રહેવા દે, કહે છે. આહાહા..!

હવે અહીં તો કહે છે કે પર્યાયનું લક્ષ છે એને છોડી દે. આહાહા..! અને સામાન્ય જે વસ્તુ, સત્તામાત્ર વસ્તુ તેનું '**कलयन्**' અભ્યાસ, અનુભવ, વેદન. એ '**कलयन्**'ના ઘણા અર્થ છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ત્રણલોકના નાથ પરમાત્મા, એની આ વાણી છે, ભાઈ! આહાહા..! આ કાંઈ કલ્પિત વાણી કરીને નથી મૂકી. આહાહા..! એવા '**सामान्यं कलयन्**' એકરૂપ ચિદાનંદઘન ભગવાન, એને વેદતો થકો. એટલે એને અનુસરીને પર્યાયને

દેખતો થકો. ભાષા તો એવી છે કે સામાન્યને વેદે. વેદે એ તો પર્યાય છે. પણ સામાન્ય ઉપર દૃષ્ટિ છે એટલે સામાન્યને વેદે છે એમ કહેવામાં આવે છે. આમાં કાંઈ 'આફ્રિકા'માં સૂઝે એવું નથી, ત્યાં એની મેળે વાંચે તો. કહો, 'અજીતભાઈ'! એવી વાતું છે, બાપા! આહા..! 'અમેરિકા'માં જાય અને બે-ત્રણ હજાર ડોલરનો પગાર આવે અને જાણે કે અમે મોટા બાદશાહ થઈ ગયા. પૂછ્યામાં પણ પાછું એટલું બોલે કે ત્રણ-ચાર હજાર ડોલર. એક નામ નહિ કે ત્રણેક હજાર. એમ નહિ.

હમણા 'ભૂપત' આવ્યો હતો ને? અહીં વ્યાખ્યાનમાં એક જરી રોકાણો બાકી ફર્યાફર.. ફર્યાફર. 'હરગોવિંદભાઈ'ના દીકરીનો દીકરો. વાત થઈ. કીધું પગાર કેટલો? કે ત્રણ-ચાર હજાર ડોલર. પણ આમાં એકેય નહિ રહે. એમાં તારું વધારે-વધારે બોલવું, શું છે? અને .. સાંઈઠ હજાર રળે છે. એમાં શું? ખર્ચ પણ કેટલો હોય ત્યાં એનો. આહાહા..! અરેરે..! ધર્મ ક્યાં? પુણ્ય પણ ક્યાં? ધર્મ તો ક્યાંય રહ્યો? પણ સત્સમાગમ, શાસ્ત્રનું શ્રવણ, વાંચન બે-ચાર કલાક. એવા જે પુણ્ય છે એના પણ ઠેકાણા ન મળે. આહાહા..! અરેરે..! એને ક્યાં જાવું? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે 'सामान्यं कलयन्' આહાહા..! એને વેદતો, કરતો અનુભવ કરતો થકો. આહાહા..! ૧૪૦ થઈ.

(શાર્દૂલવિક્રીડિત)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।९-१४१।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'सः एषः चैतन्यरत्नाकरः' ( सः एषः ) જેનું સ્વરૂપ કહ્યું છે તથા કહેશે એવો ( चैतन्यरत्नाकरः ) જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર, ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય સમુદ્રની ઉપમા દઈને કહેવામાં આવ્યું છે, ત્યાં એટલું કહેતાં દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે; જેમ સમુદ્ર એક છે, તરંગાવલિથી અનેક છે; 'उत्कलिकाभिः' સમુદ્રના પક્ષે તરંગાવલિ, જીવના પક્ષે એક જ્ઞાનગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ઇત્યાદિ અનેક ભેદ, તેમના દ્વારા 'वल्गति' પોતાના બળથી અનાદિકાળથી પરિણમી રહ્યો છે. કેવો છે? 'अभिन्नरसः' જેટલા પર્યાયો છે તેમનાથી ભિન્ન સત્તા નથી, એક જ સત્ત્વ છે. વળી કેવો છે? 'भगवान्' જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઇત્યાદિ અનેક ગુણોએ બિરાજમાન છે. વળી કેવો છે? 'एकः अपि अनेकीभवन्' ( एकः अपि ) સત્તાસ્વરૂપે એક છે તથાપિ ( अनेकीभवन् ) અંશભેદ કરતાં અનેક છે. વળી કેવો છે? 'अद्‌भुतनिधिः' ( अद्‌भुत ) અનંત કાળ સુધી ચારે**

ગતિઓમાં ભમતાં જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા સુખનું ( निधिः ) નિધાન છે. વળી કેવો છે? 'यस्य इमाः संवेदनव्यक्तयः स्वयं उच्छलन्ति' ( यस्य ) જે દ્રવ્યને ( इमाः ) પ્રત્યક્ષપણે વિદ્યમાન ( संवेदन ) સંવેદન અર્થાત્ જ્ઞાન, તેની ( व्यक्तयः ) વ્યક્તિઓ અર્થાત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઇત્યાદિ અનેક પર્યાયરૂપ અંશભેદ, ( स्वयं ) દ્રવ્યનું સહજ એવું જ છે તે કારણથી ( उच्छलन्ति ) અવશ્ય પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે-કોઈ આશંકા કરશે કે જ્ઞાન તો જ્ઞાનમાત્ર છે, આવા જે મતિજ્ઞાન આદિ પાંચ ભેદ તે શા કારણે છે? સમાધાન આ પ્રમાણે છે કે જ્ઞાનના પર્યાય છે, વિરુદ્ધ તો કાંઈ નથી, વસ્તુનું એવું જ સહજ છે; પર્યાયમાત્ર વિચારતાં મતિ આદિ પાંચ ભેદ વિદ્યમાન છે, વસ્તુમાત્ર અનુભવતાં જ્ઞાનમાત્ર છે; વિકલ્પો જેટલા છે તેટલા બધા જૂઠા છે, કેમકે વિકલ્પ કોઈ વસ્તુ નથી, વસ્તુ તો જ્ઞાનમાત્ર છે. કેવી છે સંવેદનવ્યક્તિઓ? ( अच्छाच्छाः ) નિર્મળથી પણ નિર્મળ છે. ભાવાર્થ આમ છે કે-કોઈ એમ માનશે કે જેટલા જ્ઞાનના પર્યાય છે તે સમસ્ત અશુદ્ધરૂપ છે, પરંતુ એમ તો નથી, કારણ કે જેમ જ્ઞાન શુદ્ધ છે તેમ જ્ઞાનના પર્યાય વસ્તુનું સ્વરૂપ છે તેથી શુદ્ધસ્વરૂપ છે. પરંતુ એક વિશેષપર્યાયમાત્રને અવધારતાં વિકલ્પ ઊપજે છે, અનુભવ નિર્વિકલ્પ છે, તેથી વસ્તુમાત્ર અનુભવતાં સમસ્ત પર્યાયો પણ જ્ઞાનમાત્ર છે, તેથી જ્ઞાનમાત્ર અનુભવયોગ્ય છે. વળી કેવી છે સંવેદનવ્યક્તિઓ? 'निःपीताखिलभावमण्डलरसप्राग्भारमत्ताः इव' ( निःपीत ) ગળી ગઈ છે ( अखिल ) સમસ્ત ( भाव )જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ એવા સમસ્તદ્રવ્યના ( मण्डल ) અતીત-અનાગત-વર્તમાન અનંત પર્યાયરૂપી ( रस ) રસાયણભૂત દિવ્ય ઔષધિ તેના ( प्राग्भार ) સમૂહ વડે ( मत्ताः इव ) મગ્ન થઈ છે, એવી છે. ભાવાર્થ આમ છે કે-કોઈ પરમ રસાયણભૂત દિવ્ય ઔષધિ પીએ છે તો સર્વાંગ તરંગાવલિ જેવું ઊપજે છે, તેવી રીતે સમસ્ત દ્રવ્યોને જાણવામાં સમર્થ છે જ્ઞાન, તેથી સર્વાંગ આનંદ તરંગાવલિથી ગર્ભિત છે. ૯-૧૪૧.

## કળશ-૧૪૧ ઉપર પ્રવચન

હવે જુઓ! એ પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય છે એને સિદ્ધ કરે છે. પર્યાય એની છે એમ પાછી વાત કરે છે. એનું લક્ષ છોડાવ્યું છે પણ પર્યાય છે તો એની. આહાહા..!

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।९-१४१।।

જુઓ! 'भगवानेकोऽप्यनेकीभवन्' પર્યાયમાં અનેકપણું થાય છે એમ છે. એમ સિદ્ધ કરવું છે. એ તો તેનું લક્ષ અને આશ્રય કરે પણ વસ્તુ અનેકપણે છે. આહાહા..!

**ખંડાન્વય સહિત અર્થ :-** 'सः एषः चैतन्यरत्नाकरः' 'सः एषः' 'सः' તે આ. 'सः' તે આ. પ્રત્યક્ષ બતાવે છે. ભગવાન અંદર તે આ. આહાહા..! (જેવું સ્વરૂપ) '**જેનું સ્વરૂપ કહ્યું છે તથા કહેશે એવો...**' '**चैतन्यरत्नाकरः**' આહાહા..! એ ચૈતન્યના રત્નનો દરિયો છે-સમુદ્ર છે. આહાહા..! સ્વયંભુરમણ સમુદ્રમાં તળિયામાં રત્ન ભર્યા છે. એને રેતી નથી ત્યાં. છેલ્લો દરિયો છે. ત્યાં રેતીને ઠેકાણે રત્ન છે. આહા..! આ સ્વયંભુ ભગવાનઆત્મા, જેના ચૈતન્યરત્નાકર. ચૈતન્યરૂપી રતનનો દરિયો છે એ તો. આહાહા..!

મુમુક્ષુ :- એ રત્ન ક્યાં થતા હશે ?

ઉત્તર :- આત્મામાં થાતા હશે. બહારમાં થાતા હશે 'શાંતિભાઈ'ને એને એ નહિ. ધૂળ નહિ. આહાહા..!

'**चैतन्यरत्नाकरः**' આ મારા પ્રભુ! એ ચૈતન્યના રત્નનો આકર-દરિયો છે ભગવાન. આહાહા..! આચાર્યે શબ્દ તો જુઓ વાપર્યો છે! એ ચૈતન્યના રત્નનો આકાર-દરિયો છે એ તો. બાપુ! જેમ દરિયામાં, સ્વયંભુરમણસમુદ્રમાં એકલી રત્નની રેતીઓ છે. એમ આના દરિયામાં ચૈતન્યના રત્નની રેતી છે. આહાહા..! શું શબ્દ વાપર્યો છે? '**चैतन्यरत्नाकरः**' પછી ભાષા સાદી કરી નાખી. '**જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર,...**' એમ. '**જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર,...**' આકર છે ને? એટલે સમુદ્ર. કેવો કે ચૈતન્યરત્ન. એટલે કે જીવદ્રવ્ય. એમ. ચૈતન્યરત્ન એટલે જીવદ્રવ્ય, આકર એટલે સમુદ્ર. આહાહા..! કળશની ટીકા તો જુઓ! એક એક કળશે તે કળશા અમૃતથી ભર્યા છે! આહાહા..!

'सः एषः **चैतन्यरत्नाकरः**' આ ભગવાન ચૈતન્યરત્નાકર. '(**ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય સમુદ્રની ઉપમા દઈને કહેવામાં આવ્યું છે,...**' જીવદ્રવ્ય ભગવાનઆત્માને સમુદ્રની ઉપમા દઈને કહેવામાં આવ્યું છે. '**ત્યાં એટલું કહેતાં દ્રવ્યાર્થિકનયથી એક છે,...**' જોયું! બે સિદ્ધ કરે છે હવે. '**દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે;...**' પર્યાયનયથી અનેક છે. પર્યાય નથી એમ નહિ. આહાહા..! હવે અગિયારમી ગાથામાં એમ કહ્યું કે વ્યવહાર પર્યાય જૂઠી છે. અભૂતાર્થ કીધી. જૂઠી છે. અહીં કહે છે કે અનેક પર્યાય છે. સત્ છે. ત્યાં બીજો હેતુ હતો, અહીં બીજો હેતુ છે. ત્યાં પરમપારિણામિક ત્રિકાળી સ્વભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. માટે તેને સત્ય કહીને, મુખ્ય કહીને તે જ છે એમ કહ્યું. અને પર્યાયનો આશ્રય છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને નથી એમ ગૌણ કરીને, વ્યવહાર કહીને (જૂઠી કહી). વ્યવહારનો અર્થ અસત્ય થાય છે. નિશ્ચયનો અર્થ સત્ય થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો નિર્જરાની જે શુદ્ધિની વૃદ્ધિ (થાય છે) એ પર્યાય છે, એમ કહે છે. આશ્રય કરવાલાયક છે કે નહિ એ પ્રશ્ન અત્યારે નથી. અહીં તો શુદ્ધિ ચૈતન્ય ભગવાન શુદ્ધ પૂર્ણ સ્વરૂપ, એના અવલંબનમાં જે શુદ્ધિની વૃદ્ધિ થાય છે, એ શુદ્ધિની વૃદ્ધિ એ પર્યાયોનો ભેદ છે. એ પર્યાય તરીકે ભગવાન અનેક છે. દ્રવ્ય તરીકે એક છે અને પર્યાય તરીકે અનેક છે. આહાહા..! લ્યો! નિર્જરામાં તો એ આવ્યું. શુદ્ધિ વધે છે ને એ પર્યાય છે. આહાહા..!

પર્યાયનો આશ્રય કરવા લાયક છે એ પ્રશ્ન અત્યારે અહીં નથી. આશ્રય તો ત્રિકાળી ધ્રુવ જ સામાન્ય એક વસ્તુ. બસ. એ એક જ સિદ્ધાંત. પણ તેના આશ્રયથી ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાયો અનેક, એકરૂપમાંથી પર્યાય અનેક પણ છે. આહાહા..! વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ?

નિર્જરા સંવરની શુદ્ધિની ઉત્પત્તિ પહેલી થાય, પછી નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ થાય, પછી શુદ્ધિની પૂર્ણતા થાય તે મોક્ષ. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ છે. સંવર છે, નિર્જરા છે, મોક્ષ છે. પર્યાયનું અસ્તિત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે, જુઓ! ૧૧મી ગાથામાં પર્યાયને જૂઠી કીધી તો વેદાંતના ઢાળામાં ઢાળ્યું. હવે સાંભળને, ભાઈ! વેદાંતમાં વળી અનંત દ્રવ્ય, અનંત ગુણ, અનંતી પર્યાય ને એમાં વિકાર અને વિકારનું નિમિત્ત કર્મ એ વસ્તુ ક્યાં છે? આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વરનું વેદાંત છે. જ્ઞાનનો સાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે; જેમ સમુદ્ર એક છે, તરંગાવલિથી અનેક છે;...**' તરંગ ઊઠે તે પણ છે. તરંગ એની પોતાની પર્યાય છે. એ કાંઈ પવનને લઈને તરંગ ઉઠ્યો છે, એમ કર્મ ખસ્યું માટે નિર્મળતા થઈ છે એમ નથી, એમ કહેવું છે. નિર્મળતા પોતાની પર્યાયમાં છે. વિશેષની વાત છે હવે..(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## આસો વદ ૧૩, બુધવાર, તા.૯-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૦, પ્રવચન - ૧૪૪

'કળશટીકા' 'નિર્જરા અધિકાર'. ૧૪૦ કળશ ફરીને. '**एषः आत्मा सकलं ज्ञान एकताम् नयति**' '**एषः आत्मा**' આ પ્રત્યક્ષ આત્મા એમ સિદ્ધ કરવું છે. આ આત્મા જ્ઞાનની પર્યાયમાં આ આત્મા પ્રત્યક્ષ '**एषः आत्मा**' '**વસ્તુરૂપ વિદ્યમાન...**' '**एषः**'નો અર્થ કર્યો. વિદ્યમાન છે. વસ્તુ છે એ વિદ્યમાન છે કહો કે છે કહો. એવો જે '**આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય, જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે...**' હવે અહીં પર્યાયને સિદ્ધ કરવી છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, જેટલી વર્તમાન પર્યાયમાં પર્યાયરૂપ પરિણમ્યું છે તે '**જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન...**' કેવળજ્ઞાન પર્યાય અહીંયાં (લીધી છે). છદ્મસ્થને કેવળજ્ઞાન નથી, પણ પરોક્ષ રીતે કેવળજ્ઞાન આવું હોય એવો એને ભાવ હોય છે. તો કહે છે કે '**ઇત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે...**' ભેદરૂપ થયો એ તો. ભેદરૂપે પરિણમ્યો. પાંચ પ્રકાર પડ્યા ને?

'**જ્ઞાન-તેને નિર્વિકલ્પરૂપ અનુભવે છે.**' આગળ કહેશે છે ખરી પર્યાયો. એ પછી '**अच्छाच्छाः**'માં કહેશે. પણ નિર્વિકલ્પનો અનુભવ હોય છે. વસ્તુની પર્યાય જ્ઞાનરૂપે પાંચ પર્યાય છે, પણ એ ભેદરૂપ છે વિકલ્પ, એને આશ્રયે વિચાર કરતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. એથી એકરૂપ વસ્તુ જે ત્રિકાળ, તેનો આશ્રય લેતાં નિર્વિકલ્પ અનુભવ થાય છે. ભેદ વિનાની

ચીજ જે અભેદ ચીજ છે, એનો અનુભવ. અનુભવ છે પર્યાય. પણ એનો અનુભવ થાય છે એમ કહેવામાં આવે છે. છે તો વસ્તુ ત્રિકાળ અભેદ. પર્યાયમાં એ આવતી નથી. ભાષા એમ લેવાય કે ત્રિકાળી અભેદ વસ્તુ છે એને અનુભવે છે. એટલે કે એની સન્મુખતામાં એની પર્યાય થાય છે માટે એને અનુભવે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે ઝીણો.

'**ભાવાર્થ આમ છે કે-જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે,...**' અગ્નિ તો ઉષ્ણતામાત્ર જ છે. એને જે ભેદથી કહેવું '**દાહ્યવસ્તુને બાળતો થકો...**' એ અગ્નિ બળવાલાયક વસ્તુને બાળતો થકો '**દાહ્યના આકારે પરિણમે છે;...**' અગ્નિ. અડાયા છાણા હોય. અડાયા છાણા સમજ્યા? સાધારણ છાણા હોય તે સુકાઈ જાય તો અગ્નિ એ આકારે થાય. છાણા હોય બીજા તો એ છાણાને આકારે અગ્નિ થાય, લાકડાને આકારે અગ્નિ થાય. એ '**આકારે પરિણમે છે; તેથી લોકોને એવી બુદ્ધિ ઊપજે છે કે કાષ્ઠનો અગ્નિ,...**' એ જાણે લાકડાને આકારે અગ્નિ થઈ એટલે લાકડાનો અગ્નિ એમ લોકોને થાય છે. '**છાણાં,...**'નો અગ્નિ. '**તૃણનો અગ્નિ;...**' તરણા. '**પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે,...**' એ કાંઈ અગ્નિ એની નથી. એ આકારે થયું છે એ તો જ્ઞાનનો આકાર છે. કાંઈ જ્ઞેયનો આકાર નથી. લાકડાનો આકાર અગ્નિમાં નથી. '**અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે, એકરૂપ છે,...**' ઉષ્ણસ્વરૂપ '**કાષ્ઠ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી;...**' એ કાંઈ અગ્નિનું સ્વરૂપ નથી. આહાહા..!

'**તેવી રીતે જ્ઞાન ચેતનાપ્રકાશમાત્ર છે,...**' ભગવાનઆત્મામાં જ્ઞાનપ્રકાશ ચેતના તો પ્રકાશમાત્ર છે. '**સમસ્ત જ્ઞેયવસ્તુને જાણવાનો સ્વભાવ છે તેથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે; તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે...**' જ્ઞેયાકાર પરિણમે છે તેથી જ્ઞાની જીવને એવી બુદ્ધિ ઊપજે છે '**કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન-એવા ભેદવિકલ્પ બધા જૂઠા છે;...**' કઈ અપેક્ષાએ? કે પર્યાયના ભેદ છે એ વસ્તુ નથી. વસ્તુ તો ત્રિકાળી અભેદ છે. એટલે એનું નામ જ્ઞેયાકારે જે જ્ઞાન થયું એ રીતે જ્ઞાની એને જૂઠું માને છે. આહાહા..! જેમ લાકડાને આકારે અગ્નિ થઈ એમ નથી. એમ જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ નથી. જ્ઞાન તો પોતાને આકારે જ થયું છે. આહાહા..!

'**જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ-એવા વિકલ્પ ઊપજ્યા છે, કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;....**' હવે અહીં જરી છે. ઝીણું અહીં છે. જ્ઞેય નામ જ્ઞાનમાં જાણવાલાયક વસ્તુ.. બાપુ! પ્રભુનો માર્ગ તો સૂક્ષ્મ છે. પ્રભુ એટલે આત્મા. '**જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' જ્ઞાનમાં જાણવાલાયક ચીજ અનેક પ્રકારે જ્ઞેય છે. હવે આ સિદ્ધાંત અહીં છે. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' અહીં સિદ્ધાંત છે. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' જ્ઞેય જ્ઞાનમાં જણાવાલાયક અનંત અનેક છે. હવે '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે '**તેવું જ નામ પામે છે,..**' મતિનું નામ મતિજ્ઞાન પડ્યું. કેમકે એને યોગ્ય જે જ્ઞેયાકારે જ્ઞાન થયું એથી એનું નામ મતિજ્ઞાન પડ્યું. શ્રુતમાં પરોક્ષરૂપે બધા જ્ઞેયોને આકારે જ્ઞાન થયું તેથી એનું નામ શ્રુતજ્ઞાન પડ્યું. અવધિ-એને યોગ્ય મર્યાદિત જે પદાર્થ છે તેને આકારે જાણવું થયું તેથી અવધિ નામ પડ્યું. મનને જાણવાના કારણે મનઃપર્યયજ્ઞાનને

મનઃપર્યય નામ પડ્યું. અને કેવળજ્ઞાન ત્રણકાળના, ત્રણલોકના જ્ઞેયને જાણે માટે (કેવળ નામ પડ્યું).

એ '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' એમ કીધું. એટલે કેવળજ્ઞાન પણ જેવો જ્ઞેયનો જ્ઞાયક થયો... આહાહા..! '**તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;...**' આ આને જાણે માટે મતિ, આને જાણે માટે શ્રુત, આને જાણે માટે અવધિ, આને જાણે માટે મનઃપર્યય, આને જાણે માટે કેવળ, એ નામમાત્ર જૂઠાં છે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો જ્ઞાનની પર્યાયમાત્ર છે. આને જાણે માટે અને આને જાણે માટે જે પાંચ ભેદ પડ્યા એ ભેદ જૂઠાં છે. આહાહા..!

મુમુક્ષુ :- જૂઠા છે તો તો તેમાંથી પાંચ ભેદ કાઢી નાખવા જોઈએ.

ઉત્તર :- પાંચ કઈ રીતે? એ પાંચ છે એનો ભિન્ન-ભિન્ન જ્ઞેય જાણવાનો જ્ઞાયક છે એ અપેક્ષાએ તે જૂઠા છે એમ કીધું. પર્યાય તરીકે છે. પર્યાય તરીકે એનું નામ... એ કહે છે, જુઓ! '**જ્ઞાનમાત્ર છે,...**' '**વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...**' છે? આ જ્ઞાનમાત્ર છે. પર્યાય પણ જ્ઞાન છે ને? જ્ઞેયાકાર છે એમ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનમાત્ર છે એટલે ભેદ વગરનું.

ઉત્તર :- એ ભલે. ઈ નહીં. અહીં તો એમ કહેવું છે કે જ્ઞેયાકારે જે નામ પડ્યા એ જૂઠાં છે. જ્ઞાનમાત્ર કહેવું તે. જ્ઞાનમાત્ર એટલે? ભલે પર્યાય છે. પણ એ જ્ઞાનમાત્ર છે. જ્ઞેયાકારને કારણે જે ભેદ પડ્યો એ એમાં નથી. ઝીણી વાત છે.

'**નામ ધરવું બધું જૂઠું છે;...**' એમ કીધું છે. મતિ, શ્રુત આદિ જ્ઞાનપણાની પર્યાય છે એ જ્ઞાનમાત્ર પર્યાય છે. અત્યારે ત્રિકાળની વાત નથી. સમજાય છે કાંઈ? એ જ્ઞાનમાત્ર છે '**નામ ધરવું બધું જૂઠું છે;...**' જુઓ! જ્ઞાનમાત્ર છે ત્યાં હ્રસ્વઈ મૂકી છે ને? શું કહેવાય એ?

મુમુક્ષુ :- અલ્પવિરામ.

ઉત્તર :- અલ્પવિરામ. કારણ કે ત્યાં પૂરું થાતું નથી એનું.

અહીંયાં ત્રિકાળી જ્ઞાન છે એ વાત સિદ્ધ નથી કરવી. અહીંયાં તો જ્ઞાનની વર્તમાન પર્યાયમાં... આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. જ્ઞાનની પર્યાયમાં જેવા જ્ઞેયને જાણતાં જ્ઞાયક થાય છે, જેવા જ્ઞેયને જાણતાં જ્ઞાયક થાય છે, એવું જે એમાં નામ પડે છે એ જૂઠું છે. બાકી જ્ઞાન પર્યાયમાત્ર છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... પર્યાયમાત્ર એ બરાબર છે. આહાહા..! ઝીણી વાત છે, બાપુ! ટીકાકારે કેટલી ગંભીર ટીકા કરી છે!

અહીંથી લેવું, જુઓ! '**જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' નાના પ્રકારે છે એમ કીધું ને? ત્રીજી લીટી. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' જ્ઞેયનો જ્ઞાયક થાય છે એ વાત લેવી છે. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...**' પર્યાયમાં.

મુમુક્ષુ :- જ્ઞેયનો જ્ઞાયક છે કે પોતાનો જ્ઞાયક છે?

ઉત્તર :- એ જ કહે છે. પર્યાયમાં જ્ઞેયનો જ્ઞાયક છે '**તેવું જે નામ પામે છે,...**' એ જૂઠા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! કાલે તો ઘણું કહ્યું હતું. એ જ્ઞેયનો જ્ઞાયક છે એવા નામભેદ છે તે જૂઠાં છે. આહાહા..!

મુમુક્ષુ :- શાસ્ત્રમાં ભેદ આવે તો ત્યાં બધા જૂઠાં છે?

ઉત્તર :- આ પ્રકારના ભેદ જૂઠાં છે. પર્યાય પર્યાય તરીકે બરાબર છે. પણ પર્યાયના પાંચ ભેદમાં જેવું જ્ઞેય છે તેને જાણવું, એ રીતે જ્ઞાનનું નામ પડે તે જૂઠું છે, એમ કહે છે. 'લાલચંદભાઈ'! આહાહા..! ઝીણી વાત છે, બાપુ!

અહીં તો પછીના ઓલામાં તો સિદ્ધ કરશે. '**अच्छाच्छाः स्वयमुच्छलन्ति**' તે જ્ઞાનની પર્યાય જ્ઞેયને કારણે જાણવા માટે ઉછળે છે એમ નથી. એ પોતાનો સ્વભાવ જ જ્ઞાનનો છે કે જ્ઞાનની પર્યાય સ્વયં ઊછળે છે. અને તે જ્ઞાનની અનેકતા તે છે. વસ્તુ તરીકે એક છે અને પર્યાય તરીકે, પરિણમન તરીકે અનેક છે. અનેકનો આશ્રય કરવા લાયક છે કે નહિ એ પ્રશ્ન નથી. પણ પર્યાય અનેક છે.

મુમુક્ષુ :- કાંઈ ખીલે બંધાતું નથી.

ઉત્તર :- એ ખીલે બંધાય છે આ રીતે. એ કઈ અપેક્ષાએ? એક ત્રિકાળની અપેક્ષાએ. કહેશે. હમણા અહીં. જુઓ! પછીમાં કહેશે.

'**દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે;...**' પછીના શ્લોકમાં. છે અસ્તિ સિદ્ધ કરવું છે અહીંયાં. પર્યાય નથી-નથી એમ કીધું હતું ૧૧માં. આહાહા..! ૧૧મી ગાથામાં એમ કહ્યું હતું,.. ઝીણી વાત છે, પ્રભુ! આજ તો ધનતેરસનો દિવસ છે. લક્ષ્મી, ધન એટલે, હોં! અહીંયાં ભગવાનની લક્ષ્મી આવશે. ભગ-ભગ. ભગ એટલે લક્ષ્મી, વાન એટલે લક્ષ્મીવાળો પ્રભુ છે. પણ કેવી લક્ષ્મી? જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો આ પ્રભુ છે. આહાહા..!

અહીંયાં તો બે વાત સિદ્ધ કરવી છે કે ત્રિકાળી સત્તા પણ છે અને વર્તમાન તે જેવા જ્ઞેયોને જાણવાના નામ પડે છે એ જૂઠાં. પણ જેવું જ્ઞાન પરિણમે છે એ અનેકપણું થવું એ યથાર્થ છે. જ્ઞાનનું પર્યાયમાં અનેકપણું થવું એ યથાર્થ છે. અનેકપણામાં જ્ઞેયને જાણવાની અપેક્ષાએ જે નામ પડ્યા હતા એ જૂઠાં છે. આહાહા..! ઝીણી છે વાત, બાપુ! વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં તો એમ કહ્યું હતું કે પર્યાય અભૂતાર્થ છે. પર્યાય છે જ નહિ. તેથી એમ કહે છે ને ઓલા એક હતા એ 'નાથુલાલ પ્રેમી'. 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. પર્યાય નથી કીધી ખરી ને? પણ એમ નથી. ત્યાં નથી કીધી છે એ ગૌણ કરીને પર્યાયને ગૌણ કરીને, પેટામાં રાખીને, વ્યવહાર ગણીને નથી એમ કહ્યું છે. અને ત્રિકાળીને મુખ્ય ગણીને, નિશ્ચય ગણીને એ જ સત્ય છે તેમ કહ્યું છે. આહાહા..! એ અહીં હવે સિદ્ધ કરે છે કે પર્યાય એક સ્વરૂપે છે આત્મા છતાં પર્યાયપણે અનેકપણે છે. પણ એ પર્યાયમાં જે નામ જેવા જ્ઞેયને જાણવાના જ્ઞાનના નામ પડે છે એ જૂઠાં છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. વાણિયાને નવરાશ ન મળે, વેપાર-ધંધા આડે. આવી વાતું હવે.

મુમુક્ષુ :- દાખલો આપીને સમજાવો તો.

ઉત્તર :- દાખલો કીધો ને આ લાકડાનો, અગ્નિનો આપ્યો ને. ત્યારે ધ્યાન ક્યાં રાખ્યું છે? અગ્નિનો દાખલો આપ્યો નહિ? લાકડા આકારે અગ્નિ, છાણા આકારે અગ્નિ એમ કહેવું એ

વ્યવહાર છે. એમ નથી. અગ્નિ અગ્નિને આકારે થઈ છે. દાખલો તો આવી ગયો પહેલો. ધ્યાન નથી. સમજાણું કાંઈ? છાણાની અગ્નિ, લાકડાની અગ્નિ, પાંદડાની અગ્નિ, તરણાની અગ્નિ એ વાત જૂઠી છે. પણ અગ્નિ અગ્નિરૂપે થઈ છે એ વાત બરાબર છે. એ પર્યાય અગ્નિરૂપે છે એ. આહાહા..! સમજાણું કાંઈ? પહેલો દાખલો આપીને સમજાવ્યું. તરણાની અગ્નિ, લાકડાની અગ્નિ, અડાયાની અગ્નિ, છાણાની અગ્નિ એમ કહેવું એ જૂઠું છે પણ અગ્નિ ઉષ્ણતામય છે. પર્યાયની વાત છે, હોં! અહીં તો અત્યારે. ઉષ્ણતામય છે. બસ, ઉષ્ણતામય છે. આને આકારે અને આને આકારે માટે એમ નહિ. ઉષ્ણતામાત્ર છે. એમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાનમાં... પર્યાયમાં, હોં! અહીં તો અત્યારે. એમ છે ને ન્યાં તો?

**'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** એ શબ્દમાં જોર છે. ત્રીજી લીટી. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે...'** જેમ જેવા લાકડાના આકારે અગ્નિ થાય છે. એમ જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે. **'તેવું જ નામ પામે છે,...'** એમ લાકડાની અગ્નિ, છાણાની અગ્નિ, અડાયાની અગ્નિ. **'વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે;...'** આ પર્યાયની વાત છે. એમ અગ્નિને વસ્તુ વિચારતા ઉષ્ણતામાત્ર છે. એમ ભગવાનઆત્માની પર્યાયમાં જ્ઞાનનો વિચાર કરતાં એ જ્ઞાનમાત્ર છે. આહાહા..! આવું છે.

મુમુક્ષુ :- ઉષ્ણતામાત્ર એટલે ત્રિકાળ સ્વરૂપનો કે પર્યાયનો?

ઉત્તર :- ના, પર્યાયનો કીધો ને. બે-ત્રણ વાર કહ્યું. જેમ અગ્નિ ઉષ્ણતામાત્ર છે એ પણ પર્યાયમાં છે. એનો ભેદ આને આકારે છે, આને આકારે છે એ જૂઠું છે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓ! **'તેવું જ નામ પામે છે, વસ્તસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે,...'** પર્યાય, હોં! **'નામ ધરવું બધું જૂઠું છે;...'** શું કીધું ઈ? એને એમ કહેવું કે આ મતિજ્ઞાન આને જાણે, શ્રુતજ્ઞાન આને જાણે, અવધિ આને જાણે, એવું કહેવું જૂઠું છે. આહાહા..! સમજાણું કાંઈ? ગજબ શૈલી છે. જ્ઞેયને સિદ્ધ કરે છે, જ્ઞેયને જાણવું સિદ્ધ કરે છે પણ જેવું જ્ઞેયને જાણે છે તે જ્ઞાન જ્ઞેય તરફનું થયું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું ઝીણું છે. ક્યાં માણસને ફુરસદ છે. આહાહા..! આવો ભગવાન.

ત્રિકાળી સ્વરૂપ છે એ તો ધ્રુવ છે. હવે તો એના પરિણમનના બે પ્રકારના વિચાર કર્યા. કે જે જ્ઞાનનું પરિણમન, જેવા જ્ઞેયને જાણે એવું જ્ઞાયક નામ પડે એને. એ જ્ઞેયને આકારે નામ પડે એ વાત જૂઠી છે. સમજાણું કાંઈ? આહાહા..! **'નામ ધરવું બધું જૂઠું છે;...'** નામ ધરવું બધું જૂઠું છે. **'આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...'** આહાહા..! પર્યાયની વાત, હોં! આહાહા..! શાંતિથી વિચાર કરે જરી ધીરજથી, બાપુ! આ તો અપૂર્વ માર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવના મુખમાંથી દિવ્યધ્વનિ નીકળી, એનો આ બધો સાર છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ.

એક તો જ્ઞેય સિદ્ધ કરે છે. જ્ઞેય નથી એમ નહિ. એક બાજુ પર્યાયમાં જ્ઞેયાકાર જેવા જ્ઞેયને જાણે અને જ્ઞાન નામ પડે છે. બે વાત. છતાં એ નામ જૂઠું છે અને જ્ઞાનપર્યાયમાત્ર છે- એ ત્રણ વાત. આમાં કાંઈ પૈસા-બૈસામાં તો હાથ આવે એવું નથી. આહાહા..! અહીં તો

પરમાત્માને પર્યાય સિદ્ધ કરવી છે. પણ એ પર્યાયના નામમાં ભેદ પડ્યા કે આને આટલું જાણે માટે મતિ અને શ્રુત આને જાણે માટે શ્રુત, મર્યાદિત પદાર્થને જાણે માટે અવધિ, મનના ભાવને જાણે માટે મનઃપર્યય, ત્રણ કાળને જાણે માટે કેવળ, એ નામ ધરવા જૂઠાં છે. આહાહા..! ખરેખર તો પરને જાણતું નથી. પરને શું જાણે? પર વસ્તુનો સ્પર્શ નથી. એકબીજામાં અભાવ છે. પોતામાં રહીને પરસંબંધી અને પોતાસંબંધીનું જ્ઞાન પોતામાં ઉછળે છે. આહા..! એ જ્ઞેયને લઈને ઉછળે છે એમ નહિ. સમજાણું કાંઈ? અને જ્ઞેયના નામે અહીં નામ પડ્યું છે એ પણ નહિ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ સામે પુસ્તક છે?

'**આવો અનુભવ શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે;...**' પર્યાયની વાત છે અહીં. સમજાણું કાંઈ? જેવું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય છે એથી તે જ્ઞાનની પર્યાયના જ્ઞેયાકારના પરિણમનને કારણે નામભેદ પડ્યા એ જૂઠા છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાય એટલું સમજવું, બાપુ! આ તો વીતરાગનો ગહન માર્ગ છે. આહાહા..! અનંત જ્ઞેયોને પણ સિદ્ધ કરે છે. છે ને માથે? આવ્યું ને? '**કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' એમ આવ્યું ને પહેલું? પહેલું એ સિદ્ધ તો કર્યું. '**કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' નાના એટલે અનેક પ્રકારે છે. એટલે જ્ઞેય અનેક પ્રકારે છે એ વાત સિદ્ધ કરી. ઓલા વેદાંત (માને છે એમ) આ જ્ઞેયો છે જ નહિ એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એક વાત.

હવે જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે. આ બીજી વાત પાછી. જ્ઞેય અનેક પ્રકારે છે એટલે અનંત પ્રકારે છે. હવે જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે, જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે. સમજાણું કાંઈ? આ સમજવું તો પડશે કે નહિ? ભાઈ! આકરું પડે તોપણ. આહાહા..! અમને ન સમજાય એમ કરીને કાંઈ કાઢી નખાય? આહાહા..! અરે..! આવે ટાણે નહિ સમજે, ભાઈ! કે દિ' સમજશે? અહીં તો પર્યાયમાં જ્ઞેયો અનેક છે એમ સિદ્ધ કરી અને જેવું એ જ્ઞેયનું અહીં જ્ઞાન થાય છે એવું જ્ઞાનની પર્યાયમાં નામ પડે છે એ નામ પાડવા જૂઠાં છે, કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- તો એના સાચા નામ ક્યા?

ઉત્તર :- સાચા નામ જ્ઞાનપર્યાય. જ્ઞાનની પર્યાય બસ. 'દાસ'! આવું છે. આહાહા..!

'**નામ ધરવું બધું જૂઠું છે;...**' એમ કહ્યું ને? પર્યાયમાત્ર તો સાચી છે પણ એને જેવા જ્ઞેય જાણે તેવું નામ પાડ્યું છે એ પણ ખોટું છે.

મુમુક્ષુ :- મતિ-શ્રુત એ નામ ખોટા?

ઉત્તર :- એ નામ પડ્યા એમ નહિ. જ્ઞાનપર્યાય. આહાહા..!

'તત્ત્વાર્થસૂત્ર'માં તો પરોક્ષની વાત લીધી છે. મતિજ્ઞાન મન અને ઇન્દ્રિય દ્વારા જાણે તે મતિજ્ઞાન. ત્યાં પ્રત્યક્ષની વાત ગૌણ રાખી છે. સમજાણું? નહિતર ખરેખર મતિ તો પોતાને-સ્વને જાણે છે. મતિજ્ઞાન તો પોતે-સ્વને જાણે છે. એ તો કહ્યું નહિ? ૧૭-૧૮મી ગાથા. (સમયસાર) જ્ઞાનનો પર્યાય એનો સ્વભાવ જ સ્વપરપ્રકાશક છે. ભલે અલ્પ જ્ઞાન હો, અજ્ઞાન હો પણ એ પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. માટે તે જ્ઞાનની પર્યાયમાં આબાળગોપાળને-બાળકથી માંડી વૃદ્ધોને-જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ સ્વપરપ્રકાશક હોવાથી જ્ઞાનની પર્યાયમાં

આખો આત્મા જ જણાય છે. આહાહા..!

મુમુક્ષુ :- પર જણાય છે કે આત્મા જણાય છે?

ઉત્તર :- આત્મા જણાય છે. આત્મા પર્યાયમાં આવતો નથી પણ પર્યાયમાં આખો આત્મા જણાય છે. કેમકે એ પર્યાયનું સ્વપરપ્રકાશકપણું સ્વરૂપ છે. આહાહા..! આવું ઝીણું છે. ઓલા તો કહે, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. એવું હતું કે નહિ? ઓલા કહે, દેરાસર જાવ, જાત્રા કરો, ભક્તિ કરો. આ દિગંબર કહે, લૂગડાં છોડો અને આ કરો. અરે..! પ્રભુ! સાંભળ તો ખરો. તારો નાથ અંદર શું છે? અને એની પર્યાયની સ્વતંત્રતા તે તે કાળે ઉત્પન્ન થનાર સ્વતંત્ર પર્યાયની જાત કેવી છે? કે એ જ્ઞાનની પર્યાયને જેવા જ્ઞેય છે તેવું જાણવું થાય તેથી તે જ્ઞેયને નામે એના નામ પડે પણ એ નામ જૂઠાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એના કારણે નામ પડે તો સાચા નામ કેટલા?

ઉત્તર :- સાચું નામ જ્ઞાનપર્યાય. સાચું નામ જ્ઞાનપર્યાય, બસ. નામ નિક્ષેપે કહીએ તો એ કહેવાય. આત્માને નામ નિક્ષેપે કહીએ તો આત્મા કહેવાય. બાકી આત્મા વસ્તુમાં ક્યાં છે એ શબ્દ. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગનો માર્ગ અચિંત્ય અને અલૌકિક! એના ફળ પણ અચિંત્ય અલૌકિક છે ને! આહાહા..!

અસંખ્ય સમયનું સાધકપણું, ભવિષ્યનો સાદિઅનંત કાળ ભૂતથી અનંતગુણો, તેના આનંદની પ્રાપ્તિ થાય એ ઉપાય કેવો હોય? બાપુ! આહાહા..! શું કીધું એ? શું કીધું એ? સ્વરૂપને સાધવાને માટે પૂર્ણ થવામાં અસંખ્ય સમય જોઈએ, અનંત સમય ન જોઈએ. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થઈ તે કેવળજ્ઞાન પામવામાં અસંખ્ય સમય જ હોય. ભલે સાત-આઠ ભવ કરે તોપણ એ અસંખ્ય સમયમાં આવી જાય છે. આહાહા..! ત્યારે તેના એક એક સમયનું ફળ અનંત અનંત સમાધિ. 'અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' આહાહા..! જેના ફળ તરીકે.. ભવિષ્યકાળ અનંતગુણો છે ને? ભવિષ્યકાળ કેટલો છે? દરેકને માટે. જેણે આત્માને અંદર સ્વરૂપમાં સાધન અનુભવ કરીને કર્યું, એના અનુભવના સમયો તો અસંખ્ય સમય જ છે. આહાહા..! અને તેના ફળ તરીકે અનંત અનંત કાળ જેને અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો ભોગવટો, એ બાપુ, શું ચીજ છે! આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સમજાણું એમ કહેવું કઠણ પડે છે.

ઉત્તર :- એમ કહે છે, સમજાણું...

મુમુક્ષુ :- હા, પાડવી કઠણ છે.

ઉત્તર :- પણ હળવે હળવે તો કહેવાય છે, બાપા! આહાહા..! ચૈતન્યસાગર ઉછળે ને! કહે છે. '**अच्छाच्छाः**' કહેશે. પછીનો કળશ છે ને. કળશ-કળશ? '**अच्छाच्छाः स्वयमुच्छलन्ति**' નિર્મળથી નિર્મળ ધારા ઉછળે છે અંદરથી.

મુમુક્ષુ :- સાધકને નિર્મળ પર્યાય..

ઉત્તર :- આ તો પૂર્ણ નિર્મળ અને સાધકને એક પછી એક નિર્મળધારા. 'નિર્જરા

અધિકાર' છે ને? સંવર છે એ શુદ્ધિની ઉત્પત્તિ કરે છે અને નિર્જરા છે એ શુદ્ધિની વૃદ્ધિ કરે છે અને મોક્ષ છે એ શુદ્ધિની પૂર્ણતા છે. આહાહા..!

નિર્જરાના પ્રકાર પણ ત્રણ છે. કર્મનું ગળવું. એ તો સ્વતંત્ર એનો સ્વભાવ. અશુદ્ધતાનું જવું એ પર્યાયમાંથી અને શુદ્ધતાનું વધવું એ ત્રણેને નિર્જરા કહેવાય છે. આહાહા..! આ તો એક પકડે કે કર્મનું ખરી જવું એ નિર્જરા. કઈ અપેક્ષાએ? બાપુ! કર્મ તો જડ છે. એનું ખરવું, ન ખરવું તો... કર્મની અકર્મરૂપ પર્યાય થવી એ તો એનો સ્વભાવ છે. એ કાંઈ આણે શુદ્ધતા પ્રગટ કરી માટે તે અકર્મપણે થઈ એમ નથી. પણ જ્યાં નિમિત્તનિમિત્ત સંબંધ બતાવીને જ્યાં આત્માના સ્વભાવના આશ્રયે જ્યાં શુદ્ધિની વૃદ્ધિ (થઈ તે નિર્જરા). આ સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા છે. એમાં આવી ગયું છે પહેલું કે સંવરપૂર્વક આ નિર્જરાની વ્યાખ્યા છે. અજ્ઞાનીને કર્મ ખરે છે એને કાંઈ નિર્જરા કહેવાતી નથી. આહાહા..! એટલે? સંવર એટલે? કે સમ્યગ્દર્શનરૂપી જે સંવર... આહાહા..! એના પૂર્વક જે પૂર્વના કર્મો ખરે, અશુદ્ધતા ગળે અને શુદ્ધતા વધે એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. એ તો પર્યાય છે. નિર્જરા તો શુદ્ધ પર્યાય છે.

એ પર્યાયને અહીં કહે છે કે એની પર્યાયમાં-જ્ઞાનની પર્યાયમાં જેવા જ્ઞેયો જાણે તેવું નામ જ્ઞાનનું પડે. છતાં તે નામ જૂઠાં છે. એ તો જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... જ્ઞાનપર્યાય... બસ. 'લાલચંદભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? સમજાય એવું છે, બાપુ! ન પકડાય (એવું નથી). પરમાત્મા ભગવત્ સ્વરૂપ બિરાજે છે. આહાહા..! એ તો ભગવત્ સ્વરૂપ જ છે પ્રભુ તો. દરેકનો. અરે..! અભવિનો પણ. આહાહા..! સમજાણું કાંઈ?

એકવાર કહ્યું નહોતું? સંવત ૧૯૮૫માં સંપ્રદાયમાં ચર્ચા થઈ હતી. ૧૯૮૨માં ચર્ચા એ થઈ હતી. આ શું કહેવાય એ? 'મોહનલાલજી' 'લીંબડીવાળા'. એમ કે અભવિને ૨૬ મોહનીય પ્રકૃતિની સત્તા હોય, ભવિને ૨૮ હોય. એવું એક 'મોહનમાળા' પુસ્તક છપાવ્યું છે. એ મારા ઉપર મોકલ્યું હતું. ૧૯૮૦માં, ૮૦માં. ૫૩ વર્ષ થયા. કીધું, એ જૂઠી વાત છે. ભવિ હો કે અભવિ બધાને ૨૬ જ પ્રકૃતિ સત્તામાં હોય છે. ૨૮ તો જ્યારે સમકિત પામે પછી ૨૮ થાય. એક વાત ખોટી. બીજી વાત, એ કહે, અભવિને ત્રણ આવરણ હોય, પાંચ ન હોય. મતિ, શ્રુત અને અવધિ ત્રણ આવરણ હોય. મનઃપર્યય, કેવળજ્ઞાન બે આવરણ એને હોય નહિ. કેમકે એને બે થાતા નથી. એ ૧૯૮૫માં વાત થઈ. પછી જરી ગડબડ કરવા માંડ્યા થોડું-થોડું. પણ 'મણિલાલજી' જોડે હતા, 'મણિલાલજી'. સાંભળો-સાંભળો 'કાનજીસ્વામી' કહે ઈ, 'કાનજીમુનિ' કહે એ સાંભળો. દુનિયામાં એની છાપ છે. ઈ કહેશે એ માનશે. અને આપણે ૫૦ વર્ષની દીક્ષા લઈને બેઠા છીએ પણ આપણી છાપ નથી બહાર. એ કહેશે, વાત બહાર પાડશે કે આ લોકો આમ કહે છે અને ના પાડે છે.

મેં કીધું. બાપુ! અભવિને પણ પાંચ આવરણ છે. પાંચેય છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય, (કેવળ). પ્રગટ ન થાય માટે આવરણ નથી (એમ નથી). કેમ? કે અભવિના સ્વભાવમાં પણ સર્વજ્ઞસ્વભાવ છે. શક્તિ તો એની સર્વજ્ઞસ્વભાવ છે. આહાહા..! એની પર્યાયમાં અલ્પતાનું પરિણમન અને કેવળજ્ઞાનાવરણીય પ્રગટ છે. એ પર્યાય અભવિ પલટાવી શકતો નથી, એની લાયકાત નથી. બાકી તો સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ આત્મા આખો (છે). આહાહા..! દરેક સમયે સર્વજ્ઞસ્વભાવી પ્રભુ અનાદિઅનંત પડ્યો છે. એને સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય તોપણ સર્વજ્ઞસ્વભાવ

જ છે એનો. આહાહા..! અરે..! પ્રભુ! તું કોણ છો? બાપુ! તને (ખબર નથી). ઈ કહેશે નીચે અહીંયાં. ચૈતન્યરત્નાકર છે એ તો. ૧૪૧માં કહેશે. ચૈતન્યરત્નાકર છે. પ્રભુ! તને ખબર નથી. એમાં ચૈતન્યરૂપી મણિઓ અનંતી ભરી છે. આહાહા..! તારા બહારના પૈસા તો અબજ, બે અબજ, ખર્વ, નિખર્વ એવું બધું આવતું અમારા વખતમાં. સો અબજનો ખર્વ અને સો ખર્વનો નિખર્વ એવું આવતું. અત્યારે હવે અબજ સુધી ચાલે છે. પણ એ બધી ધૂળું... આહાહા..! આ તો અનંત... અનંત.. અનંત ચૈતન્યરત્નાકરનો સાગર નાથ અંદર બિરાજે છે. બાપુ! તને ખબર નથી. એ ચૈતન્યરત્નાકરના ભાન થયા ત્યારે જે જ્ઞાનની પર્યાયના પ્રકાર પલટ્યા, એ જ્ઞાન જે જ્ઞેયને જાણવાથી જ્ઞાનનું નામ પડ્યું એ વાત નહિ. પરને લઈને નામ પડ્યું એ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આ તો સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા. આહાહા..! એનો પંથ છે. એનો તારો સ્વભાવ છે. આહાહા..!

અહીં કહે છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં એ નામ જૂઠાં. નામ જૂઠાં, હોં! જ્ઞાનપર્યાય છે એ બરાબર છે. મન અને ઇન્દ્રિયથી જાણે તે મતિ, એકલા મનથી જાણે તે શ્રુત. એવું આવે ને શાસ્ત્રમાં તો? મર્યાદિત ચીજને જાણે તે અવધિ, સામાના મનના ભાવને જાણે તે મનઃપર્યય અને ત્રણકાળના ભાવને જાણે માટે કેવળ. એ નામ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો સાચા નામ ક્યા?

ઉત્તર :- સાચા નામ પર્યાય, બસ. જ્ઞાનપર્યાય. જ્ઞાનગુણની છે માટે જ્ઞાનપર્યાય. બસ. આહાહા..! એમાં ઘણા ભેદ છે. એકાંતથી એમ માનતા હોય કે કોઈ જ્ઞેય જ નથી. અને જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે એ છે. પણ ઈ વ્યવહાર છે. સમજાણું કાંઈ? પણ જ્ઞાન જ્ઞાનરૂપે થાય છે. બસ. એને નામ આપવા (કે) આને જાણે માટે મતિ, આને જાણે માટે શ્રુત, એવા નામ નહિ. આહાહા..! ઠાઠડીને નનામી કહે છે ને? એમ આ ત્રણલોકનો નાથ એની પર્યાયને કોઈ નામ ન આપવા. આહાહા..! એ જાગતી જ્યોત નનામી છે.

મુમુક્ષુ :- જાગતી જ્યોત નામ તો આપ્યું છે.

ઉત્તર :- જાગતી જ્યોત તો સ્વભાવની વ્યાખ્યા કરી. એ તો એના સ્વભાવને બતાવ્યો. સમજાણું કાંઈ?

'બહેને' નથી લખ્યું? 'વચનામૃત'માં કહ્યું હતું ને? 'જાગતો જીવ ઊભો છે. તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થશે.' આહાહા..! એ શબ્દ તો... સિદ્ધાંતની વાત છે. પણ સાદી-સાદી ગુજરાતી. બાળક સમજે ચાર ચોપડીનો ભણેલો. અમારે 'ધરમચંદ' માસ્તર એમ કહે છે કે ચાર ચોપડીનો ભણ્યો સમજે. આવી ભાષા, લ્યો. જાગતો જીવ ઊભો છે ને, એટલે શું? એકલો જ્ઞાયકભાવ ટકતું તત્ત્વ ધ્રુવ તરીકે છે ને. આહાહા..! સિદ્ધાંતની ભાષા સિદ્ધાંત પ્રમાણે હોય અને ચાલતી સાધારણ માણસને સમજવાની શૈલી આવી સાદી ભાષા. સમજાણું કાંઈ? જાગતો-જાગતો જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જ્ઞાયકભાવ... જીવ ઊભો એટલે ધ્રુવ છે ને, એ ક્યાં જાય? એ પર્યાયમાં જાય? રાગમાં જાય? ક્યાં જાય? આહાહા..! સમજાણું કાંઈ? આવું છે આ. આવો ઉપદેશ છે. કઈ જાતનો ઉપદેશ! મારગડા જુદા નાથ! તારા. આહાહા..! તારી

પર્યાયને જ્ઞેયને જાણવાથી નામ પાડવા એ ક્હે છે, શોભતું નથી. અરર..! સમજાણું કાંઈ? જ્ઞેયને જાણવાથી તારા જ્ઞાનની પર્યાયના નામ પાડવા એ પણ શોભતું નથી.

મુમુક્ષુ :- મતિશ્રુતનો વિષય તો આત્મા છે. અવધિ મનઃપર્યયનો નથી.

ઉત્તર :- છે. એમાં નામ ક્યાં પડ્યું? જ્ઞેયને જાણવાથી જ્ઞાયક એ ક્યાં આવ્યું? અહીં તો જ્ઞેયને જાણવાથી જ્ઞાન એમ શબ્દ આવ્યો છે ને? એ નહિ. એ સ્વજ્ઞેયની વાત નથી. અહીં તો જ્ઞેય વસ્તુ અનેક પ્રકારે છે. એની વાત છે. શબ્દ જુઓને અંદર. બહુ સરસ ટીકા છે.

બીજી લીટી. '**કારણ કે જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે;...**' આત્મા નથી લીધો ત્યાં, બીજાને લ્યે છે. '**જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે,...**' 'રાજમલ'ની ટીકા અને એમાંથી બનાવ્યું 'સમયસાર નાટક'. અરેરે..! એને એમ કહે કે 'બનારસીદાસ' અને 'ટોડરમલ' અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા. પ્રભુ! તને ન શોભે, પ્રભુ! આમ કહેવું, હોં! આહાહા..! તું પણ ભગવાન છો, બાપુ! તારી ભૂલ ન જોઈએ. આહાહા..! આવો આત્મા કહે છે કે જ્ઞેયને (જાણે). અનેક પ્રકારના જ્ઞેયો છે પર, અને એવા જ્ઞેયને જાણવાથી જ્ઞાયક નામ પડે છે કે આનું જ્ઞાન ને આનું જ્ઞાન, એ જૂઠું છે. '**આવો અનુભવ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે;...**' આહાહા..! 'રાજમલ' ગૃહસ્થ ટીકા કરે, એય..! 'પ્રવીણભાઈ'! એને સમજવા માટે...આહાહા..! ભગવાન! આત્મા ગૃહસ્થ ક્યાં છે? અને એ ગૃહસ્થ છે. ગૃહ-સ્થ છે. ગૃહ એટલે પોતાના ઘરમાં રહેલો આત્મા. ઓલામાં લેખ છે. ભાઈએ વાંચ્યું છે કે નહિ? 'અધ્યાત્મ પંચસંગ્રહ'. હમણા ભાઈ લઈ ગયા છે. 'ચંદુભાઈ' અહીંથી. 'અધ્યાત્મ પંચસંગ્રહ'. તરંગિણી નહિ. 'અધ્યાત્મ પંચસંગ્રહ' ભાઈ 'દીપચંદજી'નું છે. 'અધ્યાત્મ તરંગિણી' તો સંસ્કૃત છે. 'અધ્યાત્મ તરંગિણી' એ તો સંસ્કૃત કળશની ટીકા છે. આ તો એક 'દીપચંદજી'નું 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે. પછી અહીં એક પુસ્તક વધારે હતું તો 'ચંદુભાઈ' વાંચવા લઈ ગયા હતા, ત્યાં 'રાજકોટ'. પાછા આપી ગયા.

એમાં એક લખ્યું છે કે ગૃહસ્થ એટલે શું ? કે આત્મા ગૃહ એટલે નિજઘરમાં સ્થ-સ્થિર રહે તે ગૃહસ્થ. આહાહા..! આ ગૃહસ્થ માણસ છે અને આ પૈસાવાળો છે, એ ધૂળનો નહિ અહીં. નિજ ઘર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ... આહાહા..! એના ધ્રુવ સ્વભાવમાં સ્થ રહે, અંદરમાં ટકે એનું નામ ગૃહસ્થ, ધર્માત્મા કહેવામાં આવે છે. વાતે વાતે ફેર છે. આહાહા..! ત્રણલોકના નાથ 'સીમંધર' ભગવાન બિરાજે છે ને. આહા..!

'**किल**' '**નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા?**' હવે કહે છે કે 'કેવો છે અનુભવશીલ આત્મા?' અનુભવશીલ આત્મા, દ્રવ્ય આત્મા એ નહિ. '**एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्**' '**નિર્વિકલ્પ...**' '**एक**' એટલે '**નિર્વિકલ્પ એવું જે ચેતનદ્રવ્ય, તેમાં અત્યંત મગ્નપણું,...**' એ પર્યાય. '**અત્યંત...**' '**निर्भर**' '**અત્યંત મગ્નપણું, તેનાથી થયું છે અનાકુળલક્ષણ સૌખ્ય,...**' '**महास्वादं**' આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ અભેદ સ્વરૂપને મહા સ્વાદતો થકો. આહાહા..! અનાદિનો એને કર્મચેતના અને કર્મફળચેતનાનો સ્વાદ હતો... આહાહા..! હવે એને જ્ઞાનચેતનાનો સ્વાદ આવ્યો. સમજાણું કાંઈ? એ મહાસ્વાદને... છે?

મહાસ્વાદની વ્યાખ્યા કરી '**અનાકુળલક્ષણ સૌખ્ય,...**' મૂળ અનાકુળ લક્ષણ સુખ એ જ મહાસ્વાદ છે. આહાહા..! આત્મા અભેદનો અનુભવ થતાં પર્યાયમાં અનાકુળ લક્ષણ સુખ (થયું), એનો જેને સ્વાદ છે. મહાસ્વાદની વ્યાખ્યા જ આ કરી. આહાહા..! અજાણ્યા નવા માણસને તો એવું લાગે કે આ શું કહે છે? આ શું હશે આ? બાપુ! માર્ગ પ્રભુનો આવો છે, ભાઈ!

મહાસ્વાદને '**समासादयन्**' '**આસ્વાદતો થકો.**' આહાહા..! પૂર્ણાનંદના નાથને-પ્રભુ અંદર ભગવાન બિરાજે છે,તેને આસ્વાદતો-અનાકુળલક્ષણ સુખના સ્વાદ લેતો. આહાહા..! એટલે જ્ઞાનચેતના પ્રગટ કરતો. એ જ્ઞાનચેતનામાં અનાકુળ આનંદનો સ્વાદ છે. પુણ્ય-પાપના કર્મ-ચેતનામાં આકુળતા-દુઃખનો સ્વાદ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**द्वन्द्वमयं स्वादं विधातुम असहः**' '**કર્મના સંયોગથી થયેલ છે વિકલ્પરૂપ, આકુળતારૂપ સ્વાદ અર્થાત્ અજ્ઞાની જન સુખ કરીને માને છે પરંતુ દુઃખરૂપ છે એવું જે ઇન્દ્રિયવિષયજનિત સુખ, તેને અંગીકાર કરવાને અસમર્થ છે.**' આકુળતાના સ્વાદ લેવાને ધર્મી અસમર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ? નિર્વિકલ્પ ચૈતન્યના મહાસ્વાદને સ્વાદતો, એ વિકલ્પના-આકુળતાના સ્વાદને લેવાને અયોગ્ય થયો. આહાહા..! 'રતિભાઈ'! આ પૈસાના સ્વાદ કેવા હશે?

મુમુક્ષુ :- 'મલૂકચંદભાઈ'ના દિકરાને ખબર.

ઉત્તર :- 'મલુકચંદભાઈ'નો છોકરો કહેતો હતો, 'અમદાવાદ'માં, કે બાપાએ ક્યાં પૈસાનો રસ ચાખ્યો છે. બાપા પાસે ૩૦-૩૫-૪૦ હજાર હતા, 'છોટાભાઈ' પાસે. આની પાસે પાંચ કરોડ રૂપિયા. આની પાસે ક્યાં હતા? 'અમદાવાદ'માં કહેતો હતો. એ બેઠા હતા ને કીધું હતું. એમ કે બાપાએ સ્વાદ ક્યાં ચાખ્યો છે પૈસાનો? પાંચ કરોડ, કરોડ, પાંચ કરોડ. એની પાસે લાખ પણ નહોતા, ત્યાં 'નારણશેઠ' પાસે. ૩૫ હજાર એમ કહેતા હતા, ૪૦ હજાર. અને ઓલા પાસે ૮૦ હજાર કહેવાતા. 'કસ્તુરભાઈ' 'કસ્તુરભાઈ' 'કસ્તુરભાઈ' એની પાસે ૮૦ હજાર કહેવાતા. અહીં છે ને 'ધીરૂભાઈ' એના બાપ. પૈસાવાળા. એ 'નારણશેઠ' એક ફેરી પૈસા લેવા ગયા બહાર ઉઘરાણીએ. સાદા કપડા. એમાં ડાકુ આવ્યા. એને ખબર પડી. ડાકુને ખબર પડી. ડાકુ એટલે ચોર. શેઠ નીકળ્યા છે, આ 'નારણશેઠ' ૩૫-૪૦ હજાર તે દિ' એટલે! 'નાગનેશ'માં ઉઘરાણી કરવા ગયા હશે તો બે-ચાર હજાર હોય. એમાં ખબર પડી એટલે શેઠ ઘોડે ચાલ્યા આવતા હતા. લૂગડા સાધારણ. એમાં ચોર આવ્યા. આ તો હોંશિયાર માણસ વાણિયા. એય..! બાપુ! છેટે રહેજો.. છેટે રહેજો... ત્યારે ઓલા સમજ્યા કે આ તો ભંગ્યો કો'ક લાગે છે. આ 'મલૂકચંદભાઈ'ના બાપ ના બાપ. કારણ કે બે-ત્રણ હજાર રૂપિયા ઉઘરાણીના લાવ્યા હતા. આ લઈ જશે. ભાષા તો કાંઈક બીજી હતી. એ ભાઈ છેટે રહેજો.. છેટે રહેજો. ઓલા નજીક આવવા માંડ્યા. ઘોડા ઉપર બેઠા હતા. પૈસા તો હશે. છેટે રહેજો. ઓહો..! આ 'નારણશેઠ' નહિ. જાવ, ગમે તે હોય. ઘરભેગા થઈ ગયા. આહાહા..!

એ રાગથી છેટે રહેજો, પ્રભુ! અમને અભડાવશો નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એ પુણ્ય અને પાપના ભાવથી (ઉતરીને) અમે ચૈતન્યને ઘોડે ચડ્યા છીએ. આહાહા..! એને રાગથી અભડાવશો નહિ તમે. અડશો નહિ અમને, હોં! એ નરનો નારાયણ થવાનો આ ઉપાય

છે. કહો, 'ગુલાબચંદભાઈ'! એને નારાયણ. આહાહા..! આકુળતારૂપ છે. છે ને, અંગીકાર અસમર્થ છે.

હવે છેલ્લે સરવાળો આપ્યો. '**વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે.**' લ્યો! 'પ્રેમચંદભાઈ'! '**વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે.**' જ્ઞાની. 'પ્રેમચંદભાઈ'ને કહ્યું. આ તમારે 'દિલ્હી'માં વાંધા ઉઠ્યા ઈ. 'દીપચંદજી શેઠિયા'ને આવા વાંધા હતા ને? જ્ઞાનીને દુઃખ હોય નહિ. 'સોગાની' કહે, જ્ઞાનીને શુભભાવ ભઠ્ઠી લાગે. એય..! ભડક્યા ત્યાંથી. શલ્ય ગરી ગયા અને બીજાને શલ્ય ખોસી ગયા ઘણા. આહાહા..! અત્યારે 'જ્ઞાનચંદજી' કહે, અમને એ વાત બેસતી નથી. જ્ઞાનીને દુઃખ હોય એ વાત બેસતી નથી અમને. આ લોકો ગયા હશે. અરે..! બાપુ! વિષય-કષાયનો ભાવ જ્ઞાનીને હોય છે પણ દુઃખ લાગે છે. વીતરાગ જ્યાં સુધી ન હોય (ત્યાં સુધી જેટલો રાગ છે તેટલું દુઃખ વેદે છે). મિથ્યાદષ્ટિને જરીએ આનંદ નથી. પૂર્ણ દુઃખ છે. કેવળીને જરીએ દુઃખ નથી, પૂર્ણ આનંદ છે. સાધકને થોડો આનંદ અને થોડું દુઃખ છે. આહાહા..! આવું છે, બાપુ! તેથી તો ૪૭ નયમાં કીધું છે કે કર્તા-ભોક્તાના જ્ઞાનથી જોઈએ તો જેટલો રાગ છે તેનો કર્તા છે. કરવાલાયક છે એમ નહિ. પણ પરિણમે માટે કર્તા અને ભોગવે માટે ભોક્તા. ભોગવે છે. મુનિ પણ રાગને ભોગવે છે. દુઃખ છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે.**' છે એને જાણે છે કે નથી એને? આહાહા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી એવો રાગ, અશુભ અને શુભ રાગ આવે, પણ તે દુઃખરૂપ છે. મારા આનંદની સાથે એનો મેળ કરતા એને વેદનમાં દુઃખ દેખાય છે. આનંદના વેદનની અપેક્ષાએ. જેને આનંદનું વેદન નથી એને દુઃખનો ખ્યાલ પણ ક્યાં? એને તો દુઃખ એ બધું સુખ જ છે. આહાહા..!

'**વળી કેવો છે? પોતાના દ્રવ્યસંબંધી આત્માનું શુદ્ધ સ્વરૂપ,...**' '**वस्तुवृत्तिं**' '**वस्तुवृत्तिं**' કીધી ને? '**તેની સાથે તદ્રૂપ પરિણમતો થકો.**' લ્યો! ધર્મી તો આનંદના નાથની સાથે પરિણમતો થકો. આહાહા..! '**ચેતનદ્રવ્ય, તેના આસ્વાદના મહિમા વડે...**' આત્માના આનંદના સ્વાદની મહિમા વડે ગમ્ય છે. ગોચર એટલે ગમ્ય છે. આનંદના મહિમા વડે ચૈતન્ય ગમ્ય છે. આહાહા..! છે? '**જ્ઞાનપર્યાય દ્વારા નાના પ્રકારો, તેમને મટાડતો થકો.**' એ વાત વધારે થઈ હતી. પણ અત્યારે વખત થઈ ગયો છે.

'**भ्रश्यत्**' અને '**भृशम**' બે શબ્દ આવ્યા આપણે. ૨૩૧ માં '**भृशम**' આવ્યો છે. અહીં '**भ्रश्यत्**' આવ્યો છે. બપોરે અધિકાર આવ્યો હતો. ૨૩૧. એ '**भ्रश्यत्**'નો અર્થ અહીં મટાડતો છે. અને ત્યાં '**भृशम**' અનુભવ નિરંતર કરતો થકો. શબ્દ '**भ्रश्यत्**' અને '**भृशम**' શબ્દ પડ્યા છે. ૨૩૧ કળશમાં છે '**भृशम**', આ ૧૪૦ કળશમાં છે '**भ्रश्यत्**'. સમજાણું કાંઈ? એ વાત થઈ ગઈ છે ઘણી. '**નિર્ભેદ સત્તામાત્ર વસ્તુનો અનુભવ કરતો થકો.**' લ્યો! એ શ્લોક પૂરો થયો.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૧૪, ગુરુવાર, તા.૧૦-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૧, પ્રવચન - ૧૪૫

'કળશટીકા' ૧૪૧. શ્લોક બોલાઈ ગયો છે. ફરીને.

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।९-१४१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'सः एषः चैतन्यरत्नाकरः' 'सः एषः चैतन्यरत्नाकरः' 'सः' એટલે તે ભગવાન-આ પ્રત્યક્ષ આનંદસ્વરૂપ. 'एषः' એની વિદ્યમાનતાને-હયાતીને બતાવે છે. 'सः' તે. 'एषः' જ્ઞાયક વિદ્યમાન પદાર્થ છે. એ સ્વરૂપ એનું જે કહ્યું. એ કહેશે વિશેષ. કેવું છે? **'चैतन्यरत्नाकरः' 'चैतन्यरत्नाकरः' 'જીવદ્રવ્યરૂપી મહાસમુદ્ર,...'** એમાં અનંત ચૈતન્યરત્નના મણિઓ ભરેલા છે. સ્વયંભૂરમણસમુદ્રના તળિયામાં એકલા હીરા-માણેક ભરેલા છે. સ્વયંભૂરમણસમુદ્ર છેલ્લો સમુદ્ર છે. એની નીચે એકલી મણિ-રત્નની રેતી છે. કુદરતનો સમુદ્ર છે. એમ આ સ્વયંભૂસ્વરૂપ ભગવાન, અનંત ચૈતન્યની રતનરૂપી મણિથી ભરેલો ભગવાન છે. આહાહા..!

ચૈતન્ય-રત્ન-આકર. આકર એટલે દરિયો. ચૈતન્યના રત્ન એટલે મણિ. ચૈતન્યની મણિનો સાગર છે પ્રભુ. આહાહા..! ત્રિકાળી દ્રવ્યની વાત ચાલે છે. વસ્તુ જે છે વસ્તુ, એ ચૈતન્યમણિથી ભરેલો દરિયો-સમુદ્ર છે. એટલે એક-બે-ત્રણ નહિ પણ અનંત ચૈતન્યમણિઓથી ભરેલો ભગવાન છે. આહાહા..! જીવદ્રવ્ય એટલે અર્થ એવો કર્યો ને? ચૈતન્યનો અર્થ જીવદ્રવ્ય કર્યો. રત્નાકરનો અર્થ મહાસમુદ્ર કર્યો. આહાહા..! **'चैतन्यरत्नाकरः'** એના બે શબ્દ પાડ્યા છે. **'चैतन्य'** એટલે જીવદ્રવ્ય વસ્તુ. **'रत्नाकरः'** એટલે દરિયો. ચૈતન્યના રતનનો મણિસ્વરૂપે દરિયો. આહાહા..! આવો ભગવાન અંદર બિરાજે છે.

'**(ભાવાર્થ આમ છે કે-જીવદ્રવ્ય સમુદ્રની ઉપમા દઈને...)**' જીવવસ્તુને દરિયાની ઉપમા દઈને **'કહેવામાં આવ્યું છે, ત્યાં એટલું કહેતાં દ્રવ્યાર્થિકનયથી એક છે,...'** વસ્તુથી જોઈએ તો તે એક છે. ચૈતન્યના અનંત મણિઓનો ખજાનો એ તરીકે એક છે. **'પર્યાયાર્થિકનયથી અનેક છે;...'** એ છે એમ સિદ્ધ કરવું છે. ઓલામાં એમ કહ્યું હતું કે જેવા જ્ઞેયને જાણતા જ્ઞાનનું નામ પડે એ નામ જૂઠાં છે. પણ એ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એકરૂપ હોવા છતાં પર્યાયમાં અનેકરૂપે પરિણમે છે. પર્યાય એ અસ્તિ છે. એનો આશ્રય લેવો એ પ્રશ્ન અત્યારે નથી. એ પર્યાયમાં અહીં નિર્જરા બતાવવી છે ને? એટલે શુદ્ધતા વધે છે એ પર્યાયો છે બધી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યરત્નાકર, એનું જ્યાં પ્રથમ નિઃશંક સમ્યગ્દર્શન પ્રગટ્યું કે જે

ચૈતન્યરત્નાકર અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાયમાં પ્રગટ થાય છતાં એ પોતે દરિયો ચૈતન્યરત્ન સમુદ્ર તો એવડો ને એવડો વધ-ઘટ વિનાનો છે. સમજાણું કાંઈ? એક વાત. અને એની જે પર્યાય પૂર્ણ પ્રગટે, એમાં જે ભાગ પડે એના અવિભાગ-અંશો... એટલે? પર્યાયના અનંત પ્રકાર એમાં. કેવળજ્ઞાનમાં લોકાલોક જાણે છે ને? કે અનંતા કેવળીઓ જણાય છે ને પર્યાયમાં? તો એ પર્યાયના ભાગ પાડતાં અવિભાગ-ભાગ પાડતાં પછી ભાગ ન પડાય એવો છેલ્લો અવિભાગ અંશ, એવા અનંત અંશો છે. આહાહા..! પર્યાયમાં અનંત અંશો છે. અરે..! હજી તો પર્યાય કબુલ કરવી કઠણ પડે એમાં પર્યાયમાં અનંત અંશો. અને તે પણ અનંત અંશો જેટલા એક સમયમાં પ્રગટ્યા એટલા જ બીજે સમયે એટલા એના એ. આહાહા..! જેવો દ્રવ્ય સ્વભાવ ચમત્કારી (છે), કેવળજ્ઞાનાદિ પ્રગટ (થવા) છતાં એમાં વધ-ઘટ નથી. એવી એની પર્યાયમાં, પૂર્ણ પર્યાયમાં અનંતુ સામર્થ્ય અવિભાગ પ્રતિચ્છેદરૂપે પ્રગટ્યું, એ પ્રગટ્યું એમાં વધ-ઘટ નથી હવે. બીજો સમય, ત્રીજો સમય આવે તો એ બધા ભેગા થઈને વધે એમ નથી. શું કીધું ઈ?

ભગવાનઆત્મા ચૈતન્યરત્નાકર કહીને જેટલા ગુણ સ્વભાવરૂપ રત્નો ભર્યા છે એમાં એને વધ-ઘટ ક્યાંય થતી નથી. એને કેવળજ્ઞાન પ્રગટ થાવ. આ 'નિર્જરા અધિકાર' છે ને? નિર્જરાનું ફળ તો પછી કેવલ્ય છે. આહાહા..! પણ અહીંયાં કેવલ્ય થાય એની અનંત અવિભાગ શક્તિના ભાગ પાડતા અનંતા ભાગ પડે. એને અવિભાગ પ્રતિચ્છેદ (કહે છે). છેદતા-છેદતા પ્રતિચ્છેદ. છેદતા-છેદતા ભાગ બાકી ન પડે, છેલ્લામાં છેલ્લા અંશને અવિભાગ પ્રતિચ્છેદ કહે છે. એવા એક સમયની પર્યાયમાં અનંતા વિભાગ પ્રતિચ્છેદ છે. આહાહા..! બીજો સમય આવે તોપણ એટલા અને ત્રીજો સમય આવે તોપણ એટલા. બધા સમયના ભેગા કરીને વધે છે એમ (નહિ). આહાહા..! ખૂબી તો જુઓ! ક્યાં ચૈતન્ય શું ચીજ છે, બાપુ! આહાહા..!

જેના અનુભવમાં અનંત આનંદની આશ્ચર્યતા પ્રગટે... આહાહા..! એવો જે ભગવાન (એને) અહીંયાં ચૈતન્યરત્નાકર એમ આચાર્યે બોલાવ્યો છે. સમજાણું કાંઈ? એ પણ વધ-ઘટ વિનાની ચીજ એમ ને એમ અનાદિઅનંત છે. આહાહા..! અને પૂર્ણ પર્યાયમાં પણ જે પર્યાય પ્રગટી જેટલા અવિભાગ પ્રતિચ્છેદથી, બસ, એમાં વધઘટ હવે છે નહિ. બીજે સમયે, ત્રીજે સમયે અનંત સમયમાં એ બધી પર્યાય ભલે અવિભાગ પ્રગટે, પણ એ બધા અનંત સમયના ભેગા કરીને મોટો સમૂહ થાય એમ નથી. આહાહા..! દ્રવ્ય જેમ ચૈતન્યચમત્કારથી સરખું ભરેલું છે એમ પર્યાય પણ અવિભાગ પ્રતિચ્છેદના અનંતા અંશોથી સરખું ભરેલું છે. આહાહા..! પૂર્ણની વખતે. અધૂરાની વાત કરશે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથે જોયું છે એ સ્વરૂપ આવું બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

એવો જે ભગવાન ચૈતન્યરત્નાકર સમુદ્રપક્ષે.. કહે છે ત્યાં દ્રવ્યાર્થિકનય વસ્તુથી જોઈએ તો એકરૂપ છે. પર્યાયથી જોઈએ તો અનેક પર્યાયનું પરિણમન છે. ઓલામાં તો પર્યાયને જ્ઞેય જાણવાની અપેક્ષાએ જ્ઞાયક કહેતાં, એનો નિષેધ કર્યો હતો. અહીંયાં તો પર્યાય અનેક છે.

વસ્તુ તરીકે એક છે અને એમાં પરમ તરંગો ઉઠે છે. દરિયામાં જે તરંગ ઉઠે એ અનેક છે, એમ આત્મામાં પર્યાય-અવસ્થા-હાલત ઉઠે તે અનેક છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેમ સમુદ્ર એક છે, તરંગાવલિથી અનેક છે;...'** **'उत्कलिकाभिः'** **'સમુદ્રના પક્ષે તરંગાવલિ, જીવના પક્ષે એક જ્ઞાનગુણના...'** છે? **'સમુદ્રના પક્ષે તરંગાવલિ,...'** પર્યાયો. **'જીવના પક્ષે એક જ્ઞાનગુણના...'** પાંચ આદિ ભેદો. અહીં અત્યારે તરંગાવલિમાં એ લેવું છે. સમજાણું કાંઈ? આગળ લેશે સંવેદનવ્યક્તિમાં, તો વસ્તુ તો આ જ લેશે. અહીં પર્યાયની અનેકતા છે, મતિ, શ્રુત, અવધિ. એ અનેક પર્યાય હોવા છતાં તે એકપણાને અભિનંદે છે. અનેક હોવા છતાં ભેદને તે પુષ્ટિ કરતું નથી. ટીકામાં આવી ગયું છે, ભાઈ! ૨૦૪. ૨૦૪ ગાથાની ટીકામાં આવી ગયું. આ એનો શ્લોક છે. શું કીધું ઈ? કે ભગવાનઆત્મા ચૈતન્યરત્નાકરનો દરિયો દ્રવ્યથી જુઓ તો એક છે. પર્યાયથી જોતાં તે અનેક પર્યાયમાં ઉઠે છે. પર્યાય અને તરંગાવલિ. એ પર્યાય પર્યાયપણે અનેક છે તે છે.

મુમુક્ષુ :- પર્યાય તો ઉપચાર છે ને.

ઉત્તર :- ઉપચાર કઈ અપેક્ષાએ? કાયમી નથી માટે. વસ્તુ છે. પર્યાય વસ્તુ છે એમાં અનંત ચતુર્ભંગી ઉઠે છે. અનંત સપ્તભંગી ઉઠે છે. આહાહા..!

'અનુભવપ્રકાશ'માં એ પ્રશ્ન ઉઠ્યો છે કે આ પર્યાય વસ્તુ છે કે એક અવસ્તુ? એક સમય છે ને? પ્રશ્ન ઉઠ્યો છે એ એમાં નાખ્યો છે. એ તો વસ્તુ છે. એ તો ત્રિકાળની અપેક્ષાએ તેને ઉપચાર અને વ્યવહાર કહી (છે). વસ્તુની ત્રિકાળીની અપેક્ષાએ તે અવસ્તુ. જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અવસ્તુ (છે). આહાહા..! સ્વચૈતન્ય વસ્તુની અપેક્ષાએ બીજી બધી ચીજો અવસ્તુ (છે). આની અપેક્ષાએ. એની અપેક્ષાએ વસ્તુ (છે). એમ ચૈતન્યના પર્યાયની અનેકતાની અપેક્ષાએ વસ્તુ. પણ ત્રિકાળના દ્રવ્યની અપેક્ષાએ પર્યાય એમાં નથી અને તેથી ભિન્ન ગણીએ તો એને અવસ્તુ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- બેમાંથી એકેય નક્કી ન થયું.

ઉત્તર :- બેય નક્કી જ છે. બેનું અનેકાંતપણે નક્કી છે. અનેકાંતપણે નક્કી છે. સમજાણું કાંઈ?

ફરીને. અહીં ક્યાં આપણે ત્યાં વખતની... આહાહા..! વસ્તુ તરીકે જ્યારે આત્મા ત્રિકાળ છે એને તો નિર્મળ પર્યાય હોય તોપણ 'નિયમસાર'માં એને પરદ્રવ્ય કીધું છે. પોતાની નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય. કઈ અપેક્ષાએ? આહાહા..! જેમ પરદ્રવ્યમાંથી પોતાની નિર્મળ પર્યાય નવી આવતી નથી. એમ નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી. તો કહે છે, અમારે હિસાબે તે પરદ્રવ્ય છે. આહાહા..! ઝીણી વાત છે.

મુમુક્ષુ :- એનો આશ્રય નહિ લેવા માટે પરદ્રવ્ય કહ્યું.

ઉત્તર :- ના. આશ્રય નહિ લેવા માટે નહિ. એ વસ્તુ જ જુદી છે. અને એમાંથી નવી પર્યાય આવતી નથી માટે પરદ્રવ્ય છે. ધીમેથી સમજવું.

જેમ આત્મા, એને બીજા આત્મા કે બીજા પરમાણુમાંથી નવી પર્યાય આવતી નથી. એમ આત્મામાં ક્ષાયિક સમકિત થયું. આહાહા..! અરે..! કેવળજ્ઞાન થયું. પણ એ પર્યાયમાંથી

પર્યાય હવે આવતી નથી. માટે કીધું. અહીં માટે કહે છે ને. પર્યાયમાંથી પર્યાય આવતી નથી માટે તેને સત્ ત્રિકાળીની અપેક્ષાએ જેમાંથી પર્યાય નવી આવે તેવું સ્વદ્રવ્ય. જેમાંથી નવી પર્યાય ન આવે તેને પરદ્રવ્ય કહીએ છીએ. આહાહા..! 'પ્રવીણભાઈ'! આવી વાતું છે. અરે..! વીતરાગમાર્ગ તો જુઓ, ભાઈ! આહાહા..! આ તો ચૈતન્યરત્નાકર શબ્દ આવ્યો છે ને? આહાહા..!

ભગવાન તું ચૈતન્યના મણિઓથી, ચૈતન્યની મણિઓથી ભરેલો (છો), હોં! ઓલી પત્થરની મણિ નહિ. તેથી કહ્યું ચૈતન્યરત્ન. એમ શબ્દ વાપર્યો છે. ઓલો પત્થરના રત્નો તમારા. ઝવેરાતનો ધંધો છે ને એને? તમારો આવ્યો છે ને 'ભરત' ક્યાં ગયો? આવ્યો છે. હા. આમ જોયો હતો ખરો. સમજાણું કાંઈ? આહાહા..! એ ઝવેરાત પથરાના નહિ. આ તો ચૈતન્યના રત્ન એમ શબ્દ વાપર્યો છે ને? ઓલો પત્થરનો રત્ન નહિ. આહાહા..!

મુમુક્ષુ :- બે જાતના છે?

ઉત્તર :- હા. આ તો બે જાતના છે. પેલા આ જડ છે અને આ ચૈતન્ય છે. આહાહા..!

એને સમુદ્રની પક્ષે લઈએ તો સમુદ્ર વસ્તુ એક (છે), તરંગાવલિ તરંગો ઉઠે તે અનેક (છે). એમ દ્રવ્યની અપેક્ષાએ ભગવાન ચૈતન્યરત્નાકર એક, પર્યાયની અપેક્ષાએ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એની અપેક્ષાએ અનેક છે. એ અનેક છે એમ કહે છે. જેમ એક છે એમ અનેક પણ છે. જેને ૧૧મી ગાથામાં એમ કહ્યું કે પર્યાય જૂઠી છે, એને અહીં કહે છે કે અનેક પર્યાય નિર્જરામાં જે શુદ્ધિ વધે છે તે પર્યાયો છે. આહાહા..!

અહીંયાં તો એ સિદ્ધ કરવું છે કે દ્રવ્ય જે ત્રિકાળી વસ્તુ છે એનો આશ્રય લેતાં જે આનંદનું વેદન આવે એ વેદનમાં મતિ, શ્રુતનું જ્ઞાન સાથે છે. એ મતિ-શ્રુત જ્ઞાનમાં જ્ઞાનની વૃદ્ધિ થાય અને આનંદની વૃદ્ધિ થાય એને નિર્જરા કહે છે. પણ એ બધી શુદ્ધિની વૃદ્ધિઓ એ પર્યાયો છે, એમ કહે છે. જેમ સંવર પર્યાય છે એમ નિર્જરા પણ પર્યાય છે, એમ મોક્ષ પણ એક પર્યાય છે. આહાહા..! માર્ગ એવો પ્રભુનો છે, ભાઈ! પ્રભુ એટલે તું, હોં! આહાહા..!

એ તરંગાવલીની અપેક્ષાએ, જોયું! '**એક જ્ઞાનગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ઈત્યાદિ અનેક ભેદ,...**' આહાહા..! અહીં નિર્મળતાની વાત છે, હોં! મતિ અજ્ઞાન ને એ વાત નથી. વિકારની વાત નથી અહીં. અહીં તો ચૈતન્યરત્નથી ભરેલો ભગવાન એકરૂપે હોવા છતાં તેની પર્યાયમાં અનેકરૂપે તેનું નિર્મળ પરિણમન થાય, અનેકપણું હોવા છતાં તે એકપણાને જ અભિનંદે છે. અનેકપણું માટે અનેકપણાની પુષ્ટિ કરે છે એમ નથી. સમજાણું કાંઈ? આવી વાતું હવે. માણસને સમજવાના ઠેકાણા નહિ. બાપુ! સમજવું પડશે, ભાઈ! માર્ગ તો આ છે. આહાહા..! અબજોપતિ આમ રાંકા થઈ અને આમ રોળાઈ જાય છે.

ગયા હતા ને ત્યારે 'ફતેહકુમાર' ગુજરી ગયો. 'વડોદરા' દરબાર. ત્રણ કરોડની ઊપજ. તે દિ' ની વાત છે આ તો. (સંવત) ૧૯૬૪-૬૫ની. એનો એકનો એક દીકરો હતો 'શિવાજી'ને. એ નાની ઉંમરમાં ગુજરી ગયો. એક છોકરો વર્ષ-બે વર્ષનો મૂકીને અત્યારે જે છે. પછી એણે ગાયન જોડ્યું હતું. અમારી પાસે ત્યાં આવ્યું હતું. 'રતન રોળાયું સ્મશાને રે... રતન રોળાયું...' રાજકુમાર, પાટવી કુમાર. ત્રણ કરોડની તો તે વખતની ઊપજ, હોં! ૬૦

વર્ષ પહેલા. અત્યારે તો ઘણું બધું વધી ગયું. આહાહા..! એ ગાયન જોડેલા. 'રતન રોળાયું સ્મશાને, હાય રતન રોળાયું.' બાપુ! એ રતન ઠીક બધું ધૂળ હતું. આ ચૈતન્યરત્નાકર એને રાગને, વિકારને પોતાના માનીને રતન રોળાઈ ગયું, નાથ! આહાહા..! ઘાયલ પડ્યું એના ઉપર. આહાહા..! પુણ્યનો દયા, દાન અને વ્રતાદિનો રાગ વિકલ્પ છે એ મને લાભ કરશે, એ મારા છે. મારા માન્યા એનો અર્થ, મારા માન્યા એનો અર્થ કે લાભ કરશે. લાભ માન્યા એનો અર્થ કે મારા છે. વાત સમજાણી? આહાહા..!

અહીં તો એકલી નિર્મળ પર્યાયોને વિકસિત કરવી છે. સમજાણું કાંઈ? એ એનામાં છે. વિકાર-ફિકારની અહીં વાત છે જ નહિ. આહાહા..! શક્તિઓનું જ્યાં વર્ણન કર્યું, ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું ત્યાં વિકારની વાત લીધી જ નથી. આહાહા..! શક્તિઓ જે રત્નાકર આ શક્તિઓ. એનો જે ભંડાર ભગવાન, એનું પરિણમન છે ક્રમસર પણ નિર્મળ પર્યાયનું ક્રમસર (પરિણમન) છે. અક્રમે ગુણો છે, ક્રમે પર્યાય છે. વિકારની વાત ત્યાં લીધી જ નથી. ૪૭ શક્તિના વર્ણનમાં વિકારની વાત લીધી જ નથી. પર્યાય વિકારી છે એની એનામાં, એ વાત જ લીધી નથી. સમજાણું કાંઈ? કેમ કે શક્તિઓ જે આ રત્નાકર કીધું ને? એ અનંત શક્તિઓ જે છે એનું પર્યાયમાં પરિણમન કહેવાય એનું. છે તો પર્યાયનું પરિણમન. પણ એ ગુણનું પરિણમન પર્યાય એ બધું નિર્મળ પરિણમન છે એનું.

શક્તિના વર્ણનમાં ક્યાંય વિકારને લીધો જ નથી. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ, પર્યાય શુદ્ધ. ત્રણે. ક્રમ-અક્રમનો પિંડ તે આત્મા. એમ ત્યાં લીધું છે. એ ક્રમમાં નિર્મળ પર્યાયની વાત લીધી છે. વિકારની વાત ૪૭ શક્તિમાં લીધી જ નથી. કેમકે ત્યાં શક્તિપ્રધાન, દ્રવ્યપ્રધાન કથન છે. અને ૪૭ નયમાં જ્ઞાનપ્રધાન કથન (છે) ત્યાં તો એક એક અંશ મલિન છે એ પણ એનો છે, એનામાં છે અને એનો એ સ્વામી છે એમ લીધું. હવે આ બેયને બરાબર માનવું જોઈએ. કહો, શું કરવું કહે છે. આમાં કાંઈ પાયો બંધાતો નથી, એમ કહે છે. એ જ પાયો અનેકાંતનો છે, ભાઈ! આહાહા..! અનેકાંતનો એવો અર્થ નથી કે વ્યવહારથી પણ થાય અને નિશ્ચયથી પણ થાય. અનેકાંતનો આ અર્થ છે.. આહાહા..! એકવાર એને એમ કહે કે વિકારી પર્યાય એનામાં છે જ નહિ. બીજીવાર એમ કહે કે એની પર્યાયમાં વિકાર છે. એ અનેકાંત છે. સમજાણું કાંઈ? આવું ક્યાં (છે)? નવરાશ પણ ન મળે એક તો. ઘડી-બે ઘડી અપાસરે જઈ આવે, ઓલા દેરાસર જઈ આવે. થઈ ગયો ધર્મ. 'ગોસળિયાજી'!

મુમુક્ષુ :- થઈ ગયો ધર્મ કે રહી ગયો ધર્મ?

ઉત્તર :- એવું હતું ને? બાપા! એવું હતું બધું. આહાહા..! આ વીતરાગતા.

ત્રણલોકના નાથ કહે છે તું તો ચૈતન્યરત્નાકર છો ને, પ્રભુ! આહાહા..! તારામાં તો ચૈતન્યના રત્નોનો ખજાનો છે. ખૂટે નહિ એટલો ખજાનો છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. આહાહા..! કાલે દૃષ્ટાંત નહોતું લીધું ઓલું જરી નિઃશંકનું? 'નરભેરામભાઈ' નો દાખલો નહોતો આપ્યો? એમ અહીં પહેલે ધડાકે નિઃશંકતા આવે. સમકિતનો નિઃશંક ગુણ પહેલો છે ને? આઠ આચાર છે ને પહેલા? એ નિઃશંકતા પહેલે ધડાકે આવે છે. સમ્યગ્દર્શન થતાં આ પરિપૂર્ણ પરમાત્મા છે, એમાં હિનાધીક કદી ત્રણકાળમાં થતું નથી. એવો ભગવાન પૂર્ણાનંદનો

નાથ, એની પ્રતીતિમાં નિઃશંકતા એને આવે છે. વાત સમજાય છે કાંઈ? આહાહા..!

રાત્રે દાખલો નહોતો આપ્યો? 'નરભેરામભાઈ' હતા. છે કે નહિ એના દીકરાના દીકરા? 'લાભુભાઈ'ના. છે. એને કહે મારો લાડો થાય. ખબર છે, કીધું. અમને ખબર નથી? એણે કહ્યું, કે નિઃશંક થઈ જાય કાંઈ? નિઃશંક થઈ જાય કોઈ દિ'? સાંભળો કીધું. (સંવત) ૧૯૮૭ની વાત છે. 'વીંછીયા'થી જ્યારે 'રાજકોટ' આવ્યા ને. આવ્યા અપાસરામાં. બપોરના બેઠા હતા બહાર. નિઃશંકતા તમે કહો છો કે આવી છે, આ આવો આત્મા, આવો આત્મા. સાંભળો! વીસ વર્ષની છોકરી સાથે સગપણ કર્યું. એ તો અત્યારે વળી પહેલા પરિચય કરે અને બે-ચાર દિ' ભેગા રહે અને ફરે-હરે તે. તે દિ' તો એના મા-બાપ સગપણ કરી આવે, મોઢું પણ જોયું ન હોય. એ પહેલે દિવસે પરણીને આવે એ તદ્દન અજાણી બાઈ, અજાણ્યો ઓલો શંકા પડે છે તમને તે દિ' કે આ મને મારી નાખશે કે નહિ? અજાણી બાઈ છે, કોઈ દિ' સામું જોયું નથી અને અહીં આવી છે તારી પાસે.

મુમુક્ષુ :- ત્યારે તો .. કે વાણિયાની દિકરીને મારી નાખી.

ઉત્તર :- એ અહીં કહેવું નથી. દિકરી પણ મારી નાખે. બ્રાહ્મણની દિકરીએ ધણીને મારી નાખ્યો 'રાણપુર'માં. સમજાણું કાંઈ? આહાહા..!

'વીંછીયા'માં... કેવા કહેવાય એ? ખોજા-ખોજા. 'વીંછીયા'માં ખોજો હતો. રૂપાળું શરીર. ધંધો મોટો. બાયડી કોળી હતી. એ કોળી અઢાર વર્ષની જુવાન કોળી. આની ઉંમર ૩૫-૩૬ વર્ષની પણ જુવાની કોળી હતો એની સાથે ચાલતી હતી. એથી એના ધણીને મારી નાખવો એવો ભાવ થઈ ગયો. આહાહા..! એમાં લોઢાનો એક ઘણ બનાવ્યો. બનાવીને ઓલો બિચારો આવીને સૂતો હશે. એમાં એ બેય જણાએ રાત્રે ઘણ માર્યો. એક ઘણ માર્યો ત્યાં તો... ઓલો શરીરે બહુ મજબુત હતો. ઊભો થયો. એટલે ઓલાને કહે છે કે માર માર બીજો. એની વહુ-બાયડી. 'રાણપુર'માં એમ બન્યું છે. બધે સમજવા જેવી વાતું છે. પણ એમ બને છે ને?

એક તો રાજાની રાણી એવી હતી. નામ-બામ નથી આપતા. બધી અમને ખબર હોય. અહીં તો ઘણી વાતું સાંભળી છે. એવી રાજાની રાણી હતી. એના ધણીને કરોડોની ઊપજ હતી. કાંઈક બોલવા માંડ્યો એ કહે જુઓ! રાજન! અમે ક્ષત્રિયાણી છીએ. માટે સ્ત્રી તરીકે ગણીને તમે બીજી રીતે અપમાન કરશો તો સહન નહિ કરીએ. ધ્યાન રાખો. ખાનગી બે જણા (બોલે). હવે કરવું શું? ઓલો રાજા મોટો. કરોડોની ઊપજ. ખાનગી ઓલી બોલી કે કાંઈ જો કર્યું. અમે ક્ષત્રિયાણી છીએ. અમે વાણિયા નથી વાણિયાણી જેવી. કોને કહેવું એ બહાર? બહાર વાત તો આવી. ત્યાં અમે 'પાલેજ' હતા ખરાને જોડે. અઢાર કોશ ભેગું 'પાલેજ' અને 'વડોદરા'. નવ વર્ષ રહ્યા ને 'પાલેજ'માં. આહાહા..! બાપુ! બધું સમજવા જેવું છે.

એ તો 'નિયમસાર'માં નથી કહ્યું? ધુતારાની ટોળીઓ છે બધી. 'રામજીભાઈ'એ તો એમ કીધું કે બાપ છોકરાને ધુતારો અને છોકરો બાપને ધુતારો! કીધું, હા. ધુતારાની ટોળીમાં બધું આવે ને. ભાઈએ પૂછયું હતું. કે દિકરા ધુતારાની ટોળી, દીકરા વહુને, છોકરાને એ.

બાપ આવે કે નહિ? એનો બાપ પણ ધુતારો છે અને એ પણ ધુતારો છે. ભણ્યો છો તું. તને ભણાવ્યો છે, પૈસા ખર્ચ્યા છે. બરાબર રળવું પડશે, ફલાણું કરવું પડશે, ઢીકણું કરવું પડશે. એય..!

મુમુક્ષુ :- સંસાર..

ઉત્તર :- સંસાર બાપુ! એ તો જરી છંછેડાય ત્યારે ખબર પડે.

અહીં કહે છે, ત્રણલોકનો નાથ ભગવાન... આહાહા..! એ જ્યારે પ્રગટ થાય છે ત્યારે એની પર્યાયો એનામાં છે. આહાહા..! પર્યાય નથી એમ નહિ. એક બાજુ નથી એમ કીધું હતું, અહીં છે એમ કહ્યું છે. કઈ અપેક્ષાએ? બાપુ! એ જ કહે છે, જુઓ!

'**સમુદ્રના પક્ષે તરંગાવલિ, જીવના પક્ષે એક જ્ઞાનગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ઈત્યાદિ અનેક ભેદ, તેમના દ્વારા પોતાના...**' હવે શું કહે છે હજી? આહાહા..! '**પોતાના બળથી અનાદિ કાળથી પરિણમી રહ્યો છે.**' એ પરિણતિ જે નિર્મળ છે, નિર્મળ જીવો છે એનું તો પરિણમન છે, પણ એને અંદરમાં જ્ઞાનની પરિણતિ નિર્મળ થાય એ પરિણમન સદા ચાલુ જ છે ત્યાં. નિર્મળ પરિણતિ પોતાના બળથી ચાલુ છે. એમ કહીને એમ કહે છે કે કર્મના નિમિત્તો દૂર થાય માટે આ નિર્મળ પરિણતિ શુદ્ધિની વૃદ્ધિ થાય, નિર્જરા થાય, એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો અગમ્યગમ્યની વાતું ᷾), બાપા! એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર... આહાહા..! જેને એકાવતારી, એકભવતારી ઈન્દ્રો ગલુડિયાની પેઠે વ્યાખ્યાનમાં આમ સાંભળે. ઈન્દ્ર અને ઈન્દ્રાણી એકભવતારી. સુધર્મ દેવલોકનો ઈન્દ્ર, અસંખ્ય દેવનો લાડો અને કરોડો અપ્સરાનો પતિ અને અપ્સરા એની મુખ્ય અપ્સરા ઈન્દ્રાણી. બેય એકભવતારી છે અત્યારે. ત્યાંથી નીકળી મનુષ્ય થઈને કેવળ પામી મોક્ષ જવાના છે. એ જ્યારે સભામાં આવે છે તો પ્રભુ તો આ કહે છે. એ વાણી કેવી હોય? બાપુ! આહાહા..! એક ચકલો લાવ્યો ચોખાનો દાણો, ચકલી લાવી મગનો દાણો ખીચડી કરી. ખીચડી કુંભારને આપી, કુંભારે ઘડુલો આપ્યો... એ ગપ્પેગપ્પ. આહાહા..! આ તો ત્રણલોકના નાથની દિવ્યધ્વનિ (એમાં) એ આવ્યું.

પ્રભુ! તું કોણ છો? આહાહા..! તું એક અને અનેક બે રૂપે છો. આહાહા..! વસ્તુ તરીકે, ગુણ તરીકે ચૈતન્યરત્નાકર તરીકે એક અને મતિ, શ્રુત આદિ અનેક. અહીં હજી એટલી વાત લેવી છે. પછી સંવેદનવ્યક્તિમાં ભિન્ન પાડશે. બે જુદા પાડ્યા છે. સંવેદનવ્યક્તિ છે ને એ પછી આવશે. જુઓ! '**इमाः संवेदनव्यक्त्यः स्वयं उच्छलन्ति**' પછી આવશે. આહાહા..! કઈ અપેક્ષાએ? જ્યાં ચાલ્યું છે તેને એ રીતે જાણવું જોઈએ.

અહીંયાં તો એકરૂપ ભગવાન છે એ નિર્મળની પર્યાયપણે પોતાના બળથી-સામર્થ્યથી અનેકપણે પરિણમે છે. એમ કહે છે. એમ કીધું ને? પોતાના બળથી પરિણમી રહ્યો છે. આહાહા..! એને કોઈ કર્મનો અભાવ થાય તો અંદર નિર્મળ પરિણતિનું પરિણમન થાય એમ નથી. આહાહા..! પોતાના બળથી પોતે પરિણમી રહ્યો છે. સિદ્ધની પર્યાય પણ પોતાના બળથી પરિણમી રહી છે. નિર્જરા કરનાર ધર્મી ધર્માત્મા એની વાત ચાલે છે ને અહીં તો? એને શુદ્ધ દ્રવ્યનો અનુભવ છે. તેથી તેની અનુભવધારા શુદ્ધિની વૃદ્ધિ, એ પોતાના બળથી

થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ અપવાસ કર્યા માટે તપસ્યા થઈ ગઈ, તપસ્યા થઈ ગઈ અને નિર્જરા થઈ ગઈ એમ નથી. આહાહા..! ભગવાનઆત્મા એ ચૈતન્યચમત્કારી પરમાત્મા, એનો જ્યાં પર્યાયમાં અદ્ભુત આનંદનો સ્વાદ જ્યાં આવ્યો, એની જે શુદ્ધિની વૃદ્ધિ થાય એ પોતાના બળથી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે ને? આ પુરુષાર્થ ઉડાડે છે ને પુરુષાર્થ? તે દિ' વાત થઈ હતી ને. (સંવત)૧૯૭૨ની સાલમાં અમારે સંપ્રદાયમાં મોટી તકરાર થઈ. ૧૯૭૨ના ફાગણ માસમાં. કેટલા વર્ષ થયા? ૮૧. મોટી ચર્ચા (થઈ) કે સર્વજ્ઞે દીઠું એમ થાય, આપણે એમાં પુરુષાર્થ શું કરીએ? એવી ચર્ચા ચાલી મોટી. 'મૂળચંદજી' હતા અમારે ગુરુભાઈ. અમારા ગુરુ બિચારા ભદ્રિક હતા. છાપ તો મોટી એની હતી. મોટી છાપ. હજારો માણસોમાં, ત્રણ-ત્રણ હજારમાં વ્યાખ્યાન વાંચે. 'હીરા એટલા હીર બાકી સૂતરના ફાળકા.' એવી છાપ. દૃષ્ટિ ખોટી. તત્ત્વની તો ક્યાં હતી? હતું જ ક્યાં?

એ 'મૂળચંદજી' એમ બોલ્યા. એમ કહ્યું એણે. બે વાર સાંભળ્યું. સર્વજ્ઞ ભગવાને જે દીઠું એમ થાય એમાં આપણે શું પુરુષાર્થ કરીએ? આપણો પુરુષાર્થ ચાલે નહિ એમાં કાંઈ. એમ બે વર્ષ તો સાંભળ્યું. પછી વળી રસ્તામાં ભાઈને બતાવ્યું હતું. 'જસદણ-જસદણ' છે ને? ત્યાં ઉતારામાં ઉતરેલા. અને એમાં રાતના એ ચર્ચા ચાલી. બે વર્ષની દીક્ષા. 'હીરાજી મહારાજ' પડિક્કમણું કરીને માળા ગણતા હતા. માણસ શાંત-શાંત બહુ પ્રકૃતિ. અને આ જરી અભિમાની બહુ હતા. 'મૂળચંદજી' વારંવાર આમ કહે. કીધું, તમે આ કહો છો કે પુરુષાર્થ કાંઈ કરી શકે નહિ ભગવાને દીઠું એમ થાય. એ વાક્ય શાસ્ત્રમાં ક્યાં છે? ભાઈ! ક્યા શાસ્ત્રમાં વાક્ય છે? 'ગજસુકુમાલ'નો તો આ પાઠ છે, કીધું. તે દિ' ૭૨ની વાત છે.

'ગજસુકુમાલ' 'શ્રીકૃષ્ણ'નો ભાઈ. જેને માતાની પાસે, માતા કહે, મારે દીકરો નથી, મેં લડાવ્યો નથી, બા! મારે ભાઈ થાશે હું કરીશ. આહાહા..! 'કૃષ્ણ' જેવા ત્રણ ખંડના ધણી વાસુદેવ, માતા 'દેવકી' કહે છે, ભાઈ! છ-છ દીકરાઓ બીજે ઉછર્યા અને તું આવ્યો એ ત્યાં ભરવાડને ઘરે ઉછર્યો. મેં કોઈને નથી ઉછેર્યા. બા! હું એક ઉપાય કરીશ. મારે નાનો ભાઈ થાય એ. આહાહા..! આ તો જુઓ! એ દેવને સંભાર્યા. 'હરણગવેષી' દેવ આવે છે. ભાઈ! મારે ભાઈ નથી. ક્યાંક આત્મા એવો હોય તો અહીં લાવ. દેવલોકમાંથી લાવો. આવી રીતે જે આવ્યો 'ગજસુકુમાલ'. જેને 'કૃષ્ણ' પોતે લાવ્યા. આહાહા..! એ 'કૃષ્ણ' પોતે ખોળામાં બેસાડી અને ભગવાનના દર્શન કરવા જાય છે. 'ગજસુકુમાલ'ને બેસાડી. આ પાઠ છે અંતગડ(સુત્ર)માં. તે દિ' તો વાંચેલું ને બધું એ. આમ ભગવાનના દર્શન કરે છે.

'નેમિનાથ' ભગવાન પધાર્યા છે 'દ્વારિકા'ની બહાર. 'શ્રીકૃષ્ણ' હાથીને હોદે નાના ભાઈને ખોળામાં બેસાડીને જાય છે અને 'ગજસુકુમાલ'. ગજ એટલે હાથીના તાળવા જેમ સુકુમાળ એવું એનું શરીર. હાથીના તાળવા જેવું શરીર. એમાં એક સોનીની દીકરી હતી એ સોનાના દડીએ રમતી હતી. એ માથે જોઈ એણે-'કૃષ્ણે'. જોઈ અને એમ કીધું, ઓહોહો..! આ તો 'ગજસુકુમાલ'ને લગન કરાવવા જેવું છે. જાવ, એ કન્યાને અંતેપુરમાં લઈ જાવ.

એ 'ગજસુકુમાલ' ભગવાન પાસે જાય છે ત્યાં એકદમ વૈરાગ્ય થઈ જાય છે, સાંભળે છે

ત્યાં. આહાહા..! ફાટ-ફાટ. આ શું વાણી કેવી હશે આ? હવે અહીં એને ઓલી બાઈ લગન કરવા માટે ખબર છે કે ભાઈએ અંતેપુરમાં મોકલી છે છોકરીને. સોનીની છોકરી હતી. શું .. કાંઈ? ભૂલી જવાય છે નામ. એ ભગવાન પાસે જ્યાં સાંભળે છે. પ્યાલો ફાટી જાય. પ્રભુ! હું ગૃહસ્થાશ્રમ છોડી મુનિપણુ અંગીકાર કરવા માગુ છું. પ્રભુ કહે છે.. એ તો એની શાસ્ત્રની ભાષા છે ને. આહા..! સોહમ. દેવાનુપ્રિયા! જેમ આપને આનંદ થાય, સુખ ઊપજે એમ કરો. પ્રતિબંધ ન કરશો. એવી વાણી તો ક્યાં હતી? ભગવાનને તો ઓમ નીકળે. એ માતા પાસે જાય છે. માતા! હું દીક્ષિત થવા માગું છું. મારા આનંદની રમતુંને વધારવા માગું છું. હું તો વનવાસમાં જવા માગું છું. મને ક્યાંય રુચતું નથી. મને આમાં ક્યાંય રુચતું નથી, બા! આહાહા..! ઓલી રોવે છે. તો કહે છે, માતા! તારે રોવું હોય તો રોઈ લે, બા! પણ હું જે રસ્તે જાવ ત્યાં હવે ફરીને માતા નહિ કરું એવે રસ્તે જાવ છું. ફરીને અવતાર નહિ કરું એવે રસ્તે હું જાવ છું, બા! આહાહા..! પછી તો એની મા એમ કહે છે, ભાઈ! જા. તારો રસ્તો અમને હજો. એમ ભાઈ બોલે છે. કીધું, આ શું પુરુષાર્થની વાત છે! માતા છેવટે એમ કહે છે, દીકરા! જા ભાઈ! તારો માર્ગ મને હજો. આહાહા..! તું જે રસ્તે જા એ રસ્તો અમને હજો. અમે એ માંગીએ છીએ. આહાહા..!

'સર્વજ્ઞે દીઠું એવું થાય.' કીધું, સર્વજ્ઞ છે કે નહિ જગતમાં? સર્વજ્ઞ એક સમયમાં ત્રિકાળ જાણનારી પર્યાયની સત્તાની હયાતી જગતમાં છે, એવો જેણે સ્વીકાર કર્યો એને અનંતા ભવ એના ભવમાં હોય નહિ. એને ભવનો છેદ થઈને જ્ઞાયક ઉપર દૃષ્ટિ જાય છે, કીધું. જ્ઞાયક ઉપર દૃષ્ટિ તે દિ' નહોતું પણ જ્ઞાન ઉપર જાય છે એમ હતું. તે દિ' બે વર્ષની દીક્ષા.

મુમુક્ષુ :- પણ ભણકાર એવો આવ્યો.

ઉત્તર :- ભણકાર એ આવ્યો. જ્ઞાનમાં એની દૃષ્ટિ જાય છે, જ્ઞાનમાં પેસી જાય છે. ભગવાનની એક સમયની કેવળજ્ઞાનની સત્તાનો સ્વીકાર, પ્રભુ! આહાહા..! એ શબ્દ 'પ્રવચનસાર'માં પછી નીકળ્યો ૮૦ (ગાથામાં). '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**' શૈલી એ હતી. જે કોઈ પરમાત્માના કેવળજ્ઞાનને માને... આહાહા..! એ આત્મા સાથે અંદર મેળવે છે અને એનો મોહ નાશ થયા વિના રહે જ નહિ. આહાહા..!

આ ભગવાનની પાસે ગયા અને આટલો પ્યાલો ફાટી ગયો. અને પછી દીક્ષા લઈને પણ જુઓ તો ખરા કીધું. પ્રભુ! હું બારમી (પડિમા) ભીક્ષુક લેવા માગું છું. ભિક્ષુક છેલ્લી બારમી પડીમા છે. દિગંબરમાં પણ છે. પણ બહાર પ્રસિદ્ધ નથી. આમાં છે. છેલ્લી પડિમા બારમી હોય છે સાધુની. કે જેમાંથી કાં પરિષહ સહન કરે, કેવળજ્ઞાન થઈ જાય. ન સહન કરે તો મગજ ફાટી જાય. એવું છે. આહાહા..! 'નેમિનાથ' ભગવાનને આમ કહે. એ પ્રભુ તો કેવળી છે. પ્રભુ! આપની આજ્ઞા હોય તો આ મહાકાળ સ્મશાનમાં એકલો જઈને ઊભો રહું. આહાહા..! (ગજસુકુમાલ) રાજકુમાર જઈને ઊભો રહે છે. ત્યાં ઓલો 'સોમિલ' આવે છે- ઓલી છોડીનો બાપ. અરેરે..! મારી દીકરીને રઝળાવી આણે. ત્યાં મહાણની માટી હોય એને બાંધીને માથે અગ્નિ મુકી. હળ... હળ... હળ.. હળ.. માથું બળે. એકદમ અંદરથી ફડાક દઈને કેવળજ્ઞાન ફાટ્યું અંદરથી. ઉપસર્ગ સહન કર્યો. ઝળહળ જ્યોતિ એક સમય, અરે..! જે દિ'

દીક્ષા તે દિ' કેવળ, તે દિ' મોક્ષ. આહાહા..! તે દિ' કહ્યું હતું. બાપુ! આ શું છે આ? એમ રહેવા દો. ભગવાને દીઠું તે દિ' થાશે, પુરુષાર્થ શું કરીએ? એમ રહેવા દો, ભાઈ! એમ રહેવા દો.

ભગવાન અરિહંત પરમાત્મા એક સમયમાં જેને કેવળજ્ઞાન! બાપુ! એ ભાષા જ એ છે. એ ભાવને સમજે તો એને ખબર પડે. સમજાણું કાંઈ? આહાહા..! કેવળજ્ઞાન એક સમયમાં જેને ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવે. એ કહેવું એ વ્યવહાર છે. એ પર્યાયનું જ એટલું સામર્થ્ય છે કે પર્યાયને જાણતા લોકાલોક જણાય જાય છે. આવા પર્યાયની સત્તાનો જે સ્વીકાર કરે... આહાહા..! એની દૃષ્ટિ જ્ઞાનમાં ઘૂસી જાય અને એને અનંતભવ હોઈ શકે નહિ. ભગવાને એના અનંત ભવ દીઠા નથી, કીધું. આહાહા..!

અહીં કહે છે... આહાહા..! એ ચૈતન્યરત્નાકર જ્યારે ઉછળે છે ત્યારે પર્યાયો અનેક પ્રકારની નિર્મળથી નિર્મળ થતી જાય છે, ઈ છે, એમ સિદ્ધ કરવું છે. 'નિર્જરા અધિકાર' છે ને? આહાહા..! એ ત્રણલોકનો નાથ ચૈતન્યરત્નાકર પ્રભુ, જેને શરણે જાય છે, જેનો આશ્રય લે છે એનો, એની પર્યાયમાં નિર્મળથી નિર્મળ, નિર્મળ પર્યાયો તરંગ ઉઠે છે. એ નિર્મળ શુદ્ધિની વૃદ્ધિ થાય છે એનું નામ નિર્જરા છે. સમજાણું કાંઈ? આમ નિર્જરાના ત્રણ પ્રકાર કહ્યા હતા. એક કર્મ ખરે એ નિર્જરા, અશુદ્ધતા ગળે એ નિર્જરા અને શુદ્ધતા વધે એ નિર્જરા. પણ અહીં અસ્તિથી વાત લેવી છે. શુદ્ધિની વૃદ્ધિ. નિર્જરા છે ને? મતિ-શ્રુતજ્ઞાન આમ વધતું જાય છે નિર્મળ... નિર્મળ... નિર્મળ... નિર્મળ.. આહાહા..! બાપુ! વીતરાગનો માર્ગ બહુ.. આ તો સર્વજ્ઞ ત્રિકાળ જ્ઞાનથી જાણેલું, જોયેલું, કહેલું, અનુભવેલું. આહાહા..! આહાહા..! ભાઈ! એ માર્ગ અલૌકિક છે. એ કાંઈ વાર્તા ને વાત નથી. જગતને આવી વાત મળવી મુશ્કેલ છે. આહાહા..!

અહીં કહે છે કે '**પોતાના બળથી અનાદિ કાળથી પરિણમી રહ્યો છે.**' ભાષા જુઓ! આહાહા..! એ નિર્મળ પરિણતિ-શુદ્ધ અવસ્થા પોતાના બળથી થઈ રહી છે. આહાહા..! સમજાણું કાંઈ? '**કેવો છે?**' '**अभिन्नरसः**' જુઓ! '**अभिन्नरसः**' કીધું ને? ઓલી પર્યાયો ભેદ-ભેદ છે છતાં અભિન્ન થાય છે. '**જેટલા પર્યાયો છે તેમનાથી ભિન્ન સત્તા નથી, એક જ સત્ત્વ છે.**' નિર્મળથી નિર્મળ પર્યાયો પ્રગટે છે. સત્ત્વ તો શુદ્ધિની અભેદતા થાય છે. ત્યાં ભેદ પડતો નથી. અભિન્નરસ છે. આહાહા..! પર્યાયો અનેક કીધી છતાં અનેકપણાનો ભેદ પડતો નથી. એ અનેક પર્યાયો પ્રગટે છે તે અભિન્નરસને અભિનંદે છે. આહાહા..! ભાષા જરી ઓલી, બાપુ! આ તો માર્ગ વીતરાગના. આહાહા..! અનંતકાળમાં ક્યાંય..

મુમુક્ષુ :- એવો ને એવો રસ આવે છે.

ઉત્તર :- એવો ને એવો અંદર રસ પ્રગટે શુદ્ધ-શુદ્ધ. અત્યારે હજી એટલી પર્યાય પ્રગટે એટલી વાત લીધી. સંવેદનવ્યક્તિમાં પછી લેશે કે એ તો એનો ભાગ છે. કીધું ને, ભાઈ! હમણાં કો'કે કીધું ને ભાઈએ. પંડિતજીને ન કહ્યું? એ આમાં છે. સંસ્કૃતમાં છે, હોં! '**अच्छाच्छाः**' છે ને? .... ... આ રીતે લીધું છે. સમુદ્ર તો એ જ છે. પણ એનો પૂર્વ ભાગ,પશ્ચિમ ભાગ, ઉત્તર ભાગ.. એમ ભગવાનઆત્મા તો અતીન્દ્રિય આનંદ એકરૂપ (છે)

પણ એની પર્યાય છે એ એનો એક ભાગ છે. આહાહા..! ટીકા છે એની. પહેલી અહીં પર્યાયો કહી અને પછી એ પર્યાયો સંવેદનવ્યક્તિઓ, અંતર આનંદની વૃદ્ધિની પ્રગટતાઓ તે દરિયાનો એટલે આત્માનો એક ભાગ છે. દયા, દાન, વ્રત, પરિણામ એ કોઈ આત્માનો ભાગ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો એ (કહે છે), '**ભિન્ન સત્તા નથી, એક જ સત્ત્વ છે.**' એ ભલે અનેક પર્યાય કહી છતાં સત્ત્વ તો એકપણું ત્યાં સિદ્ધ કરે છે, અભિન્નપણું સિદ્ધ કરે છે. અનેકપણામાં ભેદ સિદ્ધ થતો નથી. આહાહા..! આવી ભાષા અને આ ભાવ. 'સાદડી'માં કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં. આહાહા..! બાપુ! આ તો માર્ગ ભગવાનના... આહાહા..! કહે છે, એ બિરાજમાન છે. આહાહા..! અભિન્ન રસ છે.

'**વળી કેવો છે?**' '**भगवान्**' છે. છે? આહાહા..! ભગ એટલે જ્ઞાન-લક્ષ્મી થાય છે. સંસ્કૃત ટીકામાં છે. એમાં જ. મહાત્મ્ય, કીર્તિ, પ્રતાપ, લક્ષ્મી, શ્રી એવા બધા ભગના અર્થ છે. ભગના અર્થો છે. ભગ એટલે શ્રી થાય, લક્ષ્મી થાય, પ્રતાપ થાય, કીર્તિ થાય, મહાત્મ્ય થાય. અહીં ભગ એટલે જ્ઞાનલક્ષ્મી લેવી. આહાહા..! ભગ-જ્ઞાનરૂપી લક્ષ્મીવાન છે એ તો. આહાહા..! ભગવાનઆત્મા તો જ્ઞાનલક્ષ્મીવાન છે. આ ધૂળની લક્ષ્મીવાળો એ નથી. કહો, 'ભગવાનજીભાઈ'! આહાહા..!

**નભગવાન્**' '**જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઈત્યાદિ અનેક ગુણોએ બિરાજમાન છે.**' જોયું! ભગનો અર્થ એટલો કર્યો. લક્ષ્મી એટલે આવા ગુણો. એના વાન એટલે સ્વરૂપે છે ઈ. આહાહા..! ભાઈ! પર્યાયની પાછળ પ્રભુ છે, એક સમયની પર્યાયની પાછળ પ્રભુ છે, એની સામું એણે નજર કરી નથી. આહાહા..! એની રમતું પર્યાયમાં અનાદિથી છે. એ પર્યાયબુદ્ધિ છે, મિથ્યાબુદ્ધિ છે. આહાહા..! નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચ મહાવ્રતાદિ દુઃખરૂપ આસ્રવ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભગ એટલે લક્ષ્મીસ્વરૂપ નહિ, એ તો પ્રકૃતિનો સ્વભાવ, જડ સ્વભાવ. આહાહા..! આહાહા..! અહીંયાં તો સ્વભાવની અપેક્ષાએ વાત ચાલે છે ને? હમણાં બપોરે કહેશે કે, પુણ્ય અને પાપ આત્મા છે એમ કહેશે. 'સ્વચ્છન્ન ન જાણે કિંચીન' આવે છે ને? ભાઈ! ગાથાઓ આવે છે. આહાહા..! બાપુ! આ તો જ્ઞાનની વિચિક્ષણતાની વિશાળતા છે. આ અપેક્ષાએ આમ અને આ અપેક્ષાએ આમ, એ જ્ઞાનની વિશાળતા છે. આહાહા..!

કહે છે, એ ભગવાન છે. '**જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય ઈત્યાદિ અનેક ગુણોએ બિરાજમાન છે.**' ભગવાનની વ્યાખ્યા આટલી કરી. '**વળી કેવો છે?**' '**एकः अपि अनेकीभवन्**' '**સત્તાસ્વરૂપે એક છે તથાપિ...**' '**अनेकीभवन्**' '**અંશભેદ કરતાં અનેક છે.**' મતિ, શ્રુત, અવધિ, શુદ્ધિની વૃદ્ધિ એવા અંશભેદ કરતા અનેક છે. રાગ ને પુણ્ય ને સંયોગથી અનેક છે, એ નહિ. આહાહા..! એ નહિ. આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ ચૈતન્યરત્નાકર, એનું જે અંદર પર્યાયમાં અનેકપણું-પરિણમન થવું એ અભિન્નરસ છે અને તેથી તે ત્રિકાળી સ્વભાવનો

એક ભાગ છે. આહાહા..! એને ભાગે આનંદનો અનુભવ આવ્યો છે. આહાહા..! એ આનંદનો અનુભવ એ દ્રવ્યનો એક ભાગ છે. દ્રવ્યમાં અનંત આનંદ છે.

**'અંશભેદ કરતાં અનેક છે. વળી કેવો છે?'** **'अद्भुतनिधिः'** **'અનંતકાળ સુધી ચારે ગતિઓમાં ભમતાં જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા સુખનું નિધાન છે.'** આહાહા..! ભગવાન તો અનંત આનંદની ખાણ છે. આહાહા..! અરેરે..! એ ક્યાં? આત્માની વાતું સિવાય બીજી વાતું કરી કરીને મરી ગયો. દયા પાળી, વ્રત પાળ્યા, પૂજા કરી, ભક્તિ કરી, ધૂળ કરી બધી. આહાહા..! આ તો અદ્‌ભુત નિધિ ભગવાનઆત્મા. છે? અનંતકાળથી **'પામ્યો નહિ એવા સુખનું નિધાન છે.'** આહાહા..! હવે આ આવ્યું.

**'यस्य इमाः संवेदनव्यक्त्यः स्वयं उच्छलन्ति'** ત્યાં ભાગ લીધા છે. પશ્ચિમ અને ઉત્તરના ત્યાં ભાગ લીધા છે. દરિયો તો આખો છે પણ એને આ પશ્ચિમનો ભાગ અને ઉત્તરનો ભાગ એવો ભાગ પાડવો વસ્તુમાં. એમ પ્રભુ તો અનંત આનંદનો નાથ પૂર્ણ છે. એની પર્યાયમાં ભાગ પાડવો, એનો આનંદનો ભાગ લેવો, શુદ્ધિનો ભાગ એ વસ્તુનો ભાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! જરી અભ્યાસ જોઈએ. એને માટે પ્રયત્ન કરવો જોઈએ, બાપુ! અનાદિનો અજાણ્યો માર્ગ, એને જાણપણામાં લેવો એમાં અપૂર્વ પ્રયત્ન છે. સમજાણું કાંઈ? એ કોઈ દિ' એણે કર્યું નથી. એથી એને આકરું લાગે છે અને આ દયા, દાન, વ્રત કરવું એ સહેલું લાગે છે.

અહીં કહે છે, **'यस्य इमाः संवेदनव्यक्त्यः'** **'જે દ્રવ્યને...'** **'इमाः'** **'પ્રત્યક્ષપણે વિદ્યમાન...'** જોયું! **'પ્રત્યક્ષપણે વિદ્યમાન, સંવેદન અર્થાત્ જ્ઞાન, તેની વ્યક્તિઓ...'** પ્રગટ. ત્યાં જે પર્યાય કીધી હતી એને જ અહીંયાં સંવેદનવ્યક્તિઓ (કહ્યું). **'મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક પર્યાયરૂપ અંશભેદ,...'** એનો અંશભેદ છે. એ અંશીનો ત્રિકાળી આનંદનો નાથ, એનો એ મતિ આદિ અંશભેદ છે. આહાહા..! પર્યાયને અંશ કીધું છે ને? ભાઈ! 'પ્રવચનસાર'. પર્યાયને અંશ કીધું. આહાહા..! ભગવાન અંશી એટલે પૂર્ણાનંદનો સાગર, એના અનુભવના વેદનનો ભાગ એ એનો અંશ છે, કહે છે. આહાહા..! એ એનો અંશ છે. ભગવાનનો અંશ છે. એ પામરતાનો અંશ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો સંતોના શબ્દો છે. રામબાણ છે આ તો. આહાહા..! એ કાંઈ વાર્તા-કથા નથી. એમાં દિગંબર સંતો... આહાહા..! કેવળજ્ઞાનના કેડાયતો, કેવળજ્ઞાન ખડું કરી ઊભું રાખ્યું છે.

પ્રભુ કહે છે કે તું તો ચૈતન્યરત્નાકરથી ભરેલો પ્રભુ છો ને. અને એનો જે અંશ પ્રગટે છે એ તારો જ અંશ છે. નિર્જરા જે થાય શુદ્ધિની વૃદ્ધિ (એ એના અંશ છે). આહાહા..! દરિયો જેમ પશ્ચિમનો-ઉત્તરનો ભાગ કહેવાય છે એનો. છે તો એ. એમ આ ભિન્ન-ભિન્ન આનંદની શુદ્ધિની નિર્જરામાં વૃદ્ધિ થાય... આહાહા..! તે વસ્તુનો જ ભાગ છે. પૂર્ણાનંદનો નાથ, તેનો જ એ અંશ છે અને એનો જ ભાગ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## આસો વદ ૧૫, શુક્રવાર, તા.૧૧-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૧, પ્રવચન - ૧૪૬

'કળશટીકા' ૧૪૧-કળશ.

**ખંડાન્વય સહિત અર્થ :-** ગાથાના પદનો ખંડ-ખંડ ભિન્ન કરીને એનો સંબંધ કરે છે. '**सः एषः चैतन्यरत्नाकरः**' અહીંથી ઉપાડ્યું છે. '**सः एषः**' એ આ ચૈતન્યરત્નાકર-આવો જે ભગવાનઆત્મા તે આ પ્રત્યક્ષ. '**चैतन्यरत्नाकरः**' એટલે ચૈતન્ય એટલે જીવદ્રવ્ય, રત્નાકર એટલે સમુદ્ર. આ પ્રત્યક્ષ ભગવાનઆત્મા ચૈતન્યદ્રવ્ય રત્નાકર એટલે સમુદ્રની પેઠે. જેમ સમુદ્રમાં સ્વયંભૂરમણસમુદ્રના તળિયે રેતી નથી. ત્યાં એકલા મણિરત્નો છે. (એમ આ આત્મામાં) એના તળિયામાં અનંત મણિ-ચૈતન્યમણિરત્ન ભર્યા છે. આહાહા..! ક્ષેત્રની મોટપની અહીં જરૂર નથી.

એક આકાશ નામનો પદાર્થ હોય પણ એનો સત્તા નામનો ગુણ એટલો વ્યાપક છે છતાં સત્તા તે સરખી છે. અને એટલો એ ગુણ એક પરમાણુમાં એક સત્તાગુણ છે. તો સત્તાગુણ છે એટલે ક્ષેત્ર મોટું માટે સત્તા મોટી છે એમ નથી. એનું અસ્તિત્વ જેટલામાં છે તેટલામાં એ મોટું છે, મોટું. એમ આ ભગવાનઆત્મા જેટલા અસ્તિત્વમાં, મોજૂદગીમાં છે એ પૂર્ણ વસ્તુ ચૈતન્યરત્નાકર છે. આહાહા..! ચૈતન્યરત્ન. ઓલામાં જડરત્ન. આહાહા..! જ્ઞાનરત્ન, દર્શનરત્ન, આનંદરત્ન. ૪૭ શક્તિઓ કીધી એ બધા રત્ન છે. એક એક રત્નમાં પણ બીજા અનંતા રત્નોનું રૂપ છે. એવો જે ભગવાન ચૈતન્યરત્નાકર ભગવાનઆત્મા સ્વવસ્તુ શુદ્ધ જીવદ્રવ્ય કીધું, બસ એટલું. રત્નાકરનો અર્થ મહાસમુદ્ર. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે - જીવદ્રવ્ય સમુદ્રની ઉપમા દઈને કહેવામાં આવ્યું છે, ત્યાં એટલું કહેતાં દ્રવ્યાર્થિકનયથી એક છે,...**' વસ્તુ તરીકે દેખતા તો દ્રવ્યથી એક જ સ્વરૂપ છે. પણ તે જ વસ્તુ પર્યાયાર્થિક(નયથી) અનેકરૂપ છે. પર્યાયોથી-અવસ્થાઓથી અનેકરૂપ છે. ૧૧મી ગાથામાં પર્યાય નથી એમ જે કહ્યું હતું કે પર્યાય જૂઠી છે, અભૂતાર્થ છે. એ તો ગૌણ કરીને કહ્યું હતું. અહીં કહે છે કે એ પર્યાયો વિદ્યમાન છતી છે. કોણ? નિર્મળ. ચૈતન્યરત્નાકર દ્રવ્ય વસ્તુ છે, પર્યાય ને અવસ્થા-હાલતથી જુઓ તો અનેક પર્યાય, અનેકરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જેમ સમુદ્ર એક છે, તરંગાવલિથી...**' તરંગના ઉછાળા મારતા તરંગોનો પ્રવાહ-આવલી-શ્રેણી એનાથી '**અનેક છે.**' '**उत्कलिकाभिः**' '**સમુદ્રના પક્ષે તરંગાવલિ, જીવના પક્ષે એક જ્ઞાનગુણના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ઈત્યાદિ અનેક ભેદ, તેમના દ્વારા પોતાના બળથી...**' આહાહા..! એ જે મતિજ્ઞાન આદિ પર્યાયોમાં અતીન્દ્રિય આનંદ આદિ, વીર્યની રચનારી અનંત ગુણની જે પર્યાય વર્તમાનમાં થાય છે એ પોતાના બળથી થાય છે. સમજાણું કાંઈ? કર્મનો અભાવ થયો માટે ત્યાં અનંતઆનંદ અને અનંતજ્ઞાનની ધારા આવી એમ નથી.

આહા..! એ પોતાના સ્વયં પુરુષાર્થથી (થઈ છે). કેમ? કે વીર્ય નામનો ગુણ જે છે એનું કાર્ય અનંત નિર્મળ પર્યાયની રચના કરવી એ એનું કાર્ય છે. વિકારની રચના કરવી એ વસ્તુની અહીં વાત નથી અત્યારે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમ દ્રવ્ય શુદ્ધ છે... ભાષા તો જેમ છે એમ છે. વસ્તુ તો એવી આકરી છે જરી. વસ્તુ છે, જેનામાં જણાય છે એવી જે ચૈતન્ય સત્તાવાળી વસ્તુ. જેમાં જણાય છે એ જણાય છે એ પર નહિ. ચૈતન્યસત્તા હોવાપણે છે '**एषः**' એમાં આ જણાય છે એમ જે કહેવું એ પણ વ્યવહાર છે. એમાં જાણનારો તેને તે સંબંધીના જ્ઞાનને જાણનારો જાણે છે-પોતાને. સમજાણું કાંઈ? આહાહા..! એવી ચૈતન્યસત્તા એકરૂપ હોવા છતાં, સમુદ્ર એકરૂપ હોવા છતાં તરંગાવલી તેની જ છે. તરંગની આવલી-પ્રવાહ. એમ ભગવાનઆત્મા વસ્તુએ એક છે, પણ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન આદિની પર્યાયે તરંગાવલિ (છે). અત્યારે અનેક છે એટલું સિદ્ધ કરવું છે. પછી બીજું સિદ્ધ કરશે.

'**તેમના દ્વારા પોતાના બળથી અનાદિ કાળથી પરિણમી રહ્યો છે.**' ભાષા એમ છે. અશુદ્ધપણે પરિણમે છે એ વાત ગૌણ કરવી અહીંયાં. એનો સ્વભાવ જ એવો છે કે અનાદિથી આત્માઓ જે શુદ્ધ છે એનું પરિણમન જે શુદ્ધ થાય છે, એ પોતાના બળથી થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પોતાના પુરુષાર્થથી-વીર્યથી અનંત ગુણની નિર્મળ પર્યાયની રચનારૂપ વીર્યગુણનું એ કાર્ય છે. ૪૭ (શક્તિ)માં આવે છે ને વીર્ય? સ્વરૂપની રચના-સ્વરૂપની રચના. રાગની રચના અને પરની રચના એ અહીં નહિ. પરની રચના કરી શકતો નથી અને દયા, દાન, વ્રત કે કામ, ક્રોધની રચના એ આત્મબળ-આત્મશક્તિ કરી શકતી નથી. આહાહા..! એટલી તો એ નપુંસકતા છે. જેટલી પુણ્ય અને પાપના ભાવરૂપી રચના થાય એટલું સ્વવીર્ય નહિ. સ્વવીર્ય તો સ્વરૂપની નિર્મળ રચના કરે. એવો જ એનો એકરૂપ રહીને અનેકરૂપ થવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

'**કેવો છે? જેટલા પર્યાયો છે તેમનાથી ભિન્ન (સત્તા) નથી,...**' એ પર્યાયની સત્તા એની પોતાની છે. આહાહા..! '**એક જ સત્ત્વ છે.**' પર્યાય-પર્યાય, જ્ઞાન, મતિ, શ્રુત, અવધિ આદિ ભેદ પડો. પણ એ ભેદ ભેદને નથી પુષ્ટિ કરતા. એ ભેદ અભેદને અભિનંદે છે. આવ્યું છે? ૨૦૪. સમજાણું કાંઈ? એનો જ આ શ્લોક છે. આહા..! મતિ, શ્રુત સાધક તો એ છે. અવધિ, મનઃપર્યય તો એક પરને જાણવાની એક સંપદા છે. અને કેવળ. એ સંપદાની પર્યાયને પ્રગટ કરવાનું પોતાના બળથી અનેકરૂપ થાય છે. આહાહા..! છતાં અનેકરૂપ હોવા છતાં એકરૂપમાં ફેરફાર વધ-ઘટ થતી નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં અનેક શુદ્ધિની વૃદ્ધિ (થાય) છતાં તે વસ્તુ છે એ તો એકરૂપ જ ત્રિકાળ રહે છે. એક વાત.

બીજી વાત, કે એની જે પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટ થાય એનું જેટલું સામર્થ્ય છે એક સમયની પર્યાયનું એટલું જ સામર્થ્ય બીજે સમયે, ત્રીજે સમયે, ચોથે સમયે. એ બધાનો સરવાળો કરીને એનું સામર્થ્ય (છે), એમ નહિ. આહાહા..! દ્રવ્ય જેમ એકરૂપ સામર્થ્યવાળું છે એમ પૂર્ણ પર્યાય પણ એકરૂપ (સામર્થ્યવાળી છે). સમ. સમ તો વીતરાગભાવ મગજમાં આવી ગયો. વીતરાગભાવ જે એકરૂપે છે. અહીં કેવળપર્યાય વીતરાગભાવ છે ને. આહાહા..!

એ વીતરાગભાવનો પહેલે સમયે થયો કેવળપર્યાય, બીજે સમયે સાદિઅનંત. એ બધાનો સરવાળો થઈને પર્યાયનું બધું અવિભાગ પ્રતિચ્છેદ અનંતગુણા છે એમ નથી. આહાહા..! આ તે કાંઈ વાત! વસ્તુમાંથી અનંત કેવળજ્ઞાન પ્રગટે તોપણ વસ્તુ સરખી અને પર્યાયમાં અનેક પર્યાયો થાય છતાં એ પર્યાય એક જ સરખી. જાજી પર્યાયનો સમુદાય થઈને પર્યાયની તાકાત વધે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં તરંગાવલી શબ્દ વાપર્યો છે.

**'एकः अपि अनेकीभवन्' 'સત્તાસ્વરૂપે એક છે તથાપિ અંશભેદ કરતાં અનેક છે.'** એ પર્યાય કહો કે અંશ કહો. **'વળી કેવો છે?' 'अद्‌भुतनिधिः'** આહાહા..! **'અનંતકાળ સુધી ચારે ગતિઓમાં ભમતાં...'** ક્યાંય શાંતિ નહોતી. ચાર ગતિમાં ક્યાંય સુખ નથી. સ્વર્ગમાં, શેઠાઈમાં ક્યાંય સુખ નથી. આહાહા..! **'જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા સુખનું નિધાન છે.'** આહાહા..! **'अद्‌भुतनिधिः'**ની વ્યાખ્યા કરી. અનંતકાળમાં ચાર ગતિમાં રખડતાં અબજોપતિ માણસ થયો, મોટો ઈન્દ્ર નવમી ગ્રૈવેયકે અહમિન્દ્ર થયો, પણ ક્યાંય સુખ નથી ત્યાં. આહા..! એવો અદ્‌ભુત નિધિ-સુખની અદ્‌ભુત આશ્ચર્યકારી ખાણ છે, એમ કહે છે. આહાહા..! **'अद्‌भुतनिधिः'**ની વ્યાખ્યા કરી.

**'અનંત કાળ સુધી ચારે ગતિઓમાં ભમતાં જેવું સુખ ક્યાંય પામ્યો નહિ એવા સુખનું નિધાન છે.'** આહાહા..! પોતાના જ્ઞાનપર્યાયમાં પરવસ્તુની અનેકતા જણાતા તેની વિશેષતા ક્યાંય લાગી જાય તો એનો અર્થ એ થયો કે એમાં સુખ છે. પોતાની વિશેષતા જે અતીન્દ્રિય આનંદની એને ભાસી નહિ. કંઈપણ એનું વીર્ય, પોતા સિવાય અનેક શરીર, વાણી, મન, પૈસા, લક્ષ્મી, આબરૂ, મકાન એમાં કંઈક આશ્ચર્યકારી આમ છે, ઠીક છે એવું વીર્યમાં ઉલ્લસિત થાય એ એને પરમાં સુખની બુદ્ધિ થઈ. આહાહા..! સમજાણું કાંઈ? એને એ સુખ ક્યાંય નહોતું, કહે છે. આવી સ્થિતિમાં અનંતવાર આવા વિસ્મય અને અદ્‌ભુતતા પરમાં ભાસી. શરીર કાંઈક સુંદર હોય, પૈસા ઠીક હોય, મકાન ઠીક હોય, બાયડી-છોકરા ઠીક હોય. કાંઈક અંદર પોતા સિવાય.. 'સમયસાર'ની ૩૧ ગાથામાં કહ્યું છે ને? **'णाणसहावाधियं मुणदि आदं'** આ સિવાય-આ આત્મા ભગવાન પરથી અધિક જુદો છે એમ અધિક ભાસવો જોઈએ. એને ઠેકાણે આના કરતા બીજી જગતની પર્યાય ચાહે તો સ્વર્ગની, પૈસાની આદિ, શરીર સુંદર આદિની આકૃતિ એની અંદર વિશેષતા ભાસે તો અધિકપણું એટલે એને આત્માથી જુદાપણામાં અધિકપણું ભાસ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ **'સુખનું નિધાન છે.'** ક્યાંય સુખ નથી. સુખ નથી એટલે ક્યાંય વીર્યને ઉલ્લસિતપણું આવે એવી કોઈ ચીજ ક્યાંય નથી. આહાહા..! સમજાણું કાંઈ? વીર્યમાં ઉલ્લસિતપણું આવે એવું અદ્‌ભુત સુખ તો આત્મામાં છે. આહાહા..! સમજાણું કાંઈ? **'વળી કેવો છે?' 'यस्य इमाः संवेदनव्यक्तयः स्वयं उच्छलन्ति'** હવે પહેલી વાત તો કહી ગયા કે પર્યાયો અનેક છે. હવે અહીં જરી ભાગ બીજો પાડવો છે. **'જે દ્રવ્યને પ્રત્યક્ષપણે...' 'इमाः'** છે ને **'इमाः'? 'વિદ્યમાન સંવેદન અર્થાત્ જ્ઞાન, તેની વ્યક્તિઓ અર્થાત્ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ...'** ઈત્યાદિ એટલે આનંદની પર્યાય, વીર્યની

પર્યાય, અનંત ગુણની પર્યાય ઈત્યાદિ **'અનેક પર્યાયરૂપ અંશભેદ,...'** છે. આહાહા..! શું કહે છે?

ટીકામાં તો એમ મૂક્યું છે, કે જેમ સમુદ્ર તો એક છે. પણ એ સમુદ્રને ઉત્તરનો સમુદ્ર, પશ્ચિમનો સમુદ્ર, દક્ષિણનો સમુદ્ર એવા ભાગ પાડીને કહેવું એ એનો અંશ છે. એમ ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ એમાં આ આનંદની પર્યાય ને જ્ઞાનની પર્યાય ને શુદ્ધની પર્યાય ને એવા ભાગ પાડીને કહેવું એ અંશભેદ છે. એ વસ્તુનો એક ભાગ છે. નિર્મળ પર્યાય પ્રગટી, સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ અનંત ગુણની પર્યાય એક સમયે પ્રગટે છે. આહાહા..! એ વસ્તુનો ભાગ છે. પહેલી પર્યાય અનેક તરીકે કહી હતી. હવે અહીં કહે છે કે એ વસ્તુનો ભાગ છે. સમુદ્રમાં જેમ પૂર્વ અને પશ્ચિમનો સમુદ્ર કહેવાય એ સમુદ્રનો ભાગ છે. તરંગાવલીને પહેલી કીધી હતી. પછી આ ભાગને બીજું કીધું. પશ્ચિમનો સમુદ્ર, ઉગમણો સમુદ્ર. એમ પર્યાયોની અનેકતા, એ એકરૂપ હોવા છતાં પર્યાયની અનેકતા તેનું સ્વરૂપ છે. ત્યાં એટલું રાખીને હવે અહીં કહે છે.

એ પર્યાય જે વસ્તુ ભગવાન પૂર્ણમાંથી અનંત નિર્મળ પર્યાયો પ્રગટી એ વસ્તુનો ભાગલો છે. આહાહા..! આ ભાગ નથી કહેતા છોકરા? કે અમારો ભાગ આપો-ભાગ આપો. એમ આ ભાગ છે, કહે છે. આહાહા..! પ્રભુ! તું આનંદનો નાથ ચૈતન્યસાગર છે ને! આહાહા..! ચૈતન્યરત્નાકરથી તો બોલાવ્યો છે. કેમકે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને પણ રત્નત્રય કહ્યા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે હજી અપૂર્ણ નિર્મળ પર્યાય, દ્રવ્યને આશ્રયે અવલંબે, પ્રગટેલી વ્યક્તતા એને રત્નત્રય કહ્યા. અને તેનું ફળ પૂર્ણ કેવળજ્ઞાન તો રત્નત્રયનું ફળ મોટું રતન. આહાહા..! અને એવા એવા કેવળજ્ઞાનના અનંતા રત્નો જેમાં પડ્યા એ તો મહારતન! ત્રણે રત્ન ઠરાવ્યા. ચૈતન્યરત્નાકર શબ્દ છે ને? આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્યરત્નાકર, અંતરમાં એની સન્મુખ થઈને તેનું જ્ઞાન, તેની પ્રતીતિ (થાય), તેની પ્રતીતિ એટલે? જ્ઞાનની પર્યાયમાં તે જ્ઞેય જેવડું છે તેવડું જ્ઞાન થઈને તેમાં એની પ્રતીતિ (થાય) અને તેના સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્રનો અંશ (પ્રગટે) એ ત્રણને રત્નત્રય કહ્યા. આહાહા..! એ રત્નત્રયના ફળ તરીકે કેવળજ્ઞાન, અનંત આનંદ એ તો મહારત્નત્રય. મહારત્નત્રયની સાથે અનંતગુણ હોય. અને એવી એવી પર્યાયો જેમાં-રત્નાકરમાં અનંતી પડી છે એ તો મહા ચૈતન્યરત્નાકર છે. આહાહા..! નિધિ છે, નિધાન છે. એથી અહીંયાં ચૈતન્યરત્નાકર સંબોધીને (એમ કહે છે)... આહાહા..! એમાં પડ્યા પાથર્યા અનંતા રત્નો છે. આહાહા..! એક પછી એક, એક પછી એક એમ નહિ. એક સાથે આખું દળ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંતવીર્ય, અનંત.. જેટલી શક્તિઓ છે તેટલી અનંત અને તે તે શક્તિનું અનંત રૂપ. એ આખું એકસાથે દળ પડ્યું છે. ભગવાન આખો આત્મા દળ છે.

ઓલા દળના લાડવા નહોતા થાતાં પહેલાં? સાંભળ્યા છે? દળના લાડવા થતાં. દિવાળી ઉપર કરતા. હવે તો બધું સુધરેલું થઈ ગયું. હવે ઘુઘરા ને ફાફડા થઈ ગયા. ઘુઘરા ને ફાફડા થઈ ગયા. આહાહા..! ઘઉંના દળના લાડવા કરતાં. 'પાનાચંદભાઈ'! સાંભળ્યું છે કે નહિ? પહેલા કરતા હતા પહેલા. શક્કરપારો કરતા પહેલા. એક શેર ચણાનો લોટ એમાં ચાર શેર ઘી પાઈને બનાવે એને મેસુબ કહે. પણ ઘઉંનો એક શેર લોટ અને ચાર શેર ઘી પાઈને કરે તેને

શક્કરપારો કહે. ઘઉંના લોટમાં ચાર શેર ઘી પાઈને સાકર નાખીને કરે એને શક્કરપારો કહેવાય. ચણાના લોટમાં ચાર શેર ઘી પાઈને સાકર નાખીને કરે એને મેસુબ કહેવાય. પણ આ તો કહે છે મહા મીઠો સાગર અંદર... આહાહા..! મહેરામણ ડોલે છે અંદર. આહાહા..!

ઓલામાં આવે છે ને? અન્યમતમાં નથી આવતો? ઓલો 'ચેલો'. 'ચેલૈયો' સત્ નો ચૂકે, મહેરામણ માજા ન મૂકે. એ વાત આવે છે કે એક બાવો આવ્યો હતો. આવ્યો હતો ને દરબાર? એક બાવો આવ્યો હતો અને પછી માંસ માગ્યું. હવે માંસ તો ક્યાંથી લાવું? છોકરો આવે એને ખાંડીને લાવો. છોકરાને ખબર પડી કે ઘરે પિતાજી આમ કરવા માગે છે. માટે તું ઘરે જાઈશ નહિ. ત્યારે કહે છે, 'મહેરામણ માજા ન મૂકે, ચેલૈયો સત્ ન ચૂકે.' એ મહેરામણ માજા કોઈ દિ' મૂકે નહિ અને દરિયામાંથી આઘું ન જાય. એમ ચેલૈયો સત્ ન ચૂકે. એ ગમે તેમ થશે.

એમ અહીંયાં ચેલૈયો નામ પર્યાય, પ્રજા એ ચેલો છે અને વસ્તુ એ પોતે ત્રિકાળી ગુરુ છે. એ પ્રજા સત્ ન ચૂકે. એની જે મર્યાદા છે તેમાં રહે. આનંદની ધારામાં વહે. આહાહા..! ભગવાનઆત્માના અનુભવમાં એની અતીન્દ્રિય આનંદની ધારાના ધોરિયા વહે એ મર્યાદા ન છોડે. આહાહા..! આ ચૈતન્યરત્નાકર. આ નિર્જરાનો અધિકાર છે ને? નિર્જરાનો અધિકાર એટલે? શુદ્ધિની વૃદ્ધિ. એ ચાલે છે. આમ તો નિર્જરાના ત્રણ પ્રકાર કહ્યાં હતા. કર્મનું ખરવું એક નિર્જરા, અશુદ્ધતાનું ગળવું એક નિર્જરા, પણ અસ્તિપણે તો શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા. સમજાણું કાંઈ? એ અહીં શુદ્ધિની વૃદ્ધિની ધારા ધર્મીને '**अच्छाच्छाः**' એ શબ્દ છે ને પહેલો? નિર્મળધારા... નિર્મળધારા.. ચાલી જાય છે અંદરથી. આહાહા..! ધોરિયા વહે છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કહ્યું?

'**यस्य इमाः संवेदनव्यक्त्यः स्वयं उच्छलन्ति**' એ સંવેદન વ્યક્તિને પહેલી તરંગાવલીની પર્યાયોને અનેકતા કીધી હતી. હવે અહીં '**संवेदनव्यक्त्यः**' કીધી. એટલે કે જે વસ્તુ છે એનો એ નિર્મળ અંશ, આનંદનો, શુદ્ધિનો, વૃદ્ધિનો (અંશ) એને '**संवेदनव्यक्त्यः**' એટલે કે વસ્તુનો એક ભાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ વસ્તુએ ભાગ આપ્યો. આહા..! સંસ્કૃત ટીકામાં એ છે. ઉત્તરનો સમુદ્ર, પશ્ચિમનો સમુદ્ર જેમ ભાગ કહેવાય છે, એમ આ પર્યાયના અતીન્દ્રિય આનંદની અનંતી પર્યાયો, એ વસ્તુનો એક ભાગ છે. રાગને અને પરની સાથે અહીં સંબંધ છે જ નહિ કાંઈ. સમજાણું કાંઈ? આહાહા..!

એવી સંવેદનવ્યક્તિઓ છે ને? વ્યક્તિ પ્રગટતા. 'જે દ્રવ્યને પ્રત્યક્ષપણે વિદ્યમાન સંવેદન અર્થાત્ જ્ઞાન, તેની વ્યક્તિઓ...' પ્રગટતાઓ. '**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક પર્યાયરૂપ અંશભેદ,...**' જુઓ! એનો અંશભેદ, ભાગભેદ છે. આહાહા..! ત્રણલોકનો નાથ ચૈતન્યરત્નાકર, જેને ખજાને અનંત નિધાન પડ્યા છે. આહાહા..! જેના સ્વભાવમાં અનંત આનંદ, અનંત વીર્ય, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ઈશ્વરતા, રાગાદિ અને પરનું કારણકાર્ય ન થવું એવી અકાર્યકારણ નામની સમુદ્ર શક્તિ પડી છે અંદર મોટી. આહાહા..! રાગનું કારણ પણ ન થવું અને રાગનું કાર્ય ન થવું. એટલે કે

રાગ છે વ્યવહાર માટે અહીં સંવેદનવ્યક્તિ પ્રગટે છે એમ નથી. આહાહા..! અને સંવેદન શક્તિ પ્રગટ દશા એ રાગને ઉત્પન્ન કરે છે, એમ નથી. સમજાણું કાંઈ?

અહીંયાં '**संवेदनव्यक्त्यः**' શબ્દ પડ્યા છે. આહાહા..! પર્યાય તરીકે એને પ્રગટ શબ્દ વાપર્યો છે. દ્રવ્ય એ પ્રગટ જ છે. પણ પર્યાય પ્રગટ છે એ અપેક્ષાએ દ્રવ્યને અપ્રગટ કહીએ. અવ્યક્ત કીધું છે ને? અવ્યક્ત કહો કે (અપ્રગટ કહો). છતાં પોતાની અપેક્ષાએ તો વ્યક્ત જ છે, પ્રગટ છે. આહાહા..! ચૈતન્યરત્નાકર ભગવાન પૂર્ણાનંદનો નાથ વિદ્યમાન પ્રભુ બિરાજે છે ત્યાં સિંહાસનમાં બેસ જરી. આહાહા..! મોટું સિંહાસન છે ત્યાં. ત્યાં બેસણી કર ને. તને આનંદ આવશે, તને શાંતિ આવશે. આહાહા..! એ ભાગ એ ભાગનો છે. વસ્તુ છે તેનો એ ભાગ છે. સમજાણું કાંઈ? રાગાદિ થાય એ કાંઈ વસ્તુનો ભાગ નથી. કેમકે વસ્તુમાં અનંત શક્તિઓ છે, આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણી શક્તિ, પણ કોઈ એવી શક્તિ નથી કે વિકાર કરે. આહાહા..! એ તો ભ્રમણાથી વિકારને ઉત્પન્ન કરે. એ કાલે બપોરે આવી ગયું. ભ્રમણાથી શુભ-અશુભભાવને, મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. પર્યાયબુદ્ધિએ ભ્રમણાથી. જેને અંતર દ્રવ્યબુદ્ધિ થઈ નથી. આહાહા..! એને તો દ્રવ્યબુદ્ધિવાળાને તો સંવેદન આનંદાદિ પર્યાયોની વ્યક્તતા પ્રગટ થાય છે. નિર્જરા છે ને? શુદ્ધિની વૃદ્ધિ કહેવી છે ને? સંવર એ શુદ્ધિ છે, નિર્જરા એ શુદ્ધિની વૃદ્ધિ છે, મોક્ષ એ શુદ્ધિની પૂર્ણતા છે. આહાહા..! તો સંવેદન વ્યક્તિઓ એ નિર્જરાના પ્રકારને બતાવે છે. શુદ્ધિની વૃદ્ધિઓ થાય છે અંદર. આહાહા..!

ચૈતન્ય આનંદને હિલોળે ચડે છે. પૂર્ણાનંદનો નાથ શિખર ભર્યો છે પૂર્ણ, કહે છે. આહાહા..! એનો જ્યારે સત્કાર અને આદર થાય છે ત્યારે પર્યાયમાં આનંદ હિલોળે ચડે છે. આહાહા..! સમજાણું કાંઈ? સત્કાર કહો કે આશ્રય કહો, સ્વીકાર કહો. આહાહા..! પૂર્ણાનંદના નાથનો સ્વીકાર જ્યાં થાય છે... આહાહા..! ત્યારે પર્યાયમાં અતીન્દ્રિય આનંદની સંવેદન વ્યક્તિઓ ઉછળે છે, કહે છે. આ નિર્જરાની વ્યાખ્યા ચાલે છે, ભાઈ! ઓલા તો કહે, અપવાસ કર તો નિર્જરા થાય, બાપુ! આહાહા..! એ વસ્તુ જુદી, ભાઈ! આ એ માર્ગ નહિ. આહાહા..!

આ તો નિર્જરા એને કહે છે. આ નિર્જરા અધિકાર છે ને? આહાહા..! આમ તો નિ-વિશેષે ઝરવું. તો કર્મનું ઝરવું, અશુદ્ધતાનું ઝરવું પણ વિશેષે શુદ્ધતાનું ઝરવું-નીકળવું (એ નિર્જરા છે). આહાહા..! ભગવાન અનંત આનંદનો નાથ સાગર પડ્યો છે, કહે છે. એ સાગરનો જ્યાં સ્વીકાર થાય છે, એ સ્વભાવનો સ્વીકાર થાય છે ત્યારે પર્યાયમાં વ્યક્તિઓ એટલે સંવેદન આનંદના વેદનવાળી પ્રગટ દશાઓ પ્રગટ થાય છે. આહાહા..! એને નિર્જરા કહે છે. એને ધર્મ કહે છે. સમજાણું કાંઈ? એ એનો ભાગ છે. છેલ્લું આવ્યું ને?

'**અંશભેદ,...**' છે. છે? એ કેવળ એકલા પાંચે પૂરું નથી રાખ્યું. 'ઈત્યાદિ...' એટલે અનેક ગુણની પર્યાય. એમ. સમજાણું કાંઈ? આહાહા..! કેમકે ભગવાનઆત્મા જેટલી શક્તિનો પિંડ છે તેનું સમ્યક્ સત્યદર્શન થતાં, સત્યદર્શન એટલે સત્ય છે તેની પ્રતીતિને અહીં દર્શન કહે છે, તેમાં જેટલી શક્તિઓ છે તેટલો એક અંશ તેમાંથી સમકિતમાં પ્રગટ થાય છે. જેને સર્વ ગુણાંશ તે સમકિત કહ્યું. 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં એકદેશ જ્ઞાનાદિ ભાગ કહ્યો.

'ટોડરમલે'. આહાહા..! એટલે? કે જેટલી શક્તિ સંખ્યાએ છે, એ બધી શક્તિઓનો સુંદર તત્ત્વ આત્મા પોતે, એનો જ્યાં આદર થયો, સ્વીકાર થયો, એથી અનંત શક્તિઓના એક અંશની પર્યાયમાં અનંત વ્યક્ત દશા થાય છે. એને અહીં સંવેદન વ્યક્ત દશા કીધી છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

હવે નિર્જરાની ઓલી વ્યાખ્યા. કીધું હતું ને? 'ચંદુભાઈ' છે એક. 'ચંદુભાઈ'ને? 'રાણપુર' અને 'ચુડા' વચ્ચે. 'વડોદરા' રહે છે. છોકરો છે સ્થાનકવાસી પણ અહીંનો પ્રેમી છે. 'વેજલકા'વાળો. 'રાણપર' ને 'ચુડા' વચ્ચે છે ને 'વેજલકા'? એ ત્યાંનો છે. 'વડોદરા' રહે છે. બહુ અભ્યાસ છે અહીંનો. એક આર્જિકા સાથે વાત કરતા કરતા એની સાથે ગયો હશે. ભાઈ! માર્ગ બહુ જુદો છે. ત્યારે આર્જિકા કહે, એ બીજી તમારી ગમે તે વાત હોય. પણ અપવાસ છે તે તપસ્યા છે અને તપસ્યા છે તે ધર્મ છે, નિર્જરા છે. એવો શાસ્ત્રમાં લેખ છે. માટે અમે એ વાત સિવાય બીજી ન માનીએ. અપવાસ તપ, તપસા નિર્જરા આવે છે ને? ણમો અરિહંતાણં કહેવું એ નિર્જરા છે. એમાં તો એ આવે છે. સ્વાધ્યાય આવે છે. આવે છે ને? વાંચન, પૂછવું, પરિયટાણુ ઉણોદરીને તપ કીધું, તપને નિર્જરા કીધી. કઈ અપેક્ષાએ? ભાઈ! એના તરફથી લક્ષ છોડ્યું છે એટલું બતાવવા એને (તપ) કહ્યું છે. જાવું છે તો અહીં અંદર એટલે કે શુદ્ધતાની પર્યાય પ્રગટ કરવી છે. એ નિર્જરા છે અને એ તપ છે. પણ કોના તરફથી લક્ષ છોડ્યું એના પછી નામ પાડ્યા કે અપવાસ એટલે આહાર ઉપરનું લક્ષ છોડ્યું, આના ઉપરથી લક્ષ છોડ્યું, વિનય ઉપરથી લક્ષ છોડયું. એટલે એના તપના ભાગ આ પાડ્યા. એ તપ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

એને અહીંયાં **'કેવળજ્ઞાન ઈત્યાદિ...'** હવે પાંચ પર્યાય તો આવી ગઈ. ઈત્યાદિ એટલે કે અનંત ગુણની જેટલી પર્યાયો છે... આહાહા..! એ સંવેદનવ્યક્તિમાં આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! **'દ્રવ્યનું સહજ એવું જ છે તે કારણથી...'** આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યરત્નાકરનું સહજ સ્વરૂપ એવું છે કે તેનો આશ્રય લેતાં **'उच्छलन्ति'** આહાહા..! અવશ્ય પ્રગટ થાય છે. આહાહા..! જોયું! 'બહેન'માં આવ્યું છે ને એ. વાંચ્યું છે ને? વચનામૃતમાં. 'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પામે.' આહાહા..! આટલા શબ્દ છે. વચનામૃતમાં છે. 'જાગતો જીવ ઊભો છે...' ને. એટલે? ભગવાનઆત્મા જ્ઞાયકભાવ એ ધ્રુવ છે ને. ભાષા આમ કરી પણ વસ્તુ આ. આહાહા..! અંદર ભગવાન જાગતો જ્ઞાયકભાવે ધ્રુવ છે ને? ઊભો એટલે ઊભો છે આમ. આહાહા..! એ ક્યાં જાય? એ ધ્રુવ જાય ક્યાં? ઊભો છે એ જાય ક્યાં? તત્ત્વ (છે) એ તત્ત્વ જાય ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ?

કાલે રાત્રે કહ્યું હતું, નહિ? 'શ્રીમદ્'નું વાક્ય. સત્ છે. સત્ સરળ છે. સત્ સર્વત્ર છે. બતાવનારા જોઈએ. આહાહા..! સત્ છે. સરળ છે. સરળ છે એટલે? છે એ પ્રાપ્ત કરવું છે એમાં શું? આહાહા..! રાગને પોતાનો કરવો હોય, પરમાણુને પોતાનો કરવો હોય તો ન થઈ શકે. આહાહા..! પણ છે. સત્તા અસ્તિત્વ પ્રભુ મહા છે તેને પ્રાપ્ત કરવો એ તો સરળ વસ્તુ એની છે. આહાહા..! સમજાણું કાંઈ? સત્ છે. સત્ સરળ છે. સત્ સર્વત્ર છે. ભાઈ! તું ગમે

તે ક્ષેત્રમાં જા પણ સત્ તો ત્યાં ને ત્યાં પડ્યું જ છે એ તો. આહાહા..! ગમે તે ક્ષેત્રમાં જા, ગમે તે પર્યાયમાં રાગાદિમાં હો પણ સત્ તો ત્યાં પડ્યું છે, સર્વત્ર સત્ પડ્યું જ છે અંદર.

મુમુક્ષુ :- નિમિત્ત વિના પ્રાપ્ત ન થાય.

ઉત્તર :- એ નહિ. બતાવનાર જોઈએ એટલું. બતાવનાર એને કહે કે, જો ભાઈ! આ ચીજ (છે). એટલું. એવી સ્થિતિ છે. દેશના મળવી જોઈએ એટલી વાત. એમ કહેવું છે. આહાહા..! ભગવાન તો છે નહિ? સત્ છે ને. સત્ એટલે છે. છે એટલે ધ્રુવ છે. આહાહા..! ઊભો છે એમ ને એમ. આહાહા..! જાગતી જ્યોતિ. છે... છે... છે... છે... છે... છે... અને તે સરળ છે એટલે કે છે તેમાં જાવું છે. ન હોય એમાં જાવું હોય તો ઠીક. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! આવું છે. આહાહા..!

આ તો દિવાળીનો દિવસ છે. ભગવાનનો મોક્ષ (થયો). આહાહા..! અનાદિ શાંત સંસાર થઈ ગયો. સાદિઅનંત મોક્ષ થઈ ગયો. આહાહા..! બે ભાગ પડી ગયા. આજે ભગવાનને પાછલી પહોરે રાત્રીના સંસાર અનાદિશાંત થઈ ગયો. આહાહા..! પર્યાય. વસ્તુ તો વસ્તુ છે. પર્યાયમાં અનાદિની સંસાર દશા, એનો અંત થઈ ગયો. આહાહા..! ચૌદમે ગુણસ્થાને બિરાજે તોપણ પ્રભુ કહે છે, એને અમે અસિદ્ધ કહીએ (છીએ) ત્યાં સુધી. આહાહા..! અસિદ્ધ છે. સિદ્ધ તો ઉદયભાવ નાશ થઈને એકલો પરિણામિક રહેશે ત્યારે સિદ્ધ કહીએ. આહાહા..! હવે એને ઠેકાણે (કહે કે) સમકિત પામે ત્યાં એને આસ્રવ અને બંધ નથી અને દુઃખ નથી. અરર..! ક્યાં ગરી ગયા ભાઈ? સમજાણું કાંઈ? એ શેઠિયાને લઈને ફેરફાર થઈ ગયો. 'જ્ઞાનચંદજી' ... એ હજી માનતા નથી આ. જુદું વાંચે છે ઈ. એને એમ કે સમકિતી-જ્ઞાનીને દુઃખ હોય જ નહિ. અરે..! પ્રભુ! કઈ અપેક્ષાની વાત છે, ભાઈ! અહીં તો ચૌદમાં સુધી પણ અસિદ્ધ કહ્યા. એ કર્મને લઈને નહિ. કર્મ તો પરદ્રવ્ય છે. એ તો બહાર લોટે. એની સાથે શું સંબંધ? એની યોગ્યતામાં હજી સિદ્ધદશા પૂરી થઈ નથી. આહાહા..! એને પણ અસિદ્ધ કહ્યા. ઉદયભાવ છે ને? એ ઉદયભાવ એનો પોતાનો પર્યાય છે કે નહિ? આહાહા..!

અહીંયાં તો કહે છે કે જ્યાં આત્મા... આહાહા..! **'દ્રવ્યનું સહજ એવું જ છે તે કારણથી અવશ્ય પ્રગટ થાય છે.'** એમ કહે છે. આહાહા..! પ્રભુ! દ્રવ્ય એટલે વસ્તુ. આદિ અંત વિનાની ત્રિકાળ તે-તે રૂપે એક સ્વરૂપે છે એને નજર નાખતાં તે પ્રાપ્ત થાય છે. આહાહા..! અન્યમાં કહેવાય છે, 'મારી નજરને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' દરબાર! આવે છે? એ દરેકને વાત એમ છે. અહીં હરિનો અર્થ આત્મા છે. 'પંચાધ્યાયી'માં હરિ શબ્દ કર્યો છે. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ. હરિ એ આ આત્મા. આહાહા..! 'મારા નયણને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' આ ભગવાન હરિ, હોં! કોઈ હરિ બીજો નહિ. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ. એવો ત્રણલોકનો નાથ ચૈતન્ય સહજાત્મસ્વરૂપ પોતે. આહાહા..! નયણને આળસે નજરે ન લીધો, બસ. એટલી વાત છે. કર્મને કારણે, ફલાણાને કારણે એમ નહિ.

એ અહીં કહે છે કે નજરું જ્યાં નિધાનમાં ગઈ.. આહાહા..! તો દ્રવ્ય છે તે જરૂર એવું છે કે તે કારણથી અવશ્ય પ્રગટ થાય છે. આહાહા..! એમાં પર્યાયની એકતા કરતાં શક્તિમાંથી

વ્યક્તતા જરૂર થાય છે, કહે છે. આહાહા..! ફુવારાને જેમ આમ કરે અને ફાટે. રાત્રે કહ્યું હતું ને? ઓલો પાતાળ કૂવો. નહિ? 'જનડા'. 'જનડા' છે 'બોટાદ' પાસે. કૂવો ખોદેલો. બહુ ખોદ્યો.. બહુ ખોદ્યો.. પાણી નીકળે નહિ. પછી બંધ કરી દીધો લોકોએ કંટાળીને. ઊંડો કૂવો અને એમાં જાન નીકળી. એ જાણે કે આમાં પાણી છે એટલે જાન ઉતારી ખાવા માટે. દસ, સાડા દસ (થયા હતા). પહેલા તો આઘે જાવું હોય તો ગાડામાં જાતા ને? અહીં જ્યાં જોયું તો પાણી ન મળે. કૂવો ઊંડો જોયો તો આમ.. એમાં દસ મણ, પંદર મણનો પથરો ઉપર હશે. એક માણસ કહે, પણ આવો મોટો (કૂવો) છે અને પાણી કેમ નથી? અને આપણે અહીં પડાવ નાખ્યો. ઓલો પથરો નાખ્યો અંદર. એક થોડુંક આમ પત્થરનું તળિયું બાકી રહી ગયું હતું. ઉપરથી નાખ્યું તો આમ શેડ ઊડી અંદરથી. પાણીની ધારા વહી. અત્યારે અઢાર કૂવા વહે છે. એક કૂવે અઢાર... શું કહેવાય? કોશ-કોશ. અઢાર કોશ વહે છે. અમે જોડે નીકળ્યા હતા. 'જનડા'. અઢાર કોશે પાણી પણ ખૂટે નહિ એટલું પાણી, બાપુ! આહાહા..! પાતાળ કૂવામાંથી.

એમ આ ભગવાનના તળિયા પાતાળ... આહાહા..! એમાં જેની નજરું ગઈ એને ભેદજ્ઞાન થયું અને છિદ્ર પડી ગયું અંદરમાં. રાગ અને ભગવાન વચ્ચે ભેદજ્ઞાન થઈ ગયું. આહાહા..! એ અંદરના તળિયેથી ભગવાનના ફુવારા ફૂટ્યા. આહાહા..! એ કહે છે, જરૂર થશે તને. આહાહા..! દ્રવ્યનો તેં આદર કર્યો તો તને જરૂર વ્યક્તિઓ પ્રગટ (થશે). આહાહા..! નિર્જરા છે ને અહીંયાં? સમજાણું કાંઈ? આટલા અપવાસ કર્યા અને આટલા આ કર્યા માટે નિર્જરા થશે, એમ છે નહિ કાંઈ. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ!

**'દ્રવ્યનું સહજ એવું જ છે તે કારણથી અવશ્ય પ્રગટ થાય છે. ભાવાર્થ આમ છે કે - કોઈ આશંકા કરશે કે જ્ઞાન તો જ્ઞાનમાત્ર છે, આવા જે મતિજ્ઞાન આદિ પાંચ ભેદ તે શા કારણે છે?'** એ તો જ્ઞાનસ્વરૂપ છે. એમાં ભેદ વળી શું આ મતિ ને શ્રુત? એક વાત તો આપણે આવી ગઈ હતી ૧૪૦માં. આવી હતી ને? જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય એવું નામ પામે છે. ત્રીજી લીટી છે. છે ને? ૧૩૦ પાને. **'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે, વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે, નામ ધરવું બધું જૂઠું છે;...'** આહાહા..! આ મન, ઇન્દ્રિયથી જાણે આટલા જ્ઞેયને માટે મતિ. આટલા ને આને જાણે માટે શ્રુત. આ અવધિ-મર્યાદાને જાણે માટે અવધિ. મનને જાણે માટે મનઃપર્યય. ત્રણકાળને જાણે માટે કેવળ. એવા જ્ઞાનની પર્યાયના નામ દેવા એ જૂઠાં છે. આહાહા..! એ તો જ્ઞાનની પર્યાય છે, બસ. અને તે જાણે છે પોતે પોતાને. સમજાણું કાંઈ? આકરી વાતું છે, ભાઈ! અભ્યાસ નહિ ને.. આહાહા..! એથી આકરી. અણભ્યાસે આકરી. અભ્યાસે તો વસ્તુ પોતે છે. આહાહા..!

કહે છે કે એ જ્ઞાનમાત્ર જે ભેદ છે એ શા કારણે છે? **'સમાધાન આ પ્રમાણે છે કે- જ્ઞાનના પર્યાય છે,...'** ભલે ભેદ છે પણ છે જ્ઞાનની પર્યાય. અહીં પર્યાય સિદ્ધ કરવી છે, 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ અત્યારે નથી. અહીં તો ત્રણ વાત લીધી ને? પહેલી તરંગાવલી લીધી.

તરંગ ઊઠે છે. પછી સંવેદન એનો ભાગ છે, પછી કહે છે કે નામ પડ્યા ભલે જૂઠા, પણ છે જ્ઞાનની પર્યાય. આહાહા..! જ્ઞાનસ્વભાવ જે સત્ત્વ જે પૂર્ણ છે એના અવલંબે પ્રગટેલી પર્યાયો એ બધી જ્ઞાનપર્યાય જ છે. એ જ્ઞાન જ દશા છે. એ જ્ઞાનનો ભાગ છે, જ્ઞાન જ દશા છે. આહાહા..! સમજાણું?

**'જ્ઞાન તો જ્ઞાનમાત્ર છે,...' 'જ્ઞાનના પર્યાય છે, વિરુદ્ધ તો કાંઈ નથી,...'** આહાહા..! **'વસ્તુનું એવું જ સહજ છે;...'** શું સહજ છે? કે પર્યાયથી જોતાં તે જ્ઞાનની પર્યાય છે એ વસ્તુનું સહજ છે. વસ્તુથી જોતાં દ્રવ્ય એકરૂપ છે એ પણ વસ્તુ સહજ છે. આહાહા..! અરેરે..! આત્મા ભગવાન પરમાત્મસ્વરૂપ જ બિરાજે છે. કહ્યું હતું નહિ તે દિ'? 'જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ.' ના, એ નહિ. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.' પોતાના અભિપ્રાયના મદિરા પીધેલા પ્રાણીઓ એ વસ્તુના સ્વરૂપને સમજી શકતા નથી. એ જિનસ્વરૂપે બિરાજમાન છે પ્રભુ તો. દરેક આત્મા. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ જિનને જેણે જાણ્યો અને રાગની એકતા તોડી એ જૈન ઘટ અંદરમાં છે. એ કાંઈ બહારમાં જૈનપણું લટકતું નથી. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન કોઈ વાડો નથી. જૈન કોઈ પક્ષ નથી, સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ જ વીતરાગમૂર્તિ જિન છે તેને પર્યાયમાં પ્રાપ્ત કરવું એ જૈન છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાત છે. 'મતમદિરા કે પાનસો...' પોતાના અભિપ્રાયના દારૂના પીધેલાઓ મતવાલા ન સમજે. મતવાલા એ જિન ને જૈન શું? આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આવી વાત ક્યાં? આ તો કોઈ એક એક વાત સાંભળી હોય એમાંની કાંઈ આવે નહિ. લ્યો! બધી વાતું જુદી લાગે. 'પાનાચંદભાઈ'! માર્ગ તો આવો છે, બાપુ! આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર પર્યાયમાં જિન થયા. પણ એ જિનપણું આવ્યું ક્યાંથી? સર્વજ્ઞ થયા એ સર્વજ્ઞ પર્યાય ક્યાંથી આવી? વસ્તુ સર્વજ્ઞ સ્વભાવનો પિંડ છે. સર્વજ્ઞસ્વભાવી. આમ શક્તિ કીધી છે. સર્વજ્ઞશક્તિ છે. સર્વજ્ઞશક્તિ કહો, સર્વજ્ઞગુણ કહો, સર્વજ્ઞસ્વભાવી વસ્તુ, બસ. આહાહા..! અને જિનસ્વરૂપ જ એ છે. કેમકે અકષાયસ્વરૂપ વીતરાગસ્વરૂપ અનાદિઅનંત નિધાન પડ્યું છે એ. એ જિન છે. જિન તો આ કપાસવાળાને જિન કહે છે. નહિ? આહાહા..!

મુમુક્ષુ :- જિનનું કપડું પણ આવે છે.

ઉત્તર :- આહાહા..! પીંજણે પીંજે એને જિન કહે. આ જિન તો નાથ... આહાહા..! જેને પીંજણે ચડ્યો એને રાગના પીંજણા ઊડી જાય, ફડાક દઈને. વીતરાગ પર્યાય જેને પ્રગટ થાય છે એવો આ જિનસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ઓલી પીંજણમાં તો હજી રૂ ચોંટી જાય થોડું. આમાં તો રૂ ચોંટે.. આવે છે ને? 'પ્રવચનસાર'માં આવે છે. પીંજણનો દાખલો આપ્યો છે. શાસ્ત્રમાં બધા દાખલા પડ્યા છે. આહાહા..! ઓલી આમ આમ ધાર કરે ને? ત્યાં રૂ થોડું ચોંટી જાય એને. અહીં તો એને ઝણઝણાવે ત્યારે વીતરાગતા પ્રગટ થાય, કહે છે. વીણાના

તાર વાગ્યા અંદરમાં. ભગવાન ચૈતન્યમૂર્તિ અનંત આનંદનો નાથ, સ્વીકારવામાં જ્યાં દૃષ્ટિમાં આવ્યો (ત્યાં) વીણા વાગી અંદરથી. આહાહા..! એ અનંત આનંદ અને અનંત જ્ઞાનની પર્યાયના અંશો લેતો આવે અંદરથી. આહાહા..! આ દિવાળીના લાડવા છે આ. ધૂળમાં કાંઈ નથી દિવાળી. આહાહા..!

અહીં કહે છે, એ '**જ્ઞાનના પર્યાય છે, વિરુદ્ધ તો કાંઈ નથી, વસ્તુનું એવું જ સહજ છે; પર્યાયમાત્ર વિચારતાં મતિ આદિ પાંચ ભેદ વિદ્યમાન છે,...**' જોયું! આહાહા..! હવે ૧૧મી ગાથામાં એમ કહે કે પર્યાય જૂઠી છે. અભૂતાર્થ કહો, અસત્યાર્થ કહો. પણ કઈ અપેક્ષાએ? બાપુ! એમાં શબ્દનો આશય શું છે એ લેવો જોઈએ. પર્યાય જૂઠી છે તો થઈ ગયું તો દ્રવ્ય જ એકલું રહ્યું. જૂઠી છે એવો નિર્ણય કરનાર કોણ? નિર્ણય ધ્રુવ કરે છે? પણ એ તો પર્યાય થઈ ગઈ. આહાહા..! આ દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અખંડ છે, એવી દૃષ્ટિ કરે છે કોણ? ધ્રુવ કરે છે કે પર્યાય કરે છે? આહાહા..! તેથી તો કહ્યું છે કે અનિત્યથી નિત્ય જાણવામાં આવે છે. 'ચિદ્‌વિલાસ'. આહાહા..!

ભગવાન નિત્યાનંદ પ્રભુ, એ અનિત્ય એવી પર્યાયથી જાણવામાં આવે છે. અનિત્યથી નિત્ય જાણવામાં આવે છે. કારણ કે કાર્ય તો પર્યાયમાં થાય છે. એ પર્યાયને સિદ્ધ કરે છે. પર્યાય છે. પર્યાય એક સમયની છે અને નથી, નાશવાન કીધી. 'નિયમસાર'ની ૩૮ ગાથામાં કહ્યું ને? કેવળજ્ઞાનાદિ. સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધ એ બધા નાશવાન છે. કેવળજ્ઞાન નાશવાન છે. કેમકે એક સમયની પર્યાયની મુદત છે એની. અહીં કહે કે ભલે નાશવાન હોય પણ એક સમયની છે ને? નથી એમ કહેતાં નાસ્તિક થઈ જઈશ તું. આહાહા..!

'**વિદ્યમાન છે, વસ્તુમાત્ર અનુભવતાં જ્ઞાનમાત્ર છે;...**' ભેદ નથી એમ કહે છે. ભેદ નથી. એટલે એકલું જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ ૧, શનિવાર, તા.૧૨-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૧-૨૬૮, પ્રવચન - ૧૪૭

'કળશટીકા' ૧૪૧. અહીંથી શરૂ કરવું. '**કેવી છે સંવેદનવ્યક્તિઓ?**' '**अच्छाच्छाः**' આ આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, એનો સ્વીકાર સન્મુખ થઈને કરતાં, આત્મા... આજે સુપ્રભાત છે ને? તે '**अच्छाच्छाः**'થી શરૂ કર્યું છે. સુપ્રભાત વાંચીએ છીએ હરવખતે. છે જુઓ! છેલ્લે? ૨૫૪ પાને છે. જુઓ! ૨૬૮ કળશ. ૨૫૪ પાનું. ૨૬૮ કળશ. છે?

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।

રાત્રીનો અંધકાર મટતાં સવારમાં પ્રભાત થાય, એમ અજ્ઞાન મટતાં આત્મામાં સુપ્રભાત

સમ્યગ્દર્શન-જ્ઞાનનો થાય એને સુપ્રભાત કહે છે. એને આત્મામાં વર્ષ બેઠું નવું, એમ કહે છે. જોકે ત્યાં પૂર્ણતા લીધી છે. '**चित्पिण्ड**' છે ને? એ '**चित्पिण्ड**'નો અર્થ ત્યાં કર્યો છે આપણા ઓલામાં. અનંતદર્શન, અનંતદર્શન એ સુપ્રભાત છે. શુદ્ધ પ્રકાશ છે એ અનંત જ્ઞાન છે. આનંદ છે એ અનંત આનંદ છે. અને છેલ્લો શબ્દ '**अचलार्चि**' આત્મા. અર્ચી છે એ વીર્ય છે. એ અનંતવીર્ય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત આનંદ અને અનંતવીર્ય એ સુપ્રભાત (છે). આ પ્રભાત તો થાય અને વળી પાછું બપોર થઈને સાંજ થઈ જાય છે. પણ આ પ્રભાત તો ઊગ્યો એ ઊગ્યો. આહાહા..! '**अच्छाच्छाः**' શબ્દ આપણે અહીં છે ને?

શાસ્ત્રમાં એક લેખ છે કે બે લાખ યોજનનો જે આ લવણસમુદ્ર છે, આ લાખ યોજનનો જંબુદ્વિપ છે એને ફરતો બે લાખ યોજનનો લવણ સમુદ્ર. એના મધ્યમાં એક યોજન ડગમાળ પાણી ચડ્યું છે. શું કીધું? એવો સ્વભાવ અનાદિનો છે. પાણીના તળિયેથી બે લાખ સમુદ્રની મધ્યમાં દૂર કાંઈક છે સ્યાહી. બધું યાદ નથી. મધ્યમાં એક યોજન પાણીનું ડગ તળિયાથી ઊંચું છે આમ. સમજાણું કાંઈ? એ અનાદિનો એવો સ્વભાવ (છે). ખારા સમુદ્રમાં પણ વચમાં ડગમાળ ઊંચો એ ઘટે નહિ. સમજાણું કાંઈ? ભગવાને કહેલું છે. લવણસમુદ્રમાં (એમ છે). પાણી સીધા તો હોય આમ પણ પાણીના તળિયેથી એક યોજન ઊંચું પાણી આમ ચડ્યું છે. ચારે બાજુ..

મુમુક્ષુ :- સાયન્સ ન માને.

ઉત્તર :- સાયન્સ ન માને. સાયન્સના બાપને ભાન કે દિ' છે? આ તો વિજ્ઞાનનું વિજ્ઞાન (છે).

સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ જેના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એમ કહેવું એ પણ વ્યવહાર છે. એની પર્યાયમાં જ એવો સ્વભાવ છે. આહાહા..! જેમ સ્વચ્છ પાણીમાં રાત્રીમાં માથે ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ કરોડો (છે), એ પાણીનું સ્વચ્છત્વ જોતાં એમાં એ જણાય જાય છે. પાણીની સ્વચ્છતા આમ જોતાં એમાં એ જણાય જાય છે. એ પાણીની અવસ્થા છે. એ કાંઈ એ ચીજ નથી એમાં. અને એ ચીજની અવસ્થા નથી ત્યાં. આહાહા..! એમ ભગવાનઆત્માના જ્ઞાનમાં લોકાલોક છે એ લોકાલોક નથી. જેમ ઓલા ચંદ્ર અને તારા દેખાય છે એ ચંદ્ર-તારા નથી ત્યાં. એ પાણીનું સ્વચ્છતાનું સ્વરૂપ એવું છે. એમ ભગવાનઆત્મા... '**अच्छाच्छाः**' આવ્યું છે ને આપણે? આહાહા..!

નિર્મળ સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે તારી પર્યાયમાં એ દરિયો મોટો પ્રભુ છે. ઓલો ખાર સમુદ્ર દરિયો બે લાખ યોજનનો. એના મધ્યમાં પણ એક યોજન ડગમાળ ઊંચો પાણીનો (ભાગ છે). આહાહા..! કુદરતના સ્વભાવના નિયમ પ્રમાણે એ કાયમ રહેનાર છે. સમજાણું કાંઈ? એમ આ ભગવાનઆત્મા ચૈતન્યના સ્વભાવનો.. આવ્યું છે ને આપણે? ચૈતન્યરત્નાકર આવ્યું છે ને? દરિયો એની સાથે ઉપમા આપી. લવણની સાથે અહીં ઉપમા આપી. આહાહા..! ભગવાન ચૈતન્યરત્નાકર પ્રભુ, એની સન્મુખ જોતાં, એનો સ્વીકાર કરતાં એ છે, છે તો છે, પણ એવડી શક્તિવંત મહાપ્રભુ છે એવી પ્રતીતમાં મહાપ્રભુની પ્રતીતિ આવે એ પ્રતીતિનું જોર કેટલું! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન એટલે સત્ય પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એ સત્યનું દર્શન, સત્યની પ્રતીતિ, સત્ય જેવડું મોટું છે એવડું તેની જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન આવ્યું અને એવું જ્ઞાન આવ્યું એમાં એની પ્રતીતિ આવી કે આ તો પરમાનંદ અને અનંત ગુણનો (પિંડ) પ્રભુ અખંડ છે. આહાહા..! એવો જે પર્યાય એ '**अच्छाच्छाः**' આપણે ચાલે છે. નિર્મળથી નિર્મળ જ્ઞાન ધર્માત્માને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! અને એ પ્રકાશ તે પૂર્ણ અનંતદર્શન થાય છે એને અહીંયાં '**चित्पिण्ड**' '**चित्पिण्ड**' કીધું. '**चित्पिण्ड**' એ જ્ઞાનનો પિંડ અનંતદર્શનનો, પર્યાયમાં અનંતો દર્શનનો ડગમાળ ઊભો થાય છે. આહાહા..! પ્રભુ મીઠો મહેરામણ છે. અનંત પવિત્રના રત્નાકર ગુણોથી ભરેલો મીઠો મહેરામણ. આહા..! 'સહેજે સમુદ્ર ઉલસ્યો જેમાં રત્ન તણાણા જાય. ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' એ ભગવાનઆત્મા અનંત અનંત રત્નાકરથી ભરેલો પ્રભુ દરિયો.. આહાહા..! એના સન્મુખની દૃષ્ટિ કરતાં, એનો સ્વભાવ જેટલો જેવડો છે, તેટલો જ્ઞાનની પર્યાયમાં અને શ્રદ્ધામાં સ્વીકાર કરતાં પર્યાયમાં નિર્મળ ધારા વહે છે. સમજાણું કાંઈ? એને અહીંયાં સુપ્રભાત કહ્યું. એકલો પ્રભાત શબ્દ નથી. સુપ્રભાત. આ પ્રભાત તો અનંત સવારમાં ઊગે અને જાય. આ તો સુપ્રભાત.

એથી આચાર્યો તો એમ જ કહે છે ૩૮, ૯૨. ૯૨માં 'પ્રવચનસાર', ૩૮માં 'સમયસાર'. આહાહા..! ભગવાનઆત્મા આવો જે ચૈતન્યરત્નાકર પ્રભુ, એનું અમને આગમજ્ઞાનથી અથવા અનુભવથી જે જ્ઞાન થયું, એવી જે જ્ઞાનમાં અમને સમ્યગ્દર્શનની પ્રતીતિ થઈ. અમે છદ્મસ્થ અલ્પજ્ઞ પ્રાણી, પંચમઆરાના પ્રાણી કેવળીના વિરહમાં રહ્યા. પણ અમે કહીએ છીએ કે અમને અમારું જ્ઞાન પ્રગટ્યું. સમ્યગ્દર્શન થયું એ હવે પાછું નહિ વળે. એ તો કેવળજ્ઞાન લીધે છૂટકો છે. આહાહા..! એ પણ છદ્મસ્થ અલ્પજ્ઞ પ્રાણી. વસ્તુ ક્યાં છદ્મસ્થ અને અલ્પજ્ઞ છે? આહાહા..! વસ્તુ તો સર્વજ્ઞ સ્વભાવી, સર્વદર્શી સ્વભાવી, અતીન્દ્રિય અનાકુળ આનંદ સ્વભાવી, અતીન્દ્રિય અનાકુળ વીર્યના બળથી ભરેલો ભગવાન... આહાહા..! એને સ્વીકારતા, એનું માન આપતા એટલે આ છે એમ જ્યાં સ્વીકાર્યું. હું રાગવાળો છું, અલ્પજ્ઞ છું ત્યાં સુધી એણે સ્વભાવનું અપમાન કર્યું છે. આહાહા..! સ્વભાવ મોટપનો અનાદર કર્યો છે.

એક મોટો માણસ મળવા આવે. બે-પાંચ-દસ કરોડવાળો. અને દસ મિનિટની મુદતે આવ્યો હોય. એમાં એને છોકરો બે વર્ષનો હોય આવડો આ એની સાથે રમે અને ઓલો દસ મિનિટમાં ચાલી જાય, ઓલો ઊભો થઈને વયો જાય. સમજાય છે કાંઈ? એમ... આ તો દૃષ્ટાંત છે. ભગવાન આનંદનો નાથ મોટો બિરાજે છે એની સાથે વાત ન કરતાં, એનો આદર ન કરતાં એ પર્યાયમાં અને રાગની રમતમાં બાળકની સાથે રમવામાં જાય છે. ઓલી ચીજ ખોવાય જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીંયાં તો કહે છે, '**चित्पिण्ड**' '**જીવને અવશ્ય જીવપદાર્થ સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે, અનંતચતુષ્ટયરૂપ થાય છે.**' જુઓ! અહીં સુપ્રભાતમાં. '**અનંતચતુષ્ટયરૂપ થાય**

છે.' જરી આમાં અર્થમાં ફેર છે. અને 'સમયસાર'ના અર્થમાં ફેર છે થોડો. ખબર છે. '**अचलार्चि**' '**સર્વ કાળ એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન...**' એ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયું.. ઓલામાં '**अर्चि**'નો અર્થ એ કર્યો છે-વીર્ય. અનંતવીર્ય જ્યાં પ્રગટ્યું એ વીર્યને કારણે ત્યાં આખા અનંત કેવળજ્ઞાન, કેવળદર્શનની રચના થઈ એ એવી ને એવી રહેવાની. આહાહા..!

અહીંયાં તો નીચલી દરક્ક્ષામાં પણ આત્મા પૂર્ણાનંદના નાથનો સ્વીકાર અને સમ્યગ્દર્શન કરતાં એ ફરે નહિ, પડે નહિ એમ જ્યાં પોકાર છે આત્માનો. આહાહા..! ધર્માત્મા પંચમઆરાના ધર્માત્માનો આ પોકાર છે. અમને કેવળજ્ઞાનીનો વિરહ છે. અમે કોને પૂછીને આ કરીએ? કે અમે આ ભગવાનઆત્મા છે એને પૂછીને કહીએ છીએ. આહાહા..! એ જે સમ્યક્ પ્રતીતિ અને સમ્યક્જ્ઞાન થયું એ અમારું પાછું નહિ ફરે. ચારિત્ર છે એ તો જશે. સ્વર્ગમાં જશું. ચારિત્ર નહિ રહે. પણ આ સમ્યગ્દર્શન અને જ્ઞાન તો સળંગ અહીંથી જઈશું સ્વર્ગમાં, ત્યાંથી મનુષ્ય થઈને કેવળ પામીશું. ત્યાં સુધી સમ્યગ્દર્શનની ધારા એની સાથે રહેશે. આહાહા..! આ વર્ષ બેસતાની બોણી છે ને! આહાહા..! આવો માર્ગ છે, પ્રભુ! તું કોણ છો એની એને ખબર નથી. આહાહા..!

અહીં કહે છે કે અનંત કેવળજ્ઞાન અને કેવળદર્શન '**તેજપુંજ જેનો એવો છે. વળી કેવો છે?**' '**चित्पिण्ड**'નો અર્થ અહીંયાં જ્ઞાનપુંજ કર્યો. અને ત્યાં આગળ '**चित्पिण्ड**'નો અર્થ દર્શન કર્યો છે. 'સમયસાર'માં. પિંડ છે ને? પિંડ એટલે દર્શન કર્યું છે. '**चित्पिण्ड**' અર્થમાં દર્શન કર્યો. એ તો અપેક્ષાથી (કર્યો છે).. '**જ્ઞાનપુંજના પ્રતાપની એકરૂપ પરિણતિ એવું જે પ્રકાશસ્વરૂપ...**' આહાહા..! '**તેનું...**' '**हासः**' '**हासः**' નો અર્થ '**નિધાન છે.**' અહીં '**हासः**'નો અર્થ '**हासः**' નહિ. હિણપ નહિ. '**हासः**' ભગવાનઆત્મા... આહાહા..! એના હરખના આનંદે અંદરમાંથી ઉછળે છે અને પ્રગટ થાય છે, ત્યારે કહે છે કે નિધાન પ્રગટ્યું એને તો. છે?

એ નિધાન છે. '**પ્રકાશસ્વરૂપ તેનું નિધાન છે.**' આહાહા..! '**વળી કેવો છે? રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ તેની વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ,...**' '**भर**' '**भर**' ભરેલો નથી? આ નથી માણસ કહેતા કે ગાડું ભરે ત્યારે ભર ભર્યો છે, એમ કહે છે ને? આહા..! એમ ભગવાનઆત્મા, એની નિર્મળપર્યાયમાં ભર ભર્યો છે. આહાહા..! સ્વભાવની વાત તો શું કરવી, પણ સ્વભાવમાં પ્રગટેલા જ્ઞાન અને દર્શન એ ભર છે મોટો. જેમ પચ્ચીસ મણનું ગાડું ભરે અને ભર ભરે એમ કહે, એમ અહીંયાં આત્મા આનંદના નાથને ઉછાળી અને પર્યાયમાં ભર ભરે છે. આહાહા..! જેને જ્ઞાનની કળા, આનંદની કળા અનંતી પ્રગટ થાય છે. સમ્યગ્દર્શનમાં એ છે. આહાહા..!

'ચારિત્રપાહુડ' છે એમાં તો એમ કહ્યું છે કે ચારિત્ર જે છે, ચારિત્ર-સ્વરૂપની રમણતા, એ અક્ષય અમેય છે. એમ કહ્યું છે. ગુણની દ્રવ્યની વાત નહિ. ચારિત્ર જે છે... એ પાઠ છે ચારિત્રપાહુડમાં. અક્ષય અમેય. આહાહા..! નાથ પ્રભુ જેમ અક્ષય છે, એમ એનું દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ્યાં પ્રગટ્યું, કહે છે કે એ અક્ષય છે, હવે ક્ષય નહિ થાય. આહાહા..! અને

અમેય છે. એની મર્યાદા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

રાત્રે કહ્યું નહિ જરી 'બહેન'નું? કે આ વિકાર છે તે સીમા છે એની. પર્યાયમાં જે વિકાર છે પણ એ સીમા છે-એની હદ છે. એ અપરિમાણ અને અનહદ એ ચીજ નથી. આહાહા..! ચાહે તો શુભ-અશુભરાગ અને મિથ્યાત્વ હો, પણ એ વિકારને હદ છે, મર્યાદા છે. તેથી ત્યાંથી પાછું વળી શકાય છે. સમજાણું કાંઈ? એ વચનામૃતમાં છે. આવ્યું છે 'દેવજીભાઈ'? વચનામૃત આવી ગયું? વાંચ્યું થોડું? ઠીક. 'કાનાતળાવ'ના કૃષિકાર છે. આહાહા..!

કહે છે કે એ વિકારની પર્યાય છે એ મર્યાદિત અને હદવાળી છે. પ્રભુ! ત્યાંથી ફરી શકાય છે. પણ તારો સ્વભાવ છે એ અક્ષય અને અમેય છે. એની પ્રતીતિ અને ચારિત્ર રમણતા થઈ એને પણ અમે તો અક્ષય ને અમેય કહીએ છીએ. આહાહા..! અમેય-એની મર્યાદા નહિ. આહાહા..! જ્યાં મીઠો મહેરામણ ભરેલો ઉછળે છે પર્યાયમાં. આહાહા..! એની શાંતીની સ્થિરતા લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ ઉત્પન્ન થાય છે એમ કહે છે. એ ચારિત્રને ત્યાં 'કુંદકુંદાચાર્ય' પોતે છદ્મસ્થ પંચમઆરાના સંત કહે છે. ભાઈ! ચારિત્રને અક્ષય કહીએ છીએ અમે. પ્રભુ! પણ પર્યાયે છે ને? તમે ૩૮ ગાથામાં એમ કહો કે કેવળજ્ઞાનાદિ પર્યાય નાશવાન છે. ૩૮માં. સંવર, નિર્જરા અને કેવળપર્યાય પણ નાશ પામશે. બાપુ! એ તો એક સમયની મુદતની અપેક્ષાએ કહ્યું. પણ એ સમયમાં જે કેવળજ્ઞાન છે એ તો અમેય છે. અરે..! ચારિત્ર છદ્મસ્થ દશા... આહાહા..! જેને હજી અલ્પજ્ઞ દશા છે. મતિ અને શ્રુત બે જ વર્તતા હોય, પણ જેને આનંદના નાથમાં રમજાણ વાગી છે અંદર... આહાહા..! સમ્યગ્દર્શન ઉપરાંત રમમાણ વાગ્યું છે અંદરમાં લીનતામાં, કહે છે કે એ ચારિત્રની છે તો પર્યાય પણ અમે તો એને અક્ષય અમેય કહીએ છીએ. આહાહા..! 'ડાહ્યાભાઈ'! આહાહા..! એ પર્યાય થઈ નહિ થાય. પ્રભુ! એક કોર એમ કહે છે કે દર્શન અમને થયું એ પાછું નહિ ફરે. બીજી કોર એમ કહે છે કે ચારિત્ર તે અક્ષય છે. છતાં ચારિત્ર તો છદ્મસ્થનું છે એટલે મુનિ જશે ત્યારે ચાલ્યું જશે, પણ એનો અંશ સ્વરૂપાચરણચારિત્ર તો રહેશે જ. સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં ભગવાન ધ્રુવને ધ્યેયમાં લીધો, એવી જે પર્યાય પ્રગટી દર્શન-જ્ઞાન-ચારિત્રની, એ અક્ષય અને અમેય છે. આહાહા..! હદ વિનાની પર્યાયની એટલી તાકાત નિર્મળની છે. સમ્યગ્દર્શનની અને સમ્યગ્જ્ઞાનની અલ્પજ્ઞતામાં અને ચારિત્રની યથાખ્યાત ચારિત્ર વિનાનું ચારિત્ર... આહાહા..! ભાઈ! જેનો સ્વભાવ છે એ સ્વભાવને હદ ન હોય. એવા સ્વભાવનો જ્યાં પર્યાયમાં પ્રગટપણે વિકાસ થયો, '**हासः**'-વિકાસ નિધાન પ્રગટ્યું અંદરથી. આહાહા..! પર્યાયમાં નિધાન આવ્યું. સમજાણું કાંઈ? અરે..! એને કહે છે. '**નિધાન છે.**' '**हासः**'નો અર્થ જુઓ! શબ્દ '**हासः**' પણ એનો અર્થ નિધાન છે.

'**વળી કેવો છે? રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ તેની વારંવાર જે શુદ્ધત્વરૂપ પરિણતિ,...**' '**भर**'નો અર્થ એ કર્યો. '**તેનાથી થયો છે સાક્ષાત્ ઉદ્યોત...**' '**सुप्रभातः**'નો અર્થ કર્યો. '**સાક્ષાત્ ઉદ્યોત...**' આહાહા..! એ ચૈતન્યની પર્યાય.. આમાં તો પોતાની વાતું છે, બાપુ! પરનું આમાં કાંઈ... આહાહા..! પરનું કરવું કે પરને

કરાવવું એ વાત તો અહીં છે જ નહિ. એ તો પોતે પોતામાં પ્રગટ કરે અને પ્રગટ કરેલો એમ ને એમ રાખે આહાહા..! એવો જ એનો સ્વભાવ છે, કહે છે. આહાહા..! છે? શું હવે ખુલાસો આપે છે, જુઓ!

'**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ મટાડીને...**' એ રાત્રી હતી. '**મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ...**' રાત્રી '**મટાડીને શુદ્ધત્વપરિણમે...**' એ રાત્રીનો નાશ કરીને પ્રકાશરૂપે પરિણમે. આહાહા..! '**બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે.**' શુદ્ધત્વ પરિણામે બિરાજમાન. આહાહા..! પરિણામે બિરાજમાન. એમ છે ને? 'ચંદુભાઈ'! આહાહા..! પોતાના આસનમાં હવે બિરાજે છે. આહાહા..! બીજી ગાથામાં કહ્યું ને? '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं**' તેને આત્મા કહીએ. અને રાગ અને પુણ્યના ભાવમાં ઠરે, રોકાય તેને પરસમય અનાત્મા કહીએ. આહાહા..! અહીંયાં લોકોને વાંધો આખો આવે છે. કે જે પુણ્યના, દયા, દાન, વ્યવહારરત્નત્રય છે એનાથી નિશ્ચય થાય. એટલું બીજું તમારું બધું સારું છે. તમે બહુ ઠીક કરો છો. પણ આ એક ભૂલ છે. પણ છદ્મસ્થ છે એટલે હોય ભૂલ એમ કરીને.. કાલે આવ્યું હતું ને? 'વિદ્યાનંદજી'નું.

'**छलं ण घेत्तव्वं**' પણ એનો અર્થ જ નથી ત્યાં. '**छलं ण घेत्तव्वं**' ત્યાં તત્ત્વની ભૂલ છે અને '**छलं**' ગોતવું એ વાત નથી ત્યાં. ત્યાં તો બાપુ! હું જે આત્માના અનુભવની વાત કરું છું... '**जदि दाएज्ज पमाणं**' '**तं एयत्तविहत्तं**' સ્વભાવની એકતા અને વિકલ્પની પૃથકતા '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારા વૈભવથી હું કહીશ. હવે કહીશ તો આવ્યું છે બીજા પદમાં. '**दाएहं**' છતાં ત્રીજા પદમાં લીધું '**जदि दाएज्ज पमाणं**' આહાહા..! જો ધારા આવી.. આહાહા..! '**जदि दाएज्ज**' '**दाएहं अप्पणो सविहवेण**' મારા નિજ વૈભવથી (કહીશ). અતીન્દ્રિય સ્વસંવેદન-ભાવલિંગ એ મારો નિજ વૈભવ. આહાહા..! એનાથી હું 'સમયસાર'. કહીશ તેને તમે '**जदि दाएज्ज**' જો દેખાડીશ. એમ તો પહેલું કહ્યું બીજા પદમાં. '**दाएहं अप्पणो सविहवेण**' પણ '**जदि**' જો આવ્યું, દેખાડું (તો) પ્રમાણ કરજે. એ પ્રમાણ એટલે હા એમ નહિ. આહાહા..! અનુભવ કરીને પ્રમાણ કરજે. આહાહા..! છદ્મસ્થ પંચમઆરાના સંતોની વાણી તો, દેખો! આહા..! પ્રભુ! પણ કે દિ'? 'પ્રવચનસાર'ની પાછળમાં છે. આજ. આહાહા..! છે? આજ શબ્દ પડ્યો છે. તત્કાળ તો શીઘ્ર. ત્યાં બે ગાથા 'પ્રવચનસાર'માં છેલ્લે (છે). આજ. એ અહીં કહે છે કે હું કહું છું એને પ્રમાણ કરજે, પ્રભુ! વાયદા કરીશ નહિ. વાયદા કરે એ માઠો છે. આહાહા..! પ્રમાણ કરજે. '**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं**' કોઈ શબ્દમાં, વ્યાકરણની ભાષામાં ફેરફાર આવે અને તને એ વ્યાકરણનો ખ્યાલ હોય. તને એમ લાગે કે આમાં કાંઈક.. ત્યાં તું ઊભો ન રહીશ. મારો હેતુ જે કહેવાનો છે તે તું લક્ષમાં લેજે. કોઈ વ્યાકરણની અને શબ્દની ભાષામાં ફેરફાર આવે અને તને એ જાતનું જ્ઞાન હોય તો તને ખ્યાલમાં આવે કે અહીં ભૂલે છે (તો) એ ઉપર લક્ષ ન રાખીશ. આહાહા..!

અમે કહીએ છીએ તે ભાવમાં ભૂલ નથી. ભગવાનની વાર્તામાં ભગવાનમાં ભૂલ ન હોય. આહાહા..! એ શબ્દોના વ્યાકરણના નિયમમાં કોઈ ફેરફાર આવે (પણ) મારું જોર ત્યાં છે

અનુભવમાં. આ વ્યાકરણના શબ્દોની શૈલી આવી ને આ ને એમ, એ મારું લક્ષ નથી. આહાહા..! તો એ ધ્યાન ન રાખીશ. એ તો શબ્દની શ્રૃંખલામાં વ્યાકરણના ભેદમાં લક્ષ ન રાખીશ એ વાત કરી છે. પણ તત્ત્વની ભૂલ હોય અને કહે લક્ષમાં ન લઈશ એમ નથી, બાપુ! આહાહા..! કાલે તો એ નાખ્યું છે. ભાઈ!

અહીં તો પરમાત્મા અખંડાનંદ પ્રભુ, રાત્રીનો જેમ નાશ થઈને પ્રભાત ઊગે છે... આહાહા..! એમ અજ્ઞાનનો નાશ થઈને પ્રભુ ચૈતન્યના પ્રકાશે સુપ્રભાતે પ્રકાશે છે. આહાહા..! એ સુપ્રભાત હવે પાછી પડવાની નથી, કહે છે. આહાહા..! એ સુપ્રભાત ઊગી એ ઊગી. આહાહા..! અપ્રતિહતભાવે અહીંયાં વાત ચાલે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અમે છદ્મસ્થ છીએ એટલે અમારા ઉપર તું એમ ન માનીશ કે આ અલ્પજ્ઞ છે માટે કાંઈક પાછા ફરી પણ જાય, ભ્રષ્ટ પણ થઈ જાય. એમ ન માનીશ, બાપા! ઓહોહો..! અમે અલ્પજ્ઞ છીએ પણ છીએ અમે કેવળજ્ઞાનના કેડાયતો. આહાહા..! અને અમે આ ધારાએ કેવળજ્ઞાન લેવાના છીએ. આહાહા..! અત્રુટ અપ્રતિહતભાવે વાત કરે છે. આહાહા..! દિગંબર સંતોની વાણી તો જુઓ! આહાહા..! અરે..! એના ઉંડાણમાં શું શું ભર્યું છે! આહાહા..! એના તળિયે વાણીને અંદર તળિયામાં... આહાહા..! કેવા ભાવ ભર્યા છે! એવી વાત ક્યાંય નથી. બીજાને દુઃખ લાગે કે અમારી વાતને માન્ય નથી રાખતા. પ્રભુ! વસ્તુનું સ્વરૂપ એમ છે. આહાહા..!

અહીં કહે છે જેમ રાત્રી ટળીને પ્રકાશ થાય સવારમાં... આહાહા..! એમ મિથ્યા ભ્રમ અને તે પ્રકારના રાગ-દ્વેષનો નાશ થઈ અને ચૈતન્યના સ્વભાવમાંથી જ્યાં નિધાન ઉછળે છે... આહાહા..! એ રતનનો ઢગલો ડગ ઉછળે છે અંદર. જે અશુદ્ધતાને તો ટાળીને ઊભું થાય છે. કર્મનું ટળવું તો એને કારણે છે. એ કાંઈ આત્માને કારણે નહિ. સમજાણું કાંઈ? એ '**અશુદ્ધ પરિણતિ મટાડીને શુદ્ધત્વપરિણામે બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે.**' આહાહા..! ભાષા કેવી વાપરી છે! શુદ્ધ જીવ અજ્ઞાનનો નાશ કરી અને સમ્યગ્દર્શન-જ્ઞાનના પ્રકાશપણે બિરાજમાન થાય છે. આહાહા..! એના આસન હવે ફરી ગયા, કહે છે. જે રાગમાં આસન હતા એ નિર્મળમાં આસન લગાડી દીધા. આહાહા..! ઉદાસીન શબ્દ છે ને? ઉદાસીનનો અર્થ એ છે-રાગથી ખસીને ઉદાસીન-પોતાના સ્વરૂપમાં આસન નાખવા. ત્યાં સ્થિર થવું, દૃષ્ટિ કરવી અને સ્થિર થવું. એનું નામ ઉદાસીન છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે...**' આહાહા..! કહે છે કે પ્રભુ પોતે પોતાના નિર્મળ પરિણામમાં બિરાજમાન થયો, તો અતીન્દ્રિય આનંદ લેતો બિરાજમાન થયો છે. આહાહા..! આવી વસ્તુ (છે). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવની આ વાણી છે, ભાઈ! સંતો તો આડતિયા છે. દિગંબર સંતો તો આડતિયા છે. માલ સર્વજ્ઞના ઘરનો, એ પૂર્ણપણે પ્રગટ્યો નથી છતાં પૂર્ણ સ્વરૂપને આશ્રયે પ્રગટ્યો માટે અમે પૂરા છીએ. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો! આ વર્ષ બેસતું. આ સુપ્રભાત કહેવાય, બાપા!

ભગવાન! તું ભગવાન છો ને. આહાહા..! તું હીણો ન માન. એ તો કહ્યું નહોતું? કાલે અને દરરોજ કહીએ છીએ. 'ઘટ ઘટ અંતર જિન વસે ને ઘટ ઘટ અંતર જૈન. પણ મતમદિરા કે પાનસો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે...' એ જિન ભગવાન અહીં છે

અને બહાર છે, એ નહિ. આ દેહઘટમાં ભગવાન અંદર બિરાજે છે જિન જિનસ્વરૂપે બિરાજે છે. અરે..! કેમ બેસે? આહાહા..! પામરતાની પર્યાયનો સ્વીકાર કરનાર.. કાલે એક ભાઈ બોલ્યા હતા ને કે અમને પામરને પ્રભુ કહે છે. ત્યારે 'ચંદુભાઈ' કહે, પ્રભુને પ્રભુ કહે છે એમ કહો. બોલ્યા હતા ને? પામર નહિ. પર્યાયમાં પામરતા એ કાંઈ તુ નહિ. આહાહા..! જાણે, જ્ઞાનમાં જાણે. એ 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે કે મુનિઓ ધર્માત્મા પોતાના સ્વરૂપની પરિણતિને જાણે છે. પણ પોતે તૃણ જેવી (જાણે છે). ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં આ? એમ જોતાં તૃણ જેવું દેખે છે એને. 'સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. આહાહા..! છતાં એ પ્રભુતાને ભૂલતા નથી. આહાહા..!

એક ફેરી 'પોરબંદર'માં હતું. અપાસરામાં બેઠા હતા. એમાં એક છોડી એની માના હાથમાંથી ખસી ગઈ. થોડુંક આઘી વઈ ગઈ અને કાંઈ હાથ ન આવી. હવે પોલીસ આવ્યા. છોડીને પૂછે, તું ક્યાંની છો? કઈ મોલની? મારી બા. તારું નામ શું? મારી બા. એક જ વાત. અપાસરાની જોડે પોલીસ આવ્યો અને એ છોડી રોવે... રોવે... રોવે... રોવે... એની માના હાથમાંથી ખસી ગઈ અને મા ક્યાંક વઈ ગઈ. તારી ગોઠણી કોણ? એમ કરીને કોઈકે ગામની બાય, છોડી, ગોઠણી હોય તો ઓળખીએ. એ (કહે), મારી બા. એમ ધર્મીને મારો નાથ પરમપારિણામિક સ્વભાવ એ મારો છે. સમજાણું કાંઈ? આહાહા..! એની દૃષ્ટિમાં પારિણામિકભાવનો એક સમય વિરહ પડતો નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા...

કહે છે, **'આકુળતાથી રહિતપણું,...'** આનંદપણે પ્રગટે છે. આહાહા..! સુપ્રભાત. આહાહા..! આ સુપ્રભાત. સમ્યગ્દર્શન થતાં આનંદને સાથે લઈને પ્રગટે છે. કેવળજ્ઞાન થતાં અતીન્દ્રિય અનંત આનંદની પૂર્ણતા લઈને કેવળજ્ઞાન પ્રગટે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

અરેરે..! એણે કોઈ દિ' કરી નહિ. સ્વની દરકાર કરી નહિ. બહારમાં જરી શરીર મળ્યું, પૈસા મળ્યા ને કાંઈક જાણપણાનો ઉઘાડ થયો ત્યાં થઈ રહ્યું, ફાટ્યો પ્યાલો અંદરથી. આહાહા..! ભગવાન! તું કોણ છો? ભાઈ! તારું જ્ઞાન તો અંતરના સ્વભાવમાંથી ફાટીને આવે ત્યારે જ્ઞાન કહેવાય. આહાહા..! એ જ્ઞાનને અહીં કહે છે કે આનંદસહિત આવે છે. એકલું શાસ્ત્રજ્ઞાન અગિયાર અંગ અને નવ પૂર્વ ભણે (પણ) એ દુઃખરૂપ જ્ઞાન છે. આહાહા..! આ જ્ઞાન અંતરના સ્વભાવને આશ્રયે રાત્રી ટળીને પ્રકાશ સુપ્રભાત થયો. એમ અનાદિનું અજ્ઞાન ટળીને ભગવાનના પ્રકાશ બહાર આવ્યા. પ્રકાશ તો હતો જ અંદર. બહાર આવ્યો. આહાહા..! એની પર્યાયમાં પ્રકાશ આવ્યો. એ આનંદ લેતો આવ્યો, કહે છે. એકલો પ્રકાશ નહિ. એ ચૈતન્યનું જ્ઞાન થયું એ એકલું જ્ઞાન નહિ, ભેગો આનંદ લેતો આવ્યો છે. અહીં છે ને?

**'અતીન્દ્રિય સુખના કારણે જે આકુળતાથી રહિતપણું તેનાથી સર્વ કાળ અમિટ છે...'** આહાહા..! ફરે નહિ હવે. અહીં તો કેવળજ્ઞાનની વાત લીધી છે. પહેલેથી સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું એ સુપ્રભાત થયો. આહાહા..! મહાપુરુષ પરમાત્મા પોતે તેના જેને ભેટા થયા શ્રદ્ધામાં. આહાહા..! હવે અમિટ છે. એ નહિ મટે. એ નહિ ફરે. એ ચારિત્રની રમણતા લઈ કેવળજ્ઞાન લીધે છૂટકો કરશે. આહાહા..! 'શ્રીમદ્'માં આવે છે એ. ૨૯ મા (વર્ષમાં). સમકિત

થયા પછી તું કહે કે અમારે કેવળજ્ઞાન નથી જોઈતું. નહિ ચાલે પછી. 'લાલચંદભાઈ'! એમાં છે. ૨૯મી છાયામાં છે. આહાહા..! મહાપ્રભુને તેં સ્વીકાર્યો દર્શનમાં, શ્રદ્ધામાં, પ્રતીતમાં, જ્ઞાનમાં, હવે (તું કહીશ કે) અમારે કેવળજ્ઞાન નથી જોઈતું. નહિ ચાલે કેવળજ્ઞાન લેવું જ પડશે. બીજ ઊગી તો પૂનમ થયે છૂટકો છે. એ બીજ પાછી નહિ ફરે હવે. આહાહા..! એમ બોધીબીજ ભગવાન પૂર્ણાનંદના નાથની પ્રતીતિ જ્ઞાનમાં ભાન થઈને થઈ... આહાહા..! એ બીજ પાછી નહિ ફરે. એ બીજ કેવળજ્ઞાનની પૂર્ણ (થશે). પૂનમ એટલે પૂર્ણ. સોળ કળા ખીલે ત્યારે પૂનમ કહેવાય. અમાસની પણ એક કળા તો ખુલી હોય જ તે. એકમની બે અને બીજને દિ' ત્રણ હોય કળા. પૂનમને દિ' સોળ કળા હોય. એમ આત્મા પૂર્ણાનંદનો નાથ, કહે છે કે સમ્યગ્દર્શન ઊગે ત્યાં ત્રણ કળા ભેગી-સાથે છે, એક કળા નહિ.

મુમુક્ષુ :- બીજની ત્રણ કળા એટલે આ.

ઉત્તર :- ત્રણ કળા. કારણ કે એક કળા તો સદાય ખુલ્લી જ હોય છે. અમાસ હોય તોપણ ચંદ્રની એક કળા તો ખુલ્લી જ હોય. આહાહા..! ગમે તેટલો અવરાય જાય તો અક્ષરના અનંતમાં ભાગનો ઉઘાડ તો નિગોદમાં પણ રહે. આહાહા..! સમજાય છે કાંઈ? જેને બીજા આત્મા છે એમ સ્વીકારવા પણ મુશ્કેલ પડે. એ સંપ્રદાયમાં કહેતા. કે ભગવાનઆત્મા જેવડો છે એવડો ન માનતા એને આળ આપે, અભ્યાખ્યાન આપે એ રાગવાળો છે, પુણ્યવાળો છે, પાપવાળો છે એ આળ ચડાવ્યા તે. આત્માને આળ દીધા છે. આળ દીધા એ મરીને જશે નિગોદમાં તો બીજા જીવ એને માનશે નહિ એવી સ્થિતિમાં એ જશે. આહાહા..! કેમકે તેં આવડો મોટો પ્રભુ હતો એને માન્યો નહિ અને અનાદર કર્યો તે. આહાહા..! તેં ન સ્વીકાર્યો અનાદર કરીને. અમે કાંઈક જ્ઞાની છીએ, અમે ધર્મી છીએ અને અમે જાણીએ છીએ. પ્રભુ! એ દશા તારા સ્વીકારવામાં ન આવી તો એવી સ્થિતિમાં તું જઈશ કે લોકો જીવ છે એમ નહિ સ્વીકારે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '(-અટળ) છે...' '**अस्खलित**' શબ્દ લીધો છે ને? '**अस्खलित**' '**અમિટ છે તદ્રૂપ સર્વસ્વ જેનું,...**' આહાહા..! એ સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ્યું પણ એ અમીટ છે. આહાહા..! અહીં તો પૂર્ણની વાત કરી. પણ એ પૂર્ણ ને અહીં પૂર્ણનો જે અંશ છે એ બધી એક જ જાત છે. એ અવયવીનો અવયવ છે. કેવળજ્ઞાન છે એ અવયવી છે અને મતિ-શ્રુતજ્ઞાન તેનો અવયવ છે. એક અવયવને જોતાં એને અવયવી કેવડો એ પણ એના જ્ઞાનમાં આવી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? અને 'ધવલ'માં તો એમ કહ્યું છે, એ જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જે પ્રગટ્યું-અવયવ, એ કેવળજ્ઞાનને બોલાવે છે. આહાહા..! એય..! આવ આવ, ભાઈ! ક્યાં માર્ગ છે? એમ મતિ અને શ્રુતજ્ઞાન જ્યાં સમ્યક્ કળા ખીલી... આહાહા..! એ 'ધવલ'માં પાઠ છે. એ કેવળજ્ઞાનને બોલાવે છે. આવ ભાઈ, આવ અલ્પકાળમાં.

મુમુક્ષુ :- ચાલ્યું આવે છે.

ઉત્તર :- ચાલ્યું આવે છે. 'લાલચંદભાઈ'! આહાહા..! ત્યાં એવો પાઠ છે કે બોલાવે છે. હે અવયવી! પૂર્ણ કેવળજ્ઞાન! મારે વર્તમાન પરોક્ષ છે. પણ હું તને બોલાવું છે. આવ હવે

ઝટ. આ વચલી અપૂર્ણતા છોડી દે. આહાહા..! જુઓ! આ છદ્મસ્થ સંતોની વાણીના... આહાહા..! જોર તો જુઓ જોર! જેને સાંભળીને પાવર ફાટી જાય અંદરથી. કાયરના કાળજા કંપે પણ વીરોના વીર ફાટે. આહાહા..! આવી વાતું છે. આ વર્ષ બેસતું. ૩૪મું વર્ષ બેઠું ને.

મુમુક્ષુ :- અચ્છી બોણી..

ઉત્તર :- સારી બોણી થઈ. લ્યો! અમારે 'ચંદુભાઈ' કહે છે સારી બોણી થઈ. આહાહા..! હરવખતે સુપ્રભાત વાંચતા, પણ આપણે અહીંયાં '**अच्छाच्छाः**' આવ્યું ને એની સાથે મેળ કરી દીધો.

હવે આપણે ચાલે છે એ. '**अच्छाच्छाः**' '**નિર્મળથી પણ નિર્મળ છે.**' આહાહા..! ભગવાનઆત્મા ચૈતન્યના પ્રકાશનો પુંજ પ્રભુ ઝળહળ જ્યોતિએ ચૈતન્ય પ્રકાશે છે એનું જ્યાં ભાન થયું ત્યાં પર્યાયમાં પ્રકાશ '**अच्छाच्छाः**' નિર્મળ... નિર્મળ... નિર્મળની ધારા વહે છે. 'નિર્જરા અધિકાર' છે ને? નિર્મળની નિર્મળ વધે છે એ નિર્જરા જ છે ને? શુદ્ધ-શુદ્ધ. શુદ્ધિની વૃદ્ધિ. આહાહા..! દિગંબર સંતોના કળશો, એની ગાથા શું કહીએ? આહાહા..! ભગવાનના વિરહા જેણે ભૂલાવ્યા છે. કેવળજ્ઞાનના વિરહા જેણે ભુલાવ્યા એવી સંતની વાણી છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, '**ભાવાર્થ આમ છે કે-કોઈ એમ માનશે કે જેટલા જ્ઞાનના પર્યાય છે તે સમસ્ત અશુદ્ધરૂપ છે, પરંતુ એમ તો નથી, કારણ કે જેમ જ્ઞાન શુદ્ધ છે તેમ જ્ઞાનના પર્યાય વસ્તુનું સ્વરૂપ છે...**' એ જ્ઞાન જેમ ત્રિકાળી સ્વભાવ, ત્રિકાળી જ્ઞાનસ્વભાવ શુદ્ધ છે, એમ જે મતિ-શ્રુતાદિ પ્રગટ્યા છે એ નામ ભલે (ન આપો) પણ એની પર્યાય જે પ્રગટી છે એ શુદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? શુદ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા, એની વર્તમાન દશામાં જે જ્ઞાનની, શાંતિની, આનંદની અનંત ગુણની જે પર્યાય પ્રગટી છે એ શુદ્ધ છે. પર્યાય છે માટે ભેદ છે માટે અશુદ્ધ છે એમ નથી. શુદ્ધ છે. ફક્ત ફેર કેટલો? એ કહે છે.

'**તેમ જ્ઞાનના પર્યાય વસ્તુનું સ્વરૂપ છે તેથી શુદ્ધસ્વરૂપ છે. પરંતુ...**' હવે શુદ્ધને સિદ્ધ કરે છે. '**એક વિશેષ-પર્યાયમાત્રને અવધારતાં વિકલ્પ ઊપજે છે,...**' એટલી વાત. બાકી છે તો પર્યાય શુદ્ધ. પણ પર્યાયમાત્ર (ઉપર) લક્ષ જતાં તેને રાગની ઉત્પત્તિ થાય છે. આહાહા..! શુદ્ધ પર્યાયના ભેદ ઉપર લક્ષ જતાં પણ રાગ થાય છે, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમાં પક્ષ ક્યાં છે? આમાં વાડો ક્યાં છે? આ તો સ્વરૂપ જ એવું છે જ્યાં. પછી ઢેઢ હોય, ભંગ્યો હોય, કોળી હોય કે.. આત્મા ક્યાં અંદર ભંગ્યો (છે)? એ તો ભગવાનસ્વરૂપે બિરાજે છે નાથ. આહાહા..! આ કહે, તમારો આ મત છે આ દિગંબરનો. ઓલો કહે અમારો આ મત છે શ્વેતાંબરનો. બાપુ! એ રહેવા દો, ભાઈ! આ તો સ્વભાવનું જેવું સ્વરૂપ છે તેનો મત છે. આહાહા..!

મુમુક્ષુ :- ...એક જ અભેદ.

ઉત્તર :- એ નહિ, દૃષ્ટિમાં આ ચીજ અલૌકિક, બાપુ! આહાહા..! એના દ્રવ્ય ને ગુણ ને પર્યાય ને એના પર્યાયમાં અનંતા અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એ તાકાતને કબુલવી. કાં તો એકલો દ્રવ્ય-ગુણ કબુલે અને કાં એકલો પર્યાય કબુલે, કાં એકલી પર્યાયમાં અનંત

અવિભાગપ્રતિચ્છેદ (તેને ન કબુલે). વસ્તુ શું છે એની ખબરું ન મળે. આહાહા..! આ સંપ્રદાયમાં તો અત્યારે તપસ્યાઓ કરો, અપવાસ કરો. બસ, એ થઈ ગઈ તપસ્યા અને એ થઈ ગઈ નિર્જરા. બ્રહ્મચર્ય લ્યો બાયડી-ભાયડાને બેને જ્યાં થઈ ગયું. ધૂળેય નથી હવે એ તો. બ્રહ્મચર્ય એ તો એક શુભભાવ છે. બ્રહ્મચર્ય કેવા ત્યાં? આહાહા..! બ્રહ્મ એટલે આનંદનું ચરવું, આનંદના સ્વરૂપમાં રમણતા એનું નામ પરમાત્મા બ્રહ્મચારી-બ્રહ્મચારી કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો તારા ઘરની વાત છે ને, પ્રભુ! તું છો એની વાત ચાલે છે. આ કોઈ સંપ્રદાય છે, વાડો છે એમ નથી આ કાંઈ. આહા..! આ તો આત્મધર્મની વાત છે. આહા..! એ પર્યાયને લક્ષમાં લેતાં અવધારતાં એટલે લક્ષમાં લેતા વિકલ્પ ઊપજે છે.

**'અનુભવ નિર્વિકલ્પ છે,...'** આહાહા..! એવા ભેદ ઉપર આશ્રય જતાં વિકલ્પ ઉત્પન્ન થાય અને અંતરમાં એકાગ્ર થતાં નિર્વિકલ્પતા થાય. કારણ કે અનુભવમાં એ ભેદનો વિકલ્પ અને આશ્રય છે નહિ. **'તેથી વસ્તુમાત્ર અનુભવતાં સમસ્ત પર્યાયો પણ જ્ઞાનમાત્ર છે,...'** આહાહા..! ચાહે તો મતિ હો. અરે..! અક્ષરના અનંતમા ભાગનું હો. છે તો મતિ ને? અને છે તો જ્ઞાનનો પર્યાયને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં કીધું કે ઉઘાડ છે એ કેવળજ્ઞાનનો અંશ છે. કેમકે અંશ છે એ વધીને કેવળજ્ઞાન થાય છે. અને જોડે જો ચારિત્રનો અંશ શુદ્ધ ન હોય તો આ શુદ્ધ છે એ વધીને કેવળ થાય અને શુદ્ધનો અંશ જો સાથે ન હોય તો અશુદ્ધતા વધીને યથાખ્યાત થાય? આહાહા..! માટે શુભયોગમાં પણ એક શુદ્ધતાનો અંશ છે ગર્ભિત. બે અસ્તિ સિદ્ધ કરવું છે ને? જ્ઞાનનો અંશ જ્ઞાનને પૂર્ણ કરશે. ચારિત્રનો શુદ્ધ અંશ એ યથાખ્યાતને પૂરું કરશે. પણ જો બિલકુલ અંશ શુદ્ધ જ ન હોય તો અશુદ્ધતાની તાકાત નથી કે અશુદ્ધતા આગળ જઈને ચારિત્રને પામે. એ માટે સિદ્ધ કર્યું. પણ કોને? ગ્રંથિભેદ થયો તેને એ શુદ્ધતાનો અંશ કામ કરે. આહાહા..! બહુ સરસ લખ્યું. આહાહા..! જેણે રાગની એક્તા તોડી. ગ્રંથિ નામ ગાંઠ... આહાહા..! અને ગ્રંથિભેદ કર્યો છે તેને એ શુદ્ધનો અંશ કાર્ય કરશે. આહાહા..! ગ્રંથિભેદ વિનાનો શુદ્ધનો અંશ છે પણ એ કાર્ય નહિ કરી શકે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, **'વસ્તુમાત્ર અનુભવતાં સમસ્ત પર્યાયો પણ જ્ઞાનમાત્ર છે, તેથી જ્ઞાનમાત્ર અનુભવયોગ્ય છે.'** આહાહા..! આત્મા જ્ઞાનમાત્ર જ્ઞાનસ્વરૂપ ચૈતન્યચંદ્ર, જિનચંદ્ર. જિન એ આત્મા એ ચંદ્ર છે શીતળતાનો. **'જ્ઞાનમાત્ર અનુભવયોગ્ય છે.'** આહાહા..! **'વળી કેવી છે સંવેદનવ્યક્તિઓ?'** આ સંવેદનવ્યક્તિનો કાલે અર્થ કર્યો હતો. ભાગ. જેમ દરિયાનો ભાગ છે કે ઉત્તરનો દરિયો, પશ્ચિમનો દરિયો પણ દરિયાનો એ ભાગ છે. એમ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘનની નિર્મળ દશા પર્યાયમાં પ્રગટ થાય એ એનો ભાગ છે. રાગ એનો ભાગ નથી. વ્યવહારરત્નત્રય રાગ છે એ એનો ભાગ નથી. એનું એ સ્વરૂપ નથી માટે સ્વરૂપનો એ અંશ પણ નથી. સમજાણું કાંઈ? પણ સમ્યગ્દર્શન-પ્રતીતિ અને જ્ઞાન જે સ્વભાવને આશ્રયે થયા એ તો શુદ્ધ અને એનું સ્વરૂપ જ એ છે. સમજાણું કાંઈ? એ સંવેદન એનો ભાગ છે. આહાહા..! લોકો એમ નથી કહેતા? મને મારો ભાગ આપ્યો? મારો ભાગ રાખ્યો? એમ અહીંયાં કહે છે કે મારો ભાગ એટલે શુદ્ધ ચૈતન્યઘનમાંથી શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ કાઢી એ

એનો ભાગ છે. મારો ભાગ મળ્યો મને. મારો આ ભાગ છે. આહાહા..! બાકી લાડવા ને બાડવા ને ફલાણા, ઢીકણાના ભાગ પાડે. આહાહા..!

‘**વળી કેવી છે સંવેદનવ્યક્તિઓ?**’ ‘**निःपीताखिलभावमण्डलरसप्राग्भारमत्ताः इव**’ આહાહા..! ‘**इव**’ ઉપમા છે ને? ‘**ગળી ગઈ છે સમસ્ત...**’ જેની પર્યાયમાં સમસ્ત છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થઈ ગયું છે. એ તો શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ છ દ્રવ્યનું જ્ઞાન થઈ જાય છે. ફક્ત પરોક્ષ છે એટલું. એ પર્યાયનો-જ્ઞાનનો જ એટલો સ્વભાવ છે. નિર્મળ પ્રગટેલી પર્યાય, એ પર્યાય દ્રવ્ય-ગુણને પૂર્ણને અને એ પર્યાયો ત્રિકાળી પર્યાયને એક પર્યાય જાણે, ભવિષ્યની અનંતી થવાની એને એ જાણે છે, કહે છે. એ પર્યાયની એટલી તાકાત છે કે અનંત પર્યાય જે થવાની પછી, શ્રુતજ્ઞાનની અને કેવળજ્ઞાનની (તેને જાણે છે). આહાહા..!

મુમુક્ષુ :- જામી એટલે જ બોલાય ને ‘ગુરુદેવ’!

ઉત્તર :- એનામાં છે અને એની છે કહે છે. અહીં તો કહેવું છે કે શ્રુતજ્ઞાનની પર્યાયમાં કેવળજ્ઞાનની પર્યાય જણાય જાય છે.

મુમુક્ષુ :- બોલાવવા ન જાય?

ઉત્તર :- જણાય જાય છે માટે બોલાવે છે. જણાય જાય છે. આહાહા..! એ પર્યાયમાં ખામી શું હોય, ભાઈ! આહાહા..! જેમાં આખું દ્રવ્ય અને ગુણ જણાઈ ગયું. દ્રવ્ય અને ગુણ પર્યાયમાં આવ્યા નહિ, પણ જણાઈ ગયું. ઓછપ ન રહી. અને પોતાની પણ ત્રિકાળી પર્યાયો જણાણી. ન જણાય તો એક દ્રવ્યને જ જાણ્યું નહિ. આવ્યું છે ને? ‘પ્રવચનસાર’માં આવ્યું છે. એકને જાણે ત્યાં સર્વને જાણે. કેમકે એ પોતે ત્રિકાળી પર્યાયવાળું આખું તત્ત્વ છે એ એકને જ્યારે જાણે ત્યારે એની પર્યાય ભવિષ્યની જે છે એમાં ત્રણે કાળ જણાય એમાં એકને જાણે તો બધાને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**अखिल**’ ‘**સમસ્ત જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ એવાં સમસ્ત - દ્રવ્યના અતીત-અનાગત-વર્તમાન અનંત પર્યાયરૂપી રસાયણભૂત દિવ્ય...**’ આહાહા..! રસાયણ પીતા જેમ પાવર ફાટે અને અંદરમાં તરંગ ઊઠે, એમ કહે છે. એમ આ પર્યાયમાં રસાયણ છે એ. કેવળજ્ઞાન એમાં જણાય જાય છે. ત્રણકાળ ત્રણલોક જણાય જાય છે. આહાહા..! એ વિશેષ કાંઈક છે. (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ ૩, રવિવાર, તા.૧૩-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૧-૧૪૨, પ્રવચન - ૧૪૮

‘કળશટીકા’ ‘નિર્જરા અધિકાર’. ૧૪૧ છે ને છેલ્લું? ‘**अखिल**’ ‘**સમસ્ત-જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ...**’ એમાં જીવમાં અનંત કેવળીઓ પણ આવ્યા, અનંત નિગોદના

જીવ પણ આવ્યા. પંચ પરમેષ્ઠી પણ કેવળજ્ઞાનની પર્યાયમાં આવ્યા. તો કહે છે, એવા છ દ્રવ્યનો, **'સમસ્ત-દ્રવ્યના...'** **'मण्डल'** **'મણ્ડલ'** એટલે ભૂત-ભવિષ્ય-વર્તમાન બધી પર્યાયોનો સમૂહ. **'રસાયણભૂત દિવ્ય ઔષધિ...'** આહાહા..! એ દૃષ્ટાંત આપ્યો છે. કે જેમ રસાયણ પીને તરંગ ઊઠે છે એમ જેની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાય જણાય જાય છે. એને જ્ઞાનની તરંગની સાથે અનંત આનંદના તરંગ ઊઠે છે. રસાયણ પીને જેમ મત ને મસ્ત થઈ જાય છે, એમ આત્માના જ્ઞાનની પર્યાય-પૂર્ણની વાત છે ને? છ દ્રવ્ય અને એના ગુણો અનંત અને એની પર્યાયો, એ બધાનું મંડળ, મંડળ એ. મંડળ નથી કહેતા? મંડળ આપણે અહીં કહે છે ને? મંડળ એટલે સમૂહ. ત્રણકાળ ત્રણલોકના દ્રવ્ય-ગુણ-પર્યાયના સમૂહ, જેની જ્ઞાનની પર્યાયમાં મગ્ન થઈ ગયા છે. જણાઈ ગયા છે. રસાયણ અને ઔષધિ પીને જેમ મસ્ત થઈ જાય એમ ત્રણકાળ ત્રણલોકની પર્યાયો જાણીને પર્યાય આનંદની, અતીન્દ્રિય આનંદની મસ્ત થઈ જાય છે. અતીન્દ્રિય જ્ઞાન તો છે પણ સાથે અતીન્દ્રિય આનંદથી મસ્ત થઈ જાય છે. આહાહા..! છે?

**'રસાયણભૂત દિવ્ય ઔષધિ તેના સમૂહ વડે...'** **'मत्ताः इव'** **'મગ્ન થઈ છે,...'** આહાહા..! જેની પર્યાયમાં.. અહીં 'નિર્જરા અધિકાર' છે ને? જેને અંતર આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એનું ધ્યાન કરતાં કરતાં જ્ઞાનને ધ્યેય બનાવી, જેણે જ્ઞાનનો-આત્માનો આશ્રય લીધો છે, એ આશ્રયને કારણે એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. નિર્જરાથી કેવળજ્ઞાન થાય છે એમ કહેવું છે. આહાહા..! એ કેવળજ્ઞાનમાં ત્રણકાળની પર્યાયનો મંડળ એટલે સમૂહ, એક સમયની પર્યાયમાં રસાયણની પેઠે આનંદના રસની સાથે જ્ઞાનની પર્યાય મગ્ન થઈ ગઈ છે. આહાહા..! જુઓ! આ પર્યાય કેવળજ્ઞાન અને એનો ઉપાય નિર્જરા. એનું ફળ આ કેવળજ્ઞાન. એમ બતાવવું છે ને? આહાહા..!

**'ભાવાર્થ આમ છે કે-કોઈ પરમ રસાયણભૂત દિવ્ય ઔષધિ પીએ છે તો સર્વાંગ તરંગાવલિ જેવું ઊપજે છે,...'** આંખ, શરીર આમ જાણે તરંગ ઊઠે અંદર. **'તેવી રીતે સમસ્ત દ્રવ્યોને જાણવામાં સમર્થ છે જ્ઞાન, તેથી સર્વાંગ આનંદતરંગાવલિથી ગર્ભિત છે.'** એમ કહેવું છે. આહાહા..! એક સમયનું કેવળજ્ઞાન અનંત આનંદગર્ભિત તરંગાવલિથી ઉત્પન્ન થાય છે, એમ કહે છે. અતીન્દ્રિય આનંદનો રસ અંદર ફાટે છે. ચૈતન્યમાં જે અતીન્દ્રિય આનંદનો પૂર્ણ અપરિમિત સ્વભાવ ભર્યો છે, એ કેવળજ્ઞાનની પર્યાયના કાળમાં તે પર્યાયમાં અનંતો આનંદનો રસ રસાયણ જાગે છે. આહાહા..! એવો એ કેવળજ્ઞાનનો સ્વભાવ છે. એ નિર્જરાથી થાય છે. હવે વિશેષ લે છે.

(શાર્દૂલવિક્રીડિત)

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखेः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१०-१४२।।

ખંડાન્વય સહિત અર્થ :- 'परे इदं ज्ञानं ज्ञानगुणं विना प्राप्तुं कथम् अपि न हि क्षमन्ते' ( परे ) શુદ્ધસ્વરૂપ-અનુભવથી ભ્રષ્ટ છે જે જીવ તે, ( इदं ज्ञानं ) પૂર્વે જ કહેલ છે સમસ્ત ભેદવિકલ્પથી રહિત જ્ઞાનમાત્ર વસ્તુ તેને ( ज्ञानगुणं विना ) શુદ્ધસ્વરૂપ-અનુભવશક્તિ વિના ( प्राप्तुं ) પ્રાપ્ત કરવાને, ( कथम् अपि ) હજાર ઉપાય કરવામાં આવે તોપણ, ( न हि क्षमन्ते ) નિશ્ચયથી સમર્થ થતા નથી. કેવું છે જ્ઞાનપદ? 'साक्षात् मोक्षः' પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે. વળી કેવું છે? 'निरामयपदं' જેટલા ઉપદ્રવ-ક્લેશ છે તે સર્વથી રહિત છે. વળી કેવું છે? 'स्वयं संवेद्यमानं' ( स्वयं ) પોતાથી ( संवेद्यमानं ) આસ્વાદ કરવાયોગ્ય છે. ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે, કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી. કેવો છે મિથ્યાદષ્ટિ જીવરાશિ? 'कर्मभिः क्लिश्यन्तां' ( कर्मभिः ) વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ, પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે ( क्लिश्यन्तां ) બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે. કેવાં છે કરતૂત અર્થાત્ ક્રિયાભેદ? 'स्वयम् एव दुष्करतरैः' ( स्वयम् एव ) સહજપણે ( दुष्करतरैः ) કષ્ટસાધ્ય છે. ભાવાર્થ આમ છે કે-જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે, શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી. વળી કેવાં છે? 'मोक्षोन्मुखैः' ( मोक्ष ) સકળકર્મક્ષયથી ( उन्मुखेः ) ઉન્મુખ છે અર્થાત્ તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ ઊપજે છે તે જૂઠો છે. 'च' વળી કેવા છે મિથ્યાદષ્ટિ જીવ? 'महाव्रततपोभारेण चिरं भग्नाः क्लिश्यन्तां' ( महाव्रत ) હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહથી રહિતપણું, ( तपः ) મહા પરીષહોનું સહવું, તેના (भार ) ઘણા બોજા વડે ( चिरं) ઘણા કાળ પર્યન્ત ( भग्नाः ) મરીને ચૂરો થતા થકા ( क्लिश्यन्तां ) ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી. ૧૦-૧૪૨.

## કળશ-૧૪૨ ઉપર પ્રવચન

૧૪૨-કળશ. ઝીણું આવ્યું આમાં જરી. લોકોને અત્યારે આકરું પડે છે.

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखेः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१०-१४२।।

**ખંડાન્વય સહિત અર્થ :-** **'परे इदं ज्ञानं ज्ञानगुणं विना प्राप्तुं कथम् अपि न हि क्षमन्ते'** **'परे'** જેને આ આત્મા શુદ્ધ સ્વરૂપ પવિત્ર છે, એનું સમ્યગ્દર્શન નથી અને અનુભવ નથી. આહાહા..! વસ્તુ શુદ્ધ ચૈતન્ય આનંદદળ, જેના ધ્રુવમાં અનંત આનંદ ને અનંત જ્ઞાન અને અનંત શાંતિ, અનંત વીતરાગતા (ભરી છે) એવી જે વસ્તુ, એનો જેને પર્યાયમાં અનુભવ નથી એટલે કે અનુભવની શક્તિ જેણે પ્રગટ કરી નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા એના **'અનુભવથી ભ્રષ્ટ છે...'** શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. રાગની રુચિમાં પડ્યા છે. આહાહા..!

**'જે જીવ તે,...'** **'इदं ज्ञानं'** **'પૂર્વે જ કહેલ છે સમસ્ત ભેદવિકલ્પથી રહિત જ્ઞાનમાત્ર વસ્તુ...'** ભગવાન તો જ્ઞાનમાત્ર આત્મા છે. ચૈતન્યચંદ્ર એકલો.. ચંદ્ર કેમ કીધું? કે ચૈતન્ય શીતળ જ્ઞાનથી ભરેલ છે. આહાહા..! શીતળ, ઠંડો, ઠંડો ઉપશમરસ. ઉપશમરસથી ભરેલ જ્ઞાન એવો જે ભગવાનઆત્મા એ **'જ્ઞાનમાત્ર વસ્તુ તેને...'** **'ज्ञानगुणं विना'** **'શુદ્ધસ્વરૂપ-અનુભવશક્તિ વિના...'** એ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એના જ્ઞાનસ્વરૂપના અનુભવ વિના એ પામી શકતા નથી. આહાહા..! અને તેને **'અનુભવશક્તિ વિના પ્રાપ્ત કરવાને...'** **'कथम् अपि'** **'હજાર ઉપાય કરવામાં આવે...'** આહાહા..! કહે છે કે દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને તપને **'कथम् अपि'** કોઈપણ પ્રકારે અનંત અનંત કરવામાં આવે. આહાહા..! તોપણ તે ભગવાનઆત્મા તેનાથી પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ ચૈતન્યની લહેરથી ભરેલો ભગવાન, ચૈતન્યના સ્વભાવથી જ તે પ્રાપ્ત થાય છે. એ રાગની ક્રિયા **'कथम् अपि'** હજાર શું, લાખ શું, કરોડ હો (તેનાથી પ્રાપ્ત થતો નથી). આહાહા..! 'છ ઢાળા'માં કહ્યું ને? લાખ. 'લાખ વાતની વાત. લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ એક આતમ ઉર ધ્યાઓ.' આહાહા..! રાગ તો છોડ પણ દ્વંદ્વ દ્વૈતપણું-આ ગુણી અને ગુણ એવું દ્વૈતપણું પણ દ્વંદ્વ છોડ. આહાહા..! 'લાખ વાતની વાત..' અહીંયાં હજાર કીધું ત્યાં લાખ કીધું ત્યાં અનંત લઈ લેવું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધચૈતન્ય પવિત્રનો પિંડ પ્રભુ, એની સન્મુખનો ચૈતન્યનો અનુભવ, શુદ્ધને અનુસરીને આનંદનું વેદન થવું, એના વિના અનેક ઉપાય કરો તોપણ તે પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..! **'कथम् अपि'** છે ને? **'હજાર ઉપાય કરવામાં આવે તોપણ, નિશ્ચયથી**

**સમર્થ થતા નથી.**' એ આત્મજ્ઞાન કરી શકતા નથી. આહાહા..! લાખ મંદિર બનાવે, ગજરથ ચલાવે, અબજો રૂપિયા ધર્માદે મંદિર ખાતે ખર્ચે. કરો, પણ વસ્તુ એનાથી પામી શકાતી નથી. આહાહા..! કેમકે વસ્તુમાં એ દ્વૈતપણું, વિકલ્પપણું પણ નથી જ્યાં, એવી ચીજને પામવા માટે એ હજાર, લાખ, કરોડ ક્રિયાઓ કરો. આહા..! અત્યારે આ આકરું પડે છે. અહીં તો '**क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखेः कर्मभिः**' આહાહા..! એ પછી લેશે. એનો અર્થ.

મુમુક્ષુ :- જૈન ધર્મની વાત આ બીજી...

ઉત્તર :- પછી લેશે.

'**साक्षात् मोक्षः**' કેવું? જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એનો '**પ્રત્યક્ષપણે સર્વથા પ્રકારે મોક્ષસ્વરૂપ છે. વળી કેવું છે?**' '**निरामयपदं**' આહાહા..! '**જેટલા ઉપદ્રવ-ક્લેશ છે તે સર્વથી રહિત છે.**' એ પુણ્ય અને પાપના, દયા અને દાનના, વ્રત અને ભક્તિના વિકલ્પો એ બધા ક્લેશ છે. આહાહા..! એ ક્લેશથી પ્રત્યક્ષપણે સર્વથા જેટલા ઉપદ્રવ ક્લેશ (છે) તે સર્વથી રહિત છે. આહાહા..! આકરું આ પડે છે ને. એ પામવાનું સાધન શું? એમ કહે છે. સાધન રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞાછીણી તેનું સાધન છે. આહાહા..! પર તરફ ઝુકતા રાગને સ્વ તરફ ઝુકતી દશા વડે ભિન્ન કરવું. આહાહા..! આવો છે માર્ગ, બાપુ! આહાહા..! કેમકે રાગની દિશા પર ઉપર છે. રાગની દિશા પર ઉપર જેની દશા છે. અને વીતરાગી પર્યાયની દશા એની દિશા દ્રવ્ય ઉપર છે. સમજાણું કાંઈ? વાત થોડી પણ ભાવ ગહન છે. આહાહા..!

કહે છે, '**જેટલા ઉપદ્રવ-ક્લેશ છે તે સર્વથી રહિત છે. વળી કેવું છે?**' '**स्वयं संवेद्यमानं**' આ ભાષા છે. '**स्वयं संवेद्यमानं**' રાગાદિ છે એ તો પર વસ્તુ વિકાર અને વિભાવ છે. એનાથી આત્મા સ્વ '**संवेद्यमानं**' થઈ શકતો નથી. તેથી '**स्वयं संवेद्यमानं**' પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવથી સ્વયં વેદનમાં આવી શકે એવી એ ચીજ છે. આહાહા..! સમજાણું કાંઈ? આકરું આ પડે છે ને? ત્યાં ગયા હતા 'અગાસ'. તો એ બધું સાંભળ્યું કલાક વ્યાખ્યાન. પછી મારવાડી કોઈક આવ્યો હતો. પણ એ બધું ઠીક નિશ્ચય. એનું સાધન? આ બધે સાધનના વાંધા આવે છે. એમ કહે કે આ ભક્તિ કરવી, પૂજા કરવી, દયા, દાન ને આ વ્રત પાળવા, બ્રહ્મચર્ય પાળવા એ બધા સાધન. સાધન-ફાધન છે જ નહિ. આહાહા..!

સાધન તો સાધ્યનું એ છે કે રાગથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકાગ્ર થવું. એકત્વ વિભક્ત. સ્વભાવમાં એકત્વ થવું અને રાગથી વિભક્ત થવું. એ ત્રીજી ગાથાથી શરૂ કર્યું છે ને? '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो**' એ પાંચમી અને '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे**' આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ તે પોતામાં એકત્વની પ્રાપ્તિ કરે અને રાગથી વિભક્ત થાય. એ નાસ્તિથી વાત કરી અને સ્વભાવની અંતર એકતા કરે એ અસ્તિથી કહી. તે જગતમાં સુંદર (છે) અને તે મોક્ષનો માર્ગ છે. આવી વાતું છે. લોકો રાડું પાડે બિચારા. કાલે (એમ આવ્યું), એ 'સોનગઢ'વાળા ચર્ચાની ના પાડે છે. એને કોઈની સાથે વાતું કરવી નથી. પોતાનો જ માર્ગ હલવવો છે. સાધુ આટલા આટલા કહે છે તે વાત એકાંત છે, નિશ્ચયાભાસ છે. પણ કોઈનું સાંભળતા નથી. અરે..! ભગવાન! બાપુ! ભાઈ! તું કોણ છો બાપુ! તને

ખબર નથી. ભાઈ! તું કોઈ એવા વિકલ્પની ક્રિયાના ક્લેશથી પામી શકાય એવી તું ચીજ નથી. આહાહા..! ભાઈ! આ તો તારા હિતની વાત છે, નાથ! આ ભાષા શું છે? જુઓ!

'**स्वयं संवेद्यमानं**' એ શું કહે છે? પોતે પોતાના નિર્મળ સ્વભાવથી સંવેદ્યમાન દશા પ્રગટ કરે છે. આહાહા..! રાગ ને દયા-દાન ને વ્રત-ભક્તિ એ કાંઈ સ્વયં નથી, એ તો પર રાગ છે, વિકાર છે. આહાહા..! નિશ્ચયથી તો એને પુદ્ગલના પરિણામ કહ્યા છે. એનાથી અમૃતના પરિણામ, પુદ્ગલના પરિણામથી કેમ પ્રગટ થાય? ભગવાન અમૃતનો સાગર અંદર ભર્યો છે. આહાહા..! એ અમૃતના પરિણામ વડે જ અમૃતનો સાગર જણાય એવો છે. રાગના પરિણામ વડે તે પામી શકાતો નથી. આહા..! આવી વાત તો સ્પષ્ટ છે. એને શ્રદ્ધા સુધારવામાં હજી વાંધા આવે છે. આનાથી થાય એ મિથ્યાત્વભાવ છે. એનાથી ન થાય. એ લાખ ક્રિયા કરે, બ્રહ્મચર્ય આખી જીંદગી પાળે અને અહિંસા દયા પાળવાનો ભાવ મહાવ્રત સત્ય આદિ કહેશે બધું કરે, એ રાગ છે. એનાથી આત્મા પમાય અને ધર્મ થાય એ ત્રણકાળ ત્રણલોકમાં નથી. પણ લોકોને એવું લાગે આમ હાથ જોડ કરે, બ્રહ્મચર્ય કરે(પાળે) એટલે બસ, આપણે હવે તરી ગયા. બ્રહ્મચર્ય આપનારો પણ એને એમ કહે ઓહોહો..! બહુ સારું કર્યું. ભાઈ! એ તો બધી રાગની ક્રિયા છે. તને ખબર નથી. જ્ઞાનસ્વરૂપ ભગવાન, એમાં વૃતિનું ઉત્થાન થવું એ તો ઝેર છે. આહાહા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનો ફરમાન, હુકમ છે કે '**स्वयं संवेद्यमानं**' એ રાગની લાખ-કરોડ ક્રિયા કર તો એનાથી તે જણાય એવો નથી. આહાહા..! '**स्वयं संवेद्यमानं**' '**આસ્વાદ કરવાયોગ્ય છે.**' આહાહા..! 'અલિંગગ્રહણ'માં પણ એ આવ્યું છે ને? છઠ્ઠો બોલ. છ બોલ છે ને પહેલા. પહેલા ચૌદ, વીસ. ભગવાનઆત્મા ઈન્દ્રિયથી જણાય એવો નથી. ઈન્દ્રિયથી જાણે તે આત્મા નહિ. ઈન્દ્રિયને પ્રત્યક્ષ થાય તે આત્મા નહિ. ઈન્દ્રિય પ્રત્યક્ષ એ સ્વરૂપ જ આત્માનું નહિ. આહાહા..! બીજાઓ વડે અનુમાનથી જણાય એ આત્મા નહિ. આહાહા..! પોતે પણ અનુમાનથી પરને જાણે એવો એનો સ્વભાવ નહિ. આહાહા..! પછી છઠ્ઠો અસ્તિથી સરવાળો લીધો. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહાહા..! એ આ-'**स्वयं संवेद्यमानं**'. 'શાંતિભાઈ'! આવી આકરી વાતું (છે), બાપુ! ભાઈ! અરે..! જન્મ-મરણના અવતાર કરી કરીને દુઃખી... દુઃખી... દુઃખી (છે). એના દુઃખો જોનારને જોતાં આંખમાં ધારાવાહી આંસુ વહે. એવા પણ દુઃખો સહન કર્યા છે, ભાઈ! એ મિથ્યાત્વને કારણે. આહાહા..! સાધુ થયો, એ પંચમહાવ્રત પાળે તોપણ એ દુઃખ છે. અરરર..!

મુમુક્ષુ :- એમાં કાંઈ પોચુ મુકાય એવું નથી?

ઉત્તર :- પોચુ મુકાય એવું છે કે એનાથી કાંઈ લાભ ન થાય એ. એ ભાઈ કહેતા હતા, આવ્યા હતા ને. 'હિંમતભાઈ' લાવ્યા હતા. 'ઘાંસીલાલજી' છે ને? ત્યાં 'મુંબઈ'માં. કાંઈક સ્વામીજી મોળું મૂકે અને કાંઈક અમે મોળુ મૂકીએ. બેય ભેગા થઈ જઈએ. આ કાંઈ વાણિયાવડ છે?

વાણિયો કણબી પાસે પાંચ હજાર રૂપિયા માંગતો હતો. પછી નક્કી કરવા બેઠા. ત્યારે વાણિયાને ખબર ખરી કે આની પાસે બે હજારથી તો વધારે નથી. ભેંસુ-બળદ વેંચે તોપણ બે હજારથી વધારે (થાય નહિ). ઓલાને ખબર કે મારી પાસે બે હજારથી વધારે છે નહિ. પણ વાણિયો કહે કે પાંચ હજારમાં એક પાય ઓછી લેવી નથી. ઓલો કહે કે પણ એક હજાર સિવાય પાય મારી પાસે નથી. વળી કરતા કરતા વાણિયો ચાર હજારે આવ્યો. ઓલો બારસોએ આવ્યો, ઓલો ત્રણ હજારે આવ્યો, ઓલો પંદરસોએ આવ્યો. એમ હશે આમાં કાંઈ? છેવટે પટેલે કહ્યું છે કે બે હજાર સિવાય તો એક પાય મારી પાસે સાધન નથી. તો વાણિયો બિચારો કહે, જાવ. કહો, '...ભાઈ'! એવું અહીંયાં વાણિયાવડ હશે? કે થોડું રાગની ક્રિયાથી પણ થાય અને સ્વભાવના સાધનથી થાય, એવા બે પ્રકાર હશે? બાપુ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહાહા..! અરે..! એને શ્રદ્ધામાં પણ એ વાત રુચે નહિ, એને ક્યાં જાવું? ભાઈ! એ વિકારના રસના અનંતા રસમાં ડોળાઈ ગયો છે. આહાહા..! એ દુઃખી છે. બહારથી ભલે એમ દેખાય કે પાંચ-પચાસ લાખ પૈસા, શરીર રૂપાળુ ને ધૂળ ને... મહાદુઃખના દરિયે ડૂબી ગયો છે એ, ભાઈ! તને ખબર નથી. એ આનંદનો સાગર ભગવાન, એનાથી વિરૂદ્ધ જેટલા વિકલ્પો છે એ બધા દુઃખ છે. આહાહા..! ભાઈ! તને તારા સ્વભાવની શક્તિનું મહાત્મ્ય કેટલું એ તને ખબર નથી.

ભગવાન અંદર અનંત અનાકુળ આનંદના રસથી ભરેલો છલોછલ ભરેલો ભગવાન છે. આહાહા..! એ આત્મા '**स्वयं संवेद्यमानं**' અહીં આપણે વજન એટલું છે. એ સ્વ શુદ્ધ સ્વભાવના અનુભવથી પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! બાકી તો કરોડો-અબજો રૂપિયા ખર્ચે દાનમાં, પૂજામાં, ભક્તિમાં, મંદિરો બનાવો. ગમે તે હો, પણ એનાથી આત્મા પ્રાપ્ત થાય એ વસ્તુનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**स्वयं संवेद्यमानं**' આહાહા..! '**પોતાથી આસ્વાદ કરવાયોગ્ય છે.**' આહાહા..! ભાષા કેવી? '**संवेद्यमानं**'નો અર્થ કર્યો. મૂળ તો પર્યાય નિર્મળ સ્વયં પ્રગટ થાય છે એનાથી જણાય એમ કહેવું છે. પણ અહીં આ તો આસ્વાદ્યમાન. આહાહા..! અતીન્દ્રિય આનંદના આસ્વાદથી તે સ્વયં પ્રાપ્ત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદનો ડુંગર મોટો... આહાહા..! અતીન્દ્રિય આનંદનો મોટો પાતાળ કૂવો છે. ભાઈ! એને ક્ષેત્રની મોટપની જરૂર નથી. એના સ્વભાવમાં એક એક પ્રદેશે અનંત આનંદ અને અનંત જ્ઞાન ભર્યું છે. એવો અસંખ્ય પ્રદેશે છે. આહાહા..! જેનો પાક અતીન્દ્રિય આનંદનું વેદન આવે એ એનો પાક છે. આહાહા..! બહુ આકરું. શરતું ઘણી, જવાબદારી ઘણી, ભાઈ! આખો પલટો મારવો છે ને, ભાઈ! જે દશાની દિશા પર તરફ છે તે દિશાને સ્વ તરફ વાળીને દશા પ્રગટ કરવી.. આહાહા..! અત્યારે તાવ છે ભાઈને? તાવ આવ્યો છે ને? આહાહા..! 'મુંબઈ'વાળા. આ આત્મા જે છે વસ્તુ, એના તળિયામાં અનંત આનંદ પડ્યો છે. એના ધ્રુવ સ્વભાવમાં અનંત આનંદ છે.

મુમુક્ષુ :- પર્યાયમાં આનંદ કાંઈ ઉપર કેમ જાય?

ઉત્તર :- ઉપર પર્યાય છે. પર્યાયમાં અત્યારે ક્યાં છે? પર્યાયમાં પ્રગટ કરે ત્યારે આવે છે, એમ કહેવું છે. તેથી પર્યાયમાં જ્ઞાનનો ઉઘાડનો અંશ છે પણ આનંદ નથી. અજ્ઞાનીને અનાદિથી જ્ઞાનની પર્યાયનો અંશ વિકાસ ક્ષયોપશમરૂપ છે પણ આનંદરૂપ અવસ્થા છે જ નહિ. આહાહા..! એથી કહે છે કે એ આનંદની અવસ્થા થાય ક્યારે? એ આનંદથી ભરેલો ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ સ્વ સ્વયં સંવેદ્યમાન છે. આહાહા..! એ પોતે જ પોતાના નિર્મળ સ્વભાવના અનુભવથી પ્રાપ્ત થાય છે. કોઈ રાગની ક્રિયા વ્યવહાર વ્રત, તપ, ભક્તિ, પૂજા કે હિંસા, જૂઠું એ પાપ તો ન જ હોય, પ્રશ્ન શું છે, પણ એ પુણ્યની ક્રિયાઓ લાખ-કરોડ કરે. 'कथम् अपि' કહ્યું ને? કોઈ પ્રકારે લાખ-કરોડ-અબજો રૂપિયા ખર્ચે ધર્મને નામે, મંદિરો કરોડો બનાવે. લાખો અબજો શાસ્ત્રો બનાવે, હજારો રાણી છોડીને મહાવ્રત પાળે, પણ એનાથી તે પ્રભુ પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..!

**'स्वयं'** શબ્દ પડ્યો છે. **'स्वयं'** **'પોતાથી આસ્વાદ કરવાયોગ્ય છે.'** ભગવાન જે રાગ, દયા, દાન અને વ્રત પરિણામ એ સ્વયં સ્વરૂપ નથી, એ તો વિકારી વિભાવસ્વરૂપ છે. એ તો દુઃખરૂપ છે. આહાહા..! પ્રભુ! અતીન્દ્રિય આનંદની... આહાહા..! શક્તિના સાગરથી ભરેલો ભગવાન, એની વર્તમાન દશામાં શુદ્ધ અનુભવ આનંદની દશાથી તે આસ્વાદ કરવાલાયક છે. આહાહા..! આવી વાત છે. સમજાણું કાંઈ? કહો, 'બલુભાઈ'! આ તમારા વર્ષીતપ-બર્ષીતપ એ બધા થોથાં નીકળ્યા એમ કહે છે અહીં તો. આહાહા..!

ભગવાનઆત્મા જેની ઉપર પર્યાયમાં રાગ ને દ્વેષ આદિ ને લાખ-કરોડ ક્રિયાકાંડ કરે પણ એ આત્મા એનાથી પ્રાપ્ત થાય એવી ચીજ નથી. એ તો સ્વયં આસ્વાદ કરવા યોગ્ય છે. આહાહા..! છે? ગજબ વાત છે, ભાઈ! એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, અતીન્દ્રિય આનંદસ્વરૂપી સ્વભાવ, એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદના સ્વાદ કરવા લાયક છે, જાણવાલાયક છે. એ અતીન્દ્રિય આનંદનો આસ્વાદ કરવાલાયક છે. એનાથી જણાય એવો છે. આહાહા..! આવો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે-જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે,...'** ભાષા જુઓ! ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એ જ્ઞાનસ્વરૂપથી જણાવા લાયક છે. છે? **'જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે,...'** આહાહા..! જ્ઞાનસ્વભાવ એ વ્યવહારની ક્રિયાકાંડથી અનુભવમાં આવે એવો નથી. આહાહા..! આ લોકોને આકરું પડે છે. એટલે પછી વિરોધ ઊભો કરે છે. કરે છે તો એનો વિરોધ એ. આહાહા..! પ્રભુ! તને ખબર નથી. ભાઈ! તારો નાથ તો ભગવત્‌સ્વરૂપ છે. આહાહા..! તું સ્વરૂપે ભગવત્‌સ્વરૂપ છો. આહાહા..! એ ભગવત્‌સ્વરૂપ ભગવત્‌સ્વરૂપની પર્યાયથી પ્રાપ્ત થાય એવો છે, એમ કહે છે. આહાહા..!

એ જ્ઞાનગુણ જ્ઞાનગુણ વિના અનુભવયોગ્ય નથી. **'જ્ઞાનગુણ જ્ઞાનગુણથી અનુભવયોગ્ય છે, કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી.'** ભાષા દેખો! કારણ-અંતર. આ કારણ છે એના સિવાય અનેરા દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી. ભગવાનઆત્મા વર્તમાનમાં તેની સન્મુખ થતાં જે નિર્મળ આનંદ અને નિર્મળ જ્ઞાન જણાય એનાથી તે આસ્વાદયોગ્ય અને જણાવાયોગ્ય છે. કારણાંતર-આ કારણ સિવાય અનેરા કારણો, આ કારણ સિવાય અનેરા કારણો-કારણાન્તર.

ભગવાનઆત્મા રાગથી ભિન્ન પ્રજ્ઞાછીણીથી છેદી ભિન્ન કરતાં, તે ભિન્ન પડતાં જાણવાલાયક થાય છે. એ એનું કારણ છે. છે ને?

'**કારણાન્તર દ્વારા...**' એ કારણથી અનેરા દ્વારા. એમ. એ કારણથી અનેરા કારણ દ્વારા '**જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી.**' ભગવાન જણાવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? હજી જેની શ્રદ્ધામાં સુધારા નથી એને સમકિત કે દિ' થાય? અનુભવ કે દિ' થાય? એટલે શું કહ્યું ઈ? હજી તો શ્રદ્ધામાં એમ માને કે આ દયા, દાન, વ્રત ને ભક્તિ કરતાં કરતાં થાશે. તો એ શ્રદ્ધાના સંસ્કાર મિથ્યાત્વના ઊંધા છે એ તો. આહાહા..! પણ અંદરમાં રાગથી ભિન્ન પડીને મારું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, એ સ્વભાવથી પ્રાપ્ત થશે એવા શ્રદ્ધાના સંસ્કાર સુધારવામાં પણ એને વાંધા ઊઠે છે. 'પ્રવીણભાઈ'! ભગવાન! તારો ઉદ્ધાર તો ત્યાં છે, હોં! એ બીજી રીતે કરવા જાઈશ તો નહિ મળે, પ્રભુ! દુઃખી થઈશ, ભાઈ! એ ચોર્યાસીના નિગોદના અવતાર.. આહાહા..! એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ, ભાઈ! તેં સાંભળ્યા નથી. આહાહા..!

રાગના પ્રેમીલા જીવો એક નિગોદના એક શ્વાસમાં અઢાર ભવ કરે. આહાહા..! આ બાયું આદિ સાડલા હોય ને એની પાસે ઘણા? દસ, પાંચ, પંદર જાતના. તો એક દિ'માં ઘણી વાર ફેરવે. દિશાએ જાય ત્યારે બીજો, સગાવ્હાલા પાસે જાય ત્યારે બીજો, ચાર વાગે રોવા જાય કોઈ મરી ગયું હોય ને? ત્યાં વળી બીજો. 'ભોગીભાઈ'! એ તો બધું જોયું છે ને અમે તો બધું જોયેલું. એનો અર્થ કે જેના ઉપર પ્રેમ છે તેની વાતું ફેરવ્યા જ કરે છે. જોડા ફેરવે. 'ભાવનગર' દરબારની પાસે બસ્સો જોડા હતા. મરી ગયા. બસ્સો જોડા. બસ્સો જાતના જોડા. અહીં ઘરમાં ફરે ત્યારે બીજું, બહારમાં નીકળે ત્યારે બીજું, દિશાએ જાય ત્યારે બીજું, કોર્ટમાં જાય તો બીજા, ઓફિસમાં જાય તો બીજા. એ બસ્સો જાતના જોડા.

અહીં બીજું કહેવું છે. જેના ઉપર પ્રેમ છે તે વાતને બહુ ફેરવ્યા કરે છે. એમ જેને આ રાગના પ્રેમ છે એ વારંવાર ભવ ફેરવ્યા જ કરે છે. નિગોદના જીવ અંતર્મુહૂર્તમાં અઢાર ભવ કરે, પ્રભુ! ભાઈ! તેં કર્યા છે. એ ભૂલી ગયો તું. ભૂલી ગયો એટલે કાંઈ વસ્તુ ભૂલી જાય એટલે કાંઈ ન હોય એમ થઈ જાય? આહાહા..! જન્મ્યા પછી છ-બાર મહિનાની ખબર છે શું થયું ઈ? ખબર નથી માટે નહોતું એમ કોણ કહે? એમ અનંતા ભવ કર્યા એ કેમ છે એની ખબર નથી માટે નહોતા એમ કેમ કહેવાય? ભાઈ! એ નિગોદના જીવ... આહાહા..! એક શ્વાસમાં અઢાર ભવ, એવા અનંતી વાર કર્યા છે. આહાહા..!

પ્રભુ તો ત્યાં સુધી કહે છે કે માતાના પેટમાં પણ પ્રભુ! તું એક વાર બાર વર્ષ રહ્યો, હોં! આ સવા નવ મહિને જન્મ થાય છે એ તો સાધારણ નિયમ. પણ કાયસ્થિતિનું વર્ણન જ્યાં આવે છે (ત્યાં એમ કહ્યું છે કે) માતાના પેટમાં એક બાળક બાર વર્ષ સુધી રહે. ઊંધે માથે એ લટકતો દુઃખી. અને ત્યાંથી મરીને પણ ફરીને કાં તો એની માના કૂખમાં આવે અને કાં બીજી માતાના કૂખમાં (જાય). એમ ચોવીસ વર્ષ સુધી માતાના પેટમાં રહે. આહાહા..! ક્યાંય શ્વાસ લેવાનું કાણું ન મળે, ખોરાક લેવાને કાંઈ સાધન ન મળે. આહાહા..! એ કેમ કાઢ્યા હશે ચોવીસ વર્ષ? એ એક વાર નહિ, અનંતવાર. ભાઈ! તું ભૂલી ગયો. એ ભવભ્રમણના દુઃખોનો ત્રાસ તને ન આવ્યો, ભાઈ!

તેથી કહે છે ને ભાઈ! ન્યાં 'યોગસાર' 'યોગીન્દ્રદેવ'. ભવભયથી ડરી ચિત્ત. ભવના ભયથી ચિત્ત ડરી ગયું છે હવે. માટે હું આત્માની વાત કરીશ. આહાહા..! ભવના કોઈપણ પ્રકારના કારણમાં અને ભવના કાર્યમાં વીર્યને કંઈક એમાં ઉલ્લસિત લાગે એ મિથ્યાત્વભાવ છે. ચૈતન્ય ભગવાન આનંદનો નાથ, એના કરતા બીજામાં કાંઈ પણ વિશેષતા, આશ્ચયતા લાગે... આહાહા..! એ મિથ્યાત્વભાવ અનંત સંસારનું કારણ છે. આહાહા..! એ છોડીને પ્રભુ! હવે એક વાર એમ તો કર.

એ જ્ઞાનગુણ વિના '**કારણાન્તર દ્વારા...**' આહાહા..! ભાષા ચોખ્ખી કરી છે. આનંદના અનુભવથી અને જ્ઞાનના અનુભવથી જ તે પ્રાપ્ત થઈ શકે છે. બાકી લાખ-કરોડ બીજી ક્રિયાકાંડ હોય એનાથી બંધ છે, એનાથી અબંધ પરિણામ થતાં નથી. સમજાણું કાંઈ? અને એ અબંધ પરિણામ જે કારણ છે એનાથી કારણાન્તર-અનેરું કારણ... આહાહા..! 'રાજમલે' ટીકા પણ કેટલી કરી, જુઓને! આહાહા..! આમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું. '**કારણાન્તર દ્વારા...**' એ કારણ જ્ઞાનનું વેદન-સ્વસંવેદન. જ્ઞાન જ્ઞાનથી જણાય. એ જ્ઞાન આનંદની પર્યાયના આસ્વાદથી જણાય, એ જ્ઞાન શાંતિના અંશના સ્વાદથી આ શાંતિ આખું સ્વરૂપ છે એમ જણાય. એ કારણ વિના અનેરા કારણોથી તે પ્રાપ્ત થાય એવું નથી. છે? '**કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ...**' ભગવાનઆત્મા ગ્રાહ્ય થઈ શકે એવો નથી. આહાહા..! લોકોને આકરું લાગે છે. એ 'સોનગઢ'ની વાત છે, એમ કહે છે. ભાઈ! આહાહા..! તારા સ્વરૂપની વાત છે ને, પ્રભુ!

'બહેન'નો બોલ છે ને, એમાં કહ્યું છે ને એક? વચનામૃતમાં. દ્રવ્ય એને કહીએ, ભગવાનઆત્મા દ્રવ્ય એને કહીએ. સાદિ ભાષા. જેના કાર્યને માટે અનેરા દ્રવ્યની રાહ જોવી પડે નહિ. સમજાણું કાંઈ? બહુ સાદિ ભાષા. અને આખો મર્મ માર્ગનો. દ્રવ્ય એને કહીએ.. આહાહા..! ચૈતન્ય ભગવાનઆત્મા એને કહીએ કે જેના નિર્મળ કાર્ય માટે અનેરા દ્રવ્યની રાહ જોવી પડે નહિ. 'પોપટભાઈ'! વાંચ્યું છે થોડું? ચોથી વાર ચાલે છે. કેટલી વાર વાંચ્યું હોય તો પાર ન આવે એવું થઈ ગયું. આહાહા..! સમજાણું? લ્યો! 'રસિકભાઈ'! અમારે 'રસીકભાઈ' કહે છે, કાંઈક કાંઈક થોડું કહેવું. એ છે? કેટલાક બોલ લખી લીધા છે મોઢા આગળ, હોં! આહાહા..! દ્રવ્યનું કીધું ને? આહાહા..! અણગારની વાત લીધી છે.

જેમ પુત્રમાં પિતાજીનો અણસાર આવે. પુત્રમાં પિતાનો અણસાર આવે એમ મોક્ષના માર્ગી જીવમાં વીતરાગનો અણસાર આવે. એ..! 'રસીકભાઈ'! છે એમાં? ક્યાંક છે ખરું? ૧૬૧. ૧૬૧ પાનું છે. લખી રાખ્યું છે, હોં! ઈ. જુઓ! અહીં છે, '**જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય...**' એનું મોઢું. '**તેમ જિન ભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે.**' આહાહા..! વીતરાગી બિંબ દેખાય. પરમાત્મા છે એવો મુનિરાજ દેખાય. અકષાય વીતરાગ પરિણામે પરિણમેલો, જેનો બિંબ શાંતરસ, શરીરમાં શાંતરસની ઝલક દેખાય છે. આહાહા..! 'શાંતિભાઈ'!

'**જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય...**' આહાહા..! '**તેમ જિન ભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે.**' આહાહા..! મુનિ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ કાંઈ

આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના રહે છે એમ નથી. ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા. આહાહા..! આગળ વધતા જાય છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જાય છે. આ મુનિની અંતર (દશા છે). એક વાર તો મધ્યસ્થી (થઈને) વાંચશે એના અંદર કાળજામાં ઘા વાગી જાય એવું છે. આ પક્ષની વાત નથી, આ તો વસ્તુના સ્વરૂપની વાત છે. અને સાદિ ભાષા. છોકરા ચાર ચોપડીના ભણેલા વાંચી-સમજી શકે. આહાહા..!

શું કીધું? દ્રવ્ય. ૮૪ છે. ૮૪ પાને છે. ૮૪ પાને છે. દોઢ લીટી છે. '**દ્રવ્ય તેને કહેવાય કે...**' ભગવાનઆત્મા '**દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે...**' જેના આનંદના અનુભવ અને કેવળજ્ઞાનના કાર્ય માટે '**બીજાં સાધનોની રાહ જોવી ન પડે.**' મળ્યું છે કે નહિ આ? આવ્યું છે? વાંચ્યું થોડું? બાપાએ વાંચ્યું કે નહિ? બાપાએ વાંચ્યું કે નહિ? વાંચ્યું થોડું? ઠીક. આહાહા..! એ બધા ભેટ આવવાના છે. આત્મધર્મ ગુજરાતી-હિન્દીવાળાને બધાને ભેટ દેવાના છે. અરે..! આવી વાતું. કહે છે... છે?

વસ્તુ ચૈતન્ય ભગવાન એને કહેવાય કે જેના નિર્મળ કાર્યને માટે અનેરા દ્રવ્યની રાહ (જોવાની) જરૂર ન પડે. જેને કારણાન્તર-વ્યવહારરત્નત્રયની રાહ જોવી ન પડે. એ હોય તો આ થાય એમ છે નહિ. કહો, 'નવરંગભાઈ'! આહાહા..! સમજાણું કાંઈ? બીજું તો કહેવાણું કેટલુંક. આહાહા..! 'કનકને કાટ ન હોય, અગ્નિમાં ઉધઈ ન હોય..' એમ ત્રણલોકનો નાથ પરમાત્મા ભગવાન, એના દ્રવ્ય સ્વભાવમાં આવરણ ન હોય, એના દ્રવ્ય સ્વભાવમાં ઊણપ ન હોય, એના દ્રવ્ય સ્વભાવમાં અશુદ્ધતા ન હોય. આહાહા..! સમજાય છે કાંઈ? એ અહીં કહે છે.

'**કારણાન્તર દ્વારા જ્ઞાનગુણ ગ્રાહ્ય નથી. કેવો છે મિથ્યાદષ્ટિ જીવરાશિ?**' ભાષા જીવરાશિ. જીવના ઢગલા મિથ્યાદષ્ટિના પડ્યા છે, કહે છે. આહાહા..! '**કેવો છે મિથ્યાદષ્ટિ જીવરાશિ?**' '**कर्मभिः क्लिश्यन्तां**' '**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ,...**' ભાષા જુઓ! કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે વિશુદ્ધ શુભઉપયોગ. વિશુદ્ધ શુભઉપયોગ. એકલો શુભ નહિ, વિશુદ્ધ શુભઉપયોગ. આહાહા..! એ '**પરિણામ, જૈનોક્ત સૂત્રોનું અધ્યયન,...**' એ પરિણામ લાખ-કરોડ કરે, અનંત કરે. અને '**જૈનોક્ત સૂત્રોનું અધ્યયન,...**' આહાહા..! '**જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ,...**' આહાહા..! બહુ અધ્યયન કરે. આહાહા..! '**પંચપરમેષ્ઠીની ભક્તિ...**' અરિહંતની, સિદ્ધની, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ભક્તિ '**ઇત્યાદિ છે જે અનેક ક્રિયાભેદ તે વડે...**' એ ક્રિયાના પ્રકાર બહુ આક્ષેપ કરે છે તો કરો. એ ક્લેશ કરો તો કરો. એ તો ક્લેશ છે, કહે છે. અરર..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તેનાથી પ્રાપ્ત થાય એવો નથી. એ શાસ્ત્રના અધ્યયન, ભક્તિ, પૂજા, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું સ્મરણ, એ તો બધો વિકલ્પ છે. આહાહા..!

'**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ,...**' એ બધા '**અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો,...**' ભાષા એવી વાપરી છે. ક્લેશ આમ તો કહેવું છે. એ ક્લેશ કરો તો કરો. ભાષા એવી વાપરી છે કે બહુ આક્ષેપ આડંબર કરે તો કરો. મોટા જાણે આમ ભક્તિ કરી, જાણે આમ કર્યું, જાણે આમ કર્યું. ઓહોહો..! શું કરી આવ્યા જાણે. આહાહા..!

બાહ્યનો દેખાવ કરો તો કરો. પણ એનાથી મળે એવું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપા! અરે..! જેને સાંભળવા મળે નહિ એ વિચારે કે દિ'? ભેદજ્ઞાન કરે કે દિ' અને વસ્તુ પામે કે દિ'? આહાહા..! અરે..! એની એને દુર્લભતા થઈ પડી. એની એને દુર્લભતા થઈ પડી. આહાહા..! આ બધું સહેલું થઈ પડ્યું-આ ક્રિયાકાંડ. આહાહા..!

'પરમાર્થ વચનિકા'માં આવે છે ને? અજ્ઞાનીને આગમની પદ્ધતિ સહેલી (લાગે) છે માટે કરે છે. એને સહેલું લાગે છે. કેમકે અનાદિનો અભ્યાસ છે. શુભનો અને અશુભનો. આહાહા..! એટલે એને સહેલું લાગે છે. પણ અધ્યાત્મનો વ્યવહાર પણ એ જાણતા નથી. અધ્યાત્મનો વ્યવહાર એટલે? રાગથી ભિન્ન શુદ્ધ પરિણતિ એ અધ્યાત્મનો વ્યવહાર છે. આહાહા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામ એ અધ્યાત્મનો વ્યવહાર છે. મોક્ષનો માર્ગ જે સાચો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે એ અધ્યાત્મનો વ્યવહાર છે. આહાહા..! એને તે જાણતા પણ નથી. આહાહા..! અને બહારની પ્રવૃત્તિના કાયક્લેશમાં પડ્યા. પ્રભુ! તારો ઉદ્ધાર ક્યારે થાય? જે મોક્ષનું કારણ છે એ કરતો નથી અને કારણાન્તર દ્વારા તે પમાશે એમ તું માને છે, ભાઈ! આહાહા..! એમ બધા ઘણા એમ કહે છે. કાલે આવ્યું છે 'સોનગઢ'ના નામે. કરો, કરો. એમ કે એ લોકો દાન, દયા, પૂજા, ભક્તિને તો ધર્મ કહેતા નથી. મુનિ અને શ્રાવકનો મૂળ ધર્મ તો એ છે. અરે..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! આહાહા..! જે આત્માને નુકસાન કરનારા છે એને લાભ કરનારા માનવા, મોટો મિથ્યાત્વનો શલ્ય ભાવ છે. આહાહા..! એ અહીં કહે છે.

**'અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો,...'** આહાહા..! જાણે આમ ભગવાનની ભક્તિ કરે રાગ તાણીને. હાર્મોનિયમ (વગાડીને) આમ જાણે.. આહાહા..! શું કર્યું જાણે. હાર્મોનિયમ (વગાડીને) ગાય ને ભક્તિ? લાખો માણસ બેઠા હોય. આહાહા..! એ છોડી છે ત્યાં 'જયપુર'. શું કહેવાય એ? 'આદર્શનગર'માં. પણ એનો કંઠ જોયો કંઠ! પાંચ-સાત હજાર માણસ હતું વ્યાખ્યાનમાં. ત્યાં વ્યાખ્યાન વાંચ્યું હતું એક ફેરી. વ્યાખ્યાન થઈ રહ્યું છોડી બોલી પણ કંઠ તે કંઠ. ભાષા સાદી હતી. પણ કંઠ તે એવો કંઠ. ભાષા બોલી જ્યાં ત્યાં સભા સ્તબ્ધ થઈ ગઈ. પણ એ તો કંઠનો આડંબર છે. પુદ્ગલનો આડંબર છે. એને બહુ કંઠથી ગાયું અને બહુ થયું માટે એમાં ધર્મ થઈ જાય (એમ નથી). આહાહા..!

**'અનેક ક્રિયાભેદ તે વડે બહુ આક્ષેપ (આડંબર) કરે છે તો કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે.'** આહાહા..! જ્યારે તને ભગવાનનો ભેટો થશે ત્યારે નિર્મળ શુદ્ધ પરિણતિથી થશે. એ રાગની ક્રિયા લાખ કરોડ અનંતવાર કર પણ એનાથી થશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હવે એ કરતૂત કેવા છે, એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૪, સોમવાર, તા.૧૪-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૨, ૧૪૩ પ્રવચન - ૧૪૯

'કળશટીકા' ૧૪૨ કળશ છે. અહીંથી ફરીથી. '**कर्मभिः क्लिश्यन्तां**' છે? નીચેથી પાંચમી લીટી. કર્મ એટલે કાર્ય. શું કાર્ય? કે '**વિશુદ્ધ શુભોપયોગરૂપ...**' વિશુદ્ધ શુભ ઉપયોગરૂપ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભઉપયોગ. એ ક્રિયા, રાગની ક્રિયા છે. એ દુઃખરૂપ છે. '**कर्मभिः क्लिश्यन्तां**' એ શબ્દનો અર્થ ચાલે છે. કર્મ એટલે કાર્ય. કાર્ય એટલે કોણ? કે '**વિશુદ્ધ શુભોપયોગરૂપ પરિણામ,...**' આહા..હા...! દયાના, દાનના, વ્રતના, ભક્તિના, પૂજાના, મંદિર બનાવવાના વગેરે શુભભાવ એ ક્રિયા-કાર્ય વિકાર છે. આવી વાત છે, બાપુ! બહુ આકરું પડે જગતને. તમે તો કર્યું છે ને બધું ઊંધું? વર્ષીતપ કર્યું હતું.

'**જિનોક્ત સૂત્રોનું અધ્યયન,...**' અન્યમતિના નહિ પણ જૈનના કહેલાં. પરમેશ્વર, વીતરાગે કહેલા સિદ્ધાંત ને આગમો, એનું અધ્યયન કરતો હોય, અધ્યયન. એ પણ એક રાગની ક્રિયા છે. આહાહા..! અને એ પણ દુઃખરૂપ છે. આહાહા..! આવી વાત ભારે આકરું. જગતને ક્યાં રખડવું છે? હાહ (શ્વાસ) નીકળી જાય એવું છે. દુનિયાને ક્યાં ખબર છે કે શું સત્ય છે. શું કરું છું અને ક્યાં જઈશ? ક્યાં એની પડી છે એને. આહાહા..! બહારમાં ક્યાંક પાંચ-પચ્ચીસ લાખ પૈસા મળે, શરીર કાંઈક ઠીક, બાયડી-છોકરો જાણે ઠીક છે. મરી ગયો તું, સાંભળને! એ રાગની ક્રિયામાં મૃત્યુ તારું છે, પ્રભુ! તને ખબર નથી.

તારા જીવન તો ચૈતન્યસ્વરૂપી આનંદનો નાથ ભગવાન, એ આનંદના જીવને જીવવું એ તારું જીવન છે. આહાહા..! એ પૈસા ને આ શરીર ને સ્ત્રી, કુટુંબ, પરિવાર, એને માટે થતો ભાવ તો પાપ, એકલું પાપ. એની તો અહીં વાત છે નહિ. કારણ કે એ તો પાપ તો દુર્ગતિમાં પરિણમવા માટેનું કારણ છે. આ બધા કરોડપતિ બેઠા.

મુમુક્ષુ :- લાઈનબંધ બેઠા છે.

ઉત્તર :- લાઈનબંધ બેઠા છે. આ પણ છે અમારા 'જીતુભાઈ'. 'અજીતભાઈ' છે ને? એ બધા કરોડોપતિ કહેવાય. પાંચ, દસ, વીસ લાખ ઓછા હોય તો અને આ તો બે કરોડ છે. બધા ધૂળપતિ છે. આહાહા..!

મુમુક્ષુ :- છે નહીં દુઃખી.

ઉત્તર :- છે ને દુઃખી, એમ કહે છે ને. આહાહા..! આહાહા..!

અરે..! આ ભગવાનઆત્મા પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે કહ્યો, એ આત્મા તો સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર પ્રભુ છે. એની સામું જોવું નથી, એને શ્રદ્ધામાં લેવો નથી અને આ બહારના પ્રપંચ-જાળમાં ઘૂંચીને મરી ગયો છે અંદર. આહાહા..! અહીં તો એ પાપના પરિણામ સંસારને માટેની તો વાત કરી જ નથી. એ તો દુર્ગતિનું કારણ. પણ જે અહીં શુભઉપયોગ ક્રિયાકાંડનો, બ્રહ્મચર્યનો, દયાનો, દાનનો,

વ્રતનો, પૂજાનો, ભક્તિનો, શાસ્ત્ર અધ્યયનનો.

મુમુક્ષુ :- જૈન શાસ્ત્ર.

ઉત્તર :- તે જૈન શાસ્ત્ર. અન્યના શાસ્ત્ર નહિ. આ તો વીતરાગ ત્રિલોકના નાથ, પરમેશ્વર જિનેન્દ્રદેવે કહેલા સિદ્ધાંતો, એનું અધ્યયન પણ શુભરાગ છે. આહાહા..! એ દુઃખ છે, કષ્ટ છે. અરે..! જાવું ક્યાં આને? 'કાંતિભાઈ'!

મુમુક્ષુ :- ક્રાંતિ લાવી દીધી આપે.

ઉત્તર :- માર્ગ આ છે, બાપા! આહાહા..! શું થાય? જગત બિચારા ક્યાંય રખડે છે. કાંઈ ભાન ન મળે. ધર્મને બહાને પણ એ વ્રત ને તપ ને પૂજા ને ભક્તિ, એને તો અહીંયાં કલિષ્ટ કાર્યો '**क्लिश्यन्तां**'. એ તો ક્લેશ છે, દુઃખ છે, એમ કહે છે. આહાહા..! ભાઈ! તને ખબર નથી. જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા... અરે..! હજી તો બહાર ક્યાંય ઝઘડામાં વગડામાં રખડપટ્ટી (કરે છે). આહા..હા...!

એવા '**સૂત્રોનું અધ્યયન, જીવાદિ દ્રવ્યોના સ્વરૂપનું વારંવાર સ્મરણ,...**' અનંત જીવો છે અને જડ અનંત છે ને એવા નવ તત્ત્વના સ્વરૂપનું વારંવાર સ્મરણ કરવું, એ પણ એક વિકલ્પ અને રાગ છે. આહાહા..! ભગવાન! ઝીણી વાત છે. એ રાગ છે તે દુઃખ છે, એ કષ્ટ છે. આહાહા..! અરે..! એને સત્ય સાંભળવા મળે નહિ, પ્રભુ! બિચારા ક્યાં જાય? અહીં પરમાત્મા જિનેન્દ્રદેવ કહે છે, પ્રભુ! એ પંચપરમેષ્ઠીની ભક્તિ, અરિહંત, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. જિનના કહેલા, હોં! અન્યના કહેલાની અહીં વાત નથી. જિનેન્દ્રદેવ પરમેશ્વરે જેને પંચપરમેષ્ઠી તરીકે જાણ્યા-સ્વીકાર્યા છે, એની ભક્તિ પણ શુભરાગ છે, એ દુઃખ છે. આકરી વાત, બાપુ! જગતને આ ગળે ઉતરવું (કઠણ પડે). અનંતકાળથી રખડ્યો છે, મરી ગયો છે. 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' આહાહા..!

અહીં કહે છે કે એ '**પંચપરમેષ્ઠીની ભક્તિ ઈત્યાદિ...**' ઈત્યાદિ એટલે જેટલા શુભ વિકલ્પો થાય, શાસ્ત્ર શ્રવણના, કહેવાના વિગેરેના વિકલ્પો '**જે અનેક ક્રિયાભેદ તે વડે...**' '**क्लिश्यन्तां**' ક્લેશ કરો તો કરો, કહે છે. આડંબર. આહાહા..! ઓલા સંસાર ધંધાની તો વાત અહીં કરી જ નથી. એ તો પાપ એકલું. આહાહા..! અહીં તો ધર્મને બહાને આવું કરે એ પણ પ્રભુ વીતરાગ ત્રિલોકનાથ એમ ફરમાવે છે, પ્રભુ! તને ખબર નથી. એ વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે, દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ '**क्लिश्यन्तां**' એમ શબ્દ પડ્યો છે ને? ક્લેશ કરો તો કરો, કહે છે. '**આક્ષેપ (આડંબર)...**' છે મોટો બહારમાં. આહાહા..! જાણે શું કર્યું! વ્રત પાળ્યા, ભક્તિ કરી, આડંબર મોટા રથયાત્રા ને મંદિરો કરોડોના બનાવ્યા, મોટા રથયાત્રા કાઢ્યા ને શું કર્યું જાણે. ભાઈ! સાંભળ તો ખરો. ધીરો થા... ધીરો થા... એ બાપુ! શુભરાગની ક્રિયાનો આક્ષેપ-આડંબર છે બધો. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! આવું છે. અરેરે..! બિચારા કોઈકે તો સાંભળ્યું પણ ન હોય. વાણિયાના કુળમાં અવતર્યા હોય તોય. અન્યમાં તો છે જ ક્યાં? પણ જૈનકુળમાં અવતર્યા એની એને ખબર નથી કે જૈન પરમેશ્વર કોને દુઃખ કહે છે અને કોને ધર્મ કહે છે. આહાહા..!

અહીંયા કહે છે કે આડંબર. આ મોટો દેખાવ બહારમાં જાણે... આહાહા..! ચાર મહિનાના અપવાસ કર્યા, કરોડો રૂપિયા ખર્ચ્યા ને મંદિરો બનાવ્યા ને જાવજીવનું બ્રહ્મચર્ય લીધું સજોડે. એ શું ક્રિયા, બાપુ! એ તને ખબર નથી. એ તો બધો શુભરાગની ક્રિયાનો ક્લેશ છે. આહાહા..! સમજાણું કાંઈ? વાત બીજી છે, ભાઈ! જગતમાં ચાલતી પ્રથાથી ભગવાનના માર્ગની રીત કોઈ જુદી છે. આ વર્ષીતપ કરો તો કરો, ક્લેશ કરો, એમ કહે છે. આડંબર! લ્યો! આ તો મોટી ઉંમરના પૈસાવાળા માણસે વર્ષીતપ કર્યું હતું. ક્લેશ હતું બધું. ભાન ક્યાં છે?

મુમુક્ષુ :- એ વખતે ખબર નહોતી.

ઉત્તર :- ખબર નહોતી. એમ કે એ વખતે ખબર નહોતી, ભાઈ કહે છે. વાત સાચી, વાત સાચી. આહાહા..!

અહીં કહે છે, એ ક્રિયાથી '**બહુ આક્ષેપ કરે છે તો કરો, તથાપિ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થશે.**' આહાહા..! પણ ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગદેવે જે આત્મા કહ્યો અંદર, એ તો અંદરની જ્ઞાનની ક્રિયા દ્વારા પ્રાપ્ત થશે, બાકી આ ક્રિયા દ્વારા પ્રાપ્ત થશે નહિ. આહાહા..! આવી વાત છે. આહાહા..! શેના તને રસ ચડી ગયા છે? પ્રભુ! એમ કહે છે. સંસારના રસ તો ચડ્યા પાપના, પણ ધર્મને નામે આ રાગના રસ ચડી ગયા તને, પ્રભુ! એ રાગનો રસ છે, એ ધર્મ નહિ. આહાહા..! 'મૂળચંદભાઈ' તો કહેતા વારંવાર, આવી વાત ક્યાંય સાંભળવા મળતી નથી. એમ કહેતા બહુ. કાગળમાં લખતા એ. આહાહા..! પ્રભુ! ક્યાંય નથી, બાપુ! અમને તો ખબર છે ને. આહાહા..! અહીં ચોસઠ વર્ષ તો દીક્ષા લીધા થયા. ચોસઠ વર્ષ. અઠ્યાસી વર્ષ શરીરને થયા. નેવુંમાં બે ઓછા. દેખાવ ન લાગે. અઠ્યાસી વર્ષ થયા શરીરને. આહાહા..! તેર વર્ષ જન્મસ્થાન 'ઉમરાળા', નવ વર્ષ દુકાન 'પાલેજ'. દોઢ વર્ષ ગુરુ પાસે ભણ્યા અને ચોસઠ વર્ષની દીક્ષા. અઠ્યાસીનો સરવાળો થયો છે. બધું ઘણું જોયું છે જગતને. હિન્દુસ્તાનમાં દસ-દસ હજાર માઈલ ત્રણ વાર ફર્યા છીએ. મોટર દ્વારા. આ માર્ગ (ક્યાંય નથી). આહાહા..! શું થાય? પ્રભુ!

આવું મનુષ્યપણું... જુઓને! સાંભળીએ છીએ. નાની-નાની ઉંમરના, પચ્ચીસ-પચ્ચીસ વર્ષના, અઠ્યાવીશ વર્ષના. આજ 'હરિભાઈ' ગયા. અમારા 'જીવણલાલજી'ના ભત્રીજા 'હરિભાઈ હરિચંદ' 'અમદાવાદ'. એના ભાઈનો દીકરો. નાનો ભાઈ 'પ્રેમચંદ'. એનો દીકરો અઠ્યાવીશ વર્ષનો પરણેતરો, પરણેલો. અહીં આંતરમાં વ્યાધિ હશે તો ઓપરેશન કરાવ્યું હતું. ઠીક હતું તે અહીં આવ્યા હતા પૂછીને. સમાચાર આવ્યા કે દેહ છૂટી ગયો. અઠ્યાવીસ વર્ષની ઉંમર. પણ બાપા! દેહની સ્થિતિ હોય તે સમયે તે રીતે થવાનું. મોટો ઈન્દ્ર ઉપરથી ઉતરે, ડોક્ટરે પોતે મરી જવાના, જે સમયે મરવાના ત્યારે. આહાહા.! આ તો ધૂળ છે ને માટી છે, પ્રભુ! તને ખબર નથી. આ તો સંયોગી ચીજ છે. સંયોગે ચીજ આવેલી છે આ. આ તો માટી ધૂળ છે, પુદ્‌ગલ છે. આહાહા..! એની સ્થિતિ મુદ્દત છે ત્યાં સુધી રહેશે. તારા લાખ દવા કરે અને દવાઓ કરે. આ બહુ દવાઓ બનાવતા. લાવ્યો હતો તમારો એક ઓલો કાલે. ત્રીજો નહોતો? અમલદાર છે ને? કોણ છે? એ તમારા આવ્યા પહેલા આવ્યો હતો.

તમારી વાતું કરી હતી એણે. પગ જરી ધ્રુજે છે, નહિ? મોટો અમલદાર છે.

મુમુક્ષુ :- પરમ દિવસે 'મુંબઈ'માં ધાડ પાડીને આવ્યો હતો.

ઉત્તર :- શું મુંબઈમાં...?

મુમુક્ષુ :- ધાડ પાડીને આવ્યો છે. છાપો મારીને એટલે પકડીને કોઈને. કેસ પકડીને. વેપારીઓના.

ઉત્તર :- આવ્યો હતો મારી પાસે થોડીવાર. બહુ પગે લાગીને ઊભો હતો. આહાહા..! અરે..! ક્યાંય સખ નથી, ભાઈ! તને ખબર નથી. સુખ તો પ્રભુ આત્મામાં છે. અતીન્દ્રિય આનંદનો સાગર અંદર ઉછળે છે. એની ખબરું ન મળે, એની સામું જોવું ન મળે અને આ બહારના પ્રવૃત્તિના પરિણામમાં રોકાઈ જીંદગી અફળ જાય છે બધી.

અહીં તો, તે તો પાપના પરિણામની વાત. તેમાં રાજી રાજી થઈ જાય. બે-પાંચ કરોડ મળ્યા એટલે જાણે.. આહાહા..! હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. અહીં તો કહે છે કે તેં નિવૃત્તિ લીધી અને સાધુ થા અને બહાર પાંચ મહાવ્રત પાળ અને શુભોપયોગથી ભક્તિ ભગવાનની કર, શાસ્ત્રના અધ્યયન કરે એ બધી રાગની ક્રિયા દુઃખની છે. આહાહા..! આ તો વીતરાગમાર્ગ છે. જિનેશ્વર, પરમેશ્વર ત્રિલોકનાથ. એ વીતરાગભાવથી પ્રગટ થાય, એ રાગથી ધર્મ પ્રગટ થાય નહિ. આહાહા..! આવી વાતું છે. છે?

એ તો '**શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થશે તે તો શુદ્ધ જ્ઞાન વડે થઈ.**' એ રાગની ક્રિયાથી ભિન્ન ભગવાનઆત્મા, એને જ્ઞાન સ્વરૂપમાં એકાગ્ર થશે તે દિ' તેનું કલ્યાણ થશે. બાકી લાખ મરી જાય ક્રિયાકાંડ કરીને તો એનાથી આત્મા અને ધર્મ પ્રાપ્ત નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? '**કેવા છે કરતૂત...**' આ ક્રિયા કીધી ને જે? શુભઉપયોગની, દયા, દાન, વ્રત ને પૂજા ને ભક્તિ. '**કેવા છે કરતૂત...**'? '**स्वयम् एव दुष्करतरैः**' '**स्वयम्**' '**સહજપણે કષ્ટસાધ્ય છે.**' આહાહા..! 'સુરેન્દ્રજી'! એ કષ્ટસાધ્ય છે, દુઃખ છે. અરર..! આ વાત સાંભળવી કઠણ પડે. એ પંચમહાવ્રતના પરિણામ, જાવજીવનું શરીરથી બ્રહ્મચર્ય પાળે, અહિંસા, સત્ય, દત્, બ્રહ્મચર્ય એ પંચમહાવ્રત પાળે. આહાહા..! પ્રભુ! તને ખબર નથી, ભાઈ! એ તારું સ્વરૂપ નથી. એ તો વૃત્તિનું ઉત્થાન અને રાગની ક્રિયા છે. એ કષ્ટદાયક છે. કષ્ટસાધ્ય કહ્યું. જોયું? એમાં દુઃખ સાધ્ય છે. આનંદ સાધ્ય નથી એમાં. આહાહા..! આવી વાતું છે.

મુમુક્ષુ :- એમ થાય છે કે અહીં જ રોકાય જાય.

ઉત્તર :- એ તો ત્યાં કહ્યું હતું. તમારા બાપને 'બેંગ્લોર'માં. ભાઈના બાપે ચાર લાખ રૂપિયા નાખ્યા ને મંદિર બનાવ્યું. 'બેંગ્લોર'. આઠ લાખ 'ભભુતમલ'. 'ભભુતમલે' આઠ લાખ નાખ્યા. આણે ચાર લાખ નાખ્યા. બાર લાખનું મંદિર બનાવ્યું. દિગંબર મંદિર. મોટું જોવે તો આમ... પણ એ વખતે કહેલું, તમે એમ સમજો નહિ કે બાર લાખ ખર્ચ્યા માટે ધર્મ થઈ ગયો અમને.

મુમુક્ષુ :- મને લાગે છે કે મંદિર કર્યા પછી કીધું હશે.

ઉત્તર :- ના, ના પહેલેથી. અહીં તો પહેલેથી કહેતા આવીએ છીએ. એય..! 'શાંતિભાઈ'!

આ બધા ૨૬-૨૬ લાખના મકાન થયા, જુઓ! એકલું આરસપહાણ અને પોણા ચાર

લાખ અક્ષર. એ પહેલાથી કહ્યું હતું, બાપુ! બહારની જેટલી ક્રિયાઓમાં લક્ષ જાય એ બધો શુભરાગ અને શુભ(ભાવ) છે. એ ધર્મ નહિ. બાપુ! ધર્મ તો ચૈતન્ય ભગવાન, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, તેનો આશ્રય લેતાં, શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં, શુદ્ધ સ્વરૂપને જ્ઞાનમાં લેતાં એને ધર્મ થાય. આકરી વાતું, ભાઈ! અનંત અનંત કાળ થયા પરિભ્રમણ કરતાં. એને થાક લાગ્યો નથી. એને ભાનેય ક્યાં? એ વિચારેય ક્યાં છે? બાળકપણું આવે રમતમાં જાય. યુવાની આવે ત્યાં સ્ત્રીમાં ખોવાય, પછી ધંધામાં ખોવાય. આહાહા..! વૃદ્ધાવસ્થા આવે ત્યારે થઈ રહ્યું, પછી રોવે. 'બાળપણ ખેલમેં ખોયા, જુવાની સ્ત્રીમેં મોહ્યા, વૃદ્ધાપણું દેખકે રોયા.' એ અમારે 'પાલેજ'માં બોલતા... આહાહા..!

અહીં કહે છે, તું કોણ છો? એ સિવાયની જે આ ક્રિયા છે ને એ પણ કષ્ટદાયક છે. તારા સંસારના પાપના પરિણામ, રળવાના, ભોગના અને એમાં સાચવવા અને વ્યાજ ને એ કરવા એ તો પાપ પરિણામ મહા દુઃખદાયક છે. આહાહા..! કહો, 'મનસુખભાઈ'! અરેરે..! આવું છે. '**કષ્ટસાધ્ય છે.**' છે? આ શુભઉપયોગ, શાસ્ત્ર અધ્યયન. છે? જીવાદિનું સ્મરણ, પંચપરમેષ્ઠિની ભક્તિ એ બધું કષ્ટસાધ્ય છે. એમાં રાગની વૃત્તિ ઊઠે છે એ દુઃખ છે. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે,...**' છે? આહાહા..! ધાર્મિક ક્રિયાની વાત છે, હોં! ઓલી ક્રિયા જે સંસારની એ તો પાપ જ છે. ખટપટ, માયા ને કપટ ને દુઃખ ને... આહાહા..! આ તો શુભક્રિયા.

મુમુક્ષુ :- અને પાછી ધર્મને લગતી.

ઉત્તર :- ધર્મના નામની ક્રિયાની વાત છે ને આ શુભ.

એ '**જેટલી ક્રિયા છે તે બધી દુઃખાત્મક છે,...**' દુઃખસ્વરૂપ છે. આહાહા..! '**શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી.**' ભગવાનઆત્મા જ્ઞાનબિંબ પ્રભુ સર્વજ્ઞસ્વભાવી અને અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા, એના સન્મુખ થઈને જે અનુભવ કરવો એ સુખરૂપ છે અને આ ક્રિયાકાંડ બધા દુઃખરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ કરવાને નિવૃત્તિ ક્યાં છે હજી. સંસારના પાપ આડે આખો દિ' સલવાણો બાવીસ કલાક, ત્રેવીસ કલાક ત્યાં. છ-સાત કલાક ઊંઘમાં જાય, બે-ચાર કલાક બાયડીને રાજી કરવામાં જાય, છોકરાને રમાડવામાં જાય. એમાં દુકાને બેસવામાં થડામાં જાય. અરર..! કલાક મળે, સાંભળવા જાય ત્યાં કુગુરુ લૂંટી લે એને. એને બતાવે કે વ્રત કર ને તપ કર ને એનાથી તને ધર્મ થશે. આહાહા..! 'શ્રીમદ્' કહે છે. કુગુરુ લૂંટી લે કલાક. એને એમ બતાવે વ્રત કરો, અપવાસ કરો, દાન કરો, પૈસા ધરો, મંદિર બનાવો. તમારું કલ્યાણ થઈ જશે. એ કુગુરુ જગતને લુંટાવી દે, લૂંટે છે. આવી વાતું છે. આહા..હા...!

'**શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી.**' શું કહે છે? ભગવાનઆત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન-જાણવું. શાસ્ત્ર જાણવું એ નહિ. અહીં તો જ્ઞાન (એટલે) જેની સત્તામાં આ છે એવું જણાય. આ છે... આ છે... આ છે... જેની સત્તામાં જણાય, એ જ્ઞાનસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ જ્ઞાન ભગવાન જ્ઞાનસ્વભાવી પ્રભુ છે. એ જ્ઞાનસ્વભાવનો અનુભવ,

એની સન્મુખ થઈને એનો અનુભવ (થવો) તે સુખરૂપ છે. તે ક્રિયાકાંડના ભાવ સુખરૂપ નથી પણ દુઃખરૂપ છે. આહાહા..! માથું ફરી જાય એવું છે આ. આહાહા..! અરેરે..! એને મનુષ્યપણું માંડ મળે અનંત કાળે, એમાં વળી પાપના પ્રસંગમાં રોકાય જાય અને એમાં અહીં પ્રસંગ મળ્યો અને એમાં પુણ્યની ક્રિયાનો વખત મળ્યો તો એ પુણ્યની ક્રિયામાં રોકાય ગયો. એ ધર્મ છે. (એમ માને). થઈ રહ્યું. મરી ગયા.

અહીં કહે છે કે, '**શુદ્ધસ્વરૂપ-અનુભવની માફક સુખસ્વરૂપ નથી. વળી કેવા છે? સકળકર્મક્ષયથી ઉન્મુખ છે...**' આહાહા..! જેનાથી કર્મનો ક્ષય થાય એનાથી બધી ઊલટી ક્રિયા છે. આહાહા..! અરે..! સાંભળવા મળે નહિ આ. છે? '**मोक्षोन्मुखैः**' મોક્ષ નામ '**સકળકર્મક્ષય...**' એનાથી '**ઉન્મુખ છે.**' ઊલટું છે. એ વ્રત ને ભક્તિ ને પૂજા ને શાસ્ત્ર અધ્યયન ને. '**સકળકર્મક્ષયથી ઉન્મુખ છે અર્થાત્ તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ (અજ્ઞાનીને) ઊપજે છે...**' આહાહા..! અમે આ વ્રત પાળીએ છીએ ને અપવાસ કરીએ છીએ ને તપસ્યાઓ કરીએ ને વર્ષીતપ કરે છે. અને આ બધા લખાણમાં એ જ આવે, બધા સ્થાનકવાસી શ્વેતાંબરમાં. આટલા અપવાસ કર્યા... આણે આટલા અપવાસ કર્યા... આટલા અપવાસ કર્યા.. ને આટલી તપસ્યાઓ કરી. કહે છે કે એ બધી ક્રિયાઓ મોક્ષ નામ આઠ કર્મના ક્ષયથી થતો મોક્ષ, એનાથી ઉન્મુખ ઊલટી ક્રિયા છે. એટલે કે બંધનની કરનારી છે. આહાહા..!

'**આગળ મોક્ષનું કારણ થશે...**' અથવા એમ માનશે, એમ કહે છે કે આપણે કરતા કરતા પરંપરાએ કાંઈક જલદી થઈ જાય ને. પહેલા પાપ છોડીએ ને પછી... પહેલા પાપ છોડીએ ને પછી પુણ્ય કરીએ અને પછી છોડશું પુણ્ય. એમ પરંપરા પછી ધર્મ થશે. એ મૂઢ જીવો આમ માનીને ત્યાં રોકાઈ ગયા છે. આહાહા..! પણ ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે, અંદર ચૈતન્ય સાગર ભગવાન છે ને. અતીન્દ્રિય આનંદના સ્વભાવથી છલોછલ લવોલવ ભરેલો પ્રભુ અંદર છે, ભાઈ! તને ખબર નથી. એનો અનુભવ કરવો, એનું નામ મોક્ષની ક્રિયા નામ ધર્મક્રિયા છે. એની ક્રિયાથી આ બધું વિરૂદ્ધ છે. આહાહા..! એકવાર તો હરખ ઉતરી જાય એવું છે બધું. બહારના બધા હરખના સહડકા લીધા છે ને. જરી બાયડી ઠીક મળે, પૈસા ઠીક મળે, વેપાર સરખો ચાલે, એમાં મુનિમ-બુનિમ સારા મળ્યા હોય, બે-પાંચ કરોડની મૂડીમાં. હરખ... હરખ.. જાણે.. ઓહોહો..! સનેપાત છે. અહીં તો પ્રભુ કહે છે, એ તો છોડ્યું ને કદાચિત્ એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજામાં આવ્યો અને કરોડો રૂપિયા ખર્ચ્યા દાનમાં. મોટા રથ, યાત્રા કાઢી, વરઘોડા કાઢ્યા.

મુમુક્ષુ :- આ વખતે બહુ નીકળ્યું હતું.

ઉત્તર :- ખબર છે ને બધી. 'મુંબઈ'માં તમારે દીક્ષા (દીધી). દસ-દસ વર્ષના છોકરાને દીક્ષા. હજી સમકિત કોને કહેવું એનું ભાન ન મળે અને દીક્ષા ક્યાંથી આવી ગઈ? દખ્યા છે. કીધું ને? કષ્ટ-દુઃખ છે. અને એ ક્યાં છે એની પાસે? એ બધું અમને તો ખબર છે ને. આહાહા..! જેને પંચમહાવ્રત કહીએ એ વ્યવહાર છે એ પણ ક્યાં છે? એને માટે કરેલા આહાર-પાણી લે, વસ્ત્રાદિ વેચાતા લે, ધાબળીયું મોટી વેચાતી લઈને આપે. વ્યવહારના પણ

ક્યાં ઠેકાણા છે, પાંચમહાવ્રતના. અને પાંચમહાવ્રત હોય તોપણ રાગ છે અને દુઃખરૂપ છે. એને કે દિ' મહાવ્રત હતા? આકરી વાત, બાપા! બહુ પ્રભુ ફેર છે. આહાહા..!

અહીં કહે છે '**તેઓ પરંપરાએ આગળ મોક્ષનું કારણ થશે એવો ભ્રમ ઊપજે છે તે જૂઠો છે.**' છે? '**તે જૂઠો છે.**' એમ કે આ કરતાં કરતાં પછી થશે અને એક પગલું આગળ તો ચાલ્યા છીએ. પાપના પરિણામ તો છોડ્યા છે. હવે આ પુણ્યના પરિણામ કરીએ છીએ. પછી આગળ ધર્મ કરશું.

મુમુક્ષુ :- બીજાથી તો આગળ વધ્યા છીએ.

ઉત્તર :- ધૂળેય વધ્યા નથી. સંસાર ને સંસારના પાપમાં પડ્યો છે. આહાહા..!

'**કેવા છે મિથ્યાદષ્ટિ જીવ?**' '**महाव्रततपोभारेण चिरं भग्नाः क्लिश्यन्तां**' મહાવ્રત પાળે મિથ્યાદષ્ટિ જીવ. '**હિંસા,...**' જૂઠું, ચોરી '**અબ્રહ્મ, પરિગ્રહથી રહિત...**' થાય. આહાહા..! એ વસ્ત્રનો ધાગો ન રાખે કદાચિત્ બહારથી. નગ્ન મુનિ થાય. જૈનદર્શનમાં તો નગ્ન મુનિને મુનિ કહેવામાં આવે છે. વસ્ત્રસહિતને મુનિપણું જૈનદર્શનમાં નામમાત્ર પણ કહેતા નથી. આહાહા..! આકરી વાતું બહુ, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે હિંસા છોડી દે, જૂઠું છોડી દે, ચોરી છોડી દે, બ્રહ્મચર્ય પાળે, અબ્રહ્મ છોડી દે, પરિગ્રહ છોડી દે. એટલે કે વસ્ત્રનો ધાગો પણ ન રાખે અને નગ્ન મુનિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આકરી વાતું બહુ. અપરિગ્રહ એને કહે ને? નિર્ગ્રંથ કોને કહે? કે જેને વસ્ત્રનો ધાગો ન હોય અને જેવી માએ જન્મ્યો એવી જેની દશા શરીરની હોય અને અંદરમાં વીતરાગી દશા અંદર આનંદના નાથને જગાડીને... આહાહા..! અતીન્દ્રિય આનંદમાં ઝુલતો હોય. પ્રચુર અતીન્દ્રિય આનંદનું જેને વેદન હોય એને મુનિ કહેવામાં આવે છે. બહારમાં નગ્ન દશા હોય. આહાહા..!

મુમુક્ષુ :- ચશ્મા હોય કે નહિ?

ઉત્તર :- ચશ્મા-બશ્મા આપણે એવું કાંઈ ન હોય. વસ્ત્રનો ટુકડો ન હોય તો ચશ્મા ક્યાંથી? કોઈની વ્યક્તિની આપણે (વાત નથી), આ તો વસ્તુની સ્થિતિ આવી છે. વસ્તુની સ્થિતિ આવી છે. બાપુ! આહાહા..! ચશ્મા કેવા ને ઘડિયાળું કેવી. વસ્ત્રનો ધાગો (ન હોય). ભગવાન તો એમ કહે છે, પ્રભુ! આકરું કામ છે, ભાઈ! આહાહા..! વસ્ત્રનો ટુકડો રાખીને અમે મુનિ છીએ એમ માને, મનાવે, માનતાને રૂડું જાણે, (એ) નિગોદગામી છે. એ નિગોદમાં અવતરવાના છે. લસણ ને ડુંગળીમાં જવાના છે ઈ. આહાહા..! પ્રભુ! આકરું પડે, ભાઈ! પરમાત્માનું એ વચન છે. 'સૂત્રપાહુડ'માં. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

અહીં કહે છે, એ પરિગ્રહથી રહિત. ઈ લીધું છે, હોં! એવા જીવોને લીધા છે. આ લુગડાના પોટલા રાખે અને પરિગ્રહરહિત છે (એમ માને), એ તો પરિગ્રહરહિત પણ નથી એ તો મહાપાપના અવ્રતના પાપમાં પડ્યા છે. આહાહા..! અરે..! દુનિયા.. અને એની પાસે બ્રહ્મચર્ય લેવું, મિથ્યાદષ્ટિ પાસે. હાથ જોડવા, મિથ્યાત્વનું પોષણ છે. પોતે મિથ્યાત્વને સેવે છે, એને મિથ્યાત્વનું પોષણ કરે છે આ. આહાહા..! આવું કામ આકરું બહુ, બાપુ! આખી દુનિયાથી ફેર છે એ તો ખબર નથી? આહાહા..! આ જુદી ચીજ છે, ભાઈ! ત્રણલોકના

નાથ, જિનેન્દ્રદેવ... આહાહા..! એનો માર્ગ...

એ '**મહા પરીષહોનું સહવું,...**' પંચમહાવ્રતધારી, વસ્ત્રનો ટુકડો પણ ન રાખે, બ્રહ્મચર્ય પાળે, જૂઠું ન બોલે, ચોરી ન કરે, એકેન્દ્રિય જીવના પ્રાણને હણે નહિ, એક લીલોતરીનો કણ જે છે એને પણ હણે નહિ. ભલે હો. એ બધી રાગની ક્રિયા છે, કહે છે. આહાહા..! એ અને '**મહા પરીષહોનું સહવું...**' આહાહા..! તૃષા એવી લાગી હોય કે પાણીનું બિંદુ ન લે. સર્પ કરડ્યો હોય તો દવા ન લે, વીંછી કરડ્યો હોય તો સહન કરે, મહાપરિષહ સહન કરે.

'**તેના ઘણા બોજા વડે ઘણા કાળ પર્યન્ત મરીને ચૂરો થતા...**' આહાહા..! આકરું કામ, બાપા! એવી ક્રિયા કરતાં કરતાં મરીને ચૂર્ણ થાવ પણ પરિભ્રમણ તમારું મટશે નહિ એનાથી. આહાહા..! બબ્બે મહિનાના અપવાસ, અપવાસ ને પારણે લુખ્ખો આહાર (કરે). બાપુ! એ બધી ક્રિયાઓ છે એ કરો, અનંતવાર. રાગની મંદતાની છે. અને શરીરને જીર્ણ કરો ને મરી જાવ. '**મરીને ચૂરો થતા થકા ઘણું કષ્ટ કરે છે તો કરો, તથાપિ એવું કરતાં કર્મક્ષય તો થતો નથી.**' એનાથી મિથ્યાત્વનો નાશ અને કર્મનો ક્ષય અંશે નથી. આવો માર્ગ છે. નવા માણસને તો એવું લાગે કે શું છે આ? આ તે જૈનધર્મ આવો હશે? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ!

અરે..! તેં દુઃખ સહન કર્યા છે, પ્રભુ! ભૂતકાળમાં નરકમાં.. નરકમાં... આહાહા..! અબજોપતિનો રાજકુમાર હોય અને તે દિવસના લગન હોય અને કરોડો રૂપિયા જેણે લગનમાં ખર્ચ્યા હોય, પચ્ચીસ વર્ષની ઉંમર ને જુવાન હોય અને રાણી પણ કરોડોપતિ, અબજોપતિની દિકરી આવી હોય અને તેને પહેલા રાતની ભોગનો પહેલો દિવસ હોય, એના શરીરને 'જમશેદપુર'ની ભઠ્ઠીમાં સીધો જીવતો નાખે અને પીડા થાય એથી અનંતગુણી પિડા પ્રભુ નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિએ છે. આહાહા..! ભાઈ! તેં સાંભળ્યું નથી. તને રાજીપા ક્યાંથી આવ્યા આ? આહાહા..! એ રાજકુમારને આમ સીધો જીવતો ભઠ્ઠીમાં નાખે. અબજોપતિ અને કરોડો રૂપિયા ખર્ચ્યા હોય લગનમાં. છે ને એક રાજા અત્યારે? કરોડ રૂપિયા એક દિવસે ખર્ચ્યા હતા. એક દિવસે કરોડ રૂપિયા (ખર્ચ્યા). લગનને દિવસે.

મુમુક્ષુ :- 'ઈરાન'.

ઉત્તર :- 'ઈરાન'નો રાજા. એ નામ બરાબર. એક રાત-દિવસના કરોડ. પહેલા દિવસ સુહાગરાતમાં. ઓલો તો અબજો રૂપિયા ખર્ચે મોટો પણ એને જીવતો નાખે એમાં અને દુઃખ થાય, એનાથી અનંતગુણી પીડા પહેલી નરકમાં (છે). દસ હજાર વર્ષની સ્થિતિમાં પહેલી નરકમાં દુઃખ અનંતગણું છે. આહાહા..! એ બધા મિથ્યાત્વના કારણે રખડીને મરી ગયો છે. એ ક્રિયાઓ આદિ કરી પણ મિથ્યાત્વ છે અને એનાથી ધર્મ થશે એમ માની મિથ્યાત્વને સેવ્યા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

એ '**મરીને ચૂરો થતા...**' જોયું! '**भग्नाः**' કીધું છે ને? '**भग्नाः**' શરીર જીર્ણ કરી નાખવું. અપવાસ કરી કરીને. મરી જાને, કહે છે. શરીરને તો પણ એથી, ધર્મ ક્યાં છે ત્યાં? આહાહા..! કર્મક્ષય તો થતો નથી. આહાહા..! આકરું પડે, હોં!

મુમુક્ષુ :- જુવાની વીજળીના ઝબકારા જેવી છે.

ઉત્તર :- ઝબકારા જેવું છે, બાપુ! આ વીજળીના ઝબકારે મોતી પરોવી લ્યો, પરોવી

લ્યો. એમ આ તો ટાણા આવ્યા, બાપા! અંતર ચૈતન્ય વસ્તુ છે ત્યાં જા. તને સંસારનો અભાવ થશે. ત્યાં આનંદ થશે, ત્યાં સમકિત થશે. એ ચીજ અંદરમાં છે. આહાહા..! બહારમાં રખડી મર્યો એમ ને એમ. આહાહા..! આ શેઠિયા બિચારા, જુઓને! ચાલ્યા ગયા. ૨૭ તારીખે. 'સાહૂજી'. ૪૦ કરોડ રૂપિયા. હમણાં આવ્યા હતા અહીં દર્શન કરવા. વ્યાખ્યાન સાંભળી ગયા હતા. ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. પાંચ દિ'થી આવતા. ચાલીસ કરોડ. પાંચ-સાત કરોડની તો ઊપજ છે વર્ષની. અહીં ત્રણ વાર આવી ગયા. આ વસ્તુ જુદી વસ્તુ. ૨૭મી તારીખે સવારમાં હાર્ટ ફેઈલ. ૬૬ વર્ષની ઉંમર. દેહ છોડીને ચાલ્યા. આહાહા..!

મુમુક્ષુ :- 'મુંબઈ'માં ચર્ચા કરતા હતા.

ઉત્તર :- બધા પ્રશ્ન કરતા હતા અને ઘણા કરતા હતા. ત્યાં 'દિલ્હી'માં કર્યા. 'દિલ્હી'માં પણ કર્યા હતા. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારીને વ્યવહારનો ઉપદેશ દેવો. એમ નથી કીધું ત્યાં એવો અર્થ. 'દિલ્હી'માં, 'કલકત્તા'માં બધે મળ્યા હતા ને. બધે આવતા વ્યાખ્યાનમાં. આહાહા..!

કહે છે, 'भग्नाः क्लिश्यन्तां' શરીરનો ચૂરો કરી નાખને વ્રત પાળીને અને અપવાસ કરીને, પણ એનાથી જરીએ ધર્મ છે નહિ. આહાહા..! કહો, 'મીઠાલાલજી'! આવી વાતું આકરી પડે, હોં! આહાહા..! એ ૧૪૨ (કળશ પૂરો) થયો.

---

(દ્રૂતવિલંબિત)

पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।११-१४३।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ततः ननु इदं जगत् इदं पदम् कलयितुं सततं यततां' ( ततः ) તે કારણથી ( ननु ) અહો ( इदं जगत् ) વિદ્યમાન છે જે ત્રૈલોક્યવર્તી જીવરાશિ તે ( इदं पदम् ) આ પદનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનમાત્રવસ્તુનો ( कलयितुं ) નિરંતર અભ્યાસ કરવાને માટે ( सततं ) અખંડધારાપ્રવાહરૂપ ( यततां ) યત્ન કરો. શા કારણ વડે? 'निजबोधकलाबलात्' ( निजबोध ) શુદ્ધ જ્ઞાન, તેનો ( कला ) પ્રત્યક્ષ અનુભવ, તેના ( बलात् ) સામર્થ્ય વડે; કેમ કે ' किल' નિશ્ચયથી જ્ઞાનપદ 'कर्मदुरासदं' ( कर्म ) જેટલી ક્રિયા છે તેના વડે ( दुरासदं ) અપ્રાપ્ય છે, અને 'सहजबोधकलासुलभं' ( सहजबोध ) શુદ્ધ જ્ઞાનના ( कला ) નિરંતર અનુભવ વડે ( सुलभं ) સહજ જ પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભરૂપ છે જેટલી ક્રિયા, તેનું મમત્વ છોડીને એક શુદ્ધસ્વરૂપ-અનુભવ કારણ છે. ૧૧-૧૪૩.

## કળશ-૧૪૩ ઉપર પ્રવચન

આહાહા...! સંતો, દિગંબર મુનિઓ જગતની કરુણા કરીને કહે છે. આહાહા..! દિગંબર સંતની આ કથની છે. જે પ્રચુર અતીન્દ્રિય આનંદના વેદનમાં પડ્યા છે. અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદન, જે અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝુલે છે. આહાહા..! મુનિપણું કોને કહે! સમજાણું કાંઈ? જેને પ્રચુર અતીન્દ્રિય આનંદ (પ્રગટ થયો છે). સમકિતી જીવ ગૃહસ્થાશ્રમમાં સમકિત હોય, આત્માના આનંદનો અનુભવ એને પણ આનંદનો અંશ આવે છે. તો મુનિને અતીન્દ્રિય આનંદ, પ્રચુર વેદન અતીન્દ્રિય આનંદનું જેને હોય છે. એ મુનિરાજ જગતને જાહેર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**ખંડાન્વય સહિત અર્થ :-** ‘**ततः ननु इदं जगत् इदं पदम् कलयितुं सततं यततां**’ ‘**તે કારણથી અહો વિદ્યમાન છે જે ત્રૈલોક્યવર્તી જીવરાશિ...**’ બધાને સંબોધ્યું છે. ત્રણ લોકમાં વર્તનારા હે જીવો! આહાહા..! ‘**इदं पदम्**’ ‘**આ પદનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનમાત્ર વસ્તુનો...**’ ‘**कलयितुं**’ ‘**નિરંતર અભ્યાસ...**’ કરો. આહાહા..! એ રાગની ક્રિયાથી ભિન્ન પડી ભગવાન આનંદસ્વરૂપ છે, એનો અનુભવનો અભ્યાસ કરો. રાગથી ભિન્ન પાડવાનો. આહાહા..! એ ક્રિયાકાંડનો રાગ છે એનાથી પણ ભિન્ન પાડવાનો અભ્યાસ કર. શ્રદ્ધાને સુધાર. આહાહા..! પહેલું મૂળીયું સુધાર, એમ કહે છે. આહા..! ‘**આ પદનો...**’ આ પદ એટલે? ‘**નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનવસ્તુ...**’ અંદર વિકલ્પ નામ રાગ વિનાની ચીજ અભેદ ચૈતન્ય ભગવાન બિરાજે છે. આહાહા..!

‘ઘટ ઘટ અંતર જિન વસે’ એ જિનસ્વરૂપ ભગવાનઆત્મા અંદર વસે છે. આહાહા..! એ જિનસ્વરૂપ એવું ‘**શુદ્ધ જ્ઞાનમાત્રવસ્તુ...**’ ‘**कलयितुं**’ નિરંતર અભ્યાસ કરો. આહાહા..! રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ નિર્વિકલ્પ ચીજ બિરાજે છે અંદર. અભેદ વસ્તુ ભગવાનઆત્મા છે અંદર. અરે..! એને કેમ બેસે? આહાહા..! એ વિકલ્પની પાછળ ભગવાન ચૈતન્યમૂર્તિ બિરાજે છે અંદર. એનો રાગથી ભિન્ન પડીને અભ્યાસ કર. આહાહા..! ભેદજ્ઞાન કર, ભેદજ્ઞાન. આહાહા..! સમજાણું કાંઈ?

ભેદજ્ઞાનનો ‘**कलयितुं**’. પાછી ભાષા ‘**નિરંતર અભ્યાસ કરવાને માટે...**’ આહાહા..! ‘**कलयितुं सततं**’ ‘**અખંડધારાપ્રવાહરૂપ યત્ન કરો.**’ આહાહા..! જેમ પીપર, ચોસઠ પહોરી પીપરને ચોસઠ પહોર અખંડ ધારાએ ઘૂંટે ત્યારે ચોસઠ પહોરી તિખાશ બહાર આવે. લીંડીપીપર. ચોસઠ પહોર ઘૂંટે. એમાં એક મિનિટ પણ થાક નહિ. ભૈયા બદલાવે. ચાર ભૈયા રોકતા હોય તો દિવસના પાછા બદલાવે, રાત્રે ચાર જુદા. ચોસઠ પહોર સુધી (ઘસે) ત્યારે એ તિખાશ બહાર આવે. એમ અહીંયાં આનંદના નાથને વારંવાર અંતરમાં અખંડ ધારાએ અનુભવ કર, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભાષા કેવી લીધી! જોયું?

‘**અખંડધારાપ્રવાહરૂપ યત્ન કરો.**’ ‘**सततं**’ ‘**यततां**’ ‘**सततं यततां**’ ‘**सततं यततां**’. સતત નિરંતર યત્ના કરો. તારા નાથની યત્ના કર ત્યાં અંદર. આહાહા..! એ વિકલ્પથી પાર વસ્તુ

પડી છે અંદર. એનો '**सततं यततां**' નિરંતર યત્ના-જતના કરો. આહાહા..! આ પરજીવની જતના કરે છે ને એ તો શુભરાગ છે. આહાહા..! '**यततां सततं जगत्**' છેલ્લો શબ્દ છે ને? '**कलयितुं यततां सततं जगत्**' અખંડ ધારા. અરેરે..! એને વખત ક્યાં? પાપ આડે મળતો નથી વખત, એમાં પુણ્યમાં રોકાય જાય. આહાહા..! ભાઈ! તારે જન્મ-મરણ ટાળવા હોય, ચોર્યાસીના ભવનો અંત લાવવો હોય.. આહાહા..! તો ચૈતન્ય સહજાત્મસ્વરૂપ, સહજાત્મપ્રભુ, એનો નિરંતર અંતર્મુખ થઈને અભ્યાસ કર, અનુભવ કર. આહાહા..! '**सततं यततां**' નિરંતર યત્ના કર, અનુભવ કર. યત્નનો અર્થ અનુભવ. આહાહા..! છે ને?

**નયત્ન કરો.' 'અખંડધારાપ્રવાહરૂપ યત્ન કરો.'** યત્ન-યત્ના એની કર, નાથની. આહાહા..! એક સમય પણ એને વિસાર નહિ. આહાહા..! આવો વખત ક્યાં મળે આમાં? બહારમાં પૈસા પેદા થતા હોય. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ. કરોડોપતિ આમ બિચારા ગરકાવ-ગરકાવ. પાપમાં. આહાહા..!

પ્રભુ તો એમ કહે છે... સંત કહે છે એ વીતરાગના આડતિયા છે. જિનેન્દ્રદેવના આડતિયા છે એ માલ આપે છે. આહાહા..! દિગંબર સંતો... આહાહા..! જેને અતીન્દ્રિય આનંદ ઉછળ્યા છે અંદરથી. પાંચમી ગાથામાં કહ્યું છે ને? 'કુંદકુંદાચાર્ય'. મારા નિજ વૈભવથી હું આ શાસ્ત્રને કહીશ. મારો નિજ વૈભવ કોણ? કે પ્રચુર સંવેદન આનંદનું. મેં મારા અતીન્દ્રિય આનંદનું બહુ બહુ વેદન (પ્રગટ કર્યું છે), એ જેમાં મહોરછાપ છે. જેમ મહોરછાપ મારે છે ને કાગળમાં? એમ અમારા અનુભવમાં આનંદની મહોરછાપ છે. આહાહા..! મુનિરાજ એમ કહે છે કે નિજ વૈભવથી હું કહીશ. મારો નિજ વૈભવ શું? કે અતીન્દ્રિય આનંદનો નાથ મારો પ્રભુ, એનામાંથી હું અતીન્દ્રિય આનંદને બહાર કાઢીને વેદું છું. આહાહા..! અતીન્દ્રિય આનંદ પ્રચુર, સ્વ-પોતાથી પ્રત્યક્ષ વેદન કરું એ મારો નિજ વૈભવ છે. આહાહા..! આ મુનિરાજનો આ વૈભવ. આહાહા..! આને મુનિ કહીએ. એ કહે છે કે હું મારા નિજ વૈભવથી આ 'સમયસાર' કહીશ. પ્રભુ! તું પ્રમાણ કરજે, હોં! એમ પાછું કહ્યું. આહાહા..! ભગવાન! તું અનુભવથી પ્રમાણ કરજે. આ ગજબ વાત છે ને! આ એ કહે છે. '**અખંડધારાપ્રવાહ...**' પાણીનો જેમ ધોધ પડે અખંડ. છે ને ક્યાંક? નહોતા ગયા કેવો જોગ?

મુમુક્ષુ :- 'જોગફોલ'.

ઉત્તર :- ગયા હતા ને ત્યાં. પાણીનો ધોધ પડે છે આમ. ધારાવાહી. ઉપરથી. એ ધારાવાહી ધોધ.

એમ અંદરમાં જ્ઞાનસ્વભાવી ભગવાનઆત્મા અતીન્દ્રિય અનાકુળ શાંતરસથી ભરેલો પ્રભુ, એનો પર્યાયમાં તેને અખંડ ધારાથી અનુભવ કર. આહાહા..! જેમાં વચ્ચે રાગ ન આવે. ત્રુટ ન થાય. આહાહા..! જેવી ચીજ નિત્ય અને ધ્રુવ છે એવી જ પર્યાયમાં ધ્રુવતા, અત્રુટતા લાવ. આહાહા..! આવી વાતું છે. આ સુતરમાં પુણી નથી કાંતતા? સુતર કાંતે છે ને? એક પુણી થઈ રહી હોય તો બીજી પુણી સાંધે આમ. ગાંઠ ન પડવા દે. રૂની પુણી. એક જ્યાં પૂરી થાય ત્યાં બીજી. ગાંઠ વચ્ચે ન પડવા દે. એમ ભગવાનને અખંડ ધારાપ્રવાહ અંદરમાં અનુભવ

યત્ન કર, કહે છે. આહાહા..! અરે..! આવી વાતું સાંભળવી પણ મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- સાંભળવા મળે નહિ.

ઉત્તર :- મળે એમ નથી. અરેરે..! શું થાય? બાપુ! બધી ખબર છે ને. આહાહા..!

'દાહ લાગ્યો દુનિયામાં બે'નું ક્યાં જઈને કહીએ.' એમ એક આવે છે. ભજનમાં એક ભક્તિ આવે છે. 'દાહ લાગ્યો દુનિયામાં બેની ક્યાં જઈને કહીએ?' આહાહા..! પુણ્ય અને પાપના દાહ લાગ્યા છે અંદર. અગ્નિની જ્વાળા સળગે છે. એ રાગની ક્રિયા એ પણ કષાયની અગ્નિની જ્વાળા છે. આહાહા..! ભગવાનની શાંતિ ત્યાં દઝાય છે. અરે..! આવી વાતું કઈ જાતની? જિનેશ્વરનો માર્ગ તો દયા પાળવી, કંદમૂળ ન ખાવું, ચોવિહાર કરવો, બ્રહ્મચર્ય પાળવું, મહાવ્રત પાળવા. આવી ક્રિયા હોય એવું સાંભળ્યું હતું. હવે આ બીજી જાતની (વાત) ક્યાંથી કાઢી આવી? આહાહા..! ભાઈ! અહીં તો ભવના અભાવની વાત છે. જે ક્રિયા ભવના અભાવરૂપ ન થાય એ ક્રિયા જ નહિ. આહાહા..!

**'અખંડધારાપ્રવાહરૂપ યત્ન કરો.' 'यततां'** યતિઓ. હે યતિઓ! યત્ન કરો, પુરુષાર્થ. આહાહા..! બહારના રસને છોડી દે, પ્રભુ! એકવાર. અને અતીન્દ્રિય આનંદના રસને એકવાર તો ચાટ. આઈસક્રીમ નથી લેતા? આઈસક્રીમ. છોકરા ચૂસે છે. આનંદનો નાથ અંદર પડ્યો છે, પ્રભુ! તને ખબર નથી. અતીન્દ્રિય અનંત આનંદ પડ્યો છે, પ્રભુ! તારામાં, ભાઈ! આહાહા..! અરિહંત પરમાત્માને જે અનંત આનંદ પ્રગટે છે, ક્યાંથી આવ્યો એ? બહારથી આવે છે ક્યાંય? ત્રિલોકનાથ અરિહંતદેવ સર્વજ્ઞ પરમેશ્વર, જેણે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય (પ્રગટ કર્યા), એ બધું ક્યાંથી આવ્યું? એ કૂવામાં પડ્યું છે તો અવેડામાં આવે છે. આહાહા..! બાપુ! તને ખબર નથી. એ વસ્તુના સ્વરૂપમાં બધું પડ્યું છે અંદર. એમાંથી એકાગ્ર કરીને બહાર કઢાવે છે. એ ક્રિયાકાંડથી કાંઈ આવતું નથી, એમ કહે છે. 'નિર્જરા અધિકાર' છે ને? આહાહા..! ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે, પ્રભુ! તું ભગવંતસ્વરૂપ છો, જિનસ્વરૂપ છે તારું. આહાહા..! એને અંદરમાં ચૂસ. એકાગ્ર થઈને અખંડધારાપ્રવાહરૂપે... આહાહા..! યતન કરો.

**'શા કારણ વડે?' 'निजबोधकलाबलात्' 'શુદ્ધ જ્ઞાન,...'** જે નિજ-પોતાનું જ્ઞાન, હોં! એકલું શાસ્ત્રનું જ્ઞાન ને એ બધું અભ્યંતર શુભ વિકલ્પમાં ગયું. નિજ-પોતાનું શુદ્ધ જ્ઞાન તેનું. નિજનો અર્થ એ કર્યો. શુદ્ધ. શુદ્ધ એ પોતે જ પોતે. એમ. **'શુદ્ધ જ્ઞાન, તેનો પ્રત્યક્ષ અનુભવ,...'** કળા. વર્તમાન. કળા એટલે કલયન, અભ્યાસ, અનુભવ. કળા, કલયન, અભ્યાસ, અનુભવ. એ વર્તમાન પ્રત્યક્ષ અનુભવ, **'તેના સામર્થ્ય વડે...'** આહાહા..! ઝીણી વાત તો છે, પ્રભુ! શું થાય? એણે કોઈ દિ' કર્યું નથી. (આવી વાત) સાંભળવા મળતી નથી. શું કીધું?

મુમુક્ષુ :- વાત હવે ઝીણી નથી.

ઉત્તર :- ઝીણી નથી? વાત સાચી, ભાઈ! હવે બહાર બહુ વાત આવી ગઈ. સાચી વાત ભાઈની. આહાહા..!

મુમુક્ષુ :- અભ્યાસ કરે તો....

ઉત્તર :- અભ્યાસ કરે તો થઈ શકે. ઘરની ચીજ છે. ઘરમાં જાવું છે ને. એલા ઢોર જેવા માણસો... ઢોર હોય. સવારે બહાર કાઢે તો માંડ માંડ નીકળે. અને સાંજે બારણા બંધ હોય તો માથા મારે, અંદર જવા માટે. ગાયુંને બહાર કાઢી હોય ને? તો માંડ માંડ બહાર જાય. અને સાંજે તો કોઈ માણસ પણ ન હોય દોરવામાં ને આવીને બારણા બંધ હોય તો માથા મારે. અંદર ગમાણે જવા માટે ઘરમાં. ઘરમાં જવા માટે માથા મારે. એમ ઘરમાં જવા માટે રાગથી ભિન્ન પડીને માથા માર અંદરમાં. આહાહા..! અરે..! પહેલી જ્ઞાન તો, શ્રદ્ધા તો કર કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'પ્રત્યક્ષ અનુભવ, તેના સામર્થ્ય વડે;...'** આહાહા..! **'નિશ્ચયથી જ્ઞાનપદ જેટલી ક્રિયા છે તેના વડે અપ્રાપ્ય છે,...'** આહાહા..! જેટલી એ વ્રતની ક્રિયા, શુભોપયોગની ક્રિયા, પંચમહાવ્રતની, શાસ્ત્રના અધ્યયનની, એ ક્રિયાથી ભગવાન આત્માની પ્રાપ્તિ અપ્રાપ્ય છે. 'પાનાચંદભાઈ'! આવું બધું સાંભળ્યું નથી, ત્યાં ને ત્યાં રળવામાં ને રળવામાં. આ તો ભાઈ ગુજરી ગયો ને વળી આ નિવૃત્તિ લીધી, ઠીક કર્યું એટલું. વિશેષ કહેવાશે...

(શ્રોતાઃ પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૫, મંગળવાર, તા.૧૫-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૪, પ્રવચન - ૧૫૦

વચનામૃતનું આજે મુહૂર્ત થાય છે. અમારે 'હસમુખભાઈ' કહે, થોડું શરૂ કરવું. અમારા જૂના છે મંડળના. સ્થાનકવાસીમાં મુખ્ય હતા ત્યાં. અમારી સામે જ એનું ઘર છે.

આ 'બહેન'ના વચન છે. **'દ્રવ્ય તેને કહેવાય...'** અહીં સમ્મુચય વાત છે. પણ આત્માની મુખ્ય વાત છે. નહિતર દ્રવ્ય તો છ દ્રવ્ય છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવે છ દ્રવ્ય સર્વજ્ઞપણામાં દેખ્યા છે. એમાં અહીંયાં આપણે દ્રવ્યમાં આત્મા વિશેષ લેવો છે. બીજા અનંતા પરમાણુ આદિ જડ છે. એક આકાશ છે, ધર્માસ્તિ, અધર્માસ્તિ (છે).

અહીંયાં તો આત્મદ્રવ્ય એટલે વસ્તુ. ભગવાનઆત્મા આ શરીર જડથી ભિન્ન છે અંદર. કર્મ જે છે, આઠ કર્મ, જે ધૂળ-રજકણો એ પણ જડ અને ભિન્ન છે અને અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પરિણામ થાય એ પુણ્ય છે, એ પણ આત્માથી ભિન્ન ચીજ છે. આહાહા..! અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ એ પાપવાસના, એ પણ આત્માથી ભિન્ન છે અને એનાથી ભગવાન ભિન્ન આત્મા છે. એ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પરમેશ્વરે એને એવો જોયો છે આને, દરેક આત્મા તે શુદ્ધ ચૈતન્યઘન છે. એ આનંદ, અતીન્દ્રિય આનંદઘન છે. એને ખબર નથી. અનંતકાળથી એમ ને એમ ચોર્યાસી લાખમાં અવતાર ગુમાવ્યા. મરી ગયો અવતાર કરી કરીને. પણ એ વસ્તુ શું છે એનું એણે જ્ઞાન કર્યું નહિ. આહાહા..! બીજા દોઢ ડાહ્યા સંસારના થયા. અને પૈસા મેળવ્યા કરોડો-

અબજો રૂપિયા ધૂળું. ધૂળ-ધૂળ. સાચી વાત હશે? આ બધી તમારી ઝવેરાત-બવેરાત ધૂળ. આહાહા..!

પ્રભુ અંદર ચૈતન્ય મૂર્તિ છે અનાદિ. જે સ્વયંસિદ્ધ ચીજ છે, જે અવિનાશી છે, જેની ઉત્પત્તિ નથી. છે એની ઉત્પત્તિ શું? અને છે તેનો નાશ શું? અને છે એ ચીજ પોતાના ગુણ ને સ્વભાવથી ખાલી ન હોય. સાકર જેમ એના ગળપણના સ્વભાવથી ખાલી ન હોય, એમ ભગવાનઆત્મા દેહથી ભિન્ન, એના અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનના સ્વભાવથી જુદી ચીજ નથી. એ ભરેલી ચીજ છે. આહાહા..! અહીં દ્રવ્ય એને કહેવામાં આવે છે.

આ તો એક શબ્દની પહેલી વ્યાખ્યા છે. બાપુ! ઝીણી વાતું, ભાઈ! એણે ધર્મ તો અનંતકાળમાં ચોર્યાસીના અવતાર, અનંત અનંત ચોર્યાસી લાખના કર્યા. ચોર્યાસી લાખ યોનિમાં એક એકમાં અનંત અવતાર કર્યા. સ્વર્ગના પણ અનંતા કર્યા. અબજોપતિ શેઠિયા ધૂળના ધણી જે કહેવાય એ અનંતવાર થયો. પણ આત્મા અંદર કોણ છે એની એણે ખબરું ન કરી, વિચાર ન કર્યો, અનુભવ ન કર્યો.

કહે છે કે '**દ્રવ્ય...**' વસ્તુ અંદર તે આત્મા સત્ નામ શાશ્વત, સચ્ચિદાનંદ-જ્ઞાન અને આનંદનો ભરપૂર ભગવાન, છલોછલ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદથી ભરેલો, એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. જગતની ભાષાથી જુદી વાતું બધી છે આ. એ '**દ્રવ્ય તેને કહેવાય...**' આહાહા..! એ વસ્તુ ભગવાન અંદર છે એને દ્રવ્ય કહેવાય '**કે જેના કાર્ય માટે...**' ઝીણી વાત છે, પ્રભુ! એ વસ્તુ એવી છે કે... દ્રવ્ય એટલે વસ્તુ અને કાર્ય એટલે એની દશા. વર્તમાન દશા. એની વર્તમાન દશાને માટે એટલે કે વર્તમાન કાર્યને માટે. આ તો સર્વજ્ઞની અમૃત વાણી છે. એ ઝીણી વાતું, બાપુ! અત્યારે તો ગોટા ચાલ્યા છે બધા.

મુમુક્ષુ :- ગોટા ઉડી જવા માંડ્યા.

ઉત્તર :- વાત સાચી છે. આ માથે ચાકળો છે. એનો જ ચાકળો છે. માથે ચાકળો જુઓ એ. એ બધા ચાકળા એ છે. આ બધા ભરેલા એના. 'વચનામૃત'ના છે બધા.

દ્રવ્ય એટલે અંતર ભગવાનઆત્મા. દ્રવ્ય એટલે કે દ્રવતિ ઈતિ દ્રવ્યં. જેમ પાણી છે દ્રવ્ય તો પાણીમાં તરંગ ઊઠે છે અંદર. એમ આ ભગવાનઆત્મા, ઝીણી વાત, પ્રભુ! એ વસ્તુ એને સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર જિનેન્દ્રદેવ એમ કહે છે. એ વાણી અહીં છે. '**તેને કહેવાય કે જેના કાર્ય માટે...**' જેની અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ કરવા માટે. કાર્ય એટલે એ. આ તો માટી, ધૂળ, જડ છે. ધૂળ છે, અજીવ છે. કર્મ પણ માટી, ધૂળ, અજીવ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના ભાવ થાય એ પાપ છે, દુઃખ છે, મેલ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ થાય, ભગવાનની ભક્તિ કે વ્રત, તપ, એ બધો વિકલ્પ-રાગ અને મેલ છે. આહાહા..! એનાથી ભિન્ન ભગવાનઆત્મા વસ્તુ જે છે, પદાર્થ છે, અસ્તિ છે, મોજૂદગી ચીજ છે. જેમાં અનંત અનંત જગતના પદાર્થો, જેની સત્તામાં જેના હોવાપણામાં જણાય છે, એવી ચૈતન્યસત્તા, તેને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. આહાહા..!

તેના કાર્યને માટે. '**જેના કાર્ય માટે...**' આહાહા..! એટલે? કે આત્માને દ્રવ્યના, મોક્ષના કારણરૂપ, મોક્ષના માર્ગ માટે. આહાહા..! ભગવાનઆત્મા અંદર નિશ્ચય... બાપુ! ઝીણી વાત

છે, ભગવાન! જિનેન્દ્રદેવ પરમેશ્વરની વાતું બહુ ઝીણી છે. લોકોને ક્યાં પડી છે દરકાર? આ હોળી, દુકાન આખો દિ' ધંધા-પાણી ને પાપના પોટલા બાંધે ૨૦-૨૦, ૨૨ કલાક. કલાક, બે કલાક સાંભળવા જાય ત્યાં ઊંધું મળે. એને આ વાસ્તવિક તત્ત્વ શું છે એની ખબર ન મળે.

અહીં કહે છે કે જે દ્રવ્ય છે તેના કાર્યને માટે. દ્રવ્ય વસ્તુ છે તે કારણ છે. હવે એની વર્તમાન નિર્મળ વીતરાગી ધર્મદશા, આનંદદશા, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે દશા, જે મોક્ષનો માર્ગ કે મોક્ષ, બેય કાર્ય છે. **'જેના કાર્યને માટે...'** આહાહા..! **'બીજા સાધનોની...'** બહુવચન છે. આમાં એકવચન લખાઈ ગયું છે. એને બીજા સાધનોની (એટલે કે) કોઈ શરીરની, વાણીની અને મનની કે પુણ્યના પરિણામ, દયા, દાન, વ્રતના પરિણામની, એને આત્માના શાંતિના ધર્મના કાર્યને માટે કે રાગાદિના રાહ (જોવાની) એને જરૂર નથી. આહાહા..! ભગવાન ઝીણી વાત છે, પ્રભુ! શું કહીએ? આહાહા..! 'કાંતિભાઈ'! 'હસમુખભાઈ'એ માગ્યુ હતું, બાપા! એ કહે.. મારે ત્યાં મુહૂર્ત કરો. આહાહા..! પ્રભુ! આ મુહૂર્ત છે તારું. વાસ્તુ એને કહીએ કે જે ચીજમાં અંદર આનંદકંદ પ્રભુ છે, એમાં વસે તેને વાસ્તુ કહીએ. આ બધા મકાનના વાસ્તુ બધા સમજવા જેવા છે. 'પોપટભાઈ'!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે... એ વાણી 'બહેન'ની છે. પણ છે વાણી વીતરાગની વાણી છે એ 'બહેને' કીધી છે. સમજાણું કાંઈ? પુસ્તકો ૩૧૦૦ છપાઈ ગયા છે. ખલાસ થઈ ગયા. ભાઈએ બધાને દીધા છે. 'હસમુખભાઈ'એ બહુ વેચ્યાને બધે? 'બોટાદ'માં આપ્યા છે ને? બધે આપ્યા. 'ભાવનગર' આપ્યા, અહીં આપ્યા છે. ૩૧૦૦ ખલાસ થઈ ગયા છે. હવે ૬૦૦૦ ગુજરાતી છપાય છે અને ૧૦,૦૦૦ હિન્દી છપાય છે. ૧૬૦૦૦ છપાય છે. એ જેટલા આત્મધર્મના ગ્રાહક છે એ બધાને ભેટ આપવાના છે.

અહીં કહે છે, એમાં ૮૪નો બોલ, ચોર્યાસીના અવતારને ટાળવાનો બોલ છે આ. આહાહા..! ચોર્યાસી લાખ યોનિ, ભગવાન! એક એક યોનિમાં અનંત અવતાર કર્યા. પ્રભુ! તું દુઃખી છો. આહા..! તને સુખ ક્યાં છે એની ખબરું નથી. આ પૈસામાં સુખ અને બાયડીમાં સુખ અને આબરૂમાં સુખ અને ધૂળમાં સુખ (માને છે). બાપા! પ્રભુ! સુખ તો તારા અંતરમાં પડ્યા છે. આહાહા..! મૃગની ડુટીમાં કસ્તુરી, મૃગલાને કસ્તુરીની કિંમતું નહિ. આ હરણિયા. મૃગની ડુટીમાં કસ્તુરી. નાભિમાં. એની ગંધ આવતા જાણે આ વનમાંથી આવતી હશે? પણ અહીં (અંતરમાં) છે એની એને ખબર ન મળે.

એમ ભગવાનઆત્મા અંતરના અતીન્દ્રિય આનંદ એની ડુટીમાં, એના ઘરમાં પડ્યો છે. અરે..! એ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ, તેને અહીં દ્રવ્ય કહે છે. એ દ્રવ્યના કાર્યને માટે વર્તમાન આનંદનું કાર્ય પ્રગટ કરવા માટે કે વર્તમાનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ, એ સમ્યક્ સત્યદર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પ્રગટ કરવા માટે, એ દ્રવ્યના કાર્યને માટે બીજા દ્રવ્યના સાધનની રાહની તેને જરૂર નથી. 'પોપટભાઈ'! આ તો તમારે આવી ગયું છે. વાંચ્યું છે ને?

**'જેના કાર્ય માટે...'** એટલે કે આત્માના મોક્ષના માર્ગના કાર્ય માટે. એટલે કે મોક્ષની પૂર્ણ આનંદની પર્યાય (થવા માટે). મોક્ષ એટલે પૂર્ણ આનંદની દશા પ્રગટ થવી તે મોક્ષ. મોક્ષ

એટલે અનંત દુઃખથી મુક્ત થઈ જવું અને અનંત આનંદનો નાથ પ્રભુ છે એ પ્રગટ થઈને અતીન્દ્રિય આનંદ દશામાં આવે, એનું નામ મોક્ષ. મોક્ષ એ કાર્ય છે અને તેના કારણરૂપ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણ કાર્ય છે. એ કાર્યને માટે '**બીજાં સાધનોની...**' સાધન એક શબ્દ છે, એકવચન છે આમાં. પણ બધા સાધન એટલે કોઈ શરીર હોય તો આ આત્માનું કાર્ય થાય, દયા-દાનના પરિણામ હોય તો આત્માનું કાર્ય થાય, એવું કાંઈ છે નહિ. આહાહા..! એવો ભગવાનઆત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળી તીર્થંકરોએ વર્તમાન કાર્યમાં પર્યાયમાં જેણે પ્રગટ કર્યો, એવો પ્રભુ આત્મા બધો બિરાજે છે અંદર.

એ પોતાના '**જેના કાર્ય માટે...**' જેના કાર્યને માટે. આહાહા..! '**બીજાં સાધનોની...**' શરીરની સંઘયણની અનુકૂળતા હોય અને બહારની અનુકૂળતા હોય, અંદર દયા, દાન અને ભક્તિના પરિણામ શુભ હોય, એવા પર સાધનના રાહની આત્માના ધર્મના કાર્યને માટે જરૂર નથી. ઝીણી વાત છે.

મુમુક્ષુ :- દેશનાલબ્ધિ?

ઉત્તર :- તમારું અત્યારે કામ નથી. સમજાણું કાંઈ? અત્યારે કામ નથી તમારું. અહીં તો દેશનાલબ્ધો શું? અંદરમાં રાગની મંદતા થઈ હોય દેશના સાંભળીને, એની પણ અપેક્ષા નથી એને. એવી વાત છે. જેના આનંદના નાથને... આહાહા..! એ કાલે કહ્યું નહોતું? કાલે અને ઘણીવાર કહીએ છીએ.

શક્કરકંદ હોય છે ને? શક્કરિયા-શક્કરિયા. શક્કરકંદ. એની જે છાલ છે-લાલ છાલ, એ લાલ છાલ ન દેખો તો એ શક્કરકંદ છે. શક્કરકંદ એટલે? સાકરની મીઠાશનો પિંડ છે ઈ. શક્કરિયું આપણે પછી ભાષા એવી થઈ ગઈ છે. શક્કરકંદ. મૂળ તો સાકરનો પિંડ છે. સાકરની મીઠાશનો પિંડ છે. એક લાલ છાલ વિના જુઓ તો.

એમ ભગવાનઆત્મા એને પુણ્ય-પાપના વિકલ્પની, વૃત્તિની છાલ ન જુઓ તો એ ભગવાન અંદર અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે. આહાહા..! ક્યાં કહેવું? કોણ સાંભળે? આખી જિંદગી મજૂરી કરી દુનિયાની. આ વ્રત, તપ, ભક્તિના પરિણામ પણ મજૂરી દુઃખદાયક છે, એમ કહે છે અહીં તો. એ વૃત્તિઓ છે, રાગના ઉત્થાનના કાર્ય છે. એ આત્માનું સ્વરૂપ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જેના કાર્ય માટે બીજાં સાધનોની...**' બહુવચન છે. એને મનુષ્યપણું હોય તો જ આત્માનું કાર્ય થાય, સંઘયણ મજબુત હોય તો આત્માનું કેવળજ્ઞાન કાર્ય અને મોક્ષમાર્ગ થાય, એવા પરના કાર્યના સાધનોની. એટલે બહુ સાધનોની, કોઈ સાધનની જેને જરૂર નથી. 'પોપટભાઈ'! આ રીતે આપ્યું. નહિતર છપાઈને આવશે બહાર... સૌના હાથમાં હશે ને જ્યારે અર્થ થતો હશે ત્યારે વધારે ઠીક પડે. એટલે સોળ હજાર છપાય છે. આ પુસ્તક પાંચ-પાંચનું પડશે. બધાને ભેટ દઈ દેવાના છે. પણ સૌના હાથમાં હોય પછી વાંચે તો વધારે (ખ્યાલ આવે). કારણ કે એનો અર્થ કેમ થાય છે. નામુ મેળવે છે ને વાણિયા? આ દશેરાના દિવાળીને દિ' નથી મેળવતા? તારી પાસે આટલું લેણું, મારી પાસે આટલું નીકળે છે. તું કહે

છો દસ હજાર નીકળે અને આમાં નીકળે છે પાંચ હજાર. મેળવો. ત્યાં મેળવે વાણિયા. અહીં મેળવણી ન મળે.

અહીંયાં આત્મા આનંદનો નાથ, પ્રભુ! સચ્ચિદાનંદ સાગર આનંદના સાગરથી ભરેલો પ્રભુ,.. આહાહા..! એના ધર્મના કાર્યને માટે, એના મોક્ષના માર્ગના કાર્યને માટે, એની મોક્ષરૂપી પર્યાયના કાર્યને માટે... આહાહા..! છે? **'બીજા સાધનોની રાહ જોવી ન પડે.'** આહાહા..! આ માંગલિક પહેલું શરૂ કર્યું. ચાકળો આ છે, જુઓ! માથે હશે. **'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની...'** એટલું જોઈએ. **'રાહ જોવી ન પડે.'** આહાહા..! જેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-પૂર્ણાનંદના નાથનો અનુભવ, એનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર એ કાર્ય માટે વ્યવહાર દયા, દાનના રત્નત્રયની રાહ જોવી ન પડે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન અંતરમાં વસવા માટે... આહાહા..! એને બહારના કોઈ વિકલ્પના કારણોની રાહ જોવી ન પડે. ઝીણી (વાત) છે, પ્રભુ! ભગવાન છે આ તો બધા, ભાઈ! અંદર સ્વરૂપે તો ભગવાન જ છે. ત્યારે ભગવાન અરિહંત થયા ક્યાંથી? એ બહારથી કોઈ આવે છે? પરમાત્મા સર્વજ્ઞ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદને પામ્યા એ ક્યાંથી પામ્યા? ક્યાંથી આવ્યું? બહારથી આવે છે કાંઈ? અંદરમાં પડ્યું છે, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! તારો નાથ અનંતગુણની શક્તિથી ભરેલો ભગવાન છે. એને ધર્મના કાર્યને માટે,... સંસારના કાર્ય તો પાપના છે એનો અહીં પ્રશ્ન છે નહિ. આહાહા..! એને આત્માની શાંતિ... શાંતિ... શાંતિ... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને માટે બીજા સાધનોની રાહ જોવી ન પડે. આહાહા..! એક ટુકડો એ અને એક ટુકડો સોમી ગાથામાં લઈએ. સો. 'હસમુખભાઈ'એ માગણી કરી છે. કાલે ના પાડી હતી. પણ અત્યારે કીધું લઈ લઈએ. સો પાનું છે. એની લેવાશે છેલ્લી લીટી. છેલ્લી લીટી. છે? શું છે એ?

મુમુક્ષુ :- 'જાગતો જીવ ઊભો છે..'

ઉત્તર :- બસ ઈ. લ્યો! આમાં લખ્યું. **'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ.'** અહીં લખ્યું છે. એ આ શબ્દ છે. 'કાંતિભાઈ'! કોઈ દિ' સાંભળ્યું નથી ત્યાં તમારે 'બોટાદ'માં બધા. 'બોટાદ'માં ૨૧ વર્ષ રહ્યા છીએ ને. ચોમાસા ઘણા કર્યા ત્યાં. તમારા અપાસરામાં. (સંવત) ૭૦નું ચોમાસું, ૬૪નું ચોમાસું, ૭૭નું ચોમાસું, ૭૯નું ચોમાસું, ૮૦નું ચોમાસુ. બધા 'બોટાદ' કર્યા. આહાહા..! બાપુ! આ વાત બીજી, ભાઈ! આ મારગડા ત્રિલોકનાથના બીજા છે. એ હવે અહીંયાં નીચલો એક શબ્દ લેવો છે.

**'જાગતો જીવ ઊભો છે તે...'** એ સામે છે. 'કાંતિભાઈ'! આ ચાકળામાં તમારા ચિરંજીવીએ લખ્યું છે. **'જાગતો જીવ ઊભો છે...'** ધ્યાન રાખવું શબ્દોમાં. આ શબ્દો કાંઈ કથા નથી, બાપા! આ તો કાંઈ અલૌકિક વાતું છે, ભાઈ! **'જાગતો જીવ ઊભો છે...'** શું કહે છે? આ જગત છે એને જાણે છે એ જાણનારો ચૈતન્ય આત્મા છે. જાણનારો જ્ઞાયક પ્રભુ જ્ઞાતાદૃષ્ટા જ્ઞાયક-જાણનાર... જાણનાર... જાણનારના રસથી ભરેલો. એ જાગતો એટલે જાણનાર. જીવ. **'જાગતો જીવ...'** બે જ-જા થઈ ગયા. **'જાગતો જીવ...'** અંદર ચૈતન્યમૂર્તિ

ભગવાન જાગતો જીવ છે. આહાહા..! ચૈતન્યના સ્વપરપ્રકાશના સ્વભાવથી ભરેલો ભગવાન, એ જાગતો જીવ (ઊભો છે). શાસ્ત્રભાષા તેને જ્ઞાયક કહે છે. પણ આ તો સાદી ગુજરાતી ભાષામાં લખ્યું છે.

**'જાગતો જીવ ઊભો છે...'** ઊભો છે એટલે? ધ્રુવ છે ને અંદર. જાગતો જીવ ધ્રુવ છે ને, ધ્રુવ છે.. ધ્રુવ છે. આહાહા..! છે... છે... છે... છે... છે... છે... છે... અનાદિથી ઊભો છે. છે ધ્રુવપણે. નિશ્ચય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જાગતો જીવ ઊભો છે...'** આ એનો અર્થ એટલો. જ્ઞાયકભાવ તે ધ્રુવ છે ને. **'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?'** શું કીધું? સાંભળો! આહાહા..! જેની સત્તામાં જગત જણાય છે. આ જાણનારો ભગવાન અંદર જ્ઞાયકમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ એ જાગતો જાગતો છે. ઉંઘતો નથી, એ જાગતો જ્ઞાયક છે. અને તે ઊભો છે ને? ઊભો છે એટલે? છે ને એમ ને એમ નિત્ય. અનાદિનો જ્ઞાયક આત્મા અનાદિનો નિત્ય છે. આ ઘરે કાંઈ સમજાય એવું નથી આમાં. 'કાંતિભાઈ'! આ જુદી વાત છે ને, બાપા! આહાહા..! અને ત્યાં ચાલે છે ક્યાં આ વાત સંપ્રદાયમાં? આહાહા..! શું થાય?

સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેન્દ્ર દેવ, આ વાણી 'બહેન'ની એ વાણી દિવ્યધ્વનિની વાણી છે. સમજાણું કાંઈ? ભાઈ અમારે 'ચીમનભાઈ'એ તો લખ્યું છે ત્યાંથી. 'ચીમનલાલ ઠાકરશી'. તમે 'બહેનના વચનામૃત' લખ્યાં છે પણ 'બહેન'ના વચનામૃત દિવ્યધ્વનિના આગમના વચનામૃત છે એમ લખો. આવ્યું છે ને કાલે? વાંચ્યો ને કાલે? 'સુરેન્દ્રભાઈ'! 'ચીમનભાઈ'નો કાગળ આવ્યો છે. 'ચીમનલાલ ઠાકરશી'.

મુમુક્ષુ :- મોદી.

ઉત્તર :- મોદી.

**'જાગતો જીવ ઊભો છે...'** એ શબ્દમાં મર્મ છે. સાદી ભાષા. પ્રભુ! તું જાણક સ્વભાવે જાણક સ્વભાવે, જાણક સ્વભાવે ઊભો છે-ધ્રુવ છે ને. **'તે ક્યાં જાય?'** ધ્રુવ જ્ઞાયક પ્રભુ આત્મા એ ક્યાં જાય? આહાહા..! એ શું રાગમાં આવે? એ શરીરમાં આવે? એની પર્યાયમાં જાગતો જીવ પર્યાયમાં આવે? કહે છે. આહાહા..! **'જાગતો જીવ ઊભો છે...'**ને. આમ ઊભો ધ્રુવ છે ને, અનાદિઅનંત પ્રભુ છે ને. સમજાણું કાંઈ? પુસ્તક આપ્યું છે ને? ભાઈ! 'બાલકૃષ્ણજી'! પુસ્તક આપ્યું છે ઘરે. આપ્યું છે. આહાહા..!

એ મૃગની નાભિમાં કસ્તુરી. એમ તારા ઘરમાં અંદર જ્ઞાયકભાવ ભરેલો પ્રભુ. જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક.. જ્ઞાનરસથી ભરેલું તત્ત્વ. તે જ્ઞાયકભાવથી ઊભો છે ને. જ્ઞાયકભાવથી એટલે જાગતો એ જીવ જ્ઞાયક જીવ ઊભો છે ને? આમ પડ્યો છે ને ધ્રુવ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! તે ક્યાં જાય? ધ્રુવ વસ્તુ છે તે ક્યાં જાય? આહાહા..! પલટતી અવસ્થા છે એ તો પલટે. એક સમયમાં આવે અને બીજે સમયે પલટે. વિચાર. પણ વસ્તુ ધ્રુવ છે એ ક્યાં જાય? આહાહા..! સમજાણું કાંઈ?

**'જરૂર પ્રાપ્ત થાય જ.'** બસ. આહાહા..! ઊભો છે ને પ્રભુ ત્યાં. હવે તારે ત્યાં જાવું છે. જ્યાં ઊભો છે ત્યાં જાવું છે. ધ્રુવ છે ભગવાન અંદર-અંદર. એ જરૂર ત્યાં જતાં તને પ્રાપ્ત

થશે. આહાહા..! 'બલુભાઈ'! આહાહા..! છે? જરૂર પ્રભુ ઊભો ધ્રુવ છે ને, એમ ને એમ. આહાહા..! એને કાંઈ શોધવો પડે એવું નથી. છે ને એમ ને એમ. છે ત્યાં જાવું છે, જરૂર તને મળશે. આહાહા..! 'રાજેન્દ્રભાઈ'! પુસ્તક આપ્યું છે ને? આહાહા..!

પ્રભુ! તું કોણ છો? ગમે તેટલા ભવ વિત્યા, ગમે તેટલા રાગાદિ અને દ્વેષાદિ આવ્યા અને ગયા. પણ પ્રભુ અંદર તો જ્ઞાયકરસથી તો અનાદિ ધ્રુવપણે ઊભો છે. આહાહા..! સામે બે ચાકળામાં છે. '**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?**' એટલે શું? ધ્રુવ છે તે ક્યાં જાય? નિત્યાનંદ પ્રભુ છે ને! આહા..! નિત્ય પ્રભુ છે એ ક્યાં જાય? અનિત્યમાં ન આવે તો બીજે ક્યાં જાય? આહાહા..!

મુમુક્ષુ :- આમાં તો સાહેબ કાંઈ કરવાનું આવતું નથી.

ઉત્તર :- આ કરવાનું આવતું નથી? અંદર જાવું એ કરવાનું નથી? કૂદવું છે કાંઈ? બહારમાં કૂદવું છે? અંતરમાં ધ્રુવ છે તેની નજર કરી એ કરવાનું નથી? કરવાનું તો એ જ છે. બાકી ધૂળધાણી છે બધું. પ્રશ્ન નારદ છે ઈ. કહો, સમજાણું કાંઈ? બાર મહિને આવે કોક દિ' બાકી પછી ત્યાં રખડે ઘરે. આ બધું સમજવા માટે વખત જોશે.

'**જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય?**' ક્યાં જાય એ વચન છે. ધ્રુવ છે તે જાય ક્યાં? પ્રભુ નિત્ય છે ને. અનાદિ છે ને. અનાદિ છે અનંતકાળ રહેનારો છે. આદિ ને અંત વિનાની ચીજ અંદર છે. એ ચીજ ક્યાં જાય? આહાહા..! સમજાણું કાંઈ? માટે '**જરૂર પ્રાપ્ત થાય જ.**' પ્રભુ! ત્યાં નજર કર તો તને નિધાન મળે એવું છે. પણ ત્યાં નજર કરવી જોઈએ. નજરું બહારમાં ફર્યા ફર કરી અનાદિથી. ભગવાન જ્યાં બિરાજે છે ધ્રુવ ત્યાં નજરું ન કરી. લ્યો, આ બે બોલ ૮૪ અને ૧૦૦ થયા. આપણે ચાલતો (અધિકાર).

## કળશ-૧૪૩ ઉપર પ્રવચન

ટીકા-૧૪૩. લ્યો, અડધો કલાક ચાલ્યું. ૧૪૩ કળશ ફરીને લઈએ છીએ. 'તે **કારણથી...**' છે? '**અહો વિદ્યમાન છે...**' લ્યો, ભાષા એ આવી પાછી.

મુમુક્ષુ :- જાગતો જીવ આવ્યો.

ઉત્તર :- જાગતો. એ વિદ્યમાન વસ્તુ છે ને. આહાહા..! આ 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર સંતની વાણી. એની 'રાજમલ' ટીકા કરે છે. હજાર વર્ષ પહેલા મુનિ થઈ ગયા. દિગંબર સંત જંગલવાસી. આત્માના આનંદના ઊભરા વેદનારા. અતીન્દ્રિય આનંદના ઊભરા, આ ઊભરો. દૂધનો ઊભરો આવે એ પોલો આવે. દૂધ હોય ને પાંચ શેર? નીચે અગ્નિ ફાલે પણ એ કાંઈ દૂધ પોલમાં વધતું નથી. એ તો પોલું વધે છે. આ ઉભરો આત્મા આનંદનો નાથ ભગવાન... આહાહા..! એ '**વિદ્યમાન છે જે ત્રૈલોક્યવર્તી જીવરાશિ...**' આહાહા..! ત્રણલોકમાં વર્તનારા જીવના રાશિ-ઢગલા પડ્યા (છે) જીવના. અનંત આત્માઓ છે.

'**તે આ પદનો અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનમાત્રવસ્તુનો...**' આહાહા..! પ્રભુ! લ્યો આ આવ્યું પાછું. આહાહા..! હે '**ત્રૈલોક્યવર્તી જીવરાશિ...**' ત્રણલોકમાં અનંતા જીવના ઢગલા

પડ્યા છે. આહાહા..! એને સાગમટે નોતરું છે. કહે છે, એ નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનવસ્તુ છે. જાગતો કીધો હતો ને? વિકલ્પ વિનાનો અભેદ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન, એનો '**નિરંતર અભ્યાસ કરવાને માટે...**' '**सततं यततां**' આહાહા..! એવો જે ભગવાન વિદ્યમાન નિત્યાનંદ પ્રભુ તેનો અખંડધારાએ, તેની સન્મુખ થઈને આત્માના અનુભવનો અખંડધારાએ પ્રયત્ન કર. આહાહા..! તને જરૂર મોક્ષ થશે, તને જરૂર મોક્ષનો માર્ગ મળશે એમાંથી. બીજે ક્યાંય મળે એવું નથી. આહાહા..! શું કીધું? લ્યો! એ મળતું આવ્યું આની સાથે. વિદ્યમાન ઊભો છે ઈ.

'**શુદ્ધ જ્ઞાનમાત્રવસ્તુનો નિરંતર અભ્યાસ કરવાના માટે...**' આ કાર્ય, આ પુરુષાર્થ. અંતર્મુખ થઈને એનો અભ્યાસ કર. આહાહા..! દયા, દાન, વિકલ્પો જે રાગ છે એનાથી ભિન્ન પાડીને ભગવાન જ્ઞાનમાત્ર વસ્તુ છે પ્રભુ, એનો અખંડધારાપ્રવાહે અભ્યાસ કર. આહાહા..! છે? '**सततं**' નિરંતર '**અખંડધારાપ્રવાહરૂપ યત્ન કરો. શા કારણ વડે?**' '**निजबोधकलाबलात्**' '**શુદ્ધ જ્ઞાન,...**' નિજ એટલે શુદ્ધ અને બોધ એ જ્ઞાન એટલે પોતાનું શુદ્ધજ્ઞાન. પવિત્ર જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળી પ્રભુ... આહાહા..! '**પ્રત્યક્ષ અનુભવ,...**' '**कला**' '**कला**' લીધી ને? આહાહા..! એ આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય અનાકુળ શાંતિના રસથી ભરેલો, એની કળા એનો પ્રત્યક્ષ અનુભવ. આહાહા..! આ એને કરવાનું છે. છે?

'**તેનો પ્રત્યક્ષ અનુભવ, તેના સામર્થ્ય વડે;...**' આહાહા..! '**કેમ કે નિશ્ચયથી જ્ઞાનપદ...**' ભગવાન જ્ઞાનનો પ્રભુ, એનું જે પદ છે સ્વરૂપની પ્રાપ્તિ... આહાહા..! એ '**જેટલી ક્રિયા છે તેના વડે અપ્રાપ્ય છે,...**' આહાહા..! વાણી આકરી પડે સંપ્રદાયને. જેટલી ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ ને પૂજા ને એ બધી ક્રિયાકાંડથી તે વસ્તુ મળે એવી નથી. આહાહા..! કેમકે એ બધા વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. ઉત્થાન વૃત્તિ છે, રાગ છે. આહાહા..! આકરું કામ બહુ. છે?

'**નિશ્ચયથી જ્ઞાનપદ જેટલી...**' '**कर्म**' એટલે ક્રિયા. આ કાર્ય. એ રાગનું કાર્ય, દયાનું, વ્રત ને તપ ને અપવાસ ને ભક્તિ ને પૂજા ને મંદિરો બનાવવા એ બધી રાગની ક્રિયા છે. કર્મ એટલે રાગ. આહાહા..! એ રાગની ક્રિયાથી '**અપ્રાપ્ય છે,...**' તેના વડે તે વસ્તુ મળે એવી નથી. આહાહા..! '**અને...**' પહેલા નાસ્તિથી વાત કરી હવે અસ્તિથી કરે છે. આ વાંધા અત્યારે બધાને પડે છે. પંડિતોને અને ભણેલાને. આ અમે વ્રત કરીએ, અપવાસ કરીએ, આવું કરીએ અને તમે કહો કે ધર્મ નહિ? સાંભળને હવે ધર્મ ક્યાં હતો? એવું તો અનંતવાર કર્યું છે. એ તો રાગની ક્રિયા છે. તને ખબર નથી. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મહાવ્રતાદિ અનંતવાર લીધા અને અનંતવાર કર્યું છે. એ ક્રિયાકાંડથી ભગવાનઆત્માની પ્રાપ્તિ થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એમ કહેવાય છે ને? સમજવું શું? એ તો ખરું પણ કાંઈ એટલે એની પદ્ધતિ સમજાય છે? એની રીત-રીત. આહાહા..! પ્રભુ! તારી વાત છે આ તો, હોં! પ્રભુ! તું અંદર ભગવાન પરમાત્મસ્વરૂપે જ તું છો અંદર. આહાહા..! એની પ્રાપ્તિને માટે

અનેરી ક્રિયાકાંડથી પ્રાપ્ત થાય એ ચીજ એવી નથી. આહાહા..! નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કર્યા કરે. લાખ-કરોડ અનંતવાર કર તોપણ વિકલ્પ છે. એનાથી મળે એવું નથી લે.

મુમુક્ષુ :- એમ સમજીને પછી કરે તો?

ઉત્તર :- એ સમજીને શું કરવું હતું? કર્તા થાય તો મિથ્યાદૃષ્ટિ છે. કરે તો. આવી જાય એ જુદી વાત છે. કર્તા થઈને કરે તો મિથ્યાદૃષ્ટિ છે. જૂઠી દૃષ્ટિ. વસ્તુ આનંદકંદ છે પ્રભુ, એને રાગનો કર્તા ઠરાવવો અને રાગનો કર્તા બનાવવો (એ મિથ્યાદૃષ્ટિ છે). આહાહા..! આકરી વાત, પ્રભુ! ચાલતા પ્રવાહથી બીજી જાત છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન અંદર આત્મા જ્ઞાતા, જ્ઞાનસ્વરૂપી પ્રભુ. આહાહા..! તે ક્રિયાથી. જેટલી ક્રિયા કીધું ને? '**कर्मदुरासदं**' '**कर्म**' એટલે ક્રિયા. '**दुरासदं**' એટલે અપ્રાપ્ય. '**दुरासदं**' મળે એવું નથી, બાપુ! છ-છ મહિનાના અપવાસ કરીને મરી જા, સુકાઈ જા ક્લેશ કરીને. એ બધો વિકલ્પ છે. તને ખબર નથી. આનંદના નાથમાં એ વિકલ્પની ક્રિયાથી મળે એ આત્મા એવો છે નહિ. 'ભગવાનજીભાઈ'! આવી વાતું છે. આ તો લોકોને ચડાવી દીધા બિચારાને અરે..! પર્યુષણમાં આઠ અપવાસ કરે, ચોવિહારા કરે પાણી પીધા વિનાના. એટલે.. આહાહા..! ઠરાવી દીધા બિચારાને. અરે..! મરી જઈશ, સાંભળને હવે. આવી વાતું છે, બાપા! ભાઈ! એ ક્રિયાઓ તો અનંતવાર કરી તેં.

નવમી ગ્રૈવેયક છે એક સ્વર્ગ. આ શરીર ઊભું હોય છે ને? એમ આ ચૌદ બ્રહ્માંડ શરીરના આકારે ઊભો છે. અસંખ્ય યોજનમાં. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જોયો. એની ગ્રીવા- ગ્રીવા એટલે આ ડોક. ત્યાં વિમાન છે. ત્યાં પણ દરેક જીવ અનંતવાર ઉપજ્યો છે. કઈ ક્રિયા (કરીને ત્યાં ગયો)? એ પંચમહાવ્રતની. એ તો અત્યારે એવા પરિણામ છે જ નહિ. એવા પંચમહાવ્રતના શુક્લલેશ્યાના ભાવ, લેશ્યા ધોળી-ઉજળી પુણ્યની, એનાથી સ્વર્ગમાં અનંતવાર ગયો છે એ. પણ તે ક્રિયાના દ્વારે ભગવાનઆત્મા પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**અપ્રાપ્ય છે,...**' '**सहजबोध**' વડે. આહાહા..! '**सहजबोध**'ની વ્યાખ્યા. સ્વભાવિક જ્ઞાન અંદર જે પડ્યું છે તેનો આશ્રય કરતાં, જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન સહજ કરતાં જ્ઞાનથી જ્ઞાનપદની પ્રાપ્તિ થશે. એ રાગની ક્રિયાથી એ પ્રાપ્તિ થશે નહિ. આકરી વાત છે, પ્રભુ!

મુમુક્ષુ :- જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ કહ્યું ને?

ઉત્તર :- એ ક્રિયા (એટલે) જ્ઞાનની સ્થિરતા એ.

એ વાત કરી હતી મેં એકવાર. (સંવત) ૧૯૮૨ની સાલમાં 'વઢવાણ' ચોમાસું જાવું હતું. ત્યારે 'રાજકોટ'થી ઊઠીને 'ચોટીલા' આવ્યા. ત્યારે 'રતનચંદજી' શતાવધાની 'લીંબડી'ના હતા. એના ગુરુ 'ગુલાબચંદજી' હતા. 'ગુલાબચંદજી' બહુ વૃદ્ધ. ૫૫ વર્ષની દીક્ષા હતી તે દિ'. પણ મારી છાપ તો બીજી હતી ને એ વખતે પણ. એટલે હું તો સાધુને માનતો નહિ કાંઈ એ વખતે પણ. અપાસરામાં ઉતર્યા ભેગા. બહુ ખુશી થયા બિચારા. ખુશી થયા.

વૃદ્ધ હતા. ૫૫ વર્ષની દીક્ષા. પછી તો વીસ વર્ષ પછી જીવ્યા. 'રતનચંદજી' હતા શતાવધાની. 'લીંબડી' સંઘાડાના. એના ગુરુ 'ગુલાબચંદજી' હતા. બધા મળ્યા છે ને બહુ બધા. એને મળ્યા પછી એણે પ્રશ્ન કર્યો. ભેગા થયા. બહુ રાજી થઈને, હોં! બહુ ખુશી થઈને. ઓહોહો..! તમે ભેગા (ઉતર્યા). અરે..! અમે વહોરાવીએ તો તમે નહિ લ્યો. તમને અમારો વિશ્વાસ નથી. પણ અમે તમારે માટે આહાર હમણા લઈ આવું કાંઈક. જેઠ મહિનો હતો. કેરીના કટકા લઈ આવું તો લેશો? મેં કીધું, લઈ આવો, લઈ આવો. જાવ લઈ આવો. એને એમ કે અમારા હાથનું લેશે નહિ. એવી છાપ અમારી હતી ને. એ લીધું તો ખુશી થયા.

પછી પૂછ્યું કે જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ કહ્યો છે ને શાસ્ત્રમાં? કીધું, કઈ (ક્રિયા)? જ્ઞાન આત્માનું જ્ઞાન અને ક્રિયા સ્વરૂપમાં સ્થિરતા એ ક્રિયા. વાત તો સાચી લાગે છે. કબુલ કર્યું એણે. 'ગુલાબચંદજી'એ. ૫૫ વર્ષની દીક્ષા. આહાહા..! તે દિ' તો મારે ૧૨-૧૩ વર્ષની દીક્ષા. (સંવત) ૧૯૮૨ની સાલ. ૧૯૭૦માં દીક્ષા છે ને. અત્યારે ૬૪ (વર્ષ) થયા દીક્ષાને. એ કબુલ કર્યું. વાત સાચી. આવું અત્યારે તો ચાલતું નથી. ન ચાલતું હોય તો શું કરવું, કીધું. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન છે, તેનું જ્ઞાન કરી અને પછી તેમાં જ્ઞાનમાં ઠરવું એ જ્ઞાનક્રિયાભ્યામ મોક્ષ છે. કબુલ કર્યું. આપણે તો મધ્યસ્થથી (કહ્યું). કાંઈ કોઈનો વિરોધ કે ઓલું ન હોય. એ પણ આત્મા ભગવાન છે. કોઈ સાથે વિરોધ, વેરનું તો કાંઈ કારણ નથી. કબુલ કર્યું.

બીજી વાત. બે વાત કબુલ કરી. શાસ્ત્રમાં મૂર્તિ છે. મૂર્તિ પૂજા ૩૨ સૂત્રમાં (છે). તો અમને આખી જીંદગી શંકામાં ગઈ કે શિષ્ય જો વાંચશે તો અમને નહિ માને. બત્રીસ સૂત્રમાં મૂર્તિની પૂજા બધું છે. સ્થાનકવાસીએ જુદો પંથ કરીને ઉથાપ્યું છે. સમજાણું કાંઈ? ઓળખતા હતા? 'ટોળિયા'! તમારા 'લીંબડી'ના 'ગુલાબચંદજી'. પછી તો પોણોસો વર્ષની દીક્ષા અને મોટી ઘણી ઉંમરે (સ્વર્ગવાસ થયો). મૂર્તિ છે શાસ્ત્રમાં. અમને પણ લાગે છે. કીધું, પણ છે મૂર્તિ. મૂર્તિની પૂજા, ભક્તિનો શુભભાવ બધો છે. પણ એ શુભભાવ છે. આહાહા..! પુણ્યભાવ છે. ભગવાનનો વિરહ હોય તો પ્રતિમાની પૂજાનો ભાવ ધર્મીને પણ આવે. એને ઉડાડી દેવી એ માર્ગ નથી, કીધું. વાત સાચી કહે. પણ અમને તો શંકાઓ ગઈ કે શાસ્ત્રમાં છે અને જો શિષ્ય વાંચશે તો અમને ગુરુ નહિ માને. આવી વાત થઈ ગયેલી ખાનગી. નવ થયા ને? આવી વાત. અમે તો એક એક વાત પરીક્ષા કરીને બધું (નક્કી) કર્યું છે, પહેલેથી.

એક ફેરી કહ્યું નહિ? (સંવત) ૧૯૭૩ની સાલ છે. ૧૯૭૩. કેટલા વર્ષ થયા? ૬૦. અમારે 'મૂળચંદજી' હતા. 'કાંતિભાઈ'! 'મૂળચંદજી' નહિ? 'હિરાજીમહારાજ'ના શિષ્ય. અમારા ગુરુભાઈ. હું જીવાભિગમ શાસ્ત્ર વાંચતો હતો. ૧૯૭૩ની સાલની વાત. 'દામનગર'. એમાં એ નીકળ્યું કે દેવલોકમાં જેટલી શાશ્વત પ્રતિમાઓ છે એ જિનના ઊંચાઈ પ્રમાણમાં છે. એવો પાઠ નીકળ્યો. મેં મારી મેળાએ વાંચ્યું એટલે. જેટલા તીર્થંકરોની ઊંચાઈ છે એવા પ્રમાણમાં પ્રતિમાઓ છે. ત્યારે આ લોકો જક્ષની પ્રતિમા ઠરાવે છે એ લોકો. ત્યારે મેં ખાનગી પૂછ્યું. કોઈ નહોતું, એકલા સૂતા હતા. એ સૂઈ રહેતા બહુ. બહુ વધારે સૂઈ રહેતા. 'મૂળચંદજી'. હું એકલો 'દામનગર'ના પાછળ વાડામાં. મેં કીધું, આ જીવાભિગમમાં તો આમ નીકળે છે. શાશ્વત પ્રતિમાઓ ભગવાનની બિરાજે છે એ જિનના ઊંચા પ્રમાણમાં છે. જિનના

ઊંચા પ્રમાણમાં એ જક્ષને ઉપમા દેવાય નહિ. જક્ષની પ્રતિમા નથી. આ બધા સ્થાનકવાસી જક્ષની પ્રતિમા ઠરાવે છે. એણે કહ્યું, છે તો તીર્થંકરની. આહાહા..! ત્યારથી અમારી શ્રદ્ધા ઊઠી ગઈ. આ લોકો અરર..! ખાનગી તીર્થંકરની કહે, બહારમાં જક્ષની!

અહીં તો પરીક્ષા કર્યા વિના માનવું એકેય ચીજ નહિ. અહીં તો સત્યની કસોટી ચડાવીને સત્યને જોવું અને અનુભવવાની વાત છે. આહાહા..! ત્યારથી મારી શ્રદ્ધા ઊઠી ગઈ ગુરુ ઉપરથી. આ લોકો સ્થાનકવાસી શાસ્ત્રમાં તીર્થંકરની પ્રતિમાઓ છે એને જક્ષની ઠરાવે અને ઉડાવી દે છે. નહિ, વાત ખોટી છે. અહીં તો હજી પ્રતિમા માને અને પ્રતિમાની પૂજાની ભક્તિ કરે રાગ, પણ એ રાગની ક્રિયાથી ભગવાનની પ્રાપ્તિ થાય એ નથી. આવે ખરું, હોય ખરો. સમજાણું કાંઈ? આહા..! એ કહ્યું ને અહીં?

**'શુદ્ધ જ્ઞાનના નિરંતર અનુભવ વડે સહજ જ પ્રાપ્ત થાય છે.'** સ્વભાવિક પ્રાપ્ત થાય. આહાહા..! જ્ઞાનનો પુંજ પ્રભુ અંદર ચિદ્દ્ઘન છે એની સન્મુખમાં, એની એકાગ્રતા, જ્ઞાનના ગુણમાં એકાગ્રતા એ સહજ જ્ઞાનથી તે પ્રાપ્ત થાય એવું છે. શાસ્ત્રજ્ઞાનથી પણ એ પ્રાપ્ત થાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! લ્યો! આ વાસ્તુ કર્યું, એય..! ભગવાનમાં વાસ્તુ કરવું હોય તો રાગની ક્રિયાથી નહિ થાય. 'શાંતિભાઈ'! આહાહા..! આ પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, એ સર્વજ્ઞ જિનેન્દ્ર કહે તે, હોં! બીજા કહે એ નહિ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ અંદર છે. એ એના સ્વભાવિક જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. અંતર્મુખના જ્ઞાનથી, પ્રજ્ઞાબ્રહ્મથી તે પ્રાપ્ત થાય છે. એ ક્રિયાકાંડથી તે આત્મા પ્રાપ્ત થાય, મોક્ષમાર્ગ થાય એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. આહાહા..! આવી વાતું છે. હવે આમાં ક્યાં (વાદવિવાદમાં) ઉતરવું? હજી કાંઈ નવરાશ (નથી). ધંધા આડે નવરો નથી.

મુમુક્ષુ :- ક્રિયાકાંડને તો સાવ ઉડાડી દીધા.

ઉત્તર :- ક્રિયાકાંડને રાખીને. રાગની ક્રિયા છે એ. ધર્મને માટે કારણ નથી એ. આહાહા..! આવી વાતું, બાપુ! એ અહીં કહે છે.

**'નિરંતર અનુભવ વડે સહજ જ પ્રાપ્ત થાય છે.'** આહાહા..! એ તો જ્ઞાનાનંદ પ્રભુ અંતર્મુખના સ્વ જ્ઞાનના સ્વસંવેદનથી, જ્ઞાનસ્વરૂપને જ્ઞાન દ્વારા વેદન કરવાથી... આહાહા..! એ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે તે સહજ છે. સમજાણું કાંઈ? **'ભાવાર્થ આમ છે કે-શુભ-અશુભરૂપ છે જેટલી ક્રિયા, તેનું મમત્વ છોડી...'** આહાહા..! શુભ અને અશુભ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભ એ અશુભભાવ. છે? એમાં છે. છે કે નહિ? **'શુભ-અશુભરૂપ છે...'** છે હોં! પાછી. એ ક્રિયા છે ખરી. પણ છે **'જેટલી ક્રિયા, તેનું મમત્વ છોડીને...'** એનાથી મને ધર્મ થશે કે લાભ થશે એ વાત છોડી દે. આહાહા..! સહજાનંદનો નાથ પ્રભુ... એ સ્વામિનારાયણ કહે એ સહજાનંદ નહિ, હોં! આ તો સહજ આનંદ. તમારે તો એ છે ને રંગપરમાં ઘણા. છે ને.

અહીં તો સહજ આનંદ પ્રભુ આત્મા સહજાત્મસ્વરૂપ, એની પ્રાપ્તિ શુભાશુભ પરિણામ વડે થતી નથી. આહાહા..! ભગવાન ત્રિલોકના નાથ જિનેન્દ્રદેવની ભક્તિથી પણ તે આત્માની પ્રાપ્તિ થતી નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રાથમિક શિષ્યને પહેલાં શું કરવું?

ઉત્તર :- પહેલાવહેલા રાગની ક્રિયા ભિન્ન કરીને આત્માને જાણવો એ પહેલાવહેલા છે. એ પ્રથમ છે. એમ કે પહેલા કાંઈક શુભ કરવું, અશુભ છોડવું એમ કાંઈ છે કે નહિ? એમ કહે છે. નારદ છે ને એ પ્રશ્નનારદ છે. એ આપણે પહેલાં અહીં રહેતા. પછી એને પ્રશ્નનારદ નામ આપ્યું. પ્રશ્નમાં નારદ જેમ કોલાહલ કરે ને? એમ પ્રશ્નમાં કોલાહલ કરે એ. કહો, 'અમૃતલાલભાઈ'! અહીંના છે ને.

અહીં તો પ્રભુ! આ તો વાત બાપા! બીજી છે, ભાઈ! અરે..! ચોર્યાસીના અવતાર કરી કરીને (થોથા નીકળી ગયા). એ સ્વર્ગમાં પણ દુઃખ છે, પ્રભુ! આ અબજોપતિ શેઠિયાઓ જે કહેવાય એ દુઃખી બિચારા રાંકા ભિખારી છે. આહાહા..! કેમ? કે જેને અંતરલક્ષ્મીની ખબરું ન મળે અને બહાર લક્ષ્મીના માગણ બધા, એ માગણો, ભિખારા, રાંકા છે. બરાબર હશે આ? આ કરોડપતિ છે, આ બે કરોડપતિ છે, આ કરોડપતિ. આ બધા ઘણા પડ્યા છે કરોડપતિ બેઠા છે. આહાહા..! ધૂળના પતિ છે એ.

આત્મા સચ્ચિદાનંદ નાથ પ્રભુ સર્વજ્ઞ જિનેન્દ્રદેવે જે કહ્યો... આહાહા..! એ ચૈતન્ય ચૈતન્યની જ્ઞાનની ક્રિયાથી પ્રાપ્ત થાય એવો છે. એ રાગની ક્રિયાથી પ્રાપ્ત થાય એવો એ આત્મા નથી, ભાઈ! ગળે ઉતરવું કઠણ જગતને. અભ્યાસ ન મળે. આહાહા..! જુઓને! અત્યારમાં સાંભળીએ છીએ ૨૦-૨૦ વર્ષના છોકરાઓ મરી જાય બિચારા. જુવાન-જુવાન છોકરાઓ. હમણા ન કીધું? ૨૫ વર્ષનો. 'વીરજીભાઈ વારિયા'ના 'કાંતિ'ના દીકરાનો સાળો. પરણ્યો. ત્રણ મહિનાના લગ્ન. ૨૫ વર્ષની ઉંમર. 'ઈંગ્લેન્ડ' ગયો. 'જામનગર'વાળા. મરી ગયો. આહાહા..! હમણા એક બીજો કીધું ને ૨૮ વર્ષનો? કોણે કીધું? 'અમદાવાદ'. કાલે ભાઈ આવ્યા હતા 'હરિચંદભાઈ'. આપણે 'બોટાદ' પાસે ભાઈ! 'ખસ' નહિ 'ખસ'? 'ખસ'માં 'જગજીવનભાઈ' હતા. 'જગજીવનભાઈ'નો દીકરો 'હરિચંદ' ત્યાં 'અમદાવાદ' રહે છે. એનો બીજો નાનો 'પ્રેમચંદ' છે નાનો. 'હરિચંદ'થી નાનો. એ ત્યાં પરણ્યો છે ને? 'નરોત્તમ' સ્વામિનારાયણ નહિ? 'શાંતિલાલ નરોત્તમ' તમારે 'બોટાદ'માં. અહીં તો બધી ખબર છે. એ આવ્યા હતા. 'શાંતિલાલ' આવ્યા હતા. એને તાર આવ્યો કે છોકરો ગુજરી ગયો. ૨૮ વર્ષનો પરણેલ. આંતરડામાં કાંઈક થયું હશે અને ઓપરેશન કરાવ્યું હતું. ઠીક હતું એટલે આવ્યા હતા બિચારા બેય. 'શાંતિભાઈ' આવ્યા હતા. 'શાંતિલાલ નરોત્તમ' સ્વામિનારાયણ હતા ને? ઓલી કોર ઘર છે. અને આ આપણા 'હરિચંદભાઈ' એ એના બનેવી થાય. 'ખસ'. બેય પરમ દિ' ગયા. ૨૮ વર્ષનો છોકરો મરી ગયો. પરણેતર નવું, હમણા પરણાવ્યો છે. બાપુ! એ તો દેહની સ્થિતિ જે સમયે છૂટવાની તે સમયે લાખ તારા દેવ અને ઈન્દ્રો, ડોક્ટર ઉતારે, દેહની સ્થિતિ પૂરી થવાની તે દિ' દેહ છૂટી જવાનો, ફડાક દઈને. એને રાહ જોવી નહિ પડે કે આટલો રોગ આવે તો મરશે અને આમ હશે.

અહીં તો કહે છે એકવાર પ્રભુ! જેમ અકસ્માત મૃત્યુ થાય છે. એમ લાગે છે તને અકસ્માત (થયું). અકસ્માત નથી. એ સમયે થવાનો જ કાળ હતો. અહીંયાં જો તો અંદરમાં આત્મામાં થવાનો કાળ એ છે. શુભ અને અશુભ પરિણામની ક્રિયાનું મમત્વ છોડી અને

આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ જ્ઞાનરસના કંદથી ભરેલો, એની સન્મુખની જ્ઞાન ક્રિયા, જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનની ક્રિયા, એમાં રમણતા-એ ક્રિયાથી સહજ જ્ઞાનથી આત્મા પ્રાપ્ત થાય એવો છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! દુનિયા સાથે તો અથડામણ થાય એવું છે. શું થાય? ભાઈ! માર્ગ તો આ છે. એ વિના રખડી મર્યો, બાપુ! ચોર્યાસીના અવતારમાં.

'**તેનું મમત્વ છોડીને એક શુદ્ધસ્વરૂપ-અનુભવ કારણ છે.**' લ્યો! આત્મા શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ એનો અનુભવ કરવો. એ શુદ્ધને અનુસરીને પવિત્રતા પ્રગટ કરવી અનુભવ, એ એક જ કારણ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**એક શુદ્ધસ્વરૂપ-અનુભવ કારણ છે.**' આહાહા..! પાંચેક મિનિટ છે.

(ઉપજાતિ)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१२-१४४।।

ખંડાન્વય સહિત અર્થ :- 'ज्ञानी (ज्ञानं) विधत्ते' ( ज्ञानी ) સમ્યગ્દૃષ્ટિ જીવ ( ज्ञानं ) જ્ઞાનને અર્થાત્ નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુને ( विधत्ते ) નિરંતર અનુભવે છે. શું જાણીને? 'सर्वार्थसिद्धात्मतया' ( सर्वार्थसिद्ध ) ચતુર્ગતિસંસારસંબંધી દુઃખનો વિનાશ અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ ( आत्मतया ) એવું કાર્ય સિદ્ધ થાય છે જેનાથી, એવું છે શુદ્ધ જ્ઞાનપદ. 'अन्यस्य परिग्रहेण किम्' ( अन्यस्य ) શુદ્ધસ્વરૂપ-અનુભવથી બાહ્ય છે જેટલા વિકલ્પો, [વિવરણ-શુભ-અશુભ ક્રિયારૂપ અથવા રાગાદિ વિકલ્પરૂપ અથવા દ્રવ્યોના ભેદવિચારરૂપ એવા છે જે અનેક વિકલ્પો,] તેમનાં ( परिग्रहेण ) સાવધાનપણે પ્રતિપાલન અથવા આચરણ અથવા સ્મરણથી ( किम् ) શી કાર્યસિદ્ધિ? અર્થાત્ કોઈ કાર્યસિદ્ધિ નથી. આમ શા કારણથી? 'यस्मात् एषः स्वयं चिन्मात्रचिन्तामणिः एव' ( यस्मात् ) કારણ કે ( एषः ) શુદ્ધ જીવવસ્તુ ( स्वयम् ) પોતામાં ( चिन्मात्रचिन्तामणिः ) શુદ્ધ જ્ઞાનમાત્ર એવું અનુભવ-ચિન્તામણિરત્ન છે; ( एव ) આ વાતને નક્કી જાણવી સંશય કાંઈ નથી. ભાવાર્થ આમ છે કે-જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિન્તામણિરત્ન હોય છે, તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબુ, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી; તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ-અનુભવ એવું ચિંતામણિરત્ન છે, તેનાથી સકળકર્મક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; તે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ-અશુભરૂપ અનેક ક્રિયા-વિકલ્પનો સંગ્રહ કરતો નથી, કારણ કે એનાથી કાર્યસિદ્ધિ થતી નથી. વળી કેવો છે? 'अचिन्त्यशक्तिः' વચનગોચર નથી મહિમા જેનો, એવો છે વળી કેવો છે? 'देव' પરમ પૂજ્ય છે. ૧૨-૧૪૪.

## કળશ-૧૪૪ ઉપર પ્રવચન

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१२-१४४।।

**ખંડાન્વય સહિત અર્થ :-** ધર્મી જીવ '**સમ્યગ્દષ્ટિ જીવ...**' જેને આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે એની જેને દૃષ્ટિ થઈ છે, એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ભગવાન નિર્વિકલ્પ આનંદનો નાથ, જેને અંદરમાં પર્યાયમાં પ્રતીતમાં જ્ઞાનમાં, શ્રદ્ધામાં ભેટા થયા છે અંદરમાં. આહાહા..! શું આ તે ભાષા! એવો '**સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાનને અર્થાત્ નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુને નિરંતર અનુભવે છે.**' આહાહા..!

ધર્મી તો તેને કહીએ, પરમાત્મા ત્રિલોકનાથ એમ કહે છે, આનંદના નાથને અંદરમાં અનુભવે, જ્ઞાનને જ્ઞાન દ્વારા અનુભવે તે સમ્યગ્દષ્ટિ અને તે ધર્મી છે. આહાહા..! શું કહે છે આ! 'શાંતિભાઈ'! બધા ઘસરડા કરી કરીને કેટલો કાળ ગયો હવે. મોટા મોટા ભાષણો કર્યા. આનું આમ થાય ને આનું આમ થાય. આહા..! પ્રભુ! તું સાંભળને, ભાઈ! તારી જાતમાં તો આનંદ અને જ્ઞાન ભર્યું છે ને એકલું. એમાં પણ પુણ્ય-પાપના વિકલ્પથી તો ખાલી શૂન્ય ચૈતન્યપ્રભુ છે. તો જેનાથી ખાલી છે તેનાથી તેની પ્રાપ્તિ થાય? એમાં જ્ઞાન ને આનંદ ભર્યો છે એનાથી તે પ્રાપ્ત થાય. આહાહા..! શું પણ? કઈ રીતે થાય એ કહે છે. એ જ્ઞાનાનંદ પ્રભુ ચૈતન્યસૂર્ય છે. આ સૂર્ય તો જડના રજકણો છે. એનો પ્રકાશ કરનારો ચૈતન્યસૂર્ય પ્રભુ છે અંદર. એ ચૈતન્યસૂર્યના પ્રકાશને પ્રકાશ દ્વારા પકડી... આહાહા..! એનો અનુભવ કરવો એ એક જ મોક્ષનું કારણ-ધર્મ છે. બાકી કોઈ ધર્મ છે નહિ. વિશેષ કહેવાશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

### કારતક સુદ ૬, બુધવાર, તા.૧૬-૧૧-૧૯૭૭
### કળશ - ૧૪૪, પ્રવચન - ૧૫૧

'કળશટીકા' શ્લોક-૧૪૪. 'નિર્જરા અધિકાર'. નિર્જરા એટલે? જે આત્મા વસ્તુ, વસ્તુ છે આત્મા એ અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે. એને રાગથી ભિન્ન પાડી અને આત્માનો અનુભવ કરવો, એ અનુભવ કર્મને નાશ કરવાનો ઉપાય, અશુદ્ધતા ટાળવાનો ઉપાય (અને) શુદ્ધિની વૃદ્ધિનો ઉપાય (છે). આહાહા..! આવી વાત છે. એ કહે છે, જુઓ!

'**'જ્ઞાની (જ્ઞાનં) વિધત્તે**' '**સમ્યગ્દષ્ટિ જીવ...**' છે પહેલું? જેને ધર્મ પ્રગટ્યો છે એટલે

સમ્યગ્દર્શન. એટલે? કે જેને દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે રાગ છે, એનાથી પણ ચૈતન્ય અતીન્દ્રિય આનંદનું દળ પિંડ પ્રભુ રાગથી ભિન્ન છે અને સ્વભાવથી તે એકત્વ છે, એવો અંદરમાં અનુભવ, આત્માના આનંદનો અનુભવ થવો અને એમાં પ્રતીતિ થવી એનું નામ સમ્યગ્દૃષ્ટિ. આહાહા..! આવી વાતું, આવી શરતું. એ સમ્યગ્દૃષ્ટિ જીવ.

સત્યદૃષ્ટિ એટલે જેવું વસ્તુનું-આત્માનું સ્વરૂપ છે, પ્રભુ પરમાત્મા સર્વજ્ઞદેવે શુદ્ધ ચૈતન્ય આનંદકંદ આનંદઘન અતીન્દ્રિય જ્ઞાનનો પિંડ સત્યાર્થ, ભૂતાર્થ ત્રિકાળી ચીજ એનો અનુભવ-તેને અનુસરીને આનંદનું થવું, એમાં પ્રતીતિ (થવી) તેનું નામ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મ હોય, એને નિર્જરા હોય. આહા..! એટલે કે એને શુદ્ધતાનો અનુભવ છે એથી શુદ્ધતાની વૃદ્ધિ થાય એનું નામ ભાવનિર્જરા શુદ્ધિની વૃદ્ધિને કહે છે. અને આત્માના અનુભવની દૃષ્ટિને લઈને અતીન્દ્રિય આનંદના સ્વાદને લઈને અશુદ્ધતા ટળતી જાય છે, કર્મ ગળતું જાય છે, શુદ્ધિ વધતી જાય છે એને નિર્જરા અને ધર્મ કહેવાય છે. અરે..! આવી શરતું. આવો માર્ગ. આહાહા..!

**'સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાનને અર્થાત્ નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુને...'** ભગવાનઆત્મા નિર્વિકલ્પ અભેદ ચિદ્ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, ચૈતન્યસૂર્ય એ આત્મા. આહાહા..! એ નિર્વિકલ્પ એટલે અભેદ છે. એમાં રાગ તો નથી પણ ભેદ પણ નથી કે આ પર્યાય અને આ દ્રવ્ય, એવો ભેદ પણ નથી. આહાહા..! એવી જે નિર્વિકલ્પ (વસ્તુ), જિનેન્દ્રદેવ પરમેશ્વરે જોઈ તે. અજ્ઞાનીઓ પોતાની કલ્પનાથી વાત કરે નિર્વિકલ્પ વસ્તુ આવી છે, એ નહિ. અહીં તો જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ પરમેશ્વરે આ આત્માને રાગરહિત પર્યાયના ભેદરહિત અભેદ આત્માને જોયો છે. એવું જેને જોતાં આવડે અંદરમાં... આહાહા..! તે જ્ઞાની જીવ **'નિર્વિકલ્પ ચિદ્રૂપવસ્તુને નિરંતર અનુભવે છે.' 'વિધત્તે'** આહાહા..!

જેમ અજ્ઞાની અનાદિકાળથી રાગ-પુણ્ય-પાપના રાગને અનુભવીને વેદે છે, એ દુઃખના વેદનારા અજ્ઞાની છે. આહાહા..! સમજાય છે કાંઈ? માર્ગ બાપા ઝીણો બહુ, ભાઈ! અહીંયાં તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ પણ રાગ છે. એ રાગથી ભિન્ન પડેલી અંદર જ્ઞાયક ચીજ, જ્ઞાનનો રસકંદ પ્રભુ, રાગથી ભિન્ન છે એને સમ્યગ્દર્શનમાં યથાર્થ અનુભવ કરી અને પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દૃષ્ટિ **'વિધત્તે' 'નિરંતર અનુભવે છે.'** આહાહા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે જે નિરંતર અતીન્દ્રિય આનંદને અનુભવે છે. આહાહા..! તમે તો સાંભળ્યું છે ઘણું 'પોરબંદર'માં. ખબર છે ને એ તો. ત્યાં આવતા ને કાયમ આવતા. સમજાણું કાંઈ? આહાહા..! માર્ગ પ્રભુ એવો છે. આહાહા..!

જેને નિજ આનંદનો માલ છે અંદર, અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ... આહાહા..! નિમિત્તથી, રાગથી અને પર્યાયથી પણ વિમુખ થઈ, ત્રિકાળી શુદ્ધ સ્વભાવની સન્મુખ થઈ જે નિરંતર અનુભવે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. એને સમ્યગ્દર્શનમાં અનુભવીને, પ્રતીત કરીને નિરંતર અનુભવે એને ધર્મ થાય અને એને નિર્જરા થાય. આહાહા..! સમજાણું કાંઈ? એને **'શું જાણીને'** અનુભવે? આહાહા..! એની પદ્ધતિની રીતની

પણ ખબર ન હોય. એ શી રીતે સમ્યગ્દર્શન કરે અને કેમ પ્રગટ કરે? આહાહા..!

કહે છે કે '**શું જાણીને?**' કરે? '**सर्वार्थसिद्धात्मतया**' '**ચતુર્ગતિસંસારસંબંધી દુઃખનો વિનાશ..**' એ અર્થ સિદ્ધિ. અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ એ અસ્તિ. ચાર ગતિના દુઃખનો નાશ એ નાસ્તિ, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ તે અસ્તિ. આત્મા છે. '**એવું કાર્ય સિદ્ધ થાય છે...**' એવું કાર્ય સિદ્ધ થાય છે '**જેનાથી, એવું છે શુદ્ધ જ્ઞાનપદ.**' આહાહા..! અંતર ભગવાન શુદ્ધ જ્ઞાનાનંદ પવિત્રનો પિંડ પ્રભુ છે. પર્યાયમાં પુણ્ય-પાપના વિકલ્પો અને રાગ એ દુઃખરૂપ છે. તો એનાથી ભિન્ન ભગવાન, અરે..! એ કોણ છે? સ્વયં દેવ કહ્યું છે ને? અચિંત્યદેવ આવ્યું છે ને અંદર? સ્વયમેવદેવ. દેવ છે એ તો. આહાહા..! અરે..! એના સ્વભાવ અને એની શક્તિના મહાત્મ્યને શું કહેવું! દિવ્યશક્તિનો ધણી દેવ છે! ભગવાનઆત્મા અનંતજ્ઞાન, અનંતશાંતિ, અનંત પ્રભુતા, અનંત આનંદ એવી અનંત શક્તિ, દિવ્યશક્તિનો ધરનાર દેવ પ્રભુ છે. આહાહા..! એવા દેવને સમ્યગ્દર્શનમાં જે નિરંતર અનુભવે (છે).

'**શું જાણીને? ચતુર્ગતિસંસારસંબંધી દુઃખનો વિનાશ અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ...**' થાય માટે. સમજાણું કાંઈ? આહાહા..! '**એવું કાર્ય સિદ્ધ થાય છે જેનાથી,...**' માટે. આહાહા..! શું કહ્યું ઈ? આ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ, એનો અનુભવ કરવો એ શું કરવા? કે એમાં દુઃખના ભાવની નાસ્તિ થાય, નાશ થાય છે અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે, એવા કાર્યની સિદ્ધિ થાય છે માટે આત્માનો અનુભવ કરવો. આવી વાતું! અને બહારમાં તો અપવાસ કરો, તપસ્યા કરો, આ કરો, એ કરો. એ રાગની ક્રિયા. એ પણ ક્યાં ઠેકાણાની છે? આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ (કહે છે), અંતર વસ્તુ છે કે નહિ? જેની સત્તામાં આ છે એ જણાય છે એ જેની સત્તામાં, જેની મોજૂદગીમાં આ છે બધું જણાય એ ચૈતન્યસત્તા પ્રભુ છે. એ ચૈતન્યની સત્તા પરસત્તાથી ભિન્ન છે. લોજિકથી સમજાય છે ને? અને પુણ્ય-પાપના ભાવ થાય એ પણ જેની સત્તામાં જણાય છે. જ્ઞાનાનંદમાં જણાય કે આ રાગ છે. એવી રાગ અને પરની સત્તાથી ભિન્ન ચૈતન્યસત્તા, સત્તા એટલે ચૈતન્યનું હોવાપણું.. આહાહા..! એનો જેને સમ્યક્ અનુભવ છે. આહાહા..! એટલે કે જેને અતીન્દ્રિય આનંદનું નિરંતર વેદન છે. આહાહા..! એને શું કરવા અનુભવે છે? કે દુઃખના નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે. આ જાણીને અનુભવે છે. સમજાણું કાંઈ? આવી વાતું હવે.

'**એવું છે શુદ્ધ જ્ઞાનપદ.**' આહાહા..! શુદ્ધ જ્ઞાનપદ. ધ્રુવ ધ્રુવ. ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, શુદ્ધ જ્ઞાનપદ જેના અનુભવથી દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય, એ જાણીને આત્માના જ્ઞાનપદને અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**अन्यस्य परिग्रहेण किम्**' આ સ્વરૂપના આનંદનો પરિગ્રહ પકડ્યો છે, હવે બીજાનું શું કામ છે? એમ કહે છે. આહાહા..! પરિગ્રહ. પરિ-સમસ્ત પ્રકારે ચૈતન્યમૂર્તિ, જ્ઞાયક અને આનંદનો નાથ પ્રભુ, એને પરિગ્રહ-પકડ્યો છે. એ આત્માનો પરિગ્રહ છે. આ ધૂળ, પૈસા-બૈસા એ તો જડના માટીના પરિગ્રહ છે. એ મારા માને એ તો કહે છે કે અજીવ થઈ જાય. આહાહા..! અહીંયાં તો રાગને

પોતાનો માને તોપણ જીવપણું એમાં રહેતું નથી. આહાહા..! એ અજીવ જેવો થઈ જાય. ગાથામાં છે ને? 'નિર્જરા અધિકાર'ની ગાથા. હું રાગને મારો માનું તો હું અજીવ થઈ જાઉં. આહાહા..! હવે આ શરીર, બાયડી, છોકરા, કુટુંબ, ધંધા તો ક્યાંય રહી ગયા. એ તો જગતની ચીજ. આહાહા..!

મારામાં થતો દયા, દાન, વ્રતનો પરિણામ-રાગ, એને હું મારા માનું તો હું અજીવ થઈ જાઉં. કેમકે મારું ચૈતન્ય સ્વરૂપ જાગૃત આનંદનો નાથ (છે). એવા રાગમાં જ્ઞાન અને આનંદનો જેમાં અભાવ છે. એવા રાગને મારો માનું તો હું અજીવ થઈ જાઉં. જીવ ન રહું. આહાહા..! અરે..! એ વાત સાંભળવા મળે નહિ. એ કે દિ' વિચારમાં આવે અને કે દિ' અંતર ચડે? આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! આવો મારો સ્વભાવ ભગવાન અચિંત્ય દેવ, અનંત આનંદ અને અનંત જ્ઞાનાદિ અનંત શક્તિનો સાગર દેવ, એના અનુભવના કરનારને, કહે છે કે, ધર્મીને બીજા પરિગ્રહથી હવે શું કામ છે? આહાહા..! બીજો પરિગ્રહ એટલે? ખુલાસો કરે છે.

'**શુદ્ધસ્વરૂપ-અનુભવથી બાહ્ય છે...**' શુદ્ધ સ્વરૂપ પવિત્ર ભગવાનઆત્મા, એનો અનુભવ. વર્તમાનમાં એનો અનુભવ, અતીન્દ્રિય આનંદનો અનુભવ, અતીન્દ્રિય જ્ઞાનનું અંતરમાં, પર્યાયમાં વેદન. આહાહા..! એવા નિજ સ્વરૂપના પરિગ્રહના કારણે, એને અન્ય પરિગ્રહથી શું કામ છે? આહાહા..! આવી વાતું છે. અન્ય પરિગ્રહ એટલે? વિકલ્પો. શું? '**શુભ-અશુભ ક્રિયારૂપ...**' વિકલ્પ. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાનો વિકલ્પ અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાના ભાવનો વિકલ્પ એ બધા વિકલ્પો રાગ છે. આહાહા..! મારે એ રાગના પરિગ્રહથી શું કામ છે? મારો નાથ મને હાથ આવ્યો. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં ઉછળ્યો. દરિયાને કાંઠે જેમ પાણીની ભરતી આવે, એમ આત્માની પર્યાયમાં અતીન્દ્રિય આનંદ ઉછળીને અતીન્દ્રિય આનંદની ભરતી આવી. આહાહા..! ઝીણી વાતું, ભાઈ! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો બધું વિંખી નાખ્યું છે. આહાહા..! એ આત્મા અતીન્દ્રિય આનંદ, જ્ઞાનસ્વરૂપ, તેના અનુભવમાં રહેનારો હું... આહાહા..! ધર્મી એને કહીએ. અન્યપરિગ્રહથી શું કામ? શુભ-અશુભ ક્રિયા. એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો શુભભાવ એનાથી મારે શું કામ છે? કેમકે એ તો રાગ છે, દુઃખ છે. એ દુઃખના પરિણામથી મારે શું કામ છે? મારો નાથ આનંદસ્વરૂપે બિરાજમાન, એના અતીન્દ્રિય આનંદના વેદન આગળ એવી શુભક્રિયાનો રાગ દુઃખરૂપ, એનું શું કામ છે મારે? આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી તો વાતું (છે). ભાઈ! આ તો ત્રણલોકના નાથ, જિનેન્દ્રદેવ પરમેશ્વર વીતરાગ એમના આ બધા કથનો છે. આ કોઈ આલીદુઆલી કે એ નથી. જેના ઇન્દ્રો તળિયા ચાટે, એવા સર્વજ્ઞ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. ત્યાંથી આ વાણી આવી છે. 'કુંદકુંદાચાર્ય' ત્યાં ગયા હતા.

ભગવાન પરમાત્મા તો આમ કહે છે. આહાહા..! જેને આત્મા સમ્યગ્દર્શનમાં પ્રતીતિમાં, અનુભવમાં આવ્યો... આહાહા..! એને ચાર ગતિના દુઃખો (મટે) અને અતીન્દ્રિય (આનંદની) પ્રાપ્તિ થાય. તે કાર્યસિદ્ધિ થતાં બીજા પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના પરિણામથી શું કામ છે એને? આહાહા..! ઊલટપલટ માર્ગ છે આખો. માર્ગ એવો છે, બાપુ!

શું થાય? આહાહા..! એ શુભ-અશુભ વિકલ્પથી મારે શું કામ છે?

**'અથવા રાગાદિ વિકલ્પરૂપ...'** અમથો પ્રેમ આદિ બીજામાં થાય એવો શુભા-શુભભાવ, એનાથી મારે શું કામ છે? અરે..! મારે દ્રવ્યોના ભેદ-વિચારરૂપ એવા જે અનેક વિકલ્પનું મારે શું કામ? આહાહા..! આ જીવ છે, આ જડ છે, આ રાગ છે. **'દ્રવ્યોના ભેદવિચારરૂપ એવા છે જે અનેક વિકલ્પો,...'** રાગ એનાથી મારે શું કામ છે? આહાહા..! ઝીણું બહું. એમાં આ બહારના તોફાન. આહાહા..! પાંચ-પચાસ લાખ રૂપિયા-ધૂળ મળે. બે-ચાર કરોડ રૂપિયા. મરી ગયો બિચારો ત્યાં સલવાઈ ગયો. આહાહા..! અહીં તો ધર્મી જીવ પોતાના આનંદસ્વરૂપ અતીન્દ્રિયના પકડનાર, અનુભવનાર, એને ધર્મી કહીએ અને તે ધર્મી કહે છે (કે). મારા ધર્મના કાર્યમાં દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ માટે (હું) અનુભવું છું. અને તે અનુભવમાં પર વિકલ્પનું મારે શું કામ છે? આહાહા..! **'દ્રવ્યોના ભેદવિચારરૂપ એવા...'** આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. એવા ત્રણના ભેદના વિકલ્પથી પણ મારે શું કામ છે? આહાહા..!

મુમુક્ષુ :- આવે છે કેમ?

ઉત્તર :- આવે એને ઘરે રહ્યા. અહીં નહિ. અંદરમાં ન મળે. અનુભવમાં એ ન મળે. એને અનુભવે એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ!

અહીં કહ્યું ને? કે હું તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ છું. તેનો વેદનારો, અનુભવનારો હું, મારે આવા વિકલ્પોથી શું કામ છે? એનાથી કાંઈ મને કાર્યસિદ્ધિ થતી નથી. એ તો દુઃખદાયક છે બધા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! પ્રભુના મારગડા જુદા, ભાઈ! જિનેન્દ્ર ત્રિલોકનાથ એવો માર્ગ બીજે ક્યાંય છે નહિ. એના વાડાવાળાને પણ ખબર નથી. આહાહા..!

અહીં તો પ્રભુ કહે છે કે એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! તારો આત્મા અંદર જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન-ચેતનાસ્વભાવ એનાથી ભરેલો જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ, અને અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં ઉછળે છે, એની પર્યાયમાં તને જ્યાં આનંદનું વેદન આવે, એ આનંદની ગંધ ક્યાંય ઈન્દ્રના ઈન્દ્રાસનોમાં નથી. તો મારે એ પુણ્ય-પાપના, દયા-દાનના રાગથી શું કામ છે? આહાહા..! અરે..! એ તો ઠીક પણ હું દ્રવ્ય છું ત્રિકાળી, મારી શક્તિઓ અંદર ત્રિકાળી ગુણ અને વર્તમાન એની દશા-એવા ત્રણના ભેદથી પણ મારે શું કામ છે? આહાહા..! ઝીણી વાત છે, ભાઈ!

મુમુક્ષુ :- મીઠી વાત છે.

ઉત્તર :- મીઠી વાત છે, નાથ! આહાહા..!

પરમેશ્વર જિનેશ્વરદેવ કેવળી પરમાત્મા એનું આ ફરમાન છે. સંતો આડતિયા થઈને ભગવાનની વાત કરે છે. પ્રભુ! તું કોણ છો? ક્યાં છો? આહાહા..! આનંદ અને જ્ઞાનસ્વરૂપમાં પ્રભુ છે, એ તો. આહાહા..! પુણ્ય-પાપના રાગમાં આત્મા નથી. એ તો અનાત્મા, જડ, અચેતન. આહાહા..! અહીંયાં તો ચૈતન્ય અભેદ અખંડાનંદ પ્રભુ, એના અનુભવ આગળ કહે છે કે ભેદના વિકલ્પથી મારે શું કામ છે? આહાહા..! ભેદનો વિકલ્પ એટલે? કે અનંત

આનંદનો કંદ આત્મા અને એની અનંત શક્તિઓ આનંદ આદિ એ ગુણ અને એની વર્તમાન અવસ્થા પર્યાય-એવા ત્રણ ભેદના વિકલ્પથી મારે શું કામ છે? આહાહા..! અરેરે..! એણે માર્ગ સાંભળ્યો પણ નથી. આહાહા..! વીતરાગ પરમાત્માએ કહેલો સમ્યગ્દર્શનનો માર્ગ આ છે. સમજાણું કાંઈ? બાકી આ બધા હોંશુ બહારમાં પૈસા ને શરીરમાં હોંશુ કરે છે એ બધા દુઃખના ઘાત અંદર (થાય છે). આત્માની શાંતિમાં ઘાયલ થાય છે એ. આહાહા..! અહીંયાં તો દ્રવ્ય, ગુણ અને પર્યાયના ભેદના વિકલ્પથી પણ આત્મા ઘાયલ થાય છે. 'ચંદુભાઈ'! આહાહા..!

પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ એમ કહેતા આવ્યા છે અને પ્રભુ બિરાજે છે ત્યાં આ જ કહે છે. આહા..! એ વાત અહીંયાં આવી છે. આહાહા..! ભાઈ! તું કોણ છો? કેટલો કેવડો છો? તો કહે છે, અનંત જ્ઞાન, અનંત આનંદ અને અનંત શાંતિથી ભરેલો પ્રભુ આત્મા છે. એવા અનંત આનંદ અને શાંતિના સાગરને દૃષ્ટિમાં લઈને, જ્ઞાનમાં જ્ઞેય બનાવીને સ્વરૂપનો અનુભવ કરે... આહાહા..! એ અનુભવ નિર્જરાનું કારણ છે. આઠ અપવાસ કર્યા ને દસ કર્યા ધૂળ એ બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? આહાહા..! જે આત્મા નિજઘર,... વર વિનાની જાન જોડી દીધી. એ જાન ન કહેવાય, એ તો માણસના ટોળા કહેવાય. આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદનો નાથ, તેને મુખ્ય બનાવીને અનુભવ કરે, એની પર્યાયોને એની જાન કહેવાય. પણ હાથ ઓલો દ્રવ્ય આવે વર એને. રાગાદિના વિકલ્પોને તો દુશ્મન કહેવાય એ તો બધા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવું સાંભળવા મળે નહિ. સાંભળવા માટે નિવૃત્તિ લેવી હોય તો ન મળે. એય..! 'શાંતિભાઈ'! હખ ક્યાં છે? પાંચ-દસ કરોડ થાય, વીસ કરોડ તોપણ હખ ન મળે. આહાહા..! અરે..! કરવા જેવું તો આ છે.

'શ્રીમદ્' તો એમ કહે છે કે આજીવિકા માટે માંડ માંડ મળતું હોય તોપણ મુમુક્ષુએ બીજી તૃષ્ણા કરવી નહિ. આહાહા..! બાપુ! કરવા જેવું તો આ છે. એ કર્યું નહિ (તો) તેં શું કર્યું? આહાહા..! અરે..! જેના ચોર્યાસીના અવતારમાં ભવાબ્ધિ-ભવરૂપી દરિયામાં જાશે ક્યાંય, પત્તો નહિ ખાય, ભાઈ! આહાહા..! એ ભવાબ્ધિને તરવાનો ઉપાય આ છે. દુઃખથી નાશ કીધું ને? આહાહા..!

ભગવાનઆત્માના સ્વભાવમાં જે કેવળજ્ઞાની પરમાત્માને અનંતઆનંદ, અનંતજ્ઞાન પ્રગટ્યું, અનંતદર્શન, વીર્ય, અનંત ગુણોની પૂર્ણતા, એ બધી પ્રગટી એ ક્યાંથી આવી? કાંઈ બહારથી આવે છે? અંદર પેટમાં-આત્માના ગર્ભમાં બધી શક્તિઓ પડી છે. આહાહા..! એવી શક્તિના નાથને સમ્યગ્દર્શનમાં સાચું દર્શન કરીને અનુભવવો. એને આ વિકલ્પથી શું કામ મારે? અન્ય પરિગ્રહનું શું કામ? એનો અર્થ થયો કે આ પરિગ્રહ મેં પકડ્યો છે. આ મારો પરિગ્રહ છે. આહાહા..!

**'अन्यस्य परिग्रहेण किम्'** શુભાશુભ વિકલ્પો દયા, દાન, વ્રતાદિના (વિકલ્પોથી) શું? આહાહા..! અને રાગાદિ વિકલ્પથી શું? અને **'દ્રવ્યોના ભેદવિચારરૂપ એવા છે જે અનેક**

વિકલ્પો...' આહાહા..! 'તેમનાં...' 'परिग्रहेण किम्' છે? તેને પકડવાથી મને શું લાભ? આહાહા..! નુકસાન કરનારા છે એ તો બધા. ઝીણી વાતું, બાપુ! એ વખત ચાલ્યા જાય છે. અને આયુષ્ય પૂરું થઈને ચાલ્યો જશે. મોટા દરિયા ચોર્યાસીના અવતાર. આહાહા..!

મુમુક્ષુ :- અંદરમાં સંકલ્પ-વિકલ્પો ક્યાં હખ લેવા દે છે?

ઉત્તર :- કરે છે કોણ? કરે છે પોતે કે કો'ક કરાવે છે? અજ્ઞાનપણે કરે છે પોતે કર્તા થઈને. સંકલ્પ-વિકલ્પ કરે છે કોણ ત્યાં? કોઈ કરાવે છે કર્મ એને?

મુમુક્ષુ :- કો'ક કરાવે છે એવું લાગે છે.

ઉત્તર :- ધૂળેય કરાવતું નથી. મૂંઢ પોતે પોતાના સ્વભાવને ભૂલીને એવા સંકલ્પ-વિકલ્પની જાળુંમાં ઘૂંચાઈ ગયો. કરોળિયો જેમ લાળમાં ઘૂંચાય એમ ઘૂંચાઈ ગયો. આહાહા..! અરે..! એણે ઘેરો ઘાલ્યો. પુણ્ય અને પાપના સંકલ્પ-વિકલ્પથી એણે ઘેરો ઘાલ્યો. ઘેરામાં ઘેરાઈ ગયો ભગવાન. આહાહા..! બાપુ! હવે છૂટવાના રસ્તા તો આ છે. આહાહા..! એ કાંઈ વાતે વડા થાય એવું નથી. શબ્દથી કાંઈ જણાય એવી ચીજ નથી. આહાહા..!

અહીંયાં તો દેવ (કહ્યો). દેવ દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ, એવા એકમાં ત્રણ વિચાર કરવા એ વિકલ્પથી આત્માને લાભ શું છે? એમ કહે છે. નુકસાન છે. ધર્મી કહે છે કે એવા ભેદના વિકલ્પથી મારે શું કામ છે? આહાહા..! સંતોની વાણી તો જુઓ! આ દિગંબર સંત, સનાતન સંત જૈનદર્શનના પેટ ખોલીને મૂકે છે. કહે છે કે, પ્રભુ! એક વાર સાંભળને. આહાહા..! પણ એને પ્રભુ કહેતા એને કઠણ પડે છે. ભાઈ! તારું સ્વરૂપ જ પ્રભુસ્વરૂપ જ છે. ભગવંત સ્વરૂપ જિનસ્વરૂપ તારું આખું વીતરાગ સ્વરૂપ જ છે. આહાહા..! જો વીતરાગ સ્વરૂપી ન હોય તો કેવળીને વીતરાગતા પ્રગટે એ આવશે ક્યાંથી? ક્યાંય બહારથી આવે એવી ચીજ છે? આહાહા..!

વીતરાગસ્વભાવનો પ્રભુ કંદ છે. વીતરાગ સ્વભાવની મૂર્તિ આત્મા છે. એ તો દરરોજ કહીએ છીએ ને. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન. મતમદિરા કે પાનસો...' એ પોતાનો અભિપ્રાય-વિકલ્પ મારો અને એના અભિપ્રાયના પીનારા એ 'મતવાલા સમજે ન.' એ મતના અભિપ્રાયો પોતાના બાંધેલા અભિપ્રાયથી ભગવાનને તે સમજતા નથી. ભગવાન એટલે આ, હોં! ભગવાન. પર ભગવાન એ નહિ. આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે' ઘટ ઘટ અંતર ભગવાન વસે છે. જિન વસે છે. પરમાત્મા છે. આહાહા..! 'ઘટ ઘટ અંતર જૈન.' એ જિનને પકડે અને અનુભવે અને રાગથી ભિન્ન પડે તે જૈન છે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન એ જિનસ્વરૂપને અનુભવે તે જૈન. આહાહા..!

વીતરાગ... વીતરાગ... વીતરાગ સ્વરૂપથી ભરેલો ભગવાન, ભાઈ! તને આકરું લાગશે, પણ વસ્તુ તો આવી છે. આહાહા..! વીતરાગસ્વરૂપથી, અકષાયસ્વરૂપથી શાંતરસથી ભરેલો ભગવાન, એને શાંતરસના વેદનમાં લેવો. આહાહા..! એ ઘટ ઘટ અંતર જૈન. એ ઘટ ઘટમાં જૈન આ રીતે કહેવાય છે. બહારથી લેબાસ (ધારે કે) અમે વાણિયા જૈન છીએ, સ્થાનકવાસી, દેરાવાસી છીએ. એય..! આહાહા..! આવી વાતું છે.

ભગવાન! તારી ચીજ તો અંદર પૂર્ણાનંદથી ભરેલી છે ને, નાથ! એની સામું જો ને. આ રાગ ને નિમિત્ત ને પર્યાયના ભેદ સામું જોવું છોડી દે ને. આહાહા..! જ્યાં અભેદ સાગર બિરાજે છે અંદર. અરે..! કેમ બેસે? બે બીડી સરખાયની પીવે, જ્યારે સીગરેટ (પીવે), ત્યારે પાયખાને દિશા ઉતરે. આવા તો અપલક્ષણ. હવે એને કહેવું કે તું ભગવાન છો. સવારમાં દોઢ પા શેરનો ચાનો પ્યાલો પીવે ત્યાં પાવર ચડી જાય જાણે.. આહાહા..! અરર..! શું થયું? બાપુ તને આ? આ તારા અપલક્ષણના પાર નહિ એને બતાવવો કે તું ભગવાન છો. કહો, 'રસિકભાઈ'! આવું છે બાપુ! અહીં તો. આહાહા..!

જૈનશાસન આ છે. જેણે આત્માને અબદ્ધસ્પૃષ્ટ અનુભવ્યો. આહાહા..! રાગ અને કર્મના સંબંધ વિનાની ચીજ પ્રભુ અબદ્ધ છે. અસ્પૃષ્ટ છે એને કોઈ રાગનો અને પરમાણુનો સ્પર્શ જ નથી. સામાન્ય છે, એકરૂપ ત્રિકાળ છે. આહાહા..! એવી ચીજને દૃષ્ટિમાં લઈ અને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને અનુભવવો. આહાહા..! આટલી તો શરતું. ત્યારે તેને તો ધર્મી સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહાહા..! હજી ચોથે ગુણસ્થાને, હોં! પાંચમું જે શ્રાવકનું છે એ (તો અલૌકિક વાતું છે). આ (અત્યારે) શ્રાવક (છે) એ તો સમજવા જેવા છે.

મુમુક્ષુ :- સાવજ છે.

ઉત્તર :- સાવજ જ છે. રાગને પોતાનો માને એ સાવજ છે બધા. આહાહા..!

મુમુક્ષુ :- નાનાના બાપ કહેતા તેને સાવજ.

ઉત્તર :- સાવજ જ છે ને. રાગ અને પુણ્ય-પાપના ભાવમાં મીઠાશ માનીને ભગવાનના નાથના આનંદને લૂંટે છે એ સાવજ છે. આહાહા..! કેસરી સિંહ જેમ થાપ મારે અને હરણીયાના ડોકા ગરડી નાખે, એમ ભગવાનઆત્મા પોતાને ભૂલી એવા શુભ-અશુભરાગને પોતાનો માનીને પોતાને મરડી નાખે છે. આહાહા..! આવી વાતું છે. આહાહા..!

એવા જે વિકલ્પો. '**તેમનાં...**' '**परिग्रहेण**' પરિગ્રહની વ્યાખ્યા કરે છે. '**તેમનાં સાવધાનપણે પ્રતિપાલન...**' રાગાદિનું. એનું '**આચરણ અથવા સ્મરણથી શું કાર્યસિદ્ધિ?**' આહાહા..! શુભ-અશુભભાવથી, રાગાદિના ભાવથી અને દ્રવ્યોના ભેદરૂપ વિચારથી (શું કાર્યસિદ્ધિ છે?) એનામાં '**સાવધાનપણે પ્રતિપાલન...**' આહાહા..! વ્રતના ભાવને બરાબર પાળવા.. આહાહા..! અથવા વ્રતના ભાવને આચરણમાં મૂકવા. વ્રતનો ભાવ તો રાગ છે. આહાહા..! એનું '**પ્રતિપાલન અથવા આચરણ...**' આ પરિગ્રહની વ્યાખ્યા કરે છે. અને એનું સ્મરણ. આહાહા..! રાગ. વ્રતાદિ, તપ આદિ, ભક્તિ આદિ રાગ એનું સ્મરણ, એનું પાલન અને આચરણ... આહાહા..! '**શી કાર્યસિદ્ધિ?**' એનાથી શું કાર્યસિદ્ધિ છે? આહાહા..! થોડે શબ્દે પણ રામબાણ માર્યા છે. 'બલુભાઈ'!

મુમુક્ષુ :- તાલી બે હાથે પડે.

ઉત્તર :- બે હાથે પડતી જ નથી. બે હાથ અડતા જ નથી ને પડે ક્યાંથી? ભેગા થતાં જ નથી. આ આને અડતું જ નથી. એક બીજા પરમાણુને અડવું એ ત્રણકાળમાં બનતું નથી. અને આમ થયું માટે ત્યાંથી અવાજ આવ્યો (એમ નથી). અવાજ તો પરમાણુની પરિણતિ થઈને અંદરથી બીજો આવ્યો છે. આખી દુનિયાથી વીતરાગ માર્ગ જુદો છે, બાપુ! આ તો

જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમાત્મા... આહાહા..! એમ કહે છે ભગવાન, હોં! એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી. ત્રીજી ગાથામાં ન આવ્યું? એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અને પોતાના અનંત ગુણ-પર્યાયને ચુંબે છે. પોતાની શક્તિ ગુણ અને પર્યાયને ચુંબે પણ અનેરા દ્રવ્યને એક દ્રવ્ય ત્રણ કાળમાં ચુંબતું-અડતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આ ઢાળની બીજી બાજુ છે.

ઉત્તર :- છે ને બીજી રખડવાની. એ તો કહે છે. બીજી બાજુ છે વિકલ્પમાં સાવધાની અને આચરણ પાળવું એ. રખડવાનું કહે છે ને ઈ. એ તો કહ્યું.

મુમુક્ષુ :- તમારી વાત સમજાતી નથી.

ઉત્તર :- તમારી હા પાડી. તમને ના ન પાડી. આ અન્ય પરિગ્રહમાં ન આવ્યું? બાપુ! તમારું? '**अन्यस्य परिग्रहेण**' માં આવ્યું એ. બીજી બાજુ છે. આહાહા..!

એક બાજુ ભગવાનઆત્મા અભેદનો અનુભવ અને એક બાજુ આ વિકલ્પની જાળ, તે બીજી બાજુ છે. પણ એનાથી મારે શું કામ છે? આહાહા..! 'શાંતિભાઈ'! આવી વાતું છે. બાપુ! શું થાય? અત્યારે માર્ગને વીંખી નાખ્યો છે અને વાણિયાને ધંધા આડે નવરાશ નહિ. માંડ કો'ક દિ' કલાક મળે. ચોવીસ કલાકમાંથી કલાક સાંભળવા જાય અને મળે માથે જે કહે એ, જય નારાયણ. આહા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્ર દેવે ત્રિલોકનાથ દિવ્યધ્વનિ દ્વારા એમ ફરમાવે છે એ આ સંતોના શ્લોક છે. ભગવાન! તારામાં ભગ એટલે આનંદ અને જ્ઞાનની લક્ષ્મીનું સ્વરૂપ તારું છે. એનું વેદન કરવું-અનુભવ કરવો એ નિર્જરાનું કારણ છે. 'ચંદુભાઈ' ગયા? 'વેજલકા'. છે? આ બેઠા. એ 'ચંદુભાઈ'ની વાત કરી હતી. 'વડોદરા'માં ગયા હતા. એક આર્જિકા કહે, બીજી તમારી વાત ગમે તે (હોય), અપવાસ છે એ તપ છે અને તપ છે એ નિર્જરા છે. આહાહા..! ધૂળમાંય નથી, હવે સાંભળને તારા છ-છ મહિનાના અપવાસ. મેં આહાર છોડ્યો અને રાગ મેં કર્યો, એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહાહા..! ભઈ દુનિયાથી તો જુદી જાત છે આ. આહાહા..! અરે..! એ મળે એને. એને સાચી વાત કાને પડે એ ભાગ્ય વિના મળે એવું નથી. ધર્મ તો પછી હજી. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, ધર્મીને અભેદ ચૈતન્યનો જે અનુભવ થયો એને હવે વ્રતાદિના વિકલ્પથી શું કાર્ય સિદ્ધિ છે? અરે..! દ્રવ્ય, ગુણ અને પર્યાય એકને ત્રણ ભેદે જોવો, એવા કાર્ય વિકલ્પથી શું સિદ્ધિ છે? આહાહા..! એના તરફનું સાવધાનપણું છોડી દઈ... '**अन्यस्य परिग्रहेण**' લીધું છે ને? '**अन्यस्य परिग्रहेण**' એટલે અન્ય તરફનું સાવધાનપણું છોડી દઈને ભગવાનઆત્મા તરફ સાવધાન-અનુભવ કર. તને આનંદ થશે. દુઃખ ટળશે અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થશે. આહાહા..! વાણિયા નફાના ધંધા કરે કે ખોટના? આ નફાનો ધંધો છે. આહાહા..! છે? અર્થાત્ '**શી કાર્યસિદ્ધિ**' એનાથી. એ પુણ્ય પાપના પુણ્યના ભાવને સંભારવા... આહાહા..! મેં વ્રત કર્યા, મેં તપસ્યા કરી, મેં આ કર્યું ને મેં તે કર્યું. આહાહા..! એના સ્મરણથી તને શું લાભ? પ્રભુ! તને ખબર નથી. આહાહા..!

દુઃખી... દુઃખી... દુઃખી... આહા..! આનંદનો સાગર ભગવાન એને સ્પર્શ્યો નહિ, એને

અડ્યો નહિ અને આ રાગને અડીને માન્યું કે મેં કાંઈ કાર્ય કર્યા. હેરાન થઈ જઈશ, બાપુ! આહાહા..! ભાઈ! આંખ્યું મીંચાઈ જશે. ભવિષ્યમાં આત્માને તો અનંતકાળ રહેવું છે. અહીંથી છૂટ્યા પછી પણ અનંતકાળ રહેવું છે. ક્યાં રહીશ પ્રભુ તું? આહાહા..! એ રાગ અને પુણ્યના પરિણામ મારા અને મને લાભ થશે એ બુદ્ધિમાં મિથ્યાત્વમાં અનંતકાળ ગાળીશ ભવિષ્યમાં. આહાહા..! અનંતકાળ રહીશ એમાં તો કાંઈ નકાર નથી. અનાદિઅનંત પ્રભુ છે એ ક્યાં જાય? અને જો રાગની એકતા તોડીને સ્વરૂપની દૃષ્ટિ કરી તો પછી પરના કાર્યથી શું સિદ્ધિ? તું ક્યાં રહીશ ત્યાં? આત્માના અનુભવમાં રહીશ. અને અનુભવમાં રહેતા પૂર્ણાનંદ થઈ જશે. મોક્ષ થઈ જશે. પછી એને અનંતકાળ મોક્ષમાં રહેવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું. આવો ઉપદેશ કેવો? ઓલા તો છકાયની દયા પાળવી, ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વહિઆએ વિરાયણાએ ગમણા ગમણે તસ્સ મિચ્છામી દુક્કડમ... તસ્સ ઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં મોણેણ ઝાણેણં. લોગસ્સ.. બાપા! એ તો બધી રાગની ક્રિયાની વાતું છે. આહાહા..! ભાઈ! તારો નાથ રાગ વિનાનો છે. જિનસ્વરૂપે છે એ તો. એના અનુભવમાં વીતરાગી દશા થાય. તેને અહીંયાં જૈનધર્મ અને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..!

'**અર્થાત્ કોઈ કાર્યસદ્ધિ નથી.**' શું કીધું એ? એ શુભ-અશુભભાવનું પાળવું, શુભનું આચરણ કરવું, શુભને યાદ કરવા એનાથી કાર્યસિદ્ધિ શું છે? આહાહા..! એ વ્રત ને અપવાસ ને એ વિકલ્પ છે એને પાળવા, એનું આચરણ કરવું, એનાથી તને શું કાર્યસિદ્ધિ છે? ભાઈ! આકરું કામ, ભાઈ! આહાહા..! '**આમ શા કારણથી?**' '**यस्मात् एषः स्वयं चिन्मात्रचिन्तामणिः एव**' આહાહા..! '**કારણ કે...**' '**एषः**' આ '**શુદ્ધ જીવવસ્તુ...**' ભગવાન શુદ્ધ પવિત્ર અનંત આનંદનો નાથ શુદ્ધ પવિત્રના ભાવથી ભરેલો. એવી વસ્તુ '**स्वयम्**' '**પોતામાં...**' '**चिन्मात्रचिन्तामणिः**' '**શુદ્ધ જ્ઞાનમાત્ર એવું અનુભવ-ચિન્તામણિરત્ન છે;...**' પર્યાય. શુદ્ધ જે વસ્તુનો અનુભવ એ ચૈતન્ય ચિન્તામણિરત્ન છે. આહાહા..! '**શુદ્ધજ્ઞાનમાત્ર એવું અનુભવ-ચિન્તામણિરત્ન છે;...**' ભગવાનઆત્માનો રાગથી ભિન્ન પડી અને આનંદનો અનુભવ (થવો) એ અનુભવ રત્નચિંતામણિ છે. એ ચિંતામણિ છે. આહાહા..! ધૂળના ચિંતામણિ દેવ અધિષ્ઠિત દેવ આવે ને ચિંતામણિ મળે, પથરા મળે એમાં ત્યાં આહાહા..! અહીં તો શુદ્ધ ચૈતન્યપ્રભુ અંતર અનંત દિવ્ય ગુણનો ભંડાર પ્રભુ, એનો અનુભવ, એનો અનુભવ, હોં! એના તરફની સન્મુખતાથી આનંદનું અને જ્ઞાનનું વેદન (થાય) એ શુદ્ધ ચૈતન્યચિંતામણિ છે. પર્યાય, હોં આ. આહાહા..! કેમકે શુદ્ધ ચિંતામણિ પ્રભુ છે. વસ્તુ તો એવી છે પણ એના અનુભવ વિના શુદ્ધ ચિન્માત્રનું અસ્તિપણું શ્રદ્ધા ક્યાંથી આવે? આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતામાં શુદ્ધ જ્ઞાનમાત્ર એવું અનુભવ-ચિન્તામણિરત્ન છે; આ વાતને નક્કી જાણવી,...**' આહાહા..! શું કીધું ઈ? આ રીતે કાર્યસિદ્ધિ છે એ વાત નક્કી જાણવી. બીજી રીતે કોઈ રીતે કાર્યસિદ્ધિ થશે આત્માની, એ વાત છોડી દેજે. કે બહુ વ્રત પાળ્યા, બહુ અપવાસ કર્યા, બ્રહ્મચર્ય પાળ્યા જાવજીવના, દયા પાળી, દાન બહુ કર્યા કરોડોના, માટે કાંઈક

કલ્યાણ થાશે. વાત છોડી દે એમાંથી. શું કહે છે? પરદ્રવ્યથી તારું કલ્યાણ થાય? અને ખરેખર તો વ્રતનો રાગ છે એ ખરેખર તો પરદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય નહિ. આહાહા..! એ ચૈતન્યચિંતામણિ ભગવાન અનંત ગુણની ખાણ, નિધાન, એનો જે અનુભવ (થાય એ) ચિંતામણિ રત્ન છે. આહા..! જેટલો અંદર અનુભવ છે તેટલી ઋદ્ધિ બહાર આવશે. આહાહા..! એ ચિંતામણિ પ્રભુ ભગવાન છે. એ ભગવાનનો અનુભવ એ ચિંતામણી છે. સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ કઈ જાતનો? એક કલાકમાં આ બધું ઘુંટવું. એમાં અત્યાર સુધી માન્યું એમાંથી કાંઈ આવ્યું નહિ. 'પ્રવિણભાઈ'! સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા કરવા. અરે..! બાપુ! એ તો બધી વાતું છે. હતી કે દિ' સામાયિક. સમ્યગ્દર્શનના ભાન વિના સામાયિક કેવી? આહાહા..! સામાયિકમાં તો સમતાનો લાભ થાય. વીતરાગમૂર્તિ પ્રભુ છે એનો અનુભવ કરે તો સમતાનો લાભ થાય. ત્યારે એને સમ્યગ્દર્શન સામાયિક કહેવાય. સમ્યગ્દર્શન સામાયિક. આહાહા..! પછી સ્વરૂપમાં વીતરાગતામાં સ્થિર- વિશેષ જામે ત્યારે ચારિત્રની સામાયિક કહેવાય. આહાહા..! બહુ ફેર.

'**આ વાતને નક્કી જાણવી,...**' એમ કહે છે. '**સંશય કાંઈ નથી.**' એટલે કે ચૈતન્ય ચિન્તામણિના અનુભવથી મોક્ષ થશે, ધર્મ થશે એમાં બિલકુલ સંશય નથી. રાગના કારણે વ્રત પાળીએ, ભકિત કરીએ, તપસ્યા કરીએ, અપવાસ કરીએ તો કલ્યાણ થશે. બિલકુલ નથી. એ બધી વૃત્તિઓ અને રાગની ક્રિયાઓ છે. આહાહા..! સમજાણું કાંઈ? હવે આવા વાદ અને વિવાદ ઊભા કરે. અહીં તો એ કીધું, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ એ સિવાય પરચીજથી તને લાભ શું છે? અહીં તો એમ કીધું. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ તો આવ્યું નહિ આમાં. સમજાણું કાંઈ? વ્યવહાર વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને મોટા વરઘોડા ગજરથના હાથીના (કાઢે) અને દીક્ષા લે છે માટે એનો મોટો વરઘોડો કાઢો. ધૂળ દીક્ષા ક્યાં હતી હજી? દખ્યા છે. રાગની ક્રિયામાં દુઃખ છે. એને અંગીકાર કરે છે. આહાહા..! રાગ વિનાનો, દુઃખ વિનાનો ભગવાન આનંદનો નાથ પ્રભુ, એની અંદરમાં શ્રદ્ધા અને એનો અનુભવ નથી, ત્યાં ચારિત્ર કેવા અને દીક્ષા કેવી? આહાહા..! સમજાણું કાંઈ? '**આ વાતને નક્કી જાણવી. સંશય કાંઈ નથી.**'

'**ભાવાર્થ આમ છે કે – જેવી રીતે કોઈ પુણ્યવાન જીવના હાથમાં ચિન્તામણિરત્ન હોય છે,...**' પુણ્યવાન, હોં! ધર્મવાન નહિ. ચિંતામણિરત્ન બહારનું. '**તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે,...**' આ ચિંતામણિરત્ન હોય દેવ અધિષ્ઠિત (હોય) એટલે જે ઇચ્છે એ મળે. બંગલા થાઓ એટલે બંગલા થાય. ચિંતામણિરત્ન. '**તેનાથી સર્વ મનોરથ પૂરા થાય છે, તે જીવ લોઢું, તાંબું, રૂપું એવી ધાતુનો સંગ્રહ કરતો નથી;...**' ચિંતામણિ રત્ન જ્યાં મળ્યું પછી ચિંતવે ત્યાં અંદર લાખો, કરોડો હીરા પાકી જાય. મારે કરોડ હીરા (જોઈએ) તો હીરા તૈયાર થાય. ચિંતામણિરત્નનો એવો સ્વભાવ છે એનો દેવ અધિષ્ઠિત હોય છે. એ પુણ્યવંત પ્રાણીને મળે.

'**તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ-અનુભવ એવું ચિન્તામણિરત્ન છે,...**' આહાહા..! શ્રાવક અને મુનિપણું થયા પહેલાની વાત આ તો હજી. શ્રાવક-મુનિપણું, બાપુ! એ તો કોઈ દશા...! આહાહા..! '**સમ્યગ્દષ્ટિ જીવની પાસે શુદ્ધસ્વરૂપ-અનુભવ...**' અતીન્દ્રિય

આનંદના નાથને અતીન્દ્રિય આનંદના વેદનથી અનુભવવો. આહાહા..! **'એવું ચિન્તામણિરત્ન છે, તેનાથી સકળકર્મક્ષય થાય છે,...'** એનાથી કર્મનો નાશ (થાય છે). નિર્જરા છે ને? સમજાણું કાંઈ? વ્રત ને અપવાસ ને ભક્તિ ને પૂજા એ તો બંધના કારણ છે, નિર્જરાના કારણ નથી. આહાહા..! બહુ ફેર પણ. તકરારું પછી કરે. એય..! વ્યવહારનો નાશ કરે છે. કહે ભગવાનને કહે, આ ભગવાન કહે છે. સંતો ભાવલિંગી મુનિઓ આનંદના ઝુલે ઝુલનારા સંતો આ કહે છે. દિગંબર સંત જંગલમાં વસનારા. અતીન્દ્રિય આનંદના જેને પર્યાયમાં ઊભરા આવ્યા છે. ભરતી-લોઢ આવ્યા છે. દરિયાને કાંઠે જેમ પાણીના લોઢ આવે, એમ મુનિને પર્યાયમાં અતીન્દ્રિય આનંદના લોઢ આવે છે. આહાહા..! એને મુનિપણું કહીએ. એ મુનિ આમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'તેનાથી સકળકર્મ ક્ષય થાય છે, પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે, અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે; તે સમ્યગ્દષ્ટિ જીવ શુભ-અશુભરૂપ અનેક ક્રિયા-વિકલ્પનો સંગ્રહ કરતો નથી,...'** જોયું! જેમ ઓલો ચિંતામણી મળ્યો એ લોઢું અને રૂપાનો સંગ્રહ કરતો નથી. એમ અનુભવ મળ્યો એ શુભ વિકલ્પને ગ્રહતો નથી, પકડતો નથી. આહાહા..! **'કારણ કે એનાથી કાર્યસિદ્ધિ થતી નથી. વળી કેવો છે? વચનગોચર નથી મહિમા જેનો, એવો છે.'** ભગવાન દેવ છે આત્મા. આહાહા..! પૂજ્ય છે, દેવ છે ભગવાન. અરે..! કેમ બેસે? વિશેષ આવશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

(વસન્તતિલકા)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्त्तुमयं प्रवृत्तः।।१३-१४५।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'अधुना अयं भूयः प्रवृत्तः' ( अधुना ) અહીંથી આરંભ કરીને ( अयं ) ગ્રંથના કર્તા ( भूयः प्रवृत्तः ) કાંઈક વિશેષ કહેવાનો ઉદ્યમ કરે છે. કેવા છે ગ્રંથના કર્તા? 'अज्ञानम् उज्झितुमना' ( अज्ञानम् ) જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ ( उज्झितुमना ) કઈ રીતે છૂટે એવો છે અભિપ્રાય જેમનો, એવા છે. શું કહેવા ચાહે છે? 'तम् एव विशेषात् परिहर्तुम्' ( तम् एव ) જેટલો પરદ્રવ્યરૂપ પરિગ્રહ છે તેને ( विशेषात् परिहर्तुम् ) ભિન્ન ભિન્ન નામોનાં વિવરણ સહિત છોડવાને માટે અથવા છોડાવવાને માટે. અહીં સુધી કહ્યું તે શું કહ્યું? 'इत्थं समस्तम् एव परिग्रहम् सामान्यतः अपास्य' ( इत्थं ) અહીં સુધી જે કાંઈ કહ્યું તે એમ કહ્યું કે ( समस्तम् एव परिग्रहम् ) જેટલી પુદ્‌ગલકર્મની ઉપાધિરૂપ સામગ્રી, તેનો ( सामान्यतः अपास्य ) સામાન્યપણે ત્યાગ કહ્યો અર્થાત્ જે કાંઈ પરદ્રવ્ય સામગ્રી છે તે ત્યાજ્ય છે એમ કહીને પરદ્રવ્યનો ત્યાગ કહ્યો. હવે વિશેષરૂપ કહે છે. વિશેષાર્થ આમ છે કે-

**જેટલું પરદ્રવ્ય તેટલું ત્યાજ્ય છે એમ કહ્યું. હવે (કહે છે કે) ક્રોધ પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, માન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, ઈત્યાદિ; ભોજન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે, પાણી પીવું પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે. કેવો છે પરદ્રવ્યપરિગ્રહ? 'स्वपरयोः अविवेकहेतुम्' ( स्व ) શુદ્ધચિદ્રૂપમાત્ર વસ્તુ અને ( परयोः ) દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ, તેમના ( अविवेक ) એકત્વરૂપ સંસ્કારનું ( हेतुम् ) કારણ છે. ભાવાર્થ આમ છે કે-મિથ્યાદષ્ટિ જીવને જીવ-કર્મમાં એકત્વબુદ્ધિ છે તેથી મિથ્યાદષ્ટિને પરદ્રવ્યનો પરિગ્રહ ઘટે છે; સમ્યગ્દષ્ટિ જીવને ભેદ્‌બુદ્ધિ છે તેથી પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી. આવો અર્થ અહીં શરૂ કરીને કહેવામાં આવશે. ૧૩-૧૪૫.**

## કારતક સુદ ૭, ગુરુવાર, તા.૧૭-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૫, પ્રવચન - ૧૫૨

બીજા ભાવ તે કર્મ કે શરીર, એ બધી પરચીજ છે. નિજ શુદ્ધ ચૈતન્યવસ્તુ, એમાં પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલી છે એ સ્વચીજ છે. અને એમાં પુણ્ય-દયા, દાન, વ્રત, ભક્તિ (કે) કામ, ક્રોધના ભાવ ઉત્પન્ન થાય છે, એ પરદ્રવ્ય છે-પરવસ્તુ છે. એ પોતાની (વસ્તુ) નહિ. જેણે પર અને સ્વની એકત્વબુદ્ધિ છોડી દીધી છે, એને મિથ્યાત્વનો નાશ થયો છે. જ્ઞાન ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ અને શુભ-અશુભભાવ એ દુઃખરૂપ પર પરિગ્રહ, એ પરવસ્તુ છે. એની જેણે એકત્વબુદ્ધિ છોડી દીધી, તેણે પર પરિગ્રહની પોતાપણાની માન્યતા છોડી દીધી. આહાહા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ!

એ કહે છે, '**अधुना अयं भूयः प्रवृत्तः**' '**અહીંથી આરંભ કરીને ગ્રંથના કર્તા...**' 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ અથવા 'કુંદકુંદાચાર્યદેવ' દિગંબર સંત '**अयं**' '**કંઈક વિશેષ કહેવાનો ઉદ્યમ કરે છે. કેવા છે ગ્રંથના કર્તા?**' આહા..! ભગવાન 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત કે 'અમૃતચંદ્રાચાર્ય' સંત (કેવા છે?) '**अज्ञानम् उज्झितुमना**' આહાહા..! પોતાનું અજ્ઞાન તો દૂર થઈ ગયું છે. રાગ અને પોતાના સ્વભાવની એકતાબુદ્ધિ મુનિને તો છૂટી ગઈ છે પણ સાથે અજ્ઞાનીનું અજ્ઞાન છોડાવવા '**अज्ञानम् उज्झितुमना**' શું કહે છે? જુઓ! '**જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ...**' આહાહા..! જીવ ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક આનંદકંદ પ્રભુ અને રાગાદિ વિકલ્પ છે એ પરવસ્તુ, એ બેની એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

'**अज्ञानम् उज्झितुमना**' '**જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ...**' આહાહા..! કર્મ શબ્દે શુભરાગ એ પણ કર્મનું ફળ અને કર્મ જ છે. આહા..! શુભરાગ જે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા છે, એ ભાવ પણ રાગ છે, પરવસ્તુ છે, એ પોતાની ચીજ નહિ. આહા..! પોતાની ચીજમાં રાગનું એકત્વ માનવું અથવા રાગથી મારામાં લાભ

થશે, એવી માન્યતા, એ રાગ અને આત્માની એકત્વબુદ્ધિ મિથ્યાત્વભાવ છે. આહાહા..! આવું ઝીણું છે. 'નિર્જરા અધિકાર' છે ને.

નિર્જરા-ધર્મ કોને થાય છે અને અજ્ઞાનનો ને રાગનો નાશ (કોને થાય છે)? જેને પોતાનો ચૈતન્યમૂર્તિ પ્રભુ જ્ઞાયકભાવ આનંદસ્વરૂપથી ભરેલો, એની સાથે પુણ્ય અને પાપના ભાવની એકત્વબુદ્ધિ નાશ કરી છે તથા સ્વરૂપમાં-શુદ્ધ આનંદનો નાથ પ્રભુ, એમાં રમણતા કરે છે એને અશુદ્ધતાનો અને કર્મનો નાશ થાય છે. આરે..! આવી વાત છે. એને નિર્જરા (થાય છે). નિર્જરા નામ કર્મનો નાશ, અશુદ્ધતાનો નાશ, શુદ્ધિની વૃદ્ધિ, ત્રણેને નિર્જરા કહે છે. આહાહા..! કર્મનો નાશ, અશુદ્ધતા-પુણ્ય-પાપ ભાવ અશુદ્ધ મલિનનો નાશ અને શુદ્ધિ નિર્મળ પવિત્ર વીતરાગભાવની વૃદ્ધિ થાય તેને અહીંયાં નિર્જરા કહેવાય છે. એ નિર્જરા કોને થાય છે?

**'જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ કઈ રીતે છૂટે એવો છે અભિપ્રાય જેમનો,...'** જેમ પરની એકત્વબુદ્ધિ છૂટે એવો અભિપ્રાય મુનિ ધર્માત્માનો છે. મુનિ દિગંબર સંત કહે છે કે જેને રાગ સ્વભાવથી ભિન્ન છે અને સ્વભાવથી રાગ ભિન્ન છે અને રાગથી સ્વભાવ ભિન્ન છે, એવી બેની એકત્વબુદ્ધિ જે રીતે છૂટે તેમ ભેદજ્ઞાન કરીને છોડવી. આહાહા..! એ રાગ શુભ કે અશુભ, એનાથી મારી ચીજ અંદર ભિન્ન છે. કેમકે નવ તત્ત્વમાં પુણ્ય અને પાપતત્ત્વ ભિન્ન છે અને આત્મા જ્ઞાયકતત્ત્વનું તત્ત્વ ભિન્ન છે. આહાહા..! બેની ભિન્નતાનો અભ્યાસ કરવો. રાગથી મારી ચીજ ભિન્ન છે અને મારી ચીજ આનંદથી રાગ ભિન્ન છે. આહાહા..! એમ પહેલાં ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો અને તેનાથી મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..! સમજાય છે કાંઈ?

જીવની અને કર્મની. કર્મ શબ્દે કાલે આવી ગયું છે. ચાહે તો વ્રતનો ભાવ હો, એ પણ શુભરાગ છે. ભગવાનની ભક્તિનો ભાવ થાય એ રાગ છે. ચાહે તો સમ્મેદશીખર ને શેત્રુંજય આદિની જાત્રાનો ભાવ હોય તોપણ એ પર તરફનું લક્ષ છે એ બધો રાગ છે. આહાહા..! એ રાગ અને ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાયકભાવ જીવતત્ત્વ, એનું જે રીતે ભેદજ્ઞાન થાય અને મિથ્યાત્વ છૂટે, એવો અભ્યાસ કરવો. સમજાય છે કાંઈ? પહેલી ક્રિયા તો આ છે. છે? જે રીતે છૂટે **'એવો છે અભિપ્રાય જેમનો,...'** જગતને કહેવામાં મુનિઓનો આ અભિપ્રાય છે.

આ દેહ તો જડ ભિન્ન છે, એ તો અજીવ છે. તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. આ તો માટી જડ ધૂળ પુદ્ગલ છે. અંદર કર્મ જડ છે, એના બંધનને છોડવાની ક્રિયા આત્મા કરી શકતો નથી. અંદર પુણ્ય અને પાપના ભાવ શુભ-અશુભ થાય છે, તેનાથી ભિન્ન કરવાનો અભિપ્રાય મુનિરાજનો છે. ભિન્નતા કરાવવી એ તેમનો અભિપ્રાય છે. આહાહા..! છે? **'उज्झितुमना'** **'છૂટે એવો છે અભિપ્રાય જેમનો,...'** પ્રથમમાં પ્રથમ ધર્મીજીવને, રાગ અને આત્માને ભિન્ન કરાવવા, એ મુનિનો અભિપ્રાય છે. આ શરીર, વાણી, કુટુંબ એ તો ધૂળ પરચીજ છે, એમાં તો એની પર્યાયમાં પણ એ નથી. પર્યાય નામ અવસ્થા. પણ શુભ-અશુભભાવ તો એની પર્યાયમાં છે. તેનો ભેદ કરાવવાનો અભિપ્રાય છે. આહાહા..! હવે આ ક્યારે નવરો હોય? ઈ નવરો ક્યાં છે.

મુમુક્ષુ :- સહજ સાધ્ય છે કે પુરુષાર્થથી..?

ઉત્તર :- પુરુષાર્થથી છે, પુરુષાર્થથી છે.

મુમુક્ષુ :- સહજ નહિ?

ઉત્તર :- નહિ. સહજનો અર્થ પુરુષાર્થ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને સહજ સાધ્ય. 'કળશટીકા'માં છે. એ સહજ એટલે પુરુષાર્થ છે. સ્વભાવિક સહજ પુરુષાર્થ છે. રાગથી ભિન્ન કરવાનો સહજ સ્વભાવનો પુરુષાર્થ છે. આહાહા..! એની મેળા પુરુષાર્થ વિના થઈ જશે એવી એ ચીજ નથી. સમજાય છે કાંઈ? એ 'કળશટીકા'માં લખ્યું છે ને. ખબર છે ને. એનો અર્થ એ તો સહજ નામ સ્વભાવિક રાગના વિકલ્પથી (ભિન્ન) નિર્વિકલ્પ ભગવાન અંદર બિરાજે છે. અનંતઆનંદ અને અનંતજ્ઞાનનો સાગર પ્રભુઆત્મા છે. એ રાગથી ભિન્ન પાડવાનો પ્રયત્ન જે છે એનું નામ ભેદજ્ઞાન છે. અથવા રાગ અને આત્મા ભિન્ન છે, એવી પ્રજ્ઞાછીણી પટકવી એ પ્રયત્ન છે. રાગ અને સ્વભાવ વચ્ચે પ્રજ્ઞાછીણી-સમ્યગ્જ્ઞાનરૂપી પ્રજ્ઞાછીણી પટકવી એ પુરુષાર્થથી થાય છે. આહા.. સમજાય છે કાંઈ? એ પરથી ભિન્ન ભગવાન ચૈતન્ય શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ શાશ્વત પ્રભુઆત્મા અને જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ છે. અરે..! ક્યાં કોઈ દિ' શું તત્ત્વ છે એ તરફની ઝંખના (કરી નહિ).

મુમુક્ષુ :- એમાં સાગર સમાઈ ગયો?

ઉત્તર :- હા, સમાઈ ગયો. શરીરમાં દરિયો સમાઈ ગયો.

જેનું જ્ઞાન અપરિમિત છે. જેનો સ્વભાવ સ્વ-ભાવ, જ્ઞાન જેનો સ્વભાવ, એ સ્વભાવને હદ નથી, મર્યાદા નથી, અમર્યાદિત છે. અમર્યાદિત અપરિમિત છે. આહાહા..! બેનના વચનામૃતમાં એક આવ્યું છે. એક કહ્યું નહોતું? કે પુણ્ય અને પાપના ભાવની સીમા છે. શુભ-અશુભભાવની મર્યાદા છે. અનહદ-બેહદ એ ભાવ નથી. કેમકે ભગવાનઆત્માથી વિપરીત ભાવની મર્યાદા છે. મર્યાદા છે તો પાછો ફરી નિજ સ્વભાવને પ્રાપ્ત કરી શકે છે. આહાહા..! અને આત્મસ્વભાવ અમર્યાદિત છે. સમજાય છે કાંઈ?

ભગવાન 'કુંદકુંદાચાર્ય' તો 'અષ્ટપાહુડ'માં ચારિત્ર અધિકારમાં તો એમ લે છે કે આ આનંદનો નાથ પ્રભુ, અતીન્દ્રિય અપિરમિત આનંદથી ભરેલો પ્રભુ, એનો અનુભવ કરીને સમ્યગ્દર્શન કરવું અને ત્યારબાદ અંદર સ્વરૂપમાં લીન રહેવું, એ ચારિત્ર જે છે... એ ચારિત્ર કોઈ પંચમહાવ્રતના પરિણામ કે નગ્નપણું એ ચારિત્ર નથી. આહાહા..! અપરિમિત આનંદના નાથમાં રમણતા કરવી. આહાહા..! ચરવું, રમવું એવી વીતરાગી દશાનું ચારિત્ર.. 'અષ્ટપાહુડ'માં કહ્યું કે, એ ચારિત્ર અક્ષય અને અમેય છે. પર્યાય. વસ્તુની તો શું વાત કરવી! વસ્તુ તો બાપુ! એ શું ચીજ છે! આહાહા..! એકલો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો પુંજ પ્રભુ છે. કદી નજર કરી નથી, કદી સાંભળ્યું નથી. આહાહા..!

સર્વજ્ઞ જિનેન્દ્રદેવ પરમેશ્વરનો એ હુકમ છે કે તારી ચીજ અંતર અનંતજ્ઞાન ને અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતવીર્ય, અનંતપ્રભુતા આદિ અપરિમિત શક્તિથી ભરેલો

શક્તિવાન છે. આહા..! એ આત્માને કર્મના ભાવથી અને સંયોગી પુણ્ય-પાપના ભાવથી ભિન્ન કરાવવાનો મુનિ ધર્માત્માનો અભિપ્રાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! હવે આ પ્રવૃત્તિ આખો દિ' વીસ-બાવીસ કલાક ધંધો-હોળી સળગે. નવરો ક્યાં થાય આમાં?

મુમુક્ષુ :-..

ઉત્તર :- ફુરસદ ન મળે. અને થોડી ફુરસદ મળે ત્યારે વળી વ્રત ને તપ ને ભક્તિ ને પૂજામાં એકલો રોકાય જાય તો એ રાગની ક્રિયા છે.

મુમુક્ષુ :- કરવું શું?

ઉત્તર :- એ રાગથી ભિન્નતા કરવી, એ કરવાનું છે. ઈ વાત તો ચાલે છે. રાગથી ભિન્નતા કરવી. આહાહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ પ્રભુ અંદર છે. સત્ શાશ્વત જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા છે. રાગ જે અંદર છે, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ એ રાગ છે, એ રાગ છે એ પરિમિત છે. વિભાવ છે એ હદવાળી ચીજ છે. તો એનાથી ખસીને આનંદનો નાથ ભગવાનઆત્માના અનુભવમાં રહેવું. આહાહા..! આકરી વાત, ભાઈ! એ અનુભવ છે એ પર્યાય છે. શું પર્યાય અને શું દ્રવ્ય.

વસ્તુ જે છે દ્રવ્ય આત્મા ભગવાન, એ તો ધ્રુવ ચિદાનંદ નિત્યાનંદ પ્રભુ છે. પણ એનો અનુભવ કરવો, રાગથી ભિન્ન પડી ચૈતન્ય નિર્વિકલ્પ આનંદના નાથનો અનુભવ કરવો, એ અનુભવ રાગથી શૂન્ય છે પણ સ્વભાવની શક્તિની વ્યક્તતાથી ભરેલો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ! બાપુ!

મુમુક્ષુ :- બીજું કાંઈ ન થાય તો શુભભાવ કરવો.

ઉત્તર :- કરે શું? એ તો અનાદિથી કરે છે. શું કરવું હતું એમાં? એ નવું શું હતું? એ તો અનાદિથી કરે છે. શુભભાવ તો નિગોદમાં પણ થાય છે. ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ પરમાત્મા એમ ફરમાવે છે કે, ડુંગળી અને લસણની એક કટકીમાં અસંખ્ય શરીર એ વસ્તુ છે. દુનિયા ન માને એટલે એ ચીજ ન રહે? એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત જીવ છે. અને એક એક જીવને ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભભાવ થાય છે. આહાહા..! કદી સાંભળ્યું નથી, ખબર નથી. શુભ અને અશુભભાવ તો એને નિરંતર થાય છે. આત્મા છે ને. વસ્તુની ખબર નથી. પુણ્ય અને પાપભાવ તો અનાદિથી કરતો આવ્યો છે. એકેન્દ્રિય જીવમાં પણ.. અરે..! એને ખબર ક્યાં છે કાંઈ.

અત્યાર સુધી અનંતકાળમાં તો ચાર ગતિમાં રખડ્યો. વનસ્પતિમાં, ઈયળમાં, કાગડા, કૂતરામાં અનંત ભવ કર્યા. એ એકેન્દ્રિયમાં પણ, ભગવાન પરમાત્મા જિનેન્દ્રદેવ સર્વજ્ઞદેવ, જેના મતમાં સર્વજ્ઞ એક સેકંડના અસંખ્ય ભાગમાં, જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન હોય, જેને વાણી ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળે, જેના શરીર પરમઔદારિક, જેના ભામંડળના તેજમાં નજર કરતાં સાત ભવ ભળાય, એવા પરમાત્મા સર્વજ્ઞદેવ જિનેન્દ્રદેવ ફરમાવે છે, એને પરમાત્મા કહીએ. સમજાય છે કાંઈ? એ પરમાત્મા ફરમાવે છે. આહાહા..! ભાઈ! પ્રભુ! ભગવાન તરીકે જ બોલાવે છે. પણ એ ભગવાન શું ચીજ છે? સમજાય છે કાંઈ? વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. પણ એ તો નાસ્તિ થઈ. અસ્તિ શું છે? સમજાય છે

કાંઈ? એ તો નાસ્તિ થઈ. વ્યવહાર ને વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, તેથી શું થયું? ચીજ શું છે કે જેથી પરથી શૂન્ય થઈ જાય? આહાહા..! નિજ શરીરપ્રમાણ આત્મા છે અને એક એક આત્મામાં અનંતઆનંદ, અનંતજ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ભરી છે. સમજાય છે કાંઈ? આહાહા..! એવા આત્મામાં રાગથી શૂન્ય સ્વભાવના અસ્તિત્વમાં અનુભવ કરવો, દૃષ્ટિ કરવી. આહાહા..! ઈ કહે છે ને?

'**જીવની અને કર્મની એકત્વબુદ્ધિ...**' મિથ્યાત્વભાવ છે. એ ચાહે તો રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો હો પણ એ રાગ છે, એ વિકલ્પ છે. ભગવાનઆત્મા તેનાથી ભિન્ન આનંદકંદ છે. બેની એકત્વબુદ્ધિ કરવી એ જ મિથ્યાત્વ સંસાર છે. ચોર્યાસી લાખ યોનિમાં રખડવાનું એ કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આચાર્ય દિગંબર સંત અંતર અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદનમાં છે એને મુનિ કહે છે. પ્રચુર સ્વસંવેદન. રાગથી ભિન્ન પડી નિજ આત્માના આનંદનો અનુભવ તો સમ્યગ્દૃષ્ટિને પણ થાય છે. ચોથે ગુણસ્થાને. પણ મુનિને તો આત્માના અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન થાય છે. પ્રચુર નામ ઘણું. સમુદ્રને કાંઠે જેમ ભરતી આવે છે, એમ સંતોને અંતરની દશાને કાંઠે અંતર આનંદની ભરતી આવે છે. સમજાય છે કાંઈ? એ પ્રચુર સ્વસંવેદનજ્ઞાન, આનંદ એ મુનિનું મુખ્ય લક્ષણ છે. એ મુનિ એમ કહે છે, હું દુનિયાને આમ કહું છું.. આમ એમ છે કે '**अधुना**' '**જીવની અને કર્મની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વભાવ કઈ રીતે છૂટે એવો છે અભિપ્રાય જેમનો, એવા છે.**' આહાહા..!

મુમુક્ષુ :- એટલે અહીંયાં શું કહેવા માગે છે?

ઉત્તર :- ઈ આ. છૂટવા માંગે ઈ. આ તો હવે વિશેષ કહે છે. સામાન્યપણે તો કહ્યું. સામાન્યનો અર્થ કે જેટલા વિકલ્પ છે, ચાહે તો દયાનો, ભગવાનના સ્મરણનો હો, આહાહા..! બધા રાગથી ભિન્ન, સામાન્ય તરીકે સંક્ષેપથી બધા વિકારથી ભિન્ન નિજાત્માનો અનુભવ કરાવ્યો, એનું ભાન કરાવ્યું. પણ હવે વિશેષ નામ લઈને ભિન્ન કરાવે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું હવે. અસ્તિત્વ ભગવાનનું અસ્તિત્વ મોજૂદગી, આત્માનું અસ્તિત્વ-મોજૂદગી શરીરમાં શરીરથી ભિન્ન એની મોજૂદગી છે. શરીર બહાર નહિ. શરીરમાં નહિ. શરીરના રજકણ તો ધૂળ માટી છે. પણ એનાથી ભિન્ન અંદરમાં સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ અને રાગની એકતાબુદ્ધિ મિથ્યાત્વ છે, સંસાર છે, ચાર ગતિમાં રઝળવાના એ પરિણામ છે. એનાથી છોડાવવાનો મુનિનો અભિપ્રાય છે. સમજાય છે કાંઈ? તો સામાન્યપણે તો પહેલા વાત કરી.

હવે, '**तम् एव विशेषात् परिहर्तुम्**' છે ને? તેને હવે વિશેષ પ્રકારે '**જેટલો પરદ્રવ્યરૂપ પરિગ્રહ છે તેને ભિન્ન ભિન્ન નામોનાં વિવરણ સહિત છોડવાને માટે અથવા છોડાવવાને માટે. અહીં સુધી કહ્યું તે શું કહ્યું?**' આહાહા..! ઝીણી વાત તો છે, ભાઈ! અત્યારે તો બધા ગોટા ચાલે છે. વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, વિકલ્પથી શૂન્ય થઈ જાઓ પણ વિકલ્પ શૂન્ય થાય એ વસ્તુ શું છે કે જેના અસ્તિત્વના અનુભવથી વિકલ્પથી શૂન્ય થઈ જાય? સમજાય છે કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ દેહ પ્રમાણે ભિન્ન અંદર, જેમ પાણીનો લોટો હોય અને તેમાં જળ છે. તો જળ ભિન્ન છે અને લોટો ભિન્ન છે. એમ આ (શરીર) જડનો ધૂળનો લોટો છે. એમાં આત્મા-

જળ આનંદકંદ જળ ભર્યું છે. એ જ જ્ઞાનનો લોટો (છે). લોટો હોય છે ને? જુઓને! કાશીઘાટના કળશા જેવો છે. ભગવાન અંદર ચિદાનંદ પ્રભુ અનંત અનંત આનંદ ને અનંત જ્ઞાન ને અનંત શાંતિ, અનંત સ્વચ્છતાથી ભરેલો, એ શરીરના રજકણથી ભિન્ન ભગવાન અંદર છે. આહાહા..! એ તો કહ્યું પણ અંદરમાં પુણ્ય અને પાપના ભાવ... પેલા કહે છે ને, ખૂબ રડો, ખૂબ રડો, રૂદન કરો પછી નિર્વિકલ્પ થશે. રૂદન કરવું એ તો પાપભાવ છે. અને પહેલા ખૂબ હસો, પછી નિર્વિકલ્પ થઈ જાઓ. ખૂબ પાપ કરો પછી નિર્વિકલ્પ થઈ જવાશે. પાખંડ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં તો પહેલેથી કહે છે, શાંતિનો ઘાત કરનારા જેટલા વિકલ્પ છે.. આહાહા..! શુભ અને અશુભની વૃત્તિઓ ઉઠે છે. ગુણ-ગુણીના ભેદની પણ વૃત્તિ ઉઠે છે એ રાગ છે. આહાહા..! ભગવાન અંદર રાગથી (ભિન્ન) અસ્તિત્વ પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે. આહાહા..! એની દૃષ્ટિ કરી, ત્રિકાળી આનંદના નાથનો આશ્રય કરી રાગ અને બધા પરપદાર્થથી એકત્વબુદ્ધિ છોડવી. એ મિથ્યાત્વને છોડાવવાની પહેલી વાત છે. અને મિથ્યાત્વ છૂટ્યા વિના વ્રત ને નિયમ ને તપ સાચા હોતા નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આ વાટ ક્યાં સુધી જોવી?

ઉત્તર :- અંદરમાં જ્યાં સુધી ન મળે ત્યાં સુધી. બહારમાં રખડ્યા કેટલું? ત્યાં રખડો છો હજી. 'દેવાનુપ્રિયા'!

મુમુક્ષુ :- ઘણા વખતથી કરીએ છીએ પણ હજી થતું નથી તો..

ઉત્તર :- દરકાર નથી. એટલો પુરુષાર્થ નથી. હજી કાંઈક કાંઈક અંદર બીજો ભાવ છે. કાલે તો પુસ્તક આપ્યું છે. કીધું, પેલું મોડું મળશે. ઈ કરતાં વહેલું લઈ જાય. વચનામૃત મોડું મળે ને. કીધું, અત્યારે લઈ જાવ વહેલા. બાપુ! માર્ગ જુદા છે, ભાઈ! એની જેટલી રુચિની દરકાર જોઈએ તે દરકાર નથી. આહાહા..! અને એની દરકાર પૂરી હોય ને મળે નહિ, એમ ત્રણકાળમાં બને નહિ. આહાહા..! ત્રણકાળમાં આત્મા ભગવાન સચ્ચિદાનંદ અસ્તિ તત્ત્વ તો અંદર મોજૂદ પ્રભુ છે. આહાહા..! અનંતઆનંદ, અનંતજ્ઞાન આદિ અનંત શક્તિઓ છે. વસ્તુ એક છે, પણ એની શક્તિઓ-ગુણ અનંત છે. અને એક એક ગુણની એક સમયની એક એક પર્યાય એવી અનંતી પર્યાય છે. વસ્તુની ખબર નહિ. સમજાય છે કાંઈ? એ વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં-હાલતમાં રાગાદિ ઉત્પન્ન થાય છે અને કર્મ ને શરીર આદિનો સંયોગ દેખાય છે.. આહાહા..! એનાથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કર, પ્રભુ! એ સિવાય તને નહિ મળે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ભક્તિ કરી ને પૂજા કરીએ ને દાન દઈશું ને વ્રત કરશું એનાથી સમ્યગ્દર્શન થશે, મરી જાય તોપણ નહિ થાય. સાંભળને! એ તો રાગની ક્રિયા છે, એ તો ક્લેશ છે. ક્લેશથી સમાધિ સમ્યગ્દર્શન થાય? આહાહા..! આવી વાત છે.

એ કહે છે, વિશેષપણે ભિન્ન ભિન્ન નામ કહીને.. છે ને? '**અહીં સુધી કહ્યું તે શું કહ્યું? જેટલી પુદ્ગલકર્મની ઉપાધિરૂપ સામગ્રી,...**' સમુચ્ચય. કર્મ, પુણ્ય ને પાપભાવ, અરે..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ એ આનંદ અને આત્મા બે ભિન્નનો વિચાર કરવો એ પણ વિકલ્પ અને રાગ છે. આહાહા..! આકરી વાત છે, પ્રભુ! શું થાય? '**જેટલી પુદ્ગલકર્મની ઉપાધિરૂપ**

**સામગ્રી, આહાહા..! જે કાંઈ પરદ્રવ્ય સામગ્રીનો ત્યાગ છે એવું કહીને પરદ્રવ્યનો ત્યાગ કહ્યો તેનો સામાન્યપણે ત્યાગ કહ્યો...'** જોયું? આ સામાન્ય (કહ્યું). એટલે? સંક્ષેપમાં ભગવાન અતીન્દ્રિય આનંદનો રસકંદ અને પુણ્ય ને પાપના વિકલ્પો રાગાદિ ભાવ અને શરીરાદિ બધું પરવસ્તુ છે એનો દૃષ્ટિમાંથી ત્યાગ કરાવ્યો. સામાન્ય તરીકે સંક્ષેપમાં બધા રાગાદિ પર અને આત્મા અંદર આનંદનો નાથ સ્વ, એનું ભેદજ્ઞાન સામાન્ય રીતે કરાવ્યું. આહાહા..! બધા પૈસા-બૈસાનું-ધૂળનું શું કરવું? આહા..! અરે..! એને વખત મળ્યો નહિ. હજી બહારથી પ્રવૃત્તિ ઘટાડીને બહારથી નિવૃત્તિ કરવી એના ઠેકાણા ન મળે. અંદરની વાતું તો ક્યાં રહી ગઈ.

અહીં તો કહે છે, પ્રભુ! એક વાર સાંભળ તો ખરો. સંતો દિગંબર આચાર્યો તો કેવળજ્ઞાનીના કેડાયતો હતા. તેને તો પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન હતું. આહાહા..! જેને અતીન્દ્રિય આનંદના ઢગલા.. ઢગલાને શું કહે છે? ઢેર. પર્યાયમાં અતીન્દ્રિય આનંદના ઢગલા આવતા હતા. એવી વસ્તુ અંદર અતીન્દ્રિય આનંદનો પ્રભુ છે. એવી પર્યાય નામ વર્તમાન દશા... સમજાય છે કાંઈ? સમજાય છે એટલે સમજ મેં આતા હૈ? ભાષા થોડી ગુજરાતી આવી જાય છે. સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા.

ભાઈ! ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. અહીંયાં 'મહાવીર' આદિ તીર્થંકરો, અનંત સર્વજ્ઞો થયા એ પૂર્ણ જ્ઞાનની, આનંદની દશાને પ્રાપ્ત થયા. અને ઈચ્છા વિના ૐ ધ્વનિ નીકળી. 'મુખ ૐ કાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આહાહા..! એ વાણી આ વીતરાગ સર્વજ્ઞની છે. આહાહા..! એ સંતો સર્વજ્ઞના કેડાયતો.. આહાહા..! એ કહે છે કે, અમે જગતને સામાન્યપણે રાગ અને પરપદાર્થથી ભિન્નતાની વાત તો કરી. એક કોર ભગવાનઆત્મા આતમરામ અને એક કોર પુણ્ય-પાપ, દયા, દાન, શરીર, વાણી, મન બધું ગામ-બે ચીજ તદ્દન ભિન્ન છે. આહા..! સમજાય છે કાંઈ? એવું ભેદજ્ઞાન તો પ્રથમ કરાવ્યું. હવે વિશેષ નામ લઈને ભિન્ન ભિન્ન પરિગ્રહના નામ કહે છે. ઈ કહે છે, છે?

**'જેટલું પરદ્રવ્ય તેટલું ત્યાજ્ય છે એમ કહ્યું. હવે (કહે છે કે) ક્રોધ પરદ્રવ્ય છે...'** હવે નામ જુદા પાડે છે. આહા..! જરી અણગમો ઉત્પન્ન થવો, પ્રતિકૂળ ચીજ જોઈને.. ચીજ પ્રતિકૂળ નથી. ચીજ તો જ્ઞેય છે. જ્ઞાનમાં જ્ઞેય જાણવા લાયક છે. પણ અજ્ઞાની તેને પ્રતિકૂળ માની અંદર (દ્વેષ કરે છે) એ પણ પરિગ્રહ પરવસ્તુ છે. સમજાય છે કાંઈ? છે? **'ક્રોધ પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે., માન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે,...'** માન-અભિમાન કરવું. આહાહા..! હું પૈસાવાળો છું ને હું શરીર છું ને હું ત્યાગી છું, હું પંડિત છું ને હું મૂર્ખ છું.. આહાહા..! એ અભિમાન-માન છે. એ માન પરિગ્રહ છે. એ પરચીજની મમતા છે તો તેનો ત્યાગ કરાવ્યો. પ્રભુ! માન છોડ. આહાહા..! સમજાય છે કાંઈ? છે? **'તેથી ત્યાજ્ય છે...'** માયા, લોભ વગેરે. લોભ થાય. પરવસ્તુની વિકલ્પ-વૃત્તિ ઉઠે. આહાહા..! રૂદન કરવું એ પાપભાવ છે, હસવું એ પાપભાવ છે. એ પાપભાવથી અંદર નિર્વિકલ્પ દૃષ્ટિ થાય છે, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પાખંડમાં ખોવાઈ ગયો છે. સમજાય છે કાંઈ? એ કહે છે, એ પણ પરિગ્રહ છે, પ્રભુ! આહા..! હવે જરી સૂક્ષ્મ છે.

મુમુક્ષુ :- ઈ તો સાહેબ! પ્રતિક્રમણમાં મિચ્છામી દુક્કડમ થઈ જાય છે.

ઉત્તર :- મિચ્છામી દુક્કડમ, એમ મિચ્છામી દુક્કડમ નથી થાતું. મિચ્છામી દુક્કડમ તો ત્યારે કહેવાય કે રાગાદિ જૂઠાં છે અને સત્ય પ્રભુ અંદર ભિન્ન છે. એવા સત્યનો આશ્રય લઈને રાગને ભિન્ન કરે તો એ મિચ્છામી દુક્કડમ થાય. આમ ગડિયા બોલે મિચ્છામી દુક્કડમ, મિચ્છામી દુક્કડમ.. મરી ગયો એમ કરીને. કહો, દેવાનુપ્રિયા! ઈ પ્રશ્નનારદ છે. આહાહા..! બાપુ! ઝીણી વાતું બહુ, ભાઈ! અનંતકાળ ગયો એને. સત્ સમાગમ સાચો મળ્યો નહિ, મળ્યો તો કામ કર્યા નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

આ બેનનું વચનામૃતનું પુસ્તક છે ને? લોકો વાંચીને રાજી બહુ થઈ જાય છે. અમારે 'હસમુખ' તો કાલે કહેતો હતો, આ બેનનું પુસ્તક અનુભવમાં નિમિત્ત છે. કહ્યું હતું? ભાઈ! વાહ! ચાકળા બનાવ્યા છે. પહેલું એણે કર્યું છે. બેનના વચનામૃતના ચાકળાની શરૂઆત 'હસમુખે' કરી. એ વસ્તુ શું છે, બાપુ! અને ઈ કાલે બોલ્યો હતો. આ બેનના વચનો અનુભવમાં નિમિત્ત થાય એવા છે. બોલ્યો હતો ને? ભાઈ! આહાહા..! બાપુ! આ ભાષા.. આહાહા..! આનંદના નાથનું વેદન-અનુભવ.. આહાહા..! એમાં એ બેનના વચનામૃત તો નિમિત્ત છે, એમ બોલ્યો હતો. અરે..! બાપુ! કરવાનું આ છે. મરી જશે, ચાલ્યા જશે. આહાહા..! આ ચીજ હજી સાંભળવા મળવી મુશ્કેલ પડે.

અહીં તો કહે છે, હવે જરી ધ્યાન રાખો. '**ભોજન પરદ્રવ્ય છે તેથી ત્યાજ્ય છે,...**' અહીં બીજું વિશેષ ન લીધું, શું કરવા? કે મુનિ છે ને, મુનિ? મુનિને વસ્ત્રનો ટુકડો પણ ન હોય. જેને સંત કહીએ, મુનિ કહીએ, સાચા સંત હોય એને વસ્ત્રનો ટુકડો પણ ન હોય. એવી એની નગ્ન દશા કુદરતે થઈ જાય. એથી વસ્ત્રનો ત્યાગ ને એવા નામ ન લીધા. કારણ કે એ તો એને ત્યાજ્ય જ હોય. શું કહ્યું ઈ? વસ્ત્રનો ત્યાગ ને એ ન લીધું. દાગીનાનો ત્યાગ ને પૈસાનો ત્યાગ એ મુનિને હોતું જ નથી. વસ્ત્ર રાખે અને મુનિપણું હોય એ ત્રણકાળ ત્રણલોકમાં બને નહિ. અજ્ઞાનીઓ માને. વસ્ત્રસહિત રહીને અમે મુનિ અને સાધુ છીએ, એ નિગોદગામી છે. એ અધોગતિમાં જવાના. સમજાય છે કાંઈ?

અહીં તો ત્રણલોકનો નાથ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવનું આ ફરમાન છે. સમજાણું કાંઈ? કહે છે, ભોજનનો ત્યાગ. એમ લીધું ને? '**ભોજન પરદ્રવ્ય છે...**' કેમકે મુનિને હજી આહાર હોય છે. મુનિ થાય, જે સંત હોય, જેને પહેલું આત્મજ્ઞાન થાય અને પછી જ્ઞાનમાં રમણતા થાય. ચરવું-ચારિત્ર. ત્યારે એને વસ્ત્રનો અને વસ્તુ બધી છૂટી જાય. મુનિને તો એક મોરપીંછી, કમંડળ બસ, બે. અને નગ્ન દશા (હોય). જંગલમાં વસે. આહાહા..! એને સાચા સંત અને મુનિ કહેવામાં આવે છે. એ પોતાની અપેક્ષા લઈને વાત કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! એ વાતું... હજી મુનિ કોને કહેવા? નગ્નપણું લઈ લીધું અને પંચમહાવ્રત લીધા માટે મુનિ થઈ ગયા, એમ નથી.

અતીન્દ્રિય આનંદના નાથને ઢંઢોળીને જેણે જગાડ્યો અને જેની વર્તમાન દશામાં અતીન્દ્રિય આનંદની પ્રચુર ભરતી આવી, ભરતી. આહાહા..! એ મુનિ. વીતરાગ સર્વજ્ઞ પંથમાં-માર્ગમાં એમ કહેવામાં આવે છે. અને એ સિવાય કોઈ પંથ સાચો છે જ નહિ.

સમજાય છે કાંઈ? આહાહા..! એ સર્વજ્ઞ ભગવાનના પંથમાં સંતોને વસ્ત્ર ન હોય. આહાહા..! ચેલા-ચેલીની મમતા એને ન હોય. એ તો અતીન્દ્રિય આનંદમાં ઝુલતા હોય છે. કહે છે, વસ્ત્રનું નામ ન લીધું. કેમકે વસ્ત્ર હોતા જ નથી. પણ ભોજનનું નામ લીધું. કેમકે આહાર હજી હોય છે. 'ભગવાનજીભાઈ'! ઝીણી વાત છે, ભગવાન! આહાહા..!

મુમુક્ષુ :- પંચ પરમેષ્ઠીમાં એવા સાધુને...

ઉત્તર :- એને જ નાખ્યા. બીજો ક્યાં સાધુ હતો. ણમો લોએ સવ્વ સાહૂણં. બાવા થઈને ફરે, લુગડાં ફેરવ્યે બધા સાધુ થઈ ગયા? ધૂળેય નથી. આહાહા..! ધૂળ નથી એટલે? પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી. આહાહા..! ભાઈ!

મુમુક્ષુ :- પંચમકાળમાં તો..

ઉત્તર :- પંચમકાળમાં શેરો કરવો હોય તો પેશાબ નાખતા હશે. શેરો.. શેરો.. શું કહે છે? હલવો. પંચમઆરાના શેરામાં લોટને ઠેકાણે ધૂળ નાખતા હશે. ઘીને ઠેકાણે પેશાબ નાખતા હશે. પંચમઆરાનો હો કે ચોથા આરાનો હો, શેરો તો સાકર, ઘી ને લોટનો થાય. એમ પંચમઆરાના સાધુ હો કે ચોથા આરાના હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી (ધર્મ) થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવી વાતું છે.

ભોજનનો ત્યાગ છે, એમ કહ્યું. જોયું? **'ભોજન પરદ્રવ્ય છે...'** ભોજન છે, લેવાની વૃત્તિ ઉઠે છે, પણ એ વૃત્તિ અને ભોજનનો અંદરમાં ત્યાગ છે. દૃષ્ટિમાં એનો સ્વીકાર નથી. આહાહા..! ધર્માત્મા સંત મુનિને આહાર એને માટે બનાવ્યો હોય તો એ તો લ્યે નહિ, એને માટે બનાવ્યો હોય એ મુનિ લે નહિ, પણ નિર્દોષ હોય એ લેવો, એને માટે પણ પોતાનો અભિપ્રાય ભિન્ન છે. એ મારી ચીજ નહિ. ભોજન મારી ચીજ નહિ અને ભોજન લેવાની વૃત્તિ એ પણ મારી ચીજ નહિ, હું તો આનંદ છું. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાન 'મહાવીર'ને આહાર લેવાની વૃત્તિ ઉઠતી હતી ને?

ઉત્તર :- છદ્મસ્થ (દશામાં). કેવળી થયા પછી નહિ. શું છે તમારે? શ્વેતાંબરનું કેવળીનું કહેવું છે? શ્વેતાંબરમાં આવે છે. ભગવાનને રોગ થયો ને પછી આહાર લીધો. છ મહિના રોગ થયો. બધી કલ્પનાઓ, બધી જૂઠી વાત છે. અહીં તો સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે. પાંચસો ધનુષ, બે હજાર હાથ ઊંચા છે. કરોડ પૂર્વનું અબજો વર્ષનું આયુષ્ય છે. અને ત્રિકાળી સર્વજ્ઞ પૂર્ણાનંદના નાથને પરમાત્મદશા પ્રગટી છે. દિવ્યધ્વનિ ૐ ધ્વનિ નીકળે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ પરમાત્માની આ વાણી છે. 'કુંદકુંદાચાર્ય' સંવત ૪૯માં ત્યાં ગયા હતા. દિગંબર સંત હતા. ત્યાં ગયા હતા. વચ્ચે છે. અહીં આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. આ માર્ગ છે. અહીંયા પહેલાં હતા પણ ત્યાં ગયા પછી સ્પષ્ટ થયું. આહાહા..!

સમ્યગ્દૃષ્ટિ ધર્મી હોય, રાગથી ભિન્ન અનુભવ થયો હોય છતાં હજી એને આહારનો ભાવ, વિષયભોગની વાસનાનો ભાવ-વૃત્તિ પણ હોય, પણ એ મારા છે એવી દૃષ્ટિ નથી. દુઃખરૂપ લાગે છે. સમ્યગ્દૃષ્ટિને ભોગની વાસના કાળો નાગ, ઝેર લાગે છે. મુનિને તો એ છે જ નહિ. આહાહા..! એક ભોજન. ક્ષુધા હોય. તો કહે છે, એ પરિગ્રહ પણ નથી. હું ભોજન

કરું છું અને એ વિકલ્પ મારો છે એમ નથી. આહાહા..! એના પણ જ્ઞાતા-દૃષ્ટા છે. અરેરે..! આવી વાતું. આ ક્યાં...લોકોએ કંઈક ચલવ્યું ને કો'કે કંઈક ચલવ્યું ને બિચારા ભાન ન મળે. ઝુકનારા જોઈએ ત્યાં ઝુકી જાય. આહાહા..!

આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર પરમાત્માની દિવ્યધ્વનિ ૐકાર દિવ્યધ્વનિનો આ સાર છે. આહાહા..! ભોજનનો ત્યાગ. છે? આહા..! **'પાણી પીવું પરદ્રવ્ય છે...'** પાણી.. પાણી. એ પરદ્રવ્ય પર છે. મુનિને પાણી પીવાની વૃત્તિ ઉઠે છે. પણ એ પરદ્રવ્ય છે. એના જ્ઞાતા-દૃષ્ટા છે. મારો છે એમ માનતા નથી. આહા..! આવું છે. પરદ્રવ્યનો ત્યાગ કરતાં કરતાં મુનિપણું અંદર નાખી દીધું છે. મુનિ કેવા હોય! આહાહા..! અહીં તો લુગડાં ફેરવ્યા ત્યાં થઈ ગયા સાધુ. બાપુ! જિનેન્દ્ર વીતરાગ પરમેશ્વરે કહ્યા એ સંતોની કોઈ જુદી જાત છે. જેને વસ્ત્ર નહિ, પાત્ર નહિ. પાત્રનો ટુકડો નહિ એને. આહાહા..! તેથી બીજી વાત લીધી નહિ. પણ ભોજન હોય એટલે ભોજનની વાત લીધી. પણ છતાં એના ભાવની મમતા નથી. આહા..! જ્ઞાતા તરીકે વૃત્તિ આવે છે, જાણે છે. ભોજનને પણ જાણે છે. **'પાણી પીવું પરદ્રવ્ય છે...'** આહાહા..!

**'કેવો છે પરદ્રવ્યપરિગ્રહ?' 'स्वपरयोः अविवेकहेतुम्'** બહુ ઊંચો શબ્દ આવ્યો. **'स्वपरयोः अविवेकहेतुम्' 'स्व' 'શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ...'** જ્ઞાનરૂપ પ્રભુ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાનઆત્મા.. આહાહા..! એમાં બીજી અનંત શક્તિઓ છે. પણ જ્ઞાનપ્રધાન કથન કરીને ચિદ્રૂપ આત્મા કહેવામાં આવ્યો છે. એક આત્મામાં તો અનંત શક્તિ. શક્તિ નામ સંખ્યાએ અનંત ગુણ. આહાહા..! છતાં સર્વ ગુણોને મુખ્ય નહિ લેતાં, ચિદ્રૂપ-જ્ઞાનરૂપ પ્રધાનપણે જ્ઞાનરૂપ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ ચિદ્રૂપ **'શુદ્ધ ચિદ્રૂપમાત્ર વસ્તુ...'** એ સ્વ, એ સ્વ. અને પર? **'દ્રવ્યકર્મ...'** અંદર આઠ દ્રવ્યકર્મ જડ છે. જ્ઞાનાવરણી, દર્શનાવરણી (આદિ). સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં બધી વાત સ્પષ્ટ પ્રત્યક્ષ છે. સમજાય છે કાંઈ? અંદર જ્ઞાનાવરણી આદિ આઠ કર્મ જડ છે. એ પણ પરવસ્તુ છે. આહાહા..!

**'ભાવકર્મ...'** એ શુભ-અશુભ વિકલ્પ-રાગ ઉઠે છે એ ભાવકર્મ. એ પણ ભગવાનઆત્માથી ભિન્ન છે. એ પરપરિગ્રહ છે, એ પર છે. સ્વ તો શુદ્ધ ચિદ્રૂપ આત્મા. આહાહા..! એ પર ભાવકર્મ. આહા..! પુણ્ય ને પાપની લાગણી, વાસના વિકાર છે. એ પર છે. સ્વ તો શુદ્ધ ચિદ્રૂપ ભગવાનઆત્મા આનંદ. પર્યાયમાં એનો અનુભવ થવો. વસ્તુ તો વસ્તુ ત્રિકાળ છે. પણ વર્તમાન દશામાં એનો અનુભવ થવો. એ અનુભવમાં ભાવકર્મ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! છે?

**'નોકર્મ...'** આ શરીર, આ વાણી જડ એ આત્મામાં નથી, એ પરચીજ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! ક્યાં બેસે આ વાત? સાંભળવા મળે નહિ. શું કરે? ક્યાં જાય? આહાહા..! 'અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' સાચા સંત કોને કહીએ એની ખબરું ન મળે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાંભળ્યું છે તોપણ પાછા ભૂલી જાય છે.

ઉત્તર :- 'અમૃતલાલ' નામ ભૂલી જાય છે? ઊંઘમાં હોય તોપણ હા પાડે છે. એ તો

મફતનું નામ છે. 'અમૃતલાલ' નામ છે આ શરીરનું? એ નામ ઊંઘમાં બોલાવે કે 'અમૃતલાલ'! તો કહે, હા. ન્યાં હોકારો આપે છે. ત્યાં રસ છે. ભાઈ! ત્યાં રસ ચડી ગયો છે. અહીં રસ નથી. આહાહા..! શરીરનું તો ખોટું નામ છે. આ માટીને બીજા કરતાં જુદું ઓળખાવવા માટે (છે). પણ એ નામ એને સ્વપ્નમાં પણ બોલાવે કે 'અમૃતલાલ'. હં! ક્યાંથી આવ્યો પણ હં? પણ આ આત્મા અંદર અમૃતનો સાગર ભર્યો છે ઈ હં (નથી થતું). આહાહા..! જેની સત્તામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..!

'**नोकर्म, तेमना**..' '**अविवेक**' એ પુણ્ય-પાપના ભાવ, જડકર્મ અને શરીર-વાણી, એના એકત્વરૂપ સંસ્કાર, એનું જે કારણ છે એ મિથ્યાત્વ છે. આહા..! '**अविवेकहेतुम्**' છે ને? આહાહા..! '**अविवेकहेतुम्**' રાગથી ભિન્ન એમ વિવેક કરવો જોઈએ, એને ઠેકાણે રાગ અને હું એક છીએ (એમ એકત્વ માને છે). આહાહા..! અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પણ રાગ છે. રાગ અને આત્માને એક કરવા એ અવિવેકહેતુ છે. અવિવેકહેતુ છે. જુદા પાડવાનો હેતુ નથી, એ તો એકત્વહેતુ છે. અરે..! એ ક્યાં છે? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે-મિથ્યાદૃષ્ટિ જીવને જીવ-કર્મમાં એકત્વબુદ્ધિ છે...**' '**अविवेकहेतुम्**'નો અર્થ કર્યો. આહાહા..! મહાપ્રભુ અંદર આનંદસ્વરૂપ ભગવાન, અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ પ્રભુ અને પુણ્ય ને પાપ, રાગાદિ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ, બેની એકતાબુદ્ધિ મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં એને ધર્મ માને. વ્રત કરતાં, અપવાસ કરતાં, તપસ્યા કરતાં કરતાં ધર્મ થશે. અહીં કહે છે કે એ બધા વિકલ્પ ને રાગ છે. એ રાગ અને ભગવાનઆત્માનું એકત્વ માનવું એ અવિવેકનો હેતુ પરિગ્રહ છે. એ તો એકત્વબુદ્ધિમાં કારણ છે, એમ કહે છે. આહા..! '**મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્યનો પરિગ્રહ ઘટે છે;...**' કેમકે એકત્વબુદ્ધિ છે.

'**સમ્યગ્દૃષ્ટિ જીવને...**' સમ્યગ્દૃષ્ટિ, જેને રાગથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ થયો. હું તો આનંદસ્વરૂપ છું, એમ આનંદનો સ્વાદ આવ્યો. આહાહા..! એ અનાદિકાળથી પુણ્ય ને પાપ, રાગનો સ્વાદ આવતો હતો એ ઝેરનો સ્વાદ હતો. આહાહા..! અહીંયાં જ્યાં આત્માના અંતર અનુભવમાં આનંદનો સ્વાદ આવ્યો તે જીવને '**ભેદબુદ્ધિ છે...**' એ આનંદના સ્વાદ આગળ રાગની આકુળતા દેખાય છે. માટે રાગની આકુળતાથી પોતાને ભિન્ન જાણે છે-અનુભવે છે. એને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! ઘણી શરતું, ઘણી જવાબદારી. આહાહા..! સમકિતીને '**તેથી પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી.**' આહાહા..! રાગ થાય છે પણ એ પોતાનો માનતા નથી. પોતાનો તો આનંદ છે એમ અનુભવમાં માને છે. સમજાય છે કાંઈ? માટે ધર્મીને રાગ અને પરનો પરિગ્રહ ઘટતો નથી. અજ્ઞાનીને રાગ મારો છે એમ માને છે એટલે બધો પરિગ્રહ ઘટે છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૯, શુક્રવાર, તા.૧૮-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૫-૧૪૬, પ્રવચન - ૧૫૩

'નિર્જરા અધિકાર'. ૧૪૫ કળશ. છેલ્લી ચાર લીટી છે. '**ભાવાર્થ આમ છે કે - મિથ્યાદૃષ્ટિ જીવને જીવ-કર્મમાં એકત્વબુદ્ધિ છે...**' ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો. એમાં અજ્ઞાનીની એકત્વબુદ્ધિ છે.

મુમુક્ષુ :- જેમાં એકત્વબુદ્ધિ હોય એમાં હોય શું?

ઉત્તર :- એ રાગ છે એ હું છું અને શુદ્ધ ચૈતન્ય રાગથી ભિન્ન અસ્તિત્વમાં દૃષ્ટિનો જેને અભાવ છે, એને રાગના પરિણામમાં અસ્તિત્વ-એ હું છું એવી એને અસ્તિત્વની બુદ્ધિ, એકત્વબુદ્ધિ છે. ઝીણી વાત છે, પ્રભુ! માર્ગ ઝીણો બહુ, ભાઈ!

જેને એક સમયમાં... કાલે કહ્યું નહોતું? ઓહોહો..! આકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણ એક આત્મામાં. અરે..! અંગુલના અસંખ્ય ભાગમાં નિગોદના અનંત જીવ છે. દરેક જીવને (અનંતા ગુણ છે). અંગુલના અસંખ્ય ભાગમાં એ અનંત નિગોદના જીવ છે. આહાહા..! અહીંયાં. એવો લોક ઠાંસીને ભર્યો છે. છતાં એ એક એક જીવમાં આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતગુણી સંખ્યા ગુણની શક્તિની છે. આહાહા..! એવી શક્તિનું તત્ત્વ શક્તિવાન જે મોજૂદ છે, પ્રગટ છે, વ્યક્ત છે, એની દૃષ્ટિનો જેને અભાવ છે. આહાહા..! એવો મહાપ્રભુ, એના અસ્તિત્વનો અંદરમાં અનુભવ નથી. એને રાગમાં અનુભવ રાગનો અને રાગ તે હું એવું અસ્તિત્વ એની દૃષ્ટિમાં વર્તે છે. આહાહા..!

મુમુક્ષુ :- સમ્યક્ સન્મુખ મિથ્યાદૃષ્ટિ હોય એને?

ઉત્તર :- એને હજી વર્તે છે પણ એ સન્મુખ ભલે સંસ્કાર પડે. પણ હજી અંદર વર્તે છે. રાગમાં સર્વથા એકત્વપણું છૂટ્યું નથી.

અંદર ભેદજ્ઞાન રાગથી ભિન્ન પાડી. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય, ત્રિલોકના નાથની, એ પણ વિકલ્પ અને રાગ છે. આહાહા..! એ રાગથી ભિન્ન પાડવાના જેને સંસ્કાર જ નથી હજી અંદર. આહાહા..! બાપુ! એ ભગવાન, એ વસ્તુ કોઈ અલૌકિક છે, ભાઈ! એ બહારથી એના કોઈ માપ આવે એવા નથી. આહાહા..! અનંત અનંત ચૈતન્ય ચમત્કારથી ભરેલો ભગવાન. ચમત્કાર એટલે જેના ક્ષેત્રના પ્રદેશનો પાર નથી એથી અનંતગુણા ગુણની શક્તિઓનો પાર નથી. પાર નથી એટલે? આહાહા..! ક્ષેત્રે તો આત્મા આવી જાય છે આમ ડુંગળી કે લસણ (જેટલા પ્રદેશમાં). પણ એનો ભાવ એક-એક આત્માનો ભાવ, ગુણ, ભાવવાનનો ગુણીનો ગુણ, ભાવવાનનો ભાવ, શક્તિવાનની શક્તિ અનંત છે, અમાપ છે. આહાહા..! એવી અમાપ શક્તિનો સાગર ભગવાન જેને અંતર રુચિમાં, દૃષ્ટિમાં આવ્યો નથી, એને એનાથી વિરૂદ્ધ એવો જે પુણ્ય, દયા, દાન, ભક્તિનો ભાવ, એ મારા છે એવી એને એકત્વબુદ્ધિ વર્તે છે. આહાહા..! અત્યારે તો બધો ફેરફાર ફેરફાર થઈ ગયો છે.

મિથ્યાદૃષ્ટિ એટલે અસત્યદૃષ્ટિ. જે સત્યસ્વરૂપ પ્રભુ આવો મહાપ્રભુ. આહાહા..! એના અસ્તિત્વની અંતરમાં દૃષ્ટિ નથી, આશ્રય નથી, શરણ નથી, માંગલિક નથી. આહાહા..! એને અમાંગલિક એવો જે વિકલ્પ છે, ચાહે તો શુભ હો કે અશુભ, એના પ્રત્યે એને પ્રેમ છે અને અનંત ગુણસંપન્ન નાથ પ્રભુ એનો તેને દ્વેષ છે. આહાહા..! એવી જે રાગ સાથેની એકત્વબુદ્ધિ,... 'શાંતિભાઈ'! જુદી વાત છે, બાપા! અત્યારે તો ભક્તિ ભગવાનની કરવી, ગુરુની કરવી અને એનાથી કલ્યાણ થઈ જશે. એ પણ રાગમાં એકત્વબુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એ મિથ્યા એટલે અસત્ય દૃષ્ટિ. એટલે કે જે આ સ્વરૂપમાં નથી એવા રાગ અને કર્મની એકત્વબુદ્ધિ, એ અસત્ય દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ, જૂઠી દૃષ્ટિ (છે). આહાહા..!

એવા '**જીવને...**' જીવ અને રાગથી માંડીને બધી ચીજો. એકકોર ભગવાનઆત્મા રામ અને એકકોર રાગથી માંડીને આખું ગામ. આહાહા..! જેને રાગના અંશમાં એકત્વબુદ્ધિ (છે), એને ત્રણકાળ ત્રણલોકના પદાર્થ પ્રત્યે એકત્વબુદ્ધિ છે. આહાહા..! જેને શુભ-અશુભરાગમાં મીઠાશ વર્તે છે, એને ત્રણકાળ ત્રણલોકના પદાર્થ મારા છે એવી એની માન્યતા છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ અંદર... આહાહા..! એના હોવાપણાની, અનુભવની દૃષ્ટિ આનંદના સ્વાદની નથી. સમ્યગ્દર્શન એટલે કે અંતર આનંદનો નાથ એના અનુભવમાં એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એમાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન (કહે છે). એ સાચી દૃષ્ટિ. અને એના સિવાય રાગનો સ્વાદ આવે... આહાહા..! એ આકુળતાના સ્વાદમાં રોકાઈ ગયો છે એ મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાત છે, પ્રભુ! અરેરે..! ક્યાં એને સાંભળવા મળે નહિ.

'**મિથ્યાદૃષ્ટિ જીવને...**' શબ્દ બહુ થોડા છે પણ ભાવ ઘણા ગંભીર છે, પ્રભુ! આહાહા..! જીવ અને કર્મ. કર્મ શબ્દે રાગથી માંડીને એ બધું કર્મ. ચાહે તો ભક્તિનો રાગ હો કે દયા, દાન, વ્રત, પૂજાનો, શાસ્ત્રવાંચન-શ્રવણનો... આહાહા..! એ રાગ એ કર્મ છે. એ આત્મા નહિ. એવા કર્મમાં હજી એકત્વબુદ્ધિ છે. '**તેથી મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્યનો પરિગ્રહ ઘટે છે;...**' આહાહા..! એને રાગનો કણ મારો (એમ વર્તે છે તેથી) એને પરિગ્રહ ઘટે છે. આખી દુનિયાનો પરિગ્રહ એને ઘટે છે. એ પરિ એટલે સમસ્ત પ્રકારે રાગના કણને અને રજકણને પોતાનો સ્વીકારે છે એમાં એને આકુળતાનો સ્વાદ આવે છે. આહાહા..! એ પોતાનું માને એને આખી દુનિયાનો પરિગ્રહ છે. આવી વાત છે. આહાહા..!

આ જુઓને! ક્ષણભંગુરની વાત સાંભળી ને સવારમાં. સાંભળી? 'મલુકચંદભાઈ'! તમારા 'પૂનમચંદ'. ડોક્ટરે ના પાડી કે એક મહિનો બહાર ન નીકળવું. અને પાંચ કરોડ રૂપિયા-ધૂળના ઢગલા. 'મલૂકચંદ'. અને એનો માણસ-જમણો હાથ હમણા મરી ગયો ત્રણ દિ' પહેલા. 'હીરો પટેલ' એ મચ્છીમાર. પણ બહુ ઓલો થઈ ગયો હતો. ઘરેથી નીકળ્યો કે દુકાને જાઉં છું. કરોડો રૂપિયાના ઘડિયાળનું ઓલું એને સોંપેલું. કુંચી ને એ બધું. એટલો વિશ્વાસુ માણસ. કરોડોની ઉથલ છે ને. આહાહા..! ઘરેથી નીકળ્યો. રસ્તામાં ક્યાંક મકાન કો'કના આવ્યા. એ 'પૂનમચંદે' કરેલા. વેચાતા આપેલા. ત્યાં દુઃખાવો ઉપડ્યો. ઉપડ્યો એટલે આમ જવાય નહિ, આમ જવાય નહિ. ત્યાં વળી એક માણસ એ મકાનનો જાણીતો (નીકળ્યો). આ તો આ મકાન આપણે લીધા એનો માણસ છે. એને બિચારાને અંદર લઈ

ગયા. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવે ત્યાં.. હજી એને વાત નથી કરી 'પૂનમચંદ'ને. એના ઓલામાં છે. વ્યાધિમાં. આ પાંચ કરોડ અને છ કરોડના ધૂળના ઢગલા તારા. મારા. આહાહા..!

મુમુક્ષુ :- એકને એમ થયું.

ઉત્તર :- એય બધા..! 'ભગવાનજીભાઈ'! 'રામજીભાઈ' કહે, એકને એવું થયું. બધાને કાંઈ થાય? અરે..! બધા મરી જશે તો એમ જ થાશે. આહાહા..!

મુમુક્ષુ :- બધાને મમતા હોય છે.

ઉત્તર :- મમતા છે. વાત એ છે. ભાઈ! અહીં તો. આહાહા..!

આનંદનો નાથ અંદર અનંત ચમત્કારીક ચીજ બિરાજે છે. આહા..! જેની શક્તિના માપ ન મળે, આકાશના પ્રદેશના માપ ન મળે. એથી અનંતગુણા એ કઈ રીતે? ક્ષેત્રથી આ એટલામાં આવી ગયું. આહાહા..! ભાઈ! એ શબ્દો જુદી ચીજ છે. પણ એમાં ભરેલા ભાવોનું માપ કાઢવું કઠણ, ભાઈ! એવો જે ગુણ જે શક્તિની સંખ્યાનું માપ નહિ, એવા પ્રભુથી વિરૂદ્ધ વિકલ્પથી માંડીને આખું શરીર આદિ બધું... આહાહા..! એનો જેને પ્રેમ છે તે મિથ્યાદૃષ્ટિને બધો પરિગ્રહ છે. એ મુનિ થયો હોય. આહાહા..! હજારો રાણી છોડીને પંચમહાવ્રત પાળતો હોય તોપણ તે રાગની ક્રિયાથી મને લાભ છે અને રાગ મારી ચીજ છે (એમ માને છે). અસ્તિત્વ જે પૂરું છે એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. એટલે ક્યાંક તો અસ્તિત્વ માનવું તો પડે. આહાહા..! બહારમાં દેખાય નહિ એની લાઈન. અંદરમાં એના... આહાહા..! એ રાગના અસ્તિત્વને સ્વીકારે છે. એને આખી દુનિયાનો પરિગ્રહ ઘટે છે. છે ને?

'**મિથ્યાદૃષ્ટિને પરદ્રવ્યનો પરિગ્રહ ઘટે છે;...**' આહાહા..! પરિ એટલે સમસ્ત પ્રકારે આખી દુનિયાનો પરિગ્રહ છે એને. આહાહા..! '**સમ્યગ્દૃષ્ટિ જીવને...**' આહાહા..! ભલે ચક્રવર્તીનું રાજ હો. ઈન્દ્રના ઈન્દ્રાસન હો, કરોડો અપ્સરાઓ હો... આહાહા..! જેને અંતરમાં રાગથી ભિન્ન પડી ભગવાન આનંદનો સ્વાદ જેને આવ્યો.. આહાહા..! જેને આનંદનો ઢગલો ભગવાન છે, અનાકુળ આનંદનો ઢગલો પ્રભુ છે, એના સન્મુખમાં આનંદનો સ્વાદ એક અંશ આવ્યો. આહાહા..! એના સ્વાદની મીઠાશ આગળ '**જીવને ભેદબુદ્ધિ છે...**' આહાહા..! એને રાગથી અને રાગના ફળ તરીકે બંધન અને એના ફળ તરીકે આ ધૂળ આદિ બહાર બાયડી, છોકરા અને કુટુંબ બધા પર છે... પર છે. આહાહા..! એમાં રાગથી પણ ભિન્ન પડીને અરાગી ભગવાનના આનંદનો સ્વાદ આવ્યો. આહાહા..! એ સમ્યગ્દૃષ્ટિને ભેદબુદ્ધિ છે.

સામે સામે છે ને? ઓલામાં એકત્વબુદ્ધિ છે, અહીં ભેદબુદ્ધિ. આહાહા..! હોય. રાગ આવે. દ્વેષ હોય. આહાહા..! સમકિતી તો લડાઈમાં પણ ઊભો દેખાય. આહાહા..! ભાઈ! એના તળિયા તપાસવા કઠણ છે. કહે છે કે એને પરિગ્રહ જરીએ ઘટતો નથી. આહાહા..! નિર્લેપનાથને જ્યાં અંદર જોયો અને અનુભવ્યો... આહાહા..! જે સમ્યક્ એટલે સત્યસાહેબ પ્રભુ પૂર્ણાનંદનો નાથ, એની સમ્યક્-સત્યદૃષ્ટિ, સત્યસ્વરૂપની સત્ય દૃષ્ટિ અંતર વેદનમાં થઈ. આહાહા..! એ અનંતકાળમાં એમ ને એમ કાંઈક ને કાંઈક એવા અટકવાના સાધન ગોતીને અટકીને પડ્યો છે. મરી ગયો છે. આહાહા..! કહે છે કે ધર્મી જીવને ચક્રવર્તીના રાજ હો, પણ અંદરના આત્માના આનંદના સ્વાદમાં રાગથી ભિન્ન પડી ગયો છે ઈ. આહાહા..! આવી વાતું

છે. અરેરે..! દુનિયાને મળે નહિ, કાને પડે નહિ, બહારની વાતુંમાં ઘૂંચાઈને પડ્યો. મરી જાશે બિચારા. આહાહા..!

‘**સમ્યગ્દૃષ્ટિ જીવને ભેદબુદ્ધિ છે...**’ આહાહા..! ‘બહેનના વચનામૃત’માં આવ્યો છે ને એક શબ્દ? વચનામૃત. હમણાં ‘હસમુખભાઈ’એ વેંચ્યા ને ૧૪૦૦? ૩૧૦૦ છપાણા છે. ખલાસ થઈ ગયા. અત્યારે લાખો પુસ્તક છપાણા પણ એનો સર્વોત્કૃષ્ટ શિરતાજ છે એ પુસ્તક. ૩૧૦૦ ખલાસ થઈ ગયા. ૧૬૦૦૦ છપાય છે. પણ એટલે પાર નહિ પડે. એમાં એક શબ્દ છે કે વિકારના ભાવને મર્યાદા છે. બહેનનો શબ્દ છે એમાં. વિકારના ભાવને સીમા છે. એવો શબ્દ છે. અને પ્રભુ જે અંદર છે એ તો અસીમ સીમા વિનાની ચીજ છે. આહાહા..! એ સીમ છે તે મર્યાદા છે માટે પાછો વળી શકે છે, એમ કહે છે. ચાહે તો મિથ્યાશ્રદ્ધા હો રાગાદિ પણ મર્યાદિત છે એ. મર્યાદિત એટલે? એક સમયની છે એમ નહિ. પણ એની શક્તિ મર્યાદિત છે. એ અમર્યાદિત નથી. આહાહા..! તેથી એનાથી પાછો વળી શકે છે. અને ભગવાનઆત્મામાં શક્તિઓનો પાર (નથી), અસીમ છે. અસીમ સીમા જેની મર્યાદા નથી. આહાહા..! એ જ્યાં અંદરમાં ગયો એ પાછો નહિ વળે હવે. આહાહા..! દિગંબર સંતોનું કથન સમ્યગ્દૃષ્ટિનું અપ્રતિહતનું લક્ષણ છે, ‘સમયસાર’માં. આહાહા..! છે પંચમઆરાના સાધુ. પણ એમ પોકાર કરે છે, અમને જે આ આત્મજ્ઞાન, દર્શન થયું, પાછું પડવાનુ નથી હવે. અને આ દૃષ્ટિએ કેવળજ્ઞાન લેવાના છીએ. આહાહા..! ૩૮ ગાથામાં છે, ૯૨ ગાથામાં છે. ‘સમયસાર’ની ૩૮મી ગાથામાં છે, ‘પ્રવચનસાર’ની ૯૨મી ગાથામાં છે. પંચમઆરાના સંતો પણ અંતરની વાતું (આવી કરે છે). આહાહા..! એવી વાતું ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? એ તો ભાગ્યશાળી હોય એને તો કાને પડે એવી વાત છે. આહાહા..!

એ એમ કહે છે કે અમને જે આત્મજ્ઞાન થયું, આગમ કુશળતા અને સ્વભાવનો આશ્રય લઈને જે આત્મદર્શન થયું એ હવે પડે એવું નથી. પ્રભુ! આપ પંચમઆરાના સંત ને છદ્મસ્થ (છો ને). કહે ને, તું કહે અને માન ને. અમે તો પોકાર કરીએ છીએ કે અમે જે સમ્યક્ પામ્યા છે તે હવે પડવાનું નથી. એ સમ્યગ્દર્શન ભલે ક્ષયોપશમ હો. પણ ક્ષાયિક લઈને કેવળજ્ઞાન થવાનું એ અમારી ચીજ છે. આહાહા..! ‘ચંદુભાઈ’! આહાહા..! ઘણી ગાથામાં આવે છે. ૩૮માં, ૯૨માં. બીજે ઘણે ઠેકાણે આવે છે. ગજબ શૈલી છે. આત્મા જો પડે તો અમને દર્શન પડે અમારું. એટલે કે આત્માનો જો અભાવ થાય તો દર્શનનો અભાવ થાય. આહાહા..! સમજાય છે કાંઈ?

એ ‘**સમ્યગ્દૃષ્ટિ જીવને ભેદબુદ્ધિ છે...**’ આહાહા..! આ તો મુનિની વાત કરી. પણ નીચે ચોથેથી વાત આ છે. આહાહા..! જેમાંથી-પ્રભુમાંથી કેવળજ્ઞાન પ્રગટ થાય અને તે અનંતકાળ સુધી કેવળજ્ઞાન થયા જ કરે, સાદિઅનંત, છતાં દ્રવ્ય તો જેવું છે તેવું એવું ને એવું રહે છે. કેવળજ્ઞાન થયા કરે માટે ચૈતન્યના દ્રવ્યમાં કમી આવી, એવી વધ-ઘટ વસ્તુમાં નથી. એવી ચીજ છે એ. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરેરે..! એણે સાંભળ્યું છે ક્યાં? અને ક્યાંયના ક્યાંય સલવાઈને બિચારા પડ્યા છે. આહાહા..!

અહીંયાં તો કહે છે કે જ્યાં રાગથી ભિન્ન પડી સમ્યગ્દર્શનમાં ચૈતન્યના સ્વાદ આવ્યા..

આહાહા..! એ '**ભેદબુદ્ધિ છે તેથી પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી.**' પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી. ચક્રવર્તીનું રાજ પણ એનું એ માનતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- મમતા છૂટી ગઈ.

ઉત્તર :- એકત્વ છૂટી ગયું, એકત્વ છૂટી ગયું. આસક્તિની મમતા ભલે હો. પણ એનાથી એકત્વ છૂટી ગયું. આહાહા..! સમજાણું કાંઈ? એ અલૌકિક વાતું છે, પ્રભુ! આ તો અંતરની વાતું છે. આહાહા..!

'**પરદ્રવ્યનો પરિગ્રહ ઘટતો નથી. આવો અર્થ અહીંથી શરૂ કરીને કહેવામાં આવશે.**' લ્યો!

(સ્વાગતા)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४-१४६।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'यदि ज्ञानिनः उपभोगः भवति तत् भवतु' ( यदि ) જો કદાચિત્ ( ज्ञानिनः ) સમ્યગ્દષ્ટિ જીવને ( उपभोगः ) શરીર આદિ સંપૂર્ણ ભોગસામગ્રી ( भवति ) હોય છે, સમ્યગ્દષ્ટિ જીવ ભોગવે છે, ( तत् ) તો ( भवतु ) સામગ્રી હો, સામગ્રીનો ભોગ પણ હો, 'नूनम् परिग्रहभावम् न एति' ( नूनम् ) નિશ્ચયથી ( परिग्रहभावम् ) વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાયને 'न एति' પામતો નથી. શા કારણથી? 'अथ च रागवियोगात्' ( अथ च ) જ્યારથી સમ્યગ્દષ્ટિ થયો ( रागवियोगात् ) ત્યારથી માંડીને વિષયસામગ્રીમાં રાગ-દ્વેષ-મોહથી રહિત થયો, તે કારણથી. કોઈ પ્રશ્ન કરે છે કે આવા વિરાગીને-સમ્યગ્દષ્ટિ જીવને વિષયસામગ્રી કેમ હોય છે? ઉત્તર આમ છે કે- 'पूर्वबद्धनिजकर्मविपाकात्' ( पूर्वबद्ध ) સમ્યક્ત્વ ઊપજતાં પહેલાં મિથ્યાદષ્ટિ જીવ હતો, રાગી હતો; ત્યાં રાગભાવ દ્વારા બાંધી હતી જે ( निजकर्म ) પોતાના પ્રદેશોમાં જ્ઞાનાવરણાદિરૂપ કાર્મણવર્ગણા, તેના ( विपाकात् ) ઉદયને લીધે. ભાવાર્થ આમ છે કે-રાગ-દ્વેષ-મોહપરિણામ મટતાં દ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ભોગ બંધનું કારણ નથી, નિર્જરાનું કારણ છે; તેથી સમ્યગ્દષ્ટિ જીવ અનેક પ્રકારની વિષયસામગ્રી ભોગવે છે, પરંતુ રંજિતપરિણામ નથી તેથી બંધ નથી, પૂર્વે બાંધ્યું હતું જે કર્મ તેની નિર્જરા છે. ૧૪-૧૪૬.

## કળશ-૧૪૬ ઉપર પ્રવચન

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४-१४६।।

'**ખંડાન્વય સહિત અર્થ** :- '**यदि ज्ञानिनः उपभोगः भवति तत् भवतु**'' આહાહા..! સંતો પોકાર કરે છે. 'અમૃતચંદ્રાચાર્ય' પંચમઆરાના મુનિ છે. જેનું ભાવલિંગ, પ્રચુર સ્વસંવેદન જેનું ભાવલિંગ છે. આહાહા..! દ્રવ્યે ભલે નગ્ન છે, વસ્ત્રનો ટુકડો નથી, પણ એનું ભાવલિંગ જે છે એ પ્રચુર સ્વસંવેદન આનંદનું પ્રચુર વેદન એ એનું ભાવલિંગ છે. આહાહા..! એ ભાવલિંગી સંતનો પોકાર છે. આહાહા..! '**જો કદાચિત્ સમ્યગ્દષ્ટિ જીવને શરીર આદિ સંપૂર્ણ ભોગસામગ્રી હોય છે,...**' આહાહા..! અને '**સમ્યગ્દષ્ટિ જીવ ભોગવે છે,...**' ભાષા તો લોકો દેખે એ અપેક્ષાએ વાત કરી છે. કાંઈ પરદ્રવ્યને ભોગવે કોઈ? અજ્ઞાની પણ ભોગવી શકે નહિ. સમજાણું કાંઈ? પણ એનું લક્ષ ત્યાં જાય અને આસક્તિ કાંઈક હોય એટલે પરને ભોગવે છે એમ કહેવામાં આવે છે. પરને કોણ ભોગવે? જડને, શરીર ને આ વાણી, માંસ-હાડકા આનો ભોગવટો છે? સ્ત્રીના વિષયમાં આ શરીરનો ભોગ કરે છે એ? ત્રણકાળમાં નહિ. અજ્ઞાની મિથ્યાદષ્ટિ માને છે કે હું આને ભોગવું છું. એને ઠીક લાગીને મજા રાગ ઉત્પન્ન થાય એને એ ભોગવે છે. આહાહા..! એની એને હજી ખબરું ન મળે. એ રાગનો અનુભવ છે એ અનુભવ છૂટી ગયો અહીંથી, કહે છે. સમજાણું કાંઈ?

'**શરીર આદિ સંપૂર્ણ ભોગસામગ્રી હોય છે,...**' એટલે કે ભોગ રાગનો નહિ, એમ કહે છે. પણ દેખાય ને, બહારમાં તો એવો દેખાય. જુઓ! મિથ્યાદષ્ટિને ભોગ થોડા હોય, પુણ્ય ઓછા (હોય) અને આને તો ઘણા હોય. મિથ્યાદષ્ટિ હોય એને સાધારણ પાંચ-પચ્ચીસ લાખ હોય આને તો મોટું ચક્રવર્તીનું રાજ અને ઈન્દ્રાસન પુણ્યના ઢગલા પડ્યા હોય મોટા. આહાહા..! એના શરીરમાં પુણ્ય, વાણીમાં પુણ્ય, સામગ્રીમાં પુણ્ય, સ્ત્રીઓ, પુત્રોમાં પુણ્યના ઢગલા દેખાય. કહે છે કે હો. અને એને ભોગવે પણ. હો. ભોગવવાનો અર્થ કે એના તરફ વૃત્તિ થાય છે જરી તો જરી રાગ હો. એમ. સમજાણું કાંઈ? આહાહા..!

'**તો સામગ્રી હો, સામગ્રીનો ભોગ પણ હો,...**' '**नूनम् परिग्रहभावम् न एति**' આહાહા..! '**નિશ્ચયથી વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાયને પામતો નથી.**' આહાહા..! અભિપ્રાયમાં એ રાગ મારો છે, સામગ્રી મારી એ અભિપ્રાય છૂટી ગયો છે. એથી તેના અભિપ્રાયમાં પરવસ્તુ પરિગ્રહ છે નહિ. આહાહા..! અવ્વલદોમની વાત છે, બાપા! આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય વિશેષ હોય તો બહારમાં સામગ્રી ઘણી દેખાય. કીધું ને? આહાહા..!

મુમુક્ષુ :- ભોગવે છૂટકો.

ઉત્તર :- કોણ ભોગવે છે? એ તો વાત કરી અહીંયાં. કોઈ ભોગવતું નથી. એ તો પહેલી વાત કરી. પણ પ્રશ્નનારદ છે ને ઈ? એય..! 'દેવાનુપ્રિયા'! કાંઈક વધારે સ્પષ્ટ કરાવે છે. બાપા! એ તો આવું છે, ભાઈ! એ ભોગવે છે એમ તો ભાષા લીધી. કેમકે લોકો એમ જાણે કે, લ્યો, બધું છે એની પાસે, આ બધું પહેરે ને આમ છે ને આમ છે. આહાહા..!

જેની દુકાનની કરોડો-અબજો રૂપિયાની એક દિવસની પેદાશ હોય. એવો મોટો શેઠિયો હોય અને હોય સમકિતી. ભાઈ! એ ચીજ શું છે, બાપુ! જેમાં અંતરની એકત્વબુદ્ધિ છૂટી ગઈ છે. આહાહા..! જેને અંતર આનંદનો નાથ નજરે પડ્યો છે અનુભવમાં. આહા..! એને કઈ ચીજ મારી છે એમ એ માને? આહાહા..! ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં ઉછળે છે. આહાહા..! દરિયામાં જેમ પાણીની ભરતી આવે, એમ સમ્યગ્દષ્ટિને પર્યાયમાં આનંદની ભરતી આવે છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ અતીન્દ્રિય આનંદની ભરતી આગળ સામગ્રીને ભોગવે છે એમ કહેવું એ તો કથન છે, કહે છે. એને જરી વલણ હોય અને આસક્તિનો રાગ હોય એ અપેક્ષાએ ભોગવે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ફેર છે, બાપુ! માર્ગનો ફેર બહુ છે. આહાહા..!

**'परिग्रहभावम्' 'વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાય...'** શું કીધું? એમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદની બુદ્ધિમાં શુભ-અશુભરાગ, અશુભભોગનો ભાવ, એમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! અજ્ઞાનીને એમાં સુખનો મીણો ચડે છે. અમે સુખને ભોગવીએ વેદીએ છીએ, સુખી છીએ. આહાહા..! એ સમ્યગ્દષ્ટિને પૂર્વનો પુણ્યનો ઘણો યોગ હોય અને તેના તરફનું જરી વલણ પણ હો થોડું. નિર્જરાની ગાથામાં આવ્યું છે ને? ભાઈ! બીજી ગાથા. સમકિતી જીવ છે એને પણ પૂર્વનો કોઈ ભાવ આવે. વેદનમાં સુખ-દુઃખ આવે એક સમય. આહાહા..! પહેલી ગાથામાં દ્રવ્યનિર્જરા કીધી છે, બીજી ગાથામાં ભાવનિર્જરા. એ આ 'નિર્જરા અધિકાર' છે.

ભાવનિર્જરા એટલે કે એક સમયમાં જરી એને કલ્પનામાં પણ સુખ-દુઃખની આસક્તિની વૃત્તિ થાય. સુખબુદ્ધિ નહિ. પણ એ બીજે ક્ષણે ખરી જાય છે. એને નિર્જરા થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને નિર્જરામાં? બીજી ગાથા. ઉપભોગને ઓળંગતો નથી. ઉપભોગ એને સુખદુઃખ થાય છે, એમ બીજી ગાથામાં છે. થાય છે એનો અર્થ? જરી વૃત્તિ એ આસક્તિરૂપે થઈ જાય છે. આહાહા..! એકત્વપણે નહિ. પણ તે આસક્તિ બીજે સમયે નાશ થઈ જાય, ખરી જાય છે. એ બીજી ગાથામાં છે. આહાહા..! 'સમયસાર' તો એક અલૌકિક ચીજ છે. 'ફૂલચંદજી' કહેતા બિચારા, ત્યાં 'આસામ'માં ગયેલાને 'આસામ'? શું ગામ કીધું એ 'ગોહાટી' ગયેલા ને. વ્યાખ્યાન ચાલતું હતું 'સમયસાર'નું. 'ગોહાટી' ગયા હતા ને જ્યારે. 'ફૂલચંદજી' હતા ત્યાં. અને સાંભળીને, ઓહોહો..! આ જગતમાં અત્યારે 'સમયસાર' 'સમયસાર' બસ છે. અલૌકિક વાત છે. તે દિ' સભા મોટી ભરાણી. 'ગોહાટી'. 'ફૂલચંદજી' ત્યાં હતા. બાપુ! મારગડા જુદા, ભાઈ! આહાહા..!

અહીં કહે છે, **'વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાયને પામતો નથી.'** આહાહા..! આ ઠીક છે-એ અભિપ્રાય ઊડી ગયો છે. ભગવાન આનંદનો નાથ ઠીક છે એ અભિપ્રાય થઈ ગયો

છે અંદર. આહાહા..! ધર્મ તે શું બાપુ! કાંઈ..? સમજાય છે કાંઈ? ક્રોધ પણ આવે, રાગ પણ આવે, કહે છે. પણ અભિપ્રાયમાં એનો સ્વીકાર ઊડી ગયો છે. આહાહા..! હવે એ માપ તો અંદરથી નીકળે કે બહારથી નીકળે? આહાહા..! અજ્ઞાની તો ઉપલક દૃષ્ટિથી બહારથી જોવે. નાખ્યું છે ને ભાઈએ નહિ એક ઠેકાણે? 'સમયસાર'માં નાખ્યું છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ હોય, ઝૂંપડુ હોય અને સાધારણમાં (રહેતો) હોય અને આ મોટા અબજોના મહેલમાં હોય. આહાહા..! એની સામગ્રી.. શું કહેવાય તમારે ઓલું? ઘરવખરો. ફર્નિચર. અબજો રૂપિયાના ફર્નિચર હોય એના મકાનમાં-બંગલામાં. આહાહા..!

તે દિ' કહ્યું હતું ને? નહિ? એક ફેરી. પોર (ગયા વર્ષે) 'મુંબઈ' ગયા હતા ને. એક 'વિજય' કરીને છોકરો હતો. અહીં મહીનો-મહીનો કુંવારો હતો તો રહી ગયો હતો. મગજ બહુ સારું. 'ગુના'નો હતો ઘણું કરીને. 'ટાટા'માં નોકરી, મોટી નોકરી. નાની ઉંમરનો ૨૫ વર્ષનો હશે. એને કિડનીનું દર્દ થયેલું. પરણ્યા પહેલા અહીં રહી ગયેલો અને પછી પણ. પણ બહુ રસ. આ આત્માના પ્રેમનું સાંભળવું રસ બહુ. તે દિ' ત્યાં દર્શન દેવા ગયા હતા. 'ટાટા'માં મોટી નોકરી હતી. નાની ઉંમરમાં કિડનીનું દર્દ. પછી તો બિચારાએ દર્શન કર્યા. એની માએ કિડની આપી. મરી ગયો. બાર મહિનાનું પરણેતર.

પછી આહાર કરવા ગયા હતા અમારા 'શાંતાબહેન'ના બહેનના નણદોઈ 'મણિલાલ' કરીને. પાંચ-છ કરોડ રૂપિયા. 'મુંબઈ'. આહાર કરવા ગયા ત્યાં ઉપર માળે ગયા ત્યાં તો આમ આહાર કર્યો પણ બહાર બધે જ્યાં જ્યાં પગલા કરાવ્યા ત્યાં મખમલ પાથરેલા હતા. લગભગ પાંચ લાખનો તો ઘરવખરો હશે. આહાહા..! મને તો ત્યાં જોઈને એવું થયું, અરે..! પ્રભુ! આને અહીંથી નીકળવું કઠણ પડશે. પાંચ લાખ રૂપિયા હું તો કહું છું, હોં! ઘરવખરો કેટલો. પૈસાવાળો. પાંચ-છ કરોડ રૂપિયા. આ 'રસિકભાઈ' નથી આવતા આપણે? બહેનના બનેવી 'રાજકોટ'વાળા. એના બનેવી. અહીં આવે છે. ત્યાં પણ આવે છે. પૈસા ઘણા. મોટી દુકાન છે ક્યાંક 'અરબસ્તાન'માં. આહાહા..!

આ તો કહે છે કે એ સિવાય અબજો રૂપિયાના મોટા ઘરવખરા હોય જેને-સમકિતીને. આહાહા..! છતાં પરપદાર્થ મારા છે એ સ્વીકારબુદ્ધિ છૂટી ગઈ છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? અને હજારો રાણીને છોડીને મુનિ થયો છે, ત્યાગી થયો છે. પણ જ્યાં અંદરમાં રાગનો સ્વીકાર છે અને ચૈતન્યના સ્વભાવનો અનાદર છે... આહાહા..! એને બધો પરિગ્રહ ઘટે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞનો માર્ગ બહુ ઝીણો, ભાઈ! હજી તો નિવૃત્તિથી વિચાર કે શું છે એ સાંભળવું મળે નહિ. આહાહા..! અને જીંદગી ચાલી જાય છે એમ ને એમ.

કહે છે કે, '**વિષયસામગ્રીના સ્વીકારરૂપ અભિપ્રાય...**' હોં! અભિપ્રાય છૂટી ગયો છે અંદરમાં. આહાહા..! એને-સમકિતીને શુભરાગ આવે પણ કાળો નાગ જેમ દેખે અને ત્રાસ થાય એમ ત્રાસ થાય એને. કાળો નાગ દેખે. ભોગ ભુજંગ, આવે છે ને. મુનિમાં ન આવ્યું? ભોગ ભુજંગ સમાન. આહાહા..! સમકિતીને અંદરમાં અશુભરાગ પણ આવી જાય. આહાહા..! પણ કાળા નાગને દેખીને જેમ ત્રાસ થાય એમ એને દુઃખ લાગે છે. આ આંતરા

ક્યાં (દેખાય). સમજાણું કાંઈ? તેથી એ એના '**અભિપ્રાયને પામતો નથી.**' એ મારા છે એવા અભિપ્રાયને તે સ્વીકારતો-માનતો નથી. આહાહા..!

'નૌઆખલી'માં થયું હતું ને? મુસલમાનનું હિન્દુ ઉપર જોર બહુ થયું. 'ગાંધી' ગયા હતા ને જ્યારે? ચાલીસ વર્ષની જુવાન માતા અને છોકરો વીસ વર્ષનો જુવાન. એ મુસલમાનો બેયને નાગા કરી અને વિષયમાં આમ જોડે. બેયને ભેગા કરે. આહાહા..! ત્રાસ.. ત્રાસ.. પ્રભુ! અહીંયાં જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ કે આ મારી મા જણેતા. અરર..ર..! જેમ એને ત્રાસ વર્તે છે. એમ ધર્મીને સમકિતીને અશુભરાગમાં ત્રાસ વર્તે છે.

મુમુક્ષુ :- શુભરાગમાં?

ઉત્તર :- શુભરાગમાં પણ ત્રાસ. ભઠ્ઠી છે. શુભરાગ ભગવાનની ભક્તિ એ ભઠ્ઠી છે. આ કેટલાક કહે ને ગુરુની ભક્તિ કરીએ, ભગવાનની ભક્તિ કરીએ (એટલે) થઈ જશે કલ્યાણ. ધૂળમાં પણ નહિ થાય, સાંભળને! આહાહા..! મિથ્યાશલ્ય દૃષ્ટિ છે. ભઠ્ઠી છે શુભરાગ.

'છ ઢાળા'માં ન આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા તાતે સમામૃત સેવીએ. રાગ આગ દાહ દહે સદા.' એ શુભ કે અશુભરાગ દાહ-અગ્નિ છે. આહાહા..! 'ન્યાલચંદભાઈ'એ તો 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં બહુ નાખ્યું છે. 'ન્યાલચંદભાઈ' કામ કરીને ચાલ્યા ગયા. સ્વર્ગમાં વયા ગયા. મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. આહાહા..! એ ભઠ્ઠી છે. શુભરાગ એ ભઠ્ઠી છે. ન ગોઠ્યું ને 'દીપચંદજી'ને. 'સરદારશહેર' વાળા 'દીપચંદ' શેઠિયાને ન ગોઠ્યું. ઘણીવાર આવતા, પરિચય બહુ, વાંચન ઘણું. પણ મિથ્યાત્વનું જોર આવ્યું અંદર એટલે કહે શુભભાવ ભઠ્ઠી! એ શુભને ભઠ્ઠી તરીકે વેદે એ તો તીવ્ર કષાય છે. આહાહા..! એવી દૃષ્ટિ થઈ ગઈ. હવે માણસો ફર્યા છે એના. અહીં આવી ગયા હમણા. જમાઈ ને એ ફર્યા છે થોડા હવે. અરે..! આ બાપુ રાખવું-ઝીરવવું આ તે કાંઈ... શુભભાવ ભઠ્ઠી છે. કષાય અગ્નિ છે. અશુભની તો શું વાત કરવી? આહાહા..! શીતળ શાંતરસનો નાથ ભગવાન અકષાયસ્વરૂપી પ્રભુ, એને રાગ થતાં શાંતિ દાઝે છે. જેનાથી દાઝે એના અભિપ્રાયમાં મારું એમ કેમ માને ઈ? સમજાણું કાંઈ? આહાહા..! એ અભિપ્રાયને પામતો નથી.

'**શા કારણથી?**' '**अथ च रागवियोगात्**' આ મોટો શબ્દ છે. '**જ્યારથી સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારથી માંડીને વિષયસામગ્રીમાં રાગ-દ્વેષ-મોહથી રહિત થયો,...**' આહાહા..! પાઠમાં '**रागवियोगात्**' એટલો શબ્દ છે. અર્થમાં '**રાગ-દ્વેષ-મોહથી રહિત થયો...**' આહાહા..! એ રાગ અનંતાનુબંધી. સમજાણું કાંઈ? આહાહા..! '**रागवियोगात्**' સમ્યગ્દૃષ્ટિને પર સામગ્રીના રાગનો વિયોગ વર્તે છે. આહાહા..! રાગનો વિયોગ એટલે રાગ રહિત રહે છે. પર સામગ્રી મારી એ સ્વપ્ને પણ દેખતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એનો અર્થ વિશેષ કર્યો. '**રાગ-દ્વેષ-...**' એ અનંતાનુબંધીનો, હોં! અને '**મોહ...**' મિથ્યાત્વ. એનાથી '**રહિત થયો,...**' આહાહા..!

'**તે કારણથી કોઈ પ્રશ્ન કરે છે કે આવા વિરાગીને-સમ્યગ્દૃષ્ટિ જીવને વિષયસામગ્રી કેમ હોય છે?**' આહાહા..! આવું તમે કહો છો કે જેને રાગની રુચિ છૂટી ગઈ અને ભગવાનના

આનંદની દૃષ્ટિ થઈ, એને આવી સામગ્રી કેમ હોય? એવી સામગ્રીમાં ઊભો કેમ રહે એ? એમ કહે છે. પ્રશ્ન કરે છે.

'**ઉત્તર આમ છે કે–**' '**पूर्वबद्धनिजकर्मविपाकात्**' '**સમ્યક્ત્વ ઊપજતાં પહેલાં મિથ્યાદૃષ્ટિ જીવ હતો,...**' ઊંધી દૃષ્ટિ (હતી), રાગનો રસીયો હતો જ્યારે મિથ્યાદૃષ્ટિ... આહાહા..! ત્યારે જે કર્મ બંધાયેલા એ હજી પડ્યા છે એની સામગ્રી આવે છે. આહાહા..! '**સમ્યક્ત્વ ઊપજતાં પહેલાં...**' અસત્ય દૃષ્ટિ હતી. અસત્ય એટલે રાગને પોતાનો માનીને વેદતો હતો. '**રાગી હતો; ત્યાં રાગભાવ દ્વારા બાંધી હતી જે પોતાના પ્રદેશોમાં જ્ઞાનાવરણાદિરૂપ કાર્મણવર્ગણા,...**' વર્ગણા આઠેય કર્મની પડી હોય. તેનાવિપાક '**તેના ઉદયને લીધે.**' બહારની સામગ્રી હોય, એમ કહે છે. '**ભાવાર્થ આમ છે કે–રાગ–દ્વેષ–મોહપરિણામ મટતાં દ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ભોગ બંધનું કારણ નથી,...**' આહાહા..! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કીધો. એ કઈ અપેક્ષાએ? ભોગ તો રાગ બંધનું કારણ છે. ધર્મીનો રાગ બંધનું કારણ છે. આહાહા..! પણ દૃષ્ટિમાં રાગનો સ્વીકાર નથી અને જ્યાં દૃષ્ટિમાં ભગવાન તરવરે ત્યાં અનંત આનંદનો નાથ ચૈતન્યચમત્કાર, એની મુખ્યતા કરીને ભોગને નિર્જરા કીધી. પણ કોઈ એમ માની લે કે ભોગ કરે માટે નિર્જરા છે. તો પછી ભોગને છોડીને ચારિત્ર લેવું એને રહેતું નથી. (ભોગમાં) મીઠાશ આવે અને અમૃતના આનંદના નાથનો અનાદર કરે... આહાહા..! એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અહીંયાં તો બીજી અપેક્ષા છે.

છઠ્ઠા ગુણસ્થાને મુનિ એમ કહે છે. 'અમૃતચંદ્રાચાર્ય'. અરે..! મને '**कल्माषितायाः**' અરેરે..! હું મુનિ થયો, સંત છું. મારું ત્રણ કષાયના અભાવનું સ્વસંવેદન છે. પણ હજી.. બીજા કળશમાં કીધું ને? અનાદિથી '**कल्माषितायाः**' હજી વિકલ્પ ઊઠે છે એ મેલ છે. આહાહા..! કહો, અહીં સમ્યગ્દૃષ્ટિને નિર્જરા કહે છે. ત્યાં એ કહે છે કે મારે હજી મેલ છે. કઈ અપેક્ષાએ વાત છે એ સમજે નહિ અને એકાંત તાણે કે આને ભોગ આવે, એ નિર્જરા છે. સમજાણું કાંઈ? આહાહા..! અનાદિની મને '**कल्माषितायाः**' પર્યાયમાં રાગ મેલ આવે છે. આહાહા..! મુનિરાજ ત્રણ કષાયનો અભાવ. પ્રચુર ભાવલિંગ, પ્રચુર આનંદનું વેદન જેને વર્તે. અતીન્દ્રિય આનંદ. આહાહા..! એના ઉછાળા ભરતી આવે છે પર્યાયમાં. એ કહે છે કે મને પણ હજી અનાદિની અશુદ્ધતા પડી છે. એ અશુદ્ધતા કાંઈ ગઈ હતી અને આવી છે એમ નથી. આહાહા..! અનાદિની અશુદ્ધતાનો અંશ છે મને મેલ છે, દુઃખ છે. પ્રભુ! હું આ ટીકા કરું એ ટીકાથી મેલનો નાશ થજો. ટીકાથી મેલનો નાશ થાય? પાઠ તો એવો છે–'**टीकाएव**'. એનો અર્થ કે મારી દૃષ્ટિનું જોર મને આનંદ ઉપર વર્તે છે. એ ટીકાના કાળમાં મારું જોર સ્વભાવસન્મુખમાં વિશેષ થાવ અને આ ગળી જાઓ. આહાહા..! પાઠ એવો છે–'**टीकाएव**'. એમ સમજે નહિ ને પાઠના અર્થ કરે ઘરના. સમજાણું કાંઈ? આહાહા..!

એ '**રાગ–દ્વેષ–મોહપરિણામ મટતાં દ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ભોગ બંધનું કારણ નથી, નિર્જરાનું કારણ છે; તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ અનેક પ્રકારની વિષયસામગ્રી ભોગવે છે,...**' એક કોર કહે કે પર સામગ્રીને આત્મા ભોગવી શકે નહિ. કેમકે આત્મા પોતાના દ્રવ્ય–

ગુણ-પર્યાય સિવાય પરદ્રવ્યને અડી શકતો નથી. અડી શકતો નથી એને ભોગવે? કઈ અપેક્ષાથી વાત છે? એય..! 'દેવાનુપ્રિયા'! એના તરફની વૃત્તિ જરી આસક્તિ થાય છે એ અપેક્ષાએ એને ભોગવે છે એમ કહેવામાં આવ્યું. પર શું ભોગવે? જડને ભોગવાતું હશે? શરીર, માંસ, હાડકા, ચામડા, દાળ-ભાત.. આહાહા...! પાઠ તો આવો છે-વિષયસામગ્રીને ભોગવે છે. આહાહા..! એટલે કે એને સંયોગ છે અને એના તરફ જરી આસક્તિનો અંશ આવે છે. સમજાય છે? પણ અભિપ્રાયમાં તેનો સ્વાદ નથી, સ્વીકાર નથી માટે ખરી જાય છે એમ કહેવામાં આવે છે. દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયના જોરને લઈને. પણ સર્વથા એમ માની લે કે, નહિ. ભોગ સામગ્રી અને એના ઉપર લક્ષ જાય એને કાંઈ બંધન નથી. સમજાણું કાંઈ? શાસ્ત્રના અર્થમાં પણ મોટા ફેર. અર્થ કરવામાં ફેર.

મુમુક્ષુ :- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

ઉત્તર :- ધર્મ એટલે પુણ્ય, અર્થ એટલે પૈસો, કામ એટલે ભોગ. ત્રણે પાપ.

મુમુક્ષુ :- અને મોક્ષ?

ઉત્તર :- મોક્ષ એનાથી રહિત. અપવર્ગ નથી આવ્યું? ત્રણ વર્ગથી બીજો અપવર્ગ છે એ.

મુમુક્ષુ :- એમાં ધર્મ ક્યાં આવ્યો?

ઉત્તર :- એ પુણ્ય છે. ધર્મ ક્યાં હતો? એ પુણ્યને વ્યવહારે ધર્મ કીધો છે. આહાહા..! 'પાપ પાપને સૌ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે.' આહાહા..! રાગ છે અને દુઃખ છે-દુઃખ છે. અશુભરાગ ભોગનો, આબરૂનો, માનનો, મહાપાપ દુઃખ આકુળતા છે.

'**પરંતુ રંજિતપરિણામ નથી...**' સિદ્ધ અહીં કરવું છે. ભોગવે છે તો શું ભોગવે પરને? પણ પર તરફનું વલણ છે એમાં રાગનો રંગ નથી. રાગનો સ્વામી નથી, રાગમાં એકત્વબુદ્ધિ નથી. રંજિત પરિણામ નથી. રાગમાં રંગાઈ જાય છે એમ નથી. આહાહા..! આવી વાતું હવે.

મુમુક્ષુ :- રંજિત પરિણામ અનુસાર ઉપયોગને?

ઉત્તર :- હા. એકાકાર નથી એમ કહે છે. રંજિત એટલે એકાકાર નથી. રાગમાં એકાકાર નથી. આહાહા..! '**તેથી બંધ નથી,...**' જોયું! રાગમાં રંગ ચડ્યો નથી રાગનો. ભગવાનનો રંગ છે અંદર-અંદર. આહાહા..! '**તેથી પૂર્વે બાંધ્યું હતું જે કર્મ તેની નિર્જરા છે.**' આ અપેક્ષાએ, હોં!

મુમુક્ષુ :- નિર્જરા ..

ઉત્તર :- નિર્જરા છે.

મુમુક્ષુ :- બંધ...

ઉત્તર :- હા. છે ને. બંધની આસક્તિની પર્યાય છે એટલો બંધ છે. એને ગૌણ કરીને કહ્યું. જેમ ૧૧મી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કીધી. ચોખ્ખી વાત. ૧૧મી. અભૂતાર્થ એટલે પર્યાય જૂઠી છે. '**વવહારોऽભૂદત્થો**' પર્યાયમાત્ર જૂઠી છે એમ કીધું. એ કઈ અપેક્ષાએ? પર્યાયમાત્ર જૂઠી તો પર્યાય નથી? અહીંયાં તો પર્યાયને જૂઠી કીધી. એ કહેવાનો આશય કે પર્યાયમાત્રને ગૌણ કરીને વ્યવહાર કરીને જૂઠી ઠરાવીને તેનું લક્ષ છોડાવ્યું અને ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ ભૂતાર્થ-સત્યાર્થનો, સત્યાર્થને મુખ્ય કરીને, નિશ્ચય કહીને. નિશ્ચયને મુખ્ય એમ નહિ. ત્રિકાળી ચીજને મુખ્ય કરીને, નિશ્ચય કહીને સત્યાર્થ સત્ય છે એમ

કીધું. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કરીને નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? એમ અહીંયાં પણ આસક્તિના પરિણામમાં બંધન છે, પણ તેને ગૌણ કરીને મુખ્યપણે સ્વભાવ ઉપર દૃષ્ટિ છે તેથી તેને ગૌણ કરીને નિર્જરા છે એમ કહેવામાં આવ્યું. આવી વાત છે. એમાં ક્યાંય એક અક્ષર ફેરફાર થાય તો બધો ફેરફાર થાય. આહાહા..! અમારે 'દાસ' યાદ આવ્યા. તમારો પ્રશ્ન હતો ત્યાં 'ઉમરાળા'. (સંવત) ૧૯૯૧. અહીં આવ્યા ને ૧૯૯૧માં. ફાગણ વદ ત્રીજે અહીં આવ્યા. એના પહેલા ત્યાં દાસ આવ્યા હતા. ત્યાં ૧૪૭ ગાથા (ચાલતી હતી). ભેદવિગતનો પ્રશ્ન હતો 'ઉમરાળા'માં. વિશેષ ચાલશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(સ્વાગતા)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१५-१४७।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तेन विद्वान् किञ्चन न कांक्षति' ( तेन ) તે કારણથી ( विद्वान् ) સમ્યગ્દષ્ટિ જીવ, ( किञ्चन ) કર્મના ઉદયથી છે નાના પ્રકારની સામગ્રી તેમાં કોઈ સામગ્રી (न कांक्षति )કર્મની સામગ્રીમાં કોઈ સામગ્રી-જીવને સુખનું કારણ એમ માનતો નથી, સર્વ સામગ્રી દુઃખનું કારણ એમ માને છે. વળી કેવો છે સમ્યગ્દષ્ટિ જીવ? 'सर्वतः अतिविरक्तम् उपैति' ( सर्वतः ) જેટલી કર્મજનિત સામગ્રી છે તેના પ્રત્યે મન, વચન, કાય ત્રિશુદ્ધિ વડે ( अतिविरक्तम् ) અતિ વિરક્તપણે અર્થાત્ સર્વથા ત્યાગરૂપ ( उपैति ) પરિણમે છે. શા કારણથી એવો છે? 'यतः खलु कांक्षितम् न वेद्यते एव' ( यतः ) કારણ કે ( खलु ) નિશ્ચયથી ( कांक्षितम् ) જે કાંઈ ચિંતવ્યું છે તે ( न वेद्यते ) પ્રાપ્ત થતું નથી, ( एव ) એમ જ છે. શા કારણથી? 'वेद्यवेदकविभावचलत्वात्' ( वेद्य ) વાંછવામાં આવે છે જે વસ્તુસામગ્રી અને ( वेदक ) વાંછારૂપ જીવનો અશુદ્ધ પરિણામ, તેઓ છે ( विभाव ) બંને અશુદ્ધ, વિનશ્વર, કર્મજનિત, તે કારણથી ( चलत्वात् ) ક્ષણે ક્ષણે અન્ય અન્ય થાય છે. કોઈ અન્ય ચિંતવાય છે, કોઈ અન્ય થાય છે. ભાવાર્થ આમ છે કે-અશુદ્ધ રાગાદિ પરિણામ તથા વિષયસામગ્રી બંને સમયે સમયે વિનશ્વર છે, માટે જીવનું સ્વરૂપ નથી. આ કારણથી સમ્યગ્દષ્ટિને એવા ભાવોનો સર્વથા ત્યાગ છે. તેથી સમ્યગ્દષ્ટિને બંધ નથી, નિર્જરા છે. ૧૫-૧૪૭.

## કારતક સુદ ૧૦, રવિવાર, તા.૨૦-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૭, પ્રવચન - ૧૫૪

'કળશટીકા' 'નિર્જરા અધિકાર'. નિર્જરા એટલે? આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો અનુભવ, વર્તમાન પર્યાયમાં આનંદનું વેદન થતાં એ આનંદસ્વરૂપ પૂર્ણ છે એવી અંતર પ્રતીત થાય અને તેની સાથે અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, પર્યાયમાં એનો સ્વાદ અતીન્દ્રિય આનંદનો આવે ત્યારે તેને સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢીવાળો કહેવામાં આવે છે. એને નિર્જરા હોય છે, એમ કહે છે. જેને આ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર અનુભવમાં આવ્યો એથી એને પૂર્વના કર્મ છે એ ખરે છે. અશુદ્ધતા ગળે છે અને શુદ્ધતાની વૃદ્ધિ થાય છે. ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. નિ-વિશેષે ઝરવું. નિ-ર્જરા. નિ-વિશેષે ઝરવું, ખરવું. કોનું? કે આત્માના આનંદસ્વરૂપનો અનુભવ થતાં એને પૂર્વના કર્મના રજકણો, જેટલી અશુદ્ધતા ટળે તે પ્રકારે કર્મના રજકણો ત્યાં ગળે અને તે પ્રમાણે ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થાય. શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. આવી વ્યાખ્યા છે, બાપુ!

સંવર પહેલો થાય. એટલે? વિકારની ઉત્પત્તિ ન થાય અને ભગવાન શાંત આનંદસ્વરૂપની ઉત્પત્તિ થાય, એ પ્રથમ દશાને સંવર કહે છે. સંવર એ આત્માની શુદ્ધિની શુદ્ધ દશા છે. અરે..! આવી વાતું છે. સંવર એ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ, એની પર્યાયમાં શુદ્ધિની (ઉત્પત્તિ થવી તે છે). દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ તો પુણ્ય પરિણામ મેલ છે. એમ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એ તો પાપભાવ મલિન, તીવ્ર ઝેરના પરિણામ છે. એવા શુભાશુભભાવથી રહિત પોતાનો સ્વભાવ જે પવિત્ર ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ, તેની પર્યાયમાં પવિત્રતા પ્રગટ થવી એ સંવર (છે) અને પવિત્રતાની વૃદ્ધિ થવી એ નિર્જરા અને પવિત્રતાની પૂર્ણતા થવી તે મોક્ષ. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ!

અનંતકાળથી એ ચોર્યાસીના અવતાર કરી કરીને રખડી મર્યો છે, દુઃખી છે ઈ. એને આનંદસ્વરૂપની ખબર નથી કે મારો અતીન્દ્રિય આનંદ મારો મારામાં છે. એ બહારમાં વલખા નાખે મૂઢ. પૈસામાં, બાયડીમાં, છોકરામાં, કુટુંબમાં, આબરૂમાં. ત્યાંથી કાંઈક સુખ હશે (એમ માને છે) એ મૂર્ખનો મિથ્યાદષ્ટિનો ભાવ છે. જૂઠી દષ્ટિ. જેમાં સુખ નથી તેમાંથી સુખ લેવા માગે તે જૂઠી મહા પાપની પાપી દષ્ટિ છે. આહાહા..! અને જેમાં સુખ છે ભગવાનઆત્મામાં, અતીન્દ્રિય આનંદનો સાગર છે ઈ... આહાહા..! ત્યાં આનંદને ન માનતા પરમાં માને છે તે મિથ્યાત્વના બંધનને પામે. અને પરમાં આનંદ ક્યાંય નથી. ઈન્દ્રિયના વિષયોમાં, ભોગમાં કે આ ધૂળ મળે પાંચ, પચ્ચીસ લાખ પૈસા, કરોડ, બે કરોડ માટી, એમાં ક્યાંય સુખ નથી. સુખ નથી પુણ્ય અને પાપના ભાવમાં, સુખ નથી પુણ્ય-પાપના ફળના સંયોગમાં. સુખ છે અંતર ભગવાનઆત્મામાં અંતર. આહાહા..! મૃગની નાભિમાં કસ્તુરી, એ મૃગલાને કસ્તુરીની કિંમત

નથી. એમ મૃગલા જેવો આ આત્મા અનાદિનો અજ્ઞાની એના અંતરમાં આનંદ છે તેની એને ખબર નથી. આહાહા..! આ તો વેદ્ય-વેદક આવવાનું છે ને? 'દાસ'! તમારો પ્રશ્ન. (સંવત) ૧૯૯૧ના ફાગણ માસમાં. 'ઉમરાળા'. ૯૧-૯૧.

મુમુક્ષુ :- વેદ્ય-વેદક..

ઉત્તર :- વેદ્ય-વેદકનો પ્રશ્ન હતો. 'ઉમરાળા'. અહીં ૧૯૯૧ના ફાગણ વદ ત્રીજે આવ્યા છીએ. એ પહેલા 'ઉમરાળા' જન્મગામ છે ને આ દેહનો? ત્યાં હતા. ત્યાં દાસ આવ્યા હતા. આ વેદ્ય-વેદકનો પ્રશ્ન કર્યો હતો. પણ એના પહેલા આ ભૂમિકા બંધાય છે. આહાહા..!

અહીંયાં કહે છે કે ધર્મ એને થાય કે જે આત્માના સ્વભાવમાં ધર્મ છે. ધર્મી એવો જે આત્મા, એના સ્વભાવમાં ધર્મ છે. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ. એ ધર્મ છે અંદર. એ ધર્મનું પર્યાયમાં પ્રગટ થવું તેનું નામ ધર્મ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, બાપુ! એણે કોઈ દિ' અનંતકાળમાં.. બહારમાં બાયડી, છોકરા, કુટુંબ, શરીર, આબરૂ, કીર્તિ ને પૈસા. મરી ગયો, મારી નાખ્યો આત્માને. આહા..! એ મારા-મારા માની મારા ઊભા કર્યા બધા.

અંતર ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર નાથ, જેનું જ્ઞાન અતીન્દ્રિય, જેનો આનંદ અતીન્દ્રિય, જેની શાંતિ અતીન્દ્રિય. આહાહા..! એને જોવા તો જેણે કોઈ દિ' નજરું કરી નહિ. આહાહા..! એ જેણે નજરું અંદરમાં કરી... કેમ છે? સડકા... કેમ ચાલવું એ આત્માના અધિકારની વાત નથી. આહાહા..! અહીંયાં તો કહે છે, કર્મની નિર્જરા એને થાય અથવા મલિનતાની અશુદ્ધતા એને ટળે કે જેને આ શુદ્ધ ચૈતન્ય ભગવાન અંતર દૃષ્ટિમાં આવીને અનુભવ કર્યો હોય અને એ અનુભવમાં જેને આનંદના સ્વાદ આવ્યા હોય... આહાહા..! એને કર્મ ખરે, અશુદ્ધતા ગળે અને શુદ્ધિ વધે. એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા..! અરે..! બાપુ! આ તે વાતું બીજી છે, ભાઈ! એને માટે અહીંયાં ૧૪૭ ગાથા છે. શ્લોક-શ્લોક. કળશ.

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१५-१४७।।

આહાહા..! '**ખંડાન્વય સહિત અર્થ :- 'तेन विद्वान् किञ्चन न कांक्षति' 'તે કારણથી...'** '**विद्वान्**' વિદ્વાન એને કહીએ... આહાહા..! શાસ્ત્રના ભણતર ભણ્યો માટે વિદ્વાન એમ પણ નહિ. વિદ્વાન. વિત્ વિત્-આત્માની જે લક્ષ્મી છે આનંદની... આહાહા..! એ અતીન્દ્રિય આનંદની લક્ષ્મીવાળો થાય તે વિદ્વાન છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયાથી વાતું ફેર બહુ. વિત્ એટલે પૈસો. પૈસાના અર્થી એ દુઃખના અર્થી. એ દુઃખી પ્રાણી છે. અને વિત્-આત્માની લક્ષ્મી અતીન્દ્રિય જ્ઞાન અને આનંદ. ભાઈ! એ ઝીણી વાતું, પ્રભુ! આહાહા..! એ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની જે લક્ષ્મી અનંત ચૈતન્યસ્વભાવનો ચમત્કાર તત્ત્વ..

આહાહા..! એના સન્મુખ થઈને શુદ્ધિની ઉત્પત્તિ થવી, પવિત્રતાની ઉત્પત્તિ થવી તેને સંવર કહે છે અને વિશેષ પવિત્રતાની વૃદ્ધિ થવી તેને નિર્જરા કહે છે. એ અહીં કહે છે.

એવો જે '**સમ્યગ્દૃષ્ટિ જીવ,...**' આહાહા..! જેને ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મીઠાશ આવી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ દાખલો નહોતો આપ્યો શક્કરિયાનો? શક્કરિયું છે ને? આ શક્કરકંદ, શક્કરકંદ. શક્કરિયું આપણે ગુજરાતીમાં (કહે છે). એ શક્કરકંદ છે એ લાલ છાલ છે એને ન જુઓ તો અંદરમાં એકલી સક્કર. સક્કર એટલે સાકરનો પિંડ છે. એ લાલ છાલ જરી છે એ સિવાય એ સાકરનો શક્કરકંદ એટલે સાકરનો પિંડ છે એ. એમ આ ભગવાનઆત્મા એને પુણ્ય અને પાપના વિકલ્પોની છાલ છે, આ શરીર-બરીર તો ધૂળ, પર છે એની સાથે સંબંધ કાંઈ નથી, પણ અંદરમાં પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના, કામ, ક્રોધના ભાવ થાય એ લાલ છાલ છે. એ લાલ છાલની પાછળ અંદર ભગવાન અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે..! આવી વાતું હવે. ક્યાં... આ તો બહારમાં વલખા મારે છે બાયડીમાં, છોકરામાં, પૈસામાં, આબરૂમાં. આહાહા..! એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંદરમાં, છાલથી જેમ ભિન્ન પાડીને શક્કરકંદ સાકરની મીઠાશનો પિંડ પ્રભુ એ સાકર, એમ આ સાકર એટલે આનંદનો પિંડ પ્રભુ... આહાહા..! એને જેણે પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડી અને સ્વભાવની જેને શુદ્ધતાની એકતા પ્રગટી છે તે જીવને કર્મ ખરે છે, કર્મ ગળે છે અને તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આહાહા..! આવી શરતું. આહાહા..! શું થાય? ભાઈ!

અનંત કાળથી આથડ્યો છે. 'શ્રીમદ્' કહે છે ને 'વિના ભાન ભગવાન. સેવ્યા નહિ ગુરુ સંતને.' શું ગુરુ અને શું સંત છે એની એને ખબરું ન મળે. એને સેવ્યા નહિ એટલે કાંઈ એની સેવા કાંઈ પગ દાબવા છે? એણે જે કીધું એ એણે સ્વીકાર્યું નહિ. આહાહા..! 'સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' આહાહા..! અનંતકાળ થયો. અનંત અનંતકાળ એમાં વીત્યો છે.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ. જેને પરના અભિમાન છૂટી ગયા છે અને જેને સ્વરૂપની શ્રદ્ધાની દૃઢતાનું ભાન થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા '**સમ્યગ્દૃષ્ટિ જીવ,...**' '**किञ्चन**' આવો જે ધર્મી જીવ, જેને અતીન્દ્રિય આનંદના અનુભવમાં વેદન આવ્યું તે સમ્યગ્દૃષ્ટિ જીવ. આહાહા..! અત્યારે તો એમ કહે (છે), આ દેવ-ગુરુ-શાસ્ત્રને શ્રદ્ધે, નવ તત્ત્વને ભેદથી માને એ સમ્યગ્દૃષ્ટિ છે, એમ લોકો માનીને બેઠા છે. એમ નથી. આહાહા..! અહીંયાં વિદ્વાનની વ્યાખ્યા જ કરી. શબ્દ વિદ્વાન છે. વિદ્વાન એને કહીએ. આહાહા..! કે જેને પોતાના સ્વરૂપની લક્ષ્મીનું ભાન થયું. વિત્-વાન. લક્ષ્મીનું સ્વરૂપ જેને પ્રગટ્યું અંદરથી. આહાહા..! એ વિદ્વાન એટલે સમ્યગ્દૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિ એટલે કે વિદ્વાન. આહાહા..! બીજું બધું ભલે ન આવડતું હોય. વાંચતા ન આવડે, કહેતા ન આવડે... આહાહા..! સમજાણું કાંઈ? પણ એને આત્મા અંદર જે છે એ અનુભવમાં આવ્યો... આહાહા..! એને અહીં વિદ્વાન કહે છે, એને સમ્યગ્દૃષ્ટિ કહે છે, એને ધર્મના મોક્ષમહેલની પહેલી સીઢી કહે છે. આહાહા..!

'**સમ્યગ્દૃષ્ટિ જીવ, કર્મના ઉદયથી છે નાના પ્રકારની સામગ્રી...**' શું કહે છે? એ ધર્મી જીવને પૂર્વના કોઈ કર્મને કારણે સામગ્રીના ઢગલા બહાર દેખાય. પૈસા, સ્ત્રી, કુટુંબ, પરિવાર,

આબરૂ એ કર્મના ઉદયની સામગ્રી છે. એ કાંઈ ધર્મની સામગ્રી નથી. આહાહા..! કર્મના ઉદયને કારણે... આહાહા..! 'પોપટભાઈ'ની ઉંમર કેટલી હશે? ૭૧. તમારાથી એક વર્ષ મોટા. સવા વર્ષ. એમના મિત્ર હતા ને. સંપ્રદાયમાં સાથે પડિક્કમણા કરતા. આ હમણા ચાર દિ' પહેલા હતા અહીંયાં. રાત્રે બાર વાગ્યે, આજે બાર વાગે ઊડી ગયા. આહાહા..! નાશવાન તો પણ નાશવાન જ હોય ને, એમાં શું?

મુમુક્ષુ :- દરેક સમયે નાશવાન છે.

ઉત્તર :- દરેક સમયે નાશવાન પણ આમ જુદું પડે ત્યારે એને નાશવાન વધારે લાગે. આહાહા..! આ તો માટી છે, માટી-જગતની ધૂળ. આમેય નથી કહેતા? ખીલી વાગે કાંઈક ખીલી. તો કહે, મારી માટી પાકણી છે પાણી અડવા દેશો નહિ એમ કહે. ત્યાં માટી મારી પાકણી એમ કહે. આને માટી કહે. અને આમ કહે કે એ શરીર મારું છે પાછું. આહાહા..!

મુમુક્ષુ :- ભ્રમણા છે.

ઉત્તર :- ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... આહાહા..!

અહીં કહે છે, ભગવાનઆત્મા ચિદાનંદને ભૂલીને ભ્રમણાવાળા પરપદાર્થની સામગ્રીને ઈચ્છે છે. ઈચ્છે છે ત્યારે એ સામગ્રી નથી અને સામગ્રી આવે ત્યારે ઓલી ઈચ્છા છે એ રહેતી નથી. છતાં અજ્ઞાની ઈચ્છે છે અને ઈચ્છાના કાળમાં સામગ્રી નથી તેની ભાવના કરે છે. અને સામગ્રી આવે ત્યારે ઓલી ઈચ્છા હતી તે કાળ તો ચાલ્યો ગયો છે. આહાહા..! અહીં કહે છે કે સમ્યગ્દષ્ટિને ઈચ્છા હોતી નથી. એમ કહેવું છે અહીં. કારણ? કે કર્મના નિમિત્તે મળેલી સામગ્રી, એની કાંક્ષા કરે. કાંક્ષા કરે ત્યારે તો ત્યાં વેદવાનો સંયોગ નથી. અને જ્યારે સંયોગ વેદવાનો આવે ત્યારે ઓલી કાંક્ષાનો સમય ઈચ્છા રહેતી નથી. એવી ઈચ્છાના કાળને અને ભોગવવાના કાળને મેળ નથી. માટે ધર્મી તેની કાંક્ષા-ઈચ્છા કરતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું?

'**કર્મના ઉદયથી છે નાના...**' આ બધા પૈસા-બૈસા કર્મને લઈને મળે છે, હોં! હોંશિયારીને લઈને નહિ. કેમ હશે? 'ભગતભાઈ'! આ 'પોપટભાઈ' રાત્રે બાર વાગે મરી ગયા. બે કરોડ રૂપિયા. અહીં બેઠા હતા હમણાં. બુધવારે અહીં બેઠા હતા. બે કરોડ. છ છોકરા (છે). ઘણા લાખોની પેદાશો. રાતના બાર વાગે બે મિનિટમાં દેહ છૂટી ગયો. આહાહા..! એ ચીજ ક્યાં પણ એની હતી તે ન છૂટે? એની હોય એ છૂટે નહિ અને જે છૂટે છે તે એની નહિ. આહાહા..! અરે..! એને ખબરું ન મળે. જીવનના કાળ બધા પાગલપણામાં જાય છે એના. આહાહા..! બહારના ભલે ડાહ્યા ગણાય સંસારના પણ ધર્મને માટે તો ગાંડા-પાગલ છે. આહાહા..! પરમાત્મા કહે છે,...

મુમુક્ષુ :- બહારમાં તો પુણ્યની બોલબોલા છે.

ઉત્તર :- દુનિયા ગાંડા-પાગલની.. પાગલની શું કહેવાય? હોસ્પિટલ. એમાં પાગલ હોય ને બધા? આહાહા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો અને ગણધરોની સભાની વચમાં કહેતા તે વાત આ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ સંતો ત્યાંથી

આવેલા. ત્યાં ગયા હતા આઠ દિ'. ભગવાન બિરાજે છે. મહાવિદેહમાં ત્રિલોકનાથ 'સીમંધર' પરમાત્મા તીર્થંકર તરીકે બિરાજે છે. તેમની પાસે ગયેલા બે હજાર વર્ષ પહેલા. ત્યાંથી આવીને આ શાસ્ત્રો રચ્યા અને આ ટીકા કરનાર તો ગયા નહોતા તોપણ શાસ્ત્રના મર્મને ખોલી નાખ્યા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મીજીવને કર્મના નિમિત્તથી મળેલી આ ધૂળ આદિ, બાયડી, આ શરીર, પૈસા, આબરૂ, કીર્તિ, સ્ત્રી, કુટુંબ બધું, એને એ સમ્યગ્દૃષ્ટિ વાંછતો નથી. આહાહા..! કેમકે વાંછા ને ઇચ્છા છે તે નાશવાન (છે) અને જે સામગ્રીને ઇચ્છે છે તે વસ્તુ નાશવાન (છે). આહાહા..! એટલે જે ધર્મી છે તેને તો નિત્યાનંદ પ્રભુ ઉપર દૃષ્ટિ છે. આહાહા..! ધ્રુવ સ્વરૂપનો ધ્રુવના ધ્યાનના ધ્યેયમાં છે એ. ભલે તે વિકલ્પમાં હો અને બહારમાં હો. આહાહા..! ધર્મીની દૃષ્ટિ ધ્રુવ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ અંદર નિત્યાનંદ ઉપર દૃષ્ટિ હોવાથી... આહાહા..! એને કર્મના નિમિત્તે મળેલી સામગ્રી, તેને ભોગવવાની ઇચ્છા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે. ત્યારે બાવા થઈ જવું હવે અમારે? બાવો જ છો, સાંભળને! એ ચીજ તો પર છે. ધૂળ ને આ બધી પર છે. એ ક્યાં તારી છે અને તારામાં આવી ગઈ છે? આહાહા..! માન્યું તે ગમે તે માને. આહાહા..!

અહીં કહે છે, ધર્મીજીવ '**કર્મની સામગ્રીમાં કોઈ સામગ્રી-જીવને સુખનું કારણ એમ માનતો નથી,...**' આહાહા..! છે? જેને આત્મામાં આનંદનું ભાન થયું છે... આહાહા..! આ તો સ્પષ્ટ વાત હવે મુકાય બહારમાં. નહિતર ઝીણી વાત પડે. આહાહા..! જેને આત્મામાં અતીન્દ્રિય આનંદ અસ્તિપણે છે, અતીન્દ્રિય અનંત આનંદ છે અંદરમાં, એનું જેને વેદનમાં આનંદ આવ્યો એ ધર્મીજીવ પોતાના આનંદના ભોગવટા આગળ કર્મની સામગ્રીને તે ઇચ્છતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું. આહાહા..!

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને થાય?

ઉત્તર :- ચોથે. ચોથા ગુણસ્થાનની વાત છે આ. આહાહા..!

કહ્યું નહિ હમણાં? 'છ ઢાળા'માં આવે છે. મોક્ષ મહેલની પહેલી સીઢી સમ્યગ્દર્શન. માળ ઉપર ચડે ત્યારે દાદરો હોય ને? દાદરો. પગથિયા હોય ને? ચૌદ પગથિયા. એમ આ હજી ચોથું પગથિયું એટલે ધર્મનું પહેલું (પગથિયું). આહાહા..!

એ આત્માર્થી વિદ્વાન સમ્યગ્દૃષ્ટિ જીવ.. આહાહા..! એ કર્મના કારણે મળેલી સામગ્રી, ચાહે તો સ્ત્રીનું શરીર હોય કે એનો આત્મા હોય કે પૈસા હોય કે મકાન હોય... આહાહા..! તેમાં '**જીવને સુખનું કારણ એમ માનતો નથી,...**' કર્મના નિમિત્તથી મળેલી સામગ્રી-શરીર, બાયડી, કુટુંબ, પૈસા, આબરૂ-એમાં ધર્મી, આ ચીજ સુખનું કારણ છે એમ માનતો નથી. આહાહા..! બહુ શરતું પણ આકરી. આવો ધર્મ! બાપુ! જિનેન્દ્ર ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર તીર્થંકરદેવનો આ હુકમ છે. આહાહા..! '**જીવને સુખનું કારણ એમ માનતો નથી,...**' પૈસામાં, શરીરમાં, સ્ત્રીમાં, છોકરાઓમાં, આબરૂમાં... આહાહા..! મોટા ૪૦-૪૦ લાખ-કરોડોના બંગલા હોય. આહાહા..! ધર્મીજીવ એને કહીએ કે કર્મની સામગ્રીમાં ક્યાંય સુખ, ઉલ્લાસ, પોતાના આનંદ સિવાય ક્યાંય વિશેષપણે આનંદ છે એવું એ માનતો નથી.

આહાહા..! અબજો રૂપિયાના ઢગલા આવતા હોય, કરોડોની પેદાશ હોય. ધર્મીને ત્યાં ક્યાંય એને સુખબુદ્ધિ નથી. એને ધર્મી કહીએ. આહાહા..! આ સામાયિક કરી, પોષા કર્યા, પડિક્કમણા કર્યા અને થઈ ગયા ધર્મી. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? હજી સામાયિક કહેવી કોને એની ખબરું ન મળે. આહાહા..!

અહીંયાં પરમાત્મા જિનેશ્વરદેવ એમ ફરમાવે છે. સંતો આડતિયા થઈને વીતરાગની વાત કરે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરના ઘરનો આ માલ છે. એની એ વાણી છે. આહા..! એ વાણી સંતો જગતને જાહેર કરે છે. ભગવાન! જે કોઈએ આ ભગવાનઆત્માને ઓળખ્યો હોય... આહાહા..! ભગ એટલે આત્માની લક્ષ્મી, વાન-સ્વરૂપ એ તો લક્ષ્મીવાન પ્રભુ આત્મા છે અંદર. આહાહા..! એ પરમાત્માસ્વરૂપે બિરાજમાન છે આત્મા અંદર. પણ ક્યાં બાપુ? નજર કે દિ ત્યાં છે? આહાહા..! એ પરમાત્મસ્વરૂપની જેને અંતર અનુભવમાં દૃષ્ટિ થઈને ચૈતન્યના આનંદના વેદન થયા છે... આહાહા..! એ કર્મની કોઈ સામગ્રીમાં સુખનું કારણ છે એમ માનતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે?

**'સર્વ સામગ્રી દુઃખનું કારણ એમ માને છે.'** અસ્તિ-નાસ્તિ કરી. આહાહા..! આ શરીર, સ્ત્રી, પૈસા, મકાન એ બધા દુઃખના કારણ છે-એ દુઃખના નિમિત્તો છે. એ દુઃખ નથી. એમાં માન્યું છે કે આમાં સુખ છે, એ દુઃખ છે. આહાહા..! એ તો જ્ઞેય છે. પણ કહે છે કે એના ઉપર લક્ષ જતાં તેને રાગનો ભાવ ઉત્પન્ન થાય એ દુઃખ છે. એ દુઃખનું કારણ એ બધી ચીજ છે. આહાહા..! કહો, આ લાડવા, દાળ-ભાત, શાક, મેસુબ. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી. પહેલો મેસુબ. કહે છે કે ધર્મીને ત્યાં સુખનું કારણ છે એમ માનતો નથી. એ દુઃખનું કારણ છે એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, પ્રભુ! બહુ સૂક્ષ્મ છે. આહાહા..! અત્યારે તો બહારમાં કડાકૂટમાં ગોઠવી દીધો. આ વ્રત પાળો, તપસ્યા કરો, અપવાસ કરો, ભક્તિ કરો, દાન કરો બે-પાંચ-દસ લાખના. ધૂળમાંય ધર્મ નથી ત્યાં ક્યાંય. પર સામગ્રીમાં સુખનું કારણ માનતો નથી. અહીં તો કહે છે, દુઃખનું કારણ માને છે, એમ કહે છે. આહાહા..!

**'સર્વ સામગ્રી દુઃખનું કારણ એમ માને છે. વળી કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ?' 'सर्वतः अतिविरक्तम् उपैति'** આહાહા..! **'જેટલી કર્મજનિત સામગ્રી છે...'** એ દયા, દાનના વિકલ્પો અને બહાર શરીર, કર્મ આદિ બધું. **'તેના પ્રત્યે મન, વચન, કાય-ત્રિશુદ્ધિ વડે અતિ વિરક્તપણે અર્થાત્ સર્વથા ત્યાગરૂપ પરિણમે છે.'** આહાહા..! એટલે? શુદ્ધ ચૈતન્યસ્વભાવના અનુભવની આગળ ધર્મીજીવ રાગનો સૂક્ષ્મ વિકલ્પ ઉત્પન્ન થાય ત્યારથી માંડીને બધી ચીજો, તેમાંથી અતિ વિરક્ત છે. સ્વરૂપમાં રક્ત છે અને રાગથી વિરક્ત છે. આહાહા..! **'અતિ વિરક્ત...'** કહ્યું છે. છે?

**'અતિ વિરક્તપણે અર્થાત્ સર્વથા ત્યાગરૂપ પરિણમે છે.'** આહાહા..! ચૈતન્ય વીતરાગ સ્વરૂપે છે, જિનસ્વરૂપે ભગવાનઆત્મા તો અંદર છે. એ જિનસ્વરૂપનું વીતરાગી પરિણમન જ્યાં છે, ત્યાં આગળ રાગથી માંડીને બધી સામગ્રીથી અતિવિરક્ત છે. આહાહા..! વિરક્તિ તો મુનિ થાય ત્યારે થાય. એ તો રાગની વિરક્તિ. અહીં તો એ વસ્તુથી અતિવિરક્ત-ભિન્ન છે.

આહાહા..! શબ્દ તો વિરક્તિ લીધી છે. બધી રાગથી માંડીને સામગ્રીના ઢગલા ચક્રવર્તીના હોય કે ઇન્દ્રના ઇન્દ્રાસન હોય, સમ્યગ્દૃષ્ટિ પરપદાર્થથી અતિવિરક્તપણે પરિણમે છે. આહાહા..! આવું શું હશે ધર્મ? કેટલાક કહે કે આ નવો ધર્મ કાઢ્યો? એમ કહે છે. ભગવાન! તને ખબર નથી, પ્રભુ! વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્ર અથવા જિનસ્વરૂપ આત્મા, એનો માર્ગ અનાદિનો આ જ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કર્મની સામગ્રી પ્રત્યે, ચાહે તો શુભભાવ હો એ પણ કર્મની સામગ્રી છે. આહાહા..! ચાહે તો પાપભાવ હો એ કર્મની સામગ્રી છે. આહાહા..!

ધર્મીજીવ પોતાના સ્વભાવમાં રક્ત હોવાને લીધે રાગાદિથી માંડીને કર્મની બધી સામગ્રીથી અતિવિરક્તપણે પરિણમે છે. આહાહા..! અસ્તિપણે પરિણમે છે એમ કહેતાં પરથી અતિવિરક્તપણે પરિણમે છે. એટલે કે રાગપણે પરિણમતો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! '**अतिविरक्तम् उपैति**' આહાહા..! સચ્ચિદાનંદ પ્રભુ આત્મા સત્ નામ શાશ્વત અવિનાશી જ્ઞાન અને આનંદના સ્વભાવથી પણ અવિનાશી એવા ભગવાનને જેણે જોયો અને અનુભવ્યો. સમ્યગ્દૃષ્ટિને ભગવાનના ભેટા થયા. પોતાના, હોં! પોતાનો ભગવાન. આહાહા..! એને આ રાંક ઋદ્ધિ રાગની અને બહારની, એના પ્રત્યેથી અંદરમાં અતિવિરક્ત છે. આહાહા..! ક્યાંય એની રુચિ જામતી નથી. સમજાણું કાંઈ? રુચિ જ્યાં જામી છે આનંદમાં, એને આ રાગથી માંડીને બહારના ઢગલા ચક્રવર્તીના હો, ક્યાંય રુચિ જામતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

વાણિયાને જેમ પોસાતો માલ લે. અઢી રૂપિયે મણ મળતું હોય અહીં ત્રણ ઊપજતા હોય તો માલ લે. પણ અઢી રૂપિયે (લેતા) હોય અને સવા બે ઊપજતા હોય એવો માલ લે? વાણિયા એવું કરે? એમ અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં નફો મળે છે આત્મામાં ત્યાં રક્ત છે. પરમાંથી નફો નથી ત્યાંથી વિરક્ત છે. આહાહા..! ભારે વાતું ભાઈ, આવી! અહીં તો અત્યાર સુધી એવું સાંભળ્યું કે ઇચ્છામી પડિક્કમણા ઈરિયા વહિયાએ વિરાણયાએ તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો! તસ્સઉતરી કરણેણ તાવકાય ઠાણેણં મોણેણ અપ્પાણં વોસરે. એ બધા ઘડિયા હતા. સમજાણું કાંઈ? એ તો બધા વિકલ્પ, રાગ એના ઘડિયા હતા. એમાં માન્યું કે અમે ધર્મ કરીએ છીએ. આહાહા..!

અહીં કહે છે, આહાહા..! નાશવાન સામગ્રી જુઓ તો ખરા. '**મન, વચન, કાય-ત્રિશુદ્ધિ વડે...**' શું કીધું? ભાષા જોઈ? મન ને વચન ને કાયાની પોતાના આત્માના આનંદ સિવાય પરસામગ્રીથી મન, વચન અને કાયાથી અતિવિરક્ત છે. આહાહા..! અરે..! એણે સાંભળ્યું નથી, એની ખબરું નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**શા કારણથી એવો છે?**' '**यतः खलु कांक्षितम् न वेद्यते एव**' આહાહા..! '**કારણ કે નિશ્ચયથી જે કાંઈ ચિંતવ્યું છે તે પ્રાપ્ત થતું નથી,...**' એટલે શું કહે છે? કાંક્ષા થાય એ પ્રમાણે ત્યાં સામગ્રી ન હોય. અને સામગ્રી આવે ત્યારે ઓલી કાંક્ષાના ભાવનો કાળ ચાલ્યો જાય છે. આહાહા..! ઇચ્છા થાય કોઈ ચીજની, ત્યારે ઇચ્છાકાળે એ ચીજનો અનુભવ હોય અને ચીજ હોય તો તો ઇચ્છા થાય જ નહિ. ઇચ્છા છે ત્યારે સામગ્રી ઉપર લક્ષ નથી. અને સામગ્રી આવે અને લક્ષ થાય ત્યારે ઓલી

ઈચ્છા રહેતી નથી. આહાહા..!

વેદ્ય-વેદકભાવ. વેદ એટલે ઈચ્છા થવી તે કાંક્ષા અને વેદક એટલે જે સામગ્રી આવે એને વેદવાનો ભાવ થાય તે વેદક. આહાહા..! શું કહ્યું એ? વેદ્ય-વેદક. ઈચ્છા થવી. વેદ્ય એટલે ઈચ્છા થવી. વેદવા યોગ્ય ચીજની ઈચ્છા થવી. ભોગવવા યોગ્ય સ્ત્રી, પૈસો, લક્ષ્મી, આબરૂ એને ભોગવવા યોગ્ય સામગ્રીની ઈચ્છા થવી-એ વેદ્ય. અને જ્યારે ઈચ્છા થઈ ત્યારે ઓલી સામગ્રીનો ભોગવટો નથી. ત્યારે ભોગ ઉપર લક્ષ નથી. અને જ્યારે સામગ્રી આવી અને લક્ષ ગયું ત્યારે ઓલી ઈચ્છા રહેતી નથી. આહાહા..! જે નાશવાન, ભાવ નાશવાન, સામગ્રી નાશવાન અને બેનો ક્યાંય મેળ ખાતો નથી. એને કોણ ઈચ્છે? એમ કહે છે. આહાહા..! જવાબદારી બહુ. આહાહા..!

મુમુક્ષુ :- સમય સમયે જુદું જ છે.

ઉત્તર :- ઈચ્છા કરે કે આને ભોગવું ત્યારે તો એ ભોગવવાનો કાળ નથી. ઈચ્છા ગઈ અને ભોગવવાનો કાળ આવ્યો ત્યારે ઓલી ઈચ્છા રહેતી નથી. આહાહા..! બેય નાશવાનને લઈને અને ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્યના ધ્રુવ ઉપર હોવાને લીધે... આહાહા..! નિત્યાનંદ પ્રભુ શાશ્વત પદાર્થ પ્રભુ છે, એના ઉપર ધર્મીની દૃષ્ટિ હોવાથી, નાશવાનની ઈચ્છા અને ભોગવટાનો ભાવ એને હોતો નથી. આહાહા..! આવી વાતું હવે. શું સાંભળી આવ્યા તમે? કોણ જાણે કાંઈક કહેતા હતા. આ વેદ્ય ને વેદકને. અરે..! બાપા! પ્રભુના માર્ગ એવા ઝીણા છે. ભાઈ! તને સાંભળવા મળ્યો નથી. ત્રણલોકના નાથ જિનેન્દ્ર પરમેશ્વર એના પડ્યા વિરહ અત્યારે ભરતક્ષેત્રમાં. એ ભગવાનની વાણી આ આવી. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનનો વિરહ છે, વાણીનો વિરહ નથી.

ઉત્તર :- વાણી તો આવી. કીધું ને. પણ વાણીમાં કહેલા ભાવોનો એને વિરહ છે. પરની ઈચ્છા કરે છે તેને વાણીના ભાવનો વિરહ છે. કારણ કે કાંક્ષા પરની કરે છે અને સામગ્રી તો તે કાળે હોતી નથી અથવા સામગ્રી ઉપર લક્ષ હોતું નથી. અને સામગ્રી ઉપર લક્ષ જાય છે ત્યારે ઓલી કાંક્ષા કે ઈચ્છા રહેતી નથી. આવા નાશવાનને કોણ ઈચ્છે? અને જે આવી ઈચ્છા કરે તે સમ્યગ્દૃષ્ટિ નથી. આહાહા..!

જેને નિત્યાનંદનો નાથ ભગવાન પ્રભુ... આહાહા..! શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ જ્યાં મળ્યો અંદર દૃષ્ટિમાં અને વેદનમાં... આહાહા..! એને આ પર સામગ્રીની ઈચ્છા અને વેદન, બેનો મેળ નથી માટે તે ઈચ્છા કરતો નથી. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કીધું એટલે શું? સમજાય જાય એ તો બહુ અલૌકિક વાત. પણ કઈ પદ્ધતિ છે? કઈ રીત છે? એ રીતનો ખ્યાલ આવે છે? આહાહા..! મારગડા નાથ તારા જુદા, પ્રભુ! પણ તને ખબર નથી. આહાહા..! એમ ને એમ બફમમાં ને બફમમાં જિંદગી જાય જગતની. આહાહા..!

અહીં કહે છે, ખરેખર '**જે કાંઈ ચિંતવ્યું છે તે પ્રાપ્ત થતું નથી,...**' છે? ઈચ્છા-કાંક્ષમાણ એ વેદ્ય છે, વેદ્ય. ઈચ્છા કાંક્ષમાણ એ વેદ્ય. વેદવાયોગ્ય ચીજને વેદવાની ઈચ્છા થઈ કે આને વેદું. એ વખતે સામગ્રી નથી. ચિંતવ્યું... છે? '**જે કાંઈ ચિંતવ્યું છે તે પ્રાપ્ત થતું નથી, એમ જ છે. શા કારણથી?**' '**वेद्यवेदकविभावचलत्वात्**' '**વાંછવામાં આવે છે જે વસ્તુસામગ્રી...**'

આહાહા..! કે આ શરીરને હું આમ ભોગવું. એવી ઈચ્છા થઈ તે કાળે ભોગવવાનો કાળ નથી અને ભોગવવાની સામગ્રી ઉપર લક્ષ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ વેદ્ય. વાંછવામાં આવે છે, એ શબ્દ પહેલો. અને **'वेदक' 'વાંછારૂપ જીવનો અશુદ્ધ પરિણામ,...'** ભોગવવા લાયક જે અશુદ્ધ પરિણામ છે એના. જ્યારે સામગ્રી તરફ લક્ષ જાય છે ત્યારે એનું વેદન અશુદ્ધ પરિણામનું છે. પહેલા કાંક્ષા હતી એ ગઈ અને સામગ્રી આવી ત્યારે વેદનનો ભાવ અશુદ્ધ પરિણામ થયા. અશુદ્ધ પરિણામ વખતે ઓલી કાંક્ષાની ઈચ્છા નથી. ઈચ્છા વખતે ભોગવવાના અશુદ્ધ પરિણામ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે. ભાવ તો જેમ છે એમ છે, ભાઈ! આહાહા..! કહો, 'દાસ'!

મુમુક્ષુ :- જૂનો પ્રશ્ન છે.

ઉત્તર :- 'દાસ'નો જૂનો પ્રશ્ન છે. સંપ્રદાયમાં (સંવત) ૯૧માં હતા ને? 'ઉમરાળે' જન્મ ગામમાં. પછી તરત ફાગણ વદ ત્રીજે અહીં આવ્યા છીએ. ૧૯૯૧ના ફાગણ વદ ત્રીજ. ૪૩ વર્ષ પૂરા થશે અહીં. ફાગણ વદ ત્રીજે. ૪૩ અહીં થયા. ત્યાં 'દાસે' પ્રશ્ન કર્યો હતો. 'ઉમરાળા'. જનમ ગામ છે ને 'ઉમરાળા'? ૧૧ માઈલ (દૂર છે). આહાહા..!

ટૂંકા શબ્દમાં લઈએ તો જ્યારે એને ઈચ્છા થાય છે ત્યારે તેને પર સામગ્રી તરફના ભોગવવાનો ભાવ નથી. અને પર તરફના ભોગવવાનું લક્ષ અને ભાવ આવ્યો ત્યારે ઓલી ઈચ્છા રહી નહિ. એટલે મેળ ન ખાધો ક્યાંય. એવી ચીજને કોણ ઈચ્છે? આહાહા..! એ મિથ્યાદષ્ટિ એને ઈચ્છે. એમ કહે છે. આહાહા..! આકરી વાત છે, ભાઈ! આ જુઓને ચાલ્યા ગયા. એક બે મિનિટમાં. બુધવારે તો અહીં બેઠા હતા. 'પોપટલાલ મોહનલાલ' 'વઢવાણ'. 'મુંબઈ'માં મોટી પેઢી. બે કરોડ રૂપિયા. કહેવાય છે બે. એથી વધારે હશે. છ છોકરાને મોટી પેદાશ છે. એમાં એક મિનિટમાં રાત્રે બાર વાગે, સાડા બાર વાગે. આ 'હિંમતભાઈ'ને લઈને બધા આવેલા. એ અને 'નવનીતભાઈ' ને. ફોન ત્યાં પહેલો આવ્યો. 'જોબાળિયા'. બાર વાગે ગુજરી ગયા અને ફોન આવ્યો કે 'પોપટભાઈ'.. શું તમારી ભાષા કહેવાય? હાર્ટ ફેઈલ. હાર્ટ ફેઈલ એટલે હાડ બેસી જાય, એમ. આહાહા..! અરે..! એના મકાન, બાયડી, છોકરા, પૈસા. છોકરા પણ ભેગા થયા નહિ. કારણ કે બીજે છોકરા સૂતા હોય. આહાહા..! દેહની સ્થિતિ જે સમયે પૂરી થવાની તે સમયે ઈન્દ્ર, નરેન્દ્ર, ડોક્ટર આવે તો રોકી શકે નહિ. આહાહા..!

એક તો નહોતું કીધું? આ 'મલકાપુર'માં છે. 'સ્વરૂપચંદ' કરીને જુવાન છોકરો છે. મોટો વેપારી છે. કાપડનો મોટો (વેપારી). દસ-દસ હજારના કાપડ રાખે છે અંદર. આખું 'મોક્ષમાર્ગ પ્રકાશક' કંઠસ્થ. 'મોક્ષમાર્ગ પ્રકાશક'. 'મલકાપુર'માં છે. બહુ લાગણીવાળો છે. કાપડનો વેપારી મોટો છે. અમે ગયા ત્યારે કુંવારો હતો. હવે પરણ્યો છે. પણ પૈસા અને વેપારી મોટો છે. એ કહેતો હતો, એકવાર કે હું આમ બેઠો હતો અને મારો મિત્ર બેઠો હતો. ૨૫ વર્ષનો. અમે બેય જણા વાતું કરતા હતા. વાતું કરતા આમ મેં જોયું ત્યાં ફૂ થયું ત્યાં દેહ ઊડી ગયો. નહિ રોગ, નહિ કાંઈ. પણ એ તો દેહની સ્થિતિ પૂરી થતાં બાપા! એક ક્ષણ છે. ફૂ આટલું થયું ત્યાં આમ જોયું ત્યાં.. લોકોને વહેમ પડી જાય કે.. આ તો મિત્ર હતો. નહિતર જુવાન માણસને થયું શું આ? બાપુ! એ તો સ્થિતિ પૂરી થવાને કાળે .. થશે. આહાહા..! તે જ ક્ષેત્રે, તે જ કાળે, તે

જ સંયોગે, તે જ સ્થિતિએ દેહ છૂટવાનો. એ ફેરફાર ત્રણકાળમાં થાય એવો નથી. આહાહા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! એકવાર સાંભળને તું. જો તને તારા સ્વભાવનો અનુભવ અને આનંદનું વેદન હોય... અનાદિથી તો પુણ્ય અને પાપ રાગનું વેદન છે. કર્મચેતના અને કર્મફળચેતનાનું વેદન છે. ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પુણ્ય-પાપના ભાવ એ કર્મચેતના. કર્મ એટલે રાગની કાર્યચેતના અને એનો અનુભવ કરવો હરખ-શોકનો એ કર્મફળ એટલે વિકારના કાર્યનું ફળ એને કર્મફળચેતના કહે છે. કર્મ એટલે જડ (કર્મનું) અહીં કામ નથી. એ અનાદિથી એણે આકુળતાનું જ વેદન કર્યું છે. આહાહા..! ચાહે તો નરકમાં રહ્યો, નિગોદમાં રહ્યો... આહાહા..! અને સાધુ થયો દિગંબર, નગ્ન. પંચમહાવ્રત પાળ્યા, પણ એ બધું રાગનું વેદન, કર્મચેતનાનું વેદન છે, દુઃખનું વેદન છે. સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં કહે છે કે જેણે આત્માને જાણ્યો અને વેદ્યો... આહાહા..! એને એ રાગની ઈચ્છા કે ઈચ્છાની સામગ્રીને ભોગવું એ ભાવ જ એને હોતો નથી. કહો, 'શશીભાઈ'! આવી વાતું છે. આહાહા..!

મુમુક્ષુ :- 'જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.'

ઉત્તર :- એ સર્વ જાણ્યું એટલે? પર છે એ પર તરીકે જાણ્યું. એ તો કહ્યું હતું ને કાલે? સ્વનું જેને જ્ઞાન થયું હોય તે પરને પર તરીકે જાણે. સ્વના જ્ઞાન વિના પરને પર તરીકે જાણી શકે જ નહિ. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! સમજાણું કાંઈ? શું કીધું અહીંયાં?

'**વાંછવામાં આવે છે જે વસ્તુસામગ્રી...**' ઈચ્છા થાય કે આને હું ભોગવું એવી ઈચ્છા. તે વખતે સામગ્રી તરફ લક્ષ નથી. ત્યારે તો ઈચ્છા છે. છે? '**અને વાંછારૂપ જીવનો અશુદ્ધ પરિણામ,...**' એ ભોગવવાનો કાળ છે. જ્યારે સામગ્રી ઉપર લક્ષ ગયું ત્યારે તો અશુદ્ધ પરિણામનો ભોગવવાનો કાળ છે. અશુદ્ધ પરિણામના ભોગવવાના કાળે કાંક્ષમાણ-જે ઈચ્છા છે તે રહેતી નથી. અને ઈચ્છાના કાળે ભોગવવાનો ભાવ હોતો નથી. આહાહા..! આવી વાતું હવે. આ શું કરવું? ઓલું તો એકેન્દ્રિયની દયા પાળવી, બધાને દયા પાળવી એ ધર્મ છે. સહેલુંસટ હતું, લ્યો. બધું ઊંધુ હતું. 'જયંતિભાઈ'!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ ઈન્દ્રોની સમક્ષમાં અને સંતોના, ગણધરોના ટોળાની સમક્ષમાં આમ ફરમાવતા હતા. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**તેઓ છે બંને અશુદ્ધ,...**' જોયું? બંને કોણ? ઈચ્છા થવી સામગ્રીની વેદવાની. ત્યારે જ્યારે ઈચ્છા ગઈ ત્યારે સામગ્રી ઉપર લક્ષ ગયું. ત્યારે તો વેદવાનો ભોગ થઈ ગયો. એ બેય નાશવાન છે. આહાહા..! '**બંને અશુદ્ધ, વિનશ્વર, કર્મજનિત,...**' આહાહા..! બહુ ટૂંકામાં ઘણું સમાવ્યું છે. આહાહા..! એનો પહેલો અભ્યાસ જોઈએ, ભાઈ! એલ.એલ.બી. અને એમ.એ. ભણવામાં પણ પાંચ-દસ વર્ષ કાઢે છે કે નહિ? આ તો વખત જ ન મળે. ઘણા તો એવું બોલે કે મરવાનો વખત નથી હમણા અમારે. બહુ સારી વાત, ભાઈ! આહાહા..! શું બોલે છો તું આ? હમણા તો એવો ધંધો ચાલે છે ને... આહાહા..!

મુમુક્ષુ :- સોનાની નદીયું વહે છે.

ઉત્તર :- અમારે ત્યાં ગુજરાતમાં કાચુ સોનું પાકે-કપાસ. અમારે 'પાલેજ'માં દુકાન

હતી ને? ત્યાં તો એક-એક દિવસના હજારો ગાડા કપાસના. 'પાલેજ' છે ને? 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે. ત્યાં દુકાન હતી ને. અમારા પિતાજીની દુકાન. ત્યાં હું નવ વર્ષ રહ્યો છું. પાંચ વર્ષ તો મેં પણ દુકાન ચલાવી હતી ત્યાં. પણ નાની ઉંમર. ૧૭ અને ૨૨. ૧૭ વર્ષથી ૨૨. અત્યારે થયા ૮૮. તે દિ' ત્યાં હજારો ગાડા કપાસના (આવે). મોટો વેપાર. છે ને, હજી દુકાન છે. અમારા ભાગીદારના છોકરાઓ છે. ૩૦-૩૫ લાખ રૂપિયા છે. ૩-૪ લાખની પેદાશ છે. છોકરાઓ છે હજી. આવે છે બધા. એ દુકાન તે દિ'ની છે. ધૂળના ધંધા બધા પાપના.

મુમુક્ષુ :- ધૂળના કે પાપના.

ઉત્તર :- પાપના. એ પાપ જ ધૂળ છે ને. આહાહા..!

અહીં કહે છે, ધર્મીજીવને સામગ્રી જે કર્મજનિત છે તેને ઇચ્છતો નથી અને જ્યારે સામગ્રી ઉપર લક્ષ જાય છે ત્યારે અશુદ્ધ પરિણામ થાય છે. બેય નાશવાન કર્મકાળે છે માટે તેને ઇચ્છતો નથી. એ તો આનંદની ભાવના, ભગવાન આનંદનો નાથ, પ્રભુ! એના તરફની ભાવના એટલે એકાગ્રતામાં વર્તે છે. ચાહે તો લડાઈમાં દેખાય, બોલવામાં દેખાય પણ તેની દૃષ્ટિ ત્યાંથી ફરતી નથી. ધ્રુવ ઉપરથી ખસતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હજી એ ક્યાં બેસે. છે?

**'ક્ષણે ક્ષણે અન્ય અન્ય થાય છે.'** ઇચ્છા પણ ક્ષણે ક્ષણે ભિન્ન થાય અને ભોગવવાના કાળમાં પણ પરિણામ ક્ષણે ક્ષણે ભિન્ન થાય. આહાહા..! એવા નાશવાનને, અવિનાશી ભગવાનની દૃષ્ટિવાળો એવા નાશવાનને કેમ ઇચ્છે? આહાહા..! **'માટે જીવનું સ્વરૂપ નથી. આ કારણથી સમ્યગ્દૃષ્ટિને એવા ભાવોનો સર્વથા ત્યાગ છે.'** ભારે વાત છે આ. ઇચ્છાનું થવું અને ભોગવવાનું થવું-બેય ભાવનો જેને ત્યાગ છે. અને ભગવાન આનંદના નાથ ઉપર જેને ગ્રહણ બુદ્ધિ છે. આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

(સ્વાગતા)

ज्ञानिनो न हि परिग्रहभावं
कर्म रागरसरिक्ततयैति।
रङ्गयुक्तिरकषायितवस्त्रे
स्वीकृतैव हि बहिर्लुठतीह।।१६-१४८।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'कर्म ज्ञानिनः परिग्रहभावं न हि एति' ( कर्म ) જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે તે ( ज्ञानिनः ) સમ્યગ્દૃષ્ટિ જીવને ( परिग्रहभावं ) મમતારૂપ સ્વીકારપણાને ( न हि एति ) નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી. શા કારણે? 'रागरसरिक्ततया' ( राग ) કર્મની સામગ્રીને પોતારૂપ જાણીને રંજિતપરિણામરૂપ જે ( रस ) વેગ, તેનાથી ( रिक्ततया ) ખાલી છે, એવો ભાવ હોવાથી. દૃષ્ટાન્ત કહે છે-'हि इह अकषायितवस्त्रे रङ्गयुक्तिः बहिः लुठति एव' ( हि ) જેમ ( इह ) સર્વ લોકમાં પ્રગટ છે કે ( अकषायित ) હરડાં, ફટકડી,**

લોધર જેને લાગ્યા નથી એવા ( वस्त्रे ) કપડામાં ( रङ्गयुक्तिः ) રંગયુક્તિ અર્થાત્ મજીઠના રંગનો સંયોગ કરવામાં આવે છે તોપણ ( बहिः लुठति ) કપડાને લાગતો નથી, બહાર ને બહાર ફરે છે, તેવી રીતે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવને પંચેન્દ્રિયવિષયસામગ્રી છે, ભોગવે પણ છે; પરંતુ અંતરંગ રાગ-દ્વેષ-મોહભાવ નથી, તેથી કર્મનો બંધ નથી, નિર્જરા છે; કેવી છે રંગયુક્તિ? 'સ્વીકૃતા' કપડું અને રંગ એકઠાં કરવામાં આવ્યા છે એવી. ૧૬-૧૪૮.

## કારતક સુદ ૧૧, સોમવાર, તા.૨૧-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૮-૧૪૯ , પ્રવચન - ૧૫૫

'કળશટીકા' ૧૪૮-કળશ છે.

ज्ञानिनो न हि परिग्रहभावं
कर्म रागरसरिक्ततयैति।
रङ्गयुक्तिरकषायितवस्त्रे
स्वीकृतैव हि बहिर्लुठतीह।।१६-१४८।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'कर्म ज्ञानिनः परिग्रहभावं न हि एति' શું કહે છે? જેને આત્માના આનંદનો રસ જાગ્યો છે. અંતર આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એ આનંદનો રસ.. અહીં રસની વ્યાખ્યા કરશે. વેગ. અતીન્દ્રિય આનંદનો જેને વેગ ચડ્યો છે અંદર. દરિયામાં જેમ પાણીનો વેગ આવે... આહા..! 'નિર્જરા અધિકાર' છે ને? એમ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એનો એની પર્યાયમાં વેગ-રસ આનંદનું શુદ્ધતાનું પરિણમન થાય. અને જેને આનંદના રસની પ્રીતિ આગળ પરપદાર્થ અને પરપદાર્થ પ્રત્યેનો રાગ તેની રુચિ, રાગ તેનો રંગ ઊડી ગયો છે. અજ્ઞાની બહારથી છોડીને બેસે. સ્વર્ગના દેવ છે ને? મિથ્યાદષ્ટિ નવમી ગ્રૈવેયક (જાય). એને જાવજીવ સ્ત્રીનો ભોગ નથી. છતાં એને અંદરમાં રાગની એક્તાબુદ્ધિ પડી છે. આહાહા..! શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ ઘન પ્રભુ, એની સાથે રાગનો પાતળો કણ પણ એકત્વબુદ્ધિમાં પડ્યો છે તે મિથ્યાદષ્ટિને રાગનો રસ છે. આહાહા..!

મુમુક્ષુ :- સંયમ નથી.

ઉત્તર :- સંયમ નથી અને મિથ્યાત્વ (છે). અહીંયાં તો સમકિત પણ નથી. સમજાણું કાંઈ? કેમકે રાગ છે તેની દિશા પર તરફ છે. અને પર તરફના રસમાં જેને રંગ છે... આહાહા..! એને ભગવાનઆત્મા આનંદના રસનો તેને લિપ્ત-ખાલી છે ઈ. આહાહા..!

ધર્મી જીવ... અહીંયાં તો 'નિર્જરા અધિકાર' છે ને? જેને જ્ઞાનમાં કર્મ અને રાગરસ બે. એટલે કર્મ એટલે ક્રિયાઓ શરીર, વાણી, મન, આ બહારની ક્રિયાઓ એ કર્મ છે. કર્મ એટલે જડની, પરની ક્રિયા તેને અહીં કર્મ કહે છે. એ કર્મની સામગ્રી ઉપર પણ જેનો રસ તૂટી ગયો છે. જેને અંતર આત્માના આનંદનો રસ આવ્યો છે, એ રસ આગળ સામગ્રીનો રસ જેને તૂટી

ગયો છે. આહાહા..!

પહેલો એક શબ્દ કર્મ મૂક્યો છે. **'कर्म ज्ञानिनः परिग्रहभावं न हि एति'** **'જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે તે સમ્યગ્દષ્ટિ જીવને મમતારૂપ સ્વીકારપણાને નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી.'** એ સામગ્રી મારી છે, એવો અંદર અભિપ્રાય છૂટી ગયો છે. આહાહા..! ચાહે તો ચક્રવર્તીના પદ હો. પણ જેને આત્માના આનંદના રસના વેગ ચડ્યા છે. આહાહા..! એને એ સામગ્રી પ્રત્યેનો પ્રેમ ઊડી ગયો છે. એટલે કે એ સામગ્રી મારી છે એ વાત ઊડી ગઈ, નાશ થઈ ગઈ. આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવને મમતારૂપ સ્વીકારપણાને નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી.'** એ મારા છે (એમ નથી). મારું તો આનંદસ્વરૂપ પ્રભુ છે. આહાહા..! અતીન્દ્રિય આનંદનો ઢગલો ભગવાનઆત્મા. આહાહા..! ઝીણી વાત, બાપુ! આમ તો અનંતવાર શાસ્ત્રના જ્ઞાન કર્યા અને માની પણ લીધું કે મને કાંઈક થયું છે. એવા અનંતવાર બફમમાં (કાળ ગયો). આત્માનો અતીન્દ્રિય આનંદનો રસ જ્યાં ચડ્યો છે અંદર, એ અતીન્દ્રિય આનંદના રસની આગળ ધર્મીને બાહ્ય સામગ્રીની પરિણતિની પર્યાય છે તે પ્રત્યેનું મમત્વ ઊડી ગયું છે. એ હું નહિ, એ મારા નહિ. અંતરમાં, હોં!

**'શા કારણે?'** કહે છે કે બાહ્ય સામગ્રીનો રસ ઊડી ગયો છે, મમતા ઊડી ગઈ છે, **'શા કારણે?'** **'रागरसरिक्ततया'** આહાહા..! **'કર્મની સામગ્રીને પોતારૂપ જાણીને રંજિતપરિણામરૂપ જે વેગ,...'** જોયું! આહાહા..! ક્ષણે અને પળે પર પદાર્થ પ્રત્યે કષાયનો વેગ હોય છે, વેગ. આહાહા..! એ વેગ તૂટી ગયો છે. આહાહા..! ભાષા જોઈ? રસનો અર્થ વેગ કર્યો? એ શું કહે છે? કે કર્મના નિમિત્તે મળેલી (સામગ્રી) પૈસા, શરીર, સ્ત્રી કુટુંબ આદિ. એ પર સામગ્રી. એમાંથી એકતાબુદ્ધિ ગઈ છે. કેમ? આહાહા..! કે તેના પ્રત્યેનો કષાયનો જે વેગ હતો આ... આ.. આમ ચાલતો સાથે, એ જ્યાં તૂટી ગયો છે. ઝીણું છે. આહાહા..! ઝીણો સૂક્ષ્મ કષાય વેગ. બાહ્ય સામગ્રી બોલવું, ચાલવું, બાહ્ય સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો આદિ, એમાં જ્યાં કષાયનો વેગ ક્ષણે સૂક્ષ્મ ચાલ્યો જાય છે. આહાહા..! અને જ્યાં જ્ઞાનસ્વભાવ રુંધાઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! એને એ વેગ અટકી ગયો છે. આહાહા..! પછી કહેશે સ્વરસો. ૧૪૯. સ્વરસ એટલે? પરરસ એટલે કષાયનો વેગ આમ સૂક્ષ્મ અને સ્વરસ એટલે ચૈતન્યના આનંદનું પરિણમનમાં શુદ્ધ પરિણમન એ સ્વરસ. આહાહા..!

ચાહે તો શાસ્ત્રના જ્ઞાન ઓછા હોય. બીજાને સમજાવવા માટે પણ ક્ષયોપશમ ઓછો હોય. આહાહા..! પણ ધર્મીનો વેગ આનંદના રસે ચડી ગયો છે. એ કષાયના વેગે જતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, ભાઈ! લોકો એમ માને કે અમે દયા પાળીએ, વ્રત પાળીએ, ભક્તિ, પૂજા, દાન (કરીએ) માટે એમાં ધર્મ છે. એ તો કષાયનો વેગ છે. આહાહા..! એ કષાયના વેગમાં પોતાની બુદ્ધિ રોકાય ગયેલી છે. એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! અશુભની તો શું વાત કરવી? પણ શુભના રાગના વેગમાં ચડી ગયો છે અને આ મને લાભદાયક છે અને તેમાં જ તેનું લીનપણું છે, એને કષાયનો વેગ (છે), એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! અને સમ્યગ્દષ્ટિ-સત્યદૃષ્ટિ એટલે જેવો આનંદરસ છે એવું પર્યાયમાં

આનંદરસનું પરિણમન થયું છે. એ સમ્યગ્દૃષ્ટિ (છે). સમજાણું કાંઈ? આહાહા..! બહુ ફેરફાર. ચાલતા પ્રવાહથી ફેરફાર ઘણો લાગે. બાપુ! મારગડા જુદા, ભાઈ!

કહે છે કે એવો વેગ. ભાષા, રસનો અર્થ વેગ કર્યો, જોયું! ધર્મીને પોતાના આનંદનો વેગ છે અંદર. ક્ષણે અને પળે જ્ઞાતા-દૃષ્ટાના વેગમાં રમે છે ઈ. આહાહા..! અને અજ્ઞાની પોતાના સ્વભાવના અનાદરમાં અને પર સામગ્રીના રસના વેગે ચડ્યો (છે) તે કષાયવાળો મિથ્યાદૃષ્ટિ જીવ છે. આહાહા..! ભલે એ બાહ્યથી મુનિ થઈને બેઠો હોય, નગ્નપણું હોય, અઠ્યાવીશ મુળગુણ હોય, છતાં એને કષાયનો વેગ છે. શુભરાગમાં વેગે ચડી ગયો છે ત્યાં. એનો જેને રસ છે. સમજાણું કાંઈ?

એ **'વેગ, તેનાથી ખાલી છે,...'** સમ્યગ્દૃષ્ટિને ક્ષણે અને પળે જે કષાયવંતને કષાયનો વેગ હતો... આહાહા..! તેનાથી સમ્યગ્દૃષ્ટિ ખાલી છે. આહાહા..! એટલે? પર તરફની સામગ્રી કરોડ હોય, અબજ હોય, ગમે તે હોય... આહાહા..! તેના પ્રત્યે રાગના રસનો વેગ જ ખાલી થઈ ગયો છે. રાગના રસથી ખાલી થઈ ગયો છે અને આનંદના રસથી ભરાઈ ગયો છે. આહાહા..! આવી વાતું છે. જિનેન્દ્રદેવ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માની આ વાણી છે. આહાહા..! જેને કર્મ એટલે બાહ્ય સામગ્રીની ક્રિયા, શરીરની, વાણીની, પૈસાની, આબરૂની, બાયડીની, છોકરાની એની જે ક્રિયા (થાય) એ કર્મ, એના પ્રત્યેનો જેને કષાયનો વેગ છે, એમાં જેને મીઠાશ છે એને કષાયનો વેગ છે અને એ મિથ્યાત્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ જેને આત્મા આનંદના રસનો અતીન્દ્રિય આનંદના રસનો રસિયો થઈ ગયો... આહાહા..! ચાહે તો બાહ્ય સામગ્રી એટલી હો... આહાહા..! લડાઈના પ્રસંગમાં ઊભો હોય અને જરી ક્રોધ પણ આવે, છતાં રસ ઊડી ગયો છે. વસ્ત્રનું દૃષ્ટાંત આપશે. વસ્ત્રનો દાખલો આપશે.

**'તેનાથી ખાલી છે,...'** જ્ઞાની-ધર્મી હરક્ષણે પર સામગ્રી તરફના કષાયના વેગથી ખાલી છે. આહાહા..! હરક્ષણે તે જ્ઞાનના વેગના રસમાં, આનંદના રસથી તે ભરેલો છે. 'ચંદુભાઈ'! આવો માર્ગ છે, ભાઈ! શું કરીએ? ક્યાં કહેવું? આહાહા..! આ 'નિર્જરા અધિકાર' છે ને? જેને આત્માના આનંદના રસ ચડ્યા છે, એને કહે છે કે, બાહ્યની સામગ્રી અને તેના પ્રત્યે રાગનો રસ ઊડી ગયો છે માટે તેને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! **'એવો ભાવ હોવાથી. દૃષ્ટાન્ત કહે છે-'** એટલે કે પરના તરફના રંગના વેગના ભાવથી ખાલી હોવાથી તેને બંધન છે નહિ. તેને પર પ્રત્યેનો મમત્વ અને અહંકાર છે નહિ. આહાહા..! અહમ. અહમપણું તો ચૈતન્યરસમાં આવી ગયું છે હવે. ધર્મીને અહંપણું-અહં-આ હું, એ અતીન્દ્રિય આનંદમાં અહંપણું આવ્યું છે. રાગ અને સામગ્રીમાંથી અહંપણું ઊડી ગયું છે. આવો ફેર છે મોટો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'દૃષ્ટાંત કહે છે-' 'हि इह अकषायितवस्त्रे रङ्गयुक्तिः बहिः लुठति एव' 'જેમ સર્વ લોકમાં પ્રગટ છે કે હરડાં, ફટકડી, લોધર જેને લાગ્યાં નથી...'** આહાહા..! જે વસ્ત્રમાં હરડે અને ફટકડીનો રંગ લાગ્યો નથી એને રંગ નહિ ચડે. એ રંગ અંદરમાં નહિ જાય. એ અંદરમાં સફેદી છે તે રહ્યા કરશે. આહાહા..! સમજાણું કાંઈ? જે વસ્ત્રને **'હરડાં, ફટકડી, લોધર જેને**

**લાગ્યાં નથી એવા કપડામાં રંગયુક્તિ અર્થાત્ મજીઠના રંગનો સંયોગ કરવામાં આવે છે તોપણ કપડાને લાગતો નથી,...'** જે કપડામાં લોધર આદિનો રંગ નથી ચડ્યો, એને બીજા મજીઠના રંગ નહિ ચડે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો વસ્ત્ર ધોળું-સફેદ રહેશે. એને... આહાહા..! મજીઠના રંગમાં ભલે રાખ્યું હોય કપડાને, પણ એ કપડાને રંગ નહિ ચડે. કેમકે ત્યાં લોધર અને ફટકડીના રંગ ચડ્યા નથી, એને આ રંગ નહિ લાગે. આહાહા..!

'**કપડાને લાગતો નથી,...**' '**बहिः लुठति**' એ મજીઠનો રંગ લોધરના રંગ વિના મજીઠનો રંગ કપડાથી બહાર લોટે છે. આહાહા..! કપડાને મજીઠનો રંગ ચડતો નથી. એમ ધર્મીને રાગનો રસ જ્યાં એકત્વબુદ્ધિ રાગના પ્રેમ એ બધી ઊડી ગઈ છે. એ રાગનો જેને રસ નથી, એને દુનિયાની સામગ્રી અને વિષય-કષાયનો ભાવ એનો એને રસ હોતો નથી. એનો રંગ એને ચડતો નથી. આહાહા..! મારગડા જુદા, બાપુ! દુનિયા માને ભલે માની બેસે એની કલ્પનાથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ વીતરાગ પરમાત્મા સો ઈન્દ્રની વચમાં ગણધરોના ટોળા હતા સંતોના, એમાં આ કહેતા એ આ વાત છે. પ્રભુ! તને આત્માનો રસ નથી તો તને રાગનો અને પરનો રસ છે. ભલે એ ત્યાગી થઈને બેઠો હોય. આહાહા..! પણ જેના રાગના કણ ઉપર (પ્રેમ નથી). મહાવ્રતનો રાગ, મહાવ્રત એક રાગ છે. એ કાંઈ ધર્મ અને સંવર-નિર્જરા નથી. આહાહા..! આસ્રવ છે. એ રાગનો જેને રંગ ચડ્યો છે... આહાહા..! એને આત્માનો રંગ લાગતો નથી. જ્ઞાનરસ આવતો નથી એને. અને જેને આત્મરસ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એના રસ જ્યાં જામ્યા છે અંદરમાં.. આહાહા..! એને કર્મ એટલે બાહ્યની સામગ્રીના કાર્યો અને તેના પ્રત્યેનો રંગ છે એનાથી તે જ્ઞાની ખાલી છે. આહાહા..! ફેરફાર અંતરની દૃષ્ટિ અને પરની દૃષ્ટિમાં ફેરફાર છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ. આહા..!

જેને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આનંદ, એની જેને દૃષ્ટિ થઈ છે એટલે કે પર્યાયમાં આનંદનો આસ્વાદ આવ્યો છે. આહાહા..! આમ દૃષ્ટિ થઈ છે એટલું નહિ પણ એ દૃષ્ટિ ત્યારે થઈ કહેવાય કે શક્તિમાં અનંત આનંદ છે તેની વ્યક્તિમાં અનંત આનંદનો અંશ આવે. સમજાણું કાંઈ? ત્યારે તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે એમ કહેવામાં આવે. અને જેની દૃષ્ટિ ચાહે તો ત્યાગ કરીને બેઠો હોય પણ અંદરમાં રાગના કણ ઉપર જેનો રસ છે, એ ધર્મના ભાવના રસથી ખાલી છે. ચાહે તો એ પંચમહાવ્રત પાળતો હોય. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીંયાં કહે છે કે એને સામગ્રી કોઈ ઈન્દ્રના ઈન્દ્રાસનની, કરોડો અપ્સરાની સામગ્રી હોય ક્રિયા એ તો પર અજીવની ક્રિયા પરની છે. અને તેના પ્રત્યેનો રાગરસ છે એ તો જેણે આત્માનો રસ નથી ચાખ્યો એને પરના રાગના રસ છે. આહાહા..! એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ? જેને રાગના રસ છે તેને પ્રભુ ચૈતન્યનો રસ નથી અને જેને ચૈતન્યના રસ છે તેને રાગનો રસ નથી. આહાહા..! એથી એને કર્મની નિર્જરા થાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**બહાર ને બહાર ફરે છે, તેવી રીતે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવને પંચેન્દ્રિયવિષયસામગ્રી છે,...**' કર્મ હતું ને જે કર્મ શબ્દ? એ બાહ્ય સામગ્રીના ઢગલા હોય.

એ તો જ્ઞેય છે. જ્ઞાનમાં એ તો જ્ઞેય છે. એને ઠેકાણે જ્ઞાનમાં એમ માને કે આ મારા છે, એ તો મિથ્યાત્વભાવ રાગનો રસ ચડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિ જીવને પંચેન્દ્રિયવિષયસામગ્રી છે, ભોગવે પણ છે;...**' એટલે એ તો લોકો દેખે એટલે ભોગવે છે એમ કહે છે. પણ તેના તરફની જરી આસક્તિનો રાગ છે એથી ભોગવે છે એમ કહેવામાં આવે. પરને ભોગવી શકે એ તો અજ્ઞાની પણ કાંઈ શરીરને હાડકા-ચામડાને ભોગવે આત્મા? આહાહા..! સ્ત્રીના રમણમાં સ્ત્રીના શરીરને એ ભોગવે છે? એમાં એની સાથે રમે છે આમ? આહાહા..! આ મને ઠીક પડે છે એવા રાગના રસમાં રમે છે. આહાહા..! ધર્મીને એવી સામગ્રી અને સામગ્રી પ્રત્યેનો રાગનો રસ ઊડી ગયો છે. આહાહા..! ક્યાં મારો નાથ આનંદનો સાગર! અને ક્યાં આ રાગ અને આ સામગ્રી! તદ્દન ભિન્ન છે. આહાહા..! એવા જેને અંતરમાં ભાન વર્તે છે તેને પૂર્વના કર્મનો ઉદય ખરી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એટલે શું સાહેબ! એનું જ્ઞાન બુઠું થઈ ગયું છે?

ઉત્તર :- બુઠું થઈ ગયું છે પર માટે. પરના સ્વાદથી બુઠું થઈ ગયું છે. અંતરના સ્વાદમાં જાગૃત થઈ ગયો છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! એ બધા ભણ્યા-ગણ્યા એ બધા સમજવા જેવા છે. આ તો જુદી જાત છે. આહાહા..!

'બહેન'નો શબ્દ તો ઘણીવાર કહીએ છીએ ને? સાદિ ભાષા. સિદ્ધાંતનું રહસ્ય. સાદિ ભાષા. '**જાગતો જીવ ઊભો છે ને. તે ક્યાં જાય?**' આ શું શબ્દ છે? ભગવાન જ્ઞાનના સ્વભાવથી જાગૃત ઊભો ધ્રુવ છે ને. આત્મા જ્ઞાનસ્વરૂપે, આનંદસ્વરૂપે જાગતો ચૈતન્ય ત્રિકાળ ઊભો એટલે ધ્રુવ છે ને. એ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ.. એ ૧૧મી ગાથામાં ભૂતાર્થ કહ્યો એ શબ્દ અહીં ગુજરાતી સાદિ ભાષામાં છે. આહાહા..! જાગતી જ્યોત ચૈતન્ય આનંદનો નાથ, પ્રભુ! જાગતી જ્યોત ધ્રુવ પડ્યો છે ને? એ ક્યાં જાય? એ ધ્રુવપણું ક્યાં જાય? ક્યાંય પર્યાયમાં આવે? ક્યાંય રાગમાં આવે? જાય ક્યાં? આહાહા..! એ ધ્રુવ ચૈતન્યની સત્તાવાળું તત્ત્વ, ચૈતન્ય અને આનંદના હોવાવાળું તત્ત્વ, ચૈતન્ય અને આનંદના હોવાવાળું તત્ત્વ ધ્રુવ છે. એ નથી આવતું પર્યાયમાં, નથી આવતું રાગમાં. આહાહા..! એ જીવને ક્યાં જાય એ ધ્રુવ? '**જરૂર પ્રાપ્ત થાય.**' આહાહા..! ત્યાં તેની દૃષ્ટિનો રાગનો રસ છોડી દઈ અને આત્માના આનંદના રસના વેગે જાય તો જરૂર પ્રાપ્ત થાય. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! એ શાસ્ત્રના ભણતર-બણતર પણ જ્યાં કામ ન કરે. આહાહા..!

અહીં એ કહે છે. જેમ એ કપડાને લોધરનો રંગ નથી લાગ્યો ફટકડીનો, એને મજીઠનો રંગ લાગતો નથી. એમ જેને... આહાહા..! રાગના રંજિત પરિણામ જેને છે નહિ, જેને આનંદના સ્વભાવનો પ્રેમનો રસ ચડ્યો છે, એને રાગ અને બહારની ચીજો રાગ ઉપજાવી શકતી નથી, એને રાગનો રંગ થતો નથી. આવી વાતું છે. આવો ધર્મ કેવો હશે? ધર્મ તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, સમ્મેદશિખર અને ગિરનારની. બાપુ! એ તો બધો વિકલ્પ અને રાગ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ રાગના રસમાં ચડ્યો તે આત્માના રસનો લુંટારો છે. આહાહા..!

જેને આત્માનો રસ ચડ્યો છે, વેગ ચડ્યો છે, ખુમારી ચડી છે. આહાહા..! 'જિનરાજ

સુજસ સુણ્યો મેં.' આવ્યું છે ને? જિનરાજ એટલે જિનસ્વરૂપ જેનો સુજસ એટલે અતીન્દ્રિય આનંદનો રસ જેને ખ્યાલમાં આવી ગયો. 'જિનરાજ સુજસ સુણ્યો મેં કાહુ કે કહે અબ કબહુ ન છૂટે, લોકલાજ સબ ડારી.' દુનિયા કેમ માને? કેમ કહેશે? એ એને ઘરે રહી. આહાહા..! 'જૈસે અમલી અમલ કરત સમયે લાગ રહી ખુમારી.' એ અફીણના પીનારાને અમલ ચડે અને ખુમારી ચડે. આહાહા..! 'જૈસે અમલી અમલ કરત સમયે લાગ રહી ખુમારી, જિનરાજ સુજસ સુણ્યો મેં.' જિનરાજ એટલે આ જીવ, હોં! એનો સુજસ એટલે ચૈતન્યની પરિણતિમાં આત્મા જાગૃત થયો. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘરમાંથી કાઢી મૂકશે.

ઉત્તર :- ઘર તો અહીં છે. કોણ કાઢી મૂકે? એના ભાઈની ભેગુ રહેવું છે ને એને. આવું જો કહે તો કાઢી મૂકે ઘરમાંથી. પણ એ તો લોભને લઈને ન કાઢે. મરી જશે તો ક્યાં આપશે? આપણને જ આપશે ને. આહાહા..! 'દેવાનુપ્રિયા'! આ તો સંસાર એવો બાપા છે, ભાઈ! શું થાય? જગતના બધા લુંટારા છે એ તો. 'નિયમસાર'માં આવ્યું છે ને? બાયડી, છોકરા, કુટુંબ, દીકરા ને બાપ અને બાપનો દીકરો, એ ધુતારાની ટોળીઓ છે બધી. આહાહા..! સંતોએ જાહેર કર્યું કે જેટલી સામગ્રી બહારની તને બાયડી, છોકરા, કુટુંબ, વહુ છોકરાની, તારી બાયડી એ બધા ધુતારાની ટોળી, બાપુ! તારો શ્વાસ હશે ત્યાં સુધી તને અનુકૂળ લાગશે. પછી લાંબુ તણાય અને વ્યાધિમાં તણાય તો હવે ઝટ ખાટલો ખાલી થાય તો ઠીક, નહિતર જાગતા રહેવું પડે છે. મરતો નથી અને ઉજાગરા કરવા પડે છે. દુઃખી થાય છે. એમ કરીને ખાટલો ખાલી (થવાની રાહ જોવે). અમને તો અનુભવ થઈ ગયેલો છે.

એક છોકરો 'મુંબઈ'માં તાવ લાગેલો. તાવ શું કહેવાય એ? પાણી લાગેલું. તમારા 'તારાચંદભાઈ' 'સોમચંદ'નો દીકરો. જુવાનજોધ, હોં! 'જોબાળિયા' 'નાગનેશ' હતો. એ 'તારાચંદભાઈ' કહે. મરવાની તૈયારી. જીવવાનું તો નહિ જ હવે નક્કી થઈ ગયેલું. પણ દિવસના દિવસ જાય અને રાત્રે જાગવું પડે. કારણ કે (લોકો એમ કહે કે) તમે જાગતા નહોતા મરી ગયા ત્યારે? એટલે ઉજાગરા કરવા પડે. એટલે (એમ કહે), અરેરે..! દુઃખી થાય છે. એમ કરીને ઝટ ખસતો નથી. આહાહા..! પરણેલો, હોં! પરણેલો જુવાન 'મુંબઈ'નો. એનો બાપનો બાપ અમને આવીને વાત કરતો હતો. અરે..! એ દુઃખી છે. અને એ મારા .. દુઃખી છે એટલે તારે ઝટ હવે ખાલી થાય તો ઉજાગરા મટે એ માટે છે. 'ભગવાનજીભાઈ'! આ જગતની રમતું બધી આવી છે. આહાહા..! બાપુ! તને ખબર નથી એ બધા ધુતારાના ટોળા છે. ઠગ છે બધા, ઠગ.

મુમુક્ષુ :- એ ઠગ મીઠાં લાગે છે.

ઉત્તર :- મિથ્યાત્વમાં મીઠાં જ લાગે ને. સર્પનું ઝેર ચડ્યું હોય એને લીંબડો કડવો ન લાગે. સર્પના ઝેર ચડ્યા છે જેને એને લીંબડા તેથી ચવરાવે છે કે ઝેર ચડ્યું છે કે નહિ? ચડ્યું હોય તો એને કડવું ન લાગે. ઝેર ન ચડ્યું હોય તો કડવું લાગે. આહાહા..! એમ જેને પર મારા એવા મિથ્યાત્વના ઝેર ચડી ગયા છે ને. આહાહા..! એને એ પરવસ્તુ પર છે, એ મારી નથી એમ નહિ લાગે. એને. આહાહા..!

આ ન કહ્યું ભાઈએ. 'હુકમચંદજી'એ લખ્યું છે ને ભાઈ! ભગવાનનો લેખ લખ્યો. બહુ સરસ. 'હુકમચંદજી' અત્યારે પાક્યો છે પંડિત. ૪૧ વર્ષની ઉંમર પણ બુદ્ધિ... બુદ્ધિ... બુદ્ધિ... અને અહીંની વાત એકેએક રસવાળી. બેઠી ગયેલી. એ મહાવીરનો લેખ લખ્યો છે. મહાવીર કેમ પરણ્યા નહોતા? છેલ્લા તીર્થંકરો ૨૨-૨૩-૨૪ નહોતા પરણ્યા કેમકે એને વખત થોડો અને સ્ત્રીને પરણે તો દુર્ઘટના ઊભી થાય એકદમ. આહાહા..! અને એટલો કાળ નહોતો. બહુ થોડો કાળ હતો. સ્ત્રી પરણે એટલે ભોગની સામગ્રી, એને રાજી રાખવી, એને આ કરવું પાપનો મોટો પથારો. આહાહા..! દુર્ઘટના શબ્દ (લખ્યો છે). મોટો લેખ છે. છાપામાં આવી ગયું. દુર્ઘટના છે મોટી, બાપુ! તને ખબર નથી. આહાહા..! એટલે એને રાજી રાખવી, એની સાથે ભોગના પાપ સેવવા, એની રમતુંમાં રહેવું, એના છોકરા થાય એને રાજી રાખવા... આહાહા..! મહાપાપ વહોરીને પડ્યો કૂવામાં અંદર. દુર્ઘટના શબ્દ વાપર્યો છે. આહાહા..!

અહીં કહે છે કે ધર્મી જીવ છે એ તો અંદર આનંદના ઓલામાં પડ્યો છે. એટલે ક્યાંય કોઈ ચીજને મારી છે એવું એને સ્વપ્ને થાતું નથી. આહાહા..! સ્વપ્ના પણ એ આવે એને કે હું તો અતીન્દ્રિય આનંદ છું. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! આ કાંઈ શાસ્ત્રને વાંચીને ધારી લે એટલે આ વસ્તુ આવી જાય એ નથી આ. આહાહા..! સમજાણું કાંઈ? 'ભગવાનજીભાઈ'! ઉગમણો-આથમણો ફેર છે. મોટો ફેર જગતથી.

અહીં કહે છે, '**સમ્યગ્દષ્ટિ જીવને પંચેન્દ્રિયવિષયસામગ્રી છે,...**' ભોગવે છે એનો અર્થ? વિષય સામગ્રી ભોગવે છે (એમ નહિ). પરની સામગ્રી તો કોઈ અજ્ઞાની પણ ભોગવી શકે નહિ. ભાષા તો આમ છે. એ કઈ નયનું લક્ષ છે? નય વ્યવહારનું વચન છે. એના ઉપર લક્ષ જાય છે એને એ ભોગવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**પરંતુ અંતરંગ રાગ-દ્વેષ-મોહભાવ નથી,...**' અહીંયાં તો અનંતાનુબંધીનો રાગ-દ્વેષ, મિથ્યાત્વ સંબંધીનો રાગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? એમ માનીને કોઈ એમ માને કે સમ્યગ્દષ્ટિ થયો એટલે પછી હવે એને રાગ જ નથી અને રાગનો બંધ પણ નથી. આસ્રવ પણ નથી (તો) એ એકાંતે ચડી જશે. સમજાણું કાંઈ? આહાહા..! સમકિતદષ્ટિને જેટલો આસક્તિનો ભાવ છે એને એના પ્રત્યે રસ નથી. પણ છે એટલો આસ્રવ છે, બંધ છે, રોગ છે, દુઃખ છે. આહાહા..!

મુમુક્ષુ :- અહીં તો બંધ નથી એમ કહ્યું.

ઉત્તર :- કીધું ને એ તો અનંતાનુબંધી અને મિથ્યાત્વ સંબંધીના બંધની વાત છે. ત્યાં એમ જ માની લે કે કાંઈ બંધ નથી હવે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. કઈ અપેક્ષાએ? ઉંધી ખતવણી ખતવીને મારી નાખે આત્માને.

અહીંયાં તો જ્ઞાનીના ભોગનો અર્થ, એને અનંતાનુબંધીનો રાગ-દ્વેષ અને મિથ્યાત્વ નથી તેથી તેટલો કષાય એને અજ્ઞાનનો એકપણાનો નથી. એટલો એકપણાના કારણે જે બંધ હતો એટલો બંધ એને નથી. બંધ જ નથી (એમ નથી). એ તો દસમા ગુણસ્થાન સુધી રાગનો બંધ છે. આ મોટો ગોટો ઉઠ્યો છે ને? જુઓ! જ્ઞાનીને તો બસ, ભોગ નિર્જરાનો હેતુ છે. શું છે? મરી જઈશ આશ્રય લઈને વાતું કરવા જાઈશ ત્યાં. સમજાણું કાંઈ? આહાહા..! એને

એકત્વબુદ્ધિનો રસ ઊડી ગયો છે. એટલો એકત્વબુદ્ધિથી જે બંધ હતો તે બંધ હવે એને નથી. પણ આસક્તિનો જેટલો રાગ છે, અરે..! મુનિને પણ જેટલો રાગ છે, ભાવલિંગી સંત, જેને અનંત આનંદના ઊભરા આવ્યા છે. ચોથે તો થોડું છે પણ મુનિને પ્રચુર સ્વસંવેદન છે, પ્રચુર આનંદનું વેદન વિશેષ વધી ગયું છે. આહાહા..! એને મુનિ કહીએ. સમજાણું કાંઈ? એને પણ હજી જે મહાવ્રતાદિનો રાગભાગ રહી ગયો છે, એ બંધનું કારણ છે. એ મહાવ્રતનો વિકલ્પ એ જગપંથ છે. આહાહા..!

કીધું હતું નહિ એ તો? 'મોક્ષ અધિકાર' ૪૦મો બોલ. 'સમયસાર નાટક'. ૪૦મો બોલ કહ્યું હતું. વાતું તો ઘણી આવી ગઈ છે. બાપુ અહીં તો એ મહાવ્રતનો વિકલ્પ ઉઠે એ જગપંથ છે અને આત્મા તરફ અંદર જાય એ શિવપંથ છે. અતીન્દ્રિય આનંદમાં અંતર રમે છે તે શિવપંથ છે. રાગમાં જેટલો આવ્યો એટલો જગપંથ છે. આહાહા..! મુનિને, હોં! જેને ત્રણ કષાયનો અભાવ, વીતરાગતા (વર્તે છે). આહાહા..! એને પણ એ સંજ્વલનનો વિકલ્પ ઉઠ્યો, પાંચ સમિતિ-ગુપ્તિનો વ્યવહાર ભાવનો... આહાહા..! એને બંધનું કારણ. એટલો હજી સંસાર છે. આહાહા..! એમ જ માની લે સમ્યગ્દૃષ્ટિને નામે... નામે, હોં! ભાવવાળો તો એમ ન માને. આહાહા..! અમારે પણ આ કર્મના ઉદય હતા તે આવીને ખરી જાય છે. મરી જઈશ ચૌર્યાસીના અવતારમાં. નિગોદગામી છે. આહાહા..! અહીં તો એવી વાત છે, બાપા! આહાહા..! કપડાનો એક કટકો રાખીને પણ મુનિપણું માને, મનાવે (એને) નિગોદગામી કીધા છે. મોટો દંડ હશે? કકડીના ચોરને ફાંસી. મોટો દંડ, બાપુ! તને ખબર નથી.

મુમુક્ષુ :- પર તત્ત્વને પોતાનું માની લે..

ઉત્તર :- નવ તત્ત્વની ભૂલ છે. કપડાનો એક કટકો રાખે અને મુનિપણું માને તો એને નવ તત્ત્વની ભૂલ છે. અજીવનો સંયોગ મુનિને એટલો ન હોય તો સંયોગ માન્યો, એ અજીવની ભૂલ. તેને આસ્રવનો વિકલ્પ એ વસ્ત્રનો હોય નહિ અને માન્યો, એ આસ્રવની ભૂલ. સંવરની દશામાં તેને વસ્ત્ર લેવાનો વિકલ્પ હોય નહિ એ સંવરની દશામાં એણે વિકલ્પ લેવાનો ભાવ માને, એ સંવરની ભૂલ છે, નિર્જરાની ભૂલ. એ વખતે કપડા લેવાનો વિકલ્પ છે તેને તે બંધનું કારણ છે. એને ઠેકાણે અમને હવે નિર્જરા થાય છે અમે મુનિ થયા છીએ. નિર્જરાની ભૂલ, બંધની ભૂલ, મોક્ષની ભૂલ, જીવતત્ત્વની ભૂલ નવેયની ભૂલ છે. અરે..! એટલી વાતમાં નવની ભૂલ? તો હજી આ ભોગના ભાવને એમ માને... આહાહા..! સમજાય છે? અહીં તો સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના રસ આગળ જે રાગ છે એની એકત્વબુદ્ધિ નથી તેથી એકત્વબુદ્ધિનો તેને બંધ નથી. 'ચંદુભાઈ'! અહીં તો ભાઈ જે દોરે દોરો હોય (એ પ્રમાણે વાત થાય). કાંઈપણ ન્યાયથી એકનો ફેર (થાય) તો આખું ચક્કર ફરી જશે. આહાહા..! અનાદિનો સ્વચ્છંદે આત્માએ એવું જ કામ કર્યું છે. આહાહા..!

અહીંયાં '**અંતરંગ રાગ-દ્વેષ-મોહભાવ નથી,...**' કેટલો રાગ-દ્વેષ-મોહભાવ નથી? અનંતાનુબંધી અને મિથ્યાત્વ સંબંધીનો રાગ-દ્વેષ-મોહ નથી. એટલું અહીં લેવું. રાગ-દ્વેષ બિલકુલ છે જ નહિ, ભોગ ભોગવે છે ને. આહાહા..! સમજાણું કાંઈ? ભોગ ભોગવે છે એ જ આસક્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેથી કર્મનો બંધ નથી,...**' આ પ્રકારના

મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધીનો કર્મબંધ નથી. એમ લેવું. કર્મબંધ નથી જ એમ લે તો છઠ્ઠે ગુણસ્થાને તો હજી સાત-આઠ કર્મનો બંધ છે. એ શેને લઈને હશે? મફતમાં? મુનિ, જેને ભાવલિંગ પ્રગટ્યા, પ્રચુર અતીન્દ્રિય આનંદના વેગ જાગ્યા અંદર. ચોથે વેગ છે આનંદનો એ કરતા પાંચમે વિશેષ અને એ કરતા છઠ્ઠે વિશેષ. આહાહા..! એને પણ જેટલો વિકલ્પ ઉઠ્યો છે એટલો હજી સંસાર છે. સાત-આઠ કર્મબંધનું કારણ છે, આસ્રવ છે, બંધ છે. ભાવબંધ છે, દ્રવ્યબંધ છે. અહીં ના પાડે છે એ પકડે ત્યાં. આહાહા..! કઈ અપેક્ષાએ કહે છે? તારા સ્વચ્છંદે તું આમ વાંચ અને વિચાર એટલે? ત્યાં તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..!

'**નિર્જરા છે;...**' બંધ નથી પણ નિર્જરા છે. જેટલો આનંદના રસમાં ચડી ગયેલો છે તેટલી અશુદ્ધતા નથી તે અશુદ્ધતા થોડી હોય હજી એ નિર્જરી જાય છે. આનંદના રસના વેગે. આહાહા..! '**કેવી છે રંગયુક્તિ? કપડું અને રંગ એકઠાં કરવામાં આવ્યા છે એવી.**' શું કહે છે? ઓલો મજીઠનો રંગ લાગી ગયો છે ને? એને લોધરનો રંગ લાગી ગયો છે એને મજીઠનો રંગ લાગે છે. એમ જેને રાગનો રસ છે તેને રંગની યુક્તિ છે. સમજાણું? રાગ સાથે એકત્વબુદ્ધિ છે તેને રાગના રંગની યુક્તિ છે-સંબંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી ચીજ, બાપા! આ તો ધીરાના કામ છે, ભાઈ! આહાહા..! ઓલી ભાષા નથી આવી? શું કીધું? ઘણીવાર કહીએ ને અમે? ઓલો શબ્દ નથી આવતો? ચિંતા વિનાનો? નિભૃત-નિભૃત. નિભૃત શબ્દ છે. નિભૃત શબ્દ છે. જેને ચિંતા કોઈ નથી એવા નિભૃત પુરુષોના કામ છે. કળશમાં છે, કળશમાં છે. આહાહા..!

અહીંયાં તો ગુણી ભગવાન અને ગુણ આનંદ, એવો ભેદનો વિકલ્પ ઊઠે તે પણ રાગ છે. આહાહા..! અહીંયાં તો મિથ્યાત્વ સંબંધી અને અનંતાનુબંધી સંબંધી રંગ નથી તેથી તેને રાગ હોવા છતાં અને પર વસ્તુ હોવા છતાં તેને એકત્વબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ! વીતરાગનો માર્ગ બહુ અલૌકિક છે, બાપા! એ સાધારણના કામ નથી. આહાહા..! '**કપડું અને રંગ એકઠાં કરવામાં આવ્યાં છે એવી**' યુક્તિ. એમ. ઓલો મજીઠનો રંગ લાગ્યો ને એને? લોધર લાગ્યા માટે મજીઠનો રંગ લાગ્યો. એકત્વબુદ્ધિ છે માટે રાગનો રંગ થઈ ગયો છે એને. ૧૪૮ કળશ થયો. આહાહા..! હવે એનો વિશેષ ખુલાસો કરે છે.

---

(સ્વાગતા)

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१७-१४९।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'यतः ज्ञानवान् स्वरसतः अपि सर्वरागरसवर्जनशीलः स्यात्'

( यतः ) જે કારણથી ( ज्ञानवान् ) શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે જે જીવ તે, ( स्वरसतः ) વિભાવપરિણમન મટ્યું હોવાથી શુદ્ધતારૂપે દ્રવ્ય પરિણમ્યું છે તેથી ( सर्वराग ) જેટલા રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ ( रस ) અનાદિના સંસ્કાર તેનાથી ( वर्जनशीलः स्यात् ) રહિત છે સ્વભાવ જેનો, એવો છે; 'ततः एषः कर्ममध्यपतितः अपि सकलकर्मभिः न लिप्यते' ( ततः ) તે કારણથી ( एषः ) સમ્યગ્દષ્ટિ જીવ ( कर्म ) કર્મના ઉદયજનિત અનેક પ્રકારની ભોગસામગ્રીમાં ( मध्यपतितः अपि ) પડ્યો છે અર્થાત્ પંચેન્દ્રિયભોગસામગ્રી ભોગવે છે, સુખ-દુઃખને પામે છે, તથાપિ ( सकलकर्मभिः ) આઠે પ્રકારનાં છે જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેમના વડે ( न लिप्यते ) બંધાતો નથી. ભાવાર્થ આમ છે કે-અંતરંગ ચીકણાપણું નથી તેથી બંધ થતો નથી, નિર્જરા થાય છે. ૧૭-૧૪૯.

## કળશ-૧૪૯ ઉપર પ્રવચન

૧૪૯.

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१७-१४९।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'यतः ज्ञानवान् स्वरसतः अपि सर्वरागरसवर्जनशीलः स्यात्' 'જે કારણથી...' 'ज्ञानवान्' 'શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે...' 'ज्ञानवान्' ની વ્યાખ્યા આ. શાસ્ત્ર વાંચ્યા અને ભણ્યો માટે 'ज्ञानवान्' એમ નહિ. આહાહા..! 'શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ...' તે જ્ઞાન. તે 'ज्ञानवान्'. જ્ઞાન અને આનંદનો અનુભવશીલ. અનુભવશીલ- અનુભવ જેનો સ્વભાવ થઈ ગયો છે. આહાહા..! શીલ એટલે અહીંયાં સ્વભાવ. અનુભવશીલ. 'ज्ञानवान्' ની વ્યાખ્યા. જ્ઞાની જ્ઞાનવાન તેને કહીએ.. આહાહા..! જેને શુદ્ધ સ્વરૂપનો અનુભવનો સ્વભાવ થઈ ગયો છે. આહાહા..! 'શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે જે જીવ તે,...' 'ज्ञानवान्'ની વ્યાખ્યા. આહાહા..! આટલું અગિયાર અંગનું જ્ઞાન કર્યું, આટલું ચૌદ પૂર્વનું, ફલાણું એની અહીં વાત નથી. અથવા બીજાને સમજાવતા આવડ્યું માટે 'ज्ञानवान्' (એમ નથી). આહાહા..! બાપુ! એ વસ્તુ બહુ બીજી છે. 'ज्ञानवान्' એટલે જ્ઞાન જેનું રૂપ છે, એટલે જ્ઞાનાનંદ જેનો સ્વભાવ અનુભવશીલ છે. આહાહા..! જે જ્ઞાન અને આનંદને અનુભવશીલવાળો જીવ છે.

'જે જીવ તે,...' 'स्वरसतः' હવે એને 'ज्ञानवान्' 'स्वरसतः'ની વ્યાખ્યા કરી. આહાહા..! 'વિભાવપરિણમન મટ્યું હોવાથી...' પહેલી નાસ્તિથી વાત કરી. પાઠમાં અસ્તિથી છે. 'स्वरसतः' અસ્તિથી છે. પણ પહેલી નાસ્તિથી વાત કરીને અને પછી કરશે. 'स्वरसतः' 'વિભાવપરિણમન મટ્યું હોવાથી...' એ નાસ્તિથી વાત કરી. હવે પાઠમાં છે એ વાત કરે છે.

'**શુદ્ધતારૂપે દ્રવ્ય પરિણમ્યું છે...**' તે સ્વરસ. સ્વરસ એનું નામ. આહાહા..! જેને આનંદનો રસ પરિણમી ગયો છે. અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળ્યો છે અંદરથી અને પર્યાયમાં જેની શુદ્ધતા અતીન્દ્રિય આનંદની પરિણમી ગઈ છે, એને સ્વરસ કહીએ. આહાહા..! આ તો પરમાત્મા ત્રિલોકનાથના પંથ છે, ભાઈ! આ કોઈ આલીદુઆલીનું કથન નથી. આહાહા..! 'સ્વરસતઃ' શુદ્ધ સ્વરૂપનો રસ જેને પરિણમ્યો છે, એમ કહે છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવશીલ, એને '**स्वरसतः**' જેની શુદ્ધતા પરિણમી ગઈ છે અંદર, પરિણમન થઈ ગયું છે. જેવું શુદ્ધ સ્વરૂપ છે ત્રિકાળી, એ પવિત્રનો પિંડ પ્રભુ છે, એવી જ પવિત્રતા પર્યાયમાં જેને પરિણમી છે. આહાહા..! સમજાણું કાંઈ?

તે દિ' 'દિલ્હી'માં વાત થઈ હતી ને? 'વિદ્યાનંદજી' છે ને? મોટા દસ-દસ, વીસ-વીસ હજાર માણસની સભા ભરાય છે. લોકોને અનુકૂળ પડે એવી ભાષા છે અને મોટું... 'વિદ્યાનંદજી' દિગંબર. હું 'વડોદ'માં હતો. પછી ત્યાં આવ્યા. ત્યાં અમે ગયા હતા તો નીચે ઉતર્યા પછી અને વાતચીત થઈ. એને એમ કહ્યું કે આ 'સમયસાર'માં ૧૫૫ ગાથામાં '**जीवादीसद्दहणं सम्मत्तं**' કહ્યું છે ને? '**जीवादीसद्दहणं सम्मत्तं**' 'દિલ્હી' ગયા હતા ત્યારે. કીધું, એટલે શું? જીવાદિને શ્રદ્ધવું એ સમકિતી એટલે માનવું એટલી વ્યાખ્યા છે એની? આ શ્રદ્ધાનું અંદર આનંદનું, જ્ઞાનનું પરિણમન થવું. 'સમયસાર'ની ૧૫૫ ગાથામાં છે. સાંભળ્યું પણ ક્યાં આ વાત અત્યારે (ચાલે છે)? એ શુદ્ધ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, શુદ્ધ જ્ઞાન પવિત્રનો પિંડ પ્રભુ છે. શુદ્ધતાના સાગરથી ભરેલો ભગવાન છે, એની પર્યાયમાં શુદ્ધતાની ભરતી આવવી, શુદ્ધતાનું પરિણમન થવું એનું નામ સમકિત અને શ્રદ્ધા, એનું નામ સમકિત છે. આ નવ તત્ત્વને શ્રદ્ધયા માટે સમકિત છે હવે કરો વ્રત અને ચારિત્ર. ધૂળમાંય નથી. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, '**स्वरसतः**' આહાહા..! શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય પરિણમ્યું એ સ્વરસની વ્યાખ્યા. પહેલી નાસ્તિથી વાત કરી. અસ્તિથી તો આ. અતીન્દ્રિય આનંદનો નાથ પોતે અતીન્દ્રિય આનંદપણે વર્તમાન પર્યાયમાં પરિણમી ગયો છે એ '**ज्ञानवान्**' સ્વરસમાં રસીલો છે. આહાહા..! હો બીજા વિકલ્પ આદિ, પણ એના ધ્રુવના ધ્યાનને ચૂકીને બીજી વાત એને હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. દુનિયા સાથે મેળ ખાઓ, ન ખાઓ... આહાહા..!

'**શુદ્ધતારૂપે દ્રવ્ય પરિણમ્યું છે...**' ભાષા જુઓ! ટીકા કરનાર કેવા છે! આમાંથી 'બનારસીદાસે' 'સમયસાર નાટક' કાઢ્યું છે. આ 'કળશટીકા'માંથી. જેનો શુદ્ધ સ્વભાવ પવિત્રતાનો પિંડ અનંત ગુણનો પવિત્રનો પિંડ સાગર પ્રભુ, એની દૃષ્ટિ કરતાં એને દૃષ્ટિમાં દૃષ્ટિના દાબન કરતા આ હું છું, એવો અનુભવ કરતાં પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન થાય એ આત્માનો સ્વરસ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**तस्वरसतः**' '**તેથી...**' એ '**स्वरसतः**' છે તેથી.. વિશેષ આવશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૧૨, મંગળવાર, તા.૨૨-૧૧-૧૯૭૭
## કળશ - ૧૪૯-૧૫૦, પ્રવચન - ૧૫૬

૧૪૯. ફરીને. નિર્જરા અધિકાર છે. ત્યાં સમ્યગ્જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. 'જે કારણથી...' 'ज्ञानवान्' '**શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ...**' આ 'ज्ञानवान्'ની વ્યાખ્યા. આ આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વભાવ, નિત્ય ધ્રુવ એનું જ્ઞાન થતાં તેને 'ज्ञानवान्' કહીએ, તેને શુદ્ધ સ્વરૂપના અનુભવ સ્વભાવવાળો કહીએ. સમ્યગ્દર્શન થતાં એને 'ज्ञानवान्' કહીએ. એને શુદ્ધ સ્વરૂપના અનુભવ સ્વભાવવાળો કહીએ. એ રાગનો અનુભવ અને સામગ્રીનો અનુભવ કરનાર નથી. અજ્ઞાની પણ કાંઈ સામગ્રીનો અનુભવ કરતો નથી. પણ પોતાના સ્વરૂપનું ચૈતન્ય જ્ઞાયકભાવના અભાનને લઈને અજ્ઞાનથી પરને ભોગવું છું એવી માન્યતાથી, મિથ્યાત્વથી તે બંધન કરે છે. ધર્મીજીવને... ઝીણી વાત બહુ.

એ '**શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે જે જીવ તે,...**' '**स्वरसतः**' સ્વરસ. જેને આનંદનો રસ પ્રગટ્યો છે. આહાહા..! '**વિભાવપરિણમન મટ્યું હોવાથી...**' એ નાસ્તિથી વાત કરી. શબ્દનો અર્થ તો '**શુદ્ધતારૂપે દ્રવ્ય પરિણમ્યું છે...**' દ્રવ્ય જે વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય, એ પરિણમન પર્યાયમાં શુદ્ધપણે થયું છે. એને જ્ઞાનવાન અને એને ધર્મી કહીએ. '**તેથી જેટલા રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ અનાદિના સંસ્કાર તેનાથી રહિત છે.**' આહાહા..! અહીં તો મિથ્યાત્વ સંબંધીની વાત છે. .. વસ્તુનું-દ્રવ્યનું પરિણમન છે. એ દ્રવ્ય જે શુદ્ધ છે તેવું જેનું પરિણમન છે. સમજાય છે કાંઈ? એ જેટલા મિથ્યાત્વ સંબંધી રાગ-દ્વેષ-મોહ રહિત છે. અહીં એ લેવું છે. મિથ્યાશ્રદ્ધા ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ છોડી અને રાગના રસની પેટીમાં પડ્યો એ મિથ્યાદૃષ્ટિ (છે). એને જે રાગ છે એ રાગ સમ્યગ્દૃષ્ટિને નથી. સમજાણું કાંઈ? આવી ઝીણી વાતું.

'**સ્વભાવ જેનો,...**' રાગની એકતાબુદ્ધિ ટળી છે અને શુદ્ધ ચૈતન્યદ્રવ્યનું નિર્મળ પરિણમન થયું છે એવો જેનો સ્વભાવ છે. આહાહા..! '**ततः एषः कर्ममध्यपतितः अपि सकलकर्मभिः न लिप्यते**' '**તે કારણથી સમ્યગ્દૃષ્ટિ જીવ કર્મના ઉદયજનિત અનેક પ્રકારની ભોગસામગ્રીમાં...**' કર્મ શબ્દે એ. કર્મના ઉદયથી મળેલી સામગ્રી પૈસા, સ્ત્રી, કુટુંબ, મકાન, કપડાં, દાગીના એ '**કર્મના ઉદયજનિત અનેક પ્રકારની ભોગસામગ્રીમાં...**' '**मध्यपतितः**' મધ્યમાં રહ્યો છે. ચારે કોર ઘેરાવો (હોય), કર્મના નિમિત્તે મળેલી સામગ્રીના ઘેરાવામાં પડ્યો છે. આહાહા..!

'**પંચેન્દ્રિયભોગસામગ્રી ભોગવે છે,...**' એ અપેક્ષાએ વાત કરી છે. ભોગને કોઈ ભોગવી શકતો નથી. પણ પંચેન્દ્રિયના વિષય તરફની જરી આસક્તિ છે તેને એ ભોગવે છે. આહાહા..! એ ભોગ પડ્યો છે તથા '**સુખ-દુઃખને પામે છે,...**' આહા..! પર્યાયમાં જ્ઞાતાપણું શુદ્ધ સ્વરૂપનું પરિણમન હોવાથી તેને સુખ-દુઃખના પરિણામ થોડા હોય. પણ તેનો તે

જ્ઞાતા-દૃષ્ટા રહીને તેની તેને નિર્જરા થાય છે. '**તથાપિ...**' '**सकलकर्मभिः**' '**આઠે પ્રકારનાં છે જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેમના વડે બંધાતો નથી.**' ત્યાં મિથ્યાત્વ સંબંધી જે અજ્ઞાન છે તેનાથી બંધાતો નથી એટલું અહીં સિદ્ધ કરવું છે. એમ જ કોઈ માની લે કે સમ્યગ્દૃષ્ટિ થયો એટલે હવે એને જરીયે બંધ જ નથી, આસ્રવ નથી, એ વાત એમ નથી. જ્યાં સુધી સ્વરૂપમાં ચારિત્રની રમણતા ન જામે, આનંદના નાથમાં રમણશીલ ન થાય ત્યાં સુધી એને રાગ હોય છે. પણ અહીંયાં અજ્ઞાન સંબંધી રાગ અને મિથ્યાત્વ નથી, એથી અજ્ઞાનપણું એ પામતો નથી. ભોગ સામગ્રીમાં આસક્તિપણે ભોગવે છતાં અજ્ઞાનપણું પામતો નથી. આહાહા..! તેથી કર્મથી બંધાતો નથી. આહાહા..!

'**ભાવાર્થ આમ છે કે-અંતરંગ ચીકણાપણું નથી...**' રાગની મીઠાશ નથી. આહાહા..! આત્માના આનંદની મીઠાશ આગળ ધર્મીને રાગની મીઠાશ લાગતી નથી. રાગનું દુઃખ લાગે છે. આહાહા..! એ ચક્રવર્તીના રાજ કે ઈન્દ્રના ઈન્દ્રાસન હોય પણ ધર્મીને એ દુઃખના નિમિત્તો અને દુઃખ લાગે છે એમાં. આહાહા..! અજ્ઞાની એને સુખના નિમિત્તો અને સુખની સામગ્રીમાં સુખ માને છે. મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિનો આ આંતરો છે. સમજાય છે કાંઈ? પૂર્વના કર્મને, ઉદયને લઈને સામગ્રી આવે, અને તેના તરફ જરી સુખ-દુઃખની કલ્પના પણ થાય પણ અજ્ઞાનપણું નથી. હું આનંદનો સાગર પ્રભુ આનંદસ્વરૂપ છું, એવા આનંદના સ્વાદ આગળ એ રાગનો સ્વાદ એને દુઃખરૂપ લાગે છે. તેથી એને અજ્ઞાન થતું નથી. અજ્ઞાનીને થોડામાં થોડો રાગ આવે પણ એની એને મીઠાશ વર્તે. કેમકે દૃષ્ટિ રાગ ઉપર છે. ચૈતન્યદ્રવ્ય છે એના તરફનું એને વલણ નથી. આહાહા..! ચાહે તો રાગની મંદતા હો, પણ અજ્ઞાનીની દૃષ્ટિમાં, પર્યાયબુદ્ધિમાં રાગબુદ્ધિ છે. એથી અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ભોગની સામગ્રીથી બંધાતો નથી, પણ ભોગ તરફના વલણવાળો મારો મિથ્યાત્વભાવ, એનાથી બંધાય છે. મારું માન્યું છે ને. આહાહા..! બહુ ફેર.

'**અંતરંગ ચીકણાપણું નથી...**' રાગની એક્તાબુદ્ધિ નથી. સ્વભાવની એક્તાબુદ્ધિ છૂટતી નથી. આહાહા..! આવો માર્ગ. '**તેથી બંધ થતો નથી, નિર્જરા થાય છે.**' કહે છે કે એ જરીક આસક્તિનો રાગાદિ થાય, સુખ-દુઃખની પર્યાયમાં વેદન જરી આવે પણ એ નિર્જરી જાય છે. સમજાણું કાંઈ? અજ્ઞાન અને મિથ્યાત્વની અપેક્ષાએ અહીંયાં વાત કરી છે. કોઈ એમ જ માની લે કે સમ્યગ્દૃષ્ટિ થયો એને હવે પછી રાગાદિ થાય, ભોગના રાગ અને રાગથી એને બંધન નથી જરાય. એમ નહિ. સમજાણું કાંઈ? બંધન મિથ્યાત્વનું નથી. અને એ જ મુખ્ય સંસારનું કારણ છે એનો અહીંયાં અભાવ છે. એથી એનું મિથ્યાત્વ સંબંધી બંધન અને અજ્ઞાન સંબંધી થાય એ નથી. સમજાણું કાંઈ? આહાહા..! એ ૧૪૯.

(શાર્દૂલવિક્રીડિત)

याद्दक् ताद्दगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्याद्दशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१८-१५०।।

ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે છે કે સમ્યગ્દષ્ટિ જીવ પરિણામથી શુદ્ધ છે તથાપિ પંચેન્દ્રિયવિષયભોગવે છે, ત્યાં વિષયને ભોગવતાં કર્મનો બંધ છે કે નથી? સમાધાન આમ છે કે કર્મનો બંધ નથી. 'ज्ञानिन् भुंक्ष्व' ( ज्ञानिन् ) હે સમ્યગ્દષ્ટિ જીવ! ( भुंक्ष्व ) કર્મના ઉદયથી મળી છે જે ભોગસામગ્રી તેને ભોગવે છે તો ભોગવ, 'तथापि तव बन्धः नास्ति' ( तथापि ) તોપણ ( तव ) તને ( बन्धः ) બંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મનું આગમન ( नास्ति ) નથી. કેવો બંધ નથી? 'परापराधजनितः' ( पर ) ભોગસામગ્રી, તેનું ( अपराध ) ભોગવવામાં આવવું, તેનાથી ( जनितः ) ઉત્પન્ન થતો. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવને વિષયસામગ્રી ભોગવતાં બંધ નથી, નિર્જરા છે, કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ઘ છે; એવું જ વસ્તુનું સ્વરૂપ છે. પરિણામોની શુદ્ધતા હોતાં બાહ્ય ભોગસામગ્રી દ્વારા બંધ કરાતો નથી; એવું વસ્તુનું સ્વરૂપ છે. અહીં કોઈ આશંકા કરે છે કે-સમ્યગ્દષ્ટિ જીવ ભોગ ભોગવે છે, તો ભોગ ભોગવતાં રાગરૂપ અશુદ્ધ પરિણામ થતા હશે, ત્યાં તે રાગપરિણામ દ્વારા બંધ થતો હશે; પરંતુ એમ તો નથી, કારણ કે વસ્તુનું સ્વરૂપ એમ છે કે શુદ્ધ જ્ઞાન થતાં, ભોગસામગ્રીને ભોગવતાં, સામગ્રી દ્વારા અશુદ્ધરૂપ કરાતું નથી. કેટલીયે ભોગસામગ્રી ભોગવો તથાપિ શુદ્ધ જ્ઞાન પોતાના સ્વરૂપે શુદ્ધ જ્ઞાનસ્વરૂપે રહે છે; વસ્તુનું એવું સહજ છે. તે કહે છે-' ज्ञानं कदाचनापि अज्ञानं न भवेत्' ( ज्ञानं ) જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવરૂપ પરિણમ્યું છે આત્મદ્રવ્ય તે, ( कदाचन अपि ) અનેક પ્રકારની ભોગસામગ્રીને ભોગવતાં અતીત-અનાગત-વર્તમાનકાળમાં ( अज्ञानं ) વિભાવ-અશુદ્ધ-રાગાદિરૂપ ( न भवेत् ) થતું નથી. કેવું છે જ્ઞાન? 'सन्ततं भवत्' શાશ્વત શુદ્ધત્વરૂપ જીવદ્રવ્ય પરિણમ્યું છે, માયાજાળની માફક ક્ષણવિનશ્વર નથી. હવે દૃષ્ટાન્ત દ્વારા વસ્તુનું સ્વરૂપ સાધે છે 'हि यस्य वशतः यः याद्दक् स्वभावः तस्य ताद्दक् इह अस्ति' ( हि ) કારણ કે ( यस्य ) જે કોઈ વસ્તુનો ( यः याद्दक् स्वभावः ) જે સ્વભાવ, જેવો સ્વભાવ છે તે ( वशतः ) અનાદિનિધન છે, ( तस्य ) તે વસ્તુનો ( ताद्दक् इह अस्ति ) તેવો જ છે. જેવી રીતે શંખનો શ્વેત સ્વભાવ છે, શ્વેત પ્રગટ છે, તેવી રીતે સમ્યગ્દષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો શુદ્ધ છે. 'एषः परैः कथञ्चन अपि अन्याद्दशः कर्तु न शक्यते' ( एषः ) વસ્તુનો સ્વભાવ ( परैः ) અન્ય વસ્તુનો કર્યો ( कथञ्चन अपि ) કોઈ પણ પ્રકારે ( अन्याद्दशः ) બીજારૂપ ( कर्तु ) કરાવાને ( न शक्यते ) સમર્થ નથી. ભાવાર્થ આમ છે કે-સ્વભાવથી શ્વેત શંખ છે, તે શંખ કાળી માટી ખાય છે,

**પીળી માટી ખાય છે, નાના વર્ણની માટી ખાય છે; એવી માટી ખાતો થકો શંખ તે માટીના રંગનો થતો નથી, પોતાના શ્વેત રૂપે રહે છે; વસ્તુનું એવું જ સહજ છે; તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ સ્વભાવથી રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધપરિણામરૂપ છે, તે જીવ નાના પ્રકારની ભોગસામગ્રી ભોગવે છે તથાપિ પોતાના શુદ્ધપરિણામરૂપ પરિણમે છે, સામગ્રી હોતાં અશુદ્ધરૂપ પરિણમાવાતો નથી; એવો વસ્તુનો સ્વભાવ છે. તેથી સમ્યગ્દષ્ટિને કર્મનો બંધ નથી, નિર્જરા છે. ૧૮-૧૫૦.**

## કળશ-૧૫૦ ઉપર પ્રવચન

૧૫૦. यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्यादृशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१८-१५०।।

છે અહીં? વજન અહીં છે. '**अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं**' બસ એટલી વાત. વજન ત્યાં દેવાનું છે.

'**ખંડાન્વય સહિત અર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે છે કે સમ્યગ્દષ્ટિ જીવ પરિણામથી શુદ્ધ છે તથાપિ પંચેન્દ્રિયવિષય ભોગવે છે, ત્યાં વિષયને ભોગવતાં કર્મનો બંધ છે કે નથી?**' આ પ્રશ્ન છે. '**સમાધાન આમ છે કે કર્મનો બંધ નથી.**' કઈ અપેક્ષાએ? જ્ઞાનનું અજ્ઞાન થતું નથી એને વિષયભોગમાં રાગ દુઃખરૂપ લાગે છે. તેથી તેને જ્ઞાનનું અજ્ઞાન થતું નથી. એથી અજ્ઞાનનો એને બંધ છે નહિ. આહાહા..! '**ज्ञानिन् भुंक्ष्व**' આહાહા..! '**હે સમ્યગ્દષ્ટિ જીવ! કર્મના ઉદયથી મળી છે જે ભોગસામગ્રી તેને ભોગવે છે તો ભોગવ,...**' એમ મુનિઓ કહે? ભાષા તો આવી છે. એનો અર્થ પરદ્રવ્યજનિત અપરાધ તને નથી. પરની ક્રિયા થાય તેથી તને અપરાધ થાય એમ નથી. અપરાધ તો એ ક્રિયા મારી છે અને રાગમાં મીઠાશ છે એવો જે મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ એ ભોગની સામગ્રીમાં પ્રીતિ કરાવીને બંધન કરાવે છે. આહાહા..! શરતું આટલી બધી છે. આહાહા..!

'**ભોગવે છે તો ભોગવ,...**' છે ને? પાઠ છે, હોં! '**ज्ञानिन् भुंक्ष्व**' છે ને અંદર ચોથું પદ? ભોગવ એનો અર્થ એ કહેવા માગે છે કે પરદ્રવ્યની કોઈ પર્યાયથી તને નુકસાન થાય એમ નથી. નુકસાન તો તું પરદ્રવ્યને મારા માન અને રાગને મારો માન, એવા ભાવથી નુકસાન છે. એવું સિદ્ધ કરવા માટે પરદ્રવ્યને ભોગવ એટલે કે પરદ્રવ્યને તો જ્ઞાની પણ ભોગવી શકતો નથી. પણ પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો હો રાગ. એમ કહે છે. પણ અજ્ઞાનપણું નથી. રાગની મીઠાશ નથી એટલે તને બંધન નથી. આહાહા..! વીતરાગમાર્ગ બહુ ઝીણો, બાપુ! અહીં ખેંચીને પછી ત્યાં એમ લઈ જાય કે સમ્યગ્દષ્ટિને જરીએ રાગ નથી, બંધ જ નથી. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. કઈ અપેક્ષાએ? બાપુ! આહાહા..! જ્ઞાનીઓ મુનિ હોય

તોપણ જેને ત્રણ કષાયનો અભાવ થઈ પ્રચુર સ્વઆનંદનું પ્રચર વેદન છે જેને, એવા મુનિને પણ જે પંચમહાવ્રતનો વિકલ્પ ઉઠે છે તે સંસાર છે, દુઃખ છે, બંધનનું કારણ છે. આહાહા..!

એક બાજુ અહીં કહે કે મિથ્યાદ્દષ્ટિને પંચ સામગ્રી છે જડની, પરની. ભોગવ. એટલે કે પરને તો તું સ્પર્શતો જ નથી. એ તો અજ્ઞાની માને છે કે હું પરને સ્પર્શીને ભોગવું છું. એ તો માન્યતામાં વિપરીતતા છે. જ્ઞાનીને એ પર સ્પર્શતો જ નથી, અડતો જ નથી. અને રાગ જરી થાય તેનો એ સ્વામી નથી. આહાહા..! સ્વામી ચૈતન્યસ્વરૂપ ભગવાન આનંદનો નાથ, તેનો સ્વામી. જેનો ગરાહ ઘરે મળી ગયો મોટો. અતીન્દ્રિય આનંદની શક્તિનો સાગર પ્રભુ એવો ગરાહ જેને મળ્યો દૃષ્ટિમાં, એ રાગનો ધણી કેમ થાય? સમજાણું કાંઈ? આહાહા..! એ અપેક્ષાએ વાત છે. બાકી સમ્યગ્દૃષ્ટિ શું, મુનિ હોય તોપણ રાગનો ભાગ છે એ સંસાર છે એને. ખેંચાતાણ.... ખેંચાતાણ... આહાહા..! એક કહે શુભઉપયોગ મોક્ષનો માર્ગ છે. એની મોટી તકરાર ચેલેંજ ચાલે છે અત્યારે. પંડિતો-પંડિતોમાં. બીજો કહે, શુભઉપયોગ મોક્ષનો માર્ગ નથી. બંધનો માર્ગ છે. હવે એ ચર્ચા અત્યારે ૪૩ વર્ષે ઉપડી. આહાહા..! ભાઈ! એ તો શુભઉપયોગ તો જ્ઞાનીને પણ બંધનું જ કારણ છે.

અહીંયાં જે કહે છે કે એને બંધ નથી એ તો શુભઉપયોગ મારો છે અને એનાથી મને લાભ છે એ દૃષ્ટિ ગઈ છે. મારું તો ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનાનંદ, સહજાત્મસ્વરૂપ જે આનંદનો ભરચક્ક દરિયો છે. આહાહા..! જે જ્ઞાનનો અમાપ અમાપ શક્તિનો સાગર છે. જે પ્રભુતાની શક્તિથી ભરેલો પૂર્ણ ઈશ્વર છે. આહાહા..! એની જેને સમ્યગ્દૃષ્ટિ થઈ છે એને પરના ભોગવવા પ્રત્યે કાંઈ એની આસક્તિ થાય પણ પરને કારણે આસક્તિ નથી. એ નબળાઈને કારણે આસક્તિ છે. અને તે આસક્તિનો પણ સ્વામી થતો નથી. એ અપેક્ષાએ અહીંયાં સમ્યગ્દૃષ્ટિને ભોગ ભોગવતા બંધ નથી એમ કહ્યું છે. આમાંથી કાંઈ ફેરફાર કરે તો મોટો ફેરફાર થઈ જાય એવું છે. સમજાણું કાંઈ?

'**ભોગવ,...**' છે ને? '**ભોગવ,...**' એમ શબ્દ છે. '**भुंक्ष्व**' છે ને? ચોથા પદમાં. '**ज्ञानिन् भुंक्ष्व**' એનો અર્થ '**परापराधजनितो नास्तीह बन्धस्तव**' જુઓ! ચોથું પદ છે ને? પરપદાર્થના અપરાધને કારણે દેહની ક્રિયા થાય, શરીરની થાય, વાણીની થાય, એના કારણે તને બંધ છે એમ નથી. એ શંકા ટળાવવા એને નિઃશંક દૃષ્ટિમાં રહેવા, આનાથી મને બંધ થાય એ છોડી દે. એ સમકિતીને એ દૃષ્ટિ હોતી નથી. આહાહા..! કેમકે જેને દ્રવ્યસ્વભાવ ઉપર દૃષ્ટિ છે, પરમાત્મા આનંદનો નાથ ભગવાન, અનંત અનંત અમાપ શક્તિ, અમાપ ગુણનો પિંડ છે. આહાહા..! જેની શક્તિ કહો કે ગુણ કહો તે અમાપ છે. અમાપ છે... આહાહા..! પ્રમાણજ્ઞાનમાં આવે પણ અમાપ છે. અમાપનું માપ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! શું કહ્યું ઈ?

વસ્તુ છે તેમાં એટલી શક્તિઓ છે કે જેનો અંત નથી. આહાહા..! જેમ આકાશનો ક્યાંય અંત નથી. શું કહે છે ઈ? નાસ્તિક કોઈ હોય પણ એટલું તો વિચારે કે નહિ આ આમ ને આમ ક્ષેત્ર જાય છે ચારે બાજુ. પછી શું? પછી શું? પછી શું? પછી શું? પછી શું? એ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત...

અનંત... અનંતને અનંત વર્ગે વર્ગે, વર્ગ કરો. એટલે? અનંતને અનંતે ગુણો એકવાર. એવી રીતે જે ગુણાકાર થયો એને પાછો બીજી વાર ગુણો અનંતને અનંતવાર, એવી રીતે અનંતાવાર એને અનંતગુણો એવો જે વર્ગ એની સંખ્યા આવે તોપણ ત્યાં પાર આવે એવું નથી. આહાહા..! એના કરતાં પણ અનંતગુણા તો અહીં ગુણ (આત્મામાં ભર્યા છે). ભાઈ! એ વાત ભાષામાં.. ભાષા ભલે આવે પણ એ વસ્તુ શું છે ઈ?

જેના ગુણની સંખ્યાનું માપ નથી. માપ નથી એટલે? અમાપ છે. છતાં જ્ઞાનમાં માપ આવે એ વસ્તુ એમ નથી અહીંયાં. અનંતને અનંતપણે જ્ઞાન જાણે. એમ અમાપ શક્તિને અમાપશક્તિપણે જ્ઞાન જાણે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. ક્ષેત્રથી તો આ શરીર પ્રમાણે જ છે. પણ એના ભાવથી, એની શક્તિની સંખ્યાથી સંખ્યાતીત. સ્વભાવની શક્તિ સંખ્યાતીત અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એવા સ્વભાવનો જેને અનુભવ થયો... આહાહા..! એને પરપદાર્થને ભોગવવાની વૃત્તિ હોતી નથી. આહાહા..! એને આનંદના ભોગવટા અનંત અમાપ એવા પરમાત્મસ્વરૂપ એનું જેણે માપ લીધું. આહાહા..! અમાપનું માપ લીધું. પર્યાયમાં તો પ્રમાણમાં તો એનું જ્ઞાન આવી જાય છે ને? આહાહા..! ઊંડો... ઊંડો... અનંતગુણનો દરિયો ભગવાન. અમાપ ગુણનો (ભંડાર) ભગવાન, એનું જ્યાં માપ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આવી ગયું. આહાહા..! એને હવે જગતના વિષયો રાગાદિ અને પર સામગ્રી દુઃખરૂપ રાગ લાગે છે. પરસામગ્રી તો પરજ્ઞેય તરીકે જણાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરસામગ્રી એ દુઃખરૂપ લાગે?

ઉત્તર :- દુઃખરૂપ નહિ, રાગ દુઃખરૂપ લાગે છે એમ કીધું. એમ કીધું કે રાગ દુઃખરૂપ લાગે અને સામગ્રી જ્ઞેયરૂપ લાગે. એમ કહ્યું. ભાષા એમ આવી છે. રાગ દુઃખરૂપ લાગે છે, પરવસ્તુ જ્ઞેયરૂપ જણાય છે. મારા તરીકે નહિ. છે એમ પરજ્ઞેય તરીકે જાણે છે. આહાહા..! અજ્ઞાનીને રાગનો રસ છે એ દુઃખનો રસ છે. અને પરસામગ્રીને ભોગવી શકતો નથી પણ એનું લક્ષ ત્યાં છે તો જાણે આને હું ભોગવું છું, એવી દૃષ્ટિમાં વિપર્યાસપણું છે. આહાહા..!

મુમુક્ષુ :- બહુ શ્રુતજ્ઞાને દરિયો, આપ કહો છો ને.

ઉત્તર :- એ શ્રુતજ્ઞાન પર્યાયમાં કીધું ને? શ્રુતજ્ઞાનની પર્યાયમાં માપ આવ્યું પણ અમાપનું માપ આવ્યું. ત્યાં માપ જ છે એમાં જ્ઞાન નથી માપ્યું. લોકો નથી કહેતા કે અનંત-અનંત છે એનું જ્ઞાન આવ્યું તો ત્યાં અંત આવી ગયો. એમ નથી. અનંત અનંત તરીકે જ્ઞાનમાં આવ્યું છે. એમ આ અનંત અમાપ આત્માના ગુણો તેને જ્ઞાનમાં માપ અનંત અમાપ છે તેમ આવ્યું છે. લોજિકથી તો વાત ચાલે છે. આહાહા..! અરે..! એને કે દિ' પોતાના ઘરમાં (જોયું છે)? એનું ઘર કેવડું મોટું છે એની ખબર ન મળે. એવા પ્રભુના મોટા ઘરમાં જે પેઠો... આહાહા..! એને પોતાના ભગવાનની મીઠાશ આગળ, જ્ઞાનીને ઈન્દ્રાણીના સુખમાં પણ રાગ આવે એ દુઃખ લાગે છે. કાળો નાગ જેમ દેખે અને ત્રાસ થાય એવો ત્રાસ છે એને. આહાહા..!

મુમુક્ષુ :- કાળા નાગથી તો ભાગી જાય.

ઉત્તર :- એ કાળા નાગને પણ અડવા દેતો નથી ને અહીં તો. રાગને કાળો નાગ દેખે

છે પણ એને અડતો નથી-સ્પર્શ કરતો નથી. સ્પર્શ તો ચૈતન્યને કરે છે. આહાહા..! આવો વીતરાગમાર્ગ જિનેન્દ્ર સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે જાણીને, જોઈને, અનુભવીને કહ્યું છે. એવી ચીજ બીજે ક્યાંય નથી, હોં! આહાહા..! આવી ચીજ બીજે નથી, એમ ભગવાને કહ્યું એવી ચીજ બીજે નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**ભોગવ, તોપણ તને બંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિનું કર્મનું આગમન નથી.**' કઈ અપેક્ષાએ? અરે..! ધર્મી, સંતો ભોગને ભોગવવાનું કહે? પાઠ તો અહીં એમ છે. ભોગવ એમ કહ્યું. એનો અર્થ કે પરના જડની પર્યાયથી તને નુકસાન થાય એવી શંકા ટળાવી છે. એ તારા પર્યાયમાં અપરાધ થાય એનાથી બંધ છે. એ સામગ્રીનો બંધ નથી. ઘણી સામગ્રી હોય તો એને ઘણો બંધ હોય અને અલ્પ સામગ્રી હોય તો અલ્પ બંધ હોય. એમ છે? એ સામગ્રી પ્રત્યેની એકતાબુદ્ધિ જે છે અને સ્વભાવ પ્રત્યેની વિરક્તબુદ્ધિ છે એનો એને બંધ છે. ધર્મી સ્વભાવ પ્રત્યે રક્ત છે અને રાગથી વિરક્ત છે. આહાહા..! ભલે વિરતીપણું જે મુનિ છે એવું ન હો. પણ છતાં ધર્મી છતાં એ રાગથી વિરક્ત છે. વિરક્ત જ (છે), રાગથી છૂટો પડ્યો છે. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! માટે આ બધી તકરારો ઉઠે છે ને?

કાલ સુધી એવું નાખે છે, જુઓ! 'સમ્યગ્જ્ઞાનદિપીકા'માં આમ કહ્યું છે એ 'સોનગઢ'વાળા કહે છે. 'સમ્યગ્જ્ઞાન દિપીકા' તો 'ક્ષુલ્લક બ્રહ્મચારી'ની કહેલી છે. કાલ સુધી આવ્યું છે આમાં. આવ્યું ને 'ચેતનજી'? આહાહા..! પ્રભુ! શું કરે છે તું આ? 'સમ્યગ્જ્ઞાન દિપીકા'માં 'ધર્મદાસક્ષુલ્લક'... અહીં તો દિગંબરના શાસ્ત્રો છપાય છે. એથી પંડિતોના, આચાર્યોના પુસ્તકો છપાય છે. એમાં એ ક્ષુલ્લક બ્રહ્મચારીનું પણ છાપ્યું છે. એથી કરીને એ અભિપ્રાય અમારો છે... અને તે પણ એનો અભિપ્રાય ખોટો નથી. આહાહા..! એ તો એટલું કહેવા માગે છે કે જેને માથે પતિ હોય અને કોઈ ભૂલ થઈ જાય પરથી તો એ બહારમાં આવતું નથી, દુનિયા દેખતી નથી.

એમ ધર્મીજીવ આત્માના પ્રેમના રસમાં પડ્યો છે એને કદાચિત્ કોઈ રાગાદિનો-અશુભાદિનો ભાવ આવ્યો તો એ ધણી માથે જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ ધણી છે એથી તે દોષ બહાર નહિ આવે. લોકો જાણી શકે એ રીતે નહિ આવે, એમ કહે છે. આહાહા..! બાકી દોષ તો દોષ જ છે. આહાહા..! એ કાલે હજી આવ્યું. પહેલા બહાર પાડી દીધી છે વાત કે આ 'સમ્યગ્જ્ઞાન દીપિકા'નું લખાણ છે. 'સોનગઢ'નું નહિ. અહીં 'સોનગઢ'માં તો દિગંબર શાસ્ત્રોને પ્રસિદ્ધ કરે છે. એ પંડિતનું પ્રસિદ્ધ કર્યું 'સમ્યગ્જ્ઞાન દીપિકા' એ 'ધર્મદાસક્ષુલ્લક'નું છે. એમાં આ લખાણ છે કે 'સોનગઢ'વાળા આમ માને છે એમ કરીને.

મુમુક્ષુ :- એને ટીકા કરવી છે એટલે એમ જ કહે.

ઉત્તર :- પણ કાંઈ ટીકા બીજી કરે નહિ. શુભયોગથી ધર્મ માનતા નથી. ક્રમબદ્ધ માનવામાં પુરુષાર્થ રહેતો નથી અને ક્રમબદ્ધ માને છે. એમ કરે તો હજી (ઠીક છે). આ તો તદ્દન જૂઠું. આહાહા..! નિમિત્તને માને છતાં નિમિત્તથી થાય એમ માનતા નથી, એવું કહે તોપણ બરાબર છે. એની દૃષ્ટિએ. પણ આવું અંધાધૂંધ જૂઠું. 'સમ્યગ્જ્ઞાન દીપિકા'નું લખાણ 'સોનગઢે' છપાવ્યું. માટે એ લોકો પરસ્ત્રીના ભોગમાં પાપ માનતા નથી. અરરર..! પ્રભુ! તું

શું કહે છે? ભાઈ!

અહીં તો કહે છે કે સમ્યગ્દષ્ટિ જીવ છે. જેને સહજાનંદ સ્વરૂપનું ભાન થઈ ગયું છે અને જેને આનંદની લહેર ઊઠે છે અંદરથી. આહાહા..! એ જીવને કહે છે કે પરદ્રવ્યને કારણે તને બંધ થાય... પરદ્રવ્યને કારણે બંધ થાય એવું હોય કોઈ દિ'?

મુમુક્ષુ :- પોતાને કારણે.

ઉત્તર :- પોતાને કારણે છે તો એ તને નથી. મિથ્યાત્વ જે છે કે પરમાં સુખ છે, પરથી ધર્મ છે એ વાત તો તારે છે નહિ. એથી તને મિથ્યાત્વ સંબંધી બંધ થાય એ પર સામગ્રીથી નથી થતો. એ તો મિથ્યાત્વને લઈને થાય એ તારે નથી. આહાહા..! માટે પરદ્રવ્યને ભોગવ એટલે? એના તરફનું લક્ષ જતું હોય તો હો પણ એનાથી નુકસાન થાય છે એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ભોગવતો એનો લાંબો અર્થ કરે છે.

ઉત્તર :- લાંબો.. બીજું શું થાય? અહીં તો '**भुंक्ष्व**' કીધું. સંતો ભોગ ભોગવવાનું કહે? મહા દિગંબર સંત પ્રચુર આત્મ સ્વસંવેદનમાં પડ્યા છે. ભાવલિંગ જેને અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન છે એ પરને ભોગવવાનું કહે? પાઠ તો આ છે. પણ એનો આશય શું? ભાઈ! તું સમ્યગ્દષ્ટિ છો અને તને આત્માની શાંતિનું ભાન થયું છે. તને શાંતિ ક્યાંય દેખાતી નથી તો પરદ્રવ્યના ભોગમાં તને પાપ થાય એમ નથી. તારા મિથ્યાત્વભાવથી તને બંધ થાય એ મિથ્યાત્વભાવ તો છે નહિ. રાગની મીઠાશ નથી, પરદ્રવ્ય મારા છે એ દૃષ્ટિ ઊડી ગઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એટલે કે સ્વદ્રવ્ય મારું છે અને આત્મામાં મીઠાશ છે એ દૃષ્ટિ થઈ છે. એ કારણે પરદ્રવ્યના ભોગવટામાં તને બંધ છે એ વાત નથી. અજ્ઞાનીને પણ કાંઈ પરદ્રવ્યની ક્રિયાથી બંધ છે એમ છે નહિ. અજ્ઞાનીને અજ્ઞાનના ભાવથી બંધ છે. સમજાણું કાંઈ? આ દેહની શારીરિક ક્રિયા થાય એ કાંઈ બંધનું કારણ નથી. આહાહા..! વિષય ભોગમાં શરીરની ક્રિયા થાય એ કાંઈ બંધનું કારણ નથી. અંદરમાં રાગ થાય છે અને મને ઠીક પડે છે તે મિથ્યાત્વ છે, તે મિથ્યાત્વ બંધનું કારણ છે. આહાહા..! આવો માર્ગ છે એ જરી વિચારે નહિ, મેળવે નહિ અને એકદમ (વિરોધ કરે). આહા..!

અહીં પાઠ તો આ આવ્યો. '**ज्ञानिन् भुंक्ष्व**' ભોગવવાનું કહે મુનિ? એનો અર્થ કે પરદ્રવ્યની તો સામગ્રી તારી નથી એમ તું માને છે અને તેથી તેના તરફના વલણનો રાગ થાય તેની મીઠાશ તને નથી. શેઠ! આહાહા..! માટે ભોગવ એટલે લોકો દેખે છે કે આ ભોગવે છે, આ અડે છે, એ અપેક્ષાએ ભોગવ એમ કહ્યું છે. આહાહા..!

મુમુક્ષુ :- અંદરની વાત છે.

ઉત્તર :- અંતરની વાત છે, ભાઈ! આહાહા..!

'**परापराधजनितः**' જુઓ! શબ્દ આવ્યો. '**पर**' એટલે '**ભોગસામગ્રી, તેનું ભોગવવામાં આવવું, તેનાથી ઉત્પન્ન થતો.**' અપરાધ એ તને નથી. આહાહા..! છે? '**સમ્યગ્દષ્ટિ જીવને વિષયસામગ્રી ભોગવતાં બંધ નથી, નિર્જરા છે, કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા અવશ્ય**

**પરિણામોથી શુદ્ધ છે;...'** સમ્યગ્દર્શનના અને સમ્યગ્જ્ઞાનના અને સ્વરૂપાચરણના શુદ્ધ પરિણામથી સર્વથા શુદ્ધ છે. '**જીવ સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ધ છે;...**' એનો અર્થ પણ સર્વથા શુદ્ધ છે એટલે આસક્તિનો ભાવ થયો એ પણ શુદ્ધ છે, એમ નહિ. એને દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનના શુદ્ધ પરિણામ છે તે સર્વથા શુદ્ધ છે. સમજાણું કાંઈ? એમાંથી એમ જ લઈ લે કે સમ્યગ્દૃષ્ટિ ગમે તેવા ભોગનો રાગ કરે અને એ શુદ્ધ છે. એમ અહીં વાત નથી. એને દૃષ્ટિના પરિણામ અને આનંદનું વેદન એ સર્વથા શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..!

એ અમાપ શક્તિઓનું પણ જેણે સમ્યગ્જ્ઞાનમાં માપ લઈ લીધું. આહાહા..! એ જ્ઞાનની પર્યાયની મોટપ કેટલી! અનંત અનંત અમાપ શક્તિ, આકાશના અમાપના પ્રદેશ કરતાં પણ. ક્ષેત્ર ભલે નાનું પણ એની શક્તિની સંખ્યા અમાપ... આહાહા..! એની જેણે શ્રદ્ધામાં એનું માપ લઈ લીધું. પ્રતીત એ વસ્તુ ન આવી શ્રદ્ધામાં, પણ જેટલી જેવડી વસ્તુ છે તેટલી પ્રતીત થઈ ગઈ અંદરમાં. આહાહા..! અરેરે..! આવી ચીજ! મનુષ્યપણામાં અને જૈન સંપ્રદાયમાં જન્મ્યો એ આ વસ્તુ ન સમજે, પ્રભુ! કે દિ' (કરશે)? બહારના ઝઘડા ઝઘડા પાસે રાખ. આહાહા..!

જેણે અમાપ શક્તિના તળિયા જોયાં. આહાહા..! શું છે ઈ? એ ચીજની શક્તિઓની સંખ્યા અમાપ, એટલી શક્તિઓને ગુણો છે કે જે અમાપ (છે). આહાહા..! ક્ષેત્ર ભલે અસંખ્ય પ્રદેશી છે અને એક પરમાણુ લ્યો તોપણ શું? એટલા જ અમાપ ગુણ છે એમાં. અહીં વસ્તુ અને ક્ષેત્ર જોવાનું નથી. એની શક્તિઓ કેટલી છે? એવી જે અમાપ શક્તિનું જેણે શ્રદ્ધામાં માપ લઈ લીધું. આહાહા..!

મુમુક્ષુ :- અમાપનું વળી માપ?

ઉત્તર :- માપ થઈ ગયું. અનંતનું અનંતપણે જ્ઞાન થઈ ગયું. અમાપનું અમાપપણે જ્ઞાન થઈ ગયું. આહાહા..!

મુમુક્ષુ :- આવું મળે નહિ ક્યાંય?

ઉત્તર :- આવું છે નહિ. સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય નથી. અને તે બેસી જાય એવું છે. આહાહા..! આ કરણાનુયોગનું નથી, એય..! 'દેવાનુપ્રિયા'! આ કરણાનુયોગની વાત નથી, આ દ્રવ્યાનુયોગની વાત છે. તે દિ' કહ્યું હતું ને કે કરણાનુયોગની વાત છે. મેં ઓલી સંખ્યા ને એ બધું કહ્યું ને? કહે, આ તો કરણાનુયોગનું છે. એય..! 'દેવાનુપ્રિયા'! આહાહા..! બાપુ! શું કહીએ?

મુમુક્ષુ :- કરણાનુયોગ એમાંથી સમ્યગ્જ્ઞાન કાઢ્યું.

ઉત્તર :- કરણાનુયોગ કર્મની વાત છે. એ જુદી વસ્તુ છે. એ સ્વના જ્ઞાન વિના કર્મનું જ્ઞાન યથાર્થ થઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ધીરાના કામ છે, ભાઈ! આ કાંઈ... આહાહા..! મોટા ભાષણ કરવા અને મોટા આ કરવા (એવું નથી). એમાં આ વસ્તુ આવી છે, બાપુ! ચીજ કોઈ બીજી છે, ભાઈ! આહાહા..!

ભગવાન તીર્થંકર પરમેશ્વરે જે આત્મા જોયો, પરમાણુ જોયા, અરે..! દ્રવ્ય જોયા. આહાહા..! એક કાળાણું જોયો ભગવાને. તો કહે છે કે કાળાણુમાં ત્રણકાળના પર્યાય કરતાં

એક કાળાણુમાં અનંત ગુણ છે. એલા પણ ત્રણકાળના કરતા એક કાલાણુમાં અનંત ગુણ? અરે..! ત્રણકાળના પર્યાય કરતાં એક કાળાણુની અનંતગુણની એક સમયની અનંતી પર્યાય ત્રણકાળના સમય કરતાં અનંતગુણી છે. આહાહા..! એ બધા અમને સ્વજ્ઞાન થતાં બધાને પરનું જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. સ્વનું જ્ઞાન થતાં પરનું આવી જાય છે. એવો સ્વભાવ છે. આહાહા..! ભાઈ! એણે પોતે પોતાની ચીજની શક્તિઓનું અમાપપણું શું છે એ એના જ્ઞાનમાં આવ્યું નથી. આહાહા..! એ જ્ઞાનમાં જેનું અમાપનું માપ થઈ ગયું... આહાહા..! હવે એનો રસ રાગ અને પરથી ઊડી ગયો, કહે છે. સમજાણું કાંઈ?

એને અહીંયાં કહ્યું કે, '**વિષયસામગ્રી ભોગવતાં બંધ નથી, નિર્જરા છે,** કારણ કે **સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ધ છે;...**' કઈ અપેક્ષાએ? બધા પરિણામથી શુદ્ધ છે એમ નહિ. દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ, સ્વરૂપાચરણની અપેક્ષાએ શુદ્ધ છે.

મુમુક્ષુ :- એની ભૂમિકા પ્રમાણે.

ઉત્તર :- હા. એની ભૂમિકા પ્રમાણે જે પરિણામ છે એ સર્વથા શુદ્ધ છે. આહાહા..! સમ્યગ્દષ્ટિના ભોગ ને રાગ ને લડાઈમાં ઊભો હોય ક્રોધમાં તોપણ શુદ્ધ છે એમ નથી અહીંયાં. એને ઓલી દૃષ્ટિ-જ્ઞાન અને સ્વરૂપાચરણ છે એ સર્વથા શુદ્ધ છે. આહાહા..! આવું છે. છે?

સર્વથા અવશ્ય પરિણામ... બે શબ્દ છે. '**સમ્યગ્દષ્ટિ જીવ સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ધ છે;...**' એમ કહે છે પાછું. પાછું અવશ્ય લીધું. ત્યાં એમ જ લગાવી દે કે સમ્યગ્દષ્ટિને આસક્તિના પરિણામ આવે, ભોગના આવે એ બધા શુદ્ધ છે. એમ નથી. જે સમ્યગ્દર્શનમાં ચૈતન્ય ભગવાન જ્યાં પ્રતીતમાં આવ્યો અને એનું જ્ઞાન થયું, એ શ્રદ્ધા, જ્ઞાન અને એની રમણતા એ સર્વથા શુદ્ધ છે. એમાં કિંચિત્ મેલનો ભાવ છે નહિ. આહાહા..! આવો ભગવાનઆત્મા.. અરે..! એણે એને સાંભળ્યો નથી. એની ચીજ શું છે એની એને ખબર નથી. અને જ્યાં ખબરું પડી... આહાહા..! એ જ્ઞાન હવે શુદ્ધ છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આમાંથી એમ કાઢે કે સમ્યગ્દષ્ટિને તો ગમે તેવા પરિણામ થાય પણ એને દુઃખ પણ નથી, મલિનતા પણ નથી. બધા શુદ્ધ છે. એમ નથી. અહીંયાં તો ફક્ત દ્રવ્યનું ભાન થયું અને દ્રવ્યની પ્રતીતિ (થઈ), અમાપનું માપ આવી ગયું એવા જે પરિણામ તે શુદ્ધ છે. એ પરિણામ તે સર્વથા શુદ્ધ છે. આહાહા..! અરેરે..! નવરાશ ક્યાં? ફુરસદ ક્યાં? મૂળ ચીજ જોવાને, જાણવાને... આહાહા..! કુતૂહલ તો કર એકવાર. નથી આવતું? '**कौतूहली**' '**कौतूहलीसन्**'આવે છે ને? આહાહા..! પ્રભુ! તારી ચીજમાં કુતૂહલ તો કર એકવાર કે શું છે પણ આ? આટલા આટલા વખાણ જેના સર્વજ્ઞ કરે. આહાહા..! એ શું છે અંદર? કુતૂહલ તો કર. પર વસ્તુની વિસ્મયતા દેખીને કુતૂહલતા તને આવે છે. જરી શરીરની સુંદરતા દેખે, પૈસા દેખે, મકાન-હજીરા દેખે આમ પાંચ-પચ્ચીસ લાખના ઘરવખરાવાળા. શું કીધું એ? ફર્નિચરવાળું મકાન. ત્યાં આમ થઈ જાય. આહાહા..! શું છે પ્રભુ! તને? ત્યાં તને કુતૂહલતા આવે છે. તો આ અંતર વસ્તુ ભગવાન છે ત્યાં એકવાર કુતૂહલ તો કર. આહાહા..! કુતૂહલ

શબ્દે વિસ્મયતા તો કર, મહિમા તો કર કે આ શું ચીજ છે આ તે! ભાષાથી નહિ, શાસ્ત્રથી નહિ તારા ભાવથી અંદર. આહાહા..! એવી વાતું છે.

મુમુક્ષુ :- તારું અજાયબ ઘર છે.

ઉત્તર :- અજાયબી ઘર છે. આવે છે ને 'બહેન'માં આવે છે. અજાયબ ઘર છે આ. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ ન હોય તો શું કરે?

ઉત્તર :- જ્ઞાનાવરણીના ક્ષયોપશમનું અહીં કામ નથી. અહીં તો આત્માને જાણવાનું કામ છે, બસ. એટલો ક્ષયોપશમ હોય જ છે. સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણીને એટલો તો ક્ષયોપશમ હોય જ છે. સ્વને જાણી શકે એટલો ક્ષયોપશમ તો હોય જ છે.

મુમુક્ષુ :- ચારેય ગતિમાં સંજ્ઞીને?

ઉત્તર :- ચારેય ગતિમાં સંજ્ઞીને. સાતમી નરકનો નારકી. પ્રભુ! એ તો સાંભળે તો ખબર પડે. એ ૩૩ સાગરની સ્થિતિએ મિથ્યાદૃષ્ટિ થઈને ગયો. એની એક સમયની પીડા, બાપુ! એ સહે. આહાહા..! એ 'બ્રહ્મદત્ત' ચક્રવર્તી જેવા પડ્યા છે ત્યાં હેઠે. આહા..! મોટા શેઠિયાઓ, અબજોપતિ પડ્યા છે. મરીને નરકે (ગયા છે). મોટી મીલ ને એમાં પાણીના ધોધ અને એમાં માછલા મરે, મીંદડા મરે, કાગડા મરે. આહાહા..! આ મોટા મોટા મીલ હોય છે. ઊના ઊના પાણીના હોજ ભરી રાખ્યા હોય. સર્પ પડે, કાગડા પડે, મરે એ બધા. આહાહા..! એ ત્યાંની પીડા બાપા! નરકમાં.. આહાહા..! એવી પીડામાં પણ આત્માની કુતૂહલતા થઈને સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! અહીં તો કહે ફલાણી કાંઈક સગવડતા થોડી હોય, ઢીંકણું હોય-ફલાણું હોય પછી હું કાંઈ કરીશ. છોકરા કાંઈ ઠેકાણે પડે, છોડીયું પણ કાંઈક પરણે અને સરખે ઠેકાણે ઘરના પ્રમાણમાં પાછું ઘર મળે. સાધારણમાં જાય લોકો કહે, આમાં તમે કેમ આપી? આહાહા..! આમાં ને આમાં ને રોકાતા બિચારો રહી ગયો અંદરમાંથી. એ અહીં કહે છે.

'**સર્વથા અવશ્ય પરિણામોથી શુદ્ધ છે; એવું જ વસ્તુનું સ્વરૂપ છે;...**' આહાહા..! એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપાચરણ અને આનંદનો ત્યાં ભાવ આવ્યો એ સર્વથા શુદ્ધ છે. ભલે અંશ છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાંથી લઈ લે કેટલાક ખેંચે, જુઓ! સમ્યગ્દૃષ્ટિને બિલકુલ દુઃખ અને રાગ હોતો નથી. આહાહા..! આમાં તો બંધ નથી કીધું છે. આમાં જુઓ! જરૂર પરિણામ બધા શુદ્ધ છે એમ કહ્યું. જુઓ! આમાં. અહીં તો નિર્જરાની વિશેષતા છે અને બંધ અલ્પ છે. એ અલ્પને ગૌણ કરી નાખીને અશુદ્ધતા ટળે છે એને મુખ્ય રાખીને નિર્જરા કીધી છે. આહાહા..! એમાં એનો કોઈ એક ન્યાય ફરે તો આખી વસ્તુ ફરી જાય એવી છે, બાપુ! આહાહા..!

'**પરિણામોની શુદ્ધતા હોતાં...**' ક્યા પ્રકારે? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપઆચરણ અને આનંદના પરિણામની શુદ્ધતા આગળ... આહાહા..! ભાઈ! '**ભોગસામગ્રી દ્વારા બંધ કરાતો નથી;...**' આહાહા..! '**એવું વસ્તુનું સ્વરૂપ છે. અહીં કોઈ આશંકા કરે છે કે – સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગ ભોગવે છે, તો ભોગ ભોગવતાં રાગરૂપ અશુદ્ધ**

**પરિણામ થતા હશે,...'** જુઓ! એ પણ નથી. (જે) પરિણામમમાં શુદ્ધતા છે એ પરિણામમમાં એને નથી. આહાહા..! **'અશુદ્ધ પરિણામ થતા હશે, ત્યાં તે રાગપરિણામ દ્વારા બંધ થતો હશે; પરંતુ એમ તો નથી,...'** કઈ અપેક્ષાએ? આહાહા..! અરે..! ભારે, બાપુ! શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ગળે છે એ અપેક્ષાએ એને બંધ નથી એમ કહેવામાં આવ્યું. અશુદ્ધતા નથી એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'વસ્તુનું સ્વરૂપ એમ છે કે શુદ્ધ જ્ઞાન થતાં, ભોગસામગ્રીને ભોગવતાં, સામગ્રી દ્વારા અશુદ્ધરૂપ કરાતું નથી.'** જોયું! સામગ્રી દ્વારા, પરદ્રવ્ય દ્વારા અશુદ્ધતા થતી નથી. અને પોતાની દૃષ્ટિમાં તો શુદ્ધતા વર્તે છે, દૃષ્ટિની અપેક્ષાએ. એ અપેક્ષાએ વાત લીધી છે અહીં. આહાહા..! **'ભોગસામગ્રીને ભોગવતાં, સામગ્રી દ્વારા અશુદ્ધરૂપ કરાતું નથી. કેટલીયે ભોગસામગ્રી ભોગવો તથાપિ શુદ્ધજ્ઞાન પોતાના સ્વરૂપે-શુદ્ધ જ્ઞાનસ્વરૂપે રહે છે; વસ્તુનું એવું સહજ છે.'** એ સમ્યગ્દર્શન અને જ્ઞાન અને પરિણામ જે શુદ્ધ પ્રગટ્યા, અનંતગુણની વ્યક્તતાના અંશોએ જે શુદ્ધતા પ્રગટી એ શુદ્ધતા તો શુદ્ધતા જ છે. આહાહા..! એનાથી એને બંધ છે નહિ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## કારતક સુદ ૧૩, બુધવાર, તા.૨૩-૧૧-૧૯૭૭
## કળશ - ૧૫૦, પ્રવચન - ૧૫૭

'કળશટીકા' કળશ-૧૪૯, પછી ૧૫૦. અહીં સુધી આવ્યું છે. **'વસ્તુનું એવું સહજ છે.'** શું કહે છે? **'ज्ञानं कदाचनापि अज्ञानं न भवेत्'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય અમાપ શક્તિનો પ્રભુ સાગર, એનો અંતરમાં અનુભવ થયો એટલે કે વસ્તુનું જ્ઞાન થયું, અને વસ્તુનું વેદન પર્યાયમાં આવ્યું. એની વાત છે અત્યારે અહીં. એ રાગથી અને પરથી ભિન્ન પડી,.. અરે..! એ ચોર્યાસીના અવતારમાં રખડે છે એ દુઃખી છે. એ દુઃખથી મુક્ત થવાનો ઉપાય, એ રાગનો વિકલ્પ છે સૂક્ષ્મમાં સૂક્ષ્મ, એની પણ જ્યાં કિંમત-મહત્તા ઊડી જાય અને ચૈતન્યચમત્કારી પદાર્થ પ્રભુ, પોતાના સ્વરૂપની મહિમા આવી અને અંદરના વેદનમાં આવે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે. ત્યારે તેને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહીએ. આહાહા..!

ખરેખર તો ચારિત્ર ધર્મ છે. પણ એનું કારણ આ સમ્યગ્દર્શન છે. જ્યાં સમ્યગ્દર્શન સત્ય પ્રભુ, અનંત... અનંત... અનંત... અનંત શક્તિ-ગુણનો સાગર ભગવાનઆત્મા, એની મહિમા થઈને અંતર વેદનમાં આવ્યો, તે જીવને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની અને શાંતિનો વેદનાર કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- કોઈવાર કહો છો કે આનંદનું વેદન છે.

ઉત્તર :- એ શાંતિ કહો. શાંતિ ચારિત્રની અપેક્ષાએ કીધી. આનંદ સુખની અપેક્ષાએ કહ્યું. ચારિત્ર એટલે આત્મામાં શાંતિ અનંત પડી છે. એનું વેદન શાંતિનું આવે અંશે, એમ

આનંદ પડ્યો છે તેમાં સુખનું વેદન આવે. શાંતિનું વેદન એ વીતરાગી પર્યાય શાંત અકષાયભાવ અને આનંદની પર્યાય સુખનું વેદન આનંદનો પર્યાય એ આનંદગુણનો પર્યાય છે. શાંતિ એ ચારિત્રગુણનો પર્યાય છે. આહાહા..! એ અજબગજબ વાત છે, ભાઈ આ તો. અંતરની વાતું બાપુ! એવી છે. આહાહા..! એ તત્ત્વ જ એવું અલૌકિક છે.

એવા ચૈતન્યના તત્ત્વમાં જે અનંત શક્તિઓ અને ગુણ ભર્યા છે, એ અમાપ શક્તિનો ધરનાર દ્રવ્ય, એની દૃષ્ટિ અને વેદનમાં આવતાં... આહાહા..! અનાદિથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ કર્મચેતનાનું વેદન છે. પરનું નહિ. સ્વનું નહિ. પુણ્ય અને પાપના, રાગ અને દ્વેષના ભાવ એનું એને વેદન છે. એ દુઃખને વેદે છે. એ દુઃખથી કંટાળ્યો નથી. દુઃખમાં મજા માનીને દુઃખને વેદે છે. એ આત્મા જ્યારે એ દુઃખનો જે ભાવ જે રાગ છે એનાથી પણ ભિન્ન પ્રભુ છે અંદર... આહાહા..! આ અધ્યાત્મ-અધ્યાત્મ કરે છે ને? એ અધ્યાત્મ બાપુ! ઝીણી વાત, ભાઈ!

મુમુક્ષુ :- દુઃખ તો પુદ્ગલની પર્યાય છે.

ઉત્તર :- કોણે કીધી પુદ્ગલની પર્યાય? એ તો નીકળી જાય એની અપેક્ષાએ (કહ્યું). (બાકી તો) જીવની પર્યાય છે. ચારિત્રગુણ અને આનંદગુણની વિપરીત પર્યાય છે. એ તો નીકળી જાય એ અપેક્ષાએ પુદ્ગલ કીધું છે. વેદન છે દુઃખનું એ અંદરની દશા છે. આહાહા..! ઝેરના પ્યાલા પીવે છે ઈ.

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. એને ભૂલી અને પુણ્ય-પાપના ઝેરના પ્યાલાના વેદન છે. આહાહા..! એ જ્યારે એનાથી પૃથક્ મારી ચીજ છે એમ અનુભવે છે... આહાહા..! એ અનંત કાળમાં, અનંત ભવમાં અનંત (વાર) સાધુપણું લીધું દિગંબર મુનિ (થયો) એવો, એ ભવમાં પણ એ આત્માના આનંદનું વેદન ન કર્યું એણે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ! જગતથી બહુ જુદી જાત છે. આ ક્રિયાકાંડના શુભ-અશુભભાવો છે એ બધા દુઃખરૂપ છે. એ આત્માની પર્યાયમાં થાય છે. એનાથી ભિન્ન પડીને ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર થયા એ સર્વજ્ઞ સ્વભાવી વસ્તુમાંથી થયા છે. આહાહા..! એ ભગવાનઆત્મા સર્વજ્ઞસ્વભાવી અને તેની સાથે અતીન્દ્રિય આનંદનો સ્વભાવ, એનું જ્યાં અંતર્મુખ થઈને વેદન શાંતિનું ને આનંદનું ને જ્ઞાનનું ને વીર્યનું આવે, એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહે છે. આહાહા..! આવી વાત છે.

એને '**જ્ઞાન અર્થાત્ શુદ્ધ સ્વભાવરૂપ પરિણમ્યું છે...**' જોયું ને? ભગવાનઆત્મા. જ્ઞાન એટલે આત્મા. શુદ્ધસ્વરૂપ ભાવ,જેવો એનો પવિત્ર શુદ્ધ સ્વભાવ છે એવી પવિત્રતાની પર્યાયપણે પરિણમ્યું છે. આહાહા..! એ શુભ-અશુભ અપવિત્રતાપણે પરિણમન હતું એ સંસારમાં બીજડા-દુઃખ હતું. આહાહા..! એ ભગવાનઆત્મા અનંત અમાપ ગુણની પવિત્રતાનો પિંડ, એનું પરિણમન એવું થયું. જેવું દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે... આહાહા..! એવું એની સન્મુખ થતાં શુદ્ધ સ્વભાવનું પરિણમવું-દશા થઈ... આહાહા..! એનું નામ જ્ઞાની અને એનું નામ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ છે પ્રભુનો.

'**શુદ્ધ સ્વભાવરૂપ પરિણમ્યું છે આત્મદ્રવ્ય...**' કીધું ને? '**कदाचन अपि**' '**અનેક પ્રકારની**

**ભોગસામગ્રીને ભોગવતાં...**' એ સામગ્રીને ભોગવતાં તો નિમિત્તના કથન છે. પણ સામગ્રી તરફ લક્ષ જાય છે તેથી સામગ્રીને ભોગવે છે એમ કથન કરવામાં આવ્યું છે. આહાહા..! '**ભોગસામગ્રીને ભોગવતાં અતીત-અનાગત-વર્તમાન કાળમાં...**' ત્રણે કાળમાં, કહે છે. '**अज्ञानं न भवेत्**' અજ્ઞાન થતું નથી એમ સિદ્ધ કરવું છે. શું કહે છે? કે જ્યાં ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન અને ભાન થયું એના સ્થાન આગળ પૂર્વના કર્મને લઈને મળેલી સામગ્રી, એ ઉપર જરી લક્ષ જાય છે, છતાં તે સામગ્રી અને તે લક્ષ અજ્ઞાનરૂપ કરી શકે નહિ. આહાહા..! ઝીણી વાતું બહુ, ભાઈ! અપૂર્વ વાત છે ને, પ્રભુ! એ ચીજની મહિમા એને આવી નથી. સર્વોત્કૃષ્ટ મહિમાવંત ચીજ હોય તો એ પ્રભુ પોતે છે. એના જેવી સર્વોત્કૃષ્ટ કોઈ ચીજ મહિમાવાળી ચમત્કારિક કોઈ ચીજ જ જગતમાં નથી. આહાહા..! એવો ભગવાનઆત્મા ચૈતન્યરતન, એનું જેને વેદન થયું એને ભોગ સામગ્રી તે વેદનને અજ્ઞાન કરી શકતી નથી. આહાહા..! સામગ્રી તો નિમિત્તથી કથન કર્યું, પણ સામગ્રી તરફ લક્ષ જાય તે છતાં એ લક્ષનો વિકલ્પ એ જ્ઞાનીને જ્ઞાનનું અજ્ઞાન કરી શકે એવી તાકાત નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

સર્વોત્કૃષ્ટ ચૈતન્ય ચમત્કારિક પદાર્થ પ્રભુ છે. ચૌદ બ્રહ્માંડમાં પોતાનો ચૈતન્યચમત્કારિક સર્વોત્કૃષ્ટ એવો જે ભગવાનઆત્મા સ્વસ્વરૂપે બિરાજમાન છે. એની હયાતીનું ભાન થાય અને પુણ્ય-પાપની અહયાતી-એનામાં હયાતી નથી. આહાહા..! એની રાગની વિભક્તતા અને સ્વભાવની એકતા જ્યાં પ્રગટે... આહાહા..! ત્યારે તેને ભોગની સામગ્રી તે જ્ઞાનીને જ્ઞાનમાં અજ્ઞાન કરી શકતી નથી. સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ ઉપજાવી શકતું નથી એ સામગ્રી. સામગ્રી કે સામગ્રી તરફનું લક્ષ, એ મિથ્યાત્વ કરી શકતું નથી એમ કહે છે. આહાહા..! આવી વાતું. આહાહા..!

બાપુ! માર્ગ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર અશ્ચર્યકારી સર્વજ્ઞદશા, આશ્ચર્યકારી એનો સર્વજ્ઞસ્વભાવ. એ સર્વજ્ઞ ભગવાને જગતના પદાર્થોનું વર્ણન કરીને કહ્યું, કે જેને એ સર્વજ્ઞસ્વભાવી આત્માનું વેદન આવ્યું, રાગનું-કષાયનું વેદન તો અનાદિકાળથી છે, એ કોઈ નવી ચીજ નથી. એ દુઃખનું વેદન દુઃખી આકુળતા છે, એના આકુળતાના પરિણામથી પણ ભિન્ન કરી અને જેણે સમ્યગ્દર્શન અને આનંદનું વેદન પ્રગટ કર્યું, એ જીવને પૂર્વની સામગ્રી કર્મને લઈને ઈન્દ્રના ઈન્દ્રાસન હો કે ચક્રવર્તી પદ હોય તે જ્ઞાનીના જ્ઞાનને અજ્ઞાન કરી શકે એવી તાકાત કોઈમાં નથી. સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ છે, લ્યો! છકાયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા કેવી સહેલી વાત હતી. એ તો બધી રખડવાની વાત હતી. આહાહા..! ભાઈ! તારી ચીજની તને ખબર નથી. તારું મહાત્મ્ય જગતમાં કોઈ ચીજ હણી શકે એવી તાકાત નથી. આહાહા..! એવી ચીજથી ભરેલો ભગવાન અંદર, એવા ભગવાનનું ભાન થયું એ ભાનને કોઈ જગતની સામગ્રી અભાન કરી શકે એવી તાકાત નથી કોઈની. આહાહા..! છે?

'**અનેક પ્રકારની ભોગસામગ્રીને ભોગવતાં...**' ત્રણ કાળમાં '**વિભાવ-અશુદ્ધ-રાગાદિરૂપ...**' અજ્ઞાનની વ્યાખ્યા કરી. અજ્ઞાન કરી શકે નહિ એટલે શું? જ્ઞાનીના જ્ઞાનને ભોગની સામગ્રી અજ્ઞાન કરી શકે નહિ એટલે શું? '**વિભાવ-અશુદ્ધ-રાગાદિરૂપ થતું નથી.**'

આહાહા..! એવો મિથ્યાત્વનો અશુદ્ધ ભાવ, હોં! એ. સમજાણું કાંઈ? એ અશુદ્ધ પરિણામ થયાં છતાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની અશુદ્ધતા એ નહિ કહી શકે. આહાહા..! હવે આવો ધર્મ ઉપદેશ, લ્યો! ભોગસામગ્રી ભોગવતાં તેને '**વિભાવ-...**' અજ્ઞાનની વ્યાખ્યા કરી. '**વિભાવ-**' એટલે '**અશુદ્ધ-રાગાદિરૂપ...**' એટલે મિથ્યાત્વ સંબંધીના રાગ અને મિથ્યાત્વ સંબંધીના ભાવરૂપ '**થતું નથી.**' આહાહા..! સમજાણું કાંઈ? વાત તો એવી લીધી. ભોગસામગ્રી. એનો અર્થ એ છે કે ભોગસામગ્રી તો જ્ઞેય પર છે. પણ તેના તરફનું એનું- ધર્મીનું લક્ષ જરી જાય છે. છતાં તે લક્ષ જાય છે, વિકલ્પ ઊઠે એ આત્માના જ્ઞાનને મિથ્યાત્વરૂપ કરી શકે એવી તાકાત એમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**કેવું છે જ્ઞાન?**' '**सन्ततं भवत्**' આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય શાશ્વત પદાર્થ છે. '**શાશ્વત શુદ્ધત્વરૂપ જીવદ્રવ્ય પરિણમ્યું છે,...**' આહાહા..! ભગવાન શાશ્વત શુદ્ધ ચૈતન્યમૂર્તિ એ શુદ્ધરૂપે પરિણમ્યું છે, શુદ્ધરૂપે થયું છે. એ માયાજાળની પેઠે એ ચીજ નથી, એમ કહે છે. છે? પહેલી માયાજાળ આવી ગયું છે એકવાર. ૧૨૮ પાને. ૧૨૮ પાને આવી ગયું છે. છે ને? ત્યાં પણ માયાજાળ કહ્યું હતું. ૧૨૮ પાને બીજી લીટી. આની પહેલી લીટી. '**કેવી છે માયાજાળ?**' અહીં બીજી લીટીમાં છે. અહીં પહેલીમાં છે. '**માયાજાળની માફક ક્ષણવિનશ્વર નથી.**' આહાહા..! શું કીધું એ? આ બધી માયાજાળ ક્ષણ વિનાશિક. આહાહા..! એ કાલે સંધ્યા જોઈ સાંજે. આમ જ્યાં નજર કરી ત્યાં સંધ્યા ખીલેલી. બીજી મિનિટે આમ નજર કરી ત્યાં કાળું ધાબું. કાલે લાલ વાદળા થયા હતા. આ બાજુ ઓલો ડુંગરો છે ને ત્યાં પર્વત છે. ત્યાં સૂર્ય અસ્ત થતાં એની લાલપ ત્યાં એટલી બધી આવી ગઈ આમ. પણ એક મિનિટ (રહીને) ફડાક દઈને વઈ ગઈ. સંધ્યાના રંગ જેવી ચીજ છે એ. આહાહા..!

માયાજાળ આ સંસાર આખો. શરીર, વાણી, મન બધું. ક્ષણવિનાશી. એક ક્ષણમાં. કાલે તો કોને શું થયું એ લોકોએ નજર નહિ કરી હોય. મારી નજર ગઈ પાટ ઉપરથી આમ જોયું. બારણાના લાકડા ઉપર પીળાશ આવી બહાર. કીધું આ શું? સૂરજ તો નથી. સૂરજ તો ગયો. પછી આમ જોયું ત્યાં ખીલેલી સંધ્યા. એવી ખીલેલી... એવી ખીલેલી.. જરી પછી આમ જ્યાં જોયું ત્યાં ખલાસ થઈ ગઈ. કારણ કે ઓલો સૂરજ નીચે વયો ગયો. અહીં તો આખો દિ' આવું જ હોય ને? આહાહા..!

એમ અહીં તો કહે છે કે શુદ્ધ ચૈતન્ય શાશ્વત દ્રવ્ય છે, એનું વેદન થયું એ કોઈ માયાજાળની વાત જેવી નથી કે નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એની જ્ઞાનની પર્યાયમાં સ્વ જ્ઞાનનું જ્ઞાન થયું, શાશ્વત વસ્તુનું જ્ઞાન થયું, એમ કહેવું છે. ભગવાન શાશ્વત છે અનાદિ અને નિત્યાનંદ પ્રભુ અનાદિઅનંત નિત્ય ધ્રુવ, એનું જેને જ્ઞાન થયું એ માયાજાળની પેઠે નાશવાન થઈ શકે એવી નથી. આહાહા..! એમ કહીને અપ્રતિહત જ્ઞાન છે એમ બતાવે છે. આહાહા..! ચૈતન્ય શાશ્વત પ્રભુ અંદર (બિરાજે છે). આહાહા..! જેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ વિસ્મયકારી વસ્તુ જ એવી છે. અરે..! એણે કોઈ દિ' અંતર ક્યાં જોયું છે? આહાહા..!

આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશનો ક્યાંય અંત નથી. શું છે આ ચીજ? આ વાતને પહોંચી વળવું એ ઝીણી વાત છે. એવું આકાશનું માપ જ્યાં ક્યાંય અંત નહિ. એ રીતે કાળનું ક્યાંય માપ નહિ. શરૂઆત ક્યાં અને અંત ક્યાં? આહાહા..! એ તો વસ્તુસ્થિતિ જ એવી છે. એ રીતે ભાવનું શું માપ? આહાહા..! એક એક વસ્તુમાં... આ બધું દેખાય છે એ બધું જડ... જડ... જડ... જડ એનું અસ્તિત્વ એને દેખાય છે. પથરા, ભીંત, આ.. આ.. એથી જાણે જગતમાં આ જ ચીજ હોય નહિ! પણ એથી અનંતમે ભાગે જેટલા પરમાણુઓ છે, આખા લોકના, હોં! એને અનંતમે ભાગે જીવ ભગવાન બિરાજે છે. આહાહા..! અનંત આત્માઓ, એના અનંતમે ભાગે અનંતગુણા ભગવાન બિરાજે છે અને એક એક ભગવાનમાં અનંતા ભાવ બિરાજે છે. આહાહા..! એ ભાવ કેટલા? કે ત્રણકાળના સમય કરતાં અને પરમાણુની સંખ્યા કરતા અનંતગુણા ભાવ એક દ્રવ્યમાં (છે). એવી શાશ્વત વસ્તુ છે એ. આહાહા..! એણે ધ્રુવને ધ્યેયમાં લઈને કે દિ' ધ્યાન કર્યા છે? આવો જે ભગવાનઆત્મા એને જેણે જાણ્યો અને વેદ્યો, કહે છે કે એ તો દ્રવ્ય પોતે શુદ્ધ છે એ પરિણમ્યું છે. કોઈ માયાજાળ અને રાગાદિ છે કે ચાલ્યા જાય એવી આ ચીજ નથી, એમ કહે છે. શું કહ્યું ઈ?

આનંદનો નાથ પ્રભુ અનંત અમાપ શક્તિનો સાગર દ્રવ્ય-પદાર્થ એ પોતે જ શુદ્ધરૂપે પરિણમ્યો છે, કહે છે. શાશ્વત વસ્તુ જે છે આત્મા, અનાદિઅનંત નિત્ય પ્રભુ, એ પોતે શુદ્ધરૂપે થયું છે એ હવે ક્યાં જાય? આહાહા..! એ શી રીતે નાશ થાય? એમ કહે છે. અહીં તો એમ કહેવું છે કે ગમે તેટલી ભોગની સામગ્રી ઉપર લક્ષ જાય છતાં શાશ્વત પરિણમ્યું છે એમાં અજ્ઞાન કેમ થાય? સમજાણું કાંઈ? આહાહા..! અરે..! એણે કોઈ દિ' એના તરફના વલણના મંથન અને વિચાર પણ કર્યા નથી. બહારની હોળી સળગીને પડ્યો છે એમ ને એમ. આહાહા..!

અહીં કહે છે, આવો જે ભગવાન અનંત અનંત ગુણનો સાગર શાશ્વત વસ્તુ, એના ઉપર નજર જતાં એ શુદ્ધ સ્વરૂપે જે રીતે છે એ રીતે પરિણમનમાં શુદ્ધપણું પરિણમે છે. એ શુદ્ધપણું પરિણમન માયાજાળની જેવું નાશવાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત અધ્યાત્મની ક્યાં છે? બાપુ! સ્વદેશમાં પણ આકરી પડે છે. પરદેશમાં ક્યાં હતું? વાતું કરે છે 'અમેરિકા'માં આમ છે અને ઢીંકણામાં આમ છે. આહાહા..!

અહીં કહે છે, એ '**માયાજાળની માફક ક્ષણવિનશ્વર નથી.**' શું કીધું ઈ? છે તો પરિણમન પર્યાયનું, પણ માયાજાળની પેઠે ક્ષણવિનશ્વર નથી. એ પરિણમન નિર્મળ, જેમ શાશ્વત વસ્તુ છે એનું પરિણમન પણ એમ ને એમ ચાલું જ રહેશે કાયમ. આહાહા..! હવે આમાં જુવાનના શરીર જુવાન હોય, એમાં પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય રૂપાળું શરીર થઈ રહ્યું. એમાં આ અરે..! બાપુ! તું કોણ છો? ભાઈ! આહાહા..! એ બધી જુવાની માયાજાળની પેઠે નાશવાન છે. ક્ષણમાં ફુ થઈ જાય. અહીં પરમ દિ' એક ગરાસિયો મરી ગયો ગામમાં. ૪૦-૪૨ વર્ષની ઉંમર. સર્પ ને શું કહેવાય? નાગણીને એ પકડતો. એવી રીતે પકડતો હશે આમ. માથુ પકડે એટલે કરડી ન શકે એવી એમને કળા હશે. કેટલાયને પકડીને બહાર નાખી આવ્યો હશે. એમાં

આ પકડ્યું અને પકડીને દારૂ પીધેલો. અને નાગણી હતી. ભરડો માર્યો. પકડ્યો હશે. આમ લટકે ને તો અહીં ભરડો માર્યો અને અહીં કાંઈ પોચી થઈ ગઈ હશે આમ જરી અને દારૂ પીધેલો તો ડંખ માર્યો. નાખી આવ્યો. પણ અહીં મરી ગયો રાત્રે. ૪૦-૪૨ વર્ષનો ગરાસિયો હતો. બાપુ! એવા તો નાશવાન ક્ષણભંગુર... આહાહા..! એમ આત્માના શુદ્ધ દ્રવ્યનું પરિણમન એવું નાશવાન નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

જ્ઞાનધારા, જ્ઞાનધારા જ્ઞાયકમાંથી આવી એ જ્ઞાનધારાને કોઈ અજ્ઞાન કરી શકે (એવી તાકાત નથી). આહાહા..! સમજાણું કાંઈ? ભોગ એ તો સામગ્રીની વાત કરી પણ એના ઉપર લક્ષ જાય ને જરી લક્ષ? એ રાગ છે. પણ એ રાગ એ જ્ઞાનીના જ્ઞાનને અજ્ઞાન કરી શકે (એવી) તાકાત નથી એનામાં. ભોગ સામગ્રી તો પર છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ એના તરફના વલણવાળી વૃત્તિ છે એ વૃત્તિની તાકાત નથી કે આ પરિણમેલા શુદ્ધને મિથ્યાત્વ કરી શકે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું છે.

'**માયાજાળની માફક ક્ષણવિનશ્વર નથી. હવે દૃષ્ટાંત દ્વારા વસ્તુનું સ્વરૂપ સાધે છે-**' '**हि यस्य वशतः यः याद्दक् स्वभावः तस्य ताद्दक् इह अस्ति**' '**કારણ કે જે કોઈ વસ્તુનો...**' '**याद्दक्**' એટલે '**જે સ્વભાવ,...**' ભગવાનઆત્માનો જે સ્વભાવ છે... આહાહા..! '**તે અનાદિનિધન છે,...**' '**वशतः**' અનાદિ છે. '**तस्य**' '**તે વસ્તુનો...**' '**ताद्दक् इह अस्ति**' '**તેવો જ છે.**' જેવો સ્વભાવ છે અનાદિનો તેવો જ તે સ્વભાવ (છે). પરમાણુનો પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સ્વભાવ છે. તેવો અનાદિનો એવો ને એવો છે. એમ આ ભગવાનઆત્મા... અરે..! આત્માને ક્યા... એક જરીક શાક અનુકૂળ આવે ત્યાં ફીદા ફીદા થઈ જાય. કેરીનો રસ સરખો હોય અને પૂરી ઘીની પાયેલી પૂરી અને રસ ખાય ત્યાં જાણે શું થઈ ગયું. અરે..! બાપુ! ક્યાં તારો ગયો? ક્યાં તું તણાઈ ગયો? આહાહા..!

અહીં કહે છે કે જેને વેગ આત્માના જાગ્યા છે... આહાહા..! આત્માનો રસ જાગ્યો છે. આવ્યું હતું ને '**स्वरस**' પહેલામાં આવ્યું હતું. '**स्वरसतः**' આહાહા..! જેને રાગના રસના પ્રેમ છૂટી ગયા છે... આહાહા..! ત્યારે રાગથી વિરૂદ્ધ શાશ્વત તત્ત્વ ભગવાનઆત્માનો રસ જેને જાગ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! એને જેવો છે તેવો જ રહેવાનો છે. વસ્તુ તો જેવી છે તેવી જ છે, પણ આ તો એનું પરિણમન છે એ પણ એવું ને એવું જ રહેવાનું છે. આહાહા..! વસ્તુ ભગવાનઆત્મા, બાપા! આત્માની ખબર નથી લોકોને. આત્મા-આત્મા ભાષા કરે. આહાહા..! અનંત અનંત અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત સર્વજ્ઞ, સર્વદર્શી એવી શક્તિઓ અમાપ-અમાપ શક્તિઓનો તો સાગર છે પ્રભુ. આહાહા..! એના અંદર માપ લેવા જાય ત્યારે માપની પર્યાય અનંતી તાકાતવાળી થઈ જાય છે. એ જ્ઞાનની પર્યાય અમાપનું માપ લેવા જાય કે પ્રતીત કરવા જાય તો પર્યાયમાં અમાપપણું આવી જાય છે. આહાહા..! એવી પર્યાયનું પરિણમન શુદ્ધનું, એને આ માયાજાળ જગતની વિકલ્પ આદિ કે સામગ્રી કોણ એને મિથ્યાત્વ કરી શકે? આહાહા..! અહીં મૂળ વજન મિથ્યાત્વ અને અજ્ઞાન (ઉપર છે). પાઠમાં આવ્યું હતું ને? અજ્ઞાન કીધું હતું ને?

'**कदाचनापि अज्ञानं न भवेत्**' વજન એ છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષના પરિણામ થાય છે પણ તે જ્ઞાનીના જ્ઞાનને તે રાગ અજ્ઞાન કરી શકે એમ છે નહિ. આહાહા..!

'**તેવી રીતે સમ્યગ્દષ્ટિનો...**' હવે દાખલો આપે છે. '**જેવો સ્વભાવ છે તે અનાદિનિધન છે, તે વસ્તુનો તેવો જ છે. જેવી રીતે શંખનો શ્વેત સ્વભાવ છે,...**' દૃષ્ટાંત. શંખ છે એ ધોળો છે. એ '**શ્વેત પ્રગટ છે, તેવી રીતે સમ્યગ્દષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો શુદ્ધ છે.**' જુઓ! વાત પરિણામની લીધી છે. આહાહા..! જેવો શંખનો પ્રગટ સ્વભાવ ધોળો છે. એમ સમ્યગ્દષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો શુદ્ધ છે. વસ્તુ ભગવાન પૂર્ણાનંદની પ્રતીતિ અને જ્ઞાન કરતાં એ શુદ્ધ છે. જેમ શંખનું પ્રગટ ધોળાપણું છે એમ ભગવાનઆત્માની શુદ્ધ પરિણતિ તે ધોળી શુદ્ધ છે. આહાહા..! આ તો ધર્મની વાત છે ને. સમજાણું કાંઈ? આહાહા..!

'**સમ્યગ્દષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો...**' આહાહા..! ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણો અને અનંત શક્તિઓ શુદ્ધ છે. એને પરિણમન કર્યું જ્યાં અંતરમાં સન્મુખ થઈને, અનંતકાળમાં કદી કર્યું નહોતું, કદી દૃષ્ટિમાં લીધો નહોતો પ્રભુને. પ્રભુ એટલે આ ભગવાનઆત્મા, હોં! અહીં. આહાહા..! એ પ્રભુતાની પ્રભુતાને પર્યાયમાં પ્રતીતમાં, જ્ઞાનમાં, વેદનમાં આવી. આહાહા..! એ તો શુદ્ધ છે, કહે છે. જેમ શંખનો પ્રગટ સ્વભાવ ધોળો છે એમ ધર્મીનું શુદ્ધ પરિણમન શુદ્ધ છે. આહાહા..! કેમકે પોતે શુદ્ધ સ્વભાવ ત્રિકાળ છે તેનું પરિણમન તે શુદ્ધ છે. આહાહા..!

એ આઠ-આઠ વર્ષના બાળકો રાજકુમાર જ્યારે ધર્મસમ્યક્ પામે છે... આહાહા..! અને પુરુષાર્થ ઉછળે છે. આહાહા..! માતાની પાસે માગણી કરે, બા! શરીરની માતા! આવે છે ને ચરણાનુયોગમાં? આહાહા..! ચરણાનુયોગના પાઠમાં, 'પ્રવચનસાર'. માતા! રજા દે, માં! હું મારો આત્મા આનંદસ્વરૂપને સાધવા જાઉં છું, હું વનમાં જાઉં છું એકલો. આહાહા..! એ હીરાના પલંગમાં સૂતેલા, રેશમના ગાદલે, બબ્બે-ત્રણ-ત્રણ ગાદલામાં ઉપર સૂતેલા, એ જંગલમાં ચાલ્યા જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- એકદમ પલટો થઈ ગયો?

ઉત્તર :- એક ક્ષણમાં પલટી ગયો.

મુમુક્ષુ :- એ બધા હળુકાર્મી હતા.

ઉત્તર :- હળુકર્મી એટલે શું પણ? કર્મ ઓછા હતા તે માટે થયા એમ છે હળુકર્મી? દૃષ્ટિ પોતે સવળી કરી માટે હળુકર્મી હતો. એમ કહે છે, અમે બધા ભારેકર્મી છીએ એટલે નથી (થતું) અને એ હળુકર્મી હતા. એમ કહે છે. અહીં કર્મી-ફર્મીની વાત જ નથી, 'દેવાનુપ્રિયા'! આહા..! અહીં તો કર્મ તો છે જ નહિ પણ અશુદ્ધતા પણ જ્યાં નથી. એની અહીં તો વાતું ચાલે છે. કર્મ તો જડ-માટી. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' પણ અહીં તો ભૂલ જે અશુદ્ધતા છે એ ક્ષણિક છે, નાશવાન છે અને જેણે અવિનાશી ભગવાનના ભેટા કર્યા અંદર. એની પરિણતિને નાશવાન ક્ષણિક ચીજ શુદ્ધને અશુદ્ધ કરી દે, તાકાત નથી કોઈની જગતમાં. સમજાણું કાંઈ? આહાહા..! બાપુ! આ તો વીતરાગના, રાજા વીતરાગ રાજાના રાજમાર્ગ છે. આહાહા..!

પરમેશ્વર ત્રિલોકનાથ, જિનેન્દ્રદેવ જેને અનંતી સમૃદ્ધિ પર્યાયમાં પ્રગટ થઈ ગઈ. ચૈતન્યની ઋદ્ધિ જે અનંત છે એ પર્યાયમાં પૂર્ણ પ્રગટ થઈ ગઈ જેને. આમ તો સમકિતીને પણ એમ લીધું છે શાસ્ત્રમાં તો. 'રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા' આહાહા..! ધર્મીજીવને રિદ્ધિ અંદરમાં દેખાય છે. આ ધૂળની રિદ્ધિ એ નહિ. શરીર નહિ. આ તો માટી, હાડકા, ચામડા છે. 'રિદ્ધિ-સિદ્ધિ-વૃદ્ધિ દિસે ઘટમેં પ્રગટ સદા.' આહાહા..! પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા. એવી અનંતી શક્તિની ઋદ્ધિ ધર્મીને પોતાના સ્વભાવમાં ભળાય છે. સિદ્ધિ થાય છે એ પોતાના સ્વભાવમાં ભાળે છે. અને વૃદ્ધિ. આહાહા..! શુદ્ધિની વૃદ્ધિ સમયે સમયે થાય છે. આહાહા..! અજ્ઞાનીને સમયે સમયે જેમ મલિનતા અને મિથ્યાત્વભાવમાં પુષ્ટિ થાય છે. સમજાણું કાંઈ? એમ ધર્મીને ક્ષણે ક્ષણે શુદ્ધતાની... આહાહા..! પુષ્ટિ વૃદ્ધિ થાય છે.

એ શંખના શ્વેતને.. આહાહા..! '**સમ્યગ્દષ્ટિનો શુદ્ધ પરિણામ હોતો થકો શુદ્ધ છે.**' '**एषः परैः कथञ्चन अपि अन्यादृशः कर्तु न शक्यते**' છે? '**एषः**' '**વસ્તુનો સ્વભાવ અન્ય વસ્તુનો કર્યો કોઈ પણ પ્રકારે બીજારૂપ કરવાને સમર્થ નથી.**' આહાહા..! (સંસ્કૃતમાંથી કાંઈક લખ્યું છે.) દેશ કાળ દ્રવ્યાંતર એવો શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. દેશ કોઈ એવું ક્ષેત્ર નથી. કોઈ એવો કાળ નથી, કોઈ દ્રવ્યાંતર-અનેરું કોઈ દ્રવ્ય નથી. આહાહા..! સંસ્કૃતમાં શબ્દ છે. અધ્યાત્મ... આહાહા..! '**कथञ्चन अपि**' છે ને? 'કોઈ પણ...' ભગવાનઆત્માના સ્વભાવનું જ્યાં પરિણમન શુદ્ધ થયું, હવે કોઈ ક્ષેત્ર ગમે તે હો નરક ક્ષેત્ર હો. આહાહા..! તિર્યંચનું ક્ષેત્ર હો, ગમે તે ક્ષેત્ર બાહ્ય. મધ્યમાં હો, અધોલોકમાં હો કે ઊર્ધ્વમાં હો. કોઈ ક્ષેત્ર તેને શુદ્ધતાના પરિણમનને ફેરવી શકે એવી તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ કાળ એવો નથી કે જ્યાં શુદ્ધ વસ્તુ છે શાશ્વત, એને કોઈ કરી શકે નહિ અને એના પરિણમનને પણ કોઈ કાળ ફેરવી શકે નહિ, એમ કહે છે. આહાહા..! તેમ કોઈ દ્રવ્યાંતર પોતાના દ્રવ્યથી અનેરા દ્રવ્યો-કોઈ એવું દ્રવ્ય નથી કે એને શુદ્ધતાની અશુદ્ધતા કરી દે. આહાહા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું છે, પ્રભુ!

આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ, જિનેન્દ્ર વીતરાગ પરમાત્માનો પ્રરૂપેલો માર્ગ છે. એ કહેલો બીજે ક્યાંય છે નહિ. આહાહા..! એ આશ્ચર્યકારી, વિસ્મયકારી પદાર્થ છે, ભાઈ! જેની કિંમતું નથી. આહાહા..! ચક્રવર્તીના રાજ અને ઈન્દ્રના ઈન્દ્રાસન, જેના શુદ્ધના પરિણમન પાસે તો કાંઈ કિંમત વિનાની તરણાની તોલે નથી. આહાહા..! એવો પોતે ભગવાનસ્વરૂપે જ એવો છે. એના સ્વરૂપનું પરિણમન થતાં કોઈ તાકાત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની નથી કે એ શુદ્ધતાને અશુદ્ધતા-મિથ્યાત્વ કરી શકે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ ઝીણો છે, ભાઈ! આ તો અપૂર્વ-પૂર્વે નહિ કરેલાની વાતું છે. બાકી તો થોથાં કર્યા બધા અનંતવાર. આહાહા..!

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં સાહેબ આવે છે કે સમયં ગોવં મા પમાય.

ઉત્તર :- એ આવે છે બધું સમજવા જેવું. એ બધી વ્યવહાર વાતું આવે છે વચમાં, પરમાર્થ વસ્તુ બહુ જુદી વાતું છે, બાપુ! શું કહીએ? દિગંબર સંતોએ કરેલી વાતું કોઈ બાપુ!

અલૌકિક છે. એ કેવળજ્ઞાનીના કેડાયતો હતા. કેવળ પરમાત્માને પંથે પંથે જાતા કેવળજ્ઞાન લેનારા હતા. આ કેવળજ્ઞાન પમાડવા માટેની આ બધી વાતું છે. આહાહા..!

જ્યાં ભગવાન શાંતરસે શાશ્વત છે, આનંદરસે શાશ્વત છે. એનું અંદરમાં પરિણમન થયું, આનંદ અને શાંતિના રસનું... આહાહા..! કહે છે કે કોઈ અન્ય દ્રવ્ય,... જેમ શંખ ધોળો છે... એ કહેશે. '**કોઈ પણ પ્રકારે બીજારૂપ કરવાને સમર્થ નથી. ભાવાર્થ આમ છે કે – સ્વભાવથી શ્વેત શંખ છે, તે શંખ કાળી માટી ખાય છે,...**' આહાહા..! એ ધોળો શંખ કાળા જીવડા ખાય. સમુદ્રમાં હોય એને. કાળી માટી ખાય. પણ એ ધોળાને કાળો કરી શકે એવી તાકાત નથી એની. આહાહા..! શંખ તો સમજો છો ને? શંખ-શંખ? શંખ જ કહે છે. શંખ. આહાહા..! '**શંખ કાળી માટી ખાય છે, પીળી માટી ખાય છે,...**' પીળી માટી હોય છે ને? ધોળો શંખ અને પીળી માટી ખાય. પણ ધોળાનો પીળો થઈ જાય (એમ ન બને). આહાહા..! દાખલો તો, જુઓ! કાળા કીડા ખાય શંખ. ઝીણા. કાળા. પણ ધોળાને કોઈ કાળું કરી શકે એવી તાકાત નથી. આહાહા..! આ તો પર્યાયની વાત છે, હોં! પરિણમનની. આહાહા..! શંખ ધોળાપણે થયેલો છે, પરિણમ્યો છે, એ કાળા કીડા અને કાળી માટી અને પીળી માટી ખાય તોપણ એ ધોળાને કોઈ કાળું કરી શકે એ કોઈની તાકાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**નાના વર્ણની માટી ખાય છે;...**' અનેક વર્ણની, એમ કહે છે. કાળી, રાતી, લીલી. લીલા રંગની માટી હોય છે ને? લીલા રંગની માટી હોય છે. રસ્તામાં અમે ઘણા દેખ્યા હોય ને. એક ઠેકાણે આમ લીલી માટી દેખી, આમ લીલી દેખાય. લીલી માટી ખાય તોપણ ધોળા સ્વભાવને લીલી કરી શકે... આહાહા..! '**એવી માટી ખાતો થકો શંખ તે માટીના રંગનો થતો નથી,...**' માટીના રંગનો શંખ થતો નથી. આહાહા..! '**પોતાના શ્વેતરૂપે રહે છે; વસ્તુનું એવું જ સહજ છે;...**' જોયું! ત્યાંથી શરૂ થયું હતું. વસ્તુનું સહજ સ્વરૂપ એવું છે. આહાહા..!

'**તેવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. '**સમ્યગ્દૃષ્ટિ જીવ...**' જ્યાં સત્યદૃષ્ટિ પ્રગટી આત્માના આનંદની ને શુદ્ધ ચૈતન્યઘનની, શાશ્વત ભગવાન અંદર બિરાજે છે, પ્રભુ! એની જેને દૃષ્ટિ અંતરમાં સન્મુખ થઈને પ્રગટી... આહાહા..! એવા સમ્યગ્દર્શનના પરિણામ '**સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવથી રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધ પરિણામરૂપ છે,...**' છે ને? અહીં તો એ લેવું છે ને? ઓલો રાગ થાય છે એ એનું સ્વરૂપ નથી. આ તો સમ્યગ્દૃષ્ટિ તો રાગ-દ્વેષ-મોહરહિત એનું પરિણમન છે. અહીં તો મિથ્યાત્વ રહિતની વાત કરવી છે ને? સમજાણું કાંઈ? આહાહા..!

'**સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવથી રાગ-દ્વેષ-મોહરહિત શુદ્ધપરિણામરૂપ છે,...**' આહાહા..! '**તે જીવ નાના પ્રકારની ભોગસામગ્રી ભોગવે છે...**' નાના એટલે અનેક પ્રકાર. '**તથાપિ પોતાના શુદ્ધપરિણામરૂપ પરિણમે છે,...**' આહાહા..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિનું પરિણમન છે તે રીતે જ એ પરિણમે છે. 'અનુભવ પ્રકાશ'માં તો એમ કહ્યું છે કે તારી શુદ્ધતા તો બડી પણ તારી અશુદ્ધતા પણ બડી. તારા મિથ્યાત્વ અને અશુદ્ધતાના પરિણામે પરિણમ્યો, તને ત્રણલોકના નાથ તીર્થંકર આવે તોપણ તું ફેરવતો નથી. સમવસરણમાં ગયો. સાક્ષાત્ ત્રણલોકના નાથની વાણી સાંભળી, ઈન્દ્રો સો અંદર સભામાં બેઠા જોયા. સિંહ..

સિંહ. સેંકડો સિંહ ભગવાનના સમવસરણમાં, વાઘ, નાગ કાળા, સેંકડો આમ જોયા. ત્યાં સાંભળવા બેઠો. આહા..! પણ મિથ્યાત્વ માન્યું છે એ છોડતો નથી. ભગવાનની વાણીથી પણ છોડતો નથી. એવી તારી અશુદ્ધતા બડી તો શુદ્ધતાની તો વાત શું કરવી! આહાહા..!

**'સમ્યગ્દષ્ટિ જીવ સ્વભાવથી રાગ-દ્વેષ-મોહ...'** મિથ્યાત્વરહિત અને મિથ્યાત્વ સહિતના રાગ-દ્વેષ લેવા છે. એ **'રહિત શુદ્ધપરિણામરૂપ છે,...'** આહાહા..! **'તે જીવ નાના પ્રકારની ભોગસામગ્રી ભોગવે છે...'** છતાં આગળ કહેશે, હોં! કહીને તરત જ કહેશે. તને ઈચ્છા છે ને ભોગવવાની? કે નહિ? કામાચારી છો કે નહિ? ઈચ્છાવાન છો? મરી જાઈશ. ભોગ ભોગવતા બંધ નથી કહ્યું માટે તું આમ કર, ઈચ્છાથી ભોગ ભોગવ પ્રેમના રસથી અને એમાં નિર્જરા થાય છે. મરી જાઈશ. સમજાણું કાંઈ? આહાહા..! આ શ્લોક કહીને તરત જ શ્લોક કહેશે. નહિતર અહીં તો **'भुंक्ष्व'** કીધું. ભોગવ. એ ભોગવવાનું નથી કહ્યું. એને પરદ્રવ્યથી તને નુકસાન થાય એ શંકા ટળાવી છે. પરદ્રવ્ય તને શું નુકસાન કરે? સમજાણું કાંઈ? નુકસાન તો તે તારા મિથ્યાત્વભાવથી કર્યું. આહાહા..! પ્રભુ પવિત્રતાના પિંડની વિપરીત માન્યતા કરી એ તો તેં કરી છે. આહાહા..! સમજાણું કાંઈ? એ માન્યતા તો ભગવાનની વાણી સાંભળી, અગિયાર અંગ કર્યા, વાંચ્યા, ભણ્યો. અબજો-અબજો શ્લોકો કંઠસ્થ કર્યા, બાપુ! પણ એથી શું થયું? આહાહા..! એ અશુદ્ધતા છોડીને શુદ્ધતાના પરિણમન તેં કર્યા નહિ. આહાહા..! જ્યાં એ અશુદ્ધતાને છોડતો નથી અનુકૂળ સામગ્રી વખતે પણ તો ધર્મીને શુદ્ધ પરિણમન સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન, શાશ્વત વસ્તુનું પરિણમન થયું એને બીજી ચીજ, રાગાદિ કે બીજી ચીજ શી રીતે તેને મિથ્યાત્વ કરી શકે? સમજાણું કાંઈ? અહીં વજન એના ઉપર છે વધારે.

**'પોતાના શુદ્ધપરિણામરૂપ પરિણમે છે,...'** છે? **'નાના પ્રકારની ભોગસામગ્રી ભોગવે છે...'** સામગ્રી-સામગ્રીનો શબ્દ લીધો છે એ તો એના ઉપર લક્ષ છે એટલે લીધું. બાકી કાંઈ પરને કોઈ અજ્ઞાની પણ ભોગવી શકતું નથી. પણ એના તરફનું લક્ષ જાય છે તેથી સામગ્રીને ભોગવે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભલે કહે કે એના તરફ થોડું લક્ષ જાય પણ મિથ્યાત્વને એ કરી શકે... આહાહા..! એ રાગનો, આસક્તિનો ભાવ જીવના મિથ્યાત્વ પરિણામને કરી શકે, સમ્યક્ પરિણામને છોડીને, એવી તાકાત નથી. સમજાણું કાંઈ? આવો કેવો ઉપદેશ! સાંભળવા માયલી વાત હોય એમાં એકેય આવે નહિ આમાં. દયા પાળવી કે વ્રત પાળવા કે અપવાસ કરવા, ભક્તિ કરવી, જાત્રા કરવી... આહાહા..!

**'સામગ્રી હોતાં અશુદ્ધરૂપ પરિણમાવાતો નથી;...'** સામગ્રી હોતાં અશુદ્ધરૂપ પરિણમાવાતો નથી. આહાહા..! એ રાગનો જરી ભાવ થાય છતાં તે મિથ્યાત્વરૂપે પરિણમાવાતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'સામગ્રી હોતાં અશુદ્ધરૂપ પરિણમાવાતો નથી; એવો વસ્તુનો સ્વભાવ છે. તેથી સમ્યગ્દષ્ટિને કર્મનો બંધ નથી,...'** લ્યો. આ અપેક્ષાએ, હોં!

મુમુક્ષુ :- આમાં તો એમ લખ્યું છે કે સમ્યગ્દષ્ટિને કર્મનો બંધ નથી.

ઉત્તર :- કીધું ને બંધ નથી. મિથ્યાત્વ સંબંધી અહીં વાત છે ને? મિથ્યાત્વ સંબંધીની અપેક્ષાની વાત છે. અને ભાઈ 'જયસેનાચાર્ય'માં તો એમ લીધું છે કે આ પંચમ ગુણસ્થાન

ઉપરની આ વાતું છે. એ આમાં લીધું. છઠ્ઠા સુધી એમાં લીધું છે. મુખ્યપણે, હોં! મુખ્યપણે. ત્યાં પણ મુખ્યપણે લીધું. ત્યાં સર્વથા તો બંધ નથી તો દસમા સુધી બંધ છે. આહાહા..! પણ તેને જ્ઞેય તરીકે ગણી અને બંધ નથી એમ કહેવામાં આવ્યું છે. છે તો બંધ. ન હોય તો વીતરાગતા પૂર્ણ હોવી જોઈએ. પૂર્ણ અનંત આનંદ પ્રગટ હોય ત્યારે પૂર્ણ દશા થાય. ત્યારે બંધ નથી. યથાખ્યાત ચારિત્ર પ્રગટ (થાય તે) પહેલાં... એ તો 'આસ્રવ અધિકાર'માં આવી ગયું છે. પૂર્ણ યથાખ્યાત્ સ્વરૂપની જેવી વસ્તુ છે એવી પ્રસિદ્ધિ અંદરમાં પૂર્ણ પ્રસિદ્ધિ ન થાય ત્યાં સુધી એને રાગ હોય અને તેટલો આસ્રવ અને બંધ અને દુઃખ હોય છે. એક કોર આમ ને એક કોર આમ (કહે). કઈ અપેક્ષાએ કહ્યું? અહીં દૃષ્ટિની અપેક્ષાની વાત છે અને ત્યાં અસ્થિરતા પણ થોડી હોય તોપણ એને આસ્રવ અને બંધ છે, એમ સિદ્ધ કરવું છે. ભાઈ! આ તો અનેકાંત માર્ગ છે. વીતરાગનો જે અપેક્ષાએ કહે તે અપેક્ષાએ જ આવવું જોઈએ.

અહીં તો '**બંધ નથી, નિર્જરા છે.**' એમ કીધું. એ અશુદ્ધ પરિણામની જે તીવ્ર અમુક દશા છે એ સ્વભાવના શુદ્ધ પરિણામના જોરે અશુદ્ધતા ટળતી જાય છે. ટળતી જાય છે

---

(શાર્દૂલવિક્રીડિત)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१९-१५१।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'ज्ञानिन् जातु कर्म कर्तुम् न उचितं' ( ज्ञानिन् ) હે સમ્યગ્દૃષ્ટિ જીવ! ( जातु ) કોઈ પણ પ્રકારે ક્યારેય ( कर्म ) જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડ ( कर्तुम् ) બાંધવાને ( न उचितं ) યોગ્ય નથી. ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મનો બંધ નથી. 'तथापि किञ्चित् उच्यते' ( तथापि ) તોપણ ( किञ्चित् उच्यते ) કાંઈક વિશેષ છે તે કહે છે- 'हन्त यदि मे परं न जातु भुंक्षे भोः दुर्भुक्तः एव असि' ( हन्त ) આકરાં વચને કહે છે : ( यदि ) જો એવું જાણીને ભોગસામગ્રી ભોગવે છે કે ( मे ) મને ( परं न जातु ) કર્મનો બંધ નથી, એમ જાણીને ( भुंक्षे ) પંચેન્દ્રિયવિષય ભોગવે છે તો ( भोः ) અહો જીવ! ( दुर्भुक्तः एव असि ) એવું જાણીને ભોગોને ભોગવવું ભલું નથી. કારણ કે વસ્તુસ્વરૂપ આ પ્રમાણે છે- 'यदि उपभोगतः बन्धः न स्यात् तत् ते किं कामचारः अस्ति' ( यदि ) જો એમ છે કે ( उपभोगतः ) ભોગસામગ્રી ભોગવતાં ( बन्धः न स्यात् ) જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ નથી ( तत् ) તો ( ते ) અહો સમ્યગ્દૃષ્ટિ જીવ! તારે ( कामचारः ) સ્વેચ્છા-આચરણ ( किं अस्ति ) શું છે? અર્થાત્ એમ તો નથી. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મનો બંધ નથી, કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ-દ્વેષ-મોહથી રહિત છે. તે જ સમ્યગ્દૃષ્ટિ જીવ, જો

સમ્યક્ત્વ છૂટે, મિથ્યાત્વરૂપ પરિણમે તો, જ્ઞાનાવરણાદિકર્મબંધને અવશ્ય કરે; કેમ કે મિથ્યાદષ્ટિ થતો થકો રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમે છે; એમ કહે છે 'ज्ञानं सन् वस' સમ્યગ્દષ્ટિ હોતો થકો જેટલો કાળ પ્રવર્તે તેટલો કાળ બંધ નથી; 'अपरथा स्वस्य अपराधात् बन्धम् ध्रुवम् एषि' ( अपरथा ) મિથ્યાદષ્ટિ થતો થકો ( स्वस्य अपराधात् ) પોતાના જ દોષથી રાગાદિ અશુદ્ધ પરિણમનને લીધે ( बन्धम् ध्रुवम् एषि ) જ્ઞાનાવરણાદિ કર્મબંધને તું જ અવશ્ય કરે છે. ૧૯-૧૫૧.

## કારતક સુદ ૧૫, ગુરુવાર, તા.૨૪-૧૧-૧૯૭૭
## કળશ - ૧૫૧, પ્રવચન - ૧૫૮

'કળશટીકા' ૧૫૧-કળશ છે.

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१९-१५१।।

'નિર્જરા અધિકાર' છે. 'ज्ञानिन् जातु कर्म कर्तुम् न उचित' જ્ઞાની એટલે સમ્યગ્દષ્ટિ. જેને આત્માના આનંદના સ્વભાવની રુચિ અનુભવ થયો. ભગવાનઆત્મા શરીર, વાણી, મનથી તો જુદો પણ પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પણ પોતાના અનંત અનંત અમાપ ગુણથી જુદો નહિ. એવા સ્વભાવનું જેને...આહાહા..! સમ્યક્ દર્શન અનુભવ થયો. આ અનુભવ કેમ નથી? કે અનાદિથી રાગ અને પુણ્ય-પાપના ભાવને પોતાના માની અને તેના રાગને, વિકારને વેદે છે. તેથી તેને અનુભવ અને સમ્યગ્દર્શન નથી. આહાહા..!

ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એનો આદર છોડી અને રાગનો કણ અને એક રજકણ એને પોતાના માને, એણે પોતાનો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ એનો એણે અનાદર કર્યો છે. જેથી એ રાગના કણને કે રજકણને, એક રજકણ પણ.. પૈસા-બૈસા ધૂળ તો ઘણી ક્યાંય બહાર રહી ગઈ. એક રજકણને, રાગના કણને પણ પોતાનો માને તો એ મિથ્યાદષ્ટિ અનંત સંસારના પરિભ્રમણના બીજને સેવનારો છે. આહાહા..! જેને એ ભાન થઈ ગયું કે, અરે..! હું તો એ રાગ, પુણ્ય-પાપના ભાવ પણ નહિ અને હું એક સમયની વર્તમાન દશા તેટલો પણ હું નથી. આહાહા..!

મુમુક્ષુ :- તો કેટલો?

ઉત્તર :- મારું અસ્તિત્વ પૂર્ણ છે. મારી હયાતી અંદર અમાપ ગુણના સ્વભાવથી ભરેલો દરિયો છું. આહાહા..! એવી જેને અંતરમાં દષ્ટિ અને વેદન થયું એ જ્ઞાની અને એને સમ્યગ્દષ્ટિ કહીએ. આહાહા..! આવો માર્ગ છે.

**'હે સમ્યગ્દૃષ્ટિ જીવ! કોઈ પણ પ્રકારે, ક્યારેય...'** કોઈપણ પ્રકારે અને ક્યારેય **'જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્ગલપિંડ...'** **'कर्तुम्'** **'कर्तुम्'**ની એ વ્યાખ્યા કરી-બાંધવું. એક તો એમ કહેવું છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારે અને કોઈ પ્રકારે પણ રાગના કણની મીઠાશ તે કરતો નથી. રાગના પ્રેમમાં પડીને રાગને કરતો નથી. જેને ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, એનો જેને પ્રેમ લાગ્યો છે. સમજાણું કાંઈ? ક્ષેત્રે ભલે શરીર પ્રમાણે છે પણ ભાવે તે અમાપ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ છએ દ્રવ્યને છે.

ઉત્તર :- છએ દ્રવ્ય છે. પણ બીજા છે એની એને ક્યાં ખબર છે? આને ખબર છે કે હું આ છું ને આ નથી. એને જાણનારો બાદશાહ તો પોતે છે. આહાહા..! બીજાની હયાતીને પણ એ હયાતીની બીજાને ક્યાં ખબર છે? જડને જડની હયાતીની ખબર છે? તેમ આત્માની હયાતીની જેને ખબર છે એને જ પરની હયાતીની ખબર છે. ખબર છે, જ્ઞાન છે. એ પર મારા છે, હું એનો છું એ વાત તો ધર્મીને હોતી નથી. આહાહા..!

અહીં કહે છે કે, હે જ્ઞાની! **'कर्तुम् न उचितं'** શબ્દ તો એમ છે. પણ એનો અર્થ એ કર્યો કે કર્મ બાંધવાને તું લાયક નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, બાપુ! ધર્મ કોઈ ચીજ અપૂર્વ છે. આહાહા..! ધર્મી એવો જે આત્મા, ધર્મ એટલે એના અનંત સ્વભાવનો ધરનાર, ધર્મી એવો જે ભગવાનઆત્મા, દરેક દેહમાં ભગવાન ભિન્ન બિરાજે છે. એ પરમાત્મસ્વરૂપે પોતે ધર્મી છે અને એના અનંતજ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અમાપ તેના ધર્મ છે. આહાહા..! એ આ ધર્મ કરવો એ નહિ. એનો એ ધર્મ સ્વભાવ છે. જ્યારે કોઈ એમ માને કે મારે ધર્મ કરવો છે તો એનો અર્થ થયો કે એની વર્તમાન દશામાં ધર્મ નથી.

મુમુક્ષુ :- જેને થયો હોય એ એમ ....

ઉત્તર :- એને કરવો છે. ધર્મ કરવો છે એને પહેલી મારી દશામાં ધર્મ નથી. તો એને ધર્મ કરવો છે ત્યારે એણે ક્યાં દૃષ્ટિ કરવી? કે જેમાં વસ્તુનો ધર્મ જે અનંત ભર્યો છે તેના ઉપર દૃષ્ટિ કરતાં તેને પર્યાયમાં ધર્મ થાય. રાગ ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયમાં અધર્મ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં તો ત્રણ પ્રકાર કહ્યાં. દ્રવ્ય, ગુણ અને પર્યાય. દ્રવ્ય એ વસ્તુ છે આત્મા, એમાં અમાપ, અનંત અમાપ ધર્મ નામ સ્વભાવ છે. સ્વભાવવાન પ્રભુ અને સ્વભાવ એના અનંત છે. પણ એવા અનંત સ્વભાવનું એકરૂપ એવી જે વસ્તુ, એની જેને દૃષ્ટિ થઈ એને પર્યાયમાં ધર્મ આવ્યો. દ્રવ્ય-ગુણમાં તો સ્વભાવ હતો. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાતું હવે. બાપુ! જુઓને આ 'પોપટભાઈ'ની વાત કરીને? 'હિંમતભાઈ'એ. કલાક તો સૂતા. ઉંઘ આવી ગઈ હતી. અને કલાક પછી જાવું છે પરલોક, પરભવ. અરર..ર..! ક્ષણ પળમાં દેહ નાશવાન છે. કયે કાળે દેહ છૂટશે એનો એને નિર્ધાર નથી પણ નિશ્ચય છે, એને ભલે નિર્ધાર ન હોય. જે સમયે છૂટવાનો એનો કેવળજ્ઞાનમાં નિર્ધાર છે. આહાહા..! અને અહીં વાત કરતા એમ થયું કે.. પૈસા કરોડો કેટલા બે કરોડ ઉપર. આહાહા..! (વઢવાણ) 'કાંપ'વાળા કો'ક આવ્યા હશે તો કાંઈક પૈસા જોતા હશે તો પચ્ચીસ હજાર આપ્યા. અહીંયાં સૂતા. એક કલાક તો ઉંઘ

આવી ગઈ. કહો, આ સંસાર. જાગ્યા અને જાવું છે પરભવમાં. આહાહા..! એ વસ્તુ નાશવાન છે એના ભરોસા ક્યાં? આહાહા..! એકદમ દુઃખાવો ઉત્પન્ન થયો અને ગભરામણ થઈ. ટોકરી વગાડે છોકરા આવે ત્યાં તો ઘરડિયો ચાલ્યો, અસાધ્ય થઈ ગયા. આહાહા..! ઉપડ્યા. બુધવારે તો અહીં હતા. બેઠા હતા. અહીં બેઠા હતા.

મુમુક્ષુ :- આજ બુધવાર છે.

ઉત્તર :- ઓલે બુધવારે.

દેહની ક્ષણની નાશવાન દશા. અહીં એ તો ઠીક પણ અંદર રાગ થાય-દયા, દાનના, પુણ્ય-પાપના ભાવ એ પણ વિકારી નાશવાન ચીજ, તેની જેને પ્રીતિ અને રુચિ છે તે ભલે મહાવ્રત પાળતો હોય પણ છે મિથ્યાદૃષ્ટિ. આહાહા..! મિથ્યા એટલે જૂઠી દૃષ્ટિ. જે સ્વરૂપ સત્ છે, ત્રિકાળી આનંદકંદ પ્રભુ જે છે તેની દૃષ્ટિ નથી એટલે સત્ય દૃષ્ટિ નથી. અને રાગના કણને અને રજકણને પોતાના માને તે અસત્ય મિથ્યાદૃષ્ટિ છે. અને એ મિથ્યાદૃષ્ટિ અનંત પરિભ્રમણનું કારણ (છે). અનંતા ભવ કરવાનું બીજડું એ છે. ભગવાનઆત્મા ભવના અભાવસ્વભાવનું કારણ છે એ તો. વસ્તુ એ પરના અભાવનું જ કારણ છે. કેમકે ભવ અને ભવના ભાવ એનામાં નથી. આહાહા..!

મુમુક્ષુ :- ભવ એનામાં નથી એટલે એની પર્યાયમાં નથી?

ઉત્તર :- પર્યાયમાં અત્યારે ક્યાં છે? પર્યાયમાં તો રાગાદિ છે.

સ્વભાવમાં ભવ અને ભવના ભાવનો અભાવ એટલે કે આનંદકંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, એની જેને દૃષ્ટિ થઈ, એને દૃષ્ટિમાં લીધો, એને જેણે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એવા પૂર્ણ જ્ઞાયકને જ્ઞેય બનાવ્યો... આહાહા..! એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહે છે. જે અનંતકાળમાં એક સેકન્ડ પણ નહોતું થયું.

એ જીવને કહે છે, તારે '**પુદ્ગલપિંડ બાંધવાને યોગ્ય નથી.**' ભાષા તો એમ છે. એટલે? શુભ-અશુભરાગને કરવા લાયક તું નથી હવે. સમજાય છે કાંઈ? જેને ભગવાન વીતરાગમૂર્તિ જિનસ્વરૂપ પ્રભુ, સ્વીકારમાં દૃષ્ટિમાં આવ્યો, હે ધર્મી! હવે તને વિકારના પરિણામ કરવા એને તું લાયક નથી. એથી એનાથી બંધ થાય એ બંધને માટે તું લાયક નથી. સમજાણું કાંઈ? પાઠ તો આમ છે કે '**જ્ઞાનાવરણાદિ ક્રમરૂપ પુદ્ગલપિંડ બાંધવાને યોગ્ય નથી.**' એનો અર્થ એ કે રાગ-દ્વેષના પરિણામને કરવાને તું હવે લાયક નથી. આહાહા..! આવી વાતું છે. પ્રભુ! તું તો સ્વભાવ ચૈતન્ય છે એનો તેં સ્વીકાર કર્યો ને? જે અનાદિથી પુણ્ય અને પાપના ભાવ જે અસંખ્ય પ્રકાર (છે), તેનો સ્વીકાર હતો ત્યારે તું તો મિથ્યા જૂઠી દૃષ્ટિવંત હતો. પણ જે સ્વરૂપ છે, બેહદ્ જ્ઞાન આનંદાદિ... આહાહા..! જેના ગુણના માપ નથી. જે સ્વભાવવાન વસ્તુ ભગવાન, એના ગુણ જે છે જ્ઞાન-દર્શન-આનંદાદિ એ ગુણની શક્તિનું જેને માપ નથી. આહાહા..! એટલી અમાપ શક્તિઓ છે. એવા અમાપ શક્તિવંતને જેણે સ્વીકાર કર્યો દૃષ્ટિમાં, એની દૃષ્ટિ પણ મહા અમેય અક્ષય થઈ ગઈ. આહાહા..! એ દૃષ્ટિ અક્ષય એટલે ક્ષય વિનાની અને અમેય એટલે મર્યાદા વિનાની પ્રતીત થઈ ગઈ. 'જયસુખભાઈ'! આવી વાતું છે બહુ ઝીણી.

મુમુક્ષુ :- ચારિત્રમાં ..

ઉત્તર :- ચારિત્રનો દોષ છે એનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. એટલે કર્મ બાંધતો નથી, એમ કહે છે. સમજાણું? અહીં તો મિથ્યાત્વ સંબંધી જે બંધ છે તે બંધ નથી એ સિદ્ધ કરવું છે. રાગ છે પણ એનો કર્તાપણે આ મારું છે એ રીતે કર્તા નથી તેથી તેને મિથ્યાત્વ નથી, તેથી તેને કર્મબંધન છે નહિ. આહાહા..!

હમણાં હમણાં જુઓને ત્રણ શેઠિયા ચાલ્યા ગયા. હમણાં થોડા વખતમાં. ભાઈ ગયા 'નવનીતભાઈ'. કરોડોપતિ. ચાલીસ કરોડવાળો 'શાંતિપ્રસાદ'. હવે અહીં આવ્યા અને અહીં બેઠા હતા. વ્યાખ્યાન સાંભળ્યા હમણાં બે-ત્રણ-ચાર મહિનાથી. એ ગયા. એની ઉંમર તો બહુ નાની-૬૬. 'નવનીતભાઈ'ની ૭૮ અને 'પોપટભાઈ'ની ૭૧. ચાલ્યા ગયા, લ્યો! જેના ભવ ક્યાં? આહાહા..! ભગવાન તો નિત્ય છે, આત્મા તો નિત્ય છે. દેહના નાશથી કાંઈ એનું નિત્યપણું વયું (ચાલ્યું) જાતું નથી. આહાહા..! એ તો કાયમ રહેનારું છે. પણ જેની દૃષ્ટિમાં રાગ અને પુણ્યના પરિણામનું કર્તાપણું છે એ સદાય મિથ્યા અને ભ્રમણામાં રહેનારો છે. પરનું તો કરી શકતો નથી. સ્ત્રી, કુટુંબનું, રળવાનું, ધંધાનું, શરીરનું તો કરી શકતો નથી. એ માને તોપણ કરી શકતો નથી. આહાહા..! ફક્ત હું આ કરું આ ધંધાનું, આ ધંધો અને દુકાનની પાટે બેસે બરાબર ધ્યાન રાખીને, એ તો મિથ્યાત્વનું અભિમાન છે. આહાહા..!

અહીં તો કહે છે, જેને રાગનું કર્તાપણું છૂટી ગયું છે, પરનું કર્તાપણું તો કરી શકતો નથી અને હતું પણ નહિ, પણ રાગ અને પુણ્ય-પાપના ભાવનું કર્તાપણું હતું, હતું એ છૂટી ગયું છે. કેમ છુટ્યું છે? કે સ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા અનંત આનંદનો પ્રભુ-સાગર, એના સ્વીકારમાં એના જ્ઞાતા-દૃષ્ટાના પરિણામના કર્તાપણામાં એને રાગનું કર્તાપણું છૂટી ગયું છે. તેથી તેને રાગના કર્તાપણાથી-મિથ્યાત્વથી જે બંધ હતો તે બંધ એને નથી. સમજાણું કાંઈ? આહાહા..! છે?

'**कर्तुम् न उचितं**' આહાહા..! એ વિકારના પરિણામને કરવાની તું લાયકાતવાળો જ નથી. મિથ્યાદૃષ્ટિ વિકારના પરિણામ કરવાને લાયકાતવાળો છે. કેમકે એણે વસ્તુને જોઈ, જાણી, અનુભવી નથી. આહાહા..! બહુ માર્ગ આવો ભાઈ છે. તેં તો આત્માને જોયો છે ને. કહે છે. આહાહા..! ચૈતન્યમૂર્તિ ભગવાન અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત અનંત ઈશ્વર પ્રભુતા, એવી અનંત અનંત અમાપ શક્તિનો સાગર પ્રભુ... આહાહા..! શું છે એ તે? એવી જેની શક્તિની સંખ્યાનું માપ નથી. એવા અમાપ શક્તિના સાગરને જેણે અનુભવ કરીને પ્રતીતમાં લીધો, એને હવે રાગનું કરવાપણું રહેતું નથી. એ રાગ આવે તેનો એ જ્ઞાતા છે. 'ચંદુભાઈ'! આવી વાત છે. આહાહા..!

એ '**कर्तुम्**' એટલે પછી અર્થ કર્યો. ઓલો રાગ કરવાને લાયક નથી એટલે બાંધવાને લાયક નથી. એમ. એનો અર્થ કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? '**ભાવાર્થ આમ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવને કર્મનો બંધ નથી.**' અહીંયાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પરિણામનો જે બંધ છે એ બંધ નથી, એટલી વાત કરવી છે. એમાંથી કોઈ એમ જ લઈ લે... આગળ તો

કહેશે. ૧૫૨માં '**त्यागैकशीलो मुनिः**' મુનિ શબ્દ લેશે. ૧૫૨ છે ને? છેલ્લો શબ્દ છે. ૧૫૨ શ્લોકનો છેલ્લો શબ્દ-'**मुनिः**'. પણ અર્થમાં કરશે સમ્યગ્દૃષ્ટિ જીવ. વજન ત્યાં આપવું છે ને? આહાહા..!

તારા ઘરમાં એટલો ઘરવખરો પડ્યો છે-તારા ઘરમાં એટલું ફર્નીચર પડ્યું છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવા અનંતા અનંત અમાપ શક્તિનું ફર્નીચર પડ્યું છે. આહાહા..! એના જેને પ્રેમ લાગ્યા એને રાગના કણનો પ્રેમ છૂટી જાય છે. તેથી તેને રાગના પ્રેમના મિથ્યાત્વભાવથી જે બંધ થતો એ તે સમ્યગ્દૃષ્ટિને થતો નથી. એટલી જ અહીં વાત લેવી. સર્વથા બંધ નથી એમ નહિ. પણ આ મિથ્યાત્વ અને અનંત સંસારનું કારણ અનંતાનુબંધી એનાથી જે બંધ થતો એ બંધ નથી. અને ખરો બંધ જ એ, મિથ્યાત્વ જ એ સંસારનું કારણ છે. મિથ્યાત્વ એ સંસાર, મિથ્યાત્વ એ જ આસ્રવ અને મિથ્યાત્વ એ જ બંધ. આહાહા..! આવે છે ને? આહાહા..! પણ મિથ્યાત્વ અને સમ્યગ્દર્શન વચ્ચે વહેંચણી શું, ઈ કઠણ કામ છે. આહા..! કોઈ શરણ નથી. શરણ અંદર ભગવાનઆત્મા છે ત્યાં જાતો નથી. કહે છે કે જે અંતરમાં ગયો, એને હવે રાગનું કરવાપણું રહેતું નથી. તેથી એને બંધન નથી. એ જાતનું બંધન નથી. આસક્તિ છે, એનું બંધન છે. તેને અહીં ગૌણ કરીને સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીના અભાવની મુખ્યતા કરીને એને બંધન નથી એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**तथापि किञ्चित् उच्यते**' '**તોપણ કાંઈક વિશેષ છે તે કહે છે-**' '**हन्त यदि मे परं न जातु भुंक्षे भोः दुर्भुक्तः एव असि**' અરે..! અમે ખેદથી કહીએ છીએ કે.. આહાહા..! છે ને? '**આકરાં વચને...**' ખેદથી કહીએ છીએ કે ભોગવવામાં તને પ્રેમ છે અને ભોગવે છો અને તું કહે છે કે અમે ભોગતા નથી, અમને બંધન નથી. એમ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ અમે છીએ, માટે પાંચ ઇન્દ્રિયના વિષયના ભોગ અમે ભોગવીએ તોપણ અમારે બંધ નથી એમ તમે જ કહ્યું છે. બાપુ! એ ભોગમાં પ્રેમ છે ને, ભોગવવાનો તને પ્રેમ છે કે પ્રેમ નથી એ પ્રશ્ન કર. જો ભોગવવાનો તને પ્રેમ છે તો તો તું મિથ્યાદૃષ્ટિ છો. તેં આત્મા જાણ્યો નથી. આહાહા..!

જેને આત્માના આનંદનો અનુભવ ભોગવટો થયો એને પરને ભોગવવામાં પ્રેમ બિલકુલ હોઈ શકે નહિ. આહાહા..! એને આસક્તિનો ભાવ આવે પણ કાળો નાગ જેમ દેખે એવું એને દુઃખ લાગે. વિષય-વાસનાના રાગને, અરે..! દયા-દાનના રાગને. પોતાની શાંતિની આગળ એ રાગને તે દુઃખ અને અશાંતિ દેખે છે. 'દેવજીભાઈ'! આવી વાતું છે. અજ્ઞાની એ રાગમાં, પુણ્ય અને પાપના ભાવમાં મજા છે, ઠીક છે, હરખ છે, વીર્યના ઉલ્લસિતમાં હરખાઈ જાય છે. એ મિથ્યાદૃષ્ટિ છે. એ અનંત સંસારના બીજડાને સેવે છે. આહાહા..! એ કહે છે.

'**એવું જાણીને ભોગસામગ્રી ભોગવે છે કે મને કર્મનો બંધ નથી, એમ જાણીને પંચેન્દ્રિયવિષય ભોગવે છે તો અહો જીવ!**' અરે..! આત્મા! શું કરે છે તું આ? આહાહા..! સમ્યગ્દૃષ્ટિ નામ ધરાવી અને ભોગની સામગ્રીના પ્રેમથી ભોગવે છો, આ શું તને શોભે છે?

આહાહા..! સમજાણું કાંઈ? વાત ઝીણી છે. જેને અંદર રાગમાં રસ છે અને કહે કે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ અને અમે રાગના રસને રસથી અમે ભોગવીએ છીએ. '**दुर्भुक्तः**' આહાહા..! ઝેર પીનારો છો તું. વિષ્ટાનો ખાનાર છો તું. '**दुर्भुक्तः**' ભોગવવાને લાયક નથી તેને તું ભોગવે છો. આહાહા..! આવો માર્ગ છે.

અરે..! અનંત કાળ અનંત કાળ. બાપુ! એના કાળની મર્યાદા વિચારી છે કે દિ' એણે? આ પહેલા ક્યાં... ક્યાં... ક્યાં... ક્યાં... ક્યાં હતો? આમ હતો.. હતો... હતો... હતો... હતો... તો આમ અનંત કાળમાં ક્યાં હતો? આદિ નથી એવા અનંત કાળમાં ક્યાં હતો? દુઃખમાં હતો. રાગના દુઃખમાં હતો, પ્રભુ! આહાહા..! 'વાદિરાજ' મુનિને કહે છે ને? 'વાદિરાજ' મુનિને શરીરમાં કોઢ હતો. પછી તો પુણ્યનો ઉદય અને ભક્તિથી કોઢ મટી ગયો એમ કહેવાય. મૂળ તો પુણ્યનો ઉદય ને એવું થવાનું (હતું). પછી કહે છે, પોતે મુનિ છે, આનંદના રસિયા છે, પણ જરી વિકલ્પ ઊઠે છે ને એને લઈને એમ કહે છે, પ્રભુ! હું મારા અનંત કાળના દુઃખને સંભારું છું તો મને આયુધના ઘા વાગે છે. એનો અર્થ તો એ છે કે વિકલ્પ ઊઠે છે તેનું મને દુઃખ લાગે છે. સમજાણું કાંઈ?

હું અનંત કાળમાં ક્યાં રહ્યો? મુનિ, હોં! જેને એક ભવે મોક્ષ જાવું છે. સ્વર્ગમાં જઈને. આહાહા..! આવશે. બપોરનો અધિકાર નથી? '**एको मोक्षपथो**' એ આવશે ને આજ? એમાં લેશે કે જેને ત્રણ ભવે તો મોક્ષ જ જાવું છે હવે. આ ભવે ભલે ન જાય. પંચમઆરાના છે એટલે. ટીકામાં છે, સંસ્કૃત ટીકામાં. આહાહા..! જેને અહીંથી સ્વર્ગમાં અને ત્યાંથી મનુષ્ય. એવા ત્રણ ભવ તો હોય. પણ છતાં એ ભોગ પંથમાં છે. એને ત્રીજે ભવે તો સંસારનો અંત આવી કેવળજ્ઞાન, સાદિઅનંત કેવળજ્ઞાન પ્રગટ થશે. આહાહા..!

અહીંયાં એક પ્રાણી રાજાઓ હોય અને મહામિથ્યાત્વને સેવતો હોય. માંસ ને દારૂનો ખોરાક ન હોય. એ જેમ અહીંથી છૂટીને નિગોદમાં જાય. આહાહા..! એ અનંત કાળે નિગોદમાંથી નીકળી એકેન્દ્રિય થવું મુશ્કેલ એવી સ્થિતિમાં જાય. આ આત્માનું જ્ઞાન અને અનુભવી જીવ, મુનિની પ્રધાનતાથી વાત લેવી છે કે એ આત્માના અનુભવમાં રહે, ભલે રાગ થોડો બાકી છે પણ એનું કર્તૃત્વ નથી, એનો પ્રેમ નથી હવે. આહાહા..! હાથમાં નાગ ચાલ્યો હોય એને હવે પ્રેમ છે? પરમ દિ' મરી ગયો ને અહીં ગરાસિયો? પરમ દિ' અહીં. ૪૦-૪૨ વર્ષની ઉંમરનો. સર્પને હાથે પકડતો હતો. એને ટેવ. સર્પનું મોઢું પકડે. મોટી નાગણી હતી એને પકડી. એવા ઘણાને પકડીને નાખી આવ્યા હતા. પણ બરાબર દારૂ પીધેલો અને એને પકડી. એણે-નાગણીએ અહીંથી ભરડો લીધો. નાગણીએ ભરડો લીધો. એમાં કાંઈક અહીં પોચું પડી ગયું. ડંખ માર્યો. વાંઢો. કોઈ નહોતું. એકલો ગરીબ માણસ. એ રાત્રે સૂતો હતો, મરી ગયો. થઈ રહ્યું. સવારે જોયું તો મરી ગયેલો. ઝેર ચડી ગયું, ઝેર. આહાહા..!

જેને રાગ મારો, પુણ્ય મારા એવા મિથ્યાત્વના ઝેર ચડી ગયા છે, એ અંધારે અજ્ઞાનમાં સૂઈ ગયો છે. આત્માના સ્વભાવની જીવતી જ્યોતને એણે મારી નાખ્યો છે. મહાપ્રભુ ચૈતન્ય આનંદનો નાથ, એનાથી વિરૂદ્ધ રાગના પ્રેમમાં આવો આત્મા પૂર્ણાનંદનો અમાપ શક્તિનો

ધણી, એનો અસ્વીકાર કર્યો એટલે એનો નકાર કર્યો. આહાહા..! ત્યારે સમ્યગ્દૃષ્ટિ જીવ અમાપ એવી શક્તિનો સાગર પ્રભુ, એવો જેનું અંતર જ્ઞાનની અને આનંદની પર્યાયમાં વેદન આવ્યું. આહાહા..! એ હવે અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાના. રાગ છે એ એનો કર્તા નથી હવે. તેથી તેનું ફળ ભવાદિ પણ એને નથી. સમજાણું કાંઈ? આહાહા..! એક-બે ભવ હોય તે જ્ઞાનનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ? એને અલ્પ કાળમાં કેવળ (થવાનું). આહાહા..! અનંત અનંત કાળ હવે આનંદમાં રહેશે એ દશા એની. ઓલી અનંત અનંત કાળ નિગોદમાં દુઃખમાં દશા રહેશે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે હે સમ્યગ્દૃષ્ટિ! તું પંચેન્દ્રિય વિષયને ભોગવે છો. છે? '**ભોગવે છે તો અહો જીવ! એવું જાણીને ભોગોને ભોગવવું ભલું નથી.**' '**दुर्भुक्तः**' છો. એ ભોગવવાને લાયક નથી એને તું ભોગવે છો. મિથ્યાદૃષ્ટિ છો. આહાહા..! સમ્યગ્દર્શનનું નામ લઈ અને વિષય ભોગવવાને નિર્જરા કીધી અને બંધ નથી એમ કીધું માટે તું ભોગવવાના પ્રેમથી ભોગવે છો તો '**दुर्भुक्तः**' છો. ઝેરને પીવે છો. યાદ રાખ. ત્યાં પોપાબાઈના રાજ નથી. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, પહેલું તો કહ્યું હતું, ભોગવ. આવ્યું હતું? '**भुक्तः**' એ તો '**भुक्तः**' કહ્યું હતું એટલે? કે પરદ્રવ્યથી તને નુકસાન છે એ દૃષ્ટિ છોડી દે. પરદ્રવ્ય તને નુકસાન કરે એ વાત નહિ. તું તારા સ્વભાવથી વિરૂદ્ધ ભાવ કર એ તને નુકસાન છે. એમ સિદ્ધ કરવા એમ કહ્યું કે ભોગવ એટલે પર તરફના લક્ષવાળો રાગ હોય તો હો. પણ તેના કર્તાપણાનો ભાવ નથી અને ભોગવવાનો પ્રેમ નથી. માટે તું એનો ભોક્તા નથી. સમજાણું કાંઈ? આવી વાતું.

અહીંયાં કહે છે કે, તું સમ્યગ્દૃષ્ટિ નામ ધરાવી અને પાંચ ઈન્દ્રિયના વિષયના ભોગના પ્રેમમાં ફસાણો અને મને નિર્જરા થાય છે એમ માને તો તું '**दुर्भुक्तः**' છો. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જેને આત્માના આનંદનું ભાન આવ્યું. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ એટલે? ધર્મની પહેલી સીઢી. એ સમ્યગ્દર્શનમાં તો અતીન્દ્રિય આનંદનો નાથ, પ્રભુ! અનંત ગુણનો સાગર એવો એને દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો. એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..! સત્યદૃષ્ટિ. સમ્યક્ એટલે સત્યદૃષ્ટિ, સાચી દૃષ્ટિ. જેવો એ પૂર્ણાનંદનો નાથ ભગવાન પૂર્ણ અનંત આનંદનો સાગર (છે), એવી જ પર્યાયમાં અપરિમિત શ્રદ્ધા અને જ્ઞાનદશામાં આનંદની દશા પણ આવી. આહાહા..! એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ ધર્મના મોક્ષના મહેલની પહેલી સીઢી કહેવામાં આવે છે. આહાહા..!

એ જીવ એમ કહે કે... એને અહીં એમ કહ્યું, જેને સમ્યગ્દૃષ્ટિપણું આત્મા શુદ્ધ ચૈતન્ય અખંડ આનંદ, એનું જેને વેદન આવ્યું અને પ્રતીતિ થઈ અનુભવમાં, એને હવે પાંચ ઈન્દ્રિયના વિષય ભોગવ. તને બંધ નથી એમ કહ્યું હતું. એ કઈ અપેક્ષાએ કહ્યું હતું? એ તો તને અંદરમાં આસક્તિનો જરી રાગભાવ, પ્રેમ વિના આવે એને તું ભોગવ એમ કહેતાં સમ્યગ્દર્શન અને આનંદના ભોગવટા સિવાય તને રાગનો ભોગવટાનો પ્રેમ નથી. માટે ભોગવ એમ કહ્યું હતું. આહાહા..! અને એમ સમજીને સમ્યગ્દૃષ્ટિ છીએ માટે હવે ગમે તેટલા વિષય સેવીએ, ભોગ ભોગવીએ તો અમને બંધ નથી. મરી જઈશ. આહાહા..! એ પુણ્યના

પરિણામ, દયા, દાન, વ્રતના પરિણામ રાગ એ રાગનો પણ ભોક્તા અને કર્તા થાય તો મિથ્યાદષ્ટિ છે. એને ઠેકાણે તું કહે કે આ પંચેન્દ્રિયના વિષયો ભોગવીને મારે નિર્જરા છે, બંધન નથી. એમ નથી. આહાહા..! અજર પ્યાલા છે. સમજાણું કાંઈ? એ કહ્યું.

**'જે એવું એમ છે કે ભોગસામગ્રી ભોગવતાં જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ નથી તો અહો સમ્યગ્દષ્ટિ જીવ! તારે...'** **'कामचारः'** છે. ઈચ્છા છે તેને ભોગવવાની તને? અને ભોગવે છો? શું છે આ તને? આહાહા..! **'कामचारः'** ભાવ છે તને ભોગવવાનો? રાગનો-પુણ્યના, પાપના ભાવનો તને ભાવ છે? તને ઈચ્છા છે? ઈચ્છાથી ભોગવ તો તું મિથ્યાદષ્ટિ છો. સમજાણું કાંઈ? આહાહા..! ધર્મી જીવને તો આત્માના આનંદની મીઠાશ આગળ ભોગની વાસના કાળા નાગ જેવી લાગે. કાળો નાગ જેમ દેખે અને ત્રાસ થાય એમ ધર્મી સમ્યગ્દષ્ટિ જીવને વિષયની વાસનાનો ભાવ કાળા નાગ જેવો, ઝેર જેવો દેખાય. આને ધર્મી કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? અને તું કહે કે મને તો સમ્યગ્દષ્ટિ છે અને મને ભોગવવાની ઈચ્છા પણ છે (તો) **'दुर्भुक्तः'** છો. ભોગવવાને લાયક નથી તેને ભોગવ તો મિથ્યાદષ્ટિ છો.

('શ્રેણિક' રાજા) આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. આહાહા..! એ સમ્યગ્દર્શન શું ચીજ છે! સમજાણું કાંઈ? એ પૂર્ણાનંદનો નાથ પ્રભુ અનંત ગુણનો સાગર આત્મા, એનું જ્ઞાનની પર્યાયમાં વેદન આવવું, અતીન્દ્રિય આનંદનું વેદન આવે એમાં પ્રતીતિ (થાય) એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? તે સમ્યગ્દષ્ટિને ભોગ, ઈન્દ્રના ઈન્દ્રાણીના કે ચક્રવર્તી હોય. 'ભરત' ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી હતી. પણ એ ભોગની વૃત્તિ હતી એ ઝેર જેવી, કાળા નાગ જેવી દેખાતી. આહાહા..! અસ્થિરતાને લઈને રાગ થતો, પણ કાળો નાગ દેખે તેમ એને ત્રાસ થાતો-સમ્યગ્દષ્ટિને. અને જૈન નામ ધરાવે અને દૃષ્ટિમાં રાગની મીઠાશ હોય અને ભોગમાં પ્રેમ હોય (તો) તે મિથ્યાદષ્ટિ છે. આહાહા..! આવી વાતું છે.

'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન. સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યા નહિ અભિમાન.' શું ચીજ છે? આહાહા..! તે કોણ? સર્વજ્ઞ, જિનેન્દ્ર. પરમેશ્વરે કહ્યો આત્મા. બીજાઓ જે કહે છે એ તો જોયા વિના કલ્પનાથી વાતું કરે છે. પરમેશ્વર ત્રિલોકનાથ, જિનેન્દ્રદેવ, એણે જે આત્મા, અનંત આત્માઓ જોયા... આહાહા..! એ આત્મા કોને જોયો? કેમ જોયો? આહાહા..! એવું સ્તુતિમાં આવે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગત દેખતા હો લાલ. પ્રભુ તુમ જાણગ રીતિ.' 'સીમંધર' ભગવાન તો મહાવિદેહમાં બિરાજે છે. સાક્ષાત્ તીર્થંકર ત્રિલોકનાથ બિરાજે છે. આહાહા..! પાંચશે ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય, સો સો ઈન્દ્રો જેની સભામાં જાય છે. અત્યારે મહાવિદેહમાં બિરાજે છે. સ્તુતિકાર કહે છે, 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ. નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ.' સૌને પેખતા. પ્રભુ! અમારો આત્મા જે નિજ સત્તાએ શુદ્ધ આનંદકંદ છે તેને તમે આત્મા કહો છે, તેને તમે આત્મા જાણો છો. આ શરીર માટી, ધૂળ આ તો અજીવ ધૂળ-માટી છે. અંદર પુણ્ય અને પાપના ભાવ થાય-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના, એ તો રાગ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાના ભાવ થાય એ પાપરાગ છે. આહાહા..!

એ રાગ આત્મા નથી. ભગવાને એને જોયો નથી. નવ તત્ત્વમાં જે રાગ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વમાં જાય છે. શરીર, વાણી, કર્મ એ તો અજીવતત્ત્વમાં જાય છે. ભગવાન જે આત્મા અંદર છે એ જ્ઞાયકતત્ત્વમાં આવે છે. એ તો શુદ્ધ-ચૈતન્ય આનંદઘન છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા' નિજ સત્તાએ શુદ્ધ-અમારો આત્મા હોવાપણે શુદ્ધ છે, પૂર્ણ આનંદ છે તેને આપે આત્મા જોયો છે. તેને આપે આત્મા કહ્યો છે. આહાહા..! આવી વાતું. અરે..! એણે કોઈ દિ'.. અનંત કાળ પરિભ્રમણ કરતાં કરતાં સાધુ અનંતવાર થયો દ્રવ્યલિંગી પણ આત્મા અંદર રાગથી ભિન્ન અંદર પૂર્ણાનંદનો નાથ, એનું સમ્યગ્દર્શન અને આનંદનું વેદન ન કર્યું એણે. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

**'સમ્યગ્દષ્ટિ જીવ રાગ-દ્વેષ-મોહથી રહિત છે.'** ક્યા? રાગ પુણ્યના પરિણામ પણ મારા છે એવો મિથ્યાત્વભાવનો જેને નાશ થઈ ગયો છે અને અનંતાનુબંધી જે પર વસ્તુને અનુકૂળ દેખીને રાગ, પ્રતિકૂળ દેખીને દ્વેષ (થાતો), એવો અનંતાનુબંધીનો રાગ-દ્વેષનો નાશ થઈ ગયો છે. 'ચંદુભાઈ'! આહાહા..! આવી વાત, બાપુ! અરે..! એણે સંસારમાં હરખમાં ચોર્યાસીના અવતાર એ રાગના, પ્રેમના હરખમાં એણે અનંત અવતાર કર્યા. પણ રાગથી ભિન્ન ભગવાન અંદર અનંતગુણનો નાથ છે એને કોઈ દિ' જોયો નહિ, જાણ્યો નહિ, સ્વીકાર્યો નહિ, માન્યો નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

જ્ઞાની **'રાગ-દ્વેષ-મોહથી રહિત છે.'** આ પ્રકારના. જે રાગનો ભાવ દયા-દાનનો છે એ પણ રાગ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભગવાનનું સ્મરણ એ બધો વિકલ્પ છે, વૃત્તિ છે, રાગ છે, ઉત્થાન છે વિકારનું. આહાહા..! એનો જેને પ્રેમ નથી, રુચિ નથી, રુચિ આત્માના આનંદની છે તેને મિથ્યાત્વનો રાગ છે નહિ. આહાહા..! તેને ભ્રમણા નથી અને ભ્રમણા સંબંધીમાં રાગ-દ્વેષ જે અનુકૂળ-પ્રતિકૂળ દેખીને કરતો, એ નથી. નબળાઈને લઈને રાગ-દ્વેષ છે એને અહીંયાં ગણ્યા નથી. આહાહા..!

માતા-જણેતા હોય અને એની સાથે ભોગ લેવાનું કરે કોઈ. તો કેમ એને શું થાતું હશે? મીઠાશ લાગતી હશે? આહાહા..! 'નૌઆખલી'માં હતું ને? 'નૌઆખલી' નહિ? 'ગાંધી' ગયા હતા. 'નૌઆખલી'માં મુસલમાનો મા અને દીકરાને નાગા કરે અને બેને ભીંડે નાગા કરીને. આહાહા..! અરે..! જણેતા ને હું, આ શું છે આ? શું થાય છે? જમીન માર્ગ આપે તો સમાઈ જઈએ. જેમ તેને ત્યાં પ્રેમ નથી. જોવા નવરો નથી. જોવે નહિ. આહાહા..!

એમ સમ્યગ્દષ્ટિને ભોગના રાગ ને માતાના પ્રેમ સાથે ભોગ કરવો એવો ભોગ મને છે. આહાહા..! બાપુ! સમ્યગ્દર્શન શું ચીજ છે એ કોઈ અલૌકિક વાત છે! એના વિના બધા થોથાં છે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા બધા એકડા વિનાના શૂન્ય છે. આહાહા..! ત્રિલોકનાથ જિનેન્દ્ર પરમેશ્વર વીતરાગ સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે. 'મહાવીર' ભગવાન આદિ તો ણમો સિદ્ધાણંમાં ગયા. બીજા પદમાં ગયા એ તો. આ તો પહેલા પદમાં બિરાજે છે. ણમો અરિહંતાણંમાં. ચાર કર્મ ગયા, ચાર કર્મ બાકી છે. આહાહા..!

હમણાં આવ્યો હતો ને એક જણો, લ્યો! તીર્થંકર થઈને આવ્યો અમારી પાસે. આહાહા..! અરે..! પ્રભુ! શું કરે છે તું આ? કીધું. મહારાજ! હું સાચું કહું છું. હું તીર્થંકર છું.

ચાર કર્મનો નાશ થયો છે મારે. ચાર કર્મ બાકી છે. ભગવાનને ચાર કર્મ બાકી હતા તો પૈસા નહોતા. હું ગરીબ છું. હું છું કેવળી. અરર..! અહીંયાં આવ્યો હતો મારી પાસે. બધા બેઠા હતા. વ્યાખ્યાન સાંભળ્યું અને પછી અંદર સ્વાધ્યાયમાં જઈને બેઠા. હું સાચું કહું છું, મહારાજ! અરે..! ભાઈ! શું કરે છે તું આ? આહાહા..! અરે..! કેવળી કોને કહેવાય? તીર્થંકર કોને કહેવાય ? બાપુ! તને ખબર નથી. ક્યા ગામના કીધું એ?

મુમુક્ષુ :- 'પ્રતાપગઢ'

ઉત્તર :- 'પ્રતાપગઢ' 'ચાંદમલ' હતો. પાછું એમ કહ્યું, બાપુ! શું કરે છે તું આ? મિથ્યાદૃષ્ટિ છો, ભાઈ! તીર્થંકર અને કેવળી કોને કહે, બાપા? હજી સાધુ કોને કહે એની ખબરું નથી તને. આહાહા..! મિથ્યાદૃષ્ટિ છો. અમે તો શાંતિથી કહ્યું. આપણે કાંઈ કોઈ વ્યક્તિનો... ભાઈ! તારી આ દૃષ્ટિ મિથ્યા છે. તોય સાંભળે. ઊભા થઈને પછી પગે લાગીને, અરે..! બાપુ! શું કર્યું તેં આ? આહાહા..! એવા લાકડા ગરી જાય છે ને.

અહીં કહે છે, સમ્યગ્દૃષ્ટિ નામ ધરાવીને તું ભોગને ભોગવતો હોય તો ઇચ્છા છે કે નહિ? ઇચ્છા છે ભોગવવાની તો તું સમ્યગ્દૃષ્ટિ નથી. અને ઇચ્છા નથી તો એને મિથ્યાત્વ સંબંધીના મિથ્યા રાગ-દ્વેષ અને મિથ્યાત્વ છે નહિ. આહાહા..! આવી વાતું. છે? **'તે જ સમ્યગ્દૃષ્ટિ જીવ,...'** જેને રાગ-દ્વેષ-મોહ મિથ્યાત્વ.. ભોગના ભાવમાં ઝેર દેખે છે. એને રાગ આવે છે શુભભાવ, એને એ ભઠ્ઠી દેખે છે. સમકિતી કોને કહે, બાપુ! તને ખબર નથી. એ શુભભાવ આવે એને કષાયઅગ્નિ-કષાયનો અંશ છે એ. આહાહા..! તારી શાંતિમાં એ શુભરાગ અશાંતિ છે, એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જાણે છે. સમજાણું કાંઈ? એને એ સંબંધીના મિથ્યાત્વ સંબંધીના રાગ-દ્વેષ નથી. આહાહા..!

**'જો સમ્યક્ત્વ છૂટે,...'** આહાહા..! એ રાગના કણનો પણ જો પ્રેમ અને રુચિ થાય અને આનંદની રુચિ નાશ થઈ જાય. ભગવાન જ્ઞાતા-દૃષ્ટા પ્રભુ જ્ઞાનનો સાગર છે એ તો. આહાહા..! જે સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ છે. સર્વજ્ઞ પરમાત્મા અરિહંત થાય છે એ ક્યાંથી થયા? સર્વજ્ઞ પર્યાય આવી ક્યાંથી? બહારથી આવે છે ક્યાંયથી? બાપુ! તને ખબર નથી. સર્વજ્ઞ સ્વભાવ તારો છે. ભગવાન તારી શક્તિ સર્વજ્ઞ છે. એમાંથી સર્વજ્ઞ પર્યાય આવે છે. આહાહા..! 'જયસુખભાઈ'! આમાં વકિલાત જુદી જાતની છે આ. આહાહા..!

ત્રણલોકનો નાથ તીર્થંકર પ્રભુ સાક્ષાત્ બિરાજે છે. એમની આ વાણી છે. આહાહા..! સંતોએ તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. સંતો આડતિયા થઈને ભગવાનનો માલ આપે છે. માલ તો તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વરનો છે. એ આડતિયા થઈને જગતને કહે છે. એક વાર સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! તારી પ્રભુતામાં રાગ અને દ્વેષનો અંશ નથી. એવી તારી અંદર પ્રભુતા ભરી છે. એનો જેને સમ્યગ્દર્શન ભાવ થયો એને રાગના કણની મીઠાશ ઊડી જાય છે. એને 'રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેવીએ.' રાગનો કણ છે એ પણ આગ-દાહ છે. આહાહા..! અરે..! ભાઈ! તને કેમ બેસે એને? ભગવાનઆત્મા તો શાંતસાગર છે. એમાં રાગનો કણ ઊઠે, શુભ હોં!... આહાહા..! દયા, દાન, વ્રત, તપના વિકલ્પ ઊઠે એ 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેવીએ.' અમૃતનો સાગર ભગવાન સમતાથી ભરેલો.

આહાહા..! એને સેવીએ. આહા..!

'ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન' ઘટમાં જિન બિરાજે છે પ્રભુ અંદર. આહાહા..! આત્મા જિનસ્વરૂપ જ છે. જિનસ્વરૂપ 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' એ જિનસ્વરૂપનું ભાન થઈને, રાગની મીઠાશ તોડીને આનંદની મીઠાશ આવી છે તેને જૈન કહીએ. એ જૈન ઘટમાં અંદરમાં છે. ઘટ-શરીર,વાણીમાં કાંઈ નથી આવતું જૈનપણું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાનસો...' પોતાના મતના દારૂ પીધેલાઓ એ 'મતવાલા સમજે ન' એ મતવાલા ચૈતન્ય ભગવાનના નાથને જાણતા અને ઓળખતા નથી. આહાહા..! પોતાના અભિપ્રાયના મદે ચડી ગયેલા, એ જૈન સિવાય સ્વરૂપ એની ખબર નથી અંદર એને. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! એ અહીં કહે છે.

એવા જૈન સમકિતદષ્ટિને મિથ્યાદષ્ટિપણું નથી, રાગ-દ્વેષ નથી. '**મિથ્યાત્વરૂપ પરિણમે...**' એ રાગની મીઠાશના પ્રેમમાં જાય તો મિથ્યાદષ્ટિ થઈ જાય. આહાહા..! રાગ એ વ્યભિચાર છે. વ્યભિચારના પ્રેમમાં ચડ્યો તેને આત્મા બ્રહ્માનંદ ભગવાન, બ્રહ્મના આનંદનો. બ્રહ્મ એટલે આત્મા અને આનંદસ્વરૂપ, એનો તેને પ્રેમનો નાશ થઈ જાય છે. આહાહા..! આવી વાતું હવે આ તે... ઓલા તો કહે, છકાયની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો. અરે..! ભગવાન! સાંભળને પ્રભુ! તું. એ બધી ક્રિયાઓ તો વિકલ્પ છે, રાગ છે. આહાહા..! રાગ વિનાનો ભગવાન અંદર બિરાજે છે. એની શ્રદ્ધા અને જ્ઞાનથી જો ભ્રષ્ટ થયો તો તો મિથ્યાદષ્ટિ થયો પછી. આહાહા..! ભલે ક્રિયાકાંડ ઈ ના ઈ રહે. '**રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમે છે. એમ કહે છે. વિશેષ વાત છે.**' '**ज्ञानं सन्**' પણ આત્માના આનંદનું જ્ઞાન અનુભવીને એમાં રહે ને. રાગના અનુભવમાં ભોગવટામાં સમ્યગ્દષ્ટિ કેમ જાય? વિશેષ વાત છે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક સુદ ૧૫, શુક્રવાર, તા.૨૫-૧૧-૧૯૭૭
## કળશ - ૧૫૧-૧૫૨, પ્રવચન - ૧૫૯

'કળશટીકા' ૧૫૧-કળશ. છેલ્લા શબ્દો છૈ. પાંચ લીટી. અહીં સુધી (આવ્યું છે). '**કેમ કે મિથ્યાદષ્ટિ થતો થકો રાગ-દ્વેષ-મોહરૂપ પરિણમે છે;...**' છે? શું કહે છે? પોતાનો જે જ્ઞાનાનંદ સ્વભાવ નિત્ય ધ્રુવ, તેની જેને દષ્ટિ નથી, આશ્રય નથી એવો જે મિથ્યાદષ્ટિ એ રાગના ભાવને પુણ્ય કે પાપનો ભાવ, તેનો કર્તા થઈ અને તેનો રસ ભોગવે છે. એ મિથ્યાદષ્ટિ છે. આહા..! ઝીણી વાતું છે. જેને આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એની જેને દષ્ટિ નથી એટલે કે જેને આત્માના આનંદનો રસ નથી, એને રાગનો રસ છે. આહાહા..! એ રાગના રસવાળો મિથ્યાદષ્ટિ રાગ-દ્વેષ-મોહપણે થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ચાહે તો એ

બહારથી ત્યાગી હોય, પણ અંદરમાં ચૈતન્ય જ્ઞાન આનંદસ્વરૂપ વસ્તુ જે આખી ધ્રુવ, અનંત ગુણનો સમૂહ, એવા ભગવાનઆત્માની જેને અંતરમાં રુચિ નથી, પરિણમન જેનું થયું નથી, એની શ્રદ્ધા નથી એટલે કે એની નિર્મળ આનંદની દશાનું થવું નથી, તે રાગ અને દ્વેષ અને મોહપણે થાય છે તે કર્મબંધનને કરે છે. આવી વાતું છે.

હવે કહે છે, **'ज्ञानं सन् वस'** એટલો શબ્દ છે. જ્ઞાન થયો થકો વશ. એટલે? સમ્યગ્દષ્ટિ જીવ (એમ માને છે કે) હું તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન, એ રાગસ્વરૂપ હું નહિ. ચાહે તો દયા, દાન, વ્રતના વિકલ્પ ઊઠે-રાગ, એ પણ હું નહિ. હું તો **'ज्ञानं सन् वस'** જ્ઞાનસ્વરૂપી ભગવાન, એનો અનુભવ કરીને એમાં વસ તો તને કર્મબંધન નથી, એમ કહે છે. મિથ્યાત્વ સંબંધી એની મુખ્યતાએ વાત છે. મિથ્યાત્વ મહાશ્રદ્ધા વિપરીત, એના જેવો કોઈ સંસાર ને આસ્રવ ને બંધ નથી. અને સમ્યગ્દર્શન જેવો કોઈ સંવર અને ધર્મ નથી. શરૂઆત. એને અહીં મુખ્યતાએ વર્ણવ્યું છે. આહાહા..!

ભગવાનઆત્મા તો જિનસ્વરૂપી વીતરાગસ્વરૂપ છે. એની રુચિ છોડી, એનું પોષાણ-આનંદનું પોષાણ છોડી અને રાગની આકુળતાનું જેને પોષણ છે, એ મિથ્યા-જૂઠી દૃષ્ટિ છે. આહાહા..! તેને મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પર્યાયમાં એનું પરિણમન થાય છે. તેથી તે કર્મને બાંધે છે. અરે..! આવી વાતું. કહો, શરતું કેટલી? અને **'ज्ञानं सन् वस'** **'સમ્યગ્દષ્ટિ હોતો થકો...'** એટલે? ભાષા એ તો એમણે સહેલી કરી નાખી છે. કહેવું છે કે આત્મા જ્ઞાન, આનંદસ્વરૂપ (છે) એની દૃષ્ટિ કરીને એમાં રહ્યો છે તે સમકિતી (છે). સમજાય છે કાંઈ? આહાહા..! રાગનો કણ પણ મારો છે અને રાગનો રસ જેને છે, એને આત્માનો રસ નથી. અને જેને આત્માનો રસ છે, એને રાગનો રસ નથી. રાગ હો, પણ રસ નથી. એટલે કે એકત્વબુદ્ધિ નથી. એટલે કે દુઃખને પોતાના સ્વભાવની સાથે સમકિતી મેળવતો નથી. અરે..! આવી વાતું છે.

**'ज्ञानं सन्'** જ્ઞાની. એટલે જ્ઞાનસ્વરૂપે થયો થકો. એમ. હું તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાન-આનંદ એ સ્વરૂપે મારું રૂપ છે. હું એ છું. એવું જેને અનુભવ થઈને, જ્ઞાન એટલે આત્માનો અનુભવ થઈને, જે જ્ઞાન આત્મા તે હું છું એમ જેને વસ્યો છે, દૃષ્ટિમાં આત્મામાં વસ્યો છે. છે? **'જેટલો કાળ પ્રવર્તે તેટલો કાળ બંધ નથી;...'** મિથ્યાત્વ સંબંધીની અત્યારે વાત લેવાની છે. આહાહા..! એ તો રાગથી માંડીને આખી દુનિયા, (તેનો રસ નથી). અને જેને રાગનો રસ છે, કર્તાપણાની બુદ્ધિ છે, તેનો રચનારો હું છું એવી બુદ્ધિમાં આખી દુનિયાના કર્તાપણાની એ માન્યતા છે. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! આવી વાતું છે.

મુમુક્ષુ :- 'બહેનશ્રી'ના બોલમાં છે.

ઉત્તર :- હા, એ છે. આમાં પણ છે ને. આમ તો રાગનો કર્તા થાય, એ થઈ રહ્યું, આખી દુનિયાનો કર્તા છે. ભગવાનઆત્માનો કર્તા નથી. આહાહા..! એ અહીં છે. એ અહીં કહ્યું ને?

**'ज्ञानं सन् वस'** રાગને વશે પડ્યો એ તો મિથ્યાદૃષ્ટિ આખા સંસારમાં રોળવાના

કારણરૂપને સેવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો સાદી ગુજરાતી ભાષા સાદી છે. એકકોર ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અને એક કોર રાગના કણથી માંડીને રજકણ અને જગત બે ચીજ. જેને ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એનું જેને પોષાણ, રુચિ, અનુભવ નથી... આહા..! એને રાગનો અનુભવ છે અને એમાં તેને મીઠાશ ને રસ છે. એ જૂઠી દૃષ્ટિવંત મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષ-મોહપણે પરિણમી આઠેય કર્મને બાંધે છે.

જ્ઞાન આનંદસ્વરૂપ છું, એમ આનંદમાં રહીને '**वस**' આહહા..! '**ज्ञानं सन् वस**' સ્વરૂપ થઈને વસ. ચૈતન્યસ્વરૂપ. આહા..! એ અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ, તેનો અનુભવ કરીને તેમાં વસ (તો) તને બંધન નથી. સમજાણું કાંઈ? એને રાગનું કર્તાપણું ઊડી ગયું છે. તેથી તેના ફળ તરીકે બંધન અને ફળ તરીકે સંયોગ એને નથી. એમ અહીં સિદ્ધ કરવું છે. આહાહા..! એકકોર પ્રભુનો પ્રેમ, તો તેને રાગનો પ્રેમ નથી. રાગનો જેને પ્રેમ, તેને ભગવાનઆત્માનો પ્રેમ નથી. આહાહા..! બહુ ફેર. ધર્મ આવો. ઓલી દયા પાળવી, વ્રત પાળવા સહેલું હતું, લ્યો! એમાં આવું આકરું કાઢ્યું. એક જણો કહેતો હતો. આકરું કાઢ્યું છે એ હો. આહાહા..!

'**ज्ञानं सन् वस**' તો તને જેટલો કાળ આત્મા જ્ઞાતા-દૃષ્ટાપણે વર્તે, રહે તેટલો કાળ તેને બંધ નથી. અહીં બંધન મિથ્યાત્વ અને અનંતાનુબંધીની મુખ્યતાથી બંધન કહ્યું છે. ઓલું બંધન છે પણ એને ગૌણ કરી નાખ્યું છે. આહાહા..! '**अपरथा स्वस्य अपराधात् बन्धम् ध्रुवम् एषि**' આહાહા..! '**अपरथा**' જ્ઞાન અને આનંદમાં દૃષ્ટિ અને રુચિ નથી જેને. '**अपरथा**' અપર એટલે રાગના રસમાં જે પડ્યો છે. અપર. સ્વરૂપથી પર એમાં રહ્યો છે. આહાહા..! રાગની જેને રુચિ છે, રાગ જેને પોષાય છે, રાગ જેને મીઠો લાગે છે. આહાહા..! એવો '**अपरथा**' '**મિથ્યાદૃષ્ટિ થતો થકો...**' '**स्वस्य अपराधात्**' '**પોતાના જ દોષથી...**' કર્મને કારણે નહિ. પોતાના દોષથી. એ આનંદ અને જ્ઞાન પ્રભુ, એના રસના પ્યાલા છોડી દઈ અને જેણે રાગના રસના પ્યાલા પીધા, કહે છે, એ પોતાના અપરાધથી બંધાય છે. આહાહા..! આવી વાતું. સમજાણું કાંઈ?

'**अपरथा**' એટલે કે સમ્યગ્દૃષ્ટિથી અપર-બીજો. જેને રાગનો રસ છે. આહાહા..! જેને ભગવાન પૂર્ણ આનંદનો નાથ, એના પ્રત્યેનો રસ નથી, એવો અપર મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના જ અપરાધથી થયો થકો. '**પોતાના જ દોષથી...**' જોયું! '**રાગાદિ અશુદ્ધરૂપ પરિણમનને લીધે...**' એ રાગ મારો છે એમ પરિણમતો થકો. આહાહા..! મિથ્યાદૃષ્ટિ જીવ જ્ઞાનાવરણાદિ કર્મબંધને. અહીં '**बन्धम् ध्रुवम् एषि**' નિશ્ચયથી બંધને પામશે. અવશ્ય કીધું ને? અવશ્ય. નિશ્ચયથી. એ બંધને-જરૂર મિથ્યાત્વના બંધને પામશે. આહાહા..! બહુ ટૂંકું છે પણ ગંભીર છે. એ ત્યાં પૂરું થયું.

(શાર્દૂલવિક્રીડિત)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।२०-१५२।।

ખંડાન્વય સહિત અર્થ :- 'तत् मुनिः कर्मणा नो बध्यते' ( तत् ) તે કારણથી ( मुनिः ) શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ જીવ ( कर्मणा ) જ્ઞાનાવરણાદિ કર્મથી ( नो बध्यते ) બંધાતો નથી. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ? ' हि कर्म कुर्वाणः अपि' ( हि ) નિશ્ચયથી ( कर्म ) કર્મજનિત વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયાને ( कुर्वाणः अपि ) જોકે કરે છે-ભોગવે છે તોપણ 'तत्फलपरित्यागैकशीलः' ( तत्फल ) કર્મજનિત સામગ્રીમાં આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો ( परित्याग ) સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે એવો છે ( एक ) સુખરૂપ ( शीलः ) સ્વભાવ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દૃષ્ટિ જીવને વિભાવરૂપ મિથ્યાત્વ પરિણામ મટી ગયા છે, તે મટવાથી અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ અનુભવગોચર થયું છે. વળી કેવો છે? 'ज्ञानं सन् तदपास्तरागरचनः' જ્ઞાનમય હોતાં દૂર કર્યો છે રાગભાવ જેમાંથી, એવો છે. તેથી કર્મજનિત છે જે ચાર ગતિના પર્યાય તથા પંચેન્દ્રિયના ભોગ તે બધા આકુલતાલક્ષણ દુઃખરૂપ છે એવો જ, સમ્યગ્દૃષ્ટિ જીવ અનુભવ કરે છે; એ કારણથી જેટલો કાંઈ સાતા-અસાતારૂપ કર્મનો ઉદય, તેનાથી જે કાંઈ ઇષ્ટ વિષયરૂપ અથવા અનિષ્ટ વિષયરૂપ સામગ્રી તે, સમ્યગ્દૃષ્ટિને સર્વ અનિષ્ટરૂપ છે. તેથી જેમ કોઈ જીવને અશુભ કર્મના ઉદયે રોગ, શોક, દારિદ્ર આદિ હોય છે, તેને જીવ છોડવાને ઘણુંય કરે છે, પરંતુ અશુભ કર્મના ઉદયે છૂટતાં નથી, તેથી ભોગવવાં જ પડે; તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને, પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ-અસાતારૂપ કર્મ, તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દૃષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે, છોડવાને ઘણુંય કરે છે, પરંતુ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણિ ચડે ત્યાં સુધી છૂટવું અશક્ય છે, તેથી પરવશ થયો ભોગવે છે, હૃદયમાં અત્યંત વિરક્ત છે, તેથી અરંજિત છે. માટે ભોગસામગ્રી ભોગવતાં કર્મનો બંધ નથી, નિર્જરા છે. અહીં દૃષ્ટાન્ત કહે છે-' यत् किल कर्म कर्तारं स्वफलेन बलात् योजयेत्' ( यत् ) કારણ કે આમ છે, ( किल ) આમ જ છે, સંદેહ નથી કે ( कर्म ) રાજાની સેવા આદિથી માંડીને જેટલી કર્મભૂમિસંબંધી ક્રિયા, ( कर्तारं ) ક્રિયામાં રંજિત થઈને-તન્મય થઈને કરે છે જે કોઈ પુરુષ તેને, ( स्वफलेन ) જેમ રાજાની સેવા કરતાં દ્રવ્યની પ્રાપ્તિ, ભૂમિની પ્રાપ્તિ, જેમ ખેતી કરતાં અન્નની પ્રાપ્તિ થાય છે તેમ-પોતાના ફળ સાથે ( बलात् योजयेत् ) અવશ્ય જોડે છે અર્થાત્ અવશ્ય કર્તાપુરુષનો ક્રિયાના ફળ સાથે સંયોગ થાય છે. ભાવાર્થ આમ છે કે-જે ક્રિયાને કરતો નથી તેને ક્રિયાના ફળની પ્રાપ્તિ થતી નથી. તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવને બંધ થતો નથી,

**નિર્જરા થાય છે; કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ ભોગસામગ્રી-ક્રિયાનો કર્તા નથી, તેથી ક્રિયાનું ફળ કર્મબંધ, તે તો સમ્યગ્દષ્ટિને નથી. દૃષ્ટાંતથી દઢ કરે છે-'यत् कुर्वाणः फललिप्सुः ना एव हि कर्मणः फलं प्राप्नोति' ( यत् ) કારણ કે પૂર્વોક્ત નાના પ્રકારની ક્રિયા ( कुर्वाणः ) કરતો થકો ( फललिप्सुः ) ફળની અભિલાષા કરીને ક્રિયાને કરે છે એવો ( ना ) કોઈ પુરુષ ( कर्मणः फलं ) ક્રિયાના ફળને ( प्राप्नोति ) પામે છે. ભાવાર્થ આમ છે-જે કોઈ પુરુષ ક્રિયા કરે છે, નિરભિલાષ થઈને કરે છે, તેને તો ક્રિયાનું ફળ નથી. ૨૦-૧૫૨.**

## કળશ-૧૫૨ ઉપર પ્રવચન

હવે ૧૫૨. कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।२०-१५२।।

**ખંડાન્વય સહિત અર્થ :-** **'तत् मुनिः कर्मणा नो बध्यते'** **'તે કારણથી...'** મુનિની વ્યાખ્યા કરી અહીં. **'શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દષ્ટિ જીવ...'** મુનિની વ્યાખ્યા જ આ કરી અહીં. આહાહા..! હું પવિત્ર શુદ્ધ ચૈતન્ય છું, અપવિત્ર એવા રાગાદિ મારી ચીજ જ નથી, એમ જે પવિત્ર સ્વભાવપણે પરિણમીને બિરાજમાન છે,. એવો જે સમ્યગ્દષ્ટિ. મુનિની વ્યાખ્યા આમ કરી. **'શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દષ્ટિ જીવ...'** આહાહા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન અતીન્દ્રિય આનંદનો સાગર, તેના વેદનમાં બિરાજમાન. આહાહા..! છે? **'શુદ્ધસ્વરૂપ-અનુભવે...'** અનુભવ છે ને? આનંદના અનુભવે બિરાજમાન છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ જીવ સત્ય જે વસ્તુ આનંદ અને જ્ઞાન, તેના વેદનમાં એ બિરાજમાન છે. આહાહા..! ધર્મીજીવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનને વેદે છે. આહાહા..! આ જાત્રામાં કેટલા માણસ ભેગા થયા હશે. હો..હા.. હો... હા... ધર્મ થઈ ગયો જાણે.

મુમુક્ષુ :- ૩૫ હજાર.

ઉત્તર :- ના, ના. એ તો ૧૦-૧૫ હજાર માણસ હશે. માંડ. એક જણો કહેતો હતો, ૧૫ હજાર હતું. એ લોકોને ક્યાં... પણ ઘણું એટલું માણસ દેખાય... આહાહા..! પણ એ બધા માનનારા (એવા કે) જાણે આપણે ધર્મ કર્યો. આહાહા..! બાપુ! ધર્મ ચીજ તો એવી છે. આહાહા..! એ જાત્રા તરફનો જે શુભરાગ, રાગનો જેને રસ છે... આહાહા..! એને આત્માના આનંદનો રસ નથી. આવી વાત છે. આહાહા..! ચાહે તો પંચમહાવ્રતનો રાગ હો, પણ એ રાગનો જેને રસ અને તેનું કર્તાપણું છે (તે મિથ્યાદષ્ટિ છે).

કહે છે કે **'શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દષ્ટિ જીવ...'** એના કર્તાપણાની બુદ્ધિ જેની છૂટી ગઈ છે. શુભરાગનું કરવાપણું પણ જેને દૃષ્ટિમાંથી છૂટી ગયું છે. આહા..! હું જ્ઞાન અને આનંદસ્વરૂપ છું એવી જેને જ્ઞાન અને આનંદના કામની રચના જેને થઈ છે, એ

મારું કામ છે. આહાહા..! ભારે શરતું આકરી. '**શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાનાવરણાદિ કર્મથી બંધાતો નથી.**' અહીં મિથ્યાત્વ સંબંધીની વાત મૂકી છે. આચાર્યે મુનિ શબ્દ વાપર્યો છે અને ટીકાકાર તેનો અર્થ સમ્યગ્દષ્ટિ કરે છે અત્યારે. એ અધિકાર ચાલ્યો આવે છે ને. આહાહા..!

'**हि कर्म कुर्वाणः अपि**' આહાહા..! '**નિશ્ચયથી કર્મજનિત વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયાને જો કે કરે છે-ભોગવે છે...**' એ બીજી અપેક્ષા લીધી છે. સામગ્રીને આત્મા કોઈ કરે અને ભોગવે એ તો હોઈ શકે નહિ. પણ તે તરફના રાગના વલણની વૃત્તિ કંઈક છે, તે પણે પરિણમે છે એ ભોગવે છે એમ કહેવામાં આવે છે. સામગ્રી ભોગવે છે. છતાં એ પરિણમનનો સ્વામી નથી અને ધર્મી જ્ઞાનાનંદ સ્વરૂપનો સ્વામી છે. માટે તેને રાગનો પ્રેમ અને રાગનું સ્વામીપણું નથી અને પૃથક્પણું રાગથી આત્માનું વર્તે છે માટે તેને બંધ નથી. આવી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? '**ભોગરૂપ ક્રિયાને જો કે કરે છે-**' એમ કીધું અહીં તો. એકકોર કહે કે પરના શરીરની ક્રિયા આત્મા કરી શકે નહિ. અહીં કહે, ભોગની ક્રિયા કરે છે. એ તો અંદર રાગની વૃત્તિ થાય છે એને ભોગની સામગ્રી ઉપર લક્ષ છે તેથી ભોગની સામગ્રીની ક્રિયા કરે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ.

ચોર્યાસી લાખમાં લૂંટાઈ ગયો છે. દુઃખી, દુઃખીના.. દુઃખના વેદનમાં અસાધ્ય થઈ ગયો છે. અસાધ્ય એટલે? જેને સ્વરૂપ શું છે તેનું સાધ્ય નથી. 'જયસુખભાઈ'! આ અહીં અસાધ્ય નથી થઈ જતા? ખબર વિના અસાધ્ય થઈ જાય. એમ અહીંયાં રાગના રસવાળા સ્વરૂપના સાધ્ય વિનાના અસાધ્ય છે. અસાધ્ય (શબ્દ) હિન્દીમાં વપરાય છે કે નહિ?

સમ્યગ્દષ્ટિ હવે અસાધ્ય નથી, કહે છે. એ ભોગસામગ્રીની ક્રિયા એટલે એના તરફનું જરી વલણ છે તેમાં એને રસ નથી. રસ ઊડી ગયો છે. સુખબુદ્ધિ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું દળ, તેમાં સુખબુદ્ધિ છે, તેથી ભોગની સામગ્રી તરફના વલણના ભાવમાં સુખબુદ્ધિ નથી. એ ભોગની ક્રિયા કરે છે એમ કહેવામાં આવે છે. તેમ તેને ભોગવે છે. કાંઈ જડ સામગ્રીને ભોગવી શકતો નથી. શરીરને દાળ,ભાત, રોટલા કે આ પૈસા, મકાન કે કોઈ ભોગ ભોગવી શકે? પણ એના તરફનો જરી વલણનો રાગ છે એટલે સામગ્રીને ભોગવે છે એમ (કહ્યું). ઓલા રાગને વેદે છે ને જરી? વેદન છે. સમ્યગ્દષ્ટિને પણ જેટલું પર તરફનું વલણ જાય એટલું વેદન છે. છતાં એ વેદનની મીઠાશ નથી. આહાહા..! જેણે આનંદનો નાથ જોયો, જાણ્યો, અનુભવ્યો, અતીન્દ્રિય આનંદનો કંદ આત્મા, એને પરની મીઠાશ બધેથી ઊડી જાય છે. સમજાણું કાંઈ?

એ આઠ વર્ષની કન્યા હોય અને સમકિતી પણ હોય છતાં પરણે, પણ અંદરથી રસ ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. જેણે આનંદના નાથને જોયો, અતીન્દ્રિય ત્રિલોકનાથ.. આહાહા..! એવો સચ્ચિદાનંદ પ્રભુ, એને જેણે અનુભવ્યો અને એનો જે સ્વામી થયો... આહાહા..! એને રાગનો રસ બધો ઊડી જાય છે. તેથી એને બંધન છે નહિ. રાગની વૃત્તિ આવે એટલું પરિણમન છે એ કર્તા કહેવાય, ક્રિયા કહેવાય. અને એમાં વેદન છે તેનો ભોક્તા (છે). પછી સામગ્રીને કરે અને ભોગવે એ તો નિમિત્તથી કથન છે.

સમજાય છે કાંઈ? આહાહા..! સમ્યગ્દષ્ટિને ચૈતન્યસ્વરૂપનો જ્યાં આશ્રય છે... આહા..! એને એ શુભ-અશુભભાવ ઝેર જેવા લાગે છે. તેથી તેને તેનું વેદન હોવા છતાં તેની વેદનાની મુખ્યતા નથી. આનંદ અને જ્ઞાનના વેદનની મુખ્યતા છે. એથી ક્રિયાને ભોગવે અને કરે છતાં એને બંધન નથી એમ કહેવું છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! હવે ધમાધમમાંથી આવો માર્ગ અંદર..

'**तत्फलपरित्यागैकशीलः**' દેખો! શું કહે છે? ધર્મી જીવ, જેને આનંદનો સ્વાદ આવ્યો આત્મામાં... આહાહા..! તે '**तत्फलपरित्यागै**' એ જે રાગ થાય છે તેનો કર્તા નથી અને તેના ફળનો ત્યાગી છે. એનું ફળ એ માગતો નથી. કર્તા થતો નથી એટલે ફળનો ત્યાગી છે. છે? '**કર્મજનિત સામગ્રીમાં આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે...**' છે? આત્મબુદ્ધિ જાણીને કે આ રાગ છે એ મારો છે, એવી બુદ્ધિ જાણીને તેનો ત્યાગ છે. એને બુદ્ધિ છે નહિ. આહાહા..! '**આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો...**' આ રાગ છે તે મારું સ્વરૂપ છે અને રાગનો રસ એમાં છે, એ વાત એને ઊડી ગઈ છે. આહાહા..! છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય પણ એ તો રાગથી ભિન્ન વર્તે છે અંદર. આહાહા..! સમજાણું કાંઈ? રાગથી ભિન્ન વર્તે છે અંદર. આહાહા..!

'**આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો...**' '**परित्याग**' શબ્દ છે ને? '**परित्याग**' '**परि**' એટલે સર્વથા. '**परित्याग**' '**સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે...**' આહાહા..! મોઢામાં સાકર ખાતાં ભેગી કોઈ કાંકરી આવી જાય તો એની હેયબુદ્ધિ છે એમાં. આહાહા..! એમ આનંદના સ્વાદ આગળ રાગનો ભાગ એને કાંકરીના ઝેર જેવો દેખાય છે. એથી પરિત્યાગ છે. એનો પરિ એટલે સર્વથા પ્રકારે ત્યાગ વર્તે છે. દૃષ્ટિમાં એનો પરિત્યાગ છે. આહાહા..! એ રાગના પ્રેમમાં એને સર્વથા ભગવાનનો પરિત્યાગ છે. રાગનો કણ પણ જેને પ્રેમ છે એનો સ્વામી થાય છે, એને ભગવાનઆત્મા પ્રત્યેનો દ્વેષ છે. આહાહા..! અને આત્માના આનંદનો જેને પ્રેમ છે એને રાગના રસ પ્રત્યેનો પ્રેમ સર્વથા ઊડી ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વથા પ્રકારે સ્વીકાર...**' સ્વીકાર. કઈ રીતે? '**આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે...**' આ મારા છે એવી એકત્વબુદ્ધિ થઈને જે રાગનો રસ છે એ છૂટી ગયો છે. આહાહા..! હવે આવા માર્ગને પહોંચવું. કેટલી તૈયારી જોઈએ. આહાહા..! ચાલ્યા જાય છે, જુઓને! '**સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે...**' આહાહા..! '**એવો છે સુખરૂપ સ્વભાવ જેનો,...**' '**एक**' નો અર્થ કર્યો. એટલે શું? કે રાગને પોતાપણું માનવું એમ બેકલાપણું ત્યાં રહ્યું નથી. એ તો આત્મા એકરૂપ છે તેની પ્રત્યેનો અનુભવ એકને રહ્યો છે. એ સુખરૂપ છે. આહાહા..! એકડે એક અને બગડે બે. એકમાં રાગમાં ભેળવે તો બગડે અને એને દુઃખ થાય. આહા..! આવી વાતું (છે), 'ભગવાનભાઈ'! આહાહા..!

જેને રાગનો કણ, (એમાં) મીઠાશ, બહુ સ્વાદ આવે છે અને ઠીક પડે છે, એ આત્માના સ્વભાવનો સર્વથા પરિત્યાગી છે. અને જેને આત્મબુદ્ધિથી રાગનું રંજિતપણું-એ મારા છે, એવો પ્રેમ જેને ઊડી ગયો છે એને રાગનો સર્વથા પરિત્યાગ છે. આમ વાત છે. વાંધા આ

બધા તકરારું અત્યારે કરે છે ને? વ્યવહાર ક્રિયા.. ક્રિયા. પણ વ્યવહાર ક્રિયાનો પ્રેમ છે એટલે મિથ્યાદષ્ટિ છે, એમ કહે છે. આહાહા..! એ વ્રત ને તપ ને ભક્તિના ભાવ જે રાગ, એ રાગમાં એકત્વબુદ્ધિ આત્મબુદ્ધિ-મને લાભ થશે એનાથી એવા રાગના રંગે ચડી ગયેલો મિથ્યાદષ્ટિ છે. આહાહા..!

ધર્મીજીવને એ રાગના રંગનો રસ ઊડી ગયો છે. આહાહા..! દાખલો આવ્યો હતો ને? કપડાને લોધર આદિને રંગ લગાડ્યા વિના એને મજીઠનો રંગ લાગે નહિ. મજીઠનો રંગ લાગે નહિ. આહાહા..! એમ જેને રાગનો રંગ નથી એને મિથ્યાત્વનો રંગ હોય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ, લ્યો! કાંઈ કરવું હોય તો તો કરે. જાત્રા કરે, પૈસા ખર્ચે, વ્રત પાળવા (એવું હોય તો કરે). એવું તો, બાપુ! વ્રત તો આ છે. સ્વરૂપને અનુભવી અને રાગનો જ્યાં અસ્વીકાર છે અને પછી સ્વરૂપમાં વીંટળાઈ જાય ઠરીને ઠરે એનું નામ વ્રત છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. માણસ એમ કહે, 'સોનગઢ'વાળાએ નવો (માર્ગ) કાઢ્યો. આ કોનું લખાણ છે? આ તો પહેલેથી ચાલ્યું આવે છે. આહાહા..! એ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિના પરિણામ, એનો જેને રસ છે... આત્મબુદ્ધિ એમ આવ્યું ને? **'આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો...'** ત્યાગ છે. અજ્ઞાનીને આત્મબુદ્ધિ-એ મારા છે એમ જાણીને સ્વભાવનો પરિત્યાગ છે. એનો સ્વીકાર છે. લોજિકથી તો વાત છે આ. એને અંદર ઉતારવી જોઈએ, ભાઈ!

જેને રાગનો-વ્યવહાર, વ્રતાદિના પરિણામનો સ્વીકાર છે, એને સ્વભાવનો સ્વીકાર નથી. તેથી તે મિથ્યાદષ્ટિ કર્મબંધનને બાંધે છે. આહાહા..! અને જ્ઞાનીને રાગનો રસ છૂટી ગયો છતાં અશુભભાવ પણ આવ્યો... સમજાણું કાંઈ? પણ જેની મીઠાશ અને રસ ઊડી ગયો છે. આહાહા..! અને જ્ઞાનસ્વરૂપી ભગવાનનો જેને સ્વીકાર થયો છે. એને અશુભભાવથી પણ મિથ્યાત્વનું બંધન નથી, એમ કહે છે. અસ્થિરતાનું છે એને અત્યારે ગૌણ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? આહાહા..! એ વિષયભોગમાં, આબરૂમાં, કીર્તિમાં, રાગમાં અંદર મીઠાશનો જે રસ ચડી જાય છે એ મિથ્યાત્વભાવ છે. અને જ્ઞાનીને અશુભભાવ આવે, પણ એનો રસ નથી હવે. આહાહા..!

સર્પને પકડ્યો હોય, આંગળીએ. હવે તો જેમ બને તેમ એને છૂટવાનો ભાવ છે કે રાખવાનો ભાવ છે? આહાહા..! એમ ધર્મીને રાગ આવે પણ જેમ સર્પને પકડે છે. આવ્યો પણ એને છોડવા માટે છે. એના પ્રેમ ને રસ માટે નથી. આહાહા..! આ ગરાસિયો ગુજરી ગયો ને? ઓલા દિવસે નાગણ પકડી હતી કે નહિ? સર્પને પકડતો હતો. ગરીબ માણસ ગરાસિયો હતો વાંઢો. એકલો. સર્પને પકડતો હતો. એનું મોઢું ઝાલીને આમ પકડે. આમ કરીને નાખી આવે. એ વખતે પકડેલો અને દારૂ પીધેલો. સર્પે ભરડો લીધો એટલે આંગળી બે છૂટી ગઈ અને ડંખ માર્યા. નાખી આવ્યો. સૂતો અને મરી ગયો. ક્યારે મરી ગયો કાંઈ ખબર ન મળે. આહાહા..!

એમ જેને રાગની મીઠાશના મિથ્યાત્વના ઝેર વળગ્યા છે, એને સર્પ કરડ્યો છે. ડંખ માર્યા એણે. મરી ગયો છે એ. અંદર ચૈતન્યને મારી નાખ્યો એણે. જાગતી જ્યોત

ભગવાનઆત્મા, પૂર્ણાનંદનો નાથ, પ્રભુ! આહાહા..! તેનો તેને અસ્વીકાર થયો અને રાગનો-ઝેરનો તેને સ્વીકાર થયો. તેથી તેને બંધન છે. જ્ઞાનીને રાગનો સ્વીકાર નથી, સ્વીકાર પરમાત્માના સ્વરૂપનો છે. માટે તેને બંધન નથી. આહાહા..! છે?

**'સુખરૂપ સ્વભાવ જેનો, એવો છે.'** આહાહા..! **'સુખરૂપ સ્વભાવ જેનો, એવો છે.'** એટલે શું કહે છે? સમ્યગ્દષ્ટિને તો આનંદરૂપ સ્વભાવ મારો છે એમ એ અનુભવે છે, જાણે છે. રાગ મારો સ્વભાવ છે અને મારો અનુભવ કરવા લાયક એમ નથી માનતો. આહાહા..! અને અજ્ઞાનીએ સ્વભાવ દેખ્યો નથી એટલે રાગનો જ અનુભવ તે મારું સ્વરૂપ છે, એમ આત્મબુદ્ધિએ રંગાઈ ગયેલો છે ત્યાં. આહાહા..! આવી વાતું છે. **'સુખરૂપ સ્વભાવ જેનો, એવો છે. ભાવાર્થ આમ છે કે-સમ્યગ્દષ્ટિ જીવને વિભાવરૂપ મિથ્યાત્વપરિણામ મટી ગયા છે,...'** જોયું! આટલી વાત છે અહીં. મિથ્યાત્વની. રાગનો ભાવ આવે તો છે પણ એ મારા છે અને એમાં રસ છે એ વાત ઊડી ગઈ છે. એથી એને મિથ્યાત્વભાવ ન હોય, એમ કહે છે. છે ને?

**'સમ્યગ્દષ્ટિ જીવને વિભાવરૂપ મિથ્યાત્વપરિણામ મટી ગયા છે, તે મટવાથી અનાકુલલક્ષણ અતીન્દ્રિય સુખ અનુભવગોચર થયું છે.'** તેથી રાગનો ત્યાગ થઈ અને સ્વરૂપના આનંદનું ગ્રહણ થઈ અતીન્દ્રિય આનંદના સુખને ગ્રહે છે. અતીન્દ્રિય આનંદના સુખને એ વેદે છે. આહાહા..! આવો ધર્મ, લ્યો! અહીં તો જાત્રા કરી, ભક્તિ કરી, પૂજા કરી ધમાધમ. એમાં વળી ૨૫-૫૦ લાખ, બે લાખ ખર્ચે એટલે જાણે કે ઓહોહો..! આપણે ભાઈ ગુજરી ગયા ને શેઠ? 'શાહુજી'. એને શ્રાવક શિરોમણીની ઉપમા આપી. શ્રાવક શિરોમણી. અને પોતે બિચારા કહે કે હું તો શ્રાવક પણ નથી અને કાંઈ મારી પાસે છે નહિ. હું તો વ્રત પણ નથી કરતો અને રાત્રે ખાઉં છું. પણ દુનિયા, પૈસા આપે એટલે... એમાં વળી પાંચ-દસ લાખ રૂપિયા આપે કોઈ ત્યાં તો ઓહો..હો..હો..! પણ શું છે?

મુમુક્ષુ :- આશીર્વાદ તો મળે ને?

ઉત્તર :- શેના આશીર્વાદ? આહાહા..!

ભગવાનઆત્મા રાગથી રહિત છે એનો જ્યાં સ્વીકાર નથી ત્યાં આગળ એ રાગની ક્રિયાનો સ્વીકાર છે એ મિથ્યાદષ્ટિ છે. ભલે એ દસ લાખ કે કરોડ, પાંચ કરોડ ખર્ચ્યા હોય, પણ એમાં એ રાગ કદાચિત્ મંદ કર્યો હોય તો. પ્રતિષ્ઠા અને દુનિયા દેખે એ માટે કર્યો હોય તો પાપ. દેખાવ માટે, બીજા દેખે કે મેં આમ ખર્ચ્યા ૨૫ હજાર-૫૦ હજાર. તો આ રીતે હું એટલામાં બહાર આવીશ, તો તો પાપ. પણ રાગની મંદતા કરી હોય કદાચિત્ પણ એનો જેને રસ છે કે આ મને લાભદાયક છે, એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આવી વાતું, લ્યો! આહાહા..! એકકોર રામ અને એકકોર ગામ. એકકોર આતમરામ અને એકકોર રાગથી આખો સંસાર. આહાહા..! જેને રાગનો સ્વીકાર છે એને આખા સંસારનો સ્વીકાર છે. જેને ભગવાનનો સ્વીકાર છે એને મોક્ષમાર્ગનો સ્વીકાર છે. પોતે મુક્તસ્વરૂપ છે એનો સ્વીકાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા વળી ભક્તિમાં ઠરાવે. કેટલાક વ્રત-તપમાં ઠરાવે. ભગવાન-ગુરુ-દેવની ભક્તિ કરો. એ સાધન છે અને એનાથી થાશે. બધા એક જાતના છે.

ત્રણલોકના નાથ તીર્થંકર પણ એમ કહે કે અમારી સામું જોઈને તું ભક્તિ કર તો તને રાગ છે. કેમકે અમે પરદ્રવ્ય છીએ. **'परदव्वादो दुग्गइ'** આહાહા..! એ ભગવાન એમ કહે. તારે હિસાબે અમે પરદ્રવ્ય છીએ. અને પરદ્રવ્ય અમારા ઉપર તારું લક્ષ જાય તો તારી દુર્ગતિ છે. એય..! 'ચંદુભાઈ'! 'મોક્ષ અધિકાર' ૧૬મી ગાથા. આહાહા..! એ વીતરાગ કહે. કેમકે રાગ, પરદ્રવ્ય ઉપર લક્ષ રાગ વિના જાય જ નહિ. પરમાત્માની ભક્તિ છે એ પણ રાગ છે. અને રાગથી મને લાભ થશે, એ રાગમાં આત્મબુદ્ધિ છે. આહાહા..! એને તો મિથ્યાદષ્ટિ જીવને... છે?

**'વળી કેવો છે?' 'ज्ञानं सन्'** આ તો ધર્મીની વાત આવે છે. **'ज्ञानं सन्'** ઓલામાં આવ્યું હતું ને? **'ज्ञानं सन् वस'. 'ज्ञानं सन् तदपास्तरागरचनः' 'જ્ઞાનમય હોતાં દૂર કર્યો છે રાગભાવ જેમાંથી,...'** શું કીધું? **'જ્ઞાનમય...'** એટલે આત્મામય. શુદ્ધ ચૈતન્ય વસ્તુની દષ્ટિ થઈ અને વેદન થયું એ જ્ઞાનમય થયો, આત્મામય થયો. આહાહા..! એ રાગભાવ જેમાંથી દૂર કર્યો છે. છે ને? **'જ્ઞાનમય હોતાં દૂર કર્યો છે રાગભાવ જેમાંથી, એવો છે. તેથી કર્મજનિત છે જે ચાર ગતિના પર્યાય...'** આહાહા..! છે? ચાર ગતિ એમાં સ્વર્ગ લીધું, શેઠાઈ લીધી અબજોપતિવાળા. એ પંચેન્દ્રિયના ભોગ એ બધા આકુળતાલક્ષણ દુઃખરૂપ છે એવું સમ્યગ્દષ્ટિ માને છે. એ બધું ચાર ગતિ, સામગ્રી અને એ બધું દુઃખરૂપ છે. આહાહા..! છે?

**'પંચેન્દ્રિયના ભોગ...'** આહાહા..! એ શીરો અને ભજીયા અને એ પતરવેલિયા ઉડાવતો હોય. પણ કહે છે કે એ તો ભોગનો ભાવ એ દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..! એવો **'ભોગ તે બધા આકુળતાલક્ષણ દુઃખરૂપ છે-એવો જ, સમ્યગ્દષ્ટિ...'** માને છે. આહાહા..! **'સમ્યગ્દષ્ટિ જીવ અનુભવ કરે છે;...'** દુઃખરૂપ છે એવો છે એમ સમ્યગ્દષ્ટિ અનુભવ કરે છે. **'પંચેન્દ્રિયના ભોગ...'** ચાર ગતિ, બધા આકુળતાલક્ષણ છે એમ જ્ઞાની જાણે છે. આહાહા..! લ્યો! મનુષ્યગતિ મળી માટે સારું એમ? એ નહિ. એ પર્યાય છે. દુઃખરૂપ છે. ગતિ પણ દુઃખનું નિમિત્ત છે. લ્યો! મનુષ્યગતિમાં કેવળજ્ઞાન થાય છે ને? ચારિત્ર પણ મનુષ્યગતિમાં હોય છે, બીજે નથી. પણ ગતિમાં હોય છે એ ગતિને લઈને હોતું નથી. ગતિ પર્યાય તો દુઃખરૂપ જ છે. આહાહા..! આવી વાત છે. છે?

**'એ કારણથી જેટલો કાંઈ સાતા-અસાતારૂપ કર્મનો ઉદય,...'** સાતાના ઉદયને લઈને ઢગલો ઈન્દ્રનું ઈન્દ્રાસન હો, અસાતાના ઉદયને લઈને સાતમી નરકના દુઃખના સંયોગ હો, પણ સમ્યગ્દષ્ટિ તેને પોતાના માનતો નથી. આહાહા..! **'કર્મનો ઉદય, તેનાથી જે કાંઈ ઈષ્ટ વિષયરૂપ...'** સ્વર્ગાદિનું. **'અથવા અનિષ્ટ વિષયરૂપ સામગ્રી...'** નરકની. **'સમ્યગ્દષ્ટિને સર્વ અનિષ્ટરૂપ છે.'** એ સ્વર્ગની સામગ્રી અને નરકની સામગ્રી બેય અનિષ્ટરૂપ છે. આહાહા..! અહીં મોટા અબજોપતિ થાય તો એ અનિષ્ટરૂપ છે, એમ કહે છે. અરે..! કેમ મનાય? છે ને? કીધું છે ને એ? ઈષ્ટ અને અનિષ્ટરૂપ બેય અનિષ્ટરૂપ છે. ધર્મીને તો સર્વ અનિષ્ટરૂપ જ છે. કોણ? જે કાંઈ ઈષ્ટ વિષય અને અનિષ્ટ વિષય, બેય અનિષ્ટરૂપ છે. આહાહા..! સુંદર શરીર, સુંદર સામગ્રી, કરોડો-અબજોપતિ અને કરોડો રૂપિયાનો અંદર ઘરવખરો... શું કીધું એ? ફર્નીચર. કહે છે કે એ બધું દુઃખનું નિમિત્ત છે, દુઃખનું કારણ છે, એમ સમ્યગ્દષ્ટિ જાણે છે.

આહાહા..! બહુ ફેર લાંબો. આ વાત સાંભળવા મળે નહિ એ કે દિ' સમજે? આહાહા..! બહારમાં ધમાધમ કરીને જિંદગી પૂરી કરી લે, જાવ. આહાહા..! કહે છે કે, સર્વ અનિષ્ટરૂપ એને માને છે. આહાહા..! છે?

**'તેથી જેમ કોઈ જીવને અશુભ કર્મના ઉદયે રોગ,...'** આવે રોગ. **'શોક, દારિદ્ર આદિ હોય છે, તેને જીવ છોડવાને ઘણુંય કરે છે, પરંતુ અશુભ કર્મના ઉદયે છૂટતાં નથી, તેથી ભોગવવાં જ પડે;...'** આ દૃષ્ટાંત. **'તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને, પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ-અસાતારૂપ...'** આહાહા..! શાતા બાંધી હોય એના ઢગલા મળ્યા અનુકૂળ, અસાતાની નરકની પ્રતિકૂળ સામગ્રી (મળી). આહાહા..! **'તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દૃષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે,...'** આહાહા..! અસાતાના ઉદયને તો દુઃખરૂપ અનુભવે પણ સાતાના ઉદયને પણ દુઃખરૂપ અનુભવે. આહાહા..! બહું ફેરવવું પડે.

મોટા મકાનો ત્રણ-ત્રણ કરોડ, ચાર કરોડના. છે ને ત્યાં? એ આ નહિ? કેવા? ભાઈ? ઓલો ત્રણ કરોડનું છે નહિ? નહોતા ગયા આપણે? 'મૈસુર'. 'મૈસુર-મૈસુર'. રાજાનો ત્રણ કરોડનો બંગલો છે. ખાલી. ખલાસ કરી નાખ્યો અને સરકારના .. ખાલી પડ્યો હતો ખાલી. લોકો જોવા જાય. ત્રણ કરોડનો. એ દિ'નો ત્રણ કરોડનો. અત્યારે.. ખાલીખમ પડ્યો છે. આહાહા..! એ ત્રણ કરોડનું શું દસ કરોડનું અને અબજનું મકાન હોય, પણ સમ્યગ્દૃષ્ટિ તેને અનિષ્ટ તરીકે માને છે. એ અનુકૂળ સંયોગ થયો ઠીક (થયું) એમ એ માનતો નથી. આહાહા..! બહુ ફેર. દૃષ્ટિમાં ફેર. અહીં તો જરી પાંચ-પચાસ લાખ મળ્યા, ધૂળ મળી કાંઈ અનુકૂળ થાય એટલે.. આહાહા..! આપણે હવે સુખી છીએ. ઈશ્વરની કૃપા છે. આહાહા..!

અહીં કહે છે, **'પૂર્વે અજ્ઞાન પરિણામથી બાંધ્યું છે જે સાતારૂપ-અસાતારૂપ કર્મ, તેના ઉદયે અનેક પ્રકારની વિષયસામગ્રી હોય છે, તેને સમ્યગ્દૃષ્ટિ જીવ દુઃખરૂપ અનુભવે છે,...'** આહાહા..! આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ ધર્મી જીવને ઇષ્ટ સામગ્રી પણ દુઃખરૂપ લાગે છે. આહાહા..! હવે આવી માન્યતાનો આંતરો. લ્યો! સીત્તેર લાખનું મકાન. પોર ઉતર્યા હતા ને? દરિયાને કાંઠે. 'રમણિકભાઈ' 'આમોદ'વાળા. ૮૭મી જયંતિ (વખતે) એના મકાનમાં (ઉતરેલા). ૭૦ લાખનું મકાન. એક મકાન ૭૦ લાખ દરિયાના કાંઠે. ત્રણ-ચાર-પાંચ કરોડ હશે. બે ભાઈ. બહુ વિનંતી કરી. આહાહા..! ૭૦ લાખનું તો એક મકાન! એવા મકાન ને આબરૂ મોટી, પૈસા ઘણા. 'આમોદ'વાળા. 'પાલેજ' પાસે 'આમોદ' છે ને? ત્યાંના છે. આહાહા..! એમાં તો આ દરિયા ઉપર.. દરિયો નજીક છે. દરિયા ઉપર નજર ગઈ ત્યાં સેંકડો બગલા ઉડતા હતા. માછલા ગોતતા હતા. આહાહા..! જુઓને આ. મેં પૂછ્યું. કીધું, આ બગલા દરિયામાં આઘા ક્યાં સુધી જાતા હશે? તો ૨૦-૨૦ માઈલ સુધી બગલા જાય છે. આહાહા..! ત્યાં કાંઈ ઝાડ-બાડ નથી. બગલા સમજો છો? ૨૦-૨૦ માઈલ સુધી ચાલ્યા જાય માછલા પકડવા. ૨૦ માઈલ પાછા આવે. આહાહા..! જુઓ! આ રાગની મીઠાશ. માછલા ખાય, પકડે. ત્યાં ઝાડ-બાડ કાંઈ ન મળે. એમ ને એમ ૨૦ માઈલ ચાલ્યા જાય. કારણ કે એને દેખીને ઓલા માછલા-બાછલા ઉપર ન આવે અંદર ગરી જાય. કો'ક

ઉપર આવે અને પકડે. આહાહા..! બગલા ૨૦-૨૦ માઈલ સુધી માછલાને પકડવા જાય. વગર આધારે. અરરર..! એમાં આનંદ માને, માછલા ખાઈને. આહાહા..! એમ અહીં જગતમાં વેપારની મોટી મજૂરી કરી કરીને આઘા આઘા પાપમાં જાય અને મજા માણે. સંસાર સમુદ્રમાં ભરદરિયે જાય છે ઈ. આહાહા..!

અહીં કહે છે કે, એ ઉદય અનેક હોય છે તેને '**દુઃખરૂપ અનુભવે છે, છોડવાને ઘણુંય કરે છે,...**' જેમ ઓલા અશાતાના ઉદય અને દરિદ્રપણું આવે તો કાંઈ છૂટે નહિ, એમ આ ધર્મીને ઘણું છોડવા માગે પણ અંદર હજી ચારિત્રનો વીતરાગભાવ થયો નથી એટલે હજી રાગભાગ છે. એથી છોડવા માગે પણ એ છૂટતા નથી. છે? '**પરંતુ જ્યાં સુધીમાં ક્ષપકશ્રેણી...**' અહીં લીધા, જોયું! એ મુનિને પણ એવો રાગ આવે, કહે છે. આહાહા..! ધારા લીધી. ક્ષપકશ્રેણીની ધારા લીધી. આહા..! મુનિને પણ રાગ આવે. પૂર્વે બાંધેલું છે માટે રાગ આવે. પણ દરિદ્રને જેમ અશાતાને કારણે દરિદ્રપણું આવે એ છૂટતું નથી, એમ આની પર્યાયની દરિદ્રતાને કારણે અંદર રાગ આવે, પણ એમાં રાગમાં સુખબુદ્ધિ માનતો નથી. આહાહા..! એ શ્રેણી ચડશે, જ્યારે અંદર ધારા સાતમે-આઠમે (વધશે) ત્યારે રાગ નહિ રહે પછી. એમ ત્યાં સુધી લીધું છે. છઠ્ઠે-સાતમે... છઠ્ઠે-સાતમે... રાગ આવે છે ને? સાતમાંથી પાછો... આહાહા..! રાગ આવે પણ તેમાં આનંદ માનતો નથી. છૂટતો નથી પ્રમાદ છે માટે. એમ કહે છે. આહાહા..!

'**ક્ષપકશ્રેણી ચડે ત્યાં સુધી છૂટવું અશક્ય છે,...**' જોયું! આહાહા...! છઠ્ઠા ગુણસ્થાન સુધી પણ રાગ હોય છે, એમ સિદ્ધ કરે છે. આહાહા..! જ્યાં સુધી સ્વરૂપમાં સ્થિરતા ન થાય. શ્રેણીની ધારાવાહી વીતરાગપણાની ધારાવાહી નિસરણી ચડતો ન થાય, ત્યાં સુધી એને રાગનો ભાવ આવે. અસાતાના ઉદય દરિદ્રપણું આવે પણ છોડ્યું ન જાય, એમ આ રાગ આવે એ છોડ્યો ન જાય. દૃષ્ટિમાંથી છૂટી ગયો છે પણ અસ્થિરતાથી છૂટ્યો નથી. તેથી તેનો કર્તા નથી અને તેના ફળનો ભોક્તા પણ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જોયું! અહીં સુધી લઈ ગયા. છઠ્ઠા-સાતમા સુધી. સાતમાથી પછી શ્રેણી સુધી લઈ ગયા. કારણ કે સાતમે જઈને વળી પાછો આવે ત્યાં સુધી હજી રાગ આવે. આહાહા..! મુનિ કહ્યું હતું ને? પાઠમાં તો મુનિ છે. પછી એણે સમ્યગ્દૃષ્ટિ કર્યો. એટલે એને આ દૃષ્ટિ લીધી. આહાહા..!

'**यत् किल कर्म कर्तारं स्वफलेन बलात् योजयेत्**' છે? '**ક્ષપકશ્રેણી ચડે ત્યાં સુધી છૂટવું અશક્ય છે, તેથી પરવશ થયો ભોગવે છે,...**' એટલે કે રાગને વશ થતાં અસ્થિરતાથી થઈ જાય છે. એનો સ્વામી અને એની સુખબુદ્ધિ છે નહિ. આહાહા..! આકરું કામ છે. અરંજિત છે. હૃદયમાં અત્યંત વિરક્ત છે. આહાહા..! '**અત્યંત વિરક્ત છે, તેથી અરંજિત છે.**' હવે એને રાગનો રંગ નથી. આહાહા..! ભગવાન આનંદના રંગે રંગાણો.. આહાહા..! એને રાગના રંગ છૂટી ગયા છે, કહે છે. રાગ છોડવા માગે પણ હજી ઉપર ગયા વિના છૂટી શકે નહિ. શ્રેણી ચડે નહિ ત્યાં સુધી. ત્યાં એમ લીધું. ઓલા પણે સમ્યગ્દૃષ્ટિ લીધું. મુનિને. મુનિનો અર્થ કર્યો સમ્યગ્દૃષ્ટિ અને અહીં મુનિની ધારાથી આગળ લઈ ગયા. આહાહા..!

'**અહીં દૃષ્ટાંત કહે છે. કારણ કે આમ છે, આમ જ છે, સંદેહ નથી...**' દૃષ્ટાંત આપે છે. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## કારતક વદ ૨, રવિવાર, તા.૨૭-૧૧-૧૯૭૭
## કળશ - ૧૫૨, ૧૫૩, પ્રવચન - ૧૬૦

'નિર્જરા અધિકાર' છે. એટલે શું? કે જે આત્મા પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ, એને ભૂલીને કોઈપણ શુભ-અશુભરાગ, એને પોતામાં એકત્વબુદ્ધિ કરે એ મિથ્યાદૃષ્ટિ છે. એને કર્મના ફળ બાંધેલા તેને ભોગવવા પડે. 'નિર્જરા અધિકાર' છે ને, જરી ઝીણી વાત છે અંદર. આહાહા..! અને જેણે આત્મા અંતર ચૈતન્યજ્યોત, અતીન્દ્રિય આનંદનો રસકંદ છે, એવા આત્માને રાગના વિકલ્પથી ભિન્ન પડી અને જેને અંતર અનુભવ આનંદનો થયો હોય તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે. આહાહા..! આટલી શરતું મૂકી.

ધર્મની પહેલી સીઢી-ધર્મનું, મોક્ષમહેલનું પહેલું પગથિયું. 'છઢાળા'માં આવે છે. મોક્ષમહેલની પહેલી સીઢી. આહા..! એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન એટલે આ આત્મા અંદર પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાન શક્તિ-ગુણે અનંતગુણવાળું તત્ત્વ છે. અનંત... અનંત... અનંત... અમાપ ગુણનો પિંડ છે. એવી દ્રવ્ય ઉપર જેની દૃષ્ટિ પડતાં.. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હો, પણ એ રાગ બંધનું કારણ છે. તેનાથી જુદો પડી... આહાહા...! તેનાથી ભેદજ્ઞાન કરી જેણે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે, એની જેને દૃષ્ટિમાં પ્રાપ્તિ થઈ છે તેણે આત્મા આનંદ અતીન્દ્રિય અનાકુળ શાંતરસકંદ છે, તેની દૃષ્ટિ થતાં તેને અનાકુળ આનંદનો આસ્વાદ આવે છે. આહાહા..! અને એ વિના જેટલી ક્રિયાકાંડ કરે દયા, વ્રત, ભક્તિ, પૂજા એ બધો આકુળતાનો ભાવ છે. કેમકે એ રાગ છે. આહાહા..! આવી વાતું છે.

અરે..! એણે અનંત કાળમાં રઝળતાં ચોર્યાસી લાખ યોનિમાં એક એકમાં અનંત અવતાર કર્યા. એ પોતાના સ્વભાવમાં નથી એવી ચીજને પોતાની માની. સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો ભાગ હોય એને ચૈતન્ય નિર્મળાનંદ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા છે, એની સાથે એકત્વબુદ્ધિ કરે, એ ચોર્યાસી લાખ યોનિમાં રઝળે. આહાહા..! પણ જેને એ રાગના વિકલ્પથી અંતર્મુખ ભગવાનઆત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ, એની જેને અનુભવદશા-એ શુદ્ધ ચૈતન્યનો અનુભવ, એવી દશા સમ્યગ્દર્શન થયું, એને પૂર્વના અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો ઉદય આવે અને પૂર્વના પુણ્યને લઈને બધી ભોગસામગ્રી મળી હોય એમાં જરી એનું લક્ષ પણ આસક્તિનું, રાગનું જાય. છતાં રાગથી ભિન્ન પડેલો પ્રભુ ચૈતન્ય એનો અનુભવ અને દૃષ્ટિ હોવાથી તે ભોગની સામગ્રી તરફના વલણના રાગમાં હોવા છતાં તેને નિર્જરા થઈ જાય છે. શરતું બહુ છે, બાપા! આહાહા..! વીતરાગનો માર્ગ પ્રથમ શરૂઆત જ મહાદુર્લભ છે. એ અહીંયાં દૃષ્ટાંતથી કહે છે. છે? ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- '**यत् किल कर्म**'

ઉત્તર :- હા. એ. '**यत् किल**' 'શશીભાઈ'! '**किल कर्म**' આવ્યું? 'ભોગીભાઈ'! ક્યાં આવ્યું? '**किल कर्म**'. ઝીણો વિષય છે.

નિર્જરાનો વિષય છે. નિર્જરા એટલે? આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવની દૃષ્ટિ થતાં તેને પૂર્વના કર્મો ખરી જાય છે. એક પ્રકાર. નિર્જરાનો એક પ્રકાર. બીજો પ્રકાર-શુદ્ધતાના સ્વરૂપની દૃષ્ટિના જોરથી અશુદ્ધતા ટળી જાય છે, એ બીજા પ્રકારની નિર્જરા અને ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિના અનુભવના જોરથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે, એ ત્રીજા પ્રકારની નિર્જરા. આવી વાતું છે. પહેલી તો એની વાત ભાષા સમજવી કઠણ. એવો માર્ગ છે પ્રભુનો. આહા..!

જ્યાં આત્મા(ને) રાગના, દયા, દાનના, વ્રતના વિકલ્પની સાથે પ્રેમ છે અને એનાથી મને લાભ છે, એ ચીજ મારી છે, એવી જ્યાં સુધી એની માન્યતા છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ (છે) અને તેને પૂર્વના કર્મના ઉદયની સામગ્રી આવે તેને રાગથી ભોગવે છે અને એના ફળ તરીકે પણ એને રાગબંધન થશે. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દૃષ્ટિનો વિષય ચાલે છે. દાખલો છે, જુઓ! '**यत् किल कर्म कर्तारं स्वफलेन बलात् योजयेत्**' '**કારણ કે આમ છે, આમ જ છે, સંદેહ નથી કે રાજાની સેવા આદિથી માંડીને...**' કોઈ માણસ રાજાની સેવા કરે એને '**કર્મભૂમિસંબંધી ક્રિયા, ક્રિયામાં રંજિત થઈને-તન્મય થઈને કરે છે...**' આહાહા..! છે? '**રાજાની સેવા આદિથી માંડીને જેટલી કર્મભૂમિસંબંધી ક્રિયા, ક્રિયામાં રંજિત...**' રંગ. જેનો એને રંગ ચડી ગયો છે. આહાહા..! આ લાકડા હોય છે ને લાકડા? છોકરાઓને નહિ આંકણી-આંકણી. આંકણી હોય છે ને એને રંગ ચડાવે છે. છે? આ તો બધું અમે જોયેલું, બધું કરેલું નાની ઉંમરમાં. એ લાકડા હોય છે ને એને ફરતા ફરતા રંગની ઓલી હોય છે મોટી જાડી. એટલે એને અડાડે તો લાખનો રંગ ચડી જાય. લાકડા ઉપર આખો રંગ ચડી જાય. એમ જેને આત્માના આનંદના સ્વરૂપનું ભાન નથી, એને પુણ્ય અને પાપના રાગના રંગ ચડી ગયા છે. આહાહા..! એ જેટલી કાંઈ ક્રિયા કરે દયા, દાન, વ્રત, ભક્તિની, એ બધું તેને મિથ્યાત્વમાં જાય છે અને મિથ્યાત્વથી તેને બંધન મળે છે. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, '**જેમ રાજાની સેવા કરતાં દ્રવ્યની પ્રાપ્તિ, ભૂમિની પ્રાપ્તિ, જેમ ખેતી કરતાં અન્નની પ્રાપ્તિ થાય છે તેમ પોતાના ફળ સાથે અવશ્ય જોડે છે...**' એ સેવા કરનારને કર્તાબુદ્ધિ હોવાથી એના ફળને એ જરૂર ભોગવશે. દુઃખને ભોગવશે. આહાહા..! '**અવશ્ય કર્તાપુરુષનો ક્રિયાના ફળ સાથે સંયોગ થાય છે.**' એ રાજાની સેવા કરે તેને બહારના ફળ મળે એને ભોગવશે અને દુઃખી થશે. જમીન મળી માટે સુખી થશે એમ નહિ, એમ કહે છે. પર પદાર્થ તરફના વલણનો ભાવ એ દુઃખ છે અને ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ, તેના તરફના વલણનો ભાવ એ સમ્યગ્દર્શન-જ્ઞાન એ સુખરૂપ છે. આહાહા..! અહીંયાં કહે છે કે રાજાની સેવા કરનારને જેમ ચીજ મળે તો એ દુઃખને ભોગવશે.

'**ભાવાર્થ આમ છે કે-જે ક્રિયાને કરતો નથી તેને ક્રિયાના ફળની પ્રાપ્તિ થતી નથી.**' એમ જે ક્રિયા રાગાદિની કરતો જ નથી, કર્તાબુદ્ધિ જેની ઊડી ગઈ છે... આહાહા..! ઝીણી વસ્તુ બહુ, ભાઈ! જ્ઞાતા-ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવનો સાગર પોતે ઉછળે છે. અતીન્દ્રિય

આનંદનો સાગર, એ અંદર ડોલાયમાન (થાય છે). આહાહા..! ભરપૂર અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન સાગર છે. આ આત્મા. એને જે કંઈ રાગની ક્રિયા કર્તાવાળા છે કે હું કરું છું, એનું એને ફળ ભોગવવું પડશે. પણ જેને એ આત્મા આનંદનો નાથ પ્રતીતમાં, અનુભવમાં આવ્યો એ રાગની ક્રિયા કર્તાપણે કરતો નથી. નબળાઈને લઈને રાગ આવે છે પણ તેના કર્તાપણાની રુચિથી તે કરતો નથી. તેથી તેને બંધન નથી. અરે..! આવી વાત છે.

અહીં બંધન મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું લેવું છે. સમ્યગ્દષ્ટિને પછી જે આસક્તિનો ભાવ આવે એટલું બંધન છે પણ એ વાતને અહીં ગૌણ કરીને એણે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો નાશ કર્યો છે. એટલે? ભગવાન આનંદસ્વરૂપની અંતર અનુભવ, પ્રતીતિ કરી છે અને અંશે તેના સ્વરૂપાચરણ-સ્વરૂપમાં ઠર્યો છે. એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ થયો છે. તેથી એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના પાપને તે કરતો નથી. રાગાદિ આવે પણ પોતાના માનીને કરતો નથી. તેથી તેને કર્મબંધન મિથ્યાત્વનું નથી. અરે..! આવી વાતું છે. આખો જન્મ-મરણને.. દુઃખી છે ચોર્યાસી લાખમાં. એ કરોડોપતિ, અબજોપતિ રાજા, શેઠિયાઓ અને દેવ, બધા દુઃખી છે બિચારા. એ દુઃખના ડુંગરે માથા ફોડે છે. આનંદનો સાગર, એને ભૂલી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ છે. એ જિનસ્વરૂપ છે. કહ્યું હતું ને? પરમ દિ' કહ્યું હતું. 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન, પણ મતમદિરા કે પાન સો મતવાલા સમજે ન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન જિનસ્વરૂપી બિરાજમાન આત્મા જિનસ્વરૂપી જ છે. આહાહા..! અત્યારે, હોં! 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' જૈન પણ ઘટ ઘટ અંદરમાં (બિરાજે છે). જેણે આત્માના આનંદની પરિણતિ પ્રગટ કરી અને રાગની એક્તા તોડી છે, તે જૈન ઘટમાં અંદરમાં હોય છે. તેનો કાંઈ શરીરમાં અને રાગમાં એનો ભાગ દેખાય એવો એ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવી વાત છે.

આમ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રત વ્યવહાર પાંચ સમિતિ, ગુપ્તિ, જાવજીવ શરીરનું બ્રહ્મચર્ય, સત્ય બોલે, કપડાનો કટકો ન રાખે એવા પંચમહાવ્રત પણ પાળ્યા, પણ એ તો દુઃખરૂપ ભાવ છે, કહે છે. આહાહા..! કેમકે એ રાગ છે તે આસ્રવ છે, એ દુઃખરૂપ છે. એવું કર્યા છતાં 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' અંશેય સુખ ન મળ્યું. એનો અર્થ એ બધા દુઃખ છે. આહાહા..! એ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, તપના ભાવ રાગ એ દુઃખ છે. આહાહા..! કેમ કે એવું કર્યા છતાં આતમજ્ઞાન પામ્યો નહિ. એટલે આત્માના જ્ઞાનના સુખને પામ્યો નહિ. તો એનો અર્થ એ બધા પરિણામ દુઃખરૂપ છે. આહાહા..! હવે જે પરિણામ દુઃખરૂપ છે એનાથી મારું કલ્યાણ થાય.. આહાહા..! એ મહાવ્રત પાળતાં કલ્યાણ થાય, ભક્તિ કરતાં કલ્યાણ થાય એ મિથ્યાત્વભાવ છે. અને એ મિથ્યાદષ્ટિને રાગનું કર્તાપણું હોવાથી એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી અનંત સંસારની વૃદ્ધિ થાય છે. ત્યારે સમ્યગ્દષ્ટિને.. એ કહે છે, જુઓ!

'**તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવને બંધ થતો નથી,...**' છે? આહાહા..! મારો આત્મા આનંદનો કંદ પ્રભુ, આનંદની મૂર્તિ અતીન્દ્રિય આનંદની મૂર્તિ જિનસ્વરૂપી પ્રભુ આત્મા (છે). એવી જેને અંતરમાં સમ્યગ્દષ્ટિ થઈ છે એટલે કે પૂર્ણ આત્મસ્વભાવનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થયો છે અને રાગાદિનો સ્વીકાર છૂટી ગયો છે. આહાહા..! આવો માર્ગ. એને સમ્યગ્દષ્ટિ કહીએ અને એ સમ્યક્ જીવને બંધ થતો નથી. આહાહા..! એને કોઈ અજ્ઞાનને કારણે પહેલાં કર્મ બંધાયેલા હતા એને લઈને ભોગસામગ્રી એટલે કે રાજ આદિ મળે પણ તેમાં તેનો રસ નથી. તેના તરફના ઝુકાવના ભાવને તે દુઃખ માને છે. સમજાણું કાંઈ? અજ્ઞાની બધી સામગ્રી અબજોની કરોડોની મળતા એ સંતોષાઈ જાય છે, હરખાઈ જાય છે. એ દુઃખને વેદે છે અને દુઃખને ભોગવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ, બાપુ! અત્યારે બહુ ફેરફાર થઈ ગયો છે. આચાર્યો, દિગંબર સંતોએ તો પોકાર ઘણાં કર્યા છે.

કહે છે કે '**સમ્યગ્દષ્ટિ જીવ...**' કર્મના કારણે સામગ્રી મળી હોય અને એને ભોગવે. ભોગવે એટલે? પાઠ તો એવો છે કે ભોગવે. સામગ્રીને ભોગવી શકતો નથી. એ પરસામગ્રી સ્ત્રીનું શરીર, પૈસા, લક્ષ્મી, આબરૂ, મકાન, દાળ-ભાત, મોસંબી એ તો પર જડ પદાર્થ (છે), એને આત્મા કેમ ભોગવે? પાઠ એવો લીધો છે કે ભોગવે. એનો અર્થ કે એના તરફની જરી આસક્તિનો રાગ થાય એને ભોગવે. છતાં મારાપણે ભોગવતો નથી તેથી તેને કર્મની નિર્જરા થઈ જાય છે. આવી વાતું છે.

'**નિર્જરા થાય છે;...**' જોયું! '**કારણ કે સમ્યગ્દષ્ટિ જીવ ભોગસામગ્રી-ક્રિયાનો કર્તા નથી,...**' આહાહા...! છ ખંડનું રાજ હો, પણ એ મારી ક્રિયા નથી. આહાહા..! એના તરફ જતો જરી રાગ એ પણ મારી ક્રિયા નથી, એ તો સ્વરૂપથી ભિન્ન છે. આહાહા..! ધર્મી સમ્યગ્દષ્ટિ હજી શ્રાવક અને મુનિ થયા પહેલાં (એમ માને છે કે) મારી ક્રિયા તો આનંદ અને જ્ઞાનનું પરિણમન એ મારી ક્રિયા છે. 'શશીભાઈ'! આવી વાતું છે. આહાહા..!

અરે..! ચોર્યાસીના અવતારમાં, એક એક યોનિમાં અનંત અનંત અવતાર કર્યા. એના દુઃખના વેદન એણે એટલા કર્યા કે જોનારને આંખમાંથી ધારાવાહી આંસુ આવે. બાપુ! એવા દુઃખમાં એ રહ્યો છે. એ મિથ્યાત્વને લઈને. મિથ્યાત્વ એ સંસાર અને મિથ્યાત્વ એ આસ્રવ અને મિથ્યાત્વ તે બંધ. આહાહા..! એ મિથ્યાત્વ એટલે કે દયા, દાનના વ્રતનો વિકલ્પ છે એ મારો છે એવો ભાવ તેને અહીં મિથ્યાત્વ કહે છે. આહાહા..! અને પોતે અનંત આનંદ અને જ્ઞાનનો સાગર તે મારો એ ભૂલી જાય છે. જે સ્વ છે તેને ભૂલે છે અને પર છે તેને પોતાનું માને છે. આહાહા..! બાયડી, છોકરા, પૈસો, મકાન એ તો પર વસ્તુ છે. એ ક્યાં તારી હતી અને તારામાં હતી? પણ વળગ્યો એને કે આ મારા છે. આ છોકરો મારો છે અને કર્મી જાગ્યો છે. કાંઈક પૈસા બે-પાંચ લાખ પેદા કરતો હોય. મારી નાખ્યા. આહાહા..! જે ચીજ તારામાં નથી તેને તેં મારી માની. આહા..! એ મિથ્યાત્વ જેવો મોટો સંસાર અને પાપ નથી. અને જે ચીજ પોતામાં છે અને રાગાદિ, પર આદિ પોતામાં નથી, એને પોતામાં (છે) તેને પોતાની માની લઈ અને પોતામાં છે આનંદ-જ્ઞાન તેને પોતાનો માન્યો, એને સમ્યગ્દષ્ટિ ધર્મની પહેલી સીઢી (કહે છે). આહાહા..! એને નિર્જરા છે.

'**તેથી ક્રિયાનું ફળ કર્મબંધ, તે તો સમ્યગ્દષ્ટિને નથી.**' ભોગસામગ્રી, સંયોગો હોય એના ઉપર જરી લક્ષ પણ જાય, પણ એ લક્ષ જાય તેનો મિથ્યાત્વભાવ નથી એને. એ લક્ષ જાય છે એ મારી ચીજ નથી. મારી ચીજ તો અંતર આનંદ અને જ્ઞાનસ્વરૂપી બિરાજમાન પ્રભુ, જેનો દ્રવ્યસ્વભાવ, પદાર્થસ્વભાવ પૂર્ણ આનંદ છે એ મારી ચીજ છે. એવી દૃષ્ટિના જોરને લઈને '**ક્રિયાનું ફળ કર્મબંધ, તે તો સમ્યગ્દષ્ટિને નથી.**' આહાહા..! આકરી વાત છે, ભાઈ! આ નિર્જરા અધિકાર છે ને.

'**દૃષ્ટાન્તથી કહે છે–**' '**यत् कुर्वाणः फललिप्सुः ना एव हि कर्मणः फलं प्राप्नोति**' આહા..! '**કારણ કે પૂર્વોક્ત નાના પ્રકારની ક્રિયા કરતો થકો ફળની અભિલાષા કરીને ક્રિયાને કરે છે એવો કોઈ પુરુષ ક્રિયાના ફળને પામે છે.**' એ રાગ કરતાં રાગનું ફળ મીઠાશ એને વેદે છે. અને એનું ફળ પણ મને સારું આવશે એમ માને છે. એ મિથ્યાદૃષ્ટિ જીવને એ રાગના ફળ તરીકે સામગ્રી મળશે તેમાં ભોગવવામાં એ જોડાઈ જશે. આહાહા..! બહુ વાતું ઝીણી છે. એકલો પ્રભુ આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય, એને રાગનો, દયા, દાન, વ્રતના વિકલ્પનો પણ સંયોગ નથી. એ સંયોગી ભાવ સ્વભાવમાં નથી. આહાહા..! કેમકે એ સંયોગી ભાવ છે દયા, દાન, વ્રત, ભક્તિ એ તો પુણ્ય તત્ત્વ છે. અને આ ધંધાના વેપાર આદિના બાયડી, છોકરાને સાચવવાના અને એના ધ્યાન રાખવાના ભાવ એ પાપતત્ત્વ છે. આહાહા..!

નવ તત્ત્વમાં એ પુણ્ય અને પાપ તત્ત્વથી જ્ઞાયક જીવતત્ત્વ તો ભિન્ન છે. છે ને? નવ છે ને? આહાહા..! શરીરાદિ અજીવ તત્ત્વ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના પાપતત્ત્વ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્યતત્ત્વ. અને એ બેય અજીવ અને પુણ્ય-પાપ તત્ત્વથી ભિન્ન તે આત્મા જ્ઞાયક તત્ત્વ ચૈતન્ય. આહાહા..! એવા તત્ત્વને અનુભવતો સમ્યગ્દષ્ટિ રાગની ક્રિયાને કરતો નથી. (રાગ) થાય છે પણ કર્તાબુદ્ધિ ઊડી ગઈ છે. સમ્યગ્દષ્ટિની કોઈપણ પુણ્ય-પાપના પરિણામમાં સુખબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..! કેટલો ફેરફાર કરવો? મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ પાપના પરિણામ અને પુણ્ય પરિણામમાં સુખબુદ્ધિ ચોંટી છે. આહાહા..! એ દૃષ્ટિને લઈને એવી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. એટલે કે પર્યાયમાં મિથ્યાત્વભાવ છે એ પુણ્ય અને પાપના ભાવમાં સુખબુદ્ધિ છે. એને મિથ્યાત્વની ઉત્પત્તિ થઈ અને મિથ્યાત્વના ફળને ભોગવશે. ધર્મીને પુણ્ય-પાપના ભાવમાં કર્તાબુદ્ધિ અને મીઠાશબુદ્ધિ ઊડી ગઈ છે. આહાહા..!

'નૌઆખલી'ની વાત નહોતી કરી? 'નૌઆખલી'માં 'ગાંધી' ગયા હતા ને જ્યારે? મુસલમાનો હિન્દુ બહેન અને ભાઈ, મા અને દીકરો બેયને નાગા કરતા. મુસલમાનો. બહુ તોફાનનું જોર હતું તે દિ' 'ગાંધી' ત્યાં ગયા હતા ને? વીસ વર્ષનો દીકરો અને ચાલીસ વર્ષની મા, એને નાગા કરી અને આમ વિષયમાં ભોગ (કરાવે). અરર..ર..! એને અંદરમાં એમ થાય કે અરે..! જમીન માર્ગ આપે તો સમાઈ જાઉં. મારી મા સામું જોવાઈ નહિ... આહાહા..! એને ઠેકાણે આ શું કરે છે? આ શું થાય છે?

એમ સમ્યગ્દષ્ટિને... આહાહા..! રાગ અને સંયોગના ફળમાં જેમ માતા સાથે ભોગ લેવો, એમ પરનો ભોગ એને એવો લાગે છે. આકરી વાત છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ

પરમેશ્વરનો માર્ગ એણે કોઈ દિ' એક સેકન્ડ પણ સ્વીકાર્યો નથી. એમ ને એમ બફમમાં ને બફમમાં જિંદગીયું ગાળે, અવતાર ચાલ્યા જાય. આહાહા..!

જુઓને! બુધવારે તો અહીં બેઠા હતા. અહીં બેઠા હતા. 'પોપટભાઈ'. આજે તો રવિવાર છે. આ બુધવાર નહિ ને ઓલે બુધવારે તો અહીં બેઠા હતા. બે કરોડ રૂપિયા. કહે છે એટલા પણ એથી વધારે (હશે). છોકરાઓ છ અને પેદાશ મોટી. બહુ પેદાશ ઘણી. શનિવારની રાત્રે... આહાહા..! એક કલાક સૂતા અગિયાર વાગે. આ નાશવાન ચીજ એને કોણ રાખે અને કોણ છોડે? આહાહા..! 'કાંપ'વાળા માણસો આવેલા. પૈસાવાળા માણસ એટલે પૈસાવાળા આવે દેવા. કાંઈ હોસ્પિટલ કે કાંઈક છે. એને ૨૫ હજાર આપ્યા. એ આપીને સૂઈ ગયા અગિયાર વાગે. બાર વાગે. એક કલાક સૂતા. અરર..! બે મિનિટ પછી પરભવમાં જાવું છે. આહા..! છે ખબર એને? આહાહા..! એ બાર વાગ્યા ઉઠ્યા. બહેન 'રંભાબહેન' સૂતા હતા જોડે. ઘરેથી બૈરા, (એને) જગાડ્યા. મને દુઃખે છે. આહાહા..! સાત તો ઓરડા. પાંચ-છ છોકરાઓના અને પોતાનો. એક એક ઓરડો પાંચ-પાંચ લાખનો. ૩૫ લાખના સાત તો ઓરડા છે. એ પૈસા ને બીજી આખી જુદી ચીજ. બહેનને કહ્યું, મને દુઃખે છે. ત્યાં તો કહે, મને ગભરામણ થાય છે, હવે ગભરામણ થાય છે. એમ કહે છે, ત્યાં બહેન ટોકરી વગાડે છે. ઓલા છોકરા ઉપર સૂતા હોય ને. તે આવે ત્યાં તો અસાધ્ય થઈ ગયા. ઘરડિયો ચાલ્યો. આહાહા..! કહો, છોકરાની સાથે વાત કરવાનો વખત ન રહ્યો. એ નાશવાન ચીજ, પરચીજ એના પ્રેમ તને શેના લાગ્યા?

અરે..! એ તો ઠીક પણ અંદર પુણ્ય અને પાપના વિકારી ભાવ પ્રભુ! દુઃખરૂપ અને નાશવાન એના તને પ્રેમ શેના લાગ્યા? તું ક્યાં વ્યભિચારમાં ચડી ગયો? આહાહા..! તારો આનંદનો નાથ અંદર બિરાજે છે. આહાહા..! એની સન્મુખમાં એમાં જાને, તને આનંદ આવશે. અને જેને સમ્યગ્દર્શનમાં આનંદ આવ્યો, કહે છે કે એ કર્મની ક્રિયામાં જોડાતો નથી, રાગનો કર્તા થતો નથી. એને બધું કર્મ ખરી જાય છે. આહાહા..! અને પંચમહાવ્રત પાળતો સાધુ, એ રાગ મારો છે અને મને લાભદાયક છે (એમ માને છે, એ) મહામિથ્યાત્વનું કર્મ બાંધી અનંત સંસારને વધારે છે. આહા..! વીતરાગ સર્વજ્ઞ, પરમેશ્વર એનો માર્ગ બીજો અલૌકિક છે, ભાઈ! એને પામવા માટે અનંત પુરુષાર્થ જોઈએ. એ કાંઈ સાધારણ રીતે મળી જાય એવી ચીજ નથી. એ અહીં કહે છે.

**'અભિલાષા કરીને ક્રિયાને કરે છે એવો કોઈ પુરુષ ક્રિયાના ફળને પામે છે.'** જે કોઈ પુરુષ ક્રિયા કરે અને નિરઅભિલાષ થઈને કરે-સમકિતી. (મિથ્યાદષ્ટિ) રાગ કરે છે એની અભિલાષા પ્રેમથી કરે છે તો એને સંસારનું ફળ મળે. પણ નિરઅભિલાષ-રાગ આવે પણ અભિલાષ વિના નબળાઈને લઈને અંદર રાગ થઈ જાય છે તો નિરઅભિલાષ છે. છે? **'નિરભિલાષ થઈને કરે છે, તેને તો ક્રિયાનું ફળ નથી.'** એને બંધન જ નથી. આહાહા..! અહીં મિથ્યાત્વ અને અનંતાનુબંધીની (મુખ્યતાથી વાત છે). જેટલો રાગ છે એટલું બંધન છે. સમકિતીને પણ જેટલું સંયોગી સામગ્રી તરફ લક્ષ જાય છે એટલો રાગ છે. પણ અહીં એને ગૌણ કર્યું નાખ્યું. અહીં તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી જે અનંત સંસારનું કારણ, એને

બંધન તરીકે ગણવામાં આવ્યો છે. આસક્તિનું બંધન છે તે ગૌણ કરીને બંધન નથી એમ કહ્યું છે. પણ એમ માનીને કોઈ એમ જ માની લે કે સમ્યગ્દૃષ્ટિને જરીએ હવે બંધન નથી. એ તો એકાંત છે. જેટલો એને રાગ આવે છે, ભલે કર્તાબુદ્ધિ નથી, સુખબુદ્ધિ નથી, પણ જેટલો રાગ આવે એટલો આસ્રવ છે, એટલો બંધ છે. સમજાણું કાંઈ? અને એટલું દુઃખ પણ છે.

સમ્યગ્દૃષ્ટિને જેટલો રાગ આવે છે-શુભ કે અશુભ, એટલું દુઃખનું વેદન પણ છે. અહીં એ વાતને ગૌણ કરી નાખીને સમ્યગ્દર્શનના જોરમાં આનંદના સ્વાદના પ્રેમમાં એને પુણ્યના પરિણામનો પણ પ્રેમ ઊડી ગયો છે તેથી તેને સુખબુદ્ધિ નથી, તેથી તેને મિથ્યાત્વ નથી, તેથી મિથ્યાત્વ સંબંધીનું બંધન એને નથી. આહાહા..! આવી વાત છે, બાપા! આ પાછા ઓલા વળી એમ વળગી જાય છે ને? એ કહ્યું હતું ને એ 'શેઠિયા'? 'સોગાની'નું વાંચી. 'સોગાની'એ 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં લખ્યું છે. આવ્યું છે ને? આવ્યું છે? ઠીક! મારી પાસે તો બધા રાખું. એમાં આવ્યું છે કે સમકિતીને શુભભાવ પણ ભઠ્ઠી લાગે. આવે છે? 'સોગાની' 'ન્યાલચંદભાઈ' બહુ એની નિર્મળ દૃષ્ટિ હતી. શુભભાવ પણ ભઠ્ઠી લાગી. એ એને નો બેઠું. 'દીપચંદજી' 'શેઠિયા'. આપણે અહીં આવતા વારંવાર બહુ. હેં! ભઠ્ઠી લાગે તો તીવ્ર કષાયવાળાને લાગે. સમ્યગ્દૃષ્ટિને એમ કે દુઃખ લાગે જ નહિ, દુઃખનું વેદન હોય જ નહિ. એમ નથી.

અહીં તો જે કહ્યું છે એ તો સમ્યગ્દૃષ્ટિની મુખ્યતા લઈને કહ્યું છે અને મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વને લઈને બંધન કહ્યું છે. પણ એમાંથી એકાંત તાણી જાય કોઈ કે સમ્યગ્દૃષ્ટિને તો વિષય-વાસનાનો રાગ આવે એ પણ સુખરૂપ છે. (એ માન્યતા) મિથ્યાત્વ છે. આહાહા..! એ રાગ આવે છે એ દુઃખરૂપ છે. એ દુઃખને વેદે છે. સમ્યગ્દૃષ્ટિ પણ જેટલે અંશે સ્વભાવ સન્મુખ થઈને આનંદ આવ્યો એટલું આનંદનું વેદન છે અને જેટલો રાગ છે તેટલું દુઃખનું વેદન છે. બેય એકસાથે છે. 'ભગવાનજીભાઈ'! મોટા માંધાતા ખોવાઈ જાય છે. કેટલો એને અભ્યાસ, અહીં આવતા. છતાં એના માણસ માની ગયા. એમના જમાઈ ને બનેવી ને.. બધા વૈષ્ણવ છે ને એ આવી ગયા. બાપુ! એમ નથી. એકાંત ન તણાય.

જ્યાં એમ કહ્યું કે સમ્યગ્દૃષ્ટિને ભોગ ને ભોગની સામગ્રીથી પણ નિર્જરા (છે), એનો અર્થ શું? સમજાણું કાંઈ? અરે..! પંચમહાવ્રતનો વિકલ્પ આવે પણ બંધનું કારણ અને દુઃખ છે. મુનિને એટલું દુઃખ છે. એમ તાણી જાય કે બસ, સમ્યગ્દૃષ્ટિ છે એટલે કે દુઃખ જરીએ નથી, એકલો આનંદ જ છે (તો એમ નથી). એકલો આનંદ પરમાત્માને, એકલું દુઃખ મિથ્યાદૃષ્ટિને, સમ્યગ્દૃષ્ટિને થોડો આનંદ અને થોડું દુઃખ એવું મિશ્ર છે. 'પોપટભાઈ'! આવું છે, બાપુ! અહીં કોઈનો પક્ષ નથી કે આને રાજી રાખવા. .. વાત જૂઠી દૃષ્ટિથી. આહાહા..!

અહીંયાં જે લીધું છે એ અપેક્ષાએ પાછું ખેંચી નાખીને સમ્યગ્દૃષ્ટિ થયો એટલે ભોગસામગ્રી ભોગવે. પાછો લેખ એવો આવે છે એમાં, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. કઈ અપેક્ષાએ? સમ્યગ્દર્શનની અપેક્ષાએ એને મિથ્યાત્વનું બંધન નથી અને એટલી અશુદ્ધતા ટળતી જાય છે. એમ. પણ ભોગ છે એ તો રાગ છે. એ નિર્જરા છે? અરે..! મુનિ હોય છે એને પણ પંચમહાવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ દુઃખ છે. અહીં માનીને

ઓલું એકાંત કાઢી નાખે એમ નહિ ચાલે. આહાહા..! રાગની એકતાબુદ્ધિવાળા મિથ્યાદષ્ટિને એકલું દુઃખ. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને એકલો આનંદ અને સાધક સમ્યગ્દષ્ટિ થયો ચોથે, પાંચમે કે છઠ્ઠે (ગુણસ્થાને) એને જેટલો આત્માનો આશ્રય લઈને આનંદ આવ્યો એટલું સુખ અને જેટલો પર તરફના વલણવાળો રાગનો વિકલ્પ ઊઠે છે એટલું દુઃખ છે. આવી વાત છે, ભાઈ!

અહીંથી ખેંચી જાય આવા અર્થમાંથી (કે) જુઓ! એને તો ભોગ નિર્જરાનો હેતુ છે. બાપુ! કઈ અપેક્ષાએ કીધું? એને તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી નથી તેથી તેટલી અશુદ્ધતા ત્યાં નથી. એ ખરી જાય છે એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? અને બીજા કષાયો છે, એનો રાગ છે એ આસ્રવ છે, બંધ છે અને દુઃખ પણ છે. 'જયસુખભાઈ'! આવી વાત છે, બાપા! અહીં કોઈ પક્ષ નથી કે અહીંનો માનનારો નીકળ્યો અને પછી આ માને માટે (હવે આવું ન કહેવાય). તેથી ચોખવટ કરી કે, દષ્ટિ ખોટી છે. ભાઈ તો ઓળખતા આપણા શેઠ 'દીપચંદજી'ને. છ-સાત વર્ષથી બંધ થઈ ગયા આવવાના. એ હમણાં વળી આવી ગયા બે જણા. એ ઓલા મેરુ. 'સુમેરુ' વૈષ્ણવ છે ને? એ પણ એના પક્ષમાં ચડી ગયા હતા. નરમ, હમણા આવી ગયા બે જણ. એના બનેવી 'માલચંદજી' એ આવી ગયા. હજી એના દિકરો ને એ આવ્યા નથી. ઓલા 'જ્ઞાનચંદજી' ત્યાં છે 'દીલ્હી'માં. એને પક્ષ છે. સમ્યગ્દષ્ટિને દુઃખ હોય જ નહિ. ક્યુ દુઃખ ન હોય? એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનું દુઃખ ન હોય. 'વાડીભાઈ'! પણ બીજા ત્રણ કષાય છે ચોથે ગુણસ્થાને એનું દુઃખ છે. પાંચમે બે કષાય છે એનું દુઃખ છે, છઠ્ઠે એક કષાય સંજ્વલનનો છે એટલું પણ દુઃખ છે. એમ ન ચાલે, વીતરાગમાર્ગ છે આ. અમે સમ્યગ્દષ્ટિ છીએ, હવે અમારે ભોગમાં નિર્જરા છે. મરી જઈશ. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન તો એમ કહે કે અમારી સામું નજર કરીશ તો તને રાગ થશે. અમે પરદ્રવ્ય છીએ. તને દુઃખ થશે. તું તારી સામું જો અને એમાં ઠર. તેમાં તને સુખ થશે. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! રજકણે રજકણ અને રાગે રાગનું લખ્યું છે અહીં તો.

અહીં કહ્યું છે એ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જેને નાશ થઈ ગયો અને જેને રાગની કર્તાબુદ્ધિ ઊડી ગઈ છે, રાગમાં સુખબુદ્ધિ ટળી ગઈ છે, એ અપેક્ષાએ તેને રાગનો ભાવ ભોગ તરફનો આવવા છતાં તેને દષ્ટિના જોરની અપેક્ષાએ નિર્જરા કહેવામાં આવી. પણ એ વાત ભૂલી જાય કે રાગ છે તે દુઃખ છે. ભૂલી જાય તો એ આ વાત એને બેઠી નથી આખી. આહાહા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી પૂર્ણ સુખ નથી. ન્યાય સમજાય છે? આહાહા..! આ તો ત્રણલોકનો નાથ 'સીમંધર' ભગવાન એની વાણી છે. સમવસરણમાં પ્રભુ એ કહી રહ્યા છે. બિરાજે છે. આહાહા..! એ આ વાણી છે. એમાં એક પણ ન્યાય ફરે તો વસ્તુ ફરી જાય.

અહીં તો કીધું, ક્રિયા કરે એનું ફળ નથી સમકિતીને. નિરભિલાષ કરે છે. એ અપેક્ષા કે એની ભાવના નથી રાગ કરવાની. રાગ સુખરૂપ છે એ બુદ્ધિ નથી તેથી નિરભિલાષ કરે છે એમ કીધું. પણ જેટલો રાગ થાય છે એ સમ્યગ્દષ્ટિને પણ એટલું દુઃખ છે અને એટલું બંધનનું કારણ છે. જ્યાં સુધી યથાખ્યાત્ચારિત્ર પૂર્ણ દશા ન થાય, 'આસ્રવ અધિકાર'માં

આવે છે, ત્યાં સુધી એને આસ્રવ છે, બંધ છે. આહાહા..! આવી અનેકાંત વાણી કઈ અપેક્ષાએ કહેવું છે એ ન સમજે (અને) એકાંત તાણી જાય તો એ માર્ગ ન ચાલે. સમજાણું કાંઈ? આહાહા..!

શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહ્યું કે શુભજોગી જે મુનિ છે, શુભરાગવાળા પંચ મહાવ્રતાદિ (પાળે છે) એ સાસ્રવી છે. આસ્રવવાળા છે એમ કીધું છે 'પ્રવચનસાર', અને અહીં ના પાડે. એ કઈ અપેક્ષાએ? અહીં દૃષ્ટિ અને દૃષ્ટિના વેદનની જોરની અપેક્ષાએ રાગથી સુખબુદ્ધિ ઊડી ગઈ છે માટે નિર્જરા કહેવામાં આવે છે. પણ અહીં તો એમ કહ્યું. મુનિ છે, ત્રણ કષાયનો જેને અભાવ (છે), આનંદની લહેરે લહેર ઊઠે છે, જેને અંદર ભરતી (આવે છે) એને પણ જે પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એ આસ્રવ છે. એને સાસ્રવી કહ્યા છે. અને સાતમે ગુણસ્થાને જ્યારે ઠરે છે ત્યારે નિરાસ્રવી કહે છે. સમજાણું કાંઈ? અહીં તો ના જ પાડી. સમકિતીને આસ્રવ, બંધન છે જ નહિ. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો રાગ ઊડી ગયો છે એવું બંધન એને નથી એ અપેક્ષાએ બંધન નથી એમ કહ્યું. પણ બીજા કષાય ભાવ છે, સમકિતી જાણે છે કે એટલો રાગ છે, દુઃખ છે એટલો હું દુઃખનું વેદન કરનારો છું. આહાહા..! એ દુઃખ ટાળવા માટે પ્રયત્ન પણ છે. પણ પ્રયત્ન હોવા છતાં જ્યાં લગી પ્રયત્નથી રાગ ટળ્યો નથી ત્યાં સુધી દુઃખ છે. આહાહા..!

અહીં તો એ કહ્યું, '**નિરભિલાષ થઈને કરે છે,...**' કરે છે એમ કીધું. અભિપ્રાયમાં રાગમાં સુખબુદ્ધિ છે તે બુદ્ધિ નથી અને રાગ કરવા જેવો છે તેવી બુદ્ધિ નથી. એથી અભિલાષરહિત તેને કહેવામાં આવ્યો છે. પણ રાગ છે એટલું તો દુઃખ અને બંધન છે. પર્યાયદૃષ્ટિથી જોતાં જેટલો રાગ છે એટલું બંધન છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં તેને રાગની નિર્જરા છે એમ કહેવામાં આવ્યું. આહાહા..! આવો વીતરાગનો માર્ગ છે. ૧૫૨ થયો. આહાહા..!

---

(શાર્દૂલવિક્રીડિત)

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किन्त्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।२१-१५३।।

**ખંડાન્વય સહિત અર્થ :- 'येन फलं त्यक्तं स कर्म कुरुते इति वयं न प्रतीमः' ( येन ) જે સમ્યગ્દૃષ્ટિ જીવે ( फलं त्यक्तं ) કર્મના ઉદયથી છે જે ભોગસામગ્રી તેનો ( फलं ) અભિલાષ ( त्यक्तं ) સર્વથા મમત્વ છોડેલ છે ( सः ) તે સમ્યગ્દૃષ્ટિ જીવ ( कर्म कुरुते ) જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે ( इति वयं न प्रतीमः ) એવી તો અમે પ્રતીતિ કરતા નથી.** ભાવાર્થ આમ છે કે-જે કર્મના ઉદય પ્રત્યે ઉદાસીન છે તેને કર્મનો બંધ નથી, નિર્જરા છે. 'किन्तु' કાંઈક વિશેષ- 'अस्य अपि' આ સમ્યગ્દૃષ્ટિને પણ 'अवशेन कुतः अपि किञ्चित् अपि कर्म

आपतेत्' (अवशेन) **અભિલાષ કર્યા વિના જ, બલાત્કારે જ** ( कुतः अपि किञ्चित् अपि कर्म ) **પૂર્વે બાંધ્યું હતું જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેના ઉદયથી થઈ છે જે પંચેન્દ્રિયવિષય ભોગક્રિયા, તે** ( आपतेत् ) **પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે-જેમ કોઈને રોગ, શોક, દારિદ્ર વાંછા વિના જ હોય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને જે કોઈ ક્રિયા હોય છે તે વાંછા વિના જ હોય છે.** 'तस्मिन् आपतिते' **અનિચ્છક છે સમ્યગ્દૃષ્ટિ પુરુષ, તેને બલાત્કારે હોય છે ભોગક્રિયા, તે હોતાં** 'ज्ञानी किं कुरुते' ( ज्ञानी ) **સમ્યગ્દૃષ્ટિ જીવ** ( किं कुरुते ) **અનિચ્છક થઈ કર્મના ઉદયે ક્રિયા કરે છે તો શું ક્રિયાનો કર્તા થયો?** 'अथ न कुरुते' **સર્વથા ક્રિયાનો કર્તા સમ્યગ્દૃષ્ટિ જીવ નથી. કોનો કર્તા નથી?** 'कर्म इति' **ભોગક્રિયાનો. કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ?** 'जानाति कः' **જ્ઞાયક સ્વરૂપમાત્ર છે. તથા કેવો છે સમ્યગ્દૃષ્ટિ જીવ?** 'अकम्पपरमज्ञानस्वभावे स्थितः' **નિશ્ચળ પરમ જ્ઞાનસ્વભાવમાં સ્થિત છે. ૨૧-૧૫૩.**

## કળશ-૧૫૩ ઉપર પ્રવચન

૧૫૩. त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किन्त्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मिन्नापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।२१-१५३।।

**ખંડાન્વય સહિત અર્થ :-** 'येन फलं त्यक्तं स कर्म कुरुते इति वयं न प्रतीमः' '**સમ્યગ્દૃષ્ટિ જીવે કર્મના ઉદયથી છે જે ભોગસામગ્રી તેનો અભિલાષ સર્વથા મમત્વ છોડેલ છે...**' એ મારા છે એમ છૂટ્યું છે અને એમાં સુખ છે એ છૂટ્યું છે. સર્વથા મમત્વ છોડે એટલે એ પણ જેટલો ભોગનો રાગ છે એ રાગની મમતા મારી છે એમ છોડ્યું છે. પણ રાગ છે તેટલી તો વસ્તુસ્થિતિ છે. સમજાણું કાંઈ? આહાહા..! '**સર્વથા મમત્વ છોડેલ છે તે સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવી તો અમે પ્રતીતિ કરતા નથી.**' દર્શનના જોરની અપેક્ષાએ (વાત છે). આહાહા..! એ રાગના પ્રેમને છોડીને ભગવાન પૂર્ણાનંદના નાથનો પ્રેમ કર્યો... આહાહા..! અને જેને રાગ શુભ હોય એનો પ્રેમ હોય તો પૂર્ણાનંદના નાથનો તેને દ્વેષ છે. 'વાડીભાઈ'! શું કીધું? એ રાગનો કણ છે એનો જેને પ્રેમ છે એને વીતરાગસ્વરૂપી જિનસ્વરૂપી પ્રભુ આત્મા પ્રત્યે તેને દ્વેષ છે. એ 'આનંદઘનજી'માં આવે છે. 'દ્વેષ અરોચક ભાવ' આનંદસ્વરૂપ, વીતરાગ જ્ઞાનસ્વરૂપ જેને રુચતું નથી અને દયા, દાન, વ્રતના વિકલ્પ જેને રુચે છે, એ દ્વેષ અરોચક ભાવ-આત્મા રુચતો નથી એ જ દ્વેષ છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! દ્વેષની વ્યાખ્યા આવી.

એ અહીં કહે છે, '**સર્વથા મમત્વ છોડેલ છે તે સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એ કર્મ બાંધે છે કે નહિ? અલ્પ અસ્થિરતાનો અલ્પ સ્થિતિ, રસનો કર્મ બંધ પડે છે એને ગૌણ કરીને મિથ્યાત્વ સંબંધી અને અનંતાનુબંધી સંબંધી જે કર્મબંધન છે એ એને નથી (એમ કહ્યું છે). સમજાણું

કાંઈ? આહાહા..! એટલે '**કર્મને કરે છે એવી તો અમે પ્રતીતિ કરતા નથી. ભાવાર્થ આમ છે કે-જે કર્મના ઉદય પ્રત્યે ઉદાસીન છે...**' જોયું! છે તો ખરી વસ્તુ. પણ વૈરાગ્ય છે. આહાહા..! મારો નાથ આનંદસ્વરૂપી પ્રભુ, એનાથી હું, રાગથી તો હું ઉદાસ છું. મારું આસન, ઉદ્-આસન આનંદસ્વરૂપ પ્રભુમાં મારું આસન છે. આહાહા..! એનું નામ ઉદાસીન કહેવામાં આવે છે. રાગમાં હું બેઠો છું એમ નહિ. રાગથી ઉદાસીન આનંદસ્વરૂપમાં હું તો બેઠો છું. મારું આસન ત્યાં છે. આહાહા..! ઉદ્-આસન. ઉદાસીન છે. સ્વરૂપ તરફની પ્રતીતિનું અસ્તિત્વ છે અને રાગ તરફમાં ઉદાસીન છે. એવી સમ્યગ્દષ્ટિને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ હોય છે. 'નિર્જરા અધિકાર'માં પહેલું આવી ગયું છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલું યાદ રાખવું? વાતે વાતે ફેર.

'**ઉદય પ્રત્યે ઉદાસીન છે તેને કર્મનો બંધ નથી, નિર્જરા છે. કાંઈક વિશેષ-આ સમ્યગ્દષ્ટિને પણ અભિલાષ કર્યા વિના જ, બલાત્કારે જ પૂર્વે બાંધ્યું હતું જે જ્ઞાનાવરણાદિ કર્મ, તેના ઉદયથી થઈ છે જે પંચેન્દ્રિયવિષય ભોગક્રિયા,..**' વિષયના ભોગની ક્રિયા એ તો કરી શકતો નથી અજ્ઞાની પણ, પણ એના તરફના વલણની જરી વૃત્તિ છે એને ભોગની ક્રિયા કહેવામાં આવે છે. '**અભિલાષ કર્યા વિના...**' આહાહા..! '**પંચેન્દ્રિયવિષય ભોગક્રિયા, તે પ્રાપ્ત થાય છે. ભાવાર્થ આમ છે કે-જેમ કોઈને રોગ, શોક, દારિદ્ર વાંછા વિના જ હોય છે.**' રોગની ઈચ્છા હોય છે? દરિદ્રપણાની કોઈને ઈચ્છા હોય છે? પણ આવ્યા વિના રહે નહિ પૂર્વના કારણે અહીં તો દૃષ્ટાંત છે. જુઓ! '**રોગ, શોક, દારિદ્ર વાંછા વિના જ હોય છે, તેમ સમ્યગ્દષ્ટિ જીવને જે કોઈ ક્રિયા હોય છે તે વાંછા વિના જ હોય છે.**' આ હો, એ અભિલાષ વિના હોય છે. આહાહા..! સમ્યગ્દષ્ટિની અહીંયાં મહિમા વર્ણવી છે. અને એને રાગ આવે અશુભ, તો એને અંતર દુઃખ લાગે છે અને કાળા નાગની જેમ ત્રાસ આવે છે. કાળો નાગ જેમ મોટો દેખે અને ત્રાસ થાય, એમ સમ્યગ્દષ્ટિને વાસના વિષયની આવે એનો એને ત્રાસ છે. આહાહા..! અજ્ઞાનીને એ વાસનાના પ્રેમની મીઠાશમાં મીણો ચડી ગયો છે. આહા..! સમજાણું કાંઈ? આહાહા..! '**વાંછા વિના જ હોય છે.**'

'**અનિચ્છક છે સમ્યગ્દષ્ટિ પુરુષ, તેને બલાત્કારે હોય છે ભોગક્રિયા,...**' એક બાજુ કહે કે કોઈ કર્મ બળાત્કારે આત્માને વિકાર કરાવે નહિ. અહીં કહે છે કે... છે? '**બલાત્કારે હોય છે ભોગક્રિયા...**' એનો અર્થ એ કે અંદર રુચિ નથી, પ્રેમ નથી, રસ ઊડી ગયો છે આખો. આહાહા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો અને ઈન્દ્રાણીઓ કરોડો હોય. સમકિતી છે. શક્રેન્દ્ર. પહેલા દેવલોકનો ઈન્દ્ર અત્યારે સુધર્મ (દેવલોકમાં). ૩૨ લાખ વિમાન છે અને ૩૨ લાખ વિમાનમાં એક-એકમાં અસંખ્ય દેવ છે. કોઈ વિમાન નાનું છે. બાકી ઘણામાં તો અસંખ્ય (દેવો) છે. એ ૩૨ લાખનો વિમાનનો સાહેબો પણ કહે છે કે આ કોઈ મારી ચીજ છે (એમ) એ માનતો નથી. આહાહા..! કરોડો અપ્સરાના ભોગ છે પણ તેમાં એને મીઠાશ ઊડી ગઈ છે. ઝેર દેખાય છે. આહાહા..! અરેરે..! આ વાસના ઝેર. આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવ એને એ દુઃખને વેદે છે. સમજાણું કાંઈ? અહીંયાં તો ફક્ત સમ્યગ્દષ્ટિના દર્શન અને સ્વરૂપની સ્થિરતાના જોરની અપેક્ષાએ રાગની કરવાની બુદ્ધિ નથી માટે અભિલાષા નથી એમ કીધું. સમજાણું

કાંઈ? આહાહા..! હવે આવી વાત પણ કોઈ સમજે નહિ.

**'અનિચ્છક છે સમ્યગ્દષ્ટિ પુરુષ, તેને બલાત્કારે હોય છે ભોગક્રિયા,...'** કહો, ભોગક્રિયા બલાત્કારે હોય છે શું એનો અર્થ? ભોગની ક્રિયામાં રાગ થાય છે એનો પોતાનો નબળો પુરુષાર્થ છે, નબળો પુરુષાર્થ છે. પણ અહીંયાં એને ન ગણતાં દૃષ્ટિના જોરમાં એની આસક્તિનો રસ નથી એથી તેને ભોગક્રિયા પરાણે થાય છે એમ કહેવામાં આવે છે. આવી અપેક્ષાઓ ન સમજે અને... આહાહા..! ખેંચાતાણ કરે એમ ન ચાલે, બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે. જે અપેક્ષાએ કહ્યું તે અપેક્ષાએ સમજવું જોઈએ. બીજી અપેક્ષા લક્ષમાં રાખવી જોઈએ.

અહીં કહે છે, ભોગક્રિયા બળાત્કારે થાય છે. એક બાજુ એમ કહે કે કર્મનો ઉદય પણ બળાત્કારે આત્માને વિકાર કરાવતો નથી. નબળાઈ છે. પ્રેમ નથી, રસ નથી. સ્વરૂપની રુચિ છે અને રુચિ નથી એટલે બળાત્કારે અંદર રાગમાં જોડાઈ જાય છે. એથી બળાત્કાર એ પોતાના પુરુષાર્થની ઉંધાઈ છે. પણ તે ઉંધાઈનો ધણી નથી, સ્વામી નથી, પ્રેમ નથી, રસ નથી એટલે બળાત્કારે જોડાય એમ કહેવામાં આવે છે. આહાહા..!

**'ભોગક્રિયા તે હોતાં...'** આહાહા..! **'સમ્યગ્દષ્ટિ જીવ અનિચ્છક થઈ કર્મના ઉદયે ક્રિયા કરે છે...'** કરે એટલે? થાય. કર્તાપણે બુદ્ધિ નથી. એ **'ક્રિયા કરે છે તો શું ક્રિયાનો કર્તા થયો? સર્વથા ક્રિયાનો કર્તા સમ્યગ્દષ્ટિ જીવ નથી.'** કર્તાપણાની બુદ્ધિ નથી એ અપેક્ષાએ કર્તા નથી. પરિણમનમાં રાગ નથી એમ નહિ. પરિણમનમાં તો જેટલો રાગ છે તેટલો કર્તા છે. આહાહા..! 'પ્રવચનસાર' ૪૭ (નયમાં) આવ્યું. ગણધર હો કે તીર્થંકર હો છદ્મસ્થમાં, જેટલો રાગ છે તેનો એ કર્તા છે. ૪૭ નય, 'પ્રવચનસાર'. આહાહા..! પરિણમે એટલો કર્તા એ અપેક્ષાએ. અને જેટલો રાગ છે તેનો ભોક્તા પણ સમકિતી છે. એ ૪૭ નયમાં જ્ઞાનપ્રધાન કથન છે. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં એ વાતને ગૌણ કરીને એને કહ્યું છે. પણ એ કાઢી જ નાખી છે એને બિલકુલ રાગ છે જ નહિ (તો એમ નથી).

એ છે, જુઓ! એ **'સર્વથા ક્રિયાનો કર્તા સમ્યગ્દષ્ટિ જીવ નથી. કોનો કર્તા નથી? ભોગક્રિયાનો.'** આહાહા..! રુચિનો પ્રેમ નથી એ અપેક્ષાએ ભોગના રાગનો કર્તા નથી. પણ પરિણમન છે રાગમાં એટલું પરિણમન રાગનું છે અને એટલો દુઃખનો ભોક્તા પણ છે. એ બેય વાત લક્ષમાં લેવી જોઈએ. વિશેષ કહેશે... (શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)